श्री स्वामिनारायणो विजयतेतराम् ।

# श्री सत्सङ्गिजीवन माहात्म्यम् ।

श्री मुक्तानंदमुनि विरचितम् - गुर्जरानुवाद सहितम् ।

**શ્રી મુક્તાનંદસ્વામી રચિત**

# શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય

પ.પૂ. સનાતન ધ.ધુ. શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી
શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (વડતાલ)ની આજ્ઞાથી સાધુ આનન્દસ્વરૂપદાસ (વેદાન્તાચાર્ય) સંશોધિત

**ગુજરાતી ભાષાંતર સહિત**

जुष्टो मुक्तगणैर्निजाक्षरपदे दिव्याकृतिः सादरं
यो भक्तौ प्रकटीबभूव दयया धर्माज्जनश्रेयसे ।
अत्रोन्मूलयितुं त्वधर्ममवितुं साधूंश्च धर्मं शुभं
ध्याये तं हरिमीश्वरेश्वरमहं सद्बुद्धिदं सर्वदा ।।१।।

## અધ્યાય : ૧

## શતાનંદ સ્વામી અને જીણાભાઈનો સંવાદ

**મુક્તાનંદમુનિ કૃત મંગલાચરણ :-**

સદ્‌બુદ્ધિને આપનાર તે સર્વેશ્વર શ્રીહરિનું હું સદાય ધ્યાન કરું છું :
જે શ્રીહરિ ઈશ્વરોનાં પણ ઈશ્વર છે. પોતાનાં અક્ષરધામમાં દિવ્યરૂપે સદા બિરાજે છે.
મુક્ત પુરૂષોનાં અનંત મંડળો જેમની સેવામાં આદરપૂર્વક સર્વદા પ્રસક્ત રહે છે.
એજ ભગવાન દયાએ કરીને આ ભૂમિ ઉપર અધર્મને નિર્મૂળ નષ્ટ કરવા,
સાધુજનો અને શુભ ધર્મનું સંરક્ષણ કરવા તેમજ સર્વજનોનું શ્રેય
કરવા ધર્મદેવથી ભક્તિદેવીના પુત્રરૂપે પ્રગટ થયા છે.
(૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

योऽकारयच्छतानन्दमुनिना जनमुक्तये । सत्सङ्गिजीवनग्रन्थं तं हरिं नौमि धर्मजम् ॥२॥ सत्सङ्गिजीवनग्रन्थमाहात्म्यं तस्य तुष्टये। कुर्वे चैकान्तभक्तानां मुक्तानन्दोऽहमादरात् ॥३॥ श्रीमद्दुर्गपुरे दुर्गे भूपतेरुत्तमस्य च । रमणीयेऽतिविस्तीर्णे श्रीगोपीनाथमन्दिरे ॥४॥ श्रीमद्धरितिरोधानलीलानन्तरमेकदा । आसीत्कतिषुचिन्मास्सु यातेषु महती सभा ॥५॥ तत्रायोध्याप्रसादाख्यो रघुवीराभिधः सुधीः । आचार्यः साधवस्तस्थुर्मन्मुखाः सर्वशश्च ये ॥६॥ मुकुन्दानन्दमुख्या ये नैष्ठिका ब्रह्मचारिणः । मयारामादयश्चान्ये गृहिणो हरिसंश्रिताः ॥७॥ इति स्थितां सभां श्रुत्वा शतानन्दो महामुनिः । हरिध्यानकृतैकाग्रमनास्तत्रागमन्मुदा ॥८॥ तं दृष्ट्वोत्थाय सभ्यास्ते त्वायान्तं रुचिरासने । मुदोपवेशयामासुर्वेदशास्त्रविशारदम् ॥९॥ ततः प्रोचतुराचार्यौ तं हरेराज्ञया मुने ! सत्सङ्गिजीवनग्रन्थो मोक्षहेतुस्त्वया कृतः ॥१०॥ तं वयं श्रोतुमिच्छामो भवतः पुरुमेधसः। यदत्र जन्मसाफल्यं कथानां श्रवणाद्धरेः॥११॥ इत्थं तद्वचनं श्रुत्वा शतानन्दः प्रहर्षितः। श्रावयामास तं प्रीत्या स तानेकाग्रचेतसः ॥१२॥ नृपतेरुत्तमस्यैव दुर्गे संशोभिते वरे। मण्डपे शुश्रुवुः पुण्यां तत्कथां ते तदाननात् ॥१३॥ तत्समाप्तौ च जातायामेकदा सदसि स्थितम् । हेमन्तसिंहस्तं राजा पप्रच्छैकान्तिको हरेः ॥१४॥

---

પોતાના ભક્તજનો અને સર્વે ભાવિ મુમુક્ષુ મનુષ્યોના કલ્યાણને અર્થે જેમણે શતાનંદમુનિ પાસે સત્સંગિજીવન નામનાં ગ્રંથની રચના કરાવી તે ધર્મનંદન શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૨)

**માહાત્મ્યગ્રંથ રચવાનો ઉદ્દેશ :-** તે ભગવાન શ્રીહરિ તેમજ એમના એકાંતિક ભક્તોની પ્રસન્નતાને અર્થે આ "સત્સંગિજીવનગ્રંથનું માહાત્મ્ય" મુક્તાનંદ નામે હું તે આદરથી રચું છું. (૩)

**શ્રી ગઢપુરમાં સ્મરણીય સભાનું આયોજનઃ-** શ્રી ગઢપુર ગામમાં દાદા ખાચરના દરબારગઢમાં વિશાળ સુંદર શ્રી ગોપીનાથજીનું મંદિર છે. ત્યાં ભગવાન શ્રીનારાયણ મુનિ અંતર્ધાન થયા પછી અર્થાત્ પોતાના અક્ષરધામમાં ગયા બાદ કેટલાક મહિનાઓ વીતી ગયા પછી કોઈક સમયે (ભગવદ્-ભક્તોની) એક મોટી સભા થઈ. (૪-૫)

જે સભામાં બુદ્ધિશાળી શ્રી અયોધ્યાપ્રસાદજી તથા શ્રી રઘુવીરજી આ બે ધર્માચાર્યો, મુકુંદાનંદ બ્રહ્મચારી આદિક વર્ણીઓ, હું(મુક્તાનંદ મુનિ) વગેરે સર્વે સાધુઓ તથા પાર્ષદો, મયારામ આદિક ગૃહસ્થ ભગવદ્-ભક્તો એ સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૬-૭)

**સભામાં શતાનંદમુનિનું શુભાગમન :-** તે સમયે ભગવાનનું ધ્યાન કરવામાં એકાગ્ર મનવાળા શતાનંદ સ્વામીએ મંદિરમાં મોટી સભા થઈ છે એમ જાણ્યું એટલે હર્ષથી પોતે એ સભામાં આવ્યા. (૮)

વેદો તથા શાસ્ત્રોમાં વિશારદ શતાનંદ મુનિને સભામાં આવતા જોઈને સભાજનોએ ઊભા થઈને એ મુનિનું સ્વાગત કર્યું અને આનંદથી સુંદર આસન ઉપર તે મુનિને બેસાડ્યા. (૯)

**કથા શ્રવણાર્થે આચાર્યશ્રીઓની સપ્રણય પ્રેરણા :-** મુનિ સભામાં (સ્વસ્થતાપૂર્વક) બેઠા પછી આચાર્યશ્રીઓએ વિનયપૂર્વક પૂછ્યું કે, 'હે શતાનંદ સ્વામી ! તમે શ્રીહરિની આજ્ઞાથી મોક્ષકારી "સત્સંગિજીવન" નામનું ધર્મશાસ્ત્ર બનાવેલ છે એમ અમે જાણ્યું છે. (૧૦)

વિશાળ બુદ્ધિવાળા આપ અમને એ શાસ્ત્ર સંભળાવો. અમારે સાંભળવાની ઈચ્છા છે કારણ કે આ લોકમાં ભગવદ્કથા સાંભળ્યા વિના માનવજન્મનું સાર્થકપણું નથી. (૧૧)

આ પ્રકારે આચાર્યશ્રીઓનું ભગવદ્કથા સંબંધી વચન સાંભળી શતાનંદમુનિ અતિ રાજી થયા અને એકાગ્ર મનવાળા તે સર્વે સભાજનોને પ્રેમપૂર્વક **"સત્સંગિજીવન"** શાસ્ત્રની કથા સંભળાવી. (૧૨)

સર્વ પ્રથમ શ્રોતાઓએ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં કથા સાંભળવા યોગ્ય સારો શોભાયમાન મંડપ તૈયાર કર્યો; તે મંડપમાં શતાનંદ સ્વામીના મુખથી પવિત્ર "સત્સંગિજીવન"ની કથા તે સર્વેએ સાંભળી. (૧૩)

આ રીતે શતાનંદ સ્વામીના મુખથી સંપૂર્ણ કથા તે સર્વેએ સાંભળી અને તેની સમાપ્તિ કરી; ત્યાર પછી એક સમયે ભગવાનના એકાંતિક ભક્ત હેમંતસિંહ રાજાએ શતાનંદ સ્વામીને સભામાં પ્રશ્ન પૂછ્યો. (૧૪)

सत्सङ्गिजीवनाख्यस्य त्वत्कृतस्य महामुने ! । ग्रन्थवर्यस्य माहात्म्यं मह्यं शुश्रूषवे वद ॥१५॥ अधिकारः श्रुतौ तस्य कस्य वा तत्र किं फलम् । देशे च कीदृशे काले कार्यं तच्छ्रवणं मुने ! ॥१६॥ कीदृशोऽस्य भवेद्वक्ता श्रोतारः स्युश्च कीदृशाः। तं श्रुत्वा तत्समाप्तौ च किं देयं वद तन्मुने ! ॥१७॥ इत्थं जिज्ञासुना राज्ञा पृष्टस्तेन महादरात् । प्रसन्नस्तमुवाचेदं शतानन्दो महामुनिः ॥१८॥ शतानन्दमुनिरुवाच-साधु पृष्टं त्वया राजन् ! सर्वप्राणिहितावहम्। तदुत्तरमहं कुर्वे भवत्प्रश्नानुसारतः ॥१९॥ इतिहासपुराणानां वेदानां साङ्ख्ययोगयोः। स्मृतीनामपि सर्वासां वेदान्तस्य च भूपते ! ॥२०॥ अस्ति रामायणादीनां सच्छास्त्राणामिदं श्रुतम् । साररूपमतिश्रेष्ठं भवभीतिनिवर्तनम् ॥२१॥ यत्रात्यन्तिकनिःश्रेयोहेतुरेकान्तिकाभिधः। अतिस्पष्टतया धर्मो वर्णितः पापनाशनः ॥२२॥ श्रीमद्धरितिरोधानानन्तरं त्वियमेव हि । वर्तते नौर्भवाम्भोधेस्तरणाय शरीरिणाम् ॥२३॥ ईशब्रह्मपरब्रह्म-मायाजीवात्मनामिदम्। अस्त्येवाज्ञानतिमिरध्वंसभास्करसन्निभम् ॥२४॥ श्रवणेनास्य शास्त्रस्य बुध्यते श्रोतृभिर्जनैः । रहस्यं सर्वशास्त्राणां याथार्थ्येनातिदुर्गमम् ॥२५॥ अनुग्रहाद्धरेः शास्त्रं शुभमेतत्तदाज्ञया। तत्समीपनिवासेन कृतं क्षोणिपते ! मया ॥२६॥

**જીજ્ઞાસુ હેમંતસિંહરાજાનો શતાનંદ સ્વામીને પ્રશ્ન :-** હેમંતસિંહ રાજાએ શતાનંદ સ્વામીને આ પ્રમાણે પૂછયું : હે સ્વામી ! તમે "શ્રીમદ્ સત્સંગિજીવન" નામનું શાસ્ત્ર રચ્યું છે તેનું માહાત્મ્ય સાંભળવાની મારે ઈચ્છા છે તો આપ કૃપા કરીને તે સંભળાવો. (૧૫)

આ શાસ્ત્ર સાંભળવાનો કોને અધિકાર છે ? આ શાસ્ત્ર સાંભળવાથી શું ફળ થાય છે ? કેવા સમયમાં આ શાસ્ત્ર સાંભળવું ? કયા પ્રદેશમાં આ શાસ્ત્ર વાંચવું અને સાંભળવું ? (૧૬)

આ શાસ્ત્રનો વક્તા કેવા ગુણવાળો હોવો જોઈએ ? આ શાસ્ત્રને સાંભળનારની યોગ્યતા કેવી હોવી જોઈએ ? આ ગ્રંથ સાંભળીને તેની સમાપ્તિ વખતે સાંભળનારાઓએ વક્તાને શી દક્ષિણા આપવી ? આ બધું આપ મને કહો. (૧૭)

આ રીતે હેમંતસિહ રાજાએ આદરપૂર્વક પૂછ્યું ત્યારે પ્રસન્ન થયેલા મહામુનિ શતાનંદ સ્વામી તેમને સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય આ પ્રમાણે કહેવા લાગ્યા . (૧૮)

**સત્સંગિજીવન ગ્રંથની ગૌરવગાથા :-** શતાનંદ સ્વામી કહે છે : હે રાજન્ ! તમોએ સર્વ પ્રાણધારીઓનું હિત કરનારો આ બહુ સારો પ્રશ્ન પુછયો તમારા પ્રશ્નને ધ્યાનમાં લઈને તેનો ઉત્તર તમને હું આ પ્રમાણે આપું છું. (૧૯)

હે રાજન્ ! આ "સત્સંગિજીવન શાસ્ત્ર" તે ઈતિહાસ, પુરાણ, ચાર વેદ, સાંખ્ય, યોગ, સ્મૃતિ રૂપ ધર્મશાસ્ત્રો, વેદાન્ત, રામાયણાદિક સર્વ સત્શાસ્ત્રોના સારરૂપ, સર્વોત્તમ છે. આ શાસ્ત્ર સંસારના ભયને ટાળનારું છે.(૨૦-૨૧)

આ ધર્મશાસ્ત્રમાં આત્યંતિક મોક્ષના સાધનરૂપ એકાન્તિક ધર્મ અર્થાત્ ભગવાનને પમાડનાર ભાગવતધર્મ બહુ જ સ્પષ્ટ રીતે લખેલ છે, તેથી આ શાસ્ત્ર પાપને નાશ કરનારું છે. (૨૨)

**સંસાર સાગર સમુદ્ધારક મહાનૌકા :-** પ્રગટ ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા (પોતાના ધામમાં ગયા) પછી અત્યારે શરીરધારીઓને સંસારસાગર પાર કરવા માટે આ શાસ્ત્રજ નૌકારૂપ છે. (૨૩)

**અજ્ઞાન તિમિરધ્વંસક પ્રચંડ સૂર્ય સત્સંગિજીવન :-** હે રાજન્ ! સૃષ્ટિના સર્જક બ્રહ્માદિ ઈશ્વરો, ભગવાનનું અક્ષરબ્રહ્મધામ, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ત્રિગુણાત્મક માયા અને તે માયામાં બંધાયેલા જીવાત્માઓ એ સર્વેનાં સ્વરૂપો જે સ્પષ્ટ રીતે સમજાતાં નથી તે અજ્ઞાનરૂપી અંધકાર કહેવાય. એવા અજ્ઞાનને ટાળી, ઉપર કહેલાં સર્વે તત્ત્વોનાં સ્વરૂપોના જ્ઞાનને આ શાસ્ત્ર યથાર્થ રીતે પ્રકાશિત કરે છે. તેથી આ શાસ્ત્ર જ્ઞાન નિરૂપણ કરવામાં સૂર્ય સમાન છે. (૨૪)

આ શાસ્ત્રના શ્રવણથી શ્રોતાજનો સર્વશાસ્ત્રોનાં અતિશય દુર્ગમ રહસ્યોને પણ યથાર્થ રીતે સરળતાથી સમજી શકે છે. (૨૫)

હે રાજન્ ! આ શુભ "સત્સંગિજીવન શાસ્ત્ર" મેં ભગવાન શ્રીહરિના અનુગ્રહથી તેમજ એમની આજ્ઞાથી તેમની સમીપે નિવાસ કરીને લખેલું છે. (૨૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

एतन्मत्तो हरिः श्रुत्वा श्रीमुखेनेत्थमब्रवीत् । रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः ॥२७॥ तस्मादेतस्य माहात्म्यं श्रुतजातवरीयसः। सर्वोत्तमं जनैर्ज्ञेयं भवरोगविनाशिनः ॥२८॥ एतत्पुण्यमलं पवित्रममलं सद्धर्मशास्त्रं परं धर्मज्ञानविरागभक्तिनिभृतं सेव्यं सतां नित्यदा। पापौघप्रशमं नृणां कलिमलप्रक्षालनं सर्वथा जाड्यध्वान्तनिवारणं सुकृतिभिः सम्प्राप्यते नेतरैः ॥२९॥ सकलधर्मविनिर्णयमञ्जसा सकलशास्त्रमतभ्रमवारणम्। सकलवाञ्छितपूरणमुत्तमं सकललोकमनःश्रुतिरञ्जनम् ॥३०॥ विविधसंशयशल्यसमुद्धरं श्रवणमात्रत एव कुबुद्धिहृत् । मदनकोपमुखारिभयापहं जयति शास्त्रमिदं कविभूषणम् ॥३१॥ बहुविधद्रविणेष्विव शेवधिः क्षितिरुहेष्विव कल्पतरुर्वरः। सकलगोष्विव कामदुघा वरा श्रुतगणेषु वरिष्ठमिदं मतम्॥३२॥ श्रवणवर्णनतापनिवारणं हरिचरित्रसुधारससम्भृतम् । हरिपदाम्बुजभक्तिरतिप्रदं त्विदमिहास्ति हि भागवतप्रियम् ॥३३॥ विधिभवादिसुरेश्वरवाञ्छितं श्रुतमिदं कलिदूषणभेदनम्। असुभृतामिह पुण्यविवर्धनं भवति संसृतिरोगरसायनम् ॥३४॥ अतिकरालकृतान्तमहोरगप्रचुरदष्टजनामृतसन्निभम् । स्मरदवानलशान्तिघनोपमं हरिपदोपगतावधिरोहणी ॥३५॥ ग्रन्थस्याथ ब्रुवे तुभ्यं श्रवणेऽस्याधिकारिणम् । शुश्रूषवेऽनुरक्ताय शृणुष्वैकाग्रचेतसा ॥३६॥

**બિરૂદિત "સર્વશાસ્ત્ર શિરોમણિ" શ્રીહરિના શ્રીમુખવચનથી :-** આ શાસ્ત્રની રચના કર્યા પછી તે શ્રીહરિને મે સંપૂર્ણ સંભળાવ્યું. આ શાસ્ત્ર સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને પોતાના શ્રીમુખે આ શાસ્ત્રની પ્રશંસા કરતા કહ્યું કે, " રમણીય આ શાસ્ત્ર સર્વ શાસ્ત્રોમાં શિરોમણિરૂપ છે."(૨૭) માટે જ સંસારરોગને ટાળનાર સર્વ શાસ્ત્રના સમૂહમાં શ્રેષ્ઠ આ સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય સર્વે ભક્તોએ બીજાં બધાં શાસ્ત્રો કરતાં સર્વોત્તમ જાણવું. (૨૮)

આ શાસ્ત્ર પુણ્યમાં ઉત્તમ પુણ્યરૂપ છે; સર્વ પવિત્ર પદાર્થોમાં ઉત્તમ પવિત્ર છે; આ નિર્દોષ શાસ્ત્રમાં શ્રેષ્ઠ એકાંતિક સદ્ધર્મનું પ્રતિપાદન કર્યું છે. તેથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી ભરપૂર છે. આ શાસ્ત્ર મનુષ્યોના પાપના સમૂહને પ્રશાંત કરનાર, કળિયુગના દોષને દૂર કરનાર તેમજ દરેક રીતે બુદ્ધિના અજ્ઞાનને નિવારનારું છે. આ શાસ્ત્ર જેનાં સારાં પુણ્ય હોય તેને જ સાંભળવાનો અવસર મળે છે, તેથી જ સત્પુરુષોએ હંમેશા આ શાસ્ત્રનું સેવન કરવું. (૨૯)

આ શાસ્ત્રમાં સ્માર્ત, શ્રૌત, ભાગવત, વર્ણઆશ્રમ વગેરે સર્વ ધર્મનો નિર્ણય યથાર્થ રીતે કરેલ છે. સર્વ શાસ્ત્રના જે સિદ્ધાંતો છે તેમાં તે તે શાસ્ત્રોમાં જે પરસ્પર ભેદ છે તે ભેદની શંકા આ શાસ્ત્ર સાંભળવાથી દૂર થાય છે. સર્વ માણસોનાં મન અને કાનને આનંદ આપનાર આ શાસ્ત્ર સર્વ શાસ્ત્રોમાં ઉત્તમ છે. (૩૦)

આ શાસ્ત્ર સાંભળવાથી મનમાં રહેલા અનેક સંશયો દૂર થાય છે. મનમાં જે નાસ્તિકતા હોય તે દૂર થાય છે; કામ, ક્રોધ વગેરે અન્તઃશત્રુઓનો ભય નાશ પામે છે. કવિજનોના આભૂષણરૂપ આ શાસ્ત્ર ભૂમિ પર સર્વોત્કર્ષપણે વર્તે છે. (૩૧)

અનેક પ્રકારના દ્રવ્યના ભંડારો છે, તેમાં શેવધિ નામે ભંડાર ઉત્તમ છે. અનેક પ્રકારનાં વૃક્ષોમાં કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે. સર્વ પ્રકારની ગાયોમાં કામધેનુ ઉત્તમ છે. તેમ સર્વ શાસ્ત્રોમાં આ "સત્સંગિજીવન" શાસ્ત્ર સર્વોત્તમ માનેલું છે. (૩૨)

આ શાસ્ત્ર સાંભળનારાંઓ અને વાંચનાર એમ બંનેના ત્રિવિધ તાપોને શમાવે છે, કારણ કે આ શાસ્ત્ર ભગવાનના ચરિત્રરૂપી અમૃતથી ભરપૂર છે. ભગવાનના ચરણારવિંદની સેવા ભક્તિમાં અતિશય પ્રીતિ ઉપજાવે છે, માટે જ ભગવાનના ભક્તોને આ શાસ્ત્ર અધિકપ્રિય છે. (૩૩)

આ શાસ્ત્ર સંસારરૂપ રોગને ટાળવામાં રસાયણરૂપ ઉત્તમ ઔષધ છે, કળિયુગના દોષને ભેદનારું છે. શરીરધારીઓના પુણ્યને વધારનારું છે; બ્રહ્મા, શંકર વગેરે દેવો પણ આ શાસ્ત્રને સાંભળવાની ઈચ્છા રાખે છે. (૩૪)

અતિશય ભયાનક કાળ રૂપી મહાસર્પની ઘણી એવી દાઢોનાં દંશથી વારંવાર પીડાતા મનુષ્યોને આ શાસ્ત્ર અમૃતની સમાન છે. કામરૂપી દાવાનળને શાન્ત કરવામાં આ શાસ્ત્ર મેઘની વૃષ્ટિ સમાન છે; તેમજ ભગવાનના ધામમાં જવા માટે આ શાસ્ત્ર નિસરણીરૂપ છે. (૩૫) હે રાજન્ ! તમે પ્રીતિવાળા તેમજ સાંભળવામાં શ્રદ્ધાવાળા છો તેથી જ આ શાસ્ત્ર સાંભળવાનો કોને અધિકાર છે? તે હું તમને કહું છું તે તમે એકાગ્ર ચિત્તથી સાંભળો. (૩૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

पुंसां लब्धनृदेहानां योषितां च महीतले। अधिकारः श्रुतावस्य ग्रन्थस्यास्ति क्षमापते ! ॥३७॥ आश्रमाणां च वर्णानां चतुर्णामधिकारिता । श्रवणेऽस्यास्ति तत्कार्यं सर्वैस्तैरादरेण तत् ॥३८॥ शास्त्रस्याथ ब्रुवे तुभ्यं श्रवणेनास्ति यत्फलम् । सादरं श्रवणीयस्य पावनस्यास्य भूपते!॥३९॥ यज्ञानां सर्वदानानां सर्वतीर्थाप्लवस्य यत् । फलमस्ति च तत्सर्वमेतच्छ्रुत्याऽऽप्यते जनैः ॥४०॥ अस्य श्रवणमात्रेण प्रसन्नः श्रीहरिर्भृशम् । श्रोतृणां पूरयत्येव सर्वानाशु मनोरथान् ॥४१॥ जनः कर्तुं तपोऽदभ्रं न शक्नोति कलौ युगे । क्वचिद्यज्ञांश्च दानानि हरितोषणहेतवे ॥४२॥ तस्मादेतज्जनैः श्रव्यं श्रद्धयैव विचक्षणैः । श्रीहरिः श्रवणेनास्य प्रीयतेऽतितरां नृप !॥४३॥ अत्यादरेण यैः पीतं सत्सङ्गिजीवनामृतम् । कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् ॥४४॥ दैवैरपि सुधापानैर्युगानां हि सहस्त्रतः। पश्चादिदं कालभीत्या भक्तेभ्यः प्राप्तुमिष्यते ॥४५॥ देवदुर्लभमपि क्षितौ नृणां श्रीहरेः करुणयैव भूपते ! एतदस्ति सुलभं ततो नृभिः पीयतां च तदिदं यथेप्सितम् ॥४६॥ श्रव्यमादरयुतैकचेतसा मानवैरिदमतोऽस्ति किञ्चन । नैव दुर्लभतरं च यद्वशात्त्यज्यते त्विदमशेषसिद्धिदम् ॥४७॥ विविधपातकजालविनाशने जगति यस्य भवेदिह वाञ्छितम्। सपदि तेन मुनिव्रजशीलितं श्रुतमिदं श्रवणीयमघापहम् ॥४८॥ सकृदपि श्रुतमत्र न यैरिदं नरवपुर्वररत्नसमं च तैः । असुलभं किल कूप उपोज्झितं सुरवैरपि यन्मनसेप्सितम् ॥४९॥

**કથા શ્રવણના અધિકારી :-** ચારેય વર્ણમાં અને ચારેય આશ્રમમાં માનવશરીરધારી મુમુક્ષુ બાઈઓ અને ભાઈઓને આ શાસ્ત્રને સાંભળવાનો અધિકાર છે જ; માટે હે રાજન્ ! દરેકે આદરપૂર્વક આ શાસ્ત્રનું શ્રવણ અવશ્ય કરવું. (૩૭-૩૮) હે ભૂમિપતિ ! હવે હું આદરપૂર્વક શ્રવણ કરવા યોગ્ય તેમજ પાવનકારી આ શાસ્ત્રનાં શ્રવણથી જે ફળ થાય છે તે તમને કહું છું. (૩૯)

**કથા શ્રવણનું મહાફળ :-** દરેક પ્રકારના યજ્ઞો કરવાથી જે ફળ થાય છે, દરેક તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ થાય છે, દરેક પ્રકારનાં દાન કરવાથી જે ફળ થાય છે તે સર્વ ફળ આ શાસ્ત્રને સાંભળવાથી મળે છે. (૪૦) આ શાસ્ત્રનાં સાંભળવામાત્રથી શ્રીહરિ અતિપ્રસન્ન થાય છે અને સાંભળનારા મનુષ્યોનાં મનોરથો તત્કાળ પૂર્ણ કરે છે. (૪૧)

આ કળિયુગમાં થોડા દિવસો તપ કરવાથી સિદ્ધિ મળતી નથી. લાંબા સમય સુધી આ યુગના માનવો તપ કરવા શક્તિમાન નથી; તેમ જ ભગવત્પ્રસન્નતા માટે યજ્ઞો તથા વિવિધ દાનો કરવા મનુષ્યો સમર્થ નથી. કારણ કે તેમાં ઘણી સામગ્રી તથા પુષ્કળ દ્રવ્ય વાપરવું જોઈએ. તે હેતુથી ભગવાનની પ્રસન્નતા આપનાર આ શાસ્ત્રને બુદ્ધિવાળા મનુષ્યોએ શ્રદ્ધાથી અવશ્ય સાંભળવું જેથી શ્રીહરિ અતિપ્રસન્ન થાય છે. (૪૨-૪૩)

અતિ આદરપૂર્વક જેઓ આ સત્સંગિજીવનરૂપી અમૃત પીએ છે તેઓ કાળરૂપી મોટા સર્પના ત્રાસથી છૂટીને ભગવાનના ધામને પામે છે. (૪૪)

હજારો યુગ પર્યન્ત અમૃતપાન કરનાર દેવતાઓ પણ કાળના ભયથી બચવા માટે ભક્તો દ્વારા આ 'સત્સંગિજીવન' સાંભળવાની ઈચ્છા રાખે છે. (૪૫)

સ્વર્ગમાં દેવતાઓને દુર્લભ એવું આ "સત્સંગિજીવન શાસ્ત્ર" આ પૃથ્વી ઉપર માણસોને શ્રીહરિની કૃપાથી જ સુલભ બને છે; માટે હે રાજન્ ! આ શાસ્ત્રને મનુષ્યોએ પોતાની ઈચ્છા મુજબ અવશ્ય સાંભળવું. (૪૬)

આ શાસ્ત્રથી અતિશય દુર્લભ એવી બીજી કોઈ વસ્તુ નથી કે જેના માટે આ શાસ્ત્રનો ત્યાગ કરવો પડે. (આ શાસ્ત્રથી જ સર્વ પદાર્થની પ્રાપ્તિ થાય છે,) માટે સર્વ સિદ્ધિ આપનાર આ શાસ્ત્ર એકાગ્ર ચિત્તથી સર્વેએ આદરપૂર્વક સાંભળવું. (૪૭)

આ જગતમાં જે કોઈ મુમુક્ષુઓને પોતાના અનેક પ્રકારના પાપોની જાળને નાશ કરવાની ઈચ્છા હોય તેમણે સંતજનોએ હંમેશા સેવન કરેલા પાપનો તેમજ પ્રણાશ કરનાર આ શાસ્ત્રને તત્કાળ શ્રદ્ધાથી સાંભળવું. (૪૮)

આ સૃષ્ટિમાં માનવશરીર છે તે સર્વ શરીરરૂપી રત્નોમાં શ્રેષ્ઠ રત્ન છે. કારણકે જે માનવશરીરને દેવતાઓ પણ ઈચ્છે છે. આવું ઉત્તમ શરીર પામીને જેઓ આ શાસ્ત્ર સાંભળતા નથી. તેઓ તો જેમ રત્નને નહીં જાણનારાઓ રત્નને પથરો માની કૂવામાં નાખી દે છે તેમ માનવશરીરનો વ્યર્થ રીતે સંસારસુખમાં વ્યય કરે છે. (૪૯)

शिवकरश्रुतसुश्रवणादृते पशुसमः कथितो मनुजो बुधैः । निजहितार्थिभिरत्र ततो जनैः श्रवणमस्य विधेयमनाकुलम् ।।५०।। नहि गृहास्तनुजाश्च परिच्छदा जनमवन्ति वपुर्मरणक्षणे । प्रचुरराज्यमिहाखिलसम्पदो भवति रक्षकमेतदभीष्टदम् ।।५१।। ग्रन्थस्याथ महाबुद्धे! श्रवणस्य यथोदितम् । तुभ्यं श्रद्धावते स्थानं वदाम्यवहितः शृणु ।।५२।। सरित्तटे श्रीमति कृष्णमन्दिरे निजालये मार्जितलिप्त उत्तमे । शुचौ वितानादिविराजितेऽपि वा विधेयमस्य श्रवणं महादरात् ।।५३।। तुभ्यमेतच्छ्रुतेः कालं यथाशास्त्रं वदाम्यहम् । हरिभक्तवरिष्ठाय स्निग्धायाऽतिबुभुत्सवे ।।५४।। शास्त्रमेतत्सदा श्रव्यं जनैरत्यादरादिह । तत्राप्यननुकूलत्वे चातुर्मास्ये त्ववश्यतः ।।५५।। भवेदननकूलत्वं चातुर्मास्ये श्रुतौ यदा । तदावश्यं नभोमासे श्रव्यमेतज्जनैर्नृप! ।।५६।। तत्राप्यननुकूलत्वे मधौ मासे तु सर्वथा । मार्गशीर्षेऽथवा मासे कार्यं तच्छ्रवणं शुभम् ।।५७।। मलमासे तथाऽऽवश्यं कार्यं तन्मनुजैरिह । यतोऽस्त्यखिलमासानां वरोऽयं हरिदैवतः ।।५८।। एतद्वक्तुर्ब्रुवे तुभ्यं लक्ष्माण्यथ महीपते ! । यस्याननोद्गता वाणी श्रोतृसंसृतिमोचनी ।।५९।। सरसं सुस्वरं धीरं तत्तद्भावसमन्वितम् । स्पष्टाक्षरविभेदं च सोत्साहं नातिविस्तृतम् ।।६०।।

---

મંગલકારી અને સાંભળવા યોગ્ય આ શાસ્ત્રનું શ્રવણ વિનાના માણસને ડાહ્યા પુરુષોએ પશુ તુલ્ય કહ્યો છે. માટે પોતાના હિતની ઈચ્છા રાખનાર માણસે સ્થિરતાથી આ શાસ્ત્ર સાંભળવું. (૫૦)

માણસોને મરણ સમયે પોતાના પુત્રો, પરિવાર તથા ઘરબાર તથા છત્ર-ચમર તથા વાહનો તથા ગાય-ભેંસાદિ પશુઓ તથા સંપત્તિપૂર્ણ રાજ્ય વગેરે કોઈ પણ બચાવી શકતું નથી. પરંતુ અંતકાળે તો આ શાસ્ત્રનું શ્રવણ પૂર્વક પાલન એ જ જીવને વિકટ સમયે સહાય કરનાર રક્ષક બને છે. (૫૧)

હે મહાબુદ્ધિશાળી રાજન્ ! આ શાસ્ત્રનું શ્રવણ કયા સ્થાનમાં કરવું તે શ્રદ્ધાવાન તમને હવે કહું છું તે એકાગ્ર મનથી તમે સાંભળો. (૫૨)

**કથા શ્રવણ કરવાનું સ્થળ :-** આ શાસ્ત્રનું શ્રવણ ગંગા નદી વગેરે પવિત્ર તીર્થોમાં કરવું અથવા સર્વ દોષથી રહિત અને સર્વનું મંગલ કરનાર ભગવાનના મંદિરમાં આ શાસ્ત્રનું શ્રવણ કરવું અથવા પોતાના ભવનમાં વાળી લીંપીને તેમજ મંડપ આદિકથી અલંકૃત કરેલા પવિત્ર ઉત્તમ સ્થળમાં આ શાસ્ત્રનું શ્રવણ અતિ આદરથી કરવું. (૫૩)

અતિશય જાણવાની ઈચ્છાવાળા તેમજ પ્રીતિ યુક્ત હરિભક્તોમાં શ્રેષ્ઠ આપને હું હવે આ શાસ્ત્ર ક્યારે સાંભળવું તે શાસ્ત્રને અનુસારે તમને કહું છું. (૫૪) સામાન્ય રીતે તો આ શાસ્ત્ર હંમેશા આદરપૂર્વક દરેકે સાંભળવું પરંતુ હંમેશા સાંભળવાની અનુકૂળતા ન હોય તો ચાતુર્માસમાં તો અવશ્ય સાંભળવું. (૫૫)

હે રાજન્ ! માણસોને ચાર માસ સાંભળવાની શ્રદ્ધા અને સમય ન હોય તો શ્રાવણ માસમાં તો અવશ્ય સાંભળવું જ. (૫૬) જો શ્રાવણ માસમાં સાંભળવાની અનુકૂળતા ન હોય તો ચૈત્ર માસમાં અથવા માગશર માસમાં આ શાસ્ત્ર સાંભળવું એ પણ સારું છે. (૫૭)

કહેલા મહિનામાં સાંભળવાની અનુકૂળતા ન હોય તો દર ત્રણ વર્ષે આવતો અધિક માસ તેમાં તો જરૂર આ શાસ્ત્ર સાંભળવું કારણ કે અધિક માસના સ્વામી પુરુષોત્તમ નારાયણ છે માટે અધિક માસને પુરુષોત્તમ માસ કહેલ છે તેથી અધિક માસમાં આ શાસ્ત્ર સાંભળવું તે ઉત્તમ છે. (૫૮)

**વક્તાના ગ્રંથવાંચનને અનુગુણ લક્ષણો :-** હે રાજન્ ! હવે આ શાસ્ત્રને વાંચનાર જે વક્તાના મુખથી નીકળેલી વાણી શ્રોતાઓને સંસારનાં બંધનોથી છોડાવીને મુક્ત કરનારી કહી છે તે વક્તાના શુભ ગુણો કેવા હોવા જોઈએ તે હું તમને કહું છું. (૫૯)

વક્તાએ કથા એવી સરસ રીતે વાંચવી કે જેથી સાંભળનારાને કથા શ્રવણમાં રસ (આનંદ ) ઉપજે, મધુર કંઠથી વાંચવું, વાંચવામાં ઝડપ ન કરવી, તે તે પદના અર્થો અને ભાવયુક્ત વાંચવું. દરેક પદના વિભાગો શ્રોતાઓને સમજાય એમ વાંચવું. ઉત્સાહપૂર્વક વાંચવું, વાંચવામાં અતિશય લંબાણ ન કરવું. (૬૦)

शान्तं च वाचयेद्यस्तु श्रद्धालुर्दृढनिश्चयः । सम्प्रदायाध्ययनवान् ग्रन्थार्थं कृत्स्नशो विदन् ।।६१।। जितेन्द्रियः सुशीलश्च दुराग्रहविवर्जितः । यथार्थवादी वाग्मी च श्रोतृबोधननैपुणः ।।६२।। यदृच्छालाभसन्तुष्टः करुणो निरहंकृतिः । मृदुस्वभावः शान्तश्च भगवद्भक्तिसंयुतः ।।६३।। लोकापवादरहितः प्रतिग्रहपराङ्मुखः। जितकामो जितक्रोधो जितलोभश्च निःस्पृहः ।।६४।। मैत्रो धीरः साधुवृत्तिर्निर्दम्भोऽकिञ्चनस्तथा। जात्या विप्रश्चोपकारी वाचकोऽस्य प्रकीर्तितः ।।६५।। द्विजातिरन्यो यः प्राप्तो दीक्षां भागवतीं स तु । अष्टाङ्गब्रह्मचर्याढ्यो निर्लोभश्चेद्वदेत्कथाम् ।। ६६।। अथास्य शास्त्रवर्यस्य श्रोतॄणां लक्षणान्यहम् । कथयामि महीपाल ! तुभ्यं तानि बुभुत्सवे ।। ६७।। श्रद्धाभक्तिसमायुक्ता नान्यकार्येषु लालसाः। वाग्यताः शुचयोऽव्यग्राः श्रोतारः पुण्यभागिनः ।।६८।। विनयेनान्विता दान्ता मत्सरेण विवर्जिताः । स्वधर्मस्था भगवति प्रेमवृद्धीप्सवो नृप ! ।। ६९।। समाप्तावस्य शास्त्रस्य यत्कर्तव्यं महीपते ! वक्त्रे च देयं यत्तत्ते कथयाम्यथ तच्छृणु ।।७०।। समाप्तावस्य शास्त्रस्य कर्तव्यं पूजनं महत् । रम्यं वेष्टनवस्त्रं च देयं स्वर्णादि शक्तितः। ।।७१।। वक्त्रे देयानि वासांसि नूत्नानि विविधानि च । भूषणानि स्वशक्त्या च ततः स्वर्णादिदक्षिणा ।।७२।।

---

અતિ ઉંચા સ્વરથી નહિ પણ શાંત સ્વરથી વાંચવું, જે શાસ્ત્ર વાંચતા હોઈ એ તે શાસ્ત્રમાં શ્રદ્ધા રાખીને તથા જે પ્રતિપાદ્ય દેવનું વર્ણન આવે તેમાં દૃઢ નિશ્ચય રાખીને વાંચવું. સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ કરીને ગ્રંથમાં રહેલા અર્થને જાણીને જ કથા વાંચવી (૬૧) **હવે વક્તાના જીવનમાં કેવા સદ્‌ગુણો હોવા જોઈએ તે કહે છે** : વક્તા જિતેન્દ્રિય હોવો જોઈએ. સારા સ્વભાવવાળો હોવો જોઈએ. વક્તાએ કોઈ વાતમાં દુરાગ્રહ ન કરવો. સાચું કહેનાર, પ્રગલ્ભતાપૂર્વક (ગંભીરતાથી) બોલનાર, શ્રોતાઓને સદ્‌બોધ આપવામાં પ્રવીણ; (૬૨)

જે ઈશ્વરઈચ્છાથી મળે તેમાં સંતોષ માનનાર, દયાળુ, અહંકાર વગરનો, સરળ સ્વભાવવાળો, ક્રોધનાં કારણો હોવા છતાં ક્રોધ નહીં કરનાર શાંત, ભગવાનની ભક્તિવાળો; (૬૩) વક્તા લોકાપવાદ રહિત હોવો જોઈએ. વક્તાએ યજમાન સિવાય કોઈનું દાન ન લેવું. નિષ્કામી,ક્રોધને જીતનાર, લોભે રહિત તેમજ નિસ્પૃહી; (૬૪)

સર્વમાં મૈત્રી રાખનાર, વિપત્તિમાં પણ ધીરજ નહિ ગુમાવનાર, સરળ રીતે રહેનાર, એટલે કે બીજાઓનો દ્રોહ નહિ કરનાર, દંભ રહિત, ધનના ગર્વથી રહિત, બ્રાહ્મણ જાતિનો, બધાનો ઉપકારક આવા સદ્‌ગુણવાળો આ શાસ્ત્રનો વક્તા હોવો જોઈએ. (૬૫)

બ્રાહ્મણ સિવાય દ્વિજાતિનો મુમુક્ષુ આ ઉદ્ધવ સંપ્રદાયની ભાગવતી દીક્ષા લઈને અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળીને ત્યાગાશ્રમમાં રહેતો હોય, નિર્લોભી હોય અને આગળ કહેલા વક્તાનાં સદ્‌લક્ષણોવાળો હોય તે પણ આ સત્સંગિજીવનની કથા વાંચવાનો અધિકારી છે. (૬૬)

હવે આ સર્વોત્તમ શાસ્ત્રને સાંભળનારા શ્રોતાઓ કેવા ગુણવાળા હોવા જોઈએ તે તમોને કહું છું. તે સાંભળવાની ઈચ્છાવાળા હે રાજન્ ! તમે સાંભળો. (૬૭)

**શ્રોતાજનોના શ્રવણાનુકુળ સદ્‌ગુણો** :- આ શાસ્ત્રનું શ્રવણ કરનારાઓ, શ્રવણભક્તિમાં શ્રદ્ધાવાળા હોવા જોઈએ. બીજા કામની આશાઓ છોડીને એકાગ્ર મનથી વાણીનો સંયમ જાળવી, પવિત્ર રહીને કથા સાંભળનારાઓને કથા-શ્રવણનું પુણ્ય મળે છે. (૬૮)

શ્રોતાઓએ વિનયપૂર્વક કથા સાંભળવી, ઈન્દ્રિયોનું દમન કરવું, ઈર્ષ્યા અને મત્સરનો ત્યાગ કરવો. પોતપોતાનો ધર્મ પાળવો. ભગવાનમાં પ્રેમની વૃદ્ધિ થાય તેવી ઈચ્છાથી જ કથા સાંભળવી. હે રાજન્ !, આવા સદ્‌ગુણો યુક્ત કથા સાંભળવી. (૬૯)

**સમાપ્તિમાં વક્તાને આપવાનું દાન** :- હે રાજન્!, આ કથાની સમાપ્તિ થાય ત્યારે પુસ્તકની ઉત્સવપૂર્વક મહાન પૂજા કરવી. પુસ્તક બંધાય તેવું સુંદર વસ્ત્ર આપવું. પોતાની શક્તિ પ્રમાણે વક્તાને સોનું, નવીન વસ્ત્રો, વિવિધ પ્રકારનાં ઘરેણાં તથા સોના-રૂપાની દક્ષિણા દાનમાં આપવાં. (૭૦ થી ૭૨)

**वस्त्रं पात्रं धनं यानं भूषणं च पदानि वा । निजशक्त्यनुसारेण दद्युः श्रोतृजनाः पृथक् ॥७३॥**

इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तन्माहात्म्यादिप्रश्नोत्तरनिरूपणनामा प्रथमोऽध्यायः ॥१॥

**श्रुत्वेत्थं तद्वचश्चित्रं नातितृप्तमना नृपः । सुधायमानं जिज्ञासुस्तं पप्रच्छ पुनर्मुदा ॥१॥** राजोवाच-**बुभुत्साम्यस्य शास्त्रस्य त्वत्तः श्रुतिविधिं मुने ! । विधिज्ञ ! त्वं महाबुद्धे ! वक्तुमर्हसि मेऽञ्जसा ॥२॥ इत्थं पृष्टः स मुनिराट् तेन राज्ञा बुभुत्सता । अब्रवीत्सुप्रसन्नस्तं प्रश्रयप्रणयान्वितम् ॥३॥** शतानन्दमुनिरुवाच - **चतुर्णामपि वर्णानां तथैवाश्रमिणामपि । कथितोऽस्त्यधिकारोऽस्य श्रवणे नृपसत्तम ! ॥४॥ एष साधारणः पन्था साक्षात्सर्वार्थसिद्धिदः । महामुनिजनैः प्रोक्तो देवैरपि सुपूजितः ॥५॥ स्वरूपबोधो न हरेः कथायाः श्रवणं विना । भवेन्नृणां विना तं च कथं स्यात्संसृतिक्षयः ॥६॥ अज्ञानतिमिरान्धानां दीपोऽयं ज्ञानसिद्धिदः । हरेः कथायाः श्रवणमौषधं भवरोगिणाम् ॥७॥ सर्वथैवात्मनः श्रेयो येऽभिवाञ्छन्ति देहिनः । ते शृण्वन्तु सदा भक्त्या कथामेतस्य शोभनाम् ॥८॥ अशक्तो यः सदा श्रोतुं कथां भगवतः स तु । मुहूर्तं वापि शृणुयान्नियतात्मा दिने दिने ॥९॥ यस्तु प्रतिदिनं श्रोतुमशक्तः सोऽपि मानवः । पुण्यमासेषु शृणुयात्पुण्यासु च तिथिष्विपि ॥१०॥**

---

મુખ્ય યજમાન સિવાય બીજા શ્રોતાઓએ તો પોતપોતાની શક્તિ પ્રમાણે વક્તાને ઘરેણાં, વાહન, વસ્ત્ર, પદો (તેર પ્રકારનાં પદો છે.) વગેરે શક્તિ પ્રમાણે જુદું જુદું આપવું. (૭૩)

*ઈતિશ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે તન્માહાત્મ્યાદિ પ્રશ્નોત્તર નિરૂપણનામા પ્રથમોઽધ્યાયઃ ॥૧॥*

## અધ્યાય : ૨

## સત્સંગિજીવનશાસ્ત્રનો શ્રવણ વિધિ

શતાનંદ મુનિનું આવું આશ્ચર્યકારી અને અમૃતસમાન વચન સાંભળી વધારે સાંભળવાની જિજ્ઞાસાથી ભગવાનની કથારૂપ અમૃતમાં સંતોષ નહિ પામવાથી ફરી વાર આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૧)

રાજા કહે છે, હે સ્વામી ! તમે વિશાળ બુદ્ધિવાળા છો, વિધિઓને જાણનાર છો. મારે આ શાસ્ત્રનું શ્રવણ કરવાનો સર્વ વિધિ ક્રમશઃ જાણવાની ઈચ્છા છે. માટે આપ તે શાસ્ત્ર શ્રવણનો વિધિ મને યથાર્થ કહો. (૨)

આ પ્રમાણે જિજ્ઞાસુ રાજાએ પૂછ્યું તેથી મુનિરાજ શતાનંદ મુનિ વિનય યુક્ત તેમજ સાંભળવામાં અતિ પ્રેમવાળા રાજા ઉપર અતિ પ્રસન્ન થઈને આ પ્રમાણે કહેવા લાગ્યા : (૩)

**કથા શ્રવણમાં અધિકારી :-** શતાનંદ મુનિ કહે છે, હે શ્રેષ્ઠ રાજન્ ! આ શાસ્ત્ર સાંભળવામાં ચાર વર્ણ અને આશ્રમોના માણસોને અધિકાર છે એ વાત આગળ કહી છે. (૪)

આ ગ્રંથનું શ્રવણ એક સર્વ સાધારણ તેમજ સુગમ માર્ગ છે. સર્વ કોઈને આના શ્રવણથી સરખી રીતે ચારેય પુરુષાર્થની સિદ્ધિ થાય છે એમ મહાન મુનિજનોએ કહેલ છે. સર્વ દેવતાઓએ પણ આ માર્ગને પ્રશસ્ત જાણીને વધાવ્યો છે. (૫)

મનુષ્યોને ભગવદ્‌કથાનું શ્રવણ કર્યા વિના શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી. ભગવત્સ્વરૂપના જ્ઞાન રહિત જનોને પાપરૂપ જન્મમરણ-સંસૃતિનો ક્ષય થયા સિવાય મોક્ષ પ્રાપ્તિ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય (૬)

**અજ્ઞાનનિવારક જ્ઞાનદીપ સત્સંગિજીવન :-** ભગવાનની કથાનું શ્રવણ છે તે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવામાં દીપક તુલ્ય છે. ભગવત્ કથા જ્ઞાનની સિદ્ધિ આપનાર છે; તેમ જ સંસારરૂપી રોગને ટાળવામાં પરમ ઔષધ સમાન છે. (૭)

જે માનવશરીરધારી પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છે તેણે આ સુંદર કથા ભક્તિપૂર્વક હંમેશા સાંભળવી. (૮)

જે મનુષ્યને હંમેશા સાંભળવાનો સમય ન હોય તેણે દરરોજ એક મુહૂર્ત પર્યન્ત આ કથા નિયમપૂર્વક સાંભળવી. (૯)

જે જનોને હંમેશા કથા સાંભળવામાં અનુકૂળતા ન હોય તો તેમણે શ્રાવણ વગેરે પવિત્ર મહિનાઓમાં અથવા એકાદશી વગેરે પુણ્યકારી તિથિઓમાં આ કથા જરૂર સાંભળવી. (૧૦)

मुहूर्तं वा तदर्धं वा क्षणं वाऽस्य शुभां कथाम् । ये शृण्वन्ति नरा भक्त्या न तेषामस्ति दुर्गतिः ॥११॥ यत्फलं सर्वयज्ञेषु सर्वदानेषु यत्फलम् । भक्त्यास्य श्रवणेनैव तत्फलं विन्दते नरः ॥१२॥ विनास्य श्रवणं राजन्नरः पशुसमो मतः । तस्मादवश्यं तत्कार्यं विधिना स्वहितार्थिभिः ॥१३॥ आनुकूल्यं न चेन्नित्यं तदावश्यं पुमान्नृप! । एतस्य श्रवणं कुर्याच्चातुर्मास्ये च पर्वसु ॥१४॥ कृताह्निकः समाहूय वक्तारं शास्त्रकोविदम् । सम्भाव्यासनदानेन नमस्कुर्यात्तमादरात् ॥१५॥ उच्चासने पुस्तकं च संस्थाप्यैव ततोऽवरे । व्यासासनेऽतिमृदुले वक्तारमुपवेशयेत् ॥१६॥ सम्पूज्य पुस्तकं त्वादौ ततो वक्तारमर्चयेत् । चन्दनेनाक्षतैः पौष्पैर्हाराद्यैर्धूपदीपकैः ॥१७॥ नैवेद्यफलताम्बूलदक्षिणाभिश्च भक्तितः । सम्पूज्यारार्तिकं कृत्वा नमस्कुर्वीत सादरम् ॥१८॥ नमः सुवतरूपाय वेदशास्त्रार्थकोविद ! । हर्येकान्तिकभक्ताय तुभ्यं तज्ज्ञानदायिने ॥१९॥ मन्त्रेणानेन वक्तारं नमस्कृत्य ततो नृप ! श्रोतृन्विप्रान्सतश्चार्चेन्मुख्यः श्रोता यथोचितम् ॥२०॥ आसनादवरे वक्तुरुपविश्यासने ततः। एतत्संशृणुयुः सर्वे नत्वा तं स्वस्थमानसाः ॥२१॥ उपवेश्यं ब्राह्मणानां पृष्ठतस्तत्र बाहुजैः । तेषां च पृष्ठतो वैश्यैस्तेषां शूद्रैश्च संसदि ॥२२॥ ये च सङ्करजातीयाः शूद्राणां पृष्ठतस्तु तैः । मर्यादयैवोपविश्य श्रोतव्या भगवत्कथाः ॥२३॥

---

એક મુહૂર્ત અથવા અડધું મુહૂર્ત અથવા એક ક્ષણ વાર પણ જો માણસ શ્રદ્ધા-ભક્તિપૂર્વક આ કથા સાંભળે છે તો તેની કોઈ દિવસ અસદ્ગતિ થતી નથી. (૧૧) સર્વ પ્રકારના યજ્ઞો કરવાથી જે ફળ થાય. તેમજ સર્વ પ્રકારનાં દાન આપવાથી જે ફળ થાય છે તે સમગ્ર ફળ સ્નેહપૂર્વક આ કથાના શ્રવણથી જ મનુષ્યને મળે છે. (૧૨)

જે માણસે આ કથા સાંભળી જ નથી તે માણસને પશુ સરખો જાણવો માટે પોતાનું હિત ઈચ્છનાર મનુષ્યે વિધિપૂર્વક આ કથાનું શ્રવણ અવશ્ય કરવું. (૧૩) હરહંમેશ કથા સાંભળવાનો સમય ન મળે તો હે રાજન્ ! ચાતુર્માસમાં તો અવશ્ય આ કથા સાંભળવી જ, તથા પૂર્ણમાસી તથા અમાવાસ્યા વગેરે પર્વના દિવસોમાં પણ આ કથા સાંભળવી. (૧૪)

**શ્રવણનો પ્રારંભિક પ્રકાર :-** હવે આ કથા સાંભળવાનો ક્રમપૂર્વક વિધિ કહે છે. મુખ્ય યજમાન શ્રોતાએ સવારમાં પોતાનું નિત્ય કર્મ કરીને શાસ્ત્રના અર્થને જાણવામાં કુશળ વક્તાને આમંત્રણ આપવુ. તેમજ યોગ્ય આસન આપવા પૂર્વક સત્કાર કરી બેસાડવા ને નમસ્કાર કરવા. (૧૫)

અને વક્તાના આસનથી થોડા ઊંચા તેમજ સુંવાળા સુંદર આસન પર પુસ્તકનું સ્થાપન કરવું. અને પુસ્તકના આસનથી થોડા નીચેના ભાગમાં અતિ કોમળ શ્રેષ્ઠ વ્યાસાસન ઉપર વક્તાને બેસાડવા. (૧૬)

પ્રથમ પુસ્તકની પૂજા કરવી પછીથી તેવી જ રીતે વક્તાની પૂજા કરવી. આ પૂજામાં ચોખા, ચંદન, ગુલાલ, કંકુ, પુષ્પહાર, ધૂપ, દીપ, નૈવેદ્ય,ફળ, તાંબુલ અને શક્તિ પ્રમાણે દક્ષિણા આપીને ભક્તિપૂર્વક આદરથી આરતી ઉતારવી અને પ્રદક્ષિણા-નમસ્કાર કરી પૂજન સમાપ્ત કરવું. (૧૭-૧૮)

**વક્તાને નમસ્કાર કરતી વખતે પ્રાર્થનાનો શ્લોક :-** હે વક્તાશ્રી ! આપને અમો એવી ભાવનાથી પૂજીએ છીએ કે, આપ વેદ તથા શાસ્ત્રોના અર્થોને જાણવામાં નિપુણ છો. આપ સાક્ષાત્ સુવ્રત મુનિ સમાન છો. ભગવાનના પરમ એકાંતિક ભક્ત છો. અને આપ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનું જ્ઞાન આપનારા છો. આપને હું નમસ્કાર કરું છું. (૧૯)

આ રીતે મુખ્ય યજમાને વક્તાની પૂજા કરવી. ત્યારબાદ કથામાં પધારેલાં બીજા બ્રાહ્મણો અને સાધુઓ તેમને મુખ્ય યજમાને યથાયોગ્ય પૂજવા. (૨૦)

ત્યાર પછી વક્તાના આસનથી નીચા આસન પર બેસવુ. વક્તાને નમસ્કાર કરી કથામાં મન રાખી એકાગ્રચિત્તથી કથા સાંભળવી. (૨૧)

**સભામાં બેસવાની સવિવેક મર્યાદા :-** સભામાં બ્રાહ્મણોએ આગળ બેસવું તેની પાછળ ક્ષત્રિયોએ બેસવું, તેની પાછળ વૈશ્યોએ બેસવું, તેની પાછળ શૂદ્રોએ બેસવું, તેની પાછળ વર્ણસંકર જાતિના પુરુષોએ બેસવું : આ રીતે મર્યાદા પૂર્વક બેસીને કથા સાંભળવી. (૨૨-૨૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**ज्ञानवृद्धास्तपोवृद्धा ब्रह्मनिष्ठाश्च ये द्विजाः। उपवेश्याः श्रोतृभिस्ते सर्वेषामग्रतो नरैः ॥२४॥ धनुर्मात्रान्तरे पुम्भ्यः स्त्रीभिश्चापि महीपते ! । मर्यादयैवोपवेश्यं तत्र श्रोतुं हरेः कथाः ॥२५॥ पत्रं पुष्पं फलं वापि रौप्यकं ताम्रढब्बुकम् । निवेद्य वा धान्यमुष्टिं वक्त्रे तु शृणुयात्कथाम् ॥२६॥ बालो युवाथवा वृद्धो दरिद्रो दुर्बलोऽपि वा। अस्य वक्ता सदा वन्द्यः पूज्यश्च सुकृतार्थिभिः ॥२७॥ न प्राकृतमतिः कार्या वक्तर्येतस्य कर्हिचित्। यस्य वक्त्रोद्गता वाणी कामधेनुः शरीरिणाम्॥२८॥ गुरवः सन्ति लोकस्य जन्मतो गुणतश्च ये। तेषामपि च सर्वेषां वक्तैतस्य परो गुरुः॥२९॥ भवकोटिसहस्त्रेषु भूत्वा भूत्वावसीदते । यो ददाति हरेर्ज्ञानं कोऽन्यस्तस्मात्परो गुरुः ॥३०॥ ये धूर्ता ये च दुर्वृत्ता ये चान्यविजिगीषवः । तेषां कुटिलवृत्तीनामग्रे नैव वदेत्कथाम् ॥३१॥ न दुर्जनसमाकीर्णे न शूद्रश्वापदाकुले । देशे न द्यूतसदने वदेत्पुण्यकथां सुधीः ॥३२॥ सद्ग्रामे सद्भिराकीर्णे सुक्षेत्रे देवतालये । नदीतटे शुचौ गेहे कथा वाच्याशनालये ॥३३॥ ये त्वत्रैतदसम्पूज्य गन्धाद्यैर्नमनेन वा । शृण्वन्त्यनादरेणैतद्दरिद्राः स्युर्नरास्तु ते ॥३४॥ सोष्णीषैर्न कथा श्रव्या पूगताम्बूलभक्षणम्। श्रोतृभिर्नैव कर्तव्यं न तमालादिसेवनम् ॥३५॥**

આ સભામાં વ્યક્તિવિશેષોને માટે આસનની મહત્તા કહે છે કે જે દ્વિજાતિ લોકો ભગવદ્ ભક્તો હોય, જ્ઞાની હોય, તપસ્વી હોય અને બ્રહ્મનિષ્ઠ હોય તેઓને સભામાં સર્વની આગળ બેસાડવા. (૨૪) પુરુષોની સભાથી ચાર હાથ દૂર સ્ત્રીઓની સભા રાખવી અને ત્યાં સ્ત્રીઓએ મર્યાદાપૂર્વક બેસીને ભગવાનની કથા સાંભળવી. (૨૫)

કથા સાંભળનાર શ્રોતાઓએ રૂપ્યમુદ્રા અર્થાત્ રૂપિયા અથવા તામ્રઢબ્બુ (જૂના બે પૈસા) અથવા ફળ અથવા મૂઠી ધાન્ય અથવા પુષ્પ અથવા તુલસીપત્ર મૂકીને પણ કથા સાંભળવી. (૨૬)

પુણ્યની ઈચ્છા રાખનાર શ્રોતાઓએ કથા વાંચનાર વક્તા બાળક હોય, યુવાન હોય,વૃદ્ધ હોય, દરિદ્ર હોય, દુર્બળ હોય છતાં પણ તેને પૂજ્ય માનીને હંમેશાં વંદન કરવું. (૨૭)

કથા કરનાર વક્તાને વિષે સામાન્ય માણસના જેવી કનિષ્ઠ ભાવના ક્યારેય ન રાખવી કારણ કે એ કથા કરનાર વક્તાની વાણી શરીરધારી માણસોને કામધેનુની સમાન સુખ આપનારી છે. (૨૮)

**ગ્રંથનો વક્તા સર્વ શ્રેષ્ઠ ગુરૂ છે :-** સંસારમાં જન્મથી તથા ગુણથી ઘણી વ્યક્તિઓ પૂજનીય ગુરુ તરીકે છે પરંતુ એ સર્વ પ્રકારના ગુરુઓ કરતાં કથાનો વક્તા છે તે પરમ ગુરુ છે. (૨૯)

**વક્તાનાં સર્વશ્રેષ્ઠ ગુરૂત્વનું કારણ :-** સંસારચક્રમાં અનેક પ્રકારની યોનિઓમાં જન્મ થાય ને અનેક રીતે દુઃખ પામતા દુઃખી જીવોને ભગવાનનું જ્ઞાન આપી સુખી કરનારથી બીજો મોટો કોણ ગુરુ હોઈ શકે ? (૩૦)

**કથા કોની આગળ ન કરાય ? :-** જે ધુતારા હોય, જેનું ચારિત્ર્ય સારું ન હોય, કથા સાંભળીને બીજાને જીતવાની ઈચ્છા રાખતા હોય એવા ખરાબ સ્વભાવવાળા માણસોની આગળ કથા કરવી જ નહિ. (૩૧)

**કથા કયા સ્થાનમાં ન કરવી ? :-** જે દેશમાં બીજાને દુઃખ દેનાર માણસો રહેતા હોય, જે દેશમાં તમોગુણવાળા શિકારી માણસો રહેતા હોય, જે દેશમાં હિંસક માણસો તથા પશુઓ રહેતાં હોય, જે દેશમાં જુગાર રમાતો હોય આવા પ્રદેશમાં આ પવિત્ર શાસ્ત્રની કથા ન જ કરવી. (૩૨)

**કથા કેવા સ્થળમાં કરવી ? :-** જે દેશમાં સત્પુરુષો રહેતા હોય; જ્યાં જળ, તેમજ છાયા સહિત વૃક્ષો વગેરેની સુવિધા હોય એવા સારા ગામમાં, દેવ મંદિરમાં, નદી કિનારે અથવા પવિત્ર ઘેર તથા જ્યાં અન્નક્ષેત્રમાં બ્રહ્મભોજન થતું હોય ત્યાં આ શાસ્ત્રની કથા કહેવી. (૩૩)

જે શ્રોતાઓ આ સત્સંગિજીવનની ચંદનાદિથી પૂજા કર્યા વિના તથા નમસ્કાર કર્યા વિના અનાદરપૂર્વક કથા સાંભળે છે તે માણસો દારિદ્રી થાય છે. (૩૪)

**કથા શ્રવણ કરવાની રીત :-** શ્રોતાઓએ કથા સાંભળવા બેસવું ત્યારે માથે પાઘડી બાંધીને બેસવું નહિ, કથા સાંભળતાં સાંભળતા તમાકુ તથા પાન-સોપારી ખાવાં નહિ. (૩૫)

तुङ्गासने नोपवेश्यं नच वक्तृसमासने। प्रौढपादैर्नोपवेश्यं नैव वीरासनेन च ॥३६॥ वस्त्रवेष्टितपादैश्च नोपवेश्यं तथा क्वचित्। न शयानैः कथा श्रव्या दैहिकापदमन्तरा ॥३७॥ स्त्रीणां मुखानि पश्यन्तो ये शृण्वन्ति कथां हरेः । कामिनस्ते तु पुरुषा भवन्ति ग्रामशूकराः ॥३८॥ कथायां वर्तमानायामन्या वाचो वदन्ति ये । गर्दभाः प्रजायन्ते तथा वाददुराग्रहाः ॥३९॥ कथायां श्रूयमाणायां विघ्नं कुर्वन्ति ये शठाः । पिशाचत्वं प्रपद्यन्ते ते नूनं नृपसत्तम ! ॥४०॥ निन्दन्ति येऽस्य वक्तारं कथां वा पापनाशिनीम् । ते तु जन्मशतं मर्त्याः शुनकाः सम्भवन्ति हि ॥४१॥ तस्मात्सविनयं राजन्सादरं च हरेः कथा । श्रोतव्या नियमेनैव यथा वक्तुः सुखं तथा ॥४२॥ तैलेन गात्रं सम्मर्द्य स्नापनीयोऽस्य वाचकः । अन्नैः सुमृष्टैः सरसैर्भोजनीयस्तथान्वहम् ॥४३॥ देयं तस्मै च पूर्वाह्णे प्रत्यहं स्वरशुद्धये । सशर्करं तु गोक्षीरं गालितं क्वथितं तथा ॥४४॥ पूर्णे पूर्णे प्रकरणे व्रताहेषु च पर्वसु । विशिष्टपूजा कर्तव्या देया शक्त्या च दक्षिणा ॥४५॥ एतत्कथासमाप्तौ तु कर्तव्यं पूजनं महत् । यथाशक्त्यखिलैर्देया श्रोतृभिर्हेमदक्षिणा ॥४६॥ रौप्यं वा ताम्रमुद्रां वा वस्त्रं वान्नं च वाहनम् । काष्ठं दरिद्रोऽपि मृदं तस्मै दद्यात्स्वशक्तितः॥४७॥ आरोप्य वाहनं रम्यं वस्त्रालङ्कारपूजितम् । गीतवाद्यैर्नयेयुस्तं श्रोतारस्तद्गृहं ततः ॥४८॥

---

વક્તાથી ઊંચા આસને બેસીને કથા સાંભળવી નહિ. વક્તાના આસનને સમકક્ષ આસન ઉપર બેસીને કથા સાંભળવી નહિ. વીરાસન ઉપર બેસીને કથા સાંભળવી નહિ. પગ ઉપર પગ રાખીને કથા સાંભળવી નહિ, વસ્ત્રથી ઢીંચણ બાંધીને કથા સાંભળવી નહિ, દૈહિક આપત્તિથી દુઃખી સિવાય સૂતા સૂતા કથાશ્રવણ કરવું નહિ. (૩૬-૩૭)

**કથાશ્રવણમાં નિયમભંગ કરનારાની કેવી દશા થાય ? :-** સ્ત્રીઓના મુખ જોતાં જોતાં જે કામી પુરુષો કથા સાંભળે છે તે મરીને બીજા જન્મમાં ગ્રામ્યશૂકર=ગામમાં ફરનાર ભૂંડનો અવતાર પામે છે. (૩૮)

કથા વંચાતી હોય ત્યારે જે અન્યની સાથે ગ્રામ્ય વાતો કરે છે તેમજ ચાલુ કથામાં વાદવિવાદ કરવાનો દુરાગ્રહ રાખે છે તેવા મનુષ્યો તો મરીને ગર્દભના અવતારને પામે છે. (૩૯)

હે નૃપસત્તમ ! કથા વંચાતી હોય તેમાં જે શઠ પુરુષો વિઘ્ન કરે છે તે લુચ્ચા માણસો મરીને નિશ્ચે પિશાચ થાય છે. (૪૦)

જે લોકો પાપને નાશ કરનાર ભગવત્કથાની નિન્દા કરે છે તે માણસો સો જન્મ સુધી ખરેખર કૂતરાનો અવતાર પામે છે. (૪૧)

માટે હે રાજન્ ! વિનય, આદર અને નિયમ સહિત ભગવાનની કથા સાંભળવી. તેમજ જે પ્રકારે કથા વિષે વક્તાને પોતાનાથી અનુકૂળતા રહે તેમ સાંભળવી. (૪૨)

**વક્તાની સાર સંભાળની રીત :-** આ કથાના વક્તાને શરીરે તેલ ચોળીને સ્નાન કરાવવું તેમજ દરરોજ સરસ મિષ્ટ-ભોજન જમાડીને સંતૃપ્ત કરવા. (૪૩)

તે વક્તાને બોલવામાં અનુકૂળતા રહે એટલા માટે સવારમાં દરરોજ ગાળેલું સાકર નાખીને કઢેલું ગાયનું દૂધ પીવા આપવું. (૪૪)

આ કથાનું એક એક પ્રકરણ પૂરું થાય ત્યારે તથા વ્રતોને દિવસે તથા અમાવસ્યા વગેરે પર્વના દિવસોમાં પુસ્તકની તથા વક્તાની પૂજા કરવી તથા દાન-દક્ષિણાઓ આપીને વિશિષ્ટ પૂજા કરવી. (૪૫)

આ કથાની સમાપ્તિ થાય ત્યારે પુસ્તકનું તથા વક્તાનું મહાપૂજન કરીને પૂર્ણાહુતિ કરવી. એ વખતે દરેક શ્રોતાઓએ શક્તિ પ્રમાણે સુવર્ણની દક્ષિણા આપવી. વક્તાને દક્ષિણામાં જેને સુવર્ણ આપવાની શક્તિ ન હોય તેણે રૂપિયો, તાંબા નાણું અથવા વાહન, વસ્ત્ર, અન્ન, કાષ્ઠ; અને દરિદ્ર હોય તેણે છેલ્લી બાકી મૃત્તિકાનું પણ દાન કરવું. (૪૬-૪૭)

ત્યાર પછી વક્તાને વસ્ત્ર, અલંકાર વગેરેથી સત્કાર કરી સુંદર વાહન ઉપર બેસાડી વાજતે ગાજતે સન્માનપૂર્વક તેમને ઘેર વળાવવા. (૪૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**इति सामान्यतः प्रोक्तः श्रवणस्य विधिर्मया । सत्सङ्गिजीवनाख्यस्य शास्त्रस्यैतस्य भूपते ! ॥४९॥ विधिनानेन शृणुयुर्ये तु शास्त्रमिदं जनाः । सम्पूर्णं स्यात्फलं तेषां मया प्रोक्तं न संशयः ॥५०॥ आदौ विधिमिमं श्रुत्वा त्वेतस्य श्रवणं ततः । कर्तव्यं विधिनानेन ततः सिध्यति वाञ्छितम् ॥ ५१॥** इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे श्रवणविधिनिरूपणे द्वितीयोऽध्यायः ॥२॥

शतानन्दमुनिरुवाच-**अथ शास्त्रस्य चैतस्य श्रवणस्य विधिं ब्रुवे । विशेषतो भवान् राजन् ! श्रोतुमर्हति सादरम् ॥१॥ रुदन्ति सर्वपापानि त्वेतस्य श्रवणक्षणे । अस्माकं प्रलयं सद्यः कथेयं हा ! करिष्यति ॥२॥ आर्द्रं शुष्कं लघु स्थूलं वाङ्मनःकायसम्भवम् । श्रवणं प्रदहेत्पापं पावकः समिधो यथा ॥३॥ अस्मिन्वै भारते वर्षे सूरिभिर्देवसंसदि । अकथाश्राविणां पुंसां निष्फलं जन्म कीर्तितम् ॥४॥ किं मोहतो रक्षितेन सुपुष्टेन बलीयसा । अध्रुवेण शरीरेण त्वेतच्छास्त्रकथां विना ॥५॥ अस्थिस्तम्भं स्नायुबद्धं मांसशोणितलेपितम् । चर्मावनद्धं दुर्गन्धं पात्रं मूत्रपुरीषयोः ॥६॥ जराशोकविपाकार्तं रोगाणां मन्दिरं परम् । दुष्पूरं च कृतघ्नं च सदोषं क्षणभङ्गुरम् ॥७॥ कृमिविड्भस्मसंज्ञान्तं शरीरमिति वर्णितम् । तेन संसाधयेद्धीमान्स्वकार्यं यः स पण्डितः ॥८॥**

---

હે રાજન્ ! આ રીતે આ 'સત્સંગિજીવન' શાસ્ત્રના શ્રવણનો વિધિ મેં તમને સામાન્યપણે કહ્યો છે. (૪૯) અને આ રીતના વિધિથી જો આ 'સત્સંગિજીવન' ગ્રંથને જે મનુષ્યો સાંભળશે તેઓ મેં કહેલ સમગ્ર ફળને જરૂર પામશે. એમાં કોઈ જાતનો સંશય નથી. (૫૦)

માટે પહેલાં આ વિધિ સાંભળવો. અને ત્યારબાદ તે કહેલા વિધિ પ્રમાણે આ શાસ્ત્રનું શ્રવણ કરવું. આ રીતે શ્રવણ કરવાથી મનુષ્યોને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. (૫૧)

*ઈતિ શ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે શ્રવણવિધિનિરૂપણે દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥*

## અધ્યાય : ૩

## સત્સંગિજીવન શાસ્ત્ર શ્રવણનો વિશેષ વિધિ - ૧

**શતાનંદમુનિ કહે છે,** હે રાજન્ ! હવે આપને આ શાસ્ત્રના શ્રવણનો વિશેષ વિધિ કહું છું તે તમે આદરપૂર્વક સાંભળો. (૧)

**કથારૂપી પ્રદીપ્ત અગ્નિ :-** આ કથા સાંભળવાની શરૂઆતની ક્ષણમાં જ અનેકવિધ પાપો રૂદન કરવા લાગે છે કે અરે...રે ! આ કથા તો આપણો સર્વેનો પ્રજળાવીને તત્કાળ વિનાશ કરી નાખશે. (૨)

અગ્નિ જેમ લીલું-સૂકું, નાનું-મોટું સર્વ પ્રકારનું લાકડું બાળે છે તેમ આ કથાનું શ્રવણ મન, વાણી અને શરીરથી થયેલાં સર્વ પાપોને બાળે છે. (૩)

આ ભરતખંડમાં જન્મ પામીને જે માણસ આ કથા સાંભળતો નથી તે માણસનો જન્મ નિષ્ફળ છે એમ દેવસભામાં દેવો કહે છે. (૪)

જે માણસ આ શાસ્ત્રની કથા સાંભળતો નથી અને મોહથી આ નાશવંત શરીરને બળવાન અને પુષ્ટ બનાવે છે તો તેનાથી તેણે શું કાર્ય સિદ્ધ કર્યું ? (૫)

**સાચા પંડિતની સમજણ :-** આ શરીરમાં હાડકાંરૂપી સ્તંભ છે તે અસ્થિને ચારે કોર સ્નાયુ વીંટળાયેલા છે. સ્નાયુબદ્ધ અસ્થિ તે માંસ અને રુધિરથી લીંપેલાં છે અને ઉપર સુંદર દેખાતી ચામડીથી ઢાંકેલાં છે : આ બધી વસ્તુઓ અપવિત્ર અને દુર્ગંધ યુક્ત છે. આ શરીર મૂત્ર અને વિષ્ટાનું પાત્ર છે તેમજ આ શરીર વૃદ્ધત્વ, શોક વગેરેના પરિણામથી દુઃખ અને રોગનું મોટું ઘર છે. આ શરીરને ગમે તેટલું ખવડાવો છતાં તે ભરાતું નથી. સમય પ્રમાણે કામ ન આપનાર હોવાથી આ શરીર કૃતઘ્ન છે. દોષયુક્ત, ક્ષણ વારમાં નાશ પામે એવા આ શરીરને ગમે તેટલું સાચવે છતાં તે ભસ્મ-વિષ્ટા અને કીડારૂપે બની અંતે ભસ્માદિકની સંજ્ઞા પામે છે. આમ સર્વ પ્રકારે દોષવાળા આ શરીરથી જે મોક્ષરૂપી પોતાનું કાર્ય કરી લે તેને વિદ્વાનો પંડિત કહે છે. (૬-૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

यत्प्रातःसंस्कृतं चान्नं सायं तत्तु विनश्यति । तदीयरससम्पुष्टे काये का नाम नित्यता ॥९॥ बुद्बुदा इव तोयेषु मशका इव जन्तुषु । जायन्ते मरणायैव कथाश्रवणवर्जिताः ॥१०॥ मासेषूक्तेषु यत्र स्यात्स्वस्थता स्वस्य चेतसः । तस्मिन् श्रव्यमिदं शास्त्रं पापसङ्गनिवारकम् ॥११॥ सप्ताहेनास्य श्रवणे प्रारभेद्द्वितीयातिथेः। नवाहेनापि श्रवणेऽप्येवमेव समाचरेत् ॥१२॥ पक्षेण श्रवणेप्येवं मासेनाप्येवमेव हि । ऋतुना श्रवणे त्वस्य तृतीयातः समारभेत् ॥१३॥ आद्या चतुर्थ्यष्टमी च तथा वर्ज्या चतुर्दशी। अस्यारम्भे शुभाः प्रोक्तास्तिथयोऽप्यखिला नृप ! ॥१४॥ अश्विनी रेवती हस्तः पुष्यो मृगपुनर्वसू । अनुराधाभिजित्स्वाती रोहिणी श्रवणत्रयम् ॥१५॥ ऋक्षाण्येतानि पुण्यानि ग्राह्याण्यत्रोदितानि वै । तस्मादस्य समारम्भः कर्तव्यस्तेषु भूपते ! ॥१६॥ देशान्तरान्निजान् ज्ञातीनाह्वयेच्च सुहृज्जनान् । येषां तच्छ्रवणे श्रद्धा तांश्चारम्भदिनात्पुरा ॥१७॥ देशे देशे विरक्ता ये वैष्णवा दम्भवर्जिताः । पत्रं तेभ्योऽपि संलेख्यमागतांस्तांश्च मानयेत् ॥१८॥ अर्वाक् पञ्चाहतो यत्नादासनादीनि मेलयेत्। विशाला वसुधा यत्र कुर्यात्तत्र कथास्थलम् ॥१९॥ कुर्वीत मण्डपं तत्र शुचौ स्थाने मनःप्रियम्। रम्भास्तम्भैश्च सद्वस्त्रैः फलैः पुष्पैश्च शोभनम् ॥२०॥ तत्रोपवेशस्थानानि स्त्रीणां पुंसां यथोचितम् । व्यासासनं च रुचिरं रचयेच्चतुरो नरः ॥२१॥ श्रोतॄणामासनादुच्चं मृदुलास्तरणान्वितम्। पार्श्विकादिसमायुक्तं रमणीयं विशेषतः ॥२२॥

**શરીરની નાશવંતતા :-** સવારે રાંધેલું અન્ન, સાંજ સુધી જ સારું રહે અને સાંજે તો બગડી જાય તેથી ખાવાના ઉપયોગમાં પણ ન આવે. આવા અન્નના રસથી પુષ્ટ થયેલું શરીર શું શાશ્વત રહે ? ન જ રહે ! (૯)

પાણીમાં જેમ પરપોટા થાય અને નાશ પામે છે, જંતુઓમાં મચ્છરો જન્મે અને નાશ પામે છે એવી જ રીતે હરિકથાશ્રવણ વિનાના માણસો કેવળ મરવા માટે જ જન્મતા હોય છે. (૧૦)

**પારાયણનો પ્રારંભ કરવા યોગ્ય સમય :-** માટે હે રાજન! આગળ કહેલા મહિનાઓમાં જે મહિને સાંભળવાની અનુકૂળતા હોય, તે સમયે ચિત્ત સ્થિર કરી પાપ નાશ કરનાર આ શાસ્ત્ર અવશ્ય સાંભળવું. (૧૧)

હવે આ શાસ્ત્ર વાંચવા-સાંભળવાની શરૂઆત કયારે કરવી તે કહે છે : સાત દિવસ અથવા નવ દિવસ અથવા પંદર દિવસ અથવા મહિનો આ પ્રમાણે જો પારાયણ કરવી હોય તો આ શાસ્ત્ર વાંચવાનો આરંભ સુદી બીજને દિવસે કરવો. બે માસનું પારાયણ કરવું હોય તો કથાનો આરંભ સુદિ ત્રીજને દિવસે કરવો. (૧૨-૧૩)

હવે કથાની શરૂઆતમાં કઈ તિથિઓ ન લેવી તે કહે છે. પડવો, ચોથ, આઠમ અને ચૌદશ આ તિથિઓ કથાની શરૂઆતમાં ન લેવી. આ સિવાય બીજી બધી તિથિઓમાં કથાનો આરંભ કરવો. (૧૪)

હવે કયા નક્ષત્રમાં કથાની શરૂઆત કરવી તે કહે છે : હે રાજન્ ! અશ્વિની, રેવતી, હસ્ત, પુષ્ય, મૃગશીર્ષ, પુનર્વસુ, અનુરાધા, **અભિજીત, સ્વાતિ, રોહિણી, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા આ માંહિલા કોઈ પણ નક્ષત્રમાં કથાની શરૂઆત કરવી.** (૧૫-૧૬)

**સંબંધી તેમજ શ્રદ્ધાળુ શ્રોતાજનોને નિમંત્રણ :-** કથા વાંચવાની શરૂઆત કરે તે પહેલાં આમંત્રણ -પત્રિકાઓ લખી પોતાનાં સગાંસંબંધીઓ તથા કથાશ્રવણમાં શ્રદ્ધાવાળા પોતાના મિત્રો તેમજ ભગવદ્ ભકતોને કથા સાંભળવા બોલાવવા. (૧૭) એજ રીતે જુદા જુદા પ્રદેશોમાં રહેતા અને દંભથી રહિત ભગવાનના ભક્ત, વર્ણી, સંત અને પાર્ષદોને પણ આમંત્રણ આપી બોલાવવા અને આવે ત્યારે યથાયોગ્ય સન્માન કરવું. (૧૮) જે સ્થળમાં ઘણા માણસો શાંતિથી બેસીને કથા સાંભળી શકે એવા વિશાળ પ્રદેશમાં કથા શ્રવણનું સ્થળ તૈયાર કરવું. કથા આરંભના દિનથી પાંચ દિવસ પહેલાં આસનો તથા મંડપ માટે જોઈતી સામગ્રી ભેગી કરવી. (૧૯)

**રમણીય મંડપ અને વ્યાસાસન રચવાની રીત :-** આગળ કહેલા વિશાળ અને પવિત્ર પ્રદેશમાં આંખ અને મનને ગમી જાય તેવો સુંદર મંડપ કેળના સ્તંભોથી, સારાં વસ્ત્રો, પુષ્પો તથા ફળોથી શણગારીને તૈયાર કરવો. (૨૦)

ચતુર મનુષ્યે રમણીય મંડપ વિષે સ્ત્રી પુરૂષ ભક્તજનોને બેસવાનાં અલગ-અલગ સ્થાનો તેમજ સુંદર વ્યાસાસનની યથાયોગ્ય રચના કરવી. (૨૧) એ વ્યાસાસન શ્રોતાઓના આસનથી ઊંચું બનાવવું. તેના પર કોમળ ઓછાડ તેમજ ગાદલું પાથરવું. પડખે ઓઠીંગણ મૂકવાં. આ રીતે વ્યાસાસનને વિશેષ રમણીય બનાવવું. (૨૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तदासनात्पृथावुच्चे मृदुले चासनोत्तमे। सुबन्धनं सत्फलकं पुस्तकं सन्निधारयेत् ॥२३॥ पूर्वोक्तलक्षणैर्युक्तो ग्रन्थस्यास्य तु वाचकः। प्रत्यहं स्वाह्निकं कुर्यादुषस्युत्थाय भूपते! ॥२४॥ ततः श्रोतृभिराहूतः स कथामण्डपं व्रजेत्। प्रक्षाल्य पाणिपादास्यं कुर्यादाचमनत्रयम् ॥२५॥ धौतश्वेताम्बरधरः सद्गुरुं हृदये स्मरन्। विप्रान्साधून्नमस्कृत्य सत्सङ्गिजीवनं नमेत् ॥२६॥ ततः स्वपूज्यगुर्वादेराज्ञया विनयान्वितः। उदङ्मुखः प्राङ्मुखो वा व्यासासनमुपाविशेत् ॥२७॥ तत एतस्याधिदेवमेतच्छास्त्राकृतिं हरिम्। मन्त्रैः समर्चयेदेतैर्मुख्यः श्रोता कृताह्निकः ॥२८॥ ध्यानम्- प्रथमादिपञ्चमान्तपञ्चप्रकरणानि तु। आस्यहृत्तुन्दजान्वङ्घ्रिरूपाण्यङ्गानि यस्य वै ॥२९॥ प्रोक्तानि सन्ति दिव्यानि श्रीहरिं करुणाम्बुधिम्। तं भक्तिधर्मतनयं हृदये चिन्तयाम्यहम् ॥३०॥ निजाश्रितजनानन्दं मुनिवर्णिनिषेवितम्। अतिरम्यनराकारं तारुण्ये वयसि स्थितम् ॥३१॥ रूपानुरूपावयवं नवपद्मदलेक्षणम्। अतीव दर्शनीयं च शान्तं कोमलभाषणम् ॥३२॥ नूत्नरक्तारविन्दाभहस्ताङ्घ्रितलशोभितम्। चञ्चत्तुङ्गारुणनखचन्द्रावलिविराजितम् ॥३३॥ मितस्मितस्फुरत्तुल्यदन्तमुक्तावलिप्रभम्। प्रलम्बपीवरभुजं विशालहृदयस्थलम् ॥३४॥ पृथुतुङ्गललाटं च सुकपोलारुणाधरम्। दधतं कैसरे पुण्ड्रे माले कुङ्कुमचन्द्रकम् ॥३५॥ घनश्यामं च तुलसीमालिकां दक्षिणे करे। दधतं च द्वितीयेन ददतं पाणिनाऽभयम् ॥३६॥ बिभ्रतं तुलसीकाष्ठसूक्ष्ममालाद्वयं गले। शुभ्रं यज्ञोपवीतं च वामस्कन्धे सुशोभनम् ॥३७॥ वासः शुभ्रं मृदु परिदधतं दृढकच्छकम्। वसानमुत्तरपटं हंसपक्षसितं तथा ॥३८॥ सूक्ष्मं सितं च पटकं बध्नन्तं शीर्ष्णि मञ्जुलम्। उत्सवे भक्तसम्प्रीत्यै दधानं भूरिभूषणम् ॥३९॥

---

વ્યાસાસનથી ઊંચા કોમળ તેમજ ઉત્તમ આસનમાં સુંદર પાટિયાવાળું તેમજ રેશમી વસ્ત્રથી સારી રીતે બાંધેલું કથાનું પુસ્તક સ્થાપન કરવું. (૨૩)

પૂર્વોક્ત શુભ લક્ષણોથી યુક્ત કથાના વક્તાએ પ્રતિદિન પ્રભાતમાં જાગ્રત થઈ સ્નાનાદિ આહ્નિક વિધિ સમાપ્ત કરવી. (૨૪) ત્યારબાદ શ્રોતાઓના આમંત્રણથી કથામંડપમાં જવું. હાથ, પગ તેમજ મુખ પ્રક્ષાલન કરી ત્રણ વખત આચમની કરવી. (૨૫) ધોયેલાં શ્વેત વસ્ત્ર ધારણ કરવાં. સદ્ગુરુનું હૃદયમાં સ્મરણ કરવું ને વિપ્રો તેમજ સાધુજનોને નમસ્કાર કરી સત્સંગિજીવન ગ્રંથને વંદન કરવા. (૨૬) ત્યારબાદ પોતાના પૂજ્ય ગુરુ આદિકની આજ્ઞાથી વિનય યુક્ત થઈ ઉત્તર મુખે અથવા પૂર્વમુખે વ્યાસાસને બેસવું. (૨૭) મુખ્ય શ્રોતાએ આહ્નિક કર્મ કરી સત્સંગિજીવન ગ્રંથના અધિદેવતા તેમજ શાસ્ત્ર સ્વરૂપે બિરાજતા શ્રીહરિનું આ મંત્રોથી પૂજન કરવું. (૨૮)

**ષોડ્શોપચાર પૂજનનાં મહામંત્રો :-**

**ગ્રંથસ્વરૂપે શ્રીહરિનું ધ્યાન કરી કથા પ્રારંભ કરવાનો વિધિ :-** એકથી પાંચ પ્રકરણો અનુક્રમે જે પરમાત્માનાં દિવ્ય મુખ, હૃદય, ઉદર, જાનુ અને ચરણ આ અંગો કહ્યા છે. એવા કરુણાનિધિ ભક્તિધર્મનંદન શ્રીહરિનું હું હૃદયમાં ધ્યાન ધરું છું. (૨૯/૩૦)

**ધ્યાનમાં શ્રીહરિના સ્વરૂપની માધુર્યતા :-** પોતાના આશ્રિતજનોને આનંદ ઉપજાવતા, મુનિ તેમજ બ્રહ્મચારીઓથી સેવાયેલા, અતિ રમણીય મનુષ્યાકૃતિમાં શોભતા, તરુણ વયમાં રહેલા, રૂપને અનુરૂપ દિવ્ય અવયવોને ધારણ કરતા, નવીન કમળના પત્ર સમાન નેત્ર કમળથી શોભતા, અતિશય દર્શનીય, શાંત, કોમળ ભાષણ કરતા, નવીન લાલ કમળની સમાન હાથ તેમજ ચરણના તળાથી શોભતા, ચળકતા કિંચિત ઉન્નત તેમજ લાલ રંગના નખરૂપી ચંદ્રની પંક્તિથી વિરાજમાન, મંદ મંદ હાસ્યથી ચળકાટ સભર દંતપંક્તિની પ્રભાથી યુકત, જાનુપર્યંત લાંબી તેમજ ભરાવદાર ભુજાઓથી શોભતા, વિશાળ વક્ષઃસ્થળથી શોભતા, ઉન્નત વિશાળ લલાટથી શોભતા, શ્રેષ્ઠ કપોળ અને લાલ અધરોષ્ઠથી શોભતા, ભાલમાં કેસરથી કરેલા ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યે કુંકુમ ચંદ્રકને ધારી રહેલા, નવીન નીલમેઘ સમાન શ્યામ, જમણા હાથમાં તુલસી માળાને ધારી રહેલા, ડાબા હાથથી અભયદાન આપતા, કંઠમાં તુલસીના કાષ્ઠની સૂક્ષ્મ બેવડી કંઠીને ધારી રહેલા, ડાબા ખભા ઉપર શ્વેત સુશોભિત યજ્ઞોપવીતને ધારી રહેલા, શ્વેત, સૂક્ષ્મ ને કોમળ વસ્ત્રનો દૃઢ કચ્છ ધારી રહેલા, હંસની પાંખો સમાન ધોળું ને કોમળ ઉત્તરીય વસ્ત્રને ધારી રહેલા, અતિકોમળ ને શ્વેત પટકાની પાઘ મસ્તક પર ધારી રહેલા, ભક્તોની પ્રાર્થનાથી તેમના હૃદયમાં હર્ષ ઉપજાવવા માટે ઉત્સવના દિવસોમાં બહુવિધ આભૂષણો ધારણ કરનારા, (૩૧-૩૯) અનેકવિધ પુષ્પના હાર અને ચંદનથી

नानाविधैः पुष्पहारैश्चन्दनेनार्चितं निजैः । लम्बद्भिः शैखरै रम्यं मन्दस्मितमनोहरम् ॥४०॥ तारामण्डलमध्यस्थं पूर्णचन्द्रमिवोदितम् । भक्तमण्डलमध्यस्थं सर्वलोकनमस्कृतम् ॥४१॥ हृदयानि हरन्तं च निजानां करचेष्टया। करुणामृतया दृष्ट्या वीक्षमाणं च चिन्तये ॥४२॥ इति श्री सत्सङ्गिजीवनाकृतये श्रीहरिकृष्णपरमात्मने नमो ध्यायामि । आवाहनम्-कलिकल्मषनाशाय प्रादुर्भूतं कृपाभरात् । सत्सङ्गिजीवनाकारं हरिमावाहयाम्यहम् ॥४३॥ आसनम्-हरे ! सिंहासनमिदं स्वर्णरत्नविनिर्मितम् । तव प्रीतिकरं दत्तं गृहाण कृपया प्रभो ! ॥४४॥ पाद्यम्-अनन्यभावाश्रयिणां संसारार्णवतारक!। पाद्यं गृहाण देवेश ! श्रीहरे ! कृपया मयि ॥४५॥ अर्घ्यम्-नानावतारचरितैः साधुसङ्कष्टनाशन ! श्रीहरे ! त्वं गृहाणार्घ्यं गन्धाद्यष्टाङ्गसंयुतम् ॥४६॥ आचमनीयम्-श्रीदुर्गपूर्जनानन्द! । नृपासुरमदापह ! । स्वभक्तकुमुदेन्दो ! त्वं गृहाणाचमनीयकम् ॥४७॥ स्नानम्-अच्छोदोन्मत्त-गङ्गावार्जलक्रीडारते ! हरे ! । तत्पानीयप्रशंसाकृत्स्नानीयं प्रतिगृह्यताम् ॥४८॥ वस्त्रम्-पीताम्बरमिदं कृष्ण ! नवीनं स्वर्णवर्णकम् । तवैव परिधानार्हं गृह्यतां धर्मनन्दन ! ॥४९॥ यज्ञोपवीतम्-सावित्रीग्रन्थिसंयुक्तं स्वर्णतन्तुविनिर्मितम् । गृह्यतां देवदेवेश ! ब्रह्मसूत्रमिदं शुभम् ॥५०॥ आभूषणानि-आभूषणानि दिव्यानि कुण्डलादीनि सत्पते ! । गृहाण कृपया कृष्ण ! दत्तानीमानि भक्तितः ॥५१॥

---

પૂજા કરેલા, લાંબા લટકતા તોરાઓથી અલંકૃત તેમજ મંદ મંદ હાસ્યથી મનોહર મુખકમળથી શોભતા, તારા મંડળના મધ્યે ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રમાની પેઠે ભક્તજનોના મંડળ મધ્યે શોભતા, સર્વ લોકથી નમસ્કાર કરેલા, દિવ્ય હસ્તચેષ્ટાથી ભક્તોનાં મનને આકર્ષણ કરતા તેમજ કરુણારૂપી અમૃત ભરેલી દૃષ્ટિથી ભક્તજનોને નિહાળતા શ્રીહરિનું હું ચિંતવન કરું છું. (૪૦-૪૧) આ પ્રમાણે ધ્યાન કરી પોતાના હૃદયમાં 'इति श्री सत्सङ्गिजीवनाकृतये श्रीहरिकृष्णपरमात्मने नमः ध्यायामि' પૂર્વોક્ત શ્રીસત્સંગિજીવન સ્વરૂપે બિરાજતા શ્રીહરિકૃષ્ણ પરમાત્માને નમસ્કાર કરી હું ધ્યાન કરૂં છું. એવી ભાવના કરવી. (૪૨)

**આહ્વાન મંત્ર** :- આ પૃથ્વીમાં અપાર કૃપાથી કલિયુગના દોષને નિવારવા પ્રગટ થયેલા સત્સંગિજીવનસ્વરૂપી શ્રીહરિને હું આહ્વાન કરું છું. (૪૩)

**આસન મંત્ર** :- હે હરિ ! સુવર્ણનિર્મિત, રત્નજડિત તેમજ તમને પ્રીતિ ઉપજાવનાર સિંહાસન હું અર્પણ કરું છું. તેનો તમે કૃપા કરી સ્વીકાર કરો. (૪૪)

**પાદ્યમંત્ર** :- હે દેવેશ ! અનન્યભાવથી આપનું ભજન કરતા જનોને સંસાર સાગરમાંથી તમો તારનારા છો. હે હરિ! મારી ઉપર કૃપા કરી આ પાદ્યનો અંગીકાર કરો. (૪૫)

**અર્ઘ્યપ્રદાન મંત્ર** :- હે અનેક પ્રકારનાં ચરિત્રોથી સાધુઓના સંકટનો નાશ કરનારા ! હે શ્રીહરિ ! તમે ચંદનાદિ અષ્ટાંગ દ્રવ્યયુક્ત આ અર્ઘ્ય અંગીકાર કરો. (૪૬)

**આચમનીયમ્** :- હે શ્રીમદ્ દુર્ગપુર નિવાસી જનોને આનંદ ઉપજાવતા! હે અસુરરાજાઓના મદને હરનારા ! હે પોતાના ભક્તજનરૂપ કુમુદને વિકસાવવામાં ચંદ્રમા સમાન ! તમે આચમનીય અંગીકાર કરો. (૪૭)

**સ્નાન મંત્ર** :- હે ઉન્મત્ત ગંગાના સ્વચ્છ નીરમાં જળક્રીડા કરવામાં પ્રીતિવાળા ! હે હરિ ! ઉન્મત્તગંગાના નીરની આપ પ્રશંસા કરો છો. સ્નાન માટે મેં અર્પણ કરેલ આ જળ અંગીકાર કરો. (૪૮)

**વસ્ત્રપ્રદાન મંત્ર** :- હે કૃષ્ણ ! આપને જ પહેરવા યોગ્ય, નૂતન તેમજ સુવર્ણનાં વર્ણ સમાન પીતાંબર તમે ગ્રહણ કરો. (૪૯)

**યજ્ઞોપવીત** :- હે દેવોના દેવ ! સાવિત્રી ગ્રંથિથી સંયુક્ત તેમજ સુર્વણના તંતુથી નિર્માણ કરેલ આ શુભ બ્રહ્મસૂત્ર તમે ગ્રહણ કરો. (૫૦)

**આભૂષણ પ્રદાન મંત્ર** :- હે સંતોના સ્વામી ! હે શ્રીકૃષ્ણ ! કુંડળ વગેરે દિવ્ય આભૂષણો મેં ભક્તિભાવથી અર્પણ કર્યા છે. તેનો તમે કૃપા કરી અંગીકાર કરો. (૫૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चन्दनम्-**घनसाररसोपेतं कुङ्कुमेन सुशोभितम् । गृहाण चन्दनं दिव्यं भक्तिधर्मात्मज! प्रभो ! ॥५२॥** पुष्पाणि-**नानासुगन्धिपुष्पाणां हारापीडौ तथैव च । तुलसीवनमालां च श्रीकृष्ण! स्वीकुरु प्रभो ! ॥५३॥** सुगन्धतैलम्-**सुगन्धिद्रव्यवासाढ्यं विष्णुतैलं मनोहरम् । वाञ्छितं सर्वलोकानां भगवन्प्रतिगृह्यताम् ॥५४॥** धूपः- **बालक्रीडाविनोदेन कालिदत्तासुरान्तकृत् । दृष्ट्या कृत्यागणद्राव ! धूपः स्वीक्रियतां त्वया ॥५५॥** दीपः-**स्वयंप्रकाशमानेश! नैकभास्करभास्वर! गृहाण कृपया दीपमन्धकारनिवारकम् ॥५६॥** नैवेद्यम्-**नानापक्वान्ननैवैद्यं रसैः षड्भिर्मनोहरम् । विश्वंभर! गृहाणेदं प्रीत्या मे वरदो भव ॥५७॥** मध्ये पानीयम्-**पवित्रं निर्मलं तोयमुशीरैलादिवासितम् । जीवनं सर्वजीवानां पानार्थं गृह्यतां हरे! ॥५८॥** पुनराचमनीयम्-**निर्मलं गाङ्गमुदकं सुपवित्रं सुवासितम् । पुनराचमनीयं च गृह्यतां भक्तिनन्दन ! ॥५९॥** ताम्बूलम्-**ताम्बूलं पूगसंयुक्तं लवङ्गेलाविमिश्रितम् । जातीफलादिसंयुक्तं श्रीकृष्ण ! प्रतिगृह्यताम् ॥६०॥** फलम्-**दिव्यं फलानां सर्वेषां सर्वदेवप्रियङ्करम् । नालिकेरीफलमिदं गृह्यतां धर्मधूर्धर! ॥६१॥** दक्षिणा-**यथाशक्ति मया दत्ताः स्वर्णरूप्यादिमुद्रिकाः । वृत्तालयपुरावास ! दक्षिणा गृह्यतां त्वया ॥६२॥** नीराजनम्-**नीराजयामि देवेश ! नमस्ते ! ज्योतिषां पते! आरार्त्रिकं मया दत्तं गृहाण मुनिवल्लभ ! ॥६३॥** प्रदक्षिणा-**नमस्ते देवदेवेश ! वराभयकर ! प्रभो! । त्वत्प्रदक्षिणया कृष्ण !**

---

**ચંદન સમર્પણ મંત્ર :-** હે ભક્તિધર્મના નંદન! હે પ્રભુ! કપૂર રસથી મિશ્રિત, કુંકુમથી સુશોભિત તેમજ દિવ્ય આ ચંદન અંગીકાર કરો. (૫૨)

**પુષ્પ પ્રદાન મંત્ર :-** હે શ્રીકૃષ્ણ ! હે પ્રભુ ! અનેક પ્રકારનાં સુગંધીમાન પુષ્પોના હાર, તોરા તેમજ તુલસીની વનમાળાને તમે સ્વીકાર કરો. (૫૩)

**સુગંધી તેલ પ્રદાન મંત્ર :-** હે ભગવન્ ! નાનાવિધ સુગંધી પદાર્થોના વાસથી અધિવાસિત તેમજ સમગ્ર લોકે સ્પૃહા કરવા યોગ્ય મનોહર આ વિષ્ણુ તેલનો સ્વીકાર કરો. (૫૪)

**ધૂપ પ્રદાન મંત્ર :-** હે દૃષ્ટિમાત્રથી કૃત્યાઓના ગણને ભગાડનારા તેમજ બાલક્રીડાના વિનોદમાત્રથી કાલિદત્ત અસુરનો સંહાર કરનારા ! તમે ધૂપ અંગીકાર કરો. (૫૫)

**દીપ પ્રદાન મંત્રઃ-** હે સ્વયંપ્રકાશમાન ! હે ઈશ ! હે અનેક ભાસ્કર સમાન પ્રકાશમાન! અંધકારને નિવારનાર આ દીપનો કૃપા કરી સ્વીકાર કરો. (૫૬)

**નૈવેદ્ય પ્રદાન મંત્ર :-** હે વિશ્વંભર ! છ પ્રકારના રસે સહિત મનોહર તેમજ અનેકવિધ પકવાન્નોનું નૈવેદ્ય પ્રીતિથી હું નિવેદન કરું છું. તેને તમે અંગીકાર કરો ને મને વરદાન આપો. (૫૭)

**મધ્યે પાનીય સમર્પણ મંત્ર :-** હે હરિ! એલચી તેમજ વીરણના વાળાથી તેમજ સુગંધી દ્રવ્યથી અધિવાસિત આ જળ પવિત્ર, નિર્મળ ને સર્વજીવોનું જીવન છે. એ જળનું પાન કરવા તમે તેને અંગીકાર કરો. (૫૮)

**પુનઃ આચમનીય પ્રદાન મંત્ર :-** હે ભક્તિનંદન ! અત્યંત પવિત્ર, અતિ નિર્મળ તેમજ સુગંધી દ્રવ્યથી સુવાસિત ગંગાજળ ફરી આચમન અર્થે અંગીકાર કરો. (૫૯)

**તાંબુળ સમર્પણ મંત્ર :-** હે શ્રીકૃષ્ણ! લવિંગ, એલાયચી, જાયફળ તેમજ સોપારીએ સહિત તાંબુળ અંગીકાર કરો. (૬૦)

**ફળ સમર્પણ મંત્ર :-** હે ધર્મધુરંધર ! સમગ્ર ફળોમાં શ્રેષ્ઠ તેમજ સર્વ દેવોને પ્રિય નાળિયેરનું ફળ ગ્રહણ કરો. (૬૧)

**દક્ષિણા પ્રદાન મંત્ર :-** હે વૃત્તાલયવાસી ! યથાશક્તિ સમર્પણ કરેલ રૂપાની મુદ્રા તેમજ સુવર્ણમુદ્રાની દક્ષિણાનો સ્વીકાર કરો. (૬૨)

**નીરાજન પ્રદાન મંત્ર :-** હે મુનિજનોને પ્રિય ! હે દેવેશ ! હે જ્યોતિષાં પતિ ! આપ તેજસ્વી પદાર્થનાં તેજને વધારનારા છો. હું તમારી આરતી ઉતારું છું. મેં અર્પણ કરેલ આરતીને અંગીકાર કરો. (૬૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**सर्वदेवप्रदक्षिणा ॥६४॥** नमस्कार :- **उद्धारणाय सर्वेषां प्रादुर्भूतं धरातले । सत्सङ्गिजीवनाकारं त्वां हरिं प्रणमाम्यहम् ॥६५॥** प्रार्थना- **निजकर्मविपाकेन भवाब्धौ पतितोऽस्म्यहम् । तं मामुद्धर देवेश ! कृपया ! करुणानिधे ! ॥६६॥ सत्सङ्गिजीवनाख्यस्त्वं प्रत्यक्षः पुरुषोत्तमः । मयि त्वच्छरणायाते कृपां कुरु जगत्पते ! ॥६७॥ सम्पूज्य श्रीहरिं त्वित्थं सत्सङ्गिजीवनात्मकम् । वक्तारं पूजयेद्भक्त्या गन्धपुष्पस्रगादिभिः ॥६८॥ नवीनवस्त्राभरणैर्दत्त्वा सम्पूज्य दक्षिणाम् । ततः पूर्वोक्तमन्त्रेण नत्वा तं प्रार्थयेत्पुमान् ॥६९॥ सुव्रताकार ! बोधज्ञ ! सर्वशास्त्रविशारद ! । एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय ॥७०॥ सम्प्रार्थ्य तद्वाचकमित्थमन्यान् श्रोतॄंश्च विप्रान्स यथार्हमर्चेत् । श्रोता स्वकीयैर्नियमैरुपेतः शृणोतु भूपालक ! शास्त्रमेतत् ॥७१॥** इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तच्छ्रवणविशेषविध्युक्तौ तत्पूजाविधिनिरूपणनामा तृतीयोऽध्यायः ॥३॥

शतानन्दमुनिरुवाच- **श्रोत्राथ पूजितो वक्ता कुर्यान्मङ्गलमादितः । मुदा वदे 'त्सदानन्दे 'त्यादिश्लोकत्रयं नृप ! ॥१॥ स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः । हरिकृष्णश्च सहजानन्दः कृष्णोऽस्तु मे हृदि ॥२॥ ततो 'वैराग्यवेगे 'ति श्लोकद्वयमुदीरयेत् । स वक्ता पुस्तकं नत्वा ततः पद्ये त्विमे पठेत् ॥३॥ श्रूयतां देवदेवेश ! स्वामिनारायण ! प्रभो ! । त्वदीयेनावधानेन कथयिष्ये शुभाः कथाः ॥४॥ नत्वा श्रीसहजानन्दस्वामिनं भक्तिधर्मजम् । तद्वाणीं च शतानन्दं ततो**

---

**પ્રદક્ષિણા મંત્ર :-** હે વર અને અભયદાન આપનારા ! હે દેવદેવેશ ! આપને હું નમસ્કાર કરૂં છું. હે પ્રભુ ! હે કૃષ્ણ! તમને પ્રદક્ષિણા કરવાથી સમગ્ર દેવતાઓને પ્રદક્ષિણા થઈ જાય છે. (૬૪)

**નમસ્કાર મંત્ર :-** પૃથ્વી ઉપર સર્વ જીવોના ઉદ્ધાર માટે પ્રગટેલા તેમજ સત્સંગિજીવન સ્વરૂપી શ્રીહરિ ! તમને હું પ્રણામ કરું છું. (૬૫)

**પ્રાર્થના મંત્રઃ-** પોતાનાં કર્મના પરિપાકથી હું ભવસાગરમાં ડૂબેલો છું. હે દેવેશ ! હે કરુણાના નિધિ! કૃપા કરી મારો ઉદ્ધાર કરો. (૬૬) હે જગત્પતિ! સત્સંગિજીવન સ્વરૂપે બિરાજતા આપ પ્રત્યક્ષ પુરુષોત્તમ છો. તમારે શરણે આવેલા મારા ઉપર કૃપા કરો. (૬૭) આ પ્રકારે સત્સંગિજીવન સ્વરૂપી શ્રીહરિનું પૂજન કરી ચંદન તેમજ પુષ્પ-હારાદિકથી પ્રીતિપૂર્વક વક્તાનું પૂજન કરવું. (૬૮)

**ગ્રંથરૂપ શ્રીહરિની પૂજા પ્રાર્થના કર્યા પછી વક્તાની પૂજા અને પ્રાર્થના :-** નવીન વસ્ત્ર તેમજ આભૂષણોથી પૂજન કરી દક્ષિણા આપી પૂર્વોક્ત મંત્રથી નમસ્કાર કરી પ્રાર્થના કરવી કે હે સુવ્રતમુનિ સ્વરૂપ ! હે બોધને જાણનારા ! હે સર્વશાસ્ત્રમાં વિશારદ ! આ કથાના પ્રકાશથી મારા અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરો. (૬૯/૭૦)

હે ભૂમિપતિ ! આ પ્રકારે વક્તાની પ્રાર્થના કરીને મુખ્ય યજમાન શ્રોતાએ અન્ય શ્રોતા વિપ્રોની યથા યોગ્ય પૂજા કરવી. ત્યારબાદ શ્રોતાજનોએ પોતાના નિયમમાં સાવધાન બની આ સત્શાસ્ત્રનું શ્રવણ કરવું. (૭૧) *ઈતિ શ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે તચ્છ્રવણવિશેષવિધ્યુક્તૌ તત્પૂજાવિધિનિરૂપણનામા તૃતીયોઽધ્યાયઃ ॥૩॥*

## અધ્યાય : ૪
## શાસ્ત્રશ્રવણનો વિશેષવિધિ - ૨

શતાનંદમુનિ કહે છે, હે રાજન્ ! શ્રોતાથી પૂજાયેલા વક્તાએ પ્રથમ મંગલાચરણ કરવું. મંગલાચરણમાં હર્ષપૂર્વક 'સદાનન્દામ્ભોધિઃ' એ આદિક અનુક્રમે ત્રણ શ્લોક (પ્રથમ પ્રકરણનાં પ્રથમ અધ્યાયમાં રહેલા) બોલવા. (૧)

**કથાના શુભારંભમાં મંગલાચરણના શ્લોકો :-** વક્તાએ શ્રીસ્વામિનારાયણ, નીલકંઠ, નારાયણ હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ તેમજ શ્રીકૃષ્ણ વગેરે નામોનું સ્મરણ કરી મારા હૃદયમાં સદા તમે બિરાજો એમ પ્રાર્થના કરવી. (૨) ત્યારબાદ વક્તાએ 'વૈરાગ્યવેગ' એ બે શ્લોકો (પ્રથમ પ્રકરણનાં બીજા અધ્યાયમાં રહેલા) બોલવા ને પુસ્તકને નમસ્કાર કરી આ પદ્યનો પાઠ કરવો કે હે દેવદેવેશ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભુ ! તમારામાં સ્વરૂપમાં મનને એકાગ્ર કરી હું આ કથાનું ગાન કરીશ તેનું તમે શ્રવણ કરો. (૩/૪) શ્રી ભક્તિધર્મના પુત્ર શ્રીસહજાનંદ સ્વામી, તેમની દિવ્ય ઉપદેશરૂપ વાણી તેમજ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

जयमुदीरयेत् ॥५॥ इति पद्ये पठित्वैव वाचयेत्स कथां बुधः । साधून्विप्रान्विलोक्यैव कुर्यादर्थं न योषितः ॥६॥ समाप्तिर्यस्य यस्यान्ते नाध्यायस्याथ सम्मताः । न तत्र तत्र विरमेदध्यायांस्तान्वदाम्यहम् ॥७॥ तत्र प्रकरणे त्वाद्ये द्वितीयः प्रथमस्तथा । तृतीयोऽष्टादशः षष्ठो निषिद्धा विरताविमे ॥८॥ एकत्रिंशस्त्रयस्त्रिंशः पञ्चत्रिंशत्तमस्तथा। अष्टत्रिंशो मताश्चैते निषिद्धा विरताविह ॥९॥ एकोनचत्वारिंशश्च चत्वारिंशत्तमस्तथा । द्विचत्वारिंश इत्येते निषिद्धा विरतौ मताः ॥१०॥ अध्यायः सप्तपञ्चाशस्त्रिपञ्चाशत्तमस्तथा । अध्यायौ विरतावेतौ द्वावप्यत्र निषेधितौ ॥११॥ द्वितीये च प्रकरणे प्रथमो नवमस्तथा । षष्ठो निषेधिताश्चैते विरतौ सम्मता नृप! ॥१२॥ एकादशस्तथाध्यायः षोडशश्च त्रयोदशः। त्रयोविंशश्चतुर्विंशो न मता विरताविमे ॥१३॥ अष्टत्रिंशत्तमः पञ्चचत्वारिंशत्तमस्तथा। त्रिंशत्तमस्तथाध्यायो निषिद्धा विरताविमे ॥१४॥ तृतीये च प्रकरणे नवमो दशमस्तथा । विरतौ षोडशः सप्तदशश्चैते न सम्मताः ॥१५॥ एकोनविंशतितमस्त्रयोविंशो न सम्मतः । एकत्रिंशत्तमोऽध्यायो द्वात्रिंशो विरताविमे ॥१६॥ चत्वारिंशस्त्रयस्त्रिंशो द्विचत्वारिंश ईरिताः । त्रिचत्वारिंश इत्येते निषिद्धा विरताविह ॥१७॥ षट्चत्वारिंशकः सप्तचत्वारिंशत्तमस्तथा । द्विपञ्चाशत्तमश्चैते विरतौ नहि सम्मताः ॥१८॥ अध्यायश्चाष्टपञ्चाशो द्विषष्टितम ईरिताः। त्रिषष्टितम इत्येते निषिद्धा विरतौ नृप ! ॥१९॥ आद्यः प्रकरणे तुर्ये पञ्चमो नवमोऽष्टमः । द्वाविंशो दशमो विंशो निषिद्धा विरताविमे ॥२०॥ चतुस्त्रिंशत्तमस्त्रिंशः षट्त्रिंशो विरताविमे । त्रिचत्वारिंशकश्चैकचत्वारिंशो न सम्मताः ॥२१॥ षट्चत्वारिंशकचतुश्चत्वारिंशत्तमौ तथा । चतुःपञ्चाश इत्येते निषिद्धा विरतौ मताः ॥२२॥ षट्पञ्चाशत्तमोऽध्यायः सप्तपञ्चाश इत्यमी । अध्यायश्चाष्टपञ्चाशो विरतौ नहि सम्मताः ॥२३॥ एकोनषष्टितमको द्विषष्टितम इत्यमी । षष्टितमश्च विरतावध्यायाः प्रतिषेधिताः ॥२४॥ चतुःषष्टितमश्चाथ त्रिषष्टितमको नृप! । निषिद्धौ विरतावेतावध्यायौ सम्मताविह ॥२५॥ पञ्चषष्टितमोऽध्यायो विरताविह भूपते ! । षट्षष्टितम इत्येतौ प्रतिषिद्धौ मतावुभौ ॥२६॥ अष्टषष्टितमोऽध्यायो नृपते ! विरताविह । अध्यायः सप्ततितम इत्युभौ सन्निषेधितौ ॥२७॥ द्वितीयः पञ्चमेऽध्यायः षष्ठः प्रकरणे तथा। तृतीयः सप्तमश्चैते विरतौ प्रतिषेधिताः ॥२८॥ त्रयोदशस्तथा विंशो विरतौ चैकविंशकः। प्रतिषिद्धास्तथा त्रिंशो द्वात्रिंश उदिता इमे ॥२९॥ अष्टत्रिंशस्तथाध्यायः पञ्चत्रिंशत्तमो मताः । निषिद्धा

---

શતાનંદમુનિને વંદન કરી જયઘોષ કરવો. (૫) આ પ્રમાણે પદ્યનો પાઠ કરી બુદ્ધિમાન વક્તાએ કથાનું વાંચન કરવું. સાધુ તેમજ વિપ્રને જોઈને જ કથા કરવી પરંતુ સ્ત્રીનાં મુખ સામે જોઈને અર્થ સમજાવવા પૂર્વક કથા કરવી નહિ. (૬)

**અધ્યાયને અંતે વિરામ નિષેધના નિયમો** :- જે જે અધ્યાયને અંતે સમાપ્તિ સંમત ન હોય તે તે અધ્યાયોએ વિરામ કરવો નહિ. તે અધ્યાયો હું તમને કહું છું. (૭)

**પ્રથમ પ્રકરણમાં** :- પ્રથમ પ્રકરણમાં પહેલો, બીજો, ત્રીજો, છઠ્ઠો, અઢારમો તથા એકત્રીસ, તેત્રીસ, પાંત્રીસ, સાડત્રીસ, ઓગણચાલીસ, ચાલીસ, બેતાલીસ, ત્રેપન, તેમજ સત્તાવનમો આટલા અધ્યાયો વિરામમાં નિષેધ માન્યા છે. (૮થી૧૧)

**દ્વિતીય પ્રકરણમાં** :- બીજા પ્રકરણમાં પહેલો, છઠ્ઠો, નવમો, અગિયારમો, સોળમો, ત્રેવીસમો, ચોવીસમો, ત્રીસમો, આડત્રીસમો તેમજ પીસ્તાલીશમો આટલા અધ્યાયો વિરામમાં નિષેધ માન્યા છે. (૧૨)

**તૃતીય પ્રકરણમાં** :- તૃતીય પ્રકરણમાં નવમો, દશમો, સોળમો, સત્તરમો, ઓગણીશમો, ત્રેવીસમો, એકત્રીસમો, બત્રીસમો, તેત્રીસમો, ચાલીસમો, બેતાલીસમો, તેતાલીસમો, છેતાલીસમો, સુડતાલીસમો, બાવનમો, અઠ્ઠાવનમો, બાસઠમો, તથા ત્રેસઠમો આટલા અધ્યાયો વિરામમાં નિષેધ માન્યા છે. (૧૩ થી ૧૯)

**ચતુર્થ પ્રકરણમાં** :- ચોથા પ્રકરણમાં પહેલો, પાંચમો, આઠમો, નવમો, દશમો, વીશમો, બાવીશમો, ત્રીસમો, ચોત્રીસમો, છત્રીશમો, એકતાલીસમો, તેતાલીસમો, ચુંમાલીસમો, છેતાલીસમો, ચોપનમો, છપ્પનમો, સત્તાવનમો, અઠ્ઠાવનમો, સાઠમો, બાસઠમો, ત્રેસઠમો, ચોસઠમો, પાંસઠમો, અડસઠમો, સીત્તેરમો : આ અધ્યાયો વિરામમાં માન્ય નથી. (૨૦ થી ૨૭)

**પંચમ પ્રકરણમાં** :- પંચમ પ્રકરણમાં બીજો, ત્રીજો, છઠ્ઠો, સાતમો, તેરમો, વીસમો, એકવીસમો, ત્રીસમો, બત્રીસમો, પાંત્રીસમો, આડત્રીસમો, બેતાલીસમો, તેતાલીસમો, સત્તાવનમો, ઓગણસાઠમો, સાઠમો, ચોસઠમો,



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विरतावेव द्विचत्वारिंश इत्यमी ॥३०॥ त्रिचत्वारिंश एकोनषष्टितम उदीरिताः । निषिद्धा सप्तपञ्चाशो विरतावित्यमी नृप !॥३१॥ षष्टितमस्तथाध्यायश्चतुःषष्टितमो मताः । षट्षष्टितम इत्येते विरतौ प्रतिषेधिताः ॥३२॥ एषामन्ते न विरतिः कार्यैतद्वाचकैः क्वचित् । नित्यैकाध्यायपाठानामप्येष विधिरिष्यते ॥३३॥ मुहूर्तं घटिकां वापि कथान्ते नामकीर्तनम्। कुर्यात्प्रतिदिनं विष्णोरुत्तरेदासनात्ततः ॥३४॥ पुनर्नत्वा स्वगुर्वादीन् गच्छेद्विद्वान्निजं गृहम् । कथासमाप्तिपर्यन्तं नित्यमेवं समाचरेत्॥३५॥ कथारम्भदिनाद्यावत्समाप्त्यन्यस्य नाहरेत्। अन्नं प्रतिग्रहं वापि पापभीरुः स पण्डितः ॥३६॥ न दद्युः स्वस्य पर्याप्तं श्रोतारः प्रत्यहं यदि । अन्नं तदा त्वन्यदत्तं गृह्णीयान्नात्र पातकम् ॥३७॥ सप्ताहे वा नवाहे वा पक्षपारायणे तथा । पारायणे च मासर्त्वोस्तस्यैष विधिरीरितः ॥३८॥ वातुलं नैव भुञ्जीत न कुर्याच्चातिभोजनम्। न रोगकृच्च शाकादि तैलं कटु च वर्जयेत् ॥३९॥ ब्रह्मचर्यमहिंसां च सत्यास्तेये च पालयेत् । कथाविघ्नकरं यत्तत्कर्म कुर्यान्न कर्हिचित् ॥४०॥ पूर्वोक्तलक्षणैर्युक्तः श्रोता पुस्तकवाचकौ । पूर्वोक्तेन विधानेन सम्पूज्य शृणुयात्कथाम् ॥४१॥ अनुष्णीषोऽप्रौढपादो न गच्छंश्च स्थलान्तरम् । पूगाद्यनश्नंश्च शुचिर्वाग्यतः शृणुयात्कथाम् ॥४२॥ वीरासनेनोपविशेन्न च पश्येदितस्ततः। वार्तां कुर्याच्च नान्योन्यं तदेकाग्रमना भवेत् ॥४३॥ संशये सति वक्तारं पृच्छेच्च शनकैर्नमन् । करपादादिचापल्यं श्रोता कुर्यान्न संसदि ॥४४॥ पालयेद्ब्रह्मचर्यादीन्नियमानुत्सवाहिके । तथा प्रकरणस्यान्ते शक्त्या दद्याच्च दक्षिणाम् ॥४५॥ एकैकस्मिन्प्रकरणे समाप्ते भोजयेद्द्विजान् । शक्तः श्रोता तु पञ्चाशदवरान् श्रद्धया नृप ! ॥४६॥ अशक्तोऽस्य समाप्तौ तु भोजयेत शतावरान्। तदिष्टभोजनैर्विप्रान् दक्षिणाभिश्च तोषयेत् ॥४७॥ कथाप्रारम्भदिवसे सम्पूज्यादौ गणाधिपम् ।

---

છાસઠમો, હે રાજન્ ! આ અધ્યાયો કથાની સમાપ્તિમાં નિષેધ મનાયેલા છે. ( ૨૮ થી ૩૨)

આ અધ્યાયોને અંતે વક્તાએ ક્યારેય કથાવિરામ કરવો નહિ. પ્રતિદિન એક એક અધ્યાયના પાઠ નિયમમાં પણ આજ વિધિ જાણવો. (૩૩) પ્રતિદિન કથાને અંતે મુહુર્ત પર્યંત કે ઘટિકા પર્યંત નામ સંકીર્તન કરી આસન પરથી નીચે ઊતરવું. (૩૪) વિદ્વાન વક્તાએ પોતાના પૂજ્ય ગુરુ આદિકને પ્રણામ કરી પોતાના ગૃહ પ્રત્યે પ્રયાણ કરવું. કથાની સમાપ્તિ પર્યંત પ્રતિદિન આ પ્રકારે કરવું. (૩૫)

**વક્તાને અન્ન પ્રતિગ્રહનો નિયમ :-** પાપથી ભય પામનાર પંડિત વક્તાએ કથાના પ્રારંભ દિવસથી આરંભી સમાપ્તિ પર્યંત બીજાનું અન્ન ગ્રહણ કરવું નહિ. તેમજ પ્રતિગ્રહ પણ ન કરવો. (૩૬) જો શ્રોતાઓ પ્રતિદિન પર્યાપ્ત અન્ન અર્પણ ન કરે, તો અન્ય થકી અન્ન ગ્રહણ કરવું તેમાં દોષ નથી. (૩૭) આ વિધિ સપ્તાહ, નવાહ્ન, પક્ષ, માસ અથવા ઋતુ પારાયણમાં સર્વત્ર સમાન જાણવો. (૩૮)

**વક્તાને ત્યાજ્ય ભોજન વિષે સાવધાની :-** વક્તાએ વાયુ થાય તેવો આહાર ન કરવો. અતિ ભોજન ન કરવું. રોગ કરનાર શાક વગેરેનું ભોજન ન કરવું. તેલ યુક્ત તેમજ કટુ અર્થાત્ તીખાશવાળા પદાર્થોનો ત્યાગ કરવો. (૩૯) કથાના સંપૂર્ણ સમય દરમ્યાન બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા અને ચોરી ન કરવી આવા નિયમોનું પાલન કરવું. વક્તાએ કથાવાચનમાં જેનાથી વિઘ્ન થાય એવી કોઈપણ ક્રિયા કયારેય કરવી નહિ. (૪૦) પૂર્વોક્ત લક્ષણેયુક્ત શ્રોતાજનોએ ગ્રંથ અને વક્તાનું પ્રતિદિન પૂર્વોક્ત વિધિથી પૂજન કરી કથાનું શ્રવણ કરવું. (૪૧)

માથે પાઘડી મૂકી કથા ન સાંભળવી. પગ ઉપર પગ ચઢાવીને કથા ન સાંભળવી. વચ્ચે વચ્ચે બીજા સ્થળ પ્રત્યે જતાં જતાં કથા ન સાંભળવી. સોપારી આદિક ચાવતા ચાવતા કથા ન સાંભળવી. તેમજ પવિત્રપણે વાણીને નિયમમાં રાખી કથાનું શ્રવણ કરવું. (૪૨) શ્રોતાજનોએ સભામાં વીરાસને બેસવું નહિ. ચારે બાજુ જોયા કરવું નહિ. કથા શ્રવણ સમયે પરસ્પર વાર્તા કરવી નહિ. પરંતુ એકાગ્ર મનથી કથાનું શ્રવણ કરવું. (૪૩)

શ્રોતાએ સભામાં હસ્ત પાદાદિ અવયવોની વૃથા ચેષ્ટા કરવી નહિ કથામાં સંશય થાય તો વિનયથી બે હાથ જોડી વક્તાને પ્રશ્ન કરવો. (૪૪) શ્રોતાએ બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરવુ. ઉત્સવના પ્રસંગમાં તેમજ પ્રકરણની સમાપ્તિમાં વકતાને શક્તિ અનુસાર દક્ષિણા આપવી. (૪૫) એક એક પ્રકરણની સમાપ્તિએ સમર્થ શ્રોતાએ પચાસથી ઓછા નહિ એટલા બ્રાહ્મણો શ્રદ્ધાથી જમાડવા. અશક્ત શ્રોતાએ ગ્રંથની સમાપ્તિમાં એકસો બ્રાહ્મણોને ઈષ્ટ અને મિષ્ટ ભોજનથી તૃપ્ત કરવા ને યથાશક્તિ દક્ષિણાદાનથી પ્રસન્ન કરવા. (૪૬/૪૭) કથાના પ્રારંભ દિવસે મુખ્ય શ્રોતાએ પ્રથમ ગણપતિનું પૂજન

ब्राह्मणान्वरयेन्मुख्यः श्रोता त्रीन् जपहेतवे ॥४८॥ सहस्त्रपञ्चकं नित्यं समाप्त्यवधि तैर्नृप ! । अष्टाक्षरो मनुर्जप्यो हरिप्रीत्यै दृढव्रतैः ॥४९॥ अन्नवस्त्राणि तेभ्योऽपि दद्यादन्ते च दक्षिणाम् । श्रोतृभ्यश्चापि विप्रेभ्यः शक्त्या दद्यादन्ते च दक्षिणाम् ॥५०॥ मलमूत्रजयार्थं च स्वल्पाहारः सुखावहः । हविष्यान्नेनैकभक्तं श्रोता कुर्यात्ततो नृप ! ॥५१॥ उपवासाः प्रकर्तव्याः सप्ताहे सप्तवासरान् । फलाहारमशक्तस्तु कुर्याद्वापि पयः पिबेत् ॥५२॥ अद्यान्निर्लवणं वान्नमेकभक्तं च वा चरेत् । सुखसाध्यं भवेद्यत्तत्कर्तव्यं श्रवणार्थिना ॥५३॥ भोजनं तु वरं मन्ये कथाश्रवणकारकम् । नोपवासो मतः श्रेष्ठः कथाविघ्नकरो यदि॥५४॥ समाप्तिदिवसे कार्या महापूजा यथाधनम् । सर्वेऽपि श्रावकाः कुर्युर्वक्तुः पूजां यथोचितम् ॥५५॥ नूत्नकौशेयवस्त्राणि कुण्डले कटकादि च । दद्याच्छ्रोताग्रिमो वक्त्रे स्वर्णमुद्राः स्वशक्तितः ॥५६॥ सत्यां तु धनसम्पतौ वित्तशाठ्यं न कर्हिचित् । स कुर्वीत यथाप्रोक्तफलावाप्तीच्छुरस्य हि ॥५७॥ अन्येऽपि शक्तितो दद्युर्वस्त्रालङ्कारदक्षिणाः। गृहस्थधर्मोपयिकं देयं यत् किञ्चिदेव वा ॥५८॥ स्वर्णमाषो रौप्यको वा दक्षिणोक्ता स्वशक्तितः । श्रोतॄणामल्पवित्तानां वक्त्रे देया पृथक् पृथक्॥५९॥ धेनुं प्रयत्नतो दद्यात्ततो वक्त्रे पयस्विनीम् । दशांशेनोक्तमन्त्रस्य होमं कुर्यात्ततः परम्॥६०॥ होमानुकूल्यं न स्याच्चेत्तन्निष्क्रयधनं पुमान् । दद्यात्तेनापि सम्पूर्णं फलं स्यान्नात्र संशयः ॥६२॥ विशेष इति ते प्रोक्तः सत्सङ्गिजीवनश्रुतौ। प्रागुक्तोऽपि च विधिर्ज्ञातव्योऽत्र त्वया नृप ! ॥६३॥ इत्थं विधानेन च शास्त्रमेतच्छृण्वन्ति ये भूमिपते ! नरास्ते । फलं पुरोक्तं सकलं लभन्ते स्वाभीष्टमत्रापि परत्र नूनम् ॥६४॥ इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तच्छ्रवणविशेषविध्युक्तौ विरतिनिषेधाध्यायसङ्ख्यानिरूपणनामा चतुर्थोऽध्यायः ॥४॥

---

કરી જપ કરવા ત્રણ વિપ્રોની વરણી કરવી. (૪૮) હે રાજન્ ! વરણી કરેલા વિપ્રોએ દૃઢ વ્રતનિષ્ઠ થઈ શ્રીહરિની પ્રસન્નતાર્થે પ્રતિદિન અષ્ટાક્ષરમંત્રનો પાંચહજારવાર જપ કરવો. (૪૯)

કથા સમાપ્તિમાં જપ કરનારા વિપ્રોને પણ યથાશક્તિ અન્ન, વસ્ત્ર અને દક્ષિણા આપવી તેમજ શ્રોતા વિપ્રોને પણ યથાશક્તિ દક્ષિણા આપવી. (૫૦) હે રાજન્ ! શ્રોતાએ મળમૂત્રના જય માટે અલ્પાહાર કરવો એ જ એને માટે સુખાવહ થાય છે તે માટે હવિષ્યાન્નથી એકવાર ભોજન કરવું. (૫૧)

**કથામાં ઉપયોગી સાત દિવસનાં ઉપવાસનો શ્રેષ્ઠ પક્ષ તેમજ વિકલ્પ :-** સપ્તાહ પારાયણમાં શ્રોતાએ સાત દિવસ સુધી ઉપવાસ કરવા. એટલા ઉપવાસ કરવા અશક્ત હોય તેમણે ફળાહાર કરવો. અથવા દૂધપાન કરવું. અથવા લવણ વિનાનું એક અન્ન ખાવું. અથવા એકવાર ભોજન કરવું. કથાનું શ્રવણ કરનારા શ્રોતાએ એમાંથી જે સુખ પૂર્વક થાય તેનું ગ્રહણ કરવું. (૫૨/૫૩) કથાના શ્રવણમાં ઉપકારક થાય તે ભોજનને હું શ્રેષ્ઠ માનું છું. પરંતુ કથામાં ઉપવાસ પણ જો વિઘ્ન કરનાર થતો હોય તો તેને હું શ્રેષ્ઠ માનતો નથી. (૫૪)

**પૂર્ણાહુતિમાં વક્તાનું પૂજન અને દાનનો વિધિ :-** કથા સમાપ્તિના દિવસે ધન સંપત્તિ અનુસાર યથાશક્તિ વક્તાની પૂજા કરવી. સર્વે શ્રોતાજનોએ પણ યથાયોગ્ય વક્તાનું પૂજન કરવું. (૫૫) મુખ્ય શ્રોતાએ વક્તાને નૂતન રેશમી વસ્ત્ર, કુંડળ, કડાં આદિક આભૂષણો અને સુવર્ણમુદ્રા યથાશક્તિ અર્પણ કરવી. (૫૬)

ધન સંપત્તિની અનુકૂળતા હોય તેમણે વિત્ત લોભ કયારેય ન કરવો. કથા નિમિત્તે ધન લોભ કરનારને કથા શ્રવણનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થતું નથી. (૫૭) અન્ય શ્રોતાઓએ પણ શક્તિ અનુસાર વસ્ત્ર, આભૂષણ તેમજ દક્ષિણા આપવી. ગૃહસ્થાશ્રમ ધર્મને ઉપયોગી જે કોઈ પદાર્થ હોય તે પણ આપવું. (૫૮) અલ્પ શક્તિ ધરાવતા શ્રોતાઓએ વક્તાને આપવા લાયક પોતાની શક્તિ અનુસાર માષપરિમિત સુવર્ણ અથવા રૂપાની દક્ષિણા કહેલી છે. (૫૯)

મુખ્ય શ્રોતાએ પુષ્કળ દૂધ આપતી ગાય પ્રયત્નપૂર્વક દક્ષિણામાં આપવી. ત્યારબાદ જપ કરેલા પૂર્વોક્ત મંત્રના દશાંશથી હોમ કરવો. (૬૦) ત્યારબાદ શ્રોતાએ દૂધપાક, ઘી તેમજ દ્રવ્યનો વ્યાહૃતિ મંત્રથી હોમ કરવો તેમજ વિધિ અનુસાર તલ અને વ્રીહિ દ્રવ્યથી હોમ કરવો. (૬૧) જો હોમની અનુકૂળતા ન હોય તો પુરુષે તેના મૂલ્ય જેટલું ધન આપવું. તેમ કરવાથી પણ હોમફળની સિદ્ધિ થાય છે એમાં સંશય નથી. (૬૨) હે રાજન્ ! સત્સંગિજીવનના શ્રવણમાં વિશેષવિધિ મેં આ પ્રકારે કહ્યો. પૂર્વે કહેલ વિધિ પણ આ કથા શ્રવણમાં તમારે જાણવો. (૬૩) હે પૃથ્વીપતિ ! જે મનુષ્યો આ વિધિથી ભક્તિપૂર્વક સત્સંગિજીવન ગ્રંથની કથાનું શ્રવણ કરે છે તેઓ આ લોક તેમજ પરલોકમાં પોતાને ઈચ્છિત પૂર્વોક્ત સમગ્ર ફળને પામે છે. તેમાં સંશય નથી. (૬૪) *ઈતિ શ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે તચ્છ્રવણવિશેષ-વિધ્યુક્તૌ વિરતિનિષેધાધ્યાયસંખ્યા-નિરૂપણનામા ચતુર્થોઽધ્યાયઃ ॥૪॥*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

राजोवाच-सप्ताहे च नवाहे च पक्षपारायणे तथा । मासपारायणे चापि ऋतुपारायणे मुने ! ॥१॥ ये त्वयाभिहिताः पूर्वमध्याया विरतौ मुने ! निषेधस्य विहायैतान्कार्यं पारायणं कथम् ॥२॥ वाच्याः कियन्तः सप्ताहे त्वध्यायाः प्रत्यहं मुने! पारायणे नवाहे च पक्षपारायणे तथा ॥३॥ मासपारायणे चापि ऋतुपारायणे तथा। वाचनीयाः कियन्तश्च कियन्तश्च महामुने! ॥४॥ एतद्वेदितुमिच्छामि त्वत्तः सर्वं यथार्थतः । यतस्त्वदन्यो नो वेत्ति ततस्त्वं ब्रूहि मे मुने ! ॥५॥ शतानन्दमुनिरुवाच-सप्ताहेन यदा कुर्यादेतत्पारायणं तदा । नरेन्द्र ! तुभ्यमध्यायनियमं कथयाम्यहम् ॥६॥ प्रथमे दिवसेऽध्यायाः षट्चत्वारिंशिदीरिताः। वाचनीया दिने पञ्चचत्वारिंशद्द्वितीयके ॥७॥ तृतीयेऽह्नि च ते वाच्याः षट्चत्वारिंशिदीरिताः । अध्यायाश्च दिने पञ्चचत्वारिंशत्तुरीयके ॥८॥ पञ्चमे च दिने पञ्चचत्वारिंशदुदीरिताः । वाच्या : षष्ठेऽह्नि तावन्तः पारायणविधायिभिः ॥९॥ सप्तचत्वारिंशदुक्ता दिने वाच्याश्च सप्तमे । प्रोक्तो मयेति सप्ताहेऽध्यायानां वाचनक्रम : ॥१०॥ कुर्वीतास्य नवाहेन यदा पारायणं तदा । अध्यायनियमं राजंस्तुभ्यं शुश्रूषवे ब्रुवे ॥११॥ षट्त्रिंशत्प्रथमेऽध्याया दिने वाच्याः समीरिताः । द्वितीयेऽह्नि च तावन्तः पञ्चत्रिंशत्तृतीयके ॥१२॥ पञ्चत्रिंशद्दिने तुर्ये चतुस्त्रिंशच्च पञ्चमे । पञ्चत्रिंशच्च षट्त्रिंशद्वाच्याः षष्ठे च सप्तमे ॥१३॥ वाचनीयतयाऽध्यायाः पञ्चत्रिंशद्दिनेऽष्टमे । नवमे दिवसे सप्तत्रिंशदेव समीरिताः ॥१४॥ पक्षेण विदधीतास्य यदा पारायणं तदा । नियमं वाचनीयानामध्यायानामहं ब्रुवे ॥१५॥ एकविंशतिरध्याया वाच्याः प्रथमवासरे । द्वाविंशतिर्द्वितीयेऽह्नि तृतीये चैकविंशतिः ॥१६॥ तुर्ये द्वाविंशतिः प्रोक्ताः पञ्चमे चैकविंशतिः । षष्ठेऽह्नि विंशतिर्वाच्याः सप्तमे द्वौ च विंशतिः ॥१७॥ अष्टमे दिवसेऽध्याया द्वाविंशतिरुदीरिताः। नवमे वासरेऽध्याया वाचनीयाश्च विंशतिः ॥१८॥ दशमे विंशतिः प्रोक्ता वाच्यास्त्वेकादशे दिने । अध्याया विंशतिर्भूप !

---

## અધ્યાય : ૫

## સત્સંગિજીવનની પારાયણવિધિ

હેમંતસિંહ રાજા કહે છે, હે મુનિ ! સપ્તાહ, નવાહ્ન, પક્ષ, માસ તેમજ બે માસ પારાયણમાં પ્રતિદિન કથા વિરામમાં જે અધ્યાયો વર્જ્ય કહ્યા તેનો ત્યાગ કરી પારાયણ કેવી રીતે કરવું ? (૧/૨) હે મહામુનિ ! સપ્તાહ, નવાહ્ન, પક્ષ, માસ તેમજ બે માસ પારાયણમાં કેટલા કેટલા અધ્યાયો પ્રતિદિન વાંચવા. એ હું તમારા થકી યથાર્થ જાણવા ઈચ્છું છું. કારણ કે તમારા સિવાય બીજા કોઈ પણ એને જાણતા નથી. માટે તમે જ મને કહી સંભળાવો. (૩ થી ૫) શતાનંદસ્વામી કહે છે, હે રાજન્! જ્યારે આ ગ્રંથની સપ્તાહ પારાયણ કરે ત્યારે પ્રતિદિન વાંચવાના અધ્યાયોનો નિયમ હું તમને કહું છું. (૬)

**સપ્તાહ પારાયણમાં પ્રતિદિન વાંચવાના અધ્યાયો :-** પ્રથમ દિવસે છેંતાળીશ, બીજે દિવસે પિસ્તાળીશ, ત્રીજે દિવસે છેંતાળીશ, ચોથે દિવસે પિસ્તાળીશ, પાંચમે દિવસે પિસ્તાળીશ, છઠ્ઠે દિવસે પિસ્તાળીશ, સાતમે દિવસે સુડતાળીશ અધ્યાયોનું પારાયણ કરનારા મનુષ્યે વાંચન કરવું. આ પ્રમાણે સપ્તાહ પારાયણનો ક્રમ સમજવો. (૭ થી ૧૦)

**નવાહ્ન પારાયણમાં :-** હે રાજન્ ! જ્યારે નવાહ્ન પારાયણ કરવું હોય ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ સાંભળવા ઈચ્છતા તમને હું કહું છું. (૧૧) પ્રથમ દિવસે છત્રીશ, બીજા દિવસે છત્રીશ, ત્રીજા દિવસે પાંત્રીશ, ચોથા દિવસે પણ પાંત્રીશ, પાંચમા દિવસે ચોત્રીશ, છઠ્ઠા દિવસે પાંત્રીશ, સાતમા દિવસે છત્રીશ, આઠમા દિવસે પાંત્રીસ તેમજ નવમા દિવસે સાડત્રીશ અધ્યાયોનું પારાયણ કરનારે વાંચન કરવું. (૧૨થી ૧૪)

**પક્ષ પારાયણમાં :-** હે રાજન્ ! જ્યારે પક્ષ પારાયણ કરવું હોય ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ હું તમને જણાવું છું. (૧૫) પ્રથમ દિવસે એકવીશ, બીજે દિવસે બાવીશ, ત્રીજે દિવસે એકવીશ, ચોથે દિવસે બાવીશ, પાંચમા દિવસે એકવીશ, છઠ્ઠે દિવસે વીશ, સાતમા દિવસે બાવીશ, આઠમા દિવસે બાવીશ, નવમા દિવસે વીશ, દશમા દિવસે વીશ, અગિયારમા દિવસે વીશ, બારમા દિવસે બાવીશ, તેરમા દિવસે એકવીસ, ચૌદમા દિવસે બાવીસ તેમજ પંદરમા દિવસે ત્રેવીશ અધ્યાયોનું પારાયણ કરનારાએ વાંચન કરવું. (૧૬ થી ૨૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

पारायणविधानकैः ॥१९॥ द्वाविंशतिर्द्वादशेऽह्नि संप्रोक्ताश्च त्रयोदशे । एकविंशतिरध्याया वाचनीयास्तु वासरे ॥२०॥ चतुर्दशे दिनेऽध्याया द्वाविंशतिरुदीरिताः । त्रयोविंशतिरेवोक्ता वाच्याः पञ्चदशे दिने ॥२१॥ विदधीतास्य मासेन पारायणमनुत्तमम् । यदा तदा ब्रुवेऽध्यायनियमं च यथाक्रमम् ॥२२॥ आद्येऽह्न्येकादश प्रोक्तास्तावन्तश्च द्वितीयके । तृतीये च दिनेऽध्याया वाचनीयास्तथा दश ॥२३॥ तुर्येऽह्न्येकादश प्रोक्ता वाचनीयाश्च पञ्चमे। तावन्तश्च तथा षष्ठे वाच्यास्तावन्त एव हि ॥२४॥ सप्तमे द्वादश प्रोक्ता दश चाष्टमवासरे । द्वादशैव दिने वाच्या नवमे दशमे दश ॥२५॥ एकादशे दिनेऽध्याया वाच्याश्चैकादश स्मृताः । द्वादशे प्रोक्ता दश चाह्नि त्रयोदशे ॥२६॥ एकादश दिनेऽध्याया वाचनीयाश्चतुर्दशे । दश पञ्चदशे वाच्यास्तावन्तः षोडशे दिने ॥२७॥ दश सप्तदशे प्रोक्ता वाच्याश्चाष्टादशे दिने । एकादशैव तावन्तो दिने चैकोनविंशके ॥२८॥ दश विंशे दिने चैकविंशके दश कीर्तिताः । द्वाविंशे च त्रयोविंशे द्वादश द्वादश स्मृताः ॥२९॥ चतुर्विंशे दश प्रोक्ताः पञ्चविंशे दिने नव । अध्याया वाचनीयास्तु पारायणविधायिभिः ॥३०॥ षड्विंशके दश प्रोक्ताः सप्तविंशे च वासरे । एकादश ततो वाच्या दशाष्टाविंशके दिने ॥३१॥ एकोनत्रिंशकेऽध्याया वाच्यास्त्वेकादशोदिताः। नवैव दिवसे त्रिंशे पारायणपरायणैः ॥३२॥ ऋतुना विदधीतास्य यदा पारायणं तदा । नियमं वाचनीयानामध्यायानामहं ब्रुवे ॥३३॥ आद्यद्वितीययोः पञ्च तृतीये पञ्च तुर्यके । पञ्चमे च षडध्याया वाच्याः षष्ठे च षड् दिने ॥३४॥ सप्तमे दिवसे पञ्च षडेवोक्ता दिनेऽष्टमे । दिवसे नवमेऽध्यायाः पञ्चैव दशमे च षट् ॥३५॥ एकादशेऽह्नि पञ्चोक्ता वाच्याश्च द्वादशे तथा । त्रयोदशे षडध्याया दिने पञ्च चतुर्दशे ॥३६॥ पञ्च पञ्चदशेऽध्याया वाच्याः षट् चाह्नि षोडशे। पञ्च सप्तदशे प्रोक्तास्तावन्तोऽष्टादशे दिने ॥३७॥ एकोनविंशके विंशे दिवसे च षडीरिताः। एकविंशे दिने पञ्च प्रोक्ता द्वाविंशके च षट् ॥३८॥ त्रयोविंशे षडेवोक्ताश्चतुर्विंशे च वासरे । पञ्च वाच्यातयाऽध्याया अह्नि षट् पञ्चविंशके ॥३९॥ पञ्च षड्विंशके प्रोक्तास्तावन्तः सप्तविंशके। अष्टाविंशे दिनेऽध्याया वाच्यास्तावन्त ईरिताः ॥४०॥ एकोनत्रिंशकेऽध्याया वाचनीयाः षडीरिताः । त्रिंशे च दिवसे पञ्च प्रोक्ताः पारायणे नृप ! ॥४१॥ एकत्रिंशेऽह्नि पञ्चोक्ताः पञ्च द्वात्रिंशके तथा । त्रयस्त्रिंशे षडध्यायाश्चतुस्त्रिंशे च पञ्च वै ॥४२॥ पञ्चत्रिंशके च पञ्चोक्ताः पञ्च षट्त्रिंशके तथा । सप्तत्रिंशे च षड्वाच्याः पञ्चाष्टत्रिंशके दिने ॥४३॥ अध्यायाः पञ्च चैकोनचत्वारिंशत्तमे दिने । चत्वारिंशत्तमे वाच्यास्तथा पञ्च प्रकीर्तिताः ॥४४॥ चत्वारो दिवसे चैकचत्वारिंशत्तमे मताः । द्विचत्वारिंशके वाच्याः षडध्यायाः समीरिताः ॥४५॥

**માસ પારાયણમાં :-** આ ગ્રંથનું જ્યારે અતિશ્રેષ્ઠ માસપારાયણ કરવું હોય ત્યારે દિવસોનાં ક્રમ પ્રમાણે અધ્યાયોનો નિયમ હું તમને જણાવું છું. (૨૨) પ્રથમ દિવસે અગિયાર, બીજા દિવસે અગિયાર, ત્રીજા દિવસે દશ, ચોથા દિવસે અગિયાર, પાંચમાં દિવસે અગિયાર, છઠ્ઠા દિવસે અગિયાર, સાતમા દિવસે બાર, આઠમા દિવસે દશ, નવમા દિવસે બાર, દશમા દિવસે દશ, અગિયારમા દિવસે અગિયાર, બારમા દિવસે બાર, તેરમા દિવસે દશ, ચૌદમા દિવસે અગિયાર, પંદરમા દિવસે દશ, સોળમા દિવસે દશ, સત્તરમા દિવસે દશ, અઢારમા દિવસે અગિયાર, ઓગણીસમા દિવસે અગિયાર, વીસમા દિવસે દશ, એકવીસમા દિવસે દશ, બાવીસમા દિવસે બાર, ત્રેવીસમા દિવસે બાર, ચોવીસમા દિવસે દશ, પચીસમા દિવસે નવ, છવીશમા દિવસે દશ, સત્તાવીશમા દિવસે અગિયાર, અઠ્ઠાવીશમા દિવસે દશ, ઓગણત્રીશમા દિવસે અગિયાર તેમજ ત્રીશમા દિવસે નવ અધ્યાયોનું પારાયણ કરનારે વાંચન કરવું. (૨૩ થી ૩૨)

**બે માસ પારાયણમાં :-** જ્યારે બે માસ પર્યંત પારાયણ કરવું હોય ત્યારે પ્રતિદિન વાંચવાના અધ્યાયોનો નિયમ હું કહું છું. (૩૩)

પ્રથમ, બીજા, ત્રીજા તેમજ ચોથા દિવસે પાંચ પાંચ, પાંચમા દિવસે છ, છઠ્ઠા દિવસે છ, સાતમા દિવસે પાંચ, આઠમા દિવસે છ, નવમા દિવસે પાંચ, દશમા દિવસે છ, અગિયારમા દિવસે પાંચ, બારમા દિવસે પાંચ, તેરમા દિવસે છ, ચૌદમા દિવસે પાંચ, પંદરમા દિવસે પાંચ, સોળમા દિવસે છ, સત્તરમા દિવસે પાંચ, અઢારમા દિવસે પાંચ, ઓગણીશમા દિવસે છ, વીશમા દિવસે છ, એકવીશમા દિવસે પાંચ, બાવીશમા દિવસે છ, ત્રેવીશમા દિવસે છ, ચોવીશમા દિવસે પાંચ, પચીશમા દિવસે છ, છવીશમા દિવસે પાંચ, સત્તાવીશમા દિવસે પાંચ, અઠ્ઠાવીશમા દિવસે પાંચ, ઓગણત્રીશમા દિવસે છ, ત્રીશમા દિવસે પાંચ, એકત્રીશમા દિવસે પાંચ, બત્રીશમા દિવસે પાંચ, તેત્રીશમા દિવસે છ, ચોત્રીશ, પાંત્રીસ ને છત્રીશમા દિવસે પાંચ પાંચ, સાડત્રીશમા દિવસે છ, આડત્રીશમા દિવસે પાંચ, ઓગણ ચાળીશમા દિવસે પાંચ, ચાલીસમા દિવસે પાંચ, એકતાલીશમા દિવસે ચાર, બેતાલીશમા દિવસે છ, (૩૪-૪૫) તેમજ છેતાલીશ, સુડતાલીશ, અડતાલીશ, ઓગણપચાસ, પચાસ, એકાવન,

त्रिचत्वारिंशकेऽध्याया पञ्च एव हि वासरे। चतुश्चत्वारिंशकेऽष्टौ वाचनीयाः प्रकीर्तिताः ॥४६॥ षडेव दिवसे पञ्चचत्वारिंशत्तमे मताः । षट्चत्वारिंशकेऽध्याया वाच्याः पञ्च समीरिताः ॥४७॥ पञ्चाध्याया दिने सप्तचत्वारिंशत्तमे मताः । वाच्याः पञ्च तथा चाष्टचत्वारिंशत्तमे दिने ॥४८॥ वाच्यास्त्वेकोनपञ्चाशे पञ्चाध्याया दिने तथा । पञ्चाशे च तथा चैकपञ्चाशे पञ्च पञ्च च ॥४९॥ वाचनीया द्विपञ्चाशे त्रिपञ्चाशत्तमे तथा । चतुःपञ्चाशकेऽध्यायाः पञ्च पञ्च च पञ्च च ॥५०॥ पञ्चपञ्चाशकेऽध्याया वाच्याः पञ्च समीरिताः । षट्पञ्चाशत्तमे पञ्च सप्तपञ्चाशके च षट् ॥५१॥ वाचनीया दिने चाष्टपञ्चाशत्तम ईरिताः। षडध्याया महीपाल! पारायणपरैर्द्विजैः ॥५२॥ दिने चत्वार एकोनषष्टितम उदीरिताः । वाचनीयाः किलाध्यायाः पञ्च षष्टितमे दिने ॥५३॥ पारायणेषु सप्ताहप्रमुखेष्वित्थमादितः। वाचनीयाध्यायसङ्ख्या कथिता ते नृपोत्तम ! ॥५४॥ अध्याया विरतौ ये तु निषिद्धा अवसानकम्। तेषां विहाय सङ्ख्यैषा ज्ञेया राजंस्त्वया स्फुटम् ॥५५॥ पक्षपारायणे पक्षो ज्ञेयः पञ्चदशाहिकः । मासपारायणे मासस्त्रिंशत्ता दिवसैस्तथा ॥५६॥ इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे पारायणविधिनिरूपणे पञ्चमोऽध्यायः ॥५॥

शतानन्द उवाच-सत्सङ्गिजीवनस्यात्र पुरश्चर्यां तु ये नराः। कुर्वन्ति ते लभन्ते वै चतुर्वर्गफलं नृप ! ॥१॥ राजोवाच- पुरश्चर्याविधिं त्वस्य श्रोतुमिच्छाम्यहं मुने ! । त्वत्तस्तं कृपया ब्रूहि मह्यं शुश्रूषवेऽनघ ! ॥२॥ शतानन्द उवाच-पूर्वं तुभ्यं मयोक्ता ये कालाः शुभफलप्रदाः । पुरश्चर्यासमारम्भः कर्तव्यस्तेषु भूपते! ॥३॥ शुभे मुहूर्ते वरयेत्पूर्वोक्तैर्वक्तृलक्षणैः। सम्पन्नान्ब्राह्मणान् राजन् ! षट् नव द्वादशापि वा ॥४॥ श्वेतानि नित्यधार्याणि तेभ्यो वस्त्राणि चोर्मिकाः। हैमीर्दद्याच्चासनानि जलपात्राणि कम्बलान् ॥५॥ शुश्रूषायां नियुञ्जीत तेषामन्यान्द्विजांस्ततः । उष्णोदकं च पाकादि कुर्युस्ते चाङ्गमर्दनम् ॥६॥ देवालये प्रसिद्धे वा पुण्येक्षेत्रे पुरातने । पुरश्चरणस्यारम्भः कर्तव्यो हरिमन्दिरे ॥७॥ स्थापयित्वा वाथ हैमीं श्रीकृष्णप्रतिमां गृहे । कुर्युः पारायणं विप्रा यथानियतमन्वहम् ॥८॥

---

બાવન, ત્રેપન, ચોપન, પંચાવન તેમજ છપ્પનમા દિવસે પાંચ પાંચ, સત્તાવનમા દિવસે છ, અઠ્ઠાવનમા દિવસે છ, ઓગણસાઠમા દિવસે ચાર તેમજ સાઠમા દિવસે પાંચ અધ્યાયોનું પારાયણ કરનાર વિપ્રે વાંચન કરવું. (૪૬ - ૫૩)

હે શ્રેષ્ઠ રાજન્ ! આ પ્રકારે સપ્તાહ આદિક પારાયણોમાં વાંચવાના અધ્યાયોની સંખ્યાનો નિયમ પ્રથમ તમને કહ્યો. (૫૪)

જે અધ્યાયો કથાના વિરામમાં નિષેધ કર્યા તે અધ્યાયે વિરામ કર્યા સિવાય આ સંખ્યા તમારે સ્પષ્ટપણે જાણવી. (૫૫) પક્ષ પારાયણમાં પંદર દિવસનો પક્ષ જાણવો તેમજ માસ પારાયણમાં ત્રીશ દિવસનો માસ જાણવો. (૫૬)

*ઈતિ શ્રીસત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે પારાયણવિધિનિરૂપણે પંચમોઽધ્યાયઃ ॥૫॥*

## અધ્યાય : ૬

## સત્સંગિજીવન આદિક શાસ્ત્રોનો પુરશ્ચરણ વિધિ

**શતાનંદ સ્વામી કહે છે,** હે રાજન્ ! આ ધરતી ઉપર જે મનુષ્યો સત્સંગિજીવન સત્શાસ્ત્રનું પુરશ્ચરણ કરે છે તેઓ ચારે પુરુષાર્થનું ફળ નિશ્ચય પામે છે. (૧) હેમંતસિંહ રાજા કહે છે, હે નિર્દોષ મુને ! આ ગ્રંથના પુરશ્ચરણનો વિધિ હું તમારી પાસેથી સાંભળવા ઈચ્છું છું. એ વિધિનું શ્રવણ કરવાની મારા અંતરમાં ઈચ્છા વર્તે છે તો આપ એ વિધિનું મને શ્રવણ કરાવો. (૨) શતાનંદસ્વામી કહે છે, હે રાજન્ ! શુભ ફળને આપનાર જે સમય મેં તમને કહ્યા તે સર્વકાળમાં પુરશ્ચરણનો પ્રારંભ કરવો. (૩) પ્રથમ શુભ મુહૂર્તમાં પૂર્વોક્ત વક્તાના લક્ષણથી સંપન્ન બાર અથવા નવ બ્રાહ્મણોનું વરણ કરવું. (૪) વરણી કરેલા વિપ્રોને નિત્ય ધારણ કરવામાં ઉપયોગી શ્વેત વસ્ત્રો, સુવર્ણની વીંટીઓ, આસનો, જળપાત્રો તેમજ ધાબળાઓ અર્પણ કરવા. (૫) વરણી કરેલા વિપ્રની સેવામાં બીજા બ્રાહ્મણોની નિયુક્તિ કરવી. એ વિપ્રોએ ગરમ જળ તથા રસોઈ વગેરે સમયે સમયે તૈયાર કરવું તેમજ તૈલાદિકથી તેમનું અંગમર્દન કરવું. (૬) પુણ્યક્ષેત્ર, પ્રસિદ્ધ દેવાલય અથવા પુરાતન મંદિરમાં પુરશ્ચરણનો પ્રારંભ કરવો. (૭) યજમાનના ઘરમાં જ સુવર્ણમયી શ્રીકૃષ્ણ પ્રતિમાનું વિધિ અનુસાર સ્થાપન કરી પ્રતિદિન નિયમ અનુસાર વિપ્રોએ પારાયણ કરવી. (૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अष्टाधिकशतेनैव पुरश्चरणमीरितम् । पारायणानां नृपते ! सत्सङ्गिजीवनस्य हि ॥९॥ सप्ताहेनात्र कर्तव्यं नृप ! पारायणं वृतैः। द्विजैरेकैकमेवं हि कुर्युः सर्वाण्यनुक्रमात् ॥१०॥ पूर्वोक्ताध्यायपूर्तौ च कार्यैव विरतिश्च तैः । स्पष्टाक्षरं वाचनीयं भाषणीयं न केनचित् ॥११॥ न वृतैर्ब्राह्मणैर्ग्राह्या दक्षिणा यस्य कस्यचित् । न चान्यवस्त्राद्यपि वा ग्रहीतव्यं कदाचन ॥१२॥ एकैकस्मिंश्च सप्ताहे समाप्ते सति दक्षिणाम् । स्वर्णमुद्रात्रयं दद्यादेकैकस्मै पृथक् पृथक् ॥१३॥ नियतानां संहितानां पाठान्ते वाऽखिला अपि । एकीकृत्यैव दद्यात्ता दक्षिणास्तु पृथक् पृथक् ॥१४॥ स्वर्णमुद्रात्रयं दातुमसमर्थस्तु पूरुषः । दद्यात्तदर्धं विप्रेभ्यस्तदर्धं वाल्पवित्तवान् ॥१५॥ कनिष्ठां दक्षिणां दातुमपि शक्तो न यो भवेत् । स विप्रान् श्रमयेन्नैव कुर्यादन्यत्स्वशक्तितः ॥१६॥ पुरश्चरणकर्ताथ दिने यस्मिन् द्विजोत्तमान् । वृणुयात्तद्दिने चासावष्टाक्षरजपाय च ॥१७॥ पूर्ववद्वृणुयाद्विप्रान् जपस्य च दशांशतः । होमं कुर्याद्ब्राह्मणांश्च भोजयेत्तद्दशांशतः ॥१८॥ शक्तो ग्रन्थस्य चैतस्य पुरश्चरणकारकः । ग्रन्थेनानेन जुहुयात्पायसान्नघृतादिभिः ॥१९॥ प्रतिश्लोकं प्रत्युवाचं प्रतीतिश्रि तदा नृप !। मृग्याऽसौ मुद्रया होमं कारयेत्क्रमतः सुधीः ॥२०॥ अशक्तो नामभिः सर्वमङ्गलस्तोत्रकीर्तितैः । श्रीहरेः कारयेन्मन्त्रैर्होमद्रव्यैः पुरोदितैः॥२१॥ होमं कर्तुमशक्तस्तु द्वादशैव विधापयेत् । पारायणानि होमार्थं तैरेव ब्राह्मणैर्वृतः ॥२२॥ पुरश्चर्यारम्भदिनात्समाप्तिदिवसावधि । पालनीयं ब्रह्मचर्यं विप्रैः सयजमानकैः ॥२३॥ यथोक्तं तु फलं न स्यादन्यथेत्यस्ति निश्चयः । तस्मिंस्तु पालिते सर्वे सिध्यन्त्येव मनोरथाः ॥२४॥ अस्य प्रसङ्गतः शिक्षापत्र्या अष्टाक्षरस्य च । सर्वमङ्गलकस्तोत्रजनमङ्गलयोरपि ॥२५॥ विष्णोर्नामसहस्रस्य श्रीनारायणवर्मणः। षोडशाक्षरमन्त्रस्य हरिप्रियहनूमतः ॥२६॥ तथा स्कन्दपुराणस्य श्रीविष्णुखण्डगामिनः । ग्रन्थस्य श्रीवासुदेवमाहात्म्याख्यस्य भूपते ! ॥२७॥

**સત્સંગિજીવનના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** હે રાજન્ ! સત્સંગિજીવનનાં એકસો આઠ પારાયણ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. (૯) વરણી કરેલા વિપ્રોએ એક સપ્તાહમાં એક પારાયણ કરવું. એ અનુક્રમથી સમસ્ત પારાયણો કરવા. (૧૦) પારાયણ કરનાર વિપ્રોએ પૂર્વોક્ત પ્રકારે જ અધ્યાયનો વિરામ કરવો, સ્પષ્ટ અક્ષરથી વાંચવું તેમજ કોઈની સાથે ભાષણ ન કરવું. (૧૧)

વરણી કરેલા વિપ્રોએ જેની તેની દક્ષિણા ગ્રહણ કરવી નહિ. યજમાન સિવાય અન્યનું અન્ન-વસ્ત્રાદિ પણ ક્યારેય ગ્રહણ કરવું નહિ. (૧૨) એક એક સપ્તાહ સમાપ્ત થાય તે દિવસે પ્રત્યેક પારાયણ કરનાર વિપ્રને પૃથક્ પૃથક્ ત્રણ સુવર્ણમુદ્રાની દક્ષિણા આપવી અથવા નિયત સંહિતા પાઠને અંતે સમગ્ર દક્ષિણા એક સાથે પૃથક્ પૃથક્ આપવી. (૧૩/૧૪) દરેક વિપ્રોને ત્રણ ત્રણ સુવર્ણમુદ્રા આપવા અસમર્થ પુરુષે તેની અર્ધી દક્ષિણા આપવી. તેમાં પણ અલ્પ ધનવાળા પુરુષે તેની અર્ધી દક્ષિણા આપવી. (૧૫) જે કોઈ કનિષ્ઠ દક્ષિણા આપવામાં પણ અસમર્થ હોય તેમણે વિપ્રોને વૃથા શ્રમ ન કરાવવો. પરંતુ આના સિવાય અન્ય સત્કર્મ યથાશક્તિ કરવું. (૧૬)

પુરશ્ચરણકર્તા યજમાન જે દિવસ પારાયણને અર્થે વિપ્રોની વરણી કરે તે જ દિવસે અષ્ટાક્ષર મંત્રના જપને અર્થે બાર, નવ અથવા છ વિપ્રોની વરણી કરવી. જપના દશાંશ ભાગથી હોમ કરવો. હોમના દશાંશથી બ્રાહ્મણોને જમાડવા. (૧૭/૧૮) આ ગ્રંથનું પુરશ્ચરણ કરનાર યજમાન જો શક્તિશાળી હોય તો તેમણે આ સત્સંગિજીવન ગ્રંથના પ્રત્યેક શ્લોક બોલીને ઘી-દૂધપાક વગેરે હવિષ્યાન્નથી હોમ કરવો. (૧૯) હે રાજન્ ! ગ્રંથમાં પ્રતિશ્લોક હોમ કરવો. તેમજ ''शतानन्द उवाच'' આદિ જેમાં છે અને ''प्रत्युवाच'' અંતે જેમાં છે એવા વાક્યથી હોમ કરવો. તેમજ અધ્યાયને અંતે ઇતિશ્રી ઈત્યાદિ વાક્ય આવે છે તેનાથી પણ હોમ કરવો. આ હોમ મૃગીમુદ્રાથી ગ્રહણ કરેલા અન્નાદિકથી અનુક્રમે કરવો. (૨૦) આ પ્રમાણે કરવા અશક્ત યજમાને સર્વમંગલ સ્તોત્રમાં કહેલા શ્રીહરિનાં નામમંત્રથી પૂર્વોક્ત હોમદ્રવ્યથી હોમ કરવો.(૨૧)

હોમ કરવા અશક્ત હોય તેમણે હોમના ફળની સિદ્ધિ માટે બાર પારાયણ એ જ બ્રાહ્મણો પાસે કરાવવી. (૨૨) પુરશ્ચરણના પ્રારંભ દિવસથી સમાપ્તિ પર્યંત યજમાન અને વરણી કરેલા વિપ્રોએ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. (૨૩) આ વ્રતનો ભંગ થાય તો શાસ્ત્રોક્ત ફળની સિદ્ધિ ન થાય. બ્રહ્મચર્યાદિ નિયમોનું યથાર્થ પાલન કરવાથી જ સર્વ મનોરથની સિદ્ધિ થાય છે. (૨૪)

હે રાજન્ ! સત્સંગિજીવન પુરશ્ચરણના પ્રસંગથી અષ્ટાક્ષરમંત્ર, શિક્ષાપત્રી, સર્વમંગલસ્તોત્ર, જનમંગલસ્તોત્ર, વિષ્ણુ સહસ્રનામ, શ્રીનારાયણ કવચ, શ્રીહરિને પ્રિય હનુમાનજીનો ષોડશાક્ષરમંત્ર અને સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં અંતર્ગત શ્રી વાસુદેવ માહાત્મ્યનું પુરશ્ચરણ આ બધા પુરશ્ચરણો હરિભક્ત મનુષ્યોને ચાર પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ તત્કાળ આપનારા છે. તેથી તેનો વિધિ સંક્ષેપથી હું તમને કહું છું. (૨૫થી૨૮)

पुरश्चर्याविधिं तुभ्यं समासेन ब्रुवे नृप ! चतुर्वर्गस्य सिद्ध्यर्थे हरिभक्तनृणां द्रुतम् ।।२८।। तत्र पाठसहस्रेण शिक्षापत्र्या उदीरिता । पुरश्चर्या महीपाल ! सर्वेष्टफलदायिका ।।२९।। तद्दशांशेन जुहुयात्प्रतिश्लोकं यथाविधि । आहुतीनां शते द्वे च सहस्राण्येकविंशतिम् ।।३०।। होमानुकूल्याभावे तु पाठा ज्ञेया दशांशतः । सर्वत्रैष विधिर्ज्ञेयः पुरश्चरणकर्मणि ।।३१।। श्रीकृष्णाष्टाक्षरमनोः पुरश्चरणमीरितम् । अष्टलक्षजपेनैव होमस्तु तद्दशांशतः ।।३२।। पुरश्चर्या भवेत्सर्वमङ्गलस्तोत्रकस्य तु। साशीत्येकसहस्रेण पाठानामिष्टदायिनी ।।३३।। एकलक्षाधिकेनाष्टसहस्रेण दशांशतः । हरेर्नाम्नां तदुक्तानां होमो ज्ञेयो यथाविधि ।।३४।। जनमङ्गलकस्य स्यात्पाठानामयुतेन तु । पुरश्चरणमिष्टार्थदायकं नृपसत्तम ! ।।३५।। तदुक्तानां हरेर्नाम्नामेकलक्षेण भूपते! । होमस्त्वष्टसहस्रेण विज्ञेयस्तद्दशांशतः ।।३६।। विष्णोर्नामसहस्रस्य पुरश्चरणमीरितम् । सर्वमङ्गलरीत्यैव होमं तन्नामभिश्चरेत् ।।३७।। श्रीमद्भागवतोक्तस्य श्रीनारायणवर्मणः । सहस्रेण तु पाठानां पुरश्चरणमीरितम् ।।३८।। हरिर्विदध्यादित्याद्या विदिक्ष्वन्तास्तु तस्य ये । श्लोका विंशतिसङ्ख्याकाः सम्यग्रक्षाविधायकाः ।।३९।। तैरेवैकैकयाहुत्या प्रतिश्लोकं दशांशतः । होमं कुर्याद्विधानेन सहस्रद्वयसङ्ख्यया ।।४०।। सत्सङ्गिजीवनप्रोक्तस्तोत्रादुद्धारितस्य तु । षोडशाक्षरमन्त्रस्य भयभञ्जनमारुतेः ।।४१।। चतुर्लक्षजपेनैव पुरश्चरणमीरितम् । मन्त्रेणानेन राजेन्द्र ! होमं कुर्याद्दशांशतः ।।४२।।

**શિક્ષાપત્રીના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** હે મહીપાલ ! શિક્ષાપત્રીના એક હજાર પાઠ કરવાથી પુરશ્ચરણ થાય છે. આ પુરશ્ચરણ મન વાંછિત સર્વ ફળને આપનારું છે. (૨૯) શિક્ષાપત્રી પુરશ્ચરણના દશાંશથી પ્રતિ શ્લોકે વિધિ અનુસાર હોમ કરવો. પ્રતિશ્લોક હોમ કરતાં એકવીસ હજાર ને બસો આહુતિઓ થાય. (૩૦) હોમની અનુકૂળતા ન હોય તો પુરશ્ચરણમાં જેટલા પાઠો કરવાના કહ્યા છે તેના દશાંશથી પાઠો કરવા. આ વિધિ સર્વ પુરશ્ચરણ કર્મમાં જાણવો. (૩૧)

**શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના પુરશ્ચરણમાં આઠ લાખ મંત્રજપ કરવાના કહ્યા છે. તેના દશાંશથી હોમ કરવો. (૩૨)

**સર્વમંગલ સ્તોત્રના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** સર્વમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ એક હજાર ને એંશી પાઠ કરવાથી પૂર્ણ થાય. આ પુરશ્ચરણ ઈચ્છિત ફળને આપનાર છે. (૩૩) સર્વમંગલ સ્તોત્રમાં કહેલ એક લાખ આઠ હજાર શ્રીહરિના નામોથી દશાંશ હોમ જાણવો તેમજ આટલાં નામોથી વિધિ અનુસાર હોમ કરવો. (૩૪)

**જનમંગલ સ્તોત્રના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** હે શ્રેષ્ઠ રાજન્ ! જનમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ દશ હજાર પાઠ કરવાથી પરિપૂર્ણ થાય છે. આ પુરશ્ચરણ ઈચ્છિત ફળને આપનારું છે. (૩૫) હે રાજન્ ! જનમંગલમાં કહેલ એક લાખ ને આઠ હજાર નામથી દશાંશ હોમ કરવાનો જાણવો. (૩૬)

**વિષ્ણુસહસ્રનામ સ્તોત્રના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ "સર્વમંગલ" નામના સ્તોત્રનાં પુરશ્ચરણ સમાન જ જાણવું. તેમજ હોમ વિષ્ણુસહસ્રનામમંત્રથી કરવો. (૩૭)

**નારાયણકવચના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** શ્રીમદ્ ભાગવતમાં રહેલ શ્રીનારાયણકવચનું પુરશ્ચરણ હજાર પાઠ કરવાથી સંપૂર્ણ થાય છે. તેમાં 'हरिर्विदध्यात्' આ શ્લોક આદિ અને 'विदिक्षु' આ શ્લોક અંતમાં છે એવા વીશ શ્લોકો રક્ષા કરનારા જાણવા. એ જ શ્લોકથી એક એક શ્લોક પ્રત્યે એક એક આહુતિના અનુક્રમથી બે હજાર સંખ્યાથી યથાવિધિ દશાંશ હોમ કરવો. (૩૮થી૪૦)

**શ્રી હનુમત્ ષોડશાક્ષર મંત્રના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** હે રાજેન્દ્ર ! સત્સંગિજીવનમાં કહેલા સ્તોત્રમાંથી ઉદ્ધૃત કરેલા ષોડશ-અક્ષરાત્મક ભયભંજન મારુતિના ચાર લાખ મંત્રજપ કરવાથી તેનું પુરશ્ચરણ જાણવું, હે રાજેન્દ્ર ! તેના દશાંશથી આ મંત્ર વડે હોમ કરવો. (૪૧/૪૨)

**श्री वासुदेवमाहात्म्यपुरश्चर्या शतेन तु । सार्धेनोक्ता च पाठानां होमोऽपि तद्दशांशतः ।।४३।। इति सङ्क्षेपतः प्रोक्तः पुरश्चर्याविधिर्मया । सत्सङ्गिजीवनादेस्तु भुक्तिमुक्तिफलप्रदः ।।४४।।** इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे पुरश्चर्याविधिनिरूपणनामा षष्ठोऽध्यायः ।।६।।

शतानन्द उवाच-**सत्सङ्गिजीवनग्रन्थदानं कुर्वन्ति ये जनाः । लभन्ते ते सुखं राजन्निहामुत्र च वाञ्छितम् ।।१।।** राजोवाच-**ग्रन्थस्यास्य मुने ! त्वत्तः दानविधिं त्वहम् । इच्छामि ब्रूहि मह्यं तं सर्वज्ञस्त्वं यतोऽस्यतः ।।२।।** शतानन्दमुनिरुवाच-**सत्सङ्गिजीवनस्यास्य विधिं दानस्य वच्मि ते । सम्पूर्णं स्यात्फलं येन भुवि तद्दानकारिणाम् ।।३।। मधोस्तु शुक्लनवमी शुक्लैकादशिका तथा । पूर्णिमा कार्तिकी मुख्यः कालो दानस्य कीर्तितः ।।४।। पौर्णमास्योऽथवा सर्वा एकादश्योऽखिला अपि । कालाः सङ्कीर्तितास्त्वस्य व्रतोत्सवदिनान्यपि ।।५।। पुस्तकं लेखयेदादौ सत्सङ्गिजीवनस्य तु । दृढपत्रं स्पष्टवर्णमसम्मिश्रितपङ्क्ति च ।।६।। नवीनं शोधयित्वा तन्नूत्नैः फलकवेष्टनैः । निबध्य स्थापनीयं लक्षणं तस्य ते ब्रुवे ।।७।। पञ्च प्रकरणान्येव सन्ति यस्य शतत्रयम् । एकोनविंशत्यधिकमध्यायाः सन्ति यस्य च ।।८।। सहस्राणि सप्तदश श्लोकास्तु षट्शतानि च । अनुष्टुप्सङ्ख्यया सप्तविंशतिर्यस्य सन्ति हि ।।९।। आदिमध्यावसानेषु धर्मवैराग्ययोस्तथा ।**

---

**શ્રી વાસુદેવ માહાત્મ્યના પુરશ્ચરણની નિયત સંખ્યા :-** શ્રીવાસુદેવ માહાત્મ્યનું પુરશ્ચરણ દોઢસો પાઠથી પૂર્ણ થાય છે. તેમાં પણ તેના દશાંશ ભાગથી હોમ જાણવો. (૪૩) હે રાજન્ ! આ પ્રકારે સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોના પુરશ્ચરણનો પ્રકાર મેં તમને સંક્ષેપથી કહ્યો. આ પુરશ્ચરણ ભુક્તિ અને મુક્તિ રૂપ ફળ આપનાર છે. (૪૪)

*ઈતિ શ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે પુરશ્ચર્યાવિધિનિરૂપણનામા ષષ્ઠોઽધ્યાયઃ ।।૬।।*

## અધ્યાય : ૭

## સત્સંગિજીવન-શાસ્ત્ર દાનનો વિધિ

**શતાનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! જે મનુષ્યો આ 'સત્સંગિજીવન' શાસ્ત્રનું દાન કરે છે. તે ભક્તજનો આ લોક અને પરલોકમાં ઈચ્છિત સુખને પામે છે. (૧)

હેમન્તસિંહરાજા પૂછે છે : હે સ્વામી ! 'સત્સંગિજીવન' શાસ્ત્રનું દાન આપવાનું આપે કહ્યું, તો તે દાન આપવાની વિધિમાં કેવી રીતે દાન આપવું, કેટલું દાન આપવું, કોને આપવું વગેરે રીતિ મારે સાંભળવાની ઈચ્છા છે; તો તમે મને કહો, કારણ કે તમે સર્વજ્ઞ છો. (૨)

**શ્રી સત્સંગિજીવનગ્રંથના દાનનો વિધિ :-** શતાનંદ મુનિ કહે છે કે હે રાજન્! 'સત્સંગિજીવન'ના દાનનો વિધિ હું તમને કહું છું; જે વિધિથી દાન કરવાથી દાન આપનારને આ લોકમાં સંપૂર્ણ ફળ મળે છે. (૩)

**ગ્રંથનું દાન કરવાનો સમય :-** ચૈત્ર શુકલ નવમી (હરિજયંતી) તથા ચૈત્ર શુકલ એકાદશી તથા કાર્તિક માસની પૂનમ આ તિથિઓ 'સત્સંગિજીવન' શાસ્ત્રના દાનને માટે શ્રેષ્ઠ છે. (૪)

અથવા બધા મહિનાની પૂનમો, બધા મહિનાની એકાદશી તથા વ્રત અને ઉત્સવનાં પર્વો : આ સમયમાં પણ 'સત્સંગિજીવન'નું દાન કરવું તે શ્રેષ્ઠ છે. (૫)

સર્વ પ્રથમ તો સારા કાગળો ઉપર સુંદર અક્ષરોથી જુદી જુદી લાઈનો વાંચી શકાય એ રીતે સારા લેખક લહિયા પાસે 'સત્સંગિજીવન' શાસ્ત્ર લખાવવું. (૬)

નવા લખેલા એ પુસ્તકનું વિદ્વાન પાસે સંશોધન કરાવી નવા પાટિયાથી તથા નવાં વસ્ત્રોથી બાંધીને રાખવું અને તે કેવી રીતે લખાવવું તે કહું છું. (૭)

**શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રનું સ્વરૂપ અને લક્ષણ :-** આ સત્સંગિજીવનનાં પાંચ પ્રકરણો છે; ત્રણસો ઓગણીશ અધ્યાયો છે. અનુષ્ટુપ સંખ્યાથી શ્લોકની ગણતરી કરીએ તો સત્તર હજાર છસો સત્તાવીશ શ્લોકો આ શાસ્ત્રના છે. (૮)

આ સત્સંગિજીવનમાં શરૂઆતમાં, વચ્ચે વચ્ચે તથા અંતમાં ઉપસંહારમાં પણ સર્વત્ર ધર્મ સંબંધી, વૈરાગ્ય સંબંધી તથા જ્ઞાનને લગતાં નાનાં નાનાં સુંદર આખ્યાનોથી ભરપૂર છે. આ સત્સંગિજીવન વિષે તાત્પર્ય સ્વરૂપે પ્રગટ શ્રીહરિકૃષ્ણ

ज्ञानभक्त्योरुपाख्यानैः सम्भृतं यच्च सर्वथा ॥१०॥ हरिलीलाकथाव्रातामृतानन्दितसत्सुरम्। हरिकृष्णपरं यद्वै सत्सङ्गिजीवनं हि तत् ॥११॥ चतुरङ्गे महावस्त्रे सौवर्णाष्टदलाम्बुजे । स्थापयेद्दानदिवसे सत्सङ्गिजीवनं नृप ! ॥१२॥ पलत्रयोन्मितं कुर्यात्सौवर्णाष्टदलाम्बुजम्। पुमानत्यल्पवित्तस्तु पलार्धप्रमितं तु तत् ॥१३॥ ततः पूर्वोदितैर्मन्त्रैर्गीतवाद्यपुरःसरम्। उपचारैर्यथालब्धैः पूजयेत्तदुदारधीः ॥१४॥ ततः प्रतिग्रहीतारं पूजयेद्ब्राह्मणं नरः । सत्सङ्गिजीवनस्निग्धं हरेर्भक्तं जितेन्द्रियम् ॥१५॥ वस्त्रैर्नवीनैः कौशेयैः स्वर्णमुक्तादिभूषणैः । गन्धपुष्पोपहारैस्तं सम्पूज्य प्रणमेत्पुमान् ॥१६॥ निषीदेत्प्राङ्मुखो दाता ग्रहीतोदङ्मुखस्तथा । सङ्कल्प्य दद्यात्तदथो मन्त्रानेतानुदीरयन् ॥१७॥ अनेककोटिजन्मोत्थं कृष्णभक्त्यन्तरायकृत् । दुरितं नाशमायातु दानेनानेन मेऽखिलम् ॥१८॥ सत्सङ्गिजीवनं दिव्यं शास्त्रं निगमसम्मितम् । ददामि विप्रवर्याय श्रीहरिस्तेन तुष्यतु ॥१९॥ मास्तु कृष्णवियोगो मे मा वियोगोऽस्तु तत्सताम् । दानेनानेन सुप्रीतो हरिर्दत्तां मदीप्सितम् ॥२०॥ इत्युच्चार्य स तद्दत्वा ततो दद्याच्च दक्षिणाम् । शक्तस्तु श्रद्धया युक्तो रौप्यमुद्राः शतावराः ॥२१॥ अशक्तस्तु यथाशक्ति दद्याच्छाठ्यविवर्जितः । दक्षिणायाश्चानुरूपं भोजयेद्ब्राह्मणांस्ततः ॥२२॥ यो दद्याद्विधिनैतेन सत्सङ्गिजीवनं पुमान् । स भास्वता विमानेन गोलोकं प्रतिपद्यते ॥२३॥

---

પુરૂષોત્તમ સહજાનંદ સ્વામીનું નિરૂપણ કરવામાં આવેલ છે. તેથી પ્રગટ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના લીલાચરિત્રરૂપી અમૃતથી આનંદિત થનાર સાધુઓ રૂપી દેવોને આનંદ આપનાર આ શાસ્ત્ર છે. (૧૦-૧૧)

**ગ્રંથનું દાન કરવાના દિવસે શું કરવું ? :-** હે રાજન્ ! દાન કરવાને દિવસે એક સુંદર બાજોઠ મૂકી તે ઉપર ચોખંડું સુંદર વસ્ત્ર પાથરવું. તેની ઉપર સોનાના પતરામાં અષ્ટદળ કમળ કરાવી તે કમળવાળું સુર્વણપત્ર તે બાજોઠ ઉપર મૂકવું. (૧૨)

તે સોનાનું અષ્ટદળ કમળનું પતરું તે ત્રણ આની ભાર સોનાથી કરવું અથવા એટલી શક્તિ ન હોય તો અર્ધી આની વજનના સોનાથી તે પતરું બનાવવું. (૧૩)

આટલું કાર્ય કર્યા પછી ઉદાર બુદ્ધિવાળા દાતાએ પહેલાં કહેલા મંત્રો અને વિધિથી સત્સંગિજીવન પુસ્તકનું પૂજન કરવું. તે પૂજનમાં સમય પ્રમાણે જે પૂજનદ્રવ્યથી; મંગળ ગીત તથા વાજિંત્રો વગાડીને ઉત્સવપૂર્વક પૂજન કરવું. (૧૪)

દાન કરનાર યજમાને જિતેન્દ્રિય, વિદ્વાન, ભગવદ્ભક્ત સત્સંગિજીવનરૂપ ભગવત્ ચરિત્રમાં અતિ સ્નેહવાળા એવા બ્રાહ્મણની નવીન રેશમી વસ્ત્રોથી સોનાના તેમજ મણિ, મોતી વગેરે યુક્ત ઘરેણાંથી તથા ચંદન પુષ્પહાર વગેરેથી પૂજા કરવી અને પ્રણામ કરવા. (૧૫-૧૬)

પછી દાન કરનારાએ પૂર્વમુખે બેસવું અને દાન લેનારાએ ઉત્તરમુખે બેસવું. પછી દાનનો સંકલ્પ કરવો અને આ કહેલા મંત્રો બોલવા પૂર્વક ગ્રંથનું દાન કરવું. (૧૭)

**દાન આપવા સમય બોલવાના મંત્રો :-** મારાં અનેક કોટીક જન્મથી સંચિત થયેલાં અને ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનારાં એવાં મારાં સમગ્ર પાપો આ સત્સંગિજીવનના દાનના પ્રભાવથી નાશ પામો. (૧૮)

વેદની સમાન નિર્દોષ આ દિવ્ય સત્સંગિજીવનશાસ્ત્રનું આ શ્રેષ્ઠ બ્રાહ્મણને હું દાન કરું છું. આ દાનથી શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૯)

આ શાસ્ત્રનું દાન કરવાથી મને ભગવાન શ્રીહરિનો સાનિધ્યયોગ તથા તેમના સંતોનો સંગ કાયમ રહો. કોઈ દિવસ તેનો મારે વિયોગ ન થાય. તેમજ શ્રીહરિ મારી સર્વે ઈચ્છાઓ પૂરી કરો. (૨૦)

આ પ્રમાણે બોલીને સત્સંગિજીવનનું દાન કરવું અને સો રૂપિયા દક્ષિણા આપવી અથવા પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી. આ કાર્યમાં લોભ કરવો નહિ. દક્ષિણાને અનુરૂપ બ્રાહ્મણોને જમાડવા. (૨૧-૨૨)

**ગ્રંથના દાનનું ફળ :-** જે માનવી કહેલ આ વિધિ પ્રમાણે સત્સંગિજીવનનું દાન કરે છે તે પ્રકાશમાન દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં જાય છે. (૨૩)

मनोभिवाञ्छितांस्तत्र भोगान् प्राप्नोति सर्वशः । नाप्राप्यं विद्यते किञ्चित्तस्य कृष्णप्रसादतः ॥२४॥ अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । शास्त्रस्यैतस्य दानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥२५॥ इति दानविधिर्मयोदितोऽस्य नृपते ! शास्त्रवरस्य शास्त्रदृष्टः । यमिहाचरतां न कापि वाञ्छा भुवि चामुत्र च शिष्यते दुरापा ॥२६॥ इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तद्दानविधिनिरूपणनामा सप्तमोऽध्यायः ॥७॥

शतानन्दमुनेरर्थ्यं वचः पीयूषसन्निभम् । इति श्रुत्वा महानन्दो विनीतस्तं जगाद सः ॥१॥ राजोवाच-मुने ! मयि त्वयोदारो दययाऽनुग्रहः कृतः । एतद्ग्रन्थस्य माहात्म्यं ज्ञातं मेऽञ्जस्त्वदुक्तिभिः ॥२॥ प्रतिभातीति मच्चित्ते श्रवणादस्य निश्चितम् । धर्मार्थकाममोक्षाणां प्राप्तिः स्यान्मुनिसत्तम ! ॥३॥ श्रुत्वैनं योऽभवत्सिद्धिं पुरुषार्थस्य सर्वशः । आपन्नोऽद्य तु तद्वार्तां श्रोतुमिच्छाम्यहं मुने ! ॥४॥ स तस्येत्थं मनोहारि प्राणिश्रेयस्करं वचः । श्रुत्वा तदुत्तरं प्रीतः प्रवक्तुमुपचक्रमे ॥५॥ तस्मिन् क्षणे महाश्चर्यमित्यासीत्सदसि ध्रुवम् । यदालोक्याखिलाः सभ्या लेभिरे परमां मुदम् ॥६॥ आसीद्देशान्तरायातस्तत्र कश्चन वाडवः । सभायामास्थितः शान्तो विनीतोऽविदिताभिधः ॥७॥ स प्रणम्य शतानन्दं प्राप्तानन्दभरान्तरः । पुलकाञ्चितदेहस्तं प्राह गद्गदया गिरा ॥८॥

આવું દાન કરનાર ભક્તના સર્વ મનોરથ ભગવાનની કૃપાથી પૂરા થાય છે; આ ભક્ત ભગવાનના ધામમાં દિવ્ય વૈભવોના સુખને અનુભવે છે; તેને દરેક વસ્તુ સુલભ થાય છે. અપ્રાપ્ય કાંઈ રહેતું નથી. (૨૪)

આ શાસ્ત્રનું દાન કરવાથી પુત્ર વિનાનો માણસ પુત્ર પામે છે, દરિદ્ર માણસ ધનવાન થાય છે, વિદ્યાર્થી વિદ્યા મેળવી વિદ્વાન થાય છે. (૨૫)

હે રાજન્! આ રીતે શાસ્ત્રોમાં શ્રેષ્ઠ આ સત્સંગિજીવનના દાનનો વિધિ શાસ્ત્રને અનુસારે મેં તમને કહ્યો. આ વિધિ પ્રમાણે દાન કરવાથી માણસને આ લોકમાં કોઈ પણ ઈચ્છાઓ અધૂરી રહેતી નથી તેમ જ પરલોકમાં પણ સર્વ સુખો મેળવે છે. (૨૬)

*ઈતિશ્રી સત્સંગિજીવનમાહાત્મ્યે શતાનન્દહેમન્તસિંહસંવાદે તદ્દાનવિધિનિરૂપણનામા સપ્તમોऽધ્યાયઃ ॥૭॥*

## અધ્યાય : ૮

## સત્સંગિજીવનના શ્રવણથી કલ્યાણજી વિપ્રને ભગવદ્દર્શન

**સભામાં આશ્ચર્યકારી અજાણ્યા વિપ્રની અનુભવ ગાથા** :- સર્વ ઈચ્છાઓને પૂરી કરનાર એવું અમૃત તુલ્ય શતાનંદમુનિનું વાક્ય સાંભળીને હેમંતસિંહ અતિ આનંદ પામ્યા અને તે મુનિને વિનયપૂર્વક આ પ્રમાણે કહ્યું. (૧)

રાજા કહે છે કે હે સ્વામી ! તમે મારી ઉપર કૃપા કરી મોટો ઉપકાર કર્યો છે કારણ કે તમારા વચનથી આ શાસ્ત્રનું માહાત્મ્ય મેં યથાર્થ જાણ્યું. (૨)

હે મુનિશ્રેષ્ઠ શતાનંદ સ્વામી ! મને મનમાં ચોક્કસ નિશ્ચય થયો છે કે આ શાસ્ત્રશ્રવણથી મનુષ્યને ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિ થાય જ છે. (૩)

હે સ્વામી ! આ શાસ્ત્ર સાંભળી જે કોઈ જિજ્ઞાસુ, મુમુક્ષુ પોતાના સર્વ પુરુષાર્થની સિદ્ધિ પામ્યો હોય તેવા પુરુષની વાર્તા આજે મને સંભળાવો; મારે તે સાંભળવાની ઈચ્છા છે. (૪)

શતાનંદ મુનિએ આ રીતનુ સર્વ જીવોનું શ્રેય કરનારું તે રાજાનું મનોહર વચન સાંભળીને બહુ રાજી થયા અને તે પ્રશ્નનો ઉત્તર આપવાની શરૂઆત કરી. (૫)

મુનિએ વાત શરૂ કરી એજ સમયે સભામાં આશ્ચર્યકારી એક મહાન પ્રસંગ બન્યો કે જેને જોઈને સભાસદો આશ્ચર્ય સહિત અતિ હર્ષ પામ્યા. (૬)

શતાનંદ મુનિ વાત કરે છે એ વખતે દૂર દેશમાં રહેનાર, તીર્થ કરતાં કરતાં ગઢપુરમાં આવેલ કોઈ અજાણ્યો બ્રાહ્મણ શાંતિ અને વિનયપૂર્વક સભામાંથી ઊઠીને શતાનંદ મુનિને પ્રણામ કરીને ગદ્‌ગદ કંઠથી રોમાંચિત થઈને હર્ષથી ભરપૂર હૃદયવાળો તે બ્રાહ્મણ આનંદથી શતાનંદ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૭-૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कृतार्थोऽहं कृतो नूनं त्वया करुणया मुने !। कालव्यालमहाग्रासत्राससंसारमोचितः ॥९॥ दुश्चरैर्मत्कृतैः पूर्वं ध्वस्तं यन्नैव साधनैः। तन्मे दुःखं त्वया ग्रन्थं संश्राव्यैव क्षतं मुने ! ॥१०॥ एतच्छ्रुत्वा मुने ! भक्तौ जातं धर्मान्निजेच्छया । पश्यामि श्रीहरिं साक्षात्प्राकृतैर्वर्जितं गुणैः ॥११॥ उदारौदार्यसौन्दर्यसौकुमार्यमहोदधिम् । मन्दहासविलासास्यं रमणीयगुणार्णवम् ॥१२॥ सत्सङ्गिभिश्च मुनिभिः पूजितं पूर्णभावतः। सद्गन्धपुष्पमालाद्यैरुपहारैर्मनोहरैः ॥१३॥ प्रफुल्लेन्दीवर-श्रेणिश्यामकोमलविग्रहम्। मनोहरं शरत्ताराश्वेतसारतराम्बरम् ॥१४॥ रम्यहास्यामृतस्राविशारदेन्दुवराननम् । प्रफुल्लनवपाथोजच्छदशालिविलोचनम् ॥१५॥ करुणामृतसम्पूर्णपारिप्लवनिरीक्षणम् । आजानुलम्बिसद्बाहुं समविस्तीर्णवक्षसम् ॥१६॥ चञ्चन्नखमणिश्रेणिमृदुलाङ्गुलिमण्डितम् । वितर्जितस्थलाम्भोजद्युतिहस्ततलद्वयम् ॥१७॥ चित्रवर्णमणिस्वर्णकाञ्चीभूषणसत्कटिम् । चट्चटध्वानसंराजद्रूप्यपादुकपत्कजम् ॥१८॥ कर्णमण्डल-विभ्राजत्मकराकृतिकुण्डलम् । सुवर्णरत्नकेयूरं विस्फुरद्वलयोर्मिकम् ॥१९॥ तापनीयसुमञ्जीरसञ्जिताङ्घ्रिसरोरुहम् । कम्बुकण्ठलसन्मुक्तासारहारविराजितम् ॥२०॥ चाम्पेयकुन्दमन्दारस्थलपद्मादिहारिणम् । सुमनःशेखरं माल्यकर्णपूरमनोहरम् ॥२१॥ उदारामोदलोलालिप्रगीतललितस्रजम् । दधानं रुचिरे पाणौ स्वर्णयष्टिं मनोहराम् ॥२२॥ विचलत्कुण्डलोल्ला-

હે મુનિ ! દયા કરી મને ખરેખર કૃતાર્થ કર્યો છે કારણ કે કાળરૂપી મહાન સર્પના મુખના કોળિયારૂપ આ સંસારના ત્રાસથી હું છૂટ્યો છું. (૯)

હે સ્વામી ! વિવિધ શાસ્ત્રોમાં કહેલાં, વિવિધ વ્રતો, નિયમો કે જે કઠિનમાં કઠિન હોય તે બધાં મેં સંસારમાંથી છૂટવા માટે કર્યાં છતાં પણ મારાં દુઃખો દૂર ન થયાં પરંતુ તમે આ સત્સંગિજીવનશાસ્ત્ર મને સંભળાવી મારાં તમામ દુઃખો નાશ કર્યાં છે. (૧૦)

એટલું જ નહિ પરંતુ આ લોકમાં સ્વેચ્છાથી ભક્તિધર્મથી પ્રગટ થયેલા, માયિક ગુણોથી રહિત દિવ્ય ભગવાન શ્રીહરિને હું પ્રગટ પ્રમાણ જોઉં છું. (૧૧)

હે મુને ! એ ભગવાનનાં દિવ્ય દર્શન મને આ રીતે થયાં. અતિ ઉદાર સ્વભાવવાળા, અતિ સૌન્દર્યવાળા તેમજ અતિશય સૌકુમાર્યના સમુદ્રરૂપ, મંદ હાસ્યની લાક્ષણિકતા યુક્ત મુખવાળા, સદ્‌ગુણના સાગર, સુગંધી ચંદન પુષ્પહાર વગેરે મનપસંદ પદાર્થોથી હરિભક્તો તથા સંતોએ પૂરા ભાવથી પૂજેલા, હારબંધ ખીલેલાં સુંવાળાં શ્યામ કમળોની જેમ શોભતા નખશિખા પર્યન્ત શોભાયમાન શરીરવાળા, મનોહર દિવ્ય અવયવોવાળા, શરદ ઋતુના નિર્મળ તારાઓ જેવાં સ્વચ્છ શ્વેત વસ્ત્રો ધારણ કરનાર, શરદઋતુના પૂર્ણ ચંદ્ર સમાન મુખથી સુંદર મંદ હાસ્યરૂપી અમૃતરસને વરસાવતા, નવીન ખીલેલા કમળપત્ર સમાન શોભતા નયનવાળા દયારૂપી અમૃતરસથી ભરપૂર દૃષ્ટિથી ભક્તજનોને જોનારા, જાનુપર્યન્ત લાંબા સુંદર હાથવાળા, વિશાળ અને સરખી છાતીવાળા એ ભગવાનના હાથની આંગળીઓ નખરૂપી મણિઓની પ્રભા વડે શોભે છે. તે આંગળીઓ મુલાયમ છે. બન્ને હાથની હથેળીઓ એવી તો સુંદર લાલ ગુલાબી કાંતિવાળી છે કે જેની શોભાની આગળ ગુલાબની શોભા અને કાન્તિ પણ ઝાંખી થઈ જાય : આવા શ્રીહરિને હું દિવ્યરૂપે પ્રગટ પ્રમાણ નીરખું છું. (૧૨-૧૭)

હવે એ ભગવાને જે ઘરેણાં પહેર્યાં છે તે કહે છે :- એ ભગવાને હીરામાણેક વગેરે નંગ જડિત સોનાનો કંદોરો કેડમાં ધારણ કર્યો છે; એ ભગવાનને પોતાના ચરણકમળમાં ચટ ચટ શબ્દને કરતી રૂપાની પાદુકા શોભે છે, એમના હાથમાં રત્નજડિત સુવર્ણના બાજુબંધ તથા કડાં શોભે છે, એમના બંને હાથની આંગળીઓમાં વેઢ અને વીંટી ઝબકારા મારે છે, એ ભગવાનનાં બંને ચરણમાં ઘૂઘરીઓથી શબ્દ કરતા સોનાનાં નૂપુર (ઝાંઝર) શોભે છે. શંખ જેમ સુંદર રેખાઓથી શોભે તેમ એ ભગવાનનો કંઠ શંખની સમાન શોભે છે અને તે કંઠમાં સોનાના તથા મોતીના હારો તથા ચંપાના, મોગરાના, ડોલર તથા ગુલાબ વગેરે સુગંધી પુષ્પોના હારો શોભે છે. એમના કાન ઉપર ઝુકી રહેલાં સુગંધી ફૂલોના લાંબા તોરાઓ અને ગુચ્છો શોભે છે. અતિશય સુગંધમાં આસક્ત અને વિવિધ સુગંધ લેવા માટે ચંચળ ભમરાઓ પુષ્પમાળામાં ચારેકોર સુંદર ગુંજારવ કરી રહ્યા છે. આવી દિવ્ય ફૂલમાળાઓને ધારણ કરનાર સુંદર હસ્તકમળમાં સોનાની સુંદર સોટી ધારણ કરનાર, ચંચળ કુંડળના પ્રકાશથી એમના બંને ગાલ સુંદર ચળકે છે. સુંદર વાંકી ભ્રુકુટિવાળા, સુંદર રક્ત અધરોષ્ઠવાળા, તલના પુષ્પ સમાન નાસિકાવાળા એ ભગવાનને હું પ્રત્યક્ષ દેખું છું. (૧૮-૨૩)

**सिकपोलयुगलश्रियम् । वक्रभ्रुवं सुबिम्बोष्ठं तिलप्रसवनासिकम् ।।२३।। ईदृशश्रीहरिप्रेक्षापुरुनिर्वृतमानसः अद्यापं जन्मसाफल्यं कृतार्थोऽस्मि ध्रुवं मुने ! ।।२४।। कृत्वा तस्याचलां भक्तिं देहान्ते धाम चाक्षरम् । तस्यानन्दमयं दिव्यं लप्स्ये मेऽस्तीति निश्चयः ।।२५।। इत्थमुक्त्वा शतानन्दं पूजयामास सादरम् । स गन्धाक्षतपुष्पाद्यैर्मूर्ध्नि तत्पद्रजो दधौ ।।२६।। आचार्यौ स ततः प्रीत्या ववन्दे विनयान्वितः । मुनींस्तथाखिलान् भक्तान् प्रत्येकं च सदःस्थितान् ।।२७।। स प्राप्तानन्दसन्दोह-प्रविलीनमनास्ततः । अनुज्ञाप्य शतानन्दं प्रययौ स्वनिकेतनम् ।।२८।। अथालोक्यैतदाश्चर्यं तं पप्रच्छेति भूपतिः । कस्मिन् देशे वसत्येष वाडवो मुनिसत्तम ! ।।२९।। किं तस्यासीन्महद्दुखं तन्नाशाय महामुने ! । किं किं च साधनं तेन विहितं दीर्घदर्शिना ।।३०।। एतच्छुश्रूषवे मह्यं वक्तुमर्हसि सत्तम ! । यद्भवादृशशिष्याणां ज्ञातव्यं नावशिष्यते ।।३१।। इत्याकर्ण्य वचस्तस्य ज्ञानं त्रैकालिकं गतः । श्रीहरेः कृपया भूपं स प्राहेङ्गितविन्मुनिः ।।३२।।** इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तदितिहासकथने द्विजदृष्टश्रीहरिस्वरूपनिरूपणनामाष्टमोऽध्यायः ।।८।।

शतानन्दमुनिरुवाच-**तस्य पुण्यमतेः पुण्यं वृत्तान्तं कथयामि ते । अत्यद्भुतं महाबुद्धे ! शृणु त्वं स्वस्थचेतसा ।।१।। अन्तर्वेदाभिधो देशो देशानामतिपावनः । भवत्यतिवरो देवैः सेवनीयो महर्षिभिः ।।२।। पुरुषा यत्र वर्तन्ते स्वस्वधर्मानुसारतः ।**

---

હે મુનિ ! આવા શ્રીહરિનાં દર્શન કરવાથી હું મનમાં અતિ આનંદ પામ્યો છું. હવે હું ખરેખર કૃતાર્થ થયો છું. આજ મારો જન્મ સફળ થયો છે. (૨૪)

હવે મને ચોક્કસ નિશ્ચય છે કે એ પ્રત્યક્ષ શ્રીહરિની અચળ ભક્તિ કરીને હું અંતકાળે તેમના આનંદમય દિવ્ય ધામમાં જરૂર પહોંચીશ. (૨૫)

આમ કહીને ચંદન પુષ્પાદિકે કરીને આદરથી શતાનંદ મુનિની પૂજા કરી અને તે મુનિના ચરણની રજ સ્વ-મસ્તકે ધારણ કરી. (૨૬)

અને સભામાં વિરાજમાન બંને આચાર્યશ્રીઓને તેણે વંદન કર્યાં; પ્રત્યેક સંતોને પ્રણામ કર્યા તથા સર્વે હરિભક્તોને પણ નમસ્કાર કર્યા. (૨૭)

આ રીતે શતાનંદ મુનિની કથા સાંભળવાથી ભગવાનનાં દિવ્ય દર્શન પામ્યો; તેથી આનંદના ઉલ્લાસમાં ગરકાવ મનવાળો તે વિપ્ર શતાનંદ સ્વામીની આજ્ઞા લઈને પોતાને ઘેર ગયો. (૨૮)

આવી આશ્ચર્યકારી ઘટના નજરે જોઈને તે રાજા શતાનંદ મુનિને આ રીતે પૂછવા લાગ્યા : રાજા પૂછે છે કે, હે મુનિરાજ ! આ બ્રાહ્મણ કયા દેશમાં રહે છે ? તેને શું મહાદુઃખ હતું ? દીર્ઘદર્શી તે બ્રાહ્મણે દુઃખ ટાળવા શું શું સાધન કર્યાં? હે સંતવર્ય ! હું આ બધું સાંભળવાની ઈચ્છા રાખું છું માટે તમે મને કહો. કારણ કે તમારા જેવા મહાન પુરુષોનાં શિષ્યો હોય તેમને જાણવા યોગ્ય કોઈ વાત બાકી રહેતી નથી. (૨૯ થી ૩૧)

રાજાનું આ પ્રકારનું વચન સાંભળીને ભગવાન શ્રીહરિની કૃપાથી ત્રિકાલજ્ઞ એવા શતાનંદમુનિ તે રાજાના હૃદયની ઈચ્છાને અનુસારે તેના પ્રશ્નનો ઉત્તર દેવા લાગ્યા. (૩૨)

*ઈતિ શ્રીસત્સંગિજીવનમાહાત્મ્યે શતાનંદહેમન્તસિંહસંવાદે તદિતિહાસકથને દ્વિજદૃષ્ટ શ્રીહરિસ્વરૂપનિરૂપણ નામાષ્ટમોऽધ્યાયઃ ।।૮।।*

## અધ્યાય : ૯
## કલ્યાણજી વિપ્રનું વૃત્તાંત

**કથામાં પરમ આનંદ પામેલા કલ્યાણજી વિપ્રનું વૃત્તાંત** :- શતાનંદ મુનિ કહે છે કે હે રાજન્ ! પવિત્ર બુદ્ધિવાળા તે બ્રાહ્મણનો પવિત્ર ઈતિહાસ તમને હું કહું છું. તમે એકાગ્ર ચિત્તથી સાંભળો. એ વાત અતિ આશ્ચર્યકારક છે. (૧)

સર્વ દેશોને મધ્યે અતિશય પવિત્ર અંતર્વેદ નામનો એક દેશ છે. દેવતાઓ તેમજ મહર્ષિઓએ સેવવા યોગ્ય અતિ શ્રેષ્ઠ આ દેશમાં રહેનાર પુરુષો પોતપોતાનો ધર્મ પાળનાર, શૂરવીર, ધીર, સત્યપરાયણ છે. સ્ત્રીઓ પતિવ્રતાધર્મ પાળે છે. (૨-૩)

शूराः सत्यपरा धीरा योषाः सन्ति पतिव्रताः ॥३॥ त्रिदशेन्द्रपुरस्पर्धि विद्यते तत्र भूपते ! । कान्हसंज्ञं पुरं जुष्टं विभवैरमरप्रियैः ॥४॥ देवेन्द्रालयसङ्काशैर्हेमशृङ्गविराजितैः। स्वर्णजालैर्मणिस्तम्भैर्भवनैरतिमण्डितम् ॥५॥ विराजमानमारामै रुचिराट्टालगोपुरैः। समाट्टपङ्क्तिभिः कोष्ठैर्लसद्भिर्देवमन्दिरैः ॥६॥ कमनीयसभास्थानैः प्राकारेण समन्ततः। विलसद्गुल्म-कक्षाभिस्तोरणैः समलङ्कृतम् ॥७॥ चातुर्वर्ण्यजनैर्जुष्टं स्वस्वधर्मानुवर्तिभिः । वेदविद्भिः कृतैर्विप्रैर्वेदनादैर्विराजितम् ॥८॥ सरोभिर्मण्डितं रम्यैर्द्विजालिकुलसङ्कुलैः। कुमुदोत्पलकह्लारशतपत्रादिराजितैः ॥९॥ उपशल्ये वरे यस्य स्वर्गङ्गा पाविनी नदी । वहत्येव जना यस्यां स्नान्तो भान्ति यथामराः ॥१०॥ कान्यकुब्जाभिधज्ञातेर्विप्रस्य तत्र तस्थुषः । आसीन्माधवरामस्य पुत्रः कल्याणजिन्नृप ! ॥११॥ गर्गगोत्री यजुर्वेदी वेदवेदाङ्गपारगः। पारोक्ष्येणाकरोद्भक्तिं श्रीकृष्णस्य स नित्यदा ॥१२॥ तस्य प्राक्तनसंस्काराद्विविधानां स्वजन्मनाम्। भूतानां च भविष्याणां ज्ञानं साक्षादजायत ॥१३॥ यद्यत्कष्टमभूत्तीव्रं स्वेदजादिषु जातिषु । भविष्यच्च तथा सर्वं दृश्यं तस्याभवन्नृप ! ॥१४॥ असह्यपीडं यत्कष्टं गर्भवाससमुद्भवम् । नानाविधं स्वयं भुक्तं तत्प्रत्यक्षमवैक्षत ॥१५॥ प्रविष्टो यत्र निर्भुङ्क्ते विण्मूत्रादिमलास्पदे । भुग्नपृष्ठशिराः कष्टं तीव्रं जन्तुरवाङ्मुखः ॥१६॥ सौकुमार्यात्कृमिव्रातैः क्षतसर्वतनुः सदा। श्वासावकाशमप्राप्तः

---

આ પ્રદેશમાં વૈભવથી સ્વર્ગલોકની હરીફાઈ કરે એવું કાનપુર નામનું શહેર છે. આ શહેર દેવોને પણ ઈચ્છનીય છે. (૪)

ઈન્દ્રના મહેલની સમાન સોનાના થાંભલાઓ, મણિઓથી જડિત જાળીઓ, સુવર્ણકળશોથી શોભિત ઘણા બંગલાઓ પણ તે શહેરમાં છે. (૫)

એ શહેરમાં દેવોને પણ ફરવા લાયક બગીચાઓ છે. સુંદર અટારીઓ, ગોપુર (દરવાજાઓ) વગેરેથી શોભતા તેમજ એકજ લાઈનમાં સુંદર બાંધકામવાળા શ્રેષ્ઠ મહેલો પણ તે શહેરમાં છે. કોઈ કોઈ મહેલોનો અંદરનો ભાગ તથા દેવ-મંદિરો વિશિષ્ટ રીતે શણગારેલાં છે; એ શહેરમાં સભાસ્થાનો સુંદર છે તથા શહેર ફરતો ચારે કોર કિલ્લો છે તથા સેનાને રહેવાની વ્યવસ્થા, રાજકુટુંબને રહેવાની અલગ વ્યવસ્થા વગેરે રચનાત્મક વિશેષતા સભર આ શહેર તોરણોથી સમલંકૃત અતિશય શોભે છે. (૬-૭)

એ શહેરમાં પોતપોતાના ધર્મને પાળનાર ચારે વર્ણના માણસો રહે છે. વેદપાઠી બ્રાહ્મણો વેદના મંત્રોનું ઉચ્ચારણ કરે છે. તેથી વેદની મંગળ શ્રુતિધ્વનિથી તે ગામ ગૂંજતું રહે છે. (૮)

એ નગરના સરોવરમાં પોયણાં, ઉત્પલ, કલ્હાર અને કમળ; આટલી જાતનાં કમળો થાય છે. તેની સુગંધ માટે ભ્રમરો ચારે કોર ગુંજારવ કરવાથી કમળોએ યુક્ત સરોવર સુંદર લાગે છે. (૯)

એ શહેરની સમીપમાં પવિત્ર કરનાર ગંગા નદી વહે છે. આ નદીમાં સ્નાન કરવાથી ત્યાનાં નાગરિકો દેવોની માફક શોભે છે. (૧૦)

હે રાજન્ ! કાન્યકુબ્જ જ્ઞાતિના (કનોજીયા) બ્રાહ્મણ કુળમાં જન્મેલા માધવરામ નામે બ્રાહ્મણ એ ગામમાં રહેતા હતા. અને તેને કલ્યાણજી નામે એક દીકરો હતો. (૧૧)

એ બ્રાહ્મણનું ગોત્ર ગર્ગ હતું. એ યજુર્વેદી બ્રાહ્મણ હતા. વેદ અને તેનાં અંગોને જાણવામાં પારંગત હતા. હંમેશાં પરોક્ષભાવે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા. તે કલ્યાણજી બ્રાહ્મણને પૂર્વના સારા સંસ્કારને કારણે ભૂતકાળમાં પોતે કેવી જ્ઞાતિમાં જન્મ્યો હતો અને કેવાં કર્મ કર્યાં હતાં તે જ્ઞાન તથા હવે પછી કેવો જન્મ મને મળશે આવું તેને જ્ઞાન થયું. (૧૨-૧૩)

ચારેય જાતિની યોનિમાં જન્મીને પોતે કેવું દુઃખ ભોગવ્યું હતું તે જ્ઞાન તેને થયું અને હવે પછી કેવું દુઃખ તેને ભોગવવું પડશે તે જ્ઞાન પણ તેને થયું તથા ગર્ભવાસમાં કેવું દુઃખ ભોગવવું પડે છે તે જ્ઞાન પણ તેને થયું. અનેક પ્રકારે અન્ય દુઃખ પોતે ભોગવેલ તે જ્ઞાન પણ પોતે પ્રત્યક્ષ અનુભવ્યું. (૧૪-૧૫)

**વિપ્ર કલ્યાણજીએ અનુભવેલા દુઃખવિપાકનું વર્ણન :-** ગર્ભવાસમાં મળમૂત્ર વગેરેથી વીંટળાયેલા ગર્ભાશયમાં

क्लेशान्मूर्च्छामुपैति सः ॥१७॥ अशक्तः स्वाङ्गचेष्टायां रुद्धः पक्षीव पञ्जरे । जाठरीयानलज्वालापरिदग्धाखिलाकृतिः ॥१८॥ इत्याद्यं स्वेन यत्पूर्वं भुक्तं कष्टं सुदुःसहम् । गर्भवासभवं सर्वं तत्प्रत्यक्षतयाविदत् ॥१९॥ स तामिस्त्रान्धतामिस्त्ररौरवाद्याः सहस्त्रशः। निरया सन्ति ये घोरास्तत्कष्टं चाप्यबूबुधत् ॥२०॥ क्रोशन्तो यत्र ताड्यन्ते लोहदण्डैर्यमानुगैः । कशाभिर्मुद्गरैः शस्त्रैर्निस्त्रिंशाद्यैश्च पापिनः ॥२१॥ उत्पाटयन्ति नेत्राणि तेषां यन्त्रेषु ते मुहुः । निष्पेषयन्ति रुन्धन्ति क्षारपङ्के जले च तान् ॥२२॥ पातयन्ति नगात्तुङ्गात्तप्ततैले क्षिपन्ति च । निःसारयन्ति चान्त्राणि तेषां ते जीवतामपि ॥२३॥ दाहयन्ति ज्वलद्वह्नौ तान् रुन्धन्त्यतिदुःसहे । विषानलस्य ते धूमे छित्त्वा सीव्यन्ति तत्त्वचः ॥२४॥ आश्लेषयन्ति तांस्तप्ताः प्रतिमाश्चायसीर्मुहुः । तीव्राः सोऽपश्यदित्याद्या ह्यनन्ता यमयातनाः ॥२५॥ तेन तस्याभवच्चित्ते परितापो महान्नृप!। निशासु नाभवन्निद्रा त्रासव्याकुलचेतसः ॥२६॥ नासीत्पुत्रकलत्रादौ भोजनादौ च कर्हिचित् । व्यथार्तस्य सुखं तस्य विभवेष्वपि सर्वशः ॥२७॥ ततस्तन्नाशनोपायान् सोऽपृच्छत्सर्वपण्डितान् । तत्प्रोक्तानपि तान् कृत्वा तच्छान्तिं नाभ्यपद्यत ॥२८॥ कुटुम्बं स ततः स्वीयं भवनं सपरिच्छदम् । हित्वा जगाम निर्विण्णस्तीर्थयात्राविधित्सया ॥२९॥ प्रयागं स द्विजः काशीं जगन्नाथपुरीं शुभाम् । अयोध्यां चित्रकूटं च पुण्यं वृन्दावनं ययौ ॥३०॥ रामनाथं हरिद्वारं कुरुक्षेत्रं

---

અતિ નાજુક શરીરથી રહેલાં જંતુ (જીવાત્મા)ને વાંકા શરીરના અવયવોને આડા-અવળા, વાંકાચૂંકા પોટલું બાંધે એ રીતે રાખી ઊંધે માથે જીવને લટકવું પડે છે. એના શરીરના દરેક અવયવોને ગર્ભાશયમાં રહેલા કૃમિઓ બટકાં ભરે છે. શરીર અતિશય નાજુક અને સુંવાળું હોવાથી તે કૃમિ-દંશની પીડા અસહ્ય થાય છે. ગર્ભાશયમાં શ્વાસ લેવાનો પણ સમય અને જગ્યા તેને મળતાં નથી; તેથી મૂર્છા પામી જાય છે. પાંજરામાં પુરાયેલ પંખીની માફક પોતાના શરીરનું પણ યથેચ્છ હલનચલન કરી શકતો નથી. જઠરાગ્નિના તાપથી તેનું શરીર સતત બળ્યા કરે છે, એ દુઃખ તેને અસહ્ય થાય છે. આ સિવાય બીજાં જે જે દુઃખો તેણે ભોગવ્યાં હતાં તે બધાં તેણે નજરોનજર જોયાં. (૧૬-૧૯)

તથા યમપુરીમાં જે અંધતામિસ્ર, તામિસ્ર, રૌરવ વગેરે અસંખ્ય નરકકુંડો છે તથા તે કુંડોમાં યમદૂતો જે પ્રકારે જીવોને દુઃખો દે છે તે પણ જોયું. દુઃખથી બૂમો પાડતા પાપી જીવોને દયા રહિત યમદૂતો લોઢાના દંડ, ચાબુક, મુદગર (સાંબેલું અથવા ધોકો) તલવાર, વગેરે હથિયારો વડે મારે છે, યમદૂતો કેટલાક પાપીનાં નેત્રો મૂળમાંથી કાઢી લે છે; ક્યારેક ઘાણી જેવાં યંત્રોમાં ઘાલી પીલે છે; ક્યારેક કીચડવાળા ખારા જળમાં ડૂબાડે છે; ક્યારેક ઊંચા પર્વત ઉપરથી ફેંકે છે, ક્યારેક ઊકળતા તેલમાં નાખે છે. પાપી જીવોનાં આંતરડાંને યમદૂતો ખેંચી કાઢે છે. ક્યારેક બળતા અગ્નિમાં નાખે છે; ક્યારેક ઝેરી અગ્નિના ધૂમાડામાં પૂરે છે; ક્યારેક તેઓ ચામડીને સીવે છે; કેટલાક પાપીઓને લોઢાથી બનાવેલ તેમજ તપાવેલ સ્ત્રીપુરુષની પ્રતિમાઓ સાથે આલિંગન કરાવે છે : આ રીતે જીવો વિવિધ પ્રકારે યમપુરીમાં દુઃખો ભોગવે છે તે બધું તેણે પ્રત્યક્ષ જોયું. (૨૦ થી ૨૫)

આ બધું જે જોયું, તે તેને સતત સાંભરતું એ દુઃખથી પોતે ત્રાસ પામ્યો; તેના મનમાં અતિશય ખેદ થયો. હે રાજન્! તે દુઃખથી ત્રાસિત મનવાળા આ બ્રાહ્મણને દુઃખમાંથી છૂટવાની ચિંતામાં ને ચિંતામાં કોઈ રાત્રિમાં નિદ્રા પણ ન આવી. (૨૬)

માનસિક દુઃખથી પીડિત એ બ્રાહ્મણને વૈભવથી પૂર્ણ પોતાના ઘરમાં પુત્ર, સ્ત્રી વગેરે પરિવારમાં તથા ભોજનાદિ વસ્તુમાં ક્યારેય પણ પ્રીતિ થતી નહિ. (૨૭)

એ દુઃખ કેવી રીતે ટળે એના ઉપાયો શાસ્ત્ર જાણનારા વિદ્વાનોને તેણે પૂછ્યા. અને તેઓએ બતાવેલ વ્રતો-નિયમોનાં પણ તેણે યથોક્ત અનુષ્ઠાન કર્યા છતાં પણ તેને દુઃખની શાંતિ ન થઈ. છેવટે સુખશાંતિવાળા ઘરમાંથી પુત્ર, પરિવાર, પત્ની વગેરેમાંથી તેનું મન ઊઠી ગયું અને વૈરાગ્યથી સર્વનો ત્યાગ કરી પાપનાશ માટે તીર્થયાત્રા કરવા પ્રવાસ શરૂ કર્યો. (૨૮-૨૯)

પવિત્ર પ્રયાગ, સુંદર કાશી, તથા જગન્નાથપુરી, અયોધ્યાપુરી, પવિત્ર વૃંદાવન, ચિત્રકૂટ, રામનાથ, હરદ્વાર, કુરુક્ષેત્ર, પુષ્કર, પુલહાશ્રમ, સિદ્ધપુર, પ્રભાસપાટણ, દ્વારિકા વગેરે ઘણાં તીર્થોની તીર્થયાત્રા પાપ નાશ કરવા માટે કરી; તેમ જ ગંગા-યમુના, રેવા, સરયુ, તાપી, ગોદાવરી વગેરે તીર્થભૂત નદીઓમાં સ્નાન-તર્પણઆદિ પણ તેણે કર્યાં. (૩૦ થી ૩૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

च पावनम् । स प्रायात्पुष्करं तीर्थं पुण्यं च पुलहाश्रमम् ॥३१॥ अगात्सिद्धपुरं तीर्थं प्रभासं द्वारिकां तथा । इत्यादीन्यर्तिनाशार्थं बहुक्षेत्राण्यगाद्धि सः ॥३२॥ गङ्गां च यमुनां रेवां सरयूं तपतीं नदीम् । गोदावरीप्रमुख्याणि प्रागात्तीर्थानि स द्विजः ॥३३॥ जगत्प्रसिद्धतां प्राप्तास्तीर्थक्षेत्रेषु पण्डिताः । गुरवो ये तथाचार्यास्तेषां सङ्गं चकार सः ॥३४॥ स्वक्लेशनाशोपायांस्तान्विनीतः सोऽन्वपृच्छत। विदधे च तदुक्तांस्तान्नाप शान्तिं तथापि सः ॥३५॥ निराशः स ततो गच्छन्नतिचिन्ताकुलान्तरः। देशान् पश्चिमपाञ्चालानाजगाम यदृच्छया ॥३६॥ जनेभ्यश्चाशृणोत्स्वामिनारायणविधापितम् । सोऽत्र दुर्गपुरे रम्यं श्रीगोपीनाथमन्दिरम् ॥३७॥ श्रुत्वात्रत्यान्महासाधूंस्तेभ्यो हर्षपरिप्लुतः। सोऽत्रागादभवच्छान्तिस्तस्यैव गमनक्षणे ॥३८॥ अत्र कश्चिन्महान् साधुर्भवतीत्यवबुध्य सः । संस्नायोन्मत्तगङ्गायां श्रीगोपीनाथमैक्षत ॥३९॥ श्रीगोपीनाथसंवीक्षाप्राप्तशान्तिर्मुदान्वितः । अत्रास्तीति महान् साधुर्भक्तं कञ्चित्पप्रच्छ सः ॥४०॥ अब्रवीत्स मुदा पृष्टो भक्तस्तेनेति तं द्विजम् । सत्कथावाचनारम्भो जातोऽस्मिन् दिवसे द्विज ! ॥ ४१॥ श्रोतुं सन्तः कथां पुण्यां सत्सङ्गिजीवनस्य च । सभायामास्थिताः सन्ति सर्वे सत्सङ्गिनस्तथा ॥४२॥ श्रुत्वेत्यत्रागतः प्रीत्या सभामनूपविश्य सः। सत्सङ्गिजीवनग्रन्थकथां शुश्राव मत्कृताम् ॥४३॥ अशृणोच्च भवत्पृष्टं श्रद्धया स द्विजोत्तमः । सत्सङ्गिजीवन-ग्रन्थमाहात्म्यं परमाद्भुतम् ॥४४॥ एतस्येतिश्रुतेरासीन्महाकष्टात्पुरोदितात् । स निर्मुक्तः कृतार्थश्च प्रत्यक्षश्रीहरीक्षणात् ॥४५॥

આ તીર્થયાત્રા દરમ્યાન તે તે તીર્થો વિષે પ્રસિદ્ધ પંડિતો, તથા સદ્‌ગુરુઓ, આચાર્યો તે સર્વેની સેવા તથા સમાગમ વગેરે આ બ્રાહ્મણે સર્વ કર્યું. તદ્‌ઉપરાંત તેઓએ જે જે ઉપાયો બતાવ્યા તે તે ઉપાયોનો અમલ પણ તે બ્રાહ્મણે કર્યો; છતાં પણ તેને પાપદર્શનરૂપ માનસિક પીડાથી અંતરમાં શાંતિ ન થઈ. (૩૪-૩૫)

છેવટે તે અતિ નિરાશ થયો. મનમા અતિ દુઃખ પામ્યો. ઈશ્વરઈચ્છાથી તે યાત્રા કરતો કરતો પશ્ચિમ પાંચાલ દેશમાં આવ્યો. (૩૬)

પાંચાલ દેશના માણસો પાસેથી તેણે સાંભળ્યું કે આ દેશમાં ગઢપુર ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ગોપીનાથજીનું મંદિર કર્યું છે. તે મંદિરમાં તે દેવ પ્રત્યક્ષ વિરાજે છે તથા બહુ જ ચમત્કારી છે. અને તે મંદિરમાં રહેતા સંતો અતિ સમર્થ મહાપુરુષો છે. આ વાત સાંભળીને બ્રાહ્મણ હર્ષથી ગઢપુર આવ્યો. અને અહીં પહોંચતા તેના મનમાં તુરતજ શાંતિ થઈ. (૩૭-૩૮)

પોતાને મનમાં શાંતિ થઈ એટલે તેના મનમાં એમ થયું કે "આ ગામમાં મહાન કોઈ સંત હશે, જેથી મારા મનમાં શાંતિ થઈ." આમ વિચાર કરતાં તે ઘેલા નદીને કાંઠે આવ્યો ને તે નદીમાં તેણે સ્નાન કર્યું ને મંદિરમાં આવીને તેણે શ્રી ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. (૩૯)

ગોપીનાથજીનાં દર્શન કરીને હર્ષથી આનંદિત થયો અને તેને ખૂબ જ શાંતિ થઈ. તેણે કોઈક ભક્તને પૂછયું કે અહીંયાં કોઈ મહાન સાધુ રહે છે ? (૪૦)

હરિભક્તને લાગ્યું કે આ કોઈ અજાણ્યા મુમુક્ષુ, જિજ્ઞાસુ યાત્રિક છે. એટલે તેણે આગન્તુક બ્રાહ્મણને કહ્યું કે 'હા, અત્યારે આજે આ સામે સભામંડપમાં કથા વંચાય છે તે કથાના વક્તા મહાસમર્થ સંત છે. આ કથા સાંભળવા માટે ઘણા સંતો અને હરિભક્તો સભામાં બેઠેલા છે.' (૪૧-૪૨)

આ વાત સાંભળી પ્રીતિપૂર્વક તે વિપ્ર સભામાં આવ્યો. સભાને વંદન કરીને સભામાં બેઠો. (૪૩)

મારા દ્વારા વંચાતી કથા તેણે સંપૂર્ણ સાંભળી. તથા તમે જે 'સત્સંગિજીવન' ગ્રંથનું માહાત્મ્ય પૂછ્યું હતું અને તેના ઉત્તરમાં જે મેં તમને કહ્યું તે પરમ અદ્‌ભુત માહાત્મ્ય પણ તેણે સાંભળ્યું. (૪૪)

શ્રદ્ધાપૂર્વક નિયમિત થઈને આ સંપૂર્ણ કથા તેણે સાંભળી, તેથી તેને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થયાં. આ ભગવદ્ દર્શનથી તે બ્રાહ્મણ સર્વ પાપથી છૂટી ગયો ને કૃતાર્થ થયો. (૪૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

इत्येतन्निशमनलब्धसर्वसिद्धेर्वृत्तान्तं गदितमिदं मया द्विजस्य। प्रीत्या ते श्रवणरताय शुद्धबुद्धे ! त्वत्प्रश्नोत्तरमपि जातमेतदुक्त्या ॥४६॥ सत्सङ्गिजीवनशुभश्रवणेन तूर्णं मोक्षार्थमेति परशर्मकरं मनुष्यः । यत्प्राप्तये क्षितिभुजोऽ प्यगमन्नरण्यं गच्छेत्त्रिवर्गमवनीश ! किमत्र चित्रम् ॥४७॥ यो यश्चेच्छेत्ततो यं यं पुरुषार्थचतुष्टये । तत्तत्सिद्धिमियात् श्रुत्वा सत्सङ्गिजीवनं स सः ॥४८॥ स्वधर्मज्ञानवैराग्यभगवद्भक्तिसंयुजा। यश्चैकान्तिकधर्मेण प्रसाद्य पुरुषोत्तमम् ॥४९॥ इच्छेत्तदीयसेवायां स्थातुं तत्सिद्धिमाप्नुयात् । सत्सङ्गिजीवनग्रन्थश्रुतेरेव स भूपते ! ॥५०॥ इत्थं हेमन्तसिंहस्तद्वाचं श्रुत्वा सुधोपमाम्। प्रमोदं प्राप सभ्याश्च प्रापुरेव परां मुदम् ॥५१॥ धर्मार्थकाममोक्षाणामिच्छन्ति स्म शरीरिणः । ये ये यं यमिह प्राप्तुं पुरुषार्थं स्वचेतसि ॥५२॥ सत्सङ्गिजीवनग्रन्थं तस्य तस्याप्तये शुभम्। ते तेऽशृण्वन्मुदा युक्ताः स्वावकाशानुसारतः ॥५३॥ तत्र धर्मस्य संसिद्धिं धर्मार्थी प्राप निश्चितम्। योऽर्थार्थी तस्य संसिद्धिं स प्रपेदेऽञ्जसा द्रुतम् ॥५४॥ कामसिद्धिं च कामार्थी मोक्षार्थी यश्च मानवः । मोक्षस्य पुरुषार्थस्य प्राप सिद्धिं स सत्वरम् ॥५५॥ इच्छेदेकान्तधर्मेण प्रसाद्य श्रीहरिं च यः । स्थातुं तदीयसेवायां प्राप तत्सिद्धिमेव सः ॥५६॥ हेमन्तसिंहो मोक्षार्थमिममिच्छन् परं नृपः । यथाविधि स्वके गेहे वाचयित्वैनमाशृणोत् ॥५७॥ मोक्षार्थस्य स संसिद्धिं प्राप त्वस्य महीपतिः। शतानन्दास्यचन्द्रच्युत्कथामृतसुनिर्वृतः ॥५८॥ सत्सङ्गिजीवनग्रन्थमाहात्म्यं सदसि श्रुतम्। शतानन्दमुनेर्वक्त्राद्यथैवेदं मया स्फुटम् ॥५९॥ सत्सङ्गिजीवनमाहात्म्याख्यो ग्रन्थस्तथा मया । अयं विरचितः सम्यगात्मबुद्ध्यनुसारतः ॥६०॥ आदौ ग्रन्थमिमं श्रुत्वा पश्चात्सत्सङ्गिजीवनम् । श्रोतव्यमिति

**શતાનંદ મુનિ કહે છે :** શ્રવણમાં પ્રીતિવાળા, નિર્મળ બુદ્ધિવાળા હે રાજન્ ! સમાહાત્મ્ય 'સત્સંગિજીવન' ગ્રંથ પૂરેપૂરો સાંભળવાથી સિદ્ધિને પામેલા તે બ્રાહ્મણની કથા મેં તમને કહી. તમે આના શ્રવણથી સિદ્ધિ પામેલાં ભક્તની કથા સંભળાવવાની મને કહી હતી તે આ વૃતાન્તથી પૂરી થાય છે. (૪૬)

આ સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણથી પરમ સુખી બનાવનાર મોક્ષરૂપી પુરુષાર્થને મનુષ્ય તત્કાળ પામે છે. એ પુરુષાર્થની પ્રાપ્તિ માટે મોટા મોટા રાજાઓ પણ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી વનમાં તપ કરવા જાય છે. તો આ ગ્રંથના શ્રવણથી ત્રિવર્ગ ફળની સિદ્ધિ થાય તેમાં તો કહેવું જ શું ? (૪૭)

ચારે પુરુષાર્થોમાંથી જે જે પુરુષાર્થને મનુષ્ય પામવા ઈચ્છે તે પુરુષાર્થને આ સત્સંગિજીવન ગ્રંથના શ્રવણથી પામે છે એમાં સંશય નથી. (૪૮) સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવદ્ ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મથી પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રસન્ન કરી તેમના ચરણની પરિચર્યામાં નિરંતર નિવાસ ઈચ્છતા હોય તેને એની સિદ્ધિ આ સત્સંગિજીવન ગ્રંથના શ્રવણથી જ થાય છે. (૪૯/૫૦)

આ પ્રકારે હેમંતસિંહ રાજા શતાનંદ સ્વામીનું અમૃતતુલ્ય વચન સાંભળી પરમ આનંદ પામ્યા. સભાજનો પણ પરમ આનંદ પામ્યા. (૫૧) આ જગતમાં જે જે જનો ધર્મ, અર્થ, કામ તેમજ મોક્ષરૂપ પુરુષાર્થમાંથી જે જે પુરુષાર્થની મનમાં ઈચ્છા ધરાવતા હતા. તે તે જનો તે તે પુરુષાર્થની પ્રાપ્તિ કરાવતા આ સત્સંગિજીવન શુભ શાસ્ત્રને અવકાશ અનુસાર ઉત્સાહથી સાંભળવા લાગ્યા. (૫૨/૫૩)

તે જનોમાં જે ધર્માર્થી હતા તે ધર્મની સિદ્ધિ નિશ્ચય પામ્યા. અર્થાર્થી પ્રયાસ વિના જલ્દી અર્થની સિદ્ધિ પામ્યા. કામાર્થી કામની સિદ્ધિ પામ્યા મોક્ષાર્થી મનુષ્ય પરમ પુરુષાર્થ સ્વરૂપ મોક્ષની સિદ્ધિ તત્કાળ પામ્યા. એકાંતિક ધર્મથી શ્રીહરિને પ્રસન્ન કરી જેઓ તેમની સેવામાં રહેવાની ઈચ્છા ધરાવતા હતા તેઓ પણ આ ગ્રંથના શ્રવણથી તત્કાળ તે સિદ્ધિને પામ્યા. (૫૪ થી ૫૬)

શતાનંદમુનિના મુખ કમળમાંથી નીકળેલા કથામૃતના શ્રવણથી અત્યંત આનંદ પામેલા હેમંતસિંહ રાજાએ ભગવદ્ સેવારૂપ પરમ મોક્ષ પ્રાપ્તિને અર્થે પોતાના ભવનમાં વિપ્ર પાસે શાસ્ત્રવિધિ અનુસાર સત્સંગિજીવન ગ્રંથની કથા કરાવીને શ્રદ્ધાથી તેનું શ્રવણ કર્યું. (૫૭/૫૮) સભામાં સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય શતાનંદમુનિના મુખથી જે રીતે સ્પષ્ટપણે સાંભળ્યું એ જ રીતે મેં મુક્તાનંદ મુનિએ "સત્સંગિજીવન માહાત્મ્ય" નામનો આ ગ્રંથ મારી બુદ્ધિ અનુસાર રચ્યો છે. (૫૯/૬૦)

**मामाह शतानन्दमुनिर्वचः ॥६१॥ इमं श्रोष्यन्ति ये भक्त्या पठिष्यन्त्यत्र मानवाः । लप्स्यन्ति ते तु सत्सङ्गिजीवनश्रुतिजं फलम् ॥६२॥ श्रीहरेश्च प्रसादात्ते प्राप्स्यन्ति स्वेप्सितं सुखम्। इति सत्यं पुनः सत्यं मुक्तानन्दो ब्रवीम्यहम् ॥६३॥ यो दिव्याकृतिरक्षरे वरतरे मायापरे राजते दिव्यानन्तमहागुणैकनिलयः सर्वातिरिक्तश्रवाः । प्रादुर्भूय सधर्मभक्तिमतनोद्भूमौ दयावारिधिर्वन्दे धर्मजनिं सदैव सहजानन्दं हरिं तं मुदा ॥६४॥ श्रीमन्मङ्गलमूर्तिमार्तिशमनं मालां करे तौलसीं दक्षे सूक्ष्मवलक्षसान्द्रवसनान्याबिभ्रतं सर्वदा । चारुस्मेरमुखाम्बुजं लसदुरःश्रीवत्सलक्ष्माङ्कितं ध्याये भूषणभूषणाङ्गमनिशं श्रीस्वामिनारायणम् ॥६५॥ योऽक्षरे परतरेऽक्षरमुक्तैः सेव्यमानचरणो रमणीयः। स प्रभुर्विधिमुखेशनियन्ता मानसे वसतु मे हरिकृष्णः ॥६६॥ योऽत्र पूर्णदययाऽऽकृतिधारी चिन्त्यचारुतरचित्रचरित्रः । स्वाश्रिताखिलभयक्षयकारी धार्मिरेतु स हरिर्मयि तोषम् ॥६७॥ तत्पदाब्जरतचित्तमिलिन्दा निर्जितेन्द्रियहयाखिलवेगाः । साधवः परहितानुरता ये सन्तु ते हि सततं मयि तुष्टाः ॥६८॥** इति श्रीहरिपदारविन्द-परमानुग्रहभाजनमुक्तानन्दमुनिविरचिते श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दमुनिहेमन्तसिंहसंवादे तदितिहासकथने द्विजवृत्तान्तनिरूपणनामा नवमोऽध्यायः ॥९॥

પહેલાં આ માહાત્મ્યનો ગ્રંથ વાંચીને પછી 'સત્સંગિજીવન' શાસ્ત્ર સાંભળવું એમ મને શતાનંદ મુનિએ વચન કહ્યું છે. (૬૧)

આ લોકમાં જે મનુષ્યો ભક્તિપૂર્વક આ માહાત્મ્યને વાંચશે, સાંભળશે તે માણસો 'સત્સંગિજીવન ગ્રંથ' સાંભળવાથી જે ફળ મળે છે તેટલું ફળ આ માહાત્મ્ય સાંભળવાથી મેળવશે. (૬૨)

ભગવાનની પ્રસન્નતાથી આ માહાત્મ્ય સાંભળનારને તથા વાંચનારને ઇચ્છિત સુખ મળશે જ. આ વાત હું મુક્તાનંદ મુનિ સત્યપણે બિલકુલ સત્યતાથી કહું છું. (૬૩)

માયાથી પર, શ્રેષ્ઠતમ, અક્ષરધામમાં દિવ્ય શરીરે જે શ્રીહરિ વિરાજે છે, દિવ્ય અને કલ્યાણકારી ગુણોના સ્થાનરૂપ કૃપા કરીને આ લોકમાં ધર્મદેવને ત્યાં પ્રગટ થયેલા ને પૃથ્વી પર ધર્મ સહિત ભક્તિનો પ્રચાર કરનાર પોતાના અસાધારણ ઐશ્વર્યથી સર્વત્ર કીર્તિ ફેલાવનાર શ્રીસહજાનંદ સ્વામીને હું અનન્ય ભાવથી પ્રેમપૂર્વક વંદન કરું છું. (૬૪)

સ્વયં મંગલરૂપ તેથી સ્વાશ્રિતનાં દુઃખ ટાળનાર, જમણા હાથમાં તુલસીની માળા ધારણ કરનાર ને ઘાટાં ઝીણાં ધવલ વસ્ત્રો હંમેશા ધારણ કરનાર, સુંદર મંદહાસ્યયુક્ત મુખકમળથી શોભતા એ ભગવાનની છાતીમાં શ્રીવત્સ ચિહ્ન શોભે છે. એમનાં દરેક અંગો ઘરેણાંથી શોભે છે. એ સ્વામિનારાયણ ભગવાનનું હું સતત ધ્યાન કરું છું. (૬૫)

પર થકી પણ પર અક્ષરધામમાં એ ભગવાનના ચરણકમળની સેવા મુક્તો કરે છે એ રમણીય ભગવાન બ્રહ્મા, શિવ વગેરેના નિયંતા છે. એ હરિકૃષ્ણ પ્રભુ મારા મનમાં વસો. (૬૬)

જે ભગવાને પૂરેપૂરી દયા કરી આ લોકમાં માનવશરીર ધારીને અતિશય સુંદર સંભારવા યોગ્ય વિવિધ ચરિત્રો કર્યાં, પોતાના આશ્રિત ભક્તોના સર્વ ભય નાશ કર્યા; ધર્મપુત્ર એ ભગવાન મારી ઉપર પ્રસન્ન થાઓ. (૬૭)

એ ભગવાનના ચરણરૂપી કમળમાં જે મુનિઓના ચિત્તરૂપી ભમરાઓ આસક્ત છે; ઇંદ્રિયોરૂપી અશ્વોના સમગ્ર વેગને રોકનારા, શત્રુઓનું પણ હિત કરનારા પ્રત્યક્ષ ભગવાનના ઉપાસક સંતો પણ મારી પર સતત પ્રસન્ન રહો. (૬૮)

*ઇતિ શ્રીહરિપદારવિન્દ - પરમાનુગ્રહભાજનમુક્તાનન્દમુનિવિરચિતે શ્રીસત્સંગિજીવન-માહાત્મ્યે શતાનંદમુનિ -હેમન્તસિંહસંવાદે તદિતિહાસકથને દ્વિજવૃત્તાન્તનિરૂપણનામા નવમોઽધ્યાયઃ ॥૯॥*

**॥ શ્રીમદ્ સત્સંગિજીવન માહાત્મ્યં સમાપ્તમ્ ॥**

આ રીતે 'સત્સંગિજીવન' ના માહાત્મ્યનો અનુવાદ શાસ્ત્રી પુરુષોત્તમવલ્લભદાસજી (પ્રભુ શાસ્ત્રી) એ શ્રીહરિ પ્રસન્નતાર્થે લખેલ તેને સારરુપ જાણી સાભાર સ્વીકાર સહ સમુદ્ધૃત કરી સરધાર નિવાસી સાધુ આનન્દસ્વરુપદાસજી (વેદાન્તાચાર્ય) એ મૂળગ્રંથના શ્લોક સાથે સંયોજીત કર્યો છે.

तदस्तु भूयान् स हरिः प्रसन्नो आत्माऽऽत्मनां यो महतो महीयान् ।

श्रीहरिकृष्णार्पणमस्तु ।

जयश्री स्वामिनारायण



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

श्री स्वामिनारायणो विजयतेतराम् ।

# श्रीमद् सत्सङ्गिजीवन शास्त्रम् ।

श्रीशतानन्दमुनि विरचितम्-गुर्जरानुवाद सहितम् ।

**શ્રી શતાનંદમુનિ વિરચિતમ્ ।**

# શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમ્

પ.પૂ. સનાતન ધ.ધુ. શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (વડતાલ)ની આજ્ઞાથી સાધુ આનન્દસ્વરૂપદાસ (વેદાન્તાચાર્ય) સંશોધિત

**प्रथम प्रकरणम् ।**

**ગુજરાતી અનુવાદ સહિત**

## પ્રથમ-પ્રકરણ

॥ मंगलाचरणम् ॥

श्री कृष्णाय नमस्तस्मै यः साक्षाद्धर्मनन्दनः ।
भुवि भूत्वा हरत्यन्तस्तमस्तम इवांशुमान् ॥१॥

**અધ્યાય : ૧**

### સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ રાજાનો મેળાપ

**શતાનંદમુનિ કૃત મંગલાચરણ :-**

જે ભગવાન શ્રીકૃષ્ણ અક્ષરધામનાં અધિપતિ, સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ છે એજ સાક્ષાત્ ધર્મનંદન સ્વરૂપે અર્થાત્ સરવરિયા વિપ્ર ધર્મદેવના પુત્રભાવે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા; અને જેમ ઉદય પામેલા સૂર્યદેવ બાહ્ય અંધકારનો નાશ કરે તેમ જનોની અંદર રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો જે વિનાશ કરે છે. જેના સ્વરૂપમાં નિરવધિક-અતિશય આનંદ રહેલો છે માટે જેને શ્રીકૃષ્ણ કહેલા છે એવા પ્રત્યક્ષ શ્રીહરિને હું પ્રણામ કરૂં છું.

(૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

नराकृति परंब्रह्म स्थितो योऽक्षरधामनि । निर्गुणो निर्विकारश्च सच्चिदानन्दलक्षणः ॥२॥ अनेककोटिब्रह्माण्डाधारोऽनन्तोऽपि यः स्वयम् । नृणां निःश्रेयसायैव दिव्यमानुषविग्रहः ॥३॥ जगत्सर्गस्थितिहृतीर्यस्यैव हि निदेशतः । काले काले विदधते विधातृहरिशम्भवः ॥४॥ वासुदेवादयो यस्माद्व्यूहाः प्रादुर्भवन्ति च । चत्वारः केशवाद्याश्च चतुर्विंशतिरीशितुः ॥५॥ यः क्रोडाद्यवताराणां धर्ता वैराजपूरुषः । सहस्रशीर्षा च यतो ह्यस्ति नारायणाह्वयः ॥६॥ नित्यासङ्ख्येय-कल्याणदिव्यसद्गुणमण्डितः । सेवितश्च भगैः षड्भिः सिद्धिभिश्चाणिमादिभिः ॥७॥ यदाज्ञया तपत्यर्को विचरत्यनिलोऽपि च । न निमज्जति भूश्चाप्सु भीतश्चरति चान्तकः ॥८॥ देवानामपि यो देव ईश्वराणां तथेश्वरः । कालस्यापि हि यः कालः कारणानां च कारणम् ॥९॥ चतुर्विंशतितत्त्वैश्च शक्तिभिश्च सहस्रशः । अनन्तब्रह्मरुद्राद्यैरर्च्यमानपदाम्बुजः ॥१०॥ संस्तूयते यो निगमैः सहस्रवदनादिभिः । वाङ्मनोऽगोचरो यश्च परमात्मा परात्परः ॥११॥ स एव साक्षाद्भगवान् स्वामिनारायणाख्यया। प्रसिद्धोऽस्ति स मां पायाद्धरिः सर्वान्तरायतः ॥१२॥ सदानन्दाम्भोधिः स्मितरुचिरपूर्णेन्दुवदनः प्रफुल्लाम्भोजन्मच्छदसदृशशोभाक्षियुगलः । कृपापारावारः श्रितसकलजीवातिसुखदो महाश्रेयोमूर्तिर्जयति स हि नारायणमुनिः ॥१३॥ सुदुर्जेयं नित्यं विविधनियमाचारनिरतैरपि ब्रह्मेशानप्रमुखसुरसङ्घैः स्वमहसा । मनस्तत्तूर्णं यः प्रसभमपि कुर्वञ्छ्रितवशे नरो भात्यज्ञानां दिशतु स मतिं मे हरिरसौ ॥१४॥ अतिक्षान्त्या दान्त्या मृदुलवचनैश्छादितनिजध्रुवा-

જે ભગવાન મનુષ્યના સરખી દ્વિભુજ આકૃતિને ધારણ કરનારા છે. જે પરમાત્માને વેદો પરબ્રહ્મ શબ્દથી સંબોધે છે. એજ પરમાત્મા અક્ષરધામમાં સદા વિરાજમાન છે. જેમના સ્વરૂપને ત્રણ ગુણો અને ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતાં વિકારો સ્પર્શ કરી શકતા નથી. એવા સચ્ચિદાનંદમય દિવ્યમૂર્તિ; [તે ભગવાન મારુ સર્વ પ્રકારનાં વિઘ્નો થકી રક્ષણ કરો.] (૨)

જે પરમાત્મા અનંત કોટિ બ્રહ્માંડના આધાર અને અનંત અર્થાત્ સ્વરૂપ, સ્વભાવ અને ગુણોથી અમાપ હોવા છતાં જીવોના કલ્યાણને અર્થે દિવ્ય માનુષ વિગ્રહને ધારણ કરનારા છે. જેમની આજ્ઞાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમયે સમયે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. જે પરમાત્મા વાસુદેવાદિ ચતુર્વ્યૂહ અને કેશવાદિ ચોવીશ સ્વરૂપે પ્રગટ થાય છે. જે પરમાત્મા સ્વેચ્છાથી વરાહાદિ અવતારો ધારણ કરે છે. જેમના થકી સહસ્ત્રશીર્ષા નારાયણ નામવાળા વૈરાટ પુરુષ પ્રગટ થાય છે. જેમનું સ્વરૂપ નિત્ય-અસંખ્ય-કલ્યાણકારી દિવ્ય સદ્ગુણોથી શોભિત છે. જે પરમાત્મા ષડ્ ઐશ્વર્ય અને અણિમાદિ અષ્ટ સિદ્ધિઓથી સેવાયેલા છે. જેમની આજ્ઞાથી સૂર્ય તપે છે. વાયુ વાય છે. પૃથ્વી પાણીમાં સ્થિર રહે છે. તેમજ કાળ ભયભીત બની ચરાચર વિશ્વમાં વિચરણ કરે છે. જે પરમાત્મા બ્રહ્માદિ દેવોના ઉપાસ્ય છે. વિરાટાદિ ઈશ્વરોના નિયામક છે. કાળના પણ કાળ અને પ્રકૃતિ પુરુષ વગેરે કારણ સ્વરૂપ તત્ત્વોના પણ પ્રેરક પરમાત્મા છે. (૩ થી ૯)

ચોવીશ તત્ત્વોના અભિમાની દેવતાઓ, અનંત શક્તિઓ અને બ્રહ્માદિ અનંત ઈશ્વરો જે પરમાત્માના ચરણની પૂજા કરે છે. મૂર્તિમાન ચારેય વેદો જેમની સ્તુતિ કરે છે. હજાર મુખવાળા શેષનારાયણ વગેરે પણ જેમના દિવ્ય ચરિત્રોનું ગાન કરે છે. જે પરમાત્મા ભક્તિ રહિત અભક્તોનાં પ્રાકૃત મન અને વાણીથી અગોચર છે. સર્વજીવ પ્રાણીમાત્રના અંતર્યામી છે અને અક્ષરથી પણ પર છે. એજ પરમાત્મા અત્યારે આ ભૂમિ ઉપર **'સ્વામિનારાયણ'** એવા નામથી પ્રસિદ્ધ છે. તેમજ સર્વ મનુષ્યના નયન ગોચર વર્તે છે. તે ભગવાન સર્વ પ્રકારનાં વિઘ્નો થકી મારું રક્ષણ કરો. (૧૦ થી ૧૨)

સદાય આનંદના અમ્ભોનિધિ, પૂર્ણિમાના ચંદ્ર સરીખા મંદમંદ હાસ્યથી શોભતા મુખકમળવાળા, વિકસેલા કમળની કોમળ પાંખડી સમાન સુંદર નેત્રોવાળા, અપાર કરુણાના સાગર, શરણાગત જીવોને સુખી કરનારા તેમજ મહા કલ્યાણકારીમૂર્તિ શ્રી નારાયણમુનિ નામે પ્રસિદ્ધ શ્રીહરિ આ જગતમાં સર્વોપરિ વર્તે છે. (૧૩) અનેક પ્રકારના નિયમોનું નિરંતર અનુષ્ઠાન કરવામાં તત્પર વર્તતા બ્રહ્મા, શિવ વગેરે દેવતાઓનાં વૃંદો પણ જે મનને પોતાના તપોબળથી જીતી શકવા સમર્થ નથી. એ મહાબળવાન મનને શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તો પાસે વશ કરાવે છે. આવો શ્રીહરિનો પ્રતાપ છે અને એ પ્રતાપને નહિ જાણનારા અજ્ઞાની મનુષ્યો જેમને પોતાના જેવા જ એક સામાન્ય મનુષ્ય જેવા જાણે છે. તે સમર્થ ભગવાન શ્રીહરિ મને ગ્રંથ રચવામાં પટુતાવાળી બુદ્ધિ આપો. (૧૪) તે ભગવાન શ્રીહરિનાં ચરણોમાં હું વંદન કરું છું. જે તમે જીવોના અપરાધને નહિ ગણીને ક્ષમા આપનાર છો. ઈન્દ્રિયોનું દમન કરનારા છો. તેમજ 'હું તો એક દીન સાધુ છું



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तर्क्यैश्वर्याद्विलसितनृनाट्याय गुरवे । वसानाय श्वेताम्बरयुगलमावार्धियशसे नमस्तस्मै नित्यं हृदि भगवते ध्येयवपुषे ॥१५॥ वाञ्छितार्थप्रदः श्रीमान्विघ्नौघदलनक्षमः । श्रीगणेशः सदा मेऽस्तु श्रीकृष्णावतरः श्रिये ॥१६॥ श्रीमच्छतानन्दकृतेऽत्र रम्ये सन्दर्भ सारेऽखिलवेदसारः । सुस्पष्टमैकान्तिक धर्म उक्तः स्याद्येन सद्यो भवपाशमुक्तिः ॥१७॥ साक्षाद्धरौ सकललोकगुरौ रसाया अन्तर्हिते ननु मुमुक्षुजनैकबन्धौ । निस्तारणाय लघु संसृतिसागरस्य नौकेदमेव भुवि मानवदेहभाजाम् ॥१८॥ लीलारसो हि सकलोऽमृतदिव्यमूर्तेः स्वेच्छानराकृतिधृतो भुवि धर्मसूनोः । सत्सङ्गिनां परमजीवनमस्त्यतोऽसौ सम्यङ्निरूपित इहेति स पीयतां तैः ॥१९॥ एतत्पुण्यमलं पवित्रममलं सद्धर्मशास्त्रं परं धर्मज्ञानविरागभक्तिनिभृतं सेव्यं सतां नित्यदा । पापौघप्रशमं नृणां कलिमलप्रक्षालनं सर्वथा जाड्यध्वान्तनिवारणं सुकृतिभिः सम्प्राप्यते नेतरैः ॥२०॥ सकलधर्मविनिर्णयमञ्जसा सकलशास्त्रमतभ्रमवारणम् । सकलवाञ्छितपूरणमुत्तमं सकललोकमनःश्रुतिरञ्जनम् ॥२१॥ विविधसंशयशल्यसमुद्धरं श्रवणमात्रत एव कुबुद्धिहृत् । मदनकोपमुखारिभियापहं जयति शास्त्रमिदं कविभूषणम् ॥२२॥ पुण्यं भुवि कुरुक्षेत्रं धर्मवृद्धिमभीप्सुभिः । सेव्यमानं सुमतिभिर्वर्षे भवति भारते ॥२३॥ ब्रह्मर्षिः सुव्रतस्तत्र भक्त

---

પણ ભગવાન ક્યાં છું' એવાએવા અનેકાનેક કોમળ વચનોથી પોતાના નિત્યસિદ્ધ અતર્ક્ય-અપાર દિવ્ય ઐશ્વર્યને ઢાંકી મનુષ્યલીલાનો વિસ્તાર કરનારા છો. પોતાના આશ્રિત વર્ગનું હિતચિંતવન કરનારા, સાચા ગુરૂ છો. શ્વેત વસ્ત્રયુગલને ધારનાર છો. આપશ્રીની કીર્તિ સમુદ્રપર્યંત ગવાયેલી છે. ષડ્ ઐશ્વર્યનાં ગુણનિધિ તમે હૃદયકમળમાં ધ્યાન કરવા યોગ્ય પરમ ધ્યેય મંગળમૂર્તિ સ્વરૂપ છો એવા હે હરિ ! તમારા ચરણોમાં હું વંદન કરું છું. (૧૫)

**ગણપતિનું સ્તવન :-** તેમજ ભગવાન શ્રીકૃષ્ણનાં અવતાર સ્વરૂપ ઈચ્છિત મનોરથને સફળ કરનારા, સિદ્ધિ અને બુદ્ધિ સ્વરૂપા પત્નિએ સહિત, વિઘ્નોના સમુદાયનો વિનાશ કરવામાં સમર્થ શ્રીવિઘ્નવિનાયક દેવ મને ગ્રંથની રચનામાં હંમેશા નિર્વિઘ્નપણે સમાપ્તિરૂપે શ્રેયસ્કારી થાઓ. (૧૬)

**ગ્રંથ માહાત્મ્ય :-** ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી શ્રીશતાનંદ મુનિએ આ સત્સંગિજીવન ગ્રંથની રચના કરી છે.( અહીં'શ્રીમત્ શતાનંદકૃતે' આ શ્લોકની હેતુ સહિત વ્યાખ્યા કરતા સદ્‌ગુરુ શ્રી શુકાનંદ મુનિ કહે છે : શ્રીમાન્- અર્થાત્ જેમને વિષે એકાંતિક ધર્મને જોઈને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પ્રસન્નતારૂપી શ્રી એટલેકે સંપત્તિ પ્રાપ્ત થયેલી છે એવા શ્રી શતાનંદ મુનિએ શ્રીહરિની કૃપાથી ત્રૈકાલિક-સર્વજ્ઞપણાને પામીને આ ગ્રંથની રચના કરેલી છે. એવો શ્રીમત્ શબ્દના પ્રયોગનો ભાવાર્થ છે.) આ ગ્રંથ ભગવાન શ્રીહરિના લીલા ચરિત્રરસથી સભર છે. અતિ સુંદર છે અને આઠ સત્શાસ્ત્રના સારરૂપ છે. આ ગ્રંથમાં સમગ્ર વેદોના સારભૂત એકાંતિક ધર્મનું સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. જે એકાંતિક ધર્મના અનુષ્ઠાનથી જીવાત્માની ભવબંધનમાંથી તત્કાળ મુક્તિ થાય છે. (૧૭) સમગ્ર લોકના ગુરુ અને મુમુક્ષુ જીવોના આત્મબંધુ પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિ આ લોકમાંથી અંતર્ધાન થયા પછી આ સત્સંગિજીવન ગ્રંથ એજ સર્વે મનુષ્યોને તત્કાળ ભવસાગર પાર કરવા માટે નૌકા સમાન છે. (૧૮)

પૃથ્વી પર સ્વેચ્છાથી મનુષ્યશરીર ધારણ કરનારા તેમજ અમૃતસ્વરૂપ ધર્મપુત્ર શ્રીહરિનાં લીલાચરિત્ર રૂપી અમૃતરસ આશ્રિતોનું પરમ જીવન છે. તેથી તેનું આ ગ્રંથમાં સારી રીતે નિરૂપણ કર્યું છે. એટલા માટે હે રસજ્ઞ, ભાવિક ભક્તજનો ! તમોએ આ શ્રીહરિની લીલારૂપી અમૃતનું રસપાન યથેષ્ટ કરવું. (૧૯)

આ સત્સંગિજીવન નામનું ધર્મશાસ્ત્ર જેમનાં અનંત જન્મનાં સુકૃત ઉદય થયા હોય તેવા મનુષ્યોને જ પ્રાપ્ત થાય છે પણ બીજાને મળતું નથી. આ સદ્‌ગ્રંથ અનેક જન્મનાં પુણ્યનું ફળ છે. સાંભળનાર શ્રોતા અને કહેનાર વક્તાને પણ પાવન કરનાર આ ગ્રંથ સર્વથા નિર્દોષ છે. ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યયુક્ત ભગવત્ ભક્તિરસથી ભરપૂર છે. આ ગ્રંથ સત્પુરુષોએ નિત્ય સેવન કરવા યોગ્ય છે. આ ગ્રંથ મનુષ્યોનાં પાપના પુંજને પ્રજાળનાર છે તેમજ કલિના દોષને દૂર કરનાર છે. આ ગ્રંથ જડતારૂપી અંધકારને દૂર કરનાર છે. આ ગ્રંથમાં વર્ણાશ્રમાદિ ધર્મનાં બધાં જ અંગોનો સુંદર નિર્ણય કરવામાં આવ્યો છે. આ ગ્રંથ સમગ્ર શાસ્ત્રોના સિદ્ધાંતોમાં વિરોધાભાસ રૂપી ભ્રમણાઓને દૂર કરનાર છે. આ ગ્રંથ ઈચ્છિત મનોરથને પૂર્ણ કરનાર હોવાથી સર્વોત્તમ છે તથા આ ગ્રંથ સાંભળવા માત્રથી ભગવત્ ભક્તોનાં મન અને કાનને આનંદ ઉપજાવે છે. (૨૦/૨૧) આ ગ્રંથના શ્રવણ માત્રથી જીવાત્માઓનાં હૃદયમાંથી વિવિધ સંશયો રૂપી શલ્ય નાશ પામે છે. આ ગ્રંથ કુબુદ્ધિને હરનાર તથા કામક્રોધાદિ શત્રુઓના ભયને નાશ કરનાર તેમજ કવિજનોના આભૂષણ સ્વરૂપ હોવાથી સર્વોપરિ વર્તે છે. (૨૨)

**સુવ્રતમુનિનું જીવન ચરિત્ર :-** આ ભૂમિ ઉપર ભરતખંડને વિષે કુરુક્ષેત્ર નામનું પાવનકારી પ્રખ્યાત તીર્થ આવેલું છે. જે તીર્થ ધર્મની અભિવૃદ્ધિ ઈચ્છતા બુદ્ધિશાળી મહાપુરુષોએ સેવવા યોગ્ય અને અતિ પવિત્ર છે. (૨૩) ધર્મ, જ્ઞાન,



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

आसीद्धरेर्महान् । स्वधर्मज्ञानवैराग्यशान्त्यादिगुणमण्डितः ॥२४॥ भक्त्या वशीकृतो येन गृह्णाति भगवान्स्वयम् । पूजोपहारान् सकलान् प्रत्यक्षं प्रतिवासरम् ॥२५॥ ज्ञानं त्रैकालिकं प्राप्तः प्रसादादेव तस्य यः । वेद्यश्च भगवद्भक्तैर्विशुद्धधिषणैर्नृभिः ॥२६॥ सोऽन्तर्हिते भगवति हरौ गुर्वाज्ञया मुनिः । तीर्थानि व्यचरद्भूमावज्ञान् सद्वर्त्म दर्शयन् ॥२७॥ वृन्दावनं स काशीं च गत्वा तीर्थविधौ रतः । प्रापज्जगन्नाथपुरीमुपकण्ठे महोदधेः ॥२८॥ दत्ते यत्र स्वभक्तेभ्यः कृष्णः साक्षात्स्वदर्शनम् । पृथिव्यां नोपमा यस्याः प्रतापातिशयाद्धरेः ॥२९॥ यत्र पञ्चसु कालेषु प्रातरादिषु चान्वहम् । जायते वासुदेवस्य महानेवार्चनोत्सवः ॥३०॥ तत्क्षेत्रदर्शनप्राप्तपरमानन्द आत्मनः । आवासमकरोत्तत्र चक्रतीर्थेऽतिपावने ॥३१॥ प्रत्यहं पञ्चकालं च श्रीजगन्नाथदर्शनम् । चकार पालयन् धर्मं भक्तिं च नवधा हरेः ॥३२॥ प्राप्तेभ्यः स्वान्तिकं नृभ्यो मुमुक्षुभ्य उपादिशत् । कृष्णभक्तिं स्वधर्मं च निर्मानो विजितेन्द्रियः ॥३३॥ तत्रागतोऽभूद्राजर्षिर्गुर्जराणामधीश्वरः । नाम्ना प्रतापसिंहश्च त्यक्तराज्यो विरागवान् ॥३४॥ धर्मी कृष्णस्य भक्तश्च तत्प्रत्यक्षेक्षणोत्सुकः । अवसत्सोऽपि तत्रैव तीर्थे सत्सङ्गलालसः ॥३५॥ स एकदा तमद्राक्षीदासीनं कौश आसने । बोधयन्तं मुमुक्षून् नॄन् कृष्णमाहात्म्यमादरात् ॥३६॥ तपस्विनं प्रशान्तं च स्वधर्मस्थं शुचिं मृदुम् । पालयन्तं ब्रह्मचर्यं तितिक्षुं सिद्धयोगिनम् ॥३७॥ विवेकवैराग्ययुतं जितान्तर्वैरिणं स्थिरम् । आत्मनिष्ठं वैष्णवेन्द्रं पटुं सद्धर्मबोधने ॥३८॥ साधुलक्षणसम्पन्नं पूर्णकाममवेत्य तम् । विनयेनोपसाद्याथ प्रणम्योवाच

---

વૈરાગ્ય, શાંતિ આદિ સદ્‌ગુણોથી શોભિત તેમજ ભગવાનના એકાંતિક ભક્ત બ્રહ્મર્ષિ સુવ્રતમુનિ આ પાવનકારી તીર્થભૂમિમાં નિવાસ કરી રહેતા હતા. (૨૪) તેમની ભક્તિથી વશ થયેલા પરમાત્મા સ્વયં તેમણે અર્પણ કરેલી સમગ્ર પૂજા સામગ્રીને પ્રત્યક્ષ સ્વીકારતા હતા. (૨૫) શ્રીહરિની કૃપાથી સુવ્રતમુનિને ત્રણ કાળનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ સુવ્રતમુનિને વિશુદ્ધ બુદ્ધિવાળા કોઈક વિરલ ભગવદ્ ભક્તોજ ઓળખી શકે એવા તે હતા. (૨૬)

ભગવાન શ્રીહરિ આ લોકમાંથી અંતર્ધાન થયા પછી ગુરુવર્ય શ્રીશતાનંદ સ્વામીની આજ્ઞાથી સુવ્રતમુનિ પૃથ્વી ઉપર રહેલા અજ્ઞાની જીવોને ભગવદ્ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય બતાવતા તીર્થોમાં વિચરણ કરતા હતા. (૨૭) તપશ્ચર્યારૂપ તીર્થવિધિના નિયમોનું પાલન કરતા સુવ્રતમુનિ કાશી, વૃંદાવન વગેરે તીર્થોમાં ફરતા ફરતા સમુદ્રને કિનારે આવેલા તીર્થરાજ **જગન્નાથપુરી**ને વિષે આવ્યા. (૨૮) જે તીર્થને વિષે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભકતજનોને સાક્ષાત્ દર્શન આપે છે. તેથી શ્રીહરિના પ્રતાપથી પૃથ્વીમાં અત્યંત પ્રભાવશાળી આ તીર્થસ્થાનની ઉપમા આપી શકાય તેવાં અન્ય કોઈ તીર્થસ્થાનો નથી. (૨૯)

જે તીર્થભૂમિમાં દરરોજ પાંચ વખત ભગવત્ પૂજન અર્ચનનો મહાન ઉત્સવ ઉજવાય છે. (૩૦) પાવનકારી આ તીર્થનાં દર્શનથી સુવ્રતમુનિને અતિશય આનંદ થયો અને ત્યાં જ **ચક્રતીર્થ** નામના પવિત્ર સ્થળમાં નિવાસ કર્યો. (૩૧) ત્યાં સ્વધર્મનું પાલન કરવા પૂર્વક શ્રીહરિની નવ પ્રકારની ભક્તિપરાયણ રહેતા સુવ્રતમુનિ નિત્ય પાંચ વખત શ્રીજગન્નાથ ભગવાનના દર્શન કરતા હતા. (૩૨) સુવ્રતમુનિ નિર્માની અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવનારા સાધુ પુરુષ હતા. તેમજ પોતાની સમીપે આવેલા મુમુક્ષુ જીવોને સ્વધર્મનું પાલન અને ભગવદ્‌ભક્તિ કરવાનો ઉપદેશ આપતા હતા. (૩૩)

**સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ રાજાનું મિલન :-** તીવ્ર વૈરાગ્યથી રાજ્યનો ત્યાગ કરી ગુજરાતના-ભાડેર ગામના ભૂમિપતિ પ્રતાપસિંહ નામે રાજા જગન્નાથ પુરીમાં આવ્યા. (૩૪) પ્રતાપસિંહ રાજા ધાર્મિક અને ભગવાનના ભક્ત હતા તેમજ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કરવા માટે ઉત્સુક હતા અને તે હેતુથી જ ત્યાં ચક્રતીર્થમાં જ રહેતા હતા. (૩૫)

**વક્તાનાં આદર્શરૂપ સુવ્રતમુનિની સ્થિતિ :-** ચક્રતીર્થમાં ફરતા ફરતા પ્રતાપસિંહ રાજાએ કોઈ સમયે દર્ભાસન ઉપર બેસી મુમુક્ષુ જીવોને આદરપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણના મહિમાનો બોધ આપતા સુવ્રતમહર્ષિને જોયા. (૩૬) સુવ્રતમુનિ તપમાં નિષ્ઠાવાન અને સ્વભાવે શાંત હતા. સ્વધર્મનિષ્ઠ સુવ્રતમુનિનું બાહ્ય અને આંતર જીવન અત્યંત પવિત્ર હતું. કોમળ ચિત્તવાળા અને બ્રહ્મચર્યનું પાલન કરનારા હતા. સુખદુઃખનાં દ્વન્દ્વોને સહન કરનારા હતા. યોગસિદ્ધિને પામેલા હતા તેમજ આત્મા અનાત્માના યથાર્થ વિચાર રૂપ વિવેક અને વૈરાગ્યથી યુક્ત સુવ્રતમુનિએ અંતઃ શત્રુ ઉપર વિજય મેળવ્યો હતો. વિષમ દેશકાળમાં પણ સ્થિર બુદ્ધિવાળા અને આત્મસ્વરૂપમાં અડગ નિષ્ઠાવાળા સુવ્રતમુનિ ભગવત્ ભક્તોમાં શ્રેષ્ઠ તેમજ સદ્‌બોધ આપવામાં ચતુર હતા. (૩૭/૩૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

भूपतिः ॥३९॥ मुनिवर्य ! प्रपन्नोऽस्मि त्वामहं साधुलक्षणम् । मुच्येय संसृतेर्येन तन्मे त्वं वक्तुमर्हसि ॥४०॥ इति पृष्टः स विप्रर्षिर्मानयित्वा तमादरात् । उवाच नृपतिं प्रीतो मुमुक्षुजनवल्लभः ॥४१॥ साधु पृष्टं त्वया भूप ! यतोऽस्ति हितमात्मनः। कार्यं नृदेहेनैतद्वै यद्विमुच्येत संसृतेः ॥४२॥ कृष्णस्यास्य जगन्नाथनाम्नो नवविधां नृप ! । कुरु भक्तिं तयैव त्वं प्राप्स्यसे श्रेय ईप्सितम् ॥४३॥ इत्युक्तः शिरसाऽऽदाय तद्वाक्यं स तथाऽकरोत् । समागमं च निश्छद्म मुनेस्तस्यानुवासरम् ॥४४॥ इत्थं हि भजतः कृष्णं तस्यासीन्निर्मला मतिः । ततो मुनिमवैद्राजा साक्षाच्छ्रीकृष्णसेविनम् ॥४५॥ अथ प्रणम्य तं भूयः प्रोवाच प्राञ्जलिर्नृपः । त्वं साक्षात्कृष्णसेवीति विप्रर्षे ! प्रतिभाति मे ॥४६॥ भाषते हि त्वया कृष्णो भुङ्क्ते चान्नं त्वयार्पितम् । इत्थं हि भाति मे चिह्नैस्तव लोकविलक्षणैः ॥४७॥ समर्थोऽसि ततो ब्रह्मन्मय्यपि त्वमनुग्रहम् । कर्तुमर्हसि येनाहं साक्षाद्वीक्षेय तं प्रभुम् ॥४८॥ एवमुक्तो नृपेणोचे सुव्रतः प्रीतिमान्स तम् । अतीव दुर्लभं नृणां साक्षात्कृष्णेक्षणं नृप ! ॥४९॥ एतदर्थं जहू राज्यं महान्तश्चक्रवर्तिनः । उग्रं तपश्च कुर्वन्ति त्यक्तगेहा विवेकिनः ॥५०॥ धर्मज्ञानविरागादिसाधनानां च सत्फलम् । एतदेवोदितं सद्भिर्यत्साक्षाद्विष्णुतोषणम् ॥५१॥ तथापि स्वेच्छया यर्हि स धर्मं च सतोऽवितुम् । हन्तुं च तद्द्रुहो भूमौ जायते तर्हि दृश्यते ॥५२॥ साक्षाद्दृश्योऽपि सर्वेषामेष वै भगवान् स्वयम् । इति तु ज्ञायते कैश्चिन्न तु सर्वैर्नराकृतिः ॥५३॥ जातोऽभूत् साम्प्रतं भूमौ कोसलेषूत्तरेषु सः । भक्तौ धर्माद्धरिरिति प्रसिद्धः सारवो द्विजः ॥५४॥

પ્રતાપસિંહ રાજા સુવ્રતમુનિને સાધુગુણ સંપન્ન અને પૂર્ણકામ જાણી વિનયપૂર્વક તેમની સમીપમાં આવી સાષ્ટાંગ પ્રણામ કરીને કહેવા લાગ્યા. હે મુનિવર્ય ! હું સાધુગુણ સંપન્ન એવા તમારે શરણે આવ્યો છું. તે માટે તમો જે ઉપાયથી મારી ભવબંધનમાંથી મુક્તિ થાય તેવો ઉપાય મને કહેવાને યોગ્ય છો. (૩૯/૪૦) પ્રતાપસિંહ રાજાના પ્રશ્નથી મુમુક્ષુજનપ્રિય સુવ્રતમુનિ પ્રસન્ન થયા અને રાજાનો સત્કાર કરી આદરથી કહેવા લાગ્યા. (૪૧)

**સુવ્રતમુનિએ પ્રતાપસિંહ રાજાને સદુપદેશ આપ્યો :-** હે રાજન્ ! તમારો પ્રશ્ન સુંદર છે. આવા પ્રશ્નમાં જ પોતાનું આત્મહિત રહેલું છે. સંસારનાં બંધનોમાંથી મુક્તિ મેળવવી એ જ માનવજન્મનું પરમ કર્તવ્ય છે. (૪૨) હે રાજન્ ! જગન્નાથ સ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમની નવ પ્રકારની ભક્તિ કરો. તે ભક્તિ કરવાથી જ તમને ઈચ્છિત આત્યંતિકી મુક્તિ પ્રાપ્ત થશે. (૪૩) સુવ્રતમુનિના આ પ્રકારનાં વચનો મસ્તક પર ચડાવી પ્રતાપસિંહ રાજા તેજ પ્રમાણે વર્તવા લાગ્યા અને પ્રતિદિન નિષ્કપટભાવથી સુવ્રતમુનિનો સમાગમ કરવા લાગ્યા. (૪૪)

શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિથી પ્રતાપસિંહ રાજાની બુદ્ધિ વિશુદ્ધ બની અને સુવ્રતમુનિ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્માની સેવા કરે છે એવાં તેમને દર્શન થયાં. (૪૫) આ પ્રકારની અનુભૂતિ થવાથી સુવ્રતમુનિને પ્રણામ કરી રાજા કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે પ્રગટપણે શ્રીકૃષ્ણ પરમાત્માની પરિચર્યા કરો છો તેવી મને અનુભૂતિ થાય છે. (૪૬) સામાન્ય મનુષ્યોથી વિલક્ષણ ચિહ્નોથી મને પ્રતીતિ થાય છે કે પ્રત્યક્ષ પરમાત્મા તમારી સાથે બોલે છે. તેમજ તમોએ અર્પણ કરેલ ચાર પ્રકારના અન્નનું ભોજન જમે છે. (૪૭) હે બ્રહ્મન્ ! સાક્ષાત્ ભગવાન શ્રીહરિના ઉપાસક તમે સમર્થ છો તેથી આપ મારા ઉપર પણ એવો જ અનુગ્રહ કરો કે, જેથી મને પણ તે કાળમાયાના નિયામક શ્રીહરિનાં સાક્ષાત્ દર્શન થાય. (૪૮)

**ભગવદ્ દર્શનની દુર્લભતા :-** પ્રતાપસિંહ રાજાનાં વચનો સાંભળી પ્રસન્ન થયેલા સુવ્રતમુનિ કહેવા લાગ્યા કે, હે રાજન્! જીવાત્માઓને પ્રત્યક્ષ પરમાત્માનું દર્શન અતિશય દુર્લભ છે. ભગવાનનાં દર્શન માટે તો મોટા મોટા ચક્રવર્તી રાજાઓએ પણ રાજ્યવૈભવનો ત્યાગ કર્યો છે. ઘરબારનો ત્યાગ કર્યો છે. તેમજ આત્માઅનાત્માનો વિવેક પ્રાપ્ત કરી ઉગ્ર તપશ્ચર્યા કરી છે. (૪૯/૫૦) અને પ્રત્યક્ષ પરમાત્માની પ્રસન્નતા થાય એજ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિક સાધનોનું સર્વોત્તમ ફળ છે. આ પ્રમાણે નારદાદિ સત્પુરુષોએ કહેલું છે. (અર્થાત્ પ્રસન્ન થયેલા પરમાત્મા દર્શન આપે છે.)(૫૧) પ્રત્યક્ષ પરમાત્માનું દર્શન દુર્લભ હોવા છતાં ભગવાન જ્યારે સ્વેચ્છાથી ભાગવત ધર્મ અને સત્પુરુષોનું રક્ષણ કરવા તેમજ તેમના દ્રોહી અસુરોનો વિનાશ કરવા પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે સર્વજનોના નયનગોચર બને છે. (૫૨) મનુષ્યાકૃતિમાં રહેલા પરમાત્મા પ્રત્યક્ષ દેખાતા હોવા છતાં પણ 'આ ભગવાન જ છે' આવા પ્રકારનું જ્ઞાન તો કોઈક વિરલ પુરુષોને જ થાય છે. પણ સર્વને થતું નથી. (૫૩) તે પરમાત્મા હાલ આ પૃથ્વી ઉપર ઉત્તર કૌશલ દેશમાં સરવરિયા બ્રાહ્મણ જ્ઞાતિમાં પવિત્ર ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રગટ થઈ **'હરિ'** નામે સુપ્રસિદ્ધ થયાં. (૫૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

साक्षात्स मां हि मिलितोऽनुग्रहं कृतवान्मयि । तेन तं सर्वदा राजन् ! वीक्षे निजदृशोऽग्रतः ॥५५॥ जनमङ्गलमूर्तिः स प्रभुः साम्प्रतमेव हि । अन्तर्हितोऽभवत्स्वानां मनांस्याकृष्य चात्मनि ॥५६॥ गुर्वाज्ञया चराम्यत्र तीर्थोद्देशेन भूतले । मुमुक्षून्प्रति तद्वार्ताः कुर्वन्नार्षभवर्तनः ॥५७॥ मुनिवाक्यमिति श्रुत्वा सोऽतिहृष्टमना नृपः । प्रणम्योवाच तं भूयो बद्धाञ्जलिपुटः सुधीः ॥५८॥ राजोवाच – अहो ! भाग्यं मम ब्रह्मन्नद्य मे सफलं जनुः । यत्त्वत्समागमं प्राप्तः सुराणामपि दुर्लभम् ॥५९॥ करुणा भगवद्भक्ताः पूर्णकामा अपि क्षितौ । अनुग्रहाय जीवानां विचरन्ति मुमुक्षताम् ॥६०॥ अतस्त्वं कृपया ब्रह्मंश्चरित्रं सकलं हरेः । वक्तुमर्हसि मे तस्य यथादृष्टं यथाश्रुतम् ॥६१॥ आविरासीद्यथा भूमौ यद्यच्च कृतवान्प्रभुः । तत्तच्छुश्रूषवे मह्यमव्यग्रमनसे वद ॥६२॥ इति क्षितीशेन हरेश्चरित्रं श्रद्धावता तेन हिताय पृष्टः । यथाश्रुतं स्वेन तथा स सर्वं प्रवक्तुमारेभ ऋषिः प्रसन्नः ॥६३॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे सुव्रतप्रतापसिंहसमागमनामा प्रथमोऽध्यायः ॥१॥

सुव्रत उवाच – सततं निजमूर्तिचिन्तकानामधिकश्वेतमनोहरप्रकाशे । हृदि दर्शितरम्यदिव्यरूपं भगवन्तं तमहं हरिं नमामि ॥१॥ शरणागतदेहिनां च मायां त्रिगुणां यश्च कठोरकर्मबन्धान् । करुणार्द्रदृशैव नाशयित्वा नयति ब्रह्मपुरं सुदुर्लभं तान् ॥२॥ निजनेत्रचकोरचन्द्रमीशं विलसन्तं हृदये बहिश्च रम्यम् । कमलाभयदानपाणिमीडे जलदश्यामतनुं

---

તે પરમાત્માનું મને પ્રત્યક્ષ મિલન થયું છે. અને એ પરમાત્માએ મારી ઉપર અતિશય અનુગ્રહ કર્યો છે તેથી હે રાજન્! તે શ્રીહરિને હું સદાય મારી નજર સમક્ષ પ્રત્યક્ષ દર્શન કરું છું. (૫૫) સર્વોજનોનું શ્રેય કરનાર મંગલમૂર્તિ ભગવાન શ્રીહરિ હમણા થોડા સમયમાં જ ભકતજનોનાં મનને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરીને અંતર્ધાન થઈ ગયા છે. (૫૬) મારા ગુરૂ શતાનંદસ્વામીની આજ્ઞાથી ઋષભપુત્ર જડભરતનાં જેવું નિર્માનત્વાદિરૂપ વર્તન રાખી મુમુક્ષુ આત્માઓની આગળ તે શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોની વાર્તા કરતો કરતો તીર્થયાત્રાનાં મિષથી આ ભૂમિ પર વિચરુ છું. (૫૭)

આ રીતે સુવ્રતમુનિનાં શાંતિ પમાડનારાં વાક્યામૃતોનું પાન કરી વિશુદ્ધ બુદ્ધિવાળા પ્રતાપસિંહ રાજા મનમાં અતિશય પ્રસન્ન થયા અને બે હાથ જોડી સુવ્રતમુનિને પ્રણામ કરી ફરી કહેવા લાગ્યા. (૫૮) હે બ્રહ્મન્ ! હું અતિશય ભાગ્યશાળી છું. આજે મારો મનુષ્યજન્મ સુફળ થયો. કારણ કે દેવતાઓને પણ દુર્લભ એવો આપનો સમાગમ મને પ્રાપ્ત થયો છે. (૫૯) કરુણાશાળી આપના જેવા સત્પુરુષો પૂર્ણકામ હોવા છતાં મુમુક્ષુ જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ કરવા રૂપ અનુગ્રહને અર્થે જ આ ભૂમિ ઉપર વિચરણ કરે છે. (૬૦) તે માટે હે બ્રહ્મન્ ! આપ મારી ઉપર કૃપા કરીને ભગવાને કરેલાં જે જે ચરિત્રો તમે જોયા હોય અને સાંભળ્યા હોય તે બધાં ચરિત્રો મને સંભળાવો. (૬૧) ભગવાન શ્રીહરિ આ ધરતી ઉપર પ્રગટ થયા અને જે જે લીલા ચરિત્રો વિસ્તાર્યાં તે સમગ્ર ચરિત્રો સાંભળવાની મારા મનમાં તીવ્ર ઈચ્છા વર્તે છે. તેમજ તે ચરિત્રો સાંભળવા મારું મન એકાગ્ર બન્યું છે. (૬૨)

ભગવત્‌કથા શ્રવણ કરવામાં શ્રદ્ધાવાન પ્રતાપસિંહ રાજાએ આત્મકલ્યાણને અર્થે શ્રીહરિનાં ચરિત્રો સંબંધી પ્રશ્ન કર્યો તેથી પ્રસન્ન થઈને સુવ્રતમુનિએ પોતે જે પ્રમાણે પોતાના ગુરુ શતાનંદસ્વામીના મુખેથી જે શ્રવણ કર્યા હતા અને પોતે જોયેલા હતા તે પ્રમાણે શ્રીહરિનાં સમગ્ર **ચરિત્રો** કહેવાનો આરંભ કર્યો. (૬૩)

*ઈતિ શ્રી નારાયણ ચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'સુવ્રત-પ્રતાપસિંહસમાગમ'નામે પ્રથમોઅધ્યાયઃ (૧)*

## અધ્યાય : ૨

## શતાનંદમુનિનું બદરીપતિ આરાધન

**ઈશ્વરવંદના :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિને હું વંદન કરું છું. જે શ્રીહરિ નિરંતર પોતાની મૂર્તિનું અખંડ સ્મરણ કરનારા એકાંતિક ભક્તજનોનાં અંતરમાં ઉદ્‌ભવેલા અતિશય શ્વેત રમણીય પ્રકાશને વિષે દિવ્યમંગલ સાકારમૂર્તિનાં દર્શન કરાવનારા છે. તેમજ શરણે આવેલા જીવાત્માઓનાં કઠોર કર્મનાં બંધનો તેમજ અવિદ્યાના આવરણને કરુણા ભરેલી દૃષ્ટિથી ભેદી તેઓને દુર્લભ એવા બ્રહ્મપુર ધામને વિષે લઈ જનારા છે. (૧/૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सिताशुकं तम् ॥३॥ अशेषब्रह्माण्डप्रभुरपि निजेच्छात्तनृतनुर्जयत्येकः स्वामी स च सुरनरेन्द्रार्चितपदः । तमीशामीशानं क्षरपरमहं चाक्षरपरं हरिं वन्दे वाचं मम स हि करोत्वद्य विमलाम् ॥४॥ वैराग्यवेगपरिहातसमेन्द्रियार्थं विष्णुप्रसाद-समिताखिलयोगसिद्धिम् । कृष्णाङ्घ्र्युपासनबलाप्तदृढात्मनिष्ठं तं विष्णुदत्ततनयं स्वगुरुं नमामि ॥५॥ सर्वज्ञतां प्राप्य हरेः प्रसादात्तच्चित्रचारित्रमिदं रचित्वा । योऽपाठयद्व्याससुताकृतिर्नः प्रीतः शतानन्दमुनिः स भूयात् ॥६॥ प्रश्नस्त्वयैष राजर्षे ! कृतः सम्यङ्मुमुक्षुणा । यत्पृच्छसि कथां विष्णोर्जनसंसृतिमोचनीम् ॥७॥ जन्मान्तरसहस्रोत्थो येषां स्यात्पुण्यसञ्चयः । कथायाः श्रवणे बुद्धिस्तेषामेव हरेर्भवेत् ॥८॥ श्रीहरेश्चरितं वर्णी शतानन्दो जुगुम्फ ह । तत्कृपालब्धसार्वज्ञ्यः सिद्धयोगः कुशाग्रधीः ॥९॥ तदहं परमं पुण्यं नृप ! सत्सङ्गिजीवनम् । तस्मादेव ह्यधिगतमशेषं कथयामि ते ॥१०॥ राजोवाच - कोऽसौ शतानन्दमुनिः क्व जातः कस्य वा सुतः । कथं चाप्रीणयद्विष्णुं क्वेदं व्यरचयत्स च ॥११॥ एतन्मे मुनिवर्य ! त्वं ब्रूहि सर्वं बुभुत्सते । सर्वज्ञस्य न ते किञ्चिदविज्ञातं महामुने ! ॥१२॥ अहमव्यग्रचित्तोऽस्मि त्यक्तग्राम्यसुखैषणः। ततः श्रावय तच्छास्त्रं शुश्रूषुं मामशेषतः ॥१३॥ इति भूपतिना तेन पृष्टो भागवतो द्विजः । यथानुभूतं तत्सर्वं कथयामास तं मुदा ॥१४॥ सुव्रत उवाच - अस्ति भूमितले पुण्या नगरी मिथिला नृप ! । तस्यामभूद्द्विजवरो विष्णुदत्तोऽतिधार्मिकः ॥१५॥

ભગવાન શ્રીહરિની હું સ્તુતિ કરું છું. જે શ્રીહરિ ભકતજનોનાં નેત્રરૂપી ચકોર પક્ષીને ચંદ્રમાની પેઠે આનંદ ઉપજાવનારા છે. તેમજ ભક્તોનાં હૃદયકમળમાં અને બહાર તેમનાં નેત્રોની આગળ અતિ રમણીય પણે શોભતા, ઈશ અર્થાત્ સમગ્ર ઐશ્વર્યના સ્વામી છે. તેમજ જમણા હાથમાં કોમળ કમળ ધારણ કરનારા અને ડાબા હાથથી અભય આપનારા છે. નવીન મેઘ સમાન શ્યામ સુંદર દિવ્ય શરીરને ધારણ કરનારા છે. તેમજ શ્વેતવસ્ત્રથી શોભી રહ્યા છે. (૩)

અનંતકોટિ બ્રહ્માંડના સ્વામી હોવા છતાં પણ સ્વેચ્છાથી મનુષ્ય શરીરને ધારણ કરનારા શ્રીહરિ તમે અદ્વિતીય તેમજ એક છો અર્થાત્ તમારા સમાન અથવા તમારાથી અધિક શ્રેષ્ઠ આ જગતમાં બીજું કોઈ નથી. તેમજ બ્રહ્માદિ દેવતાઓ તમારાં ચરણ પૂજે છે. તમે સર્વના નિયંતા છો. ઈશ્વરોના પણ ઈશ્વર છો. ક્ષર અને અક્ષરથી પણ પર તમે સર્વ પ્રકારે જયકારી પ્રવર્તો છો. તમારાં ચરણમાં હું દાસભાવે વંદન કરું છું. તમે મારી વાણીને વિશુદ્ધ બનાવો. (૪)

**ગુરુવંદના :-** વૈરાગ્યના વેગથી પંચવિષયોનો ત્યાગ કરી સર્વના અંતર્યામી શ્રીહરિની કૃપાથી સમસ્ત યોગસિદ્ધિને પામેલા તેમજ એ પ્રત્યક્ષ પરમાત્માનાં ચરણકમળની ઉપાસનાના બળથી દૃઢ આત્મનિષ્ઠાને પામેલા મિથિલા દેશના વિષ્ણુદત્ત વિપ્રના પુત્ર પણે પ્રગટ થયેલા તે મારા ગુરુ શતાનંદસ્વામીને હું પ્રણામ કરું છું. (૫) મહર્ષિ વેદ વ્યાસના પુત્ર શુકદેવજી સમાન આકૃતિવાળા શતાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિની કૃપાથી ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના પ્રભાવથી તેઓશ્રીએ શ્રીહરિનાં આશ્ચર્યકારી ચરિત્રોથી સભર આ સત્સંગિજીવન ગ્રંથની રચના કરી એ ગ્રંથ મને ભણાવ્યો. તે મારા ગુરુ શતાનંદ સ્વામી મારા ઉપર પ્રસન્ન થાઓ. (૬)

હે રાજન્ ! તમે મુમુક્ષુ છો. તમે અતિ સુંદર પ્રશ્ન કર્યો છે. કારણ કે ભગવત્ કથા સંબંધી પ્રશ્ન મનુષ્યોને સંસારનાં બંધનોથી મુકાવનાર છે. (૭) જે મનુષ્યનાં હજારો જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તેને જ ભગવત્ કથા શ્રવણ કરવામાં સદ્ રુચિ ઉત્પન્ન થાય છે. (૮) શ્રીહરિની કૃપાથી સર્વજ્ઞ બનેલા તેમજ યોગસિદ્ધિને પામેલા, સૂક્ષ્મબુદ્ધિવાળા, બ્રહ્મચર્યનું પાલન કરનારા, મારા ગુરુ શતાનંદ સ્વામીએ પ્રત્યક્ષ શ્રીહરિનાં ચરિત્રોનો ગ્રંથ રચ્યો છે. તે ગ્રંથનો અભ્યાસ તેમની પાસેથી મેં કર્યો છે. તે સર્વોત્કૃષ્ટ આ ગ્રંથ હું તમને સંભળાવું છું. (૯/૧૦)

**પ્રતાપસિંહ રાજા પુછે છે-**હે મુને ! શતાનંદ મુનિ કોણ હતા ? તેમની જન્મભૂમિ કઈ હતી ? તે કોના પુત્ર હતા? તેમણે હરિને કયા સાધનથી પ્રસન્ન કર્યા ? અને તેમણે સત્સંગિજીવન ગ્રંથની રચના કયા સ્થાનમાં રહીને કરી ? આ બધું જાણવાની મને ઈચ્છા છે. હે મહામુનિ ! તમે સર્વજ્ઞ હોવાથી તમારાથી અજાણ્યું કાંઈ પણ નથી. તેમજ માયિક પંચવિષયોના ભોગની ઈચ્છાનો ત્યાગ કરવાથી મારું મન એકાગ્ર બન્યું છે. તે હેતુથી સમગ્ર સત્સંગિજીવન ગ્રંથને સાંભળવાની મારા મનમાં ઈચ્છા વર્તે છે. માટે તમે મને તેની કથા સંભળાવો. (૧૧ થી ૧૩) પ્રતાપસિંહ રાજાના પૂછવાથી શ્રીહરિના એકાંતિક સંતવર્ય શ્રી **સુવ્રતમુનિ** પોતે જે જે અનુભવ્યા હતા તે સર્વે ભગવાન શ્રીહરિના ચરિત્ર પ્રેમપૂર્વક પ્રતાપસિંહરાજાને કહેવા લાગ્યા. (૧૪)

**શતાનંદસ્વામીનું જીવનચરિત્ર :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પૃથ્વી ઉપર મિથિલા નામની પવિત્ર નગરી આવેલ છે. તે નગરીમાં ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા વિષ્ણુદત્ત નામના શ્રેષ્ઠ વિપ્ર રહેતા હતા. (૧૫)

तस्य पुत्रः शतानन्दो नैष्ठिकं व्रतमास्थितः । ख्यातो गुणगणैः सद्भिर्गुरुशुश्रूषकोऽभवत् ॥१६॥ वेदशास्त्रपुराणज्ञः पञ्चरात्रार्थकोविदः । विषयेषु विरक्तश्च स्वधर्माचलसंस्थितिः ॥१७॥ शास्त्रेण चक्षुषा चासौ दैवमानुषलक्ष्मवित् । सदसद्व्यक्तिविच्छान्त उदारो मृदुभाषणः ॥१८॥ अहिंसवृत्तिः करुणः सत्समागमनिर्वृतिः । पारोक्ष्येण भजन्विष्णुं तत्प्रत्यक्षेक्षणैषणः ॥१९॥ पश्यन्ति हि हरिं साक्षाद्दृढभक्ता मुमुक्षवः । इति निश्चितवान् शास्त्रदृष्ट्या स च तथाविधः ॥२०॥ भक्त्या श्रीमद्भागवतं पठति स्म स नित्यदा । तदर्थं चापि मनसा व्यचिचिन्तद्रहः स्थितः ॥२१॥ एकदा पञ्चमस्यासौ स्कन्धस्यार्थं विचिन्तयन् । उपास्यं भारते वर्षे नरनारायणं ह्यवैत् ॥२२॥ स च प्रत्यक्ष एवास्ते विशालायां तपश्चरन् । आकल्पान्तं स्वयं जुष्टो नारदेनोद्धवेन च ॥२३॥ अथोत्कस्तद्दिदृक्षायै करिष्यन्सफलां नृताम् । तैर्थिकैः सह स प्रायाज्जनैर्बदरिकाश्रमम् ॥२४॥ यत्र साक्षाद्विष्णुपदी गङ्गाऽस्ति भवमोचनी । पुण्यं नारदकुण्डं च तप्तकुण्डमघापहम् ॥२५॥ उर्वशीसङ्गमं तीर्थं यत्र पञ्चशिलास्तथा । पुण्याः सन्ति च तीर्थानि यत्रान्यान्यपि भूरिशः ॥२६॥ अक्षयाख्यतृतीयायां प्राप्य तं तत्र स द्विजः । नारायणर्षेरकरोदर्चारूपस्य दर्शनम् ॥२७॥ धर्मशास्त्रानुसारेण तैर्थिकं विधिमाचरन् । तत्रैवावासमकरोद्वर्णीन्द्रोऽनाकुलान्तरः ॥२८॥ सहागतेषु लोकेषु कृत्वा यात्रां गतेष्वथ । प्रसादयितुमारेभे नारायणमृषिं

તેમને ત્યાં શતાનંદ નામના પુત્ર થયા. તે શતાનંદમુનિ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારા, અનેક રૂડા સદ્ગુણોથી વિખ્યાત અને ગુરુસેવા પરાયણ જીવન જીવનારા હતા. (૧૬) વેદ શાસ્ત્ર અને પુરાણોને જાણનારા, પંચરાત્રશાસ્ત્રમાં પ્રવીણ તેમજ પંચવિષયોમાં વૈરાગ્યવાન શતાનંદ મુનિ સ્વધર્મને વિષે દૃઢ મતિવાળા હતા. (૧૭)

શતાનંદ મુનિ શાસ્ત્રરૂપી દૃષ્ટિથી દેવ અને મનુષ્ય સંબંધી લક્ષણોને જાણનારા, સત્ અસત્‌ના વિવેકી, શાંત, ઉદાર તથા મૃદુભાષી હતા. (૧૮) શતાનંદ મુનિ અહિંસાધર્મનું પાલન કરનારા, દયાળુ સ્વભાવના, સત્પુરુષનો સમાગમ કરી આનંદ મેળવનારા તેમજ પરોક્ષભાવે ભગવાનનું ભજન કરનારા હતા. અને તેમના અંતરમાં ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઈચ્છા પણ વર્તતી હતી. (૧૯)

'સંસારનાં બંધનોથી મુક્ત થવાની ઈચ્છા ધરાવતા દૃઢ મુમુક્ષુ એવા નિષ્ઠાવાન ભક્તોને ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન થાય છે.' આ પ્રકારનાં શાસ્ત્રનાં વચનથી દૃઢ નિશ્ચય કરી પોતે પણ તેવા જ નિષ્ઠાવાન ભક્ત થયા. (૨૦) શતાનંદ મુનિ નિરંતર ભક્તિભાવપૂર્વક શ્રીમદ્ભાગવત પુરાણનો અભ્યાસ કરતા અને એકાંતમાં બેસી એકાગ્ર ચિત્તથી તેમના અર્થનો વિચાર કરતા હતા. (૨૧) એક સમયને વિષે શતાનંદ મુનિ શ્રીમદ્ભાગવતના પંચમ સ્કન્ધના અર્થનો વિચાર કરી રહ્યા હતા, ત્યારે 'ભરત ખંડમાં ઉપાસ્ય સ્વરૂપ શ્રીબદરિપતિ નરનારાયણ ભગવાન છે.' એમ તેમણે જાણ્યું. (૨૨) એ ભગવાન બદરિકાશ્રમમાં પ્રત્યક્ષ બિરાજમાન થઈ જીવોના કલ્યાણને અર્થે કલ્પપર્યંત તપશ્ચર્યા કરે છે. તેમજ તે પરમાત્માની નારદ, ઉદ્ધવ વગેરે મુક્તો સેવા કરે છે. (૨૩)

**શતાનંદમુનિનું બદરિકાશ્રમમાં આગમન :-** આ પ્રમાણે ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન માટે આતુર શતાનંદ મુનિ પોતાના માનવ જન્મને સફળ બનાવવા ઘરનો ત્યાગ કરી, તીર્થયાત્રાળુઓની સાથે બદરિકાશ્રમમાં આવ્યા. (૨૪) તે બદરિકાશ્રમને વિષે સાક્ષાત્ પરમાત્માનાં ચરણકમલમાંથી ઉદ્ભવેલી તેમજ ભવબંધનોથી મુક્ત કરનારી **વિષ્ણુપદી** નામની ભાગીરથી ગંગાજી વહે છે. તથા તે આશ્રમને વિષે પાવનકારી નારદકુંડ અને પાપને પ્રજાળનાર તપ્તકુંડ નામનાં તીર્થો આવેલાં છે. (૨૫) તે આશ્રમને વિષે ઉર્વશીસંગમ નામનું તીર્થ આવેલું છે. વળી જ્યાં નારસિંહી, નારદી વગેરે પાંચશિલાઓ તેમજ પાવનકારી બીજાં બહુ તીર્થસ્થળો આવેલાં છે. (૨૬)

શતાનંદ મુનિએ વૈશાખ શુક્લ ત્રીજને દિવસે બદરિકાશ્રમમાં આવી, અર્ચાસ્વરૂપે બિરાજતા ભગવાન શ્રી નરનારાયણનાં દર્શન કર્યાં (૨૭) તેમજ ધર્મશાસ્ત્રને અનુસારે તીર્થને વિષે કરવાનો સમગ્ર વિધિ કરીને વર્ણિશ્રેષ્ઠ શતાનંદમુનિ મનને એકાગ્ર કરી ભગવાન નરનારાયણના સાનિધ્યમાં જ નિવાસ કરવા લાગ્યા. (૨૮) સાથે આવેલા



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**नृप ! ॥२९॥ विधाय नैत्यकं कर्म प्रत्यहं पुरतो हरेः । पपाठ दशमस्कन्धं सम्पूर्णं विधिवत्सुधीः ॥३०॥ एवं तमाराधयतः कन्दमूलफलाशिनः । व्यतीयुस्तस्य षण्मासा दीर्घदृष्टेरखिद्यतः ॥३१॥ एकादश्यां प्रबोधन्यां दिवा पाठार्चनादि सः । विधाय जागरं चक्रे निराहारो निशि द्विजः ॥३२॥ अथ प्रसन्नो भगवान्दयानिधिस्तस्मै स आत्मीयवपुस्तदेव हि । अदीदृशद्दिव्यमनन्यमानसैर्दृश्यं निजैरद्भुतमात्मसंस्मृतैः ॥३३॥ सहोद्यतानेकदिवाकराभं तं वर्णिवेषं द्विभुजं वयःस्थम् । तपस्विनं श्याममतिप्रशान्तं दृष्ट्वेष्टदेवं सहसा स विस्मितः ॥३४॥ अवेत्य सद्यो बदरीपतिं तमुत्थाय नत्वा धरणौ निपत्य । प्रेमाश्रुनेत्रः पुलकावृताङ्गो बद्धाञ्जलिद्वन्द्व इतीशमैट्ट ॥३५॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शतानन्दकृतबदरीपतिसमाराधननामा द्वितीयोऽध्यायः ॥२॥

शतानन्द उवाच – **श्रीवासुदेव इह सर्वमुमुक्षुलोकक्षेमाय निर्जरऋषिः करुणानिधिस्त्वम् । आकल्पमाचरसि तीव्रतपांसि तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥१॥ श्रीनारदादिमुनिमण्डलसेविताङ्घ्रिं निर्नीडगाढदलसङ्कुलितां विशालाम् । अध्यास्य वेदहृदयस्य निरूपकं त्वां नारायणं ० ॥२॥ देवाङ्गनागणवसन्तसुगन्धिवातैर्युक्तः सुराधिपतिमोहकगायकौघैः । कामोऽपि येन सहसा विजितश्च तं त्वां नारायणं ० ॥३॥**

---

તીર્થયાત્રાળુઓ તીર્થયાત્રા કરીને ત્યાંથી ગયા પછી શતાનંદ મુનિએ ભગવાન શ્રીનારાયણને પ્રસન્ન કરવાનો પ્રારંભ કર્યો. (૨૯)

બુદ્ધિમાન શતાનંદ મુનિ દરરોજ નિત્ય કર્મ સમાપ્ત કરી, અર્ચાસ્વરૂપે બિરાજતા શ્રીનારાયણ ઋષિના સાંનિધ્યમાં વિધિ પ્રમાણે દશમસ્કન્ધનો પાઠ કરવા લાગ્યા. (૩૦) દીર્ઘ દૃષ્ટિવાળા, તપમાં ખેદ નહિ પામનારા તેમજ માત્ર કંદમૂળ અને ફળનો આહાર કરી ભગવાનનું આરાધન કરતા કરતા શતાનંદ મુનિને છ માસ વીતી ગયા. (૩૧) શતાનંદ મુનિએ પ્રબોધિની એકાદશીના દિવસે નિરાહાર રહી દશમસ્કન્ધનો પાઠ કરી ભગવત્પૂજન કર્યું અને રાત્રિએ ભગવદ્‌ગુણ સંકીર્તનની સાથે જાગરણ કર્યું. (૩૨)

**નારાયણ ભગવાનનું દિવ્ય દર્શન :-** જાગરણને અંતે બ્રાહ્મમુહૂર્તમાં કરુણાનિધિ ભગવાન શ્રીનારાયણે પ્રસન્ન થઈ શતાનંદ મુનિને પોતાનું દિવ્ય દર્શન કરાવ્યું. તે ભગવાન જેને દર્શન દેવા ઇચ્છે, એવા અનન્ય નિષ્ઠાવાળા ભક્તોને જ એ સ્વરૂપનાં દર્શન થાય છે. (૩૩) એક સાથે ઉદિત થયેલા અનેક સૂર્યના સરખી ઝળહળતી કાંતિવાળા, બ્રહ્મચારીના વેષને ધારણ કરનારા, દ્વિભુજ, કિશોર અવસ્થાવાળા, તપસ્વી, નવીન નીલમેઘ સમાન શ્યામ શરીરવાળા તેમજ શાંત સ્વરૂપ ઈષ્ટદેવ શ્રીનારાયણ ભગવાનનાં દર્શન કરીને શતાનંદ મુનિ અતિશય વિસ્મય પામ્યા. (૩૪)

અર્ચાસ્વરૂપે દર્શન કરેલા બદરીપતિ શ્રીનારાયણનાં પ્રત્યક્ષ સ્વરૂપે દિવ્ય દર્શન કરતાંની સાથે જ શતાનંદ મુનિ તત્કાળ ઊભા થયા તેમજ પૃથ્વી ઉપર દંડની પેઠે પડી સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. આંખોમાં પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. તેમનું શરીર રોમાંચિત બન્યું અને બે હાથ જોડી ભગવાન નારાયણની સ્તુતિ કરવા લાગ્યા. (૩૫)

*ઈતિ શ્રીનારાયણચરિત્રરૂપ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શતાનંદકૃત બદરીપતિ-સમારાધન' નામે બીજો અધ્યાયઃ (૨)*

## અધ્યાય : ૩
## શ્રીશતાનંદમુનિ-ચરિત્ર વર્ણન

**શતાનંદમુનિએ કરેલી સ્તુતિ :-** શતાનંદ સ્વામી કહે છે, હે બદરિપતિ શ્રીનારાયણ ભગવાન ! હું આપની સ્તુતિ કરું છું. તમે કરુણાના મહાસિંધુ છો. વાસુદેવ ભગવાનના અવતાર સ્વરૂપ છો. ભરતખંડના મુમુક્ષુ જીવાત્માઓના કલ્યાણને અર્થે દેવર્ષિસ્વરૂપે કલ્પપર્યંત તીવ્ર તપશ્ચર્યાને કરનારા મહામુનીશ્વર છો. (૧) નારદાદિ મુનિમંડળો તમારાં ચરણની સેવા કરે છે. તેમજ પક્ષીઓના માળાએ રહિત ઘેઘૂર **'વિશાલા'** નામની બોરડીના વૃક્ષ નીચે વેદિકા ઉપર બેસી મુનિઓની આગળ વેદોનાં રહસ્યને પ્રગટ કરનારા છો. દેવાધિપતિ દેવેન્દ્રને પણ મોહ ઉપજાવનારા ગન્ધર્વોનાં ગાયકવૃંદ સહિત અપ્સરાઓના સમુદાય અને સુગંધીમાન વાસંતી વાયુદેવે સહિત કામદેવનો ક્ષણવારમાં પરાભવ કરનારા છો. (૨/૩) તપસ્વી પુરુષોના તપને બાળી ભસ્મીભૂત કરનાર ક્રોધ, વિષમ દેશકાળમાં પણ તમારા અંતઃકરણને સ્પર્શ કરવા

यन्मानसं जिततपस्विगणोऽपि रोषः स्प्रष्टुं कथञ्चन कदाचन नाऽऽप शक्तिम् । तं त्वां च बिभ्यति यतोऽन्तरवैरिणोऽन्ये नारायणं० ॥४॥ त्वं पूर्णकामपतिरप्यनुवासरं स्वं दैवं च पित्र्यमपि कर्म करोषि काले । सङ्ग्राहयन्नखिलनैष्ठिकवर्णिनस्त्वां नारायणं० ॥५॥ यस्मात्प्रवर्तत इहाखिलसौख्यहेतुः सच्छास्त्रवृन्दमखिलं खलु नैष्ठिकेन्द्रात् । यत्कर्म दुष्करममर्त्यगणैश्च तं त्वां नारायणं० ॥६॥ ये ये निवृत्तिमुपयन्ति विरागवेगात्संसारभीतिजनितादधिभूमि ते ते । यस्याश्रयेण सुखिनोऽत्र भवन्ति तं त्वां नारायणं० ॥७॥ यत्पादपद्ममकरन्दरसैकलुब्धो ब्रह्माण्डसौख्यमखिलं हि कदाचिदेव । रङ्कोऽपि नेच्छति सुखाम्बुधिमेव तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥८॥ मनोरथो मे बहुकालजातस्त्वदीक्षयैवाद्य फलेन पूर्णः । कृपा विधेया मयि भक्तिभाजि तवाङ्घ्रिपद्मे करुणारसार्द्रे ॥९॥ सुव्रत उवाच - इति स्तुवन्तं तमुवाच भक्तं नारायणः स्वाश्रितकल्पवृक्षः । प्रीतोऽस्मि ते मद्वरमीप्सितं त्वं वृणीष्व वर्णिन् ! सकलार्थसिद्धेः ॥१०॥ एवमुक्तो भगवता तं प्रणम्य मुदा पुनः । स ब्रह्मचारी प्रोवाच तत्सेवोत्सुकमानसः ॥११॥ यदि प्रसन्नोऽसि विभो ! वरो देयश्च मे तदा । रक्ष मां स्वान्तिके नित्यं देहि सेवां त्वमात्मनः ॥१२॥ गुणगानं तवैवेह कर्तुमिच्छामि पार्श्वगः । साफल्यं येन वचसः शुद्धिः स्याच्चान्तरात्मनः ॥१३॥ सिद्ध्यैश्वर्यादि नेच्छामि त्वत्तोऽहं किमपि प्रभो! । सांसारिके विरक्तोऽस्मि सुखे मायामये ध्रुवम् ॥१४॥ इत्युक्तवन्तं भगवांस्तमुवाच महामतिम् । ब्रह्मंस्त्वया व्यवसितं सम्यगेतन्मुमुक्षुणा ॥१५॥ किन्त्वहं साम्प्रतं

---

સમર્થ બનતો નથી. તેમજ અન્ય અંતઃશત્રુઓ પણ તમારા થકી થરથર કંપે છે એવા આપની હું સ્તુતિ કરું છું. (૪)

તમે પૂર્ણ થયા છે મનોરથો જેમના એવા યોગીઓનાં સ્વામી છો. છતાં પણ નૈષ્ઠિક બ્રહ્મચારીઓના શિક્ષણને અર્થે દેવ સંબંધી સન્ધ્યાવન્દનાદિ અને પિતૃસંબંધી શ્રાદ્ધાદિક કર્મનું તે તે સમયે આચરણ કરો છો. (૫) આ લોકને વિષે સમગ્ર જીવપ્રાણીમાત્રના સુખમાં કારણભૂત વેદાદિ સત્શાસ્ત્રનું પ્રવર્તન નૈષ્ઠિક બ્રહ્મચારી એવા આપના થકી જ થાય છે. બ્રહ્માદિ દેવતાઓ તે પણ જે વેદાદિશાસ્ત્ર પ્રવર્તનરૂપ કાર્ય કરવા શક્તિમાન થતાં નથી તે કાર્યને કરનારા છો. (૬) દુઃખમય સંસૃતિના ભયથી ઉત્પન્ન થયેલા તીવ્ર વૈરાગ્યથી નિવૃત્તિ ધર્મનો આશ્રય કરીને આ ધરતી પર રહેલા પુરુષોને તમારી શરણાગતિના માધ્યમથી આત્યંતિક સુખના ભાગીદાર બનાવનાર છો. (૭) આપના ચરણકમળના મકરન્દની અભિલાષા ધરાવનાર એક રંક જન પણ સમગ્ર બ્રહ્માંડના સુખની પણ ઈચ્છા ક્યારેય રાખતો નથી. આપ આનંદના મહાનિધિ છો. તેથી હું આપની ભાવપૂર્વક સ્તુતિ કરું છું. (૮)

હે ભગવન્ ! આપનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઘણા વખતથી મનમાં ઈચ્છા હતી. તે ઈચ્છારૂપી મારો મનોરથ આજ આપનાં પ્રત્યક્ષ દર્શનથી પરિપૂર્ણ થયો. આપ કરુણારસથી ભરેલા છો. હું આપનાં ચરણકમળને ભક્તિભાવ પૂર્વક ભજું છું. આપ મારા ઉપર અનુગ્રહ કરો. (૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શતાનંદમુનિએ ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરી. તેમનું સ્તવન સાંભળી પોતાના આશ્રિતો માટે કલ્પવૃક્ષ સમાન ભગવાન શ્રી નારાયણ ઋષિ કહેવા લાગ્યા : હે બ્રહ્મચારિન્ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. હું સમગ્ર ભક્તોના સકલ મનોરથને પરિપૂર્ણ કરનાર છું. તે હેતુથી મારી પાસેથી કંઈક વરદાન માગો. (૧૦)

હે રાજન્ ! ભગવાનનું વચન સાંભળી, તેમની સેવામાં ઉત્સુક મનવાળા શતાનંદવર્ણી શ્રીનારાયણ ઋષિને નમસ્કાર કરી કહેવા લાગ્યા, હે સર્વાન્તર્યામી ! આપ મારી ઉપર પ્રસન્ન થયા હો તો હર્ષથી મને સદૈવ આપની સમીપે રાખો ને આપની સેવા કરવાનો અવસર આપો. (૧૧/૧૨) આ લોકને વિષે આપની સમીપમાં નિવાસ કરી આપના ગુણોનું સંકીર્તન કરવા મારું મન તલસે છે. આપના પાવનકારી ગુણાનુવાદોથી મારી વાણી સફળ બનશે તેમજ અંતર વિશુદ્ધ થશે. (૧૩) હે પ્રભુ ! હું આપની પાસેથી અષ્ટ સિદ્ધિઓ કે વૈભવ સામ્રાજ્યના સુખની પણ ઈચ્છા રાખતો નથી. કારણ કે માયાના વિકારરૂપ પંચ વિષયોના સાંસારિક સુખમાં મને વૈરાગ્ય થયો છે. (૧૪)

**ભગવાન નારાયણઋષિનું વરદાન :-** શતાનંદ મુનિનું વચન સાંભળી શ્રીનારાયણ ઋષિ કહેવા લાગ્યા હે બ્રહ્મન્! તમે મહાબુદ્ધિમાન મુમુક્ષુ છો. મારી સેવા કરવા માટે તમે જે દૃઢ નિર્ણય કર્યો છે. તે બહુ સારો છે. (૧૫) પરંતુ અત્યારે

भूमौ कोसलेषूत्तरेष्विह । जातोऽस्मि धर्मतो भक्तौ हरिनाम्ना हि विश्रुतः ॥१६॥ वर्ते पश्चिमपञ्चालदेशे दुर्गपुरेऽधुना । सोऽहं त्वामन्तिके स्वस्य रक्षिष्यामि न संशयः ॥१७॥ मदीयगुणगानेच्छा वर्तते तव हृद्यतः । तस्य मे त्वं चरित्राणां ग्रन्थकर्ता भविष्यसि ॥१८॥ सोऽहं पूर्णं करिष्यामि त्वद्वाञ्छितमतस्त्वया । सोऽन्वेष्य प्राप्य इत्युक्त्वा भगवान् स तिरोदधे ॥१९॥ ततः सोऽतिप्रहृष्टात्मा तद्वीक्षाप्तमनोरथः । विधाय पारणां प्रातः पञ्चालाभिमुखं ययौ ॥२०॥ नारायणेक्षणानन्दो द्विजो मासद्वयेन सः । ख्यातं गुर्जरदेशेषु प्राप श्रीनगरं पुरम् ॥२१॥ तत्र शुश्राव पञ्चालाद्धरिर्दर्भावर्ती पुरम् । आगत्य सहजानन्दो वर्णी यज्ञं करोति हि ॥२२॥ नारायणावतारं तं द्रक्ष्यामो मिष्टभोजनम् । कृत्वा धनं च प्राप्स्याम इति विप्रगिरोऽशृणोत् ॥२३॥ महामखोत्सवं द्रष्टुं गच्छद्भिर्ब्राह्मणव्रजैः । सह सोऽपि समागच्छद्द्वितीयेऽहनि तां पुरीम् ॥२४॥ नानादेशसमायातैः करात्तबलिभिर्जनैः । वृतायां तद्दिदृक्षोत्कैस्तस्यामैक्षत तं प्रभुम् ॥२५॥ उच्चसिंहासनारूढं श्यामं चन्द्रसमद्युतिम् । भक्तहृन्नयनानन्दं वर्णिवेषं च बिभ्रतम् ॥२६॥
हैमै रत्नमयैः पौष्पैर्भूषणैर्बहुधांशुकैः । अभ्यर्च्यमानं भक्तौघैश्चन्दनेन सुगन्धिना ॥२७॥ करात्तयष्ट्या गृह्णन्तं हारान्

હું પૃથ્વી ઉપર ઉત્તર કૌશલ દેશમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીના પુત્રરૂપે પ્રગટ થયો છું અને 'હરિ' એવા નામથી વિખ્યાત છું. (૧૬)

તેમાં પણ હાલના સમયમાં પશ્ચિમ પાંચાળ દેશના દુર્ગપુર નામના નગરને વિષે વિરાજમાન છું. તે હું તમને મારી સમીપમાં જરૂર રાખીશ. તેમાં લેશમાત્ર સંશય નથી. (૧૭) તમારા મનમાં મારા ગુણોનું વર્ણન કરવાની ઈચ્છા રહે છે તેથી તમો શ્રીહરિ એવો હું તે મારા ચરિત્રોના ગ્રંથના કર્તા થશો. (૧૮)

'મારી સેવામાં રહેવાનો તમારો મનોરથ હું પરિપૂર્ણ કરીશ અને હું પૃથ્વી ઉપર જે સ્થળે પ્રગટ પણે બિરાજું છું. તે સ્થળ શોધીને મને મળજો.' આટલું કહી ભગવાન શ્રીનારાયણ ઋષિ અંતર્ધાન થયા. (૧૯) શ્રી નારાયણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનથી મનોરથ પૂર્ણ થતાં શતાનંદ મુનિ પણ મનમાં બહુ પ્રસન્ન થયા અને પ્રાતઃકાળમાં વ્રતની સમાપ્તિ થતાં દ્વાદશીના પારણા કરી તેમણે **પશ્ચિમ પાંચાળ** દેશ તરફ પ્રયાણ કર્યું. (૨૦) ભગવત્ દર્શનથી મહા આનંદને પામેલા શતાનંદમુનિ બે માસ પછી ગુજરાતના વિખ્યાત શ્રીનગર શહેરમાં આવ્યા. (૨૧) શ્રીનગરમાં તેમને એવું સાંભળવામાં આવ્યું કે 'પશ્ચિમ પાંચાળ દેશથી ડભાણમાં આવેલા નૈષ્ઠિકવ્રતધારી સહજાનંદસ્વામી મહાવિષ્ણુયાગ કરે છે.' (૨૨) ''સહજાનંદસ્વામી નારાયણનો અવતાર છે તેમનાં દર્શનનો લાભ મળશે. મનગમતા મિષ્ટ ભોજન જમીશું. અને દક્ષિણામાં ધન પણ પ્રાપ્ત કરીશું.'' આ પ્રકારની બ્રાહ્મણોની વાણીનું શતાનંદમુનિએ શ્રવણ કર્યું. (૨૩)

**શતાનંદમુનિનું ડભાણમાં આગમન :-** મહા વિષ્ણુયાગમાં દર્શન કરવા જતા બ્રાહ્મણોના સમુદાયની સાથે મળીને શતાનંદમુનિ પણ બીજે દિવસે ડભાણપુરમાં પહોંચ્યા. (૨૪) ત્યાં મહાવિષ્ણુયાગમાં શ્રીહરિનાં દર્શનાર્થે દેશદેશાંતરથી આવેલા ભક્તજનોની ભીડ જામી હતી. તે નગરીમાં દર્શનાર્થીઓ હાથમાં અનેક પ્રકારની ભેટ સામગ્રીઓ લઈને દર્શન કરવાની ઉત્કંઠાથી પંક્તિબદ્ધ ઊભા હતા. એ અવસરે શતાનંદ મુનિએ દર્શનાર્થી જનસમુદાયની ભીડ વચ્ચે ભગવાન શ્રીહરિનાં દર્શન કર્યાં. (૨૫)

ભગવાન શ્રીહરિ વિશાળ ઊંચા સિંહાસન પર વિરાજમાન થયા હતા. નવીન મેઘ સમાન શ્યામ વર્ણથી શોભતા શ્રીહરિના શરીરની કાંતિ ચંદ્ર સમાન આહ્લાદકારી હતી. ભકતજનોનાં નેત્રો અને મનને આનંદ ઉપજાવતા શ્રીહરિએ નૈષ્ઠિક બ્રહ્મચારીનો વેષ ધારણ કર્યો હતો. શ્રીહરિએ રત્નજડિત સુવર્ણનાં આભરણો તથા વિવિધ પુષ્પની માળાઓ ધારણ કરી હતી. શ્રીહરિના શરીર ઉપર અમૂલ્ય વસ્ત્રો શોભતાં હતાં. તેમજ ભકતજનોએ ભાલમાં સુગંધીમાન કેસરચંદનની અર્ચા કરી પૂજન કર્યું હતું. (૨૬)

ભગવાન શ્રીહરિ પણ દેશદેશાંતરથી આવેલા ભકતજનોએ અર્પણ કરાતા, હજારો પુષ્પહારોને કરમાં ધારેલી છડીથી ગ્રહણ કરતા હતા. તેમજ મુખથી મંદ સ્મિત વહાવતા ભગવાન શ્રીહરિ તે પૂજામાં આવેલ સોનામહોરો તથા રૂપામુદ્રા



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

पौष्पान्सहस्त्रशः । नैकदेशसमायातैर्दीयमानान्नरव्रजैः ॥२८॥ हैमी रौप्या मुद्रिकाश्च वासांस्याभरणानि च । विप्रेभ्यो ददतं प्रीत्या सहासमुखपङ्कजम् ॥२९॥ तं दृष्ट्वा दण्डवद्भूमौ पतित्वा प्रणनाम सः । बद्ध्वाञ्जलिपुटं प्रोचे नारायण ! हरे ! जय ॥३०॥ हरिस्तं मानयामास सम्प्रीतः स्वागतादिभिः । वरदानं सफलयन्स्वकृतं भक्तवत्सलः ॥३१॥ स्वान्तिके वासयामास दत्त्वा दीक्षां च तं द्विजम्। प्रपन्नाभयदः स्वामी करूणावरुणालयः ॥३२॥ मनोरथफलं प्राप्य स च हृष्टमनाः प्रभुम् । सेवमानोऽ वसन्नित्यं तद्यशोवर्णनोत्सुकः ॥३३॥ कालेनाल्पेन च हरेः कृपया तस्य सद्धियः । समाधिसिद्धिरष्टाङ्गयोगाभ्यासं विनाऽभवत् ॥३४॥ ध्यायंस्तं हृदि सोऽद्राक्षीत्प्राग्दृष्टं बदरीश्वरम् । क्षणान्तेऽन्तर्हितः सोऽथ यथा सौदामनी दिवि ॥३५॥ ज्योतिर्मयेऽक्षरे धाम्नि स्थितं तं कृष्णमैक्षत । समग्रैश्वर्यसम्पन्नं सपार्षदपरिग्रहम् ॥३६॥ गोलोकमथ वैकुण्ठं श्वेतद्वीपादि धाम यत् । तदैक्षयत्सहैश्वर्यं हरिस्तस्मा अलौकिकम् ॥३७॥ यथा स्वयं चाविरासीद्धर्मो भक्तिस्तथर्षयः । तेषां रूपं यथा पूर्वमत्रत्यं चाप्यबूबुधत् ॥३८॥ स्वस्य भक्ताश्च ये भूमौ पुरुषा योषितस्तथा । अपि तेषामुभे रूपे तस्मै हरिरजिज्ञपत् ॥३९॥ जन्मकर्मादि तेषां च स्वस्यैश्वर्यं च सर्वशः । भूतं भवद्भविष्यं यत्तज्ज्ञानं प्रददौ प्रभुः ॥४०॥ ततोऽभूत्सोऽपि सर्वज्ञः शतानन्दो महामतिः । यथावत्तत्सर्वमवैन्मैत्रेयं स्वमृषिं तथा ॥४१॥

---

અર્થાત્ રૂપિયા, વિવિધ વસ્ત્રો તથા આભૂષણો એ સર્વે વિપ્રોને પ્રેમપૂર્વક દાનમાં આપતા હતા. (૨૭ થી ૨૯)

શ્રીહરિનાં આવાં અદ્ભુત દર્શન કરી શતાનંદમુનિએ ધરતી ઉપર દંડની પેઠે પડી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બે હાથ જોડી બોલવા લાગ્યા : હે નારાયણ ! હે શ્રી હરિ ! તમારો વિજય થાઓ. (૩૦)

બદરિકાશ્રમને વિષે પોતે નારાયણમુનિ સ્વરૂપે જે વરદાન આપ્યું હતું તેને સફળ બનાવવા પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ શતાનંદ મુનિને નામ, ગોત્ર, દેશ આદિ સંબંધી પ્રશ્નો કરી તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. (૩૧) કરુણાના મહાસાગર શરણાગત વત્સલ ભગવાન શ્રીહરિએ શતાનંદ બ્રહ્મચારીને ઉદ્ધવ સંપ્રદાયની ભાગવતી દીક્ષા આપી અને પોતાની સમીપે નિવાસ કરાવ્યો. (૩૨) ભગવત્ સેવાની પ્રાપ્તિથી શતાનંદ મુનિનો મનોરથ પરિપૂર્ણ થયો. મન પ્રસન્નતા અનુભવવા લાગ્યું. શતાનંદ મુનિ શ્રીહરિની સત્કીર્તિનું ગાન કરવાની ઉત્કંઠાવાળા હોવાથી હમેશાં શ્રીહરિની સેવા કરવાને અર્થે તેમના સાંનિધ્યમાં જ રહેવા લાગ્યા. (૩૩)

તે ભગવાન શ્રીહરિની કૃપાથી સદ્બુદ્ધિશાળી શતાનંદમુનિને અષ્ટાંગયોગની સાધના વિના પણ સહજ સમાધિદશા પ્રાપ્ત થઈ. (૩૪) હૃદયકમળમાં શ્રીહરિનું ધ્યાન કરતા શતાનંદ સ્વામીને પૂર્વે બદરિકાશ્રમને વિષે પ્રત્યક્ષ અનુભવેલા બદરિપતિ શ્રીનારાયણ ઋષિનાં દર્શન થયા અને ક્ષણવારમાં જ એ સ્વરૂપ વીજળીની માફક અંતર્ધાન થયું. (૩૫) ત્યારબાદ શતાનંદ સ્વામીએ દિવ્ય તેજોમય અક્ષરધામને વિષે વિરાજમાન સમગ્ર ઐશ્વર્ય સંપન્ન તેમજ અનંત પાર્ષદ મુક્તોએ સેવાયેલા શ્રીપુરુષોત્તમનારાયણ સ્વરૂપે બિરાજતા શ્રીહરિનાં દર્શન કર્યાં. (૩૬)

ત્યારબાદ ભગવાન શ્રીહરિએ શતાનંદ મુનિને અણિમાદિ અનંત ઐશ્વર્ય સહિત ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ વગેરે દિવ્ય ધામોનાં દર્શન કરાવ્યાં (૩૭) તથા ભગવાન શ્રીહરિએ ધર્મ, ભક્તિ અને ઋષિઓનું જે રીતે પ્રાગટ્ય થયું તેમજ સ્વયં જે રીતે પ્રગટ થયા તે સર્વનું શતાનંદ મુનિને દર્શન કરાવ્યું. ઋષિઓનું જે પૂર્વનું મુક્તરૂપ અને અત્યારનું હાલમાં જે મનુષ્યસ્વરૂપ તેમનાં પણ શ્રીહરિએ દર્શન કરાવ્યા. (૩૮) ભગવાન શ્રીહરિએ પોતાનાં પ્રાદુર્ભાવ સમયે જે પાર્ષદો તથા શક્તિઓ ઉત્પન્ન થઈ તેમના પૂર્વના રૂપ અને હાલ મનુષ્યાકાર એ બંને સ્વરૂપ શતાનંદ મુનિને જણાવ્યાં. (૩૯)

ધર્મદેવ અને મરિચ્યાદિ મહર્ષિઓનાં તેમજ પોતાના જન્મ અને કર્મનું જ્ઞાન તથા પોતાનાં દર્શન માત્રથી હજારો જનોને સમાધિ કરાવી એ આદિક જે ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળનું જે સમગ્ર ઐશ્વર્ય તેનું જ્ઞાન પણ શ્રીહરિએ શતાનંદમુનિને આપ્યું. (૪૦) શ્રીહરિએ આપેલા ત્રૈકાલિક જ્ઞાનથી મહાબુદ્ધિશાળી શતાનંદમુનિ સર્વજ્ઞ થયા અને પૂર્વોક્ત સર્વ હકીકત યથાર્થપણે જાણવા લાગ્યા તેમજ પોતે પણ મૈત્રેય ઋષિનાં અવતારરૂપ છે એમ જાણ્યું. (૪૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सोऽथ प्रीतमना वर्णी तदीयगुणवर्णनैः । स्वीयं ज्ञानं तथा विद्याः सफलीकर्तुमाह तम् ॥४२॥ त्वद्यशोगुम्फनेनैव प्रबन्धैर्विविधैः प्रभो ! । स्वज्ञानं सफलीकर्तुमुत्कायाऽऽज्ञां तु देहि मे ॥४३॥ इति निष्कपटं तेन याचितो हरिराह तम् । मनोरथोऽयं सफलो भविष्यति तव द्विज ! ॥४४॥ आयाहि त्वं मया साकं दुर्गपत्तनमुत्तमम् । तत्राहं कारयिष्यामि राधाकृष्णस्य मन्दिरम् ॥४५॥ तत्रातिपावने क्षेत्रे वसंस्त्वं स्थिरमानसः । शास्त्रं विरचयेर्वर्णिन् ! यथात्मानुभवं मम ॥४६॥ इत्यनुज्ञात ईशेन हृष्टः स कृतवांस्तथा । साकं भगवता दुर्गपुरमेत्यावसच्चिरम् ॥४७॥ सत्सङ्गिजीवनं नाम धर्मशास्त्रमिदं हि सः । हरिलीलामयं चक्रे श्रीगोपीनाथमन्दिरे ॥४८॥ शोधयित्वाऽथ तद्भक्तान् हेरर्मत्प्रमुखान् विदः । कतिचित् पाठयामास विप्रानन्तर्हिते हरौ ॥४९॥ इति ते कथितं भूप ! जन्मकर्मादि मे गुरोः । सत्सङ्गिजीवनमथो सच्छास्त्रं वच्मि तत्कृतम् ॥५०॥ सकलधर्मभृतं हरिलीलया समुपबृंहितमेतदिहाद्भुतम् । रसविदां भुवि मानसरञ्जनं कलिमलोपशमं शृणु सादरम् ॥५१॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शतानन्दमनोरथसिद्धिनामा तृतीयोऽध्यायः ॥३॥

सुव्रत उवाच - पातुं धर्ममधर्ममुत्खनयित्तुं श्रीभक्तिधर्माङ्गतो जातायोत्तरकोसलेषु विबुधानन्दाय सद्धर्मिणे । श्रीमच्चन्दनपुष्पहाररुचये शुभ्रांशुके बिभ्रते तस्मै श्रीगुरवे नमोऽस्तु हरये नारायणायर्षये ॥१॥

---

પ્રસન્ન મનવાળા તેમજ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા શતાનંદ સ્વામી શ્રીહરિના ગુણોના વર્ણનથી શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત થયેલા જ્ઞાન અને વિદ્યાને સફળ બનાવવા કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! અનેક પ્રકારના પ્રબંધરૂપે આપના યશનું વર્ણન કરી મારા જ્ઞાનને હું સફળ બનાવવા ઈચ્છું છું. તે (તમારા ગુણો વગેરેના વર્ણનનો ગ્રંથ) રચવા આપ મને આજ્ઞા આપો.(૪૨/૪૩)

આ પ્રમાણે શતાનંદમુનિનું નિષ્કપટ પ્રાર્થનાવચન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા, હે મુનિ ! તમારો આ મનોરથ સફળ થશે. તમે મારી સાથે સર્વોત્તમ દુર્ગપત્તન આવો. ત્યાં ગઢપુરમાં હું શ્રી ગોપીનાથજીનું મંદિર કરાવીશ. અને તમે તે પવિત્ર તીર્થ ભૂમિમાં સ્થિર મનથી નિવાસ કરો અને તમારા અનુભવને આધારે મારાં ચરિત્રોથી ભરપૂર ગ્રંથને રચો. (૪૪ થી ૪૬) હે રાજન્ ! શ્રીહરિના આ પ્રકારના આદેશથી શતાનંદસ્વામી અતિશય પ્રસન્ન થયા. અને શ્રીહરિના કહેવા પ્રમાણે તેમની સાથે દુર્ગપુરમાં આવીને ઘણા સમય સુધી નિવાસ કરીને રહ્યા. (૪૭) ગઢપુરની પાવનકારી ભૂમિમાં શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરને વિષે રહી શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિનાં લીલાચરિત્ર સભર સત્સંગિજીવન નામે આ ધર્મશાસ્ત્ર ગ્રંથની રચના કરી. (૪૮) તે પછી મુનિ પોતે કરેલું શાસ્ત્ર અનુક્રમથી શોધીને શ્રીહરિ અંતર્ધાન થયા પછી આ ગ્રંથ મને અને અન્ય વિદ્વાન વિપ્રભક્તોને ભણાવતા હતા. (૪૯) હે રાજન્ ! મારા ગુરુ શતાનંદ સ્વામીનું જન્મ અને કર્મરૂપ દિવ્ય ચરિત્ર મેં તમને સંભળાવ્યું. હવે પછી તેમણે રચેલ જે સત્સંગિજીવન ગ્રંથ તેની કથા તમને સંભળાવું છું. (૫૦)

આ સત્સંગિજીવન ગ્રંથમાં સમગ્ર ધર્મનું પ્રતિપાદન કરેલું છે. આ ગ્રંથ શ્રીહરિના લીલારસથી ભરપૂર અને અદ્ભુત છે. પૃથ્વીલોક પર રસિક મનુષ્યોનાં મનને રંજન કરનાર તેમજ કળિયુગના મેલને ધોનાર છે. તે હેતુથી સર્વે મનુષ્યો આ ગ્રંથનું પ્રેમપૂર્વક શ્રવણ કરો. (૫૧) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શતાનન્દ મનોરથસિદ્ધિ' નામે ત્રીજો અધ્યાયઃ (૩)*

## અધ્યાય : ૪

## હિમાચલ સહિત બદ્રિકાશ્રમ વર્ણન

**ગ્રંથારંભે શતાનંદમુનિ કૃત શ્રીહરિની મંગલ-પ્રાર્થના :-** એકાંતિક ધર્મની રક્ષા અને અધર્મના વિનાશને અર્થે ઉત્તર કૌશલ દેશમાં ધર્મ અને ભક્તિ દેવી થકી પ્રગટ થયેલા, યજ્ઞ પ્રવર્તનના માધ્યમથી દેવતાઓને આનંદિત કરનારા, એકાંતિક ધર્મનું પાલન કરનારા, સુગંધીમાન શ્રેષ્ઠ ચંદન અને પુષ્પના હારથી શોભતા, અત્યંત શ્વેત વસ્ત્રોને ધારણ કરતા તેમજ સર્વના ગુરુસ્થાને બિરાજમાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

यो बाल्येऽप्यखिलर्द्धिवैभवभृतेऽनासक्त एवात्मनो गेहे स्वेष्टबृहद्व्रतोचितमवाप्याऽऽशूपनायं पितुः । हित्वा तीव्रविरक्तितः सह निजैः सम्बन्धिभिस्तद्दृहं कर्तुं तीव्रतपांस्यरण्यमगमद्योगेश्वरात्मप्रियः ॥२॥ स्वाभाविक्यभवच्च यस्य सततं ब्रह्मस्वरूपस्थितिर्धर्मो भक्तिरपि स्वकैः सह च यद्धृत्पद्ममध्यूषतुः । शब्दाद्या नृपदुर्लभाश्च विषयाः पञ्चापि यन्मानसं नाक्रष्टुं क्वचनापिशेकुरमलं येभ्योऽस्ति भीस्त्यागिनाम् ॥३॥ भक्तान्स्वान्नरनाटनेन बहुधा यः प्रीणयन्भूतले रामानन्दगुरोरवाप महतीं दीक्षामुदारश्रवाः । विख्यातश्च ततो बभूव सहजानन्दाह्वया सद्गुरुः शुष्कज्ञानिकुलार्यनास्तिकमतध्वान्तैकचण्डांशुमान् ॥४॥ यश्चाधर्मकुलान्निजाश्रितजनांस्तूर्णं विमोच्याखिलांल्लोभेर्ष्यामदमानमत्सरकलिक्रोधात्मभूसैन्यतः । स्वीयं धाम तमःपरं नयति तान्देहावसानेऽक्षरं ब्रह्माधिक्षिति स प्रभुर्विजयते भूरिप्रतापो हरिः ॥५॥ क्वचन निजमुखारविन्ददृष्ट्यै निजमुटजं परिवेष्ट्य मण्डलेन । स्थितमृषिगणमाकलय्य तूर्णं बहिरुपगच्छति मे मनोऽस्तु तस्मिन् ॥६॥ क्वचन मुनिगणागमं निशम्य द्रुतमभिसञ्चलनास्मृतोत्तरीये । नवनलिनदृशाऽभितो निजांस्तान्सुखयति मेऽत्र मनोऽस्तु चैकचैले ॥७॥ क्वच सदसि महासनोपविष्टे करविलत्तुलसीन्धनस्त्रजीशम् । स्मरति भगणमध्यगेन्दुशोभे मुनिनयनैकपदे मनोऽस्तु तस्मिन् ॥८॥ क्वच मुनिजनमाननात्तशुक्लाम्बरतिलकाक्षतचित्रपुष्पमाले । स्थितवति धृतपादुकेऽस्तु चेतो भगवति मे कटिदत्त-पाणिपद्मे ॥९॥

બાલ્યાવસ્થામાં પણ સમૃદ્ધિ અને વૈભવ સભર પોતાના ભુવનમાં અનાસક્ત ભાવથી રહેતા શ્રીહરિને નૈષ્ઠિકવ્રત અતિશય વહાલું હતું. તેથી તેનું પોષણ કરવામાં ઉપયોગી ઉપનયન સંસ્કારને પિતા થકી પ્રાપ્ત કરી તીવ્ર તપશ્ચર્યા કરવા સમૃદ્ધિ સંપન્ન ઘર અને કુટુંબ પરિવારનો તીવ્ર વૈરાગ્યવેગથી ત્યાગ કરી યોગીજનોને આત્મવત્ પ્રિય માનનાર શ્રીહરિ વનમાં સિધાવ્યા. (૨)

ભગવાન શ્રીહરિને બ્રહ્મસ્વરૂપમાં સહજ સ્થિતિ થઈ હતી. શ્રીહરિના હૃદયકમળમાં ધર્મ અને ભક્તિદેવી પોતાના પરિવાર જ્ઞાન વૈરાગ્યાદિક સહિત નિરંતર નિવાસ કરીને રહેતા હતા. ચક્રવર્તી સમ્રાટોને દુર્લભ એવા જે શબ્દાદિક પંચવિષયો, કે જેનાથી વૈરાગ્યવાન અને મહાન ત્યાગનિષ્ઠ પુરૂષોને પણ ભય રહે છે એવા વિષયો શ્રીહરિના મનને આકર્ષણ કરવા સમર્થ ન થયા. (૩) શ્રીહરિની લોકમાં મહાન કીર્તિ હતી. શ્રીહરિ સમસ્ત આશ્રિત જનોને બહુવિધ મનુષ્યલીલાથી આનંદ ઉપજાવતા હતા. શ્રીહરિએ ગુરૂ રામાનંદસ્વામી થકી ભાગવતી દીક્ષા સ્વીકારી અને 'સહજાનંદ' એવું નામ ધારણ કર્યું. ભગવાન શ્રીહરિ આશ્રિત જીવોના ઉપદેશક ગુરૂસ્થાને બિરાજ્યા અને જેમ મહા તેજસ્વી, ઝળહળતો સૂર્ય ભૂમિના અંધકારનો નાશ કરે તેમ વૈદિક માર્ગના વિરોધી એવા શુષ્કવેદાંતી, શક્તિપંથી તેમજ નાસ્તિકમતરૂપી અંધકારનો વિધ્વંસ કર્યો. (૪)

કામ, ક્રોધ, લોભ, માન, મદ, મત્સર, ઈર્ષા, તેમજ કપટરૂપી અધર્મસર્ગના સૈન્યથી આશ્રિત જીવાત્માઓને તત્કાળ મુક્ત કરી દેહના અવસાનને અંતે માયાના ગાઢ અંધકારને પાર તેજોમય બ્રહ્મપુર ધામને વિષે લઈ જનારા મહાપ્રતાપી શ્રીહરિ આ પૃથ્વી ઉપર જયકારી પ્રવર્તે છે. (૫) કોઈ સમયે શ્રીહરિ પોતાના નિવાસભૂત પર્ણશાલામાં બિરાજતા હોય ત્યારે તેમનાં દર્શનની પ્રતીક્ષા કરતાં મુનિમંડળો પર્ણશાલાની ચારે બાજુ બેઠાં હોય છે. તે સમયે 'સંતમંડળ દર્શનાર્થે પધાર્યા છે' એવું જાણી તુરત જ પર્ણશાલાની બહાર પધારતા શ્રીહરિના સ્વરૂપમાં મારું મન સદૈવ નિમગ્ન રહો. (૬)

કોઈ સમયે 'મુનિઓનાં મંડળો પોતાના દર્શનાર્થે પધાર્યા છે' એવું સાંભળતાંની સાથે જ તત્કાળ તેમની સામે જવાની ઉતાવળમાં ઉત્તરીય વસ્ત્રને (ઓઢવાના ખેસને) પણ ધારણ કરવાનું ભૂલી જતા અને મુનિમંડળોની સામે જઈ નવીન કમળ સરખી પ્રેમગર્ભિત દૃષ્ટિથી ચારે બાજુ ઊભેલા મુનિમંડળોને નિહાળીને આનંદ ઉપજાવતા એક માત્ર પહેરેલા વસ્ત્રને ધારી રહેલા શ્રીહરિમાં મારું મન નિરંતર નિવાસ કરીને રહો. (૭) ક્યારેક મહાસભામાં ઊંચા આસન પર બિરાજમાન થઈ હાથમાં તુલસીની માળાને ફેરવી જપ કરતા, તારામંડળના મધ્યભાગમાં પૂર્ણિમાના ચંદ્ર સમાન શોભાયમાન તેમજ મુનિઓનાં નેત્રોના એકમાત્ર આધારસ્વરૂપ ભગવાન શ્રીહરિમાં મારા મનની વૃત્તિ અખંડ રહો. (૮)

ક્યારેક મુનિજનોએ કરાતા પૂજનમાં તેમણે સમર્પિત કરેલા શ્વેત વસ્ત્ર, તિલક, અક્ષત અને વિવિધ રંગની પુષ્પમાળાઓનાં અંગીકારથી અતિશય શોભાને ધારણ કરતા અને પાદુકાઓ પહેરી એક હાથને કેડ ઉપર ટેકવીને ઊભા રહેલા શ્રીહરિમાં મારું મન સદૈવ સ્થિર રહો. (૯) કોઈ સમયે અજન્મા શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રાગટ્યના મહોત્સવને વિષે



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अजनजनिमुखोत्सवेषु नानाजनपदसङ्गतभूरिभक्तसङ्घैः। विविधवसनभूषणैः सुगन्धैरपचित एष मुदेऽस्तु पुष्पहारैः ॥१०॥
क्वचन मुनिजनातिथिक्रियायां दृढकटिबन्धपिनद्धपीतवासाः । स्वयमपि परिवेषयन्मुहुस्ताननतिसुहितान् विदधत्स मेऽस्तु सिद्ध्यै ॥११॥ ध्वजयवकमलाङ्कुशोर्ध्वरेखारुचिरपदक्रमणैरिमां धरित्रीम् । विदधदतिदिवं स धर्मसूनुर्निजसखिनर्मकरो ददातु बुद्धिम् ॥१२॥ क्वचन निजसुतद्वयाय देशान् सदसि समं हि विभज्य दत्तवन्तम् । भुवि वृषपरिरक्षणैकभावं वृषतनयं तमहं धियै स्मरामि ॥१३॥ इह जडमतयश्च पापिजीवा अपि यदुदारसदाश्रयेण नैके । द्रुततरपरिहातदुःस्वभावाः सुकृतिवराः स्युरसौ स मेऽस्तु तुष्टः ॥१४॥ क्वचन निजजनान् यथाधिकारं ननु निगमस्मृतिसम्मतं स्वधर्मम् । यदुपतिभजनाढ्यमादिशंस्तं विदधदथ स्वयमीश एष तुष्यात् ॥१५॥ क्वचन विदधदिष्टकर्म शुद्धं क्वच विदधद्भुवि पूर्तकर्म चेशः । अगणितमुखजान् यथेष्टभोज्यैरतिसुहितान् विदधे स मेऽस्तु तुष्टः ॥१६॥ क्वच निशि मुनिवृन्दमध्यसंस्थः स्वयमुरुसंशयपृच्छ्यमुद्विभाव्य। प्रतिपदमुरुधोत्तरप्रदाता हरिरिह साधु तनोतु मङ्गलं मे ॥१७॥ अकृतविविधयोगसाधनोऽपि ध्रुवमणुवीक्षणमात्रतोऽपि यस्य । इह सकलसमाधिसिद्धिमेति प्रभुरखिलं मम मङ्गलं क्रियात्सः ॥१८॥
भवतीह भुवस्तले महान्नगराजो हिमवानुदग्दिशि । विततोच्चगृहाभकन्दरः पृथुरूप्योच्चयशुभ्रकान्तिमान् ॥१९॥

દેશ દેશાંતરમાંથી આવતા ભક્તજનોનાં સમુદાયો વિવિધ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો, સુગંધીમાન પુષ્પહારો તથા શીતલ ચંદનથી શ્રીહરિનું પૂજન કરે છે. તે પૂજાથી મહાશોભાને ધારણ કરતા શ્રીહરિ મને આ ગ્રંથ રચવામાં ઉત્સાહ સાથે આનંદ આપો. (૧૦)

કોઈ સમયે મુનિજનોનો આતિથ્યસત્કાર કરવા કેડ ઉપર પીતાંબરનો દૃઢ કછોટો બાંધી વારંવાર પિરસી મુનિઓને તૃપ્ત કરનાર શ્રીહરિ આ ગ્રંથ સમાપ્તિરૂપ મારો મનોરથ પરિપૂર્ણ કરો. (૧૧) ધ્વજ, જવ, કમળ, અંકુશ, ઊર્ધ્વરેખા આદિ ચિહ્નોથી શોભતાં શ્રીચરણકમળનાં મુકવાથી આ ધરતીને સ્વર્ગ કરતાં પણ અત્યધિક શ્રેષ્ઠ કરનારા તેમજ ક્યારેક પોતાના સખાની સાથે હાસ્યવિનોદ કરનારા ધર્મપુત્ર શ્રીહરિ મને ગ્રંથ રચવાની બુદ્ધિ અર્પણ કરો. (૧૨) કોઈ સમયે સભામાં બેસીને ભૂમિ ઉપર મુમુક્ષુજનોના મોક્ષને અર્થે નિજબંધુઓ પાસેથી સ્વીકારેલા બંને પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને ભારતદેશના સમાન પણે ઉત્તર દક્ષિણ વિભાગ કરી વહેંચી આપતા અને આથી હૃદયમાં ધર્મ રક્ષણની જ એક ભાવના રાખનાર, ધર્મપુત્ર શ્રીહરિનું ગ્રંથનિર્માણમાં નિપુણતા સભર બુદ્ધિની અભિવૃદ્ધિ માટે હું સ્મરણ કરું છું. (૧૩)

પૃથ્વી ઉપર અનેક જડમતિ પાપી જીવાત્માઓ પણ જે શ્રીહરિના મહાન સત્પુરુષોના આશ્રયમાત્રથી તત્કાળ દુષ્ટ સ્વભાવનો ત્યાગ કરી અતિશ્રેષ્ઠ પુણ્યકારી બને છે. તે શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૪) ક્યારેક વેદો અને યાજ્ઞવલ્ક્યાદિ સ્મૃતિ-પ્રતિપાદિત ભગવાનની ભક્તિએ સહિત સ્વધર્મનો પોતપોતાના અધિકાર પ્રમાણે ઉપદેશ આપતા અને સ્વયં સર્વના સ્વામી હોવા છતાં ભક્તજનોના શિક્ષણને અર્થે તે સ્વધર્મનું આચરણ કરતા શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૫)

કોઈ વખત પૃથ્વી ઉપર પ્રાણીઓની હિંસારહિત વિશુદ્ધ યજ્ઞનું પ્રવર્તન કરતા, કોઈ સમયે વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા તેમજ મંદિર વગેરે પૂર્તકર્મ કરતા તથા ચાર પ્રકારનાં ઈચ્છિત ભોજનથી અગણિત ભૂદેવોને તૃપ્ત કરતા શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૬) કોઈ સમયે રાત્રિને વિષે મુનિઓની સભામાં વિરાજમાન થઈ અનેક પ્રકારના સંશયસભર પ્રશ્નો પૂછતા અને તેનો ઉત્તર જ્યારે કોઈથી ન થાય ત્યારે તે પ્રશ્નના પ્રત્યેક પદોનું બહુ પ્રકારે, સરળતાથી સર્વને સુબોધ થાય એ રીતે સુંદર સમાધાન કરતા ધર્મનંદન શ્રીહરિ મારું સર્વ પ્રકારે મંગળ કરો. (૧૭) પૃથ્વી ઉપર અનેક જીવો અષ્ટાંગયોગની સાધના વિના પણ જેમની દૃષ્ટિમાત્રથી સમાધિની ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરે છે એવા મહા સામર્થ્યવાન ભગવાન શ્રીહરિ મારું સર્વપ્રકારે મંગળ કરો. (૧૮)

**હિમાલયનાં વર્ણન પૂર્વક ગ્રંથનો પ્રારંભ :-** પૃથ્વી ઉપર ઉત્તર દિશામાં પર્વતાધિપતિ 'હિમાલય' નામનો મહાન ગિરિરાજ આવેલો છે. તે હિમાલય પર્વત વિશાળ અને ઊંચી હવેલી સમાન ગુફાઓ તથા ઊંચા ચાંદીના ઢગલાઓ જેવી શ્વેતકાંતિથી શોભે છે. (૧૯) આ હિમાલય કોઈ ભાગમાં કાજળના સરખો કાળો, તો કોઈ ઠેકાણે સુવર્ણ સમાન શિખરોથી



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

क्वचिदञ्जनपुञ्जसन्निभः क्वचिदष्टापदसानुशोभनः । क्वचिदेष च रौप्यशृङ्गभृद्बहुधा वर्णविचित्रदर्शनः ॥२०॥ विमलाः पुरुनिर्झरोद्भवाः परितः सारसहंसमण्डिताः । सरितः प्रसरन्ति वा यतः शतशो लोलतरङ्गशब्दिताः ॥२१॥ धवकेतककुम्भपाटलाभिः ककुभैः कुन्दकदम्बनालिकेरैः । वटबिल्वकपित्थदाडिमैर्यो रुचिरस्तालतमालसालजालैः ॥२२॥ सरलैर्वरणैरशोकवृन्दैर्बकुलाम्रातकचम्पकै रसालैः । कदलीप्रमुखैः फलद्रुमैर्यो रमणीयः कुसुमद्रुमैः समन्तात् ॥२३॥ विकचैः कुसुमैरिवेक्षमाणश्चलशाखद्रुभिराह्वयन्निवार्घ्यान् । मधुरैः पिककूजितैश्च दर्भैः फलमूलादिभिरप्यथातिथेयः ॥२४॥ रुरुभिर्महिषैर्बलीमुखैः किटिशल्यैः श्रित ऋक्षगण्डकैः । कृकवाकुमयूरचातकैस्तितिरैः पक्षिगणैश्च सेवितः ॥२५॥ गजबृंहितनिर्झरस्वनैरुपदेवाद्युपवीणनैस्तथा । निगमध्वनिभिर्धुनीरवैर्निनदैः पक्षिगणस्य लक्षितः ॥२६॥ विदधे विधिनैव योऽधिपः सकलानामपि भूभृतां पुरा । निखिलोत्तमरत्नसम्भवः श्रित एवास्ति शिवादिभिश्च यः ॥२७॥ यत्र दिव्या त्रिपथगा प्रथमं सुप्रतिष्ठिता । ब्रह्मलोकादपाक्रान्ता वर्तते सप्तधा किल ॥२८॥ वस्वौकसारा नलिनी पावनी च सरस्वती । जम्बूनदी च सीता च गङ्गा सिन्धुश्च सप्तमी ॥२९॥

तत्र क्षोणिधराधिपे भगवतो नारायणस्याश्रमः साक्षाच्छ्रीपुरुषोत्तमस्य कृपया ऋष्याकृतिं बिभ्रतः । स्वप्रेष्ठप्रभुसेवनात्तबदरीदावाकृतिच्छादितस्वानन्ताक्षरधामतोऽस्त्यतिसुखं यो दत्त एवेक्षणात् ॥३०॥

---

શોભાયમાન છે. કોઈ ભાગમાં રૂપા સમાન રૂપેરી શિખરોને ધરી રહ્યો છે. તેમજ વિવિધ પ્રકારના રંગોથી ચિત્રવિચિત્ર શોભાને ધારણ કરે છે. (૨૦)

તે હિમાલયમાંથી કલકલાટ કરતાં અનેક ઝરણાંઓમાંથી ઉદ્‌ભવેલી તેમજ ઉછળતા તરંગોથી શબ્દધ્વનિ કરતી સેંકડો નદીઓ વહે છે. જે નદીઓના બંને કાંઠાઓ પણ રાજહંસ અને સારસ પક્ષીઓથી અતિશય શોભાને ધારણ કરે છે. (૨૧) પોતાની ચારે તરફ ઊભેલાં ધાવડો, કેવડો, ગુલગુલ, રાતો રોહિડો, અર્જુન, મોગરો, કદમ્બ, નાળિયેરી, વડ, બીલી, કોઠી, દાડમ, તાડ, તમાલ, સાલ, મહાકદંબ વગેરે અનેક વૃક્ષોએ કરીને જે હિમાલય સુંદર છે. (૨૨)

આ પર્વતરાજ તેની ચારે તરફ દેવદારુ, વરણ, આસોપાલવ, બોરસલી, આંબા, ચંપા, રસાલ, કેળ વગેરે ફળ આપનારા વૃક્ષોથી અને પુષ્પોના વૃક્ષોથી અતિશય રમણીય છે. (૨૩) વૃક્ષવૃંદથી રમણીય હિમાલય પોતાના પ્રફુલ્લિત પુષ્પોરૂપી નેત્રથી પૂજનીય અતિથિઓને નિહાળતો હોય ને શું ? વાયુના વેગથી હાલતાં વૃક્ષોની શાખાઓરૂપી હસ્તમુદ્રાથી અને ટહુકા કરતી કોયલોના કંઠમાંથી નીકળતા સુમધુર શબ્દોથી પૂજ્ય અતિથિ પુરુષોને જાણે કે પાસે બોલાવતો હોય ને શું ? તથા દર્ભરૂપી આસન અને ફળ, મૂળ, કંદ આદિકથી પણ અતિથિઓનો સત્કાર કરતો હોય તેવો જણાય છે. (૨૪)

આ હિમાલયમાં રુરુ નામનાં મૃગો, પાડાઓ, વાનરો, વારાહો, શાહુડીઓ, રીંછો, ગેંડાઓ, કૂકડાઓ, મયૂરો અને ચાતક વગેરે ભાતભાતનાં રંગબેરંગી ચિત્રવિચિત્ર પશુપક્ષીઓના સમૂહો નિવાસ કરીને રહે છે. (૨૫) આ હિમાલય કલકલ કરતાં વહેતાં ઝરણાઓના ધ્વનિ, હાથીઓના શબ્દ ધ્વનિ, ગન્ધર્વોના વીણાવાદનનો ધ્વનિ, મહર્ષિઓનાં મુખમાંથી નીકળતા વેદધ્વનિ, ધોધમાર ધસમસતા ગંગાજીના પ્રવાહના ધ્વનિ તેમજ પક્ષીઓના કલરવના ધ્વનિથી અતિ શોભે છે. (૨૬)

બ્રહ્માજીએ આ હિમાલય પર્વતની પ્રથમથી જ સર્વ પર્વતોના અધિપતિ પર્વતરાજ તરીકે નિમણૂંક કરી છે. આ હિમાલયને વિષે ઉત્તમ અણમૂલાં રત્નો નિપજે છે. આ હિમાલય ભગવાન શિવજી વગેરે યોગીઓના આવાસ સ્થાનરૂપ આશ્રય છે. (૨૭) સત્યલોકમાંથી નીચે અવતરેલી અને વિરાટ બનેલા વામન ભગવાનનાં ચરણસ્પર્શ સંબંધથી દિવ્ય બનેલી તેમજ ત્રણ લોકમાં ગતિ કરનારી દેવનદી પ્રથમ હિમાલયમાં પ્રતિષ્ઠિત થઈને, વસ્વૌકસારા, નલિની, પાવની સરસ્વતી, જમ્બુ, સીતા તેમજ ગંગા આ સાત પ્રવાહથી સાત નામવાળી; ભાગીરથી હિમાલયમાં વહે છે. (૨૮-૨૯)

**બદરિકાશ્રમનું વર્ણન** :- આ પાવનકારી પર્વતરાજ હિમાલયમાં કરુણાથી ઋષિ સ્વરૂપને ધારણ કરતા શ્રી નારાયણઋષિનો આશ્રમ આવેલો છે. સ્વયં અક્ષરધામ જ પોતાનું મૂળ સ્વરૂપ આચ્છાદિત કરીને જાણે પ્રિયતમ શ્રીહરિની સેવાને અર્થે બદરિકાશ્રમ સ્વરૂપે પ્રગટ થયું હોય તેમ જણાય છે. જે આશ્રમ દર્શનમાત્રથી સર્વને આનંદ આપે છે. (૩૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

बदरीतरुमण्डलोल्लसद्रसवत्कोलगुलुञ्छकाश्च यत् । दधते हि कमण्डलुभ्रमं प्रभुवीक्षागतमुक्तहृत्स्वपि ॥३१॥ परितस्तरुमूलसंश्रिता निगमार्थं भगवन्मुखाच्छ्रुतम् । हृदये विजने पुनः पुनर्मुनयो यत्र विभावयन्ति च ॥३२॥ शशकाः खनकाःखगा मृगाः सदयं मुक्तजनैरुदीक्षिताः । अचलाः खलु चिन्तयन्ति यन्मुनिबाला इव शिक्षिता हरिम् ॥३३॥ जनतापरिपीडनोद्यता हरिभीता मदनाद्यरिद्विपाः । प्रभवन्ति न मुक्तधाम यं हृदयेनाप्यभिगन्तुमञ्जसा ॥३४॥ निजमानसतापशान्तये परितो मुक्तजना यदागताः । हरिवागमृतेन निर्वृता बृहदानन्दसुखाश्चरन्ति च ॥३५॥ मृगराजमुखाश्च यत्र वै गतनैसर्गिकदुष्टवृत्तयः । पशवोऽपि यथा वनिद्विजा ऋषिवृत्तिं दधते हि निःस्मराः ॥३६॥ उरगा नकुलैर्द्विपाश्च सिंहैर्वृषदंशैः खनका वृकैः शृगालाः । हरिणाश्च तरक्षुभिश्चरन्ति सह यत्रापि दिवाशया अरिष्टैः ॥३७॥ विलसत्यतिनिर्मलोदका निखिलाघौघविशोधनेक्षणा । हिमरश्मिरुचिस्तरङ्गिता वितता विष्णुपदी च यत्र वै ॥३८॥ कौपीनकन्थांशुकवल्कलानि धृतानि शाखासु च यत्तरूणाम् । साशङ्कमेव स्पृशति द्विजानां वातोऽपि गङ्गोदकशोधितानि ॥३९॥ सूर्यवह्निसदृशप्रभैश्च यो ब्रह्मभूतयतिभिर्जितेन्द्रियैः । तापसै रुरुमृगाजिनाम्बरैः सर्वविद्भिरभिसेव्यतेऽनिशम् ॥४०॥
भूरिपुण्यचयहीनदुर्गमो ब्राह्मलक्ष्म्यनुगतश्च कामदः । शिक्यलम्बिकठिनैः पयोघटैर्मण्डितः श्रमहरश्च पश्यताम् ॥४१॥

---

આ દિવ્ય આશ્રમમાં બદરીવૃક્ષોનાં વૃંદમાં લટકતાં શોભાયમાન રસયુક્ત બોરોનાં ઝૂમખાં શ્રીનારાયણનાં દર્શનાર્થે આવેલા, મુક્તભાવને પામેલા મુનિઓના મનમાં પણ કમંડલોની ભ્રાંતિ ઉપજાવે છે. (૩૧)

આ આશ્રમમાં વૃક્ષનો આશ્રય કરીને બેઠેલા મહર્ષિઓ ભગવાન નારાયણઋષિના મુખથી સાંભળેલા વેદના રહસ્યનું પોતાના મનમાં વારંવાર મનન પૂર્વક ચિંતવન કરે છે. (૩૨)

આ આશ્રમમાં વસતા સસલાં, ઉંદર, હરણાં અને પક્ષીઓ પણ મુક્તાત્માઓની કૃપાદૃષ્ટિથી સુંદર શિક્ષણ પામેલાં મુનિઓનાં બાળકો હોયને શું ? તેમ અચલપણે શ્રીનારાયણ ભગવાનનું ચિંતવન કરે છે. (૩૩) મનુષ્યોના મનને તપાવનારા કામક્રોધાદિ અંતઃશત્રુઓ રૂપી મદોન્મત્ત હાથીઓ ભગવાન નારાયણથી ભય પામી મુક્ત પુરુષોના આવાસભૂત આ આશ્રમમાં મનથી પણ ક્યારેય પ્રવેશ કરવા સમર્થ થતા નથી; તો સાક્ષાત્ તો આવી જ કેમ શકે ? (૩૪)

ત્રિવિધ તાપની શાંતિ માટે ચારેબાજુના આશ્રમમાં વસતા મુમુક્ષુઓ આ આશ્રમમાં આવે છે અને ભગવાન શ્રીનારાયણના મુખમાંથી વર્ષતા વચનામૃતના પાનથી ત્રિવિધ તાપથી પર થઈ બ્રહ્માનંદના સુખે સુખીયા બની વિચરણ કરે છે. (૩૫) આ આશ્રમમાં પરસ્પર સાહજીક વૈરવૃત્તિને આશરેલા એવા પણ સિંહ આદિ હિંસક પ્રાણીઓ પોતાની દુષ્ટવૃત્તિનો ત્યાગ કરી શાંત મુનિવૃત્તિને ધારણ કરે છે. તેથી સર્પો નોળિયાઓની સાથે, સિંહો, હાથીઓની સાથે, ઉંદરો બિલાડાઓની સાથે, શિયાળો ન્હારોની સાથે, ઘુવડો કાગડાઓની સાથે અને હરણાંઓ દીપડાની સાથે કામક્રોધાદિ દોષથી પર બની વાનપ્રસ્થી મુનિઓના જેવી શાંત ઋષિવૃત્તિને ધારણ કરે છે. (૩૬ /૩૭) આ આશ્રમમાં દર્શનમાત્રથી સમગ્ર પાપને ધોનારી પહોળા પટવાળી વિષ્ણુપદી ગંગા વહે છે. અને આ ગંગાજી ચંદ્રના સરખી શ્વેત કાંતિયુક્ત છે. (૩૮)

આ આશ્રમમાં ગંગાના નિર્મળ નીરથી સ્વચ્છ કરી વૃક્ષોની શાખાએ સુકવેલાં મુનિઓનાં કૌપીન, કંથા અને વલ્કલોને વાયુ પણ, આ વસ્ત્રો મારાથી અપવિત્ર તો નહિ થાય ને ? એવી શંકા સાથે સ્પર્શ કરે છે. (૩૯) રાત્રિદિવસ આ આશ્રમનું સેવન કરતા પરમહંસો સૂર્ય અને અગ્નિ સરખા ઉજ્ઝ્વળ કાંતિમાન છે. જિતેન્દ્રિય છે. તપોનિષ્ઠ છે. રુરુ નામના મૃગચર્મને ધારણ કરનારા છે. પ્રત્યક્ષ પરમાત્માની ઉપાસનાથી બ્રહ્મસ્થિતિને પામેલાં છે તેમજ ત્રિકાળદર્શી છે. (૪૦)

આ આશ્રમ દર્શનમાત્રથી મુનિઓના પરિશ્રમને હરનારો છે. જે માટે અનંત જન્મનાં સુકૃત રહિત પુરુષોને આ આશ્રમની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. આ આશ્રમમાં બ્રહ્મસ્થિતિને પામેલા મહાપુરુષો નિવાસ કરીને રહે છે અને આ આશ્રમ વૈખાનસ નામના મુનિઓનાં શીકાઓમાં નીચે લટકતા ભોજનપાત્રો અને જળના ઘડાઓથી અતિશય શોભાયમાન છે.(૪૧) આ આશ્રમમાં ભગવત્ પૂજન કરનારા મુનિઓએ અહીં તહીં-અનેક સ્થાને સુગંધીમાન દિવ્ય પુષ્પ રાશિઓની

दिव्यपुष्पनिवहा इतस्ततः सन्ति यत्र हरिपूजकैः कृताः । भूरितेजसि न यत्र बाधते रात्रिजं च तिमिरं महात्मनः ॥४२॥ भूरिभस्मनिचयानि शुचीनां यत्र चाग्निशरणानि मुनीनाम् । साङ्गवेदविदुषां जटिलानां सन्ति संयमकृशाङ्गलतानाम्॥४३॥ यत्र केचन सकृन्मरुद्भुजो नीरपाः कतिचनोष्मपास्तथा । फेनपा विधुमरीचिपास्तपो धूमपाश्च वनिनः प्रकुर्वते ॥४४॥ चीरचर्मदलवल्कलवस्त्राः केचनापि तृणतन्तुजवस्त्राः । अश्मकुट्टमथवा रदकुट्टं यत्र केचिदृषयोऽद्यमदन्ति ॥४५॥ भक्षयन्ति चलपत्रफलानि केचिदम्बुनिलया जपनिष्ठाः । त्यक्तसर्वविषया व्रतमेकेऽभ्रावकाशमपि यत्र चरन्ति ॥४६॥ प्रेमवृद्धिमधिकां नरबन्धौ लब्धुमुज्झितरसाः कृशदेहाः । नैष्ठिकव्रतधराः सकला यच्चिन्तयन्ति हृदि तं विलसन्तम् ॥४७॥ यत्रत्या ऋषयो व्रजन्त्यनुदिनं श्रीवासुदेवं स्थितं श्वेतद्वीप ऋतेऽमृतेऽतिमहसि द्रष्टुं निजे धामनि । चापोन्मुक्तशरातिगाः सहनरं नारायणं चोच्चकैर्गायन्तो गगनाध्वनोत्सुकहृदः क्रौञ्चा यथा यूथशः ॥४८॥ श्वेतद्वीपपदान्तरेण सहितं नारायणं वीक्षितुं यत्रायान्त्यनुवासरं च मुनयः श्रीवासुदेवेति खे । कुर्वन्तो ध्वनिमुच्चकैः सितरुचः क्रुङ्यूथवच्चाध्वनि प्राप्तांश्चानमतो नमन्त उरुधा नारायणीयान्मुनीन् ॥४९॥ स्नातुं यास्यत ईशितुस्त्रिपथगां सन्दर्शनाय द्रुतं यत्र प्रातरुपेत्य चाध्वनि सदा तिष्ठन्ति वै पङ्क्तिशः । अद्यास्मद्धरिरेष्यतीत्यतितरामुत्कण्ठिताश्चोन्मुखा आरण्याः पशुपक्षिनागमनुजास्त्यक्तान्य-सर्वक्रियाः ॥५०॥ यत्र शाद्वलमये समीकृते हीनदंशमशके मृदुस्थले । उद्गताऽस्ति बदरी सुशोभिता स्निग्धकोमलदलैः

અભિવૃષ્ટિ કરેલી છે. તેમજ ખૂબ તેજવાળા આ આશ્રમમાં વસતા મુનિઓને રાત્રિનો અંધકાર પણ બાધ કરતો નથી. (૪૨)

**બદરિકાશ્રમવાસી મહર્ષિઓની જીવનચર્યા :-** તપશ્ચર્યાથી શરીરને કૃશ કરનારા, જટાધારી, પવિત્ર અને અંગે સહિત ચારે વેદના જાણનાર વિદ્વાન વાનપ્રસ્થ મુનિઓની અસંખ્ય તેમજ પવિત્ર ભસ્મોથી યુક્ત એવી અગ્નિશાળાઓ આ આશ્રમમાં આવેલી છે. (૪૩) આ આશ્રમમાં કેટલાક વાનપ્રસ્થ મુનિઓ એકવાર જ વાયુભક્ષણ કરીને રહે છે. કોઈ માત્ર જળપાન કરીને, તો કોઈ વરાળનું પાન કરીને જીવનનિર્ગમન કરે છે. કોઈ ફીણનું ભક્ષણ તો કોઈ ચંદ્રનાં કિરણોનું પાન કરીને રહે છે અને કેટલાક તો માત્ર ધૂમનું પાન કરીને રહે છે. આ પ્રકારે મુનિઓ જુદા જુદા પ્રકારની તપશ્ચર્યા કરે છે. (૪૪)

આ આશ્રમમાં વસતા કેટલાક ઋષિમુનિઓ જીર્ણ વસ્ત્રો, મૃગચર્મ, વૃક્ષનાં પત્રો અને વલ્કલોને ધારણ કરે છે. કોઈ મુનિ ઘાસના તંતુની કંથા ધારણ કરે છે. કોઈ મુનિ પથ્થરથી કૂટેલા અન્ન તથા ફળનું ભક્ષણ કરે છે. કોઈ મજબૂત દાંતવાળા મુનિ અન્ય કોઈ સાધનોનો ઉપયોગ નહીં કરી માત્ર દાંતથી ચાવીને આહાર કરે છે. (૪૫) આ આશ્રમમાં વસનારા કોઈ મુનિઓ પીપળાનાં ફળોનો આહાર કરે છે. કોઈ પાણીમાં બેસી ભગવાનના નામનો જપ કરનારા તો કોઈ મુનિ સર્વ પંચવિષયોનો ત્યાગ કરનારા છે અને કોઈ મહર્ષિ વર્ષાઋતુમાં પણ વૃક્ષનો આશ્રય છોડી ખુલ્લા આકાશમાં રહેવાનું અભ્રાવકાશ નામનું વ્રત અને જપ કરનારા છે. (૪૬)

ભગવાન નારાયણને વિષે પ્રેમની અભિવૃદ્ધિ કરવા સાંસારિક વિષયોના આસ્વાદને છોડી તપથી શરીરને દુર્બળ કરતા તેમજ નૈષ્ઠિક વ્રતમાં નિષ્ઠાવાન ઋષિઓ આ આશ્રમમાં વિલસતા ભગવાન નારાયણઋષિનું હૃદયમાં હમેશાં ચિંતવન કરે છે. (૪૭)

આ આશ્રમમાં નિવાસ કરતા ઋષિઓ સત્યસ્વરૂપ, મરણધર્મે રહિત, અતિશય પ્રકાશમાન એવા શ્વેતદ્વીપધામના અધિપતિ શ્રી વાસુદેવ ભગવાનનાં દર્શન કરવા અતિ ઉત્સાહથી આકાશ માર્ગે પક્ષીના સમુદાયની પેઠે ભેળા થઈને ધનુષમાંથી નીકળતા બાણથી પણ અધિક વેગવાન ગતિથી 'જય શ્રી નરનારાયણ' નામનું ઉચ્ચારણ કરતા કરતા શ્વેતદ્વીપમાં જાય છે. (૪૮)

શ્વેતદ્વીપમાં નિવાસ કરતા નિરન્નમુકતો પણ ક્રૌંચપક્ષીના સમુદાયની પેઠે ભેળા મળીને આકાશમાર્ગે સામા મળતા શ્રી બદરિકાશ્રમવાસી મુક્તોને 'જય શ્રી વાસુદેવ' એ નામનો ઉચ્ચાર કરતા કરતા શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરવા નિત્ય બદરિકાશ્રમ પ્રત્યે આવે છે. (૪૯) આ આશ્રમમાં નિવાસ કરતાં પશુ, પક્ષી, સર્પ અને મનુષ્યો, પતિતપાવની ભાગીરથીમાં સ્નાન કરવા જાય છે ત્યારે પાપને પ્રજાળનારા ભગવાન શ્રીનારાયણ ઋષિનાં દર્શનની પ્રતીક્ષા કરે છે તેમજ અન્ય ક્રિયા-કલાપનો ત્યાગ કરી પ્રાતઃકાળમાં પરમાત્માના આગમનના માર્ગમાં ઊંચાં મુખ રાખી પંક્તિબદ્ધ ઊભા રહે છે. (૫૦)

फलव्रजैः ॥५१॥ नित्यपुष्पफलशालिभिश्च या दिव्यपादपवरैः परिश्रिता । क्षुत्तृडुष्णहिमदोषवर्जिता पूजिता च बलिहोमकर्मभिः ॥५२॥ विस्तृतातिविमलद्युतिशाखा कण्टकैः परिहृता च मनोज्ञा । निःसरन्मधुरसा ननु दिव्या वीक्षणादखिलपापनिहन्त्री ॥५३॥ नादिता मधुरवैश्च विहङ्गैः सेविता सुरगणैरनुवेलम् । छायया निबिडया श्रयणीया यां वदन्ति मुनयश्च विशालाम् ॥५४॥ ज्ञानविज्ञानसम्पन्नः श्रीकृष्णस्य निदेशतः । निवसत्युद्धवो यत्र सिद्धो भागवताग्रणीः ॥५५॥ वैहायसो ह्रदो यत्र सन्ति राजर्षयश्च यत् । यत्र चाश्वशिरा नित्यं वेदान् पठति शाश्वतान् ॥५६॥ यत्र शक्रः पुरा हत्वा वृत्रं वेदार्थपारगम् । ब्रह्महत्यापनोदार्थं चक्रे वर्षायुतं तपः ॥५७॥ सावर्णिः सूर्यतनयो नारदेन सुशिक्षितः । सद्धर्मानभ्यसन् यत्र तपस्यति हरिं भजन् ॥५८॥ श्रेयसे भुवि भक्तानां यत्रैव भगवान्स्वयम् । नरनारायणो नित्यं तपश्चरति दुष्करम् ॥५९॥ प्रवर्तते नैव कलिः कर्हिचिद्यत्र चाश्रमे । श्रेयोमूर्तेर्भगवतः साक्षाद्वासाज्जगत्पतेः ॥६०॥
अखण्डभगवद्ध्यानानन्दनिर्वृतमानसः । नित्यं सेवापरो यत्र नारदो वर्तते मुनिः ॥६१॥ यत्रत्यसुखलेशेन पारमेष्ठ्यादिधामजम् । सुखं समं नैव बुधैर्मीयते रसवेदिभिः ॥६२॥ मुक्तैरनेकैश्च मुमुक्षुवृन्दैः समाश्रितो यो विबुधै रसज्ञैः । स आश्रमो

---

લીલા તૃણવાળી, વિષમતાએ રહિત અર્થાત્ જેમના મૂળમાં સુખેથી બેસી શકાય તેવી, મચ્છર આદિ જંતુઓના ઉપદ્રવે રહિત, કોમળ સ્થળમાં ઉદ્‌ભવેલી ચળકતાં ચીકણાં કોમળ પત્રોવાળી અને લટકતાં મધુર ફળોથી શોભતી ‘વિશાલા’ નામની બોરડીની ચારે બાજુ નિરંતર પુષ્પો અને ફળોથી યુક્ત પારિજાતાદિ શ્રેષ્ઠ વૃક્ષોની પંક્તિઓ શોભી રહી છે. આ બોરડીના વૃક્ષની નીચે બેસનાર વ્યક્તિને કયારેય ભૂખ, તરસ, ટાઢ, તડકો આદિક શારીરિક ધર્મો સ્પર્શ કરી શકતા નથી. તથા ફળની ઈચ્છાવાળા સકામી પુરુષો પુષ્પ અને હોમાદિ ક્રિયાથી આ બોરડીનું નિત્ય પૂજનઅર્ચન કરે છે. (૫૧/૫૨)

આ બોરડીની શાખાઓ અતિ સુંદર અને ચળકતી છે. આ બોરડીનો વિસ્તાર બહુ પ્રદેશ સુધી ફેલાયેલો છે. આ બોરડીમાં એક પણ કંટક નથી તેથી અતિસુંદર તેમજ દિવ્ય ભાસે છે. આ બોરડી સતત ઝરતા મધુર રસવાળી અને દર્શનમાત્રથી સમગ્ર પાપને નષ્ટ કરનારી છે. (૫૩) આ બોરડીની શાખાઓ ઉપર બેસી પક્ષીઓ મધુર કલરવ કરે છે. ઈન્દ્રાદિ દેવતાઓ આ બોરડીનું નિરંતર સેવન કરે છે. જે બોરડીની ઘનઘોર ઘાટી છાયા અતિથિઓને આશ્રય કરવા યોગ્ય હોવાથી નારદાદિ ઋષિઓ તેને ‘વિશાલા’ એવા નામથી ઉદ્‌બોધન કરે છે. (૫૪)

આ જ આશ્રમને વિષે ભગવાન શ્રીકૃષ્ણના આદેશથી ભાગવત શ્રેષ્ઠ એવા જ્ઞાનવિજ્ઞાન સંપન્ન સિદ્ધ દશાને પામેલા ઉદ્ધવજી નિરંતર નિવાસ કરીને રહે છે. (૫૫) આ આશ્રમમાં વૈહાયસ નામનો ધરો આવેલો છે તથા આ આશ્રમને વિષે વાતાપિ, મરુત્ વગેરે રાજર્ષિ દેવો રહે છે. વળી આ આશ્રમને વિષે અશ્વશિરા નામના ઋષિ અનાદિ સિદ્ધ વેદોનું નિરંતર પારાયણ કરે છે. (૫૬) જે આશ્રમમાં પૂર્વે ઈન્દ્રે વેદાર્થના પારંગત વૃત્રાસરનો વધ કરવાથી લાગેલ બ્રહ્મહત્યાના નિવારણને અર્થે દશ હજાર વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી હતી. (૫૭)

જે આશ્રમમાં સૂર્યપુત્ર તેમજ નારદ મહર્ષિ થકી સાંખ્ય, યોગ અને પાંચરાત્ર શાસ્ત્રનો ઉપદેશ પ્રાપ્ત કરીને સૂર્યનાં પુત્ર સાવર્ણિ નામના જે ભવિષ્યમાં મનુ થનાર છે તે, ભાગવત ધર્મોનું પાલન કરવા પૂર્વક તેનો અભ્યાસ કરતા થકાં શ્રીનારાયણ ભગવાનની પ્રેમપૂર્વક ભક્તિ સાથે તપશ્ચર્યા કરે છે. (૫૮) આ આશ્રમમાં સ્વયં ભગવાન શ્રીનારાયણઋષિ, ભરતખંડની ભૂમિમાં ભગવાનનો આશ્રય કરનાર ભકતજનોના આત્યંતિક કલ્યાણને અર્થે દુષ્કર તપ કરે છે. (૫૯) આ આશ્રમમાં સાક્ષાત્ કલ્યાણમૂર્તિ તેમજ સમસ્ત વિશ્વના સ્વામી શ્રીનારાયણ ભગવાનનો નિરંતર નિવાસ હોવાથી કળિયુગ પોતાનું લેશમાત્ર સામર્થ્ય જણાવવા ક્યારેય પણ શક્તિમાન થતો નથી. (૬૦)

ભગવત્ ધ્યાનથી ઉત્પન્ન થયેલા આનંદથી મનમાં પરમ સુખને પામેલા તેમજ નિરંતર ભગવાન નારાયણની સેવાપરાયણ દેવર્ષિ નારદજી પણ આ આશ્રમમાં નિવાસ કરીને રહે છે. (૬૧) ભગવદ્‌રસનાં અનુભવી જે રસજ્ઞ વિવેકી પુરુષો તે બ્રહ્માદિ દેવલોકના મહાસુખને પણ જે બદરિકાશ્રમનાં સ્વલ્પ સુખલેશની તુલનામાં સમાન ગણતા નથી. (૬૨)

આ આશ્રમમાં ભગવત્‌રસને અનુભવનાર અસંખ્ય મુક્તો અને મુમુક્ષુઓના સમૂહો તથા દેવતાઓ નિવાસ કરીને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**दर्शनमात्रतोऽपि हरन्नघं शोभयतीह भूमिम् ॥६३॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे बदरिकाश्रमवर्णननामा चतुर्थोऽध्यायः ॥४॥

सुव्रत उवाच - **तत्रैकदा भगवतो नरनारायणस्य हि । दर्शनार्थमुपाजग्मुर्मुनयस्तत्स्मृता नृप ! ॥१॥ तीर्थयात्रां बहुविधां विधाय जगतीतले । इच्छन्तस्तत्फलं प्राप्तुं दर्शनेन जगद्गुरोः ॥२॥ मरीचिश्च वसिष्ठोऽत्रिरेकतश्च द्वितस्त्रितः । कश्यपश्च भरद्वाजः शाकल्यो भृगुरङ्गिराः ॥३॥ हारीतो गौतमः कण्वो याज्ञवल्क्यपराशरौ । शिंशपायन औौर्वश्च विश्वामित्रस्तथाऽऽसुरिः ॥४॥ संवर्तो बभ्रुमैत्रेयौ बृहदश्वोऽथ लोमशः । उतथ्य इन्द्रप्रमितिर्वैशंपायनदेवलौ ॥५॥ पुलस्त्यः पुलहो गर्गः शक्त्रिर्वोढुर्बृहस्पतिः । वामदेवः पञ्चशिखः प्रचेताः कर्दमः क्रतुः ॥६॥ जैगीषव्यः सुमन्तुश्च वाल्मीकिश्च्यवनोऽरुणिः । कात्यायनो जरत्कारुरास्तीकश्च विभाण्डकः ॥७॥ ऋष्यशृङ्गः शरद्वांश्च शमीको जैमिनिर्यतिः। अष्टावक्रः पाणिनिश्च माण्डव्यः शाकटायनः ॥८॥ कृष्णात्रेयः स्थूलशिराः शुनको गार्ग्यतित्तरी । कालवृक्षीय उत्तङ्को नाचिकेतश्च माठरः ॥९॥ मौञ्जायनश्च पर्णादो बृहदग्निश्च पर्वतः । जातूकर्ण्य ऋचीकश्च हरिश्मश्रुस्तथांशुमान् ॥१०॥ वैतण्डी क्षारपाणिश्च कठस्ताण्ड्यश्च गालवः । अग्निवेश्यश्च कौण्डिन्यः शाण्डिल्यो भालुकिस्तथा ॥११॥ श्वेतकेतुश्च विपुलो मङ्किर्गौरशिरास्तथा । भाण्डायनिर्जयन्तश्च माण्डूकेयश्च शार्करः ॥१२॥ कणादः कवषः पैलः पिप्पलायनभागुरी। कक्षीवानिध्मवाहश्च वत्सो गौरमुखस्तथा ॥१३॥ जाबालिरुपमन्युश्च शुक्रो वेदशिरा मुनिः । मेधातिथिश्चार्ष्टिषेणो-ऽथर्वेन्द्रप्रमदस्तथा ॥१४॥ कुशिको नरदः शङ्खो लिखितः सुतपाः शुकः । प्राणो दाल्भ्यो वीतहव्यः सावर्ण्योद्दालकौ तथा ॥१५॥ सावेतसो वैतहव्यः सावर्णिर्भार्गवस्तथा । गोभिलो जाजलिर्यास्कः काश्यपो वात्स्यनैध्रुवौ ॥१६॥ सौभरिः**

---

રહે છે. તે આ દર્શન માત્રથી પણ પાપને હરનાર આશ્રમ આ ભૂમિલોકને શોભાડે છે. (૬૩) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'બદરિકાશ્રમવર્ણન' નામે ચતુર્થો અધ્યાયઃ (૪)*

## અધ્યાય : ૫

## બદરિકાશ્રમમાં ઋષિઓને શ્રીનર ઋષિનાં દર્શન

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયે તે બદરિકાશ્રમમાં રહેલા ભગવાન શ્રીનરનારાયણનાં દર્શનાર્થે તે ભગવાને " આ સર્વે મુનિઓ મારા દર્શન કરવા અહીં આવો" આ પ્રકારે સ્મરણ કરાયેલા મરીચ્યાદિ મુનિઓ ત્યાં બદરિકાશ્રમમાં આવ્યા. (૧)

**બદરિકાશ્રમમાં ઋષિઓનું આગમન :-** પૃથ્વી પરનાં અનેકવિધ તીર્થોની યાત્રા કરી જગદ્ગુરુ ભગવાનશ્રી નારાયણનાં પ્રત્યક્ષ દર્શનથી સંપૂર્ણ તીર્થયાત્રાના ફળને પ્રાપ્ત કરવા ઈચ્છતા સર્વે મુનિઓ બદરિકાશ્રમને વિષે આવ્યા. (૨)

**દર્શનાર્થી ઋષિઓનાં નામાભિધાન :-** મરીચિ, વસિષ્ઠ, અત્રિ, એકત, દ્વિત, ત્રિત, કશ્યપ, ભરદ્વાજ, શાકલ્ય, ભૃગુ, અંગિરા(૩) હારિત, ગૌતમ, કણ્વ, યાજ્ઞવલ્ક્ય, પરાશર, શિંશપાયન, ઔર્વ, વિશ્વામિત્ર, આસુરિ (૪) સંવર્ત, બભ્રુ, મૈત્રેય, બૃહદશ્વ, લોમશ,ઉતથ્ય, ઈન્દ્રપ્રમિતિ, વૈશંપાયન, દેવલ (૫) પુલસ્ત્ય, પુલહ, ગર્ગ, શકિત્ર, વોઢુ, બૃહસ્પતિ, વામદેવ, પંચશિખ, પ્રચેતા, કર્દમ, ક્રતુ(૬) જૈગીષવ્ય, સુમંતુ, વાલ્મીકિ, ચ્યવન, અરૂણિ, કાત્યાયન, જરત્કારૂ, આસ્તીક, વિભાંડક(૭) ઋષ્યશૃંગ, શરદ્વાન, શમીક, જૈમિનિ, યતિ, અષ્ટાવક્ર, પાણિનિ, માંડવ્ય, શાકટાયન(૮) કૃષ્ણાત્રેય, સ્થૂલશિરા, શુનક, ગાર્ગ્ય, તિત્તરિ, કાલવૃક્ષીય, ઉત્તંક, નાચિકેત, માઠર (૯) મૌંજાયન, પર્ણાદ, બૃહદગ્નિ, પર્વત, જાતૂકર્ણ્ય, ઋચિક, હરિશ્મશ્રુ, અંશુમાન (૧૦)વૈતંડી, ક્ષારપાણી, કઠ, તાંડ્ય, ગાલવ, અગ્નિવેશ્ય, કૌંડિન્ય, શાંડિલ્ય, ભાલુકી(૧૧) શ્વેતકેતુ, વિપુલ, મંકિ, ગૌરશિરા, ભાંડાયનિ, જયંત, માંડૂકેય, શાર્કર (૧૨) કણાદ, કવષ, પૈલ, પિપ્પલાયન, ભાગુરિ, કક્ષીવાન્, ઈધ્મવાહ, વત્સ, ગૌરમુખ (૧૩) જાબાલિ, ઉપમન્યુ, શુક્ર, વેદશિરા, મેધાતિથિ, આર્ષ્ટિષેણ, અથર્વા, ઈન્દ્રપ્રમદ(૧૪) કુશિક, નરદ, શંખ, લિખિત,સુતપા,શુક, પ્રાણ, દાલ્ભ્ય, વીતહવ્ય, સાવર્ણ્ય, ઉદ્દાલક (૧૫)

સાવેતસ, વૈતહવ્ય, સાવર્ણિ, ભાર્ગવ, ગોભિલ, જાજલિ, યાસ્ક, કાશ્યપ, વાત્સ્ય, નૈધ્રુવ (૧૬) સૌભરિ, શૌનક,



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

शौनकोऽगस्त्यो मुद्गलः सैन्धवायनः । सारस्वतो भूरिषेणो देवरातोऽकृतव्रणः ॥१७॥ एते सशिष्याश्चान्येऽपि पिप्पलादादयो नृप ! । नारायणाश्रमं प्रापुः कैलासाचलसन्निधौ ॥१८॥ गङ्गामचक्षत च तत्र सितोदकां ते प्रातस्तनार्ककरतेजितलोलभङ्गीम्। उत्तुङ्गदीर्घतरलध्वनिनादिताशां भस्मावशेषसगरात्मजमुक्तिदात्रीम् ॥१९॥ या नित्यदा भगवदाप्लवनातिपूता दृष्टा स्मृताऽपि निखिलाघचयापहन्त्री । स्पर्शेन पातकहरेति तु किंनु वाच्यं नाम्नैव दूरगनृणामपि पातकघ्नी ॥२०॥ यत्सङ्गतो जनपदा अपि कीकटाद्याः सत्सेव्यपुण्यपदतामुपयान्ति सद्यः । यामन्तरा ननु महर्द्धिभृतोऽपि देशा निस्तोयनद्य इव यान्ति विगीततां वै ॥२१॥ यत्सेवनाद्गतिमिहाशु च यां लभन्ते लोका न तां तु तपसा न मखैर्व्रतैर्वा । चान्द्रायणव्रतपुरश्चरणादिभिर्या स्यात्कायशुद्धिरिह साम्बुकणेन चास्याः ॥२२॥ नानामखादिकरणश्रममन्तराऽपि पापात्मनामपि नृणां सकृदम्बुसङ्गात् । अर्कप्रभोज्जवलविमानवरेण सद्यः स्वर्गप्रदाननिपुणा न पराऽस्ति यस्याः ॥२३॥ या श्रीमहेश्वरजटामुकुटैकभूषा सेन्द्रैः सुरैः सुरगणैश्च निषेव्यमाणा । मुक्तैर्मुमुक्षुभिरथाखिलसिद्धिकामैः सर्वार्थदेति सततं भुवि सेवनीया ॥२४॥ यत्र क्व वाऽपि पुरुषस्य मृतस्य चास्थि यस्याः पतेत् पललभक्षकपक्षिचञ्च्वाः । यद्यम्भसि ध्रुवमसावपि देवलोकं सद्यो लभेत किमु तर्हि तदम्बुसेवी ॥२५॥ युक्तो महामुनिगणैः पुरुषोत्तमः श्रीनारायणः प्रतिदिनं सलिले यदीये । स्नाति स्वयं

અગસ્ત્ય, મુદ્‌ગલ, સૈન્ધવાયન, સારસ્વત, ભૂરિષેણ, દેવરાત તથા અકૃતવ્રણ વગેરે (૧૭) હે રાજન્ ! આ મરીચ્યાદિ (૧૩૯- સંખ્યાવાળા) મુનિઓ પોતાનાં શિષ્ય મંડળ સાથે તથા બીજા પિપ્પલાદ વગેરે મહર્ષિઓ પણ કૈલાસ પર્વતની સમીપમાં આવેલ બદ્રિકાશ્રમને વિષે ભગવાન નારાયણનાં આશ્રમમાં આવ્યા. (૧૮)

**ગંગાજીનો મહિમા :-** બદરિકાશ્રમમાં પધારેલા મુનિઓએ તે આશ્રમની સમીપમાં વહેતી ભાગીરથી ગંગાનાં દર્શન કર્યાં. આ ગંગાજીનું જળ શ્વેત છે અને તેમાં પ્રાતઃકાલીન સૂર્યનાં કિરણોથી ચળકતાં ચંચળ તરંગોની વિચિત્ર રચના થાય છે. ઊંચે અથડાતાં મહા તરંગોના ધ્વનિથી દશે દિશાઓને શબ્દાયમાન કરનાર આ ગંગાનદી સગર રાજાના ભસ્મસાત્ થયેલા સાઠ હજાર પુત્રોને મુક્તિ આપનારી છે. (૧૯)

ભગવાન શ્રીનારાયણ તેમાં નિત્ય સ્નાન કરતા હોવાથી જે ગંગાજી અતિ પવિત્ર છે. તે ગંગાજી દર્શન અને સ્મરણ કરવા માત્રથી જન્મજન્માન્તરનાં સમગ્ર સંચિત પાપના સમૂહને વિનાશ કરનાર છે, તો પ્રત્યક્ષ સ્પર્શ કરવાથી પાપ દૂર થાય તેમાં કહેવું જ શું ? ગંગાજીના નામનું ઉચ્ચારણ કરવા માત્રથી દૂર વસતા મનુષ્યોનાં પણ પાપ નાશ પામે છે. (૨૦) ગંગાજીના સંબંધ માત્રથી કીકટ આદિ અનાર્ય દેશો પણ સત્પુરુષોએ સેવવા યોગ્ય તેમજ પાવનકારી પુણ્યક્ષેત્ર બનેલા છે. અને આ ગંગાજીના સંબંધ વિના તો મહા ઐશ્વર્ય અને સમૃદ્ધિથી સંપન્ન પ્રદેશો પણ જળ વિનાની નદીઓની જેમ નીંદનીય પણાને પામે છે. (૨૧)

આ લોકને વિષે ગંગાજીના સેવનથી જેવી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે તેવી નાના પ્રકારનાં વ્રત, તપ અને યજ્ઞાદિકે કરીને પણ થતી નથી. તેમજ ચાંદ્રાયણવ્રત, મંત્રપુરશ્ચરણ તથા તીર્થસેવન વગેરે સાધનોનાં અનુષ્ઠાન કરવાથી જેવી શરીરની શુદ્ધિ થાય છે તેવી જ શુદ્ધિ આ ગંગાજીનાં પવિત્ર જળના માત્ર એક બુંદના આચમનથી થાય છે. (૨૨)

અનેકવિધ યજ્ઞયાગાદિ પુણ્યકર્મ કરવાના પરિશ્રમ વિના પણ પાપી જીવાત્માઓ પણ જે ગંગાજળના માત્ર એક વાર સ્પર્શ-આચમનાદિ સંબંધથી સૂર્યની કાંતિ સરખા પ્રકાશમાન વિમાનમાં બેસી તત્કાળ સ્વર્ગે સીધાવે છે અને તેથી જ આ નદીનાં સમાન મહિમાશાળી બીજી કોઈ શ્રેષ્ઠ નદી નથી. (૨૩)

જે ગંગાજી પાર્વતી દેવીની સાથે બિરાજતા મહાદેવ શ્રીશંકરના જટામુકુટના એક મુખ્ય આભૂષણરૂપ છે. ઈન્દ્રે સહિત દેવતાઓ અને ગંધર્વાદિ દેવગણો નિરંતર આ ગંગાજીનું સેવન કરે છે. મુક્તભાવને પામેલા મુનિજનો તથા મુક્ત થવાની ઈચ્છા ધરાવતા મુમુક્ષુજનોએ પણ સેવવા યોગ્ય છે. તેમજ સાંસારિક ભોગની ઈચ્છાવાળા સકામ મનુષ્યોના પણ સમસ્ત મનોરથોને પરિપૂર્ણ કરનારી હોવાથી સર્વ પુરુષાર્થને આપનારી આ ગંગાનદી પૃથ્વી ઉપર નિરંતર સેવવા યોગ્ય છે. (૨૪)જે કોઈ પણ સ્થળને વિષે મૃત્યુ પામેલા પુરુષનું અસ્થિ માંસભક્ષક પક્ષીના મુખમાંથી જો ગંગાજીના પવિત્ર જળને વિષે પડે તો તે મૃત-પુરુષ પણ તે જ ક્ષણે દેવલોકની પદવી પ્રાપ્ત કરે છે, તો ગંગાજીનું પ્રત્યક્ષ સ્નાનાદિથી સેવન કરનાર મનુષ્યને સ્વર્ગાદિકના સુખ પ્રાપ્ત થાય તેમાં તો કહેવું જ શું ? (૨૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सकलपुण्यनिधिः सलीलं माहात्म्यवर्णनपटुर्भुवि को नु तस्याः ॥२६॥ तस्यां यथाविधि स्नात्वा प्रातःकृत्यं विधाय ते । भगवद्दर्शनं कर्तुं बदरीं तामुपाययुः ॥२७॥ अथ ते ददृशुर्विप्रा भगवन्तं नरं मुनिम् । अधःस्थितं विशालाया बदर्या गगनस्पृशः ॥२८॥ जटाकिरीटे स्वर्णाभे मुनिधारितशेखरम् । सितोर्ध्वपुण्ड्रं तुलसीमालिनं श्वेतवाससम् ॥२९॥ कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः । आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥३०॥ इत्येतैर्नवभिर्मुख्यैर्महायोगेश्वरैस्तथा। वृतं तन्वादिभिर्विप्रैः कलापग्रामवासिभिः ॥३१॥ द्विभुजं जलदश्यामं वर्णिवेषधरं कृशम् । सुप्रसन्नमुखाम्भोजं तं दृष्ट्वा जहृषुर्द्विजाः ॥३२॥ मुनीन्विलोक्याथ स चात्मनः प्रियान् ब्रह्मण्यदेवोऽपि जगद्गुरुर्मुदा । अभ्येत्य सद्यः प्रणनाम मानितस्तैः सोऽपि गाढं परिरभ्य मुद्धरैः ॥३३॥ ततो निषेदुर्मुनयो नरेण कुशेषु दत्तेषु वृषीषु चाथ । स पूजयामास यथोचितं तान् पाद्यादिभिः पूज्यतमान्सदर्च्यः ॥३४॥ कृत्वातिथ्यमृषीणां स देशकालोचितं नरः । विनयेनोपसङ्गम्य वचनं चेदमब्रवीत् ॥३५॥ नर उवाच - अद्यानन्दो महाञ्जातो भवतां दर्शनान्मम । सर्वं सुलभमेवास्ति दुर्लभः सत्समागमः ॥३६॥ तत्रापि सत्तमा यूयं येषां दृढतरा मतिः । ऋष्याकृतौ भगवति वर्ततेऽपि तपस्यति ॥३७॥ येषां हृदि सदा श्रीमान्बदरीवनवल्लभः । हरिः स्फुरति साक्षात्तान्वयं विद्मो महत्तमान् ॥३८॥ यूयं मुक्तजनाः सर्वे दृष्ट्यैव जनपावनाः ।

સમગ્ર પુણ્યના સાગરરૂપ ભગવાન શ્રી નારાયણ પુરૂષોત્તમ જે ગંગાનાં જળમાં પ્રતિદિન તન્વાદિ મહામુનિમંડળ સાથે જળક્રીડા સહિત સ્નાન કરે છે, તે ગંગાજીનાં સમગ્ર માહાત્મ્યનું વર્ણન કરવામાં નિપુણ કોણ પુરુષ છે ? અર્થાત્ કોઈ સમર્થ નથી. (૨૬)

**નરઋષિનાં દર્શન :-** મરીચ્યાદિ મુનિઓએ શાસ્ત્રોક્ત વિધિથી ગંગા નદીમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કર્યું. ત્યાર બાદ પ્રાતઃકાલીન સંધ્યાવંદનાદિક નિત્ય કર્મ પૂર્ણ કરીને ભગવાન શ્રીનારાયણના દર્શન કરવા માટે વિશાલા નામની બોરડીની સમીપે આવ્યા. (૨૭) મરીચ્યાદિ મુનિઓએ ગગનચુંબી વિશાલા નામથી સુપ્રસિદ્ધ બોરડીના વૃક્ષ નીચે વેદિકા પર વિરાજમાન થયેલા ભગવાન નરઋષિનાં દર્શન કર્યાં. (૨૮) ભગવાન નરની સુવર્ણસમાન ઉજ્જ્વળ કાંતિ હતી. તેમના મસ્તક પર જટાજૂટનો મુકુટ શોભતો હતો. નર ભગવાને આશ્રમનિવાસી મહર્ષિઓએ અર્પણ કરેલા પુષ્પના તોરાઓ ધારણ કર્યા હતા. તેમના લલાટને વિષે શ્વેત ઊર્ધ્વપુંડ્ર તિલક શોભતું હતું. કંઠમાં તુલસીની માળા ધારણ કરી હતી. અને શ્વેતવસ્ત્રથી ભગવાન નરની છબી અદ્ભુત શોભતી હતી. (૨૯)

કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુધ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ, કરભાજન આ નવ મુખ્ય મહાયોગેશ્વરો અને બદરિકાશ્રમમાં જ રહેલાં કલાપ ગ્રામના નિવાસી તનુ આદિ મહર્ષિઓની સાથે ભગવાન નર શોભતા હતા. (૩૦/૩૧) દ્વિભુજ, નવીન મેઘની સમાન શ્યામ,વર્ણીના વેષને ધારણ કરનાર, તપશ્ચર્યાથી શરીરમાં કૃશ છતાં પણ પ્રસન્નતા સભર મુખકમળની મુદ્રા યુક્ત શ્રીનર ઋષિનાં દર્શન કરી મરીચ્યાદિ મુનિઓ અતિશય આનંદમગ્ન થયા. (૩૨)

ત્યાર પછી સર્વ જગતના ગુરુ સ્થાનને શોભાવી રહેલા તેમજ બ્રહ્મવેત્તાઓમાં અગ્રેસર શ્રીનર ઋષિએ પણ પોતાને અત્યંત વહાલા સંતોનાં દર્શન થતાંની સાથે જ સહર્ષ સન્મુખ જઈ નમસ્કાર કર્યા. આનંદપૂર્ણ હૃદયવાળા મુનિઓએ પણ નરઋષિને ભેટી તેમનો આદર સત્કાર કર્યો. (૩૩) શ્રીનર ભગવાને અર્પણ કરેલા દર્ભ અને તૃણના આસનો ઉપર મરીચ્યાદિ મુનિઓ બિરાજમાન થયા. ત્યાર બાદ બ્રહ્મવેત્તાઓ પણ જેમનું પૂજન કરે છે એવા શ્રીનર ઋષિએ પાદ્ય, અર્ઘ્ય વગેરે પૂજા સામગ્રીથી પૂજનીય મહર્ષિઓનું પૂજન કર્યું. (૩૪)

**સત્સંગનો સુખકારી મહિમા :-** શ્રીનર ઋષિએ દેશકાળને અનુસારે મુનિઓનો યોગ્ય આતિથ્ય સત્કાર કર્યો અને વિનયથી નમ્રભાવે મુનિઓની સમીપે પધારી તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૫) નર ઋષિ કહે છે કે, હે સંતો ! તમારા દર્શનથી આજ મને મહાન આનંદ થયો છે. આ સંસારને વિષે બધાજ પદાર્થો સુખેથી પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ તમારા જેવા એકાંતિક જ્ઞાની સત્પુરુષોનો સમાગમ મળવો અતિશય દુર્લભ છે. (૩૬) બ્રહ્મદર્શી સંતપુરુષોમાં પણ તમે શ્રેષ્ઠ છો. કારણ કે તપોનિધિ ઋષિસ્વરૂપ શ્રીનારાયણ ભગવાનને વિષે તમારી મતિ સ્થિર વર્તે છે. (૩૭)

મહાઐશ્વર્ય સંપન્ન તેમજ બદરિપ્રિય ભગવાન શ્રીનારાયણ જેમનાં હૃદયકમળને વિષે પ્રત્યક્ષ વિરાજમાન હોય તેવા સત્પુરુષોને જ અમે સૌથી શ્રેષ્ઠ માનીએ છીએ. (૩૮) તમે સર્વે મુનિઓ દૃષ્ટિમાત્રથી જ મનુષ્યોને પાવન કરનારા છો. તમે

तेषां वः सङ्गमं मन्ये जीवानामतिदुर्लभम् ॥३९॥ यस्यासन्ना भवान्मुक्तिस्तस्य वः सङ्गमो भवेत् । येनैव जायते प्रीतिः श्रीमन्नारायणे प्रभौ ॥४०॥ तयैव देहगेहादौ त्यक्तसङ्गः प्रशान्तधीः। परं पदमवाप्नोति पुमान् ब्रह्मादिदुर्लभम् ॥४१॥ केनोपमा भवेत्तेषां सतां नारायणात्मनाम् । भूमौ परोपकाराय तीर्थव्याजविचारिणाम् ॥४२॥ परोपकारशीला हि सन्ति सन्तो दयालवः । नितरामेव भगवद्भक्ता वै युष्मदादयः ॥४३॥ यूयमुत्तवेलायामागता भगवत्प्रियाः ! । अद्य नारायणः स्वामी दास्यते दर्शनं प्रभुः ॥४४॥ स्वदर्शनायानुदिनं मुनीनां च दिवौकसाम् । आगच्छतां वर्ततेऽद्य तस्य स्वेक्षार्पणक्षणः ॥४५॥ अस्यामेव हि वेलायां विधिं पौर्वाह्णिकं प्रभुः । समाप्यात्र समायाति नैष्ठिकोचितमन्वहम् ॥४६॥ सुव्रत उवाच - इत्थं मधुरया वाचा कुर्वन्तं सत्क्रियां नरम् । मुनयस्तत्प्रभावज्ञास्त ऊचुर्हृष्टमानसाः ॥४७॥ मुनय ऊचुः - जानीमस्त्वां वयं सर्वे ऋषयो जगदीश्वरम् । ब्रह्माण्डानामनेकानामीश्वरं हि नरोत्तम ! ॥४८॥ तपश्चर्यां प्रकुर्वन्तं सेवमानं सदा प्रभुम् । अपि त्वामीश्वरं विद्मः साक्षान्नारायणं यथा ॥४९॥ सर्वेषां माननीयोऽसि पूज्यो वन्द्यस्त्वमीश्वरः । एका मूर्तिर्द्विधा भाति नरनारायणाविति ॥५०॥ धन्या भारतभूरियं भगवतो नारायणस्याङ्किता पद्भिर्मत्स्ययवाङ्कुशाशनिघटाम्भोजोर्ध्वरेखाङ्कितैः। धन्येयं तरुसन्ततिश्च हरिणा संवीक्षिता प्रत्यहं धन्याश्चाश्रमदर्शनादपि वयं भक्तप्रियस्येशितुः ॥५१॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुन्यागमननरदर्शननिरूपणनामा पञ्चमोऽध्यायः ॥५॥

બ્રહ્મસ્થિતિને પામેલા મુક્ત છો અને તે હેતુથી જ આ સંસારને વિષે આસક્ત જીવાત્માઓને તમારો સમાગમ પ્રાપ્ત થવો અતિશય દુર્લભ છે. (૩૯) હે સંતો ! 'જે જીવાત્માને ભવબંધન થકી મુક્તિ મેળવવાનો સમય નજીક આવ્યો હોય તેને જ તમારા જેવા સત્પુરુષનો સુયોગ પ્રાપ્ત થાય છે અને તમારા સમાગમરૂપી યોગથી જ સમર્થ શ્રીનારાયણ ભગવાનના સ્વરૂપને વિષે ગાઢ પ્રીતિ થાય છે.' (૪૦) પરમાત્માના સ્વરૂપને વિષે સ્નેહ થવાથી શરીર, ઘર, પુત્ર, સ્ત્રી, વગેરે પદાર્થોમાંથી આસક્તિનાં બંધનો છેદાય છે. પંચવિષયોમાંથી બુદ્ધિની વૃત્તિ શાંત થાય છે અને તે પુરુષ બ્રહ્માદિ દેવતાઓને પણ દુર્લભ એવા પરમ પદને પામે છે. (૪૧) જીવાત્માઓને અભયદાન આપવા રૂપ પરોપકાર કરનારા, તીર્થાટનના મિષથી પૃથ્વી પર વિચરણ કરનારા તેમજ ભગવદ્ સ્વરૂપને વિષે મનની અખંડવૃત્તિ રાખનારા તમારા જેવા સત્પુરુષોને કોની સાથે ઉપમા આપી શકાય ? અર્થાત્ તમારા જેવું બીજું કોઈ આત્મકલ્યાણમાં ઉપકારી નથી. (૪૨) દયાળુ સ્વભાવના સત્પુરુષો સ્વાભાવિક રીતે પરોપકારી જ હોય છે. અને તેમાં પણ તમારા જેવા ભગવદ્ભક્તો તો નિશ્ચય અતિશય પરોપકારી હોય છે. (૪૩) હે ભગવત્ પ્રિય સંતો ! તમે અત્યારે ઉત્તમ સમયે પધાર્યા છો. કારણ કે આ અવસરને વિષે અનંત જીવાત્માઓનું શ્રેય કરનાર મહાઐશ્વર્યશાળી ભગવાન શ્રીનારાયણ ઋષિ હમણાં જ તમને દર્શન આપશે. (૪૪) પ્રતિદિન પોતાનાં દર્શનાર્થે આવતા મુનિઓ અને દેવતાઓને શ્રીનારાયણ ઋષિ દરરોજ આ અવસરે પોતાનાં દર્શનનો લાભ આપે છે. (૪૫) નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ કરવા યોગ્ય પૂર્વ-આહ્નિક નિત્ય કર્મ સમાપ્ત કરી, શ્રીનારાયણ ઋષિ આ અવસરે ટૂંક સમયમાં જ પધારશે. (૪૬) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે મધુર વાણીથી સત્કાર કરતા નર ઋષિ પ્રત્યે તેમનો મહિમા જાણનારા મુનિઓ પ્રસન્ન મને કહેવા લાગ્યા. (૪૭) મુનિજનો કહે છે, હે નરોત્તમ ! અમે સર્વે મુનિઓ જગદીશ્વર એવા તમોને અનેક બ્રહ્માંડોના નિયંતા જાણીએ છીએ. (૪૮)

નિરંતર ભગવાન શ્રી નારાયણની સેવામાં તત્પર બની તપશ્ચર્યા કરતાં હોવા છતાં પણ તમે ભગવાન શ્રીનારાયણની માફક સર્વના ઈશ્વર છો એ પ્રમાણે અમે સમજીએ છીએ. (૪૯) તમે સર્વેના સ્વામી છો. દેવો અને ઋષિઓ પણ તમને વંદન અને પૂજન કરે છે. કારણ કે તમે શ્રી વાસુદેવ પુરુષોત્તમ મૂળ એક સ્વરૂપે હોવા છતાં નર અને નારાયણ એમ બે સ્વરૂપે ભાસો છો. (૫૦)

હે નરઋષિ ! ભગવાન શ્રી નારાયણનાં મત્સ્ય, જવ, અંકુશ વજ્ર, કળશ, કમળ, ઊર્ધ્વરેખા વગેરે ચિહ્નોથી યુક્ત ચરણકમળ વડે અંકિત થયેલી આ ભારત ભૂમિ અતિ ધન્ય ભાગી થઈ છે. ભગવાન નારાયણે કરુણામય દૃષ્ટિથી પ્રતિદિન નિહાળેલી આ વૃક્ષ પંક્તિને પણ ધન્ય છે. અને ભક્તપ્રિય ઈશ્વર શ્રીનારાયણના આ આશ્રમનાં દર્શનથી પુણ્યવાન બનેલા અમે મુનિઓ પણ અતિ ધન્યભાગી છીએ. (૫૧)

*ઇતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'મુન્યાગમન નરદર્શન નિરૂપણ' નામનો પાંચમો અધ્યાયઃ (૫)*

सुव्रत उवाच - **एवं ब्रुवत्सु मुनिषु नरे स्मितमुखे प्रभुः । समाप्तदैवपित्र्योऽ सावायात्तत्र निजोटजात् ॥१॥ योगसिद्धतनुभिः पथि मुक्तैः सानुगामरगणैश्च खसंस्थैः । वन्द्यमान उरुधाऽ तिविनीतैः स्वानुगोद्धवसमीक्षितपादः ॥२॥ देहिदुष्करतपोद्विरुक्तया नैकभास्करमहःसमानया । शोभनाखिलनिजाङ्गजन्यया । भ्राजमान उरुपाण्डुरत्विषा ॥३॥ दीर्घबाहुयुगलोऽ सितवर्णो नूत्नपङ्कजदलायतनेत्रः । पूर्णचन्द्रवदनः स्मितराजद्दन्तराजिरुचिरो मृदुपादः ॥४॥ सूक्ष्मरम्यकपिलानृजुकेशो बद्धसुन्दरजटः पृथुवक्षाः । कुञ्जराशनदलोदरराजत्सद्वलिश्च नतसभ्रमनाभिः ॥५॥ पाण्डुरोर्ध्वतिलकस्तुलसीस्त्रग्ब्रह्मसूत्रधर ईक्ष्यशिराङ्गः। मृत्कमण्डलुपलाशजदण्डौ वर्णिराडिति दधच्च कराभ्याम् ॥६॥ अंशुकं परिदधच्छुचि शुक्लं स्कन्धलम्बितसितोत्तरवासाः। सर्वदैव तरुणोऽ मृतवृष्ट्या प्रीणयन्निजदृशा मुनिवृन्दम् ॥७॥ स्वातिवल्लभमुनीक्षणजातं भूरिहर्षमुदरे न निधातुम् । शक्नुवन्विकसदास्यदृगब्जात्स्रावयन्निव मनोहरमूर्तिः ॥८॥ तं विलोक्य मुनयो भगवन्तं भूरिहर्षविवशा नमनादौ । प्रेमसम्भवजलावृतनेत्राः प्रोत्थिता भुवि निपत्य च नेमुः ॥९॥ दर्शनक्षण इमे नरबन्धोर्भूरिवासरवियोगजतापम् । सद्य एव विजहुर्हृदि हृष्टाः कैरविण्य इव पूर्णहिमांशोः ॥१०॥ तं पिबन्त इव लोचनैर्मुखैस्ते लिहन्त इव बाहुभिः प्रभुम् । सम्मिलन्त**

## અધ્યાય : ૬

## શ્રી નારાયણ તથા નરઋષિનું દર્શન, પૂજન મહોત્સવ

**શ્રીનારાયણ ઋષિનું આગમન :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુનિઓનાં સ્તુતિવચનો સાંભળી નર ઋષિ મુખથી મંદ મંદ સ્મિત વરસાવવા લાગ્યા. તે અવસરમાં દેવકર્મ અર્થાત્ પ્રાતઃહોમાદિ અને પિતૃકર્મ અર્થાત્ નિત્યશ્રાદ્ધાદિક નિત્યપૂજન-કાર્ય સમાપ્ત કરી પોતાની પર્ણકુટિરમાંથી શ્રીનારાયણ ભગવાનનું ત્યાં આગમન થયું. (૧) **તે ભગવાનનું વર્ણન કરે છે :-** યોગના પ્રભાવથી સિદ્ધિ પામેલા શરીરવાળા, શ્વેતદ્વીપથી આવેલા શ્વેત મુક્તો અને બદરિકાશ્રમ નિવાસી મુક્ત પુરુષો માર્ગમાં શ્રી નારાયણ ઋષિને પ્રણામ કરી રહ્યા છે. અંતરિક્ષમાં અનુચરોની સાથે રહેલાં દેવતાઓનાં વૃંદો, નમ્રતાથી તે શ્રીનારાયણ ઋષિને પ્રણામ કરી રહ્યા છે. શ્રીનારાયણ ભગવાનનાં ચરણોને વિષે જ સંલગ્ન દૃષ્ટિવાળા ઉદ્ધવજી જેમની પાછળ ગતિ કરતાં અનુસરી રહ્યા છે. (૨) દેહધારી પ્રાણીઓ પણ ન કરી શકે તેવા દુષ્કર તીવ્ર તપથી બમણી વૃદ્ધિ પામેલી, અસંખ્ય સૂર્યના તેજ સમાન શ્વેત કાંતિ જેમના શોભાયમાન શરીરના દિવ્ય અંગોમાંથી બહાર નીસરી ચોમેર પ્રકાશ પાથરે છે એવા; (૩) ભગવાન શ્રીનારાયણ ઋષિની બંને ભુજાઓ જાનુ પર્યંત લાંબી છે. શ્યામ સુંદર વર્ણ છે. નવીન પ્રફુલ્લિત કમળદળ સમાન નેત્રકમળો કર્ણ સુધી લાંબાં છે. પૂર્ણિમાના ચંદ્ર સરખું મુખારવિંદ મંદ મંદ હાસ્યથી શોભતી દંતપંક્તિથી અતિ સુંદર શોભી રહ્યું છે. તેમનાં બંને ચરણો, કમળ સરખા કોમળ છે. (૪)

તેઓ અતિ સૂક્ષ્મ, રમ્ય, પીળા તેમજ વાંકડિયા કેશથી શોભી રહ્યા છે. એ કેશની સુંદર જટા મસ્તક પર બાંધી છે. વિશાળ વક્ષઃસ્થળ છે. પીપળાના પાન સરખા શોભાયમાન ઉદરને વિષે સુંદર ત્રિવળી પડે છે. તેની મધ્યમાં ઊંડી અને ગોળ ગંભીર નાભિ છે. (૫) શ્રી નારાયણ ઋષિએ લલાટમાં શ્વેત ઊર્ધ્વપુંડ્ર તિલક તથા કંઠને વિષે તુલસીની બેવડી માળા ધારણ કરેલ છે. ડાબે ખભે યજ્ઞોપવીત (જનોઈ) ધારેલી છે. તેમના કૃશ શરીરમાં રહેલી નાડીઓનું સ્પષ્ટતાથી દર્શન થાય છે. હસ્તકમળને વિષે મૃત્તિકાનું કમંડળુ અને પલાશનો દંડ ધારણ કરેલ છે. (૬)

સફેદ રંગનું એક પવિત્ર અધોવસ્ત્ર (કેડેથી નીચે પહેરવાનું વસ્ત્ર) ધારણ કર્યું છે તેમજ ખભા ઉપર તેવા જ રંગનું એક ઉત્તરીય (ઉપર ઓઢવાનું) વસ્ત્ર પરિધાન કર્યું છે. શ્રીનારાયણ ઋષિની સદા કિશોર અવસ્થા છે. પોતાનાં નેત્રથી અમૃતદૃષ્ટિ વરસાવી સર્વે મુનિજનોને પ્રસન્ન કરી રહ્યા છે. (૭) પ્રાણપ્રિય વહાલા સંતોનાં દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદાતિશયને પોતાના ઉદરમાં સમાવવા સમર્થ નહિ થવાથી દિવ્ય મનોહર મૂર્તિ શ્રીનારાયણ મુનિ એ આનંદને જાણે કે વિકસેલા મુખકમળ અને નેત્રકમળ દ્વારા હર્ષના અશ્રુપ્રવાહ સ્વરૂપે અભિવ્યક્ત કરતા બહાર વહેવડાવતા હોય એમ જણાય છે. (૮)

મરીચ્યાદિ મુનિઓ પણ શ્રીનારાયણ ઋષિને આવતા જોઈ તત્કાળ આસન પરથી ઊભા થયા. અતિશય હર્ષથી પરવશ બન્યા. પ્રેમથી ઉદ્‌ભવેલાં અશ્રુઓથી નેત્રો ભરાઈ ગયાં. નીચે ધરતી પર કાંટા તેમજ કાંકરા વગેરેને નહિ ગણી દંડની માફક પૃથ્વી પર પડી સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૯) મુનિઓ મનમાં અતિશય પ્રસન્ન થયા. શ્રી નરબંધુ નારાયણ ઋષિનાં દર્શનમાત્રથી જ જેમ ચંદ્રનાં દર્શનથી કુમુદિનીનો વિરહજન્ય તાપ દૂર થાય તેમ મુનિઓનો બહુ દિવસના વિયોગનો તાપ દૂર થયો. (૧૦)

इव सादरं तदा सर्वशो ददृशिरे नरमुख्यैः ॥११॥ तान् यथावदुरुधाऽथ मानयन्मानदः स्वपरिरम्भणादिभिः । आससाद बदरीतरोरधो वेदिकां स्तृतकुशासनां हरिः ॥१२॥ पीठे तत्र मनोहरे मुनिपतिर्भक्तप्रियः सोऽच्युतः सम्प्रीत्यै निषसाद वेदविदुषां तेषामथोदङ्मुखः । तस्मै ते च निषेदुषे चपलया दृष्ट्याऽभितः पश्यते विप्रा नैष्ठिकवर्णिने भगवते प्रीत्या नमश्चक्रिरे ॥१३॥ ततः पुपूजुर्निजमिष्टदेवं नारायणं तं विधिना नरं च । पूजोपहारैर्विविधैर्मुनीन्द्राः सस्नेहमव्यग्रधियो विशुद्धैः ॥१४॥ कस्तूरिकाकुङ्कुमकेसराद्यैर्युक्तेन सत्सौरभचन्दनेन । सन्मल्लिकाचम्पककेतकाद्यैःपुष्पैरनेकैस्तुलसीदलैश्च ॥१५॥ विचित्रपुष्पोत्तमचारुहारै रम्यावंतसैः शुभशेखरैश्च । सुगन्धिधूपैर्बहुभिश्च दीपैः सद्भिर्निवेद्यैश्च फलैरनेकैः ॥१६॥ नीराजनेनातिमनोहरेण सन्मन्त्रपुष्पाञ्जलिभिः प्रणामैः । आनर्चुरीशं मुनयो विधिज्ञा वेदोक्तमन्त्रैः पठितैस्तमुच्चैः ॥१७॥ इत्यर्चितं निजजनागमभूरिहर्षं व्यालम्बिचित्रकुसुमोत्तमशेखरालिम् । कण्ठात्पदावधिलसत्सुमहारराजिं ध्यानास्पदं तमचलैर्नयनैर्निदध्युः ॥१८॥ तं तादृशं स्वहृदयेष्वतिभासुराङ्गं धाम्न्यक्षरेऽपि ददृशुः कृपयैव तस्य । आनन्दपूर्णसकलावयवाः पुनस्ते दृष्ट्वा बहिश्च मुदिता अथ तुष्टुवुस्तम् ॥१९॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे भगवद्दर्शनपूजनमहोत्सवनामा षष्ठोऽध्यायः ॥६॥

---

મરીચ્યાદિ મુનિઓ શ્રીનારાયણ ઋષિનું નેત્રથી પાન કરતા હોય ને શું ! મુખેથી ચાટતા હોય ને શું ! ભુજાઓથી જાણે ભેટતા હોય ને શું ! આ પ્રમાણે નર ઋષિ તેમજ તનુ આદિ મહર્ષિઓએ દર્શન કર્યાં. (૧૧) સર્વને સન્માન આપનારા શ્રીનારાયણ ઋષિએ સર્વે મુનિઓને ભેટી બહુ પ્રકારે તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. ત્યાર બાદ બદરીવૃક્ષ નીચે વેદિકા ઉપર પાથરેલા દર્ભાસન પર વિરાજમાન થયા. (૧૨) મુનિઓના પ્રતિ અને ભક્તો ઉપર પ્રીતિવાળા શ્રીનારાયણ ભગવાન પોતે અતિશય મનોહર આસન પર ઉત્તરદિશા તરફ મુખકમળ રાખી વેદવેત્તા ઋષિઓની પ્રસન્નતાને અર્થે વિરાજમાન થયા. આસન ઉપર બેસી ચપળ દષ્ટિથી ચોતરફ મુનિમંડળને નિહાળતા નૈષ્ઠિક વ્રતધારી શ્રીનારાયણ ઋષિને મુનિઓએ ફરીથી પ્રીતિપૂર્વક પ્રણામ કર્યા. (૧૩)

**ઋષિઓએ કરેલ પૂજન વિધિ :-** ત્યારબાદ મરીચ્યાદિ મહર્ષિઓએ પ્રેમપૂર્વક એકાગ્ર ચિત્તથી ઈષ્ટદેવ શ્રીનારાયણ અને નરઋષિનું વિવિધ પ્રકારની પવિત્ર પૂજાસામગ્રીથી વિધિપૂર્વક પૂજન કર્યું. (૧૪) કસ્તુરી, કુંકુમ,કેસર અને કપૂર મિશ્રિત સર્વોત્તમ સુગંધીમાન ચંદન, સુગંધીમાન શોભતા મોગરા, ચંપા અને કેવડા આદિ અનેકવિધ રંગબેરંગી પુષ્પો તથા માંજર સહિત તુલસીદલથી શ્રીનારાયણ ઋષિનું પૂજન કર્યું. (૧૫) મુનિઓએ શ્રીનારાયણ ઋષિને રંગબેરંગી પુષ્પોથી નિર્માણ કરેલી સુંદર શ્રેષ્ઠ પુષ્પમાળાઓ ધારણ કરાવી. પુષ્પથી બનાવેલા રમણીય ગુચ્છ અને કલગી ધરાવ્યાં તથા મસ્તક પર સુંદર તોરા ધારણ કરાવ્યા. સુગંધીમાન ધૂપ તથા અનેક દીવડાઓથી પૂજન કર્યું. તેમજ સુંદર સ્વાદિષ્ટ વિવિધ ફળોનું નૈવેદ્ય અર્પણ કર્યું. (૧૬)

અતિમનોહર આરતી ઉતારી પરમાત્મા શ્રીનારાયણનાં શ્રીચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પણ કરી સાષ્ટાંગ પ્રણામ કર્યાં. વિધિમાં પ્રવીણ મુનિઓએ ઉચ્ચ સ્વરે ઉદ્‌ઘોષ કરેલા વેદમંત્રોથી શ્રીનારાયણ ભગવાનનું પ્રેમસભર પૂજન કર્યું. (૧૭) એકાંતિક સંતોના આગમનથી શ્રીનારાયણ ઋષિના અંતરમાં અતિ આનંદ થયો. સંતોએ પૂજનમાં ધારણ કરાવેલા રંગબેરંગી ઉત્તમ પુષ્પનાં લટકતા અનેક તોરાઓની પંક્તિથી ભગવાન અતિશય શોભતા હતા. કંઠથી આરંભીને ચરણ પર્યંત હારબદ્ધ લાંબી પુષ્પમાળાની પંક્તિથી શોભતા તેમજ ધ્યાનના અવલંબન સ્વરૂપ શ્રીનારાયણ ઋષિનું મુનિઓ નિશ્ચળ નેત્રોથી ધ્યાન કરવા લાગ્યા. (૧૮)

મરીચ્યાદિ મુનિઓએ પોતાનાં હૃદયકમળને વિષે અતિશય તેજસ્વી દિવ્યમંગલ વિગ્રહધારી પરમાત્માનાં દર્શન કર્યાં તથા અક્ષરધામને વિષે તેવા જ સ્વરૂપે તેમની અસાધારણ કૃપાથી દર્શન કર્યાં. પરમાત્માનાં દર્શનથી અંગો અંગમાં આનંદપૂર્ણ બનેલા મરીચ્યાદિ મુનિઓ ફરી વેદિકા પર બહાર બિરાજતા ભગવાનનાં દર્શન કરી અતિ હર્ષિત થઈ શ્રીનારાયણ ઋષિની સ્તુતિ કરવા લાગ્યા. (૧૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ભગવદ્ દર્શન પૂજન મહોત્સવ' નામે છટ્ઠો અધ્યાય: (૬)*

ऋषय ऊचुः - जय जयाज ! कृपारसनिर्गतैर्विततमोहमहान्धतमोपहैः । त्वमचलैर्वचनैर्बहुजन्मजभ्रमहरो भवसीह जगद्गुरुः ॥१॥ नयसि नाथ ! निजाङ्घ्रिनिषेविणो धृतिमता तपसा क्षपितैनसः । निजपदं परमं ह्यमृताभिधं बहुलभास्करभास्वरमक्षरम् ॥२॥ विशदधर्मपथं परिरक्षितुं भुवि युगान्तहतान्सुकृतप्रिय ! । सकलशास्त्रपुराण-सदागमांस्त्वमुरुधैव समीरयसे प्रभुः ॥३॥ नहि विदन्ति भवन्तमिहेश्वरं निखिलजीवभवभ्रममोचनम् । भुवि सतां वचनैरपि ये नरास्त ऋषयोऽपि हतास्तव मायया ॥४॥ नहि सुखं भवदाश्रयमन्तरा तनुभृतां दिवि वा भुवि वाम्बरे । तदधुनाऽब्दशतान्त उताश्रितास्तव यदा स्युरिमे सुखिनस्तदा ॥५॥

अनधिगम्य समक्षमनुग्रहं प्रथमजा अपि नो महदादयः । निजकृतावशकन् हि कुतः पुनर्विषयिणो विमुखाः सुखमाप्नयुः ॥६॥ वयमभूम हरे ! कृतिनोऽद्य वै परतरं क्षरतोऽक्षरतोऽपि यत् । ऋषितनुं दधतं पुरुषोत्तमं हृदि विदाम भवन्तमहो भगम् ॥७॥ निगमशास्त्रपुराणसुदेशिकैरचलभावभरेण निषेवितैः । यदि भवेन्न मनस्त्वयि निश्चलं वितथवादफलं खलु तत्तदा ॥८॥ साङ्ख्ययोगनिगमागमवाचां पाञ्चरात्रवृषशास्त्रमतानाम् । अर्णवोऽत्र पयसामिव साक्षात्त्वं क्रमेण च भवस्यपि निष्ठा ॥९॥ अधिगम्य वाङ्मयमिदं त्वपीह ये न भजन्ति तद्गतिभवत्पदाम्बुजम् । त्रिगुणात्मकात्ममतिकल्पिताशयैरनवेत्य

---

## અધ્યાય : ૭

## ઋષિઓએ કરેલી શ્રીનારાયણની સ્તુતિ

**મરીચ્યાદિમુનિઓએ કરેલી સ્તુતિ :-** મરીચ્યાદિ મુનિઓ સ્તુતિ કરતાં કહે છે, હે અનાદિ સિદ્ધમૂર્તે ! તમો સર્વોત્કર્ષપણે જયકારી પ્રવર્તો ! જયકારી પ્રવર્તો ! કરુણા રસથી નીસરેલા અચલ વચનામૃતોથી તમે વિસ્તૃત મોહરૂપી માયાના ગાઢ અંધકારને દૂર કરી જીવાત્માઓની જન્મજન્માંતરથી ઉપજેલ ભ્રાંતિને હરનારા છો. તથા સમગ્ર જગતના સદ્‌ગુરુ સ્થાનને અલંકૃત કરી રહ્યા છો. (૧) હે સ્વામિન્ ! ધૈર્યયુક્ત તપશ્ચર્યાથી પોતાનાં પાપને ધોઈ આપનાં ચરણ કમળની દૃઢ ઉપાસના કરનારા મુનિજનોને તમે અનંત સૂર્ય સમાન પ્રકાશમાન 'અમૃત' નામથી પ્રસિદ્ધ અક્ષરધામને વિષે લઈ જાઓ છો. (૨)

હે ધર્મપ્રિય ! વિશુદ્ધ એકાંતિક ધર્મમાર્ગનું રક્ષણ કરવાને અર્થે સમર્થ તમે કલિયુગના પ્રભાવથી નષ્ટ થયેલા સમગ્ર વેદ, પુરાણ તથા આગમ વગેરે સત્શાસ્ત્રોને આ પૃથ્વી ઉપર બહુ પ્રકારે પ્રવર્તાવો છો. (૩)

હે ભગવન્ ! સમગ્ર જીવપ્રાણીમાત્રને સંસારરૂપી ભ્રમણથી મુક્ત કરનાર સર્વના ઈશ્વર આપને સત્પુરુષોનાં વચનથી પણ જે મનુષ્યો ઓળખતા નથી તે ઋષિઓ હોવા છતાં તમારી માયાથી મોક્ષમાર્ગમાંથી વંચિત રહ્યા છે. (૪) દેહધારી જીવાત્માઓને તમારા આશ્રય વિના સ્વર્ગમાં કે પૃથ્વીમાં, આકાશમાં કે પાતાળમાં, અત્યારે કે સો વર્ષ પછી પણ સુખ પ્રાપ્ત થતું નથી. પણ જ્યારે તમારાં ચરણનો આશ્રય કરે છે ત્યારે જ તેઓ સુખી થાય છે. (૫)

હે ભગવન્ ! પ્રથમ ઉત્પન્ન થયેલાં મહદાદિ ચોવીસ તત્ત્વો પણ તમારી પ્રસન્નતા પ્રાપ્ત કર્યા વિના વિરાટની ઉત્પત્તિરૂપ પોતાનું કાર્ય કરવા સમર્થ ન થયાં. તો પછી કેવળ વિષયોમાં જ આસક્ત રહેનાર તેમજ આપથી વિમુખ જીવાત્માઓ સુખને ક્યાંથી પ્રાપ્ત કરી શકે ! (૬)

દુઃખને હરનાર હે હરિ ! અમે સર્વે મહર્ષિઓ આજે કૃતકૃત્ય બન્યા છીએ. કારણકે તમે ક્ષર અને અક્ષર જીવાત્માઓથી પણ અત્યંત વિલક્ષણ છો. તે આપને ઋષ્યાકૃતિમાં પણ પુરુષોત્તમ સ્વરૂપે અમારાં હૃદયમાં જાણીએ છીએ. તેથી અમારા અહો ભાગ્ય છે. (૭) પૂર્ણ શ્રદ્ધાથી વેદ, મીમાંસા, પુરાણ ગ્રંથો તથા સદ્‌ગુરુનું રૂડી રીતે સેવન કરનારને પણ જો તેનાથી તમારા સ્વરૂપને વિષે એકાંતિકી ભક્તિથી મનની નિશ્ચલતા ન થાય તો તે કેવળ વાદવિવાદરૂપ વ્યર્થ ફળવાળું બની રહે છે. (૮) સાંખ્ય, યોગ, વેદ, મીમાંસા, પંચરાત્ર આગમ, તથા સકલ ધર્મશાસ્ત્રના સિદ્ધાંતોનું લક્ષ્ય જેમ જળમાત્રનું અંતિમ ગંતવ્ય સ્થાન સમુદ્ર છે તેમ તમે જ પ્રત્યક્ષ અથવા પરોક્ષપણે પ્રતિપાદ્ય સ્વરૂપ છો. (૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**हार्दमिति ते व्रजन्त्यधः ॥१०॥ तपस्विदृष्ट्याऽवगणय्य ये त्वामज्ञाततत्त्वा न भजन्ति मूढाः । क्लिश्यन्ति ते वै बहुधाऽऽसुरीषु योनिष्वभीक्ष्णं परितो भ्रमन्तः ॥११॥ ये त्वां विहाय स्वयमात्मतत्त्वं द्रष्टुं यतन्तेऽन्यमुपास्य वापि । भ्रष्टास्ततस्तेऽप्यनवाप्तकामाः स्वान्वञ्चयन्तो निरयं व्रजन्ति ॥१२॥ बलिमर्पयन्ति सभयाश्च ननु बलिभुजोऽप्यजादयः । तुभ्यमखिलपतये शरणं भवदङ्घ्रिमेव तत आश्रिता वयम् ॥१३॥ अद्य धन्या वयं स्वामिंस्त्वत्पादाम्बुजदर्शनात् । बहुभिर्दिवसैः प्राप्तं मनोरथफलं त्विदम् ॥१४॥ त्वद्भक्तिमन्तरा जीवाः कामलोभदवाग्निना । दन्दह्यमाना नश्यन्ति तत्त्वां वयमुपागताः ॥१५॥ गोलोकाधिपतिस्त्वमेव भगवान् श्रीवासुदेवः स्वयं मूर्तौ धर्मत आविरास जनतानिःश्रेयसाय ध्रुवम्। भक्तिज्ञानविरागधर्मसहितं कुर्वंस्तपो दुष्करं सिद्धां प्रापयसे दशामिह मुनीन्नैष्कर्म्यकर्मादरः ॥१६॥ तव गुणगणं शेषोऽहीशः सहस्रमुखैरपि प्रभवति यतः साकल्येनोदितुं न कदाप्यहो। कथमिह तदा शक्ता अन्ये भवेयुरजादयः स्ववचनफलप्राप्त्यै तत्त्वां यथामति चेड्महि ॥१७॥** सुव्रत उवाच – **इति विधाय हरेः स्तवनं द्विजाः सकलकल्मषनाशनसंस्मृतेः । त उपविश्य तदग्रत एव तद्वदननीरजनिं विलुलोकिरे ॥१८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीनारायणस्तुतिनामा सप्तमोऽध्यायः ॥७॥

---

આ પૃથ્વી ઉપર જે પુરુષો વેદાદિ શાસ્ત્રોને સારી રીતે જાણીને પણ ત્રિગુણી માયાથી ઉત્પન્ન પોતાની બુદ્ધિથી કલ્પના કરેલ અભિપ્રાયોથી ‘સર્વશાસ્ત્રોમાં પ્રતિપાદ્ય ભગવાન નારાયણ તમે જ છો’ એમ વેદાદિ સત્શાસ્ત્રોનું રહસ્ય નહિ સમજી, વેદાદિકના ગતિસ્વરૂપ આપનાં ચરણકમળનું ભજન કરતા નથી તે અધોગતિને પામે છે. (૧૦) તમારા સ્વરૂપને યથાર્થ નહિ સમજનારા મૂઢ પુરુષો તમને ‘આ કોઈ તપસ્વી છે, ભગવાન નથી’ એવી બુદ્ધિથી તમારી અવગણના કરી જે આપનું ભજન સ્મરણ કરતા નથી તે પુરુષો વારંવાર આસુરી યોનિને વિષે ભટકી કષ્ટ પામે છે. (૧૧) હે ભગવન્ ! જે પુરુષો તમને તજી અન્ય દેવોની ઉપાસના કરે છે તે પુરુષો પોતાના આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા સ્વયં પૂર્ણ પ્રયત્ન કરે છે છતાં પોતાનું આત્મદર્શન પામી શકતા નથી. અને તેઓ પોતાના શિષ્ય સમુદાયને છેતરતા થકા મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે તેમજ મનોરથ પૂર્ણ નહિ થવાથી ઘોર નરકમાં પડે છે. (૧૨) ઈન્દ્રાદિ દેવતાઓએ અર્પણ કરેલ પદાર્થોના ભોક્તા બ્રહ્માદિ ઈશ્વરો પણ આપનાથી ભય પામીને તમારાં ચરણમાં પૂજાના ઉપહારો સમર્પણ કરે છે. તે હેતુથી અમોએ આપનાં નિર્ભય ચરણકમળનો આશ્રય કર્યો છે. (૧૩)

હે સ્વામિન્ ! આપનાં ચરણકમળના દર્શનથી અમે ભાગ્યવાન બન્યા છીએ. બહુ દિવસો પછી અમને અમારા મનોરથનું ફળ પ્રાપ્ત થયું. (૧૪) હે હરિ ! તમારી ભક્તિ વિના જીવાત્માઓ કામ અને લોભ રૂપી દાવાગ્નિથી અતિ બળતા અંગોવાળા બની પરમ પુરુષાર્થ રૂપ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. તેમાંથી બચવા અમે તમારે શરણે આવ્યા છીએ. (૧૫) ગોલોકધામના અધિપતિ ભગવાન શ્રી વાસુદેવ એવા તમે જ જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે ધર્મ અને મૂર્તિદેવી થકી પ્રગટ થયા છો. નિષ્કામ ભક્તિસ્વરૂપ નૈષ્કર્મ્ય કર્મને વિષે અતિ આદરવાળા તમે ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત તીવ્ર તપશ્ચર્યા કરો છો અને આ બદરિકાશ્રમ નિવાસી મુનિજનોને એકાંતિક ધર્મથી સિદ્ધ દશા પમાડો છો. (૧૬)

વાસુકિઆદિ સર્પોના સ્વામી ભગવાન સંકર્ષણ (શેષજી) પોતાના હજાર મુખથી પણ તમારા અનંત કલ્યાણકારી ગુણ સમૂહને સમગ્ર પણે વર્ણન કરવા માટે ક્યારેય પણ શક્તિમાન થતા નથી, તો બ્રહ્માદિ દેવતાઓ આપના ગુણોનો પાર કેમ પામી શકે ? તેમ છતા અમે તો માત્ર અમારી વૈખરી વાણીને સફળ બનાવવા અમારી બુદ્ધિ અનુસાર આપની સ્તુતિ કરીએ છીએ. (૧૭)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જેમનું સંસ્મરણ સમગ્ર પાપને નાશ કરનારું છે એવા શ્રી નારાયણની મરીચ્યાદિ મુનિઓએ સ્તુતિ કરી, પછી તેમની આગળના ભાગમાં સન્મુખ બેસીને તે ભગવાનનાં મુખારવિંદના દર્શન કરવા લાગ્યા. (૧૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રના પ્રથમ પ્રકરણમાં ‘શ્રીનારાયણ સ્તુતિ’ નામે સાતમો અધ્યાયઃ (૭)*

सुव्रत उवाच - **सुखोपविष्टानथ तान् भगवान्भक्तवत्सलः । प्रसन्नो मधुरं वाक्यमुवाच प्राञ्जलीन्मुनीन् ॥१॥** श्रीभगवानुवाच - **स्वागतं वो मुनिश्रेष्ठा ! यूयमत्र समागताः । तत्प्रसन्नोऽस्मि नितरां दर्शनं वो ममेप्सितम् ॥२॥ गोलोकादीनि धामानि तथा योगसमृद्धयः । ब्रह्मादयो बलिहरा यथा यूयं न ते प्रियाः ॥३॥ यूयमात्मप्रिया मे स्थ यन्मां चिन्तयथानिशम् । बोधयन्तोऽज्ञजीवांश्च कृपया मुक्तिसाधनम् ॥४॥ महादानानि सर्वाणि तपोयज्ञव्रतानि च । जीवाभयप्रदानस्य कलयापि समानि नो ॥५॥ परोपकारिणो युष्मांस्ततोऽहं हृदये सदा । चिन्तयामि महाभागा ! मन्निष्ठाञ्छुद्धचेतसः ॥६॥ निःश्रेयसाय जीवानां भुवनेष्वखिलेष्वपि । अस्ति सञ्चरणं नूनं युष्माकमिति वेद्म्यहम् ॥७॥ साम्प्रतं देवलोकात्किं भवद्भिर्वा रसातलात् । आगम्यते वा भूलोकात्तन्मे वदत सत्तमाः ! ॥८॥** ऋषय ऊचु :- **खण्डेऽस्मिन् भारते स्वामिंस्तीर्थयात्रामशेषतः । विधाय दर्शनं कर्तुं तवात्र वयमागताः ॥९॥** श्रीभगवानुवाच - **पालयन्ति प्रजाः कच्चिद्धर्मसेतून्मया कृतान् । खण्डेऽस्मिन् भारते विप्रा ! नृतां प्राप्ताः सुदुर्लभाम् ॥१०॥** ऋषय ऊचुः - **भगवन्साम्प्रतं भूमौ साहाय्यं प्राप्य वै कलेः । अधर्मः सान्वयः सर्वप्रजास्वभिविवर्धते ॥११॥ ये धर्मरक्षका भूपा गुरवस्तेष्वपि प्रभो ! । स प्रवृत्तोऽस्त्यतः सर्वैर्भिन्नास्त्वत्कृतसेतवः ॥१२॥ महापापोपपापेषु प्रसक्ताः सन्ति मानवाः । विषयेष्वतिलुब्धाश्च सदाचारविवर्जिताः ॥१३॥ अतः संयमिनीवर्त्म जातं तैरतिसङ्कुलम् । कोऽपि कस्यापि न त्राता दृश्यते जगतीतले ॥१४॥** त्वं हि भारतलोकानां भजनीयोऽसि यत्कृते ।

## અધ્યાય : ૮
## મુનિઓએ કરેલું અધર્મોપદ્રવનું વર્ણન

**મુનિઓ પ્રત્યે સ્વાગત પ્રશ્ન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તવત્સલ ભગવાન શ્રીનારાયણ મુનિજનો ઉપર પ્રસન્ન થઈને બે હાથ જોડી સુખપૂર્વક આસન પર બેઠેલા તે મુનિજનોના પ્રત્યે મધુર વચનો કહેવા લાગ્યા. (૧)

**અભયદાનનો મહિમા :-** હે શ્રેષ્ઠ મુનિઓ ! તમો ભલે પધાર્યા. તમે અહીં આવ્યા તેથી હું અતિશય પ્રસન્ન થયો છું. તમારું દર્શન મને અતિશય પ્રિય છે. (૨) હે મુનિઓ ! તમે મને જેવા વહાલા છો તેવું મારું ધામ પણ મને વહાલું નથી. અણિમાદિ અષ્ટાંગયોગની સમૃદ્ધિ પણ મને વહાલી નથી તથા પૂજાના ઉપહારો આપનારા બ્રહ્માદિ દેવો પણ વહાલા નથી. (૩) હે સંતો ! તમે મારું અહર્નિશ ચિંતવન કરો છો અને અજ્ઞાની જીવાત્માઓને કૃપા કરીને મુક્તિના સાધનરૂપ મારા સ્વરૂપનું જ્ઞાન પ્રદાન કરો છો. તે હેતુથી તમે મને મારા આત્માની જેમ અત્યંત પ્રિય છો. (૪) સમગ્ર ભૂમિ,ગાય વગેરેનું મહાદાન કરે અથવા તીવ્ર તપશ્ચર્યા કરે અથવા યજ્ઞ અને વ્રતોનાં અનુષ્ઠાન કરે છતાં પણ તે બધું જીવાત્માઓને અપાતા અભયદાનના સોળમા અંશ સમાન પણ થઈ શકે નહિ. (૫) હે મહાભાગ્યવંત મુનિઓ ! તમે જીવોને અભયદાન આપી પરોપકાર કરનારા છો. મારા સ્વરૂપને વિષે અચલ નિષ્ઠાવાળા છો. તમારું અંતઃકરણ વિશુદ્ધ છે. તેથી હું મારા મનમાં તમારું અખંડ સ્મરણ કર્યા કરું છું. (૬) હું જાણું છું કે તમે જીવાત્માઓના આત્યંતિક નિઃશ્રેયસ અર્થે આ બ્રહ્માંડના સમગ્ર લોકભુવન વિષે વિચરણ કરો છો. (૭) હે શ્રેષ્ઠ મુનિઓ ! અત્યારે તમે શું દેવલોકમાંથી પધાર્યા ? કે રસાતલ લોકમાંથી પધાર્યા કે પછી પૃથ્વી લોકમાંથી પધાર્યા છો ? તે મને જણાવો. (૮) મુનિઓ કહે છે, હે સ્વામિન્ ! અમે સર્વે મુનિઓ ભારત વર્ષમાં સર્વ તીર્થોની યાત્રા કરીને તમારાં પાવનકારી દર્શન કરવા અહીં આવ્યા છીએ. (૯)

**શ્રીનારાયણ ઋષિ કહે છે,** હે વિપ્રો ! ભરતખંડને વિષે દેવતાઓને પણ દુર્લભ એવા મનુષ્ય જન્મને પામેલા સર્વે પ્રજાજનો મેં વેદ દ્વારા બાંધેલી ધર્મમર્યાદાનું પાલન કરે છે કે નહિ ? (૧૦)

**મહર્ષિઓએ વર્ણવેલી ભારતદેશની દુઃખદ દશા :-** ઋષિઓ કહે છે, હે ભગવન્ ! અત્યારે ભરતખંડને વિષે સ્વમિત્ર કલિયુગની સહાયથી દંભ-લોભાદિ પરિવારે સહિત અધર્મ સમગ્ર પ્રજામાં વૃદ્ધિ પામી રહ્યો છે. (૧૧) હે પ્રભુ! ધર્મરક્ષક રાજા અને ધર્મગુરુઓમાં પણ અધર્મસર્ગે પ્રવેશ કર્યો છે. તે હેતુથી રાજા-પ્રજા આદિક સર્વજનોએ તમે બાંધેલી ધર્મની મર્યાદાઓ છિન્નભિન્ન કરી નાંખી છે. (૧૨) ભરતખંડના મનુષ્યો બ્રહ્મહત્યા આદિ મહાપાપો તથા ગૌહત્યા તેમજ પરસ્ત્રીગમન આદિ ઉપપાપોમાં પ્રવૃત્ત થયા છે. પંચ વિષયોમાં અતિ લોલુપ્ત બન્યા છે અને સદાચાર ધર્મને છોડી સ્વેચ્છાચારી થયા છે.(૧૩) સર્વે પાપાચારી બન્યા હોવાથી યમપુરીનો માર્ગ પણ અતિશય સાંકડો બન્યો છે. ધરતી ઉપર કોઈ કોઈનો રક્ષણકર્તા રહ્યો નથી. (૧૪) હે ભગવન્ ! તમે ભરતખંડના મનુષ્યોના આરાધ્ય ઈષ્ટદેવ છો. તેમજ તેમને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चरस्युग्रं तपोऽतस्तानधर्मात् पातुमर्हसि ॥१५॥ सुव्रत उवाच – इत्यृषीणां वचः श्रुत्वा स जातकरुणः प्रभुः । पातुमैच्छदधर्मात्स्वाः प्रादुर्भूय भुवि प्रजाः ॥१६॥ एतस्मिन् समये तत्र धर्मो मूर्त्या सहाययौ । आगमं मुनिवृन्दानामवधार्य नराधिप ! ॥१७॥ गौरस्तपः कृशतरश्च जटोत्तमाङ्गः पूर्णेन्दुरम्यवदनः सदयाक्षिपद्मः । यज्ञोपवीतरुचिरः शुचिशुक्लवासा नारायणं स तमवैक्षत दर्भपाणिः ॥१८॥ चारुप्रसन्नमुखपङ्कजशान्तमूर्तिं कारुण्यपूर्णनयनेक्षितभक्तवृन्दम् । भूरिक्षमानिलयमीश्वरमार्तबन्धुं स्वाङ्गश्रियाखिलमनोनयनाभिरामम् ॥१९॥ मुनिमण्डलमध्यस्थं तं विलोक्यैव सत्वरम् । उपागमत् स तेजस्वी भूरिहर्षभृतान्तरः ॥२०॥ धर्मं विलोक्य भगवानायान्तं पितरं द्रुतम् । उत्थाय पीठादभ्येत्य परिरभ्यानमत् पदोः ॥२१॥ हर्षाश्रुनयनः सोऽपि तं नरं च तथाविधम् । मुदा सदाशीर्वचनैरभ्यनन्दत भूपते ! ॥२२॥ प्रणेमतुस्ततो मूर्तिं नरनारायणौ निजाम् । जननी सा च तावाशीर्वादैः पुत्रावयूयुजत् ॥२३॥ तदोत्थायर्षयः सर्वे तावभ्येत्यादरेण ते । सम्भ्रान्ता इव हर्षेण प्रणेमुर्दम्पती नृप ! ॥२४॥ मानयामासतुस्तौ च तान् यथोचितमादरात् । निषीदतुस्ततो वृष्यां दत्तायां तौ नरेण च ॥२५॥ साकं भगवता सर्वे निषेदुस्ते यथोचितम् । पप्रच्छ स्वागतं प्रीतो धर्मं नारायणः प्रभुः ॥२६॥ ततः स मुनिभिः प्रोक्तमधर्मोपद्रवं भुवि । यथावत्कथयामास तेषां प्रीत्योपशृण्वताम् ॥२७॥

---

અર્થે તીવ્ર તપશ્ચર્યા કરો છો. તે હેતુથી તમે ભરતખંડના મનુષ્યોની અધર્મ પ્રવૃત્તિ થકી રક્ષા કરવાને યોગ્ય છો. (૧૫) સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે મરીચ્યાદિમુનિઓનાં વચન સાંભળી શ્રીનારાયણ ઋષિના અંતરમાં કરુણા ઉત્પન્ન થઈ. સર્વનું રક્ષણ કરવા સમર્થ પ્રભુ શ્રીનારાયણે ભરતખંડને વિષે સ્વયં અવતાર ધારણ કરી અધર્મવંશનો વિનાશ કરી પોતાના ભકત પ્રજાજનોનું રક્ષણ કરવાની ઈચ્છા કરી. (૧૬)

**પિતા ધર્મદેવનું મૂર્તિદેવી સાથે આગમન :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અનેક મુનિમંડળો ભગવદ્દર્શનને અર્થે પધાર્યા છે એમ જાણી, તે અવસરે જ ધર્મપિતા મૂર્તિદેવીની સાથે ત્યાં પધાર્યા. (૧૭) ધર્મપિતાનું ગૌરવર્ણનું શરીર છે. તપથી કાયા કૃશ બની છે. મસ્તક પર જટા શોભે છે. પૂર્ણિમાના ચંદ્ર સમાન રમણીય મુખારવિંદ છે. કરુણાથી ભરેલાં તેમનાં બંને નેત્રો છે. ડાબે ખભે યજ્ઞોપવીત ધારી છે. પવિત્ર શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં છે. હાથને વિષે દર્ભ ધારણ કર્યા છે. આ પ્રકારની શોભાને ધારણ કરતા ધર્મપિતાએ ભગવાન શ્રીનારાયણ ઋષિનાં દર્શન કર્યાં. (૧૮) શ્રીનારાયણ ઋષિનું સુંદર પ્રસન્ન મુખકમળ છે. શાંત-સૌમ્ય આકૃતિવાળા અને કરુણા સભર નેત્રોથી ભક્તસમુદાયને નિરખી રહ્યા છે. ક્ષમાના નિધિ અને સર્વના નિયંતા છે. આર્ત-દુઃખીજનોની સહાય કરનાર છે. પોતાના શરીરની મનોહર કાંતિથી સર્વ ભક્તજનોનાં નેત્ર અને મનને આનંદ ઉપજાવી રહ્યા છે. (૧૯) મહાપ્રભાવશાળી તેમજ હર્ષ ભરેલા અંતરવાળા ધર્મપિતા, મુનિમંડળ મધ્યે બિરાજતા ભગવાન શ્રીનારાયણ ઋષિને નિહાળી સત્વર ગતિથી તેમની સમીપમાં આવ્યા. (૨૦)

**ધર્મદેવનું સન્માન :-** પિતા ધર્મદેવને આવતા જોઈ શ્રીનારાયણ ઋષિ પણ એકદમ આસન પરથી ઊભા થયા અને તેમની સન્મુખ પધારી પિતાને આલિંગન કરી તેમનાં ચરણોમાં પ્રણામ કર્યાં. (૨૧)

**માતપિતાના આશીર્વાદ :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મપિતાનાં નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ ઉભરાયાં. નમસ્કાર કરતા નારાયણ તેમજ નર ઋષિને પણ સુંદર આશીર્વચનોથી ધર્મપિતાએ અભિનંદન પાઠવ્યા. (૨૨) ત્યાર બાદ નરનારાયણ ઋષિએ માતા મૂર્તિદેવીને પ્રણામ કર્યા. મૂર્તિદેવીએ પણ બન્ને પુત્રોને આશીર્વાદ આપ્યા. (૨૩) હે રાજન્! તે અવસરને વિષે સર્વે મહર્ષિઓ પણ પોતપોતાનાં આસન પરથી ઊભા થઈ આદરપૂર્વક ધર્મ અને મૂર્તિદેવીની સન્મુખ જઈને જાણે કે હર્ષથી વ્યથિત હૃદયવાળા થયા હોય તેમ પ્રણામ કરવા લાગ્યા. (૨૪) ધર્મ અને મૂર્તિદેવીએ પણ ઋષિઓનું યથા યોગ્ય સન્માન કર્યું. ત્યારબાદ નરઋષિએ પ્રેમથી અર્પણ કરેલાં દર્ભનાં આસન ઉપર ધર્મ અને મૂર્તિદેવી બિરાજમાન થયા. (૨૫) ત્યારબાદ સર્વે મહર્ષિઓ પણ નર અને નારાયણની સાથે પોતપોતાનાં આસન પર યથાયોગ્ય બેઠા. પછી શ્રીનારાયણ ઋષિએ માતપિતાને સ્વાગત સહ કુશળતાના સમાચાર પૂછ્યા. (૨૬) ત્યાર પછી ભગવાન શ્રીનારાયણ, મુનિઓએ જણાવેલ ભરત ખંડમાં વૃદ્ધિ પામેલ અધર્મ સર્ગના ઉપદ્રવની વાર્તા, માતાપિતા મૂર્તિધર્મને (તેમની સાથે) પ્રેમપૂર્વક શ્રવણ કરતા મુનિઓના સાનિધ્યમાં યથાર્થપણે કહેવા લાગ્યા. (૨૭)

**नारायणस्याननपद्मनिःसृतां वार्तां तदानीमुपशृण्वतां सताम् । तेषां मनोवृत्तय एकसंश्रया आसन्समाधाविव भूप ! सर्वशः ॥२८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे अधर्मोपद्रवनिवेदननामाऽष्टमोऽध्यायः ॥८॥

सुव्रत उवाच – **इत्थं मुनिषु धर्मे च शृण्वत्सु भगवद्वचः । तदाननाब्जैकपदस्थिरदृक्चित्तवृत्तिषु ॥१॥ नारायणे च तद्वार्ताकथनैकाग्रचेतसि । तेनान्तःप्रेरितस्तत्र दुर्वासा मुनिरमाययौ ॥२॥ कैलासादागतो गङ्गां तत्र पौर्वाह्णिकं विधिम् । विधायादौ ततः प्राप्तो बदरीं तां तपोनिधिः ॥३॥ नरनारायणं तत्र मुनिमण्डलमध्यगम् । ददर्श मूर्तिधर्मौ च सिद्धदेहं तथोद्धवम् ॥४॥ नापश्यत्तत्र तं कोऽपि वार्तासक्तमनस्तया । आदरं नाकृत ततो मान्यस्याप्यस्य किञ्चन ॥५॥ तिष्ठन्नासीत्स घटिकां पश्यन्नेव सभासदः । अवज्ञातमिवात्मानमात्रेयो ह्यमन्यत ॥६॥ चुकोप सद्यः सर्वेभ्यः क्रुधा रक्तविलोचनः । वेपमानाङ्ग उद्बाहुः शप्स्यंस्तानाह निर्भयः ॥७॥ अहो ! कालविपर्यासो येन सन्मार्गवर्तनाः । प्रवृत्ताः कापथे सन्ति भग्नसेतव उन्मदाः ॥८॥ विद्यादिमदमत्तत्वादवजानन्तु मां द्विजाः । किन्तु धर्मोऽप्यधर्मोऽभूदवजानाति मां यतः ॥९॥ दर्पापनोदमेतेषां कुर्वे तदहमद्य वै । यथा नैवं पुनः कुर्युरित्युक्त्वोच्चैः शशाप तान् ॥१०॥ सर्वेऽपि यूयं मानुष्यं लभन्तां भो वृषादयः! । कल्यधर्माढ्यासुरेभ्यस्तत्र कष्टं च भूरिशः ॥११॥ मदवज्ञाकृतो यूयमवज्ञां तेभ्य एव हि । ताडनं**

---

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રી નારાયણના મુખકમળમાંથી નીકળતાં વચનામૃતોનું પાન કરતા મુનિજનો, ધર્મ, મૂર્તિદેવી તથા ઉદ્ધવ વગેરે સર્વ સભાજનોના મનની વૃત્તિ સમાધિમાં જેમ સ્થિર થાય તેમ સ્થિર બની. (૨૮)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'અધર્મોપદ્રવ નિવેદન' નામે આઠમો અધ્યાય: (૮)*

## અધ્યાય : ૯

## ધર્માદિને દુર્વાસાનો શાપ અને અનુગ્રહ

**મહર્ષિ દુર્વાસામુનિનું આગમન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! નેત્ર અને મનની વૃત્તિને ભગવાનના મુખકમળને વિષે સ્થિર કરીને મુનિઓ અને ધર્મદેવ શ્રી નારાયણ ઋષિનાં વચનામૃતોનું શ્રવણ કરી રહ્યા છે. (૧) શ્રીનારાયણ ઋષિ પણ ભરતખંડની વાત કરવામાં તલ્લીન બન્યા છે. તેવા સમયમાં અંતર્યામી પણે નારાયણની જ પ્રેરણાથી દુર્વાસા મુનિનું ત્યાં આગમન થયું. (૨) કૈલાસ પરથી પધારેલા દુર્વાસા મુનિએ પ્રથમ ભાગીરથી ગંગામાં સ્નાન કરી પ્રાતઃસંધ્યા-વંદનાદિ વિધિ સમાપ્ત કરી અને પછી તે તપોનિધિ મુનિ વિશાલા નામની બોરડી સમીપે આવ્યા. (૩) બદરીવૃક્ષની નીચે વેદિકા ઉપર મુનિમંડળના મધ્ય ભાગમાં વિરાજતા નરનારાયણ ઋષિ, ધર્મ, મૂર્તિદેવી તેમજ સિદ્ધતનુને પામેલા ઉદ્ધવજીનાં તે દુર્વાસામુનિએ દર્શન કર્યાં. (૪)

**દુર્વાસા ઋષિનો શાપ :-** ભગવાનના મુખમાંથી વરસતા વચનામૃતોને સાંભળવામાં મન આસક્ત હોવાથી કોઈએ પણ ત્યાં આવેલા દુર્વાસા ઋષિને જોયા નહિ. તે હેતુથી માનવા યોગ્ય મહર્ષિનો પણ કોઈએ કંઈ પણ આદર સત્કાર કર્યો નહિ. (૫)

તેથી દુર્વાસા મુનિ એક ઘડી પર્યંત સભાસદોની સામે દૃષ્ટિ કરતા જ ઊભા રહ્યા. અને 'આ સભાસદોએ મારું ઘોર અપમાન કર્યું છે' એમ પોતાના હૃદયમાં માનવા લાગ્યા. (૬) ક્રોધથી તેમનાં નેત્રો લાલચોળ થયાં. શરીર કંપવા લાગ્યું. સર્વ સભાસદો ઉપર ક્રોધના અંગારા વરસાવતા, બે હાથ ઊંચા કરી નિર્ભયપણે શાપ આપતા કહેવા લાગ્યા કે અહો! આ તે કેવું આશ્ચર્ય ? આ તે કેવો વિપરીત સમય આવ્યો છે ? કે જેથી સત્પુરુષોને માર્ગે ચાલનારા પુરુષો પણ અતિથિના અપમાનરૂપ કુમાર્ગે ચાલનારા થયા છે. ધર્મમર્યાદાનો ભંગ કરી રહ્યા છે. અને અભિમાનથી મદોન્મત્ત બન્યા છે. (૭/૮) આ મરીચ્યાદિ વિપ્રો વિદ્યા, તપ વગેરેના મદથી ઉન્મત્ત બન્યા છે. તેથી તેઓ ભલે મારું અપમાન કરે પણ આ સાક્ષાત્ સુકૃતમૂર્તિ ધર્મદેવ પણ ધર્મમર્યાદાનો ભંગ કરી અધર્મરૂપ બની મારું અપમાન કરે છે. (૯) તે હેતુથી આજ એમના ગર્વનો હું નાશ કરું છું. જેથી કરીને ફરીથી કોઈ આવું કર્મ કરે નહિ. આ પ્રમાણે કહીને ઉચ્ચ સ્વરે ગર્જના કરતા શાપ આપવા લાગ્યા કે, "હે ધર્માદિ મુનિઓ ! **તમે સર્વે ભૂમિ ઉપર મનુષ્ય જન્મ પામો.** ત્યાં કલિયુગ અને અધર્મથી છલોછલ ભરેલા અસુરો થકી **મહા કષ્ટ** પામો. (૧૦/૧૧) મારું અપમાન કરનારા તમારા સર્વેનું પણ અસુરો **ઘોર**



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चाप्स्यथ ग्रामात् पुरान्निष्कासनादि च ॥१२॥ सुव्रत उवाच - सदःस्थानिति तान् सर्वान् शप्त्वा तूष्णीं बभूव सः । धक्ष्यमाण इवाकस्माद्ब्रह्माण्डमखिलं स्थितः ॥१३॥ ततो नारायणो धर्मो मुनयश्चोद्धवो नृप ! । तदुच्चाक्रोशमाकर्ण्य तमैक्षन्ताग्निसन्निभम् ॥१४॥ अतिक्रोधानलज्वालादह्यमानाङ्गवेपथुम् । सशब्ददन्तनिष्पिष्टाधरं दुष्प्रेक्ष्यलोचनम् ॥१५॥ सर्वेऽप्युत्थाय सहसा तं प्रणम्यादरेण ते । विनीताः सान्त्वयामासुरुपवेश्यासने शुभे ॥१६॥ युक्त्याऽनुनीयमानोऽसौ हविषाग्निरिवर्षिभिः । भृशं दिदीपे भूयोऽपि नत्वशाम्यत भूमिप ! ॥१७॥ तं शप्तवन्तमखिलानथ धर्मदेवो निष्कारणं सविनयं धरणौ निपत्य । बद्धाञ्जलिद्वय उदारमतिः प्रणम्य प्रोवाच सान्त्वनपटुः प्रियभूभिदेवः ॥१८॥ धर्म उवाच - पुंसु कृतापराधेषु तद्धितायैव सर्वथा । शिक्षादण्डो युज्यते वै महर्षे ! त्वादृशां सताम् ॥१९॥ बुद्ध्याऽपराधो नास्माभिः कृतस्ते न च कैतवात् । हर्युक्तिसक्तचित्तत्वान्न बुद्धो युष्मदागमः ॥२०॥ सद्यो जह्याम सर्वस्वं स्वप्राणानपि यत्कृते । ब्रह्मर्षिमागतं तं त्वां नार्चयेमान्यथा कथम् ॥२१॥ अन्यासक्तमनस्त्वेन सन्मानं ते न कुर्वताम् । क्षान्त्वाऽपराधमस्माकं सर्वान् शापाद्विमोचय ॥२२॥ नवनीतसमत्वेन परानुग्रहजन्मनाम् । हृदयं ब्राह्मणानां वै प्रोक्तं शिक्षारुषां क्षणम् ॥२३॥ सुव्रत उवाच- इत्थं नीतिविदा तेन निश्छद्म प्रार्थितो मुनिः । शान्तक्रोधरयः किञ्चित्तमुवाच कृताञ्जलिम् ॥२४॥ दुर्वासा

---

**અપમાન** કરશે. તમને **તાડન** કરશે તેમજ ધક્કા મારી ગામ અને નગરમાંથી બહાર કાઢી મૂકશે.” (૧૨)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે દુર્વાસા મુનિ સભાસદોને શાપ આપીને મૌન થયા, અને અકસ્માત્ જાણે કે સમગ્ર બ્રહ્માંડને બાળીને ભસ્મીભૂત કરી દેશે કે શું ? એમ ઊભા રહ્યા. (૧૩) હે રાજન્ ! ઉચ્ચ સ્વરે આક્રોશ ભરેલા શબ્દો સાંભળી શ્રીનારાયણ ઋષિ, ધર્મ, મુનિઓ અને ઉદ્ધવજીએ પાછું વળીને જોયું ત્યાં તો કાળઝાળ અગ્નિ સમાન દુર્વાસામુનિને જોયા. (૧૪) એમનું શરીર અતિશય ક્રોધરૂપી અગ્નિની જવાળાઓથી બળતું અને કંપતું હતું. કટકટાયમાન શબ્દો કરતા દાંત વચ્ચે ઓષ્ઠને દબાવતા હતા. એમનાં નેત્રો અતિશય લાલ બન્યાં હોવાથી તેમની સામે જોવામાં પણ કોઈની હિંમત ચાલતી ન હતી. (૧૫)

દુર્વાસાને જોઈને સર્વે મુનિઓએ તત્કાળ પોતાના આસન પરથી ઊભા થઈ આદરપૂર્વક ઋષિને પ્રણામ કર્યા, સુંદર આસન ઉપર બેસાડ્યા અને વિનમ્ર બની સાંત્વના કરવા લાગ્યા. (૧૬) હે ભૂપતિ ! મુનિઓએ બહુ પ્રકારે વિનંતિ યુક્ત વચનોથી ઋષિને પ્રશાંત કરવા ઘણાં પ્રયત્નો કર્યા, તો પણ અગ્નિમાં જેમ ઘી આદિક હુત પદાર્થો હોમવાથી અગ્નિ અધિક પ્રજ્વલિત બને તેમ દુર્વાસાઋષિ વિનય વચનોથી વધુ પ્રદીપ્ત બન્યા; પરંતુ શાંતિ તો પામ્યા જ નહિ.(૧૭)

ત્યારબાદ સાંત્વના આપવામાં ચતુર, ઉદારબુદ્ધિવાળા અને બ્રાહ્મણો જેને પ્રિય છે એવા ધર્મદેવ વિના કારણે સર્વેને શાપ આપતા દુર્વાસા ઋષિનાં ચરણમાં ધરણી પર પડી; વિનયપૂર્વક પ્રણામ કરી બે હાથ જોડી કહેવા લાગ્યા. (૧૮) ધર્મદેવ કહે છે, હે મહર્ષિ ! જે પુરુષોએ અપરાધ કર્યો હોય તેમના હિતને અર્થે તમારા જેવા સત્પુરુષોએ કરેલી શિક્ષા નિશ્ચય યોગ્ય જ છે. (૧૯) હે મુનિ! અમે તમારું અપમાન જાણીને કર્યું નથી અથવા કપટથી પણ કર્યું નથી. ભગવાન શ્રીનારાયણનાં વચનામૃતોને સાંભળવામાં અમારું ચિત્ત આસક્ત થયેલું હોવાથી આપના આગમનને અમે જાણી શક્યા નહિ. (૨૦) જ્યારે આપના જેવા સત્પુરુષને અર્થે તો અમે અમારું સર્વસ્વ સમર્પણ કરી દઈએ. એટલું જ નહિ અમે અમારા પ્રાણનું પણ બલિદાન આપીએ. ત્યારે અમોને પાવન કરવા સ્વેચ્છાથી પધારેલા બ્રહ્મર્ષિ એવા આપનો સત્કાર અમે કેમ ન કરીએ ? કરીએ જ. (૨૧) શ્રીનારાયણ ઋષિનાં વચનામૃતો સાંભળવામાં અમારું મન આસક્ત હોવાથી આપનું સન્માન થઈ શક્યું નથી. તે અમારા અપરાધની તમે ક્ષમા આપો અને અમોને શાપથી વિમુક્ત કરો. (૨૨)

જીવાત્માઓ ઉપર અનુગ્રહ કરવાને અર્થે તમારા જેવા સંતપુરુષનો અવતાર હોય છે. અપરાધીઓને દંડ દેવાને અર્થે તેઓ ક્ષણમાત્ર ક્રોધ કરે છે. પરંતુ મુનિઓએ બ્રહ્મર્ષિઓનું હૃદય તો સહજ સ્વભાવે માખણ સમાન કોમળ કહેલું છે. (૨૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે નીતિમાં કુશળ ધર્મદેવે નિષ્કપટ ભાવથી દુર્વાસા ઋષિને પ્રાર્થના કરી. તેથી તેમનો ક્રોધ થોડો શાંત થયો અને હાથ જોડી ઊભેલા ધર્મ પ્રત્યે કહેવા લાગ્યા. (૨૪)

उवाच – नैवाहं क्षणरुट् धर्म ! न स्वशापाच्च कञ्चन । विमोचयामि त्रैलोक्ये क्वापीति ख्यातिरस्ति मे ॥२५॥ तथाप्यनघ ! मच्चित्तं पुण्यमूर्तेस्तवान्तिके । अद्यैवेशेच्छया किञ्चिन्मृदु जातमिवेक्ष्यते ॥२६॥ मच्छापस्त्वन्यथा नैव भविष्यति कदाचन । तथाप्यनुग्रहं कुर्वे युष्माकं धर्म ! तच्छृणु ॥२७॥ मानुष्येऽपि तवैषैव मूर्तिः पत्नी भविष्यति । पुत्रश्च भगवानेष नारायण ऋषिः पुनः ॥२८॥ स युवां च मुनीन्सर्वानधर्मासुरकष्टतः । रक्षिष्यत्यवनौ नूनं पोक्ष्यति त्वां च सर्वथा ॥२९॥ पुत्रीभूते भगवति स्नेहातिशयतो युवाम् । निरुद्धचित्तौ मच्छापान्मोक्ष्येथे अल्पकालतः ॥३०॥ ततो दिव्यगतिं धर्म ! प्राप्स्यथो वां स्ववाञ्छिताम् । भविष्यत्येतदेवं हि नान्यथा मद्वचः क्वचित् ॥३१॥ मुनयः ! सोद्धवा यूयं द्विजातित्वं नृषु क्षितौ । प्राप्स्यथाथैष युष्मासु हरिः सख्यं करिष्यति ॥३२॥ ततो मच्छापनिर्मुक्ता गतिं दिव्यां प्रयास्यथ । एवमुक्त्वा स तान्नत्वा कैलासं प्रययौ पुनः ॥३३॥ मुनयस्ते तु तत्रोषुर्देहान्तरजिघृक्षवः । शप्तुं दुर्वाससं शक्ता अपि शेपुर्न सद्धियः ॥३४॥ धर्मस्यात्र ऋषीणां च शापे हेतुर्निरागसाम् । इच्छा भगवतो ज्ञेया धर्मदोग्धॄन् हरिष्यतः ॥३५॥ अतो दुर्वाससं क्रोधाच्छपन्तं स्वानकारणम् । नोपालभत किञ्चिद्वै शापं चाकृत नान्यथा ॥३६॥ अथोवाच हरिं धर्मो नारायण ! मम त्वया । ऋषीणां चावनं कार्यमधर्मासुरकृच्छ्रतः ॥३७॥ तमाह भगवांस्तात ! चिन्तां मा कुरु चेतसि । मदिच्छयैव शापोऽयं जात इत्यवधार्यताम् ॥३८॥ प्रवृत्तोऽस्त्यधुना भूयानधर्मो भुवि सर्वतः । कलेर्बलं समासाद्य पीड्यन्ते तेन मानवाः ॥३९॥

**દુર્વાસા મુનિએ કરેલ અનુગ્રહ** :- દુર્વાસા કહે છે, હે ધર્મ ! હું ક્ષણવાર માટે ક્રોધ કરનાર નથી. ત્રિલોકીને વિષે કોઈને પણ હું મારા શાપ થકી મુક્ત કરું નહિ એવી મારી ખ્યાતિ છે. (૨૫) છતાં પણ હે નિષ્પાપ ધર્મ ! પુણ્યમૂર્તિ તમારા સમીપે આજે જ ભગવાનની ઈચ્છાથી મારુ ચિત્ત કંઈક કોમળ થયું હોય તેમ મને જણાય છે. (૨૬) હે ધર્મ! મારો શાપ ક્યારેય મિથ્યા નહિ જ થાય, છતાં તમારા ઉપર અનુગ્રહ કરું છું. તે તમે સાંભળો. (૨૭) મનુષ્ય જન્મને વિષે આ મૂર્તિદેવી તમારાં પત્ની તરીકે જન્મ ધારણ કરશે અને આ સાક્ષાત્ શ્રી નારાયણ ઋષિ ફરીને તમારા પુત્ર સ્વરૂપે પ્રગટ થશે. (૨૮) પુત્ર સ્વરૂપે પ્રગટેલા પરમાત્મા તમારું અને સર્વે મુનિઓનું અધર્મ અને અસુરોના કષ્ટથી રક્ષણ કરશે. અને પૃથ્વી ઉપર તમારું સર્વ પ્રકારે પાલન પોષણ કરશે. (૨૯)

પુત્ર સ્વરૂપે પ્રગટ થયેલા પરમાત્માને વિષે તમારો સ્નેહ અતિશય વૃદ્ધિ પામશે તથા તેમના સ્વરૂપને વિષે ચિત્તનો નિરોધ થશે. ત્યાર બાદ ટૂંક સમયમાં જ મારા શાપ થકી મુક્ત થશો. (૩૦) હે ધર્મ ! ત્યાર પછી તમે પોતાને મનવાંછિત દિવ્યગતિને પ્રાપ્ત કરશો. મેં જે આ વચન કહ્યા છે તે એ પ્રમાણે જ થશે, મારું વચન ક્યારેય અન્યથા નહિ થાય. (૩૧)

હે મુનિઓ ! 'જ્યારે તમે પૃથ્વીને વિષે ઉદ્ધવજીની સાથે ત્રૈવર્ણિક મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરશો ત્યારે આ ભગવાન તમારા મિત્ર બની તમારી સર્વેની સહાય કરશે. (૩૨) ત્યારબાદ મારા શાપ થકી મુક્ત થઈ દિવ્ય ગતિને પ્રાપ્ત કરશો.' આ પ્રમાણે અનુગ્રહ કરી સર્વેને નમસ્કાર કરી દુર્વાસા મહર્ષિ ફરીથી કૈલાસ પ્રત્યે ગયા. (૩૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! મરીચ્યાદિ મુનિઓ મનુષ્ય જન્મ ધારણ કરવાની ઈચ્છા કરતા કેટલોક સમય ત્યાં નિવાસ કરીને રહ્યા. આ સદ્‌બુદ્ધિવાળા મુનિઓએ દુર્વાસા ઋષિને સામો શાપ આપવા સમર્થ હોવા છતાં તેમને શાપ આપ્યો નહિ. (૩૪)

**મુનિઓને શાપનું નિમિત્ત** : હે રાજન્ ! નિરપરાધી મુનિઓ અને ધર્મદેવને જે શાપ થયો તેમાં મુખ્ય હેતુ તો ધર્મદ્રોહીઓનો વિનાશ કરવાને ઈચ્છતા ભગવાન શ્રીનારાયણની ઈચ્છા જ જાણવી. (૩૫) તે કારણથી જ પ્રભુએ પોતાના અનન્ય ભકત એવા ધર્માદિ મુનિઓને અકારણ શાપ આપતા દુર્વાસા ઋષિને પણ ન તો કાંઈ પણ ઠપકો આપ્યો કે ન શાપને પણ મિથ્યા કર્યો. (૩૬) પછી ધર્મદેવ શ્રી નારાયણ ઋષિને કહેવા લાગ્યા કે, હે નારાયણ ! તમો મારું અને મુનિઓનું અસુરો અને અધર્મના સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરજો. (૩૭) ભગવાન શ્રી નારાયણ કહે છે, હે તાત ! તમે મનમાં જરા પણ ચિંતા ન કરો. મારી ઈચ્છાથી જ આ શાપ થયો છે એમ તમે જાણો. (૩૮)

પૃથ્વી પર અત્યારે ચારે બાજુ અધર્મનું સામ્રાજ્ય છવાયું છે. કળિયુગના પ્રભાવથી વૃદ્ધિ પામેલો અધર્મ મનુષ્યોને ક્લેશ પમાડી રહ્યો છે. (૩૯) તે કારણથી હું તમારે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થઈ 'હરિ' એવા નામથી વિખ્યાત બનીશ. સાધુ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अतस्त्वत्पुत्रतां भूयो हरिनामाऽहमाप्य तम् । सर्वतो नाशयिष्यामि पालयन्साधुपूरुषान् ॥४०॥ धर्मज्ञानविरागाढ्यां भक्तिं भुवि यथा पुरा । प्रवर्तयिष्ये युष्माभिः सहैव विचरन्नहम् ॥४१॥ त्यक्त्वा चिन्तां ततः सर्वेऽप्युत्पद्यध्वं नृषु क्षितौ । यस्येच्छा यत्र तत्रासौ जायतां वो द्विजातिषु ॥४२॥ इत्युक्तास्ते तमानम्य जग्मुः सर्वे निजाश्रमान् । स्मरन्त एव हृदये नरनारायणं हितम् ॥४३॥ कोसलेषु ततो धर्मः सह पत्न्या जनिं नृषु । जिघृक्षुः पितरौ स्वस्य व्यचिचिन्तत्तथोद्धवः ॥४४॥ जिघृक्षवो जन्म मनुष्यजातौ देशाननेकांस्तु महर्षयस्ते । गतास्ततो भूमिपते ! द्विजेषु कालेन सर्वे जगृहुर्जनूंषि ॥४५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मादिशापानुग्रहनिरूपणनामा नवमोऽध्यायः ॥९॥

सुव्रत उवाच - राजन्नत्रान्तरे जाता नरेष्वासन्सहस्त्रशः । अदेवा दानवा दैत्या यक्षा रक्षांसि च क्षितौ ॥१॥ पुरा देवासुरमृधे सहायेन हरेः सुरैः । ये हता असुरास्ते हि बबन्धुर्वैरमच्युते ॥२॥ अतिप्रियं भगवतो बुध्वा धर्मं सनातनम् । तन्नाशेनैव तन्नाशं निश्चिक्युस्ते त्वधार्मिकाः ॥३॥ कलिद्वापरयोः सन्धौ भुव्यजायन्त ते ततः । नृषु केचिच्च पशुषु पक्ष्यादिष्वपि केचन ॥४॥ वेददेवर्षिविप्राणां चक्रुर्द्रोहं च ते सताम् । तेषां भगवदीयत्वं जानन्तश्चोन्मदा भृशम् ॥५॥ भूभारभूतांस्तान्हन्तुं ततः श्रीबदरीपतिः । नारायणः स्वयं जज्ञे कृष्णाख्यो यदुषु क्षितौ ॥६॥ स्वयं जघान कतिचित्सोऽसुरानद्भुतेहितः । कतिचिद्घातयामास बलदेवार्जुनादिभिः ॥७॥ तत्र स्वयं हतास्तेन ये ये चान्यहता अपि ।

---

પુરુષોનું પાલન કરીશ અને અધર્મનો સંપૂર્ણપણે વિનાશ કરીશ. (૪૦) તમારી સાથે વિચરણ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુકત ભક્તિનું ભારતભૂમિ ઉપર પુનઃ પ્રવર્તન કરીશ. (૪૧) તમે સર્વે ચિંતાનો ત્યાગ કરી જેમની જ્યાં ઈચ્છા હોય ત્યાં ત્રૈવર્ણિક મનુષ્યયોનિમાં પૃથ્વી ઉપર જન્મ ધારણ કરો. (૪૨) ભગવાન શ્રીનારાયણનાં વચનો સાંભળી મુનિઓએ પ્રભુને પ્રણામ કર્યા તેમજ પરમ હિતકારી ભગવાન શ્રી નર તેમજ નારાયણનું હૃદયમાં સ્મરણ કરતા કરતા પોતપોતાના આશ્રમ પ્રત્યે ગયા. (૪૩)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પિતા ધર્મપ્રજાપતિ, મૂર્તિદેવી અને ઉદ્ધવજી ઉત્તર કૌશલદેશને વિષે મનુષ્ય જાતિમાં જન્મ ધારણ કરવાની ઈચ્છાથી સુયોગ્ય માતાપિતાનો મનમાં વિચાર કરવા લાગ્યા. (૪૪)

હે ભૂમિપતિ પ્રતાપસિંહ ! મરીચ્યાદિ મુનિઓ મનુષ્ય જાતિને વિષે જન્મ ધારણ કરવાની ઈચ્છાથી દેશદેશાન્તરમાં વિચરવા લાગ્યા અને સમય જતાં તેઓએ યોગ્ય દ્વિજ જ્ઞાતીય માતાપિતાને ત્યાં જન્મ ધારણ કર્યા. (૪૫)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધ.શા.પ્રથમ પ્રકરણમાં 'ધર્માદિશાપાનુગ્રહ નિરૂપણ' નામે નવમો અધ્યાયઃ (૯)*

## અધ્યાય : ૧૦

## ધર્માદિકના મનુષ્યજાતિમાં જન્મ

**ભારતભૂમિમાં અસુરોની ઉત્પત્તિ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આજ અવસરે પૃથ્વી ઉપર હજારો અસુરો, દાનવો, દૈત્યો,યક્ષો અને રાક્ષસોએ પણ મનુષ્યમાં જન્મ લીધા. (૧) પૂર્વે દેવાસુર યુદ્ધમાં ભગવાનની સહાયથી દેવતાઓએ જે જે અસુરોનો સંહાર કર્યો હતો તે સર્વેએ ભગવાનને વિષે વૈર બાંધ્યું. (૨) ભગવાનને 'સનાતન ધર્મ અતિશય પ્રિય છે' એમ જાણીને અધર્મનિષ્ઠ તે અસુરોએ 'ધર્મના વિનાશથીજ પોતાના શત્રુ ભગવાનનો વિનાશ થશે' એવો દૃઢ નિશ્ચય કર્યો. (૩) સમય જતાં કલિ અને દ્વાપર યુગની સંધિના સમયમાં, પૃથ્વી ઉપર કેટલાક અસુરો મનુષ્યોમાં કેટલાક ગવાદિ (બળદ વગેરે) પશુઓમાં અને કેટલાક બકાદિ પક્ષી યોનિમાં પણ ઉત્પન્ન થયા. (૪)

અત્યંત મદથી ઉદ્ધત બનેલા તે અસુરો વેદો, દેવો, ઋષિઓ, સંતો અને વિપ્રો તથા ધર્મને વિષે ભગવાનનું સંબંધપણું જાણી તેમનો દ્રોહ કરવા લાગ્યા. (૫) ત્યારે ભૂમિના ભારરૂપ અસુરોનો સંહાર કરવા, શ્રીબદરીપતિ નારાયણ પોતે પૃથ્વી પર યદુકુળને વિષે શ્રીકૃષ્ણ નામે પરમાત્મા સ્વરૂપે પ્રગટ થયા. (૬) આશ્ચર્યકારી પરાક્રમો કરનારા ભગવાન શ્રીકૃષ્ણે કેટલાક અસુરોનો સંહાર કર્યો અને કેટલાક અસુરોને બળદેવ તથા અર્જુનાદિક દ્વારા મરાવ્યા. (૭) તે અસુરોમાં જેનો

तच्चित्ता मरणं प्रापुर्ये चान्ते तेन वीक्षिताः ॥८॥ असुरास्ते तु भूपाल ! लेभिरे मुक्तिमीप्सिताम् । वैरधीरपि यन्मेने भक्तिस्तेन कृपालुना ॥९॥ तथाभूता न वै ये तु मृतास्तस्मिंश्च वैरिणः । मनःस्थपञ्चविषयभोगतीक्ष्णतृषश्च ये ॥१०॥ हता युधीदृग्मलिनवासनास्ते कलाविह । जाता विदित्वा दुर्वासःशप्तधर्माज्जनिं प्रभोः ॥११॥ सपत्नीकस्य धर्मस्य मुनीनां पीडनेन च । इच्छन्तो भुवि ते कृष्णवैरनिर्यातनं पुनः ॥१२॥ धर्मादेर्जन्मतः सर्वे ते प्रागेवासुरव्रजाः । जाता नृप ! नरेष्वेव शतशश्च सहस्रशः ॥१३॥ तत्र दैत्या दानवा ये जाता राजकुलेषु ते । यक्षरक्षांसि च ब्रह्मगुह्यजा ब्राह्मणादिषु ॥१४॥ एते तु स्वीयासुरतां गोप्तुं विष्णोः शिवस्य च । काल्याश्च दीक्षामादाय गुरुतां भेजिरे नृणाम् ॥१५॥ सर्वेऽपि कृष्णवैरेण तदात्माधिकवल्लभम् । वर्णाश्रमात्मकं धर्मं तद्भक्तिं चार्दयन्मुहुः ॥१६॥ देशिकास्तत्र वैन्यस्य यज्ञभङ्गाय वज्रिणा । धृतहातानौपधर्म्यानाकल्पान्बहुधाऽऽश्रयन् ॥१७॥
तथा बलासुरास्योत्थत्रिविधस्त्रीगणेश्वराः । देवार्पितान्नमांसेरामाहात्म्यं बहुधोचिरे ॥१८॥ प्रलोभयित्वा दम्भेन ह्येतैर्वेषादिभिस्त्रिभिः । दैवानभ्रंशयञ्जीवान्स्वधर्महरिभक्तितः ॥१९॥ मद्यमांसपरस्त्रीषु सक्तास्ते च रसे धने । मन्त्रयन्त्रादिभिर्लोकान्वशीचक्रुः कलेर्बलात् ॥२०॥ आत्मानं धार्मिकं मत्वा विश्वस्य च यथा जनाः । दद्युः स्त्रीधनभक्तादि कुर्वन्ति स्म तथा क्रियाः ॥२१॥ ब्रह्मज्ञानस्य भक्तेश्च स्वधर्मस्यापि बोधनम् । स्वार्थसिद्ध्यनुकूलं ते चक्रुः शास्त्रार्थनिर्णयैः

---

ભગવાન શ્રીકૃષ્ણે સંહાર કર્યો હતો તે, તથા બીજા જે અસુરો બળદેવ વગેરે હણ્યા હતા તેમાંથી ભગવાન કૃષ્ણનાં સ્વરૂપમાં ચિત્ત રાખીને મૃત્યુ પામ્યા; તથા જે અસુરો અંતકાળે શ્રીકૃષ્ણે જોવાયેલા મરણ પામ્યા. (૮) હે રાજન્ ! એ ત્રણ પ્રકારનાં અસુરો તો ઇચ્છિત મુક્તિને પામ્યા. કારણકે પરમાત્મા એવા કૃપાળુ છે કે જે વૈરબુદ્ધિથી પણ તેમનું નિત્ય સ્મરણ કરે છે તો તેને પણ ભક્તિરૂપે માની લે છે. (૯)

તે વિનાના જે અસુરોનાં મન મલિન વાસનાથી ઘેરાયેલાં અને પંચવિષયોના ભોગની તીક્ષ્ણ તૃષ્ણા વાળા હતા તે અસુરો ભગવાનના સ્મરણ-સંબંધે રહિત તેમજ કેવળ વૈરભાવ સહિત મલિન વાસનાવાળા જ હતા ને યુદ્ધમાં મરણ પામ્યા હતા તે સર્વે અસુરો "દુર્વાસાએ શાપ આપેલા ધર્મ થકી પ્રભુ નારાયણનો પ્રાદુર્ભાવ થવાનો છે." એવું જાણીને આ અઠ્ઠાવીસમાં કળિયુગમાં ઉત્પન્ન થયા. (૧૦/૧૧) તે અસુરો મૂર્તિદેવીએ સહિત ધર્મ પ્રજાપતિ તથા મુનિઓને દુઃખ આપી શ્રીકૃષ્ણ સાથેના વૈરનો બદલો વાળવા ઈચ્છતા હતા અને તે હેતુથી જ હે રાજન્! ધર્મદેવના પ્રાગટ્ય પહેલાં જ હજારો અસુરોના સમુદાયો મનુષ્ય યોનિમાં જન્મ્યા. (૧૨/૧૩)

**અસુરોએ આદરેલો અનાચાર** :- તે અસુરમાં જે દૈત્ય અને દાનવો હતા તે રાજવંશમાં ઉત્પન્ન થયા. અને જે બ્રહ્માજીના જઘન (ગુહ્યાંગ અર્થાત્ પૃષ્ઠભાગ) થકી જન્મેલા એવા યક્ષ અને રાક્ષસો હતા તે બ્રાહ્મણાદિ ત્રણ વર્ણમાં ઉત્પન્ન થયા. (૧૪) આ અસુરો પોતાનો આસુરી ભાવ ગુપ્ત રાખવાને અર્થે શિવ, વિષ્ણુ અને મહાકાળીની દીક્ષા ધારણ કરી સર્વે મનુષ્યોના ગુરુ થઈ પુજાવા લાગ્યા. (૧૫) આ સર્વે અસુરો શ્રીકૃષ્ણ પરમાત્મા સાથે વૈરબુદ્ધિ હોવાને કારણે તે ભગવાનને આત્મા કરતાં પણ અતિશય પ્રિય વર્ણાશ્રમધર્મ અને ભક્તિનું વારંવાર ખંડન કરવા લાગ્યા. (૧૬)

ગુરુ સ્થાને રહેલા અસુરો વેનપુત્ર ભગવાન પૃથુરાજાના યજ્ઞનો ભંગ કરવા આવેલા ઈન્દ્રે પ્રથમ સ્વીકારેલ અને પછી ત્યાગ કરેલ પાખંડી (નગ્ન-રક્તવસ્ત્રાદિ) બાહ્ય વેષનો બહુ પ્રકારે આશ્રય કરવા લાગ્યા. (૧૭) તે અસુરો બલ નામના અસુરના મુખમાંથી ઉત્પન્ન થયેલ ત્રણ પ્રકારની કુલટા સ્ત્રીઓ જે સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી તેના નાયક પતિ થઈને દેવતાઓને નિવેદન કરેલ અન્ન, માંસ અને મદિરાનું બહુ પ્રકારે માહાત્મ્ય વર્ણવવા લાગ્યા. (૧૮) તે અસુરો ત્રણ પ્રકારના ઉપાયથી અર્થાત્ પાખંડી વેષ, સ્ત્રીલોલુપતા અને મદ્યમાંસનું ભક્ષણ કરાવવાથી દૈવી જીવાત્માઓને દંભથી પ્રલોભન પૂર્વક છેતરી સ્વધર્મે સહિત હરિભક્તિથી ભ્રષ્ટ કરવા લાગ્યા. (૧૯)

કલિયુગના પ્રભાવથી તે અસુરો મદ્ય, માંસ, પરદારા, રસાસ્વાદ, અને પારકા ધનને વિષે આસક્ત હતા. મંત્રો અને યંત્રો દ્વારા લોકોને વશ કરતા હતા. (૨૦) તે અસુરો જે રીતે મનુષ્યો પોતાને ધાર્મિક માને અને વિશ્વાસ પૂર્વક સ્ત્રી, દ્રવ્ય અને સારાં સારાં ભોજન અર્પણ કરે તે રીતની ક્રિયાઓ કરવા લાગ્યા. (૨૧) પોતાના સ્વાર્થની સિદ્ધિ જે પ્રકારે થાય તેવી

॥२२॥ जगदुश्चाखिलं वेदं हिंस्त्रयज्ञपरं च ते । यज्ञोद्देशेन च बहून्निजघ्नुः पशुपक्षिणः ॥२३॥ शब्दभेदैः श्रुतीनां च स्मृतीनामप्यकुर्वत । विपरीतानेव चार्थान्स्वस्वरुच्यनुसारतः ॥२४॥ ब्रह्मात्मनः स्वरूपस्य साक्षात्कारे च साधनम् । मुख्यं प्राहुः सुरापानं वैराग्याद्यधिकं तथा ॥२५॥ प्रसादने च प्रत्यक्षदर्शने मुख्यसाधनम् । विदुर्विष्णवीशकालीनां मद्यं मांसं च मैथुनम् ॥२६॥ दैवे पित्र्ये च देवादिप्रीत्यै मांसबलिं विदुः । सात्त्विकानपि मांसाद्यैर्यजन्तिस्म सुरान्मुहुः ॥२७॥ चक्रुः सङ्गं परस्त्रीणां स्वेष्टदेवालयेष्वपि । महापापान्यपि प्रायः स्वार्थसिद्धय आचरन् ॥२८॥ प्रायोऽवात्सुः पुण्यतीर्थदेवालयपुरेषु ते। केचित्तपस्विवेषाश्च केचिच्छस्त्राण्यधारयन् ॥२९॥ यत्र स्वशिष्यशाखाया बलं स्यात्तत्र ते त्विमम् । आविश्चक्रुर्दुराचारं गुप्तमन्यत्र चाचरन् ॥३०॥ ईदृक्स्वमतपुष्ट्यै च ग्रन्थान् नूत्नानचीक्लृपन् । अर्थं तदनुसारेण वेदादेरपि चक्रिरे ॥३१॥ एतानेवाश्रयन्भूपा गुरुत्वेनासुरांशजाः । वर्तमानैस्तदाज्ञायां तैरभिद्यन्त सेतवः ॥३२॥ तदा त्वधर्माचरणे तत्तद्भूपप्रजा नृप ! । अभवन्निर्भया भूमौ यथा राजा तथा प्रजाः ॥३३॥ यज्ञमार्गः समुच्छिन्नः सर्वतोऽभूच्च वैदिकः । तेन कार्श्यं परं प्रापुर्देवा ब्रह्मादयोऽखिलाः ॥३४॥ दुष्टैः प्रवर्तमाने तैः कलिराजबलैधितैः । असुरांशैरधर्मेऽत्र मुहुर्भूमिरकम्पत ॥३५॥ न भारं चक्षमे तेषां क्षमा सोढुमसद्धियाम् । सद्धर्मतीर्थदेवाश्च सज्जना ययुरार्तताम् ॥३६॥ मुहुर्दुर्भिक्षमभवद्विद्युत्पाताश्च भूतले । वातेन महता पेतुर्बहुशश्च महाद्रुमाः ॥३७॥

---

રીતે કલ્પેલા શાસ્ત્રના અર્થ અને તાત્પર્ય નિર્ણયથી બ્રહ્મજ્ઞાન, ધર્મ અને ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા. (૨૨) તે અસુરો સમગ્ર વેદને હિંસામય યજ્ઞપરાયણ કહેતા થકા યજ્ઞના બહાને હજારો પશુ પક્ષીઓનો સંહાર કરવા લાગ્યા. (૨૩)

તે પાપી અસુરો શ્રુતિ અને સ્મૃતિના અર્થોને અનેકવિધ શબ્દોના ભેદથી પોતાની રુચિ અનુસારે વિપરીત રીતે વર્ણન કરતા હતા. (૨૪) તે અસુરો બ્રહ્મસ્વરૂપ પોતાના આત્મસાક્ષાત્કારમાં સુરાપાનને વૈરાગ્ય કરતાં પણ મુખ્ય અને અધિક કહેતા હતા. (૨૫) વિષ્ણુ, શિવ, અને મહાકાલીનાં પ્રત્યક્ષ દર્શન અને પ્રસન્નતાનું મુખ્ય સાધન મદ્ય, માંસ અને મૈથુન છેઃ એમ તે અસુરો કહેતા હતા. (૨૬) દૈવ અને પિતૃકર્મમાં માંસબલિનું નિવેદન જ તે તે દેવદેવાદિકની પ્રસન્નતાનું સાધન છેઃ એમ તે અસુરો માનતા હતા. અને તેથી જ સાત્ત્વિક દેવદેવીઓનું પણ માંસાદિકથી પૂજન કરતા હતા. (૨૭) પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે બ્રહ્મહત્યાદિ પાંચ મહાપાપોનું આચરણ કરનારા અસુરો દેવાલયને વિષે પણ પરસ્ત્રીઓની સાથે વ્યભિચાર કર્મ કરતા હતા. (૨૮)

તે અસુરો મોટે ભાગે પવિત્ર તીર્થો, મંદિરો અને નગરોમાં જ નિવાસ કરીને રહેતા; તેમાં કેટલાક તપસ્વીના વેષને ધરનારા હતા તો કેટલાક અસ્ત્ર શસ્ત્રને ધારણ કરનારા હતા. (૨૯) જ્યાં પોતાના શિષ્ય સમુદાયનું પ્રબળપણું હોય ત્યાં પૂર્વે કહેલ પાપાચાર ઈચ્છા મુજબ પ્રસિદ્ધ પણે કરતા અને બીજે ઠેકાણે તો ગુપ્ત રીતે દુરાચારભરી પાપલીલા પ્રવર્તાવતા હતા. (૩૦) દુરાચાર ભરેલા પોતાના મતની પુષ્ટિને અર્થે તે અસુરોએ નવીન ગ્રંથોની રચના કરી અને વેદાદિક શાસ્ત્રોના પણ તે પોતાના બનાવેલ કલ્પિત ગ્રંથને અનુસારે અર્થો કરવા લાગ્યા. (૩૧) દૈત્યદાનવાદિક અસુરોના અંશ જન્મેલા રાજાઓ પણ આ યક્ષ રાક્ષસાદિક અસુરાંશથી ઉત્પન્ન થયેલા ગુરુઓનો શિષ્યભાવે આશ્રય કરી તેમની આજ્ઞામાં વર્તતા થકા ધર્મમર્યાદાનો ભંગ કરવા લાગ્યા. (૩૨)

હે નૃપ ! રાજાઓ પણ જ્યારે અધર્મી થયા ત્યારે તેમના પ્રજાજનો પણ નિર્ભય બની ભૂમિ ઉપર અધર્માચરણ કરવા લાગ્યા કારણ કે 'જ્યાં જેવા રાજા ત્યાં તેવી પ્રજા' એ લોકસિદ્ધ ન્યાય છે. (૩૩) પૃથ્વી પર સર્વત્ર સનાતન વૈદિક ધર્મનો ઉચ્છેદ થવા લાગ્યો. જેને કારણે સમગ્ર બ્રહ્માદિ દેવતાઓ ક્ષીણ થયા. (૩૪) કલિયુગના પ્રભાવથી વૃદ્ધિ પામેલા અસુરાંશ દુષ્ટ રાજાઓ જ્યારે અધર્મને વિષે પ્રવૃત્ત થયા ત્યારે ધરતી વારંવાર કંપવા લાગી અને દુષ્ટ બુદ્ધિવાળા અસુરોના ભારને સહન કરવા સમર્થ ન બની. તથા ધર્મ, તીર્થ, દેવતા અને સજ્જન પુરુષો પીડાવા લાગ્યા. (૩૫/૩૬) પૃથ્વી પર વારંવાર દુષ્કાળ પડવા લાગ્યા, વીજળી પડવા લાગી અને પ્રચંડ વાયુના વેગથી અનેક વિશાળ વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા. (૩૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**इत्थं भुवि क्षोणिपते ! प्रवृत्ते जनेष्वधर्मे सहदुर्निमित्ते । जग्राह धर्मः स्वजनुर्नृजातौ सह स्त्रियाऽथर्षय उद्धवश्च ॥३८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे असुरदुराचारप्रवृत्तिनिरूपणनामा दशमोऽध्यायः ॥१०॥

सुव्रत उवाच - **अस्ति कोसलदेशेषु पुरामिट्टारसंज्ञकम् । सरय्वा उत्तरे तीरे चातुर्वर्ण्यजनावृतम् ॥१॥ तत्र सावर्णिगोत्रोऽभूद्विप्रो यत्प्रवरास्त्रयः । भार्गवो वैतहव्यश्च सावेतस इति श्रुताः ॥२॥ वेदः सामाभिधः शाखा कौथुमी यस्य च श्रुता । नाम्ना लक्ष्मणशर्मेति विख्यातोऽभूत्स भूतले ॥३॥ वंशीधरोऽभूत्तत्पुत्रो वेदमानश्च तत्सुतः । पुत्रस्तस्याभवद्धीमान्कनीयानिति विश्रुतः ॥४॥ कदाचिदवसत्कञ्चिन्मेहदावे पुरेऽथ सः । सुरनेतृनराधीशकुलपूज्यश्च पण्डितः ॥५॥ तत्सुतो बालशर्माऽभूद्वेदशास्त्रविशारदः । धर्मप्रियो विशुद्धात्मा सत्यवादी जितेन्द्रियः ॥६॥ ब्रह्मांशः शुद्धकुलजो याज्ञिकश्च महामतिः । विद्याशान्तिदयालज्जासौशील्यादिगुणान्वितः ॥७॥**

**तस्य भार्या भाग्यवतीसंज्ञाऽभूद्गुणमण्डिता। तया सह ब्राह्मणोऽसौ धर्ममेव सदाऽऽचरत् ॥८॥ विधातुं स्वस्य पितरौ धर्मस्तावेव दम्पती । निश्चयं चेतसा चक्रे शुद्धान्तःकरणौ नृप ! ॥९॥ आविर्भूय ततस्तस्मिन्धर्मः कालेन वाडवे । भाग्यवत्युदरे गर्भो भूत्वा मर्त्यवदावसत् ॥१०॥ दशमे मासि सम्प्राप्ते मानुष्यं नाटयन्वृषः । प्रादुरासीत्स्वतन्त्रोऽसौ**

---

હે ભૂમિપતે ! આ રીતે પૃથ્વી પર અનેક પ્રકારના દુઃખદ ઉત્પાતો થવા લાગ્યા તેમજ મનુષ્યોને વિષે અધર્મની પ્રવૃત્તિઓ વધવા લાગી. તે સમયને વિષે ધર્મદેવ, મૂર્તિદેવી, ઋષિમુનિઓ તેમજ ઉદ્ધવજીએ મનુષ્ય જાતિમાં જન્મ ધારણ કર્યા. (૩૮) *ઈતિશ્રી નારાયણચરિત્રરૂપ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'અસુર દુરાચાર પ્રવૃત્તિ નિરૂપણ' નામે દશમો અધ્યાયઃ (૧૦)*

## અધ્યાય : ૧૧

## ભક્તિ અને ધર્મદેવનો જન્મોત્સવ

**પિતા ધર્મદેવનું પ્રાગટ્ય :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ઉત્તર કૌશલ દેશને વિષે સરયુ નદીને ઉત્તર કિનારે 'ઈટ્ટાર' નામનું નગર આવેલું છે. આ નગરમાં ચારે વર્ણના મનુષ્યો નિવાસ કરે છે. (૧) આ નગરમાં લક્ષ્મણ શર્મા નામથી પ્રખ્યાત એક વિપ્રનો જન્મ થયો. તેનું ગોત્ર સાવર્ણિ હતું. ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ્ આ તેમના ત્રણ પ્રવર હતા. આ વિપ્ર સામવેદી અને કૌથુમી શાખાવાળા સુપ્રસિદ્ધ હતા. (૨/૩) તે લક્ષ્મણ શર્મા વિપ્રને ત્યાં વંશીધર નામના પુત્ર થયા. તેના વેદમાન અને તેમના મહાબુદ્ધિમાન **કન્હિરામ** નામના પુત્ર થયા. (૪)

કન્હિરામ વિપ્ર કોઈ સમયે થોડા સમય સુધી મેહદાવ નામના નગરમાં રહ્યા હતા. ત્યારબાદ પોતાનાં પુરાતન ગામનાં અધિપતિના આમંત્રણથી ફરી પોતાના પૂર્વનાં ગામમાં આવી વસ્યા હતા કારણ કે તેઓ ત્યાંના સુરનેતા નામના રાજાની કુલ પરંપરાના પૂજનીય પંડિત (પાંડે) અટકવાળા હતા. (૫) હે રાજન્ ! તેમને ત્યાં બાલશર્મા નામે પુત્રનો જન્મ થયો. આ બાલશર્મા વેદશાસ્ત્રમાં પારંગત અને ધર્મમાં રુચિવાળા હતા. એમનું મન અતિ પવિત્ર હતું. તેઓ સત્યવાદી અને જિતેન્દ્રિય હતા. સમત્વાદિ ગુણથી બ્રહ્મા સમાન અને વિશુદ્ધ વંશ પરંપરામાં જન્મેલા હતા. આ **બાલશર્મા** અનેક યજ્ઞો કરતા હતા. એમની બુદ્ધિ ઉદાર હતી અને તેઓ વિદ્યા, શાંતિ, દયા, લજ્જા તથા સૌશીલ્યાદિ સદ્‌ગુણોના ભંડાર રૂપ હતા. (૬/૭)

તે બાલ શર્માને **ભાગ્યવતી** નામે પત્ની હતાં. ભાગ્યવતી દેવી પતિવ્રતાને યોગ્ય અનેક ગુણોથી શોભતા હતાં. બાલશર્મા પણ પોતાનાં પતિવ્રતા પત્નીની સાથે સ્વધર્મનું પાલન કરવામાં જ સદાય તત્પર રહેતા હતાં. (૮) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વિશુદ્ધ અંતઃકરણવાળાં આ દંપતીને જ પોતાનાં માતાપિતા કરવાનો ધર્મદેવે મનથી સંકલ્પ કર્યો. (૯) ત્યારબાદ ધર્મદેવે બાલશર્માના અંતઃકરણમાં પ્રવેશ કર્યો અને તે પછી માતા ભાગ્યવતી દેવીના ઉદરમાં ગર્ભ સ્વરૂપે બાળક બની પ્રાકૃત મનુષ્યની માફક નિવાસ કરીને રહ્યા. (૧૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुखयिष्यन्सतो जनान् ॥११॥ सोत्कण्ठं विबुधेषु नन्दनवनादानीय पुष्पाणि खे ह्युत्प्रेक्षां निजजन्मनः सविनयं कुर्वत्सु बद्धाञ्जलीन् । साकं तत्करपुष्पवर्षणजयध्वानैस्तथात्मद्रुहामन्तस्त्रासभरैः स्वनाशपिशुनैर्जज्ञे जगद्धारकः ॥१२॥ विक्रमार्कशकस्याब्दे रसाङ्कागेन्दुसम्मिते । प्रमोदाख्ये वत्सरे च दक्षिणायनगे रवौ ॥१३॥ शरदृतौ कार्तिकस्य शुक्लैकादशिकातिथौ । सौम्येऽहिर्बुध्न्यभे वज्रे कल्याणीकरणे तथा ॥१४॥ कुम्भलग्ने च भौमादिचतुष्के केन्द्रसंस्थिते । भाग्यवत्या सूयते स्म धर्मो मनुजरूपधृत् ॥१५॥ साक्षाद्धर्मे क्षितौ जाते किरन्तः सुमनांसि खे । वाद्यान्यवादयन्देवा दुन्दुभिप्रमुखानि च ॥१६॥ देवैस्तैर्वाद्यमानानां हर्षेण महता भृशम् । वाद्यानां सुमहान्नादस्त्रिलोकीं व्यानशे तदा ॥१७॥ गीतप्रबन्धैर्गन्धर्वाः सुस्वरं च जगुस्तदा । नृत्यमप्सरसश्चक्रुः संहतास्त्रिदशालये ॥१८॥ उत्सवोऽभून्महांस्तेषां त्रिदशानां महात्मनाम् । कुर्वतां पुष्पवर्षाणि धर्माविर्भाववेश्मनि ॥१९॥ भूमौ च मङ्गलान्यासन् पुरग्रामव्रजादिषु । वह्नयो याज्ञिकानां च निर्धूमा हि दिदीपिरे ॥२०॥ सद्यो बभुवुश्चेतांसि निर्मलानि सतां तदा । प्रफुलाम्भोरुहाण्यासन्निर्मलानि सरांसि च ॥२१॥ ववुः सुखकरा वाता निर्मलं चाभवन्नभः । सिद्धा जयध्वनिं चक्रुर्ऋषयश्चाशिषो ददुः ॥२२॥ ततः सम्भ्रान्तो वा सुतजननहर्षेण महता द्विजः स्नानं चक्रे सपदि स तु धर्मागमपटुः । द्विजान् सम्पूज्यादौ तदुदितविधं जातकमथो द्विजातिभ्यो दानं निजविभवतुल्यं च विधिना ॥२३॥ सुकोमलाङ्गो मशकैश्च दंशैः स तुद्यमानोऽपि रुजं विषेहे । क्षान्तिं विलोक्येति च

---

મનુષ્ય નાટક કરતા સ્વતંત્ર ધર્મદેવ દશમો મહિનો પ્રાપ્ત થતાં સાધુ તેમજ સત્પુરુષોને સુખી કરવાના હેતુથી માતા થકી પ્રાદુર્ભાવ પામ્યા. (૧૧) સમસ્ત વિશ્વને ધારણ કરનાર ધર્મદેવનું જ્યારે પ્રાગટ્ય થયું ત્યારે ધર્મના દ્રોહી અસુરોનાં અંતરમાં પોતાના વિનાશને સૂચવતો મહા ત્રાસ ઉત્પન્ન થયો. પ્રાદુર્ભાવ જોવામાં ઉત્કંઠિત દેવતાઓ નંદનવનમાંથી પુષ્પો લાવીને વિનયપૂર્વક બે હાથ જોડી આકાશમાં ઊભા રહીને ધર્મના પ્રાગટ્યની પ્રતીક્ષા કરતા હતા તેઓ જય જયકારનો નાદ કરવા લાગ્યા ને પોતાના હાથથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૧૨)

વિક્રમ સંવત્ ૧૭૯૬ માં, પ્રમોદ નામના સંવત્સરને વિષે, સૂર્યદેવનો દક્ષિણાયનમાં પ્રવેશ થતાં, શરદઋતુમાં, કાર્તિક સુદ એકાદશી તિથિના પવિત્ર દિવસે, બુધવારે, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં, વજ્ર નામના યોગમાં અને કલ્યાણી નામના કરણમાં, કુંભ લગ્નમાં, ભૌમ, બુધ, ગુરૂ, શુક્ર આ ચાર ગ્રહો કેન્દ્ર સ્થાનમાં રહેતાં ભાગ્યવતી દેવીએ મનુષ્ય શરીરધારી ધર્મદેવને જન્મ આપ્યો. (૧૩ થી ૧૫) પૃથ્વી પર ધર્મદેવનું પ્રાગટ્ય થતાં આકાશમાં દેવતાઓએ સુગંધીમાન પુષ્પની વૃષ્ટિ કરી અને દુંદુભિ વગેરે અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડ્યાં. (૧૬)

તે સમયે દેવતાઓએ મહા હર્ષથી વગાડેલાં વાજિંત્રોનો મહાધ્વનિ ત્રિલોકીમાં સર્વત્ર વ્યાપી ગયો. (૧૭) સ્વર્ગમાં એકત્ર થયેલા ગંધર્વોએ સુમધુર સ્વરે ગીતોનું ગાન કર્યું. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ધર્મદેવના પ્રાગટ્ય ભુવનમાં પુષ્પવૃષ્ટિ કરતા ઉદાર મનવાળા દેવતાઓને ત્યાં મહાન ઉત્સવ થયો. (૧૮/૧૯) પૃથ્વી ઉપર નગર, ગામ અને વ્રજ (ગોવાળોનાં નેસ) વગેરેને વિષે મંગળ વર્તાવા લાગ્યું. અગ્નિહોત્રીઓના યજ્ઞકુંડમાં અગ્નિઓ નિર્ધૂમ પ્રજ્વલિત થયા. (૨૦) તે સમયે સત્પુરુષોનાં મન અતિશય નિર્મળ થયાં. સરોવરમાં કમળ પ્રફુલ્લિત થયા તેમજ નીર પણ અતિ નિર્મળ બન્યા. (૨૧)

હે રાજન્ ! તે સમયે મંદ, શીતળ અને સુખકારી વાયુ વાવા લાગ્યો. આકાશ વાદળા રહિત નિર્મળ બન્યું. સિદ્ધો જયઘોષ કરવા લાગ્યા અને ઋષિમુનિઓ ધર્મદેવને રૂડા આશીર્વાદ આપવા લાગ્યા. (૨૨) તે સમયે ધર્મશાસ્ત્રમાં પ્રવીણ પિતા બાલશર્માએ પુત્ર જન્મના આનંદથી હર્ષઘેલા બની તત્કાળ વસ્ત્રે સહિત સ્નાન કર્યું. ત્યાર પછી વિપ્રોનું પૂજન કર્યું. વિપ્રોના કહેવા પ્રમાણે પુત્રનો જાતકર્મ સંસ્કાર કર્યો અને પોતાની શક્તિ અનુસાર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે બ્રાહ્મણોને દાન દીધાં. (૨૩)

બાળક ધર્મદેવનું શરીર અતિશય કોમળ હોવા છતાં મચ્છર વગેરે સૂક્ષ્મ જંતુઓના દંશની પીડા સહન કરતા હતા. તેમની આ પ્રકારની બાળકની સહનશીલતાને જોઈને બુદ્ધિમાન પુરુષો અને સ્ત્રીઓ તેમને 'આ બાળક કોઈ પૂર્વના યોગી

तस्य सुज्ञाः प्राग्योगिनं तं विविदुः स्त्रियोऽपि ॥२४॥ तं नूतनाम्बुधरसुन्दरभासुराङ्गमाजानुबाहुयुगलं रुचिरस्मितास्यम् । बालं नृनाट्यमुरुधा विदधानमीशं मत्वात्मजं च पितरावतिहर्षमाप्तौ ॥२५॥ तस्याभिधानं जनकः सुतस्य स द्वादशाहे विधिना चकार । एषोऽङ्गकान्त्या रुचिरो यतोऽतः ख्यातोऽस्तु नाम्ना भुवि देवशर्मा ॥२६॥ एवं स पित्रा कृतनामधेयो जहार चित्तं च दिने दिनेऽस्य । ज्ञातेः स्वकीयस्य परस्य चासौ मुहुः सुतोऽभूदतिदर्शनीयः ॥२७॥ स श्रीमान्प्रतिदिनमाशुवर्धमानः श्यामाङ्गो हिमरुचिकान्त आप्तदन्तः । यामूचे प्रथमगिरं कलां तु बाल्ये जाताऽसीत्सकलमनःप्रहर्षणी सा ॥२८॥ संस्कारान्प्राप्य सर्वान्स निगमविधिनाऽन्नाशनादीन् क्रमेण बध्वा मौञ्जीं व्रतस्थो गलविचलदसूज्जीवयन्ब्रह्मचर्यम् । वेदानध्यैत साङ्गान् गुरुकुलवसतिर्द्वादशाब्दांस्ततस्तं सन्तोष्याभीष्टदानैः क्रमगतमकरोत्तत्समावर्तनं च ॥२९॥ स्नातकव्रतनिष्ठोऽसौ भार्यामात्मसमां ततः । उद्वोढुमैच्छन्नृपते ! कुलीनां चोचितां गुणैः ॥३०॥ देशे तत्र भवत्येका नदी नाम्ना मनोरमा । तस्यां तीर्थं मखौढाख्यं वर्ततेऽघचयापहम् ॥३१॥ तदुत्तरदिशि ग्रामश्छुप्यया इति विश्रुतः । चातुर्वर्ण्यजनाकीर्णो याज्ञिकानामतिप्रियः ॥३२॥ तडागेनातिमहता शोभितो निर्मलाम्भसा । परितो महतीभिश्च बह्वीभिर्द्रुमजातिभिः ॥३३॥ तत्राभूद्ब्राह्मणो विद्वान् कृष्णशर्मा जितेन्द्रियः । यस्य भार्याऽभवत्साध्वी भवानीत्यभिविश्रुता ॥३४॥ तावुभौ दम्पती नित्यं वासुदेवे परात्परे । चक्रतुः परमां भक्तिं निश्छद्महृदयौ शुची ॥३५॥

---

છે' એમ જાણવા લાગ્યા. (૨૪) બાળક ધર્મદેવનું શરીર નવીન મેઘ સમાન શ્યામ સુંદર અને તેજસ્વી હતું. જાનુ પર્યંત લાંબી ભુજાઓ હતી. મંદ મંદ હાસ્યથી મનોહર મુખારવિંદ અતિશય રમણીય લાગતું હતું. માનુષિક બાળલીલાને કરતા ધર્મદેવને માતા પિતા ઈશ્વરનો અંશ માની અતિશય હર્ષ પામતાં હતાં. (૨૫)

જન્મથી બારમે દિવસે પિતા બાલશર્માએ પુત્રનો નામકરણ સંસ્કાર વિધિ પ્રમાણે કર્યો. આ " પુત્ર અંગ કાંતિથી દેવ સમાન આકર્ષક સુંદર છે તેથી પૃથ્વી પર આ બાળક **"દેવશર્મા"** એવા નામથી વિખ્યાત થાઓ." એ પ્રમાણે બાલશર્મા સર્વે સંબંધીજનો આગળ કહેવા લાગ્યાં. (૨૬) આ પ્રમાણે પિતા બાલશર્માએ પુત્રનો નામકરણ સંસ્કાર કર્યો. દિવસે દિવસે તે બાળક પણ પિતાના મનને આકર્ષતા હતા. તેમજ સંબંધીજનો તથા અન્ય જનોનાં અંતરમાં પણ અતિશય દર્શનીય બન્યા. (૨૭) અદ્‌ભુત શોભાના ભંડાર શ્રી દેવશર્મા દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા. શ્યામ સુંદર શરીર અને ચંદ્ર સમાન કાંતિવાળા દેવશર્માને સુંદર કુંદની કળી સમાન દાંત અંકુરિત થયા. ત્યારબાદ દેવશર્મા અવ્યક્ત મધુર કાલી વાણી બોલ્યા. બાલ્યાવસ્થાની પ્રથમ વાણી સહુના મનને પ્રિય બની હર્ષ ઉપજાવતી હતી. (૨૮)

દેવ શર્માએ વેદોક્તવિધિથી અન્નપ્રાશન આદિ સંસ્કારો પિતા બાલશર્મા થકી અનુક્રમે પ્રાપ્ત કર્યા. યજ્ઞોપવીત સંસ્કાર વિષે મુંજની મેખલા ધારણ કરી. કલિયુગના પ્રભાવથી નષ્ટપ્રાય થયેલા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતા દેવશર્માએ ગુરુકુલમાં બાર વર્ષ સુધી નિવાસ કરી છ અંગ સહિત ચારેય વેદોનું અધ્યયન કર્યું. વેદાધ્યયન બાદ અધ્યાપક ગુરુને અભીષ્ટ વસ્તુઓના દક્ષિણા પ્રદાનથી સંતુષ્ટ કરી ક્રમશઃ પ્રાપ્ત સમાવર્તન નામનો સંસ્કાર કર્યો. (૨૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! ત્યાર પછી સ્નાતક વ્રતમાં રહેલા દેવશર્માએ પોતાના સમાન ગુણવાન તેમજ ઉચ્ચ કુળમાં જન્મેલી યોગ્ય કન્યાની સાથે વિવાહ કરવાની ઈચ્છા કરી. (૩૦)

**માતા ભક્તિદેવીનું પ્રાગટ્ય** :- સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ઉત્તર કૌશલ દેશને વિષે મનોરમા નામની સુંદર નદી વહે છે. અને તેને કિનારે પાપના સમૂહનો વિનાશ કરનાર **મખોડા** નામનું પ્રસિદ્ધ તીર્થ આવેલું છે. (૩૧) તેની ઉત્તર દિશામાં **છપૈયા** નામનું સુવિખ્યાત રળિયામણું ગામ આવેલું છે. આ ગામ યજ્ઞ કરનારા પુરુષોને અતિશય પ્રિય છે. આ ગામને વિષે ચારે વર્ણના મનુષ્યો નિવાસ કરીને રહે છે. (૩૨)

નિર્મળ નીરથી ભરેલા અતિ વિશાળ (નારાયણ) સરોવરથી તેમજ ચારેબાજુ શોભા વધારતા અનેક પ્રકારનાં વિશાળ વૃક્ષોથી આ ગામ અતિશય સોહામણું લાગે છે. (૩૩) આ છપૈયા ગામમાં **કૃષ્ણશર્મા** નામના સરવરીયા બ્રાહ્મણ થયા. એ કૃષ્ણશર્મા જિતેન્દ્રિય અને મહા વિદ્વાન હતા. અને તેમને પતિવ્રતા **ભવાની** નામથી વિખ્યાત સુશીલ પત્ની હતાં. (૩૪) પવિત્ર જીવન અને નિષ્કપટ હૃદય વાળા પતિ પત્ની બંને પણ પ્રતિદિન પરાત્પર ભગવાન શ્રીવાસુદેવને વિષે એકાંતિકી ભક્તિ કરતા જ જીવન પસાર કરતા હતા. (૩૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

**तयोः पुत्र्यभवत्साक्षान्मूर्तिर्धर्मसधर्मिणी । शीललक्षणसम्पन्ना नानासद्गुणमण्डिता ॥३६॥ शकाब्दे विक्रमार्कस्य गजाङ्काश्वेन्दुसम्मिते । ऊर्जे शुक्ले पौर्णमास्यां सौम्ये साऽजनि वह्निभे ॥३७॥ पूर्णेन्दुनैन्द्रीवदने करकुङ्कुमलिम्पिते । प्रादुर्बभूव सहसा सा द्योतद्दिव्यविग्रहा ॥३८॥ यदा मूर्तिर्भूमावजनि मुनिशापेन तु तदा श्रुतौ कीर्त्यादौ चोत्सुकतरमभूदन्तरमपि । नृणां श्रीकृष्णस्य प्रतिगृहमभूदुत्सवभरो भरो भूमेश्चैवासुरनिकर आपोत्तरवयः ॥३९॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मभक्तिजन्मोत्सवनामैकादशोऽध्यायः ॥११॥

सुव्रत उवाच - **संस्कारान्विदधे तस्याः कृष्णशर्मा यथाविधि । बालेति नाम कन्यायाश्चकारातिमुदा नृप ! ॥१॥ तज्जन्मदिनतस्तस्य विप्रस्य गृहमन्वहम् । विवृद्धधनधान्यादिसम्पदासीन्निरामयम् ॥२॥ नन्दयन्ती स्वपितरौ बाला शैशवलीलया । ववृधे चन्द्रलेखेव प्राक्पक्षे प्रतिवासरम् ॥३॥ देवहूतीसमैवासीत्सा रूपगुणलक्षणैः । कृष्णभक्तिस्वभावा च बाल्यादासीच्च सत्यवाक् ॥४॥ सर्वदा कुर्वतीं भक्तिं मुदा कृष्णस्य वीक्ष्य ताम् । जनः सर्वोऽप्याजुहाव भक्तिनाम्नैव भूपते ! ॥५॥ कन्यां तां कृष्णशर्माऽदाद्योग्याय गुणशालिने । तस्मै देवाय विप्राय स्वगृहे विधिपूर्वकम् ॥६॥ तत्रागतो बालशर्मा जन्यैः स्वैर्बन्धुभिः सह । पुत्रमुद्वाहयामास मानितः कृष्णशर्मणा ॥७॥ परस्परोचितौ दृष्ट्वा तावुभौ दम्पती जनाः । प्रशशंसुर्मुहुः प्रेम्णा पार्वतीशङ्कराविव ॥८॥ जामातरं सुशीलं तं कृष्णशर्मा गुणान्वितम् । प्रेम्णा निवासयामास**

---

હે રાજન્ ! વિક્રમ સંવત્ ૧૭૯૮ ના કાર્તિક શુકલ પૂર્ણિમા તિથિએ, બુધવારે, કૃત્તિકાનક્ષત્રમાં, પૂર્ણિમાના ચંદ્રે પોતાનાં કિરણોથી પૂર્વ દિશાને શોભાયમાન કરી ત્યારે પ્રકાશમાન દિવ્ય શરીરધારી ધર્મદેવનાં સહચારિણી, શીલ અને સૌભાગ્ય લક્ષણ સંપન્ન તથા બહુવિધ સદ્‌ગુણોથી શોભતા મૂર્તિદેવીનું માતા ભવાનીદેવી અને કૃષ્ણશર્મા વિપ્રને ત્યાં પ્રાગટ્ય થયું. (૩૬ થી ૩૮)

દુર્વાસા મુનિના શાપથી જે સમયે મૂર્તિદેવીનું ભૂમિ ઉપર પ્રાગટ્ય થયું ત્યારે સર્વ મનુષ્યો અને દેવોના અંતરમાં શ્રવણ, કીર્તનાદિક નવધા ભક્તિ કરવામાં ઉત્સાહ અનેકગણો વૃદ્ધિ પામ્યો. શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યેક મંદિરોમાં મહા આનંદ-સભર ઉત્સવો થવા લાગ્યા. અને એજ સમયે ભૂમિના ભારરૂપ અસુરોનો સમુદાય મરણાંતિક- અંતિમ અવસ્થાને અભિમુખ બન્યો. (૩૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મભક્તિ જન્મોત્સવ' નામે અગિયારમો અધ્યાયઃ (૧૧)*

## અધ્યાય : ૧૨

## પિતા બાલશર્માકૃત પતિવ્રતાદિક ગૃહસ્થધર્મનો ઉપદેશ

**ભક્તિદેવીનું નામકરણ :-** સુવ્રત મુનિકહે છે, હે રાજન્ ! કૃષ્ણશર્મા વિપ્રે વેદોક્ત વિધિથી પુત્રીનો જાતકર્મ સંસ્કાર કર્યો અને અત્યંત હર્ષથી **'બાલા'** એવું નામકરણ કર્યું. (૧) ભક્તિદેવીના પ્રાગટ્યથી આરંભી કૃષ્ણશર્મા વિપ્રના ભુવનમાં ધનધાન્યાદિક સમૃદ્ધિ વિશેષ વૃદ્ધિ પામી. તથા ઘર રોગાદિ વ્યાધિ રહિત નિરાળું બન્યું. (૨) બાળાદેવી માતા-પિતાને બાળલીલાથી આનંદ ઉપજાવતાં પ્રતિદિન શુકલપક્ષના ચંદ્રમાની કળા વૃદ્ધિ પામે તેમ વૃદ્ધિ પામવા લાગ્યાં. (૩)

તે બાળાદેવી રૂપ, ગુણ અને સૌભાગ્ય ચિહ્‌ન ગણાતા લક્ષણોથી માતા દેવહૂતિની સમાન શોભતા હતા. તેમજ બાલ્ય અવસ્થાથી આરંભી સત્યવચન બોલનારાં અને શ્રીકૃષ્ણ પરમાત્માની નવધા ભક્તિ કરવાના સ્વભાવવાળાં હતાં. (૪) હે રાજન્ ! સર્વકાળે હર્ષપૂર્વક શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિ કરતાં જોઈને સર્વે મનુષ્યો તેમને **"ભક્તિ"** એવા નામથી જ બોલાવવા લાગ્યા. (૫)

**ભક્તિધર્મના વિવાહ સંસ્કાર :-** પિતા કૃષ્ણશર્માએ વરને યોગ્ય લક્ષણો તેમજ અનેક શુભગુણોથી શોભતા દેવશર્મા વિપ્રને ઈટારગામથી પોતાને ઘેર લાવીને તેમની સાથે પોતાની કન્યા "ભક્તિ"ના વાગ્દાનપૂર્વક શાસ્ત્રવિધિ પ્રમાણે વિવાહ કર્યા. (૬) તે સમયે વરના અનુયાયી તેમજ પોતાના બંધુજનોની સાથે બાલશર્મા છપૈયા પુર પધાર્યા. કૃષ્ણશર્મા વિપ્રે બાલશર્માનું સ્વાગત કર્યું અને પોતાની કન્યાને બાલશર્માના પુત્ર દેવશર્મા સાથે પરણાવ્યાં. (૭) પરસ્પર યોગ્ય બંને દંપતીને સર્વનાં કલ્યાણકારી શિવ- પાર્વતીની સમાન જોઈને સર્વે મનુષ્યો વારંવાર પ્રેમ પૂર્વક તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सम्प्रार्थ्य स्वस्य वेश्मनि ॥९॥ न्युवास तत्र तत्प्रीत्यै पण्डितः स द्विजोत्तमः । आज्ञयैव पितुः स्वस्य पत्न्या अनुमतेन च ॥१०॥ दिनानि कतिचित्तत्र स्थित्वा निजपुरं व्रजन् । विप्रवर्यो बालशर्मा ह्याशिषत्स्नुषां निजाम् ॥११॥ श्रीबालशर्मोवाच – शृणु कल्याणि ! भद्रं ते वचनं हितकृन्मम । सुशीला पापभीरुस्त्वं भव नित्यं पतिव्रता ॥१२॥ यावत्स्वलोमसङ्ख्याऽस्ति तावत्कोट्ययुतानि च । भर्त्रा स्वर्गसुखं भुङ्क्ते रममाणा पतिव्रता ॥१३॥ धन्या सा जननी लोके धन्योऽसौ जनकः पुनः । धन्यः स च पतिः श्रीमान् यस्य गेहे पतिव्रता ॥१४॥ पुण्यं यस्य भवेत्पुंसः शतजन्मसमर्जितम् । गृहे तस्य भवेन्नारी धर्मनिष्ठा पतिव्रता ॥१५॥ पितृवंश्या मातृवंश्याः पतिवंश्यास्त्रयस्त्रयः । पतिव्रतायाः पुण्येन स्वर्गसौख्यानि भुञ्जते ॥१६॥ बिभ्यत्पतिव्रतास्पर्शं कुरुते भानुमानपि । सोमो गन्धवहश्चापि स्वपावित्र्याय नान्यथा ॥१७॥ पृथिव्यां यानि तीर्थानि तानि सन्ति सतीपदे । तेजश्च सर्वदेवानां तनौ तस्यास्तपस्विनाम् ॥१८॥ साध्वीपादरजोभिर्भूः पूता सद्यो हि जायते । नमस्कृत्य च तां पापी पापेभ्यो मुच्यते किल ॥१९॥ पतिव्रता त्वरुन्धत्या सावित्र्या चानसूयया । शाण्डिल्याऽहल्यया सत्या द्रौपद्या शतरूपया ॥२०॥ मेनया च सुनीत्या च संज्ञया स्वाहया तथा । तुल्या लोपामुद्रयाऽस्ति ततस्त्वं तादृशी भव ॥२१॥ सुव्रत उवाच – तस्यै पतिव्रताधर्मान् सोऽनुशास्याखिलानथ । नाम्ना प्रेमवतीत्याह दृष्ट्वा तत्प्रेम भर्तरि ॥२२॥ ततः स्ववंशद्युमणिं

સુંદર સરળ સ્વભાવના તેમજ ગુણોના નિધિ પોતાના જમાઈ દેવશર્માને કૃષ્ણશર્મા વિપ્રે પ્રાર્થનાપૂર્વક પ્રેમથી પોતાના ભવનમાં જ નિવાસ કરાવ્યો. (૯) વિપ્રોમાં શ્રેષ્ઠ વિદ્વાન દેવશર્મા પોતાના પિતાની આજ્ઞા અને પત્ની ભક્તિદેવીની અનુમતિથી પોતાના સસરા કૃષ્ણશર્મા વિપ્રને પ્રસન્ન કરવા તેમના ભવનમાં જ નિવાસ કરીને રહ્યા . (૧૦)

**પતિવ્રતાના ધર્મનો ઉપદેશ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વિપ્રવર્ય બાલશર્મા કેટલાક દિવસ સુધી કૃષ્ણશર્માને ઘેર નિવાસ કરીને રહ્યા. ત્યાર બાદ પોતાના ઈટાર પુર પ્રત્યે જવા પ્રયાણ કર્યું. અને તે સમયે પિતા બાલશર્માએ પુત્રવધૂ ભક્તિદેવીને સુંદર શિખામણના મનનીય વચનો કહ્યાં. (૧૧) શ્રી બાલશર્મા કહે છે, હે કલ્યાણિ ! તમારું શ્રેય થાઓ. મારું હિતકારી વચન સાંભળો. તમે સારાં સુશીલ પતિવ્રતા બનો અને પાપથી હંમેશાં ડરતાં રહો. (૧૨) પતિવ્રતા નારી પોતાના શરીરમાં જેટલી સંખ્યામાં રોમ છે તેનાથી દશ હજાર ગણાં કોટિ વર્ષ સુધી પતિની સાથે રહી સ્વર્ગના મહાસુખને ભોગવે છે. (૧૩)

**પતિવ્રતા ધર્મનો પ્રભાવ :-** જેને ઘેર પતિવ્રતા નારી જન્મ ધારણ કરે છે તેની માતાને ધન્ય છે. તેના પિતાના ભાગ્યનો પણ પાર નથી અને જેને ઘેર પતિવ્રતા નારીનો નિવાસ હોય તે પુણ્યવાન પતિ પણ ધન્યભાગી છે. (૧૪) જે પુરુષનું સો જન્મનું સુકૃત ઉદય થાય તેને ઘેર ધર્મમાં નિષ્ઠાવાન પતિવ્રતા નારીની પ્રાપ્તિ થાય છે. (૧૫) પતિવ્રતા નારીના પુણ્ય પ્રભાવથી પિતા, માતા અને પતિના ત્રણ ત્રણ વંશના મનુષ્યો સ્વર્ગનાં વૈભવસુખ ભોગવે છે. (૧૬) તેજસ્વી સૂર્ય પણ ‘રખે તેનો અપરાધ થઈ જાય’ એવા ભય પૂર્વક પોતે પવિત્ર બને તે હેતુથી જ પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે. તેમજ વાયુ અને ચંદ્રમા પણ સ્વયં પવિત્ર બનવાના હેતુથી પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે. પણ બીજા ભાવથી સ્પર્શ કરતા નથી. (૧૭)

પૃથ્વી પર જેટલાં તીર્થો છે તે સર્વે પતિવ્રતા નારીનાં ચરણોમાં નિત્ય નિવાસ કરીને રહે છે. સર્વ દેવતાઓનું તેમજ તપસ્વીઓનું તેજ પણ  પતિવ્રતા નારીના શરીરમાં રહેલું છે. (૧૮) પતિવ્રતા નારીની ચરણરજથી પૃથ્વી પણ તત્કાળ પાવન બને છે. પતિવ્રતા નારીને નમસ્કાર કરનાર પાપી પુરુષ પણ સર્વ પાપ થકી મુક્ત થાય છે. (૧૯) બાલશર્માએ કહ્યું, હે ભક્તિદેવી ! તમે અરુન્ધતી, સાવિત્રી, અનસૂયા, શાંડિલી, અહલ્યા, પાર્વતી, દ્રૌપદી, શતરૂપા, મેના, સુનીતિ, સૂર્યપત્ની સંજ્ઞા, અગ્નિપત્ની સ્વાહા અને લોપામુદ્રા વગેરે પવિત્ર પતિવ્રતા સ્ત્રીઓ સમાન શ્રેષ્ઠ પતિવ્રતા બનો. (૨૦/૨૧)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! બાલશર્માએ ભક્તિદેવીને પતિવ્રતાના શાસ્ત્ર સંમત સમસ્ત ધર્મોની વિગતથી સમજણ આપી અને તેમનો ધર્મદેવને વિષે અસાધારણ પ્રેમ જોઈને **પ્રેમવતી** એવા નામથી બોલાવવા લાગ્યા. (૨૨)

बाल्यादेव सुशिक्षितम् । पुत्रं सर्वगुणोपेतमुवाच वदतां वरः ॥२३॥ बालशर्मोवाच – पुत्र ! त्वं ननु सुज्ञोऽसि वेदशास्त्रार्थपारगः । तथापि शास्मि भद्रं ते वृद्धत्वात्पितृभावतः ॥२४॥ स्नानं सन्ध्यां जपं होमं स्वाध्यायं पितृतर्पणम् । देवार्चनं वैश्वदेवं चातिथ्यं नित्यमाचरेः ॥२५॥ यस्य स्त्री स्याद्गुणवती गृहिधर्मान्स आचरेत् । पत्नी तवैषा बालापि साध्वीति प्रतिभाति मे ॥२६॥ तस्मादस्याः प्रियं कार्यं त्वया गार्हस्थ्यमिच्छता । नावमान्या गुणवती भार्येयं धर्मवल्लभा ॥२७॥ आसन्नसम्बन्धवर्ती विना क्वापि परस्त्रियम् । विधवां तु विशेषेण न स्पृशेस्त्वममङ्गलाम् ॥२८॥ जीवहीनो यथा देहः क्षणादशुचितां व्रजेत् । भर्तृहीना तथा योषित्सुस्नाताऽप्यशुचिः सदा ॥२९॥ अमङ्गलेभ्यः सर्वेभ्यो विधवा ह्यत्यमङ्गला । विधवादर्शनात्सिद्धिः क्वापि पुंसो न जायते ॥३०॥ अज्ञानाद्विधवास्पर्शे कर्तव्यं स्नानमात्रकम्। ज्ञात्वा कृते तु तत्स्पर्शे दिनमेकमुपोषणम् ॥३१॥ तस्मान्न विधवां नारीं श्रेयस्कामः स्पृशेत्पुमान् । आशिषोऽपि न वै ग्राह्यास्तस्या आशीविषोपमाः ॥३२॥ विहायैकां निजां भार्यामेकान्ते त्वन्यया सह । मात्रा स्वस्त्रा दुहित्राऽपि नोपवेश्यं कदाचन ॥३३॥ मद्यं मांसं पारदार्यं स्तैन्यं स्वपरहिंसनम् । जातिभ्रंशकरं कर्म सर्वथा दूरतस्त्यजेः ॥३४॥ परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित् । इष्टापूर्तायुषां हन्त्री परदारगतिर्नृणाम् ॥३५॥ यादृशं पुरुषस्येह परदारोपसेवनम् । न तादृशमनायुष्यं लोके किञ्चन विद्यते ॥३६॥ मनसा च प्रदुष्टेन ये पश्यन्ति परस्त्रियम् । ते जन्मरोगिणो भूमौ जायन्ते पुरुषाः सुत! ॥३७॥ परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुञ्जते । तेन

---

**બાલશર્માનો ધર્મદેવને ઉપદેશ :-** હિતકારક વક્તાઓમાં શ્રેષ્ઠ બાલશર્મા વિપ્ર પોતાનાં વંશના સૂર્ય સમાન તેજસ્વી પુત્ર દેવશર્મા કે જેમણે બાલ્યાવસ્થાથી જ પોતા થકી શિક્ષણ પ્રાપ્ત કરેલ છે તેમજ સમગ્ર શુભગુણનાં નિધિ છે એવા તે દેવશર્મા પ્રત્યે કહેવા લાગ્યા. (૨૩) બાલશર્મા કહે છે : હે પુત્ર ! તમે સુજ્ઞ અર્થાત્ વિચક્ષણ છો. વેદશાસ્ત્રના અર્થોના પારને પામેલા છો. તો પણ હું વયોવૃદ્ધ હોવાથી વડીલ તેમજ પિતાના સંબંધથી તમને શિક્ષાનાં વચનો કહું છું. તમારું સર્વથા કલ્યાણ થાઓ. (૨૪) હે પુત્ર ! તમારે નિત્ય સ્નાન કરી સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતાપૂજન, વૈશ્વદેવ તથા અતિથિઓનું પૂજન આટલું આવશ્યક કર્મ નિરંતર કરવું. (૨૫)

જે પુરુષની પત્ની રૂડા ગુણ યુક્ત હોય તે પુરુષ જ ગૃહસ્થના ધર્મોનું યથાર્થ પાલન કરી શકે છે. તમારાં આ પત્ની પ્રેમવતી પણ ઉંમરમાં નાનાં હોવા છતાં પતિવ્રતાનાં ધર્મમાં પ્રીતિથી તેમાં નિષ્ઠાવાન મને જણાય છે. (૨૬) તેથી ગૃહસ્થધર્મોને પાલન કરવાને ઈચ્છતા તમારે તમારા પત્નીનું નિરંતર પ્રિય થાય તેમ કરવું. ધર્મપ્રિય અને ગુણવાન તમારા આ પત્નીનું ક્યારેય અપમાન ન કરવું. (૨૭) સમીપ સંબંધી વિનાની સ્ત્રીનો સ્પર્શ ન કરવો. તેમાં પણ વિશેષપણે કરીને અમંગલરૂપ વિધવા નારીનો સ્પર્શ ક્યારેય ન કરવો. (૨૮) જીવે રહિત દેહ જેમ ક્ષણવારમાં અપવિત્ર બને છે તેમજ પતિ વગરની નારી સારી રીતે સ્નાન કરે છતાં સદાય અપવિત્ર જ રહે છે. (૨૯)

સમગ્ર અમંગલ વસ્તુઓમાં વિધવા નારી અતિશય અમંગલ છે. વિધવાનાં દર્શનથી પુરુષને કોઈપણ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. (૩૦) અજાણતાં વિધવા નારીનો સ્પર્શ થાય તો માત્ર સ્નાન કરવું. પણ જો બુદ્ધિપૂર્વક તેનો સ્પર્શ કરાય તો એક દિવસ ઉપવાસ કરવો. (૩૧) તે હેતુથી કલ્યાણને ઈચ્છતા પુરુષે વિધવા નારીનો સ્પર્શ ન કરવો. તથા તે વિધવા સ્ત્રીના આશીર્વાદ પણ સ્વીકારવા નહિ. કારણ કે જેના આશીર્વાદ પણ વિષ ભર્યા સર્પના ફૂંફાડા સમાન કહેલા છે. (૩૨)

હે પુત્ર ! પોતાની પત્ની સિવાયનાં અન્ય સમીપ સંબંધી-મા, બહેન કે પુત્રી હોય તે સાથે પણ ક્યારેય એકાંતમાં બેસવું નહિ. (૩૩) મદ્ય, માંસ, પરદારાગમન, ચોરી, પોતાની કે પારકાની હિંસા તેમજ જાતિથી ભ્રષ્ટ કરનાર કર્મનો સર્વ પ્રકારે દૂરથી જ ત્યાગ કરવો. (૩૪) ચારે વર્ણના પુરુષે પરસ્ત્રી પ્રત્યે ક્યારેય પણ ગમન ન કરવું. પરદારાગમન મનુષ્યનાં યજ્ઞાદિ ઈષ્ટકર્મ તથા પૂર્તકર્મ અર્થાત્ વાવકૂવાદિ-નિર્માણકાર્ય તેનાથી પ્રાપ્ત થયેલું પુણ્ય અને આયુષ્યનો પણ ક્ષય કરનારું છે. (૩૫)

પરદારાનું સેવન પુરુષના આયુષ્યને જેવું અહિત કરનાર છે તેવું આ લોકમાં અહિત કરનાર બીજું કોઈ કર્મ નથી. (૩૬) હે પુત્ર ! જે પુરુષો પરસ્ત્રીને કામભાવે યુક્ત દુષ્ટ મનથી નીરખે છે તેવા પુરુષો પૃથ્વી પર જન્મથી જ રોગિષ્ઠ બને છે. (૩૭) જે મૂઢ પુરુષો દુષ્ટભાવભરી દૃષ્ટિથી પરસ્ત્રીને જુએ છે તે પુરુષો પોતાના દુષ્ટ સ્વભાવથી જન્મથી જ આંધળા

दुष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि ॥३८॥ ये च मूढा दुराचारा वियोनौ मैथुने रताः । पुरुषेषु च दुष्प्रज्ञा जायन्ते तेऽत्र पण्डकाः ॥३९॥ स्त्रैणसङ्गात्पारदार्ये प्रवृत्तिर्जायते नृणाम् । न कार्यः कर्हिचित्सङ्गः शिश्नोदरतृपां ततः ॥४०॥ सतामेव सदा सङ्गः कार्यो नारायणात्मनाम् । धर्माधर्मौ विनिश्चित्य धर्मः सेव्यो मनीषिणा ॥४१॥ धर्म एव सहायी स्यात्परलोके न चापरः । अतः सर्वप्रकारेण धर्मनिष्ठः सदा भवेः ॥४२॥ एकादशीव्रतं यच्च पक्षयोः शुक्लकृष्णयोः । प्रतिमासं भवति तद्युवाभ्यां कार्यमादरात् ॥४३॥ सर्वव्रतेभ्यो ह्यधिकं ज्ञेयमेकादशीव्रतम् । यत्कृत्वा स्त्री च पुरुषो भुक्तिं मुक्तिं च विन्दति ॥४४॥ विष्णोर्व्रतानि चान्यानि तथा जन्ममहोत्सवाः । निजशक्त्यनुसारेण कर्तव्याः प्रतिवत्सरम् ॥४५॥ भाद्रशुक्लचतुर्थ्यां च कुर्या गणपतिव्रतम् । शिवरात्रिव्रतं माघे कुर्याः श्रीकृष्णतुष्टये ॥४६॥ अस्माकं कुलदेवोऽस्ति हनूमान् रामभक्तराट् । इषकृष्णाचतुर्दश्यां कर्तव्यं तस्य पूजनम् ॥४७॥ स्नानं तैलेनाङ्गरागः सिन्दूरेण च पूजनम् । करवीरार्ककुसुमैः कार्यं तस्योर्ध्वरेतसः ॥४८॥ नैवेद्यं माषवटकैर्लड्डुकैश्चणकैरपि । कर्तव्यं गुडधानाभिस्तस्य पुत्र ! स्वशक्तितः ॥४९॥ यथाशक्त्यर्चितो भक्त्या मारुतिः स्मृत एव हि । नाशयिष्यति सङ्कष्टं सर्वमत्र न संशयः ॥५०॥

सुव्रत उवाच - **इत्थं सुशिक्षितौ तेन दम्पती बालशर्मणा । एवमेवाचरिष्याव इत्युक्त्वा तं प्रणेमतुः ॥५१॥ कृतप्रणामं तनयं वधूं च शुभाशिषा योजयति स्म तुष्टः । तद्धर्मनिष्ठादरदर्शनेन धर्मोपदेष्टा स ततोऽग्रजन्मा ॥५२॥ ततः पुरं प्राप्य निजं**

---

બને છે. (૩૮) જે પુરુષો કામમોહિત થઈ દુરાચારમાં પ્રવર્તતા થકાં વિજાતીય પશુ કે પુરુષને વિષે મૈથુન કરનારા છે તે દુર્બુદ્ધિવાળા પુરુષો જન્મથી જ નપુંસક થાય છે. (૩૯)

જે કોઈ પણ મનુષ્યને, સ્ત્રી વિષે આસક્ત પુરુષના સહવાસથી પરસ્ત્રીગમન વિષે પ્રવૃત્તિ થાય છે. તે હેતુથી શિશ્ન અને ઉદર પરાયણ સ્ત્રી લંપટ પુરુષનો પ્રસંગ ક્યારેય પણ ન કરવો. (૪૦) હે પુત્ર ! સદાય ભગવત્ સ્વરૂપને વિષે આસક્ત મનવાળા સત્પુરુષોનો જ સમાગમ કરવો. તથા બુદ્ધિમાન પુરુષે ધર્મ અને અધર્મના સ્વરૂપનો નિર્ણય કરી હંમેશાં ધર્મનું જ સેવન કરવું. (૪૧) ધર્મ જ પરલોકને વિષે સહાય કરનાર છે, પણ બીજાં કોઈ સહાયકર્તા નથી. તે હેતુથી તમે સર્વપ્રકારે સદાય ધર્મપરાયણ બનો. (૪૨)

હે પુત્ર ! દરેક માસને વિષે શુકલ અને કૃષ્ણપક્ષની બન્ને એકાદશીનું વ્રત તમારે આદરપૂર્વક કરવું. (૪૩) સર્વ પ્રકારનાં વ્રતોમાં એકાદશીનું વ્રત શ્રેષ્ઠ કહ્યું છે. જે વ્રતના અનુષ્ઠાનથી સ્ત્રી અથવા પુરુષ ભુક્તિ અર્થાત્ આ લોક સંબંધી સુખ અને મુક્તિ એટલે પરલોકને વિષે ભગવાન સંબંધી સુખને પણ પ્રાપ્ત કરે છે. (૪૪) તથા દર વર્ષે જે ભગવાનનાં જન્માષ્ટમી, રામનવમી આદિક હરિજયંતિનાં વ્રતો પ્રાદુર્ભાવ-મહોત્સવો સહિત કહ્યા છે તેને પોતાની શક્તિ સામર્થ્યને અનુસારે કરવાં અને ઉજવવાં. (૪૫)

ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે આદર પૂર્વક ગણપતિનું વ્રત કરવું. તથા મહા વદી ચૌદશને દિવસે શિવરાત્રિનું વ્રત ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતાને અર્થે કરવું. (૪૬) શ્રીરામચંદ્રજીનાં મહાન ભક્તરાજ હનુમાનજી આપણા કુળદેવ છે. તેથી આસો વદી ચતુર્દશીને દિવસે તેમનું પૂજન કરવું. (૪૭) નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીહનુમાનજીને તેલથી સ્નાન કરાવવું. સિંદૂરથી અંગો અંગનું લેપન કરવું. કરેણ અને આકડાનાં પુષ્પોની માળા ધારણ કરાવવી. અડદનાં વડાંનું નૈવેદ્ય તેમજ લાડુ, ચણા તથા ગોળધાણાનું પણ યથાશક્તિ નૈવેદ્ય ધરાવવું. (૪૮/૪૯)

પ્રીતિપૂર્વક યથાશક્તિ પુજાયેલા હનુમાનજી સંકટ સમયને વિષે સ્મરણ કરવા માત્રથી જ તમારાં સર્વ પ્રકારનાં કષ્ટનું નિવારણ કરશે. તેમાં કોઈ સંશય નથી. (૫૦)

**સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્ ! આ પ્રકારે બાલશર્મા થકી સુંદર શિક્ષા પામેલાં તે દંપતી એ પ્રકારે વર્તવાનો દૃઢ સંકલ્પ કરી 'તમો કહો છો તેમ જ કરીશું' એમ કહી પિતાનાં ચરણમાં વંદન કરવા લાગ્યાં. (૫૧)

દેવશર્મા અને ભક્તિદેવીની ધર્મમાં નિષ્ઠા અને આદરભાવ જોઈને વિશુદ્ધ ધર્મનો શુભ ઉપદેશ આપનાર વિપ્ર બાલશર્મા અત્યંત પ્રસન્ન થયા અને પોતાને પ્રણામ કરતાં પુત્ર અને પુત્રવધૂને રૂડા આશીર્વાદ આપવા લાગ્યા. (૫૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

**सजन्यः सत्पुत्रलब्धात्मसमस्तकामः । कालेन हित्वा वपुराप विष्णोः परं पदं धर्मकृतप्रसादात् ॥५३॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे भक्तिधर्मानुशासननामा द्वादशोऽध्यायः ॥१२॥

सुव्रत उवाच - **गते पितरि विप्रेन्द्रस्तदुक्तानाचचार सः । गृहस्थधर्मान्विधिना श्वशुरावनुरञ्जयन् ॥१॥ मानयन्तीश्वरमिव प्रेमवत्यात्मनः पतिम् । विनयेनानुवृत्त्या च सिषेवे दम्भवर्जिता ॥२॥ एकादशीव्रतं तूभौ दम्पती नियमेन वै । प्रतिपक्षं निराहारौ चक्रतुः परमादरात् ॥३॥ श्रोतान्स्मार्तांश्च विधिना धर्मानाचरतोस्तयोः । दिने दिनेऽधिकैवासीद्विशुद्धिश्चेतसो नृप ! ॥४॥ सङ्कष्टेऽप्यात्मनो धर्मं देवस्तत्याज न क्वचित् । सङ्गं च धर्मिणां चक्रे नेतरेषां स कर्हिचित् ॥५॥ धर्मनिष्ठां परां तस्य पश्यन्तः सकला जनाः । धर्मेत्येवाह्वयंस्तेन धर्मनामा स विश्रुतः ॥६॥ तस्य श्रद्धादयः पत्न्यो द्वादशाथ सहात्मजाः । प्राकृतादृश्यदिव्याङ्गास्तमसेवन्त नित्यदा ॥७॥ नित्यं त्रिषवणस्नानं त्रिःसन्ध्यावन्दनं तथा । सायं प्रातर्होमकर्म जपं स्वाध्यायकर्म च ॥८॥ पितृणां तर्पणं विष्णोः पूजनं वैश्वदेविकम् । आतिथ्यं चान्वहं चक्रे स धर्मो नियमेन वै ॥९॥ स्वधर्मज्ञानवैराग्यभक्तिदार्ढ्याय चाकरोत् । वेदशास्त्रपुराणेतिहासानां परिशीलनम् ॥१०॥ स्वस्वधर्मं पालयन्तौ दम्पती तावुभावपि । प्रेम्णा भजन्तौ श्रीविष्णुं तद्व्रतानि च चक्रतुः ॥११॥ स्वधर्मे विष्णुभक्तौ च तयोरत्याग्रहस्थितिः ।**

હે રાજન્ ! વિચક્ષણ અને સદ્‌ગુણસંપન્ન સર્વશ્રેષ્ઠ પુત્રરત્નને પ્રાપ્ત કરી પોતાને પૂર્ણકામ માનતા પિતા બાલશર્મા છપૈયાવાસીઓની અનુજ્ઞા લઈ વરના અનુયાયી (જાનૈયા) જે પોતાનાં સંબંધીજનો તેમની સાથે પોતાનાં ઈટ્ટાર પુર પ્રત્યે પાછા પધાર્યા. ત્યારબાદ સમય જતાં પોતાના પંચભૌતિક શરીરનો ત્યાગ કરી ધર્મના અનુગ્રહથી ભગવાન વિષ્ણુના પરમ ધામને પામ્યા. (૫૩) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ભક્તિધર્માનુશાસન' નામે બારમો અધ્યાયઃ (૧૨)*

## અધ્યાય : ૧૩

## ધર્મદેવને અસુરોનો ઉપદ્રવ અને રામાનંદ સ્વામીનાં દર્શન

**ધર્મદેવનો દૈનિક ક્રમ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પિતા બાલશર્મા ગયા પછી વિપ્રવર્ય દેવશર્મા તેમણે ઉપદેશ કરેલા પોતાના ગૃહસ્થધર્મોનું શાસ્ત્રોકત વિધિ અનુસાર સાસુ અને સસરાને પ્રસન્ન કરવા પૂર્વક આચરણ કરવા લાગ્યા. (૧) પ્રેમવતી પોતાના પતિ દેવશર્માને ઈશ્વર સમાન માની વિનય અને અનુવૃત્તિ પૂર્વક નિર્દંભપણે તેમની સેવા કરવા લાગ્યાં. (૨) ધર્મ અને ભક્તિદેવી બંને નિયમપૂર્વક દરેક પક્ષની એકાદશીનું વ્રત પરમ આદર સહિત નિરાહાર રહીને કરતાં હતાં. (૩)

હે રાજન્ ! શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદન કરેલાં ધર્મોનું વિધિ પૂર્વક આચરણ કરતાં પવિત્ર તે દંપતીનું ચિત્ત દિવસે દિવસે અધિક ને અધિક વિશુદ્ધ બનતું હતું. (૪) મહાકષ્ટના પ્રસંગોને વિષે પણ ધર્મદેવ કયારેય પોતાના ધર્મનો ત્યાગ કરતા નહિ. તેમજ હંમેશા ધાર્મિક પુરુષનો જ સમાગમ કરતા પણ ઈતરજનોનો કયારેય પ્રસંગ રાખતા નહિ. (૫) આ પ્રકારે દેવશર્માની ઉત્કૃષ્ટ ધર્મનિષ્ઠા જોનારા સર્વે મનુષ્યો; તેમને પણ 'હે ધર્મ ! ધર્મ !' એ પ્રમાણે કહીને જ બોલાવવા લાગ્યા, તેથી દેવશર્મા **ધર્મ** એવા નામથી જ લોકને વિષે વિખ્યાત થયા. (૬)

શુભ, લાભ આદિક પુત્રો સહિત શ્રદ્ધા, મૈત્રી વગેરે ધર્મદેવની બીજી બાર પત્નીઓ તે મનુષ્યોની પ્રાકૃતદષ્ટિથી જોઈ ન શકાય એવા દિવ્ય સ્વરૂપથી ધર્મદેવની સેવામાં સદાય હાજર રહેતી હતી. (૭) ધર્મદેવ હમેશાં ત્રિકાળ સ્નાન, ત્રિકાળ સંધ્યા, સાયં પ્રાતઃ હોમ, ગાયત્રી જપ, સ્વાધ્યાય અર્થાત્ સત્શાસ્ત્રનું વાંચન, પિતૃ તર્પણ, વિષ્ણુપૂજન, વૈશ્વદેવકર્મ અને અતિથિઓનો સત્કાર આ બધું નિયમપૂર્વક કરતા હતા. (૮/૯)

સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની દઢતાને અર્થે વેદ, શાસ્ત્ર, પુરાણ અને ભારત આદિ ઈતિહાસનો વારંવાર અભ્યાસ રાખતા હતા. (૧૦) હે રાજન્ ! તે દંપતી પોતપોતાના ધર્મોનું દઢતાથી પાલન કરવા પૂર્વક પ્રેમથી શ્રીવિષ્ણુ ભગવાનનું સેવન પૂજન આદિ ભજનભક્તિ તેમજ તેમના જન્માષ્ટમી રામનવમી વગેરે સર્વ વ્રતોનું અનુષ્ઠાન કરતા હતા. (૧૧) આ પ્રમાણે સ્વધર્મ અને ભગવદ્ ભક્તિને વિષે ધર્મ અને ભક્તિદેવીની અતિ આગ્રહ યુક્ત દઢ સ્થિતિ હતી. અને

इत्थमासीत्तथर्षीणां जातानां भुवि सर्वशः ॥१२॥ कालेन तनयो जज्ञे तयोरेकः स धर्मधीः । रामप्रतापसंज्ञोऽभूत्सङ्कर्षणसमो गुणैः ॥१३॥ असुरा भुवि ये जाताः पूर्वं तेऽथ सहस्रशः । धार्मिकान्भगवद्भक्तान् रुरुजुर्बहुधा जनान् ॥१४॥ तानृषींस्तु विशेषेण जानन्तो निजवैरिणः । प्रार्दयंस्ते च धर्मं तु तेभ्योऽप्यधिकमुन्मदाः ॥१५॥ अतिशत्रुं तमेवैकं निश्चित्य च सयोषितम् । यथा यथा स दुःखी स्यात्कुर्वन्ति स्म तथा तथा ॥१६॥ गुणेष्वारोपयन्तस्ते दोषांस्तस्याखिलेष्वपि । निनिन्दुश्च तिरश्चक्रुरपवादान्मुहुर्ददुः ॥१७॥ गृहे स्थातुमुदासीनो दुर्जनोपद्रुतस्ततः । अयोध्यामेत्य न्यवसद्धर्मो भार्यासुतान्वितः ॥१८॥ सरय्वामन्वहं स्नात्वा नित्यनैमित्तिकीः क्रियाः । कुर्वंस्तत्रापि तै राजन्मुहुः स उपदुद्रुवे ॥१९॥ पतिव्रतां सुशीलां च सर्वदोषविवर्जिताम् । अपि प्रेमवतीं दुष्टाः प्रार्दयंस्ते मुहुर्नृप ! ॥२०॥ यथा पुरा धर्मराजः सबन्धुः शात्रवं महत् । प्राप कृच्छ्रं तथा धर्मो भक्तिश्च द्रौपदी यथा ॥२१॥ ततो दुःखप्रतीकारं चिकीर्षन् स यथामति । काशीं शिवपुरीमेत्य मासः कतिचनावसत् ॥२२॥ तत्रापि धार्मिके तस्मिंस्तत्रत्यैश्चापरैरपि । महानुपद्रवश्चक्रे तदतिद्वेषणासुरैः ॥२३॥ अनिष्टलब्धिसन्त्रस्तस्ततः सस्त्रीसुतो वृषः । अविज्ञातोऽसुरैर्धीरः प्रयागक्षेत्रमाययौ ॥२४॥
विधाय तत्रत्यविधिं नियमान् पालयन्स च । उवास कतिचित्तत्र दिनानि व्रतकर्शितः ॥२५॥ अपश्यद्वैष्णवाचार्यं तत्रायातं तपोनिधिम् । रामानन्दमुनिं नाम्ना तीर्थयात्राविधित्सया ॥२६॥ स्वशिष्यबोधनपटुं शिष्यैः कतिपयैर्वृतम् । बोधयन्तं

---

એજ રીતે પૃથ્વીમાં દુર્વાસા ઋષિના શાપથી જન્મેલા મરીચ્યાદિ મુનિઓની પણ ધર્મમાં દૃઢ સ્થિતિ હતી. (૧૨) હે રાજન્! સમય જતા ધર્મ અને ભક્તિદેવીને ઘેર સ્વધર્મમાં નિષ્ઠાવાન અને ગુણોમાં સંકર્ષણ સમાન એક રામપ્રતાપ નામના પુત્રનો જન્મ થયો. (૧૩)

**છપૈયામાં અસુરોનો ઉપદ્રવ :-** ધર્મદેવના પ્રાગટ્ય પહેલાં જે હજારો અસુરો ઉત્પન્ન થયા તે સર્વે સ્વધર્મ પરાયણ ભગવદ્ ભક્તોને બહુ પ્રકારે દુઃખ આપવા લાગ્યા. (૧૪) મરીચ્યાદિ મુનિઓને વિશેષપણે પોતાના શત્રુ જાણી ઉદ્ધત એવા અસુરો તેમને પીડા ઉપજાવવા લાગ્યા અને તેમાં પણ ધર્મદેવને તો તેથી વિશેષ અત્યધિક દુઃખ આપવા લાગ્યા . (૧૫) તે અસુરો પત્ની ભક્તિદેવી સહિત ધર્મદેવને જ પોતાના એક માત્ર મહાન શત્રુ જાણીને જે કોઈ પ્રકારે તે ધર્મ દુઃખી થાય તેવા તેવા અનેકાનેક અપકૃત્યો તેઓ કરતા હતા. (૧૬) તે અસુરો ધર્મદેવના સર્વશ્રેષ્ઠ ગુણોને વિષે દુઃખદ દોષારોપણ કરતા થકા તેમની વારંવાર નિંદા, અનેકવિધ અવગણના તેમજ મિથ્યા કલંકના અપવાદો પણ મૂકવા લાગ્યા. (૧૭)

**અસુરોના ઉપદ્રવથી ધર્મદેવનો અયોધ્યા નિવાસ :-** છપૈયામાં નિવાસ કરી રહેલા ધર્મદેવ દુર્જનોનાં ઉપદ્રવની પીડાથી ત્યાં રહેવામાં અતિ ઉદાસ બન્યા. તેથી ઘરનો ત્યાગ કરી પત્ની અને પુત્રની સાથે અયોધ્યામાં આવીને રહ્યા. (૧૮) હે રાજન્ ! અયોધ્યા નગરીમાં પ્રતિદિન સરયૂગંગામાં સ્નાન કરી પોતાનું સંધ્યાવંદનાદિ નિત્ય કર્મ અને નૈમિત્તિક કર્મનું અનુષ્ઠાન કરતા ધર્મદેવને અસુરો વારંવાર પીડા કરવા લાગ્યા. (૧૯) હે રાજન્ ! દુષ્ટ પ્રકૃતિના અસુરો પતિવ્રતા-ધર્મપરાયણ, સુશીલ-સદાચારવાળા તેમજ કોઈ પ્રકારનાં દોષથી રહિત ભક્તિદેવીને પણ વારંવાર દુઃખ આપવા લાગ્યા. (૨૦) પૂર્વે બંધુઓ સહિત ધર્મરાજા યુધિષ્ઠિર જે પ્રમાણે દુર્યોધનાદિ શત્રુઓએ ઉત્પન્ન કરેલા મહાન કષ્ટને પામ્યા હતા. તે જ પ્રકારે ધર્મદેવ પણ અસુરોએ કરેલા મહાદુઃખને પામ્યા. તથા સતી દ્રૌપદી શત્રુઓ થકી જે રીતે દુઃખી થયાં તે જ પ્રકારે ભક્તિમાતા પણ અસુરોથી દુઃખી થયાં. (૨૧)

ત્યારબાદ બુદ્ધિ પ્રમાણે દુઃખનો પ્રતિકાર કરવાને ઈચ્છતા ધર્મદેવ, અયોધ્યાપુરીનો ત્યાગ કરી શિવજીની કાશી નગરીમાં આવ્યા અને ત્યાં કેટલાક માસ સુધી રહ્યા. (૨૨) કાશીને વિષે પણ ધર્મના અતિ દ્વેષી કેટલાક અસુરોએ ધર્મદેવને અનેક પ્રકારે કષ્ટ આપવા મહાન ઉપદ્રવ કર્યો. (૨૩) અસુરોએ કરેલા અનિષ્ટ ઉપદ્રવથી અતિ ત્રાસ પામેલા ધીરજવાન ધર્મદેવ પત્ની અને પુત્રને સાથે લઈ ત્યાંથી અસુરો ન જાણે એ રીતે **પ્રયાગક્ષેત્ર**માં આવ્યા. (૨૪)

પ્રયાગ તીર્થને વિષે ધર્મદેવે તીર્થમાં કરવા યોગ્ય સમગ્ર વિધિ કર્યો. તીર્થમાં અવશ્ય પાલન કરવા યોગ્ય અહિંસાદિ નિયમોનું પાલન કરતા થકા ધારણાંપારણાં વગેરે વ્રતોના અનુષ્ઠાનથી તેમનું શરીર અત્યંત કૃશ થયું હતું. આ રીતે કેટલાક દિવસ સુધી પ્રયાગક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યા. (૨૫)

**પ્રયાગક્ષેત્રમાં ધર્મદેવને રામાનંદસ્વામીનો મેળાપ :-** પ્રયાગતીર્થને વિષે તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી ત્યાં આવેલા વૈષ્ણવાચાર્ય અને મહાન તપોનિધિ શ્રી રામાનંદ સ્વામીનાં ધર્મદેવને દર્શન થયાં. (૨૬) આ રામાનંદસ્વામી પોતાના



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

मुमुक्षूंश्च वर्णिवेषं दयाकरम् ॥२७॥ ऊर्ध्वपुण्ड्रं ललाटे च बिभ्रतं कैसरं शुभम् । काश्मीरचन्द्रकोपेतं कण्ठे च तुलसीस्त्रजौ ॥२८॥ शब्दब्रह्मपरब्रह्मनिष्णातं साधुलक्षणम् । ज्ञात्वा तं सिद्धयोगीन्द्रं सिषेवे परमादरात् ॥२९॥ निषेवमाणः स तमात्मनिष्ठं भक्तं वरिष्ठं च जनार्दनस्य । विचक्षणं लौकिकवैदिकेषु कार्येषु बुद्ध्योद्धवतुल्यमूहे ॥३०॥

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे असुरोपद्रुतधर्मस्य श्रीरामानन्दस्वामिदर्शननामा त्रयोदशोऽध्यायः ॥१३॥

राजोवाच - रामानन्दमुनिः कोऽसौ कस्य शिष्यश्च सुव्रत ! । क्व वासस्तस्य चैतन्मे वक्तुमर्हसि तत्त्वतः ॥१॥ सुव्रत उवाच - शृणु ते भूप ! वक्ष्यामि चरित्रं तस्य सद्गुरोः । भुव्युद्धवावतारस्य बद्धसद्धर्मवर्त्मनः ॥२॥ अयोध्यानगरे रम्ये द्विजः काश्यपगोत्रजः । आश्वलायनशाखेन ऋग्वेदी चाभवन्नृप ! ॥३॥ अजयाख्यः पुण्यमतिः पूर्वमाराधितेश्वरः । विद्याविनयसम्पन्नः सत्यवादी जितेन्द्रियः ॥४॥ सुमतौ तस्य भार्यायां शप्तो दुर्वाससोद्धवः । श्रीकृष्णभक्तिकुमुदशशाङ्कः प्रादुरास सः ॥५॥ विक्रमार्कशकस्याब्दे बाणाङ्कनगभूमिते । अष्टम्यां श्रावणे मासि कृष्णायां सोऽजनि प्रगे ॥६॥ गौराङ्गः स्मितसुन्दरास्यरुचिरः प्रौढाकृतिर्दीर्घदोर्दण्डः कोमलपादपल्लवयुगो गम्भीरनाभिः स च । शोणापाङ्ग-रुचिर्विशालहृदयश्चारक्तबिम्बाधरो वक्रश्यामशिरोरुहः सुनयनो विस्तीर्णगोधिर्बभौ ॥७॥ अथाजयो द्विजश्रेष्ठः

શિષ્યવર્ગને સદ્‌બોધ આપવામાં નિપુણ હતા. પોતાનાં કેટલાક શિષ્યોથી વિંટાએલા હતા. મુમુક્ષુ જીવાત્માઓને સદ્‌બોધ આપતા હતા. તેઓશ્રીએ નૈષ્ઠિક બ્રહ્મચારીનો વેષ ધારણ કર્યો હતો. દયાના મહાસિંધુ હતા. લલાટને વિષે કેસર મિશ્રિત ચંદનનું કુંકુમના ગોળ ચંદ્રક સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું. કંઠમાં તુલસીની બેવડી કંઠી શોભતી હતી. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મને વિષે તેઓ નિષ્ણાત હતા. સાધુતાનાં લક્ષણોથી સંપન્ન શ્રીરામાનંદ સ્વામીને શ્રેષ્ઠ સિદ્ધયોગી જાણી ધર્મદેવ તેમનું સેવન કરવા લાગ્યા. (૨૭ થી ૨૯)

આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા તેમજ ભગવાન શ્રીકૃષ્ણના એકાંતિક ભક્તોમાં અતિ શ્રેષ્ઠ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનું શ્રદ્ધાપૂર્વક સેવન કરતા ધર્મદેવ તેમને સમગ્ર લૌકિક તેમજ વૈદિક કાર્યોમાં વિચક્ષણ જાણી બુદ્ધિથી તેઓ ઉદ્ધવજી સમાન છે એમ ઉદ્ધવજી તુલ્ય માનવા લાગ્યા. (૩૦)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં ' પ્રથમ અસુરોથી ઉપદ્રવ પામેલા ધર્મદેવને શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન થયા' એ નામે તેરમો અધ્યાયઃ (૧૩)*

## અધ્યાય : ૧૪

## શ્રી રામાનંદ સ્વામીના જન્માદિ ચરિત્રો

**શ્રીરામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર :-** પ્રતાપસિંહ રાજા પુછે છે, હે સુવ્રતમુનિ ! આ રામાનંદ મુનિ કોણ હતા? કોના શિષ્ય હતા ? અને તેઓ કયાં રહેતા હતા ? તે સર્વ વૃત્તાંત યથાર્થપણે આપ મને કહો. (૧) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! પૃથ્વીમાં ઉદ્ધવજીના અવતારરૂપ, ભાગવત સદ્‌ધર્મના માર્ગની મર્યાદાઓનું બંધારણપૂર્વક સ્થાપન કરી તેને પ્રવર્તાવનાર, સદ્‌ગુરુ શ્રી રામાનંદમુનિનું ચરિત્ર હું તમને યથાર્થ સંભળાવું છું. (૨) હે રાજન્! રમણીય અયોધ્યાને વિષે **અજય** નામના એક પવિત્ર વિપ્ર હતા. આ વિપ્રનું કશ્યપ ગોત્ર હતું. આશ્વલાયન શાખાના આ વિપ્ર ઋગ્વેદી હતા. પુણ્યકર્મો કરવામાં નિષ્ઠાવાન હતા. અજય વિપ્રે પૂર્વ જન્મને વિષે ઈશ્વરની આરાધના કરી હતી. તેઓ વિદ્યા અને વિનય યુક્ત, સત્યવાદી તેમજ ઈન્દ્રિયોને જીતનારા હતા. (૩/૪) એમનાં પત્નીનું નામ **સુમતિદેવી** હતું. દુર્વાસામુનિના શાપથી ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિરૂપ કુમુદને પ્રફુલ્લિત કરવામાં ચંદ્ર સમાન ઉદ્ધવજી અજય વિપ્રને ઘેર સુમતિ દેવીથી પ્રાદુર્ભાવ પામ્યા. (૫)

સંવત્ ૧૭૯૫ ના શ્રાવણ વદી અષ્ટમીના શુભ દિવસે પ્રભાત સમયે ઉદ્ધવજીએ જન્મ ધારણ કર્યો. (૬) આ બાલ સ્વરૂપ ઉદ્ધવજીનું શરીર ગૌરવર્ણનું હતું. મંદ હાસ્ય યુક્ત મુખારવિંદથી અતિશય શોભતા હતા. તેમનું શરીર પુષ્ટ હતું. તેમની ભુજાઓ જાનું પર્યંત લાંબી હતી. કમળ સમાન કોમળ તેમનાં ચરણ હતાં. ગોળ ગંભીર ઊંડી નાભિ અને લાલવર્ણથી સુશોભિત નેત્રકમળની કાંતિ હતી. તેમનું હૃદય વિશાળ અને ઓષ્ઠ લાલ બિંબફળ સમાન શોભતા હતા. વાંકડિયા શ્યામ સુંદર કેશ હતા. સુંદર રમણીય નયન કમળ તેમજ વિશાળ ભાલપ્રદેશથી અદ્‌ભુત શોભતા હતા. (૭) પુત્રજન્મથી અત્યંત



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

पुत्रजन्ममहोत्सवः । स्नात्वा विप्रान्समाहूय जातकर्म समाचरत् ॥८॥ रमणाद्राम इत्याख्यां द्वादशेऽह्नि च तस्य सः । चकार सम्प्रहृष्टात्मा स्वस्तिवाचनपूर्वकम् ॥९॥ ववृधे सोऽल्पकालेन पितृभ्यामुपलालितः । जनयन्नयनानन्दं बालचन्द्र इवोदितः ॥१०॥ कृतोपनयनश्चासावष्टमेऽब्दे यथाविधि । पालयामास धर्मात्मा ब्रह्मचर्यव्रतं दृढम् ॥११॥ गृहाश्रममनिच्छन्वै नैष्ठिकव्रतवल्लभः । सङ्गं निवृत्तधर्माणां चकार प्रायशः सताम् ॥१२॥ निजपित्रा वाच्यमानं श्रीमद्भागवतं नृप ! । शुश्रावानुदिनं प्रीत्या स पौगण्डवया अपि ॥१३॥ दृढं भक्तिस्ततो विष्णौ बभूवास्य च मानसे । प्रतिमापूजनं तस्य नियमेन चकार सः ॥१४॥ विष्णुं दिदृक्षुः प्रत्यक्षमनासक्तो गृहादिषु । निर्जगाम गृहात्तूर्णं वेदाध्ययनकैतवात् ॥१५॥ तीर्थयात्रां चरन्नानादेशेषु विगतस्पृहः । श्रीहरिं हृदये ध्यायन्प्राप रैवतकं गिरिम् ॥१६॥ गोपनाथालयस्थातुर्गोपालानन्दयोगिनः । शिष्यमात्मानन्दसंज्ञं मुनिं तत्र समैक्षत ॥१७॥
अष्टाङ्गयोगकलनानैपुण्ये योगिसम्मतम् । समाधिनिष्ठं सम्प्राप्तमेकत्वं ब्रह्मणात्मनः ॥१८॥ चिरकालं स्वदेहस्य रक्षणे सद्य एव वा । त्यागे स्वातन्त्र्यमापन्नं प्रसादादेव सद्गुरोः ॥१९॥ कृपया स्वोपदेशेन योगसिद्धिमुपागतैः । वृतं शिष्यैः स बहुभिः प्रणनाम तमादरात् ॥२०॥ सादरं मानितस्तेन प्रतापप्रथितेन सः । तत्रावसन्मासमेकं वर्णिधर्मदृढस्थितिः ॥२१॥ समाधौ

ઉત્સાહ પામેલા અજય વિપ્રે વસ્ત્રે સહિત સ્નાન કર્યું અને વેદવિદ્વાન બ્રાહ્મણોને બોલાવી પુત્રનો જાતકર્મ સંસ્કાર કરાવ્યો. (૮) મનમાં અત્યંત હર્ષ પામેલા અજયવિપ્રે પુત્રના જન્મથી બારમે દિવસે સ્વસ્તિવાચન કર્મ કર્યું. અને સર્વને હર્ષ ઉપજાવતા હોવાથી પુત્રનું **રામ** એવું નામકરણ કર્યું. (૯) માતાપિતા રામશર્માનું પ્રેમપૂર્વક લાલન પાલન કરવા લાગ્યાં અને રામ પણ આકાશમાં ઉદયમાન બાલચંદ્રની પેઠે સર્વેનાં નયનોને આનંદ ઉપજાવતા થકા અલ્પ સમયમાં જ વૃદ્ધિ પામ્યા. (૧૦)

આઠમે વર્ષે રામ શર્માએ પિતા થકી વિધિ પ્રમાણે ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કર્યો. અને કર્મમાં નિષ્ઠાવાન બની બ્રહ્મચર્યવ્રતનું દૃઢતાપૂર્વક પાલન કરવા લાગ્યા. (૧૧) આ રામ શર્માને નૈષ્ઠિકવ્રત અત્યંત વહાલું હતું. તેથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની લેશ માત્ર પણ ઈચ્છા રાખતા ન હતા. અને પ્રતિદિન નિવૃત્તિધર્મમાં નિષ્ઠાવાન સાધુસંતોનો સમાગમ જ વિશેષપણે કર્યા કરતા હતા. (૧૨)

હે રાજન્ ! રામ શર્માની પૌગંડ અર્થાત્ દશ વર્ષની અવસ્થા હતી છતાં આવી નાની ઉંમરે પણ પ્રતિદિન પિતાના મુખ થકી શ્રીમદ્‌ભાગવતનું પ્રેમથી શ્રવણ કરતા હતા. (૧૩) શ્રીમદ્‌ભાગવતના શ્રવણથી રામ શર્માના મનમાં ભગવાન શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિ ઉત્પન્ન થઈ. તેથી નિયમપૂર્વક શ્રીકૃષ્ણની પ્રતિમાનું પૂજન કરવા લાગ્યા. (૧૪)

ઘરમાં અનાસક્ત રામશર્માને અંતરમાં શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઉત્કંઠા હતી. તે હેતુથી વેદાધ્યયનના મિષથી ઘરનો તત્કાળ ત્યાગ કરી નીકળી ગયા. (૧૫) અંતરમાં સ્પૃહા રહિત તેમજ હૃદયમાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા તે રામ શર્મા અનેક દેશોમાં તીર્થયાત્રા કરતા કરતા રૈવતાચળ પર્વતની તળેટીમાં આવી પહોંચ્યા. (૧૬)

**આત્માનંદસ્વામીનું મિલન અને ત્યાગ :-** શ્રીરામ શર્માએ રૈવતાચળ પર્વતને વિષે શ્રી આત્માનંદમુનિનાં દર્શન કર્યાં. આ આત્માનંદ સ્વામી ગોપનાથ મહાદેવના મંદિરમાં નિવાસ કરીને રહેતા ગોપાળાનંદમુનિ નામના યોગકળામાં પ્રવીણ એક બ્રહ્મચારીના શિષ્ય હતા. (૧૭)

આત્માનંદ સ્વામી અષ્ટાંગ યોગની કળામાં પારંગત હતા. સમસ્ત યોગીજનો એમનું સન્માન કરતા હતા. આત્માનંદ સ્વામી પોતે સમાધિનિષ્ઠ અને બ્રહ્મ સાથે એકતાને પામેલા હતા, અર્થાત્ તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો હતો. તથા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ યોગીની કૃપાથી શરીરનો ત્યાગ કરવો કે તેને લાંબા સમય સુધી ટકાવી રાખવું, તેમાં તે સ્વતંત્રતાને પામ્યા હતા. તેમજ ગુરુ આત્માનંદમુનિની જ કૃપાથી પ્રાપ્ત કરેલા યોગમાર્ગના ઉપદેશથી યોગસિદ્ધિને પામેલા એવા ઘણા શિષ્યોની મધ્યે બેઠેલા તે આત્માનંદ મુનિનાં દર્શન કરતાંની સાથે જ શ્રીરામ શર્મા આદરપૂર્વક દંડવત પ્રણામ કરવા લાગ્યા. (૧૮ થી ૨૦)

પોતાના પ્રભાવથી પ્રખ્યાતિ પામેલાં તે આત્માનંદમુનિએ શરણાગત શ્રીરામ શર્માનો આદરપૂર્વક સત્કાર કર્યો. તેમજ નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મોને વિષે દૃઢ સ્થિતિને પામેલા રામશર્મા પણ આત્માનંદ મુનિની પાસે એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૨૧) હે રાજન્ ! સમાધિને વિષે આ આત્માનંદ મુનિને સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન જરૂર થતું હશે. એમ

विष्णुवीक्षाऽस्य भवेदित्यवधार्य तम् । सम्प्रार्थयद्रामशर्मा प्रणम्य प्राञ्जलिर्नृप ! ॥२२॥ स्वामिन्साक्षाद्धरिमहं दिदृक्षामि ततो भवान् । तत्सिद्धिकृत्साधनं मे कृपया वक्तुमर्हति ॥२३॥ इत्युक्तः स मुनीन्द्रस्तं प्राह योगं सुसाधय । तेन सेत्स्यत्यभीष्टं त इत्युक्तः सोऽहृषन्नृप ! ॥२४॥ ततः स सिद्धयोगं तं ज्ञात्वा योगोपलब्धये । शिष्यतां तस्य सम्प्राप मानयन्विनयेन तम् ॥२५॥ नाम रामानन्द इति तस्य स प्रीतमानसः । मुनिश्चकाराथ योगं सहाङ्गैस्तमशिक्षयत् ॥२६॥ सिद्धयोगोऽभवत्सोऽपि कालेनाल्पेन वर्णिराट् । ब्रह्मणैक्यं च सम्प्राप गुरुवत्स्वात्मनस्तथा ॥२७॥ समाधौ ब्रह्मतेजश्च व्याप्नुवत्ककुभो दश । सोऽपश्यन्नित्यदा वर्णी तत्र नारायणं न तु ॥२८॥ असन्तुष्टो व्याकुलश्च तदाऽसौ गुरुमाह तम् । समाधिसिद्धिं प्राप्तोऽहं स्वामिन्करुणया तव ॥२९॥ ब्रह्मतेजो निराकारं तत्र पश्यामि केवलम् । साकारं ब्रह्म कृष्णं तु नैव पश्याम्यभीप्सितम् ॥३०॥ अत्युद्विग्नमना अस्मि विनेक्षां कमलापतेः । अपूर्णकामं स्वं मन्ये तेन चात्मानमञ्जसा ॥३१॥ तदा गुरुः प्राह विष्णुस्तेजोरूपो निराकृतिः । एष एवास्ति वै वर्णिन्नाकारस्त्वस्ति मायिकः ॥३२॥ आकारस्य विनाशोऽस्ति निराकारस्य नास्ति सः । इत्युक्त उद्धवस्तेन सद्योऽमूर्च्छन्नराधिप ! ॥३३॥ प्रापोच्छ्वासं मुहूर्तान्ते रुरोद स ततो भृशम् । हर्याकृत्यसदुक्तिं तं हित्वा द्रागिनिर्ययौ ततः ॥३४॥ गुरुणा वार्यमाणोऽपि नास्थात्तत्र स सन्मतिः । साकारब्रह्मसिद्धान्तस्थापकं मृगयन् गुरुम् ॥३५॥

---

નિશ્ચય કરી બે હાથ જોડી રામશર્મા નમસ્કાર કરી પ્રાર્થના કરવા પૂર્વક તેમને કહેવા લાગ્યા : (૨૨) હે સ્વામિન્ ! મારા અંતરમાં શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ખૂબજ પ્રબળ ઈચ્છા વર્તે છે. તે હેતુથી તેમનાં પ્રત્યક્ષ દર્શનનું સાધન જે હોય તે આપ કૃપા કરીને મને બતાવો. (૨૩) હે રાજન્ ! આ પ્રકારનું રામશર્માનું વચન સાંભળી આત્માનંદ મુનિ તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે "તમે અષ્ટાંગ યોગની સાધના કરો. અષ્ટાંગયોગ સિદ્ધ કરવાથી શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ દર્શન કરવા રૂપ તમારા મનની અભિલાષા પૂર્ણ થશે." આમ કહેવાથી રામ શર્મા ખૂબજ હર્ષ પામ્યા. (૨૪)

હે રાજન્ ! રામ શર્માએ આત્માનંદમુનિને સિદ્ધયોગી જાણ્યા તેથી અષ્ટાંગ યોગની સિદ્ધિને અર્થે વિનમ્રતાથી આદરસત્કાર કરવા પૂર્વક તે મુનિનું શિષ્યત્વ સ્વીકાર્યું. તેથી મનમાં પ્રસન્ન થયેલા ગુરૂ શ્રીઆત્માનંદમુનિએ તે રામશર્માને શિષ્યભાવથી સ્વીકાર્યા અને **'શ્રીરામાનંદ'** એવું તેમનું નામ રાખ્યું. પછી તેમને યમનિયમાદિ આઠ અંગે સહિત સંપૂર્ણ યોગની સાધના શીખવવા લાગ્યા. (૨૫/૨૬) આ વર્ણિરાજ રામાનંદમુનિ પણ અલ્પ સમયમાંજ સિદ્ધયોગી બન્યા. અને ગુરુની માફક પોતે પણ બ્રહ્મના સાક્ષાત્કારને પામ્યા. (૨૭)

**સાકાર બ્રહ્મદર્શનની તીવ્ર ઝંખના :-** નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીરામાનંદ સ્વામીને સમાધિને વિષે દશે દિશાઓમાં વ્યાપીને ચોમેર પ્રસરી રહેલા બ્રહ્મતેજનાં દર્શન હંમેશા થતા પરંતુ તે તેજમાં ભગવાન નારાયણનાં પ્રત્યક્ષ દર્શન ન થયાં. (૨૮) સમાધિને વિષે સદા સાકાર શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન પ્રાપ્ત નહિ થવાથી અસંતુષ્ટ બનેલા તેમના મનમાં અત્યંત ખેદ ઉત્પન્ન થયો. અપ્રસન્ન મનથી આકુળવ્યાકુળ થયેલા તેઓ આત્માનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમારી કૃપાથી મને સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. (૨૯) અને તે સમાધિને વિષે માત્ર નિરાકાર બ્રહ્મતેજનાં દર્શન કરું છું. પણ હું જેની ઝંખના રાખુ છું એ દિવ્યાકાર મનોહરમૂર્તિ પરમેશ્વર શ્રીકૃષ્ણ પરબ્રહ્મનાં મને સાક્ષાત્ દર્શન થતાં નથી. (૩૦)

કમલાપતિ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન વિના મારા મનમાં અતિશય ઉદ્વેગ વર્તે છે અને મારા આત્માને હું સંપૂર્ણપણે અકૃતાર્થ માનું છું. (૩૧) આ પ્રમાણે કહ્યું ત્યારે ગુરુ શ્રીઆત્માનંદ સ્વામી શ્રીરામ શર્મા પ્રત્યે કહેવા લાગ્યા કે હે વર્ણી ! ભગવાન વિષ્ણુ નિરાકાર તેજસ્વરૂપ છે. પણ તેમનો બીજો કોઈ આકાર નથી. કારણ કે જગતમાં જે કાંઈ આકાર દેખાય છે તે સર્વે માયિક છે. (૩૨) 'આકાર માત્રનો વિનાશ અવશ્ય છે પરંતુ નિરાકારનો વિનાશ નથી.' ગુરુના આ પ્રકારના વચનો સાંભળી ઉદ્ધવાવતાર શ્રીરામાનંદમુનિ તત્કાળ મૂર્છિત થઈ ધરતી પર ઢળી પડ્યાં. (૩૩) એક મુહૂર્તને અંતે જાગ્રત થયા ને અતિશય રુદન કરવા લાગ્યા અને ભગવાન શ્રીકૃષ્ણના આકારને અસત્ય કહેનાર ગુરુનો ત્યાગ કરી તત્કાળ ત્યાંથી ચાલી નીકળ્યા. (૩૪) ગુરુ આત્માનંદ સ્વામીએ સદ્‌બુદ્ધિમાન **શ્રીરામ શર્મા**ને રોકવા ખૂબ પ્રયાસ કર્યો છતાં સદા સાકાર બ્રહ્મના સિદ્ધાંત સ્થાપન કરનારા ગુરુની શોધમાં નીકળેલા તેઓ ત્યાં રોકાયા જ નહિ. (૩૫)

रामानुजाचार्यपदे स स्यादित्यवधार्य सः । हरेरतिप्रियं स्थानं श्रीरङ्गाख्यं ययौ ततः ॥३६॥ तत्र श्रीरङ्गदेवस्य मन्दिरशन्तिक एव सः । स्वावासमकरोद्वर्णी भगवन्तं स्मरन् हृदि ॥३७॥ कावेर्यां प्रत्यहं स्नात्वा नित्यकर्म विधाय च । चकार नियमेन श्रीरङ्गनाथस्य दर्शनम्॥३८॥ साकारतास्थापकानि परस्य ब्रह्मणो हरेः । सच्छास्त्राणि श्रोतुमनाः स आसीन्नेतराणि तु ॥३९॥ प्रत्यक्षभगवद्दीक्षासाधनस्य च देशिकम् । गवेषमाणो व्यदधाद्वैष्णवानां समागमम् ॥४०॥ अथ रामानुजाचार्यचरित्रेणोपबृंहितम् । प्रपन्नामृतनामानं ग्रन्थं तत्राशृणोन्नृप ! ॥४१॥ ततः श्रीवैष्णवाचार्यं श्रीरामानुजमेव सः । इयेष देशिकं कर्तुं सिद्धदेहस्थितं सदा ॥४२॥ ग्रन्थांश्च तत्कृतान्प्रीत्या साकारब्रह्मनिश्चयान् । शुश्रावानुदिनं वर्णी श्रीभाष्यादीन्स्ववल्लभान् ॥४३॥ श्रीमद्रामानुजस्यासौ नाम्नामष्टोत्तरं शतम् । पपाठानुदिनं भक्त्या दध्यौ तं च यथाश्रुतम् ॥४४॥

इत्थं विदधतस्तस्य मासत्रयमगान्नृप ! । पञ्चम्यां मधुमासेऽथ तस्य स्वप्नोऽभवत्प्रगे ॥४५॥ साक्षाद्रामानुजाचार्यं तत्रापश्यत्त्रिदण्डिनम् । कान्त्या सूर्यप्रतीकाशं दिव्यदेहं सुलोचनम् ॥४६॥ पुण्ड्राणि द्वादशोर्ध्वानि बिभ्रतं सस्मिताननम् । प्राणमत्तमवेत्याशु श्रीमन्नाथं स लक्षणैः ॥४७॥ ततोऽवदद्यतीन्द्रस्तं बद्धाञ्जलिपुटं स्थितम् । वरं वरय मद्वर्णिन् ! रामानुजमवेहि माम् ॥४८॥ इत्युक्तः सोऽतिहृष्टात्मा तमुवाच यतीश्वर ! । मनोरथोऽद्य मे पूर्णस्त्वद्दृष्ट्या बहुकालजः

**શ્રીરામાનુજાચાર્યનાં દર્શન :-** 'સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરનારા ગુરુ તો રામાનુજાચાર્યે સ્થાપન કરેલ ગાદીસ્થાને હોવા જોઈએ.' એવો નિર્ધાર કરી શ્રીરામાનંદ સ્વામી ભગવાનને અતિશય પ્રિય એવા શ્રીરંગક્ષેત્રમાં આવ્યા. (૩૬) નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી રામાનંદમુનિ હૃદયમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા થકા ત્યાં શ્રીરંગનાથના મંદિરની સમીપમાં જ નિવાસ કરીને રહ્યાં. (૩૭) પ્રતિદિન કાવેરી નદીમાં સ્નાન કરી સંધ્યાવંદનકર્મ તેમજ નિયમપૂર્વક શ્રીરંગનાથ ભગવાનનું દર્શન કરતા હતા. (૩૮)

ભગવાન શ્રીહરિના સદા સાકાર સ્વરૂપને પ્રતિપાદન કરનારાં સત્શાસ્ત્રોને જ સાંભળવાની રામાનંદ મુનિના મનમાં ઈચ્છા રહેતી પણ ઈતર શાસ્ત્રોને સાંભળવા માટે તેઓ લેશ માત્ર ઈચ્છા રાખતા નહિ. (૩૯) ત્યાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શનનું સાધન બતાવે તેવા સદ્‌ગુરુની શોધ કરતા શ્રીરામાનંદમુનિ નિરંતર વૈષ્ણવોનો સમાગમ કરવા લાગ્યા. (૪૦) હે રાજન્ ! તેમના સત્સંગથી રામાનંદમુનિએ ભગવદ્‌પાદ્ શ્રીરામાનુજાચાર્યનાં દિવ્ય ચરિત્રોથી ભરપૂર પ્રપન્નામૃત નામના ગ્રંથનું શ્રવણ કર્યું. (૪૧)

તે ગ્રંથના શ્રવણથી રામાનંદમુનિએ ત્યાં સર્વદા સિદ્ધદેહથી રહેલા વૈષ્ણવાચાર્ય શ્રીરામાનુજાચાર્યને જ પોતાનાં ગુરુ કરવાની ઈચ્છા કરી. (૪૨) તથા તેઓ ત્યાં શ્રીરામાનુજાચાર્યે રચેલા શ્રીભાષ્ય વગેરે સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં પોતાને પ્રિય ગ્રંથોનું પ્રતિદિન સ્નેહપૂર્વક શ્રવણ કરવા લાગ્યા. (૪૩) રામાનંદમુનિ શ્રીરામાનુજાચાર્યનાં એકસો ને આઠ નામના સ્તોત્રનો દરરોજ પ્રીતિથી પાઠ કરવાપૂર્વક પ્રપન્નામૃતમાં જેવું તેમનું વર્ણન કર્યું હતું તેવાજ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. (૪૪)

હે રાજન્ ! નિરંતર આ પ્રમાણે વર્તતા શ્રીરામાનંદ સ્વામીને ત્રણ માસ વીતી ગયા. ત્યાર પછી ચૈત્રસુદિ પંચમી તિથિએ પ્રાતઃકાળે તેમને સ્વપ્નમાં વિજ્ઞાનસભર (જાગ્રત સમાન) અલૌકિક સમાધિ થઈ. (૪૫) તે સમાધિમાં ત્રિદંડી શ્રીમદ્ રામાનુજાચાર્યનાં પ્રત્યક્ષ દર્શન થયાં. શ્રીરામાનુજાચાર્યની કાંતિ સૂર્ય સમાન તેજસ્વી હતી. દિવ્ય શરીરધારી અને સુંદર નેત્રકમળોથી શોભતા હતા. દ્વાદશ ઊર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કર્યાં હતાં. અને મંદહાસ્ય યુક્ત મુખારવિંદથી શોભતા શ્રીમન્નાથ જે સાક્ષાત્ શ્રીરામાનુજાચાર્ય તેમને અસાધારણ ચિહ્નોથી ઓળખીને શ્રીરામાનંદ મુનિ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૪૬/૪૭)

બે હાથ જોડી સામે ઊભેલા રામાનંદ સ્વામીને યતીન્દ્ર કહેવા લાગ્યા કે, હે નૈષ્ઠિક બ્રહ્મચારી ! હું રામાનુજાચાર્ય છું. પ્રસન્ન થયેલા મારી પાસેથી તમે ઈચ્છિત કંઈ પણ વરદાન માગો. (૪૮) શ્રીરામાનુજાચાર્યે આ પ્રમાણે કહ્યું તેથી રામાનંદ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

॥४९॥ श्रीमन्नारायणस्याहं साक्षादिच्छामि दर्शनम् । तन्मे यथा भवेच्छीघ्रं तमुपायं वद प्रभो ! ॥५०॥ ततः प्रसन्नः प्रददौ तस्मै दीक्षां स वैष्णवीम् । मनू द्वौ च प्रपन्नाय ततश्चेदमुवाच ह ॥५१॥ श्रीमन्नारायणं भक्त्या भजेस्त्वं वर्णिसत्तम ! । ग्रन्थांश्च मत्कृतान्नित्यमभ्यसेस्तन्द्रिवर्जितः ॥५२॥ स्वधर्मं विष्णुभक्तिं च वैष्णवानां समागमम् । प्रत्याहारं चेन्द्रियाणां न त्यजेस्त्वं चतुष्टयम् ॥५३॥ इत्थं हि वर्तमानस्य कालेनाल्पेन तेऽनघ ! । श्रीमन्नारायणस्येक्षा साक्षादेव भविष्यति ॥५४॥ दीक्षां त्वं वैष्णवीं दद्याः प्रपन्नेभ्यो ममाज्ञया । सिद्धिस्तवेव तेषां च भविष्यति न संशयः ॥५५॥ विक्षेपो भगवद्भक्तौ पुण्यक्षेत्रेषु यत्र ते । न स्यात्तत्र वसेत्युक्त्वा लक्ष्मणार्यस्तिरोदधे ॥५६॥ प्रबुद्धः स वपुः स्वीयमपश्यच्चक्रलाञ्छितम् । शोभमानं चोर्ध्वपुण्ड्रैर्हृष्टः सत्यमवैच्च तत् ॥५७॥ स्वधर्मस्थो भजन्भक्त्या सोऽल्पकालेन भूपते ! । ददर्श ब्रह्मतेजःस्थं लक्ष्मीनारायणं हृदि ॥५८॥ पूर्णकामस्ततो भूमौ तीर्थानि विचचार सः । तत्र तत्र प्रपन्नेभ्यो दीक्षां प्रादाच्च वैष्णवीम् ॥५९॥ दीक्षितास्तेन ये येऽत्र जनास्ते ते तु भूमिप ! । स्वधर्मस्थाश्च निर्दम्भा दृढभक्तियुजोऽभवन् ॥६०॥ साक्षाद्भगवदीक्षां च प्रापद्यन्ताचिरेण वै । ततस्ते तत्र तत्रास्य माहात्म्यं बहुधोचिरे ॥६१॥ तुष्टस्य साक्षाद्यतिभूमिपस्य सोऽनुग्रहेणाथ हरेः प्रसादात् । आसीच्च निर्दम्भसधर्मभक्तेर्भूरिप्रतापप्रथितः पृथिव्याम् ॥६२॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीरामानन्दस्वामिजन्मादिचरित्रनिरूपणनामा चतुर्दशोऽध्याय ॥१४॥

સ્વામીનું મન અતિશય પ્રસન્ન થયું. અને તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે, હે યતીશ્વર ! આજે આપનાં મંગલકારી દર્શનથી બહુ સમયનો મારો મનોરથ પૂર્ણ થયો. (૪૯) હે પ્રભુ ! આપ સમર્થ છો. મારા મનમાં સર્વેશ્વર ભગવાન શ્રીમન્નારાયણનાં સાક્ષાત્ દર્શન કરવાની ઈચ્છા છે. તે દર્શન મને જે રીતે જલદી થાય તેવો ઉપાય બતાવો. (૫૦)

**શ્રીરામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાનો સ્વીકાર :-** આમ કહેવાથી પ્રસન્ન થયેલા રામાનુજાચાર્યે શ્રીરામાનંદ સ્વામીને વૈષ્ણવી દીક્ષા આપી. તેમજ શરણે આવેલા તે મુનિને બે મંત્રનો ઉપદેશ કરી આ પ્રમાણે કહેવા લાગ્યા : (૫૧) હે વર્ણિરાજ ! તમે ભગવાન શ્રીમન્નારાયણની પ્રેમલક્ષણા ભક્તિ કરો તથા આળસ પ્રમાદનો ત્યાગ કરી, મેં રચેલા શ્રીભાષ્યાદિ ગ્રંથોનો નિત્ય અભ્યાસ કરો. (૫૨) હે વર્ણી ! **સ્વધર્મ, ભગવદ્ ભક્તિ, ભગવાનનાં એકાંતિક ભક્તોનો સમાગમ અને વિષયમાંથી ઈન્દ્રિયોની વૃત્તિઓને પાછી વાળી સંયમમાં રાખવી** આ ચાર વસ્તુનો તમારે ક્યારેય ત્યાગ ન કરવો. (૫૩)

હે નિષ્પાપ મુનિ ! આ પ્રમાણે વર્તન કરવાથી ટૂંક સમયમાં જ ભગવાન શ્રીનારાયણનું પ્રત્યક્ષ દર્શન થશે. (૫૪) શરણે આવેલા મુમુક્ષુ જીવોને મારી આજ્ઞાથી વૈષ્ણવી દીક્ષા આપજો. તમારી જેમજ તેઓને પણ ભગવદ્ દર્શનની સિદ્ધિ પ્રાપ્ત થશે. તેમાં કોઈ પ્રકારનો સંશય નથી. (૫૫) જે પુણ્ય ક્ષેત્રોમાં તમોને ભગવદ્ ભક્તિ કરવામાં વિક્ષેપ ન થાય તેવા પુણ્યકારી તીર્થક્ષેત્રોને વિષે નિવાસ કરીને રહેજો આ પ્રમાણે કહીને શ્રી રામાનુજાચાર્ય અંતર્ધાન થયા. (૫૬)

ત્યારબાદ રામાનંદસ્વામી સમાધિમાંથી જાગ્રત થયા અને પોતાના શરીર પર પ્રત્યક્ષ તપ્તમુદ્રા (તપાવેલા સુદર્શનાદિની છાપો)નાં ચિહ્નો જોયાં. તેમજ શોભાયમાન ઊર્ધ્વપુંડ્ર તિલકનાં દર્શન કર્યાં તેથી અત્યંત હર્ષ પામ્યા અને સમાધિમાં ઘટેલી વૃત્તાંતની સર્વ હકીકત સત્ય માની. (૫૭) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદ સ્વામી સ્વધર્મનું પાલન કરતા થકા પ્રેમપૂર્વક ભગવદ્ ભક્તિ કરવા લાગ્યા. તેથી અલ્પ સમયમાં જ તેમને પોતાના હૃદયકમળને વિષે બ્રહ્મતેજમાં રહેલા ભગવાન શ્રીલક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. (૫૮)

પ્રત્યક્ષ દર્શનથી પૂર્ણકામ થયેલા શ્રીરામાનંદ શ્રીસ્વામીનો મનોરથ પૂર્ણ થયો. પછી તેઓ પૃથ્વી પર તીર્થોમાં વિચરવા લાગ્યા. અને તે તે તીર્થોમાં જે કોઈ મુમુક્ષુજનો શરણે આવે તેમને વૈષ્ણવી દીક્ષા આપતા હતા. (૫૯) હે રાજન્ ! પૃથ્વી પર રામાનંદ સ્વામીએ જે જે મુમુક્ષુજનોને વૈષ્ણવી દીક્ષા આપી તે સર્વે સ્વધર્મનું પાલન કરવા લાગ્યા તેમજ નિર્દંભપણે દૃઢતાપૂર્વક ભગવદ્ભક્તિ કરવા લાગ્યા. (૬૦) ભક્તિમાન તે સર્વે જનો અલ્પ સમયમાં જ સાક્ષાત્ ભગવાનનાં દર્શનને પામ્યા. અને તે હેતુથી સર્વે મુમુક્ષુજનો તે તે સ્થળે સદ્‌ગુરૂ શ્રીરામાનંદ સ્વામીનો મહિમા બહુ પ્રકારે ગાવા લાગ્યા. (૬૧)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પ્રસન્ન થયેલા સાક્ષાત્ યતિરાજ શ્રી રામાનુજાચાર્યના અનુગ્રહથી, પરમાત્માની કૃપાથી અને નિર્દંભપણે ધર્મે સહિત ભક્તિના માધ્યમથી શ્રીરામાનંદ સ્વામી ખૂબજ પ્રતાપવાળા એક પ્રભાવશાળી પુરુષ તરીકે સમગ્ર પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામ્યા. (૬૨) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીરામાનંદસ્વામી જન્માદિચરિત્ર નિરૂપણ' નામે ચૌદમો અધ્યાય: (૧૪)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच - **प्रतिष्ठां महतीं तस्य वीक्ष्यान्ये वैष्णवा जनाः । न सेहिरे मत्सरिणो दाम्भिका विषयैषिणः ॥१॥ यथा यथापमानः स्याल्लोके तस्य तथा तथा । मिथ्याभिशंसनादीनि विदधुश्च व्यधापयन् ॥२॥ प्रतापातिशयं तस्य तथाप्यक्षीणमेव ते । दृष्ट्वा चक्रुशास्त्रवादांस्तत्र प्रापुः पराजयम् ॥३॥ ततोऽतिक्रोधमापन्नास्ताडनं भर्त्सनादि च । चक्रुस्ते स तु तत्सेहे बुद्ध्याऽऽवन्त्यकदर्यवत् ॥४॥ केचिन्नग्नाश्च जटिला अयश्चिपिटपाणयः । तस्योर्ध्वपुण्ड्राण्यामृज्यात्रोटयंस्तुलसीस्त्रजम् ॥५॥ बभञ्जुर्वासुदेवस्य सिंहासनमपि क्रुधा । अहरन्प्रतिमां केचिन्नित्यार्च्यां तस्य चोद्धताः ॥६॥ इत्थं स दुर्जनकृतमुपद्रवमकारणम् । प्रारब्धभोगं मन्वानोऽलक्ष्यलिङ्गोऽचरद्भुवि ॥७॥ त्यक्त्वा रामानुजाचार्यवर्त्म सोपद्रवं बहिः । भजन्नारायणं चित्ते वृन्दावनमुपाययौ ॥८॥ प्रत्यहं यमुनायां स स्नात्वा कृत्वा च नैत्यकम् । मन्दिरेषु समग्रेषु चक्रे श्रीकृष्णदर्शनम् ॥९॥ अपराह्णे च शुश्राव श्रीमद्भागवतं नृप ! । वाच्यमानं तत्र तत्र पुराणं वैष्णवैर्द्विजैः ॥१०॥ एवं निवसतस्तस्यालक्ष्यलिङ्गस्य सन्मतेः । भक्तिः कृष्णे विवृद्धाऽभूद्दध्यौ तं चानुवासरम् ॥११॥ तस्मै प्रसन्नो भगवान्समाधौ निजदर्शनम् । ददौ रासेश्वरीकान्तो**

---

## અધ્યાય : ૧૫

## શ્રીરામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણદર્શન-ઉદ્ધવ સંપ્રદાય પ્રવૃત્તિ નિરૂપણ

**રામાનંદ સ્વામીને થયેલા ઉપદ્રવ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદ સ્વામીની પ્રતિષ્ઠા લોકોમાં વૃદ્ધિ પામવા લાગી તેને જે મત્સર ગ્રસ્ત, દંભી અને વિષયાસક્ત બીજા વૈષ્ણવો હતા તે સહન કરી શક્યા નહિ. (૧) ઈર્ષાભાવથી તે ઈર્ષાળુઓ રામાનંદ સ્વામીનું જે જે રીતે અપમાન થાય તેવાજ ઉપાયો કરવા લાગ્યા. તેમના ઉપર મિથ્યાકલંકનાં અપવાદો નાખવા લાગ્યા. અને શિષ્યો પાસે પણ મિથ્યાપવાદનું આરોપણ કરાવવા લાગ્યા. (૨) અનેક ઉપાયો કરવા છતાં રામાનંદ સ્વામીનાં અતિશય પ્રતાપનો યશ લેશ પણ ક્ષીણ થયો નહિ, તેથી તેમને શાસ્ત્રાર્થમાં જીતવા પ્રયાસ કરવા લાગ્યા. પરંતુ તેમાં પણ તેઓનો જ પરાજય થયો. (૩)

તેમનો પરાભવ થવાથી તે અસુરોનો ક્રોધ અધિકને અધિક વધવા લાગ્યો અને રામાનંદ સ્વામીને લાકડી તેમજ ચીપિયાના માર મારવા લાગ્યા. તેમજ અનેક પ્રકારે તિરસ્કાર કરવા લાગ્યા. છતાં પણ રામાનંદ સ્વામી તો વિવેકબુદ્ધિથી અવંતી નગરીના કદર્ય નામના બ્રાહ્મણની જેમ જાણી જોઈને તેમના પ્રહારાદિકનું સહન જ કરતા હતા. (૪)

કેટલાક દિગંબર, જટાધારી અને હાથમાં લોખંડના ચીપિયા લઈને આવેલા અસુરો રામાનંદ સ્વામીના ઊર્ધ્વપુંડ્ર તિલકને ભૂંસી નાખીને તુલસીની જપમાળાને તોડી નાખવા લાગ્યા. (૫) કેટલાક ઉદ્ધત ઈર્ષાખોર અસુરોએ ક્રોધથી ભગવાન શ્રીવાસુદેવનું સિંહાસન તોડીફોડી નાખ્યું અને કેટલાક અસુરો રામાનંદમુનિને નિત્ય પૂજવાની ઈષ્ટદેવની પ્રતિમાને પણ હરી ગયા. (૬) આ પ્રકારે અસુરોએ અકારણ કરેલા ઉપદ્રવને પોતાનું પ્રારબ્ધ માની કોઈ ન ઓળખી શકે તેવાં અલક્ષ્ય ચિહ્નો ધારણ કરી શ્રીરામાનંદમુનિ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. (૭)

ઉપદ્રવને લીધે શ્રીરામાનંદ સ્વામી શ્રીરામાનુજાચાર્યજીનાં ઊર્ધ્વપુંડ્ર તિલક આદિક બાહ્ય ચિહ્નોનો ત્યાગ કરી અંતરમાં ભગવાન નારાયણનું ભજન સ્મરણ કરતા કરતા વૃંદાવન ક્ષેત્રમાં આવ્યા. (૮)

**વૃંદાવનમાં શ્રીકૃષ્ણનું દિવ્ય દર્શન :-** વૃંદાવન તીર્થને વિષે શ્રીરામાનંદમુનિ પ્રતિદિન યમુનાનદીમાં સ્નાન કરીને પોતાનું નિત્યકર્મ કરતા. ત્યાર બાદ સમગ્ર મંદિરોમાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન કરવા જતા હતા. (૯) હે રાજન્ ! બપોર પછીના સમયે શ્રીરામાનંદ સ્વામી વૈષ્ણવ વિપ્રો દ્વારા તે તે સ્થળને વિષે વંચાતા શ્રીમદ્‌ભાગવત પુરાણનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતા હતા. (૧૦) અલક્ષ્યવેષને ધારણ કરી વૃંદાવનને વિષે નિવાસ કરતા સદ્‌બુદ્ધિમાન શ્રીરામાનંદસ્વામીની ભગવત્ સ્વરૂપને વિષે ભક્તિ વૃદ્ધિ પામી અને પ્રતિદિન શ્રીકૃષ્ણ પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરવા લાગ્યા. (૧૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

वृन्दावनविहारकृत् ॥१२॥ एकाग्रेणैव मनसा श्रीकृष्णेति जपन् हृदि । स्फुरितं सहसाऽ पश्यद्ब्रह्मज्योतिरनन्तकम् ॥१३॥ श्रीराधासहितं कृष्णं तत्राद्राक्षीन्मनोहरम् । मुरलीं वादयन्तं च द्विभुजं श्यामसुन्दरम् ॥१४॥ नटवर्यसमाकल्पं नानाभूषणभूषितम् । किरीटिनं वैजयन्तीं बिभ्रतं मालिकां गले ॥१५॥ तं दृष्ट्वा परमानन्दं प्राप मन्त्रद्वयं ततः । पुरुषोत्तमसम्प्राप्त्या स्वं च पूर्णममन्यत ॥१६॥ एवं यदा यदाऽध्यायत्तं ददर्श तदा तदा । अर्चायां स्फुरितं तं च पूजाकालेऽप्यवैक्षत ॥१७॥ पूजोपहारान्प्रत्यक्षं स ददावनुवासरम् । प्रीत्या भगवते तस्मै तत आप स निर्वृतिम् ॥१८॥ साक्षात्कृष्णेक्षणानन्दो निराधिश्च स वर्णिराट् । तदिच्छयैव स्वमवैत्तदेकान्तिकमुद्धवम् ॥१९॥ दुर्जनोपद्रवं तं च दुर्वासःशापसम्भवम् । विवेदाथ मुदा भेजे श्रीकृष्णं स्वेष्टदेवताम् ॥२०॥ ततो हिताय जीवानां कृष्णेन स्थापनं भुवि । कृतं स्वस्येति संस्मृत्य तदेव स समाचरत् ॥२१॥ सच्छास्त्रभगवद्वाक्यसारमादाय तत्त्वतः । नवीनं सम्प्रदायं स्वं बबन्ध नृप ! निर्भयम् ॥२२॥ जीवेशमायारूपाणां निर्णयं प्रायशः स तु । रामानुजाचार्यकृतग्रन्थोक्तं प्रत्यपादयत् ॥२३॥

રાસેશ્વરી રાધિકાના પતિ વૃંદાવન વિહારી ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને સમાધિને વિષે રામાનંદસ્વામીને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું. (૧૨) શ્રીરામાનંદ સ્વામી એકાગ્ર મનથી શ્રીકૃષ્ણના મંત્રનો જપ કરતા હતા તેવામાં અચાનક હૃદયકમલમાં આવિર્ભાવ પામેલો અનંત અપાર બ્રહ્મતેજનો સમૂહ જોયો. (૧૩) તે તેજના સમૂહને વિષે શ્રીરાધિકાએ સહિત શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન થયાં. ભગવાન શ્રીકૃષ્ણનું રૂપ અતિશય મનોહર હતું. અધરોષ્ઠ પર મોરલીનો નાદ કરી રહ્યા હતા. સુંદર બે ભુજાઓ અને શ્યામસુંદર વિગ્રહથી શોભતા હતા. (૧૪) નટવર સમાન વેષ ધારણ કર્યો હતો. અનેક પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતા. મસ્તક પર મુગટ ધારણ કર્યો હતો. કંઠમાં વૈજયંતીમાળાને ધારણ કરી હતી. (૧૫) ભગવાન શ્રીકૃષ્ણનાં આવાં દિવ્ય દર્શન કરી રામાનંદ સ્વામી પરમ આનંદ પામ્યા. શ્રીકૃષ્ણ પરમાત્મા થકી બે મંત્રો પ્રાપ્ત કર્યા તેમજ ભગવાન પુરુષોત્તમની પ્રત્યક્ષ પ્રાપ્તિથી સફળ મનોરથવાળા પોતાના આત્માને પૂર્ણકામ માનવા લાગ્યા. (૧૬)

આ પ્રમાણે જ્યારે જ્યારે શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન કરતા ત્યારે ત્યારે તેમનું દર્શન થતું અને પૂજા સમયે પણ રામાનંદ સ્વામીને અર્ચામૂર્તિમાં સ્ફુરાયમાન થયેલા શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. (૧૭) પ્રતિદિન પૂજા સમયે પ્રત્યક્ષ થયેલા પરમાત્માને શ્રી રામાનંદ સ્વામી પ્રીતિપૂર્વક પૂજાના ઉપહારો અર્પણ કરતા હતા. તેમજ ભગવાન દ્વારા તે પદાર્થોના પ્રત્યક્ષ સ્વીકારથી રામાનંદ સ્વામી પરમ સુખના સિંધુમાં લીન બની જતા હતા. (૧૮)

શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનથી વર્ણીન્દ્ર શ્રીરામાનંદ સ્વામીના અંતરમાં આનંદ વ્યાપ્યો અને તેમનું મન ચિંતામુક્ત બન્યું. તથા ભગવાન શ્રીકૃષ્ણની અસાધારણ ઈચ્છાથી જ તેમને ‘પોતે શ્રીકૃષ્ણના એકાંતિક ભક્ત ઉદ્ધવજી, જેમને શ્રીકૃષ્ણપરમાત્માએ અંતર્ધાન સમયે પોતાનાં સ્વરૂપસંબંધી જ્ઞાનનો ઉપદેશ આપી તે જ્ઞાનનાં રક્ષણ માટે બદ્રિકાશ્રમમાં મોકલેલા; તે હું છું.’ એવું જ્ઞાન થયું. (૧૯) ‘દુર્જનોનો જે ઉપદ્રવ થયો તે પણ દુર્વાસા ઋષિના શાપથી થયો છે’ એવું પણ તેમને જ્ઞાન થયું. અને ત્યારથી આનંદ પૂર્વક પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનું ભજન સ્મરણ કરવા લાગ્યા. (૨૦) ‘અનંત જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે ભગવાન શ્રીકૃષ્ણે મને આ પૃથ્વી ઉપર મોકલ્યો છે’ તેનું સ્મરણ કરી શ્રીરામાનંદ સ્વામી અનંત જીવોનું કલ્યાણ થાય તેવીજ પ્રવૃત્તિ કરવા લાગ્યા. (૨૧)

**ઉદ્ધવસંપ્રદાયની સ્થાપના** :- હે રાજન્ ! સત્શાસ્ત્ર (પરબ્રહ્મનું સ્વરૂપ નિરૂપણ કરનારા ઉપનિષદ્ વગેરે) અને ભગવાનનાં વાક્યો (ગીતા-ભાગવતાદિમાં શ્રીકૃષ્ણે કહેલા) નો સાર યથાર્થ ગ્રહણ કરી શ્રીરામાનંદસ્વામીએ પૃથ્વી ઉપર નિર્ભય અર્થાત્ પ્રતિવાદીના ભયરહિત પોતાનાં નવીન સંપ્રદાયની સ્થાપના કરી. (૨૨) જીવ, ઈશ્વર અને માયાના સ્વરૂપના નિર્ણયને અર્થે શ્રીરામાનંદ સ્વામીએ રામાનુજાચાર્યના ગ્રંથમાં નિર્ણય કરેલ સ્વરૂપનું જ પ્રતિપાદન કર્યું. (૨૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**स्ववर्णाश्रमधर्मेण युक्ता श्रीराधिकापतेः । भक्तिः कार्या दृढेत्येतल्लक्षणं ह्युद्धवाध्वनः ॥२४॥ मुमुक्षूञ्छरणापन्नांस्तदेवोपदिशन्स्वयम् । प्राक् स्वानुभूते तत्स्थाने प्रीत्यैकं मासमावसत् ॥२५॥ स तैर्थिको वर्णिवरो मुमुक्षून् श्रीकृष्णभक्तिं गमयन्सधर्माम् । प्राप्तोऽभवत्तन्नृप ! तीर्थराजं धर्मः सिषेवे तमिति ह्यवेहि ॥२६॥** इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे उद्धवसम्प्रदायप्रवृत्तिनिरूपणनामा पञ्चदशोऽध्यायः ॥१५॥

सुव्रत उवाच- **पादसंवाहनं कुर्वंस्तस्यासावेकदा निशि । स्वप्ने ददर्श श्रीकृष्णं तेजोमण्डलमध्यगम् ॥१॥ तं दृष्ट्वा परमाश्चर्यं प्रसादं तस्य तं विदन् । मुनेस्ततस्तमेवैकं सद्गुरुं निश्चिकाय सः ॥२॥ सर्वभावेन शरणं तमेव प्रतिपद्य च । तस्माद्भागवतीं दीक्षां सभार्यः सोऽग्रहीन्नृप ! ॥३॥ अष्टाक्षरौ कृष्णमन्त्रौ तस्मै सोऽपि मुमुक्षवे । उपादिशन्मुनिर्दत्त्वा तुलसीकाष्ठजे स्रजौ ॥४॥ श्रीकृष्णेति त्वमादिश्च गतिर्मद्वयमन्ततः । मनुराद्य इति प्रोक्तो वैष्णवत्वविधापकः ॥५॥ ब्रह्माहमादि च पदं दान्तं कृष्णेति तत्परम् । सोऽस्मीत्युक्तो द्वितीयोऽपि मनुरिष्टफलप्रदः ॥६॥ आद्यः शरणमन्त्रोऽत्र सामान्य इति कीर्तितः । द्वितीयस्तु महामन्त्रो विशेष इति विद्धि भो ! ॥७॥**

**ઉદ્ધવસંપ્રદાયનું લક્ષણ :-** પોતપોતાના વર્ણાશ્રમ ધર્મમાં રહીને શ્રી રાધા-લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનની દઢ ભક્તિ કરવી એ જ ઉદ્ધવસંપ્રદાયનું લક્ષણ જાણવું. (૨૪) એજ પ્રમાણે શરણાગત મુમુક્ષુ જીવોને સ્વધર્મે સહિત શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિનો ઉપદેશ આપવા પૂર્વક શ્રીરામાનંદસ્વામી પોતે પૂર્વે અર્થાત્ શ્રીકૃષ્ણાવતાર સમયે જ્યારે સ્વયં ઉદ્ધવજી સ્વરૂપે હતા ત્યારે સ્વયં અનુભવેલાં એજ વૃંદાવન ક્ષેત્રમાં એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૨૫)

**ધર્મદેવ સાથે મેળાપ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદ સ્વામી તીર્થોને વિષે વિચરણ કરતા કરતા મુમુક્ષુઓને શ્રીકૃષ્ણ ભગવાનની ધર્મે સહિત ભક્તિનો બોધ આપતા થકા તીર્થરાજ **પ્રયાગ ક્ષેત્ર**માં પધાર્યા અને ત્યાં ધર્મદેવ સાથે તેમનો મેળાપ થયો. તે સમયે ધર્મદેવ શ્રીરામાનંદ સ્વામીનું સેવન કરવા લાગ્યા. હે રાજન્ ! આ પ્રમાણે મેં તમને શ્રીરામાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું. (૨૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ઉદ્ધવ સંપ્રદાય પ્રવૃત્તિનિરૂપણ' નામે પંદરમો અધ્યાય: (૧૫)*

## અધ્યાય : ૧૬

## ધર્મદેવને શ્રીકૃષ્ણદર્શન અને શ્રીરામાનંદ સ્વામીનો આશ્રય

**સુવ્રત મુનિ કહે છે :** હે રાજન્ ! એક વખત રાત્રિને વિષે ધર્મદેવ શ્રીરામાનંદ સ્વામીના ચરણ ચાંપવાની સેવા કરી રહ્યા હતા. તે સમયે તેમને એકાએક સ્વપ્ન થયું ને તે સ્વપ્નને વિષે તેજોરાશિના મધ્યે બિરાજતા શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન થયાં. (૧) ધર્મદેવ પોતાને જે પરમ આશ્ચર્યકારી શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન થયાં તેને શ્રીરામાનંદ સ્વામીની કૃપાનું જ ફળ માનવા લાગ્યા અને તે રામાનંદ સ્વામીને જ પોતાના એક સાચા સદ્‌ગુરુ માનવાનો મનમાં નિરધાર કર્યો. (૨)

**ધર્મદેવને ભાગવતી દીક્ષા અને ગુરૂમંત્રનો ઉપદેશ :-** હે રાજન્ ! ધર્મદેવે સર્વભાવે રામાનંદ સ્વામીનું જ શરણું સ્વીકાર્યું અને ભક્તિદેવીની સાથે તેમના થકી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. (૩)

શ્રીરામાનંદ સ્વામીએ મુમુક્ષુ ધર્મદેવને તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરાવી અને પછી તેમને આઠ અક્ષરો છે જેમાં એવા શ્રીકૃષ્ણ પરમાત્માના બંને અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. (૪) શ્રીરામાનંદ સ્વામીએ પ્રથમ વૈષ્ણવધર્મની સિદ્ધિ કરાવનાર મંત્રનો ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **श्रीकृष्ण** અને **त्वम्** પદ અનુક્રમથી પ્રથમ પ્રાપ્ત થાય છે, તથા **गतिः** એ પદ મધ્યમાં અને મમ એ બે મકાર અંતમાં આવે છે તેવા વૈષ્ણવ પણાની સિદ્ધિ કરાવનાર '**श्रीकृष्ण त्वं गतिर्मम**' એ મંત્રનો રામાનંદ સ્વામીએ ધર્મદેવને ઉપદેશ કર્યો. (૫)

ત્યારબાદ સમગ્ર મનોરથોને પૂર્ણ કરનાર મહામંત્રનો પણ ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **ब्रह्माहं** એ પદ પ્રથમ પ્રાપ્ત થાય છે અને તે પછી **दा** પદ જેના અંતમાં રહેલું છે એવું **कृष्ण** પદ પ્રાપ્ત થાય છે અને તે પછી **सोऽस्मि** પદ જેનાં અંતમાં આવેલું છે. આ પ્રકારે ઈચ્છિત ફળને આપનાર '**ब्रह्माहं कृष्णदासोऽस्मि**' આ મહામંત્રનો ઉપદેશ કર્યો. (૬) પ્રથમ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ततस्तस्मै स सद्धर्मान् पालनीयान्मुमुक्षुभिः। उपादिदेश यैर्युक्तः पूज्योऽत्र स्यात् परत्र च ॥८॥ सम्प्रदायेऽस्मदीयेऽस्मिन्संस्थिता ये तु पूरुषाः । भवेयुश्च स्त्रियस्तेषां नियमाञ्छृणु वच्मि ते ॥९॥ देवतापितृयागार्थमपि कस्यापि देहिनः । क्वापि हिंसा न कर्तव्या दीक्षां कार्ष्णीमुपाश्रितैः ॥१०॥ एकादशविधं मद्यं सुरा च त्रिविधा द्विज ! । आपद्यपि न वै पेया नाद्यं तत्स्पृष्टमौषधम् ॥११॥ भक्षणीयं न वै मांसं यज्ञशिष्टमपि क्वचित् । धर्मार्थमपि विप्रेन्द्र ! न कार्यं स्तेनकर्म च ॥१२॥ परस्त्रीगमनं पुंसा स्त्रिया दानं च न क्वचित् । जारसङ्गस्तथा नार्या न कार्योऽपि महापदि ॥१३॥ गृहीतरा आश्रमिणो ये स्युस्तैस्त्वष्टधा द्विज ! । सङ्गः स्त्रिया न कर्तव्यो मर्यादैषा सनातनी ॥१४॥ पुंसाऽथ विधवास्पर्शः पुंसः स्पर्शस्तथा तया । बुद्ध्या न कार्यः स्पर्शश्च त्यागिनः सधवस्त्रिया ॥१५॥ आत्मघातस्तु तीर्थेऽपि बुद्ध्या कार्यो न कर्हिचित् । भिन्नसन्मार्गमर्यादाच्छ्रव्या कृष्णकथा न च ॥१६॥ कृष्णप्रासादिकान्नादेर्माहात्म्येनापि कर्हिचित् । स्वजातिभ्रंशकरणं कर्तव्यं कर्म नैव च ॥१७॥ मिथ्यापवादो नारोप्योऽन्यस्मिन्स्वस्यापि वृत्तये । पापात्मनां न कर्तव्यः सङ्गो व्यसनिनां तथा ॥१८॥ तपस्वी क्रोधयुक्तो यः कृष्णभक्तश्च कामवान् । स्वधर्मस्थोऽप्यभक्तो यस्त्यागी लोभयुतश्च

---

શરણમંત્ર ત્રૈવર્ણિક, સત્શૂદ્રો અને તેમની સ્ત્રીઓ વગેરે સર્વકોઈને સામાન્ય દીક્ષા માટે યોગ્ય હોવાથી સામાન્ય મંત્ર કહેવાય છે. બીજો મંત્ર મહામંત્ર કહેવાય છે. અને તે મંત્રનો ઉપદેશ કરવામાં મહાદીક્ષાના અધિકારી મનુષ્યોને જ આપવા યોગ્ય અસાધારણપણું હોવાથી તેને વિશેષ મંત્ર પણ કહેવાય છે. (અહીં બંને મંત્રો સાક્ષાત્ નહિ કહેતાં તે યુક્ત્યન્તરથી કહ્યા છે. તેનું પ્રયોજન એ છે કે શાસ્ત્રમાં તે મંત્રો ગોપ્ય પણે કહેલા છે. આ મંત્રો સદ્ગુરુ (આચાર્ય) થકી જ યથાવિધિ પ્રાપ્ત કરી જપવાથી અભીષ્ટ ફળ આપનારા થાય છે એમ જાણવું.) (૭)

હે રાજન્ ! મંત્રનો ઉપદેશ આપી શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને મુમુક્ષુ જીવાત્માઓએ પાલન કરવા યોગ્ય સદ્ધર્મનો ઉપદેશ આપ્યો. જે ધર્મના પાલનથી મનુષ્ય આ લોક તથા પરલોકને વિષે પૂજનીય બને છે. (૮)

**રામાનંદસ્વામીએ ધર્મદેવને આપેલ સદ્ધર્મનો ઉપદેશ** : શ્રી રામાનંદ સ્વામી કહે છે, હે ધર્મ ! આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે રહેલાં સ્ત્રીઓ અને પુરુષોનાં નિયમો હું તમને કહું છું. તે તમે સાંભળો. (૯)

શ્રીકૃષ્ણની દીક્ષાને સ્વીકારેલા મારા આશ્રિતોએ દેવતા અને પિતૃના યજ્ઞને અર્થે કોઈ પણ જીવપ્રાણીની હિંસા કયારેય કરવી નહિ. (૧૦) હે વિપ્ર ! અગિયાર પ્રકારનું મદ્ય અને ત્રણ પ્રકારની સુરાનું આપત્કાળને વિષે પણ પાન કરવું નહિ. તથા સુરા અને મદ્ય-મિશ્રિત ઔષધનું પણ સેવન કરવું નહિ. (૧૧)

હે વિપ્રવર્ય ! યજ્ઞની પ્રસાદીભૂત હોય તો પણ કયારેય માંસ ખાવું નહિ અને ધર્મને અર્થે પણ કયારેય ચોરીનું કર્મ કરવું નહિ. (૧૨) ચારે વર્ણના પુરુષોએ પરસ્ત્રી પ્રત્યે ગમન ન કરવું. પોતાની સ્ત્રીનું દાન ન કરવું તથા સ્ત્રીઓએ મહા આપત્કાળમાં પણ ક્યારેય જારપુરુષનો પ્રસંગ કરવો નહિ. (૧૩) હે ધર્મ ! ગૃહસ્થાશ્રમથી અન્ય આશ્રમમાં રહેલા બ્રહ્મચારી આદિક ત્યાગી પુરુષોએ અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો. આ **સનાતની** વૈદિકી મર્યાદા છે. (૧૪)

પુરુષોએ પોતાના સમીપ સંબંધી વિનાની વિધવા સ્ત્રીનો જાણીને સ્પર્શ કરવો નહિ. તથા વિધવા સ્ત્રીઓએ પણ પુરુષનો જાણીને સ્પર્શ કરવો નહિ. તે જ રીતે સધવા નારીએ પણ ત્યાગી પુરુષોનો જાણીને સ્પર્શ કરવો નહિ. (૧૫) જાણી જોઈને કયારેય તીર્થને વિષે પણ આત્મઘાત કરવો નહિ. તથા સદ્ધર્મની મર્યાદાનો ભંગ કરનાર પુરુષ થકી શ્રીકૃષ્ણ ભગવાનની કથાવાર્તા પણ સાંભળવી નહિ. (૧૬)

ભગવાનના પ્રસાદીભૂત અન્નના માહાત્મ્યથી પણ પોતાના વર્ણાશ્રમ ધર્મથી ભ્રષ્ટ થવાય તેવું કર્મ કરવું નહિ. (૧૭) પોતાના જીવનનિર્વાહનાં સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈના ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરવું નહિ તથા પાપી અને વ્યસની પુરુષનો સંગ કરવો નહિ. (૧૮) તપસ્વી હોય પણ જો ક્રોધેયુક્ત હોય, શ્રીકૃષ્ણભક્ત હોય પણ જો કામી હોય, સ્વધર્મનિષ્ઠ હોય છતા પણ જો અભક્ત (ભગવદ્ભક્ત વિરોધી) હોય, ત્યાગી હોય છતાં પણ જે લોભગ્રસ્ત હોય, ગુરુ થઈને પણ જેઓ પોતાના શિષ્યવર્ગને શાસ્ત્રમર્યાદામાં વર્તાવતા ન હોય, સ્વયં જ્ઞાની હોય પણ જો યુક્તિથી ભગવાનનાં આકારનું ખંડન કરનારા હોય; આ છ પ્રકારના પુરુષનો જે સંગ તે સન્મતિનો નાશ કરનાર છે. માટે મુમુક્ષુજનોએ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

यः ॥१९॥ यो गुरुः शिष्यवर्गं स्वं यथाशास्त्रं न वर्तयेत् । यश्च ज्ञानी स्वयं भूत्वा भिन्द्याद्युक्त्याऽऽकृतिं हरेः ॥२०॥ एतेषामपि षण्णां वै सङ्गः सन्मतिखण्डनः । असत्सङ्ग इव त्याज्यः स्वक्षेमाय मुमुक्षुभिः ॥२१॥ देवतानां च तीर्थानां वेदानां च गवामपि । ब्राह्मणानां च साधूनां निन्दा कार्या न धर्मिणाम् ॥२२॥ यत्र श्रीकृष्णदेवस्य स्यात्साकारत्वखण्डनम् । तच्छास्त्रं नैव मन्तव्यं न श्रोतव्यं च कर्हिचित् ॥२३॥ आयुधं च विषं जालं पक्षिमत्स्यादिबन्धकृत् । कस्मैचिदपि नो देयं हिंसामूलं यतोऽस्ति तत् ॥२४॥ ब्राह्मणेनाश्रमवता धार्यं नैवायुधं क्वचित् । जीवहिंसाकरं यत्तु तच्च क्वापि न किञ्चन ॥२५॥ प्रातः स्नात्वा चोर्ध्वपुण्ड्रं कर्तव्यं प्रतिवासरम् । कृष्णप्रसादिगन्धेन तद्गोपीचन्दनेन वा ॥२६॥ पुण्ड्रद्रव्येण तन्मध्ये पुंसा वर्तुलचन्द्रकः । राधालक्ष्मीप्रसादेन कर्तव्यः कुङ्कुमेन वा ॥२७॥ कृष्णपूजावशिष्टेन चन्दनेन सुवासिनी । नारी तु कुर्याद्धृदये चन्द्रकं प्रतिवासरम् ॥२८॥ राधापूजनशिष्टेन काश्मीरेण च सान्वहम् । मध्यदेशे ललाटस्य कुर्याद्वर्तुलचन्द्रकम् ॥२९॥ राधाकृष्णार्चावशिष्टं कुङ्कुमं चन्दनं तथा । मिश्रीकृत्याल्पकं कुर्याद्विधवा चन्द्रकं गले ॥३०॥ यथाधिकारं सन्ध्यादि ततः कृत्वैव नैत्यकम् । राधिकाकृष्णयोरर्चा सर्वैः कार्या यथाविधि ॥३१॥
पञ्चाध्यायी रासलीला श्रीमद्भागवतोदिता । पठनीया प्रतिदिनं राधाकृष्णं समर्च्य च ॥३२॥ समग्राया अशक्तस्तु पाठे तस्याः स एककम् । पठेत्तदन्तिमाध्यायं तावता तस्य तत्फलम् ॥३३॥ स्वशक्त्यनुसारेण तन्मन्त्रस्य जपोऽन्वहम् । नियमेनैव कर्तव्यो दिवा निशि च भक्तितः ॥३४॥ श्रीकृष्णनाममन्त्रश्च त्र्यक्षरः सकलैरपि । कीर्त्यः स्मर्यः सर्वकालं दीक्षामेतां समाश्रितैः ॥३५॥ स्वकण्ठपरिवर्तिन्यौ तुलसीकाष्ठजे स्रजौ । यज्ञोपवीतवन्नित्यं धार्ये सूक्ष्ममणी शुभे ॥३६॥ तुलस्यलाभे

---

અસત્પુરુષોના સંગની માફક જ આ છ વ્યક્તિના સંગનો પણ પોતાના કલ્યાણને અર્થે ત્યાગ કરવો. (૧૯ થી ૨૧)

દેવતા, તીર્થ, વેદ, ગાય, બ્રાહ્મણ, સાધુ અને ધર્મનિષ્ઠ પુરુષોની ક્યારેય નિંદા કરવી નહિ. (૨૨) જે શાસ્ત્રને વિષે ભગવાન શ્રીકૃષ્ણના સાકાર સ્વરૂપનું ખંડન કરવામાં આવ્યું હોય તેવાં શાસ્ત્રને ક્યારેય માનવાં નહિ અને સાંભળવાં પણ નહિ. (૨૩) આયુધ, ઝેર, તથા પક્ષી અને માછલાંને પકડનાર જાળ વગેરે પદાર્થો કોઈને આપવાં નહિ. કારણ કે આ પદાર્થો હિંસાનાં મૂળ (કારણ) છે. (૨૪) બ્રહ્મચર્યાશ્રમમાં રહેનાર પુરુષે ક્યારેય આયુધ ધારણ કરવાં નહિ. તેમજ જે વસ્તુથી જીવની હિંસા સંભવિત હોય તેવી વસ્તુ પણ ધારણ કરવી નહિ. (૨૫)

દરરોજ સવારમાં સ્નાન કરી ભગવાન શ્રીકૃષ્ણની પ્રસાદીભૂત ચંદન અથવા ગોપીચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. (૨૬) પુરુષે તિલકના મધ્યે ચંદન અથવા ગોપીચંદનનો ગોળ ચાંદલો કરવો. અથવા રાધાલક્ષ્મીના પ્રસાદીભૂત કુંકુમથી ચાંદલો કરવો. (૨૭)

સધવા સ્ત્રીએ શ્રીકૃષ્ણની પૂજા કરતાં શેષ રહેલ પ્રસાદીભૂત ચંદનથી પ્રતિદિન પોતાના હૃદયમાં ચાંદલો કરવો. તથા રાધાજીની પૂજા કરતાં શેષ વધેલ પ્રસાદીભૂત કુંકુમથી લલાટના મધ્યભાગમાં ગોળ ચાંદલો કરવો. (૨૮ /૨૯) વિધવા સ્ત્રીએ રાધાકૃષ્ણની પૂજા કરતાં બાકી રહેલ પ્રસાદીભૂત કુંકુમ અને ચંદનને મિશ્ર કરી કંઠમાં નાનો ચાંદલો કરવો. (૩૦) ત્યારબાદ સર્વ જનોએ પોતાનાં અધિકાર અનુસાર સંધ્યાવંદનાદિ નિત્યકર્મ પૂર્ણ કરીને જ (અનુક્રમે) શાસ્ત્રોક્ત વિધિથી શ્રીરાધાકૃષ્ણનું પૂજન કરવું. (૩૧)

દરરોજ રાધાકૃષ્ણનું પૂજન કર્યા પછી શ્રીમદ્ ભાગવતને વિષે વર્ણવેલ રાસલીલાના પાંચ અધ્યાયોનું વાંચન કરવું. (૩૨) સમગ્ર રાસપંચાધ્યાયીનો પાઠ કરવા અસમર્થ પુરુષે તેના એક અંતિમ અધ્યાયનો પાઠ કરવો. તેમ કરવાથી પણ સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. (૩૩) તથા દરરોજ શ્રીકૃષ્ણ ભગવાનનાં અષ્ટાક્ષર મંત્રનો જપ, પોતપોતાની શક્તિ અનુસાર માળા ફેરવવાનાં નિયમ સહિત જ દિવસે તથા રાત્રિએ પણ ભક્તિથી કરવો. (૩૪)

ભાગવતી દીક્ષાને પામેલા મારા આશ્રિત મનુષ્યોએ 'શ્રીકૃષ્ણ' એવા ત્રણ અક્ષરના મંત્રનો સર્વકાળે જપ કરવો. તેમજ સર્વકાળે તે મંત્રનું સ્મરણ કરવું. (૩૫) મારા આશ્રિત તેમણે પોતાના કંઠને વિષે સુખેથી ફરતી રહે તેવી તુલસીના કાષ્ઠથી બનાવેલી, સૂક્ષ્મ પારાવાળી તેમજ શુભ કંઠી યજ્ઞોપવીતની માફક નિત્ય ધારણ કરવી. (૩૬) ત્રૈવર્ણિક પુરુષોએ તુલસીકાષ્ઠની કંઠી ન મળે તો ચંદનના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરવી અને શૂદ્ર જનોએ નિરંતર ચંદનના કાષ્ઠની જ કંઠી

द्वे माले द्विजैश्चन्दनकाष्ठजे । धारणीयेऽथ शूद्रैस्तु नित्यं चन्दनकाष्ठजे ॥३७॥ कृष्णाङ्घ्रिस्पर्शनं पूर्वं कारयित्वैव मालिका। सर्वापि कण्ठे सन्धार्या पुम्भिः स्त्रीभिश्च सर्वदा ॥३८॥ धर्मानेतान् पालयद्भिः पुम्भिः स्त्रीभिश्च नित्यदा । भक्त्या नवाङ्ग्या कृष्णो भजनीय इति स्थितिः ॥३९॥ सुव्रत उवाच – एवं धर्मानहिंसादींस्तस्मै सर्वान्सयोषिते । उपादिश्य पुरश्चर्याविधिं चाह स मन्त्रयोः ॥४०॥ स्वधर्मज्ञानवैराग्योपेतां श्रीराधिकापतेः । अनन्यभक्तिं साङ्गां स उपादिश्येदमूचिवान् ॥४१॥ धन्योऽसि द्विजवर्य ! त्वं श्रेयसे यतसे यतः । त्वयि सन्ति गुणा ये ते देहिनामतिदुर्लभाः ॥४२॥ मच्छिष्याणां हि सर्वेषां मान्यो मुख्यश्च सन्मते ! । भविता त्वं यतो ज्यैष्ठ्यं गुणैरेवास्ति नोऽध्वनि ॥४३॥ गृहं गत्वा सभार्यस्त्वं महामन्त्रं जपेः सदा । उपादिशेश्चाश्रितेभ्यो यथायोग्यं मनुद्वयम् ॥४४॥ त्रैवर्णिकेभ्यः पुम्भ्यश्च सच्छूद्रेभ्यस्तथानघ ! । सम्यगुपादिशेस्त्वं हि मनुमाद्यं यथाविधि ॥४५॥
उत्तमेभ्योऽधिकारिभ्यो जपद्भ्यो मनुमादिमम् । पुरुषेभ्यो द्वितीयं तु विधिनोपादिशेर्मनुम् ॥४६॥ पुरश्चर्याऽस्य कर्तव्या सङ्कष्टादौ यथाविधि । यतोऽस्य देवता कृष्णः स प्रभुः स्वेष्टसिद्धिदः ॥४७॥ जीवमायापरेशानां स्वरूपं बोद्धुमञ्जसा । रामानुजाचार्यकृता ग्रन्थाः पाठ्यास्त्वयादरात् ॥४८॥ नैपुण्यं लक्ष्मणार्यस्य यतो ज्ञानांशनिर्णये । यथाऽस्ति न तथाऽन्येषामित्येते सम्मता मम ॥४९॥ इत्युक्त्वा सम्प्रदायस्य रहस्यमपि सोऽखिलम् । तस्मै स्वं कथयामास स्निग्धशिष्याय तत्त्वतः ॥५०॥ ततस्तं स्वगृहं गन्तुमादिश्य स्वयमुद्धवः । द्वारावतीमनुययौ धर्मश्चापि निजालयम् ॥५१॥ सद्गुरुप्राप्तिपरमानन्दः

ધારણ કરવી. (૩૭)

સ્ત્રી અને પુરુષોએ સર્વ પ્રકારની કંઠી ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણનો સ્પર્શ કરાવીને પછી જ કંઠને વિષે નિરંતર ધારણ કરવી. (૩૮) આ સમગ્ર ધર્મોનું પાલન કરનાર સ્ત્રી અને પુરુષોએ નિરંતર નવ પ્રકારની ભક્તિ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવી. આ પ્રમાણે ઉદ્ધવ સંપ્રદાયની મર્યાદા (રીતિ) છે. (૩૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે ભક્તિદેવીની સાથે રહેલા ધર્મદેવને અહિંસાદિ સર્વ પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો અને પછી શ્રીરામાનંદ સ્વામીએ તેમને બંને મંત્રના પુરશ્ચરણનો સમગ્ર વિધિ કહ્યો. (૪૦)

રાધિકાપતિ ભગવાનની સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે અંગોએ સહિત અનન્ય ભક્તિ કરવાનો ધર્મદેવને ઉપદેશ આપી **શ્રીરામાનંદ સ્વામી** તેમની આગળ કહેવા લાગ્યા : (૪૧) હે વિપ્રવર્ય ! તમે બહુ ભાગ્યશાળી છો. કારણ કે તમે તમારા આત્યંતિક કલ્યાણને અર્થે પ્રયાસ કરો છો. તમારે વિષે એવા અપાર દૈવી સદ્‌ગુણો રહ્યા છે કે જે ગુણો અન્ય મનુષ્યોને અતિ દુર્લભ છે. (૪૨) હે શુભમતિમાન ! તમો મારા શિષ્ય સમુદાયમાં મુખ્ય અને સર્વેના સન્માનનીય થશો. કારણ કે અમારા સંપ્રદાયને વિષે ગુણોથી જ મોટાઈ માનેલી છે. (૪૩)

હે ધર્મ ! તમે હવે ભક્તિદેવી સાથે ઘેર જાઓ. અને ત્યાં આ મહામંત્રનો સદા જપ કરજો. મુમુક્ષુ જીવોને આ બંને મંત્રનો અધિકાર અનુસાર યથાયોગ્ય ઉપદેશ કરજો. (૪૪) હે નિષ્પાપ ધર્મ ! ત્રૈવર્ણિક અને સત્શૂદ્ર પુરુષને વિધિ પ્રમાણે પ્રથમ શરણમંત્રનો ઉપદેશ કરજો. (૪૫)

પ્રથમ મંત્રનો જપ કરતાં કરતાં ઉત્તમ અધિકારને પ્રાપ્ત કરનાર પુરુષોને વિધિ પ્રમાણે બીજા મહામંત્રનો ઉપદેશ કરજો. (૪૬) હે ધર્મ ! સંકટ સમયમાં તમારે વિધિ અનુસાર આ બીજા મંત્રનું પુરશ્ચરણ કરવું. કારણ કે પોતાની મનોવાંછિત સર્વ પ્રકારની સિદ્ધિને આપનારા 'શ્રીકૃષ્ણ ભગવાન' આ મંત્રના દેવતા છે. (૪૭)

જીવ, ઈશ્વર અને માયાના સ્વરૂપના યથાર્થ જ્ઞાનને અર્થે શ્રીરામાનુજાચાર્યે રચેલા ગ્રંથોનો આદરપૂર્વક અભ્યાસ કરવો. કારણ કે તેમના સ્વરૂપના જ્ઞાનાંશ- નિર્ણયમાં જેવી શ્રીરામાનુજાચાર્યની નિપુણતા છે તેવી બીજા આચાર્યો(શંકરાચાર્યાદિ)ની નથી. તેથી રામાનુજાચાર્યે કરેલા ગ્રંથો અમે માનેલા છે. (૪૮/૪૯) સુવ્રતમુનિ કહે છે, હે રાજન્! શ્રી રામાનંદ સ્વામીએ આ પ્રમાણે કહ્યું અને ત્યારબાદ સ્નેહાળ શિષ્ય ધર્મદેવને ઉદ્ધવ સંપ્રદાયના સમગ્ર રહસ્યની સર્વે વાત યથાર્થપણે કહી સંભળાવી. (૫૦)

ત્યારબાદ ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને પોતાને ઘેર જવા આજ્ઞા આપી અને પોતે દ્વારિકા તરફ જવા

**सस्त्रीसुतो निजम् । ग्राममेत्याऽऽचरद्भक्तिं श्रीकृष्णस्य च भूपते ! ॥५२॥ स्थूलादिदेहत्रितयात्पृथक्चैतन्यमाततम् । अखण्डमात्मनो रूपं मेने कृष्णस्य सेवकम् ॥५३॥ जीवेशकालमायानां नियन्ता पुरुषस्य च । कृष्ण इत्येव निश्चित्य नश्वरं जगदित्यवैत् ॥५४॥ ग्रन्थान् रामानुजाचार्यकृतान् गुर्वाज्ञया स च । पपाठ गीताभाष्यादीन् पाठयामास चादरात् ॥५५॥ श्रीकृष्णं भजतस्तस्य धर्मनिष्ठादिभिर्गुणैः । साक्षाद्धर्मोऽयमिति तं दैवा जीवा विदुर्नृप ! ॥५६॥ ततस्तस्याश्रयं चक्रुस्ते स्वनिःश्रेयसाय हि । गुरुलक्षणहीनान्स्वान् हित्वैवासुरदेशिकान् ॥५७॥ हित्वा गुरुन्स्वान् वृषमाश्रितानामपि प्रणष्टा गुरुधीर्न तेषु । यद्दम्भलब्धाधिरसोच्चितेषु साऽऽस्पदाऽस्थात्किल तद्वपुष्षु ॥५८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतरामानन्दस्वामिसमाश्रयनिरूपणनामा षोडशोऽध्यायः ॥१६॥

सुव्रत उवाच - **देवा इव व्यराजन्त येऽत्र धर्मेण दीक्षिताः । त्यक्तासुरक्रिया भूप ! वर्षापायेन्दुसन्निभाः ॥१॥ वासोऽन्नधनयानाद्यैः सन्मानं तस्य ते भृशम् । चक्रुर्मुहुस्तेन धर्मः समृद्धोऽभून्नृपेन्द्रवत् ॥२॥ संस्कारान् निजपुत्रस्य मौञ्जीबन्धावधि स्वयम् । चकार तेषु दानादि जनविस्मयकृच्च सः ॥३॥ आसुर्या सम्पदा मत्तास्तद्दृष्ट्वा मनुजासुराः ।**

વિદાયમાન થયા. તેમજ ધર્મદેવે પણ પોતાના ઘર તરફ જવા પ્રયાણ કર્યું. (૫૧) હે રાજન્ ! સમર્થ સદ્‌ગુરુની પ્રાપ્તિથી પરમાનંદ પામેલા ધર્મદેવ પત્ની અને પુત્રની સાથે ઘેર આવ્યા અને શ્રીકૃષ્ણનું ભજન સ્મરણ કરવા લાગ્યા. (૫૨) સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી પૃથક્ અને સમસ્ત શરીરમાં જ્ઞાન શક્તિથી નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલ તેમજ અખંડ એવા પોતાના આત્માને શ્રીકૃષ્ણ ભગવાનના સેવક તરીકે માનવા લાગ્યા. (૫૩)

'જીવ, ઈશ્વર, કાળ, માયા, અને પુરુષના નિયંતા સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે' આ પ્રમાણે નિશ્ચય કરી ધર્મદેવ આ જગતને નાશવંત માનવા લાગ્યા. (૫૪) હે રાજન્ ! ગુરુના આદેશથી ધર્મદેવ રામાનુજાચાર્યે રચેલા ગીતાભાષ્ય વગેરે ગ્રંથોનો આદરપૂર્વક પાઠ કરવા લાગ્યા અને બીજા શિષ્યોને પણ તેનો અભ્યાસ કરાવવા લાગ્યા. (૫૫) હે રાજન્ ! શ્રીકૃષ્ણનું ભજન કરતા ધર્મદેવની વર્ણાશ્રમોચિત ધર્માચરણમાં નિષ્ઠા વગેરે સદ્‌ગુણોને જોઈને દૈવી જીવાત્માઓ તેમને 'આ સાક્ષાત્ ધર્મપ્રજાપતિ જ ધર્મદેવ સ્વરૂપે અવતર્યા છે' એમ જાણવા લાગ્યા. (૫૬) તે હેતુથી જે દૈવી જીવો હતા તેઓ ગુરુઓનાં લક્ષણે રહિત પોતાના અસુર ગુરુઓનો ત્યાગ કરીને આત્મકલ્યાણને અર્થે ધર્મદેવનો જ આશ્રય કરવા લાગ્યા. (૫૭)

પોતાના અસુર ગુરુઓનો ત્યાગ કરીને ધર્મદેવનો આશ્રય કરવા છતાં તે દૈવી જીવોને પોતાના પૂર્વ ગુરુઓને વિષે જે ગુરુબુદ્ધિ હતી તે નિવૃત્ત થઈ નહિ. કારણ કે દંભથી પ્રાપ્ત કરેલા અનેક પ્રકારના રસાસ્વાદથી તેમનાં શરીર મેદથી ખૂબ જ પુષ્ટ અને બહુ ભારે થયા હોવાથી તેમનામાં ગુરુપણું અર્થાત્ ભારેપણું જેમનું તેમજ હતું. અર્થાત્ ધર્મદેવના સત્સંગથી જેમનાં અંતરમાં વિવેક ઉદય થયો હતો તેવા મુમુક્ષુઓ સારી રીતે સમજતા હતા કે 'આપણા કહેવા માત્ર જૂના ગુરુઓ ફક્ત શરીરથી જ ગુરુ છે, પરંતુ ગુરૂના કલ્યાણકારી લક્ષણરૂપ એકેય ગુણ તેમનામાં જણાતાં નથી.' તે હેતુથી તેમને વિષે ગુરૂત્વ લક્ષણની બુદ્ધિ નષ્ટ થવા છતાં તેમનાં શરીરોનાં ભારરૂપ ગૌરવ અર્થાત્ ગુરુત્વ તો બુદ્ધિમાં સ્થાન પામીને રહેલું જ હતું. (૫૮)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મદેવે શ્રીરામાનંદસ્વામીનો આશ્રય કર્યો' એ નામે સોળમો અધ્યાયઃ (૧૬)*

## અધ્યાય : ૧૭

## ધર્મદેવનો ભક્તિદેવીને ધૈર્યનો ઉપદેશ અને વૃન્દાવનાગમન

**ધર્મભક્તિને અસુરો થકી ઉપદ્રવ :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મદેવ થકી ભાગવતી દીક્ષા પામેલા પુરુષો હિંસા વગેરે આસુરી ક્રિયાનો ત્યાગ કરી વર્ષાઋતુ વીત્યા બાદ શરદઋતુના ચંદ્રમાની શોભા વધે તેમ દેવોની માફક શોભવા લાગ્યા. (૧) અન્ન, ધન, વસ્ત્રાદિ પદાર્થોથી શિષ્ય સમુદાયે ધર્મદેવનું અતિશય સન્માન કર્યું. તે કારણથી ધર્મદેવ મહારાજાની માફક સમૃદ્ધિમાન બન્યા. (૨) ધર્મદેવે પોતાના પુત્ર રામપ્રતાપના યજ્ઞોપવીત સુધીના તમામ સંસ્કારો કર્યા. તેમાં સર્વ જનોને આશ્ચર્ય ઉપજાવે તેવાં દાન દીધાં. (૩) આસુરી સંપત્તિથી મદોન્મત્ત બનેલા તેમજ મનુષ્યરૂપમાં રહેલા

सुरारिनृपसाहाय्यास्तं तदीयांस्तथाऽऽर्दयन् ॥४॥ धर्मस्य जीविकावृत्तिं धनानि शतशश्च गाः । जहुर्यानादि चक्रुश्च बहुधा तेऽपमाननाम् ॥५॥ दारिद्र्यदुःखमतुलं प्राप्तः शत्रुकृतं महत् । धर्म इत्यपचक्रुस्तं ज्ञातयोऽपि समत्सराः ॥६॥ प्राघूर्णिकाश्च बहुशो गृहे तस्य नराधिप ! । आगच्छन्ति स्म गच्छन्ति याचकाश्चान्नकाङ्क्षिणः ॥७॥ प्रक्षीणधनधान्यादिर्हतवृत्तिपरिच्छदः। यथाकथञ्चित्तत्सेवां चक्रे स गृहिसम्मताम् ॥८॥ सहमानं द्विषद्दुःखं धैर्येण महता पतिम् । एकदा प्रेमवत्याह विनीता तमुदारधीः ॥९॥ अहो !! दैवगतिः स्वामिंस्तवापीदृग्दशा यतः । अपकारिण्यपि क्वापि ह्यपकारं न कुर्वतः ॥१०॥ उपद्रवो महान् जातः शात्रवो निर्निमित्तकः । जीविकापि हता यत्र सह सर्वैः परिच्छदैः ॥११॥ आयान्त्यन्नार्थिनो भूयो वर्ततेऽन्नं त्वशेषकम् । वयं क्षुधं विसोढारो वदिष्यामोऽतिथींस्तु किम् ॥१२॥ द्वितीये वा तृतीयेऽह्नि मिलत्यावामिहाशनम् । अन्नं क्वचित्फलं क्वापि शाकपत्रं तु कुत्रचित् ॥१३॥ त्वया धैर्येण तत्सर्वं सह्यते पुरुषेण हि । अधीरायाः स्त्रिया मे तु भृशमुद्विजतेऽन्तरम् ॥१४॥ बिभेमि नाथ ! दारिद्र्यात्सतीधर्मविरोधिनः। यत्सत्त्वेऽन्नादिकामा स्त्री धर्मभ्रष्टा विनश्यति ॥१५॥ अनेकशास्त्रनिष्णातः सर्वज्ञो वर्तते भवान् । अत एतत्कष्टमुक्त्यै साधनं किञ्चिदूह्यताम् ॥१६॥ विपत्कालेऽतिमहति प्राप्तेऽप्यस्मिन्यथा पुरा । स्थितिः स्वस्थतया स्वामिंस्तवाश्चर्यावहास्ति नः ॥१७॥ इति पत्न्या मृदु प्रोक्तः स धर्मः सर्ववित्प्रभुः । प्रीणयंस्तामुवाचेदं क्लिश्यन्तीं बहुधाऽऽपदा ॥१८॥ कल्याणि ! शृणु मद्वाक्यं यद्ब्रुवे शास्त्रसम्मतम् । धैर्येण तीर्यते

અસુરો ધર્મદેવની સંપત્તિ વૃદ્ધિ પામતી જોઈને અસુર રાજાઓની સહાયથી ધર્મદેવ તથા તેમના આશ્રિત જનોને બહુ દુઃખ આપવા લાગ્યા. (૪)

તે અસુરો ધર્મદેવની આજીવિકા, ધન, ધાન્ય, ગાયો અને વાહનોનું હરણ કરી અનેક પ્રકારે અપમાન કરવા લાગ્યા. (૫) અસુરોના ઉપદ્રવથી ધર્મદેવ દરિદ્રતાથી અત્યંત કષ્ટને પામ્યા છે એવું જાણી મત્સરગ્રસ્ત સંબંધીજનો પણ તેમનો તિરસ્કાર કરવા લાગ્યાં. (૬) હે રાજન્ ! ધર્મદેવના ભવનમાં તે અસુરો અતિથિ, અન્નાર્થી અને ભિક્ષુકોના સ્વરૂપે આવજા કરવા લાગ્યા. (૭) ધર્મદેવનાં ગૃહમાં ધનધાન્ય ખૂટી ગયાં. તેમની ક્ષેત્ર-વર્ષાસનાદિરૂપ આજીવિકા વૃત્તિ હરાઈ ગઈ. તથા ગાયો તથા રથાદિ ઉપકરણો અસુરો હરી ગયા છતાં પણ ધર્મદેવ ગૃહસ્થીઓને અનુરૂપ આગંતુકોની સેવા પોતાનો જીવન નિર્વાહ જેમતેમ કરીને પણ કરતા હતા. (૮)

મહાન ધીરજ ધારણ કરી શત્રુના ઉપદ્રવને સહન કરનારા પતિ ધર્મદેવ પ્રત્યે ઉદાર બુદ્ધિવાળાં ભક્તિદેવી એક સમયે વિનયપૂર્વક કહેવા લાગ્યાં. (૯) **ભક્તિદેવી કહે છે** : હે પતિદેવ ! દૈવની ગતિ તો જુઓ ! તે કેવી આશ્ચર્ય ઉપજાવનારી છે. કારણ કે અપકાર કરનાર મનુષ્યો ઉપર પણ ઉપકાર જ કરનાર તમારી પણ સ્થિતિ કેવા દુઃખથી ભરપૂર છે ! (૧૦) શત્રુઓને લીધે આપણને અકારણ કષ્ટ પ્રાપ્ત થયું. આપણી આજીવિકા પણ તેઓ હરી ગયા તથા ઘરની તમામ સામગ્રી પણ કાંઈ રહેવા દીધી નહિ. (૧૧)

હે સ્વામિન્ ! આપણે ત્યાં અન્નાર્થીઓ વારંવાર આવે છે પણ ઘરમાં અનાજ ખલાસ થવા આવ્યું છે. હે નાથ ! આપણે તો ભૂખનું દુઃખ સહન કરીશું પણ અન્નાર્થીઓને શું જવાબ આપીશું ? (૧૨) અને વળી આપણને તો બીજે અથવા ત્રીજે દિવસે ભોજન મળે છે. તેમાં પણ ક્યારેક અન્ન, ક્યારેક માત્ર શાક, ક્યારેક ફળ વગેરે પ્રાપ્ત થાય છે. (૧૩) તમે પુરુષ હોવાથી ધીરજપૂર્વક આ સર્વ કષ્ટને સહન કરી શકો છો પણ હું નારી સહજ સ્વભાવથી ધીરજ ધારી શકતી નથી. તેથી મારા અંતરમાં અતિશય ઉદ્વેગ રહ્યા કરે છે. (૧૪)

હે નાથ ! દરિદ્રતાનું દુઃખ પતિવ્રતાના ધર્મમાં વિરોધી છે. તેનાથી હું અત્યંત ભય પામું છું. દરિદ્રતાના દુઃખને લીધે અન્નાદિકને અર્થે જ્યાં ત્યાં જેની તેની પરિચર્યા કરનારી સ્ત્રી ધર્મભ્રષ્ટ થઈને વિનાશ પામે છે. (૧૫) તમે અનેક શાસ્ત્રોમાં પારંગત છો. તેથી સર્વજ્ઞ અર્થાત્ દુઃખ નિવારણ કરવાના સમગ્ર ઉપાયને જાણનારા છો. તે માટે આ દારુણ દુઃખથી મુક્તિને અર્થે પણ કોઈક ઉપાયનો વિચાર કરો. (૧૬) હે પતિદેવ ! મહાન આપત્કાળ પ્રાપ્ત થવા છતાં આપ પૂર્વની માફક જ સ્વસ્થ વર્તો છો. તે તમારી સ્થિતિ અમોને અતિ આશ્ચર્ય ઉપજાવે તેવી છે ! (૧૭) **સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્! ભક્તિદેવીએ આ પ્રમાણે કોમળ વચનો કહ્યાં તે સાંભળી આપત્કાળથી બહુ કષ્ટ પામેલાં ભક્તિદેવીને પ્રસન્ન કરતા સર્વજ્ઞ ધર્મદેવ કહેવા લાગ્યાં. (૧૮)

नूनमापदब्धिर्मनीषिभिः ॥१९॥ प्रारब्धकर्माधीनोऽस्ति देहो वै सर्वदेहिनः । प्राप्यते यत्सुखं दुःखं तद्धि तस्यानुसारतः ॥२०॥ प्रारब्धोपस्थितं दुःखमस्माभिः प्राप्तमस्ति हि । निमित्तमात्रता तत्र सपत्नादेस्तु कीर्त्यते ॥२१॥ भोगं विना न प्रारब्धं कर्मोपायैः स्वनुष्ठितैः । कस्यापि क्षीयते नूनमिति भद्रेऽस्ति निश्चयः ॥२२॥ दुष्टप्रारब्धजनितं कृच्छ्रं भूरितरं सति ! । देवैर्नृपादिभिः पूर्वैः समर्थैरप्यभुज्यत ॥२३॥ त्रैलोक्यस्याप्यधिपतिः शच्या सह पुरन्दरः । प्राप कष्टं महद्भद्रे ! वृत्राद्यरिकृतं पुरा ॥२४॥ पुण्यश्लोकस्तथा राजा निषधानामधीश्वरः । दमयन्त्या स्त्रिया साकं प्राप भूर्यरिपीडनम् ॥२५॥ वसिष्ठर्षिररुन्धत्या सह ब्रह्मविदां वरः । शात्रवं बहुधा दुःखं विधितुल्योऽपि लब्धवान् ॥२६॥
एवं समर्थैर्बहुभिरपि प्रारब्धलम्भितम् । कष्टं धैर्येणैव सोढमस्माभिः सह्यते तथा ॥२७॥ पत्युरित्थं वचो भक्तिः श्रुत्वा खिन्नान्तरा नृप ! । अपश्यन्ती स्वदुःखान्तं गतधैर्या रुरोद सा ॥२८॥ तां सान्त्वयन् पुनर्धर्मः प्रोवाच मधुरं वचः । खेदं मा कुरु भद्रे ! त्वं कस्याप्यापन्न सर्वदा ॥२९॥ कर्मणो दुर्निवार्यत्वात्प्रारब्धस्य पुनःपुनः । हतोद्यमा अपि प्रायो धीरा नोद्योगमुज्जहुः ॥३०॥ अहं तथैव त्वत्प्रीत्यै साधनं कष्टनाशनम् । यत्किञ्चिदपि कर्तास्मि चिन्तां मनसि मा कृथाः ॥३१॥ इत्याश्वास्य सतीं पत्नीं धर्मोऽरिभयनाशनम् । कमुपायं करोमीति चेतसाऽचिन्तयत्ततः ॥३२॥ शीघ्रसिद्धिप्रदं नृणां हृदि

---

**સ્વાત્મ-દુઃખનું કારણ :-** ધર્મદેવ કહે છે, હે કલ્યાણી ! સર્વ શાસ્ત્ર સંમત મારું વચન તમે સાંભળો. મનુષ્યમાત્ર ધીરજ રૂપી નાવથી આપત્કાળ રૂપી મહાસાગરને અવશ્ય પાર કરી શકે છે. (૧૯) સર્વ જીવ પ્રાણીમાત્રનું શરીર પ્રારબ્ધ કર્મને આધીન છે અને પ્રારબ્ધને અનુસાર જ સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. (૨૦) હે દેવી ! આપણને જે આ દુઃખ થયું છે તે પ્રારબ્ધ કર્મથી જ થયું છે. તેમાં શત્રુઓ વગેરે તો કેવળ નિમિત્તમાત્ર કહેવાય છે. (૨૧) હે સતી ! 'અનેક પ્રકારના ઉપાયોનું અનુષ્ઠાન કરવા છતાં, કોઈ પણ પ્રાણીનું પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નાશ પામતું નથી.' આવો સર્વ શાસ્ત્રનો નિર્ણય છે. (૨૨)

**સહનશીલતાના આદર્શ દ્રષ્ટાંતો :-** હે દેવી ! પૂર્વે સમર્થ દેવતાઓએ અને મહાન રાજાઓએ પણ કઠિન પ્રારબ્ધ કર્મથી ઉત્પન્ન થયેલાં મહાકષ્ટોને અનુભવ્યાં છે. (૨૩) હે કલ્યાણી ! સમગ્ર ત્રિલોકીના અધિપતિ દેવરાજ ઈન્દ્ર તેમજ તેમના પત્ની શચી પણ વૃત્રાસુર વગેરે શત્રુઓએ ઉત્પન્ન કરેલા મહા કષ્ટને પામેલાં છે. (૨૪)

નિષધ દેશના અધિપતિ, ઉજ્જવળ કીર્તિને ધારણ કરનારા નળ રાજા પણ પોતાની પત્ની દમયંતીની સાથે શત્રુ થકી અતિશય કષ્ટને પામ્યા છે. (૨૫) તેમજ બ્રહ્મવિદોમાં અગ્રેસર વસિષ્ઠ મહર્ષિ જે સ્વયં બ્રહ્મા જેવા હતા તે પણ પત્ની અરુન્ધતીદેવીની સાથે શત્રુ ભાવ રાખનાર વિશ્વામિત્રે કરેલા અનેક પ્રકારનાં દુઃખને પામ્યા હતાં. (૨૬)

આ રીતે અનેક દેવ, ઋષિ અને રાજા વગેરે સમર્થ પુરુષોએ પણ પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા કષ્ટને ધીરજથી સહન કર્યું છે. તે જ પ્રમાણે આપણે પણ ધીરજ રાખી સહન કરવું. (૨૭) હે રાજન્ ! આ પ્રકારનાં પતિદેવનાં વચન સાંભળી ભક્તિદેવીના અંતરમાં ખેદ થયો. પોતાનાં દુઃખનો અંત નહિ દેખવાથી તેમની ધીરજ ચાલી ગઈ અને તે રુદન કરવા લાગ્યાં. (૨૮)

હે રાજન્ ! રુદન કરતાં ભક્તિદેવીને સાન્ત્વના આપતા **ધર્મદેવ** ફરી કહેવા લાગ્યા કે, હે કલ્યાણિ ! તમે ખેદ ન પામો. કોઈ પણ માણસને દુઃખ હંમેશાં રહેતું નથી. (૨૯) પ્રારબ્ધ કર્મનો વિનાશ શક્ય નથી તેથી ધીર પુરુષો વારંવાર એ કર્મનો વિનાશ કરવા પ્રયત્ન કરે છે. અને તે પ્રયત્ન નિષ્ફળ જાય છતાં પણ તેઓ ક્યારેય પોતાના પ્રયત્નને છોડતા નથી. (૩૦) તે જ રીતે હું તમારી પ્રસન્નતાને અર્થે સંકટ દૂર થાય તેવો કોઈપણ ઉપાય કરીશ. માટે તમે મનમાં લેશમાત્ર પણ ચિંતા કરશો નહિ. (૩૧)

હે રાજન્ ! પતિવ્રતા પત્નીને આ પ્રમાણે આશ્વાસન આપી ધર્મદેવ 'શત્રુઓનો ભય કયા ઉપાયથી નાશ પામે' તેવો વિચાર કરવા લાગ્યાં. (૩૨) હે રાજન્ ! ધર્મદેવ પોતાના અંતરમાં કોઈક શીઘ્ર સિદ્ધિને આપનાર ઉપાય વિચારતા હતા



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चिन्तयतोऽस्य तम् । स्वताततेनोपदिष्टस्य स्मृतिरासीद्धनूमतः ॥३३॥ हनूमान्कुलदेवोऽस्ति सर्वसङ्कष्टभञ्जनः । स एवाद्याऽऽराध्य इति निश्चिकाय वृषो नृप ! ॥३४॥ क्षेत्रं पुण्यमयोध्याख्यं जपसिद्धिप्रदं द्रुतम् । एत्य तत्र कृतावासस्तदा-राधनमाचरत् ॥३५॥ अज्ञातेहोऽसुरगणैर्हनुमन्मन्दिरेऽन्वहम् । गत्वा सम्पूज्य तन्मन्त्रात्मकं स्तोत्रं पपाठ सः ॥३६॥ नमस्त आञ्जनेयाय वायुपुत्राय धीमते । रामदूताय महते सुग्रीवसचिवाय च ॥३७॥ नमोऽस्तु ते महावीर ! महाबलपराक्रम!। वैरिभीषणरूपाय रावणत्रासदायिने ॥३८॥ नमो हरावताराय शिलावृक्षायुधाय च । रक्षःसैन्यविमर्दाय नमस्तुभ्यं यशस्विने॥३९॥ नमो हनुमते तुभ्यं लङ्कानगरदाहिने । दशग्रीवसुतघ्नाय सीताशोकविनाशिने ॥४०॥ नमोऽस्तु ते महायोगिन्सदा शुद्धान्तरात्मने । सीतारामातिहृद्याय नमस्ते चिरजीविने ॥४१॥ नमः कपीन्द्र ! ते नित्यं सर्वरोगविनाशिने । भूतप्रेतपिशाचादिभयविद्रावणाभिध ! ॥४२॥ नमस्तुभ्यं रामभद्रपुरुप्रेष्ठाय भूयसे । नमोऽतिस्थूलरूपाय सूक्ष्मरूपधराय च ॥४३॥ नमोऽखिलभयघ्नाय निर्भयाय महात्मने । बालार्कद्युतिदेहाय मुष्टिप्रहरणाय च ॥४४॥ नमो लङ्केश्वरोद्यान-भङ्गवित्रासितास्रप ! । रामनामानुरक्ताय लक्ष्मणप्राणदाय ते ॥४५॥ नमस्ते विश्ववन्द्याय विजयाय वरीयसे । भक्तसङ्कष्टसंहर्त्रे धर्मनिष्ठाय जिष्णवे ॥४६॥ नमो नैष्ठिकवर्याय विजनारण्यवासिने । भक्ताभीष्टप्रदात्रे च पाण्डवप्रियकारिणे ॥४७॥ नमो

---

તેવામાં તેમને પોતાના પિતાજીએ વિવાહ સમયે ઉપદેશ કરેલ હનુમાનજીનું સ્મરણ થઈ આવ્યું. (૩૩) હે રાજન્ ! 'સર્વ પ્રકારનાં સંકટને દૂર કરનારા હનુમાનજી અમારા કુળદેવ છે. આવી પરિસ્થિતિમાં તેમનું જ આરાધન કરવું તે જ યોગ્ય છે.' એવો ધર્મદેવે મનમાં નિશ્ચય કર્યો. (૩૪)

તત્કાળ જપની સિદ્ધિ આપનારા પવિત્ર અયોધ્યા તીર્થમાં જઈને ધર્મદેવે નિવાસ કર્યો અને હનુમાનજીની આરાધના કરવા લાગ્યા. (૩૫) અસુરો ન જાણી શકે એ રીતે ધર્મદેવ હનુમાનજીના મંદિર પ્રત્યે જતાં અને ત્યાં તેઓ હનુમાનજીનું પૂજન કરી તેમના ષોડશાક્ષર-મંત્રગર્ભિત સ્તોત્રનો પાઠ કરવા પૂર્વક મંત્રજાપ કરવા લાગ્યા. (૩૬)

હે અંજની અને વાયુદેવના પુત્ર ! તમને હું નમસ્કાર કરું છું. હે શ્રીરામચંદ્ર ભગવાનના મહાબુદ્ધિશાળી દૂત ! તમને નમસ્કાર. હે સુગ્રીવના સચિવ તથા દેવતાઓને પણ પૂજનીય ! તમને નમસ્કાર. (૩૭) હે મહાવીર ! હે મહાબલ! હે પરાક્રમી! તમને નમસ્કાર. તમારી આકૃતિ જોઈને જ શત્રુઓને ત્રાસ ઉત્પન્ન થાય છે. રાવણ જેવા મહાપરાક્રમી અસુરને પણ તમે ત્રાસ આપનારા છો. (૩૮) શંકરના અવતાર સ્વરૂપ તમને નમસ્કાર. પથ્થરની શિલા અને વૃક્ષો રૂપી શસ્ત્રવાળા તમને નમસ્કાર. રાક્ષસોના સૈન્યનું મર્દન કરનારા તમને નમસ્કાર. હે મહાયશસ્વી ! તમને હું નમસ્કાર કરૂં છું. (૩૯)

હે લંકાનગરીને ભસ્મીભૂત કરનાર ! હે હનુમાનજી ! તમને નમસ્કાર. હે રાવણપુત્રને હણનારા ! તમને નમસ્કાર. હે સીતાજીના શોકનો વિનાશ કરનારા ! તમને નમસ્કાર. (૪૦) હે મહાયોગી ! તમને નમસ્કાર. હે સદા પવિત્ર અંતઃકરણવાળા ! તમને નમસ્કાર. માતા જાનકી અને શ્રીરામચંદ્ર પરમાત્માને અત્યંત પ્રિય ! તમને નમસ્કાર. તથા હે ચિરંજીવી ! તમને નમસ્કાર. (૪૧) હે વાનરોમાં શ્રેષ્ઠ ! અને હે સર્વરોગનું શમન કરનારા ! તમને નમસ્કાર. હે ભૂત, પ્રેત, પિશાચ આદિકના ભયને હરનાર મંગળ-નામધારી ! તમને હું નમસ્કાર કરું છું. (૪૨)

હે શ્રીરામચંદ્રને અતિશય પ્રિય ! તમને વારંવાર નમસ્કાર. તેમજ અતિસ્થૂલ અને અતિશય સૂક્ષ્મ રૂપ ધરવામાં સમર્થ તમને નમસ્કાર. (૪૩) હે સમગ્ર ભયને નાશ કરનારા અને સ્વયં નિર્ભય સ્વરૂપ ! આપને મારા નમસ્કાર. અતિશય ઉદાર મનવાળા અને બાલસૂર્યની સમાન તેજસ્વી કાંતિમાન શરીરને ધારણ કરનારા ! તમને નમસ્કાર. હે મુષ્ટિકા રૂપી આયુધને ધરનારા! તમને નમસ્કાર. (૪૪) હે લંકેશ્વરના બગીચાને ઉખેડી રાક્ષસોને ત્રાસ ઉપજાવનારા ! તમને નમસ્કાર. હે રામનામ મંત્રને વિષે અતિશય પ્રીતિ રાખનારા તેમજ સંજીવની ઔષધિ દ્વારા લક્ષ્મણજીના પ્રાણનું રક્ષણ કરનારા ! તમને હું નમસ્કાર કરું છું. (૪૫)

હે જગતને વંદનીય ! તમને હું વંદન કરું છું. સર્વત્ર જય પ્રાપ્ત કરનારા ! તમને હું વંદન કરું છું. સદ્‌ગુણોથી શ્રેષ્ઠ! તથા ભક્તજનોનાં સંકટને હરનારા ! તમને હું વંદન કરું છું. ધર્મમાં નિષ્ઠાવાન અને સર્વત્ર વિજય પ્રાપ્ત કરનારા ! તમને હું વંદન કરું છું. (૪૬) નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ અને નિર્જન વન પ્રદેશમાં નિવાસ કરનારા ! તમને હું વંદન કરું છું. ભક્તજનોના ઈચ્છિત મનોરથોને પરિપૂર્ણ કરનારા તથા પાંડવોનું પ્રિય કરનારા હે હનુમાનજી ! તમને હું વંદન કરું છું.



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

धर्मारिनाशाय विमलाय च भास्वते । नित्यं रामायणकथाश्रवणोत्सुकचेतसे ॥४८॥ नमो धार्मिकसेव्याय ब्रह्मण्याय सुरार्चित ! । तुभ्यं बृहद्व्रतप्रेष्ठ ! सर्वपापापहारिणे ॥४९॥ नमो दारिद्र्यदुःखघ्न ! मारुते ! बन्धखण्डन ! । सुखदाय शरण्याय नमस्ते ऋषिवृत्तये ॥५०॥ नमो वरद ! ते नित्यं रामध्यानाद्यनाकुल ! । सुखाराध्य ! दुराराध्य ! नमस्ते दिव्यरूपिणे ॥५१॥ नमोऽर्कसूनहाराय तुभ्यं मामभयं कुरु। दर्शनं देहि साक्षात्ते नमस्ते सर्वदर्शिने ॥५२॥

इति श्रीहनुमत्स्तोत्रप्रतिश्लोकैकवर्णकम् । स्वाहाफडन्तमजपन्मन्त्रं स तु यथाविधि ॥५३॥ जपान्ते प्रत्यहं स्तोत्रं बद्धाञ्जलिरिदं नृप ! । एककेन पदा तिष्ठन्पुरतस्तस्य सोऽपठत् ॥५४॥ नीतिप्रवीण ! निगमागमशास्त्रबुद्धे ! राजाधिराजरघुनायकमन्त्रिवर्य ! । सिन्दूरचर्चितकलेवर ! नैष्ठिकेन्द्र ! श्रीरामदूत ! हनुमन् ! हर सङ्कटं मे ॥५५॥ सीतापहारजरघूत्तमभूरिकष्टप्रोत्सारणैकक-सहाय ! हतास्त्रपौघ ! । निर्दग्धयातुपतिहाटकराजधाने ! श्री० ॥५६॥ दुर्वार्यरावणविसर्जितशक्तिघातकण्ठासु-लक्ष्मणसुखाहृतजीववल्ले ! । द्रोणाचलानयननन्दितरामपक्ष ! श्री० ॥५७॥ रामागमोक्तितरितारित-

---

(૪૭) ધર્મના શત્રુનો વિનાશ કરનારા, નિર્દોષ અને તેજસ્વી સ્વરૂપ ! આપને હું પ્રેમપૂર્વક વંદન કરું છું. નિરંતર શ્રી રામાયણની ગાથાઓનું શ્રવણ કરવામાં ઉત્સુક મનવાળા ! તમને હું વંદન કરું છું. (૪૮)

હે ધર્મનિષ્ઠ પુરુષોને સેવવા યોગ્ય ! તમને નમસ્કાર. બ્રાહ્મણોનું હિત કરનારા તેમજ દેવતાઓથી પૂજાયેલા ! તમને નમસ્કાર. બ્રહ્મચર્યવ્રતને પ્રિય માનનારા અને સર્વ પ્રકારનાં પાપને હરનારા ! તમને નમસ્કાર. (૪૯) દરિદ્રતાના દુઃખનો વિનાશ કરનારા ! તમને નમસ્કાર. બંધનને તોડનારા હે વાયુનંદન ! તમને નમસ્કાર. ભક્તજનોને સુખ આપનારા તથા શરણાગતોનું રક્ષણ કરનારા ! તમને નમસ્કાર. હે ઋષિઓના જેવી સાત્ત્વિક વૃત્તિને સેવનારા ! તમને હું નમસ્કાર કરું છું. (૫૦)

હે ભક્તજનોને ઈચ્છિત વરદાન આપનારા ! તમને નમસ્કાર. નિરંતર એકાગ્ર ચિત્તથી શ્રીરામચંદ્ર ભગવાનનું ધ્યાન કરનારા ! તમને નમસ્કાર. ધાર્મિક પુરુષો દ્વારા સુખપૂર્વક આરાધ્ય ! તેમજ અધાર્મિક પુરુષોને આરાધના કરવામાં દુષ્કર જણાતા ! આપને નમસ્કાર. તથા હે દિવ્ય સ્વરૂપને ધરનારા! તમને નમસ્કાર. (૫૧) હે આંકડાનાં પુષ્પોની માળાને ધારણ કરનારા ! તમને નમસ્કાર. આરાધન કરનારા ભક્તજનો પર કૃપાદષ્ટિ કરનારા સર્વદર્શી ! તમને હું નમસ્કાર કરું છું. તમે મને નિર્ભય કરો અને તમારા પ્રત્યક્ષ દર્શન આપો. (૫૨)

હે રાજન્ ! આ રીતે ધર્મદેવ (ભક્તોનાં સંકટને નાશ કરવારૂપ શ્રી અર્થાત્ શોભાયુક્ત) શ્રી હનુમાનજીનાં સ્તોત્રનાં દરેક શ્લોકમાં એક એક અક્ષર જેના છે અને 'फट् स्वाहा' પદ જેના અંતમાં છે એવો સોળ અક્ષરરૂપ 'ॐ नमो हनुमते भयभञ्जनाय सुखं कुरु फट् स्वाहा' એ હનુમત્સ્તોત્ર-મંત્રનો શાસ્ત્રવિધિ પ્રમાણે જપ કરવા લાગ્યા. (૫૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પૂર્વોક્ત મંત્રના જપને અંતે હનુમાનજીની આગળ એક પગે ઊભા રહી, બે હાથ જોડી ધર્મદેવ આગળ કહેલા સ્તોત્રનો નિરંતર પાઠ કરવા લાગ્યા. (૫૪)

**नीतिप्रवीणस्तोत्र** :- હે રાજનીતિમાં પ્રવીણ ! હે વેદમાં કુશળ ! હે રાજાધિરાજ શ્રીરામચંદ્ર ભગવાનના મંત્રીવર્ય! હે શરીર પર સિંદૂરનો લેપ કરનારા ! હે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ ! હે શ્રીરામદૂત ! હે હનુમાનજી! તમે મારું સંકટ દૂર કરો. (૫૫) સીતાજીનું અપહરણ થવાથી શ્રીરામચંદ્ર ભગવાનને અત્યંત કષ્ટ ઉત્પન્ન થયું તેનું નિવારણ કરવામાં મુખ્યપણે સહાય કરનારા, રાક્ષસોના સમૂહનો વિનાશ કરનારા તથા રાવણની સુવર્ણનગરીને અગ્નિથી ભસ્મીભૂત કરનારા હે શ્રીરામદૂત હનુમાનજી ! તમે મારું સંકટ દૂર કરો. (૫૬)

શ્રી લક્ષ્મણજીને મારવા દશાનન રાવણે છોડેલ પ્રબળ શક્તિના આઘાતથી શ્રીલક્ષ્મણજીના પ્રાણ કંઠમાં આવી ગયા ત્યારે તેમના સુખને અર્થે સંજીવની ઔષધિને લાવી આપનારા તથા દ્રોણાચલ પર્વતને લાવીને રામપક્ષની સર્વ વાનર સેનાને આનંદિત કરનારા, હે શ્રી રામદૂત હનુમાનજી ! તમે મારું સંકટ દૂર કરો. (૫૭) ભાઈના વિયોગથી દુઃખરૂપી

बन्ध्वयोगदु:खाब्धिमग्नभरतार्पितपारिबर्ह ! । रामाङ्घ्रिपद्ममधुपीभवदन्तरात्मन् ! श्री० ॥५८॥ दान्तात्मकेसरिमहाकपिराट्तदीयभार्याञ्जनीपुरुतपःफलपुत्रभाव ! । तार्क्ष्योपमोचितवपुर्बलतीव्रवेग ! श्री० ॥५९॥ नानाभिचारिकविसृष्टसवीरकृत्याविद्रावणारुणसमीक्षणदुःप्रधर्ष्य ! । रोगघ्नसत्सुतदवित्तदमन्त्रजाप ! श्री० ॥६०॥ यन्नामधेयपदकश्रुतिमात्रतोऽपि ये ब्रह्मराक्षसपिशाचगणाश्च भूताः । ते मारिकाश्च सभयं ह्यपयान्ति स त्वं श्री० ॥६१॥ त्वं भक्तमानससमीप्सितपूर्तिशक्तो रङ्कस्य दुर्मदसपत्नभयार्तिभाजः । इष्टं ममापि परिपूरय पूर्णकाम ! श्री० ॥६२॥ इत्यनेन स तुष्टाव सर्वसङ्कष्टहारिणा । स्तोत्रेण मारुतिं धर्मः प्रत्यहं नियतव्रतः ॥६३॥ फलकन्ददलाहारः शाकमात्राशनः क्वचित् । जलाहारो निराहारः सोऽवर्तत सह स्त्रिया ॥६४॥ तस्मै द्वितीयमासान्ते स्वप्नमागत्य मारुतिः । साक्षात्स्वदर्शनं प्रादात्प्रीतात्मेत्थमुवाच च ॥६५॥ धर्म ! तुभ्यं प्रसन्नोऽस्मि कष्टात्त्वं मोक्ष्यसे द्रुतम् । याहि वृन्दावनं तत्र लब्धा प्राङ्मित्रसङ्गमम् ॥६६॥ सखिभिः सह सङ्गत्य स्वसमानासुरार्दनैः । मरीचिप्रमुखैर्विप्र ! प्राप्स्यसे सुखमीप्सितम् ॥६७॥ इत्युक्त्वान्तर्धिमापेदे मारुतिः सोऽथ हर्षितः । जजागार च तत्स्वाप्नं वृत्तं तथ्यममन्यत ॥६८॥ समाप्य स्वव्रतं प्रातः पुत्रं मातुलवेश्मनि । विन्यस्य भार्यया साकं वनं वृन्दावनं ययौ ॥६९॥ असुरानुगतेर्भीतौ प्रच्छन्नं निर्गतौ गृहात् । असहायावपाथेयौ

---

મહાસાગરમાં ડૂબેલા ભરતજીને 'શ્રી રામચંદ્રજી ભગવાન લંકાપુરીથી પાછા પધારી રહ્યા છે.' આ પ્રકારના વચનરૂપી નૌકામાં બેસાડી, દુઃખના સિંધુમાંથી ઉદ્ધાર કરનારા અને તે હેતુથી પ્રસન્ન થયેલા ભરતજીએ જેમને એક પ્રકારની પહેરામણી અર્પણ કરી છે તેવા, શ્રીરામચંદ્ર ભગવાનના ચરણાવિંદને વિષે જ ભ્રમરની પેઠે ચિત્તને આસક્ત રાખનારા, હે રામદૂત હનુમાનજી ! તમે મારું સમગ્ર સંકટથી રક્ષણ કરો. (૫૮) તપશ્ચર્યાથી દેહ-મનનું દમન કરનારા મહાકપિરાજ કેસરી અને તેમનાં પત્ની અંજની માતાના તીવ્ર તપશ્ચર્યાના ફળથી પુત્રરૂપે પ્રગટ થયેલા તથા ગરૂડ સમાન શરીર સામર્થ્ય અને તીવ્રવેગને ધારણ કરનારા, હે શ્રી રામદૂત હનુમાનજી ! તમે મારા સંકટનું નિવારણ કરો. (૫૯)

અનેક પ્રકારના આભિચારિક પ્રયોગો અર્થાત્ મલિનવિદ્યા અજમાવનાર પુરુષોએ પ્રેરણા કરેલા વીરગણોએ સહિત કૃત્યાઓને પલાયન કરવામાં તમે ભયાનક લાલચોળ નેત્રને ધારણ કરનારા છો. અને તેથી જ કોઈનાથી સામે ન જોઈ શકાય તેવા દુર્ધર્ષ છો. તમારા નામના મંત્રનો જાપ કરવાથી રોગાર્ત મનુષ્ય રોગમાંથી મુક્ત થાય છે. પુત્રાર્થી શુભ પુત્રને પ્રાપ્ત કરે છે તેમજ ધનાર્થી ધનને પામે છે. (૬૦)

તમારા નામના શ્રવણમાત્રથી જ બ્રહ્મરાક્ષસ, પિચાશ, ભૂત, પ્રેત તથા મરકી વગેરે અનિષ્ટ તત્ત્વો તત્કાળ ભય પામીને પલાયન થઈ જાય છે. એવા હે રામચંદ્રના દૂત હનુમાનજી ! તમે મારું સંકટ દૂર કરો. (૬૧) તમે ભક્તજનોના મનોરથ પરિપૂર્ણ કરવા સમર્થ છો. મદોન્મત્ત બનેલા શત્રુઓના ભય થકી હું અત્યંત પીડા પામ્યો છું. તેથી હે પૂર્ણકામ ! હું દીન છું તેથી મારો મનોરથ પણ પરિપૂર્ણ કરો. હે હનુમાનજી ! મારી પીડાને હરો. (૬૨) આ પ્રકારે નિયમપૂર્વક વ્રતને ધારણ કરી ધર્મદેવ સર્વસંકટને હરનારા આ સ્તોત્ર વડે હનુમાનજીની પ્રતિદિન સ્તુતિ કરવા લાગ્યા. (૬૩)

ભક્તિદેવીની સાથે આરાધના કરતા ધર્મદેવે ક્યારેક ફળ, કંદ અને પત્રનો આહાર કર્યો, કયારેક માત્ર શાક જમ્યા, કયારેક જળમાત્રનું પાન કર્યું અને ક્યારેક નિરાહાર રહી ઉપવાસ કર્યાં (૬૪) તેથી પ્રસન્ન થયેલા **હનુમાનજી**એ બે મહિનાને અંતે સ્વપ્નમાં આવીને ધર્મદેવને પોતાનું **પ્રત્યક્ષ દર્શન** આપ્યું અને પ્રસન્ન મનથી આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે ધર્મ ! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમે જલ્દીથી આ કષ્ટમાંથી મુક્ત થાશો. અત્યારે તમે વૃંદાવન તીર્થમાં જાઓ. ત્યાં તમને પૂર્વના તમારા સખા ઋષિઓનો સંયોગ થશે. (૬૫ / ૬૬)

હે વિપ્ર ! જે મરીચ્યાદિ મુનિઓ તે પણ તમારી જેમ જ અસુરો થકી અતિ કષ્ટને પામેલા છે. તેઓના મિલનથી તમે ઈચ્છિત સુખને પ્રાપ્ત કરશો.' (૬૭) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહી હનુમાનજી અંતર્ધાન થયા. તેમના વચનથી ધર્મદેવને અત્યંત હર્ષ થયો ને તુરીય અવસ્થામાંથી જાગ્રત થયા અને સ્વપ્નનાં વૃત્તાંતને સત્ય માન્યું. (૬૮)

**ધર્મદેવનું વૃંદાવનમાં પ્રયાણ** :- પ્રાતઃકાળે પોતાના વ્રતની સમાપ્તિ કરી પુત્ર રામપ્રતાપને તેના મામાને ઘેર મૂકી ભક્તિદેવીની સાથે ધર્મદેવ વૃંદાવન જવા નીકળ્યાં. (૬૯) કોઈ અસુર પાછળ આવશે એવા ભયથી કોઈ ન જાણી શકે એ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चेलतुः सभयं पथि ।।७०।। स्थूलस्यूतजरद्वस्त्रौ कृशाङ्गौ मधुभाषिणौ । पितरौ तौ च जगतां नैमिषारण्यमीयतुः ।।७१।। दशमेऽहनि सम्प्राप्तौ क्षेत्रं तत्तत्र तैर्थिकम् । विधिं विदधतुः शक्त्या दम्पती धैर्यशालिनौ ।।७२।। स्मरन्तौ हृदये कृष्णं वृन्दावनविहारिणम्। अयाचितव्रतौ नित्यं ततो व्रजमुपेयतुः ।।७३।। पुष्पदोलोत्सवं द्रष्टुं व्रजतां सङ्घशो नृणाम् । पथि सङ्गं न चक्राते तद्गतासुरशङ्कया ।।७४।। मासेनैकेन शनकैर्व्रजन् धर्मः सह स्त्रिया । पुण्यं वृन्दावनं प्राप दोलोत्सवदिने नृप ! ।।७५।। देशान्तरीयजनसङ्घसमर्च्यमानं गोवर्धने कुसुमदोलगतं स कृष्णम् । सम्पूज्य वीक्ष्य च तदीयविचित्रशोभां चक्रे प्रदक्षिणममुं विधिनैव धर्मः ।।७६।। इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे भक्तिधर्मयोर्वृन्दावनागमननामा सप्तदशोऽध्यायः ।।१७।।

सुव्रत उवाच - पुष्पदोलोत्सवं द्रष्टुं जनास्तत्र सहस्रशः । देशान्तरेभ्य आयाता आसन्भूप ! सयोषितः ।।१।। शापाद्दुर्वाससो भूमौ ये जाता मुनयो नृषु । भ्रमन्तस्तेऽपि तत्रायन्नसुरैर्बहुधार्दिताः ।।२।। प्राप्ता जातिस्मृतिं कृष्णेच्छया ज्ञातपरस्पराः । जनैरज्ञाततत्त्वाश्च दैवादेकत्र सङ्गताः ।।३।। गिरेः प्रदक्षिणां कुर्वंस्तान् परिक्रामतः पथि । लक्षणैर्बुबुधे

રીતે ઘેરથી ભાતું લીધા વિના જ ચાલી નીકળ્યાં ને માર્ગને વિષે પણ ભય પામતાં પામતાં એકલાં જ ચાલતા હતા. (૭૦) ધર્મદેવ અને ભક્તિદેવીએ જાડાં-સાંધેલાં અને જૂનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. તેમનું શરીર દુર્બળ થયું હતું. તેમજ પરસ્પર મધુર ભાષણ કરતાં હતાં. આ પ્રમાણે જગતના સર્વજનોનું માતપિતાની જેમ હિત કરનારા એવા બંને દંપતી નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યાં. (૭૧)

ધૈર્યગુણથી શોભતા ધર્મ અને ભક્તિદેવીએ દશમે દિવસે **નૈમિષારણ્ય** તીર્થક્ષેત્રને પામીને ત્યાં તીર્થને વિષે યાત્રાળુઓએ કરવા યોગ્ય ઉપવાસાદિક શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પોતાની શક્તિ પ્રમાણે કર્યો. (૭૨) હૃદયકમળને વિષે વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં અને નિરંતર માગ્યા વિના જે કાંઈ મળે તેનાથી દેહ નિર્વાહ કરતાં દંપતી ત્યાંથી વૃંદાવન જવા નીકળ્યાં. (૭૩) માર્ગને વિષે પુષ્પદોલોત્સવનાં દર્શન કરવા જતાં મનુષ્યોના સંઘ-સમુદાયમાં અસુરોના ભયની શંકાથી તેમના સંગનો પણ ત્યાગ કરીને ચાલતાં હતાં. (૭૪) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિદેવીની સાથે ધીરે ધીરે ચાલતા ધર્મદેવ, એક મહિને પુષ્પદોલોત્સવને દિવસે પવિત્ર **વૃંદાવન** તીર્થમાં પહોંચ્યાં. (૭૫)

અહીં દેશદેશાન્તરથી સંઘમાં મળી દર્શનાર્થે આવેલા મનુષ્યોએ ગોવર્ધન પર્વતનું અનુપમ પૂજન કર્યું હતું. અને તે પર્વતને વિષે પુષ્પથી શણગારેલા હિંડોળામાં અર્ચા સ્વરૂપે બિરાજમાન થયેલા શ્રીકૃષ્ણ પરમાત્મા ઝૂલી રહ્યાં હતા. તે શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરી ધર્મદેવે ગોવર્ધન પર્વતની રમણીય શોભાને નિહાળી અને વિધિ પ્રમાણે તે પર્વતની પ્રદક્ષિણા કરી. (૭૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ભક્તિધર્મનું વૃંદાવનમાં આગમન' નામે સત્તરમો અધ્યાય: (૧૭)*

## અધ્યાય : ૧૮

## ધર્મદેવ અને ઋષિઓ દ્વારા શ્રીકૃષ્ણનું આરાધન અને પ્રભુ દર્શનનો આનંદ

**સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્ ! દેશદેશાન્તરથી હજારો નરનારીઓ પુષ્પ દોલોત્સવનાં દર્શન કરવા આવ્યાં હતાં. (૧) દુર્વાસા મહર્ષિના શાપથી પૃથ્વી પર ત્રૈવર્ણિક મનુષ્યોમાં જન્મ ધારણ કરેલા અને અસુરો થકી અતિશય કષ્ટ પામેલા મરીચ્યાદિ મુનિઓ પણ તે અસુરોના ત્રાસથી જ્યાં ત્યાં ભમતા સતા વૃંદાવનમાં આવ્યા. (૨) શ્રીકૃષ્ણ પરમાત્માની ઈચ્છાથી તેઓને પોતાના જન્મહેતુ સહિત મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું. તેમજ પરસ્પર એકબીજાનાં સ્વરૂપનું પણ તેઓને જ્ઞાન થયું. તેથી બીજા સંસારીજનો ઓળખી ન શકે તે રીતે સર્વે મુનિઓ દૈવઈચ્છાથી વૃંદાવનમાં એકજ સ્થળે ભેગા થઈ ગયા. (૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

धर्मस्ते च तं मानुषाकृतिम् ॥४॥ परस्परं मिलित्वा ते स्वस्ववृत्तान्तमादितः । कथयामासुरखिलं कष्टं चासुरयूथजम् ॥५॥ मुनिकृच्छ्रेक्षया धर्मो धर्मकृच्छ्रेक्षया द्विजाः । अव्यथन्ताथ मुनयो धर्मं प्राहुरिदं वचः ॥६॥ रौद्रं रौद्रस्य शापेन कृच्छ्रमाप्तमिहासुरम्। अस्माभिरथ तस्यान्तस्तदुक्तो द्रक्ष्यते कदा ॥७॥ धर्मस्तानाह तद्वाक्यं नान्यथा भविता द्विजाः ! । अतो धैर्येण सोढव्यं कृच्छ्रं कृष्णेक्षणावधि ॥८॥ कार्योऽस्माभिरुपायोऽत्र कृष्णाराधनलक्षणः । येन तुष्टः स्वयं कृष्णः साक्षाद्दद्यात्स्वदर्शनम् ॥९॥

अहं कृष्णाष्टाक्षरस्य पुरश्चर्यां विधानतः । करिष्यामि तदङ्गानि यूयमप्यनुतिष्ठत ॥१०॥ निशम्येत्थं धर्मवचो मुनयस्ते प्रहर्षिताः । एतदेवं हि कर्तव्यमिति व्यवसिता नृप ! ॥११॥ तपस्यस्य द्वितीयायां कृष्णायामथ ते व्यधुः । प्रारम्भं विष्णुयागस्य गुरोर्वारे च हस्तभे ॥१२॥ यजमानस्तत्र पूर्वं समारेभे स्वयं वृषः । कृष्णमन्त्रपुरश्चर्यां यथाशक्ति यथाविधि ॥१३॥ श्रीमद्भागवतं केचित्पुराणं पेठुरादरात् । पुरश्चर्याविधानेन वासरैः सप्तसप्तभिः ॥१४॥ भारते भगवद्गीता याऽस्ति तां केचनापठन् । श्रीवासुदेवमाहात्म्यं पठन्ति स्म च केचन ॥१५॥ विष्णोर्नामसहस्राख्यं स्तोत्रं पेठुश्च केचन । कतिचिद्विष्णुगायत्रीं जपन्ति स्म यथाविधि ॥१६॥ श्रीनारायणवर्मैके पेठुर्विप्रा उदङ्मुखाः । नामस्मरणमात्रं च केचित्कृष्णस्य चक्रिरे ॥१७॥ श्रीमद्भागवतस्थां च रासलीलोपवर्णनाम् । पञ्चाध्यायीं दृढमतिर्नित्यं भक्तिः पपाठ च ॥१८॥ निशि सुप्तेऽखिलजने

ગિરિરાજ ગોવર્ધનની પ્રદક્ષિણા કરતા ધર્મદેવે માર્ગમાં પરિક્રમા કરતા મરીચ્યાદિ મુનિઓને તેમનાં લોકોત્તર લક્ષણોથી ઓળખી લીધા અને એજ રીતે મુનિઓએ પણ મનુષ્યાકૃતિમાં રહેલા ધર્મદેવને ઓળખી લીધા. (૪) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! મુનિઓ અને ધર્મ પરસ્પર હેતપૂર્વક એકબીજાને મળી ભેટી પડયા અને પોતાનું જીવન વૃત્તાંત કહી અસુરોએ અતિ કષ્ટ આપ્યું તે બધી વાત કરવા લાગ્યા. (૫) ધર્મદેવ મુનિઓના દુઃખે દુઃખી થયા; અને મુનિઓ પણ ધર્મના દુઃખે દુઃખી થયા. ત્યારબાદ મરીચ્યાદિ મહર્ષિઓ ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ધર્મદેવ ! રુદ્રના અવતાર સ્વરૂપ દુર્વાસા ઋષિના શાપથી આ જન્મમાં આપણે ભયંકર કષ્ટ પામ્યા છીએ. તમારી પ્રાર્થના સાંભળીને દુર્વાસામુનિએ જ જે દુઃખનો અંત આવવાનો અવધિ સૂચવ્યો હતો એ આપણા દુઃખનો **અંતિમ દિવસ** હવે પછી કયારે દેખીશું ? (૬/૭)

ધર્મદેવ કહે છે, હે મુનિઓ ! દુર્વાસા મહર્ષિનું વચન કયારેય મિથ્યા નહિ થાય. માટે ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન જયાં સુધી આપણને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધીરજ રાખીને આ મહાકષ્ટ આપણે સહન જ કરવાનું છે. (૮) આ પવિત્ર વૃંદાવન તીર્થને વિષે આપણે ભગવાનની આરાધનારૂપ કોઈક એવો ઉપાય કરીએ કે જેથી ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય અને આપણને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપે. (૯)

તે માટે હું ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનું વિધિ પ્રમાણે પુરશ્ચરણ કરીશ. અને તમે સર્વે મુનિઓ પણ પુરશ્ચરણના અંગ રૂપે કંઈક અનુષ્ઠાન કરો. (૧૦) હે રાજન્ ! ધર્મદેવનાં વચન સાંભળી સર્વે મુનિઓ અત્યંત પ્રસન્ન થયાં અને તેમણે કહ્યા પ્રમાણે કરવાનો સહુએ મનમાં દૃઢ સંકલ્પ કર્યો. (૧૧)

**અનેકવિધ આરાધના સભર વિષ્ણુયાગ** :- ત્યારબાદ ધર્મ વગેરે મુનિઓએ ફાગણ વદી બીજ ને ગુરુવારે હસ્ત નામના નક્ષત્રના યોગમાં વિષ્ણુયાગનો પ્રારંભ કર્યો. (૧૨) તેમાં સ્વયં ધર્મદેવે સૌ પ્રથમ યજમાન થઈને શક્તિ અને શાસ્ત્રવિધિ અનુસાર અષ્ટાક્ષર મંત્રના **પુરશ્ચરણ**નો પ્રારંભ કર્યો. (૧૩)

તેના અંગરૂપે કેટલાક મુનિઓ પુરશ્ચરણવિધિ અનુસાર સાત સાત દિવસે સંપૂર્ણ થાય તે રીતે શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરવા લાગ્યા. (૧૪) કેટલાક મુનિઓ મહાભારતને વિષે ભીષ્મ પર્વમાં રહેલી શ્રીમદ્ભગવદ્ગીતાનો પાઠ કરવા લાગ્યા. કેટલાક ઋષિઓ સ્કન્દપુરાણને વિષે રહેલ શ્રીવાસુદેવમાહાત્મ્યનો પાઠ કરવા લાગ્યા. (૧૫) કેટલાક મહર્ષિઓ વિષ્ણુસહસ્રનામ-સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા અને કેટલાક મુનિઓ વિધિ પ્રમાણે વિષ્ણુગાયત્રીના મંત્રનો યથાવિધિ જપ કરવા લાગ્યા. (૧૬) કેટલાક મુનિઓ ઉત્તરદિશા તરફ મુખ રાખી નારાયણકવચનો પાઠ કરવા લાગ્યા અને કેટલાક મુનિઓ માત્ર ભગવાન શ્રીકૃષ્ણના નામમંત્રનું સ્મરણ કરવા લાગ્યાં. (૧૭) હે રાજન્ ! સ્વયં ભક્તિદેવી શ્રીમદ્ભાગવતના દશમ સ્કન્ધને વિષે રહેલી રાસપંચાધ્યાયીનો અચળ મનથી પાઠ કરવા લાગ્યા. (૧૮) રાત્રિને વિષે જ્યારે સમસ્ત



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

गीतगोविन्दगायनम् । वीणामृदङ्गादियुतं सर्वे संहत्य चक्रिरे ॥१९॥ एवं समाराधयतां कृष्णं तेषां यतात्मनाम् । वैशाखस्य सिता प्राप्ता मोहिन्येकादशी नृप ! ॥२०॥ तपःकृशतराङ्गेषु तेष्वापन्नेष्वथ प्रभुः । प्रीतः करुणया कृष्णो ददौ साक्षात्स्वदर्शनम् ॥२१॥ अखण्डरासलीलायां गोलोके यादृशः स्वयम् । तादृशोऽदृश्यत तदा स वृन्दावनचन्द्रमाः ॥२२॥ श्रीकृष्णस्य महापूजां कृत्वा तन्निशि जाग्रतः । ब्राह्मे मुहूर्ते ददृशुः सहसा ते सितं महः ॥२३॥ कोटिकोटीन्दुसूर्याभे सच्चिदानन्दलक्षणे । तस्मिंस्ते ददृशुः कृष्णं सर्वे महसि भूयसि ॥२४॥

नूतनाम्बुधरसुन्दरमूर्तिं तेजसाऽतिमहता सितभासम् । कोटिमन्मथविमोहनरूपं वह्निधौतकनकप्रभवस्त्रम् ॥२५॥
पाणिपद्मयुगलेन च वेणुं सन्निधाय रुचिराधरबिम्बे । वादयन्तमुरुधा स्वरभेदैः शोभनं नटवरोचितवेषम् ॥२६॥
नैकरत्नततिचित्रकिरीटं मीनराजसमकुण्डलशोभम् । स्थूलवृत्तसममौक्तिकमालं चारुगन्धकुसुमोत्तमहारम् ॥२७॥
भालकैसरविशेषककान्तं लम्बमानसुमशेखरराजिम् । हेमरत्नमयभूरिविभूषं पूर्णशारदसुधांशुसमास्यम् ॥२८॥
शारदाभिनवजन्मविनिद्राम्भोरुहच्छदसमायतनेत्रम् । सूक्ष्मवक्रमृदुमेचककेशं दर्शनीयनिखिलावयवाभम् ॥२९॥
भैष्मीराधालक्ष्मणासत्यभामासत्याभद्राजाम्बवत्यादिभिश्च । स्त्रीभिः प्रेम्णा पूज्यमानाङ्घ्रिपद्मं दृष्ट्या तासामाददानं मनांसि ॥३०॥ नन्देन रामेण यशोदया च पत्न्या समं देवककन्ययाऽपि । नन्दासुभद्रासुरभीमुखाभिर्गोभिश्च सस्नेह-

તીર્થવાસી જનો સૂઈ જાય ત્યારે ધર્મદેવ અને સર્વ મુનિઓ સાથે મળીને વીણા, મૃદંગ આદિ વાજિંત્રોના નાદની સાથે જયદેવ કવિએ રચેલા **'ગીતગોવિંદ'** નામના કાવ્યનું સંકીર્તન કરતા હતા. (૧૯)

**શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન :-** હે રાજન્ ! આ પ્રમાણે નિશદિન નિયમિત મનથી શ્રીકૃષ્ણ પરમાત્માની આરાધના કરતાં ધર્માદિકને વૈશાખ શુદિ મોહિની એકાદશીનો દિવસ આવી ગયો. (૨૦) આ દિવસે તપશ્ચર્યાથી અતિ કૃશ શરીરવાળા તે પોતાને શરણે આવેલા ધર્માદિક સર્વ ઉપર કરૂણાથી પ્રસન્ન થઈને ભગવાન શ્રીકૃષ્ણ નારાયણે તેમને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું. (૨૧) તે સમયે ધર્માદિક સર્વને ગોલોક ધામને વિષે અખંડ રાસલીલામાં જેવા વિરાજમાન છે તેવા જ સ્વરૂપે વૃંદાવનને વિષે ચંદ્રમાની પેઠે શીતળતા આપનારા ભગવાન શ્રીકૃષ્ણનાં **દર્શન** થયાં. (૨૨)

**દર્શનદાનનો પ્રકાર :-** એકાદશી નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણની મહાપૂજા કરીને ધર્મદેવ વગેરે મુનિઓ રાત્રિએ જાગરણ કરતા હતા તેવામાં પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં તેમને એકાએક શીતળ શાંત તેજનાં દર્શન થયાં. (૨૩) ધર્માદિ મુનિઓએ તે કોટિ કોટિ સૂર્ય અને ચંદ્રમાની કાંતિ સમાન તેજસ્વી સચ્ચિદાનંદરૂપ મહાતેજને વિષે શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કર્યાં. (૨૪)

ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ નવીન મેઘ સમાન શ્યામસુંદર વર્ણની હોવા છતાં પ્રભુ અતિશય તેજથી શ્વેત જણાતા હતા. ભગવાન કોટિ કોટિ કામદેવને પણ મોહ ઉપજાવે તેવા રૂપાળા હતા. અગ્નિથી તપાવેલા સુવર્ણ સમાન પીતાંબરને ધારણ કર્યું હતું. સુંદર પાકા ઘીલોડાં જેવા લાલ અધરોષ્ઠ ઉપર બંને કરકમળથી વેણુ રાખીને તેને બહુ પ્રકારના સ્વરભેદથી વજાડતા હતા. નટવરના જેવો સુંદર વેષ ધારણ કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણના મસ્તક ઉપર રત્નજડિત સુવર્ણનો મુગટ શોભતો હતો. કાનમાં મકરાકાર કુંડળ અને કંઠને વિષે એક સરખા વર્તુલાકાર મોટા મોતીઓની માળા તથા સુગંધી પુષ્પોની ઉત્તમ માળાઓ ધારણ કરી હતી. મનોહર ભાલ કેસરચંદનના તિલકથી અતિશય શોભતું હતું. લટકતા પુષ્પના તોરાઓની પંક્તિથી સ્વયં અતિશય શોભતા હતા. રત્નજડિત સુવર્ણનાં આભૂષણો ધારણ કર્યાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણનું મુખારવિંદ સોળે કળાએ ખીલેલા શરદઋતુના ચંદ્રમા સરખું શોભતું હતું. વિશાળ નેત્રો શરદઋતુમાં વિકસેલા નવીન કમળનાં કોમળ પત્ર સમાન શોભતા હતા. માથે ઝીણા, વાંકડિયા, કોમળ અને કાળા કેશ શોભતાં હતાં. દર્શનીય સમગ્ર શરીરના અવયવોથી શોભી રહ્યા હતા. રુક્ષ્મણી, રાધા, લક્ષ્મણા, સત્યભામા, સત્યા, ભદ્રા અને જાંબવતી વગેરે દિવ્ય-પટરાણીઓ તેમનાં ચરણકમળનું સેવન પૂજન કરી રહી હતી. તથા ભગવાન પણ દૃષ્ટિમાત્રથી તેમનાં મનને હરી લેતા હતા. ( ૨૫ થી ૩૦)

નંદ, યશોદા, વસુદેવ, દેવકી, બલરામ, સુભદ્રા વગેરે પરિવારજનો તથા નંદા, સુભદ્રા, સુરભિ વગેરે ગાયો સ્નેહપૂર્વક તેમના સ્વરૂપનું દર્શન કરી રહ્યાં હતાં. હાથમાં અનેક પ્રકારનાં શૃંગારિક દ્રવ્યો લઈ ગોપાંગનાઓના સમૂહો



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**मुदीक्ष्यमाणम् ॥३१॥ शृङ्गारिकद्रव्यकरैरनेकैर्गोपाङ्गनानामभितश्च यूथैः । प्रीत्येक्ष्यमाणाननपद्मराजन्मितस्मितानन्दित-भक्तलोकम् ॥३२॥ तं दृष्ट्वा परमानन्दं पाप्तास्ते तु सविस्मयम् । प्रणम्य दण्डवद्भूमौ बद्धाञ्जलिपुटाः स्थिताः ॥३३॥ मूर्तौ भगवतस्तेषामिन्द्रियाणां तु वृत्तयः । कृष्टास्तस्थुस्ततो जातास्ते काष्ठप्रतिमा इव ॥३४॥ कृष्णेच्छयेत्थं तु मुहूर्तमेव ते तस्थुस्तयैवाथ पुनर्वपुःस्मृतिम् । प्रापुस्ततस्तस्य पुरः स्थितो वृषस्तुष्टाव साकं मुनिभिस्तमीश्वरम् ॥३५॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे विष्णुयागाराधितश्रीकृष्णदर्शनानन्दनिरूपणनामाऽष्टादशोऽध्यायः ॥१८॥

धर्म उवाच - **भगवंस्तव दर्शनं नृणामखिलाघौघविनाशनक्षमम् । प्रतिलब्धमिहाद्य चापदामखिलानामपि वारणं लघु ॥१॥ त्वमसि प्रभविष्णुरीशिता जगतामादिरनादिबन्धहृत् । क्षरतोऽक्षरतस्तथा परो ननु कर्ता पुरुषोत्तमः प्रभो ! ॥२॥ तव धाम मतं परात्परं बृहदेवाक्षरमव्ययं सदा । अतितेजसि तत्र राजसे सकलैश्वर्यपुरोगशक्तिभिः ॥३॥ समकारण ! वासुदेवमुख्यप्रथितव्यूहवपुर्धरस्त्वमेव । सकलैरपि सात्त्वतैरभिज्ञैर्विधिना तन्त्रमयेन पूज्यसे वै ॥४॥ जगतो जननं च पालनं हरणं चापि करोषि हीश्वरः । विधिविष्णुहराकृतीर्दधन्निगमादिप्रतिपादितश्रवाः ॥५॥ तनुतां भुवि धर्मवर्त्मनि पृथुलाधर्मपथैरुपागते । अवितुं तदिह प्रजायसे बहुधा साधुसुरांश्च भूतले ॥६॥ तिभिरूपधृता समाहृता निगमाः प्राग्भवतादिदैत्यतः । कमठाकृतिना तथा दधे निजपृष्ठे ननु मन्दराचलः ॥७॥ क्षितिरुन्निदधेऽग्रदंष्ट्रया भवता**

---

પ્રેમથી તેમના મુખારવિંદનું દર્શન કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ પણ મંદમંદ હાસ્યથી સમગ્ર ભક્ત સમુદાયને આનંદિત કરી રહ્યા હતા. શ્રીકૃષ્ણપરમાત્માનાં દર્શન કરી પરમ આનંદ અને આશ્ચર્ય પામેલા ધર્મદેવ વગેરે મુનિઓ તેમને દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી સામે ઊભા રહ્યા. (૩૧ થી ૩૩) ધર્મદેવ આદિ મુનિઓની ઈન્દ્રિયોની વૃત્તિઓનું ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિમાં આકર્ષણ થવાથી તેમનાં સ્વરૂપમાં તલ્લીન બની ગઈ, તેથી જાણે કાષ્ઠ-પ્રતિમા હોય તેમ તેઓ સ્થિર બની ઊભા જ રહ્યા. (૩૪)

ધર્મ વગેરે મુનિઓ શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છાથી એક મુહૂર્ત પર્યંત સ્થિર ઊભા રહ્યા. ત્યાર બાદ તેમની જ ઈચ્છાથી દેહની સ્મૃતિ પ્રાપ્ત થઈ અને ભગવાન શ્રીકૃષ્ણની આગળ ઊભા રહેલા ધર્મદેવ મુનિઓની સાથે સર્વેશ્વર શ્રીકૃષ્ણપરમાત્માની **સ્તુતિ** કરવા લાગ્યા. (૩૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'વિષ્ણુયાગારાધિત શ્રીકૃષ્ણ દર્શનાનંદનિરૂપણ' નામે અઢારમો અધ્યાયઃ (૧૮)*

## અધ્યાય : ૧૯

## ધર્મદેવ અને મરીચ્યાદિ મુનિઓએ કરેલી ભગવાનની સ્તુતિ

ધર્મદેવ ઋષિઓની સાથે ભગવાનની સ્તુતિ કરતા કહે છે, હે ભગવન્ ! જે આપનું દર્શન મનુષ્યનાં સર્વ પ્રકારના પાપના સમૂહને નાશ કરવા સમર્થ અને સર્વ પ્રકારનાં સંકટને તત્કાળ નિવારનાર છે તે આપનું દિવ્ય દર્શન આજે અમને પ્રાપ્ત થયું છે. (૧) હે પ્રભો ! પોતાના આશ્રિત વર્ગનું રક્ષણ કરવા આપ સમર્થ છો. જગતના નિયંતા છો. જીવોના અનાદિ અવિદ્યારૂપ બંધનને તોડનારા છો. ક્ષર અને અક્ષરથી પર છો. સમસ્ત વિશ્વના કર્તા અને પુરુષોત્તમ છો. (૨)

તમારું ધામ બ્રહ્માદિ દેવોનાં સ્થાનો કરતાં પણ સર્વોત્તમ, અધોઊર્ધ્વ પ્રમાણે રહિત, અખંડ અને અવિનાશી છે. અતિશય તેજોમય ધામને વિષે સમગ્ર ઐશ્વર્ય અને શક્તિએ સહિત આપ બિરાજો છો. (૩) સમવિષમ સૃષ્ટિની રચના કરવા છતાં સમવિષમ ભાવોથી પર હે ભગવન્ ! તમે જ વાસુદેવાદિ ચતુર્વ્યૂહને ધારણ કરનારા છો. આપનો મહિમા જાણનારા એકાંતિક ભક્તજનો પંચરાત્ર શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા પૂજાના ક્રમથી વિધિ પ્રમાણે તમારું પૂજન કરે છે. (૪)

સમગ્ર વેદાદિ સત્શાસ્ત્રો તમારી વિશુદ્ધ કીર્તિનું ગાન કરે છે. તેમજ કાળ માયાના નિયંતા તમે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપે જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કરનારા છો. (૫) પૃથ્વી ઉપર ચારે તરફ ફેલાયેલા અધર્મથી ધર્મ માર્ગ ક્ષીણ બને છે ત્યારે આ ધરતી ઉપર સાધુ, સજ્જનો અને દેવતાઓનું રક્ષણ કરવા તમે અનેક અવતારો ધારણ કરો છો. (૬) હે ભગવન્ ! પૂર્વે મત્સ્યાવતાર ધારણ કરી તમે હયગ્રીવ અસુર પાસેથી વેદો પાછા લાવ્યા. તથા સમુદ્ર મંથન વખતે કૂર્માવતાર ધારણ કરી તમે મંદરાચળ પર્વતને પીઠ પર ધારણ કર્યો હતો. (૭)

सूकररूपिणाम्बुधेः । नरसिंहवपुर्धृता तथा निहतो दैत्यपतिर्जितान्तकः ॥८॥ छलितश्च बलिस्त्वया हरे ! वपुषा वामनकेन कौतुकात् । धरणीं व्यधितानृपान्वयां जमदग्नेस्तनयो भवान् भवन् ॥९॥ हतवानसि राघवः पुरा बलिनं कौणपयूथपाधिपम्। जनरावणमीश ! रावणं विहिताम्भोनिधिसेतुबन्धनः ॥१०॥ मधोः पुरि प्राग्वसुदेवदेवकीसुतत्वमेत्य व्रजमागतोऽस्यथ । गोगोपगोपीव्रजभूरिदुर्व्यथां हरन्व्यहार्षीर्यमुनातटेऽत्र च ॥११॥ निहत्य कंसप्रहितानेकान् दैत्यांश्च गोपीजनवल्लभस्त्वम् । गत्वा पुनर्जन्मभुवं जघन्थ साधुद्रुहं मातुलमौग्रसेनिम् ॥१२॥ द्वारावतीमेत्य रमामुखाः स्त्रीरुदूह्य चाविष्कृतभूरिरूपः । भूभारभूतानसुरान् वृषद्रुहो हत्वाऽऽद्यधर्मं प्रथयाञ्चकर्थ ॥१३॥ नरेण साकं च गजाह्वयादौ क्रीडन् निजप्रेष्ठतमेन भूमन् ! । पाण्डोः सुतानामपि सप्रियाणां चकर्थ नाथ ! प्रियमीश्वरस्त्वम् ॥१४॥ कृतवानसि दैत्यमोहनं ननु बुद्धोऽथ विधास्यते त्वया । हननं च दुरात्मनां कलेरवसाने भुवि कल्किना प्रभो ! ॥१५॥ त्वया ह्रियन्ते निजसेवकानामापद्गणा नाथ ! मुहुर्धरायाम् । ब्रह्मण्यदेवोऽसि सदा स्वतन्त्रः कारुण्यमस्मासु विधेह्यतोऽद्य ॥१६॥ सुव्रत उवाच - इति संस्तूय मुनिभिः सह श्रीपुरुषोत्तमम् । देवशर्माऽभवत्तूष्णीमानन्दाश्रुप्लुतेक्षणः ॥१७॥ अथ कृष्णं तमालोक्य प्रत्यक्षं दिव्यविग्रहम् । बद्धाञ्जलिपुटा भक्तिः प्रणनाम मुदा प्रभुम् ॥१८॥ स्मरन्ती भक्तवश्यत्वं तस्य वृन्दावने प्रभोः । गिरा

---

વરાહ સ્વરૂપને ધારણ કરી તમે દાઢના અગ્રભાગથી પ્રલયકાલીન સમુદ્રમાં રહેલી ધરતીને ઊંચકીને પાણી ઉપર સ્થાપન કરી. તેમજ નૃસિંહ અવતાર ધારણ કરી તમે મૃત્યુ પર વિજય મેળવનાર હિરણ્યકશિપુનો સંહાર કર્યો. (૮) હે હરિ! વામનસ્વરૂપે તમે કપટથી બલિને છેતર્યો. જમદગ્નિ ઋષિને ત્યાં પરશુરામ સ્વરૂપે પ્રગટ થઈ પૃથ્વીને એકવીશ વખત ક્ષત્રિય વગરની કરી. (૯)

હે સર્વ નિયંતા ! પૂર્વે ત્રેતાયુગમાં તમે રામચંદ્ર સ્વરૂપે અવતાર ધારણ કરી સમુદ્રમાં સેતુ બાંધ્યો અને સમસ્ત વિશ્વને રડાવનાર એવો જે રાક્ષસકુળનો અધિપતિ મહાબળવાન રાવણ તેનો પણ સંહાર કર્યો હતો. (૧૦)

પૂર્વે મથુરા નગરીમાં વસુદેવ અને દેવકીને ત્યાં પુત્રસ્વરૂપે પ્રગટ થઈ વ્રજમાં પધાર્યા. આપને વિષે અનન્ય સ્નેહવાળાં ગાયો, ગોવાળો અને ગોપીઓના અનેક સંકટોનું નિવારણ કરી તેમને આનંદ આપ્યો તથા અહીં યમુનાતટની રેતીમાં રમણ કરતાં થકાં અનેક લીલાઓ કરી છે. (૧૧) હે ગોપીજનવલ્લભ ! તમે કંસે મોકલેલા પૂતનાદિ અસુરોનો સંહાર કરી મથુરા પધાર્યા અને સાધુસજ્જનોનો દ્રોહ કરનાર મામા કંસનો વધ કર્યો. (૧૨)

તથા દ્વારિકા નગરીમાં પધારી તમે અનેક દિવ્ય સ્વરૂપને ધારણ કરી રુક્મિણી આદિ સ્ત્રીઓની સાથે લગ્ન કર્યા. અને ધર્મનો દ્રોહ કરનાર તેમજ પૃથ્વીના ભારરૂપ અસુરોનો વિનાશ કરી સનાતન ધર્મનું સ્થાપન કર્યું. (૧૩) હે અનંત ! હે નાથ! તમે પોતાને અત્યંત વહાલા એવા નરના અવતાર રૂપ અર્જુનની સાથે હસ્તિનાપુરમાં અનેક લીલાઓ કરી તથા દ્રૌપદીએ સહિત પાંડવોનું તમે પ્રિય કર્યું હતું. (૧૪)

હે પ્રભુ ! બુદ્ધાવતાર ધારણ કરી તમે દૈત્યોને મોહ ઉપજાવ્યો. તથા કલિયુગને અંતે તમે કલ્કિ અવતારને ધારણ કરી પૃથ્વી પર રહેલા દુષ્ટ મનુષ્યોનો વિનાશ કરશો. (૧૫) હે નાથ ! તમે બ્રાહ્મણોનું હિત કરનારા છો. સર્વકાળે સ્વતંત્ર છો માટે પૃથ્વી ઉપર પોતાના શરણાગત સેવકોની આપત્તિનાં સમૂહને વારંવાર હરનારા છો. હે ભગવન્ ! તમે હાલમાં અમારા ઉપર અનુગ્રહ કરો. (૧૬)

**સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્ ! શ્રીકૃષ્ણ પરમાત્માના દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદને લીધે અશ્રુપૂર્ણ નેત્રવાળા ધર્મદેવ મુનિઓની સાથે પરમાત્માનું સ્તવન કરીને મૌન થયા. (૧૭) ત્યાર બાદ દિવ્યમંગલ વિગ્રહને ધરનારા શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કરી હર્ષ પામેલાં ભક્તિ દેવીએ બે હાથ જોડી પ્રભુને પ્રણામ કર્યા. (૧૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

गद्गदयाऽस्तौषीद्धृष्टरोमाऽश्रुपूर्णदृक् ॥१९॥ भक्तिरुवाच - आनन्दमानन्दकरं दयालुं वन्दारुमन्दारपदारविन्दम् । तं नन्दगोपस्य च नन्दनं त्वां वन्दे सदानन्दितभक्तवृन्दम् ॥२०॥ मुकुन्दमानन्दनिधिं वदन्तं नन्दालये काकलिकाममन्दम् । हैयङ्गवीनं गम्याम्ब ! मेति वन्दे यशोदाङ्कगतं बृहत्त्वाम् ॥२१॥ उलूखले यो नवनीतचौर्ये यशोदया कोपितया बबन्धे । दरत्रपानम्रमुखोऽश्रुनेत्रस्तं त्वां भजे भीतदृगीक्षिताम्बम् ॥२२॥ यः स्तोभितोऽगायत गोपिकाभिर्ननर्त भूयो बिभराम्बभूव । उन्मानकं पीठकपादुके तं वन्दे क्षिपन्तं च भुजौ तदग्रे ॥२३॥ गोपालबालैः कृतखेलनाय गोवत्ससञ्चारणतत्पराय । वंशीरवानन्दितगोकुलाय नमोऽस्तु ते नर्तितमर्कटाय ॥२४॥ वृन्दावने गोधनचारणाय गोवर्धनेनावितगोकुलाय । कृष्णाय गोपीजनवल्लभाय नमोऽस्तु राधारमणाय तुभ्यम् ॥२५॥ स्वेक्षोद्धृतानेकचराचराय जिघांसुदैतेयविमुक्तिदाय । अघौघसद्यःक्षयकारिनाम्ने तुभ्यं नमः स्कन्धविलम्बिदाम्ने ॥२६॥ वृन्दावने पूर्णशशाङ्करम्ये निशासु सर्वास्वपि शारदीषु । योऽरीरमद्गोपवधूरनेकास्तावद्वपुस्तं प्रणमाम्यहं त्वाम् ॥२७॥ ब्रह्मेशेन्द्रशशाङ्कगीष्पतिमुखब्रह्मर्षिजेतृत्वतः कामं वाममखर्वगर्वनिभृतं रासोत्सवे सङ्गतम् । क्रीडां वल्लववल्लभाभिरभितः शृङ्गारशास्त्रोदितां कुर्वन्नेव जिगेथ नाथ ! शरणं प्राप्ताऽस्मि तं त्वामहम् ॥२८॥ सुव्रत उवाच - इति स्तुत्वा च तं नत्वा व्यरमत्प्रेमवत्यपि । तानाह भगवान्

**ભક્તિદેવીએ કરેલું પ્રભુનું સ્તવન :-** વૃંદાવનને વિષે ભગવાન શ્રીકૃષ્ણના ભક્તાધીનપણાના ગુણનું સ્મરણ કરતાં ભક્તિદેવીની આંખોમાં અશ્રુઓ વહેવા લાગ્યાં અને ગાત્રો પુલકિત બન્યાં. તેમજ ગદ્ગદ કંઠે પરમાત્માનું સ્તવન કરવા લાગ્યાં. (૧૯) હે ભગવન્ ! આપનું સ્વરૂપ આનંદમય છે. તેમજ આપ ભક્તજનોને પણ આનંદ આપનારા છો. દયાના સિંધુ છો. કલ્પવૃક્ષની સમાન આપનાં શ્રીચરણારવિંદ વંદન કરનારા ભક્તજનોના મનોરથોને પરિપૂર્ણ કરનારા છે. સદા ભક્તજનોના સમુદાયને આનંદ પમાડનારા, હે નંદ નંદન! તમારા ચરણોમાં હું વંદન કરું છું. (૨૦)

હે ભકતજનોને મુક્તિ આપનારા મુકુંદ ! શ્રુતિઓ આપને આનંદનિધિ બ્રહ્મ કહે છે. છતાં ભક્તજનો ઉપર વાત્સલ્ય ભાવથી નંદભવનમાં યશોદાજીના ખોળામાં બેસી અસ્પષ્ટ મધુર વાણીથી હે મા ! મને માખણ આપો'. એ પ્રમાણે યાચના કરનારા છો. તમારાં ચરણોમાં હું નમસ્કાર કરું છું. (૨૧) તમે માખણની ચોરી કરી તે નિમિત્તે કોપાવિષ્ટ માતા યશોદાએ તમને ખાંડણિયા સાથે બાંધ્યા અને તે સમયે ભય અને લજ્જાથી નીચું મુખ કરી અશ્રુઓ ભર્યાં ભયભીત થયેલાં નેત્રોથી માતા યશોદાની સામે જોઈ રહેલા આપને હું મન કર્મ અને વચનથી ભજું છું. (૨૨)

ગોપીઓ દ્વારા હાથની તાળીથી પ્રોત્સાહિત થઈ સુંદર ગાન તેમજ વારંવાર નાચ કરનારા તમે ખૂબજ શોભતા હતા; અને 'હે કૃષ્ણ ! અમને આ દાણ આપવાનું માણું, આ બાજોઠ તેમજ આ પાદુકા લાવી આપો' એમ ગોપીઓ આદેશ કરે ત્યારે તે તે વસ્તુઓ લાવવા માટે જાણે અસમર્થ હોય તેમ તમે હાથ ઊંચાનીચા કરો છો, આ પ્રકારની દિવ્ય બાળલીલા કરતા આપને હું વંદન કરું છું. (૨૩) ગોપ બાળકોની સાથે ખેલકૂદ કરનારા તમને હું નમસ્કાર કરું છું. ગાયો તથા વાછરડાંઓને ચરાવવામાં તત્પર આપને હું વંદન કરું છું. બંસીના નાદથી સમસ્ત ગોકુળને આનંદિત કરનારા તેમજ વાનરોને (દહીં વગેરે ખવડાવીને) નાચકૂદ કરાવનારા તમને હું વંદન કરું છું. (૨૪)

વૃંદાવનને વિષે ગૌધન ચારનારા, ટચલી આંગળી પર ગોવર્ધન ધારણ કરીને ગોકુળનું રક્ષણ કરનારા, તમે ગોપાંગનાઓને અતિશય પ્રિય અને શ્રીરાધાને આનંદ ઉપજાવનારા તથા ભક્તજનોનાં ચિત્તનું આકર્ષણ કરનારા છો. તમારાં ચરણમાં હું નમસ્કાર કરું છું. (૨૫) પોતાની દૃષ્ટિથી અનેક ચરાચર જીવોનો ઉદ્ધાર કરનારા તથા મારવા આવતા દૈત્યોને મુક્તિ આપનારા તમને હું નમસ્કાર કરું છું. પાપના સમુદાયનો તત્કાળ વિનાશ કરનાર નામને ધારણ કરનારા, અને ખભા ઉપર ગાયોને બાંધવાનું દામણું (દોરડી)ને ધારણ કરનાર હે દામોદર ! તમને હું નમસ્કાર કરું છું. (૨૬)

પૂર્ણિમાના ચંદ્રથી રમણીય વૃંદાવનમાં અને શરદઋતુની સર્વ રાત્રિમાં જેટલી ગોપાંગનાઓ હતી તેટલાં જ અનેક સ્વરૂપો ધારણ કરી તેમની સાથે રાસલીલા કરનારા ! તમને હું પ્રણામ કરું છું. (૨૭) બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, ચંદ્ર, બૃહસ્પતિ વગેરે બ્રહ્મર્ષિઓને જીતવાથી ગર્વિષ્ઠ બનેલા, રાસોત્સવમાં આવેલા તેમજ વક્રદૃષ્ટિથી જોનારા કામદેવનો ગોપાંગનાઓથી ચારે તરફ વીંટળાઈને શૃંગાર શાસ્ત્રમાં બતાવેલ ક્રીડા કરી પરાજય કરનારા ! તમારે શરણે હું આવી છું. (૨૮) **સુવ્રત**

भक्तास्तुष्टान्मद्वृणुतेप्सितम् ॥२९॥ धर्मस्तमूचे भगवन्नसुरैर्मनुजच्छलैः । उपद्रुता भृशं सर्वे वयं त्वां शरणं गताः ॥३०॥ तेभ्यस्तत्कृतदारिद्र्याद्भीतानस्मांस्त्वमेव हि । पातुमेकः समर्थोऽसि ततः पालय केशव ! ॥३१॥ इति ब्रुवन्तं श्रीकृष्णो बद्धाञ्जलिपुटं वृषम् । उवाच धर्म ! मा भैष्ट यूयं दुष्टासुरौघतः ॥३२॥ असुराः सर्व एवैते सन्ति युष्मत्प्रपीडकाः । मयि पूर्वं बद्धवैरा मत्पराभवकामुकाः ॥३३॥ युष्मान्मदीयान्विज्ञाय पीडयन्ति विशेषतः । उपद्रवन्ति देवांश्च सुरामांसनिवेदनैः ॥३४॥ भारभूता भुवो ह्येते मदन्येन तु केनचित् । न विनाशयितुं शक्या दम्भच्छादितदुष्क्रियाः ॥३५॥
अतोऽहमेव पुत्रत्वं दम्पत्योर्युवयोर्वृष ! । प्राप्य तन्निग्रहं सम्यक्करिष्यामि न संशयः ॥३६॥ साकं भवद्भिर्मुनिना शप्तोऽस्मि बदरीवने । दुर्वाससाहमपि तद्भविष्यामि नराकृतिः ॥३७॥ सपत्नीकस्य ते तेभ्यो मुनीनां चामृतान्धसाम् । कर्तास्मि रक्षणं भद्र ! हरिनाम्नाऽत्र विश्रुतः ॥३८॥ एतैः साकं यथा भक्तैर्विहराम्यत्र सर्वदा । तथैव सह युष्माभी रंस्ये सोऽहं चरन् भुवि ॥३९॥ नाशमेष्यति दारिद्र्यमद्यारभ्य तवानघ !। धनधान्यादिसम्पच्च भाव्या ते पूर्वतोऽधिका ॥४०॥ शापाद्दुर्वाससो युष्मान्मोचयिष्यामि च द्रुतम् । धर्ममेकान्तिकं क्षीणं प्रथयिष्यामि सर्वथा ॥४१॥ मन्मन्त्रस्य जपं येऽत्र करिष्यन्ति भवानिव । पाठं च श्रीभागवतपुराणादेर्विधानतः ॥४२॥ तेषां मनोरथः सर्वः सिद्धिं प्राप्स्यति निश्चितः । देहान्ते धाम परमं मम प्राप्स्यन्ति ते ध्रुवम् ॥४३॥ श्वेतद्वीपे च वैकुण्ठे गोलोके धाम्नि ये मम । ऐश्वर्यभोगास्तान्सर्वान्प्राप्स्यन्त्येव हि ते ध्रुवान् ॥४४॥ इति वृषमभिधाय सर्षिवृन्दं कृतकरुणोऽत्र तिरोदधे स कृष्णः । प्रमुदित ऋषिभिः सहाथ धर्मो व्रतविधिमाशु

---

**મુનિ કહે છે,** હે રાજન્ ! આ પ્રકારે સ્તુતિ કરી પરમાત્માને નમસ્કાર કરી પ્રેમવતી વિરામ પામ્યાં. ત્યારબાદ ભગવાન ધર્માદિ ઋષિઓ પ્રત્યે કહેવા લાગ્યા : હે ભક્તજનો ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમો મારા થકી ઈચ્છિત વરદાન માગો. (૨૯)

તે સમયે **ધર્મદેવ** કહેવા લાગ્યા : હે ભગવન્ ! મનુષ્યરૂપે રહેલા અસુરો થકી અમે અત્યંત કષ્ટ પામેલા છીએ. તેથી અમો સર્વે તેનાથી રક્ષણ માટે તમારે શરણે આવ્યા છીએ. (૩૦) હે કેશવ ! તે અસુરો થકી અને તેમણે આપેલા દારિદ્રયના કષ્ટ થકી ભય પામેલા અમારું તમે જ રક્ષણ કરવા સમર્થ છો. માટે અમારી રક્ષા કરો. (૩૧)

**ભગવાન શ્રીકૃષ્ણે ધર્મદેવને આપેલું આશ્વાસન :-** આ પ્રમાણે બે હાથ જોડીને બોલતા ધર્મદેવ પ્રત્યે ભગવાન કહેવા લાગ્યા : હે ધર્મ ! દુષ્ટ અસુરોના સમુદાયથી તમે ભય ન પામો. (૩૨) પૂર્વે મારી ઉપર વેર રાખી અને મારો પરાભવ કરવાની ઈચ્છાવાળા સર્વે અસુરો જ તમને દુઃખ દેનારા છે. (૩૩) તમને સર્વને મારા જાણી વિશેષપણે દુઃખ આપે છે તથા સુરા અને માંસનાં નિવેદનથી દેવતાઓને પણ પીડા કરે છે. (૩૪) હે ધર્મ ! દંભાચારથી દુરાચારને ઢાંકનારા આ અસુરો પૃથ્વીના ભારરૂપ છે. અને મારા વિના બીજા કોઈથી પણ તેમનો વિનાશ શક્ય નથી. (૩૫) હે ધર્મ ! તે કારણથી હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ અને બધા અસુરોનો સર્વપ્રકારે **નિગ્રહ** કરીશ. તેમાં કોઈ જાતનો સંશય નથી. (૩૬)

તમારી સાથે મને પણ બદરિકાશ્રમને વિષે દુર્વાસાનો શાપ થયો છે. તેથી હું પણ મનુષ્યરૂપે અવતરીશ. (૩૭) હે કલ્યાણમૂર્તિ ધર્મ ! હું પૃથ્વીમાં 'હરિ' નામથી વિખ્યાત થઈશ અને ભક્તિદેવીએ સહિત તમારું, મુનિઓનું અને દેવતાઓનું અસુરો થકી **રક્ષણ** કરીશ. (૩૮) હે ધર્મ ! જેમ વૃંદાવનને વિષે મારી સાથે રહેલા આ ભક્તોની સાથે સદા વિહાર કરૂં છું. તેમ જ પૃથ્વી પર મનુષ્યરૂપે થઈ લીલાવિસ્તાર કરતો તે હું પણ તમારી સાથે રહીને વિચરણ કરીશ. (૩૯) હે નિષ્પાપ! આજથી આરંભીને તમારું દારિદ્રય દૂર થશે. ધન, ધાન્ય તેમજ સમૃદ્ધિ પહેલાંથી પણ અધિક વૃદ્ધિ પામશે. (૪૦) તમને દુર્વાસાના શાપથી તત્કાળ મુક્ત કરીશ અને ક્ષીણ થયેલા ભાગવત ધર્મનું સર્વ પ્રકારે પ્રવર્તન કરીશ. (૪૧)

**જપ વિધિનું ફળ :-** આ લોકને વિષે તમારી જેમ કોઈ પણ અન્ય પુરુષો વિધિ પ્રમાણે મારા મંત્રનો જપ તથા શ્રીમદ્‌ભાગવત પુરાણનું પુરશ્ચરણ કરશે તેમના પણ સર્વે મનોરથો જરૂર સિદ્ધ થશે. અને શરીરને અંતે તેઓ નિશ્ચય મારા પરમ ધામને પામશે. (૪૨/૪૩) શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોક ધામને વિષે જે મારાં અવિનાશી ઐશ્વર્ય ભોગ અને અણિમાદિ વિભૂતિઓના સુખ રહેલાં છે તે સર્વેની તેમને નિશ્ચિત પ્રાપ્તિ થશે. (૪૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**समापयांबभूव ॥४५॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मादिकृतश्रीकृष्णस्तुतिवरप्रदाननिरूपण–नामैकोनविंशोऽध्यायः ॥१९॥

सुव्रत उवाच – **जपात्मकं विष्णुयागं यथाशक्ति समाप्य ते । विदधुः पारणां भूप ! कृष्णेक्षणमहामुदः ॥१॥ ततस्ते संविदं चक्रुः स्थित्वैकत्र परस्परम् । कस्याप्यग्रे कदाप्येतद्वृत्तं वाच्यं न नस्त्विति ॥२॥ प्रादुर्भूते तु कृष्णेऽत्र गोप्तुं शक्येत केन तत् । तदा तु कापि नैवास्ति चिन्ता यत्सोऽस्त्यधीश्वरः ॥३॥ विधायेत्थं संविदं ते मिलित्वा च परस्परम् । नमस्कृत्य च सर्वेऽपि स्वं स्वं स्थानं ततो ययुः ॥४॥**

**महर्षीणां च धर्मस्य पूर्वजन्मस्मृतिस्त्विह । आसीत्क्वचित्क्वचिद्राजन्न तु नित्यं हरीच्छया ॥५॥ धर्मः सभार्यः सम्प्रीतः सम्पूर्णस्वमनोरथः । गच्छन्स्वग्राममापेदे पुनस्तन्नैमिषं वनम् ॥६॥ तत्रारण्ये चरन्तौ तौ वृक्षजालसमाकुले । आगच्छतोऽसुरान् कांश्चिद्दृष्ट्वा तां जहतुः सृतिम् ॥७॥ महामार्गस्मृतिर्नष्टा प्रान्तरे भ्रमतोस्तयोः। इयाय भानुमानस्तं ग्रामः प्राप्तो न कश्चन ॥८॥ निषेदतुस्तौ तत्रैव क्व यावो ध्वान्त इत्युभौ । युक्तौ धैर्येण महता क्षुधितौ तृषितौ नृप ! ॥९॥ तौ तत्र दैवादुपयातमेकमपश्यतां कञ्चन मेघनीलम् । तपस्विनं रक्तविवृत्तनेत्रं जटाधरं रौद्रवपुःकरालम् ॥१०॥ खल्वाटशीर्षं धृतवर्णिवेषं तं सिद्ध एवायमिति प्रणम्य । बद्धाञ्जलिस्तत्पुरतः स तस्थौ धर्मस्तमूचे वचनं तपस्वी ॥११॥ कस्त्वं सभार्यो**

---

ભક્તો ઉપર કરૂણા કરી પ્રગટેલા ભગવાન શ્રીકૃષ્ણ મુનિવૃંદ સહિત ધર્મદેવને કરૂણાપૂર્વક આ પ્રકારે કહીને **અત્ર**= ધર્મદેવનાં હૃદયકમળમાં (અર્થાત્ અહીં અત્ર-શબ્દથી ધર્મદેવનું અંતઃકરણ કહ્યું છે, તેમાં અંતર્ધાન થયા. આ ઉપરથી જલદી પ્રગટ થવા ઈચ્છતા પરમાત્માની ત્વરિતગતિ જણાય છે.) પરમાત્મા અંતર્ધાન થયા. ત્યારબાદ મુનિવૃંદ સહિત પ્રસન્ન થયેલા ધર્મદેવે **પુરશ્ચરણવ્રતનો વિધિ** તેજ સમયે પૂર્ણ કર્યો. (૪૫) ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્માદિકૃત શ્રીકૃષ્ણસ્તુતિ–વરપ્રદાન નિરૂપણ' નામે ઓગણીસમો અધ્યાયઃ (૧૯)

## અધ્યાય : ૨૦

## અશ્વત્થામાના શાપથી ચિંતાતુર ભક્તિધર્મને હનુમાનજીએ કરેલી સહાય

**અશ્વત્થામાનું મિલન** :- ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનથી આનંદ પામેલા ધર્માદિ મુનિઓએ જપાત્મક વિષ્ણુયાગની શક્તિ અનુસાર પૂર્ણાહુતિ કરી પારણાં કર્યાં. (૧) ત્યાર બાદ એક સ્થળમાં બેસી પરસ્પર સંકેત કરવા લાગ્યા કે આપણું વૃત્તાંત આપણે કોઈ પણ મનુષ્યની આગળ કયારેય પણ કહેવું નહિ. (૨) ભગવાન જ્યારે પ્રગટ થશે ત્યારે કોઈનાથી પણ આ વાત છૂપી રહેશે નહિ. અને ત્યારે તો કોઈપણ જાતની ચિંતા પણ નથી. કારણ કે તે ભગવાન શ્રીકૃષ્ણ સર્વના અધીશ્વર છે. (૩) આ પ્રમાણે પરસ્પર સંકેત કરી, એકબીજાને મળી તેમજ નમસ્કાર કરી સર્વે પોતપોતાને સ્થાને ગયા. (૪)

હે રાજન્ ! ધર્મ તથા મુનિઓને ભગવાનની ઈચ્છાથી કયારેક કયારેક પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થતું પણ તે સર્વકાળે રહેતું ન હતું. (૫)

પ્રસન્ન અને પૂર્ણકામ ધર્મદેવ ભક્તિદેવીની સાથે પોતાને ગામ જતાં ફરી **નૈમિષારણ્ય** ક્ષેત્રમાં આવ્યા. (૬) વૃક્ષોના સમૂહથી ઘેરાયેલા ઘન ઘોર જંગલમાં ચાલ્યા જતાં ધર્મ અને ભક્તિએ માર્ગમાં કેટલાક અસુરોને આવતા જોઈને તે માર્ગનો ત્યાગ કરી દીધો અને બીજે માર્ગે ચાલવા લાગ્યા. (૭) આ પ્રમાણે ભ્રમણ કરતાં ભક્તિ અને ધર્મ મુખ્ય માર્ગની સ્મૃતિ ભૂલ્યાં. તેવામાં સૂર્ય અસ્ત થયો. રસ્તામાં કોઈ ગામ આવ્યું નહિ. (૮) ભૂખ્યાં ને તરસ્યાં છતાં મહા ધૈર્યવાળાં ભક્તિ અને ધર્મ 'આ ઘોર અંધારામાં આપણે ક્યાં જઈશું ?' એમ વિચારીને ત્યાંને ત્યાં જ બેસી ગયાં. (૯)

તેવામાં બંનેએ દૈવઈચ્છાથી ત્યાં આવેલા કોઈ એક તપસ્વી પુરુષને જોયો. તે તપસ્વી મેઘ સમાન શ્યામ, લાલચોળ પહોળાં નેત્રવાળો, જટાધારી, વિકરાળ બિહામણા શરીરવાળો, મસ્તક પર ટાલવાળો અને બ્રહ્મચારીના વેષને ધરનારો હતો. તેને આ કોઈ સિદ્ધપુરુષ છે એમ માની ધર્મદેવે પ્રણામ કર્યા તેમજ તેની આગળ બે હાથ જોડી ઊભા રહ્યા. ત્યારે તે **તપસ્વી** ધર્મ પ્રત્યે આ પ્રમાણે વચનો કહેવા લાગ્યો. (૧૦/૧૧)

भ्रमसि प्रदोषे दुर्गेऽपि कान्तार इहासि धीरः । यथावदेतत्कथयाऽऽशु सर्वमितीरितस्तेन जगाद धर्मः ॥१२॥ विप्रोऽस्म्यहं कोसलदेशजन्मा देवाभिधो वैरिभियातिखिन्नः । भृशं दरिद्रश्च विहातगेहो वृन्दावनं क्षेत्रमगां हि वर्णिन् ! ॥१३॥ आराध्य कृष्णं जपविष्णुयागविधानतः प्राप्य वरं च तस्मात् । व्रजन् गृहं दैववशाच्च्युताध्वा भ्रमन् भवन्तं मुदितोऽस्मि दृष्ट्वा ॥१४॥ कृष्णाभिधानश्रवणोत्थमन्युर्भूयः स वर्णी तमुवाच धर्मम् । कृष्णाद्वरः को भवताऽऽप्त एतद्ब्रूहीत्यथोवाच तपस्विनं सः ॥१५॥ कृष्णं प्रसन्नं प्रति सर्वमुक्तं मयाऽऽत्मदुःखं विहितं सपत्नैः । तदा स मामाह तवारयस्तु सन्ति क्षमायामसुरा हि सर्वे ॥१६॥ तिष्यावतारस्य सुयोधनस्य साहाय्यकर्तार इमे पुराऽऽसन् । भीमार्जुनाद्यैर्युधि तेषु केचिद्धता मया केऽपि बलेन चान्ये ॥१७॥ तत्रापि ये वैरधिया मदीयं सम्बन्धमापुर्भुवि वीक्षणादिम् । प्रपेदिरे ते तु निजेष्टमुक्तिं दैत्यास्तथा दानवराक्षसाश्च ॥१८॥ मृताश्च ये वैषयिके सुखेऽत्र निबद्धतर्षा दृढवासनाश्च । मद्वैरभाजः खलु तेऽद्य जाताः सन्ति क्षमायामसुराः पुनश्च ॥१९॥ त्वां धर्मनिष्ठं ननु धर्ममेव विदन्त एते च मदीयरूपम् । मद्वैरनिर्यातनभूरिकामा रुजन्ति चान्यानपि मामकीनान् ॥२०॥ तवैव पुत्रत्वमुपेत्य तस्मात्तान्नाशयिष्यामि किलामरारीन् । वरं प्रदायेत्थमभूत्तिरोऽसावहं व्रजन् स्वालयमागतोऽत्र ॥२१॥ सुव्रत उवाच - कृष्णोत्कर्षमयीमित्थं स्वापकर्षोपलक्षणाम् । श्रुत्वा धर्मगिरं सोऽभूदतिकोपाकुलो नृप ! ॥२२॥ दहन्निव दृशा धर्ममधरं च रदैर्दशन् । उवाच विप्र ! पुत्रस्ते स कृष्णो भविता ध्रुवम्

---

આ ઘોર જંગલ વિષે ભયંકર રાત્રિના સમયે પત્ની સહિત ફરો છો, માટે ધીરપુરુષ જણાતા એવા તમે કોણ છો ? તે જેમ હોય તેમ મને કહી સંભળાવો. આ પ્રકારે તપસ્વીની પ્રેરણાથી **ધર્મદેવ** તેને કહેવા લાગ્યા. (૧૨) હે બ્રહ્મચારી ! કૌશલદેશમાં મારો જન્મ થયો છે. અમે જ્ઞાતિએ બ્રાહ્મણ છીએ અને દેવશર્મા મારું નામ છે. હું શત્રુઓના ભયથી મનમાં અતિશય ખિન્ન થયો તેમજ અત્યંત દરિદ્રપણાને પામ્યો. તેથી ઘરબારનો ત્યાગ કરી તીર્થક્ષેત્ર વૃંદાવનમાં ગયો હતો. (૧૩) ત્યાં જપરૂપી વિષ્ણુયાગના અનુષ્ઠાનથી શ્રીકૃષ્ણની આરાધના કરી, અને તેનાથી પ્રસન્ન થયેલા તે ભગવાન પાસેથી વરદાન મેળવી ઘર પ્રત્યે જવા માટે ગતિ કરતાં દૈવવશાત્ માર્ગ ભૂલ્યાં છીએ; તેથી આ વનમાં ભમીએ છીએ. આવા સમયે આપનાં દર્શનથી અમે પ્રસન્ન થયાં છીએ. (૧૪)

શ્રીકૃષ્ણનું નામ સાંભળતાની સાથે જ જેના અંતરમાં ક્રોધ ભભૂકી ઉઠ્યો છે એવો તે બ્રહ્મચારી ફરી ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યો : હે વિપ્ર ! કૃષ્ણ થકી તમે કયા વરદાનને પ્રાપ્ત કર્યું છે ? તે મને કહો. આ પ્રકારનું વચન સાંભળી ધર્મદેવ તપસ્વીને કહેવા લાગ્યા : (૧૫) અસુરોએ અમને આપેલા દુઃખનું નિવેદન પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણને મેં કર્યું ત્યારે તેમણે મને આ પ્રમાણે કહ્યું કે 'પૃથ્વી ઉપર તમારા સર્વે શત્રુઓ છે તે બધા અસુરો જ છે.' (૧૬) પૂર્વે આ અસુરો કળિયુગના અવતારરૂપ દુર્યોધનને સહાય કરનારા હતા. તેમાંથી કેટલાક અસુરો યુદ્ધને વિષે ભીમ અને અર્જુન દ્વારા મરાયા. કેટલાકનો મેં અને બલરામે વિનાશ કર્યો. (૧૭)

તેમાં પણ પૃથ્વી ઉપર જે અસુરો વૈરબુદ્ધિથી પણ મારાં દર્શન તેમજ સ્પર્શ કરવારૂપ સંબંધને પામ્યા તે દૈત્યો, દાનવો અને રાક્ષસો ઈચ્છિત મુક્તિને પામ્યા. (૧૮) જે અસુરો, માયિક પંચ વિષયોના સુખમાં જ તૃષ્ણા બાંધી હતી અને દઢ વાસનાએ સહિત મૃત્યુ પામ્યા તે સર્વે અસુરો મારી સાથે વૈરભાવ રાખનારા હોવાથી ફરી અત્યારે પૃથ્વી ઉપર જન્મ્યા છે. (૧૯) 'ધર્મ જ ભગવાનનું સ્વરૂપ છે' એમ જાણી મારું વૈર લેવાની અતિશય ઈચ્છાવાળા અસુરો ધર્મનિષ્ઠ એવા તમને અને ઋષિઓ વગેરે મારા ભક્તજનોને પણ દુઃખ આપે છે. (૨૦) તે કારણથી 'હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ અને દેવોના શત્રુ તે અસુરોનો વિનાશ કરીશ.' આ પ્રકારે **વરદાન** આપી ભગવાન અંતર્ધાન થયા અને હું મારા ઘર પ્રત્યે જતાં અહીં આ નૈમિષારણ્યમાં આવેલો છું. (૨૧)

**અશ્વત્થામાનો આક્રોશ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીકૃષ્ણનો ઉત્કર્ષ અને પોતાના દુર્યોધનાદિ-અસુરગણનો અપકર્ષ જણાવનારી ધર્મદેવની વાણી સાંભળી તે તપસ્વી અતિશય ક્રોધથી આકુળવ્યાકુળ થઈ ગયો. (૨૨) દૃષ્ટિથી

॥२३॥ तस्य सर्वान् गुणान्दोषानद्याहं वेद्मि नापरः । अस्मत्प्रियस्याप्रियकृत्स दुर्योधनभूभुजः ॥२४॥ मह्यं तेन महद्दुःखं पार्थसारथिना ददे । दुर्योधनसखं मां तु विद्ध्यश्वत्थामसंज्ञितम् ॥२५॥ मत्प्रियासुरसङ्घस्य प्रीतयेऽतो मया द्विज ! । शाप उत्सृज्यते पूर्ववैरनिर्यातनाय वै ॥२६॥ स ते पुत्रो न शक्नोतु शस्त्रं धारयितुं क्वचित् । विना येन भवेन्नैव निजवैरिविनाशनम् ॥२७॥ शूरो महानपि पुमान्नीतिशास्त्रार्थवेद्यपि । विना शस्त्रं शत्रुवधे क्षमते न कदाचन ॥२८॥ उल्लङ्घ्य स तु मद्वाक्यं धारयिष्यति कर्हिचित् । शस्त्रं चेत् प्राप्स्यति तदा स्ववैरिभ्यः पराभवम् ॥२९॥ शप्त्वेत्थमभवद्द्रोणिरदृश्योऽथ द्विजौ वने । तच्छापचिन्तया खेदं प्राप्नुतः स्म भृशं नृप ! ॥३०॥ अपारविपदम्भोधौ मग्नयोरसहाययोः । कृष्णेच्छालब्धमेकं हि धैर्यं तरणितां ययौ ॥३१॥

स्त्रीस्वभावात्खिद्यमानां धर्मः प्रेमवतीं तदा । उवाच भद्रे ! सिद्धं नः कार्यं दैवेन विघ्नितम् ॥३२॥ सर्वविघ्ननिवृत्त्यर्थं व्रतं गणपतेः सति ! । प्रोक्तमस्ति पुराणेषु स्वमनोरथसिद्धिदम् ॥३३॥ वैवाहिकोत्सवान्ते चाप्यावयोः स्वपुरं व्रजन् । एतद्व्रतं कार्यमिति मत्पिताप्यादिदेश माम् ॥३४॥ श्रीकृष्णस्यावतारो हि प्रोक्तोऽस्ति गणनायकः । अतस्तस्य व्रतं नृणां सर्वसङ्कष्टनाशनम् ॥३५॥ भाद्रशुक्लचतुर्थ्यां तत्करिष्यावोऽनुवत्सरम् । तेन तुष्टः स विघ्नेभ्यो रक्षणं नौ करिष्यति ॥३६॥ एवं तौ नियमं विप्रौ मनसा चक्रतुर्नृप ! । भक्तिमूचे पुनर्धर्मो दुःखशोकहरं वचः ॥३७॥ दुःखमेतादृशं भूमावावाभ्यामेव सुन्दरि ! । प्राप्तमित्येव मा मंस्था यतो दुःखमयं जगत् ॥३८॥ पुरा श्रीरामचन्द्रेण सह पत्न्या च बन्धुना । भुक्तमीशेनापि

ધર્મદેવને જાણે હમણાં ભસ્મીભૂત કરી દેશે કે શું ! એવો તે તપસ્વી દાંતથી ઓષ્ઠને દબાવતો થકો ધર્મ પ્રત્યે કહેવા લાગ્યો કે, હે વિપ્ર ! તે શ્રીકૃષ્ણ જરૂર તમારે ત્યાં પુત્રરૂપે જન્મ ધારણ કરશે. (૨૩)

તેનાં સર્વ ગુણ અને દોષોને હાલ હું જાણું છું. પણ બીજાને એની ખબર નથી. તે શ્રીકૃષ્ણ, મારા પ્રિય મિત્ર દુર્યોધનનું અપ્રિય કરનારો છે. (૨૪) અર્જુનના સારથિ શ્રીકૃષ્ણે મને અતિશય કષ્ટ આપ્યું છે. હું દુર્યોધનનો મિત્ર છું. ને મારું નામ અશ્વત્થામા છે એમ તમે જાણો. (૨૫) હે બ્રાહ્મણ ! મને પ્રિય એવા અસુર સમુદાયની પ્રસન્નતા માટે અને મારા પૂર્વના વેરનો બદલો લેવા માટે હું તેને **શાપ** આપું છું કે : 'તમારો તે પુત્ર ક્યારેય શસ્ત્ર ધારણ નહિ કરી શકે અને તે વિના પોતાના શત્રુઓનો વિનાશ પણ થાય જ નહિ.' (૨૬/૨૭) કોઈ પુરૂષ મહાન શૂરવીર હોય, નીતિશાસ્ત્રના અર્થને સારી પેઠે સમજતો હોય, છતાં શસ્ત્ર ધારણ કર્યા વિના શત્રુનો વધ કરવા ક્યારેય સમર્થ બનતો નથી. (૨૮)

કદાચ તમારો પુત્ર મારા વચનનો અનાદર કરી શસ્ત્ર ધારણ કરશે તો પોતાના શત્રુઓ થકી જ પરાભવ પામશે. (૨૯) હે રાજન્ ! દ્રોણપુત્ર અશ્વત્થામા આ પ્રમાણે શાપ આપી અદૃશ્ય થયો. ત્યાર બાદ જંગલને વિષે ફરતાં ભક્તિ અને ધર્મ તેના શાપની ચિંતાથી અતિશય **ખેદ** પામ્યાં. (૩૦) તેઓ અપાર વિપત્તિ રૂપી મહાસાગરમાં ડૂબ્યાં. આ સમયે કોઈપણ મનુષ્યની સહાય ન મળતાં ભગવદ્ ઈચ્છાથી પ્રાપ્ત થયેલું **ધૈર્ય** જ એક માત્ર નાવરૂપ બન્યું. (૩૧)

તે સમયે સ્ત્રી સ્વભાવથી ખેદ પામતાં પ્રેમવતી પ્રત્યે ધર્મદેવ કહેવા લાગ્યા, હે કલ્યાણિ ! સિદ્ધ થયેલા આપણા કાર્યમાં દૈવે વિઘ્ન કર્યું. (૩૨) હે સતિ ! સર્વ પ્રકારનાં વિઘ્નની નિવૃત્તિને અર્થે સકલ મનોરથને પૂર્ણ કરનાર ગણપતિનું **વ્રત** પુરાણોમાં કહેલું છે. (૩૩) હે દેવિ ! આપણા વિવાહ થયા પછી ઈટ્ટાર ગામ પ્રત્યે પધારતા મારા પિતાએ પણ આ વ્રત કરવાની મને આજ્ઞા કરી હતી. (૩૪)

ગણપતિદેવને ભગવાન શ્રીકૃષ્ણના અંશાવતાર કહેલા છે. તે હેતુથી તેમનું વ્રત સર્વ સંકટનો નાશ કરનાર છે. (૩૫) પ્રતિવર્ષ ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિનું વ્રત આપણે કરીશું, જેનાથી પ્રસન્ન થયેલા તે દેવ આપણું સર્વ વિઘ્નો થકી રક્ષણ કરશે. (૩૬) હે રાજન્ ! આ પ્રકારે બંને દંપતીએ દૃઢ મનથી નિશ્ચયપૂર્વક **નિયમ** ગ્રહણ કર્યું. અને ત્યારબાદ ધર્મદેવ દુઃખ અને શોકને હરનારાં વચનો ભક્તિદેવી પ્રત્યે કહેવા લાગ્યા : (૩૭)

હે સુંદરી ! પૃથ્વી પર આવું દારુણ દુઃખ આપણને જ આવ્યું છે એમ તમે ન માનશો. કારણ કે આ જગતનું સ્વરૂપ જ **દુઃખમય** છે. (૩૮) પૂર્વે વનમાં નિવાસ કરતા સર્વના નિયંતા સમર્થ શ્રી રામચંદ્ર ભગવાને પણ પત્ની અને બંધુની સાથે



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

दुःखं वनवासवता भृशम् ॥३९॥ इत्युक्त्वाऽकथयत्तस्यै श्रीरामचरितं वृषः । हनुमन्महिमोपेतं निशो यामास्त्रयो गताः ॥४०॥ शृण्वती सा तत्र तत्र साहाय्यं जानकीपतेः । मुहुः कृतं हनुमता चिन्तयामास चेतसि ॥४१॥ अहो नः कुलदेवोऽस्ति हनुमान् रामवल्लभः । उपेक्षते सोऽपि कथं समर्थोऽस्मान्महापदि ॥४२॥ हनूमन् ! रक्ष रक्षेति यावद्वदति सा गिरम् । तावत्प्रत्यक्षतां प्राप मारुतिर्विप्ररूपधृत् ॥४३॥ स हि रामकथां रात्रौ कीर्त्यमानां स्त्रियं प्रति। धर्मेण श्रोतुमायातस्तत्रादृश्यो जनैः स्थितः ॥४४॥ प्रत्यक्षीभूय तौ प्राह भक्ते ! धर्म ! व्यथां त्यज । कुलदेवोऽस्मि हनुमान् युष्माकं रक्षिताऽस्मि वः ॥४५॥ द्रौणेः शापेन वां पुत्रो धारयिष्यति नायुधम् । तथापि जेतुं त्रैलोक्यं शक्तो भाव्यः स वै धिया ॥४६॥ भविता स त्वशस्त्रोऽपि सदा वैरिभियोज्झितः । दारिद्र्यदुःखमपि ते नाशयिष्यति निश्चितम् ॥४७॥ इत्युक्त्वा तौ महामार्गं प्रापय्याश्चर्यमानसौ । तिरोबभूव हनुमांस्तौ ततो गन्तुमैच्छताम् ॥४८॥ तत आरभ्य तावास्तां गतसर्वव्यथौ नृप ! । प्राप्यमाणान्नवस्त्राद्यौ निश्चिन्तौ स्वस्थमानसौ ॥४९॥ महामार्गेण चलितौ पूर्वदृष्टेन निर्भयौ । चिन्तयन्तौ च हृदये श्रीकृष्णं भक्तवत्सलम् ॥५०॥ प्रीणयन्ती पतिं वाक्यैः प्रेम्णा प्रेमवती पथि । वृत्तं हनूमतोऽप्राक्षीच्चिरजीवित्वलक्षणम् ॥५१॥ निशम्य च निशाम्यापि प्रभावं श्रीहनूमतः । आनन्दः परमो नाथ ! जायते मम चेतसि ॥५२॥ चिरजीवी कथं जातः स्वामिन् ! पवननन्दनः । दिवं विहाय भूलोके स्थितो नित्यं करोति किम् ॥५३॥ इति प्रीत्या प्रेमवत्याऽऽपृष्टो धर्म उवाच ताम् । हनूमांश्चिरजीव्यस्ति सीतारामप्रसादतः ॥५४॥ निहत्य रावणं युद्धे स्वसैन्यपरिवारितः । एत्यायोध्यां नृपपदमध्यतिष्ठत्

---

અતિશય દુઃખ ભોગવ્યાં છે. (૩૯) આમ કહીને ધર્મદેવે હનુમાનજીના મહિમાના વર્ણનની સાથે શ્રીરામચંદ્ર ભગવાનનાં લીલાચરિત્રોની **કથા** ભક્તિદેવીને કહી સંભળાવી. તેવામાં રાત્રિનાં ત્રણ પ્રહર પસાર થયાં. (૪૦)

**ધર્મભક્તિની પ્રાર્થનાથી હનુમાનજીનું પ્રાગટ્ય :-** કથાશ્રવણ કરતાં ભક્તિદેવી દુઃખના તે તે પ્રસંગોમાં સીતાપતિ શ્રીરામચંદ્રજીને હનુમાનજીએ કરેલી સહાયનું પોતાનાં મનમાં વારંવાર સ્મરણ કરવા લાગ્યા. (૪૧) અરે ! રામચંદ્ર ભગવાનને પ્રિય હનુમાનજી તો આપણા કુળદેવ છે અને એ સમર્થ હોવા છતાં પણ આ મહા વિપત્તિના સમયમાં આપણી ઉપેક્ષા કેમ કરે છે ? (૪૨)

'હે હનુમાન ! તમો અમારી રક્ષા કરો ! રક્ષા કરો. !' આ પ્રમાણે જ્યાં વાણીનું ઉચ્ચારણ કરે છે તેવામાં તો વાયુપુત્ર હનુમાનજી વિપ્રનું રૂપ ધારણ કરી પ્રત્યક્ષ થયા. (૪૩) રાત્રે જ્યારે ધર્મદેવ ભક્તિદેવીને રામકથાનું શ્રવણ કરાવતા હતા. ત્યારે જ હનુમાનજી કોઈ મનુષ્ય દેખી ન શકે એ રીતે ત્યાં હાજર થયા હતા. (૪૪)

પ્રત્યક્ષ દર્શન આપીને **હનુમાનજી** તે બન્ને પ્રત્યે કહેવા લાગ્યા : હે ભક્તિ ! હે ધર્મ ! તમે ચિંતાનો ત્યાગ કરો. હું તમારો કુળદેવ હનુમાન છું. હું તમારું રક્ષણ કરીશ. (૪૫) અશ્વત્થામાના શાપને કારણે તમારો પુત્ર આયુધ ધારણ કરશે નહિ છતાં પણ તે પોતાની બુદ્ધિથી ત્રિલોકીને જીતવા સમર્થ થશે. (૪૬) તમારો પુત્ર શસ્ત્રે રહિત હોવા છતાં સદા શત્રુઓના ભયથી રહિત બની તમારા દારિદ્ર્યતાના દુઃખનો નિશ્ચય વિનાશ કરશે. (૪૭) આ પ્રમાણે કહી તે બન્નેને મુખ્ય માર્ગ બતાવી હનુમાનજી અંતર્ધાન થયા. અને આશ્ચર્ય મુગ્ધ બનેલા તે બન્નેએ પણ આગળ સ્વદેશ પ્રત્યે જવાનો સંકલ્પ કર્યો. (૪૮)

હે રાજન્ ! હનુમાનજીનાં દર્શનથી આરંભીને દંપતીની સર્વ ઉપાધિ નાશ પામી. ચિંતા દૂર થઈ. અન્ન, ધન અને વસ્ત્રની પ્રાપ્તિ થઈ તેમજ મન સ્વસ્થ બન્યું. (૪૯) હૃદયમાં ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં કરતાં નિર્ભયપણે પૂર્વે જોયેલા મહામાર્ગને વિષે બંને ચાલતાં હતાં. (૫૦) માર્ગમાં પ્રેમવતી પ્રેમપૂર્ણ મધુર વચનોથી પતિદેવને પ્રસન્ન કરતાં કરતાં હનુમાનજીના ચિરંજીવીપણાનું કારણ પૂછતા કહેવા લાગ્યા : (૫૧) હે નાથ ! હનુમાનજીનો પ્રતાપને સાંભળીને તેમજ પ્રત્યક્ષ અનુભવથી મારા મનમાં પરમ આનંદ થાય છે. (૫૨) હે સ્વામિન્ ! પવનપુત્ર હનુમાનજી ચિરંજીવી કેવી રીતે થયા ? અને ભગવાનનાં વૈકુંઠલોકનો ત્યાગ કરી (ત્યાં ન જઈને) આ ભૂમિલોકમાં રહીને સદાય શું કાર્ય કરે છે ? (૫૩)

**હનુમાનજીના ચિરંજીવીપણાનું કારણ :-** આ પ્રમાણે પ્રેમથી પ્રેમવતીએ પૂછ્યું ત્યારે ધર્મદેવ તેમને કહેવા લાગ્યા કે હે દેવિ ! સીતાસહિત રામચંદ્રજીનાં અનુગ્રહથી હનુમાનજી ચિરંજીવી થયા છે. (૫૪) ભગવાન રામચંદ્રજી યુદ્ધમાં



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स राघवः ॥५५॥ वानरा राक्षसा ऋक्षा दिव्यरूपधराः सति ! । तद्वियोगासहास्तत्र न्यवसन्नेकहायनम् ॥५६॥ तं छत्रचामराद्यैस्ते सेवमाना दिने दिने । प्रेमवृद्धिं परां प्रापुर्विस्मृताखिललौकिकाः ॥५७॥ स्वस्वगृहान्प्रेषयिष्यन्नयातः स्वाग्रतोऽपि तान् । तत्सन्मानं प्रभुश्चक्रे वस्त्रभूषाधनादिभिः ॥५८॥ यथोचितं मानयित्वा सुग्रीवादीन्स वानरान् । किष्किन्धां प्रेषयामास साश्रुनेत्रान्बलाद्विभुः ॥५९॥ तदा गमिष्यन् हनुमान्स्त्रवत्प्रेमाश्रुलोचनः । परित्यक्तुमशक्तस्तं बद्धाञ्जलिपुटोऽब्रवीत् ॥६०॥ स्नेहो मे परमः स्वामिंस्त्वयि तिष्ठतु नित्यदा । भक्तिश्च नियता वीर ! भावो नान्यत्र गच्छतु ॥६१॥ यावत्तव कथा राम ! प्रचरिष्यति भूतले । तावत्ताः सर्वदा शृण्वन् जीवाम्यत्रेति मे रुचिः ॥६२॥ स्थितं किम्पुरुषे खण्डे गन्धर्वा अपि मां सदा । श्रावयेयुः कथा राम ! तवेति मम याचितम् ॥६३॥ त्वत्कथामृतपानेच्छा यथा मे हृदि वर्तते । तथा न दिव्यलोकेच्छा नैश्वर्येच्छा च निश्चितम् ॥६४॥ एवं ब्रुवाणं रामस्तु हनूमन्तं वरासनात् । उत्थाय सस्वजे स्नेहाद्वाक्यमेतदुवाच च ॥६५॥ एवमेतत्कपिश्रेष्ठ ! भविष्यति न संशयः । वरदानेन मे सर्वं सेत्स्यत्येव त्वदीप्सितम् ॥६६॥ इति लब्धवरो रामाद्धनूमानिह सुव्रते ! । रघुनाथकथाप्राणश्चिरजीवी हि वर्तते ॥६७॥ यत्र यत्र कथा भूमौ रामचन्द्रस्य जायते । तत्र तत्राप्यसौ गत्वा शृणोति वरदानतः ॥६८॥ त्वत्समीपे मया रात्रौ कथ्यमानां कथामसौ । श्रोतुं नूनमुपायातो यातो दत्त्वा स्वदर्शनम् ॥६९॥ गणेशव्रतसङ्कल्पाद्विघ्ननाशे हनूमता । दत्तं स्वदर्शनं तेन कार्यसिद्धिरभूद्धि नः ॥७०॥ इति भर्तुर्वचः श्रुत्वा प्रीता भक्तिरभून्नृप ! । तया सह यथाशक्ति व्रजन् स्वग्राममाप सः ॥७१॥ सार्धमासेन सम्प्राप्तं स्वग्रामं तं समेत्य च । स्वजना ज्ञातयः सर्वे

---

રાવણનો વિનાશ કરી પોતાના સૈન્યની સાથે અયોધ્યા પધાર્યા અને રાજ્યગાદી ઉપર અધિષ્ઠિત થયા. (૫૫) હે સતિ ! તે સમયે ભગવાનનો વિયોગ નહિ સહન કરનારા દિવ્યરૂપધારી વાનરો, રાક્ષસો અને રીંછો એક વર્ષ સુધી અયોધ્યાપુરીમાં રહ્યા હતા. (૫૬)

છત્ર ચામર આદિથી ભગવાનની સેવા કરતાં તેમના અંતરમાં દિવસે દિવસે ગાઢ અનુરાગ ઉત્પન્ન થયો. તેથી સમગ્ર લૌકિક કાર્યને ભૂલી ગયા. (૫૭) પ્રભુના સાંનિધ્યનો ત્યાગ કરી પોતપોતાના ઘર પ્રત્યે જવાની ઈચ્છા નહિ ધરાવતા એવા પણ તે અનુચરોને આગ્રહપૂર્વક તેમના ઘર પ્રત્યે મોકલવાની ઈચ્છાથી ભગવાન શ્રીરામે વસ્ત્ર, આભૂષણ અને ધનથી તેમનું સન્માન કર્યું. (૫૮) આ રીતે યથાયોગ્ય સન્માન કરાયેલા તેમજ અશ્રુપૂર્ણ નેત્રોવાળા સુગ્રીવ આદિક વાનરોને ભગવાને આગ્રહપૂર્વક પરાણે કિષ્કિંધા મોકલ્યા. (૫૯) ગમન સમયે હનુમાનજીનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. તેઓ શ્રીરામચંદ્ર ભગવાનને છોડીને જવા સમર્થ થયા નહિ. તેથી બે હાથ જોડી કહેવા લાગ્યાં કે, હે સ્વામિન્ ! નિરંતર તમારે વિષે જ મારો સ્નેહ રહો. હે વીર! તમારે વિષે જ મારી ભક્તિ અચળ રહો. તમારા સિવાય મને બીજે ક્યાંય પ્રીતિ ન થાઓ. ( ૬૦/૬૧)

હે રામ ! પૃથ્વી ઉપર જ્યાં સુધી તમારાં પાવનકારી ચરિત્રોની કથાનું ગાન થયા કરે ત્યાં સુધી હું જીવતો રહું ને તેનું નિરંતર શ્રવણ કર્યા કરું એવી મારી ઈચ્છા છે. (૬૨) હે રામ ! કિંપુરુષ ખંડમાં રહેલા ગંધર્વો પણ મને ત્યાં સર્વદા તમારી કથા સંભળાવ્યા કરે એવી મારા અંતરની અભિલાષા છે. (૬૩) તમારાં કથામૃતનું પાન કરવાની જેવી મારા અંતરમાં ઈચ્છા વર્તે છે તેવી દિવ્યધામ કે ઐશ્વર્યને પામવાની પણ ઈચ્છા થતી નથી. એ નિશ્ચિત વાત છે. (૬૪) આ પ્રમાણે હનુમાનજીએ કહ્યું તેથી ભગવાન શ્રીરામ રાજ્યસિંહાસન પરથી નીચે ઊતરી હનુમાનજીને સ્નેહથી ભેટી પડ્યા અને કહેવા લાગ્યા : (૬૫)

'હે કપિશ્રેષ્ઠ ! તમે જે કહ્યું તે તે પ્રમાણે જ થશે, તેમાં કોઈ જાતનો સંશય નથી. મારા વરદાનથી તમારા હૃદયની સમગ્ર ઈચ્છાઓ પરિપૂર્ણ થશે.' (૬૬) **ધર્મદેવ કહે છે,** હે શ્રેષ્ઠવ્રતને ધારણ કરનારાં સતિ ! આ રીતે ભગવાન શ્રીરામચંદ્રજીની કથારૂપી અમૃત એજ જેને જીવન પ્રાણ છે એવા હનુમાનજી શ્રીરામથી વરદાન પામીને ચિરંજીવી બન્યા છે. (૬૭) પૃથ્વી ઉપર જે જે સ્થળે ભગવાન શ્રીરામચંદ્રની કથા થાય છે તે તે સ્થળે ભગવાનના વરદાનથી હનુમાનજી પધારે છે તેમજ કથાનું શ્રવણ કરે છે. (૬૮) રાત્રે તમારી સમીપે જ્યારે હું કથા કહેતો હતો ત્યારે જરૂર તેઓ તે કથા સાંભળવા પધારેલા અને અત્યારે આપણને દર્શન આપી અંતર્ધાન થયા છે. (૬૯) ગણપતિજીના વ્રતનો સંકલ્પ કરવાથી આપણાં વિઘ્નો નાશ પામ્યાં તેથી હનુમાનજીએ પોતાનું દર્શન આપ્યું અને આપણા કાર્યની સિદ્ધિ થઈ. (૭૦) હે રાજન્ ! પતિદેવનું આ પ્રકારનું વચન સાંભળી ભક્તિદેવી પ્રસન્ન થયાં અને ધર્મદેવ તેમની સાથે દરરોજ માર્ગમાં યથાશક્તિ ચાલતા થકા પોતાના છપૈયા ગામમાં આવી પહોંચ્યા. (૭૧) હે રાજન્ ! દોઢ મહિને (માર્ગમાં ચાલતાં) છપૈયા પાછા પધારેલાં



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**भृशं मुमुदिरे नृप ! ॥७२॥ श्रीकृष्णस्य प्रतापेन वैरिणः सकला अपि । मित्राणीवाभवंस्तस्य बिभ्यति स्म तदीक्षणात् ॥७३॥ धान्ययानपशुद्रव्यसमृद्धिस्तस्य वेश्मनि । ततः पूर्वाधिकैवासीद्वर्धमानाऽनुवासरम् ॥७४॥ इत्थं हरेः प्रसादस्य जातत्वात्स द्विजोत्तमः । हरिप्रसादनाम्नैव विश्रुतोऽभूत्पुनः क्षितौ ॥७५॥ भगवानथ जीवानां श्रेयसे करुणानिधिः । नरनारायणोद्देशान्नृत्वं स्वीकर्तुमैहत ॥७६॥ एकमूर्तिं स्वेन कृत्वा द्विरूपं तं निजेच्छया । धर्मस्य हृदयाम्भोज आविरासीदसौ नृप ! ॥७७॥ आविर्भावं भगवतः स्वस्मिञ्जातं विवेद सः । कान्त्यातिमर्त्यया राजन्नाकस्मिक्या च सम्पदा ॥७८॥ गर्भं ततोऽसावृतुषोडशेऽह्नि गुरौ च पुष्ये निदधार भक्तौ । सा तेन भूमौ शुशुभे शुभाङ्गी श्रीदेवहूतीव विरोचमाना ॥७९॥**

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मस्याश्वत्थामशाप–स्वग्रामप्रत्यागमननिरूपणनामा विंशोऽध्यायः ॥२०॥

सुव्रत उवाच – **एतस्मिन्नन्तरे राजंश्चातुर्वर्ण्यभवासुराः । संहत्य शतशो देवीमानर्चुर्विन्ध्यवासिनीम् ॥१॥ नवम्यामिषमासस्य शुक्लपक्षे महोत्सवः । तेषामभून्मन्दिरेऽपि देव्या दुष्कर्म कुर्वताम् ॥२॥ अजान्सहस्त्रशोऽवींश्च महिषादीन्नरांस्तथा । हत्वा निवेदयामासुर्देव्यै ते च सुराघटान् ॥३॥ अत्त्वा मांसं सुरां पीत्वा देव्यागारे मदोद्धताः । स्वैरिणीः कामिनीश्च स्त्रीरुपजग्मुश्च पुंश्चलीः ॥४॥ अधर्ममित्थं चान्यायं दृष्ट्वा तेभ्यश्चुकोप सा । कालीदत्ताय तु भृशं**

---

ધર્મ-ભક્તિને સંબંધીજનો મળ્યાં અને અત્યંત આનંદ પામ્યાં. (૭૨)

ભગવાનના પ્રતાપથી શત્રુઓ હતા તે પણ મિત્રો થયા અને ધર્મદેવનાં દર્શનમાત્રથી ભય પામવા લાગ્યા. (૭૩) ધર્મદેવના ભવનમાં ધન, ધાન્ય, વાહન, પશુ, દ્રવ્ય વગેરે સમૃદ્ધિ દિન પ્રતિદિન પ્રથમ કરતાં પણ અધિક વૃદ્ધિ પામવા લાગી. (૭૪) આ પ્રકારે શ્રીહરિનો અનુગ્રહ પ્રાપ્ત થવાથી વિપ્રવર્ય શ્રી ધર્મદેવ **'હરિ પ્રસાદ'** એવા નામથી પૃથ્વી પર વિખ્યાત થયા. (૭૫) ત્યારબાદ કરુણાના નિધિ તેમજ સકલ ઐશ્વર્ય સંપન્ન એવા પુરૂષોત્તમ શ્રીવાસુદેવ ભગવાને સમગ્ર જીવોના શ્રેયને અર્થે ભગવાન શ્રી નરનારાયણને નિમિત્ત બનાવી મનુષ્યરૂપે પ્રગટ થવાની ઈચ્છા કરી. (૭૬)

અવતારી ભગવાન શ્રી પુરુષોત્તમ પોતાની સ્વતંત્ર ઈચ્છા શક્તિથી બે સ્વરૂપે રહેલા અવતાર શ્રી નરનારાયણને પોતાના મૂળ અવતારી સ્વરૂપમાં લીન કરીને પોતે ધર્મદેવનાં હૃદયકમળમાં આવિર્ભાવ પામ્યા. (૭૭) હે રાજન્ ! ઈતર મનુષ્યોની કાંતિને અતિક્રમણ કરનારી આકસ્મિક ઉત્પન્ન થયેલી અવયવોની કાંતિથી અને ધનધાન્યાદિની સમૃદ્ધિથી 'ભગવાનનો પોતાના અંતરમાં આવિર્ભાવ થયો છે' એમ ધર્મદેવે જાણ્યું. (૭૮)

ત્યાર બાદ ભક્તિને પ્રાપ્ત થયેલા ઋતુકાળના સોળમા દિવસે ગુરુવાર અને પુષ્ય નક્ષત્રમાં ધર્મદેવે ભક્તિદેવીને વિષે ગર્ભ આરોપણ કર્યો. તેનાથી શોભાયમાન અંગવાળાં ભક્તિદેવી પણ અત્યંત શોભાયુક્ત માતા દેવહૂતિની માફક પૃથ્વી પર શોભવા લાગ્યાં. (૭૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મદેવને અશ્વત્થામાએ શાપ આપ્યો અને પોતાને ગામ પાછા પધાર્યા' એ નામે વીસમો અધ્યાયઃ (૨૦)*

## અધ્યાય : ૨૧

## હિંસાદિ અધર્મથી કોપાયમાન દેવીનો અસુરોને શાપ

**દેવીનાં મંદિરમાં અસુરોનો ઉત્સવ** :- સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાનના પ્રાગટ્ય સમયે ચારે વર્ણમાં ઉત્પન્ન થયેલા સેંકડો અસુરો ભેગા મળી વિંધ્યવાસિની દેવીનું પૂજન કરવા લાગ્યા. (૧) દેવીના મંદિરમાં પણ દુષ્કર્મોને કરનારા તે અસુરોએ આસો મહિનાના શુકલ પક્ષની નવમી તિથિએ મહાન ઉત્સવનું આયોજન કર્યું. (૨)

અસુરોએ દેવીની આગળ હજારો બકરાં, ઘેટાં, પાડાં તથા મનુષ્યોને વધેરી નૈવેદ્ય ધર્યું તેમજ મદિરાના ભરેલા ઘડાઓ પણ દેવીને અર્પણ કર્યાં. (૩) માંસભક્ષણ અને સુરાપાન કરી મદોન્મત્ત બનેલા અસુરોએ દેવીના મંદિરમાં જ કામિની, પુંશ્ચલી અને સ્વૈરિણી વગેરે સ્ત્રીઓની સાથે સ્વૈર વિહાર કર્યો. (૪) આ પ્રકારના અધર્મ અને અન્યાયને જોઈ અસુરો ઉપર દેવીનો



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तेषामाचार्यताधृते ॥५॥ निशि स्वप्नमुपेत्यामुं देव्युवाच भयङ्करा । त्रिशूलं करवालं च बिभ्रत्यारक्तलोचना ॥६॥ सर्वेऽपि स्थासुरा यूयं निर्मर्यादा मदोद्धताः । मदुद्देशेन कुरुथ सुरामांसाशनं द्विज ! ॥७॥ पशुहिंसां नृहिंसां च पारदार्यं मदालये । कुर्वतो निर्दयान् युष्माञ्छपाम्यसुरवञ्चक ! ॥८॥ वंशोच्छेदो हि सर्वेषां युष्माकं तु भविष्यति । धनवृत्तिविनाशश्च नाशमेष्यथ च द्रुतम् ॥९॥ अद्यारभ्य च मत्पूजां यथा यूयं सुरादिभिः । पृथिव्यां ये करिष्यन्ति ब्राह्मणक्षत्रियादयः ॥१०॥ युष्माकमिव तेषां च वंशोच्छेदो भविष्यति । धनधान्यादिहीनास्ते यास्यन्ति नरकान्मृताः ॥११॥ युष्मत्पूर्वरिपुः कृष्णो धर्माद्भक्तौ स कौसलात् । भूत्वा हरिर्बुद्धिशस्त्रो युष्मानुन्मूलयिष्यति ॥१२॥
पर्यटन्पृथिवीं सर्वां लीनान्युष्मानितस्ततः । एकैकशोऽपि सोऽन्विष्य कर्ता निर्मूलनं हि वः ॥१३॥ युष्मत्साहाय्यकर्तारो ये च भूपतयः क्षितौ । सन्ति तेऽपि यथा यूयं विनङ्क्ष्यन्ति न संशयः ॥१४॥ राजा ताम्रमुखः कश्चित्पावन्या दिश आगतः । तान्वशीकृत्य सहसा भोक्ष्यत्यखिलमेदिनीम् ॥१५॥ एवं शप्त्वा तु सा देवी रुष्टा तेभ्यस्तिरोदधे । कालीदत्तोऽतिसन्त्रस्तस्तच्छ्रुत्वाऽजागरीनृप ! ॥१६॥ सर्वेभ्यः कथयामास सोऽसुरेभ्योऽम्बिकावचः । श्रुत्वा तद्वेपमानास्ते जाताश्चिन्ताव्यथाकुलाः ॥१७॥ स्वकर्मोपस्थितं शापमनिवार्यं हि साधनैः । मत्वा क्षमापयामासुस्तां भूघ्राणघृषादिभिः ॥१८॥ ततः शापप्रतीकारं स्वस्वशक्त्या चिकीर्षवः । सर्वे विचारयाञ्चक्रुरन्तिकोपस्थितापदः ॥१९॥ उत्पाद्य कृत्यास्ताभिश्च शस्त्रैरस्त्रैश्च साधितैः । वीरैर्मन्त्रैश्च यन्त्रैर्वा हरिर्घात्यः स शैशवे ॥२०॥ विवृद्धबलमित्रादिः प्रतिकर्तुं न शक्यते । रिपुस्ततो

કોપ થયો અને તેમાં પણ તે સર્વેના આચાર્ય બની બેઠેલા કાલિદત્ત ઉપર તો દેવીનો અતિ અધિક કોપ થયો. (૫)

**અસુરો ઉપર કોપાયમાન વિંધ્યવાસિની દેવીનો શાપ :-** લાલચોળ નેત્રોવાળી, ભયંકર આકૃતિવાળી અને હાથમાં ત્રિશૂલ અને તલવારને ધારણ કરતી દેવીએ રાત્રે સ્વપ્નમાં આવી કાલિદત્તને કહ્યું : હે દ્વિજ ! તમે સર્વે અસુરો ઉન્મત્ત થઈ મર્યાદાનું ઉલ્લંઘન કરો છો, તેમજ મારે નામે સુરા અને માંસનું ભક્ષણ કરો છો. (૬/૭) અસુરોને છેતરનારા હે કાલિદત્ત! મારા મંદિરમાં પશુહિંસા, મનુષ્ય હિંસા તથા પરસ્ત્રીનો સંગ કરનારા, નિર્દય એવા તમને સર્વેને હું શાપ આપું છું કે, તમારા સર્વેના વંશનો ઉચ્છેદ થાશે. તમારી ધન, ધાન્ય વગેરે આજીવિકા નાશ પામો. તમે સર્વે પણ ટૂંક સમયમાં જ વિનાશ પામશો.(૮/૯) પૃથ્વી ઉપર આજ દિવસથી આરંભીને તમારી પેઠે જે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે સુરા અને માંસ વગેરેથી મારું પૂજન કરશે  તેમના વંશનો પણ તમારી જેમ જ વિનાશ થશે. ધનધાન્યથી રહિત થશે અને મરીને નરકને પામશે. (૧૦/૧૧) તમારો પૂર્વશત્રુ શ્રીકૃષ્ણ કૌશલદેશ નિવાસી ધર્મદેવ થકી ભક્તિદેવીને ત્યાં પ્રગટ થશે અને બુદ્ધિરૂપી શસ્ત્રથી તમારો સર્વેનો સમૂળ વિનાશ કરશે. (૧૨)

ત્યારબાદ શ્રીહરિ પૃથ્વી ઉપર વિચરણ કરતા થકા જ્યાં ત્યાં છુપાયેલા તમને એક એકને ખોળી ખોળીને નિર્મૂળ કરશે. (૧૩) પૃથ્વી પર તમને સહાય કરનારા જે રાજાઓ હશે તેનો પણ તમારી જેમ વિનાશ થશે. તેમાં કોઈ જાતનો સંશય નથી. (૧૪) વાયવ્ય દિશામાંથી રક્તમુખવાળો કોઈ રાજા આવશે અને સર્વે રાજાઓને પોતાને વશ કરી સમગ્ર ભૂમિનું શાસન કરશે. (૧૫) હે રાજન્ ! આ પ્રમાણે અસુરો ઉપર કોપાયમાન થયેલી દેવી શાપ આપી અંતર્ધાન થઈ. તેના વચન સાંભળીને અતિશય ત્રાસ પામેલો કાલિદત્ત ડરવા લાગ્યો અને જાગ્રત  થયો. (૧૬) કાલિદત્તે બધા જ અસુરોને દેવીનાં વચનો કહી સંભળાવ્યાં. તે સાંભળીને તેઓ કંપવા લાગ્યા અને ચિંતાના દુઃખથી આકુળવ્યાકુળ થયા. (૧૭)

'પોતાના દુષ્કર્મથી ઉત્પન્ન થયેલા શાપનું કોઈ પણ ઉપાયથી નિવારણ થઈ શકશે નહિ' એમ માની તેઓ ધરતી પર નાક ઘસવા લાગ્યા ને દાંતમાં ઘાસનાં તરણાં લઈ દેવીની ક્ષમા માગવા લાગ્યા. (૧૮) સમીપમાં આવેલી આપત્તિવાળા અસુરો પોતપોતાની શક્તિથી શાપનો પ્રતિકાર કરવા ઈચ્છતા થકા વિચારણા કરવા લાગ્યા કે, કૃત્યાઓ ઉત્પન્ન કરી તેના દ્વારા અથવા સિદ્ધ કરેલા અસ્ત્રો, શસ્ત્રો અને વીરો,મંત્રો અથવા યંત્રોથી બાલ્યાવસ્થામાં જ શ્રીહરિને આપણે મારી નાખીએ. (૧૯/૨૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

बालमेव तं हनिष्याम उद्यताः ॥२१॥ इति निश्चित्य जग्मुस्ते स्वं स्वं स्थानं वृषद्विषः । प्रतीक्षमाणास्तज्जन्म कृत्योत्पादादिमानसाः ॥२२॥ निजारिजन्मस्ववधप्रतिज्ञाश्रुतिस्त्रवद्धैर्यभरा धरायाम् । चिन्ताज्वरार्ताः सभयं कथञ्चित्तेऽहानि निन्युर्युगसाम्यभाञ्जि ॥२३॥ तद्भीतिहीनः स हरिप्रसादो व्रतं गणेशस्य नभस्यमासे । पूजोत्सवं चाश्विनमासि चक्रे मरुत्सुतस्यापि यथाविधानम् ॥२४॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणेऽसुराणां विन्ध्यवासिनीशापो नामैकविंशोऽध्यायः ॥२१॥

सुव्रत उवाच – अथ प्रेमवती गर्भं बिभ्रती साऽभवत् क्षितौ । देवमातेव सर्वासां माननीया हि योषिताम् ॥१॥ सा च तं जगदाधारं नारायणमधीश्वरम् । गर्भे दधाना सहसा बभूवेन्दुसमद्युतिः ॥२॥ अङ्गणे संस्थितां तां च ददृशुः सङ्घशो जनाः। इतस्ततः समागत्य सविस्मयमतद्विदः ॥३॥ अन्तर्वत्नी सलज्जा च स्वकान्त्या तिमिरं घ्नती । स्वदिदृक्षुजनौघार्ता निर्ययौ न गृहाद्बहिः ॥४॥ स च द्विजो वेदगर्भां सावित्रीमिव तां स्त्रियम् । विलोक्य विस्मयं प्राप महान्तं हर्षमेव च ॥५॥ तां च तेजस्विनीं दृष्ट्वा स्त्रियोऽन्याः सस्मिताननाम् । क्वाप्यदृष्टचरीं तन्वीमन्योन्यं प्रोचुरादृताः ॥६॥ अहो !! बह्वयः स्त्रियो दृष्टा अन्तर्वत्न्योऽत्र भूतले । एतादृशी तु न क्वापि दृष्टाऽस्माभिः श्रुतापि वा ॥७॥ ईदृग्रूपा सुरैर्वन्द्या सा मासि दशमे ततः । अरिष्टगेहे न्यवसन्मुहूर्ते ब्राह्मणोदिते ॥८॥ सोष्यन्तीकर्मसामग्रीं देवोऽपि समसाधयत् । साविकाद्या योषितश्च

'જેનું શારીરિકબળ અને મિત્રો વગેરે વૃદ્ધિ પામ્યું હોય તેવા શત્રુનો કોઈ પ્રતિકાર કરી શકતું નથી.' તે કારણથી પ્રયત્નશીલ બની બાલ્ય અવસ્થામાં જ તેનો વિનાશ કરીશું. (૨૧) આ પ્રમાણે નિશ્ચય કરી દ્વેષ કરનારા અને પ્રભુને મારવા કૃત્યાઓને ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા અસુરો શ્રીહરિના પ્રાગટ્યની પ્રતીક્ષા કરતા પોતપોતાને સ્થાનકે ગયા. (૨૨) પૃથ્વી પર પોતાના શત્રુ શ્રીહરિનું પ્રાગટ્ય અને દેવી થકી પોતાનો વિનાશ સાંભળતાંની સાથે જ તેમની ધીરજ ચાલી ગઈ, ચિંતારૂપી રોગથી પીડાવા લાગ્યા તેમજ એક એક દિવસને યુગની પેઠે ભયથી પસાર કરવા લાગ્યા. (૨૩)

હે રાજન્ ! આ બાજુ નિર્ભય બનેલા હરિપ્રસાદ વિપ્રે ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિનું અને આસો વદી ચતુર્દશીએ હનુમાનજીનું વિધિ પ્રમાણે વ્રત કર્યું. (૨૪) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'અસુરોને વિંધ્યવાસિની દેવીનો શાપ' નામનો એકવીસમો અધ્યાય : (૨૧)*

## અધ્યાય : ૨૨

## શ્રીહરિના પ્રાદુર્ભાવ સમયે દર્શનાર્થી દેવાદિકૃત સ્તુતિ અને આનંદોત્સવ

**ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય :-** ભગવાનને ઉદરમાં ધારણ કરતા ભક્તિદેવી પૃથ્વી ઉપર દેવમાતા અદિતિની જેમ સમગ્ર નારીઓને આદરથી સત્કાર કરવા યોગ્ય થયાં. (૧) અખિલ બ્રહ્માંડના આધાર અને દેવોના અધીશ્વર ભગવાન શ્રીનારાયણને ઉદરમાં ધારણ કરતાં ભક્તિદેવી એકાએક ચંદ્રમાની કાંતિ સમાન શોભવા લાગ્યાં. (૨)

ભક્તિદેવીના શરીરની વૃદ્ધિ પામેલ અપૂર્વ કાંતિનું કારણ નહિ જાણનારા પુરુષોના સમુદાયો તેમને જોવા ચારે બાજુએથી આવવા લાગ્યા અને આંગણામાં બેઠેલાં ભક્તિદેવીને વિસ્મય પૂર્વક નિહાળવા લાગ્યા. (૩) પોતાના શરીરની અદ્‌ભુત કાંતિથી ઘરની અંદરના અંધકારનો નાશ કરતાં ભક્તિદેવી ગર્ભધારણથી અથવા સહજ પણે લજ્જાશીલ હોવાથી પોતાને જોવાની ઈચ્છાથી ટોળે મળીને આવતા જન સમુદાયથી પીડા પામતાં હોવાથી ઘરમાંથી બહાર નીકળતાં ન હતાં. (૪) સ્વયં ધર્મદેવ પણ વેદગર્ભા સાવિત્રીદેવી સમાન ભક્તિદેવીને જોઈને પોતાના મનમાં આશ્ચર્ય સાથે અતિશય હર્ષ પામતા હતા. (૫)

ક્યારેય પણ કોઈ સ્થળમાં નહિ જોએલા નાજુક-તેજસ્વી અને મંદ મંદ મુસ્કુરાતા મુખથી શોભતાં ભક્તિદેવીને નિહાળી નગરની અન્ય નારીઓ પરસ્પર આ પ્રમાણે બોલવા લાગી. અહો ! આપણે આ પૃથ્વી ઉપર અનેક સગર્ભા સ્ત્રીઓ જોયેલી છે પરંતુ આ ભક્તિદેવી સમાન સ્ત્રીને ક્યારેય જોઈ નથી કે સાંભળી પણ નથી (૬/૭) હે રાજન્ ! દેવતાઓને પણ વંદન કરવા યોગ્ય તેમજ સૌંદર્યનાં નિધિ ભક્તિદેવીએ દસમો મહિનો બેસતાં બ્રાહ્મણોએ બતાવેલ મુહૂર્તમાં સૂતિકા ગૃહમાં પ્રવેશ કર્યો. (૮) હે રાજન્ ! ધર્મદેવે પણ પ્રસવ સુખપૂર્વક થાય એ નિમિત્તે હોમહવન કરવાની ઘૃતાદિ સામગ્રી તૈયાર કરી

सुज्ञास्तत्रावसन्नृप ! ॥९॥ अथातिशोभनः कालः सर्वमङ्गलकारणम् । अभवत्सहसा येन सर्व आसन्सुविस्मिताः ॥१०॥ आविर्भावस्य समये हरेः साक्षात्सुखाम्बुधेः । आनन्द एव त्रैलोक्ये प्रावर्तत ह सर्वतः ॥११॥ धर्मालयं विष्णुविरिञ्चिरुद्रा इन्द्रादयो दिक्पतयश्च सर्वे । विज्ञाय सर्वज्ञतयैव भाव्यं प्राकट्यमानन्दनिधेः समीयुः ॥१२॥ देवाश्च ते स्वस्वविमानसंस्थाः प्राकट्यमात्माधिपतेः सयोषाः । प्रतीक्षमाणा गगने हि तस्थुस्तद्वेश्ममात्रार्पितदीर्घनेत्राः ॥१३॥ भक्तेरङ्गात्तदानीं सकलतनुभृतामान्तराणां घनानां बाह्यानां चाप्यकस्मात्क्षयपटु तमसां तेज आविर्बभूव । गेहं तद्व्याप्य सर्वं सिततरममलं गाढमानन्दरूपं व्यापच्चाऽऽब्रह्मलोकात्सकलसुरनरान् भूरि विस्मापयत्तत् ॥१४॥ तत्कोटिकोट्यग्निरवीन्दुसङ्घतेजोधिकं तेज उरुप्रकाशम् । ततोऽण्डगोलावरणानि चाष्टौ व्यापत्समन्तादपि वर्धमानम् ॥१५॥ तत्सच्चिदानन्दमयं हि तेजः सर्वैः समन्ताद्ददृशे न चान्यत् । नोर्ध्वं न चाधो न तथान्तरालं स्वर्गो न भूमिर्न दिशश्च दृष्टाः ॥१६॥ तत्रागता ये निजशक्तियुक्ताः पुरैव तद्ध्यानबलेन बुद्ध्वा । प्राकट्यमीशस्य विधीश्वराद्या देवास्तदालोक्य विसिस्मिरे ते ॥१७॥ उत्पत्तिनाशस्थितिहेतवोऽपि ब्रह्मादयस्ते च समस्तदेव्यः । सर्वेऽपि तेजःप्रतिरुद्धनेत्रा ज्ञात्वाऽऽगतं तं प्रभुमीडते स्म ॥१८॥ देवा ऊचुः – नमस्तेजस्तेजः ! परममहसेऽस्पृष्टतमसे नमो मायामायापरपुरुषसञ्चिन्त्यवपुषे । नमो भूतेभूते नियमनविधौ च स्थितवते नमो भूयोभूयः परमपुरुषानन्तगुण ! ते ॥१९॥ यथैकस्याप्यस्ति प्रकटमिह कुर्या यदि तथा

રાખી તથા પ્રસૂતિકર્મ કરાવવામાં નિપુણ એવી સ્ત્રીઓ પણ ત્યાં જ નિવાસ કરવા લાગી. (૯)

**આનંદકંદ પરમેશ્વરનાં દર્શનાર્થે દેવતાઓનું આગમન** :- ત્યારબાદ સર્વનું મંગળ કરનાર ભગવત્ પ્રાગટ્યનો અતિ રમણીય સમય અચાનક પ્રાપ્ત થતાં સર્વે મનુષ્યો વિસ્મય પામ્યા. (૧૦) સુખના સિંધુ શ્રીહરિના પ્રત્યક્ષ પ્રાદુર્ભાવના સમયે સમગ્ર ત્રિલોકમાં આનંદ અને આનંદ જ વર્તાવા લાગ્યો. (૧૧) આનંદનિધિ ભગવાન ટૂંક સમયમાં જ પ્રગટ થશે એમ સર્વજ્ઞતાથી જાણીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્રાદિ દેવો અને દશે દિગ્પાળો પ્રભુનાં દર્શનાર્થે ધર્મદેવના ભવન પ્રત્યે આવવા લાગ્યા. (૧૨) પોતપોતાની પત્નીઓએ સહિત પોતપોતાનાં વિમાનોમાં બેઠેલાં દેવતાઓ ધર્મદેવના ભુવન ઉપર નેત્રવૃત્તિને સ્થિર કરી સર્વાધિપતિ ભગવાન શ્રીહરિના પ્રાગટ્યની પ્રતીક્ષા કરવા લાગ્યા. (૧૩)

**શ્રીહરિના દિવ્ય તેજનું દર્શન** :- ભગવાનના પ્રાગટ્ય સમયે ભક્તિદેવીના અંગમાંથી તત્કાળ સમગ્ર જીવપ્રાણી માત્રના આંતર અને બાહ્ય અંધકારનો વિનાશ કરવામાં સમર્થ એવું કોઈ અપૂર્વ તેજ એકદમ પ્રગટ થયું. આ તેજ અતિશય ઉજ્જવળ અને નિર્દોષ હતું. ગાઢ અને આનંદરૂપ હતું. સહુ પ્રથમ ધર્મદેવના સંપૂર્ણ ભવનમાં વ્યાપેલું આ તેજ એજ ક્ષણે સમગ્ર દેવો અને મનુષ્યોને વિસ્મય પમાડતું બ્રહ્માના ભુવન પર્યંત વ્યાપી ગયું. (૧૪)

આ તેજ કોટિ કોટિ અગ્નિ સૂર્ય અને ચંદ્રમાના સામૂહિક તેજઃપુંજ કરતાં પણ અતિશય પ્રકાશમાન હતું. ચારે તરફ પ્રસરતું આ તેજ વૃદ્ધિ પામતાં પામતાં અષ્ટ આવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી ગયું. (૧૫) સર્વે દેવતાઓ ચારે તરફ પ્રસરેલા એકમાત્ર સચ્ચિદાનંદરૂપ તેજને જ જોતા હતા; તે સિવાય અન્ય ઊર્ધ્વલોક, અધોલોક, મધ્યલોક, સ્વર્ગ, પૃથ્વી કે દિશાઓને પણ નિહાળી શકતા ન હતા. (૧૬) ભગવદ્ધ્યાનના બળથી શ્રીહરિના પ્રાગટ્યને પ્રથમથી જ જાણીને પોતપોતાની પત્નીઓ સહિત ત્યાં પધારેલા બ્રહ્માદિ દેવતાઓ આ અલૌકિક તેજનાં દર્શન કરી વિસ્મય પામ્યા. (૧૭)

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત હોવા છતાં પણ તે બ્રહ્માદિ દેવો અને તેમની પત્નીઓનાં નેત્રો તેજથી અંજાઈ ગયાં. અને તેઓ 'શ્રીહરિનું પ્રાગટ્ય થઈ ગયું છે' એમ જાણીને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં. (૧૮)

**પ્રાગટ્ય સમયે દેવોએ કરેલું પરમાત્માનું સ્તવન** :- દેવતાઓ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે : હે ભગવન્! તમે તેજઃતેજ ! અર્થાત્ સર્વના પ્રકાશક સૂર્યાદિકના પણ પ્રકાશક છો આપને અમે નમસ્કાર કરીએ છીએ. તમો પરમ અર્થાત્ સર્વોત્કૃષ્ટ તેજસ્વી છો, માયાના અંધકારથી પર રહેલા એવા આપને નમસ્કાર. તમારું દિવ્ય સ્વરૂપ માયા અને માયાથી પર એવા અક્ષર પુરુષોએ પણ ધ્યાન કરવા યોગ્ય છે. સમસ્ત વિશ્વના નિયમનને અર્થે પ્રત્યેક ભૂત-પ્રાણીમાં અંતર્યામી શક્તિથી પ્રવેશ કરીને રહેલા તમને નમસ્કાર. હે પરમપુરુષ ! તમે કારુણ્ય સૌશીલ્યાદિ અનંત કલ્યાણકારી ગુણોના નિધિ છો. આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૧૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स्वरोम्णस्तेजस्त्वं तदपि परपुम्भिस्तदपरम् । न किञ्चिद्वीक्ष्येत प्रभव इह किं तर्हि विबुधास्ततो जाताज्जातास्त्रिगुणमतयस्त्वामवसितुम् ॥२०॥ वयं त्वेतत्तेजोमयजलधिमग्नाण्डपतिता न पश्यामः किञ्चित्परमपरमन्यं न च निजम् । स्वकीयं देहं वा कुत इह तदन्यच्च भुवनं परं तेजस्त्वेकं दृशि गतमिदं भात्यतिघनम् ॥२१॥ न तद्द्रष्टुं शक्ता वयमिदमपारं तव महः पिधाने च स्वेषां नयनयुगलानामपि कृते । तदन्तः पश्यामः प्रचुरतरतेजः खलु हरे ! ततः सम्भ्रान्तानां त्वमसि गतिरेका दिविषदाम् ॥२२॥ न जानीमः स्तोतुं परममहसा भ्रान्तमनसस्त्वदीयेनातस्त्वां शरणमुपयाताः किल वयम् । ततस्तेजः स्वीयं सकलमुपसंहृत्य कृपया स्वकीयां मूर्तिं नः पृथुकरुण ! सन्दर्शय विभो ! ॥२३॥ सुव्रत उवाच - इत्थं स्तुतस्तैः स बभूव दृश्यः कृष्णः स्वयं धर्मवरप्रदाता । तत्रैव तेजस्यपि तेन दृष्ट्या प्रदत्तया भक्तहितावहेन ॥२४॥ तत्त्वात्मतेजः स्वयमात्मनीशः स संहरन् ब्रह्महरादिदेवैः । दृश्यः सुखेनास च सङ्गताभिस्तदङ्गनाभिर्मुनिभिश्च सर्वैः ॥२५॥ गोलोक एवाक्षरधाम्नि दिव्येऽनन्ते च यादृग्रमते स नित्यम् । तं तादृशं ते ददृशुर्द्विहस्तं निनादयन्तं मुरलीं मुकुन्दम् ॥२६॥ स देवशर्माऽपि सदा स्मरंस्तं भक्तिश्च तस्योपशमे विलोक्य । निजेष्टदेवं सुतभावभाजं सम्प्रापतुर्विस्मयमस्मयौ तौ ॥२७॥ वृन्दावने यादृश आत्मना प्रागाराध्य दृष्टः परिवारयुक्तः । तं तत्र तौ तादृशमेव दृष्ट्वा निश्चिक्यतुः कृष्ण इति स्वचित्ते ॥२८॥ अथ देवा विदित्वा तं साक्षाच्छ्रीपुरुषोत्तमम् । प्रादुर्भूतं सतः

તમારા શરીરના એક રોમમાં જેટલું તેજ રહેલું છે તેટલું પણ તેજ જો તમે અહીંયાં પ્રગટ કરો તો તે તેજથી અંજાયેલા અક્ષરાત્મક પુરુષો પણ તેજ સિવાય બીજું કંઈ પણ જોવા સમર્થ થઈ શકે નહિ. તો તેમનાથી ઉત્પન્ન થયેલા પ્રધાનપુરુષ, પ્રધાનપુરુષથી ઉત્પન્ન થયેલા વૈરાજપુરુષ અને તેમનાથી ઉત્પન્ન થયેલા ત્રિગુણી મતિવાળા અમે બ્રહ્માદિ દેવતાઓ પુરુષોત્તમ એવા આપના ઐશ્વર્યને યથાર્થ જાણવા કેવી રીતે સમર્થ થઈએ ? અર્થાત્ જાણવા સમર્થ નથી. (૨૦)

આ તેજોમય મહાસિંધુમાં ડૂબેલા બ્રહ્માંડને વિષે રહેલા અમે દૂર કે નજીકની કોઈપણ વસ્તુને જોઈ શકતા નથી તેમજ અમે અમારા શરીરને પણ જોઈ શકતા નથી. તો અન્ય જગતને અમે કેવી રીતે જોઈ શકીએ ? અમારી દૃષ્ટિમાં માત્ર તમારું અતિ ઘાટું તેજ જ દેખાય છે. (૨૧)

હે હરિ ! અનંત અપાર આ તમારા દિવ્ય તેજને જોવા અમે સમર્થ નથી. અમે અમારાં નેત્રો બંધ કરીએ છીએ છતાં પણ આ ચારે તરફ પ્રસરેલું તમારું તેજ અમે અમારા અંતરમાં નિહાળીએ છીએ. આ તેજને સહન નહિ કરી શકવાથી અમે આકુળવ્યાકુળ બન્યા છીએ. તમે અમારા દેવતાઓની એક માત્ર ગતિસ્વરૂપ છો. (૨૨) હે વિભુસ્વરૂપ ! તમારા આ પરમ તેજથી સંભ્રાન્ત થયેલા ચિત્તવાળા અમે આકુળવ્યાકુળ થયા છીએ. તેથી તમારી સ્તુતિ કરવા પણ અમે સમર્થ નથી. અમે તમારે શરણે આવ્યા છીએ. માટે હે મહાકરુણાના સિંધુ ! કરુણા કરી તમારા આ સમગ્ર તેજનો ઉપસંહાર કરો અને આપના રમણીય સ્વરૂપનું દર્શન કરાવો. (૨૩)

**સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્ ! દેવતાઓએ આ પ્રકારે સ્તુતિ કરી. ત્યારબાદ ધર્મદેવને વરદાન આપનારા અને ભક્તજનોનું હિત કરનારા એજ ભગવાને આપેલી દિવ્ય દૃષ્ટિથી સર્વે દેવતાઓને તે તેજને વિષે ભગવાન શ્રીકૃષ્ણ પુરૂષાત્તમનાં પ્રત્યક્ષ દર્શન થયાં. (૨૪) સર્વના નિયંતા ભગવાને પોતાનું તેજ સંકેલ્યું અને બ્રહ્મા, શિવ વગેરે દેવો, તેમનાં પત્નીઓ અને સર્વે મુનિઓ સુખેથી પોતાનાં દર્શન કરી શકે એવા સ્વરૂપથી પ્રગટ થયાં. (૨૫) આ સમયે સુંદરગોલોકને મધ્યે રહેલા અનંત અપાર તેમજ દિવ્ય અક્ષરધામને વિષે જેવા સ્વરૂપે પરમાત્મા નિત્ય વિરાજમાન રહે છે તેવા જ દ્વિભુજ સ્વરૂપથી મોરલી વજાડતા મુકુંદ ભગવાનનાં બ્રહ્માદિ દેવતાઓએ દર્શન કર્યાં. (૨૬)

સર્વદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરનારાં ધર્મ અને ભક્તિદેવી પણ ચોતરફ પ્રસરતું તેજ શાંત થયું ત્યારે પુત્રસ્વરૂપે પ્રગટ થયેલા પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરી પરમ વિસ્મય પામ્યાં અને તેમ છતાં આવી અલૌકિક પ્રાપ્તિનો કોઈ ગર્વ પણ તેમને સ્પર્શ કરી શક્યો ન હતો. અર્થાત્ વિનયથી નમ્ર જ રહેતાં હતાં. (૨૭)

પૂર્વે વૃંદાવનમાં આરાધના કરી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના પરિવારે સહિત જેવાં દર્શન થયાં હતાં તેવા જ સ્વરૂપે દર્શન કરતાં ધર્મદેવ અને ભક્તિદેવીએ **'આ એ જ શ્રીકૃષ્ણ છે'** એવો મનમાં નિશ્ચય કર્યો. (૨૮) અધર્મસર્ગ થકી



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**पातुं धर्मं चासुरसर्गतः ॥२९॥ प्रणम्य दण्डवद्भक्त्या बद्धाञ्जलिपुटा नृप ! । विनयेनोपसङ्गम्य तुष्टुवुर्जगदीश्वरम् ॥३०॥** देवा ऊचुः- **स्वामिन् ! भक्त्या भक्तजनातिप्रियमाद्यं मायातीतं मङ्गलरूपं जगदीशम् । आविर्भूतं धर्मगृहे त्वां प्रणमामः कृष्णं साक्षादासुरसर्गक्षयहेतुम् ॥३१॥**
**सर्गस्यादौ शुद्धपुमांस्त्वं निजमायां पश्यस्येकश्चागणिताण्डोद्भवदृष्ट्या । उत्पद्यन्ते ह्यण्डसमूहाश्च सहेशास्तस्याः सर्वे नाथ ! ततस्त्वं जगदीशः ॥३२॥ त्वत्तो जाताश्चागणिताण्डाश्रयभूता नारासंज्ञामापुरिहापो ह्यत एव । स त्वं विश्वाधार इदानीं नरनाट्यं धर्ता नाथ ! स्वाश्रितजीवावनहेतोः ॥३३॥ नारास्वादौ तासु च शिष्ये पुरुषो यः ख्यातो वेदे तेन हि नारायणनामा । देवः सोऽङ्गं देव ! तवैवादिमपुंसो दृष्ट्वा साक्षात्सम्प्रति तं त्वां मुदिताः स्मः ॥३४॥ एकैकाण्डं त्वं खलु सङ्कर्षणसंज्ञः शेषो भूत्वा शीर्ष्णि दधास्येव यथाऽणुम् । नानासिद्धैर्नागगणेन्द्रैश्च परीतः पातालस्थो बोधयसीशात्मगतिं च ॥३५॥ नित्यं भास्वन्मण्डलमध्येऽम्बुजसंस्थस्तेजोमूर्तिः कर्मकृतां त्वं कृतिसाक्षी । अर्चिर्मार्गाधिष्ठितदेवैश्च नियन्ता मुक्तानां वै ब्रह्मगतिं प्रापयिताऽसि ॥३६॥ भक्त्या नित्यं संसृतिबन्धात्स्वविमुक्त्यै योगिध्यातं द्वादशपत्रे हृदयाब्जे । तेषामन्तर्ध्वान्तहरं यन्नखकान्त्या तत्पादाम्भोजं तव वन्दामह ईश ! ॥३७॥** सुव्रत उवाच - **देवादय इति स्तुत्वा तं प्रणम्याथ दूरतः । स्थित्वा तद्दर्शनं चक्रुः प्रसन्नवदनेक्षणाः ॥३८॥ सोऽथ विप्रः सभार्यस्तं वृन्दावनविहारिणम् । सत्यप्रतिज्ञं तुष्टाव**

સાધુપુરુષો અને ધર્મનું રક્ષણ કરવા પ્રાદુર્ભાવ પામેલા પરમાત્માને દેવતાઓએ પ્રત્યક્ષ શ્રીપુરુષોત્તમ જાણી ભક્તિભાવથી દંડની પેઠે પ્રણામ કર્યા અને પ્રભુની સમીપમાં આવી વિનયથી બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. (૨૯/૩૦) **દેવતાઓ સ્તુતિ કરતા કહે છે,** હે સ્વામિન્ ! તમને ભક્તજનો અતિશય વહાલા છે. તમે સર્વના આદિ કારણ છો. તમે માયાથી પર છો. આપનું દિવ્ય સ્વરૂપ સર્વનું મંગળ કરનાર છે. તમે જગતના સ્વામી છો. અસુરોના સર્ગનો વિનાશ કરવાને અર્થે ધર્મદેવના ભુવનમાં પ્રગટ થયા છો. હે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ! તમને અમે પ્રેમથી પ્રણામ કરીએ છીએ. (૩૧)

જગત્સૃષ્ટિની પૂર્વે વિશુદ્ધ અક્ષરાત્મક પુરુષ સ્વરૂપે તમે અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરવાના સંકલ્પથી મહામાયાની સામે દૃષ્ટિ કરો છો. તેમના થકી હજારો પ્રધાન પુરુષોએ સહિત અગણિત બ્રહ્માંડોનું સર્જન થાય છે. હે નાથ! તેથી તમે જગદીશ અર્થાત્ સમસ્ત વિશ્વના સ્વામી છો. (૩૨) અનંત કોટિ બ્રહ્માંડોના આધારભૂત એવું ગર્ભોદકનું જળ નર સંજ્ઞાવાળા અક્ષરાત્મક પુરૂષ દ્વારા તમારા થકી ઉત્પન્ન થયું છે. અને તે હેતુથી જ તે **'નાર'** એવી સંજ્ઞાને પામ્યું છે. તેથી હે સમસ્ત વિશ્વના આધાર, પુરૂષોત્તમ ! તમે પોતાના આશ્રિતજનો (ભક્તિ-ધર્મ આદિક)નાં રક્ષણ કરવાને અર્થે મનુષ્યસ્વરૂપે અત્યારે પ્રગટ થયા છો. (૩૩)

સૃષ્ટિના આદિ કાળમાં (નર સંજ્ઞક પુરૂષથી ઉત્પન્ન થયેલા) **નાર** સંજ્ઞિત ગર્ભોદક જળને વિષે જે પુરુષે શયન કર્યું તે પુરુષ વેદમાં **'નારાયણ'** નામથી વિખ્યાત થયા. હે દેવ ! તે મૂળ પ્રકૃતિ સાથે ક્રીડા કરનાર દેવ જે અક્ષરાત્મક પુરુષ, તે આપનું જ એક અંગ છે અર્થાત્ તે પુરૂષ આપના દાસભૂત હોવાથી અંતર્યામી ભાવે આપજ એની અંદર રહીને સર્વનું નિયમન કરો છો. સર્વના અંતર્યામી આપનાં પ્રત્યક્ષ દર્શન કરીને અમે આનંદિત બન્યા છીએ. (૩૪)

સંકર્ષણ સંજ્ઞાને પામેલા તમે શેષનારાયણ સ્વરૂપે એક એક બ્રહ્માંડને અણુની પેઠે મસ્તક પર ધારણ કરો છો. અનેક સિદ્ધ પુરુષો તથા સર્પસમુદાયના સ્વામી વાસુકી આદિકથી સેવાયેલા તમે પાતાળમાં નિવાસ કરો છો. અને પોતાના સ્વરૂપના જ્ઞાનનો બોધ આપો છો. (૩૫) સૂર્યમંડલના મધ્યભાગમાં રહેલા કમળના આસન પર નિરંતર વિરાજમાન હિરણ્યમય પુરુષ સ્વરૂપે તમે યજ્ઞાદિ સત્કર્મ કરનારા પુરુષોના કર્મસાક્ષી છો. સર્વના નિયંતા તમે અર્ચિમાર્ગના અધિષ્ઠાતા આતિવાહિક દેવતાઓના માધ્યમથી મુક્તાત્માઓને બ્રહ્મગતિ પ્રાપ્ત કરાવો છો. (૩૬)

હે ઈશ ! સાંસારિક બંધનોથી મુક્ત થવાને અર્થે બાર પાંખડીના હૃદયકમળમાં યોગીપુરુષો નિરંતર સ્નેહપૂર્વક તમારાં ચરણકમળનું ધ્યાન કરે છે. અને ધ્યાન કરનારા પુરુષોના આંતર અંધકારને જે ચરણના નખમણિઓની કાંતિથી હરો છો તે તમારાં ચરણકમળમાં અમે વંદન કરીએ છીએ. (૩૭) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પ્રસન્ન મુખ અને નેત્રોવાળા દેવતાઓએ આ પ્રકારે પરમાત્માની સ્તુતિ કર્યા બાદ તેમને પ્રણામ કરી દૂર ઊભા રહીને દર્શન કરવા લાગ્યા. (૩૮)

बद्धाञ्जलिपुटः सुधीः ॥३९॥ देवशर्मोवाच - जय मुरलीधराच्युत ! मुकुन्द ! दयाम्बुनिधे ! निजशरणागताखिलसमीप्सितदानपटो ! । सकलगुणैकधाम सदयेक्षण ! विश्वपते ! तव पदपङ्कजद्वयमहं प्रणमामि हरे ! ॥४०॥ भवभयमुक्तये हृदि विचिन्त्यमशेषजनैर्निजजनकष्टसंछिदमतीव पवित्रमिदम् । परिणुतमब्जजादिभिरमर्त्यगणैः सततं हृदि विदधे महापुरुष ! तेऽङ्घ्रिसरोजयुगम् ॥४१॥ जितमरुदिन्द्रियैरमलहृत्कमलेऽर्कशतद्युतिनखमण्डलं दृशिधृतं निजयोगिजनैः । स्तुतमनिशं पदक्रमषडङ्गयुतैर्निगमैः शरणमुपागतोऽस्मि तव तत्पदपद्मिदम् ॥४२॥ विबुधवरैरपि प्रबलबुद्धिबलेन निजं दुरधिगमं स्वरूपमिति चात्तनरादितनुः । स्वयमथवाऽपरोक्षनिजवित्तिसदात्मतया ह्यवगमयंस्तदीश ! जगतोऽसि सदेकगुरुः ॥४३॥ असुभृदनादिबन्धनभिदाप्रभुता तव वै प्रभुरसि तत्त्वमेव जनताश्रयणीयतरः । त्वदुपकृतिं न कोऽपि भवति प्रतिकर्तुमलं समुपगतोऽस्म्यतोऽत्र भवदङ्घ्रिमहं शरणम् ॥४४॥ देवास्तद्गुरवो नरास्तदधिपाश्चान्येऽपि येऽधीश्वराः सर्वे कोटितमांशतुल्यमपि ते देव ! प्रसादस्य वै । दातुं न प्रभवन्ति किञ्चन फलं तस्मादहं त्वीश ! ते प्राप्तः पादसरोजमिष्टफलदं निःशेषदुःखापहम् ॥४५॥ यावन्नैव पदाम्बुजं श्रयति ते भक्त्या सुरेशोऽपि वा तावत्कालभयं न नश्यति हरे ! कुत्रापि कस्यापि वा । ज्ञात्वेत्थं परिहृत्य दुःखनिभृतामन्यां दुराशां धिया यस्त्वत्पादसरोजमेव सततं सेवेत धन्यः स हि ॥४६॥ ब्रह्माण्डकोटिप्रभवादिहेतुस्त्वं कारणानामपि कारणं हि । सर्वाश्रयः सर्वपतिस्त्वमेव वरप्रदाता मम

---

**ધર્મદેવ તેમજ ભક્તિ દેવીએ કરેલ સ્તુતિ** :- ત્યાર પછી ભક્તિદેવીએ સહિત સદ્‌બુદ્ધિમાન ધર્મદેવ વૃંદાવનવિહારી અને સત્યપ્રતિજ્ઞાવાળા પરમાત્માની બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. (૩૯) દેવશર્મા કહે છે : હે મોરલી ધરનારા, અચ્યુત ભગવાન ! તમારો વિજય થાઓ. હે મુકુંદ ! હે દયાસિંધુ ! હે પોતાને શરણે આવેલા જીવાત્માઓને તેમના ઈચ્છિત સમગ્ર વરદાન આપવામાં સમર્થ ! હે સકલ કલ્યાણકારી સદ્‌ગુણોના એકમાત્ર ધામસ્વરૂપ ! હે કરુણારસથી ભરેલાં નેત્રોવાળા! હે વિશ્વના સ્વામી! હે હરિ ! હું તમારાં ચરણકમળમાં વંદન કરું છું. (૪૦)

હે મહાપુરુષ ! સંસારના ભયથી મુક્ત થવા ઈચ્છતા જે કોઈ પણ જનોએ તમારાં ચરણકમળ હૃદયમાં ધ્યાન કરવા યોગ્ય છે. તમારાં ચરણકમળ ભક્તજનોના સંકટને દૂર કરનારા અને અત્યંત પવિત્ર છે. જે તમારાં ચરણકમળની બ્રહ્માદિ દેવતાઓના સમુદાયો સ્તુતિ કરે છે તે ચરણારવિંદને હું નિરંતર મારા હૃદયમાં ધારણ કરું છું. (૪૧)

એક સાથે ઉદય પામેલા અનેક સૂર્યનાં કિરણ સમાન કાંતિવાળા દિવ્ય નખમંડલનું પોતાનાં પ્રાણ અને ઈન્દ્રિયોને જીતનારા યોગીપુરુષો પોતાના હૃદય અને નેત્રકમળમાં ધ્યાન કરે છે. છ અંગ સહિત તેમજ પદવિભાગ અને ક્રમવિભાગે સહિત વેદો જે ચરણકમળની અહર્નિશ સ્તુતિ કરે છે તે આપનાં ચરણકમળના શરણે હું આવ્યો છું. (૪૨) હે ઈશ ! પોતાની પ્રભાવશાળી બુદ્ધિના બળથી શ્રેષ્ઠ દેવતાઓ પણ આપનાં સ્વરૂપને જાણવા સમર્થ થતાં નથી. તે હેતુથી મનુષ્યાદિ શરીરને ધારણ કરીને સ્વયં તમે અથવા આપના સ્વરૂપનો જેમને પ્રત્યક્ષ અનુભવ થયો હોય, તેવા સત્પુરુષો દ્વારા તમારા સ્વરૂપનો બોધ કરાવનારા; તમે જગતના એક માત્ર સાચા સદ્‌ગુરુ છો. (૪૩) પ્રાણધારી જીવાત્માઓનાં અનાદિ માયાનાં બંધનને તોડવામાં તમે જ સમર્થ છો. તમે જ જનસમુદાયના આશ્રય કરવા યોગ્ય છો. તમારા ઉપકારનો બદલો આપવા કોઈ પણ જીવપ્રાણી સમર્થ નથી. તે કારણથી આ લોકમાં હું તમારાં ચરણકમળના શરણે આવ્યો છું. (૪૪)

હે દેવ ! તમારા અનુગ્રહથી ભક્તજનને જે ફળ પ્રાપ્ત થાય છે તેના કોટિમા ભાગનું પણ દેવતાઓ, મનુષ્યો તથા તેમના ગુરૂઓ અને અધિપતિઓ (ઈંદ્ર વગેરે) તેમજ બ્રહ્માદિ ઈશ્વરો પણ ફળ આપવા સમર્થ થતાં નથી. તે કારણથી હે ઈશ ! સમગ્ર દુઃખને દૂર કરનાર તેમજ ઈચ્છિત ફળને આપનારા તમારાં ચરણકમળના આશરે હું આવ્યો છું. (૪૫)

હે હરિ ! દેવેન્દ્ર પણ જ્યાં સુધી તમારાં ચરણનો ભક્તિભાવપૂર્વક આશ્રય કરતો નથી ત્યાં સુધી તેની માથેથી પણ કાળનો ભય દૂર થતો નથી. તે કારણથી જે પુરુષ આ પ્રકારે વિવેક બુદ્ધિથી વિચાર પૂર્વક દુઃખથી ભરપૂર દુરાશાનો ત્યાગ કરી તમારાં ચરણકમળનું નિરંતર સેવન કરે છે તે પુરુષ જ ધન્ય છે. કારણ કે તમારી ભક્તિ વિના કોઈપણ સ્થળે કોઈનેય પણ કાળનો ભય નષ્ટ થવો શક્ય જ નથી. (૪૬)

અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના મુખ્ય હેતુ એવા તમે જ પ્રકૃતિપુરુષ વગેરે કારણતત્ત્વોનાં પણ

कृष्ण एव ॥४७॥ धृत्वावतारान् बहुशस्त्वमेव युगे युगे पासि च धर्मसेतून् । रक्षन् सतो हंसि च धर्महन्तॄन् ज्ञानं स्वरूपस्य तनोषि चेश ! ॥४८॥ स साम्प्रतं त्वं कलिना विवृद्धमधर्मसर्गं गुरुभूपसंस्थम् । निवर्त्य पातुं स्वपदोपसन्नान् गृहे मदीयेऽत्र बभूविथाविः ॥४९॥

सुव्रत उवाच - इति स्तुतो विप्रवरेण कृष्णो मानुष्यनाट्यं बहुधा विधित्सुः । उवाच तं प्रेमरसार्द्रभावं भक्तप्रियः सर्वहितावतारः ॥५०॥ श्रीभगवानुवाच - त्वं साक्षाद्धर्मदेवोऽभूः पूर्वसर्गे द्विजोत्तम ! । इयं च मूर्तिस्त्वत्पत्नी त्वामेवानुव्रता सदा ॥५१॥ दुर्वाससो मुनेः शापात्प्राप्तौ मानुष्यमत्र वै । उपद्रुतौ मुहुर्दुष्टैः कल्यधर्माश्रितैर्नृभिः ॥५२॥ स्वधर्मस्थावुभौ लोके भ्रमन्तौ तीर्थभूमिषु । सम्प्राप्तौ वैष्णवीं दीक्षामुद्धवान्मदुपाश्रितात् ॥५३॥ वृन्दावनमुपेत्याथ विष्णुयागेन भूयसा । मदाराधनमव्यग्रौ कुर्वाते स्मैकचेतसौ ॥५४॥ वैरिदारिद्र्यातिपीडाविच्छेदं चात्मरक्षणम् । अभीप्सन्तौ मत्त एव निश्छद्मसकलक्रियौ ॥५५॥ जिताहारौ मिताहारौ ब्रह्मचर्यदृढस्थिती । जितनिद्रावेकभावौ मामाराधयतं युवाम् ॥५६॥ दृष्ट्वा वां तपसा कार्श्यं भावं च दृढमात्मनि । कालेनाल्पेन तुष्टोऽहमीदृग्रूपमदर्शयम् ॥५७॥ ततः प्रसन्नेन मया वरो दत्तस्त्वदीप्सितः । प्रोक्तं च विप्र ! ते रक्षां कर्ता भूत्वा सुतस्त्विति ॥५८॥ अन्तर्हितस्ततोऽभूवं त्वं च स्वगृहमागतः । तत आरभ्य ते वैरिभीतिर्नष्टा च दीनता ॥५९॥ एतत्स्मृत्यर्थमेवेदं रूपं दिव्यं प्रदर्शितम् । प्राप्तोऽस्मि युष्मत्पुत्रत्वं भव स्वस्थो द्विजर्षभ ! ॥६०॥

---

કારણસ્વરૂપ છો. સર્વના આધાર અને સર્વના સ્વામી પણ તમે જ છો. તથા વૃન્દાવનને વિષે મને વરદાન આપનારા શ્રીકૃષ્ણ પણ તમે જ છો. (૪૭) હે ઈશ ! તમે જ યુગયુગને વિષે અનેક અવતારો ધારણ કરી ધર્મમર્યાદાનું પાલન કરો છો. સત્પુરુષોનું રક્ષણ કરો છો. ધર્મના વિદ્વેષીઓનો સંહાર કરો છો અને તમારા સ્વરૂપનું જ્ઞાન આપો છો. (૪૮)

ગુરુ અને રાજાઓમાં રહેલા, કલિયુગના બળથી વૃદ્ધિ પામેલા અધર્મસર્ગનો વિનાશ કરી તમારાં શ્રીચરણને શરણે આવેલા જીવાત્માઓનાં રક્ષણને અર્થે અત્યારે તમે મારા ભુવનમાં પ્રગટ થયા છો. (૪૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! વિપ્રવર્યે આ પ્રકારે પરમાત્માની સ્તુતિ કરી. ત્યારપછી બહુપ્રકારે મનુષ્યચેષ્ટા કરવા ઈચ્છતા ભક્તપ્રિય અને સર્વ જીવોનું હિત કરવાને અર્થે અવતાર ગ્રહણ કરતા **ભગવાન શ્રીકૃષ્ણ** પ્રેમરસથી આર્દ્ર ભાવવાળા ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા. (૫૦)

હે વિપ્રવર્ય ! તમે પૂર્વ સર્ગમાં સાક્ષાત્ 'ધર્મપ્રજાપતિ' હતા અને આ ભક્તિદેવી તે નિરંતર તમારી અનુવૃત્તિમાં રહેનારાં તમારાં પત્ની 'મૂર્તિદેવી' હતાં. (૫૧) દુર્વાસા મહર્ષિના શાપથી તમે આ ભરતખંડમાં મનુષ્ય જન્મને પામ્યાં છો. અને કળિયુગ તથા અધર્મનો આશ્રય કરનારા દુષ્ટ મનુષ્યોથી વારંવાર પીડા પામી રહ્યાં છો. (૫૨)

પૃથ્વીલોકમાં રહેલાં તીર્થક્ષેત્રોમાં વિચરણ કરતા ધાર્મિક એવા તમે મારા જ એક આશ્રયવાળા ઉદ્ધવજીના અવતાર સ્વરૂપ શ્રીરામાનંદ મુનિ થકી વૈષ્ણવી દીક્ષા ધારણ કરી. (૫૩) ત્યારપછી વૃંદાવન ક્ષેત્રમાં જઈને એકાગ્ર મનથી મહાવિષ્ણુયાગના માધ્યમથી તમે મારું આરાધન કર્યું. (૫૪) કારણ કે શત્રુઓએ સર્જેલી દારિદ્ર્યતાની પીડાનો નાશ તથા આત્મરક્ષા મારા થકી જ નિષ્કપટ ક્રિયાવાળા તમે બંને ઈચ્છતા હતા. (૫૫)

આહારને જીતનારા, મિતાહાર કરનારા, બ્રહ્મચર્યમાં દૃઢ સ્થિતિવાળા, નિદ્રાને જીતનારા, એક મારા સ્વરૂપને વિષે જ દૃઢ ભાવવાળા તેમજ મારી આરાધના કરનારા તમોને મારા સ્વરૂપને વિષે દૃઢ સ્થિતિવાળા અને તપથી કૃશ શરીરવાળા જોઈને હું પ્રસન્ન થયો; અને ટૂંક સમયમાં જ મેં તમને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. (૫૬/૫૭)

ત્યારબાદ પ્રસન્ન થયેલાં મેં તમને ઈચ્છિત વરદાન આપ્યું અને કહ્યું કે હે વિપ્ર ! તમારે ત્યાં હું પુત્ર સ્વરૂપે પ્રગટ થઈને તમારું રક્ષણ કરીશ. (૫૮) ત્યાર પછી હું અંતર્ધાન થયો અને તમે બન્ને તમારે ઘેર આવ્યાં. ત્યારથી આરંભીને તમારા શત્રુઓનો ભય અને દીનતા નાશ પામ્યાં. (૫૯) હે વિપ્રવર્ય ! પૂર્વે ઘટેલી આ સમગ્ર ઘટનાના સ્મરણને અર્થે મેં તમને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. હું તમારે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થયો છું. માટે તમે સ્વસ્થ બનો. અર્થાત્ ચિંતાનો ત્યાગ કરી કેવળ મારા ચિંતનપરાયણ બનો. (૬૦) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સમગ્ર જગતના સ્વામી ભગવાને ધર્મદેવને

सुव्रत उवाच - **एवं तमुक्त्वा जगदीश्वरोऽसौ सद्योऽभवन्मानुषदिव्यबालः । भक्तेः स्वमातुः शयनेऽथ रेमे पूर्णेन्दुकान्तिश्च मनोहराङ्गः ॥६१॥**
**कृष्णेच्छयैवाथ स विप्रवर्यो नष्टस्मृतिः सा च बभूव भक्तिः । पुत्रं प्रजातं तमवेत्य हृद्यं हर्षं महान्तं हृदि चापतुस्तौ ॥६२॥ तं बालकृष्णं धृतमर्त्यभावं देवादयस्ते च स देवशर्मा। वेषान्तरं प्राप्तमिवात्मतन्त्रं नटोत्तमं सन्ददृशुः सहर्षम् ॥६३॥ सत्स्वस्तिकादिनवलक्षणदक्षपादं मत्स्यादिसप्तकसुलक्षितवामपादम् । आरक्तपल्लवनिभाङ्गुलिराजि-राजत्सुस्निग्धकोमलमनोहरपादपद्मम् ॥६४॥ उत्तुङ्गशोणनखनिर्गतसन्मयूखैर्मुष्णन्तमुष्णकिरणादिरुचः समग्राः । ईषत्समुन्नतसुवर्तुलगुल्फचारुजङ्घासुजानुकरभोरुयुगातिशोभम् ॥६५॥ राजद्बृहत्कटितटं पुरटाभचञ्चत्स्निग्धाति-सूक्ष्मविरलोद्गतरोमरम्यम् । गम्भीरवर्तुलसुशोभितनाभिराजदश्वत्थपत्रसमतुन्दवलित्रयाङ्कम् ॥६६॥ हासावदातरुचिसङ्ग्यधरारुणश्रीश्रीवत्सशोभितपृथून्नतवक्षसं च । आजानुलम्बिदृढपीवरबाहुदण्डं तुङ्गारुणोज्ज्वलमहःकरजश्रियं च ॥६७॥ सूक्ष्मायताङ्गुलिविराजितशोणपद्मकान्तस्वभावकटिनोत्तमपाणियुग्मम् । संशोभितायतहनुद्युतिकम्बुकण्ठं नम्राग्रतुङ्गतिलपुष्पसमाननासम् ॥६८॥ नस्प्रान्तकर्णपुटकान्तरसूक्ष्मबिन्दुं**

---

આ પ્રમાણે કહ્યું; અને તે જ ક્ષણે દિવ્યમાનુષ બાળ સ્વરૂપે પ્રગટ થયા અને પોતાની માતા ભક્તિદેવીની ગોદમાં શયનતળ વિષે રમવા લાગ્યા. પૂર્ણિમાના ચંદ્રની કાંતિ સમાન આ બાળ સ્વરૂપ શ્રીહરિની કાંતિ ઉજ્જવળ હતી. મનોહર અવયવોથી શ્રીહરિ શોભતા હતા. (૬૧)

ત્યાર પછી ભગવાનની ઈચ્છાથી જ ધર્મદેવ અને ભક્તિદેવીને બાળકરૂપ પરમાત્માના દિવ્યપણાના જ્ઞાનની વિસ્મૃતિ થઈ. જન્મેલા મનોહર પુત્રને જોઈ તેઓ હૃદયમાં અત્યંત હર્ષ પામ્યાં. (૬૨) જેમ નટવિદ્યામાં નિપુણ નટ અનેક પ્રકારના વેષને ધારણ કરે તે રીતે જ સ્વતંત્રપણે મનુષ્ય સ્વરૂપને ધારણ કરતા શ્રીહરિનાં **દર્શન** દેવતાઓ વગેરે-તેમની પત્નીઓ-મુનિઓ અને દેવશર્મા હર્ષપૂર્વક કરવા લાગ્યા. (૬૩)

શ્રીહરિનો જમણો ચરણ સુંદર સ્વસ્તિક, જાંબુ, જવ વગેરે નવ ચિહ્નોથી અંકિત હતો. અને ડાબો ચરણ મત્સ્ય, ત્રિકોણ વગેરે સાત ચિહ્નોથી શોભી રહ્યો હતો. શ્રીહરિનાં ચરણકમળ કોમળ, સ્નિગ્ધ અને મનને હરનારાં હતાં. ચારે બાજુએ લાલ રંગના નવાંકુરિત પત્રના જેવી સુંદર આંગળીઓની પંક્તિથી શોભી રહ્યાં હતાં. (૬૪)

બાલ શ્રીહરિના ઉપડતા લાલ નખમાંથી નીકળતાં સુંદર કિરણો સૂર્ય અને ચંદ્રમાની સમગ્ર કાંતિને પણ ઝાંખી કરી રહ્યાં હતાં. શ્રીહરિની ઘૂંટીઓ લગારેક ઉપડતી અને સુંદર ગોળ હતી. અતિ મનોહર બે જંઘાઓ અને પીંડીઓથી શોભતા હતા. શ્રીહરિના સાથળ કરભ સમાન સુંવાળા હતા. (૬૫) શ્રીહરિનો કટિભાગ શોભાયમાન અને વિશાળ હતો. સુવર્ણ સરખા ચળકતા, સ્નિગ્ધ-(સુંવાળા), સૂક્ષ્મ અને અતિ ઘાટા નહિ એવા શરીરના રોમથી શ્રીહરિ શોભી રહ્યા હતા. શ્રીહરિના પીપળનાં પાન સમાન ઉદરમાં સુંદર ત્રિવળી પડતી હતી. તેના મધ્યે ગોળ અને ગંભીર (ઊંડી અને ઉઠાવ યુક્ત) નાભિ શોભી રહી હતી. (૬૬)

શ્રીહરિના લાલ અધરોષ્ઠ ઉપર મંદ મંદ હાસ્યની શ્વેત કાંતિ પ્રસરી રહી હતી. શ્રીહરિનું વક્ષઃસ્થળ વિશાળ, ઉપડતું અને શ્રીવત્સ ચિહ્નથી શોભી રહ્યું હતું. શ્રીહરિની ભુજાઓ જાનુ પર્યંત લાંબી અને સ્થૂળ તેમજ મજબૂત હતી. તથા ઉપડતા રક્ત અને ઉજ્જવળ કાંતિવાળા નખમંડળથી શ્રીહરિ શોભી રહ્યા હતા. (૬૭) શ્રીહરિના લાલકમળ સમાન સહજ સુંદર અને કઠિન તેમજ મજબૂત એવા બંને હસ્તકમળ, સૂક્ષ્મ (અતિ જાડી નહિ એવી) અને લાંબી આંગળીઓથી શોભતાં હતાં. તેમજ કંઠ, પહોળી સુંદર દાઢી ઉપર જેની કાંતિ પ્રસરે છે એવો શંખની સમાન ત્રણ રેખાવાળો શોભી રહ્યો હતો. નાસિકા અગ્રભાગથી ઉન્નત અને નમ્ર ભાગવાળી તેમજ તલના પુષ્પ સમાન હતી. (૬૮)

શ્રીહરિના જમણા કપોલ ઉપર તથા વામ કર્ણના મધ્ય ભાગમાં શ્યામ તિલ શોભતાં હતા. શ્રીહરિનું મુખકમળ શરદપૂર્ણિમાના ચંદ્ર સમાન મંદ મંદ હાસ્યથી શોભતું હતું. શ્રીહરિનાં રમણીય નેત્રો શરદઋતુમાં વિકસેલા નવીન શ્વેત કમળના પત્ર સરખાં વિશાળ અને અતિશય ચંચળ હતાં. એ નેત્રોના ખૂણાનો ભાગ રક્ત હતો. એ નેત્રકમળથી નિજજનો ઉપર કૃપાકટાક્ષ વરસાવી તેમને નિહાળી રહ્યા હતા. (૬૯)

पूर्णेन्दुमण्डलनिभस्मयमानवक्त्रम् । शोणान्तरम्यनवशारदपुण्डरीकपत्रायतातिचपलाक्षिनिरीक्षमाणम् ॥६९॥ तुङ्गायतोत्तमविशालललाटशोभाराजत्कपोलकुटिलभ्रुकुटिश्रियं च । हासोल्लसन्मृदुलगण्डसमानकर्णं सुस्निग्धसूक्ष्म-कुटिलासितमञ्जुकेशम् ॥७०॥ एवं महापुरुषलक्षणलक्षिताङ्गमुत्तानशायिनमचक्षत तं हि सर्वे । नत्वा तमादरभरेण तदिच्छयाऽथो ब्रह्मादयस्तु निजधाम ययुस्त्रयस्ते ॥७१॥ एवं तस्य द्विजेन्द्रस्य गेहे स पुरुषोत्तमः । प्रादुर्बभूव विश्वात्मा काले जनमनोहरे ॥७२॥ विक्रमार्कशकस्याब्दे नगाग्निवसुभूमिते । वर्षे विरोधकृन्नाम्नि सौम्यायनगते रवौ ॥७३॥ वसन्तर्तौ मधौ शुक्लनवम्यामिन्दुवासरे । पुष्ये सुकर्मयोगे च करणे कौलवाह्वये ॥७४॥ लग्ने च वृश्चिके युक्ते गुरुणा शनिना सह । उच्चस्थानं गते शुक्रे स्वराशिं च निशाकरे ॥७५॥ रिपुस्थानं गते राहौ बुद्धिस्थानं गते बुधे । धनस्थानं कुजे याते भास्करे च सुतालयम् ॥७६॥ भूतले दिवि महोत्सवस्तदा सर्वतोऽभवदुदारचेतसाम् । हर्षसम्भ्रमवतां नृणां तथा योषितां च विमतान्यकर्मणाम् ॥७७॥ देवताः शतमखादयो मुदा पुष्पवर्षणमकार्षुरुत्सुकाः । गायनं च सुरराजगायकाश्चारु नृत्यमकृताप्सरोगणः ॥७८॥ वह्नयो रुरुचिरेऽग्रजन्मनां सद्य एव भसितावृता अपि । मानसान्यपि तदान्तरारिभिर्वर्जितानि च सतां समासत ॥७९॥ कौलनास्तिकगुरुत्वशालिनां पापिनां नृतनुदैत्यरक्षसाम् । त्रासमेव सहसा प्रपेदिरे भाविनाशगमकं मनांसि च ॥८०॥

શ્રીહરિનું ભાલ વિશાળ ઉપડતું અને શ્રેષ્ઠ હતું અને એ ભાલની શોભાથી પ્રકાશમાન ગાલ શોભી રહ્યા હતા. શ્રીહરિની ભ્રકુટિ વાંકડી અને શોભાસ્પદ હતી. શ્રીહરિના કોમળ ગાલ મંદ મંદ હાસ્યથી વિલસી રહ્યા હતા. બન્ને કાન સમાન હતા. શ્રીહરિના મસ્તક પર સુંવાળા, સૂક્ષ્મ, વાંકડિયા, કાળા અને સુંદર કેશ શોભતા હતા. (૭૦)

શરીરમાં રહેલાં અસાધારણ લક્ષણો દ્વારા 'આ સ્વયં ભગવાન શ્રીપુરૂષોત્તમ છે' એવો બોધ કરાવનારા અને પર્યંક ઉપર શયન કરી રહેલા બાળકરૂપ શ્રીહરિનાં દર્શન સર્વે દેવતાઓ કરવા લાગ્યા. ત્યાર પછી શ્રીહરિને આદરપૂર્વક નમસ્કાર કરીને ભગવાનની ઈચ્છાથી જ બ્રહ્માદિ સર્વે દેવતાઓ પોતપોતાના નિવાસ સ્થાને ગયા. (૭૧) હે રાજન્ ! આવી રીતે દ્વિજરાજ ધર્મદેવના ભુવનમાં સર્વાન્તરાત્મા પરબ્રહ્મ ભગવાનશ્રી પુરૂષોત્તમ સર્વજનોના મનને હરનાર શુભ સમયે **પ્રાદુર્ભાવ** પામ્યા. (૭૨)

આ અવસરે **વિક્રમ સંવત્ ૧૮૩૭ ની ચૈત્ર સુદિ નવમી**ની પવિત્ર તિથિ હતી. વિરોધકૃત્ નામનું સંવત્સર હતું. સૂર્યદેવ ઉત્તરાયણમાં પ્રવેશ્યા હતા, સોહામણી વસંતઋતુ હતી, સોમવાર ને પુષ્યનક્ષત્ર હતું. સુકર્મ નામનો યોગ હતો, કૌલવ નામનું કરણ હતું. વૃશ્ચિક નામના લગ્નમાં, જ્યારે બૃહસ્પતિની સાથે શનિનો યોગ પ્રાપ્ત થયો હતો. શુક્ર પોતાના ઉચ્ચ સ્થાન મીન રાશિને પામ્યા હતા, ચંદ્ર પોતાની કર્ક રાશિને પામ્યો હતો, રાહુ જન્મ લગ્નથી છઠ્ઠા રિપુ સ્થાનને પામ્યો હતો, બુધ જન્મથી પાંચમા બુદ્ધિસ્થાનને પામ્યો હતો, ભૌમ જન્મથી બીજા ધન સ્થાનને પામ્યો હતો, સૂર્ય પાંચમા સુત સ્થાનને પામ્યો હતો : આવા સર્વોત્તમ શુભ સમયને વિષે (રાત્રિ દશ ઘડી વીત્યા બાદ) ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય થયું. (૭૩ થી ૭૬)

**શ્રીહરિના પ્રાગટ્યનો સમગ્ર ત્રિલોકીમાં આનંદ-મહોત્સવ :-** શ્રીહરિના પ્રાગટ્ય સમયે સમગ્ર પૃથ્વીમાં અને સ્વર્ગલોકમાં પણ ઉદાર મનના મહાપુરુષોને ત્યાં મહાન ઉત્સવો ઉજવાયા. શ્રીહરિના પ્રાગટ્યના હર્ષથી ભાવવિભોર બનેલાં નરનારીઓ અન્ય ક્રિયાઓનો ત્યાગ કરી પ્રાગટ્ય મહોત્સવ ઉજવવા લાગ્યાં. (૭૭) આનંદિત થયેલા ઈન્દ્રાદિ દેવતાઓ પણ હર્ષપૂર્વક અંતરના અનેરા ઉત્સાહથી નંદનવનનાં પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. દેવતાઓનાં ગાયકવૃંદ, ગન્ધર્વો શ્રીહરિના ગુણાનુવાદનું ગાન કરવા લાગ્યા.ઊર્વશી આદિ અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. (૭૮)

વિપ્રવર્યોનાં અગ્નિકુંડોમાં ભસ્મથી આવૃત્ત અગ્નિઓ પણ તત્કાળ પ્રજ્વલિત બન્યા. સત્પુરુષોનાં મન કામાદિ અંતઃશત્રુઓથી રહિત નિર્મળ થયાં. (૭૯) કૌલ, શાક્ત અને નાસ્તિકોના આચાર્યપદમાં મદથી રાચતાં એવા, પાપથી ભરપૂર તેમજ મનુષ્ય રૂપમાં રહેલા દૈત્યો અને રાક્ષસોના મનમાં એકાએક પોતાના ભાવિ વિનાશનો સૂચક ત્રાસ ઉત્પન્ન થયો. (૮૦)

भूभुजां निलयनेषु नैगडा बन्धमुक्तिमगमंश्च तत्क्षणम् । तत्यजुः सहजवैरिणस्तदा दुस्त्यजामपि मिथो विरोधिताम् ॥८१॥ दुन्दुभिध्वनिरभूदहर्निशं बालशर्मसुतमन्दिरे नृप ! । देवदुन्दुभिनिनादमिश्रितस्तस्य जन्मसमये ह्यजन्मनः ॥८२॥ योषितोऽपि जनमङ्गलं जगुः सङ्घशोऽद्भुतकुमारमाशिषा । योजयन्त्य उरुधा परस्परं कुर्वते स्म पिशुनादिलेपनम् ॥८३॥ वायवः सुखकरा ववुस्तदा निर्मलं च खमभूत्सहोडुभिः । चक्रिरे जयरवं सुरानुगाः कीर्तयन्ति ऋषयः स्म चाशिषः ॥८४॥ वाणी मङ्गलरूपिणी च हसितं यस्यास्ति वै मङ्गलं नेत्रे मङ्गलदे च दोर्विलसितं नृणां परं मङ्गलम् । वक्त्रं मङ्गलकृच्च पादचलितं यस्याखिलं मङ्गलं सोऽयं मङ्गलमूर्तिराशु जगतो नित्यं क्रियान्मङ्गलम् ॥८५॥ ऋषिभिः कृतमङ्गलं तमित्थं सुतमानन्दकरं निशाम्य हृष्टः। स चकार हरिप्रसादविप्रो निगमोक्तं त्वथ जातकर्म तस्य ॥८६॥ प्रथमं सहिरण्यवारिभिः स्नपनं सांशुकमेव सत्वरम्। स्वगृहे स विधाय चाचरत्पितृसन्तर्पणमत्र वैदिकैः ॥८७॥ अथ मङ्गलवाचनं स सूनो रसनामार्जनमाचचार धर्मः । विदधे विधिनोचितं च मेधाजननं दानविधिं तथा तदङ्गम् ॥८८॥ समेता ज्ञातयस्तस्य विप्रवर्यस्य वेश्मनि आनन्दं परमं प्राप्ताः कुमारायाऽऽशिषो ददुः ॥८९॥ गीतमङ्गलवाद्यानि तत्र ग्रामे गृहे गृहे । तदा बभूवुः सर्वेषामानन्दश्च महान् हृदि ॥९०॥ ददौ बहूनि दानानि पुत्रजन्मप्रहर्षितः । ब्राह्मणेभ्यो द्विजेन्द्रोऽसावन्येभ्यश्च यथोचितम् ॥९१॥ गजान् हयांस्तथा धेनुरसङ्ख्याताः सुलक्षणाः । ब्राह्मणेभ्यो ददौ देवः सोपस्करगृहांस्तथा ॥९२॥ तथा दानान्यसौ प्रादाद्यच्छ्रुत्वा

શ્રીહરિના પ્રાગટ્ય સમયે રાજાઓના બંદીખાનામાં બેડિયુંના બંધનથી બંધાયેલા બંદીજનોનાં બંધનો તત્કાળ છૂટી ગયાં. સહજ વૈરવૃત્તિવાળા પ્રાણીઓએ પણ તે સમયે પોતાની વૈરવૃત્તિનો ત્યાગ કરી દીધો. (૮૧) હે રાજન્ ! અજન્મા ભગવાનના કર્મપરવશતા રહિત સ્વતંત્રપણે પ્રાગટ્યરૂપ જન્મ સમયે ધર્મદેવના ભુવનમાં મનુષ્યોએ અહર્નિશ બજાવેલા દુંદુભિઓના નાદની સાથે દેવતાઓનાં દુંદુભિઓનો નાદ એકરસ થઈને અધિક કર્ણપ્રિય બનતો હતો. (૮૨)

નગરની નારીઓ પણ સાથે મળીને અદ્ભુત બાળક (ભગવાન)ને આશીર્વાદ આપતી હતી. અને સમસ્ત મનુષ્યનું મંગળ કરનાર શ્રીહરિના ગુણોનું ગાન કરતી પરસ્પર કુંકુમ, હળદર, દહીં વગેરેનું બહુ પ્રકારે લેપન કરતી હતી. (૮૩) ભગવાન શ્રીહરિના પ્રાગટ્ય સમયે મંદ શીતળ અને સુગંધીમાન વાયુ વાવા લાગ્યો. તારામંડળ સહિત આકાશ અતિ સ્વચ્છ થયું. સિદ્ધો ને ચારણો ભગવાનના નામનો જયઘોષ કરવા લાગ્યા. સપ્તર્ષિઓ રૂડા આશીર્વાદ આપતાં કહેવા લાગ્યા : હે ભગવન્ ! જે તમારી વાણી મંગળ સ્વરૂપ છે, જેમનું હસવું મંગળ સ્વરૂપ છે, જે તમારાં નેત્રો મંગળ કરનારાં છે, જેમની ભુજાઓનો વિલાસ મંગળકારી છે, જેમનું મુખારવિંદ મંગળ કરનાર છે, જે તમારાં ચરણકમળની ગતિ પણ મંગળકારી છે, તમારી આ સિવાય અન્ય સમસ્ત ક્રિયાઓ પણ મંગળકારી જ છે. એવા મંગળમૂર્તિ સ્વરૂપ (હે બાલપ્રભુ !) આપ સમસ્ત વિશ્વનું મંગળ કરો. (૮૪/૮૫)

**ધર્મદેવે કરેલ જાતકર્મ સંસ્કાર** :- આ પ્રકારે સપ્તર્ષિઓએ મંગળ પ્રાર્થના કરી. ત્યાર પછી આનંદના નિધિ પુત્ર રૂપી પરમાત્માનાં દર્શન કરી હરિપ્રસાદ વિપ્ર અતિશય પ્રસન્ન થયા. અને વેદોક્ત વિધિથી પુત્રનો જાતકર્મ સંસ્કાર કરાવ્યો. (૮૬) પ્રથમ ધર્મદેવે પોતાના ભવનમાં સુવર્ણ યુક્ત શીતળ જળથી વસ્ત્રે સહિત સ્નાન કર્યું. પછી વૈદિક મંત્રોથી પિતૃતર્પણ કર્યું. ત્યાર બાદ બ્રાહ્મણો પાસે પુત્રનું પુણ્યાહવાચન કર્મ કરાવ્યું. ત્યારબાદ **રસનામાર્જન** સંસ્કાર કરાવ્યો. તથા તે સમયને ઉચિત એવું **મેધાજનન** નામનું કર્મ વિધિ પૂર્વક કરાવ્યું. અને જાતકર્મ સંસ્કારના અંગભૂત અનેક પ્રકારનાં દાન આપ્યા. (૮૭/૮૮)

વિપ્રવર્ય ધર્મદેવના ભવનમાં ભેળાં થયેલાં સંબંધીજનો અતિશય હર્ષ પામી બાલ શ્રીહરિને રૂડા આશીર્વાદ આપતાં હતાં. (૮૯) છપૈયાપુરમાં ઘરેઘરે મંગળ ગીતો ગવાતાં હતાં. અનેક પ્રકારનાં વાજિંત્રોના નાદ થતા હતા અને સમગ્ર નરનારીના અંતરમાં અનેરો આનંદ ઊભરાતો હતો. (૯૦) પુત્રના પ્રાગટ્યથી પિતાને અત્યંત હર્ષ થયો. હર્ષમાં ને હર્ષમાં ધર્મદેવે બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન આપ્યા તથા અન્ય મનુષ્યોને પણ યથાયોગ્ય દાન અર્પણ કર્યાં. (૯૧)

ધર્મદેવે બ્રાહ્મણોને હાથીનાં દાન દીધાં, ઘોડાનાં દાન દીધાં, અસંખ્યાત દૂઝણી ગાયોનાં દાન દીધાં, તથા અન્ન, વસ્ત્ર, વાસણ વગેરે ઉપયોગી સામગ્રીઓ સહિત ઘરનાં દાન દીધાં. (૯૨) ધર્મદેવે ઉદાર મનથી કરેલાં દાનને સાંભળીને તો

**भुवि भूमिपाः । विस्मयं लेभिरे भूरिं निधीशं तं च मेनिरे ॥९३॥ मायया श्रीपतेस्तस्य विधित्सोर्नरनाटनम् । भगवानेष एवेति तं विवेद न कश्चन ॥९४॥ आत्मजे पुत्रभावोऽभूच्छ्रीकृष्णे भक्तिधर्मयोः । चिकीर्षोः शैशवीं लीलामिच्छया तस्य च प्रभोः ॥९५॥ ईश्वरत्वेन मज्ज्ञानात्पुत्रभावेन लालनम् । मदीयं दुर्लभमिति प्रभुरेवं तथा व्यधात् ॥९६॥ तौ दम्पती प्राप्य मनोरथस्य फलं प्रहृष्टौ नितरामभूताम् । बबन्धतुः स्नेहभरं तनूजे नराकृतिब्रह्मणि वासुदेवे ॥९७॥ प्रादुर्भावकथाऽद्भुतेयमुदिता तुभ्यं मया भूपते ! गोत्रायां नरनाटनं बहुविधं प्रीत्या चिकीर्षोः प्रभोः । श्रीराधारमणस्य यः परमया भक्त्या पठेद्वा पुमान् नित्यं तां शृणुयात्पुमर्थमखिलं स प्राप्नुयान्निश्चितम् ॥९८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नारायणप्रादुर्भावोत्सवनामा द्वाविंशोऽध्यायः ॥२२॥

सुव्रत उवाच - **अथावगत्योद्भवमात्मशत्रोराकस्मिकैर्लक्ष्मभिरासुरौघाः । हृत्कम्पवामावयवस्फुराद्यैरुत्पादयामासुरनेककृत्याः ॥१॥ तत्रादितश्छुप्पयसं स कालीदत्तस्तु कृत्यागणमात्मसृष्टम् । क्रुद्धोऽडुढौकन्नृप ! कोटरादिं भयंकराकारमुदात्तशस्त्रम् ॥२॥ हरिप्रसादस्य गृहं समेत्य जनेस्तु षष्ठेऽहनि बालकस्य । निशीथकाले परिसुप्तलोके सूतीगृहं तन्न्यविशत्स तूर्णम् ॥३॥ व्यचष्ट सोऽनेकवपुर्द्विजस्त्रीस्तत्र प्रसुप्ताः कतिचित्पलिक्नीः । शय्योपविष्टां द्विजराजपत्नीं भक्तिं**

પૃથ્વીમાં મહાન ભૂમિપતિઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને ધર્મને અખૂટ સંપત્તિના માલિક કુબેર સમાન માનવા લાગ્યા. (૯૩)

મનુષ્યલીલાનો વિસ્તાર કરવાની ઈચ્છા ધરાવતા શ્રીહરિના સંકલ્પથી 'આ બાળક ભગવાન છે.' એ પ્રમાણે કોઈ તેમને જાણતું ન હતું. (૯૪) બાળલીલા કરવા ઈચ્છતા ભગવાન શ્રીહરિની ઈચ્છાથી ધર્મ અને ભક્તિદેવીને પણ ભગવાનને વિષે પુત્રભાવ જ પ્રગટ થતો હતો. (૯૫) 'મને સર્વનો ભગવાન જાણશે તો માતા પિતા પુત્રભાવે મારું લાલન પાલન નહિ કરી શકે.' આવા હેતુથી જ પ્રભુએ પોતાના દિવ્ય ભાવની માતા પિતાને વિસ્મૃતિ કરાવી અને પુત્રભાવ જ દૃઢ કરાવ્યો. (૯૬)

ધર્મ અને ભક્તિદેવીના મનનો મનોરથ પૂર્ણ થયો તે હેતુથી બંને અતિશય પ્રસન્ન થયાં અને મનુષ્યાકૃતિ ધરનારા પરબ્રહ્મ શ્રીવાસુદેવને વિષે અત્યંત ગાઢ સ્નેહ કરવા લાગ્યાં. (૯૭)

હે રાજન્ ! પૃથ્વી ઉપર અનેક પ્રકારની માનુષિક લીલાનો પ્રીતિપૂર્વક વિસ્તાર કરવા ઈચ્છતા ભગવાન શ્રીપુરૂષોત્તમના પ્રાદુર્ભાવની આ અદ્ભુત કથા મેં તને પ્રેમથી સંભળાવી. ધરતી ઉપર અનેક પ્રકારની માનુષિક લીલાનો પ્રેમપૂર્વક વિસ્તાર કરવા ઈચ્છતા રાધિકાના પતિ પરમાત્મા શ્રીહરિની પાવનકારી કથા જે કોઈ પુરુષ નિરંતર અનુરાગથી ગાશે અથવા સાંભળશે તેના સમગ્ર મનોરથ નિશ્ચય સિદ્ધ થશે. (૯૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'નારાયણ પ્રાદુર્ભાવોત્સવ' નામે બાવીસમો અધ્યાયઃ (૨૨)*

## અધ્યાય : ૨૩

## કોટરાદિ કૃત્યાઓથી બાલપ્રભુ શ્રીહરિનું હનુમાનજીએ કરેલું રક્ષણ

**કૃત્યાઓનું આગમન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાનના પ્રાગટ્યથી અસુરોને એકાએક અનેક પ્રકારનાં અપશુકનો થવા લાગ્યાં. એમનાં હૃદય કંપવા લાગ્યાં. ડાબાં નેત્રો અને ડાબા હાથ ફરકવા લાગ્યાં. આવાં અશુભ ચિહ્નોથી પોતાના શત્રુનું પ્રાગટ્ય થયું છે એમ જાણી અસુરોએ અનેક કૃત્યાઓ ઉત્પન્ન કરી. (૧) હે રાજન્ ! ક્રોધ પામેલા કાલિદત્તે પોતે ઉત્પન્ન કરેલ કોટરાદિ કૃત્યાઓના સમુદાયને છપૈયાપુર પ્રત્યે મોકલ્યો. તે કૃત્યાઓની આકૃતિ ભયાનક હતી. તેમણે હાથમાં અનેક પ્રકારનાં આયુધો ધારણ કર્યાં હતાં. (૨)

શ્રીહરિ પ્રગટ થયા તેને હજુ છ દિવસ જ થયા હતા. સમસ્ત મનુષ્યો ગાઢ નિદ્રામાં સૂતા હતા. મધ્યરાત્રિનો સુમાર હતો. તેવા સમયે ધર્મદેવના ભવનના સૂતિકાગૃહમાં કૃત્યાઓએ પ્રવેશ કર્યો. (૩) અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર વિકરાળ

च बालाननदत्तदृष्टिम् ॥४॥ अभ्यर्च्य षष्ठीं महतीं सहाङ्गैः षट्कृत्तिकाषण्मुखविष्णुमुख्यैः । गजाननाभ्यर्चनपूर्वकं वै यथाविधानं नृप ! जाग्रती च ॥५॥ बालं तदुत्सङ्गगतं च दृष्ट्वा प्रदीप्तवह्निद्युतिमुद्ग्रहीतुम् । तत्पार्श्वमागत्य जगाद वाक्यं भयानकास्या किल कोटरैका ॥६॥ दिगम्बराऽन्त्रस्रगुदात्तशूला करे कपालं दधती सरक्तम् । विकीर्णकेशाञ्जननीलवर्णा। वृत्तारुणाक्षा विततोग्रदंष्ट्रा ॥७॥ बालग्रहाणामधिपाऽस्मि मूढे ! भक्षामि पुत्रं तव नूनमद्य । स्मरेष्टदेवं निजरक्षितारं मदीयदंष्ट्रान्तरमुत्पिपत्सुम् ॥८॥ उक्त्वेति तस्या भयवर्जिताया धैर्यस्थितायाः सहसाङ्कदेशात् । जग्राह बालं गल एव दुष्टा व्यात्तानना तिग्मकरालजिह्वा ॥९॥ ईयुश्च तावच्छतशः कराला बालग्रहा व्यात्तमुखाः कुरूपाः । ते छिन्द्धि भिन्द्ध्यानय मारयेति क्रोशन्त उच्चैश्च तिरोबभूवुः ॥१०॥ गले गृहीत्वा शिशुकं गतेषु बालग्रहौघेषु रुरोद भक्तिः । तत्राययौ यत्तु निशम्य कुर्वन्नारायणस्य स्मरणं स विप्रः ॥११॥ स्नेहेन गाढेन तदैव बाला हा ! पुत्र पुत्रेति रुदत्यमूर्च्छत् । नष्टं सुतं सोऽप्यवगत्य विप्रो मुमूर्च्छ चान्येऽप्यरुदन् गृहस्थाः ॥१२॥ तौ नष्टसंज्ञाववगत्य ताभ्यामाराधितः प्राग्बहुधोपचारैः । मरुत्सुतस्तूर्णमुपेत्य तत्र प्रबोधयामास च दम्पती तौ ॥१३॥ सुप्ताऽसि किं जागृहि देवि ! भक्ते ! हरिप्रसाद ! द्विज ! जागृहि त्वम् । आह्वानमित्थं तु निशम्य तस्य तौ जागरांचक्रतुरश्रुनेत्रौ ॥१४॥ उत्थाय सम्भ्रान्तवदेव तौ तं तदैव दिव्यं

---

શરીરોને ધરનાર કૃત્યાઓ સૂતિકા ગૃહમાં શયન કરી રહેલી કેટલીક વૃદ્ધ વિપ્ર વનિતાઓને જોવા લાગી તેમજ શ્રીહરિના મુખકમળ સામે એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહેલાં ભક્તિદેવી તરફ જોવા લાગી. (૪)

હે રાજન્ ! ગણપતિનું પૂજન કરવા પૂર્વક શિવા, સંભૂતિ, પ્રીતિ, સન્નતિ, અનસૂયા અને ક્ષમા આ છ કૃત્તિકાઓ તથા કાર્તિકેય, વિષ્ણુ વગેરે મુખ્ય અંગદેવતાઓની સાથે **મહાષષ્ઠી** નામની વૈષ્ણવી દેવીનું પૂજન કરી ભક્તિદેવી જાગરણ કરતા હતાં. (૫) ભયાનક મુખવાળી કોટરા નામની એક કૃત્યાએ ભક્તિદેવીના ખોળામાં રમતા શ્રીહરિને જોયા. તે કોટરાએ આંતરડાની માળા ધારણ કરી હતી. શરીરે દિગમ્બર હતી. હાથમાં લોહીથી ખરડાયેલ ખોપરી અને ત્રિશૂળ ધારણ કર્યા હતાં. તેના કેશ વિખરાયેલા હતા. કાજળ જેવી કાળી હતી. નેત્રો લાલઘૂમ હતાં. દાઢો લાંબી અને ઉગ્ર હતી. પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી શ્રીહરિને ઉપાડી જવા તે કોટરા ભક્તિદેવીની સમીપે આવી અને આ પ્રમાણે કહેવા લાગી : (૬/૭)

હે મૂઢે ! હું બાળકોને પીડા કરનાર બાળગ્રહોની અધિપતિ છું. આ તારા બાળકનું હું હમણાં જ ભક્ષણ કરું છું. તારે તારી રક્ષા કરનારા મારી દાઢમાં પ્રવેશવા ઈચ્છતા જે કોઈ તારા ઈષ્ટદેવનું સ્મરણ કરવું હોય તેનું સ્મરણ કરી લે. (૮) હે રાજન્! આ પ્રમાણે કહી પહોળા મુખવાળી અને તીક્ષ્ણ તીખી જીભવાળી દુષ્ટ કોટરાએ નિર્ભયપણે અને ધીરજપૂર્વક બેઠેલાં ભક્તિદેવીના ખોળામાંથી બાળ શ્રીહરિને કંઠે ઝાલીને પકડયા. (૯) તેજ સમયે વિકરાળ, કુરૂપ અને પહોળા મુખવાળી અનેક કૃત્યાઓ મળીને 'આ બાળકને છેદી નાખો.' 'આને ભેદી નાખો-એને મારે સમીપે લાવો' 'એને મારી નાખો' આ પ્રમાણે ઊંચેથી રાડો પાડતી પાડતી શ્રીહરિને ઉપાડી અદૃશ્ય થઈ. (૧૦)

**ભક્તિદેવીનું રુદન** :- કૃત્યાઓનો સમુદાય જ્યારે બાળક શ્રીહરિને કંઠથી પકડીને લઈ ગયો ત્યારે ભક્તિદેવી રુદન કરવા લાગ્યાં. તેમનું રુદન સાંભળી ભગવત્ સ્મરણ કરતા ધર્મદેવ એકદમ ત્યાં આવ્યા. (૧૧) તે સમયે ગાઢ સ્નેહથી 'હે પુત્ર ! હે પુત્ર !' એ પ્રમાણે આક્રંદ કરતાં ભક્તિદેવી રડવા લાગ્યાં અને મૂર્ચ્છિત થઈ ઢળી પડ્યાં પુત્રને નહિ જોતાં ધર્મદેવ પણ મૂર્ચ્છિત બન્યા તથા બીજા ગૃહસ્થજનો પણ રુદન કરવા લાગ્યા. (૧૨)

**હનુમાનજીનું આગમન** :- 'ભક્તિ અને ધર્મ શ્રીહરિના વિયોગથી મૂર્ચ્છા પામ્યાં છે.' એમ જાણી પૂર્વે બહુ પ્રકારના ઉપચારોથી આરાધના કરાયેલા હનુમાનજી તત્કાળ ત્યાં આવ્યા અને તેમને મૂર્ચ્છામાંથી જગાડવા લાગ્યા. (૧૩) હે દેવી ! ભક્તિ ! તમે શા માટે મૂર્ચ્છિત થયાં છો ? તમે જાગો. હે હરિપ્રસાદ વિપ્ર ! તમે પણ જાગો. કોઈ પોતાને આહ્વાન કરી રહ્યું છે તેવા શબ્દો સાંભળી ધર્મ અને ભક્તિ મૂર્ચ્છાવસ્થામાંથી બેઠાં થયાં. એમની આંખોમાં અશ્રુઓ વહી રહ્યાં હતાં. (૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कपिमैक्षतां च । सतैलसिन्दूरसुचर्चिता-ङ्गमर्कप्रसूनस्रजमीक्षणीयम् ॥१५॥ कुतो भवन्तौ रुदतोऽतिखिन्नाविति ब्रुवाणं तमुवाच भक्तिः । त्वं कीशबालः सुखकारको मे पीयूषवाक्कोऽसि पवित्रमूर्तिः ॥१६॥ बालग्रहैर्मेऽद्य सुतोऽपनीतो रोदिम्यतोऽहं बहुकृच्छ्रलब्धः । इत्थं वदन्तीमवदच्च बालां स मारुतिः स्वेक्षणलब्धधैर्याम् ॥१७॥ श्रीरामदासोऽस्मि हनूमदाख्यो भक्तौ युवां मे भवथो दृढं वै। तयोरिदं कष्टमवेत्य जातं तद्धर्तुमेवाहमिहागतोऽस्मि ॥१८॥ बालग्रहैर्वाप्यसुरैश्च हिंस्रैर्हन्तुं न शक्यः खलु कैश्चिदत्र । बालस्तवासौ यदतोऽस्ति भीतिर्भयप्रदस्याप्यखिलस्य मृत्योः ॥१९॥ आश्वास्य तामित्थमथातितूर्णं स स्वेच्छया स्वीकृतमानवत्वम् । नारायणं भक्तमनोहरं तं बालग्रहान्मोचयितुं जगाम ॥२०॥ बालं गृहीत्वोत्पतिताऽथ कृत्या ग्रामाद्बहिस्तद्ग्रसनाभिलाषा । तत्याज तं तज्ज्वलनाभदृष्ट्या दन्दह्यमानाखिलदीर्घदेहा ॥२१॥ क्षिप्तो धरायां तरसा पिशाच्या सोऽनिर्दशाहः शिशुकस्तदैव । सुष्वाप शीतद्युतिना सुधार्द्रैराप्यायितोऽभूत्स्वकरैश्च शीतैः ॥२२॥ हन्तुं ततः शावमुदात्तशूला करालदृष्ट्या तमवेक्षमाणा । तस्थावमर्त्याध्वनि साधरोष्ठं पिष्ट्वा रदैरायतवक्रतीक्ष्णैः ॥२३॥ व्योमस्थिता साऽथ ससम्भ्रमं तं कालाग्निरौद्रं सहसा विलोक्य । दन्दह्यमानाऽतिभयाऽतिकम्पा कृत्या न शक्ताऽस्य निरीक्षणेऽपि ॥२४॥ चुच्योत शूलं च सकम्पहस्तात्तस्याः पुरुस्विन्नवपुस्ततः सा । नात्रागमिष्यामि पुनः किलेति चीत्कृत्य दुद्राव सहात्मवर्ग्यैः ॥२५॥ धर्मालयादुत्पतितोऽन्तरिक्षं व्यात्ताननो दीर्घकरालदंष्ट्रः । स मारुतिः स्फूर्जथुभीमनादो

ધર્મ અને ભક્તિ ગભરાઈ ગયેલાની માફક જ એકદમ ઊભાં થયાં. એ જ સમયે દિવ્ય શરીરધારી કપિ સ્વરૂપ હનુમાનજીનાં દર્શન થયાં. તેમનાં સુંદર અવયવો ઉપર તેલ અને સિંદૂરનો લેપ કરેલો હતો. તેમણે આંકડાનાં પુષ્પની માળા ધારણ કરી હતી. તેમનું સ્વરૂપ દર્શનીય અને રમણીય હતું. (૧૫) 'તમે બન્ને શા માટે ખેદ કરો છો અને તમે શા માટે રુદન કરી રહ્યાં છો?' આ પ્રમાણે હનુમાનજી પૂછવા લાગ્યા. તેમનાં મધુર વચનો સાંભળી ભક્તિદેવી કહેવા લાગ્યાં કે, હે કપિબાળ! પવિત્રમૂર્તિ આપ કોણ છો ? અમૃત સમાન તમારાં મધુર વચનો સાંભળી મને અતિશય આનંદ થાય છે. (૧૬)

અનેકવિધ તપશ્ચર્યાનાં અંતે પ્રાપ્ત થયેલા મારા પુત્રને હમણાં જ કૃત્યાઓ ઉપાડી ગઈ છે. તે કારણથી હું વિપત્તિના સાગરમાં ડૂબી છું અને રુદન કરું છું. આ પ્રમાણે હનુમાનજીનાં દર્શનથી ધીરજ પામેલા ભક્તિદેવીનાં વચન સાંભળી તેમના પ્રત્યે મારુતિ કહેવા લાગ્યા. (૧૭) હે ભક્તિ ! હું રામચંદ્ર ભગવાનનો દાસ છું. મારું નામ 'હનુમાન' છે. તમે બન્ને મારા ભક્ત છો. તમને દુઃખ પડ્યું છે એમ જાણી એ દુઃખના નિવારણને અર્થે જ હું તમારી સમીપે આવ્યો છું. (૧૮)

હે દેવી ! તમારા પુત્રને કૃત્યાઓ, હિંસક પ્રાણીઓ કે અસુરો તેમાંથી કોઈપણ મારવા સમર્થ નથી. કારણ કે તમારા પુત્ર થકી તો સમસ્ત વિશ્વને ભય ઉપજાવનાર કાળ પણ થરથર કંપે છે. (૧૯) હનુમાનજીએ આ પ્રમાણે ભક્તિદેવીને આશ્વાસન આપ્યું. ત્યાર પછી સ્વેચ્છાથી મનુષ્ય શરીરને ધારણ કરતા તેમજ ભક્તજનોનાં મનને હરનારા બાળસ્વરૂપ શ્રીહરિને કૃત્યાઓથી મુક્ત કરવા તત્કાળ ત્યાંથી રવાના થયા. (૨૦)

આ તરફ કોટરાદિ કૃત્યાઓ શ્રીહરિને આકાશમાર્ગે ઉપાડી ગામ બહાર આવી. મનમાં શ્રીહરિને ખાઈ જવાની ઈચ્છા ધરાવતી હતી પણ બાલ શ્રીહરિની અગ્નિ સમાન કાંતિયુક્ત દૃષ્ટિથી તેમનાં રાક્ષસી શરીરો બળવા લાગ્યાં તેથી તેમણે તત્કાળ શ્રીહરિને નીચે પડતા મેલ્યા. (૨૧)

જે શ્રીહરિ પ્રગટ થયા તેને આજે દશ દિવસ પણ થયા નથી, માત્ર છ દિવસ જ થયાં છે. એ સમયે પિશાચણી કૃત્યાઓએ જ્યારે શ્રીહરિને નીચે ધરતી ઉપર ફેંક્યા ત્યારે શ્રીહરિ પૃથ્વી પર શયન કરવા લાગ્યા. તે અવસરે શીતળ કિરણવાળા ચંદ્રદેવ પોતાનાં અમૃતમય શીતળ કિરણો વડે શ્રીહરિનું સેવન કરવા લાગ્યા. (૨૨) આ બાજુ કોટરાદિ કૃત્યાઓ બાલ શ્રીહરિને મારવાને અર્થે હાથમાં ત્રિશૂલ ધારણ કરી વિકરાળ દૃષ્ટિથી બાળ શ્રીહરિ પ્રત્યે જોતી હતી. લાંબા લાંબા તીક્ષ્ણ દાંતથી ઓષ્ઠને દબાવતી હતી અને આકાશ માર્ગે ઘૂમતી હતી. (૨૩)

ત્યાર પછી આકાશમાર્ગે આકુળ વ્યાકુળ બનીને ફરતી કોટરાએ પ્રલયકાળના અગ્નિ સમાન શ્રીહરિને જોયા. કૃત્યાઓનાં અંગો બળવા લાગ્યાં. ભયથી અત્યંત કંપવા લાગી. શ્રીહરિની સામે જોવા પણ સમર્થ બની નહીં. (૨૪) તેમના થર થર કંપતા હાથમાંથી ત્રિશૂલ નીચે પડી ગયાં. તેમનાં શરીર ઉપર પરસેવો વળવા લાગ્યો. 'ફરી અહીં ક્યારેય નહિ આવું' એવો નિશ્ચય કરી તે કોટરા પોતાના ગણોની સાથે ચીચીયારી કરતી ત્યાંથી એકદમ ભાગવા લાગી. (૨૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

धनुर्विमुक्ताशुगशीघ्रयानः ॥२६॥ द्रवन्तमाकृष्य निबध्य तूर्णं पुच्छेन तृण्यामिव चायतेन । स्वप्रेष्ठबालार्दनजातकोपः पदा स कृत्यागणमाततताड ॥२७॥ ततो मृतप्रायमुपेतदुःखं प्रारब्धशेषावितजीवकण्ठम् । उत्सृज्य तं दूरत आशु बालं प्रीत्या दधौ सौम्यवपुः स दोष्णोः ॥२८॥ मितस्मितं वीक्ष्य शिशुं शनैस्तं ददौ समानीय ततः स भक्त्यै। मृत्योर्मुखायातमिवात्मबालं सा प्राप्य तं प्राह वचः कपीन्द्रम् ॥२९॥ देव ! त्वया मोचित एष मृत्योर्बालोऽस्यतस्त्वं मम जीवदाता । नासाध्यमेतत्करणं तवेति जानामि रामानुजजीवदातुः ॥३०॥ निशम्य वाचं भगवज्जनन्याः सोऽथाब्रवीत्सर्वविदाञ्जनेयः । भद्रे ! तवायं शिशुकस्तु दिव्यो न प्राकृतोऽस्तीत्यवधेहि सत्यम् ॥३१॥ संसारकृच्छ्राद‌विता सपोष्यौ युवां तथान्याञ्छरणोपपन्नान् । अतः सुरक्ष्योऽद्भुतबालकोऽयं सर्वाधिकः स्नेह इहैव कार्यः ॥३२॥ तामित्युदीर्यैक्षत तत्सुतास्यं तावन्मनोज्ञः स शिशुर्जहास । नृनाटनं तस्य हरेर्विधित्सोरथेच्छया तत्र तिरोदधे सः ॥३३॥ ततोऽत्याश्चर्यमापन्नौ तौ वीक्ष्य हनुमद्बलम् । पुनर्जातं स्वतनयं मेनाते लौकिकं यथा ॥३४॥
आश्चर्येणोचतुस्तौ च जनान्नौ बालकोऽधुना । हनूमता रक्षितो वै पिशाचीनां गणादिति ॥३५॥ हनूमति ततो भक्तिं परमां प्रापतुश्च तौ । माहात्म्यं तस्य बहुधा स्वसम्बन्धिन ऊचतुः ॥३६॥ तत आरभ्य तौ ते च मन्दवारे हनूमतः । नियमं जगृहुः प्रीत्या दर्शनस्यार्चनस्य च ॥३७॥ कृत्यार्दनोपशमनाय ततस्तु धर्मः शान्तिं चकार निगमोदितवर्त्मनैव । सन्तर्पणं च

---

**કોટરાદિ કૃત્યાઓને મેથીપાક** :- આ બાજુ ધર્મદેવના ભવનમાંથી હનુમાનજી ધનુષમાંથી છૂટેલા તીરની જેમ તત્કાળ ત્યાં આવ્યા. તેમનું મુખ પહોળું અને દાઢો ભયંકર લાંબી હતી. વજ્રપાત જેવો ભયાનક કિલકિલાટ અવાજ કરતા હતા. પોતાની સમીપમાં જ દોડાદોડ કરતી કૃત્યાઓને ભેળી કરી ને ઘાસની ગાંસડી બાંધે તેમ લાંબા પૂંછડાથી બાંધી. પોતાના પ્રાણપ્રિય શ્રીહરિને પીડા આપતી હોવાથી હનુમાનજીને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો. તેથી પગની લાતોથી તેઓને પ્રહાર કરવા લાગ્યા. (૨૬/૨૭) હનુમાનજીના તાડનથી કૃત્યાઓ મૃતઃપ્રાય બની. અત્યંત દુઃખી થઈ. પ્રારબ્ધના યોગથી તેમનો જીવ બચ્યો. હનુમાનજીએ તે કૃત્યાઓને એકબાજુ ફેંકી સૌમ્ય શરીર ધારણ કરી શ્રીહરિને પ્રેમથી બે હાથે ઉઠાવી લીધા. (૨૮)

મંદમંદ હાસ્ય કરતા બાલપ્રભુ શ્રીહરિનાં હનુમાનજીએ નીરખી નીરખીને દર્શન કર્યાં અને ધીરેથી લાવીને ભક્તિમાતાને સોંપ્યાં. મૃત્યુના મુખમાંથી પાછા આવેલા પુત્રને પ્રાપ્ત કરીને માતા હનુમાનજી પ્રત્યે કહેવા લાગ્યા : (૨૯) હે દેવ! તમે મારા પુત્રને મૃત્યુના મુખમાંથી ઉગાર્યો છે. તમે મારા જીવનદાતા છો. લક્ષ્મણજીને જીવન આપનારા તમારે માટે આ કાર્ય અઘરું નથી એમ હું જાણું છું. (૩૦)

ભગવદ્‌જનનીનાં વચનો સાંભળી, બધું જ જાણનારા અંજનીપુત્ર ભક્તિદેવી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે કલ્યાણી ! આ તમારો પુત્ર કોઈ પ્રાકૃત બાળક નથી પણ દિવ્ય બાળક છે. એમ તમે નિશ્ચે સત્ય જાણો. (૩૧) આ અદ્‌ભુત બાળક પોષ્યવર્ગે સહિત તમારું પોષણ કરશે. પોતાને શરણે આવેલા જીવાત્માઓનું સંસારનાં દુઃખ થકી રક્ષણ કરશે. તમે આ બાળકનું જતન કરજો. આ બાળકને વિષે જ તમે સર્વથી અધિક સ્નેહ રાખજો. (૩૨)

આ પ્રમાણે ભક્તિદેવી પ્રત્યે કહી હનુમાનજી શ્રીહરિનાં રમણીય મુખકમળનાં દર્શન કરવા લાગ્યાં. મનોહર બાલમૂર્તિ શ્રીહરિ પણ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા. મનુષ્યલીલાનો વિસ્તાર કરવાને ઈચ્છતા શ્રીહરિના સંકલ્પથી ઈંગિતજ્ઞ હનુમાનજી ત્યાંથી અંતર્ધાન થયા. (૩૩) હનુમાનજીનું સામર્થ્ય નિહાળી ભક્તિ અને ધર્મ અતિશય આશ્ચર્યમાં ગરકાવ થયાં. અને લૌકિક બાળકની પેઠે જ પોતાના પુત્રને નવું જીવન પ્રાપ્ત થયું છે એમ માનવા લાગ્યાં. (૩૪)

'અમારા પુત્રનું હનુમાનજીએ કોટરાના ગણો થકી રક્ષણ કર્યું' આ પ્રમાણે ધર્મ અને ભક્તિ આશ્ચર્યપૂર્વક જનસમુદાયની સમક્ષ કહેવા લાગ્યાં. (૩૫) ધર્મ અને ભક્તિદેવીને હનુમાનજીને વિષે ગાઢ અનુરાગ ઉત્પન્ન થયો અને વારંવાર હનુમાનજીનું માહાત્મ્ય પોતાના સંબંધીજનો આગળ કહેવા લાગ્યા. (૩૬) જે દિવસે હનુમાનજીએ શ્રીહરિની રક્ષા કરી ત્યારથી આરંભીને ધર્મ-ભક્તિ અને તેમના સંબંધીજનોએ શનિવારે હનુમાનજીનાં પૂજન અને દર્શનનું પ્રેમપૂર્વક નિયમ ગ્રહણ કર્યું. (૩૭) હે રાજન્ ! ત્યાર પછી ધર્મદેવે કૃત્યાઓએ ઉત્પન્ન કરેલ પીડાની શાંતિને અર્થે વેદોક્ત માર્ગથી શાંતિકર્મ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**सुरसैर्धरणीसुराणां नारायणीयकवचस्य जपं च भूप ! ॥३८॥ राजन्निदं शिशुचरित्रमघौघनाशं नारायणस्य वदतामिह शृण्वतां च । तुभ्यं मया कथितमात्मपतेः पवित्रं श्रद्धान्विताय परमादरतोऽवधार्यम् ॥३९॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हनुमत्कृतबालरक्षणनिरूपणनामा त्रयोविंशोऽध्यायः ॥२३॥

सुव्रत उवाच – **एकादश्यामार्यमणे माधवे मासि भार्गवे । अह्नस्तुर्यक्षणे प्रेङ्खां बालाऽध्यारोहयत्सुतम् ॥१॥ लक्ष्मीं स्वकुलदेवीं सा स्मरन्ती योगशायिनम् । अस्वापयत्प्राक्शिरसं शोभितायां च तत्र तम् ॥२॥ द्वितीयमासस्यारम्भे गोक्षीरं गालितं शुभम् । अपाययत्सा शङ्खेन तनयं गुरुवासरे ॥३॥ चक्रेऽथ निष्क्रमणसंस्कृतिमात्मजस्य सूर्येक्षणं स च तृतीयकमास एव । पुण्याहवाचनमकारयदत्र वृद्धिश्राद्धं तु नाकृत वृषः खलु सामगत्वात् ॥४॥ तं चन्द्रदर्शनमकारयदावृताङ्गं त्रैमासिकं च शुचिना वसनेन धर्मः । पूजां विधाय शशिनोऽथ च वामदेव्यं सामाध्यगापयदसौ विधिवत्प्रदोषे ॥५॥ एकदा तद्गृहमगान्मार्कण्डेयो महामुनिः । त्रिकालज्ञश्च तेजस्वी सशिष्यो वर्णिवेषधृत् ॥६॥ सम्भावयामास स तमातिथ्येन यथोचितम् । ब्राह्मणः सर्वधर्मज्ञः सभार्यो नृपसत्तम ! ॥७॥ भुक्त्वा पीत्वा सुखासीनं सेवमानस्तमन्तिके । उपविष्ट इदं प्राह पीणयन्स उदारधीः ॥८॥ कुत आगम्यते ब्रह्मन् ! भवता भूरितेजसा । कृतार्थीकुर्वता लोकान् पावितोऽद्य ममाश्रमः**

---

કરાવ્યું. સુમધુર ભોજન વડે બ્રાહ્મણોને તૃપ્ત કર્યા અને નારાયણકવચનો જપ કરવા લાગ્યા. (૩૮)

હે રાજન્ ! ભગવાનનું આ બાળચરિત્ર સમગ્ર પાપના સમૂહને પ્રજાળનારૂં છે. આ ચરિત્ર જે કોઈ ગાશે અથવા સાંભળશે તેના સમગ્ર પાપ નાશ પામશે. તમે શ્રદ્ધાવાન હોવાથી સર્વ આત્માઓના પતિ ભગવાનનાં બાલચરિત્રોની કથા મેં તમને સંભળાવી છે. તમોએ પણ આ કથા આદરપૂર્વક અંતરમાં ધારણ કરવા યોગ્ય છે. (૩૯)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'હનુમાનકૃત બાળરક્ષણ નિરૂપણ' નામે ત્રેવીસમો અધ્યાયઃ (૨૩)*

## અધ્યાય : ૨૪

## માર્કંડેય મુનિકૃત શ્રીહરિનું સાર્થક નામકરણ અને ગુણોનું વર્ણન

**પારણિયાનો સંસ્કાર :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! અર્યમા દેવતા અધિષ્ઠિત વૈશાખ વદી એકાદશીની તિથિએ, શુક્રવારે તેમજ દિવસના ચોથા મુહૂર્તમાં ભક્તિદેવીએ પુત્ર શ્રીહરિને પારણિયામાં પધરાવ્યા. (૧) ભક્તિદેવીએ પોતાનાં કુળદેવી લક્ષ્મી અને શેષશાયી ભગવાનનું સ્મરણ કરી સુંદર પારણિયામાં પરમાત્માને પૂર્વમુખે શયન કરાવ્યું. (૨)

**પયઃપાન સંસ્કાર :-** બીજા મહિનાના પ્રારંભમાં ગુરુવારના દિવસે ભક્તિદેવીએ બાળ શ્રીહરિને વસ્ત્રથી ગાળેલું ગાયનું પવિત્ર દૂધ શંખ વડે પાન કરાવ્યું. (૩)

**નિષ્ક્રમણ સંસ્કાર :-** ત્યાર પછી ત્રીજે માસે માતપિતાએ પુત્રનો નિષ્ક્રમણ સંસ્કાર કર્યો અને સૂર્યદર્શન કરાવ્યું. આ સંસ્કારના અંગભૂત સ્વસ્તિવાચન કર્મ કર્યું, અને પોતે સામવેદી હોવાથી ધર્મદેવે નાંદીશ્રાદ્ધ કર્યું નહિ. (૪) ધર્મદેવે બાલ શ્રીહરિનું શરીર વિશુદ્ધ વસ્ત્રથી ઢાંક્યું. વિધિ પ્રમાણે ચંદ્રદેવનું પૂજન કરી ત્રણ મહિનાના શ્રીહરિને ચંદ્રદર્શન કરાવ્યું. ત્યારબાદ સાયં સંધ્યા પછી પ્રદોષ સમયમાં ધર્મદેવે પવિત્ર બ્રાહ્મણો પાસે વામદેવ સંબંધી સામવેદનું ગાન કરાવ્યું. કારણ કે ધર્મદેવ સામવેદી હતા. (૫)

**નામકરણ સંસ્કાર :-** હે રાજન્ ! એક સમયે મહામુનિ માર્કંડેય શિષ્યમંડળની સાથે ધર્મદેવના ભવનમાં પધાર્યા. આ મુનિ ત્રિકાળદર્શી હતા. તેમની કાયા તેજસ્વી હતી. તેમણે બ્રહ્મચારીનો વેષ ધારણ કર્યો હતો. (૬) હે નૃપસત્તમ ! સકલ ધર્મના જ્ઞાતા, ભક્તિદેવી સહિત ધર્મદેવે યથાયોગ્ય આતિથ્ય સત્કાર દ્વારા મુનિની સંભાવના કરી. (૭) માર્કંડેય મુનિએ ભોજન કરી જળપાન કર્યું ત્યાર પછી સુખેથી સુંદર આસન પર બિરાજમાન થયા. તેમની સમીપે સેવામાં હાજર રહેલા ઉદાર બુદ્ધિવાળા ધર્મદેવ ઋષિને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા કે, હે બ્રહ્મન્ ! તમે મહા તેજસ્વી જણાઓ છો. અત્યારે આપનું આગમન ક્યાંથી થયું છે ? સમગ્ર લોકોને કૃતાર્થ કરનારા તમોએ આજે મારું આંગણું પાવન કર્યું. (૮/૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

॥९॥ ब्रह्मन् ! किं त्वयाधीतं वेदशास्त्रागमादिषु । विद्यानिधिरिवाभासि ततो मां वक्तुमर्हसि ॥१०॥ इति पृष्टः स विप्रर्षिः सर्वज्ञो मतिमान्नृप ! । तत्सुतप्रेक्षणानन्दो धर्मं प्रत्यब्रवीदिदम् ॥११॥ तीर्थयात्रां चरन्धर्म ! त्वद्वेश्मैतद्यदृच्छया । प्राप्तोऽस्मि भृगुगोत्रं मां मार्कण्डेयमवेहि भो ! ॥१२॥ वेदशास्त्रपुराणानि ज्योतिःशास्त्रं विशेषतः । पठितं पाठ्यते चापि वेदाङ्गानीतराणि च ॥१३॥ ततः प्रसन्नो धर्मस्तं प्रणम्याह पुनर्वचः । स्वपुत्रनामकरणं तेनैव हि चिकीर्षयन् ॥१४॥ अस्मद्भाग्यवशादेव जातोऽत्र भवदागमः । तस्मान्मयि कृपां कृत्वा कञ्चित्कालमिहावस ॥१५॥ ज्योतिषां पारदृश्वा त्वं ब्रह्मन्नस्यात्मजस्य मे । पश्य भाग्योदयं सम्यग्भविष्यं शास्त्रचक्षुषा ॥१६॥ नामकर्ममुहूर्तं च निश्चित्यास्य त्वमेव हि । कुरु नाम महाभाग ! गौणमार्क्षं च तत्त्वतः ॥१७॥ इति सम्प्रार्थितस्तेन मृकण्डतनयो मुनिः । पञ्चाङ्गपत्रे निश्चित्य मुहूर्तं नाम्न आह तम् ॥१८॥ एकादशाहादिदिने विष्ट्यादिदोषसम्भवात् । नाम्न्यकृते तु तत्कार्यं शतरात्रव्यतिक्रमे ॥१९॥ श्वः सप्तम्यां गुरावस्य लग्ने कर्कटकाह्वये । सौम्येषु केन्द्रसंस्थेषु नामकर्म विधीयताम् ॥२०॥ शुभाशुभं च यद्भावि सुतस्यास्य तदप्यहम् । नामान्ते कथयिष्यामि जन्मकालं विचार्य ते ॥२१॥ इत्युक्तः सोऽतिसंहृष्टः सम्पाद्योपस्करं तदा । प्रातः क्षणे तृतीयेऽह्नः प्रारम्भे च कर्म तत् ॥२२॥ वृद्धिश्राद्धं स कृत्वादौ पार्थिवाख्यहुताशनम् । प्रतिष्ठाप्याचरद्धोमं तत्र व्याहृतिपूर्वकम् ॥२३॥ ततोऽस्य विदधन्नाम मुनिरन्वर्थमब्रवीत् । अन्तर्दृष्ट्यैव कृष्णस्य जानन्सर्वं चिकीर्षितम् ॥२४॥ युवयोश्च स्वकीयानां हर्ताऽसावापदो

હે બ્રહ્મન્ ! તમોએ વેદ, શાસ્ત્ર અને આગમ વગેરે ગ્રંથોના મધ્યે કયા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે ? તમે સકલ વિદ્યાના નિધિ હો તેવું જણાય છે. માટે આપ યથાર્થ કહેવાને યોગ્ય છો. (૧૦) હે રાજન્ ! ધર્મદેવે આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિનાં દર્શનથી આનંદ પામેલા બુદ્ધિમાન અને સર્વજ્ઞ બ્રહ્મર્ષિ માર્કંડેયમુનિ ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા : (૧૧) હે ધર્મ ! હું તીર્થાટન કરતો કરતો દૈવ ઈચ્છાથી તમારા ભવનમાં આવ્યો છું. હું ભૃગુગોત્રમાં ઉત્પન્ન થયેલો છું. મૃકંડમુનિનો પુત્ર હોવાથી મારૂં નામ **માર્કંડેય** છે એમ તમે જાણો. (૧૨)

વેદ, શાસ્ત્ર, પુરાણ, વેદનાં છ અંગો તેમજ ઈતર ધર્મ શાસ્ત્રોનો પણ મેં અભ્યાસ કરેલો છે. તેમાં પણ જ્યોતિષશાસ્ત્રનો વિશેષપણે અભ્યાસ કર્યો છે અને કરાવું છું. (૧૩) મુનિનાં વચન સાંભળી ધર્મદેવ પ્રસન્ન થયા અને પોતાના પુત્રનાં નામકરણ સંસ્કારને આ મુનિ દ્વારા જ કરાવવાની ઈચ્છાથી ફરી તેમના પ્રત્યે કહેવા લાગ્યા : (૧૪) હે મુને ! અમારાં પૂર્વનાં પુણ્યથી તમારું આગમન થયું છે. માટે મારા ઉપર અનુગ્રહ કરો અને હમણાં કેટલાક દિવસ અહીં જ નિવાસ કરીને રહો. (૧૫)

હે બ્રહ્મન્ ! તમે જ્યોતિષશાસ્ત્રમાં પારંગત છો. તેથી તમે મારા આ પુત્રના ભવિષ્યનો ભાગ્યોદય શાસ્ત્રદષ્ટિથી સારી રીતે વિચારીને યથાર્થ કહો. (૧૬) હે મહાભાગ્યશાળી મુનિ ! આ બાળકના નામકરણકર્મનું મુહૂર્ત નક્કી કરી, તમે જ એમના ગુણ અને જન્મ-નક્ષત્રને અનુરુપ નામકરણ કરો. (૧૭) હે રાજન્ ! ધર્મદેવે આ પ્રમાણે પ્રાર્થના કરી તેથી મૃકંડના પુત્ર માર્કંડેય મહર્ષિ પંચાંગપત્રમાંથી નામકરણનું મુહૂર્ત નક્કી કરી ધર્મ પ્રત્યે કહેવા લાગ્યા : (૧૮) હે ધર્મદેવ ! જન્મથી અગિયારમા કે બારમા દિવસે વિષ્ટિ અથવા અમાસંક્રાંતિ વગેરે કુયોગને લીધે તે દિવસે નામકરણ સંસ્કાર ન કર્યો હોય તો એકસોને એકમા દિવસે નામકરણ કરવું. (૧૯)

આવતી કાલે સપ્તમી તિથિએ ગુરુવારે કર્ક લગ્નમાં ચંદ્ર વગેરે ગ્રહો પોતાના કેન્દ્રસ્થાનમાં રહેલા છે, તેથી એ સમયે પુત્રનો નામકરણસંસ્કાર કરો. (૨૦) તમારા પુત્રનો જન્મકાળ વિચારી તેમનું જે કાંઈ શુભ અથવા અશુભ ભાવિ હશે તે સર્વે પણ નામકરણ કર્યા પછી હું તમને જણાવીશ. (૨૧) હે રાજન્ ! માર્કંડેયમુનિએ આ પ્રમાણે કહ્યું તેથી ધર્મદેવ અતિશય પ્રસન્ન થયા અને તેમણે નામકરણસંસ્કારને ઉપયોગી તમામ સામગ્રી ભેળી કરી. અને બીજે દિવસે સવારના ત્રીજા મુહૂર્તમાં નામકરણસંસ્કારનો શુભ પ્રારંભ કર્યો. (૨૨)

ધર્મદેવે પ્રથમ નાંદીશ્રાદ્ધ કર્યું. ત્યાર પછી પાર્થિવ નામના અગ્નિની સ્થાપના કરી અને તે અગ્નિમાં 'વ્યાહૃતિ'ના ઉચ્ચારણપૂર્વક હોમ કર્યો. (૨૩) ત્યાર પછી ભગવાન શ્રીહરિએ ભવિષ્યમાં જે જે લીલા કરવાનું ધાર્યું છે તેને અંતર્દષ્ટિથી જાણીને માર્કંડેય મુનિ શ્રીહરિનું અર્થસભર નામકરણ કરવા લાગ્યા. (૨૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

द्विज ! । हरिसंज्ञोऽस्त्वतः कर्कराशिस्थेन्दोश्च जन्मनि ॥२५॥ कृष्णाख्यः कृष्णवर्णत्वात्स्वस्मिंश्चाकर्षणाद्धृदः । मधुमासजनेश्चासौ सुतो भवतु ते भुवि ॥२६॥ एतन्नामद्वयं विप्र ! पुत्रस्य तव यन्मया । कथितं व्यस्तमपि तत्समस्तं च भविष्यति ॥२७॥ त्यागज्ञानतपोधर्मैः पार्वतीपतिना समः । एष भावी च योगेन नीलकण्ठाभिधोऽस्त्वतः ॥२८॥ एवंविधान्यनेकानि गुणकर्मानुसारतः । नामान्यस्य भविष्यन्ति त्वत्सूनोर्द्विजसत्तम ! ॥२९॥ कथाश्रुतौ हरेरेष पृथुतुल्यो भविष्यति । भक्त्या च तद्वशीकारे क्षमायां चाम्बरीषवत् ॥३०॥ दास्ये भगवतश्चैष भविता हनुमत्समः । कार्याकार्यनयज्ञाने भविता विदुरोपमः ॥३१॥ शुकवत्तीव्रवैराग्ये बुद्धौ जनकराजवत् । प्रह्लादवच्च भविता कृष्णस्यैष सदाग्रहे ॥३२॥ मायादितत्त्वभिन्नात्मज्ञाने तु कपिलोपमः । दत्तात्रेयोपमो दोषत्यागे चैष गुणग्रहे ॥३३॥ अधर्मसर्गभीरुत्वे युधिष्ठिरनृपोपमः । दयालुतोदारतयोर्भाव्योऽसौ रन्तिदेववत् ॥३४॥ एष नारदवद्भाव्यो विष्णोर्निश्चयकारणे । इन्द्रियारिजये चैष भविष्यत्यर्जुनो यथा ॥३५॥ कृष्णाङ्घ्रिरेणुमाहात्म्यज्ञाने चाक्रूरसन्निभः । भगवद्भक्तमाहात्म्यज्ञाने भाव्य इवोद्धवः ॥३६॥ साधुतायामेष भूमावार्षभो भरतो यथा । भविष्यत्यग्रगण्यो वै त्यागिनामात्मदर्शिनाम् ॥३७॥ नानाप्रश्नोत्तरविधावुत्तरोत्तरयुक्तिषु । तुल्यो गीष्पतिना भाव्यो धैर्ये चैष बलिर्यथा ॥३८॥ करेऽस्य पद्मं च सृणिरूर्ध्वरेखादिकं पदोः । भवन्तीति भविष्योऽसौ नेता नृणां हि लक्षशः ॥३९॥ कष्टेभ्यो निखिलेभ्योऽपि सर्वदा सुत एष वाम् । कर्ता संरक्षणं धर्म ! यथा विष्णुः सुधाभुजाम् ॥४०॥ एवंविधानेकगुणो भविष्यत्यात्मजस्तव । गुणानां प्राप्यते नान्तो मया त्वस्य महीयसाम् ॥४१॥

---

હે વિપ્ર ! આ તમારા પુત્ર તમારા બંનેનાં તેમજ પોતાને શરણે આવેલા તમામ જનોનાં દુઃખને હરનારા હોવાથી તથા તેમના જન્મસમયે ચંદ્રનું સ્થાન કર્ક રાશિમાં હોવાથી **'હરિ'** નામે વિખ્યાત થશે. (૨૫) હે ધર્મ ! તમારા પુત્રનો વર્ણ નવીન મેઘ સમાન શ્યામ હોવાથી તેમજ પોતાના સ્વરૂપમાં મનુષ્યોનાં મનને આકર્ષણ કરતા હોવાથી તથા ચૈત્ર માસમાં પ્રગટ થયા હોવાથી પૃથ્વી પર આ તમારા પુત્ર **'કૃષ્ણ'** નામે વિખ્યાત થશે. (૨૬)

હે વિપ્ર ! તમારા પુત્રના જુદાં જુદાં આ બે નામ કહ્યા. તેમજ તે બન્ને નામ સાથે મળીને **'હરિકૃષ્ણ'** નામથી પણ પ્રસિદ્ધ થશે. (૨૭) આ તમારો પુત્ર ત્યાગ, તપ, જ્ઞાન, ધર્મ અને યોગમાં પાર્વતી પતિ શિવ સમાન થશે ને **'નીલકંઠ'** નામે પ્રસિદ્ધ થશે. (૨૮) હે વિપ્રવર્ય ! આ તમારો પુત્ર ગુણકર્મને અનુસારે બીજાં અનેક નામોથી પ્રસિદ્ધ થશે. (૨૯)

**શ્રીહરિના ગુણોનું વર્ણન** :- હે ધર્મ ! આ તમારા પુત્ર ભગવત્કથા સાંભળવામાં પૃથુરાજા જેવા શ્રદ્ધાવાન થશે. પરમાત્માને ભક્તિથી વશ કરવામાં અને ક્ષમાશીલતામાં અંબરિષ રાજા જેવા થશે. ભગવાનની દાસત્વ ભક્તિમાં હનુમાન સમાન થશે. કાર્યાકાર્યના વિવેકમાં વિદુરજી સમાન થશે. તીવ્ર વૈરાગ્યમાં શુકદેવજી સમાન થશે. જ્ઞાનમાં રાજા જનક જેવા થશે. ભગવત્ સ્મરણ કરવાના આગ્રહમાં પ્રહ્લાદજી જેવા થશે. માયાથી અલગ પોતાના આત્મસ્વરૂપના બોધમાં કપિલજી સમાન થશે. દોષનો ત્યાગ કરી ગુણ ગ્રહણ કરવામાં દત્તાત્રેય જેવા થશે. અધર્મસર્ગથકી ભય પામવામાં યુધિષ્ઠિર સમાન થશે. દયા અને ઉદારતામાં રંતિદેવ રાજા જેવા થશે. આ બાળક બીજાઓને પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય કરાવવામાં દેવર્ષિ નારદ સમાન થશે. ઈન્દ્રિયો રૂપી શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં અર્જુન સમાન થશે. ભગવાનનાં ચરણકમળની રજનું માહાત્મ્ય સમજવામાં અક્રૂર સમાન થશે. ભગવાનના ભક્તનું માહાત્મ્ય સમજવામાં ઉદ્ધવ સમાન થશે. સાધુતામાં ઋષભપુત્ર જડભરત સમાન આ તમારા પુત્ર આત્મદર્શી અને મહાન ત્યાગીઓનાં અગ્રણી થશે. અનેક પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવામાં તથા ઉત્તરોત્તર યુક્તિઓનું પ્રતિપાદન કરવામાં બૃહસ્પતિ સમાન થશે. ધીરજ ધારણ કરવામાં બલિરાજા સમાન થશે. (૩૦/૩૮)

હે ધર્મ ! તમારા પુત્રના હસ્તકમળમાં પદ્મનું ચિહ્ન છે. ચરણકમળમાં ઊર્ધ્વરેખાદિ ચિહ્નો છે. તે હેતુથી આ પુત્ર લાખો મનુષ્યોનાં નિયંતા થશે (૩૯) હે ધર્મદેવ ! ભગવાન વિષ્ણુ જેમ દેવતાઓનું રક્ષણ કરે છે તેમજ આ પુત્ર સમગ્ર કષ્ટથકી તમારું રક્ષણ કરશે. (૪૦) હે ધર્મ ! આ તમારા પુત્ર આવી રીતે બીજા પણ અનેક ગુણોવાળા થશે. એમના નિરવધિકાતિશય-અસંખ્ય મહાન ગુણોનો પાર હું (ચિરંજીવી હોવા છતાં) પણ પામી શકું તેમ નથી. (તો બીજાની તો વાત જ શી!) (૪૧)

सुव्रत उवाच – **इत्युक्त्वा विरतायास्मै मुनये स ददौ मुदा । नूत्नवासांसि भूषाश्च बहुलं द्रविणं नृप ! ॥४२॥ उषित्वैकं दिनं तत्र मार्कण्डेयोऽन्यवासरे । कृष्णेक्षाद्यतिसन्तुष्टस्तीर्थराजं ययौ ततः ॥४३॥ श्रुत्वात्मजस्य स गुणानभिवाञ्छ – नीयान्प्राप्तैर्महत्त्वपदवीमपि सज्जनौघैः । धर्मः सभार्य उदितोत्कटहर्षवार्धिमग्नो बभूव नृप ! विस्मृतलोककार्यः ॥४४॥**
इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नामकरणविधाननामा चतुर्विंशोऽध्यायः ॥२४॥

सुव्रत उवाच – **पञ्चमे मासि पुत्रस्य पुत्रदैकादशीदिने । मुहूर्ते सप्तमे धर्मश्चक्रे भूम्युपवेशनम् ॥१॥ वराहं धरया साकमिहानर्च वृषो मुदा । गीतवादित्रनादैश्च निगमध्वनिभिः सह ॥२॥ सप्तमे मासि पुत्रस्य स योगे गुरुपूर्णयोः । सम्पूज्य कुलदेवादीन्कर्णवेधमकारयत् ॥३॥ सौचिकः कुशलो रौप्यसूच्या द्विगुणसूत्रया । विव्याध कर्णं दक्षादिं वेदमन्त्राभिमन्त्रितम् ॥४॥**
**इषशुक्लद्वितीयायां तुलालग्ने शिशोर्वृषः । चक्रेऽन्नप्राशनं राजन्मङ्गलस्नानपूर्वकम् ॥५॥ कृत्वाभ्युदयिकं पूर्वं प्रतिष्ठाप्यानलं शुचिम् । चकार चरुहोमादि ब्रह्मादीनां च पूजनम् ॥६॥ तं मन्दहासविकसन्मुखमात्ममातुरुत्सङ्गं च समलङ्कृतमर्भकं सः । तूष्णीं सकृत्करसुवर्णधृतं सदन्नं प्रीत्याऽऽदयद्दधिहविर्मधुभिर्विमिश्रम् ॥७॥ वृत्तिं परीक्षितुमथास्य पुरः**

---

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવદ્‌ગુણોનું વર્ણન કરી માર્કંડેય મહર્ષિ વિરામ પામ્યા. ધર્મદેવે મુનિને શ્રદ્ધાપૂર્વક નૂતન વસ્ત્ર, અલંકાર અને ખૂબ દ્રવ્યનું દાન કર્યું. (૪૨) માર્કંડેય મુનિ ધર્મદેવના ભવનમાં એક દિવસ નિવાસ કરીને રહ્યા. ભગવદ્ દર્શન વગેરેથી અતિશય સંતોષ પામેલા માર્કંડેય મહર્ષિ બીજે દિવસે ત્યાંથી પ્રયાગક્ષેત્ર પ્રત્યે પધાર્યા. (૪૩)

હે રાજન્ ! 'મહાન પદવીને પ્રાપ્ત કરેલા સજ્જન પુરુષો પણ જે સદ્‌ગુણોની અંતરમાં ઈચ્છા ધરાવે છે તેવા ગુણો પોતાના પુત્રને વિષે સહજ રહેલાં છે.' એવું સાંભળી ધર્મ અને ભક્તિદેવી અંતરમાં ઉત્પન્ન થયેલા અતિશય આનંદના મહાસાગરમાં નિમગ્ન બન્યા. જેથી તેમને સમસ્ત લૌકિક કાર્યની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. (૪૪) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'નામકરણ વિધાન' નામે ચોવીસમો અધ્યાયઃ (૨૪)*

## અધ્યાય : ૨૫

## શ્રીહરિનો ચૌલ-કર્મ સંસ્કાર

**શ્રીહરિનો ભૂમ્યુપવેશન સંસ્કાર :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! જન્મથી પાંચમા મહિનામાં શ્રાવણ સુદ પુત્રદા એકાદશીને દિવસે સાતમા મુહૂર્તમાં ધર્મદેવે શ્રીહરિને પૃથ્વી ઉપર પ્રથમવાર બેસાડીને ભૂમ્યુપવેશન નામનો સંસ્કાર કરાવ્યો. (૧) ધર્મદેવે આ પ્રસંગે પ્રસન્નતા પૂર્વક વેદધ્વનિ અને મંગળ વાજિંત્રોના ધ્વનિ સાથે પૃથ્વી દેવીએ સહિત વરાહ ભગવાનનું પૂજન કર્યું. (૨)

**કર્ણ વેધન સંસ્કાર :-** ધર્મપિતાએ સાતમા મહિનામાં પૂર્ણા નામની અશ્વિન શુકલ દશમીએ સિદ્ધિ નામનો યોગ પ્રાપ્ત થતાં ગુરુવારના દિવસે કુળદેવનું પૂજન કરી પુત્રનો કર્ણવેધન સંસ્કાર કર્યો. (૩) કાન વીંધવામાં કુશળ કારીગરે બેવડો દોરો પરોવેલી રૂપાની સોય વડે વેદમંત્રોના ઉચ્ચારણ સાથે શ્રીહરિનાં જમણા કાનનું વેધન કર્યું. ત્યાર બાદ ડાબો કાન વીંધ્યો. (૪)

**અન્નપ્રાશન સંસ્કાર :-** આસો સુદ બીજની તિથિએ તુલા રાશિમાં સૂર્યનો પ્રવેશ થતાં ધર્મદેવે મંગળ સ્નાનપૂર્વક બાલ શ્રીહરિનો અન્નપ્રાશન નામનો સંસ્કાર કરાવ્યો. (૫) ધર્મદેવે પ્રથમ અભ્યુદયકર્મ અર્થાત્ નાંદીશ્રાદ્ધકર્મ કર્યું. શુચિ નામનાં અગ્નિદેવની સ્થાપના કરી. તે અગ્નિમાં ચરૂ આદિ હુતદ્રવ્યોનો હોમ કર્યો અને બ્રહ્માદિકનું પૂજન કર્યું. (૬) ભગવાન શ્રીહરિ ભક્તિદેવીની સ્નેહસભર ગોદમાં સુખેથી બેઠેલાં હતા. શ્રીહરિનું મુખકમળ મંદ મંદ હાસ્યથી પ્રફુલ્લિત હતું. અનેક પ્રકારનાં અલંકારોથી શોભતા હતા. ધર્મપિતાએ હાથમાં ધારેલી સોનાની સળીથી દહીં, ઘી અને મધથી મિશ્ર કરેલું શુભ અન્ન પ્રીતિપૂર્વક મૌન રહી શ્રીહરિનાં મુખમાં મૂક્યું. (૭)



**પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર**

सवस्त्रपात्रायुधादि निदधे वसु पुस्तकं च । तत्राग्रहीत्स तु सुतोऽन्तिममेव हर्षान्न्यस्तं पदार्थमिति हर्षमवाप तातः ॥८॥ सम्पोष्यमाणोऽनुदिनं पितृभ्यां स वर्धते स्मेन्दुरिवाद्यपक्षे । स्वबाललीलाचरितैरुदारैर्जहार चेतांसि निजेक्षकाणाम् ॥९॥ दम्पत्योः पुत्रभावेन हरिं लालयतोस्तयोः । तदात्मनोरहोरात्रा यान्ति स्म क्षणवद्द्रुतम् ॥१०॥ तदीक्षकाणां नारीणां पुंसां च स्थगितात्मनाम् । प्रवेष्टुं नाशकत्क्वापि हृदये भववेदना ॥११॥ वृद्धा अपि च विद्वांसस्तत्प्रेमविवशान्तराः । चिक्रीडुस्तेन साकं वै विस्मृतात्मीयवार्धकाः ॥१२॥ कल्याणमूर्तिर्भगवांस्तेषां निःश्रेयसाय सः । यथा यथा मनोवृत्तिं स्वस्मिन्स्यादकरोत्तथा ॥१३॥ बालं तं लालयन्तीनां योषितां स्निग्धचेतसाम् । नाभूत्स्वपरभेदो वै सर्वासामपि भूपते ! ॥१४॥ वृद्धास्तं पुत्रभावेन भ्रातृभावेन चापराः । लालयन्त्यो दिवा रात्रौ सस्मरुर्न गृहान्निजान् ॥१५॥ तस्याः करात्सा तस्याः सा तस्याः सेति पुनः पुनः । प्रेम्णा बालं जिघृक्षूणां त्वं न त्वं नेत्यभूत्कलिः ॥१६॥
बाला तु नान्तरं लेभे सुतं लालयितुं निजम् । नानेति नानानारीणां वचनैर्वारिता मुहुः ॥१७॥ कन्कनं मन्मनं चाथ ब्रुवन्तं बालकाकलीम् । ता योषितोऽम्ब ! ताततेति वादयन्ति स्म तं मुहुः ॥१८॥ हासयंस्तास्तदाऽब्रूत कलमर्धाक्षरैः पदैः । आद्येऽब्द एव सोऽशिक्षद्भाषितुं हिण्डितुं शिशुः ॥१९॥ आनन्दयन्निजजनानित्थं शैशवलीलया । वर्षमाद्यं व्यतीयाय स्वेच्छानरवपुर्हरिः ॥२०॥ विवाहं ज्येष्ठपुत्रस्य धर्मश्चक्रे कुलोचितम् । सम्भारेणैव महता तद्देशाधिपतिर्यथा ॥२१॥

**પુત્રની વૃત્તિ પરીક્ષા :-** ત્યાર પછી ધર્મપિતાએ પુત્રની વૃત્તિ પરીક્ષા કરવા તેમની આગળ વસ્ત્ર, પાત્ર, આયુધ, સોનામહોર અને પુસ્તક વગેરે પદાર્થો મૂક્યાં. ભગવાન શ્રીહરિએ તે વસ્તુઓમાંથી છેક છેડે મૂકેલું પુસ્તક જ ગ્રહણ કર્યું. તે જોઈ પિતાને અતિશય હર્ષ થયો. (૮) માતાપિતા શ્રીહરિનું પ્રીતિથી પાલન પોષણ કરતાં હતાં. બાલ શ્રીહરિ પણ શુકલપક્ષના ચંદ્રમાની માફક વધતા હતા. અને પોતાના ઉદાર અલૌકિક બાળ ચરિત્રોથી દર્શન કરનારાં જનોનાં મનને હરી લેતા હતા. (૯)

**બાલ શ્રીહરિનાં સ્વરૂપનું અનેરું આકર્ષણ :-** માતપિતા પુત્રભાવે શ્રીહરિનું પાલનપોષણ કરતાં હતાં. શ્રીહરિને વિષે જ બંનેનું મન તલ્લીન રહેતું હતું. આ રીતે તેમનાં દિવસ અને રાત ક્ષણની માફક વ્યતીત થતાં હતાં. (૧૦) જે મનુષ્યો શ્રીહરિનાં દર્શન કરતા અને તેમનાં સ્વરૂપને વિષે મન જોડી રાખતા તેમના હૃદયમાં સાંસારિક વેદના ક્યારેય પ્રવેશ કરી શકતી ન હતી. (૧૧) શ્રીહરિને વિષે પ્રેમથી વિવશ બનેલા વયોવૃદ્ધ તેમજ વિદ્વાન પુરુષો પણ પોતાનું વૃદ્ધપણું અને વિદ્વાનપણું વિસરી જઈ શ્રીહરિની સાથે ક્રીડા કરવા લાગતા. (૧૨) મંગળમૂર્તિ ભગવાન શ્રીહરિ મનુષ્યોના કલ્યાણને અર્થે જે પ્રકારે તેઓનાં મનની વૃત્તિ પોતાના સ્વરૂપમાં જોડાય તેવા પ્રકારની બાળલીલા કરતા હતા. (૧૩)

હે રાજન્ ! સ્નેહભાવથી શ્રીહરિનું લાલનપાલન કરતી સ્ત્રીઓનાં મનમાં પોતાના સંબંધી અને પારકાપણાનો ભેદ ક્યારેય ઉદ્‌ભવતો ન હતો. (૧૪) વૃદ્ધ સ્ત્રીઓ પુત્રભાવે અને અન્ય સ્ત્રીઓ ભ્રાતૃભાવથી રાત્રિદિવસ લાલન પાલન કરતી હોવાથી ઘરનાં કામકાજ પણ ભૂલી જતી હતી. (૧૫) એક સખીના હાથમાં રહેલા શ્રીહરિને લઈ બીજી સખી રમાડતી. બીજી સખીના હાથમાંથી લઈ ત્રીજી સખી પ્રેમથી રમાડવા લાગતી. આ રીતે વાત્સલ્ય ભાવથી શ્રીહરિને રમાડવા ઈચ્છતી નગરની નારીઓમાં 'તું નહિ, તું નહિ પણ હું રમાડીશ' આ પ્રકારનો પ્રેમકલહ થતો. (૧૬)

શ્રીહરિને રમાડવા આવેલી અનેક નારીઓ વારંવાર નિષેધ કરતી હોવાથી ભક્તિમાતાને પણ શ્રીહરિને રમાડવાનો અવકાશ પ્રાપ્ત થતો નહિ. (૧૭) બાલ શ્રીહરિ, બાળકને ઉચિત રમણીય અને મધુર કાલી કાલી ભાષા બોલતા. નગરની નારીઓ શ્રીહરિને 'હે મા' 'હે તાત' આ પ્રકારે બોલવા શીખવતી. (૧૮) શ્રીહરિ સ્ત્રીઓને હસાવતા હસાવતા અર્ધા અર્ધા અક્ષરના ઉચ્ચારથી અસ્પષ્ટ છતાં મધુર વચનો બોલતા. આ પ્રમાણે પ્રથમ વર્ષમાં જ બાલહરિ બોલતાં ચાલતાં શીખી ગયા. (૧૯) આ પ્રકારે બાળલીલાથી સંબંધી જનોને હર્ષ ઉપજાવનારા તેમજ સ્વેચ્છાથી મનુષ્યશરીરને ધારણ કરનારા શ્રીહરિને **પ્રથમ વર્ષ** વ્યતીત થયું. (૨૦)

**રામપ્રતાપભાઈનો વિવાહ પ્રસંગ :-** ધર્મદેવે પોતાના કુળને શોભે તે રીતે મોટા પુત્ર રામપ્રતાપનો વિવાહ કર્યો. તે વિવાહ પણ કૌશલદેશના મહારાજાની જેમ ખૂબજ ધામધૂમથી ઊજવ્યો. (૨૧) તરગામના બળદેવ વિપ્રે શણગારોથી સુસજ્જ એવી

बलदेवाभिधो विप्रो निजकन्यां सुवासिनीम् । ददौ रामप्रतापाय विधिना समलङ्कृताम् ॥२२॥ सुशीला सा तु तं प्राप्य पतिं परमधार्मिकम् । प्रीत्यानुवृत्त्या च गुणैः साध्वीधर्मस्थिताऽभजत् ॥२३॥ द्वितीयवर्षारम्भेऽथ नवम्यां तु महोत्सवम् । हरिप्रसादः पुत्रस्य कारयामास भूपते! ॥२४॥ हनूमन्तं बलिं व्यासं कृपं द्रौणिं विभीषणम् । मार्कण्डेयं पर्शुरामं विधिना समपूपुजत् ॥२५॥ ब्राह्मणान्भोजयामास हरिभक्तान्सहस्रशः । ईप्सितैः सुरसैर्भोज्यैर्ददौ तेभ्यश्च दक्षिणाः ॥२६॥ बालमूर्तौ भगवति सर्वेषामपि देहिनाम् । तस्मिन्भूयानभूत्प्रेमा तत्पित्रोस्तु विशेषतः ॥२७॥ प्राप्ते तृतीये वर्षेऽथ पिता चौलमकारयत् । पुत्रस्यातिविनीतस्य वृद्धेभ्योऽप्यतिधीमतः ॥२८॥ शुक्रस्य कृष्णपञ्चम्यां धिषणे वासवे च भे । आहूय वैदिकान् विप्रांस्तच्चकार यथाविधि ॥२९॥ विधाय मङ्गलस्नानं मातृपूजनपूर्वकम् । नान्दीश्राद्धं च पुण्याहवाचनं स त्वकारयत् ॥३०॥ सभ्यमग्निं प्रतिष्ठाप्य पात्रासादनमाचरत् । धर्मः स्वकुलधर्मज्ञो विधिज्ञब्राह्मणोदितम् ॥३१॥ तत्रैकविंशतिकुशपिञ्जुलीर्दक्षभागतः । अग्नेर्न्यधाद्वामतस्तु रक्तगोगोमयादि च ॥३२॥ कृत्वा व्याहृतिहोमादि क्षुरमादाय चायसम् । कपुष्णिकाच्छेदविधिं चकार स नराधिप ! ॥३३॥ कुलाचारात्तु सशिखं मुण्डनं नापितेन सः । कारयामास पुत्रस्य गोदानादि ततोऽकरोत् ॥३४॥ भूरिसर्पिः शर्कराढ्यसहकाररसादिभिः । तर्पयामास शतशो ब्राह्मणान् परया मुदा ॥३५॥ ततः स्वज्ञातिबन्धूंश्च ग्रामस्थानितरानपि । भोजयामास विप्रेन्द्रो जनांश्चागन्तुकानपि ॥३६॥ तत्कर्मणि व्यग्रचित्ता भक्तिर्माता तु तद्दिने । प्राणप्रियस्यापि सूनोर्नासीत्सम्भावनक्षमा ॥३७॥ अर्भकेभ्यः किशोरेभ्यः सुतं लालयितुं सती । समर्प्याभ्यागता योषाः साऽर्हयामास भूपते ! ॥३८॥ क्रीडन्तो भोजनान्ते गतवति तरणावप्युपान्त्यं मुहूर्तं घस्रस्यार्भं

---

પોતાની પુત્રી સુવાસિની દેવી શાસ્ત્રવિધિથી રામપ્રતાપને અર્પણ કર્યાં. (૨૨) સુવાસિની દેવી સુશીલ સ્વભાવનાં હતાં. પરમ ધાર્મિક પતિની પ્રાપ્તિ કરી, પ્રેમપૂર્વક તેમની અનુવૃત્તિમાં રહી પતિવ્રતાધર્મનું પાલન કરતાં હતાં. (૨૩)

**અબ્દપૂર્તિ કર્મ - (વાર્ષિક જન્મોત્સવ) :-** હે રાજન્ ! ધર્મદેવે બીજા વર્ષના આરંભમાં રામ નવમી તિથિએ પુત્રનાં જન્મનો અબ્દપૂર્તિ નામનો વાર્ષિક મહોત્સવ ઉજવ્યો. (૨૪) અબ્દપૂર્તિ કર્મનાં અંગ રૂપે હનુમાન, બલિ, વ્યાસ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભીષણ, માર્કંડેય, પરશુરામ વગેરે ચિરંજીવી પુરુષોનું વિધિ પ્રમાણે પૂજન કર્યું. (૨૫) ધર્મદેવે ભગવદ્ ભક્ત હજારો બ્રાહ્મણોને (દશમીનાં દિવસે) અનેક પ્રકારનાં ઈચ્છિત ભોજ્ય ભક્ષ્યાદિ મધુર પદાર્થોનાં ભોજન કરાવ્યાં અને તેઓને ખૂબ દક્ષિણા આપી. (૨૬) બાલ સ્વરૂપ શ્રીહરિને વિષે સમગ્ર દેહધારીઓને સ્નેહ ઊપજતો હતો. તેમાં પણ પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીને તો વિશેષપણે કરીને સ્નેહ થતો હતો. (૨૭)

**ચૌલકર્મ સંસ્કાર :-** ત્રીજા વર્ષનો આરંભ થતાં ધર્મદેવે અતિ વિનય સંપન્ન તેમજ જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ પુરુષોના કરતાં પણ મહા બુદ્ધિશાળી પુત્ર શ્રીહરિનો ચૌલકર્મ સંસ્કાર કરાવ્યો. (૨૮) જેઠ વદિ પાંચમના ગુરુવારે તેમજ ઘનિષ્ઠા નક્ષત્રમાં વૈદિક વિપ્રોને આમંત્રણ આપી ધર્મદેવે ચૌલકર્મ સંસ્કારનો વિધિ કરાવ્યો. (૨૯) તેમાં પ્રથમ ધર્મદેવે મંગળ સ્નાન કર્યું. પછી માતૃકાઓનાં પૂજનપૂર્વક નાંદીશ્રાદ્ધ અને પુણ્યાહવાચન કર્મ બ્રાહ્મણો પાસે કરાવ્યું. (૩૦)

પછી પોતાના કુળપરંપરાગત ધર્મને જાણનારા ધર્મદેવે 'સભ્ય' નામના અગ્નિનું સ્થાપન કર્યું. અને સર્વ પ્રકારના વિધિને જાણનાર બ્રાહ્મણના કહેવા પ્રમાણે 'પાત્રાસાદન' નામનું કર્મ કર્યું. (૩૧) ધર્મદેવે અગ્નિદેવની જમણી બાજુએ સાત સાત દર્ભોથી બનાવેલ ત્રણ પૂળીઓ સ્થાપન કરી તથા ડાબા ભાગમાં લાલ વર્ણના બળદનું છાણ વગેરે સ્થાપિત કર્યું. (૩૨) ધર્મદેવે વ્યાહૃતિહોમાદિ કરીને લોહના સજૈયાથી શ્રીહરિના મસ્તક પરના અગ્ર ભાગના કેશનું છેદન કર્યું. (૩૩)

ત્યાર પછી ધર્મદેવે પોતાના કુળાચાર પ્રમાણે વાળંદ પાસે શ્રીહરિનાં માથેથી શિખાએ સહિત સમગ્ર કેશ ઉતરાવ્યા અને ગાયોનાં દાન વગેરે સત્કાર્યો કર્યાં. (૩૪) ખૂબ ઘી અને સાકર મિશ્રિત કેરીનો રસ વગેરે ભોજન પ્રેમથી જમાડી સેંકડો બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. (૩૫) ત્યાર પછી પોતાનાં સંબંધી જનો, નગરના બીજા જનો અને અતિથિઓને પણ પ્રેમથી ભોજન કરાવ્યાં. (૩૬) સમગ્ર છપૈયાવાસી નરનારીઓ વગેરેને જમાડવા આદિક અનેક ક્રિયાઓમાં ઓતપ્રોત મનથી જોડાયેલા ભક્તિદેવીને પોતાનાં પ્રાણપ્રિય પુત્ર શ્રીહરિની સંભાળ લેવાનો પણ તે દિવસે અવકાશ પ્રાપ્ત ન થયો. (૩૭) હે રાજન્ ! ભક્તિદેવી શ્રીહરિને રમાડવા માટે કિશોર અવસ્થાવાળા બાળ સખાઓના હાથમાં સોંપીને પોતે અભ્યાગતો અર્થાત્ અનેક ગામોથી આવેલ પોતાનાં સંબંધિની જે સ્ત્રીઓ, તેમની ભોજનાદિકથી સંભાવના કરતા હતા. (૩૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**गृहीत्वा तमपि च परमप्रीतितो बालकास्ते । उद्यानं ग्रामतः प्राक् पुरुविटपितति प्राप्य तत्रातिहृष्टाः पक्वान्यादन् रसालद्रुमपतितफलानीक्षमाणा द्रुमालिम् ॥३९॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे चौलसंस्कारविधिनामा पञ्चविंशोऽध्यायः ॥२५॥

सुव्रत उवाच – **क्रीडत्सु तत्र बालेषु भक्षयत्सु फलानि च । अस्ताद्रिं भास्करः प्रायात्तमः प्रावर्ततानघ ! ॥१॥ तावत्तत्रासुरगुरुः कालीदत्त उपागमत् । व्यर्थीभूतात्मसंसृष्टकृत्यागणबलो द्रुतम् ॥२॥ कपटोपात्तसद्वेषो मायिको रिपुरन्ध्रवित् । तेषु बालेषु चिक्रीड जिघांसुर्भक्तिनन्दनम् ॥३॥ क्रीडन्वक्रारुणाक्षिभ्यां भीषयामास बालकान् । जिघृक्षुर्धर्मजं वेगात्तदन्तिकमुपाययौ ॥४॥ प्रसारितकरद्वन्द्वोऽपि ग्रहीतुं तमर्भकम् । संवर्ताग्निनिभं पश्यन्न शेकेऽपि निरीक्षितुम् ॥५॥ दुर्धर्ष्यं स्वेन तं ज्ञात्वा मान्त्रिकः स दुराग्रहः । प्रावर्तयद्धरिं हन्तुं मायामसुरसम्मताम् ॥६॥ बहुकालं साधितेन तेन मन्त्रेण योजिता । वर्धमाना प्रादुरभून्माया जनभयङ्करी ॥७॥ ववौ वातो महावेगो द्रुमोन्मूलनकृत् खरः । आसीद्घनघटा व्योम्नि प्रास्फुरन्त च विद्युतः ॥८॥ धाराभिर्ववृषुस्तोयं गर्जन्तो जलदा भृशम् । आकस्मिक इवोत्पातः स कालोऽभूद्भयङ्करः ॥९॥ अतिवातातिवृष्टिभ्यां बहवोऽपि महाद्रुमाः । निपेतुस्तेन शतशो विनेशुः पशुपक्षिणः ॥१०॥ अन्धकारो**

---

ભોજન કરી સર્વે બાળકો શ્રીહરિને ખૂબજ પ્રેમથી સાથે લઈ તેમને રમાડતા રમાડતા દિવસના અંતિમ સમયે છપૈયાથી પૂર્વ દિશામાં ગયાં. જ્યાં અનેક પ્રકારનાં વૃક્ષોની પંક્તિઓથી શોભતો આંબાનો બગીચો હતો, ત્યાં તેઓ આવ્યાં. વૃક્ષોને નિહાળી બાળકો પ્રસન્ન થયાં. તથા રસાળ વૃક્ષો પરથી પડેલાં ફળોનું ભક્ષણ કરવા લાગ્યાં. આ રીતે બાળકો ફળોનું ભક્ષણ કરી ખેલકૂદ કરતાં હતાં તેવામાં સૂર્યનારાયણે અસ્ત થવાની તૈયારી કરી. પરંતુ ક્રીડામાં આનંદમગ્ન બનેલા બાળકોને તેનો ખ્યાલ રહ્યો નહિ. (૩૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ચૌલ સંસ્કાર વિધિ' નામે પચીસમો અધ્યાયઃ (૨૫)*

## અધ્યાય : ૨૬

## બાલ શ્રીહરિકૃત કાલિદત્તવધ અને પોતાને વિષે સ્વજનોની પ્રેમવૃદ્ધિ

**અસુરગુરૂ કાલિદત્તનું આગમન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! બાળ સખાઓ બગીચામાં ખેલકૂદ કરતા હતા અને મધુર રસવાળાં ફળોનું ભક્ષણ કરતા હતા. તેવામાં સૂર્યનારાયણ અસ્ત થયા. ચારે તરફ અંધકારનું સામ્રાજ્ય છવાયું. (૧) તે સમયે 'પોતે શ્રીહરિને મારવા મોકલેલી કૃત્યાઓનું સામર્થ્ય વ્યર્થ ગયું છે.' એમ જાણતો સ્વયં સર્વ દૈત્યોનો ગુરૂ કાલિદત્ત નામનો અસુર ત્યાં તત્કાળ આવ્યો. તેણે બાળકોને મોહ ઉપજાવે તેવો વેષ ધાર્યો હતો. તે મહા માયાવી હતો. શત્રુને મારવાના અવસરની રાહ જોઈને બેઠો હતો. ભક્તિનંદન ભગવાન શ્રીહરિને મારવાની ઈચ્છાથી તે બાળકો સાથે રમવા લાગ્યો. (૨/૩) બાળકો સાથે ખેલકૂદ કરતો કાલિદત્ત પોતાનાં વક્ર અને લાલ નેત્રોથી બાળકોને ડરાવવા લાગ્યો. શ્રીહરિને પકડવાની ઈચ્છાથી વેગપૂર્વક તેમની નજીક આવ્યો. (૪) શ્રીહરિને પકડવા તેણે બેહાથ લાંબા કર્યા પણ તે બાળક શ્રીહરિને પ્રલયકાળના અગ્નિ સમાન જોઈને તેમની સામે મીટ માંડીને જોવા પણ સમર્થ ન થયો. (૫)

**કાલિદત્તે પ્રવર્તાવેલી આસુરી માયા :-** મંત્રતંત્રના ઉપાસક અને દુરાગ્રહી કાલિદત્તે 'શ્રીહરિનો પરાભવ કરવો શક્ય નથી' એમ જાણ્યું તેથી શ્રીહરિને મારવા આસુરી માયા પ્રવર્તાવી. (૬) બહુ સમયની સાધનાથી સિદ્ધ કરેલા મંત્રના પ્રભાવથી ઉત્પન્ન થયેલી આસુરી માયા ઉત્તરોત્તર વધવા લાગી. મનુષ્યોના મનમાં અતિશય ત્રાસ ઉપજાવવા લાગી. પ્રચંડ વેગવાળો તીક્ષ્ણ વાયુ વાવા લાગ્યો અને વૃક્ષોને ધરાશાયી કરવા લાગ્યો. આકાશ વાદળાંઓની ઘટાઓથી છવાયું તેમજ વીજળીના ઝબકારા થવા લાગ્યા. (૭/૮)

અત્યંત ગર્જના કરતાં વાદળાંઓ મોટી ધારાએ વરસવા લાગ્યાં. ઓચિંતો મહા ઉત્પાત સર્જાયો હોય ને શું ? એવો આ સમય મનુષ્યોને ભયાનક લાગવા માંડ્યો. (૯) વાવાઝોડા સહિત અતિવૃષ્ટિથી અનેક તોતીંગ વૃક્ષો ધરાશાયી બન્યા. જેનાથી સેંકડો પશુપક્ષીઓ મરણને શરણ થયા. (૧૦) હે ભૂમિપતિ ! ઘાટામેઘની ઘટાથી ચારે તરફ ગાઢ અંધકાર ફેલાયો.



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

महानासीद्घनाघनघटावशात् । आत्मानं च परं कोऽपि नापश्यत्तेन भूमिप ! ॥११॥ अरोदनस्वभावत्वाद्धरिं भूमौ निधाय ते । किशोरा हासयन्तस्तं क्रीडन्ति स्म यथारुचि ॥१२॥ आकस्मिक्याऽतिवृष्ट्या ते व्याकुलाश्च ससम्भ्रमाः । तिष्ठन्ति स्म द्रुमाधस्तात्सकम्पा आर्द्रवाससः ॥१३॥ अद्यक्षणे क्षणान्ते वा विरतिर्वातवर्षयोः । भवितेति प्रतीक्षां ते कुर्वन्तस्तत्र संस्थिताः ॥१४॥ प्रतिक्षणं वर्धमाना वृष्टिर्वातश्च दुःसहः । यदा नोपारमत्तर्हि जाताश्चिन्ताभयाकुलाः ॥१५॥ यत्र हारिप्रसादिस्तैर्न्यस्तस्तं तु वनद्रुमम् । विस्मृत्यान्यत्र तं सर्वे विचिक्युः प्राप्तसम्भ्रमाः ॥१६॥ हरिकृष्ण ! हरे ! कृष्ण ! नीलकण्ठेति तं च ते । उच्चकैराह्वयन्ति स्म भयगद्गदया गिरा ॥१७॥ तेषां शब्दं स नाश्रौषीत्तस्य शब्दं च तेऽखिलाः । वातवर्षातिवितितघोरशब्दोपबृंहणे ॥१८॥ धर्मात्मजमपश्यन्तो रुरुदुस्तत्र तत्र ते । चिन्ताव्याकुलितात्मानो गतधैर्या विचेतसः ॥१९॥ अहो किमेतदस्माभिः कृतं भाग्यविवर्जितैः । आनीतो द्विजराजस्य हा हा बालः कुतो न्विह ॥२०॥ गत्वा ग्रामं वयं लोकान्किं वदिष्याम उत्तरम् । कथं वा दर्शयिष्यामो भक्त्यै धर्माय चाननम् ॥२१॥
भयेन वेपमानानामिति चिन्ताकुलात्मनाम् । दुःखान्तो नाभवत्तेषां बहवस्तेषु मूर्च्छिताः॥२२॥ हरिरथ हृदि तामवेत्य मायामसुरजनेन कृतां स्वनाशहेतोः । अनुदितविकृतिस्तथैव तस्थावचल इवाचलमूर्तिरात्मदृष्टिः ॥२३॥ प्रबलतरमरुद्दयाभिघाताद्धिमशिखरिच्युतगण्डशैलरूपः । न्यपतदुपरि तस्य बालमूर्तेः सपदि विभग्नपदो महाम्रवृक्षः ॥२४॥ पतितः स महावृक्षः स्ववक्रत्वावकाशगे । छत्रायितः कुमारेऽभूद्वातवर्षनिवारकः ॥२५॥ विलोक्य बालं जीवन्तं

---

તેને કારણે કોઈ પણ મનુષ્ય પોતાને કે અન્યને પણ જોવા સમર્થ ન થયા. (૧૧)

**આસુરી માયાથી ભયાતુર થયેલાં બાળકો :-** આ સમયે કિશોરાવસ્થાનાં બાળકોએ શ્રીહરિને રડવાનાં સ્વભાવ રહિત હોવાથી ભૂમિ ઉપર બેસાડેલાં હતા. અને તેઓ બાલપ્રભુ શ્રીહરિને હાસ્ય કરાવતા કરાવતા પોતપોતાની રુચિ અનુસાર ખેલતા હતા. (૧૨) તેવામાં અકસ્માત થયેલી અતિવૃષ્ટિથી આકુળવ્યાકુળ થઈ બાળકો ગભરાઈ ગયાં. તેમનાં વસ્ત્રો ભીંજાઈ ગયાં. શરીર કંપવા લાગ્યા. અતિવાયુ અને અતિવૃષ્ટિનો હમણાં (આજ ક્ષણમાં) અથવા બે ઘડીમાં વિરામ થશે એમ પ્રતીક્ષા કરતાં તે બાળકો એક વૃક્ષની ઓથે ઊભા રહ્યા. (૧૩/૧૪)

ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતો અતિ દુઃસહ પવન અને વરસાદ જ્યારે વિરામ ન પામ્યા ત્યારે બાળકો ચિંતા અને ભયથી આકુળવ્યાકુળ થયા. (૧૫) સંભ્રાન્તચિત્ત બનેલા બાળકો જે વૃક્ષની નીચે શ્રીહરિને પ્રથમ બેસાડ્યા હતા તે વૃક્ષને ભૂલી ગયા, અને તેમને બીજે સ્થળે શોધવા લાગ્યા. (૧૬) સર્વે બાળકો ભયથી ગદ્ગદિત વાણીથી હે હરિ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ! હે નીલકંઠ ! આ પ્રકારે નામ લઈને વાણીથી ઊંચા સ્વરથી શ્રીહરિને બોલાવવા લાગ્યા. (૧૭)

પ્રચંડ વાયુ અને અતિવૃષ્ટિથી થતા ભયાનક શબ્દોના ધ્વનિમાં શ્રીહરિ બાળકોના શબ્દો સાંભળી ન શક્યા. તેમજ બાળકો પણ શ્રીહરિના શબ્દો સાંભળી ન શક્યા. (૧૮) તે તે સ્થળે શ્રીહરિને નહિ જોવાથી બાળકો રડવા લાગ્યા. તેમની ધીરજ ચાલી ગઈ. તેમનું મન ચિંતાથી વ્યાકુળ થયું. તેમની ચેતના (ઉત્સાહ શક્તિ) હણાઈ ગઈ. (૧૯) અરે ! ભાગ્યહીન આપણે આ શું કર્યું ? અરે! દ્વિજરાજ ધર્મદેવના પુત્રને આપણે શા માટે અહીં લાવ્યા ? ગામમાં જઈ લોકોને આપણે શું ઉત્તર આપીશું? ધર્મ અને ભક્તિદેવીને આપણે શું મુખ દેખાડીશું ? (૨૦/૨૧)

આ પ્રકારની ચિંતા અને ભયથી તેમનાં મન આકુળવ્યાકુળ થયાં. તેમનાં શરીર કંપવા લાગ્યાં. એમના દુઃખનો કોઈ પાર ન રહ્યો. તેથી ઘણાક બાળકો મૂર્છિત બની ગયા. (૨૨) પરંતુ બાળ મૂર્તિ શ્રીહરિ તો 'કાલિદત્તે આ માયા પોતાનાં નાશ માટે સર્જી છે.' એવું જાણતા હોવા છતાં આત્મદૃષ્ટિવાળા-અચલમૂર્તિ-પ્રભુ સ્વયં લેશમાત્ર પણ ક્ષોભ પામ્યા નહિ. અને અચલ પર્વતની પેઠે, પ્રથમની જેમ ત્યાં જ સ્થિર બેસી રહ્યા. (૨૩)

પ્રબળ પવનના આઘાતથી વિશાળ આંબાનું વૃક્ષ, હિમાલય પરથી પડતી શિલાની માફક તત્કાળ બાળમૂર્તિ ભગવાન શ્રીહરિ ઉપર પડ્યું. તે વૃક્ષનાં મૂળિયાં ઊખડી ગયાં. પડેલું તે મહાવૃક્ષ પોતાનાં વક્રભાગમાં શ્રીહરિને અવકાશ આપી તેમનાં માટે વાયુ અને વરસાદનું નિવારણ કરનાર છત્ર સ્વરૂપે થયું. (૨૪/૨૫)

महाद्रुमतलेऽपि तम् । प्रासारयत्करौ द्वौ च ग्रहीतुं पुनरेव सः ॥२६॥ तावत्तद्बालदृष्ट्यैव मुमोह भ्रान्तिविह्वलः । ग्रहाविष्ट इवारण्ये बभ्राम स इतस्ततः ॥२७॥ बाला विद्युत्प्रकाशेन तमपश्यन्भयाकुलाः । उत्तिष्ठन्तं पतन्तं च भ्रमन्तं च यतस्ततः ॥२८॥ पतत्पतितवृक्षौघाघातभूरिक्षताङ्गकः । पुष्पितः किंशुक इव दृश्यमानो मृतिं ययौ ॥२९॥ एवं हि भगवान् कृष्णो विशस्त्रोऽपि महामतिः । स्वप्रतापेन तन्नाशं करोति स्म निजेच्छया ॥३०॥ वृष्टिवातौ मृते तस्मिन् ययतुर्विरतिं शनैः । उच्छ्वासं लेभिरे तेन मूर्च्छितास्तत्र बालकाः ॥३१॥ अथ ग्रामे भक्तिधर्मौ जनाश्चान्ये द्विजादयः । अनागतान्स्वस्वपुत्रान्विचिक्यू रजनीमुखे ॥३२॥ अतिवातादि तद्दृष्ट्वा न दृष्ट्वा चात्मजान्क्वचित् । अत्युद्विग्ना बभूवुस्ते सम्भ्रान्तमनसो नृप ! ॥३३॥ वामाङ्गान्यस्फुरन् पुंसां दक्षाङ्गानि च योषिताम् । मेनिरे तेन पुत्राणां रिष्टप्राप्तिं तु ते हृदि ॥३४॥ अतिवातातिवृष्टिभ्यां महासन्तमसेन च । पुत्रार्त्या च विशेषेण न्यपतंस्त इतस्ततः ॥३५॥
निश आद्ये गते यामे वाते मन्दरये सति । वर्षे च विरते ते तु प्राबुध्यन्त हरीच्छया ॥३६॥ काचयन्त्रप्रदीपांस्ते महतीर्दीपिका अपि । कारयित्वा तदुद्यानं ययुरुद्विग्नचेतसः ॥३७॥ खड्गचर्मधनुर्हस्ताः कतिचिद्यष्टिपाणयः । ययुर्ग्रामजनाः सर्वे पुत्र पुत्रेति वादिनः ॥३८॥ आत्मीयबन्धुधृतबाहुयुगोऽथ धर्मो विस्त्रस्तवस्त्रपरिवेष्टितगात्रयष्टिः । कण्ठागतासुरसुरारिनिजात्मजात्मा मार्गे चचाल शनकैः प्रविकीर्णकेशः ॥३९॥ भक्तिः शशाङ्ककलिताम्बुजतुल्यवक्त्रा हे कृष्ण ! कृष्ण ! मम बाल

**કાલિદત્તનો સંહાર :-** કાલિદત્તે પડેલા મહાવૃક્ષની નીચે પણ શ્રીહરિને જીવતા રહેલાં જોયા તેથી ફરીથી પણ તેમને પકડવા બે હાથ લાંબા કર્યા. તેવામાં શ્રીહરિની દૃષ્ટિમાત્રથી જ મોહ પામીને તે અસુર ભ્રાન્તિથી વિહ્વળ (ગાંડો) થયો. અને જાણે ભૂતનો પ્રવેશ થયો હોય તેમ અરણ્યને વિષે આમતેમ ભમવા લાગ્યો. (૨૬/૨૭) ભયથી વ્યાકુળ બનેલા બાળકો વીજળીના પ્રકાશમાં ઊંચે અથડાતા, નીચે પડતા અને આમતેમ ભમી રહેલા કાલિદત્ત અસુરને જોવા લાગ્યા. (૨૮)

વાયુના આઘાતથી તે ક્ષણે પડતા; અને પૂર્વે પડી ગયેલા આમ્રવૃક્ષની સાથે અથડાઈ અથડાઈને કાલિદત્ત અસુરનું શરીર ઘવાયું. તેમાંથી નીકળતા રુધિરને કારણે લાલ કેસૂડાંથી ખીલેલા ખાખરાના વૃક્ષ જેવો જણાતો તે અસુર તે જ ક્ષણે મરણને શરણ થયો. (૨૯) હે રાજન્ ! મહા બુદ્ધિમાન શ્રીહરિએ શસ્ત્ર વિના પણ માત્ર પોતાની ઈચ્છાથી પ્રકટ કરેલા મહા પ્રતાપથી કાલિદત્તનો વિનાશ કર્યો. (૩૦)

**માતપિતાને ચિંતા :-** કાલિદત્તના મરણથી વાયુ અને વરસાદ ધીરે ધીરે શાંત થયા. બગીચામાં મૂર્છિત થયેલા બાળકો ફરી સચેતન થયા. (૩૧) આ બાજુ છપૈયાને વિષે, સાયંકાળ થવા છતાં પોતપોતાનાં બાળકો ઘેર આવ્યા નહિ. તેથી ધર્મ, ભક્તિ અને અન્ય બ્રાહ્મણાદિજનો રાત્રિના સમયે ચારે બાજુ શોધખોળ કરવા લાગ્યાં. (૩૨) હે રાજન્ ! ધર્મભક્તિ વગેરે જનોએ સર્વત્ર પ્રચંડવાયુ, વીજળીના કડાકા અને અતિવૃષ્ટિને જોયાં પણ પોતાના પુત્રોને ક્યાંય જોયા નહિ તેથી સંભ્રાન્ત મનવાળા તેઓ પોતાના અંતરમાં અત્યંત ઉદ્વેગને પામ્યા. (૩૩)

પુરુષોનાં ડાબાં અંગ અને સ્ત્રીઓનાં જમણાં અંગ ફરકવા લાગ્યાં. આ પ્રકારના અપશુકનથી ધર્મ, ભક્તિ વગેરે સંબંધીજનો 'પુત્રોને જરૂર કંઈક અનિષ્ટની પ્રાપ્તિ થઈ છે' એમ પોતાના મનમાં માનવા લાગ્યાં. (૩૪) અતિ પવન અને અતિવૃષ્ટિ હતી. તથા ચારે તરફ ગાઢ અંધકાર છવાયો હતો અને વિશેષે કરીને પુત્રના દુઃખે સર્વે દુઃખી હતાં. તેથી ધરણી પર જ્યાં ત્યાં ઢળી પડયાં. (૩૫)

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો ત્યારે પવનનો વેગ શાંત થયો તેમજ વૃષ્ટિ વિરામ પામી. આ સમયે પરમાત્મા શ્રીહરિની ઈચ્છાથી ધર્માદિક સર્વે મૂર્છામાંથી જાગ્રત થયાં. (૩૬) સર્વેનાં મન ચિંતાતુર હતાં. તેથી કાચનાં ફાનસો અને મોટી મોટી મશાલો પ્રગટાવીને જ્યાં બાળકો રમતાં હતાં તે બગીચામાં જવા માટે ચાલી નીકળ્યા. (૩૭) કેટલાકે હાથમાં ઢાલ, તલવાર કે ધનુષબાણ ધાર્યાં હતાં. કેટલાકે હાથમાં લાકડીઓ લીધી હતી. સર્વે ગ્રામજનો હે પુત્ર ! હે પુત્ર ! એમ સાદ પાડતાં પાડતાં ચાલ્યાં જતાં હતાં. (૩૮)

ધર્મદેવ પુત્રવિયોગની પીડાથી માર્ગને વિષે ચાલવામાં અશક્ત બન્યા તેથી બંધુજનોએ તેમના બન્ને હાથ ઝાલ્યા હતા. ધર્મદેવનું ઉત્તરીય વસ્ત્ર વારેવારે શરીર પરથી ખસી જતું હતું, તેને ફરીથી શરીર પર વીંટાળતા હતા. એમના પ્રાણ કંઠમાં આવી ગયા હતા. તેમના કેશ વિખરાઈ ગયા હતા. આવી સ્થિતિમાં ધર્મદેવ પોતાનાં મનને અસુરોનાં શત્રુ ભગવાન શ્રીહરિનાં સ્વરૂપમાં રાખી ધીરે ધીરે ચાલવા લાગ્યા. (૩૯)

इतीरयन्ती । पार्श्वद्वयस्थतरुणीधृतबाहुयुग्मा कृष्णासुरध्वनि चचाल विजीवितेव ॥४०॥ रामप्रताप उरुदुःखभरस्तदानीं शोचन् स्वसोदरमतिप्रियतावशत्वात् । मार्गे चचाल शनकैश्च वयस्यवर्यैः साकं रुदन्नतितरां विवशः सकम्पः ॥४१॥ श्रद्धादयस्तु ललनाः सुकृतान्तिकस्थास्तर्ह्येव दिव्यवपुराशुजवा पुरस्तात् । निर्गत्य चोपवनिकां सपदि प्रपद्य भग्नाम्रवृक्षतलगं ददृशुः स्वबालम् ॥४२॥ संवीक्ष्य ताः स्रुतपयोधरहेमकुम्भा हर्षादुपेत्य जगृहुः पुरुकम्पगात्रम् । आदाय चाङ्कमनुरागभरेण बालं स्वं स्वं स्तनं नृप ! मुदा तमपाययंश्च ॥४३॥ पुत्रस्नेहभरं तासामात्मन्यनुपमं हरिः । दृष्ट्वा तत्प्रीतये सद्य आसीद्द्वादशमूर्तिधृत् ॥४४॥ पपौ स्तनरसं तासां पीयूषमधुरं शिशुः । हरिर्ममाङ्क एवास्ति नान्यत्रेत्यविदंश्च ताः ॥४५॥ अभूवन् पूर्णकामास्ताः सर्वा अपि तदा नृप ! । कृष्णः प्रेमवतां स्वस्मिन् ह्यस्ति कल्पतरूपमः ॥४६॥ अथाययुः साश्रुनेत्रास्तत्र ते ग्रामवासिनः । विचिन्वन्तः सुतान्प्रापुर्मूर्च्छोत्थान्रुदतो भृशम् ॥४७॥ जीवतः स्वात्मजान्प्राप्य ग्राम्या आसन् गताधयः । कुत्र धर्मसुतोऽस्तीति ते तान् पप्रच्छुरात्मजान् ॥४८॥ तदा त ऊचुरस्माभिरिह द्रुमतलेऽर्भकः । न्यस्तो धर्मस्य खेलार्थं तत्र त्वद्य न दृश्यते ॥४९॥ वज्रपातोपमं वाक्यं तन्निशम्यातिदुःखिनः । कुर्वन्तो भृशमाक्रोशं व्यचिन्वंस्तमितस्ततः ॥५०॥ तदा श्रद्धादयः कृष्णं विन्यस्याधो द्रुमस्य ताः । स्थाने स्वकरसंमृष्टे जनादृश्याः समासत

---

ભક્તિદેવીનું મુખ રાત્રિને વિષે સૂર્ય વિયોગથી કરમાયેલા કમળ સરખું ઉદાસ હતું. હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મારા બાળ ! આ પ્રમાણે બોલતાં હતાં. બંને બાજુએ રહેલી સ્ત્રીઓએ ભક્તિદેવીના હાથ ઝાલ્યા હતા. શ્રીહરિકૃષ્ણ જ એમના પ્રાણ હોવાથી એ પ્રાપ્ત નહીં થતાં જાણે નિશ્ચેતન બન્યા હોય તેમ ચાલતાં હતાં. (૪૦) રામપ્રતાપભાઈ પોતાના નાના બંધુ શ્રીહરિ પ્રત્યે અતિશય સ્નેહ રાખતા હતા તેથી તે અતિશય દુઃખી થયા. તેમના અંતરમાં શ્રીહરિનો અત્યંત શોક હતો. શ્રીહરિના વિયોગથી વિવશ બનેલા તેઓ અતિશય રુદન કરતા હતા. એમનું શરીર કંપતું હતું. તેથી તેઓ પણ સમાન વયના સખાઓની સાથે માર્ગમાં ધીરે ધીરે ચાલતા હતા. (૪૧)

**શ્રદ્ધાદિક શ્રીહરિનાં દિવ્ય માતાઓનું આગમન :-** દિવ્યસ્વરૂપે ધર્મદેવની સમીપમાં જ વાસ કરતી તેમની શ્રદ્ધાદિ બાર પત્નીઓ દિવ્ય શરીરે તેમની આગળ આગળ તીવ્ર વેગથી ચાલતી ચાલતી તત્કાળ તે બગીચામાં આવી. ત્યાં તેઓએ ભાંગેલા આમ્રવૃક્ષ નીચે પોતાના પુત્ર શ્રીહરિને જોયા. (૪૨) હે રાજન્ ! શ્રીહરિના દર્શન કરતાંની સાથે જ જેમનાં હેમકળશ સમાન સ્તનોમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી છે એવી તે માતાઓ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપમાં આવી. તેમનાં શરીરને અતિશય કંપતું જોઈને તે માતાઓએ બાળક શ્રીહરિને ઉઠાવી સ્નેહથી ખોળામાં પધરાવ્યા અને પ્રેમથી તેમને પોતાનું સ્તનપાન કરાવવા લાગી. (૪૩)

માતાઓનો પોતાને વિષે પ્રેમ જોઈ ભગવાન શ્રીહરિ પણ તેમની પ્રસન્નતાને અર્થે તે જ ક્ષણે બાર સ્વરૂપે પ્રગટ થયા અને તેઓનું અમૃત કરતાં પણ અધિક મધુર પયોરસનું સ્તનપાન કરવા લાગ્યા. બધીજ માતાઓ એમ જ માનતી હતી કે 'શ્રીહરિ મારા જ ખોળામાં બિરાજે છે, પણ બીજે નથી.' (૪૪/૪૫)

હે રાજન્ ! પુત્ર ભાવથી પરમાત્માને સ્તનપાન કરાવી સર્વે માતાઓ પૂર્ણકામ બની. કારણ કે ભગવાન શ્રીહરિ પોતાને વિષે પ્રેમવાળા ભક્તજનોના કલ્પવૃક્ષ સમાન છે. (૪૬)

ત્યારબાદ સર્વે ગ્રામજનો બાળકોને શોધતાં શોધતાં ત્યાં આવ્યા. તેમની આંખોમાં અશ્રુ વહેતાં હતાં. ગ્રામજનો મૂર્છાવસ્થામાંથી જાગ્રત થઈ અતિશય રુદન કરતાં કરતાં તેઓ પોતાના બાળકોને મળ્યા. (૪૭)

જીવિત પુત્રોને પામી ગ્રામજનો ચિંતારહિત થયા. અને પોતાના બાળકોને પૂછવા લાગ્યા કે ધર્મનંદન ક્યાં છે ? (૪૮) ત્યારે બાળકો કહેવા લાગ્યા કે રમાડવા માટે અમે ધર્મપુત્રને આ વૃક્ષની નીચે બેસાડ્યા હતા પણ અત્યારે તે ત્યાં જોવામાં આવતા નથી. (૪૯)

બાળકોનું વજ્રપાત સમાન વચન સાંભળી સર્વે જનો અતિશય દુઃખી થયા અને અત્યંત આક્રંદ કરવા લાગ્યા. તથા ચારે તરફ શ્રીહરિને શોધવા લાગ્યા. (૫૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

॥५१॥ मार्गयन्ती शिशुं तत्र मातुली सुन्दरी हरेः । ददर्श बालं सहसा निर्भयं स्वस्थमास्थितम् ॥५२॥ मया लब्धो मया लब्धः शिशुरित्युच्चभाषिणी । गृहीत्वा तं ददौ भक्त्यै सा च तस्यै ललन्तिकाम् ॥५३॥ प्राप्यात्मजं हृदालिङ्ग्य भक्तिः स्नुतपयोधरा । पाययन्ती स्तनं मेने पुनर्जातमिवात्मजम् ॥५४॥ धर्मो रामप्रतापश्च ज्ञातयो ग्रामवासिनः । अक्षतावयवं प्राप्य कुमारं लेभिरे मुदम् ॥५५॥ ततोऽसुरगुरुं दृष्ट्वा पतितं ते ससम्भ्रमाः । पप्रच्छुः को मृतो ह्येष बाला ऊचुस्तदा वचः ॥५६॥ अस्मान्विभीषयन्नेष हन्तुकामो हरिं रुषा । अजिघृक्षत्प्रसार्य द्वौ बाहू विकृतलोचनः ॥५७॥ अनेन दृष्टमात्रोऽसौ नीलकण्ठेन तत्क्षणम् । इतस्ततो भ्रमन्नेव ममार नात्र संशयः ॥५८॥ श्रुत्वा तद्बालवचनं विस्मिताः सभयाश्च ते । ऊचुर्दिष्ट्या मृतः पाप्मा स्वस्य वै पापकर्मणा ॥५९॥ ततोऽतिहृष्टाः सर्वेऽपि ग्राममीयुर्निशाकरे । उदिते महदाश्चर्यमापन्ना धरणीपते ! ॥६०॥ भक्तिधर्मौ तु तच्छ्रुत्वा बालवाक्यं स्वचेतसि । कृष्णं सस्मरतुस्तावज्ज्ञानमासीत्तदिच्छया ॥६१॥ मृतोऽसौ पुरुषो नूनं कालीदत्ताभिधो गुरुः । असुराणां येन पुरा वयं मुहुरुपद्रुताः ॥६२॥ बालोऽपि नैव खलु मायिकविग्रहोऽसौ नारायणः स्वयमृषिर्धृतमर्त्यनाट्यः । वृन्दावने वरद एष हि नौ स्वकीयं जातो वरं सफलयन्भुवि नौ निकेते ॥६३॥ असुराणां वधोऽनेन रिपूणां नौ दुरात्मनाम् । आवयो रक्षणं चेति प्रतिज्ञातं प्रसीदता ॥६४॥ अतोऽनेनैव निहतो मायिकोऽसुरराडसौ । अन्यथा शक्नुयात्को वा हन्तुमेनं महाबलम् ॥६५॥ बलेनास्यैव सर्वेऽपि बलिनः सन्ति दानवाः ।

---

તે સમયે ધર્મદેવનાં શ્રદ્ધાદિ પત્નીઓ વૃક્ષ નીચે પોતાના હાથથી સ્વચ્છ કરેલ ભૂમિમાં શ્રીહરિને પધરાવીને કોઈ મનુષ્ય ન જાણી શકે એ રીતે ત્યાંથી અદ્રશ્ય થઈ ગઈ. (૫૧) સુંદરી મામી બગીચામાં શ્રીહરિને શોધતાં હતાં તેવામાં અચાનક તેમની નજર શ્રીહરિ ઉપર પડી. શ્રીહરિ નિર્ભયપણે સ્વસ્થ થકા બેઠા હતા. તેમને જોઈને મામી, 'ઘનશ્યામ મને મળ્યા.' 'ઘનશ્યામ મને મળ્યા.' એમ મોટેથી બૂમો પાડવા લાગ્યાં. પછી તેમણે શ્રીહરિને પોતાના હાથથી લઈને ભક્તિમાતાને અર્પણ કર્યા. તે સમયે ભક્તિમાતાએ હર્ષપૂર્વક કંઠનું મહામૂલ્ય આભૂષણ સુંદરી મામીને ભેટ આપ્યું. (૫૨/૫૩)

પ્રાણસમા પુત્રને પામી માતાએ હૃદય સરસા ચાંપ્યા. તેમના સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી. પોતાના પુત્રને નવો જન્મ પ્રાપ્ત થયો છે એમ માનતાં ભક્તિદેવી શ્રીહરિને પ્રેમથી સ્તનપાન કરાવવા લાગ્યાં. (૫૪) ધર્મ, રામપ્રતાપભાઈ, સંબંધીજનો અને ગ્રામજનો, અંગોમાં કોઈ પણ પ્રકારની ઈજા નહિ પામેલા શ્રીહરિને પામી અત્યંત પ્રસન્ન થયા. (૫૫)

ત્યારબાદ ગ્રામજનોએ નીચે પડેલા અસુરને જોયો અને ભયભીત થયા. તેમજ બાળકોને પૂછવા લાગ્યા કે આ કોણ મૃત્યુ પામ્યું છે ? ત્યારે બાળકો કહેવા લાગ્યા કે, અમને ડરાવતો અને વિકરાળ નેત્રોવાળો આ અસુર ક્રોધથી લાંબા હાથ કરી શ્રીહરિને પકડી તેમને મારવા ઈચ્છતો હતો. તેવામાં શ્રીહરિએ તેના ઉપર કરડી દૃષ્ટિ કરી. તેથીજ આમતેમ ભમતો, અથડાતો તે અસુર મૃત્યુ પામ્યો છે. તેમાં કોઈ જાતનો સંશય નથી. ( ૫૬ થી ૫૮)

હે રાજન્ ! બાળકોનાં વચન સાંભળી ભયપૂર્વક વિસ્મય પામેલા ધર્મદેવ વગેરે ગ્રામજનો કહેવા લાગ્યા કે 'આ પાપી એના પાપે મર્યો' એ બહુ સારું થયું. (૫૯) હે ધરણીપતે ! સર્વે છપૈયાવાસીઓનાં મનમાં અતિશય આનંદ થયો. સર્વે આશ્ચર્યમાં ગરકાવ થયાં. અને ચંદ્રોદય થતાં ગામમાં પાછા આવ્યાં. (૬૦) બાળકોનું વચન સાંભળી ધર્મ અને ભક્તિદેવી મનમાં ભગવાનનું સ્મરણ કરવા લાગ્યાં. તેવામાં પરમાત્માની ઈચ્છાથી તેમને આ પ્રકારનું જ્ઞાન થયું કે 'આ મૃત્યુ પામ્યો તે પુરુષ અસુરગુરૂ કાલિદત્ત છે. પૂર્વે આ અસુરે અનેક ઉપદ્રવ કરી આપણને વારંવાર પીડા આપી છે. (૬૧/૬૨) આ બાળક જણાતા હરિ પણ કોઈ સામાન્ય પ્રાકૃત શરીરધારી માણસ જેવા નથી પરંતુ પૂર્વે જે નારાયણઋષિરૂપે અવતર્યા હતા એજ આ મનુષ્યનાટકને ધરનારા સ્વયં શ્રીવાસુદેવ પુરૂષોત્તમ છે. આ પરમાત્માએ જ આપણને વૃંદાવનમાં વરદાન આપ્યું હતું તેને સફળ કરવા માટે જ તેઓ પૃથ્વી પર આપણા ભવનમાં આપણે ત્યાં પ્રગટ થયા છે. (૬૩)

આ જ પરમાત્માએ પ્રસન્ન થઈ દુષ્ટ મતિવાળા અસુર શત્રુઓનો વિનાશ અને આપણું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી છે. તે હેતુથી આપણે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટેલા શ્રીહરિએ જ આ મહા માયાવી અસુરગુરૂનો વિનાશ કર્યો છે. નહિતર આવા મહાબળવાન અસુરનો નાશ કરવા કોણ સમર્થ થાય? (૬૪/૬૫) આ અસુરના બળથી જ સર્વે દાનવો બળવાન થયા છે

**मृत्युनास्यैव सर्वेषां तेषां मृत्युरभूत्किल ॥६६॥ एषोऽसुराणां मूलं वै सर्वेषामपि भूतले । मूले छिन्नेऽथ शाखानां पृथग्नाशो न विद्यते ॥६७॥ अहो भगवताऽनेन विशस्त्रेणापि धीमता । बाल्य एव हतः सद्यो दैत्येशोऽग्रे तु किं पुनः ॥६८॥ आवयोः पोषणं भूमावेष एव करिष्यति । जातौ हि निर्भयावावामस्मदीयाश्च सर्वशः ॥६९॥ किं वर्ण्यं भक्तवात्सल्यं कृष्णस्यास्य दयानिधेः । इत्युत्सुकहृद्दालिङ्ग्य तस्थतुर्निर्वृतौ भृशम् ॥७०॥ ततो हरिर्निजज्ञानं तयोरपाहरत्पुनः । आसीद्यथापुरा धर्मः सभार्यः पुत्रधीर्हरौ ॥७१॥ महोत्पातेऽपि बालस्य जीवनं च रिपुक्षयम् । मेने कृष्णप्रसादं तं कुलदेवकृपां च सः ॥७२॥**

**व्यतीतायां निशि प्रातर्धर्मो धर्मविदां वरः । विघ्नोपशमनं होमं कारयामास वाडवैः ॥७३॥ पाठांश्च कारयामास श्रीनारायणवर्मणः । ब्राह्मणान्भोजयामास ददौ धेनूश्च काञ्चनम् ॥७४॥ पूजनं बलिदानं च कुलदेवस्य स द्विजः । मारुतेः कारयामास विधिज्ञैर्वैदिकैर्द्विजैः ॥७५॥ वन्दनं कारयामास निजपुत्रेण तस्य च । ब्राह्मणानां च सर्वेषामाशिषस्ते ददुः शुभाः ॥७६॥ रमणीयतरः स्वभावतः कृतसंस्कारविधिस्तु सोऽर्भकः । विबभाविव नील ऊर्जितो मणिरुत्तेजित आकरोद्भवः ॥७७॥ एतच्चरित्रं भवभीतिहर्तुर्हरेरुदारं कथितं मया ते । यः कीर्तयेद्यः शृणुयाच्च राजन्न दुर्लभा तस्य सभुक्तिमुक्तिः ॥७८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे चौलसंस्कारेऽसुरमायोपमर्दे कालीदत्तमरणं नाम षड्विंशोऽध्यायः ॥२६॥

---

અને આના મોતથી સર્વે અસુરોનાં મોત નિશ્ચય થયેલાં જ છે. (૬૬)

પૃથ્વી પર આ કાલિદત્ત સર્વે અસુરોનું મૂળ છે. મૂળના વિનાશથી શાખાનો વિનાશ નિશ્ચિત થયેલો જ છે. (૬૭) અરે! આશ્ચર્યની વાત એ છે કે શસ્ત્ર ધારણ કર્યા વિના પણ બુદ્ધિમાન પુત્રસ્વરૂપી આ પરમાત્માએ બાલ્યાવસ્થામાં જ દૈત્યરાજ કાલિદત્તનો વિનાશ કર્યો. તો આગળ જતાં આ બાળક શું નહિ કરે ? (૬૮)

પૃથ્વી પર આ બાળક જ આપણું પોષણ કરશે. હવે આપણે અને આપણાં સંબંધીઓ સર્વે નિર્ભય બન્યાં. અહો ! આ દયાના સિંધુ ભગવાનની ભક્તવત્સલતાનું વર્ણન આપણાથી કેમ થઈ શકે ? હે રાજન્ ! આ પ્રમાણે કહી ઉત્સુક હૃદયવાળાં માતાપિતાએ બાળસ્વરૂપ શ્રીહરિને દૃઢ આલિંગન કર્યું અને તેઓ અતિશય સુખના સિંધુમાં ગરકાવ થયાં (૬૯/૭૦)

ત્યાર પછી ભગવાન શ્રીહરિએ પોતાના દિવ્યજ્ઞાનની માતાપિતાને વિસ્મૃતિ કરાવી, તેથી ધર્મ અને ભક્તિ ફરીથી પૂર્વની માફક જ શ્રીહરિમાં પુત્રપણાની ભાવના કરવા લાગ્યાં. (૭૧) તેમજ મહા ઉત્પાત વચ્ચે પણ પોતાનો પુત્ર જીવતો રહ્યો અને મારવા આવેલો અસુર જ ખુદ મરણ પામ્યો, આ કાર્ય તેઓ ભગવાન શ્રીકૃષ્ણનો અનુગ્રહ અને કુળદેવ હનુમાનજીની કૃપાથી થયું એમ માનવા લાગ્યા. (૭૨)

ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ધર્મદેવે રાત્રિ પસાર થતાં પ્રાતઃકાળના સમયે બ્રાહ્મણો પાસે વિઘ્નનું નિવારણ કરનાર શાંતિકર્મ કરાવ્યું. નારાયણકવચનો પાઠ કરાવ્યો. બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં અને ગાયો તથા સુવર્ણનાં દાન કર્યાં. (૭૩/૭૪) વિધિ જાણનારા વૈદિકવિપ્રો પાસે કુળદેવ હનુમાનજીનું પૂજન કરાવ્યું તથા તેમને નૈવેદ્યરૂપ બલિ અર્પણ કર્યું. (૭૫) ધર્મદેવે પુત્ર શ્રીહરિને હનુમાનજી તથા સર્વે વિપ્રોનાં ચરણોમાં વંદન કરાવ્યાં. બ્રાહ્મણોએ પણ શ્રીહરિને શુભ આશીર્વાદ પાઠવ્યા. (૭૬)

બાળ શ્રીહરિ સ્વભાવથી અતિશય રમણીય તો હતા જ, પણ ચૌલકર્મ સંસ્કારવિધિ કરવાથી જેમ ખાણમાંથી નીકળેલા તેજસ્વી નીલમણિ (હીરા)ને સરાણ ઉપર ચઢાવવાથી અધિક શોભે તેમ સવિશેષ શોભવા લાગ્યા. (૭૭)

હે રાજન્ ! ભવભયને હરનાર શ્રીહરિનું આ ઉદારચરિત્ર મેં તમને સંભળાવ્યું. જે કોઈ પુરુષ આ ચરિત્રનું ગાન કરશે અને સાંભળશે તેને દુર્લભ એવી ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ) રૂપ ભુક્તિએ સહિત મુક્તિ (મોક્ષ) સહેજે પ્રાપ્ત થશે. (૭૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ચૌલ સંસ્કાર અને આસુરી માયાનાં ઉપમર્દનમાં માયાવી કાલિદત્ત મરણ પામ્યો' એ નામે છવ્વીસમો અધ્યાયઃ (૨૬)*



**પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર**

सुव्रत उवाच - **हरिप्रसादो विप्रर्षिः स्वग्रामेऽसुरसम्भवम् । उपद्रवं मुहुर्दृष्ट्वा स्थातुमैच्छन्न तत्र तु ॥१॥ पुण्यक्षेत्रावासरुचिर्धनधान्यसमृद्धिमान् । सद्यो विहाय तं ग्राममयोध्यां गन्तुमैहत ॥२॥ गृहोपस्करमाधाय शकटादिषु सप्रियः । पुत्रादिभिः सह ययौ साकेतनगरीं नृप ! ॥३॥ सज्ज्येष्ठतनयो धर्म एकं शकटमारुहत् । हरिमुत्सङ्गमाधाय भक्तिरेकं च सस्नुषा ॥४॥ शृण्वन् सुतस्य कलकाकलिकामुदारां पश्यंश्च तद्वदनपङ्कजनिं मुहुः सः । धर्मोऽतिहर्षनिभृतो न विवेद मार्गं क्रान्तं च मार्गजनमस्य तथैव पत्नी ॥५॥**
**अह्नश्चतुर्दशमुहूर्त उदारबुद्धिस्तीरं मनोहरमवाप वृषः सरय्वाः । साकं सुहृद्भिरवलोकयति स्म साक्षात् तामम्बुराशिपरमप्रिययोषितं च ॥६॥ स्नानेन यस्या दृशिमात्रतोऽपि याति क्षयं पापगणोऽपि पुंसाम् । या रामवाःकेल्यतिपूततोया नाम्नाप्यघानामतिभीतिदात्री ॥७॥ ग्रामोपमाभिश्च पुरोपमाभिर्महातरीभिर्विततान्तराभिः । या शोभमाना च तरङ्गजालैः शब्दायमानैर्बहुभिः समन्तात् ॥८॥ या पूजिता चन्दनपुष्पधूपैर्दीपावलीभिश्च फलैर्जनौघैः । क्रीडत्तिमिव्रातविसर्पणेन शोभामुपेता कविवर्णनीयाम् ॥९॥ या मानसाख्यात्सरसः प्रजाता सन्नादिता मानसवासिभिश्च। तटद्रुमालिप्रतिबिम्बदृश्या सेव्या निजस्वान्तविशुद्धिकामैः ॥१०॥ तरीमथारुह्य महानदीं तां सहात्मपोष्यैर्वृष उत्ततार ।**

## અધ્યાય : ૨૭

## શ્રીધર્મદેવનું અયોધ્યાપ્રયાણ

**વતનનો ત્યાગ અને અયોધ્યાગમન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! છપૈયાપુરમાં વારંવાર થતા અસુરોના ઉપદ્રવને જોઈ વિપ્રર્ષિ હરિપ્રસાદજી હવે ત્યાં વધુ રહેવા ઈચ્છતા ન હતા. (૧) ધર્મદેવ ધનધાન્યથી સમૃદ્ધ બન્યા હતા. પવિત્ર તીર્થક્ષેત્રમાં રહેવાની તેમને સહજ રુચિ હતી. તેથી તત્કાળ છપૈયા ગામનો ત્યાગ કરી અયોધ્યા જવા ઈચ્છા કરી. (૨) હે રાજન્ ! ધર્મદેવ ઘરની સમગ્ર સામગ્રી ગાડામાં ભરી ભક્તિદેવી તેમજ પુત્ર પરિવારની સાથે અયોધ્યાપુરી તરફ જવા નીકળ્યા. (૩)

ધર્મદેવ મોટાપુત્ર રામપ્રતાપની સાથે એક ગાડામાં બેઠા. બીજા ગાડામાં બાળ શ્રીહરિને વ્હાલભરી ગોદમાં બેસાડી ભક્તિદેવી બેઠાં. પુત્રવધૂ સુવાસિની દેવી પણ આ જ ગાડામાં બેઠાં. (૪) બાળ શ્રીહરિની ઉદાર, (નિપુણતા ભરેલી) તેમજ અર્ધ-અક્ષરવાળી અસ્પષ્ટ છતાં મધુર લાગતી બાળ વાણીનું શ્રવણ કરતાં તેમજ શ્રીહરિના મુખ કમળની શોભાને વારંવાર નિહાળતાં ધર્મદેવ અને ભક્તિદેવીનું મન આનંદપૂર્ણ બન્યું. તેથી કેટલો માર્ગ કપાયો, તથા સામે કોણ મળ્યા તેનો પણ તેમને ખ્યાલ રહ્યો નહિ. (૫)

**સરયૂ ગંગાની સુંદર શોભા :-** ઉદાર મતિવાળા ધર્મદેવ સંબંધીજનોની સાથે દિવસના ચૌદમા મુહૂર્તમાં સાયંકાળે સરયૂ નદીના મનોહર તીરે આવ્યા. અને સમુદ્રનાં પરમ પ્રિય પત્નીસ્વરૂપા મહાનદી સરયૂગંગાના દર્શન કરવા લાગ્યા. (૬) જે સરયૂગંગામાં સ્નાન અને દર્શન કરવા માત્રથી મનુષ્યોનાં પાપના પુંજ નાશ પામે છે. આ સરયૂ ગંગાનું જળ શ્રીરામચંદ્ર ભગવાનની જળક્રીડાથી પવિત્ર બન્યું છે. અને વળી આ નદી પોતાના **'સરયૂ'** એવા નામના ઉચ્ચારણમાત્રથી પણ સર્વ પાપોને ભય ઉપજાવનારી છે. (૭)

આ સરયૂગંગાના પ્રવાહમાં અનેક મહા નૌકાઓ ચાલે છે. જે નૌકાઓ પોતાને વિષે વિશાળ અવકાશવાળી હોવાથી મોટા ગામ અને નગરની સમાન રહેલી છે. આ સરયૂગંગા ચારે બાજુએથી શબ્દ કરતા જળતરંગોથી અતિશય શોભે છે. (૮) સકલ શોભા સંપન્ન સરયૂગંગાના ગુણોનું વર્ણન કવિજનો પણ કરે છે. કારણ કે મનુષ્યોના સમૂહો આ સરયૂગંગાનું ચંદન, પુષ્પ, ધૂપ, દીપપંક્તિ અને ફળથી પૂજન કરે છે. જેને વિષે ક્રીડા કરનારાં મગરમચ્છ વગેરે અનેક જળચર પ્રાણીઓ નિવાસ કરીને રહે છે. તેથી આ સરયૂગંગા ક્રાન્તદર્શી કવિજનોએ વર્ણન કરવા યોગ્ય સકલ ગુણોથી શોભાયમાન છે. (૯)

માનસ સરોવર આ સરયૂગંગાનું ઉદ્ભવ સ્થાન છે. જેને વિષે માનસવાસી રાજહંસો હંમેશા અવ્યક્ત મધુર નાદ કરે છે. કિનારા પરના વૃક્ષસમુદાયના પ્રતિબિંબથી આ સરયૂગંગા અતિશય મનોહર લાગે છે. અને જે પોતાનાં અંતરની શુદ્ધિ ઈચ્છનારા પુરુષો દ્વારા સેવન કરાયેલી છે. (૧૦) ધર્મદેવ પોતાના સર્વ સંબંધીજનોની સાથે નાવમાં બેસી સરયૂના



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

उपस्करं नौनिहितं च सर्वं सम्भावयामास पुनः प्रतीरे ॥११॥ पुरीमयोध्यां समवाप्य तत्र हरिप्रसादः प्रससाद चित्ते । तावत्प्रतीचीनगिरिं दिनेशो जगाम राजन्नरुणाङ्गवर्णः ॥१२॥ सहस्रशो दीपततीस्तदानीं सौधेषु तीरे च जनाः सरय्वाः । चक्रुश्च यासां प्रतिबिम्बवृन्दैः सर्वा नदी दीपमयीव रेजे ॥१३॥ तत्र द्विजान् कुर्वत एष सन्ध्यां दृष्ट्वा विधाय स्नपनं स्वयं च । पितृप्रसूपासनमाचचार प्रत्यङ्मुखः कर्मविधिप्रवीणः ॥१४॥ स्वर्गद्वाराभिधे तत्र कृतसन्ध्याविधिर्द्विजः । तीर्थे ततो लक्ष्मणस्य दर्शनं कृतवान्मुदा ॥१५॥ तुलसीपुष्पवृक्षादिशोभितात्तीर्थतस्ततः । प्रविवेश पुरीं रम्यां यामाहुर्मुक्तिदां बुधाः ॥१६॥ योजनानि दश द्वे च याऽऽयता सरयूमनु । विस्तीर्णा त्रीणि च प्रोक्ता मनुना निर्मिता स्वयम् ॥१७॥ इक्ष्वाकुवंश्यभूपानां राजधानीति योदिता यत्र साक्षाद्वासुदेवो रामनामाजनि स्वयम् ॥१८॥ फलपुष्पभरानम्रनानाद्रुमलतादिभिः । शोभमानैर्बहुविधैरुद्यानैः परितो वृता ॥१९॥ रथ्यामहाध्वापणचत्वराणि यस्यां विभक्तानि च मार्जितानि । भवन्ति नित्यं च सुपूजितानि द्वाराणि दध्यक्षतकुङ्कुमाद्यैः ॥२०॥ सौधैर्विशालैरथ सप्तभौमैः कैलासभूभृच्छिखरोपमेयैः । पङ्क्तिस्थितैः शुभ्रतरैरनेकैर्विराजमाना च मठादिभिर्या ॥२१॥ जनाश्चतुर्वर्णभवास्तु यस्यां वसन्त्यसङ्कीर्णगृहालयश्च । स्वं स्वं च धर्मं परिपालयन्तो धर्मावतारस्य हरेः प्रतापात् ॥२२॥ सुसङ्कुला या करिणां घटाभिश्चतुर्विधानां च विभूषितानाम् । सुलक्षणैर्वातजवैस्तुरङ्गैर्वृषैश्च मत्तैरिव भद्रनागैः ॥२३॥ शुश्राव तस्यां प्रतिराममन्दिरं

---

સામે કિનારે પહોંચ્યા. અને પછી નૌકામાં રહેલી પોતાની સર્વ સામગ્રી ફરીથી સંભાળી લીધી. (૧૧)

ધર્મદેવ અયોધ્યાપુરીમાં આવી અતિશય પ્રસન્ન થયા. તેવામાં અરુણ રંગથી રંગાયેલાં અંગોવાળા સૂર્યનારાયણ અસ્ત પામ્યા. (૧૨) તે સમયે સર્વે મનુષ્યો સરયૂનદીને કિનારે અને રાજભવનમાં હજારો દીપમાળાઓ પ્રગટાવતા હતા. અને તે દીપમાળાનાં પ્રતિબિંબો સરયૂ નદીમાં પડી રહ્યાં હતાં, તેથી સમસ્ત નદી દીપમય બની શોભી રહી હતી. (૧૩) સરયૂ નદીમાં સંધ્યાવંદનાદિ ક્રિયા કરતા બ્રાહ્મણોને જોઈ ધર્મદેવે પણ સ્નાન કર્યું અને કર્મવિધિમાં નિપુણ હોવાથી તેઓ પૂર્વ મુખે બેસી સાયં સંધ્યા-ઉપાસના કરવા લાગ્યા. (૧૪) સરયૂને તીરે આવેલા **સ્વર્ગદ્વાર** નામના તીર્થમાં ધર્મદેવે સ્નાન કર્યું અને લક્ષ્મણતીર્થમાં બિરાજતા લક્ષ્મણજીનાં દર્શન કર્યાં. (૧૫)

**અયોધ્યાપુરીનું વર્ણન** :- ત્યારબાદ ધર્મદેવે અયોધ્યાપુરીમાં પ્રવેશ કર્યો. જે પુરીમાં તુલસી, પુષ્પ ભરેલી લતાઓ અને ફળોથી ભરેલાં વૃક્ષોથી શોભતાં અનેક તીર્થો આવેલાં છે. શ્રેષ્ઠ જ્ઞાની પુરુષોએ આ પુરીને મુક્તિ આપનારી કહી છે. (૧૬) આ નગરીનું નિર્માણ વૈવસ્વત મનુએ કર્યું છે. આ અયોધ્યા નગરી સરયૂને કિનારે કિનારે બાર યોજન લાંબી ને ત્રણ યોજન વિસ્તારવાળી છે. આ નગરી ઈક્ષ્વાકુ વંશના રાજાઓની રાજધાની કહેલી છે. આ નગરીમાં ભગવાન વાસુદેવ પ્રત્યક્ષ શ્રીરામચંદ્ર સ્વરૂપે પ્રગટ થયેલા છે. (૧૭/૧૮)

આ નગરી ફળ અને પુષ્પના ભારથી નમેલાં અનેક વૃક્ષો, લતાઓ, વાવ, કૂવાઓ અને બહુવિધ બગીચાઓથી ચારે તરફ શોભી રહી છે. (૧૯) જે નગરીમાં નાના નાના માર્ગો, ચોક અને દુકાન વગેરે વિભાગશઃ આવેલાં છે. તેના માર્ગો સ્વચ્છ છે અને જે નગરીનાં ઘરનાં દ્વારો જનોએ, દહીં, ચોખા, કુંકુમ વગેરે શુભ દ્રવ્યથી પ્રતિદિન પૂજન કરેલાં શોભે છે. (૨૦)

આ નગરીમાં પર્વતના શિખર જેવા વિશાળ સાત સાત માળના મહેલો પંક્તિબદ્ધ શોભી રહ્યા છે. તે મહેલોનો રંગ શ્વેત વર્ણનો છે. તથા આ નગરીમાં સંન્યાસીઓના અનેક મઠો આવેલા છે. (૨૧) આ નગરીમાં ચારે વર્ણના મનુષ્યો છૂટા છૂટા અને વિસ્તારવાળા ભવનોમાં રહે છે. તેમજ ધર્મનંદન શ્રીહરિના પ્રતાપથી પોતપોતાના વર્ણાશ્રમધર્મનું પાલન કરે છે. (૨૨) ઝૂલોથી શણગારેલા ભદ્ર, મંદ, મૃગ અને મિશ્ર આ ચાર પ્રકારના હાથીઓ, સુલક્ષણા અને વાયુસમાન વેગવાળા અશ્વો તથા ભદ્ર જાતિના હાથી જેવા મદોન્મત્ત બળદિયાઓથી આ નગરી અત્યંત ભીડવાળી જણાય છે. (૨૩)

घस्रान्तनी राजनपद्यगीतिकाः । वीणामृदङ्गाम्बुजतालझल्लरीतूर्यानकानां निनदांश्च सोऽनघ ! ॥२४॥ दीपावलीभ्राजितपङ्क्तिसंस्थविचित्रपण्यापणवीथिकाः सः । पौरांश्च देवानिव राजमानान् पश्यन्नतीयाय पुरं सपोष्यः ॥२५॥ रामघाटस्य निकटे बरहट्टाभिधं ततः । तच्छाखानगरं प्राप चातुर्वर्ण्यजनाश्रितम् ॥२६॥ त्रेताग्निप्राश्यमानानां हविषामतिसौरभम् । जिघ्रंस्तत्राकरोद्वासं निजप्राचीनकेतने ॥२७॥ त्रिकालं सरयूस्नानं सन्ध्यादीनि च नित्यदा । कुर्वन्कर्माणि नित्यानि कृष्णे भक्तिं समाचरत् ॥२८॥ क्रियमाणां कृष्णभक्तिं पित्रा कृष्णोऽर्भकोऽपि ताम् । दृष्ट्वा तथा स्वयमपि करोति स्मार्भलीलया ॥२९॥ स बालः शैशवेऽप्यासीत्साधुशीलगुणान्वितः । कृष्णार्चादिरुचिस्त्यक्तग्राम्यक्रीडापरिच्छदः ॥३०॥ स्नातुं स तूषसि प्रायात्सरयूं जननीमनु । प्रत्यहं शीतकालेऽपि कर्मठब्राह्मणो यथा ॥३१॥ गृहमेत्यार्चयामास कृष्णं बालपरिच्छदैः । तल्लग्नमानसतया भोज्यादि क्वापि नास्मरत् ॥३२॥ पित्रा जनन्याप्याहूतः सवयोभिश्च बालकैः । कृष्णध्यानपरः क्वापि सुचिरं न शृणोति तत् ॥३३॥ बाल्ये विष्णुकथाकीर्तिश्रवणोत्सुक आस सः । रामायणं तु बहुशो ह्यशृणोत्तत्र तत्र च ॥३४॥ प्रायशो रामभक्तानां समागमवशात्तु सः । प्राप श्रीजानकीनाथे भक्तिं भक्तजनप्रिये ॥३५॥ त्यक्तग्राम्यविहारधीः स भगवानब्दं जनेः पञ्चमं प्राप्तः स्वीकृतशुद्धसाधुसरणिस्तां स्थापयन्भूतले । नादेयाम्भसि नित्यमाप्लवविधिं प्रार्तविधायदारात्साकेताखिलदेवता नमयितुं याति स्म तत्तद्गृहान् ॥३६॥ सीतालक्ष्मणगन्धवाहतनयैर्युक्तं

---

હે નિષ્પાપ રાજન્ ! તે નગરમાં સંધ્યા સમયે પ્રત્યેક રામજીમંદિરમાં આરતી, પદ્યગાન, વીણા, મૃદંગ, શંખ, કાંસા, કરતાલ, ઝાલર, તુરઈ, નગારાં વગેરે વાજિંત્રોના મધુર નાદોને સાંભળતા તેમજ પ્રગટેલા દીવડાઓની શોભતી હારબંધ રહેલી અનેક પ્રકારની દુકાનોવાળી શેરીઓની શોભાને જોતા; તથા દેવ સમાન ત્યાંના મનુષ્યોને નિહાળતા નિહાળતા ધર્મદેવ અયોધ્યા નગરને ઓળંગ્યા. અને પછી રામઘાટની સમીપે આવેલા અને જ્યાં ચારે વર્ણના મનુષ્યોનો નિવાસ છે એવા **'બરહટ્ટા'** નામના શાખાનગરમાં પોતાનાં પોષ્યવર્ગજનો સહિત આવી પહોંચ્યા. (૨૪ થી ૨૬)

ધર્મદેવે અહીં દક્ષિણ, આહ્‌વનીય અને ગાર્હપત્ય નામના ત્રણ અગ્નિઓએ ભોજન કરાતા ઘૃતાદિ આહૂતિરૂપ હવિષ્યાન્નની અતિ સૌરભને ગ્રહણ કરતા થકા તે શાખા નગરમાં પોતાના પ્રાચીન ઘરમાં નિવાસ કર્યો. (૨૭) ધર્મદેવ નિરંતર સરયૂગંગામાં ત્રિકાળ સ્નાન, સંધ્યાવંદનાદિ નિત્યકર્મ તથા નિરંતર ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરતા હતા. (૨૮)

**શ્રીહરિનો બાળ સહજ સ્વભાવ :-** ભગવાન શ્રીહરિ બાળક હોવા છતાં પિતા ધર્મદેવને ભક્તિ કરતા જોઈને પોતે પણ બાળલીલાથી તે પ્રમાણે ભક્તિ કરતા હતા. (૨૯) ભગવાન શ્રીહરિની બાલ્યાવસ્થા હતી છતાં સત્પુરુષોનાં જેવા સ્વભાવ અને સદ્‌ગુણોથી શોભતા હતા અને પરમાત્માની પૂજા કરવામાં પ્રેમ હતો. લૌકિક રમકડાંઓ સાથે રમવાની એમને કયારેય રુચિ થતી નહિ (૩૦) ભગવાન શ્રીહરિ ઠંડીમાં પણ નિરંતર પ્રાતઃકાળે કર્મનિષ્ઠ બ્રાહ્મણની જેમ ભક્તિમાતાની સાથે સરયૂગંગામાં સ્નાન કરવા જતા હતા. (૩૧)

શ્રીહરિ સરયૂગંગામાં સ્નાન કરી ઘેર પાછા આવતા. બાળકને ઉચિત પૂજા સામગ્રી વડે શ્રીકૃષ્ણ પરમાત્માનું પૂજન કરતા. કયારેક તો શ્રીહરિનું મન પૂજામાં એટલું તલ્લીન બનતું કે જેથી ભોજન વગેરેને પણ ભૂલી જતા. (૩૨) કયારેક શ્રીકૃષ્ણ પરમાત્માના ધ્યાનમાં ડૂબેલા શ્રીહરિ માતાપિતા અને બાળકોએ તેમને બોલાવતાં છતાં લાંબા સમય સુધી તેમની વાત સાંભળતા નહીં. (૩૩) બાળપણથી જ શ્રીહરિ ભગવત્‌કથા અને કીર્તન, કરવામાં ને સાંભળવામાં ઉત્સુક રહેતા અને તેથી જ તે તે મંદિરોમાં વંચાતી રામચરિત કથા વારંવાર સાંભળતા હતા. (૩૪)

શ્રીહરિ વારંવાર રામભક્તોનો સમાગમ કરતા અને તે હેતુથી જ ભક્તવત્સલ શ્રીજાનકીનાથને વિષે શ્રીહરિને ગાઢ અનુરાગ થયો. (૩૫) શ્રીહરિએ **પાંચમાં વર્ષ**ની અંદર પ્રવેશ કર્યો. શ્રીહરિએ લૌકિક વિહારમય ક્રીડા બુદ્ધિનો બાળપણથી જ ત્યાગ કર્યો. પૃથ્વી પર સત્શાસ્ત્ર પ્રતિપાદિત વિશુદ્ધ સાધુતાના માર્ગનું પ્રવર્તન કરવા માટે સ્વયં તે માર્ગને અનુસર્યા. અને તેથી જ શ્રીહરિ નિરંતર પ્રાતઃસમયે સરયૂ ગંગામાં સ્નાન કરતા. ત્યાર પછી આદરપૂર્વક અયોધ્યાનાં તમામ દેવમંદિરોમાં સીતા-રામ-લક્ષ્મણ-હનુમાન વગેરે તે તે દેવોને નમસ્કાર કરવા પધારતા હતા. (૩૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

च रामं भजन् श्रीमद्भागवतं पुराणमखिलं रामायणं चाशृणोत् । प्रीतिं नैव बबन्ध कुत्रचिदसौ सांसारिके वस्तुनि स्वृद्धे वेश्मनि मातृपितृपशुषु द्रव्येषु मित्रेष्वपि ॥३७॥ सद्धर्मानपि कृष्णभक्तपितृतः शुश्राव सर्वानसौ श्रौतस्मार्तविदस्ततश्च निखिलान्वर्णाश्रमाणां वृषान् । धर्मांश्चाखिलयोषितां स्वजननीवक्त्रादशेषानसौ सर्वज्ञोऽपि नृनाटनं परिचरन्बाल्येऽभवत्पण्डितः ॥३८॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मस्यायोध्यागमनं नाम सप्तविंशोऽध्यायः ॥२७॥

सुव्रत उवाच – अस्मिन्नब्दे मधौ शुक्ले द्वितीयायां भृगौ नृप ! । दस्रे सिंहे हरिं धर्मो विद्यारम्भमकारयत् ॥१॥ लक्ष्मीनारायणं वाणीं सामवेदं च गोभिलम् । पुपूजात्र यथाशास्त्रं गणेशार्चनपूर्वकम् ॥२॥ कृत्वा घृतेन होमं च भोजयामास वाडवान् । तेभ्यश्च दक्षिणाः प्रादाद्गाः सुवर्णं च शक्तितः ॥३॥ कुशाग्रबुद्धिः कृष्णोऽथ कालेनाल्पेन सर्वशः । वर्णानङ्कांश्च शिक्षित्वा ग्रन्थमात्रमवाचयत् ॥४॥ बुद्धिं तीक्ष्णां तस्य दृष्ट्वा धर्मविद्धर्म आदरात् । वेदस्याङ्गानि षडपि पाठयामास तं नृप ! ॥५॥ अनायासेन सर्वाणि तानि सोऽप्यध्यगीष्ट च । मौञ्जीबन्धात्पूर्वमेव मुमुदे तेन तत्पिता ॥६॥ कौमारं समतिक्रम्य विष्ण्वर्चामयखेलनैः । पौगण्डाख्यामवस्थां स प्रपेदे धर्मनन्दनः ॥७॥ षष्ठेऽब्दे माधवस्यास्य

---

ભગવાન શ્રીહરિ સીતા, લક્ષ્મણ અને હનુમાનજીએ સહિત શ્રીરામનું ભજનસ્મરણ કરતા થકાં સમગ્ર ભાગવત પુરાણ અને રામાયણનું શ્રવણ કરતા હતા. ભગવાન શ્રીહરિ માતા, પિતા, પશુ, દ્રવ્ય, મિત્રો અને સમૃદ્ધિસભર ઘર વગેરે કોઈપણ સાંસારિક પદાર્થને વિષે ક્યાંય પણ આસક્તિ રાખતા નહિ. (૩૭)

શ્રીહરિ શ્રીકૃષ્ણના એકાંતિક ભક્ત પિતા ધર્મદેવ થકી સમગ્ર ભાગવત-ધર્મોનું શ્રવણ કરતા હતા. તેમજ શ્રૌત અને સ્માર્ત ધર્મમાં પણ નિપુણ એવા તે પિતા થકી જ શ્રીહરિ સમગ્ર વર્ણાશ્રમ ધર્મોનું શ્રવણ કરતા અને માતાના મુખેથી સધવા તેમજ વિધવા નારીઓના સમગ્ર ધર્મોનું શ્રવણ કરતા. આ રીતે શ્રીહરિ સ્વયં સર્વજ્ઞ હોવા છતાં માનુષી લીલા કરતા હોવાથી બાલ્યાવસ્થામાં જ સમસ્ત ધર્મને જાણનારા મહાન પંડિત બન્યા. (૩૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીધર્મદેવનું અયોધ્યાગમન' નામે સત્યાવીસમો અધ્યાયઃ (૨૭)*

## અધ્યાય : ૨૮

## અયોધ્યામાં શ્રીહરિનું વિદ્યાધ્યયન-શ્રીરામસ્તુતિ વગેરે પૌગંડાવસ્થાની લીલા

**વિદ્યાનો પ્રારંભ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ પ્રગટ થયા તેમના આ પાંચમાં વર્ષે ચૈત્રસુદિ બીજના દિવસે શુક્રવાર હતો. અશ્વિની નક્ષત્ર હતું. સિંહ રાશિ હતી. ધર્મદેવે આ સમયે શ્રીહરિને વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવ્યો. (૧) ધર્મદેવે ગણેશજીનું પૂજન કરી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીલક્ષ્મીનારાયણ દેવ, સરસ્વતીદેવી, સામવેદ તથા ગોભિલ આચાર્યનું પૂજન કર્યું. (૨)

ઘૃતથી હોમ કરી બ્રાહ્મણોને ભોજન કરાવ્યું અને શક્તિ પ્રમાણે તેમને ગાયો અને સુવર્ણનું દાન કર્યું. (૩) વિદ્યારંભ કરનાર શ્રીહરિની બુદ્ધિ કુશાગ્ર હતી તેથી અલ્પ સમયમાં જ સર્વ વર્ણાક્ષરો અને અંકાક્ષરો શીખી ગયા તેમજ તમામ ગ્રંથોનું વાંચન કરવા લાગ્યા. (૪) હે રાજન્ ! શ્રીહરિની તીક્ષ્ણ બુદ્ધિ નિહાળી ધર્મદેવે આદરપૂર્વક તેમને વેદનાં છ અંગો અર્થાત્ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. (૫)

શ્રીહરિ પણ યજ્ઞોપવીત સંસ્કાર પ્રાપ્ત કર્યા પહેલાં જ પ્રયાસ વિના વેદનાં છ અંગોને એકાએક સંપૂર્ણ ભણી ગયા તે જોઈને પિતા ધર્મદેવને હર્ષ થયો. (૬) ભગવત્ પૂજન રૂપી ક્રીડાથી 'કૌમાર' અવસ્થાને પૂર્ણ કરીને ધર્મનંદન શ્રીહરિ કૃષ્ણ પરમાત્માએ **પૌગંડ** અવસ્થામાં પ્રવેશ કર્યો. (પાંચ વર્ષ સુધી કુમાર અવસ્થા, પાંચથી દશ વર્ષ સુધી પૌગંડ અવસ્થા દશથી પંદર વર્ષ સુધી કિશોર અવસ્થા, તે પછીની યુવા અવસ્થા કહેવાય.) (૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

द्वितीयायां सिते रवौ । ब्राह्मे प्रातः सुतो भक्त्या सुषुवेऽन्यो नराधिप ! ॥८॥ गुणैः प्रद्युम्नतुल्योऽसौ नित्यं हरिमनुव्रतः । इच्छाराम इति ख्यातो बभूव जनपूजितः ॥९॥ यामेऽन्तिमे निशो नित्यं सरयूमाप्लवाय सः । याति स्म नाममन्त्रेण रघुनाथमपूपुजत् ॥१०॥ चन्दनाक्षतपुष्पैश्च धूपदीपनिवेदनैः । तमभ्यर्च्य तदुच्छिष्टमुपायुङ्क्त न चेतरत् ॥११॥ रामनामजपं कर्तुं तुलसीकाष्ठमालिकाम् । शुचिर्भूतः करे दक्षे दधाति स्मानुवासरम् ॥१२॥ स्नातः कृतोर्ध्वपुण्ड्रोऽसौ रामकूटप्रदक्षिणाम् । बालोऽप्यनाकुलश्चक्रे जनयञ्जनविस्मयम् ॥१३॥
जन्मस्थाने प्रतिदिनं लक्ष्मणस्य च तीर्थके । विद्याकुण्डादिषु द्रष्टुं राममूर्तीः स्म याति सः ॥१४॥ रामस्य दर्शनं कृत्वा तं प्रणम्य च दण्डवत् । रामायणश्रुतिज्ञाततन्माहात्म्यो नुनाव सः ॥१५॥ योऽहल्यां निजकर्मणैव महतीं प्राप्तां गतिं दुर्विधां दीनां गौतमयोषितं निपतितां निःसाधनां कानने । सद्योऽमोचयदात्मपादकमलस्पर्शेन तं पावनं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥१६॥ यो वा तामसहिंस्त्रजातिजनितं क्रूरं निषादाधिपं घोरारण्यविहारिणं पशुसमं नृणां च हीनं धिया। प्रेम्णा सम्परिषस्वजे करुणयाऽनादृत्य जात्यादि तं रामं० ॥१७॥ सीताद्रोहकरं सुरेन्द्रतनयं काकाकृतिं बिभ्रतं वध्यं चापि शरेण सर्वभुवनेष्वभ्रामयद्यः प्रभुः । भ्रान्तं शोकहतं च तं स्वशरणं प्राप्तं मुमोचैव तं रामं० ॥१८॥ जात्या हीनतमां स्त्रियं

**ઈચ્છારામભાઈનો જન્મ :-** હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં છઠ્ઠા વર્ષ દરમ્યાન તે વર્ષના વૈશાખ સુદિ બીજના રવિવારે પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ભક્તિદેવીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો. (૮)

આ પુત્ર પ્રદ્યુમ્ન સમાન ગુણવાન તેમજ શ્રીહરિને નિરંતર અનુસરનારા હતા. સર્વ મનુષ્યો તેમનો આદરસત્કાર કરતા. તેઓ 'ઈચ્છારામ' એવા નામથી વિખ્યાત થયા. (૯)

**શ્રીહરિનો દૈનિક ક્રમ :-** શ્રીહરિ નિરંતર રાત્રિના અંતિમ પ્રહરમાં સરયૂ ગંગામાં સ્નાન કરવા જતા અને 'શ્રી રામચંદ્રાય નમઃ' એવા મંત્રથી ચંદન, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ તેમજ નૈવેદ્ય અર્પણ કરી. શ્રીરઘુનાથજીનું પૂજન કરતા અને ભગવાનને નિવેદન કરેલા પદાર્થોથી જ શરીર નિર્વાહ કરતા પણ બીજી રીતે કરતા ન હતાં. (૧૦/૧૧) શ્રીહરિ સ્નાનાદિકથી પવિત્ર થઈ રામમંત્રનો જપ કરવા દરરોજ તુલસીની માળાને જમણા હાથમાં ધારણ કરતા હતા. બાળક હોવા છતાં સરયૂમાં નિત્ય સ્નાન કરતા હતા. ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરતા હતા. રામકૂટને પ્રદક્ષિણા કરતા હતા. તેમજ બાળક શ્રીહરિ ક્યારેય ભૂખ તરસના દુઃખથી મનમાં વ્યાકુળ થતા ન હતા. શ્રીહરિની આ પ્રકારની અલૌકિક દિવ્ય ક્રિયાઓ જોઈને મનુષ્યો વિસ્મય પામતા હતા. (૧૨/૧૩)

શ્રીહરિ, શ્રીરામચંદ્ર ભગવાનનાં દર્શનાર્થે દરરોજ જન્મભૂમિએ જતા. લક્ષ્મણતીર્થમાં પણ દર્શન કરવા જતા. તથા વિદ્યાકુંડ અને સૂર્યકુંડે પણ પધારતા. (૧૪) રામાયણના શ્રવણથી શ્રીહરિ પોતાના અંતરમાં શ્રીરામચંદ્ર ભગવાનનો મહિમા સમજતા. જન્મભૂમિને વિષે શ્રીરામનાં દર્શન કરી, દંડની માફક સાષ્ટાંગ પ્રણામ કરી, શ્રીરામચંદ્રની સ્તુતિ કરતા હતા : (૧૫)

**શ્રીહરિએ કરેલી ભગવાન શ્રીરામચંદ્રજીની સ્તુતિ :-** હે રામચંદ્ર ભગવાન! હું તમને નિરંતર ભજું છું. તમે કરુણાના સિંધુ છો. જીવો ઉપર નિર્હેતુક દયા કરનારા છો. તમે ગૌતમપત્ની અહલ્યાને મુક્તિ આપનાર છો. જે અહલ્યા ઈન્દ્રના પ્રસંગરૂપ પોતાના પાપકર્મથી પથ્થરની શિલા બનીને મહા દુર્ગતિને પામી હતી. તેથી દીન હતી. નિર્જન જંગલમાં એકલી અટૂલી પડેલી હતી. તેની પાસે છૂટવાનું કોઈ સાધન ન હતું. તેને તમે તમારા ચરણકમળના સ્પર્શથી તત્કાળ મુક્ત કરી હતી. (૧૬)

તમોગુણપ્રધાન, હિંસક કુળમાં જન્મેલા, સ્વભાવથી કઠોર, ઘોર જંગલમાં નિવાસ કરનારા, મનુષ્ય હોવા છતાં પશુતુલ્ય જીવન જીવનારા અને અબુધ ગુહરાજને પણ નાતજાત જોયા સિવાય પ્રેમ અને કરુણાથી ભેટનારા હે શ્રીરામ ! હું તમને નમસ્કાર કરું છું. (૧૭) ઈન્દ્રપુત્ર જયંતે કાગડાનું રૂપ લઈ, ચાંચના પ્રહારથી સીતાજીનો અપરાધ કર્યો ત્યારે એ જયંત તમારા બાણથી વધ કરવા યોગ્ય હોવા છતાં તેને તમે માર્યો નહિ પરંતુ ત્રિલોકીમાં ખૂબ ભમાવ્યો. અને જ્યારે ચારે બાજુ ફરી ફરીને થાક્યો તથા શોકથી ઘેરાયો ત્યારે તે તમારા શરણે આવ્યો, અને શરણાગત તેને તમે તમારા બાણના ભયથી મુક્ત કરનારા હે શ્રીરામ ! હું તમને ભજું છું. (૧૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

च शबरीं कोलीरवन्तीमपि ज्ञात्वा स्वेक्षणमिच्छतीं करुणया तस्यै निजं दर्शनम् । योऽदादाऽऽश च तत्फलानि मुदितस्तं जानकीवल्लभं रामं० ॥१९॥ तिर्यग्योनिसमुद्भवस्य पललाहारस्य यः पक्षिणो गृध्रस्यापि जटायुषो व्रततपोदानैर्विहीनस्य च । चक्रेऽन्त्यां सकलां क्रियां सुत इव प्रीत्या स्वतातस्य तं रामं० ॥२०॥ सुग्रीवं निजबन्धुभीतमगृहं शाखामृगाणां पतिं दृष्ट्वा स्वं शरणं गतं कथमपि प्रीत्या स्वसख्येऽकरोत् । हत्वा वालिनामाशु चैनमदधात्स्वीये पदे यश्च तं रामं० ॥२१॥ शत्रोरप्यनुजं निशाचरमपि प्राप्तं स्वपादान्तिकं दूराद्वीक्ष्य विभीषणं प्रमुदितस्तत्सम्मुखं चैत्य यः । हस्ताभ्यां परिरब्धवानिव निजं सौमित्रिमेवाशु तं रामं० ॥२२॥

यत्स्मृत्यापि शुभं भवेन्नहि नृणां तान्कीशऋक्षानपि प्रीत्या वैदिकमन्त्रवच्छुचितरान् योऽत्राकरोत्स्वाश्रयात् । अन्यांश्चापि बहूनतारयदितो जीवान्भवाब्धेर्हि तं रामं० ॥२३॥ बद्धाञ्जलिपुटो नित्यमित्थं स्तौति स्म राघवम् । गृहमेत्य स चाध्यैत वेदाङ्गान्येव भूमिप ! ॥२४॥ नाम कुर्वन् गुणानाह मार्कण्डेयोऽस्य यान्नृप ! । अनुभूयन्ते स्म सर्वे ते धर्मादिभिरञ्जसा ॥२५॥ योगीन्द्रस्पृहणीयैः स्वैर्नियमैर्बाल्य एव च । सर्वलोकप्रसिद्धोऽभूत्पित्रादेरपि सोऽधिकम् ॥२६॥ बाल्येऽवनं तव चकार हि राक्षसीभ्यः साक्षान्मरुत्सुत इति त्वमिहादरेण । सम्पूजयेस्तमिति तं पितरावशिष्टां भक्त्या तदाचरति च स्म स मानयंस्तौ ॥२७॥ ये केचनास्य सुकृतप्रियनन्दनस्य पौराः समागममकुर्वत बालकास्तान् । प्रह्लादवत्स किल शिक्षयति स्म धर्मान् श्रीविष्णुपूजनमुखानखिलान्नरेन्द्र ! ॥२८॥ सर्वेऽपि ते सवयसोऽस्य हरेः प्रतापाद्विक्रीडनं शिशुकसम्मतमाशु हित्वा ।

---

શબરી જન્મથી ભીલ જાતિની સ્ત્રી હતી. જંગલની બોરડીનું રક્ષણ કરતી. તેના અંતરમાં એકમાત્ર તમારાં દર્શનની અભિલાષા હતી. તેની શુભેચ્છા પૂર્ણ કરવા તમે તમારું દર્શન આપ્યું અને પ્રેમથી તમે તેનાં એંઠાં બોર આરોગ્યાં, એવા હે જાનકીવલ્લભ ! હું તમને ભજું છું. (૧૯) ગીધરાજ જટાયુ પક્ષીયોનિમાં જન્મેલ માંસાહારી પ્રાણી હતું. તેણે ન તો કોઈ વ્રત કર્યું હતું કે ન તો કોઈપણ પ્રકારનાં દાન કર્યાં હતાં છતાં પોતાનાં પિતાની અંતિમ ક્રિયા જેમ પુત્ર કરે તેમ તમે તેની અંતિમ ક્રિયા કરી હતી. (૨૦)

પોતાના બાંધવ વાલીથી સતત ભયભીત તથા ઘરબારથી રહિત એવા પણ વાનરાધિપતિ સુગ્રીવને પોતાનાં શરણે આવેલો જાણી તેની સાથે પ્રેમથી મિત્રતા કરી. વાલીનો તત્કાળ વિનાશ કર્યો અને સુગ્રીવને તેના રાજ્યસિંહાસનની ગાદી ઉપર બેસાડ્યો. (૨૧) રાવણનો ભાઈ વિભીષણ રાક્ષસ કુળમાં ઉત્પન્ન થયો હતો છતાં તેને દૂરથી પોતાના ચરણને શરણે સમીપ આવેલો નિહાળી તેના પર પ્રસન્ન થયા અને તેમની સન્મુખ ગયા. તેમજ જે રીતે તમે લક્ષ્મણજીને ભેટતા હો તેમ તેને ભુજાઓથી ભેટનારા હે શ્રીરામ! હું તમને ભજું છું. (૨૨)

જેમને યાદ કરવાથી પણ મનુષ્યોનું મંગળ ન થાય તેવાં અમંગળ વાનર, રીંછ વગેરે પશુજાતિને જેમણે પોતાના આશ્રયથી વૈદિકમંત્ર જેવા પવિત્ર બનાવ્યાં તથા બીજા અનેક જીવાત્માઓનો ભવસાગરમાંથી ઉદ્ધાર કર્યો. એવા હે શ્રીરામ! હું તમને ભજું છું. (૨૩)

હે ભૂમિપતિ ! આ પ્રમાણે શ્રીહરિ નિરંતર શ્રી રામચંદ્ર ભગવાનની સ્તુતિ કરતા તેમજ મંદિરેથી ઘરે આવી છ વેદાંગોનું અધ્યયન કરતા હતા. (૨૪) હે રાજન્ ! માર્કંડેય મુનિએ નામકરણ કરતી વખતે જેવા ગુણોનું વર્ણન કર્યું હતું તેવા ગુણોનો અનુભવ ધર્મદેવ વગેરે જનો શ્રીહરિમાં યથાર્થ કરવા લાગ્યા. (૨૫) જે ધર્મનિયમની યોગી પુરુષો પણ સ્પૃહા કરે છે તેવા ધર્મના અનુષ્ઠાનથી શ્રીહરિ બાલ્ય અવસ્થામાં જ પિતા ધર્મદેવ કરતાં પણ લોકમાં વધારે પ્રસિદ્ધ થયા. (૨૬) 'હનુમાનજીએ કૃત્યાઓ થકી તમારી બાલ્યાવસ્થામાં રક્ષા કરી હતી તેમાટે તમે આદરપૂર્વક તેમનું પૂજન કરો.' આ પ્રકારે જ્યારે માતાપિતાએ શ્રીહરિને શિક્ષા આપી; ત્યારે માતાપિતાની આજ્ઞાનું આદરપૂર્વક પાલન કરતા થકા શ્રીહરિ હનુમાનજીનું પૂજન ભક્તિપૂર્વક કરવા લાગ્યા. (૨૭)

હે નરેન્દ્ર ! પુરવાસીજનોનાં જે કોઈ બાળકો ધર્મનંદન શ્રીહરિનો ક્રીડા કરવાના ભાવથી સત્સંગ કરતા હતા. તે બાળકોને પણ શ્રીહરિ પ્રહ્લાદની માફક ભગવત્પૂજન વગેરે ભાગવત ધર્મનું શિક્ષણ આપતા હતા. (૨૮)

**कृष्णैकभक्तिनिरताः सनकादिसाम्यं प्रापुः सचित्रमुदमीयुरतस्तदीयाः ॥२९॥ प्रबलतरविरक्तिर्बाल्य एवात्मनिष्ठो विषयरसवितृष्णस्त्यक्तुकामो गृहं सः । उपनयनमपेक्ष्य ब्रह्मचर्योपयुक्तं न्यवसदिव सरस्यामब्जपत्रं गृहेषु ॥३०॥**

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिपौगण्डलीलावर्णननामाऽष्टाविंशोऽध्यायः ॥२८॥

सुव्रत उवाच – **पुर्यां वसन्नेव रघूत्तमस्य तस्यां सदैकान्तिकधर्मसंस्थः । अनेकसाधूत्तमसद्गुणाढ्यः स्तुत्योऽभवत्सर्वजनैस्तु धर्मः ॥१॥ दृष्ट्वा तस्मिन्सद्गुरोर्लक्षणानि प्रायः पौरा आश्रयं तस्य चक्रुः । धान्यैर्द्रव्यैर्वस्त्रभूषादिभिस्तं भूयोभूयः पूजयन्ति स्म हृष्टाः ॥२॥ ये तं प्रपन्नाः शरणं जनास्तान्स कृष्णमन्त्रं समुपादिदेश । धर्मांश्च पाल्यान्निजदेशिकास्यात् ये संश्रुतास्तानखिलान् यथार्हम् ॥३॥ तदुक्तधर्मेषु च वर्तमानास्ते ज्ञानवैराग्यवृषोपपन्नाम् । अनन्यभक्तिं विदधुः पुमांसो रासेश्वरीप्राणपतेर्नरेन्द्र ! ॥४॥ केचित्सुरापा अपि तस्य सङ्गाज्जहुः सुरापानमथामिषादाः । दैवे च पित्र्येऽपि कथञ्चनापि संसर्गमप्याशु जहुः पलस्य ॥५॥ तदाश्रिता ये गृहिणस्तु तेषां श्रीविष्णुयागादय एव यज्ञाः । हिंसाविहीना यवशालिदुग्धसितादिभिः शुद्धहविर्भिरासन् ॥६॥ तं शिश्रुयुर्ये नृप ! साग्निकाश्च तेऽपि क्रतौ क्वापि पशुं तु साक्षात् । नैवालभन्ताथ पपुर्न विप्राः सौत्रामणीयांश्च सुराग्रहांस्ते ॥७॥ निजाश्रयं कर्तुमभीच्छतीस्तु योषाः समीक्ष्याथ सहस्रशोऽसौ।**

સમાન વયના સર્વે સખાઓએ પણ શ્રીહરિના પ્રતાપથી બાળસહજ રમતનો ત્યાગ કર્યો હતો. તેમને ભગવાનમાં જ એક ભક્તિરસ જણાતો હતો. ભક્તિપરાયણ રહેનાર બાળ મિત્રોની સ્થિતિ પણ સનકાદિકોની સમાન થઈ ચૂકી હતી. આ હેતુથી તે તે બાળકોનાં માતાપિતા પણ આશ્ચર્યમાં ગરકાવ બની હર્ષ પામતાં હતાં. (૨૯)

શ્રીહરિને બાલ્યાવસ્થામાં જ તીવ્ર વૈરાગ્ય વર્તતો હતો. આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાન શ્રીહરિને વિષય સંબંધી રસોમાં લેશમાત્ર તૃષ્ણા ન હતી. તેથી ઘરનો ત્યાગ કરવાની તેઓ પ્રબળ ઈચ્છા ધરાવતા હતા. તેમ છતાં ગૃહત્યાગ કરવામાં પોતાને અતિપ્રિય બ્રહ્મચર્યવ્રતનાં પાલનમાં ઉપયોગી ઉપનયન સંસ્કારની પ્રતીક્ષા કરતા હોવાથી શ્રીહરિ સરોવરમાં કમળની જેમ પોતાનાં ઘર વિષે અસંગપણે નિવાસ કરીને રહ્યા હતા. (૩૦)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીહરિ-પૌગંડલીલા વર્ણન' નામે અઠ્યાવીશમો અધ્યાયઃ (૨૮)*

## અધ્યાય : ૨૯

## શ્રી ધર્મદેવકૃત સ્ત્રી-પુરૂષ ગુરૂ મર્યાદા તથા હિતકારી સદુપદેશ

**મનુષ્યોએ સ્વીકારેલી ધર્મદેવની શરણાગતિ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! રઘુવંશીઓના ચંદ્રમણિ શ્રીરામચંદ્ર ભગવાનની અયોધ્યા નગરીમાં ધર્મદેવ નિવાસ કરતા હતા. તેમનું જીવન નિરંતર એકાંતિક ધર્મથી સભર હતું. તેઓ અનેક ઉત્તમ સદ્‌ગુણોથી સંપન્ન હતા અને તેથી જ સર્વજનોએ પ્રશંસા કરવા યોગ્ય બન્યા હતા. (૧) અયોધ્યાવાસીઓ ધર્મદેવને વિષે સદ્‌ગુરુનાં લક્ષણો જોઈ બહુધાપણે તેમનો આશ્રય કરતા હતા. તથા પ્રસન્ન મનથી તેઓ અન્ન, દ્રવ્ય, વસ્ત્ર,ભૂષણ વગેરે પદાર્થોથી વારંવાર તે ધર્મદેવનું પૂજન કરતા હતા. (૨)

જે મનુષ્યો ધર્મદેવનો આશ્રય કરતા તેમને તેઓ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરતા. તથા પોતાના ગુરુ શ્રીરામાનંદ સ્વામીના મુખ થકી શ્રવણ કરેલા તેમજ પાલન કરવા યોગ્ય સમગ્ર ધર્મનો ધર્મદેવ અધિકાર અનુસારે ઉપદેશ કરતા હતા. (૩) હે રાજન્ ! તે પુરુષો ધર્મદેવે ઉપદેશ કરેલા ધર્મ પ્રમાણે દૃઢ વર્તતા થકા રાધાના પ્રાણપતિ શ્રીકૃષ્ણની જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ સહિત અનન્ય ભક્તિ કરતા હતા. (૪)

**સામાજિક પરિવર્તન :-** ધર્મદેવના સમાગમથી, સુરાપાન કરનારા મનુષ્યો સુરાનો ત્યાગ કરતા. માંસ ખાનારા માંસનો ત્યાગ કરતા. દૈવ અને પિતૃકર્મમાં પણ જે કોઈ પ્રકારે થતા માંસસંબંધનો પણ સર્વ પ્રકારે તત્કાળ ત્યાગ કરતા હતા. (૫) ધર્મદેવનો આશ્રય કરનારા ગૃહસ્થ જનોને ત્યાં વિષ્ણુયાગ વગેરે જે કોઈ યજ્ઞ થતા તે હિંસારહિત થતા. તે યજ્ઞને વિષે જવ, ડાંગર, દૂધ, સાકર વગેરે વિશુદ્ધ સાત્ત્વિક હુતદ્રવ્યોનો જ હોમ થતો. (૬) હે રાજન્ ! ધર્મદેવનો આશ્રય કરનારા અગ્નિહોત્રી વિપ્રો પણ યજ્ઞમાં ક્યારેય પશુનો વધ કરતા નહિ. તથા સૌત્રામણિ યજ્ઞમાં સુરાપાન પ્રચલિત હોવા છતાં પણ તેઓ સુરાપાન કરતા નહિ. (૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विचारयामास धिया मनीषी हितावहः शिष्यपरम्परायाः ॥८॥ श्रेयाञ्छुभं वाप्यशुभं यदत्र समाचरेत्तद्धि तदीयवर्गः । अन्यश्च लोकोऽपि समाचरेद्वै तच्छ्रेयसा कर्म विचार्य कार्यम् ॥९॥ स्त्रीणां गुरुत्वं भुवि कुर्वते ये ते शिष्यभूतासु पराङ्गनासु । विशेषतः स्वस्य वशासु तासु भ्रष्टा भवन्त्येव रतप्रसक्ताः ॥१०॥ पुंसा प्रसङ्गस्तु ततोऽङ्गनायाः कस्यापि हि क्वापि च नैव युक्तः । स्त्रिया भुजङ्ग्या इव तन्नरेण भेतव्यमस्या गुरुणा विशेषात् ॥११॥ स्त्रीणां हितं यस्तु गुरुर्विधित्सुः स कृष्णमन्त्रं नियमैः सहैव । स्वयोषिता ता उपदेशयेद्वै स्वयं तु नेक्षेत न भाषयेत्ताः ॥१२॥ आसन्नसम्बन्धवतीस्तु योषा विहाय नान्या गुरुणा च दृश्या । स्पृश्या न भाष्या न च कुत्रचिद्वै धर्मो महानेष इदं मतं मे ॥१३॥ इत्थं स निश्चित्य नरेन्द्र ! पत्न्या भक्त्योपदेशं समदापयत्ताः । सुवासिनीनां च विभर्तृकाणां धर्मांश्च ताभ्योऽचकथद्यथार्हम् ॥१४॥ या योषितः शिश्रियुरत्र भक्तिं स्वभर्तृनिष्ठाः कुलटासमा वा । ताः सर्वशोऽप्यस्य हरेः प्रतापात् पतिव्रताः ख्यातगुणा बभूवुः ॥१५॥ सपोष्यो निवसंस्तत्र धर्मः प्रतिदिनं नृप ! । षट्कर्माण्याचरन् कृष्णमहापूजां समाचरन् ॥१६॥ न्यवेदयत्प्रत्यहं च महानैवेद्यमुत्तमम् । कृष्णाय तस्य च महानीराजनमकारयत् ॥१७॥ कृष्णजन्माष्टमीमुख्यान्याचचार व्रतानि सः । तेषु जागरणं चक्रे कृष्णस्य च महार्चनम् ॥१८॥ उत्सवानन्नकूटादीनाब्दिकान् राधिकापतेः । महद्भिरेव सम्भारैः सोऽकरोन्नृपतिर्यथा ॥१९॥ प्रत्यब्दं मासि भाद्रे च गणेशस्य महोत्सवम् । चक्रे शुक्लचतुर्थ्यां स मध्याह्ने विधिवन्नृप ! ॥२०॥ आश्विनस्य चतुर्दश्यां कृष्णायां च महोत्सवम् । मारुतेः कुलदेवस्य प्रत्यब्दं विधिनाऽकरोत् ॥२१॥ अवतारचरित्राणां श्रीकृष्णस्य सतां पतेः ।

**શ્રીધર્મદેવકૃત સ્ત્રીભક્તોનાં આચાર્યપદની અપૂર્વ શાસ્ત્ર-મર્યાદા :-** આ પ્રમાણે પોતાનાં ગુરૂત્વપદને શોભાડતા ધર્મદેવે હજારો સ્ત્રીઓને પોતાનાં ચરણનો સમાશ્રય કરવા ઈચ્છતી જોઈ, તેથી મહા બુદ્ધિશાળી ધર્મદેવ પોતાની ધર્મપરાયણ બુદ્ધિથી ભાવિ શિષ્યપરંપરાનું જે રીતે હિત થાય તેવો વિચાર કરવા લાગ્યા. (૮) ‘આ લોકમાં શ્રેષ્ઠ પુરુષો જે કંઈ શુભ અથવા અશુભ કર્મનું આચરણ કરે તેનું અનુકરણ તેમનો સમસ્ત શિષ્યવર્ગ અને અન્ય લોક પણ કરે છે’ તે હેતુથી શ્રેષ્ઠ પુરુષોએ વિચાર કરીને જ કાર્ય કરવું જોઈએ. (૯)

આ પૃથ્વીમાં જે પુરુષો સ્ત્રીઓનું ગુરુપણું કરે છે તે પુરુષો શિષ્યા બનેલી અને વિશેષપણે કરીને પોતાને વશ વર્તનારી પરસ્ત્રીને વિષે આસક્ત બની ભ્રષ્ટ થાય છે. (૧૦) તે કારણથી કોઈ પણ મુમુક્ષુ કે મુક્ત પુરુષને પણ પરસ્ત્રીનો પ્રસંગ ક્યારેય યોગ્ય નથી જ. માટે પુરુષે નાગણીની જેમ સ્ત્રીઓ થકી ભય રાખવો અને સર્વજનોનાં ગુરુપદે બેઠેલા આચાર્યે તો વિશેષપણે કરીને તેમનો ભય રાખવો. (૧૧) સ્ત્રીઓનું હિત ઈચ્છનારા ગુરુએ સ્ત્રીઓને પોતાની પત્ની પાસે નિયમ સહિત કૃષ્ણમંત્રનો ઉપદેશ કરાવવો પણ સ્વયં ઉપદેશ ન કરવો. (૧૨) સમીપ સંબંધી વિનાની સ્ત્રી સિવાયની અન્ય સ્ત્રીઓને ગુરુઓએ ક્યારેય દષ્ટિ માંડીને જોવી નહિ. તેનો સ્પર્શ કરવો નહિ. તેમની સાથે ક્યારેય બોલવું નહિ. આ ગુરુસ્થાનને શોભાવતા પુરુષોનો શાસ્ત્રોક્ત અતિ શ્રેષ્ઠ ધર્મ છે. અને મારો પણ આ જ મત છે. (૧૩) હે નરેન્દ્ર ! આ પ્રમાણે વિચાર કરીને ધર્મદેવે શરણે આવેલી સ્ત્રીઓને શ્રીકૃષ્ણમંત્રનો ઉપદેશ તેમજ સધવાવિધવા સ્ત્રીઓના ધર્મોનો ઉપદેશ ભક્તિદેવી દ્વારા કરાવ્યો. (૧૪)

ભક્તિદેવીનો આશ્રય કરનાર જે કોઈ સ્ત્રીઓ પતિમાં નિષ્ઠાવાળી હતી અથવા કુલટા સમાન સ્ત્રીઓ હતી, તે સર્વે પણ શ્રીહરિની કૃપાનાં પ્રતાપથી પતિવ્રતાઓમાં પ્રખ્યાત શ્રેષ્ઠ ગુણોવાળી થઈ. (૧૫) હે રાજન્ ! અયોધ્યામાં કુટુંબીજનોની સાથે નિવાસ કરતા ધર્મદેવ દરરોજ સ્નાન સંધ્યાદિ ષટ્કર્મનું આચરણ કરતા થકા ભગવાન શ્રીકૃષ્ણનું મહા ઉપચારથી પૂજન કરતા હતા. (૧૬)

ધર્મદેવ પ્રતિદિન શ્રીકૃષ્ણ પરમાત્માને ઉત્તમ નૈવેદ્ય નિવેદિત કરતા તથા તેમની મહાનિરાજન-આરતી કરતા હતા. (૧૭) ધર્મદેવ શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રાગટ્યની અષ્ટમી વગેરે મુખ્ય તિથિઓના વ્રતનું અનુષ્ઠાન કરતા અને તે વ્રતનિમિત્તે રાત્રે જાગરણ કરી પરમાત્માનું પૂજન કરતા હતા. (૧૮) હે રાજન્ ! ધર્મદેવ અનેકવિધ સામગ્રીઓથી શ્રીકૃષ્ણ પરમાત્માના વાર્ષિક અન્નકૂટમહોત્સવ મહારાજાની પેઠે ઉજવતા હતા. (૧૯)

હે રાજન્ ! ધર્મદેવ દરવર્ષે ભાદરવાસુદિ ચતુર્થીના દિવસે મધ્યાહ્ને વિધિ પ્રમાણે ગણપતિનું પૂજન કરતા અને તેજ રીતે આસો માસની કૃષ્ણ ચૌદશને દિવસે કુળદેવ હનુમાનજીનો પૂજનમહોત્સવ પણ ઉજવતા હતા. (૨૦/૨૧)

**अपराह्णे प्रतिदिनं कथनं स्वयमाचरत् ॥२२॥ पठनं पाठनं चैव सद्ग्रन्थानां विचिन्तनम् । यथावकाशं मतिमान्करोति स्मान्वहं स च ॥२३॥ इत्थं स्वधर्मनिरतो विजितान्तरारिः कृष्णप्रतापविगतासुरभूरिभीतिः । स्वस्थोऽवसत्सुतकलत्रयुतः स तत्र सद्वर्त्मनि स्वशरणानिह वर्तयन्नॄन् ॥२४॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतस्त्रीपुरुषगुरुमर्यादादिनिरूपणनामैकोनत्रिंशोऽध्यायः ॥२९॥

सुव्रत उवाच - **अथोपनीतिं तनयस्य विप्रो विधातुमत्युत्सुकमानसः सः । सम्पादयामास विदेशतोऽपि यथोक्तसम्भारभरानुदारः ॥१॥ आहूय दैवज्ञममुं समर्च्य काश्मीरपुष्पाम्बरदक्षिणाभिः । फलं निधायास्य पुरः सरत्नं पप्रच्छ पुत्रव्रतबन्धकालम् ॥२॥ स प्राह गर्भाष्टम एव वर्षे तपस्यमासेऽद्य तु वर्तमाने । तिथौ दशम्यां च विधौ कुरु त्वं तिष्येऽजलग्ने व्रतबन्धकर्म ॥३॥ निशम्य मौहूर्तिकवाक्यमित्थं तदेव जग्राह स निश्चयेन । ततोऽलिखन्मङ्गलपत्रिकाश्च स्वज्ञातिसम्बन्धिसुहृत्सखिभ्यः ॥४॥ त आययुस्तत्र सहोपहारा अनोरथाश्वादिविचित्रयानाः । साकं सुहृत्पुत्रकलत्रदासैः कृष्णेक्षणात्युत्सुकमानसाश्च ॥५॥ सम्भावयन्नेव यथोचितं तान् सम्भारमाहार्य महान्तमेव । स पुत्रमाङ्गल्यजभूरिहर्षो ददौ स्वकेभ्यो नववस्त्रभूषाः ॥६॥ स आनयामास च दूतवर्यैर्देशान्तरेभ्यो बहुमानपूर्वम् । विप्रांश्चतुर्वेदविदः सुशीलान्**

ધર્મદેવ દરરોજ અપરાહ્નને એટલે બપોર પછીના સમયે સત્પુરુષોના સ્વામી શ્રીકૃષ્ણ પરમાત્માનાં અવતાર ચરિત્રોની કથા શિષ્યમંડળને સંભળાવતા હતા. (૨૨) બુદ્ધિમાન ધર્મદેવ નિરંતર સત્શાસ્ત્રનું અધ્યયન-અધ્યાપન અને તેના રહસ્યનું યથાવકાશ ચિંતવન કરતા હતા. (૨૩)

આ પ્રકારે અંતઃશત્રુ ઉપર વિજય મેળવનારા ધર્મદેવ સ્વધર્મમાં પ્રીતિથી તત્પર રહેતા હતા. ભગવાનના પ્રતાપથી તેમને અસુરોનો ભય પણ સમગ્ર ટળી ગયો હતો. તેથી તેમનું મન સ્વસ્થ હતું. અને શરણાગત જીવોને આ ઉદ્ધવ સંપ્રદાયનાં પોતે અનુષ્ઠાન કરેલા સદ્ધર્મ સહિત ભક્તિરૂપ સન્માર્ગમાં વર્તાવતા થકા તેમજ પુત્ર, કલત્ર વગેરે સંબંધીઓની સાથે અયોધ્યાપુરીમાં વાસ કરીને રહેતા હતા. (૨૪) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મદેવકૃત સ્ત્રી-પુરૂષ ગુરૂ મર્યાદા નિરૂપણ' નામે ઓગણત્રીશમો અધ્યાયઃ (૨૯)*

## અધ્યાય : ૩૦

## શ્રીહરિનો ઉપનયન સંસ્કાર

**સુવ્રત મુનિ કહે છે,** હે રાજન્ ! ધર્મદેવના મનમાં પુત્રનો યજ્ઞોપવીત સંસ્કાર કરવાની અતિશય ઈચ્છા થઈ અને તેથી જરૂરી સામગ્રી દૂર દેશથી પણ ઉદાર મનથી સંપાદન કરવા લાગ્યા. (૧) ધર્મદેવે જ્યોતિષ શાસ્ત્રને જાણનારા વિપ્રને બોલાવી તેનું શ્રેષ્ઠ કુંકુમ, પુષ્પ, વસ્ત્ર અને દક્ષિણા વડે પૂજન કર્યું. વિપ્રની આગળ રત્ન સહિત શ્રીફળ મૂક્યું અને પછી શ્રીહરિના ઉપનયન સંસ્કારનું શુભ મુહૂર્ત પૂછવા લાગ્યા. (૨)

તે સમયે વિપ્રે કહ્યું કે હે ધર્મદેવ ! તમે તમારા પુત્રનો યજ્ઞોપવીત સંસ્કાર ગર્ભથી આઠમે વર્ષે એટલે કે અત્યારે જ આ વર્તમાન ફાગણ શુકલ દશમીના દિવસે સોમવારે પુષ્યનક્ષત્ર તેમજ મેષલગ્નમાં કરો. (૩) જ્યોતિષ્કારનું વચન સાંભળી ધર્મદેવે તે જ મુહૂર્તનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ સંબંધીજનો, જ્ઞાતિજનો, મિત્રો અને સુહૃદજનો ઉપર મંગળ પત્રિકાઓ લખાવી. (૪)

ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની ઉત્કંઠા ધરાવતા સર્વે સંબંધીજનો સામગ્રીથી ભરેલાં ગાડાં, રથ, ઘોડાં, શિબિકા વગેરે અનેકવિધ વાહનો લઈને પોતાના મિત્ર, પુત્ર, કલત્ર અને દાસદાસીઓની સાથે ધર્મદેવના ભવનમાં પધાર્યા. (૫) ધર્મદેવે સંબંધીજનોની યથાયોગ્ય સંભાવના કરી. ધર્મદેવના અંતરમાં શ્રીહરિના યજ્ઞોપવીત સંસ્કાર મહોત્સવનો અનેરો આનંદ ઊઠતો હતો. તેથી ધર્મદેવે ઘણીક સામગ્રી મંગાવી ભેગી કરી. તેમજ તેમાંથી નવાં વસ્ત્ર અને આભૂષણો વગેરે અનેકવિધ સામગ્રીઓથી સંબંધીજનોનો સત્કાર કર્યો. (૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

पौराणिकान् शास्त्रविदः कवींश्च ॥७॥ ते तं द्विजेन्द्रा मिहिरप्रकाशाः पौराश्च विप्रा निगमागमज्ञाः । स्वाचार्यमुख्या मुनिगोभिलोक्तगृह्येण कर्म स्म विधापयन्ति ॥८॥ मङ्गल्यवाद्यानि बहूनि तस्य गृहेष्ववाद्यन्त दिवा च रात्रौ । जगुश्च गीतानि मनोहराणि सुवासिनीनां निकराः समेताः ॥९॥ पुत्रोपनीतावधिकारसिद्धयै कार्यस्य कृच्छ्रत्रितयव्रतस्य । विप्रः स धेनुत्रयदानमाशु चकार भूप ! प्रतिबिम्बमेव ॥१०॥
यत्कामचाराशनवादमुख्यदोषोपशान्त्यै तनयेन कार्यम् । कृच्छ्रत्रयं तच्च तथैव धेनुत्रयप्रदानेन पिता चकार ॥११॥ पूर्वेद्युरेवोपनयाङ्गकर्म स मातृपूजादि चकार सर्वम् । नान्दीमुखं स्वस्त्ययनं ग्रहाणां शान्तिं सदन्नैर्द्विजतर्पणं च ॥१२॥ प्रातर्दशम्यां पुरतो गृहस्य सम्मार्जनाद्यैरभिसंस्कृतेऽसौ । संस्थापयामास समुद्भवाख्यं हुताशनं स्थण्डिल आर्चयच्च ॥१३॥ स्ववेदशाखोचितकर्ममार्गं स्ववंशधर्मं च विदन्नशेषम् । द्विजातिसंस्कारविधानविज्ञविप्रोक्तरीत्यैव चकार सर्वम् ॥१४॥ स्नातं च भुक्तं कृतकेशवापं स्नातं जनन्या समलङ्कृतं च । स्वदक्षभागे विनयोपविष्टं संस्कारयामास सुतं यथावत् ॥१५॥ आबद्धय कट्यां कटिसूत्रमेनं कौपीनखण्डं परिधाप्य चासौ । यज्ञोपवीतं नवतन्तुशुद्धं कार्पासकं स्म त्रिगुणं ददाति ॥१६॥ 'अग्ने व्रते' त्यादिभिराज्यहोमं विधाय नाभ्यादि तदङ्गमार्यः । स्पृष्ट्वाऽवदच्चाद्यदिनाद्धरायां त्वं ब्रह्मचारी भवसीति कृष्णम् ॥१७॥ प्रैषान् गुरूक्तांस्तनयाय धर्मः सर्वान् यथावत्समबूबुधच्च । आधेहि नित्यं समिधः सुत ! त्वं

---

ધર્મદેવે શ્રેષ્ઠ દૂતો દ્વારા દેશદેશાન્તરથી બ્રાહ્મણોને સન્માનપૂર્વક તેડાવ્યા. ઉત્સવમાં પધારેલા કોઈ વિપ્ર ચારે વેદના જ્ઞાતા હતા. કોઈ પુરાણના જાણનારા હતા. કોઈ મીમાંસાદિ શાસ્ત્રના જાણનારા હતા. તેમજ કોઈ કવિઓ હતા. સર્વે વિપ્રો સ્વભાવથી સુશીલ હતા. (૭) દેશાન્તરથી આવેલા, સૂર્યસમાન તેજસ્વી વિપ્રો અને આગમનિગમને જાણનારા અયોધ્યાપુરના નિવાસી વિપ્રોએ પોતાના કુળપરંપરાગત આચાર્યને મુખ્ય રાખી ગોભિલ નામના મુનિએ રચેલા ગૃહ્યસૂત્ર અનુસાર ધર્મદેવ પાસે ગ્રહશાંતિકર્મ કરાવ્યું. (૮)

એ સમયે ધર્મદેવના ભવનમાં રાત્રિદિવસ અનેક પ્રકારનાં વાજિંત્રોનો મંગલધ્વનિ થવા લાગ્યો. તેમના ભવનમાં સમુદાયથી ભેળી થયેલી સુવાસિની સ્ત્રીઓ મનોહર મંગળ ગીતો ગાવા લાગી. (૯) હે રાજન્ ! ઉપવીત સંસ્કારમાં અધિકારની સિદ્ધિ માટે પુત્રે ત્રણ કૃચ્છ્રવ્રત કરવાં જોઈએ. તેના પ્રતિનિધિ તરીકે પિતાએ ત્રણ ગાયોના દાન કર્યાં. (૧૦)

કામચાર, કામવાદ અને કામભક્ષણ (અર્થાત્ બાળપણમાં સ્વેચ્છા મુજબ ચાલવું, બોલવું અને જમવું તે) આ ત્રણ દોષની શાંતિને માટે પુત્રે બીજાં ત્રણ કૃચ્છ્રવ્રત કરવાં જોઈએ. તેના પ્રતિનિધિ તરીકે પણ પિતાએ ત્રણ ગાયોનાં દાન કર્યાં. (૧૧) ધર્મદેવે આગલા દિવસે જ ઉપનયન સંસ્કારના અંગભૂત માતૃપૂજન, નાંદીશ્રાદ્ધ, પુણ્યાહવાચન કર્મ, ગ્રહોની શાંતિ આદિ કરાવ્યાં અને ભોજનથી બ્રાહ્મણોનું તર્પણ કર્યું. (૧૨) ધર્મદેવે દશમીના સુપ્રભાતે પોતાના ભવનની આગળ સુસંસ્કૃત જગ્યામાં વેદિકાની રચના કરી. તે વેદિકા ઉપર 'સમુદ્ભવ' નામના અગ્નિનું સ્થાપન કર્યું અને તે અગ્નિદેવનું પૂજન કર્યું. (૧૩)

પોતાના કુળનાં સમગ્ર ધર્મને જાણનારા ધર્મદેવ સામવેદ અને કૌથુમી શાખામાં યોગ્ય કર્મકાંડને સંપૂર્ણ જાણતા હતા. છતાં કુળપરંપરાગત રીતે દ્વિજાતિસંસ્કારના વિધિજ્ઞ મુખ્ય બ્રાહ્મણ આચાર્યના કહેવા મુજબ તેમજ પોતાની વેદશાખાને ઉચિત એવા સમગ્ર કર્મવિધિનું અનુષ્ઠાન કરાવ્યું. (૧૪) ધર્મદેવે શ્રીહરિને પ્રથમ સ્નાન કરાવ્યું. ત્યારબાદ ભોજન કરાવ્યું. મસ્તક પરના કેશ ઉતરાવી ફરી સ્નાન કરાવ્યું. માતા ભક્તિએ શ્રીહરિને શણગાર સજાવ્યા. તેમજ પોતાના જમણા ભાગમાં વિનયપૂર્વક બિરાજતા શ્રીહરિનો પિતાએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સંસ્કારવિધિ કર્યો. (૧૫)

ધર્મદેવે ઘનશ્યામની કેડમાં કટિસૂત્ર બાંધ્યું. કૌપીન ધારણ કરાવી, કપાસના તંતુથી રચેલ નવ તંતુ અને ત્રણ સૂત્રવાળી શ્વેત રંગની યજ્ઞોપવીત શ્રીહરિને ધારણ કરાવી. (૧૬) 'अग्ने व्रतपते व्रतं चरिष्यामि' ઈત્યાદિ મંત્રો વડે આચાર્યે ઘીની પાંચ આહુતિથી હોમ કર્યો અને શ્રીહરિનાં નાભિ આદિ પાંચ અંગોનો સ્પર્શ કરી કહ્યું કે 'આજ દિવસથી ધરતી ઉપર તમે **બ્રહ્મચારી** બન્યા છો.' (૧૭)

प्रातश्च सायं यदिवैव सायम् ॥१८॥ आदौ तथान्तेऽशनकर्मणस्त्वं कुर्या अपोशानविधिं च नित्यम् । त्यजेर्दिवास्वापमपि प्रयत्नादाचार्यसेवानिरतो भवेश्च ॥१९॥ पित्रैवमुक्तः स हसन्कुमारो बाढं प्रतिप्रैषमुवाच चोच्चैः । तेनातिहर्षं स च तस्य पत्नी सम्बन्धिनोऽन्ये च ययुः प्रकामम् ॥२०॥ कट्यां गुरुस्तस्य बबन्ध मौञ्जीं श्लक्ष्णां त्रिवृत्तां रशनां विधिज्ञः । ग्रन्थित्रयं चापि चकार तस्या हरिप्रसादः प्रवरानुरूपम् ॥२१॥ अग्नेरुदक् प्राङ्मुख उत्तराग्रकुशासनस्थो जनकः सुताय । प्रत्यङ्मुखायादिशति स्म मन्त्रं ब्राह्मं निषण्णाय समानपीठे ॥२२॥ तदा महादुन्दुभिघोष आसीद्वाद्यान्यवाद्यन्त च सर्वशोऽपि । ब्रह्मध्वनिः स्त्रीगणगीतिकाभिः समं दिदीपे जयशब्दमिश्रः ॥२३॥ आमौलिदण्डं गुरुरात्मजाय ब्रह्मद्रुमस्यैव ददौ समन्त्रम् । ऐणं तथैवाजिनमुत्तरीयं सन्ध्याविधिं शिक्षयति स्म पश्चात् ॥२४॥ मध्याह्नसन्ध्या प्रथमं ह्युपास्या सायन्तनी वेति सदस्यवादे । प्रवर्तमाने बहुधा तदानीं माध्याह्निकीत्येव वृषो जगाद ॥२५॥ प्रैषान्पुनः पूर्ववदेव धर्म आदिश्यमानान् गुरुणा सुताय । अबोधयत्स्पष्टतरं वचोभिस्तत्पालनात्युत्सुकमानसाय ॥२६॥ विद्यागुरोर्वाचि सदैव तिष्ठेरन्यत्र पापाचरणप्रवृत्तेः । क्रोधानृते वर्जय मैथुनं च यदष्टधा वै प्रतिषिद्धमस्ति ॥२७॥ ग्राम्यं तु गीतं त्यज नर्तनं च वाद्यानि गन्धाद्यनुलेपनं च । अभ्यङ्गमुद्वर्तनमञ्जनं च सङ्घृष्य च स्वाङ्घ्र्यवनेजनं च ॥२८॥ उच्चासनं चापि गुरोः पुरस्ताद्दन्तातिशुद्धिं सुत ! कङ्कताद्यैः । केशप्रसारं च धरावलेखं निर्हेतुकं मा कुरु केशवापम् ॥२९॥ मद्यं च मांसं स्पृश न क्वचित्त्वं गोयुक्तयानं

**પિતા ધર્મદેવે શ્રીહરિને બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ કર્યો :-** આચાર્યે ઉપદેશ કરેલાં ચાર પ્રકારનાં વાક્યોને યથાર્થ રીતે શ્રીહરિને સમજાવતાં ધર્મદેવ કહેવા લાગ્યા કે હે પુત્ર ! તમે નિરંતર પ્રાતઃ સમયે તેમજ સાયં સમયે સમિધ ગ્રહણ કરો. અથવા એક માત્ર સાયંકાળના સમયે જ સમિધ ગ્રહણ કરો. નિરંતર ભોજન પહેલાં અને પછીના સમયે અપોશાન વિધિ કરો. દિવસની નિદ્રાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરો અને આચાર્યની સેવાપરાયણ બનો. (૧૮/૧૯)

પિતા આ પ્રમાણે કહેતા હતા ત્યારે શ્રીહરિ હસતા હસતા પ્રત્યેક આદેશ સામે 'બાઢમ્' 'બાઢમ્' અર્થાત્ 'હું એ પ્રમાણે જ કરીશ' એ પ્રમાણે ઉચ્ચ સ્વરે બોલતા હતા. તેથી ધર્મદેવ, ભક્તિદેવી અને અન્ય સંબંધીજનો અતિશય હર્ષ પામતાં હતાં. (૨૦)

**બ્રાહ્મગાયત્રી મંત્રનો ઉપદેશ :-** વિધિના જ્ઞાતા ગુરુએ શ્રીહરિના કટિ પ્રદેશમાં મુંજના ઘાસની સૂક્ષ્મ, કોમળ, તેમજ ત્રેવડી **'મેખલા'** ધારણ કરાવી. ધર્મદેવે ત્રણ પ્રવરને અનુસારે કટિસૂત્રમાં ત્રણ ગ્રંથિઓ કરી. (૨૧) અગ્નિથી ઉત્તર ભાગમાં તેમજ ઉત્તર દિશા તરફ અગ્રભાગવાળા દર્ભના આસન ઉપર પૂર્વ મુખે બિરાજમાન ધર્મદેવે પશ્ચિમમુખે બિરાજમાન શ્રીહરિને 'બ્રાહ્મ ગાયત્રી' મંત્રનો ઉપદેશ આપ્યો. (૨૨) તે સમયે મહા દુંદુભિઓના નાદો થયા. અનેક પ્રકારનાં વાજિંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. તે સમયે ચારે બાજુએથી જયઘોષની સાથે વેદમંત્રોનો ઘોષ થતો હતો અને એ ઘોષ સ્ત્રીઓના સુમધુર કંઠે ગવાતાં ગીતોની સાથે એકરૂપ થઈ કર્ણપ્રિય બનેલો અતિ શોભતો હતો. (૨૩)

ધર્મદેવે શ્રીહરિને બ્રહ્મશક્તિના પ્રતિનિધિભૂત મસ્તક પર્યંત લાંબો તેમજ ખાખરાના વૃક્ષમાંથી બનાવેલો દંડ 'સુશ્રવસે' ઈત્યાદિ મંત્રોચ્ચાર સાથે ધારણ કરાવ્યો. ઉત્તરીય વસ્ત્રને સ્થાને મૃગચર્મ ધારણ કરાવ્યું. ત્યારબાદ સંધ્યાવંદન કર્મની શિક્ષા આપી. (૨૪) પ્રથમ મધ્યાહ્ન સંધ્યા કરવી કે પછી સાયં સંધ્યા કરવી ? આ બાબતમાં જ્યારે સભાસદોમાં વિવાદ થયો ત્યારે ધર્મદેવે શ્રીહરિને પ્રથમ મધ્યાહ્ન સંધ્યા કરવાનો નિર્ણય આપ્યો. (૨૫)

ત્યારબાદ ગુરુએ જે જે પ્રૈષ અર્થાત્ ધર્મ કહ્યા, તે તે ધર્મોને પાલન કરવામાં ઉત્સુક મનવાળા શ્રીહરિને પિતાએ સ્પષ્ટપણે સમજાવ્યા : (૨૬) હે પુત્ર ! તમોએ પાપાચારમાં પ્રેરણા સિવાયના વિદ્યાગુરૂના વચનમાં નિષ્ઠાથી નિરંતર વર્તવું. ક્રોધ કરવો નહિ. મિથ્યા ભાષણનો સર્વથા ત્યાગ કરવો. અષ્ટધા મૈથુનનો ત્યાગ કરવો. (૨૭)

ગ્રામ્યવાર્તા ન કરવી. લૌકિક નાચગાન ન કરવું. વાજિંત્રો ન વગાડવાં. ગંધાદિ દ્રવ્યોથી અંગલેપન ન કરવું. તેલથી અંગમર્દન ન કરવું. કાજળથી આંખમાં આંજણ ન આંજવું. પગને પરસ્પર ઘસીને ધોવા નહિ. હે પુત્ર ! ગુરુની સમીપે ઊંચા આસને બેસવું નહિ. દાંતને અતિ ઘસવા નહિ. કાંસકાથી કેશ ઓળવા નહિ. ધરતી પર લેખન કરવું નહિ. પિતૃમરણાદિ કારણ વિના મુંડન કરાવવું નહિ. ક્યારેય મદ્યમાંસનો સ્પર્શ પણ કરવો નહિ. ક્યારેય બળદ જોડેલા ગાડા પર બેસવું નહિ.



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

च यथेष्टचेष्टाम् । आदर्शवीक्षां त्यज चान्यनिन्दामुपानहावातपवारणं च ॥३०॥ हिंसां तु वाचापि न कस्यचित्त्वं जन्तोस्तथा स्वस्य च मुक्तयेऽपि । कुर्याः कुसङ्गं न च पुत्र ! भूमौ न भोजनं क्वापि च कांस्यपात्रे ॥३१॥ द्यूतं च ताम्बूलमपि त्यजेस्त्वं भङ्गाद्यपेयं लशुनाद्यभक्ष्यम् । गोविप्रतीर्थामरसाधुसाध्वीसच्छास्त्रनिन्दां कुरु मा कदाचित् ॥३२॥ कौपीनमौञ्जीकटिसूत्रदण्डयज्ञोपवीतानि कमण्डलुं च । ऐणं च चर्मेति तु नित्यमेव सन्धारयेस्त्वं सुत ! भैक्षपात्रम् ॥३३॥ स्नानं च सन्ध्यां च जपं च होमं स्वाध्यायदेवादिकतर्पणे च । समर्चनं शक्तित एव विष्णोः कुर्याः सदा त्वं श्रवणादिभक्तिम् ॥३४॥ एवं हि तातेन सुबोधितोऽसौ स्वेच्छाबटुस्तं हरिराह बाढम् । भास्वन्तमुद्बाहुरथोपतस्थे प्रदक्षिणां चाप्यनलस्य चक्रे ॥३५॥ भिक्षां ददावादित एव तस्मै भक्तिः स्वयं ह्यर्थयते सुताय । सुवासिनीमुख्यसुहृत्स्त्रियोऽन्यास्ततो ददुः प्रीतियुता नरेश ! ॥३६॥ आचार्यवर्याय निवेद्य भैक्षं तदुक्तमेवात्मन आददेऽसौ। समापयामास यथाविधानं तत्कर्म धर्मः सकलं विधिज्ञः ॥३७॥ वर्णिवेषममलं स दधानो लब्धसंस्कृतिरहस्करकान्तिः । तत्र विप्रवरमण्डलमध्ये ब्रह्मचर्यमिव मूर्तमराजत् ॥३८॥ विप्रेभ्योऽथ स विप्र उत्सुकमना गाः स्वर्णमुद्रास्तथा वासांस्याभरणानि यानकवराण्यौदार्यतो दत्तवान् । तस्मै चापि जना यथोचितमदुर्वस्त्राणि वित्तादि च प्रादात्स्वीयजनेभ्य एष च यथायुक्तं च वस्त्राद्यपि ॥३९॥ पौरानन्यांश्च विप्रान्स्वगृहमुपगतान्भोजयामास सम्यग्भक्ष्यैर्भोज्यैर्विचित्रैर्बहुविधसुरसैः स्वेप्सितैः सत्कृतैश्च । सर्वांस्तान्

ઈચ્છા પ્રમાણે ચેષ્ટા કરવી નહિ. અરીસામાં મુખ જોવું નહિ. કોઈની નિંદા કરવી નહિ. પગમાં પગરખાં પહેરવાં નહિ તથા છત્ર ધારણ કરવું નહિ. (૨૮ થી ૩૦)

કોઈપણ જીવની વચનથી પણ હિંસા ન કરવી. પોતાની મુક્તિને અર્થે પણ તીર્થમાં આત્મહત્યા ન કરવી. હે પુત્ર! ક્યારેય કુસંગ ન કરવો. ક્યારેય ભૂમિ ઉપર અથવા તો કાંસાના પાત્રમાં ભોજન કરવું નહિ. (૩૧) જુગાર, તાંબુલ, પાનબીડું વગેરેનો ત્યાગ કરવો. ભાંગ, મદિરા વગેરે પીણાં ન પીવાં. લસણ વગેરે અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ ન કરવું. ગાય, બ્રાહ્મણ, તીર્થ, દેવતા, સાધુ, પતિવ્રતા અને સત્શાસ્ત્રની ક્યારેય નિંદા ન કરવી. (૩૨) હે પુત્ર ! કૌપીન કટિસૂત્ર,મેખલા, મૃગચર્મ, યજ્ઞોપવીત, દંડ, કમંડલુ તેમજ ભિક્ષાપાત્ર એટલાં વાનાં નિત્ય ધારણ કરવાં. (૩૩)

દરરોજ સ્નાન, સંધ્યા, ગાયત્રીજપ, હોમ, સ્વાધ્યાય, દેવતા અને પિતૃ વગેરેનું તર્પણ આ ષટ્કર્મનું આચરણ કરવું. તથા શક્તિ પ્રમાણે વિષ્ણુપૂજન તેમજ તેમની નવ પ્રકારની ભક્તિ પ્રતિદિન કરવી. (૩૪) હે રાજન્ ! આ પ્રકારે ધર્મદેવે શ્રીહરિને સદ્બોધ આપ્યો, ત્યારે બ્રહ્મચારીના વેષને ધરનારા શ્રીહરિએ પણ પિતાને પ્રતિસાદ સ્વરૂપે 'બાઢમ્' (હું તેમ કરીશ) એમ બોલી સ્વીકૃતિ આપી અને બે હાથ ઊંચા કરી સૂર્યનારાયણની સ્તુતિ કરી, પછી અગ્નિની પ્રદક્ષિણા કરી. (૩૫)

હે રાજન્ ! ભિક્ષા માગતા શ્રીહરિને પ્રથમ ભક્તિમાતાએ ભિક્ષા અર્પણ કરી. ત્યાર પછી સુવાસિની વગેરે સંબંધી સ્ત્રીઓએ પ્રેમથી ભિક્ષા આપી. (૩૬) શ્રીહરિએ ભિક્ષામાં પ્રાપ્ત થયેલું અન્ન આચાર્યવર્યને અર્પણ કર્યું. અને તેમના કહેવા પ્રમાણે પોતે ભિક્ષાન્નનો સ્વીકાર કર્યો. ત્યારબાદ વિધિજ્ઞ ધર્મદેવે વિધિ પ્રમાણે ઉપનયન કર્મની સમાપ્તિ કરી. (૩૭) તે સમયે શ્રીહરિએ બ્રહ્મચારીના સુંદર વેષને ધારણ કર્યો હતો. ઉપનયન સંસ્કાર પામેલા શ્રીહરિની કાંતિ સૂર્ય સમાન હતી. અને તે કાંતિથી વિપ્રવર્યોની સભા મધ્યે શ્રીહરિ જાણે કે સાક્ષાત્, મૂર્તિમાન બ્રહ્મચર્ય હોય ને શું ? તેમ શોભતા હતા. (૩૮)

પછી ઉદાર મનવાળા ધર્મદેવે અતિ હર્ષથી બ્રાહ્મણોને ગાયો, સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો, અલંકારો તથા શ્રેષ્ઠ વાહનોનાં દાન કર્યાં. આ પ્રસંગે ઉપસ્થિત થયેલા સંબંધીઓ, આશ્રિતો અને મિત્રો વગેરે સ્વજનોએ પોતાની શક્તિ પ્રમાણે ધન, વસ્ત્ર, તેમજ આભૂષણોથી ધર્મદેવનો યથાયોગ્ય સત્કાર કર્યો. અને ધર્મદેવે પણ તે સર્વજનોને વસ્ત્રો તેમજ ધન તથા વાહનો વગેરે અર્પણ કરીને તેમની યથાયોગ્ય સંભાવનાથી સારો એવો સત્કાર કર્યો. (૩૯)

પોતાને ઘેર પધારેલા નગરવાસી તથા દેશદેશાન્તરવાસી વિપ્રોને ધર્મદેવે રાજાની જેમ ભક્ષ્ય, ભોજ્યાદિ અનેક પ્રકારનાં ઈચ્છિત સ્વાદિષ્ટ શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્ત કરી દક્ષિણા આપી વિદાય કર્યા. ત્યાર બાદ પ્રસન્ન થયેલા ધર્મદેવ શ્રીહરિને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

दक्षिणाभिर्नृपतिरिव वृषस्तोषयित्वा विसृज्य भूर्यानन्दः स्वपुत्रं स्वनिगममखिलं पाठयामास सार्थम् ।।४०।।
इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हर्युपनयनोत्सवनामा त्रिंशोऽध्यायः ।।३०।।

सुव्रत उवाच – **हरिः प्राप्तोपनयनः स्वधर्मान् गुरुणोदितान् । पालयन् पितरौ प्रीत्या सिषेवे नृपसत्तम ! ।।१।। ततो गृहं जिहासुः स्वं स्वावतारप्रयोजनम् । धर्मसंस्थापनं कर्तुं भूतले स व्यचिन्तयत् ।।२।। विजित्योत्पथगामीनि वृन्दानि विबुधद्विषाम्। धर्मः स्थाप्यो मया भूमौ साम्प्रतं यत्कृतेऽजनि ।।३।। अद्यैव जह्यां गेहं चेन्मत्प्राप्तातिसुखौ तदा । वीतद्विषद्भूरिभयौ भवेतां दुःखिताविमौ ।।४।। पितरौ मद्वियोगार्तिं सोढुं नैव हि शक्नुतः । अत एतौ विप्रशापान्मोचयित्वोत्सृजाम्यदः ।।५।। एवं स गूढसङ्कल्पो वेदाध्ययनकैतवात् । तत्रोवास भजन् रामं कृष्णं च निगमादरः ।।६।। विद्यागुरुं तु पितरं नान्यं विद्यावतां नृणाम् । स चकार ततोऽध्यैत तृतीयं वेदमादितः ।।७।। तीव्रबुद्धितया वेदमल्पकालेन विस्मयम् । तातमन्यांश्च विदुषः प्रापयन्नसमापयत् ।।८।। ततः काव्यानि शास्त्राणि पुराणानि पपाठ च । महाभाष्यादि यत्किञ्चिद्धर्मो वेद तदध्यगात् ।।९।। धर्मोऽथ जरसं प्राप्तां दृष्ट्वा साङ्ख्यमुपाश्रितः । तीव्रं वैराग्यमापन्नः कृष्णध्यानपरोऽभवत् ।।१०।। स्वधर्मज्ञानवैराग्ययोगान् भक्तिं च तत्त्वतः । यथानुभूति पुत्राय यथाशास्त्रमुपादिशत् ।।११।। माहात्म्यं स्वगुरोस्तस्मै सौराष्ट्रादिषु तत्स्थितिम् । यथावदात्मजायाऽऽह रीतिं च स्वाध्वनोऽखिलाम् ।।१२।। विद्याभिश्च गुणैः सर्वैः पितृतुल्यो**

અર્થજ્ઞાને સહિત સંપૂર્ણ સામવેદનો અભ્યાસ કરાવતાં હતાં. (૪૦) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીહરિ યજ્ઞોપવીત ઉત્સવ નિરૂપણ' નામે ત્રીશમો અધ્યાયઃ (૩૦)*

## અધ્યાય : ૩૧

## ધર્મદેવ થકી વેદાભ્યાસ અને મંત્રદીક્ષાનો સ્વીકાર

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ઉપનયન સંસ્કારને પામેલા વર્ણી શ્રીહરિ, ગુરુએ ઉપદેશ કરેલા સ્વધર્મોનું પાલન કરવા પૂર્વક માતાપિતાની પરિચર્યા પ્રેમથી કરતા હતા. (૧) ત્યારબાદ પોતાનાં ગૃહનો ત્યાગ કરવા ઈચ્છતા ભગવાન શ્રીહરિ આ ભૂમિ ઉપર ધર્મ સ્થાપન કરવારૂપ પોતાનાં અવતરણ પ્રયોજનનો વિચાર કરવા લાગ્યા : "પૃથ્વીમાં હાલ જે કાર્યને અર્થે મારૂં પ્રાગટ્ય થયું છે, તે શુભ એકાંતિક ધર્મની મારે પૃથ્વી ઉપર સ્થાપના કરવી છે. (૨/૩)

તેમ છતાં હાલ મારી પ્રાપ્તિ થવાથી માતાપિતા અતિ સુખી વર્તે છે. તેમને શત્રુઓનો મહાન ભય પણ નિવૃત્ત થયો છે. જો હું અત્યારે જ ઘરનો ત્યાગ કરીશ તો માતાપિતા દુઃખી થશે. મારા વિયોગનું દુઃખ તેઓ સહન નહિ કરી શકે. તે કારણથી માતાપિતાને દુર્વાસાના શાપથી મુકાવીને પછી જ હું આ ગૃહનો ત્યાગ કરું. (૪/૫)

**શ્રીહરિનું વેદાદિ શાસ્ત્રાધ્યયન :-** હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રકારે અંતરમાં ગૂઢ સંકલ્પ કર્યો. શ્રીહરિને વેદ વિષે આદરભાવ હતો. તેથી તેના અધ્યયનના મિષથી ઘરમાં નિવાસ કરીને રહ્યા અને શ્રીરામ તથા કૃષ્ણનું ભજન સ્મરણ કરતા હતા. (૬) શ્રીહરિએ વિદ્યા માટે બીજા કોઈ વિદ્વાનપુરૂષનો આશ્રય લીધો નહિ, કારણ કે શ્રીહરિએ પિતાને જ વિદ્યાગુરુ તરીકે સ્વીકાર્યા હતા. તેમની પાસેથી સૌ પ્રથમ વેદોને મધ્યે ત્રીજા એવા સામવેદનું અધ્યયન કર્યું. (૭) શ્રીહરિએ તીવ્ર બુદ્ધિથી ટૂંક સમયમાં જ વેદાધ્યયન સમાપ્ત કર્યું તેથી પિતા ધર્મદેવ અને અન્ય પંડિતો પણ આશ્ચર્યમાં ગરકાવ થયા. (૮)

ત્યાર બાદ રામાયણ, મીમાંસા, કાવ્ય, પુરાણ, મહાભાષ્ય વગેરે જે કોઈ ગ્રંથોનું ધર્મદેવને જ્ઞાન હતું તે સર્વ ગ્રંથોનો શ્રીહરિએ પિતા પાસેથી અભ્યાસ કર્યો. (૯) ત્યારબાદ 'પોતે વૃદ્ધ થયા છે' એમ જાણી ધર્મદેવને સંસારમાં તીવ્ર વૈરાગ્ય થયો અને સાંખ્ય જ્ઞાનનો આશ્રય કરી ભગવદ્ ધ્યાન પરાયણ જીવન જીવવા લાગ્યા. (૧૦) ધર્મદેવે શ્રીહરિને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ તેમજ ભક્તિનો યથાશાસ્ત્ર અને યથા-અનુભવ ઉપદેશ કર્યો. (૧૧)

ધર્મદેવ, સ્વપુત્ર શ્રીહરિને સૌરાષ્ટ્ર વગેરે પ્રાન્તમાં નિવાસ કરીને રહેતા પોતાનાં ગુરૂ ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના ગુણ અને પ્રભાવ વગેરેનો મહિમા કહેતા હતા. તેમજ તેમને પોતાનાં ઉદ્ધવ સંપ્રદાયની સમગ્ર રીતિ યથાર્થ સમજાવતા હતા.(૧૨) અલ્પ સમયમાં જ શ્રીહરિ વિદ્યાદિ સદ્ગુણોથી પિતાતુલ્ય થયા. મહાયશસ્વી થયા. જનસમુદાયમાં

महायशाः । आसीत्सोऽल्पेन कालेन मान्यः पूज्यस्तथा नृणाम् ॥१३॥ स्वगृहे प्रत्यहं पित्रा वाच्यमानं च सोऽश्रृणोत् । श्रीमद्भागवतं नाम पुराणं ह्येकचेतसा ॥१४॥ महाभारतमश्रौषीत् पितुरेव ततोऽखिलम् । सप्तखण्डात्मकं स्कान्दं पुराणमखिलं च सः ॥१५॥ आर्षाः सर्वाः स्मृतीश्चाथ धर्मशास्त्राण्यनाकुलः । धर्मप्रियः स शुश्राव पितुरेव नराधिप! ॥१६॥ ततः कुशाग्रधीस्तेषां सारं निजमनीषया । स निश्चित्य स्वपाठार्थं लिलेख च पृथक्पृथक् ॥१७॥

श्रीमद्भागवतात्स्कन्धं पञ्चमं दशमं च सः । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दाच्चाप्यलिखत् पृथक् ॥१८॥ ततः श्रीभगवद्गीतां नीतिं वैदुरिकीं च सः । विष्णोर्नामसहस्रं चेत्यलिखद्भारतात्त्रयम् ॥१९॥ ततः स धर्मशास्त्राणां सर्वेषां सारमुत्तमम् । एकामेवालिखत्प्रीत्या याज्ञवल्क्यस्मृतिं पृथक् ॥२०॥ लिखित्वैतद्धरिः पित्रे चतुष्टयमदीदृशत् । प्रसन्नस्तेन सोऽजानात्तद्बुद्धिमतिमानुषीम् ॥२१॥ प्राह चास्यान्वहं पाठं स्वावकाशानुसारतः । कुरु त्वं कृष्णपूजाऽन्ते सत्सु श्रोतृषु वा कथाम् ॥२२॥ ओमित्यादाय तद्वाक्यं तत्पाठं नित्यमाचरत् । चकार च कथां तस्य श्रोतृकर्णमनोरमाम् ॥२३॥ ततः सारचतुष्कस्य स्वक्षरां सूक्ष्मपत्रिकाम् । विधाय पुस्तिकामेकां सोऽरक्षत्स्वान्तिके सदा ॥२४॥ श्रीमद्भागवतादीनि प्रत्यहं तस्य शृण्वतः । उपास्यधीः कृष्ण एव सुदृढा समवर्तत ॥२५॥ ततः पिता ददौ स्वीयसम्प्रदायानुसारतः । सामान्यां वैष्णवीं दीक्षां तस्मै तां प्राप्तुमिच्छते ॥२६॥ मन्त्रमष्टाक्षरं कार्ष्णं दत्त्वा च त्र्यक्षरं ततः। उपादिशच्च सद्धर्मांस्तस्मै विनयशालिने ॥२७॥ ततस्तदुक्तरीत्यैव कृष्णार्चामाचरन्मुदा । पालयामास सकलान् स्वस्मिन् सिद्धान्स्वतो वृषान् ॥२८॥

---

પ્રશંસનીય થયા અને પૂજનીય થયા. (૧૩) પિતા ધર્મદેવ જ્યારે પોતાના ભુવનમાં શ્રીમદ્ ભાગવતની કથા વાંચતા હોય ત્યારે શ્રીહરિ એકાગ્ર મનથી નિરંતર તેનું શ્રવણ કરતા હતા. (૧૪) હે રાજન્! ત્યારબાદ ધર્મપ્રિય શ્રીહરિએ પિતાના મુખેથી જ સમગ્ર મહાભારત, સપ્તખંડાત્મક સ્કન્દપુરાણ, તથા ઋષિઓએ રચેલ ધર્મશાસ્ત્ર સ્વરૂપ આર્ષ (ઋષિ-પ્રણીત) સર્વ સ્મૃતિઓ વગેરે ગ્રંથોનું અનુક્રમે પ્રેમપૂર્વક શ્રવણ કર્યું. (૧૫/૧૬)

**શ્રીહરિએ રચેલો સત્શાસ્ત્રોના સારનો ગુટકો :-** શ્રીહરિની બુદ્ધિ કુશાગ્ર હતી. તે બુદ્ધિથી તમામ સદ્ગ્રંથોનો સારસાર ગ્રહણ કર્યો. તેમજ તેનો પોતાને નિત્ય પાઠ કરવા માટે તે ગ્રંથોના સારનું અલગ અલગ રીતે લેખન કર્યું. (૧૭)

શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત પુરાણના સારરૂપે દશમ અને પંચમ સ્કંધના સારનું, સ્કંદ પુરાણના સાર રૂપે શ્રી વાસુદેવ માહાત્મ્યના સારનું, મહાભારતના સારરૂપે ભગવદ્ગીતા, વિદુરનીતિ અને વિષ્ણુસહસ્રનામના સારનું અને સર્વ ધર્મશાસ્ત્રોના સર્વોત્તમ સાર સ્વરૂપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું આલેખન કર્યું. (૧૮ થી ૨૦) આ રીતે ચાર સત્શાસ્ત્રોના સારને લખી શ્રીહરિએ પિતાને બતાવ્યો. તે જોઈ પિતા પ્રસન્ન થયા અને શ્રીહરિની અલૌકિક બુદ્ધિને સર્વ મનુષ્યની બુદ્ધિથી વિલક્ષણ જાણી કહેવા લાગ્યા. (૨૧)

હે પુત્ર ! ભગવાનનું પૂજન કર્યા બાદ સમયની અનુકૂળતાએ પ્રતિદિન એમનો પાઠ કરવો. સાંભળનાર શ્રોતા કોઈ હોય તો તેમને આ ગ્રંથની કથા કહેવી. (૨૨) ભગવાન શ્રીહરિ પિતાનાં આ વચનનો સ્વીકાર કરી નિરંતર તેનો પાઠ કરતા તેમજ શ્રોતાજનોનાં મન અને શ્રોત્રને રંજન કરનારી તે ગ્રંથની કથા શ્રવણ કરાવતા હતા. (૨૩) ત્યાર પછી શ્રીહરિએ ચારે સત્શાસ્ત્રના સારને સુંદર, સ્પષ્ટ અને સૂક્ષ્મ અક્ષરોથી પત્રિકામાં લખી એક પુસ્તક બનાવ્યું (જેને ગૂટકો કહે છે.) અને તે પુસ્તક નિરંતર પોતાની સમીપમાં જ રાખ્યું. (૨૪)

**ધર્મદેવ થકી સામાન્ય મંત્ર દીક્ષાનો સ્વીકાર :-** શ્રીમદ્ ભાગવતાદિ સદ્ગ્રંથોનું પ્રતિદિન શ્રવણ કરતા શ્રીહરિને ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માને વિષે જ ઉપાસ્ય બુદ્ધિ સુદૃઢ બની. (૨૫) સામાન્ય ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છતા શ્રીહરિને ધર્મપિતાએ ઉદ્ધવસંપ્રદાય અનુસાર દીક્ષા અર્પણ કરી. (૨૬) ધર્મદેવે વિવેકશીલ શ્રીહરિને શ્રીકૃષ્ણ સંબંધી અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. ત્યાર પછી ત્રણ અક્ષરાત્મક મંત્રનો ઉપદેશ કર્યો તથા અહિંસાદિ સદ્ધર્મોનો ઉપદેશ કર્યો. (૨૭)

પિતાના કહેવા પ્રમાણે શ્રીહરિ પ્રેમથી ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરતા અને પોતાના સ્વરૂપમાં કલ્યાણકારી સમસ્ત ધર્મો સહજ સિદ્ધ વર્તતા હોવા છતાં લૌકિક-ભક્તજનોના શિક્ષણ માટે સર્વ સદ્ધર્મોનું પાલન કરતા હતા. (૨૮) હે રાજન્



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ब्रह्मचर्यव्रतं भूमौ पोषयंल्लोकदुष्करम् । ईशोऽपि जनशिक्षार्थमाचचार स्वयं नृप ! ॥२९॥ कृष्णमित्थं भजन्नित्यं सच्छास्त्राभ्यासमाचरन् । जनेरेकादशं वर्षं हरिशर्मा स आप्तवान् ॥३०॥ असुराः शतशस्तत्र मिलित्वा यूथशो मुहुः । आययुः स्वरिपुं कृष्णं विशस्त्रं हन्तुमुद्यताः ॥३१॥ दम्भात्तवैष्णवाकल्पा बलिनोऽरुणालोचनाः । करालकरवालादिशस्त्रपाणय उन्मदाः ॥३२॥ सर्वेऽपि ते नीलकण्ठयोगेनैव विमोहिताः । परस्परोत्थारिभावा जघ्नुः शस्त्रैः परस्परम् ॥३३॥ यथा संशप्तकाः पूर्वं त्वाष्ट्रास्त्रेण किरीटिनः । मूढाः परस्परं हत्वा मृतास्तेऽपि तथा मृताः ॥३४॥ तत्रागतांस्तु देवारीन्पराभाव्येत्थमीश्वरः । ऐच्छत्पराभावयितुं देशान्तरगतानपि ॥३५॥ ऊर्जे व्रतस्थाऽथ भक्तिः शुक्लाष्टम्यां महानिशि । प्राप ज्वरं व्रतकृशा शिथिलाङ्गाऽऽस तेन सा ॥३६॥ रामप्रतापप्रमुखा आनीय भिषजो गृहे । कुर्वन्ति स्म यथाबुद्धि बन्धवस्तत्प्रतिक्रियाम् ॥३७॥ कृतस्तै रुक्प्रतीकारो नासीत्तत्तापशान्तये । नवम्या निशि तां कृष्णो बोधयामास मातरम् ॥३८॥ अन्तकालं विदंस्तस्याः सेवमानश्च तां स तु । उपविश्यान्तिके प्राह ददत्स्वज्ञानमिच्छया ॥३९॥ सच्छास्त्रसम्मतं मातः ! शृणु मद्वचनं हितम् । मायैव विष्णोः सर्वेषामस्ति संसृतिकष्टदा ॥४०॥

---

! દુષ્કર બ્રહ્મચર્યવ્રતનું પૃથ્વી પર પાલનપોષણ કરતા શ્રીહરિ સ્વયં પરમેશ્વર હોવા છતાં જનશિક્ષાને અર્થે બ્રહ્મચર્યવ્રતરૂપ ધર્મનું અનુષ્ઠાન કરતા હતા. (૨૯) આ પ્રમાણે સત્શાસ્ત્રનો અભ્યાસ અને નિરંતર ભગવદ્‌ભક્તિ કરતા શ્રીહરિને જન્મથી અગિયારમું વર્ષ પ્રાપ્ત થયું. (૩૦)

**અયોધ્યાપુરીમાં શ્રીહરિએ કરેલો અસુરોનો પરાભવ :-** તે સમયે શસ્ત્ર રહિત એવા શ્રીહરિને મારવાને અર્થે ઉદ્યમપરાયણ અનેક અસુરોના જૂથો ભેળા મળીને અયોધ્યાપુરીને વિષે વારંવાર આવવા લાગ્યા. (૩૧) તે અસુરોએ દંભથી વૈષ્ણવપણાનો વેષ ધારણ કર્યો હતો. તેઓ મહાબલિષ્ઠ હતા. તેમનાં નેત્રો લાલચોળ હતાં. તેઓએ હાથમાં વિકરાળ તલવાર આદિ શસ્ત્રો ધારણ કર્યાં હતાં અને તેઓ મદોન્મત્ત બનેલા હતા. (૩૨)

પરંતુ શ્રીહરિના યોગપ્રભાવથી જ સર્વે અસુરો પરસ્પર મોહ પામ્યા. પરસ્પર વૈરભાવ જાગ્રત થયો અને તેથી જ અંદરો અંદર એકબીજાનો સંહાર કરવા લાગ્યા. (૩૩) જેમ પૂર્વે મહાભારતના યુદ્ધ મેદાનમાં સંશપ્તક નામના ક્ષત્રિયો અર્જુનના ‘ત્વાષ્ટ્ર’ નામના અસ્ત્રથી પરસ્પર મોહ પામી એકબીજાને અર્જુન માની પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા અને નાશ પામ્યા હતા; તે જ રીતે અયોધ્યાના અસુરો પણ એક બીજાને નીલકંઠ માની પરસ્પર યુદ્ધ કરી નાશ પામ્યા. (૩૪) આ રીતે સર્વેશ્વર શ્રીહરિએ ત્યાં આવેલા અસુરોનો પરાભવ કર્યો અને દેશદેશાન્તરમાં રહેલા અસુરોનો પણ વિનાશ કરવાની અંતરમાં ઈચ્છા કરી. (૩૫)

**ભક્તિમાતાના શરીરમાં તાવની વેદના :-** હે રાજન્ ! કાર્તિક માસનો સમય હતો. ભક્તિમાતા વ્રતનું અનુષ્ઠાન કરતાં હતાં. વ્રતાનુષ્ઠાનથી તેમનું શરીર અતિ દુર્બળ બન્યું હતું. કાર્તિક સુદિ અષ્ટમીની રાત્રીનો સમય હતો. તે વખતે માતાના શરીરમાં તાવ આવ્યો અને તેથી તેમના શરીરનાં અવયવો શિથિલ થયાં. (૩૬) રામપ્રતાપ વગેરે સંબંધીજનો સારા વૈદ્યને પોતાને ઘેર બોલાવી લાવ્યા અને સૌ પોતાની શક્તિ ને બુદ્ધિ અનુસારે સારવાર કરવા લાગ્યાં. (૩૭) વૈદ્યોએ રોગનો પ્રતિકાર કરવા અનેક ઉપાયો કર્યા છતાં જ્વરની પીડા શાંત ન થઈ. તેથી ભગવાન શ્રીહરિ નવમીની રાત્રિએ માતાને હિતકારી બોધ વચનો કહેવા લાગ્યા. (૩૮)

**ભક્તિમાતાને શ્રીહરિએ આપેલો સદ્‌બોધ :-** “માતાનો અંતસમય હવે નજીકમાં જ છે’ એમ જાણી શ્રીહરિ તેમની સમીપમાં બેસી માતાની સેવા કરવા લાગ્યા તેમજ માતાને સ્વસ્વરૂપનું જ્ઞાન આપવાની ઈચ્છાથી કહેવા લાગ્યા. (૩૯)

**સંસૃતિસંકટનું કારણ :-** હે માતા ! સર્વ સત્શાસ્ત્રોએ માન્ય કરેલ અને સર્વેનું હિત કરનાર મારું વચન સાંભળો. હે માતા! આ વિશ્વમાં ભગવાન વિષ્ણુની માયા જ જીવપ્રાણીમાત્રને જન્મમરણરૂપ સંસૃતિનાં દુરન્ત દુઃખને આપનારી છે. (૪૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तस्यास्तु सन्निवृत्तिः स्यात्कृष्णे भक्त्यातितीव्रया । स्वधर्मज्ञानवैराग्योपेतया मनसि स्थिरे ॥४१॥ मायायास्तरणोपायो मूलस्य सकलापदाम् । एष एव समीचीनो भवतीत्येव भाति मे ॥४२॥ एवं साङ्ख्यं च योगश्च पञ्चरात्रमुखान्यपि । वदन्ति किल शास्त्राणि तद्विदश्च महर्षयः ॥४३॥ सुव्रत उवाच – पुत्रस्येत्थं वचस्तस्याः शृण्वत्याः सादरं नृप! । स्मृतिर्बभूव हृदये यथा पूर्वं तदिच्छया ॥४४॥ वर्णिवेषं ततः पुत्रं नारायणमवेत्य तम् । प्रपेदे शरणं प्रीता विरक्ताऽन्यत्र वस्तुषु ॥४५॥ उत्थाय बद्धाञ्जलियुग्ममस्मै नत्वोपविश्याग्रत एव चास्य । सम्प्राप्तसंसारविमुक्तिबुद्धिः पप्रच्छ निःश्रेयससाधनं सा ॥४६॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे विद्याध्ययनसामान्यदीक्षाग्रहणासुरयूथनिघातनिरूपणं नामैकत्रिंशोऽध्यायः ॥३१॥

श्रीहरिर्जयति ।

## हरिगीता - पञ्चाध्यायी

सुव्रत उवाच – सर्वसद्गुणसम्पन्ना माता प्रेमवती हरिम् । नारायणावतारं स्वं पुत्रं प्रोवाच भूपते ! ॥१॥ प्रेमवत्युवाच – नमस्तुभ्यं भगवते हरये कष्टहारिणे । नारायणाय ऋषये प्रपद्याय मुमुक्षुभिः ॥२॥ अज्ञानस्य निवृत्तिः स्यान्मायाख्यस्य यथाञ्जसा । हरे ! संसृतिमूलस्य तथा मामनुशाधि भोः ॥३॥ ग्राम्यसौख्यविरक्ताऽहं त्वां प्रपन्नाऽस्मि सन्मते!। अतो मुमुक्षवे मह्यं वक्तुमर्हसि यद्धितम् ॥४॥ जानामि त्वामहं साक्षान्नारायणमृषिं प्रभुम् । कृतावतारं क्षेमाय भूतले सर्वदेहिनाम् ॥५॥ स त्वं ममाज्ञानमपाहराशु यथा तमोऽर्कः प्रकटप्रतापः । स्वमायया गोपितदिव्यभावः सम्प्रार्थयामीति भवन्तमीशम्

**માયાને તરવાનું સાધન :-** સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત તીવ્ર ભક્તિયોગથી જ્યારે ભગવાનના સ્વરૂપમાં મન સ્થિર થાય છે ત્યારે માયાની સંપૂર્ણપણે નિવૃત્તિ થાય છે. (૪૧) માયા સમગ્ર આપત્તિઓનું મૂળ છે. તેને તરવા માટે 'ભગવદ્ ભક્તિયોગ જ સર્વ શ્રેષ્ઠ સાધન છે' એમ મને ભાસે છે. (૪૨) મેં કહ્યું તે પ્રમાણે જ સાંખ્ય, યોગ, પંચરાત્ર વગેરે સત્શાસ્ત્રો અને તેમના જ્ઞાતા મહર્ષિઓ પણ કહે છે. (૪૩)

**માતાને થયેલું ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! પુત્રના મુખકમળમાંથી વર્ષતા વચનામૃતોનું ભક્તિમાતા શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતાં હતાં. તેમના અંતરમાં શ્રીહરિની ઈચ્છાથી પૂર્વની માફક જ્ઞાનની સ્મૃતિ થઈ. વર્ણી વેષધારી પુત્રરૂપ ભગવાન શ્રીહરિને સાક્ષાત્ નારાયણ જાણ્યા. તેથી મનમાં પ્રસન્ન થયેલા તેમજ જગતના પદાર્થોમાં વૈરાગ્ય પામેલા માતા ભક્તિદેવી શ્રીહરિને શરણે થયા. (૪૪/૪૫)

ભક્તિમાતા પર્યંક પરથી બેઠાં થયાં. બે હાથ જોડી શ્રીહરિને પ્રણામ કર્યા. તેમજ શ્રીહરિની આગળ બિરાજમાન થયાં. માતાના અંતરમાં સંસારનાં બંધનોથી મુક્ત થવાની ઈચ્છા હતી તેથી શ્રીહરિની સમીપે બેસીને આત્યંતિક મોક્ષના સાધન વિષયક પ્રશ્ન શ્રીહરિને પૂછવા લાગ્યા. (૪૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'વિદ્યાધ્યયન-સામાન્યદીક્ષાગ્રહણ- અસુરયૂથનિઘાત નિરૂપણ' નામનો એકત્રીશમો અધ્યાયઃ (૩૧)*

## અધ્યાય : ૩૨

## સત્પુરુષોના લક્ષણો અને તેમના સત્સંગનું માહાત્મ્ય કહેલું છે (શ્રીહરિગીતાનો પ્રારંભ)

**પ્રેમવતીનો પ્રશ્ન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સમગ્ર સદ્ગુણોથી સંપન્ન માતા પ્રેમવતી પુત્ર સ્વરૂપે બિરાજતા સાક્ષાત્ નારાયણ શ્રીહરિને પૂછવા લાગ્યાં. (૧) પ્રેમવતી કહે છે, હે પ્રભુ ! તમને હું નમસ્કાર કરૂં છું. હે ભગવન્ ! તમે પુરૂષોત્તમ છો, અને એજ તમો સ્વયં શ્રીનારાયણ ઋષિના ઉદ્દેશથી મારે ત્યાં પ્રાદુર્ભાવ પામ્યા છો. હે દુઃખને હરનારા હરિ! તમે મુમુક્ષુ જીવોને આશ્રય કરવા યોગ્ય છો. (૨)

હે હરિ ! જીવાત્માને જન્મમરણનું મૂળ કારણ માયા છે. તે માયારૂપી અજ્ઞાનની નિવૃત્તિ જે ઉપાય વડે થાય તેવું સાધન મને યથાર્થ જણાવો. (૩) હે સન્મતે ! મને જગતનાં સાંસારિક પદાર્થોમાં વૈરાગ્ય થયો છે. તેથી મોક્ષની ઈચ્છાવાળી હું તમારે શરણે આવી છું. જે પ્રકારે મારું હિત થાય તેવો કોઈ ઉપાય બતાવો. (૪) સમગ્ર દેહધારી જીવોના કલ્યાણને અર્થે ભૂતળ ઉપર પ્રગટ થયેલા તમે સાક્ષાત્ શ્રીનારાયણ ઋષિ છો એમ હું માનું છું. (૫) હે ઈશ ! તમે તમારા દિવ્ય સંકલ્પથી પોતાનું



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

॥६॥ सुव्रत उवाच - **एवं जनन्या प्रणयेन पृष्टो हरिः स्वतःसिद्धविशुद्धबोधः । मुमुक्षवेऽध्यात्मिकशास्त्रमाद्यं प्रीतः स तस्यै नृपते! जगाद ॥७॥** श्रीहरिरुवाच - **शृणु मातर्हितं वच्मि भवत्यै शास्त्रसम्मतम् । मुमुक्षवे विरक्तायै निर्णीतं वेदवेदिभिः ॥८॥ श्रीकृष्णो भगवान् साक्षाद्यो विष्णुः पुरुषोत्तमः । स एव सर्वभावेन सेवनीयो मुमुक्षुभिः ॥९॥ तस्यैव मायया लोको मोहितो याति संसृतिम् । अतस्तं ये प्रपद्यन्ते तां तरन्ति त एव हि ॥१०॥ सतां सङ्गेन बुद्ध्वाऽऽदौ तन्माहात्म्यं तदाप्तया । स्वधर्मज्ञानवैराग्ययुजा भक्त्या स सेव्यताम् ॥११॥ युक्ताङ्गैस्तु स्वधर्माद्यैस्त्रिभिर्भक्तिर्महाव्रते ! । क्वापि केनापि विघ्नेन नैवेह प्रतिहन्यते ॥१२॥ एतेष्वेकतमेनापि सा हीनाङ्गेन चेद्भवेत् । देशकालादिवैषम्ये तस्यां विघ्नो भवेद्ध्रुवम् ॥१३॥ कार्यकारणरूपाया मायायाः सर्वथैव तु । विनिवृत्तिस्तयैव स्यान्नान्योपायेन वै नृणाम् ॥१४॥ तस्यां तु विनिवृत्तायां शुद्धः कृष्णस्य सेवकः । परमं याति तद्धाम यद्ब्रह्मेत्याहुरागमाः ॥१५॥ अनन्तं चाक्षयं तस्मिन्कालमायाभयोज्झिते । धाम्नि सौख्यं समाप्नोति स्वमनोवाञ्छितं च सः ॥१६॥** सुव्रत उवाच - **वेदशास्त्रपुराणानां पञ्चरात्रागमस्य च । सिद्धान्तं पुत्रवाक्यं सा श्रुत्वोवाच पुनः प्रसूः ॥१७॥** प्रेमवत्युवाच - **सर्वशास्त्रार्थतत्त्वज्ञ ! सिद्धान्तोऽयं त्वयोदितः । साङ्गया कृष्णभक्त्यैव मायाया यन्निवर्तनम् ॥१८॥ तदेतत्तत्त्वतः सर्वं विवित्सामि महामते ! । योषाया मे यथा बोधः स्यात्तथा वक्तुमर्हसि ॥१९॥ हरेर्माहात्म्यबोधाद्या स्वधर्माद्यङ्गसंयुता । भक्तिः प्राप्या यतस्तेषां ब्रूहि लक्ष्माणि मे सताम् ॥२०॥**

---

દિવ્ય ઐશ્વર્ય છુપાવ્યું છે. તમારો પ્રતાપ પ્રગટ જણાય છે. તેથી સૂર્ય જેમ બાહ્ય અંધકારનો નાશ કરે તેમ મારા અંતરનાં અંધકારનો તમે તત્કાળ વિનાશ કરો. હું તમારા ચરણમાં પ્રાર્થના કરૂં છું. (૬) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! માતા પ્રેમવતીએ પ્રેમથી આ પ્રમાણે પ્રશ્ન કર્યો તેથી સ્વતઃસિદ્ધ વિશુદ્ધ બોધનાં જ્ઞાનવાળા શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને મુમુક્ષુ માતા પ્રેમવતીને આત્માપરમાત્મા સંબંધી અધ્યાત્મ શાસ્ત્રનો ઉપદેશ કરવા લાગ્યા. (૭)

શ્રીહરિ કહે છે, હે માતા ! તમે મુમુક્ષુ છો. વિરક્ત છો. તેથી તમારું હિત થાય તેવું મોક્ષનું સાધન હું તમને જણાવું છું. જે સાધન સર્વશાસ્ત્ર સંમત છે. વેદજ્ઞ વ્યાસાદિ મુનિઓએ પણ નિર્ણીત કરેલું છે. (૮) હે માતા ! સંસૃતિબંધનથી મુક્તિ ઈચ્છતા મુમુક્ષુએ સર્વાન્તર્યામી સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પરમાત્મા જ સર્વ પ્રકારે એકાંતિક ભાવથી આરાધન કરવા યોગ્ય છે. (૯) તેમની માયાથી મોહ પામેલો જીવવર્ગ સંસારમાં ભમ્યા કરે છે. અને જે મનુષ્યો તે પરમેશ્વરને શરણે થાય છે તે જીવાત્માઓ જ તેમની માયાને તરે છે. (૧૦)

સર્વ પ્રથમ સંતોના સમાગમથી ભગવાનનો મહિમા સમજવો અને મહિમાથી પ્રાપ્ત થયેલ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ભક્તિથી ભગવાનનું સેવન કરવું. (૧૧) હે મહાવ્રતે, માતા ! સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આ ત્રણે અંગે સહિત ભક્તિ ક્યારેય કોઈ પણ અંતરાયથી પરાભવ પામતી નથી. (૧૨) વિષમ દેશકાળના યોગે કરીને ભક્તિમાં એ ત્રણ અંગમાંથી એક પણ અંગ ન્યૂન થાય તો તેમાં જરૂર વિઘ્ન આવે. (૧૩)

વાસનાથી મનુષ્યોને જન્મમરણના ચક્રમાં ધકેલનાર માયાની સર્વ પ્રકારે નિવૃત્તિ એક માત્ર ભક્તિરૂપી સાધનથી જ થાય છે પણ બીજા કોઈ સાધનથી થતી નથી. (૧૪) માયાની સંપૂર્ણપણે નિવૃત્તિ થાય છે ત્યારે ભગવાનનો એકાંતિક ભક્ત તેમના પરમ ધામને પામે છે, જેને વેદો **બ્રહ્મપુરધામ** કહીને વર્ણન કરે છે. (૧૫) તે ધામને વિષે ભક્ત મનોવાંછિત સુખને પ્રાપ્ત કરે છે. જે ધામ અનંત અપાર છે. એનો ક્યારેય ક્ષય થતો નથી, તે કાળમાયાના ભયથી રહિત બને છે. (૧૬)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પુત્ર શ્રીહરિનું વેદ, શાસ્ત્ર, પુરાણ અને પંચરાત્ર આગમના સિદ્ધાંત રૂપ વચન સાંભળી માતા ભક્તિદેવી શ્રીહરિને ફરીથી આ પ્રમાણે પૂછવા લાગ્યાં. (૧૭)

પ્રેમવતી કહે છે, હે સર્વશાસ્ત્રાર્થના તત્ત્વજ્ઞ ! 'અંગે સહિત ભક્તિરૂપી સાધનથી માયા નિવૃત્ત થાય છે.' આ સિદ્ધાંત તમે કહ્યો. તે સર્વેનાં (સ્વધર્માદિ અંગો સહિત ભક્તિનાં) સ્વરૂપને હું યથાર્થ જાણવા ઈચ્છુ છું. હે મહામતે ! હું સ્ત્રી છું. તેથી જે રીતે મને સરળતાથી બોધ થાય તેમ કહી સંભળાવો. (૧૮,૧૯)

જે સત્પુરુષો થકી પ્રથમ ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન તથા સ્વધર્માદિ અંગે સહિત ભક્તિ પમાય છે તે સંતોનાં જે લક્ષણો તે પણ તમે મને કહો. (૨૦) હે હરિકૃષ્ણ ! તમે સર્વજ્ઞ છો તેથી ધર્મ, જ્ઞાન વગેરેનાં લક્ષણો પણ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

धर्मादीनां लक्षणानि विविच्य च पृथक् पृथक् । ब्रूहि मे तत्त्वतः कृष्ण ! सर्वज्ञोऽस्ति यतो भवान् ॥२१॥ सुव्रत उवाच - जनन्येत्थं स आपृष्टः पुरातनमुनिर्हरिः । तामुवाचादृतस्तस्याः सद्धर्मादिविवित्सया ॥२२॥ श्रीहरिरुवाच- समीचीनं त्वया पृष्टमिदं सर्वहितावहम् । आत्मनः श्रेय इच्छन्त्या मातर्वेद्यं बुधैरपि ॥२३॥ साङ्गाया हेतुभूतानां भक्तेरादौ सतां सति ! । लक्षणानि ब्रुवे तुभ्यं सेव्यानां हि मुमुक्षुभिः ॥२४॥ दयालवः क्षमाशीलाः सर्वजीवहितेच्छवः । तितिक्षवश्चानसूयाः शान्ता अनुदितारयः ॥२५॥ अनीर्ष्यवश्च निर्वैरा निर्मानाश्च विमत्सराः । यथोचितं मानदाश्च प्रियसत्यगिरस्तथा ॥२६॥ जितकामा जितक्रोधा जितलोभाश्च निर्मदाः । अहन्ताममताहीनाः स्वधर्मदृढवर्तनाः ॥२७॥ निर्दम्भाः शुचयो दान्ता ऋजवो मितभाषिणः । जितेन्द्रिया अप्रमत्ता निर्द्वन्द्वा धैर्यशालिनः ॥२८॥ आकूतिचित्तिचापल्यरहिता निष्परिग्रहाः । बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥२९॥ निर्भया निरपेक्षाश्च द्यूतादिव्यसनोज्झिताः । श्रद्धालव उदाराश्च तपोनिष्ठा निरेनसः ॥३०॥ त्यक्तग्राम्यकथावार्ताः सच्छास्त्रव्यसनास्तथा ॥ विषयासक्तिरहिता आस्तिकाश्च विवेकिनः ॥३१॥ मद्यमांसादिसंसर्गरहिताश्च दृढव्रताः । पैशुन्यस्तैन्यहीनाश्च परगुह्याप्रकाशकाः ॥३२॥ जितनिद्रा जिताहाराः सन्तुष्टाः स्थिरबुद्धयः । अहिंसवृत्तयोऽतृष्णाः सुखदुःखसमास्तथा ॥३३॥ अकार्यलज्जाः स्वश्लाघान्यनिन्दाभ्यां विवर्जिताः । यथोक्तब्रह्मचर्याश्च यमैश्च नियमैर्युताः ॥३४॥ जितासना जितप्राणाः श्रीकृष्णाङ्घ्रिदृढाश्रयाः । कृष्णभक्तिपरा नित्यं कृष्णार्थसकलक्रियाः ॥३५॥ अवतारचरित्राणि कृष्णस्यानुदिनं मुदा ।

---

જુદાં જુદાં વિવેચન કરી યથાર્થપણે મને સમજાવો. (૨૧)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય વગેરેના સ્વરૂપને જાણવાની ઈચ્છાથી માતાએ આ પ્રમાણે પ્રશ્ન પુછવાથી અનાદિસિદ્ધ પુરાતનમુનિ ભગવાન શ્રીહરિ આદરપૂર્વક માતા પ્રત્યે કહેવા લાગ્યા. (૨૨)

શ્રીહરિ કહે છે, હે માતા ! આત્મકલ્યાણને ઈચ્છતાં તમારો આ પ્રશ્ન ખૂબજ સારો છે. તે સર્વ જીવપ્રાણીમાત્રનું આત્યંતિક હિત સાધનાર છે. જ્ઞાની પુરુષોએ પણ સમજવા યોગ્ય છે. (૨૩) હે સતિ માતા ! સૌ પ્રથમ મુમુક્ષુએ સેવન કરવા યોગ્ય તથા અંગે સહિત ભક્તિમાં કારણભૂત **સત્પુરુષોનાં લક્ષણો** કેવા હોય તે હું તમને જણાવું છું. (૨૪)

**સાચા સંતોનાં લક્ષણો** :- જેઓ દયાળુ હોય, તેમજ જેઓ ક્ષમાશીલ હોય, સર્વ જીવોનું હિત ઈચ્છનારા હોય, સુખદુઃખને સહન કરનારા હોય, અસૂયા રહિત હોય, શાંત હોય, અજાતશત્રુ હોય. (૨૫) ઈર્ષા રહિત હોય, નિર્વૈર હોય, નિર્માની હોય, મત્સર રહિત હોય, યોગ્યતા અનુસાર અન્યને માન આપનારા હોય, પ્રિય એવી સત્ય વાણી બોલનારા હોય.(૨૬) કામ, ક્રોધ અને લોભ ઉપર વિજય મેળવનારા હોય, મદ રહિત હોય, અહંમમત્વથી પર હોય, સ્વધર્મમાં દૃઢ રહેતા હોય. (૨૭) દંભરહિત હોય, બાહ્ય અને આંતર શુદ્ધિવાળા હોય, બાહ્યેન્દ્રિયોનો નિગ્રહ કરનાર હોય, સ્વભાવથી સરળ હોય, બહુ ઓછું બોલનારા હોય, ઈન્દ્રિયોને જીતનારા હોય, સ્વધર્માદિ-પાલનમાં પ્રમાદરહિત સાવધાન વર્તતા હોય, સુખદુઃખના પ્રસંગમાં હર્ષશોકથી રહિત હોય, ધીરજવાન હોય. (૨૮) કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતા રહિત હોય, પરિગ્રહ = દ્રવ્યસંગ્રહ કરતા ન હોય, જ્ઞાનવાર્તા કરવામાં નિપુણ હોય, આત્મસ્વરૂપને વિષે નિષ્ઠાવાન હોય, સર્વજીવપ્રાણી ઉપર ઉપકાર કરનારા હોય. (૨૯) ભયરહિત હોય, જેમને માયિક વસ્તુના ભોગની અપેક્ષા ન હોય, જુગાર આદિ વ્યસનોથી રહિત હોય, શ્રદ્ધાવાન અને ઉદાર હોય, તપમાં નિષ્ઠાવાન હોય, જીવનમાં કોઈ પણ પાપ ન હોય. (૩૦) ગ્રામ્યવાર્તા ન કરતા હોય, સત્શાસ્ત્રના વ્યસની હોય, વિષયોની આસક્તિથી રહિત હોય, આસ્તિક અને વિવેકી હોય. (૩૧) મદ્યમાંસાદિકનાં સંસર્ગ રહિત હોય, નિયમપાલનમાં દૃઢ વ્રતવાળા હોય, કોઈની ચાડી-ચુગલી તેમજ ચોરીનું કર્મ કરતા ન હોય, બીજાની ગુહ્યવાર્તાને પ્રકાશ કરનારા ન હોય. (૩૨) નિદ્રાને જીતી હોય, આહાર ઉપર વિજય મેળવ્યો હોય, સંતોષી હોય, બુદ્ધિ સ્થિર હોય, અહિંસામય વૃત્તિને ધરાવતા હોય, તૃષ્ણા રહિત હોય, સુખદુઃખમાં સમાન બુદ્ધિવાળા હોય. (૩૩) શાસ્ત્રનિંદિત કર્મ કરવામાં લજ્જાવાન હોય, પોતાની પ્રશંસા અને બીજાની નિંદાનો ત્યાગ કરનારા હોય, શાસ્ત્રોક્ત બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતા હોય, યમ તથા નિયમોથી યુક્ત હોય. (૩૪) આસનને જીત્યું હોય, પ્રાણ ઉપર વિજય મેળવ્યો હોય, ભગવાન શ્રીકૃષ્ણના ચરણનો દૃઢ આશરો કર્યો હોય, ભગવદ્ભક્તિ પરાયણ જીવન જીવતા હોય, નિત્ય પરમાત્માને અર્થે જ સમગ્ર ક્રિયા કરનારા હોય. (૩૫) પ્રેમથી ભગવાનનાં અવતાર ચરિત્રોનું નિરંતર શ્રવણ અને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

शृण्वन्तः कीर्तयन्तश्च कृष्णध्यानपरायणाः ॥३६॥ अयातभगवद्भक्तिवर्जितक्षणमात्रकाः। एवं लक्षणसम्पन्ना ज्ञेयाः सन्तस्त्वयानघे! ॥३७॥ एतेषामेव सङ्गेन साङ्गा भक्तिर्मुमुक्षुभिः । कृष्णस्य प्राप्यते नूनं माहात्म्यज्ञानपूर्विका ॥३८॥ एभ्यः कृष्णावताराणां चरित्रश्रवणं भवेत् । अद्भुतानां चरित्राणां कृष्णस्य च भवेच्छ्रुतिः ॥३९॥ गोलोकाक्षरवैकुण्ठादिषु धामसु यत्प्रभोः । अनन्तमस्ति चैश्वर्यं तदप्येभ्योऽवगम्यते ॥४०॥ तथा क्षीरार्णवस्थस्य व्याप्तस्य ब्रह्मतेजसा । श्वेतद्वीपस्य माहात्म्यमेभ्य एवागम्यते ॥४१॥ वृन्दावनस्य द्वार्वत्या विशालायाश्च बुद्ध्यते । अत्रत्यभगवद्धाम्नां माहात्म्यं चैभ्य एव हि ॥४२॥ पुलहाश्रममुख्यानां क्षेत्राणां महतामपि । गङ्गायम्यादितीर्थानां खण्डेऽस्मिन्भारते सताम् ॥४३॥ माहात्म्यं कृष्णसम्बन्धाद्यद्यदस्त्यद्भुतं सतः । तत्तच्चैभ्यः सर्वमपि ज्ञायते श्रोतृभिर्जनैः ॥४४॥ सद्भ्य एतच्छ्रुतेः कृष्णमाहात्म्यं सम्यगीयते । तेनैव भक्तिः कृष्णे स्यात्स्वधर्मादिभिरन्विता ॥४५॥ दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् । प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं तेषां मात! प्रसङ्गात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥४६॥

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां सत्पुरुषलक्षणनिरूपणनामा द्वात्रिंशोऽध्यायः ॥३२॥

---

કીર્તન કરનારા હોય, ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપના ધ્યાનપરાયણ જીવન જીવતા હોય. (૩૬) તેમજ ભગવદ્ ભક્તિ વિના ક્ષણ માત્ર સમય વ્યર્થ ગુમાવતા ન હોય. હે નિષ્પાપ માતા ! આવાં **પંચોતેર (૭૫) લક્ષણે સંપન્ન** હોય તેમને તમારે સાધુ જાણવા. (૩૭) અને આવા સત્પુરુષોના પ્રસંગથી જ ભગવાનની માહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિ પ્રગટ થાય છે. (૩૮)

હે માતા ! તેમના પ્રસંગથી ભગવાનનાં વારાહાદિક અવતારોનાં **ચરિત્રોનું શ્રવણ** થાય છે. તેમજ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનનાં આશ્ચર્યકારી અદ્‌ભુત ચરિત્રોની કથા પણ સાંભળવા મળે છે. (૩૯) ગોલોક, અક્ષર તથા વૈકુંઠ વગેરે ધામોમાં જે ભગવાનનું અનંત ઐશ્વર્ય રહેલું છે તે પણ આવા સાધુના પ્રસંગથી જાણી શકાય છે. (૪૦) ક્ષીરસમુદ્રને કિનારે આવેલા અને બ્રહ્મતેજથી સભર શ્વેતદ્વીપ ધામનો મહિમા પણ તેમના થકી જ સમજાય છે. વૃંદાવન, દ્વારિકા, બદરિકાશ્રમ વગેરે આ પૃથ્વીલોકનાં ધામોનો મહિમા પણ તેમના થકી જ જાણવામાં આવે છે. ભરતખંડનાં પુલહાશ્રમ વગેરે મહાન ક્ષેત્રો તેમજ શોભાયમાન ગંગા, યમુનાદિ તીર્થોનો **મહિમા** પણ સંતો થકી જ સમજાય છે. (૪૧ થી ૪૩)

જ્યાંજ્યાં ભગવાન શ્રીકૃષ્ણના વિચરણ વગેરે સબંધથી જે જે કાંઈ અદ્‌ભુત માહાત્મ્ય છે, તે સર્વ માહાત્મ્ય મુમુક્ષુ શ્રોતાજનોને સંતો પાસેથી જ જાણવામાં આવે છે. (૪૪) સત્પુરુષો થકી ભગવત્ ચરિત્રોનું શ્રવણ થાય છે. શ્રવણ થકી ભગવાનનો મહિમા સારી પેઠે સમજાય છે. અને તેનાથી જ શ્રીકૃષ્ણમાં **સ્વધર્માદિ અંગે સહિત ભક્તિ** પ્રગટ થાય છે. (૪૫)

હે માતા ! એવા સત્પુરુષોનાં દર્શન કરવાથી, તેમનો સ્પર્શ કરવાથી, તેમને નમસ્કાર કરવાથી, તેમની સેવા કરવાથી, તેમને ભોજન કરાવવાથી, તેમનું પૂજન કરવાથી અનંત જન્મથી ઉદ્‌ભવેલા પાપના પૂંજો તત્કાળ, કર્મના મૂળરૂપ અનાદિ અજ્ઞાન સહિત નિશ્ચે નાશ પામે છે. તેમનાં ચરણોમાં સમગ્ર તીર્થો વસીને રહ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણે તેવા સત્પુરુષોને **પોતાના હૃદય સમાન** કહ્યા છે. આ લોકને વિષે એવા સત્પુરુષોના પ્રસંગથી મુમુક્ષુ જીવાત્માઓને કઈ વસ્તુ **દુર્લભ** છે ? અર્થાત્ કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. (૪૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીહરિગીતામાં સત્પુરૂષોનાં લક્ષણ કહ્યાં એ નામે બત્રીશમો અધ્યાયઃ (૩૨)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

हरिरुवाच – धर्मादीनां लक्षणानि भक्त्यङ्गानामथाम्ब ! ते । कथयामि विविच्यैव त्रयाणामपि तत्त्वतः ॥१॥ तत्र त्रयाणां लोकानां सेश्वराणां तु धारकः । धारणीयश्च जीवेशैः सदा धर्मः स उच्यते ॥२॥ धर्मनिष्ठस्तु पुरुषो हीनजातिकुलोऽपि यः । सोऽपि ब्रह्मादिभिः पूज्यः श्लाघनीयश्च जायते ॥३॥ धर्मच्युतश्चेद्ब्रह्मादिरीश्वरोऽपि भवेत्क्वचित् । तर्हि सोऽप्यल्पकैर्गर्ह्यः स्यात्स्थेयं धर्म एव तत् ॥४॥ स चापि वर्तते नृणां वर्णाश्रमविभागतः । श्रुतिस्मृतिसदाचारैः प्रमितो हि पृथक्पृथक् ॥५॥ विप्रक्षत्रियविट्शूद्रा वर्णाश्चत्वार ईरिताः । ब्रह्मचर्यं च गार्हस्थ्यं वनं न्यासस्तथाश्रमाः ॥६॥ साधारणो विशेषश्चेत्येवं तेषां द्विधास्ति सः । समासेनोभयविधमपि ते वच्म्यहं शुभे ! ॥७॥ अहिंसा सत्यमस्तेयं कामलोभक्रुधां जयः । मद्यमांसपरस्त्र्यादेस्त्यागो व्यसनवर्जनम् ॥८॥ जातिसङ्करताहेतोर्वर्जनं पापकर्मणः। सत्सेवा विष्णुभक्तिश्च धर्माः साधारणा नृणाम् ॥९॥ शमो दमस्तपो ज्ञानं दया श्रद्धा क्षमादयः । स्वाभाविका हि विप्रस्य धर्मा एते प्रकीर्तिताः ॥१०॥ शौर्यं धैर्यं बलौदार्ये साधुगोविप्ररक्षणम् । क्षत्रस्य सहजा धर्माःप्रोक्ता वार्ता विशस्तथा ॥११॥ शुश्रूषणं द्विजातीनां धर्मः शूद्रस्य चानघे ! । हिंसास्तैन्यादिरहितो धर्मोऽन्येषां कुलोचितः ॥१२॥ याजनादिश्च विप्रस्य क्षत्रस्यायुधधारणम् । व्यापारश्च विशोऽन्त्यस्य सेवोक्ता जीविका क्रमात् ॥१३॥ आपन्नयोर्वैश्यवृत्तिर्विप्रक्षत्रिययोर्मता । विशः शूद्रस्य तस्यापि कार्वादेः

## અધ્યાય : ૩૩

## વર્ણાશ્રમ ધર્મ નિરૂપણ

**ધર્મનું સ્વરૂપ :-** શ્રીહરિ કહે છે, હે માતા ! હવે હું તમને ભક્તિનાં અંગભૂત ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનાં લક્ષણો જુદાં જુદાં વિવેચન કરીને જ યથાર્થપણે કહું છું. (૧) તેમાં ઈશ્વરોએ સહિત સમસ્ત વિશ્વને જે ધારણ કરે છે તેનું નામ **'ધર્મ'** કહેવાય છે. તથા જીવાત્માઓ અને દેવતાઓએ પણ નિરંતર અનુષ્ઠાનના માધ્યમથી જે ધારણ કરવા યોગ્ય છે, તે હેતુથી પણ તેને ધર્મ કહે છે. (૨)

જાતિ અને કુળથી હીન હોવા છતાં જે પુરુષ ધાર્મિક હોય, તો તે બ્રહ્માદિ દેવતાઓએ પણ પ્રશંસા અને પૂજન કરવા યોગ્ય બને છે. (૩) બ્રહ્માદિ ઈશ્વરો હોવા છતાં પણ જો તે કદિ ધર્મથી ભ્રષ્ટ થયા હોય. તો તેઓ તુચ્છ માણસોથી પણ નિંદા કરવા યોગ્ય બને છે. તે માટે સર્વે મનુષ્યોએ ધર્મના માર્ગે જ ચાલવું. (૪) શ્રુતિ, સ્મૃતિ અને સદાચાર આ ત્રણથી પ્રમાણિત કરાયેલો ધર્મ, મનુષ્યોના વર્ણ અને આશ્રમના ભેદથી અધિકાર અનુસાર જુદો જુદો કહેલો છે. (૫)

વર્ણ વિષે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર પ્રકારના વિભાગ છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમના વિભાગ કહ્યા છે. (૬) હે શુભે ! વર્ણાશ્રમના સાધારણ અને વિશેષ એમ બે પ્રકારના ધર્મો છે. બન્ને પ્રકારના ધર્મો પણ હું તમને સંક્ષેપમાં સંભળાવું છું. (૭)

**મનુષ્યોના સાધારણ ધર્મો :-** હિંસા ન કરવી. સત્ય બોલવું. ચોરી ન કરવી. કામ, ક્રોધ અને લોભ ઉપર વિજય મેળવવો. મદ્ય, માંસ અને પરસ્ત્રીનો ત્યાગ રાખવો. કોઈ પ્રકારનું વ્યસન ન કરવું. જાતિ ભ્રષ્ટ કરનારા પાપકર્મનો ત્યાગ કરવો. સત્પુરુષોનું સેવન કરવું. તથા ભગવાનની ભક્તિ કરવી : આ સર્વે મનુષ્યોનાં સાધારણ ધર્મો કહેલા છે. (૮,૯)

**ચારે વર્ણના સ્વાભાવિક વિશેષ ધર્મો :-** શમ, દમ, તપ, જ્ઞાન, દયા, શ્રદ્ધા, ક્ષમા વગેરે ધર્મો બ્રાહ્મણના સ્વાભાવિક ધર્મો કહ્યા છે. (૧૦) શૂરવીરતા, ધીરજ, બળ, ઔદાર્ય, ગાય, બ્રાહ્મણ અને સાધુઓની રક્ષા વગેરે ક્ષત્રિયોના સહજ ધર્મો કહ્યા છે. ખેતી, વેપાર, ગૌરક્ષા, વ્યાજવટો વગેરે વૈશ્યોના ધર્મો કહ્યા છે. (૧૧) હે નિષ્પાપ માતા ! ત્રણે વર્ણના મનુષ્યને અર્થે સેવા પરાયણ જીવન જીવવું તે શૂદ્રનો ધર્મ છે. અન્ય સંકર જાતીય મનુષ્યોના ધર્મો, અહિંસા-અસ્તેય વગેરે સહિત પોતાની કુળ પરંપરા પ્રાપ્ત સ્વાભાવિક ધર્મ કહ્યા છે. (૧૨)

**ચારે વર્ણની આજીવિકાનું સાધન :-** યજ્ઞ યાગાદિ કરાવવા, સ્વાધ્યાય અને દાનગ્રહણ એ બ્રાહ્મણની આજીવિકાનું સાધન છે. આયુધધારણ, ક્ષત્રિયોની આજીવિકાનું સાધન છે. વ્યાપાર એ વૈશ્યોની આજીવિકાનું સાધન છે. ત્રણે વર્ણની સેવા એ શૂદ્રની આજીવિકાનું સાધન છે. (૧૩) આપત્કાળમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોને અર્થે વૈશ્યવૃત્તિ કલ્પાયેલી છે. વૈશ્યને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स्वैव चान्यदा ॥१४॥ त्रैवर्णिको यः संस्कारैः सम्प्राप्तः स्याद्द्विजातिताम् । ब्रह्मचर्याश्रमे तिष्ठन्विद्यायै स गुरुं श्रयेत् ॥१५॥ कौपीनाच्छादनादीनि वासांस्यावश्यकानि सः । कार्पासान्यजिनोर्णादि रक्षेद्दण्डकमण्डलू ॥१६॥ जपमालां ब्रह्मसूत्रं बिभृयाच्च जटाः कुशान् । अञ्जनाभ्यङ्गगन्धस्त्रग्भूषणादि विवर्जयेत् ॥१७॥ मुक्तेर्द्वारं महत्सङ्ग स्त्रैणसङ्गस्तु संसृतेः । द्वारमस्तीति निश्चित्य कुर्यादाद्यं परं त्यजेत् ॥१८॥ अष्टधा वर्जनं स्त्रीणां तत्स्पर्शस्य तु सर्वथा । कुर्याद्वर्णी गुरोर्भार्यामपि वन्देत दूरतः ॥१९॥ प्राणिमात्रं च मिथुनीभूतं तु मतिपूर्वकम् । ब्रह्मचर्यव्रतधरो नैव वीक्षेत कर्हिचित् ॥२०॥ अपि चित्रमयीं योषां देवताप्रतिमां विना । क्वापि नैव स्पृशेद्वर्णी गुरुं सेवेत भक्तितः ॥२१॥ कुर्यात्कालत्रये सन्ध्यावन्दनं प्रतिवासरम् । जपं च निजशक्त्यैव मौनं प्रातःप्रदोषयोः ॥२२॥ होमं प्रातस्तथा सायं कुर्याद्भिक्षाटनं च सः । वेदाभ्यासपरो नित्यं वसेद्गुरुकुले वशी ॥२३॥ साङ्गं वेदं सहार्थं च देशकालानुसारतः । अधीत्य स यथाशक्ति समावर्तनमाचरेत् ॥२४॥ गृही स्यादविरक्तस्तु दत्त्वा स गुरुदक्षिणाम् । विरक्तश्चेद्वनं न्यासं श्रयेद्वा नैष्ठिको भवेत् ॥२५॥ गृही बुभूषुः कुलजां सवर्णां वयसाऽवराम् । अनिन्द्यामुद्वहेत्कन्यां न्यायेनोपार्जयेद्धनम् ॥२६॥ स्नानं सन्ध्यात्रयं होमं तर्पणं विष्णुपूजनम् । स्वाध्यायं शक्तितः कुर्याद्वैश्वदेवं च सोऽन्वहम् ॥२७॥

---

શૂદ્રવૃત્તિ કલ્પાયેલી છે. શૂદ્રને સંકર જ્ઞાતિની વૃત્તિ કલ્પાયેલી છે. (૧૪) ઉપનયન આદિ સંસ્કારોથી ત્રૈવર્ણિક પુરુષોને દ્વિજત્વ પ્રાપ્ત થાય છે. દ્વિજત્વ પ્રાપ્ત કરેલા પુરુષે બ્રહ્મચર્ય આશ્રમમાં રહી વેદાધ્યયન અર્થે ગુરુનો આશ્રય કરવો. (૧૫)

**બ્રહ્મચારીના ધર્મો :-** બ્રહ્મચારીએ કપાસના તંતુથી બનાવેલાં કૌપીન તથા આચ્છાદન વગેરે વસ્ત્રો રાખવાં. મૃગચર્મ રાખવું. કામળો અથવા રેશમી વસ્ત્ર વગેરે આચાર પ્રાપ્ત રાખવા. દંડ અને કમંડલુ રાખવાં. (૧૬) બ્રહ્મચારીએ જપમાળા રાખવી. યજ્ઞોપવીત ધારણ કરવું. જટા રાખવી. દર્ભ રાખવા. આંખમાં આંજણ ન આંજવું. તેલથી અંગોનું મર્દન ન કરવું. ચંદનનો લેપ ન કરવો. પુષ્પમાળા ધારણ ન કરવી તેમજ સુવર્ણનાં આભૂષણો ધારણ ન કરવાં. (૧૭)

મહાપુરુષોનો સમાગમ મુક્તિનું દ્વાર છે. સ્ત્રીલંપટ પુરુષોનો સમાગમ સંસૃતિનું દ્વાર છે. આ પ્રમાણે નિશ્ચય કરી સંતોનો સમાગમ કરવો. અસત્પુરુષોનો સંગ ત્યાગ કરવો. (૧૮) બ્રહ્મચારીએ અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો. જાણી જોઈ તેમના અંગનો ક્યારેય સ્પર્શ ન કરવો. ગુરુપત્નીને પણ દૂરથી પ્રણામ કરવા. (૧૯)

બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારા પુરુષે મૈથુન ક્રિયામાં આસક્ત એવાં પ્રાણીમાત્રને ક્યારેય જોવા નહિ. દેવતાપ્રતિમા સિવાય અન્ય સ્ત્રીઓની ચિત્ર અથવા પાષાણની પ્રતિમાનો ક્યારેય સ્પર્શ ન કરવો. સ્નેહયુક્ત થઈ ગુરુનું સેવન કરવું. પ્રતિદિન ત્રિકાળ સમયે સંધ્યાવંદન કર્મ કરવું. સવારસાંજ મંત્રનો જાપ કરવો. વાણીનો સંયમ રાખવો. પ્રાતઃ અને સાયંકાળે અગ્નિમાં હોમ કરવો. ભિક્ષાટન કરવું. વેદના અધ્યયન પરાયણ થઈને તેમજ જિતેન્દ્રિય બની ગુરુકુલમાં નિવાસ કરવો. પોતાની બુદ્ધિ શક્તિ પ્રમાણે દેશકાળને અનુસારે અંગ અને અર્થ સહિત વેદાધ્યયન કરી સમાવર્તન સંસ્કાર કરવો. (૨૦ થી ૨૪)

જેને વૈરાગ્ય ન હોય તેવા બ્રહ્મચારીએ ગુરુને શક્તિ પ્રમાણે દક્ષિણા આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. પણ જે તીવ્ર વૈરાગ્યવાન હોય તેમણે વાનપ્રસ્થ અથવા સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરવો અથવા નૈષ્ઠિક બ્રહ્મચારી બનવું. (૨૫)

**ગૃહસ્થ ભક્તનાં જીવનનો નિત્ય ક્રમ :-** ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની ઈચ્છા ધરાવનારા પુરુષે શુદ્ધ કુળમાં જન્મેલી, સમાન જ્ઞાતિવાળી, તથા પોતાનાથી ઉંમરમાં નાની તેમજ કોઈ પ્રકારના દોષથી રહિત કન્યા (અર્થાત્ વાણીથી પણ કોઈને આપેલી ન હોય) તે સાથે વિવાહ કરવો. ન્યાય તેમજ નીતિથી ધન ઉપાર્જન કરવું. (૨૬) પ્રતિદિન સ્નાન કરવું. ત્રિકાલ સંધ્યા કરવી. હોમ કરવો. પિતૃ તર્પણ કરવું. વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. શક્તિ પ્રમાણે સ્વાધ્યાય અને વૈશ્વદેવકર્મ કરવું. (૨૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

प्रातः कुर्यादापदि तु सन्ध्यां माध्याह्निकीमपि । प्रातर्भवां च मध्याह्ने निशि सायन्तनीं तु सः ॥२८॥ सन्ध्यावन्दन-गायत्रीजपविष्णवर्चनोज्झितः । चतुर्वेद्यप्यसौ विप्रः शूद्र एव न संशयः ॥२९॥ अधौतं न स्पृशेद्वासः स्नात्वा कार्पाससम्भवम्। अस्नातेनापवित्रेण स्पृष्टं धौतं च न स्पृशेत् ॥३०॥ विवाहकाले दायस्य विभागावसरेऽथवा । द्विजातिरादधीताग्निं सति वित्तादिसम्भवे ॥३१॥ यथाकालं पोष्यवर्गं पोषयेन्नतु पीडयेत् । अन्नाम्बुवस्त्रैरतिथिं तोषयेत्सर्वदा गृही ॥३२॥ नित्यं कुर्यात्सतां सङ्गं भक्तिं च नवधा हरेः । कुसङ्गं नैव कुर्वीत गृहासक्तिं च मूढवत् ॥३३॥ जीवेभ्यः सकलेभ्योऽपि भक्तानेकान्तिकान्हरेः । आधिक्येन विजानीयान्मानरक्षार्हणादिषु ॥३४॥ अश्मादिभ्योऽत्र जीवेभ्यः श्रेष्ठाः सन्ति तृणादयः। अन्नौषध्यादयस्तेभ्यस्ततः श्रेष्ठाश्च वीरुधः ॥३५॥ तत आम्रादयो वृक्षाः श्रेष्ठा देवद्रुमास्ततः । स्थास्नुष्विति विशेषोऽस्ति चरेष्वथ वदामि तम् ॥३६॥ पिपीलिकादितः श्रेष्ठा जीवास्तु शलभादयः । भ्रमराद्यास्ततस्तेभ्यश्चटकप्रमुखा मताः ॥३७॥ शशादयस्ततोऽजाद्यास्तेभ्यस्तेभ्यो गवादयः । ततश्च मनुजास्तेषु वर्णाश्चत्वार उत्तमाः ॥३८॥ ब्राह्मणास्तेषु तेषु च स्वधर्मनिरता वराः । ज्ञाननिष्ठास्तेषु तेषु भक्ता एकान्तिका हरेः ॥३९॥ तेभ्यः श्रेष्ठो न कोऽप्यस्ति सदाऽऽस्ते तेषु यद्धरिः । तारतम्यं विदित्वेत्थं बहुमान्या हरिश्रिताः ॥४०॥ य एवं न विजानीयात्सदसत्समधीः स तु । दोषं महान्तमाप्नोति विवेकं विदधीत तत् ॥४१॥

---

ગૃહસ્થે આપત્કાળમાં મધ્યાહ્ન સમયે કરવાની સંધ્યા પ્રાતઃકાળે કરવી, પ્રાતઃસમયે કરવાની સંધ્યા મધ્યાહ્ને કરવી; તથા સાયંકાળે કરવાની સંધ્યા રાત્રિને વિષે કરવી. (૨૮) સંધ્યાવંદન, ગાયત્રીજપ અને વિષ્ણુ પૂજનથી રહિત વિપ્ર ચાર વેદનો જ્ઞાતા હોવા છતાં શૂદ્ર જ છે. તેમાં કોઈ સંશય નથી. (૨૯)

સ્નાન કર્યા પછી ધોયા વિનાનું જે કપાસતંતુ નિર્મિત વસ્ત્ર હોય તેનો સ્પર્શ ન કરવો. સ્નાન ન કર્યું હોય તેવા અપવિત્ર પુરુષે સ્પર્શ કર્યો હોય તેવા ધોયેલા વસ્ત્રનો પણ સ્પર્શ ન કરવો. (૩૦) ધન ધાન્યાદિથી સમૃદ્ધિ સંપન્ન હોય તેવા દ્વિજાતિ પુરુષે વિવાહ સમયે અથવા પિતાની મિલ્કતના વિભાગ સમયે અગ્નિનું આધાન કરવું. (૩૧) સર્વકાળે માતાપિતા વગેરે પોષ્યવર્ગનું પોષણ કરવું. તેમને દુઃખ આપવું નહિ. તેમજ અતિથિને સર્વકાળે અન્ન, જળ અને વસ્ત્રથી નિરંતર સંતોષ પમાડવા. (૩૨) નિરંતર સત્પુરુષોનો સમાગમ કરવો. નવ પ્રકારે ભગવાનની ભક્તિ કરવી. કુસંગ ક્યારેય ન કરવો. તેમજ મૂઢ માણસની પેઠે સ્ત્રીપુત્રાદિક માં આસક્તિ ન રાખવી. (૩૩) સમગ્ર જીવ પ્રાણીમાત્ર કરતા ભગવાનના એકાંતિક ભક્તોનું સર્વશ્રેષ્ઠપણું છે. એમ મહિમા અધિકપણે જાણીને તેમને અધિકપણે માન આપવું. તેમનું રક્ષણ કરવું. તેમજ તેમનું પૂજન કરવું. (૩૪)

**સ્થાવર સૃષ્ટિમાં પીપળાની શ્રેષ્ઠતા :-** આ લોકમાં પાષાણ આદિ જીવો કરતાં તૃણાદિ જીવો શ્રેષ્ઠ છે. તેનાથી ડાંગર વગેરે ધાન્ય અને ઔષધિઓ શ્રેષ્ઠ છે. તેનાથી લતાઓ શ્રેષ્ઠ છે. તેનાથી આમ્રવૃક્ષો શ્રેષ્ઠ છે. તેનાથી પીપળો શ્રેષ્ઠ છે. આ પ્રકારે સ્થાવર જગતમાં વિશેષતા રહેલી છે. હવે જંગમ સૃષ્ટિમાં જે તારતમ્યભાવ રહેલો છે તે હું તમને જણાવું છું. (૩૫/૩૬)

**જંગમ સૃષ્ટિમાં જ્ઞાની ભક્તોની શ્રેષ્ઠતા :-** જંગમ સૃષ્ટિના સર્જનમાં કીડી કરતાં પતંગિયાં શ્રેષ્ઠ છે. તેનાથી સુગંધને જાણનારા ભમરા વગેરે શ્રેષ્ઠ છે. તેનાથી ચકલાં વગેરે શ્રેષ્ઠ છે. તેનાથી સસલાં વગેરે શ્રેષ્ઠ છે. તેનાથી બકરાં વગેરે પ્રાણીઓ શ્રેષ્ઠ છે. તેનાથી ગાયો વગેરે શ્રેષ્ઠ છે. તેના કરતાં મનુષ્યો શ્રેષ્ઠ છે. તેમાં પણ ચાર વર્ણ શ્રેષ્ઠ છે. ચારે વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. તેમાં પણ ધર્માચરણમાં નિષ્ઠાવાન શ્રેષ્ઠ છે. તેની મધ્યે જે જ્ઞાની છે તે શ્રેષ્ઠ છે. તે જ્ઞાનીમાં પણ એકાંતિક ભક્ત શ્રેષ્ઠ છે. (૩૭ થી ૩૯)

તે એકાંતિક ભક્ત થકી બીજો કોઈ શ્રેષ્ઠ નથી. કારણ કે 'સ્વયં શ્રીહરિ તેમના અંતરમાં સદા બિરાજમાન છે.' આ પ્રકારે તારતમ્ય સમજી ભગવદ્ ભક્તોને સર્વ કરતાં અધિકપણે માનવા તેમજ પૂજવા. (૪૦) જે પુરુષ આ પ્રમાણે તારતમ્યભાવ નહિ જાણી સંત તથા અસંતમાં સમભાવ રાખે છે તે મહાન દોષને પામે છે. તે કારણથી 'સત્' તેમજ 'અસત્'નો વિવેક શીખવો. (૪૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

गन्धान् पुष्पस्रजो भूषा वस्त्रान्नादि च भक्तितः । गृही निवेद्य हरये निषेवेत च वैष्णवः ॥४२॥ देवान् पितृंश्च तैरेव वासुदेवधियाऽर्चयेत् । यथाकालं च पित्रादेः श्राद्धं कुर्याद्यथाविधि ॥४३॥ अकृष्टपच्यैर्मुन्यन्नैः कर्तव्यं श्राद्धकर्म च । व्रीह्याद्यैः कृष्टपच्यैर्वा धान्यैस्तु शुचिभिः सति! ॥४४। मांसं त्वापद्यपि क्वापि श्राद्धे देयं न कर्हिचित् । अहिंसाधर्मपरमा वैष्णवाः पितरो यतः ॥४५॥ मद्यं मांसं च यस्मै स्यान्निवेद्यं यस्य चाग्रतः । स्याज्जीवहिंसा तं देवं देवीं चापि न मानयेत् ॥४६॥ देशकालानुसारेण तीर्थानि च व्रतानि च । कुर्वीत स यथाशास्त्रं स्वाधिकारानुसारतः ॥४७॥ पुण्यदेशे पुण्यकाले पुण्यपात्रे विशेषतः । पुण्यं कुर्वीत यत्किञ्चिद्धवेदक्षयमेव तत् ॥४८॥ आढ्यस्तु कारयेद्रम्यं दृढं श्रीविष्णुमन्दिरम् । वृत्तिदानेन पूजायाः प्रवाहं वर्तयेद्धरेः ॥४९॥ अहिंसान्वैष्णवान्यज्ञान्कुर्यात्प्रचुरदक्षिणान् । वापीकूपतडागादीन्विष्ण्वर्थांश्चापि कारयेत् ॥५०॥ प्रचुराज्यसितैर्भोज्यैः साधून्विप्रांश्च तर्पयेत् । नावमन्येत तान् क्वापि सत्सु निष्कपटो भवेत् ॥५१॥ नातिलोभी नातिकामी नातिक्रोधी न मत्सरी । नातिमानी भवेत्क्वापि दयां कुर्वीत देहिषु ॥५२॥ आसन्नसम्बन्धहीना विधवाः स्त्रीरनापदि। न स्पृशेद्बुद्धिपूर्वं तु गृहस्थोऽपि कदाचन ॥५३॥ स्वस्य मात्रा भगिन्यापि दुहित्रा वा कदाचन । नैव तिष्ठेद्रहःस्थाने गृही चापदमन्तरा ॥५४॥ तीर्थादावात्मनो घातमात्मनश्च परस्य वा । मुक्तयेऽपि न कुर्वीत धर्मनिष्ठः सदा भवेत् ॥५५॥ स्त्रीभिः सभर्तृकाभिश्च देववत्स्वपतिः सदा । सेव्यः पतिव्रताधर्मे स्थित्वा सन्त्यज्य चापलम् ॥५६॥ विधवाभिश्च नारीभिः पतिबुद्ध्या रमापतिः । सेवनीयः स्वदेहश्च कर्शनीयो व्रतादिभिः ॥५७॥ नेक्षेत न स्पृशेत्क्वापि स्वसम्बन्धिजनेतरम् । विधवा नरमात्रं च त्यागवान् योषितं यथा ॥५८॥ पित्रा पुत्रादिना वापि विधवा तु रहःस्थले । आपत्कालं विना नैव सह

**સર્વે ગૃહસ્થોના સાધારણ ધર્મો :-** વૈષ્ણવ એવા ગૃહસ્થ ભક્તે ચંદન, પુષ્પમાળા, અલંકાર, વસ્ત્ર તેમજ અનાજ વગેરે પ્રેમથી ભગવાનને નિવેદન કર્યા પછી જ પોતાનાં ઉપયોગમાં લેવાં. (૪૨) એજ રીતે ભગવદ્ ભક્તની ભાવનાથી, શ્રીહરિને સમર્પણ કરેલા ચંદનાદિ ઉપહાર દ્રવ્યથી પૂજન કરવું. શાસ્ત્રોકત વિધિથી શ્રાદ્ધના સમયે પિતૃશ્રાદ્ધ કરવું. (૪૩) હે સતી માતા ! ખેતી કર્યા વિના પાકેલાં ધાન્યથી અથવા ખેતીથી પકાવેલાં પવિત્ર ડાંગર આદિ ધાન્યથી શ્રાદ્ધકર્મ કરવું. (૪૪)

શ્રાદ્ધકર્મમાં આપત્કાળમાં પણ ક્યારેય માંસનું નિવેદન ન કરવું. કારણ કે પિતૃઓ અહિંસા ધર્મપરાયણ ભગવાનના ભક્તો છે. (૪૫) જે દેવતા કે દેવીની આગળ મદ્યમાંસનું નૈવેદ્ય થતું હોય કે જીવહિંસા થતી હોય તેવાં દેવ કે દેવીને ક્યારેય માનવાં નહિ. (૪૬) પોતપોતાના અધિકાર તથા દેશકાળ અનુસાર શાસ્ત્ર વિધિ પ્રમાણે તીર્થાટન કરવું. તેમજ વ્રતોનું અનુષ્ઠાન કરવું. (૪૭) શુભ દેશ, શુભ કાળ અને સત્પાત્રમાં વિશેષરૂપે જેકાંઈ પુણ્યકર્મ કરવામાં આવે છે તેનું અવિનાશી ફળ પ્રાપ્ત થાય છે. (૪૮)

ધનવાન ગૃહસ્થોએ નવ્યભવ્ય સુદૃઢ રમણીય મંદિરોનું નિર્માણ કરાવવું. તેમજ સાધન સામગ્રીની વ્યવસ્થા કરાવી ભગવત્‌પૂજનના પ્રવાહને ચાલુ રખાવવો. દક્ષિણાસભર અને હિંસારહિત વિષ્ણુયાગ કરવા. ભગવાનની સેવાને અર્થે વાવ, કૂવા, તળાવ વગેરેનું નિર્માણ કરવું. (૪૯/૫૦)

ખૂબ ઘી અને સાકર મિશ્રિત મિષ્ટ ભોજન વડે સાધુ અને બ્રાહ્મણોને તૃપ્ત કરવા, પણ તેમની અવગણના ક્યારેય કરવી નહિ. તેમની આગળ નિષ્કપટ થવું. (૫૧) અતિ લોભ ન કરવો. અતિ કામી ન બનવું. અતિ ક્રોધ ન કરવો. મત્સર ન રાખવો. ક્યાંય અતિ માન ન રાખવું. તેમજ જીવપ્રાણીમાત્ર પર દયાવાન બનવું. (૫૨) ગૃહસ્થ પુરુષે આપત્કાળ વિના પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીનો જાણી જોઈને ક્યારેય સ્પર્શ કરવો નહિ. (૫૩) ગૃહસ્થ જનોએ પોતાની મા, બહેન કે દીકરીની સાથે પણ એકાંત સ્થળમાં આપત્કાળ વિના ક્યારેય રહેવું નહિ. મુક્તિને અર્થે તીર્થસ્થાનાદિકને વિષે પણ પોતાની કે પારકાની હત્યા કરવી નહિ તેમજ નિરંતર ધર્મપરાયણ જીવન જીવવું. (૫૪/૫૫)

**સધવા-વિધવા સ્ત્રીઓના ધર્મો :-** સધવા નારીએ પતિવ્રતાના ધર્મ પ્રમાણે રહેવું. ચંચળતાનો ત્યાગ કરવો. તેમજ પતિનું નિરંતર દેવની માફક સેવન કરવું. (૫૬) વિધવા નારીએ ભગવાન શ્રીકૃષ્ણની પતિબુદ્ધિથી સેવા કરવી. ચાંદ્રાયણ આદિ વ્રતોપવાસથી શરીરને કૃશ કરવું. (૫૭) જેમ ત્યાગી પુરુષો સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ માંડીને જોતા નથી તેમ વિધવા સ્ત્રીએ પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષમાત્રને જોવા નહિ. તેનો સ્પર્શ પણ ક્યારેય કરવો નહિ. (૫૮) વિધવા સ્ત્રીએ

तिष्ठेत्कदाचन ॥५९॥ तृतीय आयुषो भागे गृहस्थो वनमाविशेत् । सस्त्रीकः स्त्री सुशीला चेदन्यथा त्वेकलः स्वयम् ॥६०॥ तत्र ग्रीष्मे पञ्चतपा उदवासश्च शैशिरे । आसारषाट्च वर्षासु भवेद्विष्णुपरायणः ॥६१॥ वन्यैरेवाग्निहोत्रादि कुर्याद्धान्यफलादिभिः । अग्न्यर्थं च कुटीं कुर्यात्स्वयं तु बहिरावसेत् ॥६२॥ अकृष्टपच्यैरन्नाद्यैर्जीवेत्स्वयमुपाहृतैः । यथाशक्ति वने स्थित्वा ततः सन्न्यासमाश्रयेत् ॥६३॥ कन्थामेकां च कौपीने द्वे तदाच्छादने च सः । बिभृयाद्वाससी दण्डं वैणवं च कमण्डलुम् ॥६४॥ अष्टाक्षरं जपेन्नित्यं नारायणपरो यतिः । भक्तिमेव हरेः कुर्याज्ज्ञानविज्ञानसंयुतः ॥६५॥ वर्षाकालं विनैकत्र न वसेत्स त्वनापदि । शुचिविप्रगृहे भैक्षं कुर्यान्नित्यं सकृन्मितम् ॥६६॥ एकादश्यादीनि हरेर्व्रतानि विधिना चरेत्। पालयेद्ब्रह्मचर्यं च जितात्मा च जितेन्द्रियः ॥६७॥ वानप्रस्थश्च सन्न्यासो निषिद्धौ भवतः कलौ । अतो विरक्तो वर्णी वा गृही त्रैवर्णिकोऽपि च ॥६८॥ वासुदेवीं महादीक्षां गृहीत्वा वैष्णवो भवेत् । स्वाश्रमस्थो ब्रह्मचर्यं पालयन्स हरिं भजेत् ॥६९॥ त्यक्त्वा वा स्वगृहमसौ साधुमण्डलमध्यगः । साधुशीलो भजेत्कृष्णं यथा प्राग्भरतो जडः ॥७०॥ नेक्षेत न स्पृशेद्बुद्ध्या काष्ठजामपि योषितम् । हिरण्यादि धनं जह्यात्त्यागी निजहितोद्यतः ॥७१॥ स्त्रीस्त्रैणसङ्ग एको हि मुक्तानामपि बन्धकृत् । हरिमेकं विनाऽस्तीति सर्वथा तं परित्यजेत् ॥७२॥ ज्ञानं भक्तिस्तपो योगस्त्यागः सच्छास्त्रचिन्तनम्। इत्यादयो गुणा व्यर्था भवन्ति स्त्रीप्रसङ्गतः ॥७३॥ कृष्णाहिभ्य इव स्त्रीभ्यो मुमुक्षुर्बिभियात्ततः । समाधिनिष्ठां प्राप्तोऽपि पुमांस्ता दूरतस्त्यजेत् ॥७४॥

---

આપત્કાળ વિના પિતા કે પુત્ર વગેરેની સાથે પણ ક્યારેય એકાંત સ્થળમાં રહેવું નહિ. (૫૯)

**વાનપ્રસ્થ આશ્રમના ધર્મો :-** ગૃહસ્થ પુરુષે આયુષ્યના ત્રીજા ભાગમાં વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરવો. પત્ની જો સુશીલ સ્વભાવ યુક્ત હોય તો તેને સાથે લઈને અથવા તો સ્વયં એકલા જ વનમાં પ્રવેશ કરવો. વનમાં ઉનાળાના સમયમાં પંચાગ્નિનું સેવન કરવું. શિયાળામાં જળમાં બેસવું. વર્ષાઋતુમાં વરસાદની ધારા સહન કરવી તથા ભગવત્ પરાયણ જીવન જીવવું. વનમાં પાકેલાં ધાન્ય અને ફળથી અગ્નિહોત્ર કર્મનું અનુષ્ઠાન કરવું. અગ્નિ રાખવા પર્ણશાલા બનાવવી. અને પોતે તો તેની બહાર જ નિવાસ કરવો. (૬૦ થી ૬૨) ખેતી કર્યા વિના પાકેલા અને સ્વયં ઉપાર્જન કરેલા ધાન્યથી પોતાના જીવનનો નિર્વાહ કરવો. પોતાની શક્તિ અનુસાર વનમાં નિવાસ કરી સંન્યાસ આશ્રમનો સ્વીકાર કરવો. (૬૩)

**સંન્યાસ આશ્રમના નિયમો :-** સંન્યાસીએ એક કંથા ને બે કૌપીન રાખવાં. બે આચ્છાદન વસ્ત્રો રાખવાં. વાંસમાંથી બનાવેલો દંડ રાખવો. તેમજ કમંડલુ ધારણ કરવું. (૬૪) શ્રીનારાયણપરાયણ સંન્યાસીએ નિરંતર અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો. જ્ઞાનવિજ્ઞાન સંપન્ન સંન્યાસીએ શ્રીહરિની નવધા ભક્તિ કરવી. વર્ષાકાળ વિના તેમણે એક સ્થળમાં ક્યારેય વાસ ન કરવો. પવિત્ર વિપ્રના ઘરની હમેશાં એક વખત અલ્પ માત્રામાં ભિક્ષા ગ્રહણ કરવી. (૬૫/૬૬) એકાદશી આદિ ભગવત્ સંબંધી વ્રતોનું પાલન વિધિપૂર્વક કરવું. બ્રહ્મચર્યનું પાલન કરવું તેમજ મન અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવો. (૬૭)

**કલિયુગમાં સંન્યાસ નિષિદ્ધ હોવાથી ત્યાગીજનોની મહાદીક્ષા વ્યવસ્થા :-** કલિયુગમાં વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમનો નિષેધ હોવાથી વૈરાગ્યવાન એવા બ્રહ્મચારી અને ત્રૈવર્ણિક ગૃહસ્થે ભગવત્સંબંધી મહાદીક્ષાનો સ્વીકાર કરી ભગવદ્ ભક્ત થવું. તેમજ પોતાના આશ્રમમાં રહી બ્રહ્મચર્યનું પાલન કરી હરિભજન કરવું. (૬૮/૬૯) અથવા વિરક્ત વર્ણી અને ત્રણ વર્ણના ગૃહસ્થ પુરુષે પોતાનાં ઘરનો ત્યાગ કરીને સાધુના મંડળમાં રહી સદ્‌ગુરૂ (આચાર્ય) થકી સાધુદીક્ષા ગ્રહણ કરી સાધુ સ્વભાવવાળો થઈ જડભરતની માફક શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવું (૭૦)

**સ્ત્રીના પ્રસંગનો ત્યાગ :-** પોતાનું આત્મહિત સાધવામાં તત્પર સાધુપુરુષે દેવતાપ્રતિમા સિવાયની સ્ત્રીની કાષ્ઠ વગેરેની પ્રતિમાનો પણ જાણી જોઈને સ્પર્શ કરવો નહિ. તેની સામે જોવું પણ નહિ. (૭૧) સ્ત્રી અને સ્ત્રીને વિષે આસક્ત પુરુષનો સંગ એક ભગવાન વિના અન્ય મુક્તપુરુષો હોય તેમને પણ બંધન કરનારો છે. તે હેતુથી તેમના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. (૭૨) જ્ઞાન, ભક્તિ, યોગ, તપ, ત્યાગ અને સત્શાસ્ત્રોનું મનન, ચિંતન વગેરે સર્વ ગુણો સ્ત્રીનાં પ્રસંગથી વ્યર્થ અર્થાત્ નિષ્ફળ થઈ જાય છે. તે હેતુથી મુમુક્ષુએ કાળા સર્પની જેમ સ્ત્રી થકી ભય પામવું. સમાધિસ્થિતિને પામેલા પુરુષે પણ દૂરથી જ તેનો ત્યાગ કરવો. (૭૩/૭૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**कामं लोभं क्रुधं मानं ग्राम्यस्नेहं रसैषणाम् । द्वाराण्येव षडेतानि निरयस्येति सन्त्यजेत् ॥७५॥ ब्रह्मचर्यं सोऽष्टविधं रक्षंस्त्यागी जितेन्द्रियः । हरेर्नवविधां भक्तिं प्रीत्या कुर्वीत सर्वदा ॥७६॥ विहीनां सेवया विष्णोरसौ मुक्तिं चतुर्विधाम् । अपि नेच्छेच्च कैवल्यं तुच्छं स्वर्गादि किं पुनः ॥७७॥ विष्णुसेवेतराशेषवासनोन्मूलनोद्यतः। अलब्धात्मप्रवेशावकाशोऽन्तःशत्रुभिश्च सः ॥७८॥ देशकालक्रियाशास्त्रसङ्गादीनसतस्त्यजन् । सतस्तांश्च श्रयन्नित्यं वर्तेताध्वनि सच्छ्रिते ॥७९॥ सर्वेष्वेतेषु धर्मेषु यस्य यस्य च्युतिर्भवेत् । वर्णाश्रमी यथाशास्त्रं कुर्यात्तत्तस्य निष्कृतिम् ॥८०॥ इत्थं मया ते जनयित्रि ! धर्मो वर्णाश्रमाणां विहितश्चतुर्णाम् । पृथक् पृथक्साधु निरूपितो वै ज्ञानस्य वक्ष्याम्यथ लक्षणं ते ॥८१॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां वर्णाश्रमधर्मनिरूपणनामा त्रयस्त्रिंशोऽध्यायः ॥३३॥

श्रीहरिरुवाच – **यद्वस्तु यादृशं तस्य तादृक्त्वेन प्रमाणतः । वेदनं यत्तदुदितं मातर्ज्ञानस्य लक्षणम् ॥१॥ तच्च ज्ञानं द्विधा प्रोक्तं तत्रैकं ज्ञानमात्मनः । परमात्मस्वरूपस्य ज्ञानं चेत्यपरं मतम् ॥२॥ आत्मा जीव इह प्रोक्तो व्याप्य सर्वं वपुः स्थितः । बाह्यान्तःकरणानां तद्देवानां च प्रकाशकः ॥३॥ जाग्रदादिष्ववस्थासु स्थूलादिषु वपुष्षु च । बद्धस्तादात्म्यसम्बन्धाद्वस्तुतस्तद्विलक्षणः ॥४॥ यथैव गोलकं लौहं तादात्म्येन धनञ्जयः । व्याप्य स्थितोऽपि तद्भिन्नलक्षणोऽस्ति तथा ह्यसौ ॥५॥**

'કામ, ક્રોધ, માન, સ્નેહ, લોભ અને રસાસ્વાદ, આ છ નરકપ્રાપ્તિનાં જ દ્વાર છે.' એમ જાણી તેનો ત્યાગ કરવો. (૭૫) જિતેન્દ્રિય ત્યાગી પુરુષે અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યનું પાલન કરવું. તેમજ નિરંતર શ્રીહરિની નવ પ્રકારની ભક્તિ પ્રીતિપૂર્વક કરવી. (૭૬) ભગવાનના એકાંતિક ભક્તો ભગવદ્ સેવા વિના ચાર પ્રકારની મુક્તિને કે કૈવલ્ય (સ્વાત્માનુભવ)ને પણ ઈચ્છતા નથી. તો પછી સ્વર્ગાદિ તુચ્છ સુખની અપેક્ષા કેમ રાખે ? (૭૭)

ભગવાનની સેવા સિવાય બીજી વાસનાનો વિનાશ કરવામાં તત્પર વર્તનારા સાધુપુરુષે પોતાના હૃદયમાં અંતઃશત્રુઓને પ્રવેશવાનો અવકાશ પ્રાપ્ત ન થાય એ રીતે સાવધાનપણે વર્તવું. (૭૮) તેમજ અશુભ એવા દેશ, કાળ, ક્રિયા, શાસ્ત્ર, સંગ, દીક્ષા, મંત્ર અને ધ્યાનનો ત્યાગ કરવો અને શુભ દેશકાળાદિકનું સેવન કરવું તથા સત્પુરુષોએ આશરેલા માર્ગે ચાલવું. (૭૯) હે માતા! મેં બતાવેલા આ ધર્મોમાંથી જે જે નિયમધર્મનો ભંગ થાય તેનું તેનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્ત વર્ણાશ્રમી પુરુષે યથાયોગ્ય કરવું. (૮૦)

હે માતા ! આ પ્રકારે મેં તમને ચારે વર્ણ તેમજ આશ્રમવાસીઓનો ધર્મ પૃથક્ પૃથક્ સ્પષ્ટ રીતે કહ્યો. હવે હું તમોને 'જ્ઞાન'નું લક્ષણ કહું છું. (૮૧) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીહરિગીતામાં વર્ણાશ્રમધર્મ નિરૂપણ' નામનો તેત્રીશમો અધ્યાયઃ (૩૩)*

## અધ્યાય : ૩૪

## જ્ઞાનસ્વરૂપ નિરૂપણ

**જ્ઞાનનું સ્વરૂપ :-** શ્રીહરિ કહે છે, હે માતા ! જે વસ્તુ જેવા પ્રકારની હોય તેને (પ્રત્યક્ષ, અનુમાન કે શબ્દ અર્થાત્ વેદાદિ શાસ્ત્ર આ ત્રણમાંથી કોઈપણ) પ્રમાણથી તેવા પ્રકારે જ જાણવી, તેનું નામ **'જ્ઞાન'** કહેવાય છે. (૧) તે જ્ઞાન બે પ્રકારનું કહ્યું છે. એક આત્મસ્વરૂપ સંબંધી જ્ઞાન અને બીજું પરમાત્મસ્વરૂપ સંબંધી જ્ઞાન. (૨)

**આત્મ સ્વરૂપ નિરૂપણ :-** અહીં આત્મા જીવને કહેલો છે. જે જીવાત્મા જ્ઞાનશક્તિથી નખથી શિખા પર્યંત શરીરમાં વ્યાપીને રહ્યો છે. આંખ, કાન, વગેરે બાહ્ય ઈન્દ્રિયો તથા મન, બુદ્ધિ વગેરે આંતર ઈન્દ્રિયો તથા તેના દેવતાઓનો પ્રકાશક છે. (૩) જાગ્રત વગેરે અવસ્થા અને સ્થૂળ વગેરે શરીરમાં તાદાત્મ્ય સંબંધ અર્થાત્ એકરસ થવા રૂપ સંબંધથી બદ્ધ થયો છે પણ વસ્તુતાએ તેનાથી જુદો જ છે. (૪)

જેવી રીતે અગ્નિ લોખંડના ગોળામાં તાદાત્મ્યભાવથી વ્યાપીને રહ્યો છે, છતાં તેના ગુણધર્મોથી તે તેનાથી તદન જુદો જ રહેલો છે, તેમ જીવાત્મા પણ શરીર, અવસ્થા વગેરે જડ વસ્તુથી ભિન્ન જ છે. (૫) શરીરમાં અનેક પ્રકારના વિકારો



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

न वै विकुरुते देहे विकारान्प्राप्नुवत्यपि । तथा नश्यति देहेऽपि नासौ नश्यति कर्हिचित् ॥६॥ सच्चिद्रूपोऽक्षरः सूक्ष्मो दुर्ज्ञेयश्च स वर्तते । इत्थं यदात्मनो ज्ञानमात्मज्ञानं तदुच्यते ॥७॥ परमात्मस्वरूपस्य ज्ञानं ते कथयाम्यथ । श्रीकृष्णो यः परं ब्रह्म परमात्मा स कीर्तितः ॥८॥ अप्राकृतगुणो विष्णुर्निर्गुणश्चेश्वरेश्वरः । नारायणश्च भगवान्वासुदेवो य उच्यते ॥९॥ साक्षात्सम्बन्धतो यस्य कर्ता श्रद्धा सुखं तथा । ज्ञानं स्थानं च द्रव्यादि गुण्यपि स्याद्धि निर्गुणम् ॥१०॥ स्वतन्त्रः स्वप्रकाशश्च सर्वकारणकारणम् । ब्रह्मभूतैरप्युपास्यः कोटिसूर्यादिभास्वरः ॥११॥ प्रधानाद्याष्टावरणावृतानेकाण्डकोटयः । यत्राणुवत्स्थिता ब्रह्माक्षरं तद्धाम यस्य च ॥१२॥ दिव्यरूपोऽक्षरात्मा च श्रुतो यश्चाक्षरात्परः । अन्तर्यामी च सर्वेषामात्मनां योऽच्युतो हरिः ॥१३॥ कालो माया पुमान् यस्य महत्तत्त्वादयस्तथा । शक्तयः सन्त्येकमेवाद्वितीयं ब्रह्म यः प्रभुः ॥१४॥ श्रेयसे भुवि लोकानां योऽवतारान्बिभर्ति च । अनेककल्याणगुणः स ज्ञेयः पुरुषोत्तमः ॥१५॥ श्रीकृष्ण एषोऽक्षरपूरुषात्मना स्वशक्तिमूलप्रकृतिं समीक्षते । सिसृक्षुरेवागणिताण्डगोलकान्धत्ते च सा गर्भमथेक्षणात्मकम् ॥१६॥ सूते ततः सा सहपुरुषाणि प्रधानतत्त्वानि च कोटिशोऽथ । तत्पूरुषात्मप्रभुवीक्षितेभ्यस्तेभ्यो जगत्कारणतत्त्वसर्गः ॥१७॥ ब्रह्माण्डानि बहूनीत्थं सम्भवन्ति हरीच्छया । तत्रैकस्यानुक्रमेण सम्भवं कथयामि ते ॥१८॥ एकस्याप्युद्भवं वक्तुं विस्तरेण

પ્રાપ્ત થવા છતાં આત્મસ્વરૂપમાં કોઈ વિકારો પ્રાપ્ત થતા નથી તેમજ શરીર નાશ પામે છતાં આત્મસ્વરૂપનો નાશ થતો નથી. (૬) આત્મા સત્ સ્વરૂપ છે. ચિત્ (જ્ઞાન) સ્વરૂપ છે. અવિનાશી છે. સૂક્ષ્મ છે. દુર્જ્ઞેય છે. આ પ્રમાણે આત્મસ્વરૂપને જાણવું તેનું નામ 'આત્મજ્ઞાન' કહેવાય છે. (૭)

**પરમાત્મસ્વરૂપનિરૂપણ** :- હે માતા ! હવે તમને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહું છું. વેદવેદાંતમાં જેમને પરબ્રહ્મ કહીને વર્ણવ્યા છે, એજ આનંદમય જે શ્રીકૃષ્ણ છે તે પરમાત્મા છે. (૮) કલ્યાણકારી અનંત દિવ્ય ગુણગણ સંપન્ન તે ભગવાન 'નારાયણ' નામથી પ્રસિદ્ધ છે. સર્વત્ર વ્યાપક હોવાથી એમને 'વિષ્ણુ' કહેવાય છે. માયાના ગુણથી રહિત હોવાથી 'નિર્ગુણ' કહ્યા છે. સર્વ ઈશ્વરોના ઈશ્વર કહ્યા છે. છ પ્રકારના ઐશ્વર્યના નિધિ હોવાથી 'ભગવાન' શબ્દથી કહ્યા છે. તથા વિશુદ્ધ અંતઃકરણને વિષે દર્શન આપે છે તે હેતુથી 'વાસુદેવ' એવા નામથી સંબોધન કરાય છે. (૯)

જે પરમાત્માનાં સાક્ષાત્ સંબંધથી ક્રિયાનો કરનાર પુરુષ, શ્રદ્ધા, જ્ઞાન, સ્થાન,સુખ, દ્રવ્ય વગેરે પદાર્થો માયાના ત્રણ ગુણોના સંબંધવાળા હોવા છતાં નિર્ગુણ બને છે. (૧૦) તે પરમાત્મા સ્વતંત્ર છે. સ્વયંપ્રકાશ છે. સર્વ કારણના કારણ છે. બ્રહ્મભાવને પામેલા મુક્ત પુરુષો પણ તેમની ઉપાસના કરે છે. કોટિ કોટિ સૂર્ય સમાન તેજસ્વી છે. (૧૧)

પ્રધાન આદિ અષ્ટ આવરણોએ સહિત અનેક બ્રહ્માંડોનાં સમૂહો જે અક્ષરબ્રહ્મને વિષે અણુની જેમ (જાણે કે ઊડતા ફરતા હોય તેમ) રહેલાં છે એવું જે અક્ષરબ્રહ્મ તે એ પરમાત્માનું ધામ છે. (૧૨) શ્રુતિમાં ભગવાન શ્રીહરિને દિવ્યરૂપ કહ્યા છે. અક્ષરબ્રહ્મના આત્મા અને અક્ષરબ્રહ્મથી પર ઉત્કૃષ્ટપણે વર્ણવ્યા છે. જીવપ્રાણીમાત્રના અંતર્યામી કહ્યા છે. તેમજ અચ્યુત કહ્યા છે. (૧૩) કાળ, માયા, પુરુષ, મહત્તત્ત્વ વગેરે તેમની અનંત શક્તિઓ છે. તે પરમાત્મા એક જ છે. અદ્વિતીય છે અર્થાત્ સમગ્ર વિશ્વમાં જેમની સમાન કે અધિક ઉત્કૃષ્ટ બીજું કોઈ પણ તત્ત્વ નથી એવા છે. એજ પ્રભુ સર્વનું નિયમન કરનારાં છે. (૧૪) તે શ્રીહરિ અનેક જીવોના કલ્યાણને અર્થે ધરતી ઉપર રામકૃષ્ણાદિ અવતારો ધારણ કરે છે. અનંત કલ્યાણકારી ગુણોના ધામ છે. સર્વપુરુષોમાં ઉત્તમ પુરુષ હોવાથી તે ભગવાન 'પુરુષોત્તમ' કહેવાય છે. (૧૫)

**સૃષ્ટિની ઉત્પત્તિ પ્રક્રિયા** :- એવા જે ભગવાન શ્રીકૃષ્ણ તે અગણિત બ્રહ્માંડોનું સર્જન કરવાની ઈચ્છાથી અક્ષરાત્મક પુરૂષરૂપે કરીને પોતાની શક્તિરૂપ મૂળ પ્રકૃતિ સામે દૃષ્ટિ કરે છે ત્યારે મૂળ પ્રકૃતિ ભગવાનની દૃષ્ટિરૂપ ગર્ભને ધારણ કરે છે. (૧૬) ત્યાર પછી મૂળ પ્રકૃતિ કોટિ કોટિ પ્રધાન પુરુષોને જન્મ આપે છે. તેમાં તે તે પ્રધાન-અધિષ્ઠિત પુરુષ સ્વરૂપે રહેલા પરમાત્માની દૃષ્ટિ પામેલી, તે તે પ્રધાનરૂપ પ્રકૃતિઓ થકી અનેક જગતની ઉત્પત્તિના કારણભૂત મહત્તત્ત્વાદિ ચોવીસ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. (૧૭) આ પ્રકારે ભગવાનની ઈચ્છાથી અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડોની મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિનો ક્રમ તમને જણાવું છું. (૧૮) હે માતા ! એક બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન પણ વિસ્તારપૂર્વક કરવું



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

न शक्यते । अतः सङ्क्षेपतो मातस्तदुत्पत्तिर्मयोच्यते ॥१९॥ प्रधानतत्त्वात्तस्मात्तु पुंदृष्टात्त्रिगुणात्मकात् । जगदङ्कुररूपं हि महत्तत्त्वं प्रजायते ॥२०॥ प्रधानेनावृतात्तस्माद्वासुदेवेच्छया सति! । महत्तत्त्वादहङ्कारस्त्रिविधो जायते ततः ॥२१॥ सात्त्विको राजसश्चैव तामसश्चेति स त्रिधा । यथा प्रधानेन महान्महता स तथावृतः ॥२२॥ अहङ्कारात्तामसाच्च वासुदेवेच्छयैव हि । शब्दो भवति तस्मात् खं जायते शब्दमात्रकम् ॥२३॥ अहङ्कारावृतात्तस्मादाकाशाच्छब्दमात्रकात् । स्पर्श उत्पद्यते स्पर्शाद्वायुश्च स्पर्शमात्रकः ॥२४॥ आकाशेनाऽऽवृताद्वायो रूपमुत्पद्यते ततः । तस्मात्तेजो रूपमात्रं जायते वायुनाऽऽवृत्तम् ॥२५॥ तेजसश्च रसस्तस्मादापस्तु रसमात्रिकाः । उत्पद्यन्ते च ताः सन्ति वेष्टितास्तेन तेजसा ॥२६॥ अद्भ्यो गन्धस्ततः पृथ्वी जायते गन्धमात्रिका । अद्भिः संवेष्टिता पृथ्वी विशेषाख्या च कथ्यते ॥२७॥ आकाशादीनि पञ्चात्र महाभूताभिधानि च । शब्दादयश्च कथ्यन्ते पञ्च तन्मात्रिका इति ॥२८॥ अहङ्काराद्राजसात्तु पञ्च ज्ञानेन्द्रियाणि च । पञ्च कर्मेन्द्रियाण्यम्ब ! प्राणो बुद्धिश्च जायते ॥२९॥ श्रोत्रं त्वक् चाक्षि जिह्वा च घ्राणो ज्ञानेन्द्रियाण्यथ । वाग् दोः पाद उपस्थश्च पायुः कर्मेन्द्रियाणि च ॥३०॥ अहङ्कारात्सात्त्विकाच्च करणानां तु देवताः । बाह्यानामान्तराणां च प्रजायन्ते मनस्तथा ॥३१॥ दिग्वातार्कप्रचेतोऽश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः । चन्द्रो ब्रह्मा क्षेत्रविच्च रुद्रश्चेत्यधिदेवताः ॥३२॥ एते सर्वे तत्त्वसंज्ञा देवा भगवदिच्छया । संहत्यैव विराड्देहं स्वस्वांशै रचयन्ति हि ॥३३॥

तत्स्थ आत्मा तु वैराजः पुरुषः प्रोक्त ईश्वरः । स्वाङ्गोत्पन्नाम्बुशयनाद्यश्च नारायणः स्मृतः ॥३४॥ तन्नाभिकमलाद्ब्रह्मा

---

શક્ય નથી. તેથી તેનો ઉત્પત્તિ પ્રકાર હું તમને સંક્ષેપમાં જણાવું છું. (૧૯)

પુરુષરૂપે રહેલા પરમાત્માના સંકલ્પરૂપી દષ્ટિને પામેલા ત્રિગુણ સ્વરૂપ પ્રધાનતત્ત્વ દ્વારા વિશ્વના બીજસ્વરૂપ મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે. (૨૦) હે સતી માતા! ભગવાન વાસુદેવની ઈચ્છાથી (પ્રધાનથી આવૃત્ત હોવાથી પ્રધાનસ્વરૂપ) મહત્તત્ત્વ દ્વારા ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. (૨૧) સાત્ત્વિક, રાજસ અને તામસ; આ અહંકારના ત્રણ પ્રકાર છે. મહત્તત્ત્વ જેમ પ્રધાનસ્વરૂપ છે તેમ અહંકાર પણ મહત્તત્ત્વસ્વરૂપ છે. અર્થાત્ કારણપણે મહત્તત્ત્વનો તેમાં (અહંકારમાં) અન્વય (વ્યાપવાનો અનુગત સંબંધ) રહેલો છે. (૨૨)

ભગવાનની ઈચ્છાથી તામસ અહંકારમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે. તેના થકી શબ્દ તન્માત્રા સ્વરૂપ આકાશની ઉત્પત્તિ થાય છે. (૨૩) અહંકારથી આવૃત્ત શબ્દતન્માત્રા સ્વરૂપ આકાશમાંથી સ્પર્શ થાય છે. તેના થકી સ્પર્શતન્માત્રા સ્વરૂપ વાયુ ઉત્પન્ન થાય છે. (૨૪) આકાશથી આવૃત્ત વાયુ થકી રૂપ ઉત્પન્ન થાય છે. તેના થકી રૂપતન્માત્રા સ્વરૂપ તેજ થાય છે. તેજ થકી રસ ઉત્પન્ન થાય છે. (૨૫) તેના થકી રસતન્માત્રા સ્વરૂપ જળ ઉત્પન્ન થાય છે. તે જળ પોતાના કારણભૂત તેજથી આવૃત્ત થાય છે. (૨૬) તે જળ થકી ગંધ થાય છે. ગંધ થકી ગંધતન્માત્રા સ્વરૂપ પૃથ્વી ઉત્પન્ન થાય છે. કારણભૂત જળ તત્ત્વથી આવૃત્ત પૃથ્વીને **'વિશેષ'** એવા નામથી પણ કહેવામાં આવે છે. (૨૭)

**પાંચ મહાભૂતો અને પંચ તન્માત્રાઓ** :- અહીં (જ્ઞાન પ્રકરણમાં) આકાશાદિ પાંચ તત્ત્વોને મહાભૂત કહેવામાં આવે છે. તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને પંચ તન્માત્રા શબ્દથી કહેવામાં આવે છે. (૨૮)

**પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો** :- હે માતા ! રાજસ અહંકારથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પ્રાણ, અને બુદ્ધિ ઉત્પન્ન થાય છે. (૨૯) શ્રોત્ર,ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ; આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેમજ વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ; આ પાંચ કર્મેન્દ્રિયો છે. (૩૦)

**ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ** :- સાત્ત્વિક અહંકાર થકી બાહ્ય અને આંતર ઈન્દ્રિયોના દેવતા અને મન ઉત્પન્ન થાય છે. (૩૧) દિશા, વાયુ, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર, પ્રજાપતિ, ચંદ્રમા, બ્રહ્મા, વાસુદેવ અને રુદ્ર આ સર્વે બંને પ્રકારની ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ છે. (૩૨) મહદાદિ તત્ત્વ સંજ્ઞાવાળા સર્વે દેવતાઓએ ભગવાનના સંકલ્પથી ભેળા મળી પોતપોતાના ઐશ્વર્યરૂપ અંશથી **'વિરાટ'** પુરુષનું સર્જન કર્યું. (૩૩)

વિરાટ શરીરમાં રહેલા ક્ષેત્રજ્ઞ એવા વૈરાજપુરુષને **'ઈશ્વર'** એવા નામથી કહેવામાં આવે છે. (૩૪) હે સતી માતા !



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

जायते राजसः सति ! । जीवांस्तदात्मना सर्वाञ्छ्रीकृष्णः सृजतीश्वरः ॥३५॥ प्रजेशांश्च मनून्देवानृषीन्पितॄन् पृथक् पृथक् । गन्धर्वांश्चारणान्सिद्धान् यक्षान्विद्याधरासुरान् ॥३६॥ किंपुरुषांश्चाप्सरसः किन्नरानुरगांस्तथा । मातृः पिशाचान् रक्षांसि भूतान् प्रेतान्विनायकान् ॥३७॥ वेतालोन्मादकूष्माण्डान् वृद्धबालग्रहांस्तथा । पशून्मृगान् खगान्वृक्षान् पर्वतांश्च सरीसृपान् ॥३८॥ स्थावरा जङ्गमा येऽन्ये भूवारिगगनौकसः । सर्वांस्तांश्च यथाकर्मगुणदेहान् सृजत्यसौ ॥३९॥ शुद्धसत्त्वा मिश्रसत्त्वा राजसास्तामसास्तथा । तेषु मिश्रगुणाश्चैके सन्ति केचिच्च निर्गुणाः ॥४०॥ गुणस्वभावानुरूपं पुण्यं वाऽघं च मिश्रितम् । कर्म ते कुर्वते जीवाः कृष्णभक्तिं तु निर्गुणाः ॥४१॥ एवं स भगवान्मातर्ब्रह्मात्मा सृजति प्रजाः । पाति ता विष्णुरूपश्च शिवात्मा संहरत्यपि ॥४२॥ असौ जीवेषु सर्वेषु प्रविश्य पुरुषात्मना । यथाकर्म फलं दत्ते तेभ्यः साम्यमुपाश्रितः ॥४३॥ स हरिस्त्वक्षरस्याथ प्रकृतेः पुरुषस्य च । प्रधानपुरुषाणां च महदादिगणस्य च ॥४४॥ कालस्य स्थूलसूक्ष्मस्य चरतोऽण्डे च तद्बहिः । एतेषां कार्यभूतस्य वैराजस्य महामते! ॥४५॥ तज्जातानां प्रजेशानां ब्रह्मादीनां च सर्वशः । नियन्ता ह्येक एवास्ति सम्राट् खण्डभुजामिव ॥४६॥ एषां यत्राधिकारे ये जगतस्तेन योजिताः । ते सावधानास्तद्भीतास्तदाज्ञायां सदा स्थिताः ॥४७॥ एवं हि मातः ! सर्वेऽपि परतन्त्रा भवन्ति हि । कृष्ण एकः स्वतन्त्रोऽस्ति सर्वसेव्यस्ततस्तु सः ॥४८॥ परमात्मस्वरूपस्य ज्ञानमित्थं प्रकीर्तितम् । प्राप्तेन सद्गुरोर्येन ज्ञातव्यं नावशिष्यते ॥४९॥

---

વિરાટ નારાયણના નાભિકમળમાંથી રજોગુણપ્રધાન બ્રહ્મા થયા. ભગવાન શ્રીકૃષ્ણ તે બ્રહ્માના માધ્યમથી સમગ્ર જીવસૃષ્ટિનું (અનાદિ સિદ્ધ હોવા છતાં માયામાં સૂક્ષ્મભાવથી રહેલા જીવોને નામરૂપપણાને પમાડવારૂપ) સર્જન કરે છે. (૩૫)

બ્રહ્માત્મક (બ્રહ્મા સ્વરૂપે રહેલા) પરમાત્મા, જીવાત્માઓનાં ગુણ અને કર્મને અનુસાર, પ્રજાપતિ, મનુ, દેવતા, ઋષિ, પિતૃ, ગંધર્વ, ચારણ, સિદ્ધ, યક્ષ, વિદ્યાધર, અસુર, કિંપુરુષ, અપ્સરા, કિન્નર, સર્પ, માતૃગણ, પિશાચ, રાક્ષસ, ભૂત, પ્રેત, વિનાયક, વૈતાલ, ઉન્માદ, કૂષ્માંડ, વૃદ્ધ અને બાળકના ગ્રહ, પશુ, હરણ, પક્ષી, વૃક્ષ, પર્વત, સરીસૃપ (એક જાતનાં સર્પો) તથા પૃથ્વી, જળ અને આકાશમાં ફરનારાં બીજા અનેકવિધ સ્થાવર જંગમ સૃષ્ટિનાં શરીરોનું સર્જન કરે છે. (૩૬ થી ૩૯)

**નિર્ગુણ જીવોની શ્રેષ્ઠતા** :- તે શરીરધારીઓ મધ્યે આ સૃષ્ટિમાં કેટલાક શુદ્ધ સત્ત્વગુણ પ્રધાન જીવો રહેલા છે. કેટલાક મિશ્ર સત્ત્વપ્રધાન રહેલા છે. કેટલાક તમોગુણ પ્રધાન રહેલા છે. કેટલાક રજોગુણ પ્રધાન રહેલા છે. કેટલાક મિશ્રગુણપ્રધાન રહેલા છે અને કેટલાક નિર્ગુણ પણ રહેલા છે. (૪૦) જીવાત્માઓ ગુણ અને સ્વભાવ અનુસાર પુણ્યકર્મ, પાપકર્મ તથા પુણ્યપાપમિશ્રિત કર્મ કરે છે. નિર્ગુણ જીવાત્માઓ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિરૂપ કર્મ કરે છે. (૪૧)

હે માતા ! આ પ્રકારે બ્રહ્માસ્વરૂપે **પરમાત્મા** પ્રજાનું સર્જન કરે છે. વિષ્ણુસ્વરૂપે પરમાત્મા પ્રજાનું પોષણ કરે છે. રુદ્રસ્વરૂપે પરમાત્મા સૃષ્ટિનો સંહાર કરે છે. (૪૨) પરમાત્મા પુરુષસ્વરૂપે સર્વ જીવોમાં પ્રવેશ કરી તેમના કર્માનુસારે સમાન ભાવથી તેમને ફળ આપે છે. (૪૩) હે બુદ્ધિમાન માતા ! જેવી રીતે ચક્રવર્તી સમ્રાટ ખંડિયા રાજાઓનું નિયમન કરે છે તેવી રીતે જ ભગવાન શ્રીહરિ અક્ષરના નિયંતા છે. તથા પ્રધાનપુરુષના નિયંતા છે. પ્રકૃતિપુરુષના નિયંતા છે. મહત્તત્ત્વાદિ ચોવીસ તત્ત્વોના નિયંતા છે. સમસ્ત વિશ્વની અંદર અને બહાર સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપે વિચરતા કાળના પણ નિયંતા છે. મહત્તત્ત્વના કાર્યસ્વરૂપ વૈરાજપુરુષના પણ નિયંતા છે. તેમજ વૈરાજપુરુષ દ્વારા ઉત્પન્ન થયેલા બ્રહ્માદિ સર્વે પ્રજાધિપતિઓના પણ એ એક જ **નિયંતા** છે. (૪૪ થી ૪૬)

ભગવાને સૃષ્ટિનિર્વાહ કરવાના જે જે અધિકારમાં જેઓનું નિયોજન કર્યું છે, તે સર્વે તેમનાથી ભય પામી સાવધાનીપૂર્વક તેમની આજ્ઞામાં નિરંતર વર્તે છે. (૪૭) હે માતા ! આ રીતે અક્ષરાદિક સર્વે પણ શ્રીકૃષ્ણને જ આધીન પરતંત્ર છે. ભગવાન શ્રીકૃષ્ણ એક જ **સ્વતંત્ર** છે. તે હેતુથી એક માત્ર તે શ્રીકૃષ્ણ પરમાત્મા જ ઉપાસના કરવા યોગ્ય છે. (૪૮) હે માતા ! આ પ્રકારે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન મેં તમને કહ્યું. સદ્ગુરુના માધ્યમથી આ જ્ઞાન જેને પ્રાપ્ત થયું હોય તેને બીજું કાંઈ જાણવા જેવું બાકી રહેતું નથી. (૪૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**य इत्थमात्मानमथात्मनाथं सतां प्रसङ्गादवगत्य सम्यक् । करोति भक्तिं भवबन्धहर्तुः श्रीवासुदेवस्य स मुक्त उक्तः ॥५०॥**
इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां ज्ञानस्वरूपनिरूपणनामा चतुस्त्रिंशोऽध्यायः ॥३४॥

श्रीहरिरुवाच – **वैराग्यस्य स्वरूपं ते कथयाम्यथ मानदे ! । भगवन्तं विनाऽन्यत्र रागाभावस्तदुच्यते ॥१॥ देहे च दैहिकेष्वम्ब! स्त्रीपुत्रधनवेश्मसु । पशुयानोपकरणक्षेत्रादिष्वरुचिस्तथा ॥२॥ शब्दादिपञ्चविषयभोगेषु विविधेषु च । अनर्घ्यवस्त्रभूषादौ राज्यभोगेषु चारुचिः ॥३॥ स्वर्गादौ पुण्यलोके च सद्भोगेष्वखिलेष्वपि । अनासक्तिः सर्वथेति वैराग्यं स्पष्टमीरितम् ॥४॥** प्रेमवत्युवाच – **वैराग्यमीदृशं कृष्ण ! जीवानामुदियात्कथम् । वक्तुमर्हति सर्वज्ञो मह्यं तत्तत्त्वतो भवान् ॥५॥** श्रीहरिरुवाच – **वैराग्यस्य समुत्पत्तिः सर्वेषामपि देहिनाम् । लोकानां चैव भोगानां भवति क्षयदर्शनात् ॥६॥ नित्यो दैनन्दिनश्चैव प्राकृताख्यस्तृतीयकः । आत्यन्तिकश्चेति मातः ! प्रलयोऽस्ति चतुर्विधः ॥७॥ तत्र प्रकृतिकार्यस्य ब्रह्माण्डस्याखिलस्य च । ब्रह्मादेः स्थावरान्तस्य भोगानां चापि सर्वशः ॥८॥ विनाशो जायते नूनं कालेनैव बलीयसा । एवं क्षयं लोकयतां वैराग्यं तेषु सम्भवेत् ॥९॥ तथैव दुःखदृष्ट्यापि देहिनां तत्समुद्भवः । भवेद्दुःखं तु सर्वेषां फलं दुष्कृतकर्मणः ॥१०॥ शिश्नोदरतृपां भूमौ सङ्गादेवासतां नृणाम् । प्रवृत्तिर्जायते पापे प्राणिनामतिदुःखदा ॥११॥ विलीयते च सद्बुद्धिर्धर्मनिष्ठा ततो नृणाम् । ज्ञानादयो गुणाः सर्वे नश्यन्ति च कुसङ्गतः ॥१२॥ देहेऽहन्ता च तेनैव ममता दैहिकेषु**

---

હે માતા ! જે પુરુષ આ પ્રકારે સત્પુરુષનાં લક્ષણ યુક્ત સાધુઓના પ્રસંગથી પોતાના જીવાત્માનું સ્વરૂપ તથા આત્મ શબ્દ વાચ્ય જીવ, ઈશ્વર અને અક્ષરનાં અધિપતિ શ્રીકૃષ્ણ પરમાત્માનાં સ્વરૂપને યથાર્થ જાણીને સંસારના બંધનથી મુકાવનાર ભગવાન શ્રી વાસુદેવની ભક્તિ કરે છે તે પુરુષને **'મુક્ત'** કહેલો છે. (૫૦) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિગીતામાં જ્ઞાનસ્વરૂપ નિરૂપણ'નામે ચોત્રીશમો અધ્યાયઃ (૩૪)*

## અધ્યાય : ૩૫

## વૈરાગ્યસ્વરૂપ નિરૂપણ

**વૈરાગ્યનું સ્વરૂપ :-** શ્રીહરિ કહે છે, હે સર્વને માન આપનારાં માતા ! હવે પછી હું તમને વૈરાગ્યનું સ્વરૂપ સમજાવું છું. ભગવાન વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી તેને **'વૈરાગ્ય'** કહેવામાં આવે છે. (૧) હે માતા ! શરીરસંબંધી સ્ત્રી, પુત્ર,ધન, ધામ, ક્ષેત્ર, પશુ, વાહન, શય્યા વગેરે ઉપભોગનાં પદાર્થોમાં અરુચિ, અનેક પ્રકારના શબ્દાદિ પંચવિષયોના ભોગમાં અરુચિ, મહા કિંમતી વસ્ત્ર, આભૂષણ વગેરે પદાર્થો તથા રાજ્યવૈભવસુખમાં અરુચિ, તેમજ સ્વર્ગ વગેરે પુણ્ય લોકમાં તથા સમગ્ર રમણીય વિષયોના ભોગસુખોમાં પણ જે સર્વ પ્રકારે અનાસક્તિ હોય તેને **'વૈરાગ્ય'** કહે છે. (૨થી૪)

**વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ :-** પ્રેમવતી કહે છે, હે હરિકૃષ્ણ ! જીવાત્માઓને આ પ્રકારનો વૈરાગ્ય કયા સાધનથી ઉત્પન્ન થાય તે મને યથાર્થ જણાવો. કારણ કે તમે સર્વજ્ઞ છો. (૫) શ્રીહરિ કહે છે, હે માતા ! સમગ્ર લોક અને ભોગના નાશવંતપણાના જ્ઞાનથી વૈરાગ્ય ઉપજે છે. (૬) હે માતા ! પ્રલય ચાર પ્રકારના છે. એક તો નિત્ય પ્રલય, બીજો નિમિત્ત પ્રલય, ત્રીજો પ્રાકૃત પ્રલય અને ચોથો આત્યંતિક પ્રલય. (૭) તે પ્રલયોમાં બળવાન કાળ શક્તિના વેગથી પ્રકૃતિના કાર્યભૂત સમગ્ર બ્રહ્માંડનો તેમજ બ્રહ્માથી માંડી સ્થાવર પર્યંત ચરાચર જગતના સમસ્ત ભોગનો નિશ્ચય વિનાશ થાય છે. આ પ્રકારે જે વિચારે છે તેના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. (૮/૯)

**દુઃખદર્શનથી વૈરાગ્યની ઉત્પત્તિ :-** તે જ પ્રમાણે દેહધારી જીવોનાં દુઃખ દર્શનથી વૈરાગ્ય થાય છે. જે વ્યક્તિ દુષ્કર્મ કરે છે તેને તેના ફળરૂપે અવશ્ય દુઃખ પ્રાપ્ત થાય છે. (૧૦) શિશ્ન અને ઉદરનું ભરણપોષણ કરનારા અસત્પુરુષના પ્રસંગથી જ જીવોને પાપકર્મમાં પ્રવૃત્તિ થાય છે. જે પાપકર્મ, જીવાત્માઓને અત્યંત દુઃખ આપનાર છે. (૧૧) અસત્પુરુષના સંગથી મનુષ્યની સદ્‌બુદ્ધિ નાશ પામે છે. ધર્મમાં રુચિ નાશ પામે છે. જ્ઞાનાદિ સદ્‌ગુણોનો વિનાશ થાય છે. (૧૨) શરીરમાં



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

च। विवर्धते ततस्तेषु ह्यासक्तिर्जायते भृशम् ॥१३॥ देहस्त्रीपुत्रवित्तादौ तेऽहन्ताममतावशात् । आसक्तास्तत्कृते नानापापकर्माणि कुर्वते ॥१४॥ वञ्चयन्ति परन्यासान्विश्वस्तं घातयन्ति च । दम्भपैशुन्यशठतानृतवादपरा नराः ॥१५॥ मिथ्यापवादानन्येषु ददतश्च परद्रुहः। हिंस्राः स्तेना अनीत्यैव कुटुम्बं पोषयन्ति ते ॥१६॥ इतस्तत उपानीय येन केनापि पाप्मना । कर्मणा गर्हितेनैव स्वानि पुष्णन्ति तैर्निजान् ॥१७॥ तदासक्त्या स्ववेदोक्तं धर्मं वर्णाश्रमात्मकम् । त्यक्त्वोपधर्मवेषादि दधते च निरङ्कुशाः ॥१८॥ गोविप्राणां च साधूनां वेदतीर्थामृतान्धसाम् । द्रोग्धारो मानिनः स्तब्धा विमुखा विष्णुभक्तितः ॥१९॥ खादन्ति मांसानि सुरा मद्यानि च पिबन्त्यपि । सज्जन्ते च परस्त्रीषु विधवासु च कामतः ॥२०॥ अपेयपानं चाभक्ष्यभक्षणं कुर्वते मुहुः । वदन्त्यवाच्यानि च ते निस्त्रपाश्च मदोद्धताः ॥२१॥ य इत्थं दुष्टकर्माणो मानवाः सन्ति भूतले । अन्तकाले लभन्ते ते कृच्छ्रं भूरितरं सति! ॥२२॥ यमदूतास्तदाऽऽयान्ति नेतुं ताननतिनिर्दयाः । वक्रतुण्डाः पाशहस्ता भयङ्करसमीक्षणाः ॥२३॥ तेषां वीक्षणमात्रेण ते त्रुट्यद्देहबन्धनाः । सन्त्रस्ता वेपमानाङ्गा जायन्ते ह्यतिविक्लवाः ॥२४॥ ते लिङ्गदेह आबध्य स्थूलातिदृढभावने। नयन्ति तान् यमपुरं दीर्घेणैव कदध्वना ॥२५॥ कशाभिर्लोहदण्डैश्च ताड्यमाना भृशं पथि । क्रूरैर्यमानुगैः पृष्ठे रुदन्त्युच्चैरनाश्रयाः ॥२६॥ अर्कदावाग्निसन्तप्तवालुके भूरिकण्टके । अशक्ताश्चलितुं मार्गे ताड्यन्ते ते च तैर्भृशम्॥२७॥ पतिताः कृच्छ्रतो भूमावुत्थाप्य पुनरर्दनैः । चाल्यन्ते पापिनो याम्यैः सत्वरं क्वाप्यविश्रमम् ॥२८॥

અહંબુદ્ધિ વધે છે. શરીર સંબંધી પદાર્થોમાં મમતા વધે છે. તેથી મનુષ્યોને દેહાદિકમાં અત્યંત કષ્ટદાયી આસક્તિ ઉત્પન્ન થાય છે. (૧૩) શરીર, સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં અહંમમત્વને વશ થઈ આસક્ત બનેલા પુરુષો તે દેહાદિકને અર્થે અનેક પ્રકારનાં પાપકર્મો કરે છે. (૧૪)

દંભ, કપટ, શઠતા અને મિથ્યા ભાષણ કરવામાં તત્પર પુરુષો બીજાએ મૂકેલી થાપણો તેમને છેતરીને હરી લે છે. તેમજ વિશ્વાસપાત્ર વ્યક્તિની હત્યા કરે છે. (૧૫) હિંસક અને ચોર બનેલા તે પુરુષો પોતાના સ્વાર્થ માટે બીજા ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરીને તેમજ પારકાનો દ્રોહ કરીને પણ અનીતિથી જ પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. (૧૬) તે પુરુષો શાસ્ત્રનિષિદ્ધ જે કોઈપણ પ્રકારના પાપકર્મથી જ્યાંથી ત્યાંથી ધન લાવીને તે ધનથી પોતાનાં સ્ત્રી આદિક સંબંધીઓનું પોષણ કરે છે. (૧૭)

શાસ્ત્રના અંકુશનો ત્યાગ કરી કુટુંબનું ભરણપોષણ કરવામાં આસક્ત પુરુષો, વેદોક્ત વર્ણાશ્રમધર્મનો ત્યાગ કરી વિરુદ્ધ ધર્મ અને કલ્પિત વેષને ધારણ કરે છે. (૧૮) તેઓ ગાયો, બ્રાહ્મણો, સાધુઓ, વેદો, તીર્થો, અને દેવોનો દ્રોહ કરનારા માની, સ્તબ્ધ અને વિષ્ણુભક્તિથી વિમુખ હોય છે. (૧૯) તે પુરુષો માંસભક્ષણ કરે છે. સુરા અને મદ્યનું પાન કરે છે. કામભાવથી પરસ્ત્રી અને વિધવા સ્ત્રીઓમાં આસક્ત બને છે. (૨૦) મદથી ઉદ્ધત બનેલા નિર્લજ્જ પુરુષો વારંવાર ન પીવા યોગ્ય વસ્તુનું પાન કરે છે. ન ખાવા યોગ્ય વસ્તુનું ભક્ષણ કરે છે તેમજ ન બોલવા યોગ્ય શબ્દો બોલે છે. (૨૧)

**યમપુરીની આક્રંદભરી યાતના** :- હે સતી માતા ! પૃથ્વી ઉપર આ પ્રકારે દુષ્કૃત્ય કરનારા મનુષ્યો અંત સમયે અતિશય કષ્ટ પામે છે. (૨૨) અંત સમયે ભયંકર મુખવાળા, અતિનિર્દય, હાથમાં પાશ ધારણ કરેલા તેમજ દૃષ્ટિ માત્રથી ત્રાસ ઉપજાવનારા યમના દૂતો તે જીવને લેવા માટે આવે છે. (૨૩) તેમનાં દર્શન માત્રથી તે જીવાત્માઓનાં શરીરની નાડીઓનાં બંધનો તૂટવા લાગે છે. તેથી તે જીવો અતિશય ભય પામે છે. તેઓનું શરીર કંપવા લાગે છે અને મનમાં અતિ વ્યાકુળ બને છે. (૨૪)

યમના દૂતો પાપી જીવાત્માઓને સ્થૂળ શરીરની અતિદૃઢ ભાવનાવાળા સૂક્ષ્મ શરીરમાં બાંધે છે. અને તે પાપીને દુઃખથી ભરેલા લાંબા માર્ગથી યમપુરીમાં લઈ જાય છે. (૨૫) યમના ક્રૂર દૂતો રસ્તામાં પાપી જીવોને પૃષ્ઠ ભાગમાં કોરડાના અને લોહદંડના માર મારે છે ત્યારે જેને કોઈ રક્ષણ કરનાર મળતો નથી એવા તે પાપી જીવો ઉચ્ચ સ્વરે આક્રંદ કરે છે. (૨૬) સૂર્ય અને દાવાનળથી ધગેલી રેતી તથા ખૂબ કાંટાવાળા માર્ગમાં ચાલવા અસમર્થ બને છે ત્યારે યમના દૂતો તેઓને અતિશય માર મારે છે. (૨૭) અસહ્ય દુઃખથી તે જીવો પૃથ્વી ઉપર પડી જાય છે ત્યારે યમદૂતો ફરી તેઓને બેઠા કરે છે અને કોઈ પણ જગ્યાએ વિશ્રામ કરાવ્યા વિના ઉતાવળી ગતિએ ચલાવે છે. (૨૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ते एवमतिकृच्छ्रेण नीयन्ते तैर्यमालयम् । यथा राजभटैरत्र स्तेनाद्या राजमन्दिरम् ।।२९।। तेषां दुष्टानि कर्माणि मनोवाक्कायजान्यपि । यमो जानाति सर्वाणि चित्रगुप्तश्च तत्र वै ।।३०।। मुक्तिसाधनमानुष्यदेहव्यर्थीकृते रुषा । अपश्यंस्तान् यमो दूतैर्दापयत्यतियातनाः ।।३१।। नरकाणां दारुणानां भोग्यानां पापकर्मभिः । शतानि च सहस्राणि वर्तन्ते हि यमालये ।।३२।। पापिनस्तेषु महतीं प्राप्नुवन्ति हि वेदनाम् । नामानि तत्र केषाञ्चिच्छृणु मातर्वदामि ते ।।३३।। तामिस्रश्चान्धतामिस्रो महारौरवरौरवो । कुम्भीपाकः कालसूत्रमसिपत्रवनं तथा ।।३४।। अन्धकूपः शूकरास्यं सन्दंशः कृमिभोजनः । तप्तसूर्मिर्वैतरणी शाल्मलिर्वज्रकण्टकः ।।३५।। प्राणरोधश्च पूयोदः सारमेयादनं तथा । लालाभक्षो वैशसनमयःपानमवीचिका ।।३६।। क्षारकर्दममुख्याश्च सन्त्येवान्ये सहस्रशः । क्रोशन्तो यत्र पच्यन्ते नरा दुष्कृतकारिणः ।।३७।। दुष्कृतं यादृशं यस्य तादृशे निरये तु तम् । यमः क्षेपयति क्रुद्धो दूतैस्तत्कदनोद्यतैः ।।३८।। अङ्गानि पापिनां याम्याश्छित्त्वा छित्त्वा कुठारकैः। चर्वन्ति वज्रदशनाः खादयन्ति च तानि तैः ।।३९।। दाहयन्ति प्रदीप्तेऽग्नौ तप्ततैले क्षिपन्ति च । सर्पैश्च वृश्चिकैर्गृधैः श्वभिस्तान् खादयन्ति च ।।४०।। उद्धारयन्ति चान्त्राणि तेषां ते जीवतामपि । भोग्यकर्मवशात्तत्र म्रियन्ते नैव पापिनः ।।४१।। यथा यथेह तैर्जीवा हता ये ये तथा तथा । तैस्तैस्तान् घातयन्त्युग्रा याम्या मुद्गरपाणयः ।।४२।। दारयन्ति गजैः क्वापि पातयन्ति च तान्नगात् । विषाग्निधूमे रुन्घन्ति जले च क्षारकर्दमे ।।४३।। श्लेषयन्ति तप्तलोहप्रतिमास्तान् यमानुगाः । प्रवेशयन्ति नेत्रेषु शलाकाश्चायसीरपि ।।४४।। सिञ्चन्ति सीसं कर्णेषु रसं लौहं मुखेषु च ।

---

જેવી રીતે રાજભૃત્યો (સૈનિકો) કોઈ ચોર વગેરેને રાજાનાં ભવન પ્રત્યે લઈ જાય તેમ યમકિંકરો પણ તે પાપી જીવોને દુઃખ આપતાં આપતાં યમસદનમાં લઈ જાય છે. (૨૯) ત્યાં યમરાજા અને ચિત્રગુપ્ત બંને તે પાપી જીવાત્માઓએ મન, કર્મ અને વચનથી જે જે દુષ્કૃત્યો કરેલા હોય તેને સમગ્રપણે જાણે છે. (૩૦) મુકિતના સાધનભૂત માનવશરીરને વ્યર્થ ગુમાવનારા પાપીજનોની ઉપર ક્રોધિત થયેલા યમરાજા તેમને નહિ જોતા સતા પોતાના દૂતો દ્વારા તે જીવોને નરકની અતિ તીવ્ર યાતનાઓ અપાવે છે. (૩૧)

**અઠ્ઠાવીસ નરકના કુંડો :-** તે યમપુરીમાં પાપ કર્મ કરનારા પુરુષોએ અનુભવ કરવા યોગ્ય એવા અતિ ભયંકર સોએ સો ને હજારો હજાર નરકના કુંડો આવેલા છે. (૩૨) તે કુંડોને વિષે પાપી જીવાત્માઓ દુરન્ત દુઃખોને પામે છે. હે માતા ! તે કુંડોમાંથી કેટલાક નર્કકુંડોના નામ હું તમને કહું છું તે તમે સાંભળો. (૩૩)

તામિસ્ર, અંધતામિસ્ર, મહારૌરવ, રૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, અન્ધકૂપ, શૂકરાસ્ય,સંદંશ, કૃમિભોજન, તપ્તસૂર્મિ, વૈતરણી, શાલ્મલિ, વજ્રકંટક, પ્રાણરોધ, પૂયોદ, સારમેયાદન, લાલાભક્ષ, વૈશાસન અયઃપાન, અવીચિકા, ક્ષારકર્દમ વગેરે નરકના મુખ્ય કુંડો છે તથા બીજા પણ હજારો કુંડો આવેલા છે. તે કુંડોમાં દુષ્કર્મ કરનારા જીવો આક્રંદ કરતા કરતા પીડાય છે. (૩૪ થી ૩૭)

કોપ પામેલા યમરાજા પાપી જીવોને દુઃખ દેવામાં તત્પર એવા પોતાના દૂતો દ્વારા જેવું જેનું પાપ તેને તેવા પ્રકારના નરકમાં નખાવે છે. (૩૮) યમકિંકરો પાપી જીવોનાં શરીરના અવયવોને કુહાડાથી કાપી કાપીને વજ્ર જેવા દાંતથી પોતે ખાય છે. અને તે પાપીઓને પણ ખવડાવે છે. પ્રજ્વલિત અગ્નિમાં બાળે છે. તપાવેલા તેલમાં નાખે છે. સર્પ, વીંછી, ગીધ અને કૂતરાઓ પાસે ખવડાવે છે. તથા જીવતા જ તેમનાં આંતરડાઓ બહાર ખેંચી કાઢે છે. તેમ છતાં ભોગ્ય કર્મને આધીન હોવાથી તે પાપીઓનું મૃત્યુ થતું નથી. (અર્થાત્ મરણતોલ થયેલા તેઓ ફરીથી જીવતા થાય છે.) (૩૯ થી ૪૧)

આ લોકમાં જે પાપીજનોએ જે જે પ્રાણધારી જીવોને જે જે પ્રકારે માર્યા હોય તે તે પ્રાણીઓ દ્વારા એજ રીતે મુદ્‌ગરધારી ક્રૂર યમકિંકરો તે પાપી જીવોને મરાવે છે. (૪૨) યમકિંકરો પાપી જીવોને હાથીઓના પગ નીચે કચરાવે છે. ક્યારેક પર્વત ઉપરથી પછાડે છે. ક્યારેક વિષ ભરેલા અગ્નિના ધુમાડામાં રુંધે છે. તેમજ ક્યારેક ખારા કાદવના જળમાં ફેંકે છે. (૪૩/૪૪) યમદૂતો પાપી જીવોને અગ્નિથી તપાવેલ લોહ પ્રતિમાની સાથે આલિંગન કરાવે છે. ત્રાક જેવી તીક્ષ્ણ લોખંડની સળીઓ તેનાં નેત્રોમાં ભરાવે છે. તેના કાનમાં ઉકળતા સીસાનો રસ રેડે છે. તથા વિષ્ટા, મૂત્ર અને વીર્યનું અત્યંત

रेतोविण्मूत्रपूयानि पाययन्ति च भूरिशः ॥४५॥ सीव्यन्ति दीर्घसूचीभिस्त्वचस्तेषां विदार्य च । निष्पेषयन्ति यन्त्रेषु तांश्च क्रूरा यमानुगाः ॥४६॥ एवंविधास्ते बहुशो यातनाः प्राप्नुवन्त्यथ । जरायुजाण्डजोद्भिज्जस्वेदजाख्याः खनीश्च ते ॥४७॥ गर्भवासमहादुःखं जन्मदुःखं ततो महत् । व्याधिदुःखं जरादुःखं मृत्युदुःखं पुनःपुनः ॥४८॥ आध्यात्मिकादि त्रिविधं दुःखं मातश्च ते जनाः । यथाकर्म लभन्ते वै रुदन्तो भुञ्जते च तत् ॥४९॥ युगानां च सहस्राणि शतानि च पुनःपुनः । भ्रमन्ति तासु ते जीवा भूरिदुःखमयीषु च ॥५०॥ प्राप्नुवन्तः सृतीरित्थं क्वापि कृष्णकृपावशात् । नरदेहं लभन्ते ते भवमुक्त्येकसाधनम् ॥५१॥ तं प्राप्य ये तु सत्सङ्गं कृत्वा कृष्णं भजन्ति ते । मुक्तिं च स्वेप्सितां भुक्तिं लभन्ते जननि! ध्रुवम् ॥५२॥ ये त्वसत्सङ्गतः स्त्र्यादौ सज्जन्तेऽत्र कुबुद्धयः । कृष्णभक्तिविहीनास्ते दुःखं यान्त्येव पूर्ववत् ॥५३॥ यमदूतकरान्प्राप्य महतीर्यान्ति यातनाः । योनीश्चतुरशीतिं च लक्षाणि पुनरेव ते ॥५४॥ एवं संसृतिदुःखं ये पश्यन्त्यत्र मुहुर्नृणाम् । तेषामुदेति वैराग्यं सत्सङ्गात्तच्च वर्धते ॥५५॥ ततो विरक्ताः कुर्वन्ति दुःखक्षयभयोज्झितम् । कृष्णाश्रयं सदानन्दं भीता दुःसङ्गतः सति ! ॥५६॥ वैराग्यहीनस्य सुखं नास्ति दुःखविवर्जितम् । भक्तिर्न वर्धते पुंसां वैराग्येण विना द्रुतम् ॥५७॥ मायिकेषु विरक्तानां पदार्थेषु विवर्धते । कृष्णेऽनुरागो जननि! तेन यान्ति परां गतिम् ॥५८॥

---

પાન કરાવે છે. (૪૫) ક્રૂર યમદૂતો પાપી જીવોની ચામડી ઉતારીને ફરી તેને લાંબા સૂયા વડે સીવે છે. તથા પાપીઓને ચિચોડામાં શેરડી પીલે તેમ પીલે છે. (૪૬)

**ચોર્યાશી લાખ પુનર્જન્મની પરંપરા :-** આ પ્રકારે પાપી જીવો બહુ પ્રકારે યમયાતના ભોગવે છે. ત્યાર બાદ જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ અને સ્વેદજ આ ચાર પ્રકારની ખાણમાં જન્મ ધારણ કરે છે. (૪૭) હે માતા ! ગર્ભવાસનું અતિશય દુઃખ મહા સંકટરૂપ છે. તેનાથી પણ જન્મનું દુઃખ અધિક કષ્ટદાયી છે તેને પામે છે. તથા અનેક પ્રકારની વ્યાધિઓની પીડા, વૃદ્ધાવસ્થાની પીડા અને મૃત્યુની પીડા વારંવાર પામે છે. (૪૮) હે માતા ! આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક આ ત્રણ પ્રકારનાં દુઃખને મનુષ્યો પોતપોતાનાં કર્મને અનુસારે પ્રાપ્ત કરે છે અને તે દુઃખોને રુદન કરતાં કરતાં ભોગવે છે. (૪૯) આ પ્રમાણે જીવાત્માઓ હજારો યુગો પર્યંત અત્યંત દુઃખથી ભરપૂર ચારે ખાણની ચોર્યાશી લાખ યોનિમાં વારંવાર ભ્રમણ કર્યા કરે છે. (૫૦)

જન્મમરણની પરંપરાને પામેલા જીવો ક્યારેક કોઈક સુકૃતવશાત્ ભગવાનની કૃપાના માધ્યમથી ભવબંધનથી મુક્તિના એકમાત્ર સાધનરૂપ મનુષ્યશરીરને પ્રાપ્ત કરે છે. (૫૧) હે માતા ! જે મનુષ્યો એવા શરીરને પામીને, સત્સંગ કરવા પૂર્વક ભગવાનની ભક્તિ કરે છે તેઓ નિશ્ચય ઈચ્છિત મુક્તિ અને ભુક્તિને પ્રાપ્ત કરે છે. (૫૨) જે કુબુદ્ધિવાળા મનુષ્યો કુસંગના યોગથી ભગવાનની ભક્તિથી વિમુખ થઈ સ્ત્રી આદિક પદાર્થોમાં બંધાય છે. તે જનો તો પૂર્વની માફક વારંવાર યમયાતનાને જ પામે છે. (૫૩)

તે પુરુષો અંત સમયે યમદૂતોના હાથમાં આવે છે અને ભયંકર યાતનાઓનો અનુભવ કરે છે. તથા ફરી ફરી ચોરાશી લાખ યોનિમાં ભટક્યા કરે છે. (૫૪) આ લોકમાં જે મનુષ્યો આ પ્રકારે પ્રાણીઓના દુઃખ તરફ વારંવાર દૃષ્ટિ કરે છે તેમના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને ઉત્પન્ન થયેલો વૈરાગ્ય સત્સંગના માધ્યમથી વૃદ્ધિ પામે છે. (૫૫) તે પછી હે સતી માતા! કુસંગથી ભય પામેલા વૈરાગ્યવાન પુરુષો દુઃખ અને ભયથી રહિત અને સદાય આનંદસ્વરૂપ એવા શ્રીકૃષ્ણ પરમાત્માનો આશ્રય કરે છે. (૫૬)

વૈરાગ્યરહિત પુરુષને દુઃખે રહિત એવું સુખ ક્યારેય પ્રાપ્ત થતું નથી. તથા વૈરાગ્ય વિના જીવાત્માને ભક્તિની વૃદ્ધિ થતી નથી. (૫૭) હે માતા ! માયિક પદાર્થોમાં વિરક્ત પુરુષોને ભગવાન શ્રીકૃષ્ણને વિષે અનુરાગ વૃદ્ધિ પામે છે અને તે અનુરાગથી આત્યંતિક મુક્તિરૂપ પરમ ગતિને પામે છે. (૫૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स्वरूपमित्थं जनयित्रि ! तुभ्यं प्रोक्तं विरक्तेः सह कारणेन । वदामि भक्तेरथ तन्मुमुक्षोरभीष्टदाया भवपाशबन्धात् ॥५९॥
इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां वैराग्यस्वरूपलक्षणनिरूपणनामा पञ्चत्रिंशोऽध्यायः ॥३५॥

श्रीहरिरुवाच – भजधातोस्तु सेवार्थः प्रेम क्तिन्प्रत्ययस्य च । स्नेहेन भगवत्सेवा भक्तिरित्युच्यते बुधैः ॥१॥ पतिव्रता यथा नारी सेवेत स्वपतिं तथा । अनन्यभावेन हरिं मुमुक्षुः सर्वदा भजेत् ॥२॥ श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥३॥ लक्षणानि नवैतानि तस्यां सन्ति हि येषु च । श्रित एकमपि प्राणी सभुक्तिं मुक्तिमाप्नुयात् ॥४॥ श्रवणं तत्र कर्तव्यं सर्वदा जन्मकर्मणाम्। श्रीकृष्णस्य स्वधर्मस्थतद्भक्तवदनात्सति! ॥५॥ वराहाद्यवताराणां श्रीकृष्णस्यैव यानि च । चरित्राण्यादरात्तानि श्रोतव्यानि मुमुक्षुणा ॥६॥ तथा श्रीकृष्णभक्तस्य प्रह्लादस्य ध्रुवस्य च । प्रियव्रताम्बरीषादेः श्रोतव्याऽऽदरतः कथा ॥७॥ कीर्तनं राधिकाभर्तुश्चरित्राणां च तत्सताम् । कर्तव्यं च कथावार्तास्तेषामेव सदादरात् ॥८॥ कृष्णतद्भक्तसम्बन्धग्रन्थानां पठनं तथा । पाठनं नित्यपाठश्च कर्तव्यः स्वहितार्थिना ॥९॥ छन्दोनिबद्धपद्यानां गद्यानां च व्रजेशितुः । संस्कृतानां प्राकृतानां कार्यं वा गायनं मुदा ॥१०॥ कौशल्ये सति वीणादिवाद्यानुगतमेव तत् । कार्यं वा तालिकाध्वानैस्तद्धीनं वापि कर्हिचित् ॥११॥ प्रभोः स्तुतिः प्रार्थना च नामसङ्कीर्तनं तथा । कार्यं श्लोकादिभिर्वाम्ब ! प्रीत्या वाक्यैर्मनोरमैः ॥१२॥

---

હે માતા ! આ પ્રમાણે ઉત્પત્તિના કારણે સહિત વૈરાગ્યનું સ્વરૂપ મેં તમને કહ્યું. હવે તમને હું ભવપાશના બંધન થકી મુક્ત થવાની ઈચ્છા ધરાવતા આત્માઓને ઈચ્છિત ફળ આપનાર ભક્તિનું સ્વરૂપ સમજાવું છું. (૫૯)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિગીતામાં વૈરાગ્ય સ્વરૂપ લક્ષણ નિરૂપણ નામે પાંત્રીશમો અધ્યાય: (૩૫)*

## અધ્યાય : ૩૬

## એકાંતિકી ભક્તિનું સ્વરૂપ

**ભક્તિનું સ્વરૂપ** :- શ્રીહરિ કહે છે, હે માતા ! ભજ ધાતુનો **'સેવા કરવી'** એવો અર્થ થાય છે. અને તેને લાગેલા 'ક્તિન્' પ્રત્યયનો **'સ્નેહ'** એવો અર્થ થાય છે. અર્થાત્ સ્નેહપૂર્વક ભગવાનની સેવા કરવી એને જ્ઞાની પુરુષોએ ભક્તિનું સ્વરૂપ કહ્યું છે. (૧) જેમ પતિવ્રતા નારી અનન્યભાવથી પોતાનાં પતિનું સેવન કરે છે એજ રીતે મુમુક્ષુજને અનન્ય ભાવથી શ્રીહરિનું સેવન કરી ભજનસ્મરણ કરવું. (૨)

ભગવત્કથાનું શ્રવણ, ભગવત્કીર્તન, ભગવત્સ્મરણ, ભગવાનનાં ચરણની સેવા, ભગવત્ અર્ચન, ભગવદ્ વંદન, ભગવાનને વિષે દાસભાવ, ભગવાનને વિષે સખાભાવ તેમજ આત્મસમર્પણ; (૩) આ પ્રમાણે ભક્તિના નવ પ્રકાર છે. નવ પ્રકારની ભક્તિમાંથી એક પણ ભક્તિનો જે જીવાત્મા આશ્રય કરે છે તેને ભુક્તિ સહિત મુક્તિ પ્રાપ્ત થાય છે. (૪)

**શ્રવણભક્તિ** :- હે માતા ! ધર્મનિષ્ઠ ભગવદ્ ભક્તોના મુખથી મુમુક્ષુએ નિરંતર ભગવાન શ્રીકૃષ્ણના પાવનકારી જન્મકર્મ (અર્થાત્ લીલાચરિત્રો)ની કથાનું શ્રવણ કરવું. તેમના વરાહાદિ અવતારોનાં કલ્યાણકારી ઉદાર ચરિત્રોનું શ્રવણ કરવું તેમજ તેમના અનન્ય ઉપાસક પ્રહ્લાદ, ધ્રુવ, પ્રિયવ્રત, અંબરીષ, ઉદ્ધવ વગેરે ભક્તજનોનાં ચરિત્રોની કથાનું આદરપૂર્વક શ્રવણ કરવું. (૫ થી ૭)

**કીર્તન ભક્તિ** :- રાધિકાપતિ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરિત્રોનું અને તેમના એકાંતિક ભક્તોનાં ચરિત્રોનું સંકીર્તન કરવું તેમજ આદર પૂર્વક તેમની કથાનું ગાન કરવું. (૮) આત્મશ્રેય ઈચ્છતા જનોએ શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના ભક્તોના સંબંધવાળા સદ્ગ્રંથો ભણવા, ભણાવવા અને નિયમપૂર્વક તેની પારાયણ કરવી. (૯) ભગવાનના સંબંધે યુક્ત સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાએ યુક્ત છંદોબદ્ધ ગદ્ય અને પદ્યનું પ્રેમપૂર્વક ગાન કરવું. (૧૦) વાદ્યવાદનમાં કુશળતા હોય તેમણે વાજિંત્રે સહિત અથવા તાલીના નાદની સાથે કીર્તન કરવું. અથવા તાલીવાદન કર્યા વિના પણ કીર્તન કરવું. (૧૧) હે માતા! શ્લોક તેમજ સુંદર વાક્યો દ્વારા પ્રીતિપૂર્વક પરમાત્માની સ્તુતિ, પ્રાર્થના અને નામ સંકીર્તન કરવું. (૧૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

साङ्गोपाङ्गा भगवतो मूर्तिश्चिन्त्या हृदम्बुजे । एकैकमङ्गं पादादि ततश्च हसितावधि ॥१३॥ नाम्नां वृन्दावनविधोः कर्तव्यं स्मरणं हृदा । चरित्राणां गुणानां च जप्तव्यस्तन्मनुस्तथा ॥१४॥ तथा गोलोकवैकुण्ठादीनां धाम्नां जगत्पतेः । तत्रत्यपार्षदादीनां कार्यं च स्मरणं प्रसूः ॥१५॥ पादसंवाहनं कार्यं प्रत्यक्षस्य तु सत्पतेः । अन्यथा मानसं कार्यं स्पर्शोऽङ्घ्रेः प्रतिमासु तु ॥१६॥ उत्पत्तिस्थितिनाशशक्तिमजयज्ञेशा हि यत्सेवया प्रापुः स्पर्शत एव यस्य च पुनात्यण्डं त्रिवर्त्मव्रजा । मायाकालभयं यदाश्रयवतां नश्यत्यथो सेव्यते यो राधाकमलादिभिर्भगवतोऽङ्घ्रिं तं न सेवेत कः ॥१७॥ यत्संसेवनतश्च पद्मनिलयादिभ्योऽपि कीर्तिं ययुर्भूयिष्ठां व्रजयोषितः कविवरव्यासादिगेयां भुवि । तल्लीलानरनाटनस्य चरणं वृन्दावनेन्दोर्मुदा सेव्यं संसृतिमुक्तिकामुकनरैस्तेषां हि नान्या गतिः ॥१८॥ अर्चनं तु द्विधा प्रोक्तं मातः ! कृष्णस्य सात्त्वतैः । आभ्यन्तरं तथा बाह्यं यथाशक्ति यथाविधि ॥१९॥ यथाश्रुतं हृदि ध्यात्वा कृष्णं मानसकल्पितैः । महोपचारैरर्चा तु प्रोक्तं तत्रादिमं बुधैः ॥२०॥ उपचारैर्यथालब्धैर्बहिः कृष्णस्य पूजनम् । यथाधिकारं वेदोक्तमन्त्राद्यैस्तद्द्वितीयकम् ॥२१॥ आद्यमादौ विधायैव द्वितीयं तत आचरेत् । चलायां प्रतिमायां तु कृष्णमावाह्य पूजयेत् ॥२२॥ मद्यमांसादिसंसर्गरहितैः शुचिभिस्तथा । द्रव्यैः प्रसिद्धैः कृष्णोऽर्च्यो ह्यन्यदेवासमर्पितैः ॥२३॥

---

**સ્મરણ ભક્તિ** :- હે માતા ! સાંગોપાંગ પરમાત્માની મૂર્તિનું હૃદયકમળમાં ચિંતવન કરવું. ત્યાર બાદ ચરણકમળ વગેરે મુખ પર્યંતનાં સમગ્ર અવયવોનું ચિંતવન કરવું. વૃંદાવનચંદ્ર પરમાત્માનાં નામોનું હૃદયમાં સ્મરણ કરવું. પરમાત્માનાં ચરિત્ર અને ગુણોનું સ્મરણ કરવું. પરમાત્માના નામમંત્રનો જપ કરવો. પરમાત્માનાં ગોલોક વૈકુંઠાદિ ધામ અને ધામના પાર્ષદોનું સ્મરણ કરવું. (૧૩/૧૫)

**પાદ સેવન ભક્તિ** :- પ્રત્યક્ષ પરમાત્માનાં શ્રીચરણોની ચંપી કરવી. પૃથ્વી પર પરમાત્માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ન હોય ત્યારે તો મનથી પગચંપી કરવી અને અર્ચાસ્વરૂપમાં બિરાજતા પરમાત્માનાં શ્રીચરણનો સ્પર્શ કરવો. (૧૬) જેમનાં ચરણકમળની સેવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાનું સામર્થ્ય પામ્યા છે. જેમનાં ચરણના સ્પર્શમાત્રથી સ્વર્ગ, પાતાળ અને મૃત્યુલોકમાં વહેતાં ગંગાજી બ્રહ્માંડને પાવન કરે છે. જેમનાં ચરણોનાં આશ્રયથી કાળ અને માયાનો ભય નાશ પામે છે. તેમનાં ચરણકમળની સેવા કયો પુરુષ ન કરે ? અર્થાત્ મુમુક્ષુજનો જરૂર સેવા કરે જ. (૧૭)

આ પૃથ્વી ઉપર વ્રજની ગોપાંગનાઓ જે ભગવાનની સેવા કરવાથી બ્રહ્માદિ દેવતાઓ કરતાં પણ અધિક તેમજ વ્યાસાદિ શ્રેષ્ઠ કવિઓએ પણ ગાન કરવા યોગ્ય સુકીર્તિને પામી છે. તે કારણથી સંસારનાં બંધનોથી મુક્ત થવાની ઈચ્છાવાળા મનુષ્યોએ દિવ્ય લીલાનો વિસ્તાર કરવા મનુષ્યનાટકને કરનારા વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ પરમાત્માનાં ચરણકમળનું પ્રેમથી સેવન કરવું. કારણ કે ભક્તજનોને તે ભગવાનની સેવા વિના બીજી કોઈ ગતિ નથી. (૧૮)

**અર્ચનભક્તિ** :- હે માતા ! ભગવદ્ ભક્તો (નારદ વગેરે) એ શાસ્ત્રવિધિ અને શક્તિ અનુસાર બાહ્ય અને આંતર એમ બે પ્રકારનું ભગવદ્ અર્ચન કહ્યું છે. (૧૯)

**(૧) આભ્યંતર અર્ચન** :- શાસ્ત્રમાં જેવા સાંભળ્યા હોય તેવા ને તેવા જ સ્વરૂપે બિરાજતા પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરી માનસિક સંકલ્પથી કલ્પેલાં પુષ્પચંદનાદિક મહા ઉપચારથી તે ભગવાનનું પૂજન કરવું. તેને જ્ઞાની પુરુષોએ આભ્યંતર અર્ચન કહ્યું છે. (૨૦)

**(૨) બાહ્ય અર્ચન** :- દેશકાળને અનુસારે પ્રાપ્ત થયેલા ઉપચારોથી પોતાના અધિકાર અનુસાર વેદોક્ત મંત્રાદિકથી ભગવાનનું બહાર (પ્રત્યક્ષ) પૂજન કરવું. તેને બાહ્ય પૂજન કહ્યું છે. (૨૧)

પ્રથમ આભ્યંતર પૂજન કરવું ને પછી બાહ્ય પૂજન કરવું. તે બાહ્ય પૂજન સમયે ભગવાનની ચલ પ્રતિમાને વિષે પ્રથમ શ્રીકૃષ્ણ ભગવાનનું આહ્વાન કર્યા પછી પૂજન કરવું. (૨૨) મદ્યમાંસના તથા કેશ-કીટાદિકનાં સંસર્ગે રહિત તેમજ અન્યદેવતાને અર્પણ ન કર્યા હોય તેવા પવિત્ર પદાર્થોથી શ્રીકૃષ્ણ પરમાત્માનું પૂજન કરવું. (૨૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

कृष्णं संस्नाप्य वासांसि धारयेत यथोचितम् । अलङ्कारांश्च विविधान् यथास्थानं तु धारयेत् ।।२४।। काश्मीरकेसरोपेतचन्दनाद्यनुलेपनम् । यथाऋत्वर्चकः कुर्यात् प्रेम्णा च तिलकं प्रभोः ।।२५।। हारान्सुगन्धिपुष्पाणामवतंसांश्च शेखरान् । भगवन्तं धारयित्वा धूपं दीपं समर्पयेत् ।।२६।। यथर्तु च यथाशक्ति नैवेद्यमुपकल्पयेत् । महानीराजनं कुर्याद्वादित्रनिनदैः सह ।।२७।। प्रदक्षिणां च स्तवनं प्रार्थनां च नमस्कृतिम् । कुर्यादित्थं प्रतिदिनं तत् कृष्णस्यार्चनं स्मृतम् ।।२८।। प्रातःसङ्गवमध्याह्नापराह्णेषु निशामुखे । कृष्णस्येत्थं पञ्चकालमर्चनं प्रोक्तमुत्तमम् ।।२९।। प्रत्यूषकाले मध्याह्ने सायं चेति त्रिरर्चनम् । मध्यमं ह्येककालं तत्कनीयोऽशक्तदेहिनाम् ।।३०।। जन्मोत्सवेषु सर्वेषु कृष्णस्यैकादशीषु च । कर्तव्या महती पूजा गीतवादित्रसंयुता ।।३१।। उपवासो जागरश्च कर्तव्यस्तेषु शक्तितः । पारणाहेषूत्सवेषु भोज्या विप्राश्च साधवः ।।३२।। धनिकः कारयेत्कृष्णमन्दिराणि दृढानि च । प्रतिष्ठां तेषु कृष्णस्य कारयेत्स महोत्सवैः ।।३३।। पूजाप्रवाहसिद्ध्यर्थं ग्रामक्षेत्रधनादिभिः । तद्वृत्तिमपि निर्बाधां सान्तत्येनैव वर्तयेत् ।।३४।। कूपं वापीं तडागादिं कृष्णार्थं पुष्पवाटिकाम् । कारयेद्वैष्णवान् यज्ञानहिंसान्विदधीत च ।।३५।। श्रीकृष्णस्यैव मन्त्राणां पुरश्चर्यां विधानतः । ग्रन्थानां तत्पराणां च कारयेद्वैष्णवैर्द्विजैः ।।३६।। कृष्णार्चाशिष्टगन्धाद्यैरर्च्याः सर्वाश्च देवताः। पितरः साधवो विप्रास्तर्प्याः कृष्णार्पितान्धसा ।।३७।।

---

પૂજા કરનારા ભક્તજને પ્રથમ શ્રીકૃષ્ણ પરમાત્માને સ્નાન કરાવવું. ત્યારબાદ યથાયોગ્ય વસ્ત્ર પરિધાન કરાવવાં. વિવિધ અલંકારો યથાસ્થાને ધારણ કરાવવાં. (૨૪) ઋતુ પ્રમાણે સુંદર કુંકુમ અને કેસરે યુક્ત ચંદનનું લેપન કરવું. લલાટમાં તિલક કરવું. (૨૫) સુગંધીમાન પુષ્પના હાર, ગુચ્છ અને તોરાઓ ધરાવવા. ધૂપ, દીપ વગેરે અર્પણ કરવું. (૨૬) ઋતુ અને શક્તિ અનુસાર નૈવેદ્ય નિવેદન કરવું. વાજિંત્રોના નાદની સાથે આરતી ઉતારવી. (૨૭) તેમજ પ્રદક્ષિણા, સ્તુતિ, પ્રાર્થના અને નમસ્કાર કરવા. આ પ્રકારે પ્રતિદિન આચરણ કરવું તેને પરમાત્માનું અર્ચન કહેવામાં આવે છે. (૨૮)

**ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પૂજન** :- પ્રાતઃસમય, સંગવસમય (અર્થાત્ સૂર્યોદય પછી છ ઘડીનો સમય તે પ્રાતઃકાળ અને ત્યારબાદ તેટલો જ, છ ઘટિકાત્મક સમય તેને સંગવ કહે છે.) તથા મધ્યાહ્ન સમય, અપરાહ્ન સમય; અને સાયં સમય (અહીં દિવસનાં આ પાંચેય સમય છ છ ઘડીનાં કહ્યા છે.) આ પાંચ વખત શ્રીકૃષ્ણ પરમાત્માનું પૂજન કરવું તેને ઉત્તમ પૂજન કહ્યું છે. (૨૯)

પ્રાતઃ સમય, મધ્યાહ્ન સમય, અને સાયં સમય આમ ત્રણ વખત પૂજન કરવું તેને મધ્યમ પૂજન કહ્યું છે. પ્રાતઃ સમયે એક વાર જ પૂજન કરવું તેને કનિષ્ઠ પૂજન કહ્યું છે. અને આ પ્રકારે શાસ્ત્રમાં એક વાર પૂજન કરવાનું જે કહ્યું છે તે માત્ર અશક્ત પુરુષોને અર્થે કહ્યું છે. (૩૦)

ભગવાનના પ્રાગટ્યના દિવસે તેમજ સર્વ એકાદશીના વ્રતના દિવસોમાં ગીત તથા વાજિંત્રોના નાદની સાથે ભગવાનનું મહા પૂજન કરવું, શક્તિ અનુસાર ઉપવાસ કરવો. જાગરણ કરવું. પારણાં કરવાં તેમજ ઉત્સવના દિવસોમાં સાધુ તથા બ્રાહ્મણોને જમાડવા. (૩૧/૩૨) ધનવાન ગૃહસ્થોએ નવ્યભવ્ય તેમજ સુદૃઢ શિખરબદ્ધ વગેરે હરિ-મંદિરોનાં નિર્માણ કરવાં. તથા તે મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિથી મહોત્સવ ઉજવવા પૂર્વક ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરાવવી. (૩૩)

પરમાત્માના નિત્ય પૂજનને અર્થે ગામ-ક્ષેત્ર-ધન આદિકનાં દાન કરીને મંદિરની આજીવિકાનો પ્રવાહ નિર્બાધપણે સતત ચાલુ રહે તેમ કરવું. (૩૪) ભગવાનને અર્થે વાવ,કૂવા, તળાવ અને પુષ્પવાટિકાનું નિર્માણ કરાવવું તથા હિંસા રહિત વિષ્ણુયાગનું અનુષ્ઠાન કરવું. (૩૫) ભગવદ્ આશ્રિત બ્રાહ્મણો દ્વારા શ્રીકૃષ્ણ પરમાત્માના જ અષ્ટાક્ષરાદિક મંત્રોનું યથાવિધિ પુરશ્ચરણ કરાવવું તથા ભગવત્ સંબંધી સદ્ગ્રંથોની પારાયણ કરાવવી. (૩૬) ભગવત્ પૂજન કરતાં બાકી રહેલા પ્રસાદીભૂત ચંદનાદિ દ્રવ્યથી સર્વે દેવતા, પિતૃ, સાધુ અને બ્રાહ્મણોનું પૂજન કરવું. તેમજ ભગવાનના પ્રસાદીભૂત નૈવેદ્યથી તે સર્વેને તૃપ્ત કરવા. (૩૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

साष्टाङ्गं वन्दनं कार्यं श्रीकृष्णाय च पूरुषैः पञ्चाङ्गमेव नारीभिर्भक्ताभिस्तु शुचिव्रते! ॥३८॥ श्रीकृष्णपादस्पृष्टेषु रजःसु परिलुण्ठनम् । कार्यमक्रूरवच्छीर्षे निधातव्यानि तानि च ॥३९॥ दास्यं भगवतः कार्यं हित्वा मानं च दूरतः । यथाकालं दास इव परिचर्यापरो भवेत् ॥४०॥ स्वयमेवाहरेत्तोयं कृष्णार्थं कुसुमानि च । तुलसीं घर्षयेद्गन्धं कुर्यात् पाकं शुचिः शुभम् ॥४१॥ तालवृन्तादिभिः कृष्णं वीजयेच्च यथाऋतु। सम्मार्जनं चोपलेपं कुर्याच्छ्रीकृष्णमन्दिरे ॥४२॥ यथोचितं च भक्तानामन्नतोयफलादिभिः। कुर्वीत सेवनं प्रीत्या निर्मानः प्रणमेच्च तान् ॥४३॥ द्रौपद्यर्जुनवत्कार्यं सख्यं कृष्णेन मानदे! । देहस्त्रीपुत्रवित्तादेः कार्यः स्नेहोऽधिकः प्रभौ ॥४४॥ मानुष्यनाट्यं दधतः क्रियास्वस्य न दोषधीः । क्वापि कार्योऽथ विश्वासः कार्योऽस्यैव दृढः सति! ॥४५॥ लक्षणं नवमं भक्तेः शृण्वथात्मनिवेदनम् । कृष्णार्थ एव कर्तव्य आत्मा जननि ! सर्वथा ॥४६॥ देहेन्द्रियान्तःकरणस्वभावानां तथा पितुः । पुत्रादेः स्वजनस्यापि वशे वर्तेत न क्वचित् ॥४७॥ कृष्णाधीनो भवेन्नित्यं कृष्णार्थसकलक्रियः । कृष्णभक्तौ विघ्नकृतः स्वभावस्वजनांस्त्यजेत् ॥४८॥ कृष्णस्यैवेक्षणं कुर्याद्दृशा श्रुत्या च तत्कथाम् । शृणुयाच्च त्वचा स्पर्शं कुर्यात्तस्यैव पादयोः ॥४९॥ तद्गुणोच्चारणे जिह्वां तन्नैवेद्याशने तथा । कुर्यान्नासां तदुच्छिष्टपुष्पाद्याघ्रहणे परम् ॥५०॥ हस्तौ तत्परिचर्यायां शीर्षं तदभिवन्दने । प्रदक्षिणायां तस्याङ्घ्री कुर्यात्तन्निकषागतौ ॥५१॥ सङ्कल्पान्मनसा कुर्यात्कृष्णस्यैव च निश्चयम् । धिया च चेतसाऽस्यैव कुर्याच्चिन्तनमञ्जसा ॥५२॥ कृष्णदासत्वाभिमानः स्वस्मिन्कार्यस्तथाऽहमा । कृष्णार्थमेव कार्या च कृषिर्व्यापार उद्यमः ॥५३॥ यद्यत्स्वेष्टं भवेत्तत्तत्कृष्णायैव निवेदयेत् । गन्धपुष्पांशुकादीनि तत्प्रसादीनि धारयेत् ॥५४॥

---

**વંદન ભક્તિ** :- હે પવિત્ર વ્રતવાળા માતા ! પુરુષોએ પરમાત્માને સાષ્ટાંગ પ્રણામ કરવા. ભક્તિમાન સ્ત્રીઓએ પંચાગ પ્રણામ કરવા. અક્રૂરની પેઠે પરમાત્માનાં ચરણકમળના સંબંધે યુક્ત રજમાં આળોટવું તેમજ તે રજને પોતાના મસ્તક ઉપર ચડાવવી. (૩૮/૩૯)

**દાસ્યભક્તિ** :- અભિમાનનો દૂરથી જ ત્યાગ કરી પરમાત્માના દાસ થઈને રહેવું. તથા સમયે સમયે દાસભાવથી સેવકની જેમ પરમાત્માની સેવાપરાયણ બનવું. (૪૦) ભગવાનને અર્થે જાતે જ જળ લાવવું. પુષ્પ લાવવાં. તુલસી ઉતારવાં. ચંદન ઘસવું તેમજ પવિત્ર થઈને રસોઈ બનાવવી. (૪૧) ઋતુ અનુસાર વીરણના વીજણાથી પરમાત્માની પરિચર્યા કરવી. પરમાત્માનું મંદિર વાળવું. પરમાત્માનું મંદિર લીંપવું. તથા અન્ન, જળ, ફળ, વગેરે પદાર્થોથી ભગવદ્ ભક્તોની પણ સ્નેહપૂર્વક સેવા કરવી તેમજ નિર્માની ભાવે તેમને નમસ્કાર કરવા. (૪૨/૪૩)

**સખાભક્તિ** :- હે સર્વને માન આપનારાં માતા ! દ્રૌપદી અને અર્જુનની પેઠે ભગવાનની સાથે સખાભાવ રાખવો. તથા શરીર, સ્ત્રી, પુત્ર અને ધન કરતાં પણ પરમાત્માને વિષે અધિક સ્નેહ કરવો. (૪૪) હે માતા! મનુષ્ય નાટકને ધરનારા પરમાત્માનાં ચરિત્રોમાં ક્યારેય દોષબુદ્ધિ ન કરવી. તથા તેમને વિષે દૃઢ વિશ્વાસ રાખવો. (૪૫)

**આત્મનિવેદન ભક્તિ** :- હે માતા ! હવે હું તમને 'આત્મનિવેદન' નામની નવમી ભક્તિનું લક્ષણ કહું છું. તે તમે સાંભળો. પોતાના દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણાદિ સહિત આત્મસ્વરૂપને ભગવાનને અર્થે સર્વપ્રકારે સમર્પણ કરવું. ક્યારેય દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, સ્વભાવ તેમજ પિતા અને પુત્ર વગેરે સંબંધીજનોને આધીન થવું નહિ. (૪૬/૪૭) ભગવાન શ્રીકૃષ્ણને અર્થે જ સમગ્ર ક્રિયા કરનારા ભક્તજને ભગવાનને આધીન થઈને રહેવું તેમજ ભગવદ્‌ભક્તિમાં અંતરાયરૂપ થનારા પોતાના સ્વભાવ અને સ્વજનોનો પણ ત્યાગ કરવો. (૪૮)

નેત્રથી ભગવાનના સ્વરૂપનું દર્શન કરવું. કાનથી તેમની કથા સાંભળવી. ત્વચાથી તેમનાં ચરણનો સ્પર્શ કરવો. (૪૯) રસનાથી તેમના ગુણાનુવાદ ગાવા અને નૈવેદ્યનું ભક્ષણ કરવું. નાસિકાથી તેમને અર્પણ કરેલાં પુષ્પાદિકની સુગંધ લેવી. (૫૦) હાથથી તેમની સેવા કરવી. મસ્તકથી તેમને વંદન કરવાં. પગથી તેમની પ્રદક્ષિણા કરવી તથા તેમની સમીપે જવું. (૫૧) મનથી તેમના જ સંકલ્પ કરવા. બુદ્ધિથી તેમનો નિશ્ચય કરવો. ચિત્તથી તેમનું ચિંતવન કરવું. (૫૨) અહંવૃત્તિથી પોતામાં દાસત્વપણાનું અભિમાન કરવું. ભગવાનને અર્થે જ ખેતી, વ્યાપાર વગેરે ઉદ્યમ કરવા. (૫૩) જે જે વસ્તુ-પદાર્થ પોતાને પ્રિય હોય તે સર્વે ભગવાન શ્રીકૃષ્ણને જ અર્પણ કરવા. પરમાત્માનાં પ્રસાદીભૂત ચંદન, પુષ્પ અને વસ્ત્રો ધારણ કરવાં. (૫૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

पत्रमात्रमपि क्वापि कृष्णायानर्पितं तु यत् । तन्न भक्ष्यं तथाभूतं न पेयं वारि चानघे! ।।५५।। तपोयज्ञव्रतं दानं वैष्णवानां च सेवनम् । प्रसन्नतायै कृष्णस्य कर्तव्यं तस्य सेवकैः ।।५६।। एवं भजन्ति ये कृष्णं श्रुत्यादिनवलक्ष्मया । भक्त्या ते कथिता भक्ता द्विविधास्तेऽपि कीर्तिताः ।।५७।। तत्राद्यास्तु सकामास्ते धर्ममर्थं च विस्तृतम् । कामं च स्वेप्सितं मोक्षं कृष्णादेवाप्नुवन्ति हि ।।५८।। देहान्ते ते च कृष्णस्य गोलोकादिषु धामसु । लभन्ते स्वेष्टसौख्यानि तस्मादेवाक्षयाणि हि ।।५९।। निष्कामा इतरे ते तु कृष्णसेवनमन्तरा । मुक्तीश्चतुर्विधा सिद्धीश्चाष्टौ नेच्छन्ति कर्हिचित् ।।६०।। दीयमानं भगवताप्यैश्वर्यमिदमूर्जितम् । तस्य सेवान्तरायत्वान्न गृह्णन्ति हृदाऽपि ते ।।६१।। निष्कामभावेनेत्थं यो मातः ! कृष्णं भजेन्नरः । भक्तोत्तमः स विज्ञेयः पूर्णो हृदयमस्य हि ।।६२।। भगवन्तं प्रतिदिनं सेवमानस्य तस्य च । प्रेमा विवर्धतेऽत्यर्थं स च विघ्नैर्न हन्यते ।।६३।। यथा प्रवाहो गङ्गाया अन्तरायान् गिरीनपि । विभिद्यावगणय्याशु समुद्रमभियाति हि ।।६४।। तथा प्रेमाऽस्य भक्तस्य देशकालक्रियामुखान् । विघ्नान्महत उल्लङ्घ्य कृष्णमेव प्रपद्यते ।।६५।। आन्तराणां च बाह्यानां करणानां तु सर्वशः । स्वभावाद्वृत्तयः कृष्णे तस्य स्युर्विषयेष्विव ।।६६।। साक्षात्कृष्णे भगवति प्राप्तस्नेहभरः स तु । नानुरक्तो भवेत्क्वापि तं विनाऽन्यत्र वस्तुनि ।।६७।। लोकेऽस्ति द्विविधं वस्तु रमणीयं तथेतरत् । तत्रास्य रमणीयं यद्दुःखरूपं भवेद्धि तत् ।।६८।। अरम्येषु पदार्थेषु क्वापि किञ्चित्सुखं भवेत् । रम्येषु तु महद्दुःखं भवेत्कृष्णानुरागिणः ।।६९।।

હે નિષ્પાપ માતા ! ભગવાનને નિવેદન કર્યા વિના પત્રનું પણ ભક્ષણ કરવું નહિ કે જળનું પણ પાન કરવું નહિ. (૫૫) આત્મનિવેદી ભક્તોએ પરમાત્માની પ્રસન્નતાર્થે જ તપ, દાન,યજ્ઞ અને ભક્તજનોની સેવા કરવી. (૫૬) આ પ્રકારે શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિ દ્વારા જે જનો ભગવાનને ભજે છે, તેમને ભક્તો કહેલા છે. તે ભક્તો પણ બે પ્રકારના છે. (૫૭)

**સકામભક્ત :-** તે ભક્તોમાં એક જે સકામ ભક્ત છે તે ભક્ત જે તે પરમાત્મા થકી જ ધર્મ, પુષ્કળ ધન, ભોગ અને ઈચ્છિત મોક્ષને પ્રાપ્ત કરે છે. (૫૮) સકામ ભક્તો દેહને અંતે પરમાત્મા થકી જ તેમના ગોલોકાદિ ધામોમાં મનોવાંછિત શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. (૫૯)

**નિષ્કામભક્ત :-** બીજા નિષ્કામ ભક્તજનો છે. તે ભક્ત ભગવાનની સેવા વિના ચાર પ્રકારની મુક્તિને પણ ક્યારેય ઈચ્છતા નથી. તેમજ અણિમાદિ અષ્ટ સિદ્ધિઓને પણ ઈચ્છતા નથી. (૬૦) ઐશ્વર્યને પરમાત્માની સેવામાં અંતરાયરૂપ જાણનારા આ નિષ્કામી ભક્તોને સ્વયં ભગવાન અતિશય ઐશ્વર્ય અર્પણ કરે છે, તેમ છતાં મનથી પણ તેનો સ્વીકાર કરતા નથી. (૬૧) હે માતા ! જે મનુષ્ય આ પ્રકારે નિષ્કામ ભાવથી શ્રીકૃષ્ણ પરમાત્માને ભજે છે તેને શ્રેષ્ઠ ભક્ત જાણવો. તેને કૃતકૃત્ય સમજવો. તેમજ તેને પરમાત્માનું હૃદય (અર્થાત્ હૃદયમાં રહેલા આત્માની જેમ તે ભક્ત પ્રભુને પ્રિય છે એમ) જાણવું. (૬૨)

પ્રતિદિન ભગવાનની નિષ્કામ ભાવથી સેવા કરનારા ભક્તને ભગવાનને વિષે પ્રેમ અત્યંત વૃદ્ધિ પામે છે. તે પ્રેમ કોઈ પણ પ્રકારનાં વિઘ્નોથી નાશ પામતો નથી. (૬૩) જેવી રીતે ગંગાજીનો પ્રવાહ પોતાનો અવરોધ કરનાર હિમાલયાદિ પર્વતોને પણ નહિ ગણી, તેમને ભેદી-વિદારણ કરીને સમુદ્ર પ્રત્યે ગતિ કરે છે. (૬૪) તેવી જ રીતે નિષ્કામ ભક્તનો સ્નેહ અસત્ દેશ, કાળ, ક્રિયા વગેરે અતિપ્રબળ વિઘ્નોનું ઉલ્લંઘન કરી શ્રીકૃષ્ણ પ્રત્યે જ ગતિ કરતો રહે છે. (૬૫)

પ્રાકૃત પંચ વિષયોમાં આસક્ત પુરુષને જેમ વિષયોમાં ઈન્દ્રિયોની વૃત્તિઓનો વ્યાપાર (પ્રવૃત્તિરૂપ ઉદ્યમ) સહજ રહેલો છે, તે જ રીતે નિષ્કામ ભક્તજનને પોતાની બાહ્ય અને આંતર ઈન્દ્રિયોની વૃત્તિઓનો વ્યાપાર સહજ રીતે ભગવાનના સ્વરૂપમાં જ રહે છે. (૬૬) પ્રગટ પ્રમાણ શ્રીકૃષ્ણ પરમાત્માને વિષે પરમ સ્નેહને પામેલો ભક્ત ભગવાન વિના ઈતર વસ્તુમાં ક્યાંય પ્રીતિ કરતો નથી. (૬૭)

**એકાંતિક ભક્તની સ્થિતિ :-** આ લોકમાં બે પ્રકારની વસ્તુ છે. એક રમણીય અને બીજી અરમણીય. ભગવદ્ ભક્તને રમણીય વસ્તુ દુઃખરૂપ જ લાગે છે. (૬૮) ભગવાન શ્રીકૃષ્ણને વિષે ગાઢ અનુરાગવાળા ભક્તને અરમણીય પદાર્થોમાં ક્યારેક કિંચિત્ સુખ (દેહનિર્વાહ માટે) થાય છે, પરંતુ રમણીય પદાર્થોમાં તો અતિશય દુઃખ જ થાય છે. (૬૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विषपङ्कायते तस्य मलयागुरुचन्दनम् । सर्पायन्ते पुष्पहारा भूषणं दूषणायते ॥७०॥ रुचिराः कौसुमाः शय्या दीप्तपावकसन्निभाः । भवन्ति तस्य चन्द्रोऽपि भक्तस्य तपनायते ॥७१॥ रुचिरं मन्दिरं तस्य घोरारण्यायते नवम् । सुगन्धिः शीतलो वायुर्दावज्वालायते भृशम् ॥७२॥ भारायते सूक्ष्मवासः स्वजनश्च वृकायते। रूपं कुष्ठायते तस्य स्वादु भोज्यं विषायते ॥७३॥ मनोज्ञं गायनं तस्य तीक्ष्णबाणायते तथा । राक्षसीव भवत्येव नारी देवाङ्गनोपमा ॥७४॥ स्नेहोऽनुमेयो भक्तस्य चिह्नैरेतैर्विरागिणः । कृष्ण एव स्फुरत्येकस्तस्यान्तश्च बहिः सदा ॥७५॥ सहसा स्फुरितं स्नेहात्तं दृष्ट्वा हसति क्वचित् । क्वचिद्व्रजन्तमालोक्य विरहादिव रोदिति ॥७६॥ आनन्दान्नृत्यति क्वापि क्वापि सम्भाषतेऽमुना । साष्टाङ्गं वन्दते क्वापि क्वचित्तूष्णीं च तिष्ठति ॥७७॥ अपराधान् क्षमस्वेति क्वापि प्रार्थयते हरिम् । स्नेहेन विवशः क्वापि स च गायति निस्त्रपः ॥७८॥ हरे ! नारायण ! स्वामिन् ! कृष्ण ! गोविन्द ! माधव! । इत्याद्याः कीर्तयत्युच्चैरभिधाः क्वापि सत्पतेः ॥७९॥ इत्यादिभिर्बहुविधैश्चिह्नैः स उपलक्षितः । पुनाति भुवनं भक्तः स्वपादरजसाऽखिलम् ॥८०॥ अनायासेनैव मातर्भवत्यस्य हरेस्तनौ । निरोधः प्राणमनसोः प्रेमभक्तस्य निश्चितम् ॥८१॥ प्रारब्धान्ते विहायासौ पुमान्वा स्त्री कलेवरम्। गुणान्मायामयांस्त्रींश्च हित्वा भवति निर्गुणः ॥८२॥ दिव्यां तनुं ब्रह्मरूपां प्राप्य कृष्णेच्छया स च । दिव्यं विमानमारुह्य स्वेष्टं तद्धाम याति वै ॥८३॥ गोलोके सोऽक्षरे धाम्नि वैकुण्ठे वापि भक्तराट् । कृष्णस्य वर्ततेऽखण्डं सेवायां सर्ववन्दितः॥८४॥ तेन कृष्णेन दत्तानि ह्यनन्तान्यक्षयाणि च । तत्र दिव्यानि सौख्यानि प्राप्नोति जननि ! ध्रुवम् ॥८५॥ अध्यात्मशास्त्रमिति ते मया प्रोक्तमशेषतः । एतावदेव जीवानां मतं निःश्रेयसाय मे ॥८६॥

---

ભગવદ્‌ભક્તને અગરુ ચંદનનો લેપ વિષના કાદવ સમાન લાગે છે. સુગંધી પુષ્પની માળા કાળા સર્પ સમાન લાગે છે. આભૂષણ મહા દૂષણરૂપ લાગે છે. સુંદર પુષ્પની શય્યાઓ પ્રદીપ્ત અગ્નિની જ્વાળા સમાન લાગે છે. શરદ ઋતુનો ચંદ્ર ગ્રીષ્મ ઋતુના સૂર્ય સમાન લાગે છે. નૂતન મનોહર મહેલ ભયંકર મહાવન જેવો લાગે છે. સુગંધી શીતળ વાયુ પણ અતિશય દાવાનળ સમાન અતિ દુઃખદાયી લાગે છે. સૂક્ષ્મ વસ્ત્ર ભારરૂપ લાગે છે. સ્વજનો વરુ સમાન લાગે છે. રૂપની સૌંદર્યતા શ્વેત કોઢ સમાન લાગે છે. સ્વાદુ ભોજન ઝેર સમાન લાગે છે. મનોહર ગ્રામ્ય ગીત ગાયન તીક્ષ્ણ બાણ સમાન લાગે છે. તેમજ દેવાંગના સમાન દેખાતી નારી ભક્તને રાક્ષસી સમાન લાગે છે. (૭૦ થી ૭૪)

હે માતા ! આ ચિહ્નોથી વૈરાગ્યવાન ભક્તજનનો સ્નેહ અનુમાન કરી, જાણી શકાય છે. આવા સ્નેહી ભક્તના અંતરમાં અને બહાર નિરંતર એક પરમાત્મા જ ભાસે છે. (૭૫) ક્યારેક અકસ્માત્ સ્ફુરાયમાન થયેલા પરમાત્માનાં દર્શન કરી ભક્તજન હસે છે. ક્યારેક તેમને અદ્રશ્ય થતા જોઈ વિરહથી રુદન કરે છે. ક્યારેક આનંદથી નૃત્ય કરે છે. ક્યારેક તેમની સાથે સંભાષણ કરે છે. ક્યારેક સાષ્ટાંગ પ્રણામ કરે છે. ક્યારેક મૌન રહે છે. ક્યારેક 'હે હરિ ! મારા અપરાધોને ક્ષમા કરો' આ પ્રકારે પ્રાર્થના કરે છે. ક્યારેક સ્નેહથી પરવશ બનેલો ભક્ત લોકલજ્જાનો ત્યાગ કરી સંકીર્તન કરે છે. ક્યારેક 'હે હરિ! હે નારાયણ ! હે ગોવિંદ ! હે માધવ !' આ પ્રકારે સંતોના સ્વામી ભગવાનનાં નામોનું ઉચ્ચ સ્વરે કીર્તન કરે છે. (૭૬ થી ૭૯)

આ પ્રકારે અનેક લક્ષણોથી વિશિષ્ટ ભગવદ્ ભક્ત પોતાનાં ચરણકમળની રજથી આ બ્રહ્માંડરૂપ સમગ્ર ભુવનને પાવન કરે છે. (૮૦) હે માતા ! આ પ્રેમી ભક્તને પ્રયાસ વિના જ સહજ પરમાત્માના સ્વરૂપમાં પ્રાણ અને મનની વૃત્તિનો નિરોધ થાય છે. (૮૧) આ પ્રમાણે ભક્તિમાન સ્ત્રી અથવા પુરુષ પોતાનાં પ્રારબ્ધકર્મને અંતે શરીરનો ત્યાગ કરી માયાજન્ય ગુણોથી પર થઈ નિર્ગુણ સ્થિતિને પ્રાપ્ત કરે છે. તથા ભગવદ્ ઈચ્છાથી બ્રહ્મમય શરીરને પ્રાપ્ત કરી દિવ્ય વિમાનમાં બેસી પોતાને પ્રિય ભગવદ્‌ધામમાં સિધાવે છે. (૮૨/૮૩)

આ ભક્તરાજ સ્વયં ગોલોક, વૈકુંઠ અથવા અક્ષરધામમાં અખંડ ભગવાનની સમીપે સેવામાં સદાય હજુર રહે છે. ત્યાં તે તે ધામનાં મુક્તો પણ તેને વંદન કરે છે. (૮૪) હે માતા ! તે ધામને વિષે પરમાત્માએ અર્પણ કરેલાં અનંત શાશ્વત દિવ્ય સુખને નિષ્કામ ભક્ત પ્રાપ્ત કરે છે. (૮૫) આ પ્રકારે મેં તમને સમગ્ર અધ્યાત્મશાસ્ત્રનું રહસ્ય સમજાવ્યું. જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે આટલીજ વાત પર્યાપ્ત છે. એમ હું માનું છું. (૮૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

वेदानां पञ्चरात्रस्य रहस्यं साङ्ख्ययोगयोः । धर्मशास्त्रस्य चाप्येतद्विस्पष्टमुदितं मया ॥८७॥ तस्मादेतद्भवत्यापि श्रेयसे धार्यमात्मनि । तेन मुक्ता सर्वकष्टात्प्राप्स्यसे परमं सुखम् ॥८८॥ एतद्रहस्यं परमं यः श्रोष्यति पठिष्यति । भविष्यति तयोः कृष्णे भक्तिश्च सुखमीप्सितम् ॥८९॥ सुव्रत उवाच – रहस्यमिति पुत्रेण गीतं माता निशम्य सा । प्रसन्नहृदयाऽत्यन्तं प्रोचे निःसंशया सती ॥९०॥ प्रेमवत्युवाच – स्वधर्मज्ञानवैराग्यैरुपेता नवलक्षणा ॥ भक्तिः कृष्णे त्वया प्रोक्ता नृणां श्रेयस्करी हरे ! ॥९१॥ स तु कृष्णस्त्वमेवासि हरिनामाऽत्र साम्प्रतम् । निश्चयेनेति जानामि त्वद्वाक्यैर्नष्टसंशया ॥९२॥ त्वय्येव संयोज्य मनो मायाकालसमुद्भवात् । समग्रकष्टान्मुक्तास्मि यामि धामाद्य ते परम् ॥९३॥ सुव्रत उवाच – इत्युक्त्वा सा तमेवान्तर्हरिं नारायणं प्रभुम् । दध्यौ विशुद्धमनसा तेनाभूद्देहविस्मृतिः ॥९४॥ गीतामेतां हि साक्षाद्धरिमुखकमलान्निःसृतां वेदसारं कृष्णं संपूज्य भक्त्या प्रतिदिनमखिलामत्र वाध्यायमेकम् । नानाकामाभिलाषी ननु धरणिपते ! यः पठेद्वा निशाम्येद्यायात्स्वेष्टं स सौख्यं त्वरितमथ जनः कृष्णभक्तिं निराशीः ॥९५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां भक्तिस्वरूपलक्षणनिरूपणनामा षट्त्रिंशोऽध्यायः ॥३६॥

**॥ इति हरिगीता समाप्ता ॥**

---

હે માતા ! ચારવેદ, પંચરાત્ર શાસ્ત્ર, સાંખ્ય, યોગ તેમજ ધર્મશાસ્ત્રનું રહસ્ય મેં તમને અતિ સ્પષ્ટપણે સમજાવ્યું. (૮૭) હે માતા ! તમારા આત્મકલ્યાણને અર્થે આ પરમ રહસ્યને અંતરમાં ધારણ કરો. આ રહસ્યના ચિંતવનથી તમે સમગ્ર કષ્ટથી મુક્ત થશો અને પરમ સુખને પામશો. (૮૮) આ પરમ રહસ્યને જે કોઈ મનુષ્ય સાંભળશે અથવા પાઠ કરશે તેને ભગવાનના સ્વરૂપમાં ભક્તિ પ્રગટ થશે તેમજ તે ઈચ્છિત સુખને પામશે. (૮૯)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પુત્રરૂપ પરમાત્મા શ્રીહરિએ ગાન કરાયેલ અધ્યાત્મશાસ્ત્રના રહસ્યનું શ્રવણ કરી માતાનું હૃદય અત્યંત પ્રસન્ન થયું. અને નિઃસંશય બનેલાં માતા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યાં. (૯૦) માતા પ્રેમવતી કહે છે, હે હરિ! તમે જે શ્રીકૃષ્ણ પરમાત્માની ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત નવ પ્રકારની ભક્તિ કરવાની વાત કરી તે શ્રીકૃષ્ણ તો સ્વયં તમે જ છો. **'હરિ'** નામથી અત્યારે આ લોકમાં પ્રસિદ્ધ છો. એમ હું નિશ્ચય જાણું છું. કારણ કે તમારાં વચનોથી મારા સમગ્ર સંશયો દૂર થયા છે. (૯૧/૯૨)

તમારા સ્વરૂપમાં મન જોડવાથી હું અનાદિ અવિદ્યારૂપ માયા અને કાળથી ઉત્પન્ન થયેલા સમગ્ર દુઃખ થકી મુક્ત બની છું. અને હાલમાં તમારા સર્વ શ્રેષ્ઠ અક્ષરબ્રહ્મ નામના ધામમાં સિધાવું છું. (૯૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહી ભક્તિમાતા સર્વસમર્થ અને સર્વના અંતર્યામી એવા નારાયણ શ્રીહરિનું પોતાનાં અંતરમાં વિશુદ્ધ મનથી ધ્યાન કરવા લાગ્યા અને તે સાથે જ તેમને શરીરની વિસ્મૃતિ થઈ. (૯૪)

હે ધરણિપતે ! આ અધ્યાત્મ ગીતા પ્રત્યક્ષ શ્રીહરિના મુખકમળમાંથી નીકળેલી છે. સમગ્ર વેદના સારભૂત છે. અનેક પ્રકારની અભિલાષા ધરાવનાર જે કોઈ મનુષ્ય પ્રતિદિન શ્રીહરિકૃષ્ણ પરમાત્માનું પૂજન કરી આ સમગ્ર **'હરિગીતા'** નો પાઠ અથવા માત્ર એક અધ્યાયનો પાઠ કરશે અથવા શ્રવણ કરશે તે મનુષ્ય મનોવાંછિત સુખને તત્કાળ પામશે. તેમજ જે મનુષ્ય નિષ્કામ ભાવથી પાઠ અથવા શ્રવણ કરશે તેને પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનને વિષે એકાંતિકી ભક્તિ પ્રગટ થશે. (૯૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રીહરિગીતામાં ભક્તિસ્વરૂપ લક્ષણ નિરૂપણ' નામે છત્રીશમો અધ્યાયઃ (૩૬)*

**॥ ઈતિ શ્રી હરિગીતા સમાપ્તા ॥**



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

राजोवाच – **ध्यायन्ती भगवन्तं सा भक्तिः सम्प्राप कां गतिं ? । ततो हरिश्च किं चक्रे ? ब्रूह्येतन्मे महामुने ! ॥१॥** सुव्रत उवाच–**तस्यां ध्यानस्थितायां तु भूपासीदरुणोदयः । विधातुमाह्निकं कृष्णः स्नात्वाऽग्न्यागारमाविशत् ॥२॥ ददर्श साऽथ ध्यायन्ती हरिं तं हृदयाम्बुजे । आविर्भूतं यथादृष्टं प्रथमाश्रमसंस्थितम् ॥३॥ प्रसन्नमुखचन्द्राभं वारिजच्छदलोचनम्। द्विभुजं रमणीयाङ्गं श्यामसुन्दरविग्रहम् ॥४॥ कौपीनाच्छादनं श्वेतमुत्तरीयं च बिभ्रतम्। नक्तकाबद्धकुटिलश्यामसूक्ष्मशिरोरुहम् ॥५॥ सितयज्ञोपवीतं च करात्तजपमालिकम् । कण्ठस्थसूक्ष्मतुलसीकाष्ठस्त्रग्द्वयशोभनम् ॥६॥ भाले कण्ठे च हृदये भुजयोः शोभनानि च । काश्मीरचन्द्रकोपेतान्यूर्ध्वपुण्ड्राणि बिभ्रतम् ॥७॥ एवं हरिं सा पश्यन्ती पृथक् स्वात्मानमैक्षत । देहेन्द्रियमनःप्राणगुणेभ्यस्तत्प्रकाशकम् ॥८॥ सन्मात्रं तं ब्रह्मणैक्यमापन्नं ह्यक्षरेण च । सा ददर्श ततस्तस्मिंस्तमेव समवैक्षत ॥९॥ सोऽथ स्वमेव श्रीकृष्णं जानन्तीं निश्चयेन ताम् । तद्रूपं दर्शयामास साश्चर्यं सा तमैक्षत ॥१०॥ कोटिकन्दर्पलावण्यं नवीनजलदासितम् । प्रत्यङ्गनिःसरत्कोटिकोटिचन्द्रसमद्युतिम् ॥११॥ शुद्धहेमाभवसनं रत्नकाञ्चीमनोहरम्। मयूरबर्हमुकुटं मकराकृतिकुण्डलम् ॥१२॥ कण्ठोल्लसत्कौस्तुभं च मुक्ताहारविभूषणम् । वैजन्यतीं स्त्रजं कण्ठे दधतं च मनोहराम् ॥१३॥ भुजयोः कटके हैमे शृङ्खले चाङ्गदे शुभे । दधतं नूपुरे चाङ्घ्र्योः किशोरं**

## અધ્યાય : ૩૭

## ભક્તિમાતાને દિવ્યગતિ પ્રાપ્તિ

પ્રતાપસિંહ રાજા બોલ્યા : હે મહામુને ! ભગવાન શ્રીહરિનું ધ્યાન કરતાં કરતાં ભક્તિદેવી કઈ ગતિને પામ્યાં ? અને ત્યારબાદ શ્રીહરિએ શું કર્યું ? એ સર્વ વૃત્તાંત મને જણાવો. (૧)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિમાતા ધ્યાનાવસ્થામાં હતાં. તેવામાં સૂર્યોદય થયો. શ્રીહરિએ સ્નાન કરી આહ્નિક વિધિ કરવા અગ્નિશાળામાં પ્રવેશ કર્યો. (૨) ત્યાર બાદ ધ્યાન કરતાં ભક્તિમાતાએ પૂર્વે પોતાની દૃષ્ટિ સમક્ષ જેવા સ્વરૂપે નિહાળેલા તેવા પ્રથમ આશ્રમમાં રહેલા વર્ણી સ્વરૂપે પોતાના હૃદયકમળમાં આવિર્ભાવ પામેલા શ્રીહરિનાં દર્શન કર્યાં. (૩)

**વર્ણીવેશમાં કમનીય શ્રીહરિનું દર્શન :-** શ્રીહરિ ચંદ્રમાની કાંતિ સમાન પ્રસન્ન મુખકમળની કાંતિથી શોભતા હતા. કમળની પાંખડી સમાન તેમનાં નેત્રો હતાં. જાનું પર્યંત લાંબી બે ભુજાઓ હતી. શરીરના અવયવો રમણીય હતા. શરીર શ્યામસુંદર વર્ણથી શોભતું હતું. (૪) શ્વેત કૌપીન, આચ્છાદન અને ઉત્તરીય (ઓઢવાનું) વસ્ત્ર પરિધાન કર્યાં હતાં. સૂક્ષ્મ વસ્ત્રખંડથી વાંકડિયા, સૂક્ષ્મ તેમજ કાળા કેશ બાંધ્યા હતા. (૫) શ્વેત યજ્ઞોપવીત ધારણ કર્યું હતું. હાથમાં તુલસીની જપમાળા ધારણ કરી હતી. કંઠમાં સૂક્ષ્મ તુલસીની બેવડી કંઠી શોભતી હતી. (૬) ભાલ, કંઠ, હૃદય અને બંને બાહુના મૂળમાં કુંકુમ ચંદ્રક સહિત કેસરચંદનથી શોભાયમાન ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યા હતા. (૭) આ પ્રકારે શ્રીહરિનાં દર્શન કરતાં ભક્તિદેવીને શરીર, ઈન્દ્રિયો, મન, પ્રાણ અને સત્ત્વાદિ ત્રણ ગુણો થકી પૃથક્ તેમજ તે સર્વેના પ્રકાશક એવા પોતાના આત્મસ્વરૂપનું દર્શન થયું. (૮)

ભક્તિમાતાને અક્ષરબ્રહ્મની સાથે એકતાને પામેલા સત્તામાત્ર પોતાના આત્મસ્વરૂપનું દર્શન થયું ત્યારબાદ આત્મસ્વરૂપને વિષે પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન થયાં. (૯) નિશ્ચયપૂર્વક ભગવાન શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ તરીકે જાણતાં ભક્તિમાતાને ભગવાન શ્રીહરિએ તે પોતાનાં દિવ્યસ્વરૂપનું દર્શન કરાવ્યું. ભક્તિમાતા પણ આશ્ચર્યપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં. (૧૦)

કોટિ કોટિ કામદેવના ગર્વને હરનારી શ્રીહરિની લાવણ્યતા હતી. નવીન મેઘ સમાન શ્યામ હતા. શ્રીહરિના પ્રત્યેક અવયવોમાંથી કોટિ કોટિ ચંદ્રમાની કાંતિ સમાન કાંતિ પ્રસરી રહી હતી. (૧૧) શુદ્ધ સુવર્ણ સમાન પીળાં પીતાંબર પરિધાન કર્યાં હતાં. રત્ન જડિત કટિ મેખલાથી મનોહર લાગતા હતા. મસ્તક પર મયૂર પીંછનો મુગટ ધારણ કર્યો હતો. મકરાકાર કુંડળ ધારણ કર્યાં હતાં. (૧૨) કંઠમાં કૌસ્તુભ મણી શોભતો હતો. મોતીઓની માળાઓ શોભતી હતી. કંઠ પ્રદેશમાં મનોહર વૈજયંતીમાળા ધારણ કરી હતી. (૧૩) હાથમાં સુવર્ણના કડાં, પોંચી અને બાજુબંધ બાંધ્યાં હતાં. ચરણમાં ઝાંઝર



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

चारुलोचनम्॥१४॥ नटवर्यसमाकल्पं चन्दनेन सुचर्चितम् । पौष्पान्हाराञ्छेखरांश्च बिभ्रतं चावतंसकौ ॥१५॥ द्विभुजं वादयन्तं च मुरलीं मधुरस्वरम् । आश्चर्यदर्शनं तं च दृष्ट्वा हृष्टा ननाम सा ॥१६॥ पुनस्तमथ साऽपश्यद्यथा-पूर्वमवस्थितम् । वर्णिवेषं स्वतनयं ततो नत्वा नुनाव तम् ॥१७॥ भक्तिरुवाच - यः पातुं सदमर्त्यविप्र-वृषगास्तिष्यावृषाढ्यासुरव्रातेभ्योऽजनि मद्बृहत्करुणया ह्येकान्तधर्मप्रियः । मूलाज्ञानतमश्चयार्क ! विधृतानेकावतार ! प्रभो ! वर्ण्याकल्पवते नमोऽस्तु हरये तस्मै परेशाय ते ॥१८॥ सर्वंसहावनधनञ्जयगन्धवाहानन्तार्यमाम्बुजहशामृतवाहमित्रे । सत्प्रेमवत्युदितसाधुगुणात्मनिष्ठे बुद्धिः सदा त्वयि हरे ! मम निश्चलाऽस्तु ॥१९॥ एकान्तधर्मधर ! धीर ! वराभयाङ्कपाणेऽघसङ्घदवदावसमाभिधान! । अघ्न्याधरामरधरामरसाधुरक्षे बुद्धिः० ॥२०॥ पाषण्डषण्डपरिखण्डनपण्डित ! श्रीगोलोकधामगमितामितभक्तजीवे । भक्तेप्सिताखिलपुमर्थवितानकल्पे बुद्धिः० ॥२१॥ हिंसाविहीनमखवर्तन ! दैवपित्र्यकृद्धर्मवेदनविरागगभक्तिबोधे । शुद्धे बृहद्व्रतमहाव्रतशान्तदान्ते बुद्धिः० ॥२२॥ सच्छास्त्रसंश्रय ! जितेन्द्रिय ! सत्य ! सत्यसङ्कल्प ! माधव ! हरिद्विजसाधुपूजे । श्राद्धे समाधिमतियोगकलाप्रवृत्तौ बुद्धिः० ॥२३॥ दम्भात्तवैदिकपथासुरदेशिकक्ष्मापालोच्छिदेऽरुणमुखाशयनोदहेतो ! । विश्वासुभृत्करुणतापितृभावभाजि बुद्धिः० ॥२४॥

---

પહેર્યાં હતાં. શ્રીહરિની કિશોર અવસ્થા હતી. લોચન સુંદર હતાં. (૧૪) નટવર સમાન વેષ હતો. ચંદનની સુંદર અર્ચા કરી હતી. પુષ્પના હાર, તોરા અને ગુચ્છને ધારણ કર્યા હતા. (૧૫) બંને હસ્તમાં ધારેલી બંસીનો મધુરે સ્વરે નાદ કરતા હતા. આશ્ચર્યકારી તેમનું દર્શન હતું. આ પ્રકારે શ્રીહરિનાં દર્શન કરી હર્ષિત થયેલા ભક્તિમાતાએ પ્રણામ કર્યા. (૧૬) ત્યારબાદ ફરીથી પૂર્વની માફક જ વર્ણીવેષ સ્વરૂપે શ્રીહરિનાં દર્શન કર્યાં. અને પુત્રસ્વરૂપી પરમાત્માને પ્રણામ કરી તેમની સ્તુતિ કરવા લાગ્યાં. (૧૭)

**ભક્તિમાતાએ કરેલ શ્રીહરિનું સ્તવન :-** ભક્તિમાતા સ્તુતિ કરતાં કહે છે, હે અનાદિ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન ! હે અનેક અવતારોને ધરનારા ! હે પ્રભુ ! જે આપને એકાંતિક ધર્મ અતિશય વહાલો છે એવા તમો સ્વધર્મનિષ્ઠ સાધુઓ, દેવો, બ્રાહ્મણો, ગાયો તથા ધર્મનું કલિયુગ અને અધર્મથી યુક્ત એવા અસુરોના સમૂહથી રક્ષણ કરવા અતિશય કરુણા કરી મારે ત્યાં પ્રગટ થયા છો. વર્ણીના વેષને ધારણ કરનારા તમને હું નમસ્કાર કરું છું. દુઃખને હરનારા હે હરિ ! તમને હું નમસ્કાર કરું છું. તમે બ્રહ્માદિ દેવોના સ્વામી છો. તમને હું નમસ્કાર કરું છું. (૧૮)

હે હરિ ! તમે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર, શિવ અને મેઘ તેના મિત્ર અર્થાત્ તેઓની સમાન સદ્ગુણોના ધરનારા છો. સત્પુરુષોને વિષે સ્નેહ રાખનારા છો. શાસ્ત્રોક્ત આત્મનિષ્ઠા વગેરે સાધુગુણોથી સંપન્ન છો. તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો. (૧૯) હે એકાંતિક ધર્મને ધારણ કરનારા ! હે ધીર ! તમારા બંને હસ્તકમળ વર અને અભયમુદ્રાથી અંકિત છે. તમારા નામનું ઉચ્ચારણ પાપના સમુદાયને પ્રજાળવામાં દાવાનળ સમાન છે. તમે ગાય, પૃથ્વી, દેવ, બ્રાહ્મણ અને સાધુ, સજ્જનોનું રક્ષણ કરનારા છો ! આપના સ્વરૂપમાં મારી મતિ અચળ રહો. (૨૦)

હે પાખંડીઓના સમૂહનું ખંડન કરવામાં બુદ્ધિમાન ! તમે અનંત ભક્તજનોને શોભાયુક્ત દિવ્ય ગોલોક નામના અક્ષર ધામની પ્રાપ્તિ કરાવનારા છો. મનોવાંછિત ચતુર્વિધ પુરુષાર્થની પ્રાપ્તિ કરાવનારા છો. હિંસાવર્જિત યજ્ઞનું પ્રવર્તન કરનારા છો. દેવ અને પિતૃ સંબંધી કર્મ કરનારા છો. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત ભક્તિનો બોધ આપનારા છો. શુદ્ધ છો. બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા છો. સનત્સુજાતઋષિએ કહેલા ધર્માદિ બાર મહાવ્રતોનું અનુષ્ઠાન કરનારા છો. તેમજ બાહ્ય અને આંતર ઈન્દ્રિયોનું દમન કરનારા છો. હે હરિ ! આપના સ્વરૂપમાં મારી મતિ અવિચલ રહો. (૨૧/૨૨)

હે સત્શાસ્ત્રનો આશ્રય કરનારા ! હે જિતેન્દ્રિય ! હે સત્ય સ્વરૂપ ! હે સત્યસંકલ્પ ! હે માધવ ! તમો શ્રીહરિ કૃષ્ણ બ્રાહ્મણો અને સાધુઓને પૂજનીય માનનારા છો. તમને સદ્ધર્મમાં શ્રદ્ધા છે. તમે સ્વસ્વરૂપમાં સદા રહેનારા છો. યોગકલાના પ્રવર્તક છો. (૨૩) દંભથી વૈદિક માર્ગને ગ્રહણ કરનારા અસુર ગુરુઓ અને રાજાઓનાં વિનાશની રક્તમુખા અંગ્રેજ ગવર્નરના અંતઃકરણમાં પ્રેરણા કરવામાં હેતુરૂપ છો. કરુણાથી સકલ જીવોનું પિતાની પેઠે પાલનપોષણ કરનારા છો. (૨૪) અણિમાદિ ઐશ્વર્ય, ન્યાય, વિનય, પ્રતિભા, નિર્દોષતા, વિદ્યા, તપ, નીતિ, સદ્ધર્માદિકનાં પાલનમાં આગ્રહ પૂર્વક

ऐश्वर्यसारविनयप्रतिभानवद्यविद्यातपोनयसदाग्रहदानिताढ्ये । नानासुलक्षणविलक्षितसौम्यमूर्ते ! बुद्धिः० ॥२५॥ पूर्णेन्दुनिन्दिवदनाम्बुजपत्रनेत्रे वासोविभूषणसुवेषसुदर्शनीये । मन्दस्मितेक्षणहृताखिलजीवदैन्ये बुद्धिः० ॥२६॥ सुव्रत उवाच - इति संस्तुवती कृष्णं तत्समाहितमानसा । विलीनमूलमाया सा विरराामाचलस्थितिः ॥२७॥ पपात देहस्तर्ह्येव नैवाबुध्यत तं तु सा । सद्यो दिव्यतनुं प्राप जनादृश्यां यथा पुरा ॥२८॥ तयैव स्वपतिं प्रेम्णा सेवमाना निरन्तरम् । श्रद्धादिभिः सहावात्सीद्विमुक्ता ब्रह्मशापतः ॥२९॥ विक्रमार्कशकस्याब्दे वसुवेदगजेन्दुभिः । प्रमिते वर्तमाने च भास्करे नीचराशिगे ॥३०॥ उर्जे मासि सिते पक्षे दशम्यां मन्दवासरे । विहाय भौतिकं देहं भक्तिः सिद्धदशां ययौ ॥३१॥ परिवेष्ट्य स्थितास्तां च तदा तद्बन्धवोऽखिलाः । विसंज्ञां नष्टनाडीं च दृष्ट्वाऽजानन्मृतेति ते ॥३२॥ रुदन्ति स्म भृशं तर्हि तत्पुत्रा ज्ञातिबान्धवाः । आश्वासयत्तान्धर्मस्तु लौकिकीं दर्शयन् गतिम् ॥३३॥ यथाशास्त्रं यथावित्तमौर्ध्वदैहिककर्म सः । कारयामास धर्मज्ञस्तस्या ज्येष्ठेन सूनुना ॥३४॥ कृष्णस्तु तस्यां नृप! दिव्यदेहमुपागतायां निजमातृभावम् । चक्रे सुधीः स्वाग्रजयोषितायां तं मानयन्नेव सदाऽनुवृत्त्या ॥३५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे प्रेमवत्या दिव्यगतिप्राप्तिनामा सप्तत्रिंशोऽध्यायः ॥३७॥

---

દઢાવ, તેમજ દાનશીલતા વગેરે સદ્‌ગુણોથી યુક્ત છો. મહાપુરુષોના અનેકવિધ ચિહ્નોથી સુલક્ષિત સૌમ્ય મૂર્તિને ધારણ કરનારા છો. (૨૫) કમળપત્ર સમાન નેત્રકમળથી શોભાયમાન આપનું મુખારવિંદ પૂર્ણ ચંદ્રની કાંતિને લજ્જા પમાડે છે. તમે વસ્ત્ર તથા આભૂષણ વગેરે સુંદર વેષને ધારણ કરનારા છો. તમારું સ્વરૂપ દર્શનીય છે. મંદ મંદ હાસ્ય સહિત દૃષ્ટિથી સમગ્ર જીવોના દૈન્યને દૂર કરનારા છો. હે હરિ ! આવા તમારા સ્વરૂપમાં મારી મતિ અચળ રહો. (૨૬)

**ભક્તિમાતાની દિવ્ય ગતિ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે સ્તુતિ કરતાં ભક્તિમાતા વિરામ પામ્યાં. શ્રીહરિના સ્વરૂપમાં મન સ્થિર થયું. અને તે જ સમયે જેમની અનાદિ અવિદ્યા નિવૃત્ત થયેલી છે એવા ભક્તિદેવીએ શરીરનો ત્યાગ કર્યો. તેમણે પોતાના શરીરનો ત્યાગ થયો એમ પણ જાણ્યું નહિ. અને એજ ક્ષણે પૂર્વની માફક અન્યજનોએ જોઈ ન શકાય તેવા દિવ્ય દેહને પામી ગયા. (૨૭/૨૮)

દિવ્ય દેહથી જ સ્નેહપૂર્વક પોતાનાં પતિ ધર્મદેવનું નિરંતર સેવન કરતાં ભક્તિદેવી દુર્વાસા ઋષિના શાપથી મુક્ત થઈને શ્રદ્ધા વગેરે અન્ય ધર્મપત્નીઓની સાથે નિવાસ કરવા લાગ્યાં. (૨૯) **વિક્રમ સં. ૧૮૪૮ ના કાર્તિક સુદી દશમી**ના દિવસે શનિવારે સૂર્યદેવે જ્યારે તુલા રાશિમાં પ્રવેશ કર્યો ત્યારે ભક્તિમાતા પંચભૌતિક શરીરનો ત્યાગ કરી સિદ્ધ ગતિને પામ્યાં. (૩૦/૩૧)

તે અવસરે તેમની ચારે બાજુએ બેઠેલાં સંબંધીજનોએ ચેતના રહિત ભક્તિદેવીનાં શરીરને પ્રાણવાયુ તેમજ નાડીનાં સંચાર રહિત જોઈને 'ભક્તિએ શરીરનો ત્યાગ કર્યો છે' એ પ્રમાણે જાણ્યું, તેથી રામપ્રતાપ વગેરે પુત્રો અને સંબંધીજનો અત્યંત રુદન કરવા લાગ્યા. તે સમયે પિતા ધર્મદેવે 'આ લોકમાં જન્મ પામેલાનું મૃત્યુ અવશ્ય હોય છે જ' એ આદિક વાક્યોથી લૌકિક ગતિનો બોધ કરાવી તેઓને આશ્વાસન આપ્યું. (૩૨/૩૩) ધર્મને જાણનારા ધર્મદેવે શાસ્ત્રવિધિ અને શક્તિ અનુસાર મોટા પુત્ર રામપ્રતાપ પાસે ભક્તિદેવીની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરાવી. (૩૪)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિમાતા દિવ્યગતિને પામ્યાં પછી શ્રેષ્ઠ બુદ્ધિમાન ભગવાન શ્રીહરિ મોટા બંધુનાં પત્ની સુવાસિની દેવીને વિષે માતૃભાવ રાખવા લાગ્યા. તેમજ સદાય તેમની અનુવૃત્તિમાં રહેવા પૂર્વક આદરથી તેમને માન આપતા હતા. (૩૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'પ્રેમવતીને દિવ્યગતિ પ્રાપ્તિ' નામે સાડત્રીશમો અધ્યાયઃ (૩૭)*

सुव्रत उवाच - **अथ धर्मः स्वधर्मस्थः साङ्ख्ययोगमुपाश्रितः । सेव्यमानः सुतैर्भेजे कृष्णमेव दिवानिशम् ॥१॥ त्यक्तप्रवृत्तिकर्मासौ विरक्तोविषयेष्वलम् । जितस्वादो मिताहारो ब्रह्मचर्यव्रते रतः ॥२॥ तपःकृशीकृततनुर्ध्यानयोगबलोर्जितः। पुत्ररूपे भगवति गाढस्निग्धमना अभूत् ॥३॥ तपोयोगविशुद्धात्मा लक्षणैराङ्गिकैरथ । स्वाप्नैश्चासन्नमृत्युत्वं सोऽवैच्छास्त्रदृशाऽऽत्मनः ॥४॥ ततः श्रीमद्भागवतदशमस्कन्धमादरात् । नियमेनापठन्नित्यं चिन्तयन्कृष्णमात्मनि ॥५॥ प्रतिमासं मासिकानि प्रेमवत्या अकारयत् । तथोनमासिकं श्राद्धं त्रैपक्षं च यथाविधि ॥६॥ ऊनषाण्मासिकं श्राद्धं ततः षाण्मासिकं नृप! । सहस्रशस्तत्र विप्रान् यथेप्सितमभोजयत् ॥७॥ सप्तमे मासिके चासौ भोजयित्वा द्विजोत्तमान् । विसृज्य बुभुजे साकं निजबन्धुजनादिभिः ॥८॥ ज्वरार्तिरासीन्महती शरीरे तस्य तद्दिने । तदान्तकालनैकट्यं विविदे सोऽपि चेतसा ॥९॥ विहाय सर्वतः सङ्गं कृष्णध्यानपरायणः । एकादश्यां निर्जलायां कृष्णं विप्रैरपूपुजत् ॥१०॥ निशि सुप्तेषु सर्वेषु पादसंवाहनं पितुः । कुर्वन् हरिर्जजागार सहजागरणव्रती ॥११॥ निद्रामलभमानोऽथ ज्वरवेदनया वृषः । समाधिं सहसा प्राप हरेरेवेच्छयाऽनघ! ॥१२॥ ब्रह्मज्योतिश्चये तत्र विहरन्तं बृहद्वने । यथा पुरैक्षि तं कृष्णं ददर्श मुरलीकरम् ॥१३॥ तद्दर्शनानन्दसमुद्रमग्नः संहृष्टरोमाऽश्रुकलावृताक्षः । ससम्भ्रमं दण्डवदानमत्तं तस्थौ ततः प्राञ्जलिरग्रतोऽस्य ॥१४॥**

## અધ્યાય : ૩૮

## ધર્મદેવને શ્રીહરિનું વરદાન

**ધર્મદેવની અંતર્વૃત્તિ :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યાર બાદ સ્વધર્મનું પાલન કરનારા ધર્મદેવ સાંખ્ય અને યોગનો આશ્રય કરી શ્રીકૃષ્ણ પરમાત્માનું અહર્નિશ ભજન કરવા લાગ્યા અને રામપ્રતાપ વગેરે સ્વપુત્રો પિતા ધર્મદેવની સેવા કરતા હતા. (૧) માયિક વિષયમાં અતિશય વૈરાગ્ય પામેલા ધર્મદેવે વ્યવહારિક કાર્યનો ત્યાગ કર્યો. રસાસ્વાદ ઉપર વિજય મેળવી યુક્ત આહાર, અલ્પ પ્રમાણમાં કરતા હતા. બ્રહ્મચર્યવ્રતમાં પ્રીતિવાળા ધર્મદેવે તપશ્ચર્યાથી શરીરને કૃશ કર્યું હતું. ધ્યાનયોગના સામર્થ્યથી તેઓ અતિશય તેજસ્વી થયા. તેમજ પુત્ર ભાવને પામેલા શ્રીહરિકૃષ્ણ પરમાત્માના સ્વરૂપમાં તેમનું મન ગાઢ સ્નેહ યુક્ત થયું હતું. (૨/૩)

તપ અને ધ્યાનયોગથી પવિત્ર મનવાળા ધર્મદેવે શાસ્ત્ર, શરીરનાં ચિહ્નો અને સ્વપ્નના માધ્યમથી પોતાનું મૃત્યુ નજીક આવ્યું છે એમ જાણ્યું. (૪) ધર્મદેવ સદૈવ પોતાના મનમાં શ્રીકૃષ્ણ પરમાત્માનું સ્મરણ કરતા થકા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધનો પાઠ આદરથી નિયમપૂર્વક કરવા લાગ્યા. (૫) ધર્મદેવે પ્રેમવતીદેવીનું પ્રતિ માસ કરવાનું માસિક શ્રાદ્ધ શાસ્ત્રોક્તવિધિ અનુસાર કરાવ્યું. ઉન્માસિક શ્રાદ્ધ, ત્રિપાક્ષિક અર્થાત્ ત્રણ પખવાડિયાનું શ્રાદ્ધ, ત્રણ મહિનાનું શ્રાદ્ધ, અને પછી છ મહિનાનું શ્રાદ્ધ પણ કરાવ્યું. હે રાજન્! તે છ માસિક શ્રાદ્ધમાં ધર્મદેવે હજારો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન કરાવ્યાં. સાતમા મહિનાના શ્રાદ્ધમાં શ્રેષ્ઠ વિપ્રોને ભોજન કરાવી સન્માનપૂર્વક તેઓને વિદાયમાન કર્યા અને ત્યારબાદ સ્વયં ધર્મદેવે પોતાના બંધુવર્ગની સાથે ભોજન સ્વીકાર્યું. (૬ થી ૮)

તે દિવસે ધર્મદેવના શરીરમાં તાવની તીવ્ર વેદના હતી. ધર્મદેવ પણ મનમાં પોતાનો 'અંત સમય હવે નજીક આવ્યો છે' તેમ જાણવા લાગ્યા. (૯) સંસારના સર્વ પદાર્થોમાંથી આસક્તિનું બંધન તોડી ધર્મદેવ ભગવદ્ધ્યાન પરાયણ થયા. તેમજ નિર્જળા એકદાશીના દિવસે વિપ્રો પાસે પરમાત્મા શ્રીકૃષ્ણનું પૂજન કરાવ્યું. (૧૦) રાત્રિએ જ્યારે બધા જ શયન કરતા હતા ત્યારે પણ શ્રીહરિ પિતાની ચરણચંપી કરવા લાગ્યા તેમજ પિતાના જાગરણની સાથે સાથે પોતે પણ એકાદશીનું જાગરણ કરવા લાગ્યા. (૧૧)

**શ્રીહરિએ પિતાને આપેલું દિવ્ય જ્ઞાન :-** હે નિષ્પાપ રાજન્ ! તાવની પીડા હોવાથી ધર્મદેવને નિદ્રા આવી નહિ. આ સમયે ભગવાન શ્રીહરિની ઈચ્છાથી તેઓ એકાએક સમાધિદશાને પામ્યા. (૧૨) પૂર્વે વૃંદાવનને વિષે જેવા સ્વરૂપે દર્શન થયાં હતાં તેવા જ સ્વરૂપે બ્રહ્મતેજને વિષે વિહાર કરનારા અને કરમાં વાંસળી ધરતા શ્રીકૃષ્ણનાં ધર્મદેવને સમાધિમાં દર્શન થયાં. ભગવદ્દર્શનથી ધર્મદેવ આનંદના સિંધુમાં લીન થયા. તેમનાં રોમ પુલકિત બન્યાં. અશ્રુના બુંદથી નેત્રો આવૃત થયાં. તેમજ હર્ષઘેલા બની દંડની માફક પ્રણામ કરવા લાગ્યા અને ત્યાર બાદ પરમાત્મા આગળ બે હાથ જોડી ઊભા રહ્યા. (૧૩/૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तं वीक्षमाणः सहसा हरिमैवैक्षतात्मजम् । कृष्णतुल्याखिलाकारं वर्णिवेषमवस्थितम् ॥१५॥ अवतीर्णो निजगृहे श्रीकृष्णो हरिसंज्ञया । अस्तीति तत्क्षणे तस्य स्मृतिरासीन्नराधिप ! ॥१६॥ यावदाश्लिष्यति प्रेम्णा तं तावत्स तिरोदधे । व्युत्थितोऽसौ ददर्शाग्रे निजसेवापरं हरिम् ॥१७॥ तं गाढं स परिष्वज्य पुलकाङ्गोऽश्रुलोचनः । प्रणम्य प्रार्थयामास नृनाट्यपिहितैश्वरम् ॥१८॥ धर्म उवाच – ज्ञातोऽस्यद्य हरे! मयाऽखिलजगत्स्वामी त्वमेकः प्रभुर्मत्प्रेष्ठो वरदो जगद्गुरुरजः श्रीकृष्ण एव स्वयम् । भक्ताभीष्टफलप्रदस्तनुभृतां सेव्यः सदा श्रेयसे मायायाः परतः पराय विभवे तस्मै नमस्तेऽस्तु मे ॥१९॥ स एव कृष्णो भगवांस्त्वमीशः साक्षात्परं ब्रह्म हि निर्गुणं यत् । ऋतं विधातुं निजवाक्यमत्र मत्पुत्रनाट्यं धरसि स्वतन्त्रः ॥२०॥ हरे ! शरीरं खलु पञ्चषैर्मे पतिष्यतीति प्रतिभाति घस्त्रैः । न तद्भयं किञ्चिदपि स्वचित्ते ममास्ति यत्त्वं दृढमाश्रितोऽसि ॥२१॥ एकस्तु खेदो हृदि जायते मे कथं सहिष्ये विरहं तवेति । देहान्तराप्तावपि ते वियोगो मा भून्ममेति त्वदहं वृणोमि ॥२२॥ श्रीभगवानुवाच – दिष्ट्या तात ! त्वया ज्ञातं मत्स्वरूपं यथास्थितम् । ज्ञेयं प्राप्यं च ते किञ्चिन्नावशिष्टमतः परम् ॥२३॥ हित्वेमं भौतिकं देहं दिव्यदेहेन सर्वदा । मत्पार्श्व एव स्वजनैः साकं स्थास्यस्यसंशयम् ॥२४॥ अतश्चिन्तां विहायैव निःसङ्गो मत्परायणः । विशुद्धेनात्मनि हृदा मद्ध्याननिरतो भव ॥२५॥ सुव्रत उवाच – एवमुक्तो भगवता सोऽतिहृष्टमना वृषः । नमस्यंस्तं जगादेत्थं विनष्टाखिलवासनः ॥२६॥ प्रतिकर्तुमत्र नहि कोऽपि भवदुपकृतिं विनाञ्जलिम् । प्रभवति तत

આ પ્રમાણે જ્યાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કરે છે તેવામાં તો અચાનક તે શ્રીકૃષ્ણ પરમાત્માને તુલ્ય સમગ્ર આકૃતિવાળા વર્ણીના વેષમાં રહેલા પોતાનાં પુત્રરૂપ ભગવાન શ્રીહરિનાં ધર્મદેવને દર્શન થયાં. (૧૫) 'ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભવનમાં હરિ એવા નામથી પ્રગટ થયા છે' એવું તે સમયે ધર્મદેવને જ્ઞાન થયું. અને હે રાજન્ ! પ્રેમથી જ્યાં પરમાત્માને ભેટવા જાય છે ત્યાં તો દિવ્ય સ્વરૂપ અંતર્ધાન થયું અને ધર્મદેવ તત્કાળ સમાધિમાંથી જાગ્રત થયા તો સેવામાં તત્પર રહેલા એજ શ્રીહરિને પોતાની સમીપમાં જોયા. (૧૬/૧૭)

ધર્મદેવે શ્રીહરિને ગાઢ આલિંગન કર્યું. તેમનાં અવયવો પુલકિત થયાં. આંખમાં પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. તેમજ મનુષ્યનાટકથી ઐશ્વર્યને છુપાવનાર શ્રીહરિનાં ચરણમાં પ્રણામ કરી પ્રાર્થના કરવા લાગ્યા. (૧૮)

**ધર્મદેવે કરેલી શ્રીહરિને પ્રાર્થના :-** ધર્મદેવ કહે છે : હે હરિ ! તમે સમસ્ત જગતના એક માત્ર સ્વામી છો એવું મને આજે તમારું જ્ઞાન પ્રાપ્ત થયું છે. તમે સમર્થ છો. મને અતિશય પ્રિય છો. મને વરદાન આપનારા છો. જગતના ગુરુ છો. અજન્મા છો. સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો. ભકતજનોના ઈચ્છિત મનોરથને પૂર્ણ કરનારા છો. પોતાના કલ્યાણને અર્થે જીવાત્માઓ દ્વારા સદા સેવવા યોગ્ય છો. માયાથી પર જે અક્ષરબ્રહ્મ તેનાથી પણ તમે પર છો, એવા વિભુસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું. (૧૯)

શાસ્ત્રમાં જે પરમાત્માને સર્વના ઈશ્વર, સ્વતંત્ર, નિર્ગુણ અને અક્ષરથી પણ પર સ્વરૂપે વર્ણવ્યા છે તે શ્રીકૃષ્ણ ભગવાન તમે જ છો. તેમજ સર્વતંત્ર સ્વતંત્ર તમે તમારાં વચનને સત્ય કરવા, મારે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થયા છો. (૨૦) હે હરિ ! મારું આ શરીર પાંચ કે છ દિવસમાં પડી જશે એવો મને ભાસ થાય છે. છતાં પણ તેનો મને મનમાં લેશમાત્ર ભય નથી. કારણ કે મેં તમારો દૃઢ ભાવે આશ્રય કર્યો છે, પરંતુ મારા મનમાં એક વાતનો ખેદ રહ્યા કરે છે કે હું તમારો વિરહ કેમ સહન કરી શકીશ ? 'અન્ય શરીરની પ્રાપ્તિમાં પણ મને ત્યાં તમારો વિયોગ ક્યારેય ન થાય.' એવું તમારી પાસે હું વરદાન માગું છું. (૨૧/૨૨)

શ્રી હરિ કહે છે, હે પિતાજી ! તમને મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું છે તે પરમ ભાગ્યની વાત છે. હવે તમારે આના સિવાય બીજું કંઈ પણ જાણવાનું કે પામવાનું બાકી રહેતું નથી. (૨૩) ભૌતિક શરીરનો ત્યાગ કરી દિવ્યદેહે સહપરિવાર તમે મારી સમીપે જ હંમેશા નિવાસ કરીને રહેશો તેમાં કોઈ સંશય નથી. (૨૪) માટે તમે ચિંતાનો ત્યાગ કરો. અન્યત્ર અનાસક્ત ભાવથી મારા પરાયણ બનો. અને વિશુદ્ધ મનથી પોતાનાં જીવાત્મામાં મારા સ્વરૂપનું ધ્યાન કરવામાં પ્રીતિયુક્ત બનો. (૨૫)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ધર્મદેવનું મન અતિશય પ્રસન્ન થયું. જેમની સમગ્ર વાસનાઓ વિનાશ પામી છે એવા ધર્મદેવ સ્વયં શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા : (૨૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**उरुमोहहरे ! चरणाम्बुजं तव नतोऽस्मि दण्डवत् ॥२७॥ इत्युक्त्वा तमसौ ननाम मुदितः कृष्णं स्वबुद्धिप्रदं तं वर्णी सममानयत्स भगवान्स्वाभाविकप्रश्रयः । पुत्रावन्तिक आजुहाव च वृषस्तस्याग्रपश्चाद्भवौ यास्यन् दीर्घपथं प्रदातुममलं तज्ज्ञानचिन्तामणिम् ॥२८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मवरप्रदाननामाऽष्टत्रिंशोऽध्यायः ॥३८॥

सुव्रत उवाच - **तावुपेत्याशु तं नत्वा भ्रातरौ बुद्धिमत्तरौ । निषीदतुस्तं निकषा धर्मः प्रोवाच तौ ततः ॥१॥ शृणुतं मद्वचः पुत्रौ ! रहस्यं वच्मि वां हितम् । तच्चावधार्यं हृदये प्रतीतिर्यदि वाचि मे ॥२॥ उपासनां यस्य कुर्मो वयं श्रीराधिकापतेः। स एव हरिनामाऽयं वर्तते सोदरो हि वाम् ॥३॥ अतोऽद्यदिनतो भक्तिः स्वधर्मेण यमैः सह । निश्छद्माऽस्यैव कर्तव्या स्थेयं वाचि सदाऽस्य च ॥४॥ कृष्णार्चायाः प्रतिदिनं यस्याः कुर्मश्च पूजनम् । साप्यस्यैवेति हि ज्ञात्वा पूजनीया यथाविधि ॥५॥ युवाभ्यामुपदिष्टौ प्राङ्मन्त्रौ कृष्णस्य यौ मया । तावस्यैवेति विज्ञाय जपनीयावभीष्टदौ ॥६॥ भजतोरादरादेनं मदाज्ञावर्तमानयोः । भविष्यति हि वां श्रेय इहामुत्र च निश्चितम् ॥७॥ उन्मूलयिष्यति ह्येष कल्यधर्मैधितान्भुवि । असुरान्मनुषाकारानशस्त्रोऽपि मनीषया ॥८॥ पोषयिष्यति सद्धर्मं ग्लपितं भुवि दुर्जनैः। प्रवर्तयिष्यति कृष्णभक्तिं चैष विशेषतः ॥९॥ आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् । स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ॥१०॥**

---

હે મહામોહને હરનારા હરિ ! આ લોકમાં તમને બે હાથ જોડ્યા સિવાય તમારા ઉપકારનો બદલો આપવા કોઈ પણ પુરુષ સમર્થ નથી. તે કારણથી હું તમારાં ચરણકમળમાં દંડની પેઠે પ્રણામ કરું છું. (૨૭)

હે રાજન્ ! આ પ્રમાણે કહી ધર્મદેવે પોતાને દિવ્યજ્ઞાન આપનારા શ્રીહરિને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. તેમજ સહજ વિનયયુક્ત શ્રીહરિએ પણ પિતાનો આદરસત્કાર કર્યો. ત્યારપછી મહાપંથે પ્રયાણ કરવાને ઈચ્છતા ધર્મદેવે સ્વપુત્રરૂપ ભગવાન શ્રીહરિના વિશુદ્ધ જ્ઞાનરૂપી ચિંતામણિનાં વારસાને પોતાના બીજા પુત્રોને સોંપવા માટે શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપ તેમજ નાના ભાઈ ઈચ્છારામને પોતાની સમીપમાં બોલાવ્યા. (૨૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મવરપ્રદાન નિરૂપણ' નામે આડત્રીશમો અધ્યાયઃ (૩૮)*

## અધ્યાય : ૩૯

## શ્રી ધર્મદેવનો પુત્રોને ઉપદેશ

**પુત્રોને ભલામણ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! બુદ્ધિશાળી બંને ભાઈઓ તત્કાળ પિતા પાસે આવ્યા ને પ્રણામ કરી તેમની સમીપમાં બેઠા. ત્યાર બાદ ધર્મદેવ તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૧) હે પુત્રો ! મારું વચન સાંભળો. તમારું હિત થાય તેવું રહસ્ય હું તમને કહું છું. તમને જો મારા વચનમાં પ્રતીતિ આવતી હોય તો તેને તમારા અંતરમાં ધારજો. (૨) શ્રીરાધિકાપતિ શ્રીકૃષ્ણ ભગવાનની આપણે ઉપાસના કરીએ છીએ તે જ ભગવાન આજે સાક્ષાત્ **'હરિ'** નામે પ્રસિદ્ધ થયા છે અને તમારા બંધુ ભાવથી વર્તે છે. (૩)

તે હેતુથી આજ દિવસથી આરંભી આ 'શ્રીહરિ' ની જ નિષ્કપટ ભાવે યમનિયમાદિ સ્વધર્મે સહિત ભક્તિ કરવી. તેમજ નિરંતર તેમનાં વચનમાં વર્તવું. (૪) જે શ્રીકૃષ્ણ પરમાત્માના અર્ચા સ્વરૂપનું આપણે પૂજન કરીએ છીએ તે આ શ્રીહરિનું જ પૂજન છે. એમ સમજી વિધિ પ્રમાણે તેમનું પૂજન કરવું. (૫)

પૂર્વે મેં તમને શ્રીકૃષ્ણના બે મંત્રનો જે ઉપદેશ કર્યો છે, તે મંત્ર પણ આ શ્રીહરિનાં જ છે એમ સમજી ઈચ્છિત ફળને આપનારા તે મંત્રનો જપ કરવો. (૬) મારી આજ્ઞામાં રહી આદરપૂર્વક આ શ્રીહરિનું ભજન કરનાર તમારું આ લોક અને પરલોકમાં નિશ્ચય પરમશ્રેય થશે. (૭) આ શ્રીહરિ, પૃથ્વી પર કલિયુગ અને અધર્મથી વૃદ્ધિ પામેલા એવા મનુષ્યાકૃતિમાં રહેલા અસુરોનો સ્વયં શસ્ત્ર ધારણ કર્યા વિના પણ બુદ્ધિના બળથી જ વિનાશ કરશે. (૮) તેમજ પૃથ્વી પર દુર્જનોએ વિનાશ કરેલા સદ્ધર્મનું પોષણ કરશે. અને તે સાથે વિશેષપણે શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિનું પ્રવર્તન કરશે. (૯)

મહા યશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના **'આચાર્યત્વપદ'** ની સ્થાપના કરશે અને પછી પોતાના પરમશ્રેષ્ઠ બ્રહ્મધામમાં પ્રયાણ કરશે. (૧૦) ત્યારબાદ શ્રીહરિના સર્વે આશ્રિતો આ પ્રત્યક્ષ શ્રીહરિની અર્ચામૂર્તિનું નિરંતર પૂજન



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अस्याश्रितास्ततः सर्वे कृष्णस्यास्यैव नित्यदा । प्रतिमां पूजयिष्यन्ति यास्यन्त्येवात्मवाञ्छितम् ॥११॥ एतन्निबद्धमर्यादास्थिताश्चास्य समर्चकाः । भक्ताश्चतुर्वर्गसिद्धिं यास्यन्त्येव निजेप्सिताम् ॥१२॥ इत्युक्तवति धर्मे तौ प्रहृष्टौ तत्क्षणे हरिम् । प्रणम्य प्रोचतुः कृष्ण ! तव स्वः पाहि नौ सदा ॥१३॥ तावुवाच हरिः प्रीतः कृष्णमेवादराद्युवाम् । भजतं तेन तोक्ष्यामि तिष्ठन्तौ पितृशासने ॥१४॥ ततस्तौ तु तमेव श्रीकृष्णं भेजतुरादृतौ । तज्ज्ञानं त्विच्छया तस्य क्वाचित्कमभवत्तयोः ॥१५॥ हर्युपास्त्युपदेशोऽयमेकादश्या निशोऽन्तिमे । यामे सुताभ्यां धर्मेण कृतोऽथार्कोदयोऽभवत् ॥१६॥ हरिः पप्रच्छ पितरं भ्रात्रादीनां च शृण्वताम् । यत्तेऽभीष्टं हृदि स्यात्तद्ब्रूहि कर्तास्म्यरं पितः! ॥१७॥ तमुवाच तदा धर्मः पूर्णकामोऽस्म्यहं हरे ! । नास्ति भक्तौ तु ते तृप्तिः कृष्ण! क्वचन मे हृदि ॥१८॥ देहपातावधि ततः कर्तुमिच्छामि तामहम् । किन्त्वशक्तेन पूजादि कर्तुं शक्यं मया न वै ॥१९॥ अतोऽहं श्रोतुमिच्छामि श्रीमद्भागवतं हरे ! । सार्थं सप्ताहविधिना तत्सम्पादय मे द्रुतम् ॥२०॥ इत्यभीष्टं पितुः श्रुत्वा हरिर्हृष्टः प्रशस्य तम् । तदैव कारयामास मण्डपादि यथाविधि ॥२१॥ रामप्रतापेन तत आनयामास वैष्णवम् । यथोक्तलक्षणं विप्रं पौराणिकमुरुश्रुतम् ॥२२॥ आपद्धर्मानुसारेण धर्मः कृत्वाऽथ नैत्यकम् । विधिं विधिज्ञो विदधे पुराणश्रवणस्य च ॥२३॥ प्रत्यक्षकृष्णेऽपि सति मर्यादास्थापनाय सः । प्रातिष्ठिपत्कृष्णमूर्तिं सप्ताहावधि पौरटीम् ॥२४॥

કરશે અને તેનાથી પોતાના અભીષ્ટ મનોરથને પૂર્ણ કરશે. (૧૧) શ્રીહરિએ બાંધેલી ધર્મમર્યાદામાં રહી જે કોઈ ભક્તજન તેમની પૂજા કરશે તેને મનોવાંછિત ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થશે. (૧૨) ધર્મદેવે આ પ્રમાણે કહ્યું તેથી બંને ભાઈઓ પ્રસન્ન થયા અને તે જ ક્ષણે શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા : 'હે હરિકૃષ્ણ ! અમે તમારા છીએ માટે તમો અમારું બંનેનું સદાય રક્ષણ કરજો.' (૧૩)

આ પ્રકારે બંધુઓનાં વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે તમે પિતાની આજ્ઞાનું પાલન કરો અને આદર પૂર્વક પરમાત્માની ભક્તિ કરો. તેનાથી હું પ્રસન્ન થઈશ. (૧૪) હે રાજન્ ! ત્યાર બાદ બંને ભાઈઓ 'શ્રીહરિ'ને જ શ્રીકૃષ્ણ જાણી આદર પૂર્વક તેમનું ભજન કરવા લાગ્યા. તેમજ શ્રીહરિની ઈચ્છાથી તેઓને ક્યારેક ક્યારેક તેમના સ્વરૂપનું દિવ્ય જ્ઞાન થતું હતું. (૧૫)

ધર્મદેવે એકાદશીની રાત્રિના અંતિમ પ્રહરમાં પોતાના પુત્રોને શ્રીહરિની ઉપાસનાનો રૂડો ઉપદેશ કર્યો; ને તેવામાં દ્વાદશીનું નવલું પ્રભાત થયું. (૧૬) તે સમયે બંધુઓના સાંભળતાં જ શ્રીહરિએ પિતાને પ્રશ્ન કર્યો કે હે પિતાજી ! તમારા હૃદયમાં જે કંઈ ઈચ્છા વર્તતી હોય તે જણાવો. હું તમારો મનોરથ પૂર્ણ કરીશ. (૧૭)

**શ્રીમદ્ભાગવતકથાનું શ્રવણ** :- તે સમયે ધર્મપિતા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે હે હરિ ! આપના યોગથી હું પૂર્ણકામ થયો છું. હે હરિકૃષ્ણ! તમારી ભક્તિ કરતાં મને મારા હૃદયમાં ક્યારેય તૃપ્તિ થતી નથી. માટે જ્યાં સુધી મારું શરીર ન પડે ત્યાં સુધી તમારી ભક્તિ કરવા ઈચ્છુ છું. છતાં તાવની વેદનાને લીધે મારું શરીર અશક્ત થયું છે તેથી ભગવાનની પૂજા કરી શકું તેમ નથી. પણ હે હરિ ! મારા અંતરમાં સાત દિવસ પર્યંત અર્થે સહિત શ્રીમદ્ભાગવત પુરાણ સાંભળવાની ઈચ્છા વર્તે છે. તે ઈચ્છા જલદી પૂર્ણ થાય તેમ કરો. (૧૮ થી ૨૦)

આ પ્રકારની ઈચ્છા ધરાવતાં પિતાનાં વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા. તેમજ પિતાની પણ પ્રશંસા કરી અને તે જ ક્ષણે વિધિ પ્રમાણે મંડપ વગેરેની રચના કરાવી. (૨૧) ત્યારબાદ રામપ્રતાપભાઈએ વિદ્વાન, ધર્મનિષ્ઠ તેમજ શાસ્ત્રમાં કહેલા વક્તાનાં લક્ષણ યુક્ત, ભાગવતાદિ અનેકશાસ્ત્રજ્ઞ પૌરાણિક વૈષ્ણવ વિપ્રને આમંત્રણ આપ્યું. (૨૨) ત્યારબાદ વિધિને જાણનારા ધર્મદેવે આપત્કાળના ધર્મ અનુસાર નિત્યવિધિ કરી શ્રીમદ્ભાગવત પુરાણના શ્રવણનો પ્રારંભિક વિધિ કર્યો. (૨૩) પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાન પુત્રસ્વરૂપે બિરાજતા હોવા છતાં ધર્મદેવે લોકમર્યાદાના રક્ષણને અર્થે શ્રીકૃષ્ણની સુવર્ણ પ્રતિમાનું એક સપ્તાહ પર્યંત સ્થાપન કર્યું. (૨૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

आदौ निर्विघ्नतासिद्ध्यै समभ्यर्च्य गणाधिपम्। कुलदेवं मारुतिं च ततः कृष्णमपूपुजत् ॥२५॥ गायत्रीकृष्णमन्त्राणां जपार्थं ब्राह्मणान्विदः । वव्रे पञ्चैव तेभ्योऽदाद्वासोभूषासनादि च ॥२६॥ वृतास्ते तज्जपं चक्रुः सप्ताहानि यथाविधि । धर्म उच्चासने विप्रं तमुपाविविशत्ततः ॥२७॥ आदौ श्रीमद्भागवतं सम्पूज्य ब्राह्मणं ततः । पुपूज व्यासनाम्नैव श्रोतृविप्रांस्ततश्च सः ॥२८॥ ज्वरार्तिरपि मन्दाऽऽसीत्तस्य धर्मदृढस्थितेः । दिवा पुराणं शुश्राव समाधिं निशि चाप सः॥२९॥ यथाविधि कथां नित्यं शृण्वतोऽस्य दिनानि षट् । ययुश्चतुर्थ्यां भृगुजे प्रातस्तामसमापयत् ॥३०॥ सम्पूज्य वाचकं तस्मै स्वर्णमुद्रासहस्रकम् । ददौ भूषाश्च वासांसि हैमं सिंहं च गां शुभाम् ॥३१॥ रामप्रतापमुख्यैस्तं गीतवादित्रनिःस्वनैः । सहैव प्रापयामास हयारूढं स्वकेतनम् ॥३२॥ वृतेभ्यो ब्राह्मणेभ्योऽथ ददावुत्तमदक्षिणाम् । होमं तु देशकालज्ञो जपात्मकमकारयत् ॥३३॥ पूर्वाह्ण एव मिष्टान्नैस्तर्पयामास वाडवान् । विसर्जयामास च तान् दत्त्वा भोजनदक्षिणाम् ॥३४॥ ज्वरार्तिरासीदधिकाऽथ तस्य रामप्रतापादिषु भुक्तवत्सु । शीघ्रं ततस्ते स्वजनाश्च सर्वे निषेदुरेत्यान्तिक एव तस्य ॥३५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतपुत्रोपदेश-श्रीमद्भागवतसप्ताहश्रवणकथननामैकोनचत्वारिंशोऽध्यायः ॥३९॥

---

ધર્મદેવે વિઘ્નના નિવારણને અર્થે પ્રથમ ગણપતિનું પૂજન કર્યું ને પછી કુળદેવ હનુમાનજીનું પૂજન કર્યું. ત્યાર બાદ શ્રીકૃષ્ણ પરમાત્માની પૂજા કરી. (૨૫) ધર્મદેવે ગાયત્રીમંત્ર અને શ્રીકૃષ્ણ મંત્રનો જપ કરવા પાંચ વિદ્વાન બ્રાહ્મણોનું વરણ કર્યું. તેમજ તેમને વસ્ત્ર, અલંકાર, આસન, વાહન વગેરે પદાર્થોનું દાન કર્યું. (૨૬) વરણી કરાયેલા બ્રાહ્મણો સાત દિવસ પર્યંત વિધિ પ્રમાણે મંત્રનો જપ કરવા લાગ્યા. ત્યારબાદ ધર્મદેવે ભાગવતના વક્તા વિપ્રને ઊંચા આસન ઉપર બેસાડી પ્રથમ શ્રીમદ્‌ભાગવત પુરાણનું પૂજન કર્યું, વ્યાસના પ્રતીક સમા પૌરાણિક વિપ્રનું વ્યાસના નામથી પૂજન કર્યું તેમજ કથા સાંભળવા પધારેલા વિપ્રોનું પૂજન કર્યું. (૨૭/૨૮)

ધર્મમાં દૃઢ સ્થિતિવાળા ધર્મદેવને તાવની પીડા કંઈક ઓછી જણાતી હોવાથી દિવસ દરમિયાન તેઓ શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ કરતા અને રાત્રિના સમયે તેઓ સમાધિ સ્થિતિમાં શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન કરતા હતા. (૨૯) વિધિ અનુસાર કથાનું શ્રવણ કરતા ધર્મદેવને જોતજોતામાં છ દિવસો પૂર્ણ થયા અને જેઠ વદી ચતુર્થીના શુક્રવારે પ્રાતઃકાળે કથાની સમાપ્તિ કરી. (૩૦) ધર્મદેવે વક્તાનું પૂજન કરી તેમને એક હજાર સોનામહોર, વસ્ત્રો, અલંકારો સુવર્ણરચિત સિંહ અને શુભ લક્ષણવાળી ગાયનું દાન કર્યું. તથા રામપ્રતાપ વગેરે પોતાના સંબંધીજનો દ્વારા ગીત તથા વાજિંત્રોના નાદની સાથે અલંકૃત કરેલા અશ્વ ઉપર બેસાડી તેમના ભુવન સુધી વળાવવા ગયા. (૩૧/૩૨)

જપને માટે વરણી કરેલા બ્રાહ્મણોને ધર્મદેવે ઉત્તમ દક્ષિણા આપી અને દેશકાળ અનુસાર હોમ તો જપાત્મક જ કરાવ્યો. (અર્થાત્ હોમનાં પ્રતિનિધિ રૂપે વિશેષ જપ કરાવ્યો.) (૩૩) પૂર્વાહ્ન સમયે મિષ્ટ અન્નથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. તેમજ દક્ષિણા અર્પણ કરી વિદાય કર્યા. (૩૪) પછી રામપ્રતાપભાઈ વગેરે સંબંધીજનો જ્યારે ભોજન સમાપ્તિ કરી રહ્યા ત્યારે તેવામાં તો ધર્મદેવને તાવની પીડા વિશેષ વધવા લાગી. તેથી રામપ્રતાપાદિક સર્વે સ્વજનો તત્કાળ ધર્મદેવની સમીપે જ આવીને બેસી ગયા. (૩૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મકૃત પુત્રોપદેશ-શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કથન' નામે ઓગણચાલીશમો અધ્યાયઃ (૩૯)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच – **पितुः शरीरशैथिल्यं दृष्ट्वा पुत्रा विचक्षणाः । आसन्नमृत्युतां तस्य निश्चिक्युर्हृदि भूपते! ॥१॥ विधिज्ञान्वैदिकान्विप्रान्समाहूय हरिर्द्रुतम् । अन्तकर्मविधिं सर्वं पितरं तैरकारयत् ॥२॥ प्रायश्चित्तं षडब्दं ते देहशुद्ध्यर्थमादितः। प्रत्याम्नायेन हेम्नाऽऽशु विधिना तमकारयन् ॥३॥ पर्षदोऽनुमते तत्र वपनं प्रागकारयन् । शिखाकक्षोपस्थवर्जं स्नानं दशविधं ततः ॥४॥ पट्टाङ्गनाभिः सहितं रुक्मिण्यादिभिरष्टभिः । कृष्णमष्टदले विप्रा वेदमन्त्रैस्तमार्चयन् ॥५॥ प्रायश्चित्ताङ्गगोदानं दानानि च ततो दश । गोभूमितिलमुख्यानि विप्रेभ्यस्तमदापयन् ॥६॥ आमान्नानां तथा प्रस्थान् सहस्रं साज्यदक्षिणान् । अदापयंस्तथोत्क्रान्तिधेनुं वैतरणीं ततः ॥७॥ ऋणधेनुं पापधेनुं मोक्षधेनुं च तेन ते । अदापयन्मुख्यकल्पमाश्रित्यैव नराधिप ! ॥८॥ एकदण्डाकृतिश्वासं तं दृष्ट्वाऽथ सुता द्रुतम् । तीर्थोदकेन स्नपयाञ्चक्रुः साश्रुविलोचनाः ॥९॥ गोमयेनोपलिप्तायां भुव्यास्तीर्य कुशांस्तिलान् । विकीर्य बहुलांस्तत्रोदक्शिरस्कमसूषुपन् ॥१०॥ ततः सङ्कीर्तनं ह्येव नाम्नां कृष्णस्य तेऽखिलाः। चक्रुरुच्चैर्बन्धुजनाः सर्वदुःखापहारिणाम् ॥११॥ पुरःस्थिते भगवति स्थिरीकृतविलोचनः । धर्मोऽप्यनन्यभावोऽथ जहौ सद्यः कलेवरम् ॥१२॥ हरेः प्रसादान्निर्मुक्तो दुर्वासःशापबन्धनात् । सद्य एव तनुं दिव्यां प्रपेदे च सुखेन सः ॥१३॥ ततो भक्त्यादिभिः साकं कृष्णं तं पुत्ररूपिणम् । सेवमानः सदा तस्य पार्श्वे एवावसत्स वै ॥१४॥ परासुं तं विलोक्याथ सुतास्तत्रोचितं व्यधुः । रोदनस्य निषिद्धत्वात्तदानीं धैर्यमास्थिताः ॥१५॥ वपनं कारयित्वा ते सस्नुः शीतोदकेन च । पितृमेधविधानेन तत्कर्माऽऽचरदग्रजः ॥१६॥ ऊर्ध्वोच्छिष्टादिदोषाणां सर्वथैव ह्यसम्भवात् । प्रायश्चित्तं तन्निमित्तं नाचचार स वै पितुः ॥१७॥ अधिकारस्य सिद्ध्यर्थं पितुरुत्तरकर्मणि । स्वयं तु**

## અધ્યાય : ૪૦

## શ્રી ધર્મદેવનો દેહોત્સર્ગ

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પિતાના શરીરની શિથિલતા જોઈને વિચક્ષણ પુત્રો તેમનું મૃત્યુ સમીપમાં છે એમ મનમાં નિશ્ચય કરવા લાગ્યા. (૧) ભગવાન શ્રીહરિએ વિધિને જાણનારા વૈદિક વિપ્રોને તત્કાળ બોલાવ્યા અને તેમના દ્વારા પિતા પાસે અંત્યકર્મવિધિ કરાવ્યો. (૨) વિપ્રોએ પ્રથમ દેહશુદ્ધિને અર્થે ષડબ્દ નામના પ્રાયશ્ચિત્તના પ્રતિનિધિ રૂપે વિધિ પ્રમાણે તત્કાળ સુવર્ણનું દાન કરાવ્યું. (૩)

સભાસદ વિપ્રોની અનુમતિથી પ્રાયશ્ચિત્તના પ્રારંભમાં પ્રથમ શિખા, કક્ષ અને ઉપસ્થ વર્જિત મુંડન કરાવ્યું. ત્યારપછી દશ પ્રકારનું સ્નાન કરાવ્યું. રુક્ષ્મણી આદિ અષ્ટ પટરાણીએ સહિત શ્રીકૃષ્ણ પરમાત્માનું અક્ષતથી રચેલા અષ્ટદળના કમળમાં વેદમંત્રોથી પૂજન કર્યું. પ્રાયશ્ચિત્તના અંગભૂત ગૌદાન કર્યું. ગાય, ભૂમિ, તલ, સોનું, ઘી, વસ્ત્ર, ધાન્ય, ગોળ, રૂપું અને મીઠું વગેરે દશ પ્રકારનાં દાન બ્રાહ્મણોને અપાવ્યાં. ઘી અને દક્ષિણાની સાથે એક એક શેર કાચા અન્નથી ભરેલાં હજારો પાત્રો, ઉત્ક્રાંતિધેનુ, વૈતરણીધેનુ, ઋણધેનુ, પાપધેનુ, અને મોક્ષધેનુનું મુખ્ય પક્ષને આશરીને ધર્મદેવ પાસે દાન કરાવ્યું. (૪/૮)

**ધર્મદેવનું સ્વધામગમન :-** પિતાનો એકદંડો શ્વાસ જોઈ આંખમાં અશ્રુઓની સાથે પુત્રોએ તીર્થોદકથી પિતાને સ્નાન કરાવ્યું. છાણથી લીપેલ ભૂમિ ઉપર દર્ભ પાથર્યા. બહુ તલ વેર્યા. તેમજ ઉતર દિશા તરફ મસ્તક રાખી પિતાને શયન કરાવ્યું. (૯/૧૦) ત્યાર બાદ સર્વે બંધુજનો સર્વપ્રકારના દુઃખને હરનાર શ્રીકૃષ્ણ પરમાત્માના નામોનું ઊંચે સ્વરે ઉચ્ચાર કરવા પૂર્વક સ્મરણ કરવા લાગ્યા. (૧૧) ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અનન્ય સ્નેહ ધરાવતા ધર્મદેવે પોતાની નજર સમક્ષ બિરાજતા શ્રીહરિમાં નેત્રવૃત્તિ સ્થિર કરી પંચભૌતિક શરીરનો ત્યાગ કર્યો. (૧૨)

**પુત્રો દ્વારા પિતાની ઉત્તર ક્રિયા :-** દુર્વાસા મુનિના શાપમાંથી શ્રીહરિની કૃપાથી મુક્ત થયેલા ધર્મદેવ તત્કાળ સુખેથી દિવ્ય શરીરને પામ્યા અને દિવ્ય શરીરધારી ભક્તિદેવી વગેરે સ્વજનોની સાથે પુત્ર સ્વરૂપ શ્રીહરિની નિરંતર સેવા કરતા તેમની સમીપમાં જ રહેવા લાગ્યા. (૧૩/૧૪)

પિતાએ શરીરનો ત્યાગ કર્યો છે એમ જાણી પુત્રોએ તે સમયને ઉચિત કર્મ કર્યું. રુદન કરવાનો નિષેધ હોવાથી તેઓએ ધીરજ ધારણ કરી મુંડન કરાવ્યું. ઠંડા જળથી સ્નાન કર્યું. અને મોટા પુત્ર રામપ્રતાપભાઈએ પિતૃમેધવિધિથી પિતાના શરીરનો સંસ્કાર કર્યો, પણ પિતાના **'ઊર્ધ્વોચ્છિષ્ટાદિ'** દોષોમાં પુત્રને કરવાનું કહેલું પ્રાયશ્ચિત્ત કર્યું નહિ. કારણ કે ધર્મદેવમાં તે દોષ માંહિલો એક પણ દોષ હતો નહિ. (૧૫ થી ૧૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कृच्छ्रप्रतिमास्वर्णसङ्कल्पमाचरत् ॥१८॥
घृतेनाभ्यज्य संस्नाप्य प्रेतं वसनमेककम् । परिधाप्य सितं नूत्नं प्राग्वदस्वापयच्च सः ॥१९॥ अन्यच्च तादृशं वासस्तमाच्छादयदुत्तमम् । ततश्चन्दनपुष्पस्रग्गुलालादिभिरार्चिचत् ॥२०॥ छिद्रेषु सप्तसु स्वर्णखण्डकान् स मुखादिषु । प्रक्षिप्योत्क्रमणश्राद्धं मृतस्थाने चकार च ॥२१॥ शवनाम्ना तत्र पिण्डमपसव्येन स त्वदात् । द्वारदेशे पान्थनाम्ना चैकोद्दिष्टविधानतः ॥२२॥ प्रेतं वंशकटे बध्वा वाससाच्छादितं ततः । पुत्राः सपिण्डाः स्वजनाः प्राचीं निरहरन् दिशम् ॥२३॥ ज्येष्ठो रामप्रतापस्य नन्दरामाभिधः सुतः । मृत्स्थाल्यां लौकिकं वह्निं गृहीत्वाऽचरदग्रतः ॥२४॥ ददौ पिण्डं तृतीयं च चत्वरे खेचराख्यया । रामप्रतापः प्रेताय विश्रामे भूतसंज्ञया ॥२५॥ चलन्ति स्माग्रतो वृद्धाः कनिष्ठाः पथि तानन्नु । स्त्रियस्तु चत्वरान्तं तमनुव्रज्य ययुर्नदीम् ॥२६॥ श्मशाने शवमास्थाप्य चितास्थानेऽग्रजः सुतः । स प्रेताय ददौ पिण्डं विधिवत्साधकाख्यया ॥२७॥ कृतायां संस्कृतभुवि तुलस्यश्वत्थचन्दनैः । चितायां स्थापिते वह्नौ क्रव्यादेऽथ जुहाव तम् ॥२८॥ स्नपितं घृतलिप्तं तमेकवस्त्रमवाङ्मुखम् । हुत्वाऽर्धदग्धे तस्मिंश्च सतिलाज्याहुतीर्ददौ ॥२९॥ पुत्रादयस्ततो गाढं रुरुदुस्तत्र बन्धवः । दग्धप्रायेऽथ तस्मिंस्ते ह्युत्तस्थुः सशुचो नृप ! ॥३०॥ अपश्यन्तश्चिताभूमिं पुरस्कृत्य कनीयसः । सरयूं ते ययुः सर्वे स्मरन्तस्तं महानदीम् ॥३१॥ तत्र प्रक्षाल्य वासांसि तान्येव परिधाय च । शिखामुन्मुच्य सस्नुस्ते वृद्धपूर्वं प्रविश्य ताम् ॥३२॥ सकृन्निमज्ज्यैत्य तटं प्राचीनावीतिनश्च ते । तत्राचम्य शिखां बद्ध्वा दक्षाग्रानाददुः कुशान् ॥३३॥

---

પિતાના ઉત્તર કર્મમાં અધિકાર સંપાદન કરવાને અર્થે પુત્ર રામપ્રતાપે ત્રણ કૃચ્છ્રચાંદ્રાયણવ્રતના પ્રતિનિધિ તરીકે સુવર્ણ દાનનો સંકલ્પ કર્યો. (૧૮) પિતાના શબને ઘી વડે લેપન કરી સ્નાન કરાવ્યું. એક શ્વેત નવીન વસ્ત્ર પરિધાન કરાવ્યું. પૂર્વની માફક ઉત્તર દિશા તરફ મસ્તક રાખી શયન કરાવ્યું. (૧૯) બીજું ઉત્તમ શ્વેત વસ્ત્ર પિતાના શરીર પર ઓઢાડ્યું. ચંદન, પુષ્પ તેમજ ગુલાલ વગેરે પદાર્થોથી પૂજન કર્યું. (૨૦) મસ્તકના મુખ-નાસિકા વગેરે સાત છિદ્રોમાં સુવર્ણના સાત ટુકડા મુક્યા. જે સ્થળમાં મૃત્યુ થયું હતું તે સ્થળમાં **'ઉત્ક્રમણ'** નામના શ્રાદ્ધનો વિધિ કર્યો. (૨૧) તે શ્રાદ્ધકર્મમાં રામપ્રતાપે જમણે ખભે ઉપવીત રાખી **'એકોદિષ્ટ'** અર્થાત્ એકને ઉદ્દેશીને આપવામાં આવતા મંત્ર રહિત પિંડદાન વિધિથી **'શવ'** નામથી પિંડદાન કર્યું. દ્વારપ્રદેશમાં **'પાન્થ'** નામથી પિંડદાનવિધિ કર્યો. (૨૨) પુત્રો અને સગોત્રી સંબંધીજનોએ પ્રેત શરીરને વાંસથી બનાવેલ નનામીમાં વસ્ત્રથી બાંધી પૂર્વ દિશા તરફ ઉપાડ્યું. (૨૩)

રામપ્રતાપજીના મોટા પુત્ર નંદરામ એક માટીનાં પાત્રમાં ભૌતિક અગ્નિ લઈ શબની આગળ ચાલ્યા. (૨૪) રામપ્રતાપભાઈએ ચોકમાં **'ખેચર'** નામથી ત્રીજું પિંડદાન કર્યું તેમજ અર્ધે માર્ગે વિશ્રામસ્થાનમાં **'ભૂત'** નામથી ચોથું પિંડદાન કર્યું. (૨૫) માર્ગમાં શબની આગળના ભાગમાં વૃદ્ધ પુરુષો અને તેમની પાછળ નાની વયના પુરુષો ચાલ્યા તેમજ તેમની પાછળ ચાલતી સ્ત્રીઓ ચોક સુધી આવી. ત્યારબાદ સરયૂ ગંગામાં સ્નાન કરવા ગઈ. (૨૬) રામપ્રતાપે સ્મશાનમાં પ્રેત (મૃત્યુ પામેલ) શરીરને ચિતામાં સ્થાપન કરી વિધિ પ્રમાણે **'સાધક'** નામથી પાંચમું પિંડદાન કર્યું. (૨૭)

ત્યાર બાદ શુદ્ધ કરેલ ભૂમિ ઉપર તુલસી, પીપળો તેમજ ચંદનનાં કાષ્ઠથી રચેલી ચિતામાં પ્રગટાવેલ **'ક્રવ્યાદ'** નામના અગ્નિમાં ઘીથી લેપન કરેલા, વસ્ત્રપરિધાન કરાવેલા, સ્નાન કરાવેલા અને દક્ષિણ મુખે શયન કરાવેલા શબને આહુતિ આપી અને જ્યારે શબ અર્ધુ બળી રહ્યું ત્યારે ફરીને તલ તેમજ ઘીની આહુતિ અર્પણ કરી. (૨૮/૨૯) હે રાજન્! તે સ્થળે રામપ્રતાપ વગેરે બંધુજનોએ અત્યંત રુદન કર્યું. ત્યાર બાદ જ્યારે શબ બળીને ભસ્મરૂપ થયું ત્યારે શોક કરતાં કરતાં બંધુઓ ત્યાંથી ઊભા થયા તેમજ નાની વયના પુરુષોને માર્ગ વિષે આગળ કરી ચિતાભૂમિ તરફ પાછું વાળીને નહિ જોતાં તેઓ ધર્મદેવનું સ્મરણ કરતા થકા મહાનદી સરયૂમાં સ્નાન કરવા ગયા. (૩૦/૩૧)

સરયૂમાં વસ્ત્ર ધોઈ તેનાં તે જ ભીનાં વસ્ત્રો પરિધાન કર્યાં. મસ્તક ઉપર બાંધેલ શિખા છોડી. તેમજ વૃદ્ધોને આગળ રાખી નદીમાં પ્રવેશ કરી તેઓએ સ્નાન કર્યું. પાણીમાં એકવાર ડૂબકી લગાવી. ત્યારબાદ કિનારે આવી જનોઈ ધારણ કરી ત્રણ વખત આચમન કર્યું ને શિખાબંધન કર્યું. તેમજ દક્ષિણ દિશા તરફ અગ્રભાગવાળા દર્ભોનું ગ્રહણ કર્યું. (૩૨/૩૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

ददुर्जलाञ्जलींस्त्रींस्त्रीन्प्रेतायापाङ्मुखाश्च ते । पितृतीर्थेन सतिलान् वदन्तो गोत्रनामनी ॥३४॥
पुत्राः सपिण्डाश्च तथा सोदका इतरेऽपि च । ददुर्दाघाञ्जलीनित्थं तस्मै सम्बन्धिनो नराः ॥३५॥ पुनः स्नात्वाऽथ वासांसि परिधायेतराणि ते । उपाविशन्नदीतीरे शोकव्याकुलितान्तराः॥३६॥ शोकापनोदं बहुधा चक्रुस्तेषां पुरौकसः । वृद्धा धीराः पुराणज्ञा नृपते ! प्राङ्निदर्शनैः ॥३७॥ कनीयसः पुरस्कृत्य तत ईयुर्गृहाञ्छनैः । अपश्यन्तः पराक् सर्वे पङ्क्तिभूता अधोमुखाः ॥३८॥ स्नात्वा स्त्रियस्तु शोकार्तास्तेषामग्रत आलयम् । आययुर्मिलिताः सर्वा रुदन्त्यस्ते च ता अनु ॥३९॥ विदश्य निम्बपत्राणि द्वारि स्थित्वा ततोऽनलम् । वृषभादींश्च संस्पृश्य विविशुस्ते निकेतनम् ॥४०॥ आश्वास्य रुदतः पुत्रान् सपिण्डाद्यास्ततो नराः । स्वं स्वं गृहं ययुः सर्वे ताः स्त्रीश्चाश्वास्य तत्स्त्रियः ॥४१॥ शोधयित्वा गृहं पुत्रा ब्रह्मचर्यपरायणाः । दशाहमासताक्षारलवणाशाश्च भूशयाः ॥४२॥ सन्त्यक्तसर्वभोगाश्च हास्यहर्षादिवर्जिताः । प्रत्यहं भगवद्गीतां शुश्रुवुश्च दिनात्यये ॥४३॥ दशाहानि सपिण्डाश्च सोदकास्तु दिनत्रयम् । पालयामासुराशौचमस्पृशन्तोऽन्यमानवान् ॥४४॥ गोत्रसम्बन्धरहिता अपि शिष्याश्च तस्य ये । आशौचं पालयामासुः पक्षिणीं सर्व एव ते ॥४५॥ अर्घ्यान्तां मानसीं सन्ध्यां कुशवारिविवर्जिताम् । चक्रुस्तेऽर्घ्यं तु प्रत्यक्षं ददुः सूर्याय सूतके ॥४६॥ कृष्णपूजां हृदा चक्रुर्दृशा तत्प्रतिमेक्षणम् । विदधुस्तत्र ते नित्यं वैश्वदेवं तु नाचरन् ॥४७॥ वर्णिव्रतस्थो निजनित्यकर्म हरिस्तु सर्वं विधिवच्चकार । पाकं स्वहस्तेन पृथग्विधाय स्वानस्पृशन्वै बुभुजेऽनुघस्त्रम् ॥४८॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मदेहोत्सर्गे तद्दाहविधिनामा चत्वारिंशोऽध्यायः ॥४०॥

સંબંધીજનોએ દક્ષિણ દિશા તરફ મુખ રાખી ગોત્રના નામનું ઉચ્ચારણ કરી તિલમિશ્રિત ત્રણ ત્રણ **'જલાંજલિ'** પિતૃતીર્થથી અર્થાત્ તર્જની આંગળીના મૂળથી અર્પણ કરી. (૩૪)

રામપ્રતાપદિક પુત્રો, સંપિડો (= કૂટસ્થ પુરુષને પ્રારંભીને સાત પેઢી સુધીના) તથા સોદકો (= સંપિડોથી ઉપરના ચૌદ પેઢી સુધીના) તેમજ બીજા સંબંધીજનોએ પણ પૂર્વોક્ત પ્રકારે પ્રેતને **'દાહાંજલિ'** અર્પણ કરી. (૩૫) ત્યાર બાદ ફરી સ્નાન કરી બીજાં વસ્ત્રો પરિધાન કર્યાં અને શોકથી આકુળવ્યાકુળ મનવાળા થઈ સરયૂગંગાને તીરે બેસી રહ્યા. (૩૬) જ્ઞાનવૃદ્ધ વયોવૃદ્ધ, ધીર તેમજ પુરાણોમાં પ્રવીણ પુરવાસીઓ પૂર્વના દૃષ્ટાંતોનાં માધ્યમથી બહુ પ્રકારે તેઓના શોકનું નિવારણ કરવા લાગ્યા. (૩૭) ત્યારબાદ રામપ્રતાપાદિ સર્વે જનોએ બાળકોને આગળ કર્યા. અને તેઓ પણ પાછળ દૃષ્ટિ નહિ કરતાં નીચું મુખ રાખી ધીરે ધીરે ચાલતાં ચાલતાં ધર્મદેવના ભવન પ્રત્યે આવ્યા. (૩૮)

શોકાતુર બની રુદન કરતી સર્વે સ્ત્રીઓ સ્નાન કરીને સૌ પ્રથમ ધર્મદેવને ઘેર ભેળી થઈ. અને ત્યાર બાદ સર્વે પુરુષો પણ આવ્યા. (૩૯) ઘરના દ્વારમાં ઊભા રહી લીંબડાનાં પત્રોને લગારેક મુખમાં મૂક્યાં. ત્યારબાદ અગ્નિ અને બળદ વગેરેનો સ્પર્શ કરી તેઓએ ભવનમાં પ્રવેશ કર્યો. (૪૦) ત્યાર બાદ રુદન કરતા ધર્મપુત્રોને, સપિંડાદિ સર્વે સંબંધીજનો; તેમજ રુદન કરતી સુવાસિની વગેરે સ્ત્રીઓને, સંબંધિની સર્વે સ્ત્રીઓ આશ્વાસન આપીને પોતપોતાને ઘેર ગયાં. (૪૧)

બ્રહ્મચર્યપરાયણ પુત્રો રામપ્રતાપ વગેરેએ ઘરની શુદ્ધિ કરાવી. તેમજ દશ દિવસ સુધી ક્ષાર અને લવણનું ભોજન કર્યું નહિ અને પૃથ્વી ઉપર શયન કર્યું. રમણીય સર્વે ભોગ સુખનો ત્યાગ કર્યો. હાસ્યવિનોદાદિકનો ત્યાગ કર્યો અને પ્રતિદિન સાયંકાળના સમયે શ્રીમદ્ ભગવદ્ગીતાનું શ્રવણ કર્યું. સાત પેઢીના સંબંધી જનોએ અન્ય મનુષ્યનો સ્પર્શ નહિ કરી દશ દિવસ અને ચૌદ પેઢીના જનોએ ત્રણ દિવસનું મરણ સૂતકનું પાલન કર્યું. તેમજ ધર્મદેવના ગોત્રસંબંધ વિનાના શિષ્યોએ દોઢ દિવસ (આવતો દિવસ અને વર્તમાન દિવસે સહિત રાત્રિ જેને પક્ષિણી સૂતક પણ કહે છે તેવા) મરણ સૂતકનું પાલન કર્યું. (૪૨ થી ૪૫)

રામપ્રતાપ વગેરે સંબંધીજનોએ સૂતકમાં અર્ઘ્યપ્રદાન પર્યંતની સંધ્યા જળ અને દર્ભના સંબંધ રહિત કેવળ માનસ રૂપે જ કરી. સૂર્યદેવને પ્રત્યક્ષ અર્ઘ્યપ્રદાન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણનું મનથી નિરંતર પૂજન કર્યું. નેત્રથી પ્રતિમાનાં દર્શન કર્યાં. પરંતુ સૂતક હોવાથી વૈશ્વદેવ કર્મ કર્યું નહિ. (૪૬/૪૭) બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા શ્રીહરિ તો વિધિ પ્રમાણે પોતાનું નિત્ય કર્મ કરતાં તેમજ સંબંધી જનોનો સ્પર્શ ન થાય તે રીતે દરરોજ પોતાને હાથે જુદી રસોઈ બનાવી ભોજન સ્વીકારતા હતા. (૪૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મદેહોત્સર્ગમાં તેમનો દાહવિધિ' નામે ચાલીસમો અધ્યાયઃ (૪૦)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच - द्वितीयेऽह्नि चिताभस्म सरय्वां प्राक्षिपन्नृप! । अस्थिसञ्चयनश्राद्धं ज्येष्ठः पुत्रश्चकार सः ॥१॥ आममृत्पात्र एकस्मिन् पयोऽन्यस्मिंस्तु वारि सः । भृत्वान्तरिक्षे निदधौ प्रदोषे प्रेततुष्टये ॥२॥ प्रेतपिण्डान् दश ददौ नवश्राद्धं स चाचरन् । अष्टादशाऽऽशीःप्रमुखान् पदार्थांस्तत्र नाऽऽचरत् ॥३॥ दशमेऽह्नि सपिण्डाश्च पिण्डदानादनन्तरम् । केशश्मश्र्वादिवपनं पुराद्बहिरकारयन् ॥४॥ तत्र बन्धुजनान्सर्वान्भोजयामास पिण्डदः । देहशुद्धिं विधायाथ चकारैकादशाहिकम् ॥५॥ श्रीकृष्णपूजां तत्रादौ कृत्वा श्राद्धं च वैष्णवम् । चकार तर्पणं विष्णोः सामभिर्वैष्णवैः स च ॥६॥ श्राद्धान्येकादश ततः पञ्च विष्णुगणस्य च । ब्रह्मादीनां च पञ्चानां चकारेत्थं स षोडश ॥७॥ वृषोत्सर्गं ततः कृत्वा महैकोद्दिष्टमेव च । विष्णुमभ्यर्च्योदकुम्भं ददौ सान्नं ससूत्रकम् ॥८॥ शय्यां सोपस्करां प्रादात्त्रयोदश पदानि च । विप्रेभ्योऽष्टविधान्येव सह दक्षिणया स च ॥९॥ गोरथाश्वमहिष्यादिदानानि प्रददौ तथा । श्राद्धानि षोडश ततस्तन्त्रेणैव चकार सः ॥१०॥ तत्राद्यं मासिकं श्राद्धं ततोऽसावूनमासिकम् । द्वितीयमासिकं चक्रे ततस्त्रैपक्षिकं नृप! ॥११॥ तृतीयमासिकं चाथ तुर्यमासिकमाचरत् । ततः पञ्चममास्यं च ह्यूनषाण्मासिकं च सः ॥१२॥ षष्ठमास्यं ततः श्राद्धं चक्रे सप्तममासिकम् । ततोऽष्टममासिकं च श्राद्धं नवममासिकम् ॥१३॥ ततो दशममास्यं च तथैकादशमासिकम् । चक्रे द्वादशमास्यं च स ऊनाब्दिकमन्तिमम् ॥१४॥ ततश्च भोजयामास स्वज्ञातीन् ब्राह्मणांस्तथा । सपिण्डीकरणश्राद्धं द्वादशेऽह्नि चकार च ॥१५॥

## અધ્યાય : ૪૧

## ધર્મદેવનો ઔર્ધ્વદૈહિક (દેહત્યાગ પછીનો) ક્રિયાવિધિ

**શ્રાદ્ધવિધિ** :- સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! બીજે દિવસે પુત્ર રામપ્રતાપભાઈએ ચિતાભસ્મ સરયૂ ગંગામાં પધરાવી **'અસ્થિ સંચય'** નામનું શ્રાદ્ધકર્મ કર્યું. પ્રેતની પ્રસન્નતાને અર્થે એક માટીના પાત્રમાં દૂધ અને બીજા પાત્રમાં જળ ભરી સાંજના સમયે ખુલ્લી જગ્યામાં સ્થાપન કર્યું. નવ શ્રાદ્ધ કરી પ્રેતને દશ પિંડોનાં દાન કર્યાં તથા પ્રેતશ્રાદ્ધમાં આશિષ વગેરે અઢાર પદાર્થોનો નિષેધ હોવાથી તેનું આચરણ કર્યું નહિ. (૧ થી ૩) દશમે દિવસે પિંડદાન કર્યા પછી સપિંડ સંબંધીજનોએ ગામની બહારના ભાગમાં કેશ, દાઢી અને મૂછનું મુંડન કર્યું. પિંડદાન આપનારા રામપ્રતાપે સર્વે સંબંધી જનોને ભોજન કરાવ્યું. ત્યારબાદ દેહશુદ્ધિ કરી અગિયારમે દિવસે કરવા યોગ્ય શ્રાદ્ધ કર્મ કર્યું. (૪/૫)

એકાદશાહ શ્રાદ્ધકર્મમાં પટરાણીએ સહિત શ્રીકૃષ્ણ પરમાત્માનું પૂજન કરી વૈષ્ણવ શ્રાદ્ધ કર્યું. તેમજ વિષ્ણુ દેવતાક અર્થાત્ વિષ્ણુ પરમાત્માનું પ્રતિપાદન કરનારા સામવેદના મંત્રોના ગાનથી વિષ્ણુ ભગવાનનું તર્પણ કર્યું. (૬) ત્યાર બાદ રામપ્રતાપભાઈએ વિષ્ણુગણનાં અગિયાર શ્રાદ્ધ તથા બ્રહ્માદિ દેવોનાં પાંચ શ્રાદ્ધ એમ મળીને સોળ શ્રાદ્ધ કર્યાં. (૭) ત્યારબાદ રામપ્રતાપભાઈએ વૃષોત્સર્ગ અર્થાત્ નીલ વૃષ પરણાવવાનો વિધિ કરીને **'મહૈકોદ્દિષ્ટ'** અર્થાત્ આદ્યશ્રાદ્ધ કર્મ કર્યું અને વિષ્ણુપૂજન કરી અન્નથી ભરેલ સૂત્રસહિત ઘડાનું દાન કર્યું. (૮)

ત્યારબાદ શ્રીરામપ્રતાપભાઈએ ગાદલું તથા ઓશીકા વગેરે ઉપકરણો સહિત શય્યા, તેમજ આઠ અને તેર પ્રકારનાં પદો (અર્થાત્ આસન, પગરખા, છત્ર વેઢ, કમંડળુ, ભોજન, ભોજનાધાર પાત્ર અને વસ્ત્ર : આ આઠ વસ્તુઓ) વગેરે પદાર્થો બ્રાહ્મણોને દાનમાં અર્પણ કર્યાં ને દક્ષિણા આપી. (૯) તેમજ ગાય, અશ્વ, ભેંસ આદિક પશુનાં દાન કર્યાં. ત્યારબાદ તંત્રથી અર્થાત્ એક જ આવૃત્તિથી સોળ પ્રકારના શ્રાદ્ધનું અનુષ્ઠાન કર્યું. (૧૦)

હે રાજન્ ! રામપ્રતાપભાઈએ તે સોળ શ્રાદ્ધમાં પ્રથમ માસિક શ્રાદ્ધ કર્યું. ત્યારબાદ અર્ધમાસિક, ત્યારબાદ દ્વિમાસિક, ત્યારબાદ ત્રૈપાક્ષિક, ત્યારબાદ ત્રિમાસિક, ત્યારબાદ ચાતુર્માસિક, ત્યારબાદ પંચમાસિક, ત્યારબાદ ઉન્ષડ્માસિક, ત્યારબાદ ષડ્માસિક, ત્યારબાદ સપ્ત માસિક, ત્યારબાદ અષ્ટમાસિક, ત્યારબાદ નવમાસિક, ત્યારબાદ દશમાસિક, ત્યારબાદ એકાદશમાસિક, ત્યારબાદ દ્વાદશ માસિક અને અંતિમ અર્ધવાર્ષિક એ રીતે સોળ પ્રકારનાં શ્રાદ્ધ કર્યાં. ત્યારબાદ રામપ્રતાપભાઈએ પોતાની જ્ઞાતિનાં સરવરિયા બ્રાહ્મણો તેમજ અન્ય બ્રાહ્મણોને પણ ભોજન કરાવ્યાં અને બારમે દિવસે સપિંડીકરણ શ્રાદ્ધ કર્યું. (૧૧ થી ૧૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

निःश्वासधेनुं तत्रादात्पिण्डसंयोजनादनु । मोक्षधेनुं च दत्त्वाऽसौ वामदेव्यमगापयत् ॥१६॥ ब्राह्मणान्भोजयामास दिने तत्र सहस्रशः । चतुर्विधानि सोऽन्नानि स्वज्ञातींश्चेतरानपि ॥१७॥ त्रयोदशेऽह्नि सम्पूज्य विष्णुं च श्रवणादिकान् । दत्त्वा दानानि बहुधा पाथेयश्राद्धमाचरत् ॥१८॥ ततः स्नात्वा विशुद्धेऽसौ परिधाय च वाससी । गणेशं पूजयित्वैव कारयामास मङ्गलम् ॥१९॥ तदा तस्मै धर्मशिष्याः पौराश्च शतशोऽपरे। ददुर्धनं बहुविधं नूतनान्यंशुकानि च ॥२०॥ तत्रापि भोजयामास दिने विप्रान्सहस्रशः। सोऽन्यांश्चागन्तुकांल्लोकान्प्राप्तांश्चान्नार्थिनोऽखिलान् ॥२१॥ सान्निध्याद्धि हरेस्तस्मिन्नौर्ध्वदैहिककर्मणि । कृतेऽपि मुख्यकल्पेन न्यूनं किमपि नाभवत् ॥२२॥ रामप्रतापः ससुत इच्छारामश्च सस्त्रियौ । जपतः स्म कृष्णमन्त्रं तौ पितुर्लब्धमन्वहम् ॥२३॥ हरौ सहोदरेऽथासीत्कृष्णधीर्विस्मृता तयोः । इच्छयैव प्रभोस्तस्य प्रव्रजिष्यत आलयात् ॥२४॥ कर्मकाण्डपथमित्थमीश्वरो भूतले प्रतिहतं तु नास्तिकैः । सम्प्रवर्तयति स स्म भूपते ! तातमेधविधिचारणेन वै ॥२५॥

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मौर्ध्वदैहिकक्रियाविधिनामैकचत्वारिंशोऽध्यायः ॥४१॥

सुव्रत उवाच - **यथाविधानं संवृत्ते पितुरुत्तरकर्मणि । ऐच्छत्ततः प्रव्रजितुं नीलकण्ठो नराधिप ! ॥१॥ स्नेहं स्वस्मिन्स्वबन्धूनां सखीनां च पुरौकसाम् । सर्वाधिकं स विज्ञाय स्वप्रव्रज्यान्तरायकम् ॥२॥ तच्छान्तये गणाधीशं सर्वविघ्ननिवारणम् ॥ दूर्वादिभिः स सम्पूज्य तुष्टाव प्रयताञ्जलिः ॥३॥**

---

તે શ્રાદ્ધમાં પિંડ સંયોજન કર્યા પછી નિઃશ્વાસધેનુ અને મોક્ષધેનુનું બ્રાહ્મણોને દાન કરી તેમની પાસે **'વામદેવ્ય'** નામનું સામવેદનું ગાન કરાવ્યું. અને તે દિવસે હજારો બ્રાહ્મણો, સંબંધીજનો અને ઈતરજનોને પણ ચાર પ્રકારનાં ભોજન કરાવ્યાં. (૧૬/૧૭) તેરમાને દિવસે વિષ્ણુ ભગવાન અને શ્રવણ વગેરે ત્રયોદશ દેવતાઓનું પૂજન કરી બહુ પ્રકારનાં દાન કર્યાં. તેમજ **'પાથેય'** નામનું શ્રાદ્ધ કર્યું. (૧૮)

ત્યારબાદ રામપ્રતાપભાઈએ સ્નાન કરી વિશુદ્ધ બે વસ્ત્રો પરિધાન કર્યાં અને ગણપતિનું પૂજન કરી **'સ્વસ્તિવાચન'** કર્મ કર્યું. તે કર્મમાં ધર્મદેવના અયોધ્યાવાસી શિષ્યો અને બીજા અનેક સંબંધીજનોએ રામપ્રતાપભાઈને બહુ ધન અને નૂતન વસ્ત્રો અર્પણ કર્યાં. (૧૯/૨૦) રામપ્રતાપભાઈએ તેરમાને દિવસે પણ હજારો વિપ્રો, ગ્રામાંતરથી પધારેલા આગંતુક જનો અને ત્યાં આવેલા સમગ્ર અન્નાર્થી અતિથિઓને ભોજન કરાવ્યાં. (૨૧) ઔર્ધ્વદૈહિક કર્મ મુખ્યકલ્પથી કર્યું છતાં શ્રીહરિના સાંનિધ્યથી તેમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા આવી નહિ. (૨૨) પોતપોતાની પત્ની અને પુત્રપરિવાર સાથે રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ, પિતા ધર્મદેવ થકી પ્રાપ્ત કરેલા શ્રીકૃષ્ણના મંત્રનો નિરંતર જપ કરતા હતા. (૨૩) ઘર છોડી વનની વાટે જવાની ઈચ્છા ધરાવતા શ્રીહરિની ઈચ્છાથી બંને ભાઈઓને સહોદર શ્રીહરિમાં જે ભગવાનપણાનું જ્ઞાન હતું તે જ્ઞાન વિસ્મૃત થયું. (૨૪)

હે રાજન્ ! આ પ્રમાણે સર્વનિયંતા શ્રીહરિ પોતાના પિતાના યથાશાસ્ત્ર ઔર્ધ્વદૈહિક કર્મના અનુષ્ઠાનથી નાસ્તિકોએ ખંડન કરેલા કર્મકાંડના માર્ગનું પૃથ્વી ઉપર ફરીથી સારી રીતે પ્રવર્તન કરતા હતા. (૨૫)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ધર્મદેવની ઔર્ધ્વદૈહિક ક્રિયાવિધિ નિરૂપણ' નામે એકતાલીસમો અધ્યાયઃ (૪૧)*

## અધ્યાય : ૪૨

## શ્રીહરિનો ગૃહત્યાગ અને હિમાલય પ્રવેશ

**ગૃહત્યાગમાં નિર્વિઘ્નતાર્થે શ્રીહરિએ કરેલી ગણપતિની સ્તુતિ :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શાસ્ત્ર વિધિ અનુસાર પિતાની ઉત્તરક્રિયા સમાપ્ત થઈ રહી એટલે શ્રીહરિએ ઘર છોડવાની ઈચ્છા કરી. (૧) બંધુજનો, બાલસખાઓ અને નગરવાસી જનોના ગાઢ સ્નેહને ગૃહત્યાગમાં અધિક અંતરાયરૂપ જાણી શ્રીહરિએ તેની શાન્તિને અર્થે સર્વ વિઘ્નોનું નિવારણ કરનારા ગણપતિનું દુર્વા વગેરે ઉપચારોથી પૂજન કર્યું. અને બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. (૨/૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विघ्नेश ! विघ्नचयखण्डननामधेय ! श्रीशङ्करात्मज! सुराधिपवन्द्यपाद ! । दुर्गामहाव्रतफलाखिलमङ्गलात्मन्विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥४॥ सत्पद्मरागमणिवर्णशरीरकान्तिः श्रीसिद्धिबुद्धिपरिचर्चितकुङ्कुमश्रीः । दक्षस्तने वलयितातिमनोज्ञशुण्डो विघ्नं० ॥५॥ पाशाङ्कुशाब्जपरशूंश्च दधच्चतुर्भिर्दोर्भिश्च शोणकुसुमस्त्रगुमाङ्गजातः । सिन्दूरशोभितललाटविधुप्रकाशो विघ्नं० ॥६॥ कार्येषु विघ्नचयभीतविरिञ्चिमुख्यैः सम्पूजितः सुरवरैरपि मोदकाद्यैः । सर्वेषु च प्रथममेव सुरेषु पूज्यो विघ्नं० ॥७॥ शीघ्राञ्चनस्खलनचुञ्चुरवोर्ध्वकण्ठस्थूलोन्दुरुद्रवणहासितदेवसङ्घः । शूर्पश्रुतिश्च पृथुवर्तुलतुङ्गतुन्दो विघ्नं० ॥८॥ यज्ञोपवीतपदलम्भितनागराजो मासादिपुण्यददृशीकृतऋक्षराजः । भक्ताभयप्रददयालयविघ्नराजो विघ्नं० ॥९॥ सद्रत्नसारततिराजितसत्किरीटः कौसुम्भचारुवसनद्वय ऊर्जितश्रीः । सर्वत्र मङ्गलकरस्मरणप्रतापो विघ्नं० ॥१०॥ देवान्तकाद्यसुरभीतसुरार्तिहर्ता विज्ञानबोधनवरेण्यतमोपहर्ता । आनन्दितत्रिभुवनेशकुमारबन्धो ! विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥११॥ सुव्रत उवाच – इति संस्तूय विघ्नेशं तं प्रणम्य च भूपते ! । शुचेर्दशम्यां शुक्लायां प्रवव्राज हरिः प्रगे ॥१२॥ अपृष्ट्वैवाग्रजादीन्स्वान्बन्धून् पौरं च कञ्चन । एकाकी निर्ययौ गेहान्नित्यस्नानच्छलेन सः ॥१३॥ उदङ्मुखश्चचालादौ तपश्चर्यासमुत्सुकः । सम्प्राप्य सरयूतीरमतिष्ठद्विजने क्षणम् ॥१४॥

---

હે વિઘ્નેશ ! હે વિઘ્નોના સમૂહને નાશ કરનારા ! હે મંગલ નામને ધારણ કરનારા ! હે શિવપુત્ર ! હે દેવોને વંદન કરવા યોગ્ય ચરણકમળવાળા ! હે પાર્વતીદેવીના પુણ્યવ્રતના ફળ સ્વરૂપ ! હે સમગ્ર મંગળમૂર્તિ ! હે સિદ્ધિવિનાયક ગણપતિ ! તમે મારાં વિઘ્નો દૂર કરો. (૪) શ્રેષ્ઠ પદ્મરાગમણિના વર્ણસમાન શરીરની કાંતિને ધારણ કરતા, શ્રીસિદ્ધિ અને બુદ્ધિએ ચર્ચેલ સુંદર કુંકુમથી સર્વોત્કૃષ્ટ શોભતા તેમજ જમણા સ્તન ઉપર સુંદર અલંકૃત સૂંઢને ધારણ કરતા હે વિઘ્ન વિનાયક દેવ ! તમે મારાં વિઘ્નને હરો. (૫) ચારે હસ્તકમળમાં પાશ, અંકુશ, કમળ તથા કુઠારને ધારણ કરતા, રક્તપુષ્પની માળાને ધારણ કરતા, સતી પાર્વતીના પુત્ર તેમજ સિંદૂર ચર્ચેલ લલાટમાં ચંદ્રમાના પ્રકાશ જેવી કાંતિને ધરનારા હે વિઘ્નવિનાયક દેવ ! તમે મારાં વિઘ્નને હરો. (૬)

કાર્યનો આરંભ કરવામાં આડાં આવતા વિઘ્નોના સમૂહથી ભય પામેલા સુરશ્રેષ્ઠ બ્રહ્માદિ દેવો પણ મોદક આદિ ઉપહારોથી તમારી પૂજા કરે છે. માટે સર્વ દેવતાઓ મધ્યે તમે પ્રથમ પૂજનીય છો. (૭) ઉતાવળી ગતિએ ચાલવાથી પડી જતા અને તેથી ઊંચો કંઠ કરી ચું ચું એવો નાદ કરતા ઉંદરને ફરી ફરી દોડાવીને દેવોને હાસ્ય કરાવો છો. સુપડા જેવા કાનવાળા તમો વિશાળ અને વર્તુલાકાર ઉન્નત ઉંદરથી શોભો છો. હે વિઘ્નનિવારક દેવ ! તમે મારાં વિઘ્નો દૂર કરો. (૮)

યજ્ઞોપવીતને સ્થાને સર્પને ધારણ કરતા, શુક્લપક્ષની પ્રથમા તિથિએ ઉદય પામતા ચંદ્રમાના દર્શનને મંગળકારી કરતા, ભક્તજનોને અભયદાન આપતા, કરુણાના નિધાન અને વિઘ્નોને હરવામાં રાજા સમાન હે સિદ્ધિવિનાયક દેવ ! તમે મારાં વિઘ્નો દૂર કરો. (૯) ઉત્તમ રત્નોની પંક્તિથી શોભતા મુગટને ધારણ કરતા, કસુંબલ રંગથી રંગેલા સુંદર બે વસ્ત્રોને પરિધાન કરતા, રમણીય શોભા સંપન્ન તેમજ સર્વત્ર મંગલકારી નામસ્મરણ અને પ્રતાપને ધારણ કરતા હે વિઘ્નવિનાયક! તમે મારાં વિઘ્નો દૂર કરો. (૧૦)

'દેવાન્તક' વગેરે અસુરોથી ભય પામેલા દેવોના દુઃખને નિવારણ કરનારા, વિજ્ઞાનના ઉપદેશથી 'વરેણ્ય' નામના રાજાના અજ્ઞાન અંધકારને હરનારા, ત્રિભુવનના અધિપતિ બ્રહ્માદિ દેવતાઓને આનંદિત કરનારા, અને કાર્તિક સ્વામીના બંધુ હે વિઘ્નવિનાયક દેવ ! તમે મારાં વિઘ્નો દૂર કરો. (૧૧)

**શ્રીહરિનું મહાભિનિષ્ક્રમણ** :- સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ વિઘ્નવિનાયક દેવની સ્તુતિ કરી પ્રણામ કર્યા. અને **સંવત્ ૧૮૪૯ ના અષાઢ સુદ દશમ**ના દિવસે શુક્રવારે પ્રાતઃકાળે ઘરનો ત્યાગ કર્યો. (૧૨)

રામપ્રતાપભાઈ વગેરે બંધુજનો કે બીજા કોઈ પણ નગરવાસી જનોને પૂછ્યા વિના શ્રીહરિ નિત્ય સરયૂગંગામાં સ્નાન કરવાના બહાને ઘરનો ત્યાગ કરી એકલા ચાલી નીકળ્યા. (૧૩) તપશ્ચર્યા કરવા માટે ઉત્સુક શ્રીહરિએ ઉત્તર દિશા તરફ મુખ રાખી પ્રયાણ કર્યું અને સરયૂકિનારે નિર્જન એકાંત પ્રદેશમાં ક્ષણવાર ઊભા રહ્યા. (૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

साच्छादनं तु कौपीनमुत्तरीयं मृगाजिनम् । बिभ्रद्दण्डं च पालाशं ब्रह्मसूत्रं सितं तथा ॥१५॥ कण्ठे दधानस्तुलसीकाष्ठजं मालिकाद्वयम् । सचन्द्रकोर्ध्वपुण्ड्रस्य ललाटे लक्षणं तथा ॥१६॥ जटां मौञ्जीं मेखलां च जपमालां कमण्डलुम् । भिक्षापात्रं वस्त्रखण्डं बिभ्रत्पानीयगालनम् ॥१७॥ शालग्रामशिलां बालमुकुन्दं चाल्पसम्पुटे । निधाय वाससाऽऽवेष्ट्य कण्ठे बिभ्रदपादुकः ॥१८॥ लघ्वीं च पुस्तिकां सारचतुष्कस्य सुरक्षिताम् । मधूत्थाक्तसुवस्त्राद्यैः स्कन्धे बिभ्रदतिप्रियाम् ॥१९॥ एवंविधः स्थितो धार्मिरुत्तितीर्षुर्महानदीम् । जनदर्शनभीतश्च तर्याः प्रत्यैक्षतागमम् ॥२०॥ तावत्तत्रासुरः कश्चिदायाद्विकृतविग्रहः । प्रागन्योन्यायुधहतासुरशेषश्च तद्रिपुः ॥२१॥ मृतानामपि स स्वानां प्रियं कर्तुं समुद्यतः । असहायं स्थितं सद्यो नद्यां चिक्षेप तं रुषा ॥२२॥ पतितः स महानद्यां धीरो रक्षन् स्वपुस्तिकाम् । तरति स्मातिभीमां तां यादोभिरतिभीषणैः ॥२३॥ आ रवेरुदयात्तां तु सार्धयामत्रयं तरन् । प्राप पारं ततस्तस्या योजनत्रितयात्परम् ॥२४॥ यथा स्वमसुरो विद्यान्मृतमित्याचरंस्तथा । उह्यमानो हि कल्लोलैर्निश्चेष्टोऽदृश्यतेव सः ॥२५॥ चेष्टाविरहितत्वात्तं मृतमित्यवगत्य सः । तन्मायामोहितो दैत्यस्ततोऽगादतिहर्षितः ॥२६॥ यत्र तत्र स्थितान् स्वीयांस्तत्स्वकर्मावदच्च सः । केचिन्मृतं हरिं तत्र मेनिरे न च केचन ॥२७॥ योगैश्वर्येण कृष्णस्तु न प्राप्तोऽम्बुपराभवम् । ततो ययावुत्तरस्यां कृष्णवर्णं हिमालयम् ॥२८॥

---

**વનપ્રયાણ-સમયે સરયૂતીરે શ્રીહરિની શોભા :-** શ્રીહરિએ આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, ઉત્તરીય વસ્ત્ર, મૃગચર્મ, પલાશનો દંડ અને શ્વેત યજ્ઞોપવીત ધારણ કર્યું હતું. (૧૫) કંઠમાં તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરી હતી. લલાટમાં કુંકુમના ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું. (૧૬) જટા, મુંજની મેખલા, જપમાળા, કમંડલુ અને પાણીગાળણ વસ્ત્રનો ટુકડો ધારણ કર્યો હતો. (૧૭) શાલિગ્રામ અને અર્ચાસ્વરૂપ બાલમુકુંદને વીરણના નાના કંડિયામાં પધરાવી તેમને વસ્ત્રથી વીંટીને કંઠમાં ધારણ કર્યા હતા. પગમાં પાદુકાએ રહિત હતા. (૧૮) ચાર સત્શાસ્ત્રના સારભૂત તેમજ પોતાને અતિપ્રિય પુસ્તક સ્વરૂપ નાના ગુટકાને મીણિયાના સૂક્ષ્મવસ્ત્રમાં કાષ્ઠનાં પાટીયા વગેરેથી સુરક્ષિત કરી ખભા ઉપર ધારણ કર્યો હતો. (૧૯) આ પ્રકારનાં સુલક્ષણોથી શોભતા ધર્મનંદન શ્રીહરિ 'પોતાને કોઈ મનુષ્ય જોઈ ન જાય' એમ જન સમુદાયથી ભય પામતા થકા મહાનદી સરયૂને તરવાની ઈચ્છાથી નૌકાને આવવાની રાહ જોતા ઊભા રહ્યા. (૨૦)

**અસુર (કૌશિક)નું અચાનક આગમન :-** તેવામાં ભયાનક આકૃતિવાળો કોઈ અસુર ત્યાં આવ્યો. પૂર્વે પરસ્પર યુદ્ધમાં મરણ પામેલા અસુરોમાં બાકી રહેલો આ અસુર શ્રીહરિનો શત્રુ હતો. (૨૧) મૃત્યુ પામેલા પોતાના બંધુઓનું પ્રિય કરવાને અર્થે પ્રયત્નશીલ તે અસુરે સરયૂતટે નિઃસહાય ઊભેલા શ્રીહરિને મહાક્રોધથી પકડી તત્કાળ નદીમાં ફેંકી દીધા. (૨૨) મહાનદીમાં પડેલા ધીરજવાન શ્રીહરિ પુસ્તક તણાઈ ન જાય તે હેતુથી તેનું રક્ષણ કરતા થકા ભયાનક મગરમચ્છ વગેરે જળચર પ્રાણીઓથી અતિ ભયંકર સરયૂ નદીને તરવા લાગ્યા. (૨૩)

સૂર્યોદયથી આરંભી સાડા ત્રણ પ્રહર પર્યંત સરયૂનદીમાં તરતા તરતા શ્રીહરિ ત્યાંથી ત્રણ યોજન (બાર ગાઉ) દૂર સરયૂના સામે કિનારે નીકળ્યા. (૨૪) નદીમાં ફેંકનાર તે અસુર પોતાને જે રીતે મૃત્યુ પામેલા જાણે તે પ્રમાણે ચેષ્ટા કરતા શ્રીહરિ તરંગો સાથે તણાતા તણાતા જાણે ચેષ્ટા રહિત બન્યા હોય ને શું ? તેવા જણાતા હતા. (૨૫)

શ્રીહરિની માયાથી મોહ પામેલો અસુર ચેષ્ટા રહિત બનેલા જણાતા શ્રીહરિને મૃત્યુ પામેલાં જાણી અતિ હર્ષ પામતો પામતો ત્યાંથી પાછો વળ્યો, અને જ્યાં જ્યાં પોતાના અસુરો રહેતા હતા ત્યાં ત્યાં જઈ 'પોતે શ્રીહરિને મારીને આવ્યો છે' એવી વાત કહેવા લાગ્યો. તે સાંભળી કેટલાક અસુરોએ શ્રીહરિનું મૃત્યુ થયાની વાતને સત્ય માની અને કેટલાકે તો એ વાતનો સ્વીકાર પણ કર્યો નહિ. (૨૬/૨૭) હે રાજન્ ! યોગઐશ્વર્યના પ્રભાવથી શ્રીહરિ જળમાં ડૂબ્યા નહિ અને તેમાંથી બહાર નીકળી, તે સ્થાનેથી આગળ ઉત્તર દિશામાં શ્યામવર્ણના હિમાલય તરફ પ્રયાણ કર્યું. (૨૮)

धर्मस्य कुलदेवोऽथ हनूमांश्चिरजीवनः । कृताह्निको हरिं द्रष्टुं देवगेहमुपागमत् ॥२९॥ स हि श्रीरामचन्द्रस्य दृढभक्तोऽनुवासरम्। तद्दर्शनं करोति स्म स्वेष्टदेवं विदन् हि तम् ॥३०॥ अपश्यंस्तत्र तं पुर्यां विविच्य च समन्ततः । अप्राप्य सरयूतीरे मुहूर्तं ध्यानमाचरत् ॥३१॥ धर्मभक्ती पोषयितुमुच्छेत्तुं तद्विरोधिनः । चरितुं भारते वर्षे निर्गतं तमवैत्ततः ॥३२॥ विदित्वा तत्स्थितिं तूर्णमुत्प्लुत्य सरयूं ततः ॥ बालरूपधरः कृष्णं प्राप्य नत्वाऽग्रतः स्थितः ॥३३॥ तमुवाच हरिः प्रीतः प्रणम्याहो कपीश्वर! । कुलदेवोऽसि नः साक्षात्कुतोऽत्र सहसाऽऽगतः ॥३४॥ घोरारण्यं निर्गतस्य तपांसि तप्तुमिच्छतः । दर्शनं मङ्गलायैव जातं ते मम वाञ्छितम् ॥३५॥ त्वन्नामोच्चारणादेव गृहाद्ग्रामान्तरं नृणाम् । व्रजतां कार्यसिद्धिः स्यात्तत्साक्षाद्दर्शनात्किमु ॥३६॥ हनुमानुवाच - जानामि त्वामहं साक्षादिष्टदेवं मम प्रभो ! । सीतापतिं रामचन्द्रं पुरेऽत्र वरदं च मे ॥३७॥ दिने यत्रागतोऽसि त्वं प्रभो ! छुप्पयसः पुरे । ततःप्रभृत्यनुदिनं करोमि तव दर्शनम् ॥३८॥ नित्यकर्म विधायाद्य सङ्गवान्ते त्वदीक्षणम् ॥ कर्तुं धर्मगृहं यातो न दृष्टस्तत्र वै भवान् ॥३९॥ ततस्त्वद्ध्यानयोगेन ज्ञात्वा तव चिकीर्षितम् । अत्रागतो दिदृक्षुस्त्वां कृपां कुरु मयि प्रभो! ॥४०॥ मानुष्यनाट्यमासाद्य यन्मां वदसि भक्तवत् । तत्ते शोभनमेवास्ति दास एवास्मि ते त्वहम् ॥४१॥ साकं त्वयाऽऽगमिष्यामि यद्याज्ञा तव तर्हि तु । सेवां वने करिष्यामि नित्यं तव तपस्यतः ॥४२॥

**હિમાલયની વાટે જતાં શ્રીહરિનાં દર્શનાર્થી હનુમાનજી :-** આ બાજુ અયોધ્યામાં ધર્મદેવના કુળદેવ ચિરંજીવી હનુમાનજી પોતાનો આહ્નિક વિધિ સમાપ્ત કરી દરરોજના ક્રમ પ્રમાણે શ્રીહરિના દર્શન કરવા ધર્મદેવના ભુવનમાં પધાર્યા. (૨૯) શ્રીરામચંદ્ર ભગવાનના એકાંતિક ભક્ત હનુમાનજી શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ શ્રીરામચંદ્ર સ્વરૂપે જાણતા હોવાથી પ્રતિદિન ગાઢ અનુરાગથી તેમનાં દર્શન કરવા પધારતા હતા. (૩૦)

અહીં ધર્મભુવનમાં શ્રીહરિને નહિ જોવાથી હનુમાનજી અયોધ્યાપુરીમાં ચારે બાજુ શોધખોળ કરવા લાગ્યા પણ ક્યાંય મળ્યા નહિ. તેથી સરયૂ કિનારે બેસી એક મુહૂર્ત પર્યંત શ્રીહરિનું ધ્યાન કર્યું. (૩૧) ધ્યાન સ્થિતિમાં હનુમાનજીએ જાણ્યું કે 'શ્રીહરિ ધર્મભક્તિનું પોષણ કરવા અને અધર્મનો વિનાશ કરવા ભરતખંડની યાત્રાએ ઘર થકી ચાલી નીકળ્યા છે.' (૩૨) શ્રીહરિ જે સ્થળમાં બિરાજતા હતા તેને ધ્યાનયોગથી જાણી, તે જ ક્ષણે સરયૂ ઉલ્લંઘી બાળરૂપ ધારણ કરી; હનુમાનજી શ્રીહરિ સમીપે આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કરી બંને હાથ જોડીને આગળ ઊભા રહ્યા. (૩૩)

પ્રસન્ન થયેલા શ્રીહરિ હનુમાનજીને પ્રણામ કરી કહેવા લાગ્યા કે હે કપીશ્વર ! તમે અમારા કુળદેવ છો. અહીં એકાએક કયા હેતુથી આપનું પ્રત્યક્ષ આગમન થયું છે એ મને જણાવો. (૩૪) તપશ્ચર્યા કરવાની ઈચ્છાથી મહાભયંકર અરણ્યમાં પ્રયાણ કરવા ઈચ્છતા મને આપનું ઈચ્છિત દર્શન થયું એ મારા માટે મંગળરૂપ થયું છે. (૩૫) જે માટે ઘરથી બીજા ગામ પ્રત્યે પ્રયાણ કરતા મનુષ્યોને જો આપના નામોચ્ચાર માત્રથી જ કાર્યની સિદ્ધિ થતી હોય તો આપનાં પ્રત્યક્ષ દર્શનથી કાર્ય સફળ થાય તેમાં તો કહેવું જ શું ? તે તો થાય જ. (૩૬) આ પ્રકારે શ્રીહરિનાં વચનો સાંભળી હનુમાનજી કહેવા લાગ્યા કે 'હે પ્રભુ! હું પ્રત્યક્ષપણે વિચરણ કરતા આપને મારા સાક્ષાત્ ઈષ્ટદેવ સીતાપતિ શ્રી રામચંદ્રજી જાણું છું. જે આપે ભગવાન શ્રીરામે જ, અયોધ્યાપુરીમાં મને ચિરંજીવી થવાનું વરદાન આપ્યું છે. (૩૭)

હે પ્રભુ ! જે દિવસથી આરંભી તમે છપૈયાથી અયોધ્યાપુરમાં પધાર્યા છો તે દિવસથી પ્રતિદિન હું આપનાં દર્શન કરું છું. (૩૮) આજના દિવસે સંગવસમયે નિત્યકર્મ સમાપ્ત કરી આપનાં દર્શન કરવા માટે ધર્મદેવને ભુવને ગયો પણ ત્યાં આપનાં દર્શન ન થયાં. (૩૯) ત્યારબાદ આપના ધ્યાનરૂપ યોગના પ્રભાવથી આપે જે કાર્ય કરવા ધાર્યું છે તે કાર્ય જાણી આપનાં દર્શનાર્થે હું અહીં આવ્યો છું. આપ મારા ઉપર કૃપા કરો. (૪૦)

મનુષ્યનાટક કરતા હોવાથી તમો ભક્તની પેઠે જે કાંઈ મને કહો છો તે આપને તો યોગ્ય જ છે. પરંતુ હું તો આપના ચરણનો સેવક છું. જો આપની આજ્ઞા હોય તો હું આપની સાથે આવું અને ત્યાં વનમાં તપ કરતાં આપની હું નિરંતર સેવા કરું એવી અભિલાષા રાખું છું (૪૧/૪૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

श्रीभगवानुवाच-मारुते ! भक्तराजं त्वां जानाम्यनुपमं दृढम् । स्मरामि त्वां यदा तर्हि त्वयाऽऽगम्यं ममान्तिके ॥४३॥ तीव्रवैराग्ययुक्तस्य ह्युदासीनस्य सर्वतः । साम्प्रतं रोचते नैव सङ्गः कस्यापि मे वने ॥४४॥ स्वस्थानं याहि यर्हीच्छा तवापि स्यान्मदीक्षणे । तर्हि ध्यानेन बुध्वा मामुपेया यत्र तत्र भो ! ॥४५॥ सुव्रत उवाच-इत्युक्तस्तेन हनुमांस्तदेकान्तिकभक्तराट् । तदिङ्गितज्ञः सहसा तं प्रणम्य तिरोऽभवत् ॥४६॥ क्वचित्क्वचित्तदीक्षायै वनमभ्येत्य दूरतः । प्रणम्य तं तिरोधत्ते क्वचित्तिष्ठति चाग्रतः ॥४७॥ घोरेऽरण्ये क्वचित्तं च समाधिस्थमवेत्य सः । भूतहिंस्त्रादितो रक्षां करोत्येवाभितश्चरन् ॥४८॥ गते मरुत्सुते सोऽथ मासेनैव महाव्रती । प्रापद्धिमगिरिं कृष्णं व्यतीत्य बहुशोऽटवीः ॥४९॥ उपत्यकायां तस्याद्रेर्दिनैः कतिपयैरसौ । भूरिव्यालमृगाकीर्णं प्रविवेश महावनम् ॥५०॥ सिंहैर्व्याघ्रैर्वराहैश्च महिषैश्च महागजैः । गवयै रुरुभिश्चैव व्याप्तं कस्तूरिकामृगैः ॥५१॥ बहुपुष्पफलानम्रनानाभूरुहजातिभिः। सरिद्भिश्च सरोभिश्च युक्तं नानापतत्त्रिभिः ॥५२॥ अतीव सुकुमाराङ्गो वन्यकन्दफलाशनः । निरुपानत्पदो धीरो बालोऽपि हिंस्त्रनिर्भयः ॥५३॥ आत्मदर्शी दीर्घदर्शी कुशाग्रमतिरस्मयः । विचचार वने तत्र स्वधर्मं परिपालयन् ॥५४॥ वनवासं दुःखरूपमपि गेहसुखाधिकम् । मनुते स्म विरक्तत्वाद्ग्राम्यसौख्यभृशारुचिः ॥५५॥ भरताख्यानपाठाद्यैः प्राप्तासङ्गमतिर्हरिः । पुलहस्याश्रमे कर्तुं तपांसि भृशमुत्सुकः ॥५६॥ एकदा विस्मृताध्वाऽसौ दिशमाबध्य सञ्चलन् । अलब्धफलतोयादिर्व्यत्यक्रामद्दिनत्रयम् ॥५७॥

---

ભગવાન શ્રીહરિ કહે છે, હે મારુતિ ! તમે મારા અનન્ય ભકત છો. તમારી ઉપમા કોની સાથે આપું ? હું જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે તમે મારી સમીપે આવજો. (૪૩) અત્યારે મને તીવ્ર વૈરાગ્ય વર્તે છે. સંસારમાં સર્વ ઠેકાણે ઉદાસી છું. તેથી અત્યારે વનમાં મને કોઈ પણ મનુષ્યનો સંગ રુચતો નથી. (૪૪) હે હનુમન્ ! તમો તમારે સ્થળે પધારો. તમને મારાં દર્શનની જ્યારે ઈચ્છા થાય ત્યારે હું જ્યાં હોઉં તે સ્થળને ધ્યાનયોગથી જાણી મારી સમીપે તમારે આવવું. (૪૫)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું. તેથી શ્રીહરિના અંતરના અભિપ્રાયને જાણનારા એકાંતિક ભક્તરાજ હનુમાનજી પ્રણામ કરી તે જ ક્ષણે અંતર્ધાન થયા. ત્યાર પછી તેઓ ક્યારેક ક્યારેક શ્રીહરિનાં દર્શન માટે વનમાં આવતા અને દૂરથી પ્રણામ કરી અદશ્ય થતા. તેમજ ક્યારેક શ્રીહરિની આગળ આવીને ઊભા રહેતા હતા. (૪૬/૪૭)

**મહાભયાનક અરણ્યમાં પ્રવેશ :-** ક્યારેક ઘોર અરણ્યમાં શ્રીહરિ સમાધિનિષ્ઠ છે એમ જાણી તેમની ચારે તરફ ફરી રહેલા હનુમાનજી ભૂતપ્રેતાદિ તથા હિંસક પ્રાણીઓથી તેમનું રક્ષણ કરતા હતા. (૪૮) હે રાજન્ ! હનુમાનજી વિદાય થયા પછી મહાવ્રતધારી શ્રીહરિ અનેક ઘનઘોર જંગલો ઉલ્લંઘી એક માસે **શ્યામ હિમગિરિ** પર્વત પર પધાર્યા. (૪૯) હિમગિરિની ઉપત્યકા(તળેટી)માં વિચરતા શ્રીહરિએ કેટલાક દિવસો પછી, અનેક અજગર વગેરે મહાસર્પો તેમજ વનમાં રહેનાર હિંસકપ્રાણીઓથી વ્યાપ્ત મહાઅરણ્યમાં પ્રવેશ કર્યો. જે મહાઅરણ્ય કેસરી સિંહો, વ્યાઘ્રો, વનના પાડા, મહાગજરાજો, રોઝો, રૂરૂ મૃગ (કાળીયાર) અને કસ્તુરી મૃગોથી ભરપૂર વ્યાપ્ત હતું. (૫૦/૫૧)

બહુ પ્રકારનાં પુષ્પો અને ફળોથી નમેલી શાખાવાળાં અનેક પ્રકારનાં વૃક્ષવિશેષોથી, નિર્મળ નીર ભરેલ નદીઓથી, તેમજ સરોવરો અને અનેક પ્રકારનાં પક્ષીઓથી એ મહાવન શોભતું હતું. (૫૨) આવા મહા અરણ્યમાં અતિશય કોમળ અંગવાળા, વનનાં કંદમૂળ અને ફળ આરોગતા, ચરણમાં પાદુકાએ રહિત, બાળક હોવા છતાં હિંસક પ્રાણીઓથી નિર્ભીક, ધૈર્યવાન, આત્મદર્શી, દીર્ઘદર્શી, કુશાગ્ર બુદ્ધિશાળી અને તેમ છતાં ગર્વરહિત એવા ભગવાન શ્રીહરિ સ્વધર્મનું પાલન કરતાં થકા વિચરણ કરવા લાગ્યા. (૫૩/૫૪)

**અરણ્યમાં માર્ગ ભૂલ્યા :-** વૈરાગ્યવૃત્તિથી સાંસારિક સુખમાં અત્યંત અરુચિ ધરાવતા શ્રીહરિ દુઃખરૂપ વનવાસને ઘરના સુખ કરતાં પણ અધિક સુખરૂપ માનતા હતાં. (૫૫) જડભરતના ચરિત્રનું અધ્યયન કરવાથી અનાસક્ત બુદ્ધિયોગને વરેલા શ્રીહરિ પુલહાશ્રમમાં તપશ્ચર્યા કરવા માટે અત્યંત ઉત્સુક બન્યા. (૫૬) પુલહાશ્રમ તરફની દિશાને લક્ષ્ય કરી ચાલતા શ્રીહરિ એક સમયને વિષે માર્ગ ભૂલ્યા. ત્યારે તેમને ફળ કે જળાદિ ત્રણ દિવસ સુધી ક્યાંય પ્રાપ્ત થયાં નહિ. (૫૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तुरीयेऽह्नि निरन्नत्वाच्चरतः शिथिलं वपुः । धरण्यां न्यपतत्तस्य वाताहत इव ध्वजः ॥५८॥ स मुहूर्तं तथाभूतः शनैरुत्थाय लोचने । उन्मील्य सर्वतः पश्यन् नदीं दूरादवैक्षत ॥५९॥ शनैश्चलन्नवापत्तां हिमवत्पादनिःसृताम् । आपद्धर्मानुसारेण तत्र नैत्यकमाचरत् ॥६०॥ पपौ तोयं ततस्तस्याः प्राप किञ्चन निर्वृत्तिम् । तत्तीरस्थवटाधस्ताद्विशश्राम स भूपते ! ॥६१॥ स्वप्रेष्ठस्य हरेः कृच्छ्रं वनवाससमुद्भवम् । अशक्नुवन्निव द्रष्टुं विवेशाम्बुनिधिं रविः ॥६२॥ सोऽथ सायंतनीं सन्ध्यामुपासामास दर्शयन् । प्राप्तानां तीव्रवैराग्यं नैष्ठिकानां स्थितिं प्रभुः ॥६३॥ अन्धकारो महानासीत्तत्र कृष्णाष्टमीनिशि । नादृश्यन्ताभ्रसन्तत्या छन्नान्यृक्षाणि चानघ ! ॥६४॥ शिवा घूकाश्च शार्दूलाः शब्दयन्त इतस्ततः । भ्रमन्ति स्म च झिल्लीनां शब्दास्तीक्ष्णाश्च जज्ञिरे ॥६५॥ आसन्घनरवा भीमाः सहैव स्तनयित्नुभिः । परितः प्रस्फुरन्ति स्म विद्युतश्च मुहुर्मुहुः ॥६६॥ भूतावल्यो भ्रमन्त्यश्च दूराद्ददृशिरे मुहुः । भयङ्करैव सा रात्रिर्धीराणामप्यभून्नृप ! ॥६७॥ हरिस्तु राधापतिमेव चित्ते दृढासनः स्वं परिचिन्तयानः । प्रापत्समाधिं गतभीः प्रशान्त आसीद्वपुर्भानविहीनवत्सः॥६८॥ तत्राजगाम सहसा धृतसूक्ष्मरूपस्त-द्दर्शनोत्सुकमनाः पवनाङ्गजन्मा । नत्वा तमाश्रितसमाधिमवेक्ष्य तत्तु स्थानं भयङ्करमवेत्य स तत्र तस्थौ ॥६९॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिप्रव्रज्यायां हिमाद्रिविचरणनामा द्विचत्वारिंशोऽध्यायः ॥४२॥

---

ચોથે દિવસે અરણ્યમાં ચાલતાં આહાર પ્રાપ્ત નહિ થવાથી શિથિલ બનેલું શ્રીહરિનું શરીર વાયુના આઘાતથી જેમ ધ્વજસ્તંભ નીચે પડે તેમ ધરણી ઉપર ઢળી પડ્યું. (૫૮) એક મુહૂર્ત પર્યંત ધરણી પર ઢળી પડેલા શ્રીહરિ ધીરેથી ઊભા થયા અને નેત્રો ઉઘાડી ચારે તરફ નજર કરી જોવા લાગ્યા ત્યારે તેમને ત્યાં દૂર પ્રદેશમાં એક નદી જોવામાં આવી. (૫૯)

મંદ મંદ ગતિએ ચાલતા શ્રીહરિ હિમાલયના પ્રાન્ત પ્રદેશમાંથી નીકળતી તે નદીને કિનારે આવ્યા. તેમાં સ્નાન કરી આપત્કાળના ધર્મને અનુસાર સંધ્યાવંદનાદિ નિત્યકર્મનું અનુષ્ઠાન કર્યું. ત્યાર બાદ જળપાન કર્યું. જેનાથી શરીરમાં કંઈક સુખ શાંતિ થઈ. અને પછી હે રાજન્! નદીને કિનારે રહેલા વિશાળ વટવૃક્ષની નીચે શ્રીહરિએ વિશ્રાંતિ સ્વીકારી. (૬૦/૬૧) તે સમયે પોતાના પ્રાણપ્રિય શ્રીહરિના વનવાસજન્ય કષ્ટને જાણે કે દેખી ન શક્તા હોય તેમ ભગવાન સૂર્યદેવ પણ પશ્ચિમ સાગરમાં પ્રવેશ કરી અસ્ત પામ્યા. (૬૨)

**અષ્ટમીની અંધારી રાત :-** ત્યારબાદ શ્રીહરિએ તીવ્ર વૈરાગ્યવાન નૈષ્ઠિક બ્રહ્મચારીઓના સ્વધર્મની મર્યાદાઓનું ગ્રહણ કરાવવા પૂર્વક પ્રવર્તન કરવા સાયંકાલીન સંધ્યોપાસન વિધિનું અનુષ્ઠાન કર્યું. (૬૩) હે નિષ્પાપ ! રાજન્ ! શ્રાવણ વદિ કૃષ્ણપક્ષની અષ્ટમીની રાત્રિએ ઘનઘોર ઘાટું અંધારું છવાયું હતું. મેઘાડંબરથી આકાશ ઢંકાયેલું હોવાથી નક્ષત્રમંડળનાં પણ દર્શન થતાં ન હતાં. (૬૪) શિયાળિયાં, ઘુવડ, વાઘ વગેરે પ્રાણીઓ ભયંકર શબ્દોના અવાજ કરતાં કરતાં જંગલમાં પરિભ્રમણ કરી રહ્યાં હતાં. તથા તમરાંઓના શબ્દો પણ સાંભળનારાને કર્ણશૂળ સમાન લાગતા હતા. (૬૫)

ગગનમંડળમાં વીજળીપાત સાથે મેઘની ભયંકર ગર્જનાઓ થતી હતી અને ચારે તરફ વારંવાર વીજળીના ઉપરાઉપરી ઝબકારાઓ થતા હતા. (૬૬) દૂર દૂર દેશમાં વારંવાર ભૂતાવળોની હારમાળાઓ દેખાતી હતી. તેથી હે રાજન્! મહાજંગલની આ રાત્રિ ધીરપુરુષોને પણ અતિશય બિહામણી લાગતી હતી. (૬૭) તે સમયે ભગવાન શ્રીહરિ શરીરનું ભાન ભૂલી દઢ આસનપૂર્વક સમાધિદશામાં શ્રીરાધિકાપતિ શ્રીકૃષ્ણનું નિજસ્વરૂપનું જ સ્મરણ તેમજ ચિંતવન કરતા કરતા નિર્ભીકપણે શાંતસ્વરૂપે બેઠા હતા. (૬૮)

તે સમયે શ્રીહરિનાં દર્શનની મનમાં ઉત્કંઠા ધરાવતા વાયુપુત્ર હનુમાનજી પણ સૂક્ષ્મરૂપ ધારણ કરી અચાનક તે સ્થળે પધાર્યા. 'શ્રીહરિ સમાધિ સ્થિતિમાં બિરાજ્યા છે' એમ જાણી તેમને નમસ્કાર કર્યા અને જંગલના તે સ્થાનને અતિશય ભયાનક જાણી ત્યાંને ત્યાં જ શ્રીહરિની રક્ષા કરવા ઊભા રહ્યા. (૬૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'હરિપ્રવ્રજ્યામાં હિમાદ્રિવિચરણ' નામે બેતાલીસમો અધ્યાયઃ ॥૪૨॥*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच - महानिशायां प्राप्तायां भैरवस्तत्र भूतराट् । आययौ सहसा राजन् ! कृतान्त इव देहिनाम् ॥१॥ पिशाचैर्डाकिनीभिश्च भैरवीयोगिनीगणैः । वृतस्त्रिशूलपाणिश्च जटिलोऽरुणवीक्षणः ॥२॥ दीपिकानां सहस्रेण दृश्यस्तालद्रुमोपमः । व्यात्तास्यस्तीक्ष्णदंष्ट्रोग्रो मषीवर्णो भयङ्करः ॥३॥ मनुष्यपशुपक्ष्यादिमांसतृप्तः खरारवः । दन्तान्तरगतांश्चर्वन् पशूञ्जीवत एव च ॥४॥ रक्ताञ्चितसमग्राङ्गः प्रेतैरनुगतोऽसितैः । स्कन्धासक्ताहतमृगवराहमहिषादिभिः ॥५॥ तद्वटद्रुमवासश्च तद्वनप्राणिभोजनः । विहारार्थं च भक्ष्यार्थं गतः पुनरुपागतः ॥६॥ तस्य तस्यानुगानां च घोरशब्देन भूरिणा । सन्त्रस्ता दुद्रुवुर्वन्याः शार्दूलाद्या इतस्ततः ॥७॥ तच्छब्दं मारुतिः श्रुत्वा चक्रे किलकिलध्वनिम् । तत्रसुस्तेन ते सर्वे व्याप्तेन ककुभश्च खम् ॥८॥ हरिस्तेन जजागार प्रेतपं च ददर्श तम् । तथाप्यनुद्विग्नमनाः स्वस्थस्तस्थौ स निर्भयः ॥९॥ तं दृष्ट्वा सगणः क्रुद्धो भैरवो भीमदर्शनः । प्राहास्मत्स्थानगं ह्येनं भूत ! भक्षय सत्वरम् ॥१०॥ प्रेत ! मारय शूलेन रक्षः! खादास्य चामिषम् । पिब डाकिनी ! शीघ्रं त्वं कवोष्णं रक्तमस्य च ॥११॥ वदन्नित्थं तत्समीपमागतो हन्तुमुद्यतः । गणा जिघृक्षवस्तं च चक्रुर्घोरं रवं मुहुः ॥१२॥ तावत्स्वरूपं जग्राह महागिरिनिभं कपिः । पुच्छेनावेष्ट्य शतशः पिशाचान्सोऽहनत्पदा ॥१३॥

## અધ્યાય : ૪૩

## ભૈરવગણ પરાજય અને પુલહાશ્રમમાં

**ભૂતગણ સહિત ભૈરવનું આવવું :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! મધ્ય રાત્રિનો સમય થયો. તેવામાં ભૂતપ્રેતનો અધિપતિ ભૈરવ જેમ દેહધારી જીવોનો મહાકાળ આવે તેમ એકાએક ત્યાં આવ્યો. (૧)

તેની સાથે પિશાચ, ડાકિની, ભૈરવી અને યોગિનીઓનો સમુદાય હતો. તેણે હાથમાં ત્રિશૂલ ધારણ કર્યું હતું. પગ સુધી લાંબી જટા હતી. લાલચોળ નેત્રો હતાં. હજારો દીવડાઓ વચ્ચે તાલવૃક્ષ સમાન ઊંચો દેખાતો હતો. મુખ પહોળું હતું. તીક્ષ્ણ દાઢોથી વિકરાળ જણાતો હતો. કાજળ જેવો કાળો અને ભયાનક હતો. મનુષ્ય, પશુ અને પક્ષીનું માંસ ખાઈ ખાઈને તૃપ્ત થયો હતો. ગર્દભના શબ્દ જેવો અતિ તીક્ષ્ણ શબ્દ કરતો હતો. દાંતમાં રહેલાં જીવતાં પશુઓને ચાવતો હતો. લોહીથી તેનાં સમગ્ર અવયવો ખરડાયાં હતાં. કાળા વર્ણના પ્રેતો તેની પાછળ પાછળ આવી રહ્યા હતા. મારેલાં મૃગલાં, ભૂંડો અને પાડાઓને ખભા ઉપર નાખીને આવતો હતો. શ્રીહરિ જ્યાં બિરાજતા હતા તે વટવૃક્ષમાં તેનો નિવાસ હતો. તે વનનાં પ્રાણીઓનું જ તે ભોજન કરનારો હતો. તે હેતુથી આહાર અને વિહાર માટે બહાર જઈ પાછો ફરીને એજ વટવૃક્ષ પાસે આવ્યો. (૨ થી ૬)

**શ્રીહરિની નિર્ભીક્તા :-** ભૈરવ અને તેના અનુયાયી ભૂતપ્રેતોના અતિઘોર ભયાનક શબ્દોથી ત્રાસ પામીને વનનાં વાઘ આદિક પશુઓ ચારે તરફ જ્યાંત્યાં ભાગવા લાગ્યાં. (૭) ભૂતપ્રેતોનો શબ્દ સાંભળી હનુમાનજીએ કિલકિલાટ ધ્વનિ કર્યો અને દિગંતમાં વ્યાપ્ત થયેલા એ ભયાનક ધ્વનિથી ભૈરવ અને ભૂતગણો ત્રાસ પામવા લાગ્યા. (૮) હનુમાનજીનો શબ્દ સાંભળી શ્રીહરિ સમાધિમાંથી જાગ્રત થયા અને સામે ઊભેલા ભૈરવને જોયો. ભયંકર ભૈરવને જોવા છતાં શ્રીહરિ મનમાં લેશમાત્ર પણ ઉદ્વેગ પામ્યા નહિ અને સ્વસ્થતા પૂર્વક નિર્ભીકપણે જ બેસી રહ્યા. (૯)

**શ્રીહરિને મારવાનો પ્રયાસ :-** દર્શનમાત્રથી ભયંકર અને ભૂતપ્રેતોની સાથે રહેલો ભૈરવ શ્રીહરિને નિહાળી કોપ પામ્યો અને કહેવા લાગ્યો કે હે ભૂતો ! આ તપસ્વી આપણા સ્થાનમાં આવી બેઠો છે. તમે તેનું ભક્ષણ કરો. હે પ્રેતો ! તમે તેને ત્રિશૂલથી મારો. હે રાક્ષસો ! તમે એના માંસનું ભક્ષણ કરો. હે ડાકિનીઓ ! તમે એનું ગરમાગરમ લોહી પીઓ. આ પ્રમાણે કહેતો ભૈરવ શ્રીહરિને મારવા તત્પર બની તેમની સમીપમાં આવ્યો. ભૈરવના અનુચરો પણ શ્રીહરિને પકડવા વારંવાર ભયંકર અવાજો કરવા લાગ્યા. (૧૦ થી ૧૨)

**હનુમાનજીએ ભૂતોને કરેલી શિક્ષા :-** તેવામાં હનુમાનજીએ મોટા પર્વતના જેવું વિકરાળ રૂપ ધારણ કર્યું અને અનેક ભૂતપ્રેતોને પોતાના લાંબા પૂંછડા વડે બાંધી પગની લાતોથી પ્રહાર કરવા લાગ્યા. (૧૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

मृतप्राया बभूवुस्ते किन्तु स्वाशुभकर्मभिः । नारका इव दीर्णाङ्गा न म्रियन्ते स्म भूमिप ! ॥१४॥ भैरवं दृढमुष्ट्यैव ताडयित्वा महारवम् । चकार भूयः कीशेन्द्रो दर्शयन्विकृताननम् ॥१५॥ उद्वमन्रक्तमास्येन न्यपतत्स हतो भुवि । गण्डशैल इवागेन्द्राच्चूर्णयञ्छतशः स्वकान् ॥१६॥ पुनस्ताडनभीतोऽसौ शनैर्दूरमगात्ततः । दुद्रुवुश्च गणास्तस्य त्रस्ताः सर्व इतस्ततः ॥१७॥ तत्र तत्र निलीयैव तस्थुस्ते सकलां निशाम् । कपीन्द्रोऽस्ति गतो वेति वीक्षमाणाः प्रतिक्षणम् ॥१८॥ ध्यानस्थितस्तु भगवान् गूढैश्वर्यः स्वमायया । नैवाब्रवीत्किञ्चिदपि व्युत्तस्थौ चारुणोदये ॥१९॥ स्नात्वाह्निकं कुर्वतेऽस्मै फलान्याहृत्य मारुतिः । सुस्वादूनि ददौ जानन्नुपोषणचतुष्टयम् ॥२०॥ हरिः कृताह्निकस्तस्य प्रशंसन्नुपकारिताम् । भुक्त्वा तानि जलं पीत्वा गन्तुमैच्छत्ततोऽग्रतः ॥२१॥ हनूमन्तं परिष्वज्य बालमूर्तिधरं ततः । प्राह रक्ष्या वयं काले त्वयाऽसि कुलदेवता ॥२२॥ मारुतिस्तमुवाचाथ मा मां मोहय मायया । दासोऽस्मि तव हे राम ! धर्मनन्दन ! मां स्मरेः ॥२३॥ उक्त्वेत्थमन्तर्धिमगात्प्रीतः पवननन्दनः । उदङ्मुखो हरिः प्रायात्प्राणिश्रेयस्कृदीक्षणः ॥२४॥ यत्र रात्रिः पतेन्मार्गे तत्रैवोवास निर्भयः । यथालब्धफलान्नादि भुञ्जानः क्वाप्युपावसन् ॥२५॥ दिनैः कतिपयैः श्यामं तं त्यतीत्य हिमालयम् । अग्रे श्वेतं तमेवाद्रिं ददर्श गगनस्पृशम् ॥२६॥ रौप्यवर्णं द्रुमैर्हीनं पशुपक्ष्यादिवर्जितम् । विचित्रधातुखनिभिर्युक्तं विततकन्दरम् ॥२७॥ तपस्विजनसंसेव्यं सेवितं देवतागणैः । क्वचिच्च हेमवर्णं तं ददर्श गिरिमद्भुतम् ॥२८॥

---

હે રાજન્ ! તેમની લાતોના પ્રહારથી તેઓનાં અંગો છિન્નભિન્ન થયાં અને તે ભૂતગણો મૃતઃપ્રાય થઈ ગયા છતાં પણ પોતાના અશુભ કર્મોથી નરકના જીવોની પેઠે મૃત્યુ પામ્યાં નહિ. (૧૪) હનુમાનજીએ ભૈરવને વજ્રસમાન મુઠ્ઠીનો પ્રહાર કરી ભયાનક રૂપ દેખાડી મોટી ગર્જના કરી. મુષ્ટિકાના પ્રહારથી ભૈરવના મુખમાંથી રુધિરની ઉલટીઓ થવા લાગી અને હજારો ભૂતપ્રેતોનો કચ્ચરઘાણ વાળતો તે ભૈરવ મહાપર્વતના શિખર ઉપરથી તૂટી પડેલા મોટા પથ્થરની માફક પૃથ્વી પર ઢળી પડ્યો. ત્યારબાદ બીજીવાર હનુમાનજીના પ્રહારથી ભય પામતો ભૈરવ ધીરેથી દૂર જઈને બેઠો. અને ભયથી ત્રાસ પામેલા તેના ભૂતગણો પણ દોડતા દોડતા આમતેમ ચારે તરફ ભાગી ગયા. (૧૫ થી ૧૭)

ભૈરવના અનુચરો હનુમાનજી ગયા કે નહિ ? એમ ક્ષણેક્ષણે છુપી રીતે જોતા જોતા તે તે સ્થાનમાં છુપાઈને જ આખી રાત બેસી રહ્યા. (૧૮) પોતાના સંકલ્પથી ઐશ્વર્યને છુપાવનાર તેમજ સમાધિસ્થિતિને પામેલા શ્રીહરિ એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના ધ્યાનમાં જ બેસી રહ્યા અને સૂર્યોદય થતાં સમાધિમાંથી જાગ્રત થયા. (૧૯)

જાગ્રત થઈ શ્રીહરિએ સ્નાન કર્યું અને આહ્નિક વિધિ કરી. તેવામાં તો હનુમાનજીએ શ્રીહરિને ચાર દિવસના ભૂખ્યા જાણી સ્વાદિષ્ટ ફળો લાવી અર્પણ કર્યાં. (૨૦) આહ્નિક વિધિમાંથી પરવારેલા શ્રીહરિએ હનુમાનજીએ કરેલા ઉપકારની પ્રશંસા કરી. તેમજ તેમણે અર્પેલાં ફળો પોતે જમ્યા અને જળપાન કરી ત્યાંથી આગળના પ્રદેશમાં જવા ઈચ્છા કરી. (૨૧) ત્યાર બાદ બાળસ્વરૂપ ધારણ કરનાર હનુમાનજીને ગાઢ પ્રેમથી ભેટીને શ્રીહરિ કહેવા લાગ્યા કે હે હનુમાનજી ! સમયે સમયે અમારું રક્ષણ કરજો. તમે અમારા કુળદેવ છો. (૨૨)

તે વખતે મારુતિ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે "હે રામ ! તમારી માયાથી મને મોહ ન પમાડો. હે ધર્મનંદન ! હું તો તમારો દાસ છું. ક્યારેક તમારા દાસની ગણતરીમાં મને પણ સંભારજો." આ પ્રમાણે કહી પ્રસન્ન થયેલા હનુમાનજી અદૃશ્ય થયા અને દર્શનમાત્રથી જીવપ્રાણીમાત્રનું શ્રેય કરનારા શ્રીહરિ ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ ચાલ્યા. (૨૩/૨૪) શ્રીહરિ માર્ગમાં ચાલતાં જ્યાં રાત્રિ થાય ત્યાં તે સ્થળે નિર્ભયપણે નિવાસ કરતા હતા. જે કાંઈ ફળ તેમજ અન્નાદિ પ્રાપ્ત થાય તેનું ભોજન કરતા અને ક્યારેક ઉપવાસ પણ કરતા હતા. (૨૫)

**શ્વેતગિરિ પર્વતની તળેટીમાં :-** કેટલાક દિવસો પસાર થતાં શ્રીહરિએ હિમાલયના શ્યામગિરિ પર્વતને ઉલ્લંઘન કરી આગળના પ્રદેશમાં ગગનસ્પર્શી શ્વેતગિરિ પર્વતનાં દર્શન કર્યાં. (૨૬) આ પર્વત રજતના જેવો શ્વેત જણાતો હતો. પશુ, પક્ષી અને વૃક્ષોથી રહિત હતો. અનેક પ્રકારની ધાતુઓથી ભરેલી ખાણોથી યુક્ત હતો. તેની ગુફાઓ વિસ્તૃત હતી. તપસ્વી જનોએ સેવવા યોગ્ય તેમજ દેવતાઓનાં વૃંદો પણ જેનું સેવન કરે છે એવા કોઈક સ્થળે સુવર્ણ જેવા સોનેરી જણાતા અદ્‌ભુત તે શ્વેતગિરિનાં શ્રીહરિએ દર્શન કર્યાં. (૨૭/૨૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**उपत्यकास्वेव चरंस्तस्यासावेकदा नृप ! । विस्मृताध्वा नदीं काञ्चित्प्राप तत्पादनिःसृताम् ॥२९॥ तां क्वचिज्जानुदघ्नोदां क्वाप्यगाधजलां हरिः। प्रतिपूरं तरन् यातो ददर्शाग्रे नगद्वयम् ॥३०॥ एकस्तस्याः पश्चिमे च प्रागेकश्चोन्नतो गिरिः । तयोरन्तर्नदीमूलमवैक्षत महागुहाम् ॥३१॥ ततोऽध्वानं स नापश्यत्सूर्यश्चास्तमुपागमत् । अथ प्राक्पर्वते कश्चित् पुमान् दृष्टोऽमरोपमः ॥३२॥ स हि मूर्तो हिमगिरिस्तं कञ्चित्सिद्धयोगिनम् । दैवादमार्गगं ज्ञात्वा तत्र मार्गमदर्शयत् ॥३३॥ प्रविश्यास्यां गुहायां त्वं नद्यामेव व्रजञ्छनैः । अग्रे वर्त्म प्राप्स्यसीति तमुक्त्वाऽभूत्तिरो नगः ॥३४॥ तच्छ्रुत्वा प्रचलंस्तेन पथा भूरितमोभृता । निशः प्रथमयामान्ते बहिर्मार्गमवाप सः ॥३५॥ तत्रागाधजलो दृष्टो ह्रदस्तेनातिविस्तृतः । तटे तस्यावसत्तां तु निशां क्षुधित एव सः ॥३६॥ प्रातस्ततः प्रचलितस्तृतीयेऽह्नि महापथम् । प्रापेत्थं स व्यतीयाय दुर्गस्थानानि भूरिशः ॥३७॥ इत्थं ह्यमानुषकृतिर्नृप ! वर्णिराजः पश्यन्नुमाजनयितुः स विचित्रशोभाम् । प्रापाश्रमं कतिपयैर्दिवसैर्मनोज्ञं ब्रह्मात्मजस्य पुलहाख्यमुनेः प्रसिद्धम् ॥३८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे भैरवगणपराजय-पुलहाश्रमागमननिरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः॥४३॥

सुव्रत उवाच - **तं ददर्शाश्रमं कृष्णो दर्शनादेव पावनम् । तपःसिद्धिप्रदं तूर्णं श्रयणीयं मुमुक्षुभिः ॥१॥ यत्रात्मभक्तवात्सल्यादिच्छारूपेण नित्यदा । साक्षात्कृष्णः सन्निहितो भगवान्भवति ध्रुवम् ॥२॥ आर्षभो भरतो यत्र**

---

હે રાજન્ ! હિમગિરિની ઉપત્યકા (તળેટી)માં વિચરણ કરતા શ્રીહરિ કોઈ વખત માર્ગ ભૂલ્યા અને હિમગિરિના પ્રાંત પ્રદેશમાંથી વહેતી એક નદીને કિનારે આવ્યા. (૨૯) આ નદી કોઈ જગ્યાએ ઢીંચણ પર્યંત જળવાળી તો કોઈ જગ્યાએ અગાધ જળથી ભરેલી હતી. તેમાં સામે પૂરે તરીને ચાલતા શ્રીહરિએ આગળના ભાગમાં બે વિશાળ પર્વતોનાં દર્શન કર્યાં. (૩૦)

**માર્ગ ભૂલેલા બાલ યોગીને હિમાલયે માર્ગ બતાવ્યો :-** તેમાં એક ઊંચો પર્વત નદીના પૂર્વ ભાગ તરફ અને બીજો પર્વત પશ્ચિમ ભાગ તરફ શ્રીહરિએ જોયો. તે બન્ને પર્વતના મધ્યે નદીના મૂળ સ્વરૂપ કોઈ એક ગુફા જોઈ. (૩૧) ત્યાંથી આગળ જવાનો માર્ગ દેખાતો ન હતો. અને તેવામાં સૂર્યનારાયણ અસ્તાચળ પામ્યા. તે સમયે શ્રીહરિએ પૂર્વ દિશા તરફના પર્વત ઉપર કોઈ દેવ સમાન દિવ્ય પુરુષને જોયા. (૩૨) તે દિવ્ય પુરુષ મૂર્તિમાન 'હિમાલય' હતા. તેમણે " દૈવવશાત્ આ કોઈ સિદ્ધ પુરુષ માર્ગ ભૂલ્યા છે" એમ જાણી તેમને માર્ગ બતાવ્યો અને કહ્યું કે 'હે યોગીરાજ ! તમે આ સામેની ગુફામાં પ્રવેશ કરીને નદીમાં ધીરે ધીરે ચાલો, જેથી કરીને તમને આગળ માર્ગ પ્રાપ્ત થશે.' આ પ્રમાણે કહી હિમાલય અદશ્ય થયા. (૩૩/૩૪)

હિમાલયનું વચન સાંભળી તેમણે બતાવેલા ગાઢ અંધકારથી આવૃત્ત ગુફાના માર્ગે ચાલતાં ચાલતાં ભગવાન શ્રીહરિ રાત્રિના પ્રથમ પ્રહરને અંતે બહાર નીકળવાના માર્ગને પામ્યા. (૩૫) તે સ્થળે ભગવાન શ્રીહરિએ જળથી ભરેલો વિશાળ અને અગાધ ધરો જોયો તેથી તે રાત્રિમાં શ્રીહરિ તે ધરાને કિનારે ભૂખ્યા થકા જ નિવાસ કરીને રહ્યા. (૩૬)

ત્યારબાદ પ્રાતઃકાળના પ્રહરમાં ચાલતા શ્રીહરિ ત્રીજે દિવસે મહામાર્ગને પામ્યા. આ પ્રકારે અનેક મહાવિકટ સ્થાનો ઉલ્લંઘન કરી અમાનુષિક દિવ્ય ચેષ્ટા કરતા નૈષ્ઠિકવ્રતધારી શ્રીહરિ હિમાલય પર્વતની અનેકવિધ શોભાસંપત્તિનું દર્શન કરતા કરતા કેટલાક દિવસે બ્રહ્માના પુત્ર **પુલહ મુનિ**ના નામથી પ્રસિદ્ધ મનોહર પુલહાશ્રમક્ષેત્રમાં પધાર્યા. (૩૭/૩૮)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ભૈરવગણ પરાજય અને પુલહાશ્રમ આગમન નિરૂપણ' નામે તેંતાલીસમો અધ્યાયઃ (૪૩)*

## અધ્યાય : ૪૪

## સૂર્યનારાયણની આરાધના અને પ્રસન્નતા

**પુલહાશ્રમમાં શ્રીહરિની તીવ્ર તપશ્ચર્યા :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! દર્શન માત્રથી પાવન કરનાર, તત્કાળ તપની સિદ્ધિ આપનાર અને મુમુક્ષુ જનોએ સેવવા યોગ્ય પુલહાશ્રમનાં શ્રીહરિએ દર્શન કર્યાં. (૧) જે આશ્રમમાં ભગવાન શ્રીકૃષ્ણ ભક્તજનો ઉપર વાત્સલ્ય ભાવથી ઈચ્છિત રૂપને ધારણ કરી નિરંતર નિવાસ કરે છે. (૨) હે રાજન્ ! પૂર્વે આ

तपश्चक्रे पुरा नृप! । महापुण्या चक्रनदी परितो यत्र वर्तते ॥३॥ तत्र स्नात्वा महानद्यां नित्यकर्म विधाय च । स चक्रे मुक्तनाथस्य विष्णोर्दर्शनपूजने ॥४॥ भरतस्य तपःस्थाने स्वावासमकरोत्ततः । तद्वदाराधनं विष्णोरकार्षीच्च महातपाः ॥५॥ मृगार्भे दयया तस्य विष्णूपासन आस यः । विघ्नः स्मरंस्तं च मुहुरसङ्गो नित्यमास सः ॥६॥ सन्त्यक्तबाह्यसङ्गोऽपि पुरञ्जनकथां मुहुः । चिन्तयन्नान्तरस्यापि बुद्ध्यादेः सङ्गमुज्जहौ ॥७॥ असङ्गं निर्गुणं शुद्धं प्रकाशं नित्यमक्षरम् । सच्चिद्रूपं स्वमात्मानं मन्यते स्माजमव्ययम् ॥८॥ तत्रैकेन पदा तिष्ठन्नूर्ध्वबाहुद्वयो जपन् । गायत्रीं वेदजननीं तपोऽतप्यत दुष्करम् ॥९॥ अर्कमण्डलमध्यस्थं भगवन्तं हिरण्मयम् । शङ्खचक्रधरं देवं दध्यौ हृदि तपश्चरन् ॥१०॥ त्रिकालं गण्डकिस्नानं मुक्तनाथस्य पूजनम् । विदधत्प्रत्यहं चक्रे तपः फलदलादिभुक् ॥११॥ तस्य विप्रबटोर्बाल्ये दृष्ट्वा भूरितरं तपः । विस्मयं प्रापुरत्यर्थं बहवोऽपि तपस्विनः ॥१२॥ किं कायाधव एष किं ध्रुव उत स्कन्दः कुमारोऽथवा दत्तो वा ऋभुरेष किन्नु भगवान्नारायणर्षिर्नरः । दुःसाध्यानि नृभिस्तपांसि कुरुते पूर्णेन्दुशान्तद्युतिरित्याश्चर्यवशात्तपस्विमुनिभिस्तेपे तपस्तर्कितः ॥१३॥ तपस्यन्तं च तं दृष्ट्वा तत्स्वरूपविदश्च ये । ते तु ग्लानिं परां प्रापुः स्वप्रेष्ठकृच्छ्रदर्शनात् ॥१४॥
सदा सहचरौ तस्य भक्तिधर्मौ तपःप्रियौ । तपः कुर्वति तस्मिन् स्म तिष्ठतस्तस्य पार्श्वयोः ॥१५॥ ऊर्ध्वबाहोरेकपदा तिष्ठतोऽतिकृशस्य च । भक्तिर्दक्षे वृषो वाम आस्तां भूपातशङ्कया ॥१६॥ निर्दम्भमेव मुनिवदादित्यमुपतिष्ठतः । चातुर्मास्यं

---

આશ્રમમાં ભરતજીએ તપશ્ચર્યા કરી છે. તેમજ જ્યાં સ્નાન કરવામાત્રથી પાવન કરનાર ગંડકી નદી આશ્રમની ચારે તરફ ચક્રાકારે વહી રહી છે. (૩)

**બાલાજોગીની દ્રષ્ટિ સમક્ષ ભરતજીનું ચમત્કારી ચરિત્ર :-** મહાન ચક્રનદીમાં સ્નાન કરીને શ્રીહરિએ નિત્યવિધિ કર્યો તેમજ મુક્તિનાથ ભગવાનનું દર્શન અને પૂજન પણ કર્યું. ત્યારબાદ મહા તપસ્વી શ્રીહરિએ ભરતજીના તપોસ્થાનમાં જ પોતાનો નિવાસ કર્યો અને ભરતજીની માફક ભગવાનનું આરાધન કરવા લાગ્યા. (૪/૫)

મૃગબાળ ઉપર દયા કરવાથી ભગવાનની ભક્તિમાં ભરતજીને જે વિઘ્ન થયું તેનું સ્મરણ કરતાં કરતાં શ્રીહરિ હમેશાં નિઃસંગપણે વર્તવા લાગ્યા. (૬) એ પ્રમાણે બાહ્ય આસક્તિનો ત્યાગ કરવા ઉપરાંત શ્રીહરિ પુરંજનની કથા વારંવાર યાદ કરી અંતરમાં રહેલી બુદ્ધિ આદિકની આસક્તિનો પણ ત્યાગ કરતા હતા. (૭)

**તપસ્વીઓને વિસ્મયકારક બાળયોગીની મહાતીવ્ર તપશ્ચર્યા :-** પોતાના આત્માને અસંગ, નિર્ગુણ, નિર્વિકારી, પ્રકાશક, નિત્ય, અક્ષર, સત્ અને ચિત્સ્વરૂપ, અજન્મા અને અવ્યય માની શ્રીહરિ તે સ્થાનમાં એક પગે ઊભા રહ્યા. તેમજ બે હાથ ઊંચા રાખી વેદમાતા ગાયત્રીનો જપ જપતાં જપતાં ભગવાન શ્રીહરિ કોઈથી ન બની શકે તેવું તીવ્ર તપ કરવા લાગ્યા. (૮/૯) તપશ્ચર્યા કરતા શ્રીહરિએ સૂર્યમંડળના મધ્ય ભાગમાં વિરાજતા તેમજ શંખ, ચક્ર ધરનારા દિવ્ય હિરણ્મય પુરુષનું હૃદયમાં ધ્યાન કર્યું. (૧૦) શ્રીહરિ પ્રતિદિન ત્રણ વખત ગંડકીમાં સ્નાન કરી શ્રી મુક્તનાથ વિષ્ણુનું પૂજન કરતા અને માત્ર ફળ, દળ અને મૂળ વગેરેનો આહાર કરી તપ કરતા હતા. (૧૧) બાલ્યાવસ્થામાં બાલ બટુક બ્રહ્મચારીનું આવું તીવ્ર મહા તપ જોઈ કેટલાય તપસ્વીઓ પણ અત્યંત વિસ્મય પામ્યા. (૧૨)

પૂર્ણિમાના ચંદ્ર જેવી શાંત શીતળ કાંતિને ધારણ કરતા શ્રીહરિ મનુષ્યોથી ન બની શકે તેવું દુષ્કર તપ કરે છે. તો શું બાલબ્રહ્મચારી પ્રહ્લાદ તો નથી ને ? અથવા ધ્રુવજી કે કાર્તિક સ્વામી તો નથી ને ? અથવા ભગવાન દત્ત, ઋભુ કે પછી સાક્ષાત્ ભગવાન નરનારાયણ ઋષિ તો નથી ને ? આ પ્રમાણે આશ્ચર્યમાં ગરકાવ બનેલા મુનિઓને તર્ક ઉપજાવતા શ્રીહરિ તપ કરતા હતા. (૧૩) તીવ્ર તપ કરતા શ્રીહરિનાં દર્શન કરી તેમના સ્વરૂપને (આ બાળયોગી પ્રત્યક્ષ શ્રી પુરૂષોત્તમ ભગવાન છે એમ) જાણનારા જે કોઈ પુરૂષો તે પોતાના ઈષ્ટદેવનું તપશ્ચરણજન્ય કષ્ટ દેખીને અતિશય ગ્લાનિ પામતા હતા.(૧૪)

સર્વદા શ્રીહરિની સાથે રહેતા અને તપમાં રુચિ ધરાવતા ધર્મ અને ભક્તિ તપશ્ચર્યા કરતા શ્રીહરિની બન્ને બાજુએ દિવ્ય રૂપે ઊભાં રહેતાં હતાં. (૧૫) ઊંચા હાથ રાખી એક પગે ઊભા રહેલા તેમજ અતિ કૃશ શરીરધારી શ્રીહરિની જમણી બાજુએ ભક્તિમાતા અને ડાબી બાજુએ ધર્મપિતા શ્રીહરિ ભૂમિ ઉપર પડી ન જાય તેનું ધ્યાન રાખતાં ઊભાં હતાં. (૧૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

व्यतीयाय साश्चर्यान्कुर्वतो मुनीन् ॥१७॥ एकादश्यां प्रबोधन्यामथ साक्षाद्दिवाकरः। उपेयायान्तिकं तस्य द्विभुजो दिव्यविग्रहः ॥१८॥ तं विलोक्य निजाभ्याशे साक्षाद्भास्करमागतम् । प्रणम्य साष्टाङ्गमसौ बद्धाञ्जलिपुटोऽब्रवीत् ॥१९॥ जय ! जय ! जगदात्मन्भास्कराहस्कर ! त्वं सकलनिगममूर्ते ! ब्राह्मणाराधनीय ! । भृशतमसि निमग्नं त्वां विना जीवलोकं सुखयितुमिह को वा शक्नुयात्तन्निरस्य ॥२०॥ जगदवननिरोधोत्पत्तिहेतुस्त्वमीशो हरिहरविधिमूर्तिः सर्वलोकप्रकाशः । अभिमतफलदातोपासकेभ्यः कृपालो ! नमनपरनृणामप्यामयौघं निहंसि ॥२१॥ अनलहिमकराद्याः सन्ति तेजस्विनो ये त इह भवत एव प्राप्य तेजश्चरन्ति । तव वरद ! किलैतन्मण्डलं प्राप्नुयुर्ये पुनरिह भववार्धौ ते न मज्जन्ति मुक्ताः ॥२२॥ इह तव किरणस्यास्यैककस्यापि तेजः सहितुममृतपेष्वप्यण्डकोशे न कोऽपि । प्रभवति किमु तर्हि ब्रह्मणस्तेंऽशुमालिन् ! सकलकिरणतेजस्तं नमामीश्वरं त्वाम् ॥२३॥ चिरमिह मम चित्तेऽभीप्सितं दर्शनं ते दुरितनिचयमूलोत्कृन्तनं प्राप्य चाद्य । उदय इव सुधांशोरर्णवस्यातिहर्षो हृदयकुहरमध्ये माति नैवाब्जबन्धो ! ॥२४॥ सुव्रत उवाच – इति स्तुवन्तं तं प्राह सूर्यनारायणो वचः । हरे ! तुभ्यं प्रसन्नोऽस्मि वरं मद्वरयेप्सितम् ॥२५॥

---

તપસ્વી મુનિઓની જેમ નિર્દંભપણે સૂર્યનું આરાધન કરી તે આશ્રમવાસી મુનિઓને આશ્ચર્યમાં ગરકાવ કરતા શ્રીહરિને ચાર્તુમાસ પૂર્ણ થયો. (૧૭)

**સૂર્યનારાયણનું પ્રત્યક્ષ દર્શન** :- ત્યાર બાદ પ્રબોધિની એકાદશીના દિવસે દિવ્ય વિગ્રહધારી તેમજ દ્વિભુજમૂર્તિ ભુવનભાસ્કર શ્રી સૂર્યનારાયણ દેવ શ્રીહરિની સમીપે પ્રત્યક્ષ સ્વરૂપે પ્રગટ થયા. (૧૮)

**શ્રીહરિએ કરેલ સૂર્યનારાયણનું સ્તવન** :- પોતાની સમીપમાં પધારેલા પ્રત્યક્ષ શ્રી સૂર્યનારાયણ દેવનાં દર્શન કરતાંની સાથે જ શ્રીહરિએ સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બે હાથ જોડી સ્તવન કરવા લાગ્યા. (૧૯) હે જગદ્ અંતર્યામિ! હે પ્રકાશ આપનારા ! હે સકલ વેદમૂર્તિ ! હે બ્રાહ્મણોના ઉપાસ્ય સ્વરૂપ ! તમારો વિજય થાઓ. હે દિવાકર ! અતિશય ગાઢ અંધકારમાં ડૂબેલા જીવસમૂહના અંધકારનો વિનાશ કરી તેમને સુખી કરવા તમારા વિના બીજું કોણ સમર્થ થઈ શકે તેમ છે ? અર્થાત્ તમે જ સમર્થ છો. (૨૦)

હે કૃપાળુ ! સર્વ નિયંતા તમે જગતની ઉત્પત્તિ, સ્થિત્તિ અને પ્રલયના કારણભૂત છો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપે પણ તમે જ છો. સમસ્ત સૃષ્ટિને પ્રકાશ કરનારા છો. આરાધકોને ઈચ્છિત ફળ આપનારા છો તથા તમને નમસ્કાર કરનારા મનુષ્યોની વ્યાધિઓના સમૂહને દૂર કરનારા છો. (૨૧) હે વરદ ! અગ્નિ, ચંદ્ર, વિદ્યુત, નક્ષત્ર વગેરે જે કોઈ તેજસ્વી છે તે સર્વે તમારા થકી જ તેજને પામીને ભૂમંડળમાં વિચરે છે. જે પુરુષો તમારા મંડળને પ્રાપ્ત કરે છે તે મુક્ત ભાવને પામે છે અને ફરી ક્યારેય સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા નથી. (૨૨)

હે અંશુમાન ! આપના એક કિરણના તેજને પણ, આ બ્રહ્માંડમાં અમૃતપાન કરનારા દેવો પણ સહન કરવા સમર્થ બનતા નથી; તો બ્રહ્મમૂર્તિ તમારાં સમગ્ર કિરણોના તેજને સહન કરવા કેમ સમર્થ થાય ? હે ઈશ્વર ! આપને હું નમસ્કાર કરું છું. (૨૩) હે કમળના બંધુ ! સમસ્ત પાપના સમુદાયને મૂળમાંથી ઉખેડનાર આપના મંગલકારી દર્શન કરવાની મારા અંતરમાં બહુ દિવસની અભિલાષા હતી તે આજે પૂર્ણ થઈ. આથી જેમ ચંદ્રોદય થતાં મહાસાગરમાં ભરતી આવે તેમ મારી હૃદયગુહામાં ઉત્પન્ન થયેલો હર્ષ ક્યાંય સમાતો નથી. (૨૪)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ સૂર્યદેવનું સ્તવન કર્યું તેથી સૂર્યનારાયણ શ્રીહરિ પ્રત્યે વચનો કહેવા લાગ્યા કે, હે હરિ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમે મારી પાસેથી કાંઈક વરદાન માગો. (૨૫)

ततो हरिर्ययाचे तं वरं स्वस्याभिवाञ्छितम् । भगवन्! यदि तुष्टोऽसि तर्हि देहि मदीप्सितम् ॥२६॥ तमोपहस्त्वमेवेति तमः सर्वं ममान्तरम् । हर्तुमर्हसि देवेश ! दुःखसंसृतिकारणम् ॥२७॥ कामः क्रोधश्च लोभाद्या इन्द्रियाणि च वर्णिनः । महारयः सन्ति तेभ्यस्त्वया कार्यं ममावनम्॥२८॥ तपःस्थैर्यमकामत्वं सर्वेन्द्रियजयस्तथा । नैष्ठिकब्रह्मचर्याद्या गुणाः स्युः सर्वदा मयि ॥२९॥ यदा यदा स्मरेयं त्वामहं स्वहृदये प्रभो ! । तदा तदेदृशेनैव त्वया देयं स्वदर्शनम् ॥३०॥ एतावदेव मेऽभीष्टं देह्यन्यन्मायिकं त्वहम् । सुखं किमपि नेच्छामि त्वत्तो मायाविमोचकात् ॥३१॥ सुव्रत उवाच - ओमित्युक्त्वा ततः सूर्यस्तं प्रणम्याब्रवीद्वचः । साक्षात्कृष्णस्त्वमेवासि जानामीति हरे! हृदि ॥३२॥ तथापि नरनाट्येन मामित्थं याचसि प्रभो ! । यान् याचसि गुणांस्ते तु सन्ति सिद्धाः सदा त्वयि ॥३३॥ त्वद्भक्तेष्वपि ते कृष्ण ! त्वत्प्रतापाद्भवन्ति हि । किं पुनस्त्वयि कल्याणसद्गुणाकर ईश्वरे ॥३४॥ इत्युक्त्वा हरिमानम्य प्रीतः सोऽन्तर्दधे रविः । हरिशर्मा प्रीतमनास्तपश्चर्यां समापयत् ॥३५॥ तत्क्षेत्रमाहात्म्यमतिप्रशंसंस्तूर्णं तपःसिद्धिविधातृतादि । सन्मानितो भूरि तपस्विवर्यैरुवास तद्द्वादशिकादिनं सः ॥३६॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे सूर्यनारायणप्रसादननामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥४४॥

---

**સૂર્યનારાયણ પાસેથી માગેલું વરદાન** :- તેમનાં વચન સાંભળી શ્રીહરિએ સૂર્યનારાયણ પાસે મનોવાંછિત વરદાન માગ્યું કે, હે ભગવન્ ! તમે જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારી ઈચ્છા અનુસાર મને વરદાન આપો. (૨૬) હે દેવેશ! તમે જેમ બાહ્ય અંધકારને દૂર કરો છો તેવીજ રીતે દુઃખરુપ સંસૃતિના કારણરૂપ મારા અંતરના સમગ્ર અંધકારને દૂર કરો. કામ, ક્રોધ, લોભ વગેરે અંતઃશત્રુઓ તથા ઈન્દ્રિયો; આ સર્વે બ્રહ્મચારીઓના માર્ગમાં વિઘ્ન કરનારા મહા બળવાન શત્રુઓ છે. તેના થકી તમે મારું રક્ષણ કરો. (૨૭/૨૮)

તપ કરવામાં મને સ્થિર નિષ્ઠા પ્રાપ્ત થાય. ભગવાન વિના અન્ય વિષયસંબંધી કામનાઓનો સદાય ત્યાગ રહે. ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત થાય. તેમજ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વગેરે ગુણો મારામાં નિરંતર નિવાસ કરીને રહો. (૨૯) હે પ્રભુ! જ્યારે જ્યારે હું મારા હૃદયમાં સ્મરણ કરું ત્યારે આ રીતે આપનું દિવ્ય દર્શન આપતા રહેશો. આટલી જ મારા અંતરની અભિલાષા છે. તે તમે પૂર્ણ કરો. માયાનાં બંધનોથી મુક્ત કરનારા તમારી પાસેથી હું બીજાં માયિક સુખની આશા રાખતો નથી. (૩૦/૩૧)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સૂર્યદેવે 'તથાસ્તુ' કહ્યું. ત્યાર બાદ શ્રીહરિને પ્રણામ કરી સૂર્યદેવ કહેવા લાગ્યા કે હે હરિ ! તમે જ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા છો એમ હું મારા અંતરમાં જાણું છું. (૩૨) છતાં પણ હે પ્રભુ ! તમો મનુષ્યનાટક કરતા હોવાથી મારી પાસે આવી માગણી કરો છો. તેમજ તમે જે સદ્ગુણોની માગણી કરી છે તે ગુણો તો તમારામાં સર્વદા નિવાસ કરીને રહેલા જ છે. (૩૩) હે કૃષ્ણ ! તમારા પ્રભાવથી તમારા ભક્તોમાં પણ તે ગુણો રહેલા છે તો મંગળકારી સદ્ગુણોની ખાણરૂપ પરમેશ્વર આપને વિષે તે સદ્ગુણો રહેલા જ હોય તેમાં શું કહેવું ? (૩૪) હે રાજન્ ! સૂર્યદેવ આ પ્રમાણે કહી શ્રીહરિને ફરીથી નમસ્કાર કરી પ્રસન્ન થઈને અંતર્ધાન થઈ ગયા. ત્યાર બાદ પ્રસન્ન મનવાળા શ્રીહરિએ તપની સમાપ્તિ કરી. (૩૫)

તત્કાળ તપની સિદ્ધિ આપનાર પુલહાશ્રમ ક્ષેત્રના મહિમાનું અતિશય ગુણગાન કરતા શ્રીહરિ તપસ્વીવર્યો દ્વારા સત્કારપૂર્વક સન્માન કરાયેલા સ્વયં કાર્તિક સુદી દ્વાદશીના દિવસ પર્યંત પુલહાશ્રમમાં નિવાસ કરીને રહ્યા. (૩૬)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'સૂર્યનારાયણપ્રસાદન નામે' ચુંમાલીસમો અધ્યાયઃ (૪૪)*

राजोवाच - हरौ प्रव्रजिते गेहाद्बन्धवस्तस्य सुव्रत ! तस्मिन्विवृद्धप्रेमाणस्तच्चित्ताः किमकुर्वत ॥१॥ शृण्वन्कृष्णकथा ब्रह्मन्मधुराश्च मनोहराः । रसज्ञो नैव तृप्यामि यथा मर्त्योऽमृतं पिबन् ॥२॥ सुव्रत उवाच - यदा स भगवान् गेहं त्यक्त्वा प्रव्रजितो नृप! । तदा तस्य वयस्यास्तं द्रष्टुं तद्गृहमाययुः ॥३॥ अदृष्ट्वा तत्र ते नद्यां विचिन्वन्ति स्म तं पुरे । तस्योपवेशनस्थानं यद्यत्तत्तद्व्यलोकयन् ॥४॥ तत्राप्यदृष्ट्वाऽन्यत्रापि ते गवेष्य सुहृत्तमम् । यदा न लेभिरे तर्हि रुदन्तस्तद्गृहं ययुः ॥५॥ अग्रजं तस्य सङ्गत्य तमुदासीनमास्थितम् । नीलकण्ठो भवद्भ्राता गतः क्वापीति चोचिरे ॥६॥ तदा रामप्रतापोऽपि गेहे गेहे वने च तम् । तथेच्छाराममुख्याश्च विचिक्युर्बन्धवोऽखिलाः ॥७॥ साश्रुनेत्राश्च ते सर्वे यदा नैक्षन्त तं क्वचित् । तदानीं त्वग्रजस्तस्य जातश्चिन्तातुरो भृशम् ॥८॥ हे कृष्ण ! हे हरे ! बन्धो ! हरिकृष्ण ! ममानुज! । हे नीलकण्ठ ! हे वर्णिन्नित्युच्चैराजुहाव तम् ॥९॥ महादुःखाब्धिपतितः शोचन् स्वगृहमेत्य सः । विललापोच्चकैः स्नेहाद्भ्रातर्भ्रातरितीरयन् ॥१०॥ हा मां त्यक्त्वा गतः क्वासौ भ्राता कमललोचनः । तस्य भोजनवेलापि गता नूनं हि नैत्यकी ॥११॥ क्व गत्वा तस्य वीक्षेयं मुखं चन्द्रमनोहरम् । शृणुयां वा क्व गत्वाहं तदीयं वचनामृतम् ॥१२॥ इत्थं स ब्राह्मणः स्नेहादत्यर्थं विललाप ह । चरित्राणि स्मरंस्तस्य निनायाहानि दुःखतः ॥१३॥ इच्छारामादयस्ते च बन्धवो ज्ञातयस्तथा । तमेव नित्यं शोचन्तो निन्युः कृच्छ्रेण

## અધ્યાય : ૪૫

## શ્રીનીલકંઠવર્ણીનો સંબંધીજનોને વિયોગ તથા ગોપાળયોગીનો મેળાપ અને યોગાભ્યાસ

**શ્રીહરિના વિયોગથી સંબંધી જનોએ કરેલો વિલાપ** :- પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે સુવ્રત મુનિ ! ભગવાન શ્રીહરિએ જ્યારે પોતાના ઘરનો ત્યાગ કરી વનમાં પ્રયાણ કર્યું ત્યારે શ્રીહરિને વિષે અતિશય વૃદ્ધિ પામેલા સ્નેહવાળા તેમજ તેમનામાં જ મનને નિમગ્ન રાખનારા તેમના બંધુઓએ શું કર્યું ? (૧) હે બ્રહ્મન્ ! જેમ અમૃતનું પાન કરનાર રસજ્ઞ પુરુષને તૃપ્તિ ન થાય તેમ તેમના રસનું પાન કરનારા મને ભગવાન શ્રીહરિના મધુર અને મનોહર કથામૃતનું પાન કરતાં તૃપ્તિજ થતી નથી.(૨)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! જ્યારે ભગવાન શ્રીહરિ ગૃહત્યાગ કરી વનમાં સિધાવ્યા ત્યારે તેમના સખાઓ તે શ્રીહરિનાં દર્શન કરવા તેમનાં ભુવન પ્રત્યે આવ્યા. (૩) બાલ સખાઓએ શ્રીહરિને ઘરમાં જોયા નહિ તેથી સરયૂ કિનારે તથા અયોધ્યાપુરીમાં શ્રીહરિને બેસવાના જે જે સ્થળો હતાં ત્યાં સર્વત્ર તપાસ કરી. ત્યાં પણ શ્રીહરિને નહિ જોઈને બાલસખાઓ અન્ય સ્થાનોમાં શોધખોળ કરવા લાગ્યા. તેમ છતાં શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ તેથી તેઓ રુદન કરતા કરતા ફરી શ્રીહરિનાં ભુવનમાં આવ્યા. (૪/૫)

બાલસખાઓ ધર્મભુવનમાં ઉદાસપણે (સ્નાનાર્થે ગયેલા શ્રીહરિના પાછા નહિ આવવાથી) બેઠેલા શ્રીહરિના મોટા બંધુ રામપ્રતાપભાઈ પાસે આવ્યા અને કહ્યું કે 'તમારા બંધુ નીલકંઠ કોઈપણ બીજા પ્રદેશમાં ગયા લાગે છે.' (૬) ત્યારે રામપ્રતાપભાઈ, ઈચ્છારામભાઈ અને સર્વ સંબંધીજનો ઘેર ઘેર અને બાગબગીચાઓમાં શ્રીહરિને શોધવા લાગ્યા. (૭)

આંખમાં આંસુડાઓ સારતા તેઓએ જ્યારે કોઈ સ્થળે શ્રીહરિને જોયા નહિ તેથી રામપ્રતાપભાઈ અત્યંત ચિંતાતુર થયા અને હે કૃષ્ણ ! હે હરિ ! હે બંધુ ! હે હરિકૃષ્ણ ! હે મારા નાના બંધુ ! હે નીલકંઠ ! હે વર્ણી! આ પ્રમાણે ઉચ્ચ સ્વરે તેમને સાદ પાડવા લાગ્યા. (૮/૯) દુઃખના મહાસિંધુમાં ડૂબેલા અને શોક કરતા રામપ્રતાપભાઈ પોતાના ભવને પાછા આવ્યા અને હે ભાઈ ! હે ભાઈ ! આ પ્રમાણે સ્નેહવશ થઈ ઉચ્ચ સ્વરે વિલાપ કરવા લાગ્યા. (૧૦)

હે કમલલોચન ભાઈ ! મને છોડી તમે ક્યાં જતા રહ્યા. અરે ! તેમના નિત્ય ભોજનનો સમય પણ વ્યતીત થઈ ગયો છે. હવે હું ક્યાં જઈ તેમના ચંદ્રમા સરખા રમણીય મુખનું દર્શન કરીશ ? તથા તેમનાં અમૃતતુલ્ય વચનામૃતોનું પાન કરીશ? (૧૧/૧૨) આ પ્રમાણે શ્રીહરિમાં સ્નેહને લીધે રામપ્રતાપભાઈ અત્યંત વિલાપ કરતા હતા. અને શ્રીહરિની બાળલીલાઓનું સ્મરણ કરતા થકા દુઃખથી દિવસો વ્યતીત કરતા હતા. (૧૩)

ઈચ્છારામભાઈ વગેરે બંધુજનો અને જ્ઞાતિજનો પણ નિરંતર શ્રીહરિને શોકે સહિત સ્મરણ કરતા થકા દુઃખથી

वासरान् ॥१४॥
स्त्रियः सुवासिनीमुख्याः शोचन्त्यस्तमहर्निशम् । कृच्छ्रेणैवाहानि निन्युर्हरेरथ कथां शृणु ॥१५॥ मुक्तनाथं नमस्कृत्य तत्रत्यांश्च तपस्विनः । ततो विनिर्ययौ प्रातर्वर्णीन्द्रो दक्षिणामुखः ॥१६॥ बहून्यरण्यानि नगान्सरितश्च सरांसि सः । अत्यक्रामदविज्ञाततत्त्वो बालमुनिर्नृप ! ॥१७॥ हिमालयोपत्यकायां विचरन् गहनं महत् । प्राप सिंहैश्च शार्दूलैर्गजैर्मत्तैर्भयङ्करम् ॥१८॥ वराहैर्महिषैः क्रूरैराकीर्णं गवयादिभिः । महीरुहैश्च बहुभिर्महद्भिरतिसङ्कुलम् ॥१९॥ दुःप्रवेश्ये मनुष्याणां विचरंस्तत्र गह्वरे । यत्र सायं तत्र वसन्प्राप बुट्टोलपत्तनम् ॥२०॥ तत्र राजा पर्वतीयो महादत्ताभिधः सुधीः । आवास्य स्वालयं तं च सिषेवे बहुभावतः ॥२१॥ भगिनी तस्य मायाख्या स्नेहेन परिचर्यया । सिषेवे परया भक्त्या तमात्मश्रेयसे नृप ! ॥२२॥ तयोः प्रसन्नो भगवान्दत्त्वा संसृतिमोचनम् । ज्ञानं स्वस्य ततः प्रायाद्वनमेव तपःप्रियः ॥२३॥ मुक्तनाथान्निर्गतस्य प्राप्तस्यैतद्वनं हरेः । वसतस्तत्र तत्रास्य कालः संवत्सरोऽत्यगात् ॥२४॥ वने घोरे स विचरन् स्वधर्मं सम्यगाचरन् । महान्तमेकं न्यग्रोधं प्राप्तवान्रम्यदर्शनम् ॥२५॥ तडागेनातिमहता पूर्वे नद्यास्तथोत्तरे । शोभितं च नलस्तम्बैर्महद्भिरभितो वृतम् ॥२६॥ परितो गजयूथैश्च चरद्भिरभिनादितम् । तं पश्यंस्तत्र सोऽपश्यन्महायोगिनमेककम् ॥२७॥ ऐणमासनमासीनं जटायज्ञोपवीतिनम् । साच्छादनं च कौपीनं वसानमपरिग्रहम् ॥२८॥ शालग्रामार्चनं कृत्वा गीतापठन उद्यतम् । गोपालनाम्ना विख्यातं ननाम

---

દિવસો પસાર કરતા હતા. (૧૪) સુવાસિની વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિને સંભારી નિરંતર શોક પૂર્વક દુઃખથી દિવસો પસાર કરતી હતી. હે રાજન્ ! હવે હું તમને શ્રીહરિની આગળની કથા સંભળાવું છું. તે તમે એકાગ્રતાથી સાંભળો. (૧૫)

**દક્ષિણ દિશા તરફ પ્રયાણ :-** અર્ચા સ્વરૂપ મુક્તનાથ અને પુલહાશ્રમના નિવાસી તપસ્વીમુનિઓને નમસ્કાર કરી ભગવાન શ્રીહરિ પ્રાતઃકાળના સુમધુર અવસરે દક્ષિણ દિશા તરફ મુખ રાખી ચાલતા થયા. (૧૬)

હે રાજન્ ! અજ્ઞાની મનુષ્યો ન જાણી શકે તેવા સ્વરૂપને ધારણ કરી બાલમુનિ શ્રીહરિએ અનેક જંગલો, પર્વતો, નદીઓ અને સરોવરો ઉલ્લંઘન કર્યાં. (૧૭) હિમાલયની તળેટીમાં વિચરણ કરતા શ્રીહરિએ અતિ વિસ્તારવાળા ઘાટા જંગલમાં પ્રવેશ કર્યો. આ જંગલ સિંહ, વાઘ, મદોન્મત્ત ગજરાજ, વરાહ, ક્રૂર અરણા પાડા અને રોઝ વગેરે વનવાસી પ્રાણીઓથી અતિ ભયાનક હતું તેમજ ગગનચુંબી વૃક્ષોથી અતિ સંકુલ હતું. (૧૮/૧૯)

**બુટોલપુરમાં બાળયોગીનું આગમન :-** મનુષ્યો જ્યાં મહાકષ્ટથી પ્રવેશ કરી શકે તેવા ગહન જંગલમાં વિચરણ કરતા શ્રીહરિ જ્યાં રાત્રિ પડે ત્યાં નિવાસ કરતા કરતા બુટોલપુર પધાર્યા. (૨૦) તે પુરમાં મહાદત્ત નામના પર્વતીય રાજાએ શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવી બહુ ભાવથી તેમની સેવા કરી. (૨૧) મહાદત્ત મહારાજાની 'મયારાણી' નામની બહેને પોતાના આત્મકલ્યાણને અર્થે સ્નેહપૂર્વક પરમ શ્રદ્ધાથી શ્રીહરિની પરિચર્યા કરી. (૨૨) ભાઈબહેન ઉપર પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને સંસૃતિનાં બંધનોમાંથી મુક્ત કરનાર પોતાના સ્વરૂપનું અલૌકિક જ્ઞાન આપ્યું. અને તપઃપ્રિય શ્રીહરિએ ત્યાંથી વનમાં આગળ જવા પ્રયાણ કર્યું. (૨૩)

**ગોપાળ યોગીનું મિલન :-** મુક્તનાથથી નીકળી માર્ગમાં તે તે સ્થળે નિવાસ કરતા વર્ણીન્દ્ર શ્રીહરિનું આ ઘનઘોર જંગલમાં આગમન થયું તેવામાં તો એક વર્ષ પસાર થઈ ગયું. (૨૪) વર્ણીનાં ધર્મનું સંપૂર્ણપણે પાલન કરતા શ્રીહરિ ભયંકર ઘાટા જંગલમાં વિચરણ કરતા કરતા દર્શનમાત્રથી અતિ રમણીય એક ઘેઘૂર વિશાળ વટવૃક્ષની સમીપે પધાર્યા. (૨૫) આ વટવૃક્ષની પૂર્વદિશાના ભાગમાં વિશાળ સરોવર શોભતું હતું અને ઉત્તરદિશા તરફ મોટી નદી શોભી રહી હતી. તે વટવૃક્ષની ચારેબાજુ મોટા મોટા નળસ્તંબ (અંદરથી પોલો બરૂ જેની લેખણો થાય છે; અથવા જેને કાહડો કહે છે તેના થુમડાંઓ) વીંટળાયેલાં હતાં. તેમની ચારેબાજુએ વિહાર કરતા હાથીઓનાં વૃન્દથી શબ્દાયમાન તે વિશાળ વટવૃક્ષને નિહાળી રહેલા શ્રીહરિએ તેની નીચે કોઈ એક મહાયોગીનાં દર્શન કર્યાં. (૨૬/૨૭)

એ યોગીએ જટા અને યજ્ઞોપવીત ધારણ કર્યાં હતાં. આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન ધારણ કરી હતી. તેમજ મૃગચર્મના આસન ઉપર બેઠેલા હતા. (૨૮) શાલિગ્રામનું પૂજન કરી ગીતાજીનો પાઠ કરવાની તૈયારી કરતા હતા.



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विनयेन तम् ।।२९।। योगीन्द्रः सोऽपि तं वीक्ष्य गाढस्नेहमिवादरात् । उत्थाय सद्योऽतिप्रीत्या परिरभ्याप निर्वृतिम् ।।३०।। गाढमित्रे इवोभौ तावास्तामन्योन्यदर्शनात् । उवास तत्र वर्णीन्द्रो योगीन्द्रेणातिमानितः ।।३१।। मानयंस्तं गुरुत्वेन बालस्वामी स योगिनम् । अशिक्षत्सकलं योगं योगशास्त्रं तथाखिलम् ।।३२।। आदराच्छिक्षयामास यमांश्च नियमान्स तम् । आसनानि विचित्राणि प्राणायामकलास्तथा ।।३३।। प्रत्याहारं धारणां च ध्यानं च मनसा हरेः । समाधिमङ्गभूतं स शिक्षयामास चाङ्गिनम् ।।३४।। सकृत्प्रोक्तं हि तत्सर्वं कालेनाल्पेन स प्रभुः । यथावदेव जग्राह गुरुं विस्मापयंश्च तम् ।।३५।। नेतीं च द्विविधां बस्तिं कौञ्जरीं नौलिकां तथा । शङ्खप्रक्षालनाद्याश्च क्रिया आदावसाधयत् ।।३६।। ततः क्रमेण चाष्टाङ्गयोगं स समसाधयत् । गुरूपदिष्टमार्गेण कालेनाल्पेन भूपते ! ।।३७।। योगशास्त्रं तु निखिलं श्रुतिमात्रेण सोऽग्रहीत् । तेनातिविस्मितो योगी तं मेने कृष्णसन्निभम् ।।३८।। स्वस्यातिनिःस्पृहस्यापि तस्मिन्प्रेमातिशायिताम् । दृष्ट्वा मतिमतां श्रेष्ठो मेने तं गुरुमेव सः ।।३९।। परस्परं गुरुधियौ सेवमानौ परस्परम् । कन्दमूलफलाहारावूषतुस्तत्र वत्सरम् ।।४०।। सहमानौ हिमं वातं वर्षं चातपमन्वहम् । स्नान्तौ त्रिषवणं तीव्रं चक्राते तप एव तौ ।।४१।। तदाश्रमसमीपेऽथ घोषो गोपैरकार्यत । महिषीर्गाश्चारयद्भिरायातैश्च यदृच्छया ।।४२।। तत्रागत्य प्रतिदिनं शार्दूलाः पञ्चषान् पशून् । अभक्षयंस्ततो गोपा बभूवुः खिन्नचेतसः ।।४३।। योगीन्द्रं प्रार्थयामासुस्ततस्ते रक्ष नः पशून् । योगिराज ! समर्थोऽसि नाम स्वं सार्थकं कुरु ।।४४।।

---

ગોપાલયોગી એવા નામથી પ્રખ્યાત તે મહાયોગીને શ્રીહરિએ વિનયથી નમસ્કાર કર્યા. (૨૯) ગોપાલયોગી પણ શ્રીહરિનાં દર્શન કરી પૂર્વજન્મના કોઈ ગાઢ સ્નેહી હોય તેમ તત્કાળ આસન પરથી ઊભા થઈ અતિ પ્રેમથી તેમને ભેટી પડ્યા અને અતિશય સુખ પામ્યા. (૩૦) પરસ્પર દર્શનથી બંને જાણે કે ગાઢ મિત્રો હોય ને શું ? તેમ જણાતું હતું. આ પ્રમાણે ગોપાલયોગીના આદરસત્કારને માન આપી શ્રીહરિ ત્યાં નિવાસ કરીને રહ્યા. (૩૧)

**અષ્ટાંગ યોગની સાધના :-** બાલયોગી શ્રીહરિએ ગોપાલયોગીમાં ગુરુભાવ રાખી તેમનું સન્માન કરી તેમની પાસેથી સમગ્ર અષ્ટાંગ યોગ અને યોગશાસ્ત્રનો અભ્યાસ કર્યો. (૩૨) ગોપાલયોગી શ્રીહરિને આદરપૂર્વક યમ, નિયમ, અનેક પ્રકારનાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને મનથી શ્રીહરિનું ધ્યાન વગેરે અંગોએ સહિત અંગી સમાધિને શીખવવા લાગ્યા. (૩૩/૩૪) એક વખત જ ગુરુએ બતાવેલાં સાધનોને સમર્થ પ્રભુ શ્રીહરિ તે ગોપાલયોગીને પણ વિસ્મય પમાડતા થકા અલ્પ સમયમાં જ યથાર્થપણે ગ્રહણ કરી લેતા હતા. (૩૫)

બે પ્રકારની નેતિ, બસ્તિ, કુંજર, શંખપ્રક્ષાલન વગેરે ક્રિયાઓ શ્રીહરિએ પ્રથમ સિદ્ધ કરી. (૩૬) હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિએ ગોપાલયોગીએ બતાવેલા માર્ગથી અલ્પ સમયમાં જ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો. (૩૭) શ્રીહરિએ એક વખત ગુરુના મુખથી સાંભળવા માત્રથી જ સમગ્ર યોગશાસ્ત્ર ગ્રહણ કર્યું. તેનાથી અતિ વિસ્મય પામેલા ગોપાલયોગી શ્રીહરિને શ્રીકૃષ્ણ સમાન માનવા લાગ્યા. (૩૮)

બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ ગોપાલયોગી પોતે અતિ નિઃસ્પૃહ હોવા છતાં શ્રીહરિમાં પોતાને અતિશય સ્નેહ થયેલો જોઈ તેમને ગુરુ તરીકે માનવા લાગ્યા. (૩૯) પરસ્પર ગુરુબુદ્ધિ રાખી એકબીજાની સેવા કરતા અને કંદ, મૂળ, ફળ, વગેરેનો આહાર કરતા શ્રીહરિ અને ગોપાળયોગી એક વર્ષ સુધી તે આશ્રમમાં નિવાસ કરીને રહ્યા. (૪૦) પ્રતિદિવસ ઠંડી, વાયુ, વર્ષા અને ગરમીને સહન કરવા પૂર્વક ત્રણ વખત સ્નાન કરતા થકા બંને તીવ્ર તપ જ કરતા હતા. (૪૧)

**ગોવાળોની ચિંતા દૂર કરી :-** કોઈ વખત ગાયોભેંસો ચરાવતા, તેમજ દૈવ ઈચ્છાથી ત્યાં આવેલા ગોવાળોએ ગોપાળયોગીના આશ્રમની સમીપે પોતાના નેસડાઓ બાંધ્યા. તે નેસડાઓમાં પ્રતિદિન રાત્રિએ કેટલાક વાઘ આવતા અને પાંચ છ ગાયો ભેંસોનું ભક્ષણ કરી જતા, તેથી તેઓનું મન અતિ ચિંતાતુર હતું. (૪૨/૪૩)

ત્યાર બાદ તેઓએ ગોપાલયોગીને પ્રાર્થના કરી કે હે યોગીરાજ ! અમારાં પશુઓનું હિંસક પ્રાણીઓથી રક્ષણ કરો ને આપનું **'ગોપાલ'** એવું નામ સાર્થક કરો. આપ રક્ષણ કરવા સમર્થ છો. (૪૪) ગોવાળોએ પ્રાર્થના કરવા છતાં



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अशक्तः पशुरक्षायां सोऽथ चिन्ताकुलोऽभवत् । ततस्तमाह वर्णीन्द्रश्चिन्तां त्यज महामुने ! ॥४५॥
शङ्खं वादय तेनैव नायास्यन्त्यत्र हिंसकाः । तव योगप्रतापेन गमिष्यन्त्यद्य ते त्वितः ॥४६॥ इत्युक्तः सोऽपि योगी तं मानयन्धर्मनन्दनम् । तदैव कृपया दध्मौ शङ्खं दीर्घनिनादिनम् ॥४७॥ स नादो यावति क्षेत्रे व्याप्तस्तावति कश्चन । हिंस्रो नायाच्च तत्रस्थो जगामान्यत्र सर्वशः ॥४८॥ निर्भयं तदभूत्स्थानं साधोस्तस्य प्रसादतः । ऊषुः सुखं सपशवो गोपालाः प्राप्तविस्मयाः ॥४९॥ स चापि विस्मितो योगी प्रतापं तस्य तं हृदि । जानन्नलौकिकं मेने पुरुषं तं नराकृतिम् ॥५०॥ वर्णिराट् निवसंस्तत्र प्रत्यहं शुद्धचेतसा । अध्यायमेकं गीताया द्वितीयं सुविचारयन् ॥५१॥ स्वरूपमात्मनः शुद्धमसाधारणलक्षणैः तत्त्वतो निश्चिकायाथ स्वानुभूत्या च बुद्धिमान् ॥५२॥ प्रत्याहारेणेन्द्रियाणां तथान्तःकरणस्य च। प्राणस्य वृत्तीः सकलास्तस्मिन्मुहुरधारयत् ॥५३॥ एवमभ्यसतस्तस्य कालेन कियतात्मनि । बभूव ध्यानयोगस्य पक्वता नृपसत्तम ! ॥५४॥ ततोऽस्य हृदयेऽखण्डमिन्द्रियादिप्रकाशकम् । आत्मज्योतिर्महद्राजन्सर्वकालमदृश्यत ॥५५॥ एवं विशुद्धमात्मानमक्षरब्रह्मणा सह । ऐक्येन भावयन्नित्यं ब्रह्मभूत इवाभवत् ॥५६॥ योगमेतं स्वमित्रं तं प्रार्थयन्तमशिक्षयत्। ब्रह्मभूयं गतस्तेन ततो गोपालयोग्यपि ॥५७॥ वर्णीन्द्रं च हरिं साक्षान्नारायणमृषीश्वरम् । अवैत्तदिच्छयैवासौ भक्तिं तस्मिंस्ततोऽकरोत् ॥५८॥ दध्यौ तमेव हृदये सिद्धयोगो दृढासनः । अत्यन्तविस्मृतिं प्राप ततोऽसौ वपुषो मुनिः ॥५९॥

ગોપાલયોગી હિંસક પ્રાણીઓથી પશુઓની રક્ષા કરવા સમર્થ થયા નહિ તેથી ચિંતાતુર થયા. તેમને ચિંતાતુર થયેલા જોઈ વર્ણીન્દ્ર શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે મહામુનિ ! તમે ચિંતા છોડો અને શંખધ્વનિ કરો. જેનાથી આ આશ્રમમાં હિંસક પશુઓનો પ્રવેશ ક્યારેય નહિ થાય. તે પ્રાણીઓ તમારા યોગપ્રભાવથી અત્યારે જ અહીંથી ચાલ્યા જશે. (૪૫)

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ગોપાળયોગીએ ધર્મનંદન શ્રીહરિનાં વચનને માન આપી પશુ પર કૃપાદૃષ્ટિથી દીર્ઘ અને ગંભીર શંખધ્વનિ કર્યો. (૪૭) તે ધ્વનિ જેટલા પ્રદેશમાં પ્રસર્યો તેટલા દૂર દૂરના પ્રદેશમાં હિંસક પ્રાણીઓ આવતાં બંધ થયાં અને તે પ્રદેશમાં રહેતા હિંસક પ્રાણીઓ પણ ત્યાંથી બીજે દૂરના પ્રદેશમાં ચાલ્યા ગયા. (૪૮)

સંત ગોપાલયોગીના અનુગ્રહથી તે સ્થાન નિર્ભય બન્યું, તેથી વિસ્મય પામેલા ગોવાળો સુખપૂર્વક ત્યાં નિવાસ કરવા લાગ્યા. (૪૯) વિસ્મય પામેલા ગોપાળયોગી પણ 'પશુરક્ષણનો પ્રતાપ આ શ્રીહરિનો જ છે' એમ જાણી તેમને મનુષ્યાકૃતિ ધારણ કરતા કોઈ અલૌકિક પુરુષ માનવા લાગ્યા. (૫૦)

આશ્રમમાં નિવાસ કરતા વર્ણીરાજ શ્રીહરિ પ્રતિદિન વિશુદ્ધ મનથી 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના બીજા અધ્યાયનું સારી રીતે ચિંતવન કરવા લાગ્યા. અને ચિંતવન કરતાં કરતાં બુદ્ધિમાન શ્રીહરિને અસાધારણ લક્ષણોથી વિશિષ્ટ પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ થઈ અને તત્ત્વ દૃષ્ટિથી તેનો સારી પેઠે નિર્ણય કર્યો. (૫૧/૫૨) શ્રીહરિ પ્રત્યાહારથી ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણની સમગ્ર વૃત્તિને વારંવાર પોતાનાં શુદ્ધ આત્મસ્વરૂપમાં ધારણ કરતા હતા. (૫૩)

હે નૃપતિશ્રેષ્ઠ ! આ પ્રમાણે અભ્યાસ કરતા શ્રીહરિને અલ્પ સમયમાં જ પોતાના આત્મસ્વરૂપમાં ધ્યાનયોગની પરિપક્વતા પ્રાપ્ત થઈ. (૫૪) ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિને પોતાના હૃદયકમળ વિષે અખંડ, ઈન્દ્રિયાદિકના પ્રકાશક અને વિશાળ એવા આત્મજયોતિનો ત્રણે અવસ્થામાં સાક્ષાત્કાર થયો. (૫૫)

આ પ્રકારે વિશુદ્ધ આત્મસ્વરૂપને અક્ષરબ્રહ્મની સાથે નિરંતર ઐક્યપણાની ભાવના કરતા શ્રીહરિ 'બ્રહ્મસ્વરૂપ'ની સ્થિતિને અર્થાત્ બ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા. (૫૬) ભગવાન શ્રીહરિને ગોપાલયોગીએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ તેમને પણ આત્મયોગનો અભ્યાસ કરાવ્યો. જેમના અભ્યાસથી ગોપાલયોગી પણ બ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા. (૫૭)

**ગોપાલયોગીના શરીરનો શ્રીહરિનાં સ્વહસ્તે અંતિમ સંસ્કાર :-** શ્રીહરિની ઈચ્છાથી ગોપાલયોગી, વર્ણીન્દ્ર શ્રીહરિને અક્ષરધામમાં રહેલા સર્વ મુનિઓના સ્વામી અને સર્વાંતર્યામી વાસુદેવ સ્વરૂપ સાક્ષાત્ શ્રીનારાયણ ઋષિ છે એમ જાણવા લાગ્યા. અને ત્યારથી આરંભી તેમને વિષે જ નવધા ભક્તિ કરવા લાગ્યા. (૫૮) સિદ્ધયોગી ગોપાલમુનિ દૃઢ આસને બેસી હૃદયકમળમાં શ્રીહરિનું જ ધ્યાન કરવા લાગ્યા અને ધ્યાન કરતા તે મુનિને શરીરની અત્યંત વિસ્મૃતિ પ્રાપ્ત થઈ. (૫૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

विहाय भौतिकं देहं दिव्यदेहेन सोऽनघ ! । गोलोकं प्रययौ सद्यो हरेस्तस्य प्रसादतः ॥६०॥ वर्णिराजः सिद्धयोगस्ततश्चाकस्मिकक्रियः । सख्युः संस्थाविधिं कृत्वा प्राङ्मुखः प्रययौ ततः ॥६१॥
अखण्डब्रह्मरूपस्थो नासाग्रस्थिरवीक्षणः । धनुर्मुक्तः शर इव प्रयाति स्माध्वनि द्रुतम् ॥६२॥ देहानुसन्धान-हीनश्चिन्तयन्कृष्णमेकलः । आदिवाराहतीर्थं स प्राप्यावात्सीद्दिनत्रयम् ॥६३॥ यत्र यत्र स ययौ बटुवर्यस्तत्र तत्र नृपते ! जनतायाः । आगतस्य हि गुरोरिव नाकात्तस्य दर्शनमहोत्सव आसीत् ॥६४॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे योगाभ्यासविधाननामा पञ्चचत्वारिंशोऽध्यायः ॥४५॥

सुव्रत उवाच - ततः स वङ्गदेशेषु प्रायात्सीरपुरं बटुः । सिद्धवल्लभनामासीद्राजा यत्रातिधार्मिकः ॥१॥ तेनातिप्रार्थितोऽवात्सीच्चातुर्मास्यं महामुनिः । तद्दुर्ग एवानुसवं सेव्यमानो हि तेन सः ॥२॥ गोपालदासनामैकः साधुः शीलगुणान्वितः । सेवायां प्रत्यहं तस्य वर्तते स्मातिभावतः ॥३॥ सिद्धतामसमन्त्राश्च तत्रान्ये सिद्धसंज्ञकाः । आसन् सहस्त्रशः क्षुद्रदेवतोपासका अपि ॥४॥ तत्रैके वीतरागाख्याः केचिदासंश्च वर्णिनः । एके परमहंसाख्या यतिसंज्ञाश्च केचन ॥५॥ भैरवोपासकाः केचित्केचित्काल्या उपासकाः । केचिच्च योगिनीभक्ता वीरविद्याविशारदाः ॥६॥ कौपीनमात्रवसनाः सिद्धास्तत्रापरिग्रहाः । आसन्नेकशतं मुख्यास्तपश्चर्यारता नृप ! ॥७॥ तान्सुच्छायोज्झिते स्थाने वासयामास

---

હે નિષ્પાપ રાજન્ ! ત્યાર બાદ પંચભૌતિક શરીરનો ત્યાગ કરી શ્રીહરિની કૃપાથી દિવ્ય શરીરને પ્રાપ્ત કરી ગોપાળયોગી તત્કાળ ગોલોકધામને પામ્યા. (૬૦) અચાનક ગોપાળયોગીના અવસાનથી દૈહિક સંસ્કાર કરવાનો કાર્યભાર જેમની ઉપર આવ્યો છે એવા, સિદ્ધયોગવાળા શ્રીહરિએ પોતાના સખા ગોપાળયોગીની અગ્નિદાહાદિક ઉત્તરક્રિયા કરી અને ત્યાંથી પૂર્વદિશા તરફ પ્રયાણ કર્યું. (૬૧)

**આદિવરાહ તીર્થમાં :-** બ્રહ્મસ્થિતિમાં અખંડ વર્તતા અને નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થિર રાખતા શ્રીહરિ ધનુષમાંથી છૂટેલા તીરની માફક માર્ગમાં ઉતાવળી ગતિએ ચાલવા લાગ્યા. (૬૨) શરીરભાન ભૂલી એક પરમાત્માનાં જ સ્વરૂપનું ચિંતવન કરતા શ્રીહરિ આદિવરાહતીર્થમાં આવ્યા અને ત્યાં ત્રણ દિવસ સુધી રહ્યા. (૬૩)

હે રાજન્ ! વર્ણીન્દ્ર શ્રીહરિ જે જે સ્થાનકમાં પધારતા તે તે સ્થાનકમાં વાસ કરતા મનુષ્યોને તો જાણે કે સ્વર્ગમાંથી સાક્ષાત્ બૃહસ્પતિ પધાર્યા હોય ને શું ? એમ શ્રીહરિનાં દર્શનજન્ય આનંદથી મહાન ઉત્સવ થતો હતો. (૬૪) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'યોગાભ્યાસવિધાન' નામે પિસ્તાળીશમો અધ્યાયઃ (૪૫)*

## અધ્યાય : ૪૬

## સિદ્ધાભિમાનીઓના ગર્વનો નાશ અને પ્રતિગ્રહદોષથી દુઃખી બ્રાહ્મણનું રક્ષણ

**સીરપુરમાં શ્રીહરિનું આગમન :-** આદિવરાહ તીર્થથી નીકળી વર્ણીન્દ્ર શ્રીહરિ વંગદેશમાં આવેલા 'સીરપુર' નામના નગરમાં પધાર્યા. જ્યાં ધર્મનિષ્ઠ 'સિદ્ધવલ્લભ' નામના મહારાજા રાજ્ય કરતા હતા. (૧) રાજાની અતિ પ્રાર્થનાથી મહામુનિ શ્રીહરિએ ચારમાસ સુધી તેમના દુર્ગ અર્થાત્ કિલ્લામાં કોઈક સ્થાનમાં નિવાસ કર્યો. અને સ્વયં રાજા પણ પ્રતિદિન શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૨) ચારિત્ર્ય અને સદ્‌ગુણોથી સભર 'ગોપાલદાસ' નામના કોઈ એક સાધુ પણ દરરોજ અતિશય સ્નેહભાવથી શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૩) તે રાજાના દુર્ગમાં તામસ મંત્રોને સાધનારા તેમજ મલિન દેવતાઓના ઉપાસક બીજા પણ 'સિદ્ધ' એવા નામથી વિખ્યાત હજારો સાધુઓ રાજાએ સેવા કરાયેલા થકા નિવાસ કરીને રહેતા હતા. (૪)

તેમાં કેટલાક વીતરાગી, કેટલાક બ્રહ્મચારી, કેટલાક પરમહંસ, કેટલાક સંન્યાસી, કેટલાક ભૈરવના ઉપાસક, કેટલાક કાલિના ઉપાસક, કેટલાક યોગિનીના ઉપાસક, તેમજ કેટલાક વીરવિદ્યામાં વિશારદ હતા. (૫/૬) હે રાજન્! તે સિદ્ધોમાં એકસો જેટલા સિદ્ધો, કૌપીનમાત્રને ધારણ કરવારૂપ અપરિગ્રહ વ્રત રાખનારા તેમજ વાયુ, વરસાદ અને તાપ સહન કરવા રૂપ તપપરાયણ જીવન જીવનારા મુખ્ય સિદ્ધપુરુષો હતા. તે સૌથી શ્રેષ્ઠ મનાતા હતા. (૭) સિદ્ધવલ્લભ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

भूपतिः । तत्रैवामुं नीलकण्ठं पूजयित्वा न्यवासयत् ।।८।।
प्रचुराज्यसितोपेतैर्भक्ष्यैर्भोज्यैश्च तान् नृपः । प्रत्यहं तोषयामास तत्तदीप्सितवस्तुभिः ।।९।। पट्टकानासनार्थं च ददौ तेभ्यः पृथक् पृथक् । स्वसिद्धतां दर्शयन्तो न्यूषुस्तेऽपि यथासुखम् ।।१०।। तत्तद्दाम्भिकसिद्धत्वं मुमुक्षुं तं धरापतिम् । हरेर्विजिज्ञापयिषोरिच्छयेत्थमभून्नृप! ।।११।। प्रावृट्काले तत्र वृष्टिः प्रतिवर्षाधिकाऽभवत् । आसारैः पीडिता आसंस्ते तु सिद्धाभिमानिनः ।।१२।। घनाघना ददृशिरे स्तनन्तः स्तनयित्नुभिः । भयङ्कराभिर्विद्युद्भिर्भीषणाः सुरवर्त्मनि ।।१३।। घोरघोषातिवातेन वज्रनिर्घोषणैस्तथा । दिवानिशं चातिवृष्ट्या खिन्नास्ते सिद्धतां जहुः ।।१४।। शनैः शनैस्ततश्चक्रू रात्रौ रात्रौ पलायनम् । क्वचित्पञ्च क्वचित्सप्त वेपमाना हिमानिलैः ।।१५।। प्रत्यहं राजभृत्याश्च तच्चर्यां ददृशुः स्थिताः । दिनैः कतिपयैः सर्वे सिद्धाश्चक्रुः पलायनम् ।।१६।। एकमेवावशिष्टं तं वर्णिराजं नृपः सुधीः । दृष्ट्वा सत्यं तमेवैकं सिद्धं मेने न चापरम् ।।१७।। अत्यासारातिवाताभ्यामप्यनाकुलमेव तम् । बहुधा मानयामास राजा पौराश्च सर्वशः ।।१८।। पलायितांस्तु तान्सिद्धान्स्वदुर्गगृहवासिनः । इतरांश्च नृपो मेने ग्राम्यैः साधारणान्किल ।।१९।। तदा शाक्तादयः सिद्धास्तस्योत्कर्षं विलोक्य ते । अत्यमर्षज्वलद्गात्राश्चक्रुस्तं हन्तुमुद्यमम् ।।२०।। समन्त्रमाषक्षेपाद्यैः स्वेष्टदेवोदितैरपि । अभिचारैश्च तं हन्तुं न शेके कोऽपि मान्त्रिकः ।।२१।। सर्वे प्रयासा विफलास्तेषां तस्मिन्हि वर्णिनि । शस्त्रघाता इवाकाशे बभूवुर्नाकृतीश्वरे ।।२२।।

---

રાજાએ આ એકસો સિદ્ધોને ખુલ્લા આકાશવાળી છાયારહિત જગ્યામાં નિવાસ કરાવ્યો હતો. અને એજ રીતે સુયોગ્ય જાણી નીલકંઠવર્ણીનું પૂજન કરી તેમને પણ તે જ જગ્યામાં નિવાસ કરાવ્યો. (૮)

મહારાજા ખૂબ ઘી અને સાકરમિશ્રિત ભક્ષ્ય, ભોજ્ય વગેરે ઈચ્છિત ભોજન તેમજ વસ્તુપદાર્થ દ્વારા સર્વેને સંતોષ પમાડતા હતા. (૯) રાજાએ તેઓને બેસવાને અર્થે લાકડાની ચાર પાયાવાળી પાટો અથવા બાજોઠ દરેકને અલગ અલગ આપેલા હતા. અને સિદ્ધો પણ પોતાની સિદ્ધાઈ દેખાડવા સુખપૂર્વક ત્યાં નિવાસ કરીને રહ્યા હતા. (૧૦)

**સિદ્ધોનો ગર્વ ઉતાર્યો :-** હે રાજન્ ! તે મુમુક્ષુ ધરણીપતિ સિદ્ધવલ્લભ રાજાને તેઓની સિદ્ધાઈનો દંભ સ્પષ્ટ જણાવવાની ઈચ્છા ધરાવતા શ્રીહરિના સંકલ્પથી એક આશ્ચર્ય થયું. (૧૧) વર્ષાઋતુના સમયમાં પ્રતિવર્ષ કરતાં આ વર્ષે અતિ અધિક વૃષ્ટિ થઈ. તેથી સિદ્ધાઈનું અભિમાન ધરાવતા સર્વે સિદ્ધો વર્ષાદની ધારાથી અતિશય દુઃખ પામ્યા. (૧૨)

અતિશય ભયંકર વીજળીના ઝબકારાઓની સાથે ભયાનક ગર્જના કરતાં ઘનઘોર વાદળાઓ આકાશમાં દેખાવા લાગ્યાં. (૧૩) ભયંકર સુસવાટા કરતો મહાવાયુ, વજ્રપાત જેવા વીજળીના કડાકાના શબ્દો અને રાત્રિદિવસની અતિવૃષ્ટિને કારણે અત્યંત ખેદ પામેલા સિદ્ધોએ પોતાની દંભથી ગ્રહણ કરેલ સિદ્ધાઈનું અભિમાન છોડી દીધું. (૧૪) હિમ જેવા શીતળ પવનથી કંપતા શરીરવાળા તે સિદ્ધો  ધીરે ધીરે ક્યારેક પાંચ, ક્યારેક છ, ક્યારેક સાત આ પ્રમાણે ટોળે મળી એક પછી એક રાત્રિના સમયમાં તે સ્થાન છોડીને ભાગવા લાગ્યા. (૧૫)

રાજાની આજ્ઞાથી ત્યાં રહેતા રાજ્યભૃત્યો પ્રતિદિન આ સિદ્ધોની જીવનચર્યા નિહાળી રાજાને નિવેદન કરતા હતા. તેમણે થોડા દિવસોમાં તો તે સર્વે સિદ્ધોને ત્યાંથી પલાયન થયેલા જોયા. (૧૬) બુદ્ધિમાન રાજા વરસાદની ધારા વચ્ચે એકલા જ બિરાજતા વર્ણીને જોઈ 'આ શ્રીહરિ એક જ સાચા સિદ્ધ છે' એમ માનવા લાગ્યા. પણ બીજા કોઈને સિદ્ધ માનતા ન હતા. (૧૭) મુશળધારાએ વરસતા વરસાદ અને પ્રચંડ પવન વચ્ચે પણ વ્યથા નહિ પામેલા સ્થિતપ્રજ્ઞ શ્રીહરિનું રાજા તથા પુરજનોએ બહુ સન્માન કર્યું. (૧૮) ત્યાંથી ભાગી છૂટેલા અને પોતાના દુર્ગવિષે ગૃહોરૂપી ધર્મશાળામાં નિવાસ કરતા બીજા સિદ્ધોને તો રાજાએ ગ્રામ્ય વિષયી જનો જેવા સામાન્ય મનુષ્ય જાણ્યા. (૧૯)

**ગોપાળદાસ પર આભિચારિક મંત્રનો પ્રયોગ :-** તે સમયે શ્રીહરિનો ઉત્કર્ષ જોઈ શક્તિઉપાસક સિદ્ધોનાં ગાત્રો અત્યંત ક્રોધાગ્નિની જ્વાળાઓથી બળવા લાગ્યાં ને શ્રીહરિને મારવા પ્રયત્ન કરવા લાગ્યા. (૨૦) શ્રીહરિ ઉપર મલિન મંત્રથી મંત્રેલા અડદની મુઠ્ઠી ફેંકી, પોતાના ઈષ્ટદેવોના વરદાનના વચનોનો પ્રયોગ કર્યો તેમજ આભિચારિક મંત્રોના પ્રયોગ કર્યા છતાં કોઈપણ માંત્રિક શ્રીહરિને મારવા માટે સમર્થ ન થયા. (૨૧) જેમ કોઈ આકાશમાં શસ્ત્રોના પ્રહારો કરે તો તે નિષ્ફળ જાય, તેમ શક્તિ ઉપાસક સિદ્ધોના શ્રીહરિ ઉપર કરેલા સમગ્ર ઉપાયો નિષ્ફળ ગયા. (૨૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तं तु हन्तुमशक्तैस्तैर्माषमुष्टिर्दुरात्मभिः। साधौ गोपालदासाख्ये तत्सेविनि निचिक्षिपे ॥२३॥ मृतप्रायस्तदैवाभूल्ललज्जिह्वः स मूर्च्छितः । मुखनिर्यत्फेनजालो निश्चेष्टो न्यपतद्भुवि ॥२४॥ सहस्रशो जना द्रष्टुं तमागच्छन्नितस्ततः । अप्रतीकारमेवाहुर्नृपाद्यास्तमुपद्रवम् ॥२५॥ सिद्धाख्यांस्तांस्ततो राजा प्राह भो मन्त्रशास्त्रिणः ! । उपायः क्रियतामस्य भवद्भिः सिद्धयोगिभिः ॥२६॥ त ऊचुरप्रतीकार्यो भवत्यस्य ह्युपद्रवः । नीलकण्ठो महान्सिद्धः करोत्वस्य चिकित्सितम् ॥२७॥ मात्सर्यादेवमुक्ते तैरपि राज्ञार्थितः स तु । सद्यस्तत्पार्श्वमागत्य तदवैच्छाक्तदुष्कृतम् ॥२८॥ शनैरवादीत्तत्कर्णे कृष्णस्याष्टाक्षरं मनुम् । तावत्स सहसोत्तस्थौ नृपते ! निरुपद्रवः ॥२९॥ विस्मयं परमं प्रापुस्तदा सर्वे जना अपि । साक्षाच्छ्रीकृष्णरूपं तं कृष्णभक्तं च मेनिरे ॥३०॥ येन क्षिप्तो माषमुष्टिः साधावस्मिन्पुमान्स तु । स्वकृतेनाभिचारेण सद्य आसीत्तथाविधः ॥३१॥ सिद्धास्तस्य प्रतीकारं यावद्बुद्धिबलोदयम् । चक्रुस्तथापि नो शेकुर्गतदर्पास्ततोऽभवन् ॥३२॥ प्रणम्य वर्णिराजं ते प्रार्थयित्वा च भूरिशः । तदन्तिकमुपानिन्युर्गुणग्रहणशीलिनम् ॥३३॥ तत्र गत्वा स भगवान् कृपानिधिरुदारधीः । ईक्षयोत्थापयामास सद्यः कण्ठासुमेव तम् ॥३४॥ ततोऽतिविस्मितैः सिद्धैरर्च्यमानः स तैः पुनः । स्वस्थानमेत्य न्यवसत्स्तूयमानो नृपेण च ॥३५॥ ततोऽतिविस्मितो राजा ज्ञात्वा साक्षात्तमीश्वरम् । प्राप तच्छिष्यतां प्रीत्या सकलत्रसुतः सुधीः ॥३६॥ पुरे वित्तादिलोभेन सिद्धास्ते यं यमार्दयन् । स स तस्य प्रतापेन सद्योऽभून्निरुपद्रवः ॥३७॥

**ગોપાલદાસ સાધુ ઉપર અનુગ્રહ :-** શ્રીહરિને મારવા અસમર્થ દુષ્ટ સિદ્ધોએ શ્રીહરિની સેવા કરતા ગોપાલદાસ નામના સાધુ ઉપર મંત્રેલા અડદની મુઠ્ઠીનો પ્રયોગ કર્યો. તેથી તે ક્ષણે જ ગોપાલદાસ સાધુ મૂર્છિત થયો. એની જીભ બહાર નીકળી ગઈ અને મરણતુલ્ય થયો. મુખમાંથી ફીણ નીકળવા લાગ્યાં. ચેષ્ટા રહિત થઈને ધરતી ઉપર ઢળી પડયો. તેને જોવાને અર્થે રાજા અને હજારો મનુષ્યો ચારે બાજુએથી ભેળા થયા; અને રાજા આદિક તે સર્વે કહેવા લાગ્યા કે 'આ ઉપદ્રવનું કોઈનાથી પણ નિવારણ થઈ શકે તેમ નથી.' (૨૩ થી ૨૫) ત્યાર બાદ સિદ્ધવલ્લભ રાજા શક્તિ ઉપાસક સિદ્ધોને કહેવા લાગ્યા કે હે મંત્રવેત્તા શાસ્ત્રીઓ ! તમે સિદ્ધયોગી કહેવાઓ છો તેથી આ સાધુના ઉપદ્રવનું નિવારણ કરો. (૨૬)

ત્યારે સિદ્ધો કહેવા લાગ્યા કે, આ સાધુનો ઉપદ્રવ અપ્રતિકાર્ય છે તે અમારાથી નાશ નહિ પામે. આ નીલકંઠ મહાન સિદ્ધપુરુષ છે. તેથી તેની પાસે આ સાધુના ઉપદ્રવની શાંતિ કરાવો. (૨૭) સિદ્ધોનાં આ પ્રકારનાં મત્સરગ્રસ્ત વચનો સાંભળી રાજાએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તત્કાળ ઊભા થયા અને ગોપાલદાસની સમીપે આવીને શ્રીહરિએ 'આ ઉપદ્રવનું કારણ શક્તિ ઉપાસકો એ કરેલું અભિચારરૂપ દુષ્કર્મ છે' એમ જાણ્યું. (૨૮) તેથી તે જ ક્ષણે ગોપાલદાસના કાનમાં ધીરે રહીને શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કર્યો. જેથી એજ સમયે ગોપાલદાસ સાધુ પીડારહિત થઈ એકદમ જાગ્રત થયા. (૨૯) તે સમયે સર્વે મનુષ્યો પરમ વિસ્મય પામ્યા, અને શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ માનવા લાગ્યા. કેટલાક જનો શ્રીહરિને શ્રીકૃષ્ણના મહાન એકાંતિક ભક્ત પણ માનતા હતા. (૩૦)

ગોપાલદાસ ઉપર જે સિદ્ધે મંત્રેલા અડદની મુઠ્ઠીનો પ્રયોગ કર્યો હતો તે સિદ્ધ જ પોતાના આભિચારિક કર્મથી તત્કાળ મરણતુલ્ય થયો. (૩૧) સર્વે સિદ્ધ પુરુષોએ પોતપોતાના બુદ્ધિબળના સામર્થ્ય અનુસાર તે સિદ્ધના ઉપદ્રવને દૂર કરવા અનેકવિધ ઉપાયો કર્યા, છતાં પણ તેની પીડા દૂર ન થઈ તેથી તેઓ ગર્વરહિત થયા. (૩૨) ગર્વરહિત બનેલા સિદ્ધોએ વર્ણીરાજને પ્રણામ કર્યા ને બહુ પ્રાર્થના કરી : આ રીતે સ્વાભાવિક ગુણગ્રાહીતાને વરેલા શ્રીહરિને તે સિદ્ધની સમીપે લાવ્યા. (૩૩)

દયાના સિંધુ અને ઉદારમતિ ભગવાન શ્રીહરિ તે સિદ્ધની સમીપે પધાર્યા અને મરણ પથારીએ પડેલા તે સિદ્ધને કરુણાભરી દૃષ્ટિથી જોઈને તેને બેઠો કર્યો. (૩૪) તે હેતુથી વિસ્મય પામેલા સિદ્ધોએ શ્રીહરિનું કેસરચંદનથી પૂજન કર્યું અને સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિની સ્તુતિ કરી. ત્યારબાદ શ્રીહરિ પોતાના નિવાસસ્થાન પ્રત્યે પાછા પધાર્યા. (૩૫) ત્યાર પછી અતિ વિસ્મય પામેલા બુદ્ધિમાન રાજા શ્રીહરિને પ્રત્યક્ષ ઈશ્વર જાણી પત્નીપુત્ર વગેરે પરિવાર સહિત અતિ પ્રીતિપૂર્વક શ્રીહરિના શિષ્ય થયા. (૩૬) ધનાદિના લોભથી તે સીરપુરનગરમાં રહેલા સિદ્ધો જે જે મનુષ્યોને પરેશાન કરતા તે તે સર્વે જનો પણ શ્રીહરિના પ્રભાવથી તત્કાળ નિરુપદ્રવી થઈ ગયા. (૩૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**पौरैर्भृशं दीयमानं धनं किमपि नाग्रहीत् । न वस्त्रं वाहनं वापि स तु सर्वत्र निःस्पृहः ॥३८॥ ततो राज्ञा दीयमानाः स्वर्णमुद्राः सहस्रशः । वस्त्राणि च न सोऽगृह्णाज्जानन्मायामयं हि तत् ॥३९॥ एतस्मिन्नन्तरे तत्र तैलिङ्ग कश्चन द्विजः । आयान्निःस्वः कुटुम्बी च वेदशास्त्रपुराणवित् ॥४०॥ धार्मिकः स ददौ तस्मै महादानानि भूपतिः । मातङ्गकालपुरुषलवणादीनि भूरिशः ॥४१॥ विप्रः स गौरवर्णोऽपि महादानप्रतिग्रहात् । कृष्णवर्णोऽभवत्सद्यो लोकेऽपि गर्ह्यतां ययौ ॥४२॥ तथाविधः स स्वदोषशान्त्यर्थं हरिमेव तम् । लोकप्रसिद्धमाश्रुत्य तमेव शरणं ययौ ॥४३॥ स दृष्ट्वा दुर्दशां तस्य विप्रस्य करुणानिधिः । कर्णेऽवदत्कृष्णमन्त्रं पापेभ्यो सोऽप्यमुच्यत ॥४४॥ सद्यः स पूर्वरूपोऽभूत्तद्गुणानेव वर्णयन् । स्वदेशमगमद्धृष्टो विस्मितो धरणीपते! ॥४५॥ अशेषयोगीन्द्रतपस्विसिद्धवीर्याधिकां बिभ्रदपीह शक्तिम् । अनन्यसिद्धं निजसाधुभावं नोद्विच्यते स्म प्रथयन् हरिः सः ॥४६॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे सिद्धाभिमानिगुरुपराजयनामा षट्चत्वारिंशोऽध्यायः ॥४६॥

सुव्रत उवाच – **चातुर्मास्ये व्यतीतेऽथ सिद्धा देशान्तरं ययुः । नारायणोऽपि तैः साकं ययौ राज्ञा समर्चितः ॥१॥ देव्याः समीपे कामाक्ष्याः कञ्चिद्ग्राममुपेत्य ते । आरेभिरे बहिर्वाट्यां पाकं कर्तुं पृथक् पृथक् ॥२॥ सिद्धांस्तानागताञ्छ्रुत्वा महाकाल्या उपासकः । तावत्तत्रागमत्कश्चित्तत्रत्यो ब्राह्मणो महान् ॥३॥**

---

**શ્રીહરિની નિઃસ્પૃહતા :-** પુરવાસી જનો શ્રીહરિને પુષ્કળ ધન, તેમજ વસ્ત્ર અને વાહન વગેરે વસ્તુ પદાર્થો પણ અર્પણ કરવા લાગ્યા છતાં સર્વત્ર નિઃસ્પૃહ શ્રીહરિએ તેમાંથી કંઈ પણ સ્વીકાર કર્યો નહિ. (૩૮) સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિને હજારો સુવર્ણમુદ્રાઓ અને વસ્ત્રો અર્પણ કર્યાં પણ પદાર્થમાત્રને માયાના વિકારરૂપ જાણતા શ્રીહરિએ તેનો સ્વીકાર કર્યો નહિ. (૩૯)

**તૈલંગદેશના વિપ્ર પર અનુગ્રહ :-** તે અવસરમાં તૈલંગદેશનો નિવાસી, નિર્ધન, બહોળા કુટુંબવાળો અને વેદશાસ્ત્ર, પુરાણનો જાણકાર કોઈ બ્રાહ્મણ ત્યાં આવ્યો. (૪૦) ધાર્મિક રાજાએ તે ભૂદેવને હાથી, કાળપુરુષ (સુવર્ણની પ્રતિમા સ્વરૂપ) અને લવણ વગેરે પદાર્થોનું યથાવિધિ મહાદાન કર્યું. (૪૧) મહાદાનનો પ્રતિગ્રહ અર્થાત્ સ્વીકાર કરવામાત્રથી તે વિપ્ર ગૌર વર્ણનો હોવા છતાં તત્કાળ શ્યામ વર્ણવાળો થયો તેમજ લોકમાં પણ નિંદાને પાત્ર બન્યો. (૪૨) શ્યામવર્ણનો તે વિપ્ર પોતાના દોષની શાંતિને અર્થે દુઃખને હરનાર શ્રીહરિની જગત્પ્રસિદ્ધ કીર્તિ સાંભળી તેમને શરણે આવ્યો. (૪૩)

કરુણાનિધાન શ્રીહરિએ ભૂદેવની દુર્દશા જોઈ અને તેના જમણા કાનમાં શ્રીકૃષ્ણમંત્રનો ઉચ્ચાર કર્યો તેથી તે વિપ્ર પણ પ્રતિગ્રહના પાપ થકી મુક્ત થયો. (૪૪) અને હે ધરણીપતે ! તે જ ક્ષણે ફરીથી ગૌર વર્ણવાળો થયેલો વિપ્ર વિસ્મય પૂર્વક પ્રસન્નતા પ્રાપ્ત કરીને શ્રીહરિના ગુણોની પ્રશંસા કરતો કરતો ત્યાંથી પોતાના તૈલંગ દેશ પ્રત્યે ગયો. (૪૫)

સમસ્ત યોગીન્દ્રો, તપસ્વીઓ અને સિદ્ધપુરુષોના તેજ, પ્રભાવ અને સામર્થિ કરતાં પણ અધિક શક્તિ ને સામર્થ્ય ધરાવતા શ્રીહરિ અન્ય જનોને દુર્લભ એવી પોતાની સ્વતઃ સિદ્ધ સાધુતા લોકમાં વિસ્તારતા હતા. તેમ છતાં તેમના મનમાં લેશમાત્ર ગર્વ થતો ન હતો. (૪૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'સિદ્ધાભિમાનીગુરૂપરાજય' નામે છેતાલીસમો અધ્યાયઃ (૪૬)*

## અધ્યાય : ૪૭

## મહાશક્તિપંથી પિબેક વિપ્રનો પરાજય

**માંત્રિક પિબેકનું મિલન :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારબાદ ચાતુર્માસના દિવસો પૂર્ણ થતાં સર્વે સિદ્ધો દેશદેશાન્તરમાં સીધાવ્યા. અને રાજા સિદ્ધવલ્લભે સત્કાર કરાયેલા શ્રીહરિ પણ તેમની સાથે ચાલ્યા. (૧) તે સિદ્ધો કામાક્ષીદેવીના મંદિરની સમીપે કોઈ એક ગામમાં આવ્યા ને ગામની ભાગોળે રહેલા બગીચામાં ઉતારો કર્યો. અને તેઓએ જુદી જુદી રસોઈ કરવાનો પ્રારંભ કર્યો. (૨) તેવામાં 'પુષ્પવાટિકામાં કોઈક સિદ્ધો આવ્યા છે' એવી વાત સાંભળતાંની સાથે જ તે ગામનો રહેવાસી મહાકાલીનો ઉપાસક, લોકમાં પ્રતિષ્ઠિત એવો કોઈક બ્રાહ્મણ ત્યાં આવ્યો. (૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स हि पूर्वं स्वधर्मस्थो निगमोक्तक्रियादरः । विद्वान्स्वदारनिरत आसीच्छीलगुणान्वितः ।।४।। स चैकदा शाक्तसङ्गात्कुलार्णवमशेषतः । आगमं वाचयामास सद्यःफलनिदर्शनम् ।।५।। तदा तस्य रुचिस्तस्मिन्नासीद्दुःसङ्गदोषतः। तदुक्ताचारसक्तोऽभूत्कौलसङ्गप्रियस्तथा ।।६।। ततस्त्यक्त्वा स्वधर्मादीनासीच्छाक्ताग्रणीश्च यः । सिद्धेश्वरभिमानी स तत्रायात्प्रज्वलन् क्रुधा ।।७।। सुरापानमदाघूर्णरक्ताक्षः पललाशनः । कुलाष्टकस्त्रीगुह्याङ्गक्षालनाम्बुपिबः सदा ।।८।। दधत्त्रिशूलं हस्ते च लौहं सिन्दूरचन्द्रकम् । बिभ्रत्कूर्चे च सिन्दूरं कुलपुष्पाक्तकुङ्कुमम् ।।९।। मुण्डमालां महाकालीं स्मरन् कुल्लां मुहुर्हसन् । कुमारीपायुशुद्ध्यम्बुमार्जिताखिलगात्रकः ।।१०।। पानान्तचर्वितापक्वतिमिदुर्वासिताननः । पिबैक इति विख्यातः शिरोबद्धारुणांशुकः ।।११।। वृतः स्त्रीपुरुषैर्ग्राम्यैः स्वशिष्यैश्च स सत्वरम् । तत्राऽऽगत्याब्रवीत्सिद्धांश्चकितान्स्वेक्षयाऽखिलान् ।।१२।। अहो कथं सिद्धसंज्ञां धूर्ता ! बिभृथ दुर्लभाम् । एक एव हि सिद्धोऽस्मि साम्प्रतं भुवि नापरः ।।१३।। युष्मादृशा एव मया कृताः शिष्याः सहस्रशः । यैर्मानितं न मद्वाक्यं ते नीताश्च यमालयम् ।।१४।। तस्माद्यूयं समुत्तार्य धारिता ब्रह्मसूत्रवत् । कण्ठस्रजोऽत्र मच्छिष्या भवताद्यैव भूतये ।।१५।। अन्यथा वीरपुरुषा मदाज्ञामात्रकाङ्क्षिणः । भक्षयिष्यन्ति वः सर्वाञ्जीवतो विकटाननाः ।।१६।। तदानीं तेऽखिलाः सिद्धाः प्राग्बहुश्रुततद्गुणाः । प्रत्यक्षं च तमालोक्य वेपन्ते स्म भयाद्भृशम् ।।१७।। मरिष्यामोऽद्य वोन्मत्ता भविष्यामो हि तद्द्रुतम् । शिष्या अस्य

---

**કુસંગનો પ્રભાવ :-** પૂર્વે તે બ્રાહ્મણ ધાર્મિક, વેદાદિ સત્શાસ્ત્રપ્રતિપાદિત સંધ્યાવંદન, વિષ્ણુપૂજા તથા યજ્ઞાદિકને વિષે શ્રદ્ધાવાન, વિદ્વાન, એકપત્નીવ્રતનું પાલન કરનાર, ચારિત્ર્યવાન તેમજ સદ્‌ગુણોથી સંપન્ન હતો. (૪) તે બ્રાહ્મણે કોઈ વખત શક્તિઉપાસક પુરુષના સહવાસથી તત્કાળ ફળને બતાવનાર **'કૌલાર્ણવ'** નામના ગ્રંથનો સંપૂર્ણપણે અભ્યાસ કર્યો. (૫) કુસંગના પ્રભાવથી તે સમયે તેને તે ગ્રંથમાં અનુરાગ થયો અને તેમાં પ્રતિપાદન કરેલા મલિન આચારોનું તે પાલન કરવા લાગ્યો. તેમજ શક્તિની ઉપાસના કરનારા પુરુષોનો સંગ કરવા લાગ્યો. (૬)

ત્યાર પછી તો તે સ્વધર્મનો ત્યાગ કરી શક્તિમાર્ગીઓનો અગ્રેસર થયો. અને 'હું જ સર્વ સિદ્ધોમાં એક શ્રેષ્ઠ સિદ્ધ છું.' એવું એને અભિમાન આવ્યું હતું. તેથી ક્રોધથી બળતો બળતો તે સિદ્ધ બગીચામાં આવ્યો. (૭) મદિરાપાનના મદથી તેનાં નેત્રો ચકળવકળ થતાં હતાં.તે માંસાહારી હતો અને કુલાષ્ટક નામથી પ્રસિદ્ધ આઠ પ્રકારની સ્ત્રીઓનાં ગુહ્યાંગને ધોયેલા 'કુલવારિ' નામના જળનું તે સર્વકાળે પાન કરતો હતો. (૮)

**પિબેકનો વિકૃત વેષ :-** એ સિદ્ધે સિન્દૂરના ચાંદલા કરેલું લોખંડનું ત્રિશૂળ હાથમાં ધારણ કર્યું હતું. સિન્દૂર અને સ્ત્રીના રજથી મિશ્ર કરેલ કુંકુમને ભ્રૂકુટિના મધ્ય ભાગમાં ધારણ કર્યું હતું. ખોપરીઓની માળાવાળી, કૌલાર્ણવમાં પ્રસિદ્ધ 'કુલ્લા' નામની મહાકાળીનું સ્મરણ કરતો હતો. કુમારી કન્યાઓની ગુદાને ધોએલા જળનો સમગ્ર શરીર ઉપર છંટકાવ કરતો આવતો હતો. સુરાપાન કર્યા પછી દાંતેથી ચાવેલાં કાચાં માછલાંની દુર્ગંધ તેના મુખમાંથી ઊઠતી હતી. મસ્તક પર લાલ વસ્ત્રનો દુપટ્ટો બાંધ્યો હતો. એનું નામ પિબેક હતું. તે ગામના નિવાસી સ્ત્રી પુરુષો તેના શિષ્યો હતા. તે સર્વે શિષ્યોની સાથે તે પિબેક તત્કાળ ત્યાં આવ્યો. તેમજ પોતાની દૃષ્ટિથી ભયભીત બનેલા સમગ્ર સિદ્ધો પ્રત્યે કહેવા લાગ્યો કે 'અરે ધૂર્તો! તમે તમારી જાતને સિદ્ધ માનીને કેમ બેઠા છો ? અરે ! આ તે કેવી આશ્ચર્યની વાત છે ! કારણ કે 'અત્યારે આ પૃથ્વી ઉપર હું એક જ સિદ્ધ છું પણ બીજો કોઈ નથી.' ( ૯ થી ૧૩)

તમારા જ જેવા હજારોને મેં મારા શિષ્યો બનાવ્યા છે. જેણે મારું વચન સ્વીકાર્યું નથી તેને યમપુરીના અધિકારી પણ બનાવ્યા છે. (૧૪) માટે તમે સર્વે પણ યજ્ઞોપવીતની પેઠે ગળામાં ધારણ કરેલી કંઠીઓ કાઢી નાખો અને અત્યારે જ મારા શિષ્ય બનો. તેમાં જ તમારા જીવનની સલામતી છે. (૧૫) આ પ્રમાણે નહિ કરો તો મારા આદેશમાત્રની રાહ જોનારા, વિકરાળ મુખોવાળા વીરો તમારું સર્વેનું જીવતે જીવતા જ ભક્ષણ કરી જશે. (૧૬)

**પિબેકના ભયથી ત્રાસ પામેલા સિદ્ધો :-** તે સમયે પૂર્વે જેમના પરાક્રમ વિષે બહુ સાંભળ્યું હતું તે જ પિબેકને પ્રત્યક્ષ પોતાની નજર સમક્ષ જોઈને સર્વે સિદ્ધો ભયથી અત્યંત કંપવા લાગ્યા. (૧૭) 'આપણે જલદી એમના શિષ્યો બની

भवेमेति प्रोचुस्ते च परस्परम् ॥१८॥ कण्ठस्त्रजस्त्रोटयितुमुद्यतानथ तान्स तु । दृष्ट्वा हरिर्नृप ! प्राह सिद्धाः ! किं क्रियते न्विदम् ॥१९॥ चिन्ता कापि न कर्तव्या क्षुद्रोऽयं किं करिष्यति । शिष्यं करोतु मामादावयं युष्मांस्ततः परम् ॥२०॥ आश्वस्ता अपि तेनेत्थं भीताः सिद्धास्तमब्रुवन् । नान्यसिद्धसमो ह्येष हन्याद्यत्त्वामपि क्षणात् ॥२१॥ पिबैको वर्णिनं दृष्ट्वा स्वकार्ये विघ्नरूपिणम् । दृष्ट्या करालया पश्यन्नाजुहाव तमन्तिके ॥२२॥ त्यक्त्वा पाकक्रियां सद्यो नीलकण्ठस्तदन्तिकम् । एत्य वीरासनेनैव तत्सन्मुखमुपाविशत् ॥२३॥ तत्पृष्ठतः सिद्धसङ्घास्तन्मुखार्पितदृष्टयः। निषेदुरथ विप्रोऽसौ स्वसामर्थ्यमदर्शयत् ॥२४॥ चिक्षेप मन्त्रितान्माषान् घनपत्रे वटद्रुमे । सोऽभूच्छुष्कः सद्य एव बिभ्युः सिद्धास्तदा भृशम् ॥२५॥ तथाप्यक्षुब्धमनसं सुस्थिरं वीक्ष्य वर्णिनम् । माषमुष्टिं निचिक्षेप तस्मिन्नाशकरं द्विजः ॥२६॥ तथापि च यथापूर्वं स्थितं तं वीक्ष्य सोऽवदत् । कालभैरवमुष्ट्या त्वां हन्मि देवं निजं स्मर ॥२७॥ इत्युक्तवन्तं दुर्बुद्धिं व्यात्तभीषणलोचनम् । वर्णिराट् प्राह का चिन्ता यावच्छक्त्युद्यमं कुरु॥२८॥ ततो भैरववीरान्स प्रेरयामास तं प्रति । तं द्रष्टुमप्यशक्तास्ते प्रहर्तारं ववल्गिरे ॥२९॥ ततः पपात स क्षोण्यामुद्वमन्रुधिरं मुखात् । मुमूर्च्छ च क्षणान्तेऽथ प्रोत्तस्थौ क्रोधितो भृशम् ॥३०॥ कृत्वोदकेन गण्डूषान्वर्णिनं पुनरब्रवीत् । स्थिरो भवाद्य त्वां घ्नन्ति वीरा बाटुकभैरवाः ॥३१॥

---

જઈએ નહિતર હમણાં જ આપણું મોત આવશે.' અથવા 'હમણાં જ આપણે પાગલ બની જઈશું.' એમ સિદ્ધો પરસ્પર બોલવા લાગ્યા. (૧૮) હે રાજન્ ! ત્યારબાદ કંઠમાં ધારણ કરેલી કંઠીઓ તોડવા તૈયાર થયેલા સિદ્ધોને જોઈ શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે સિદ્ધો ! તમે આ શું કરી રહ્યા છો ? (૧૯) તમે કોઈ જાતની ચિંતા ન કરો. આ બિચારો અધમ પિબેક આપણને શું કરી શકવાનો હતો? એ પિબેક ભલે પહેલાં મને શિષ્ય બનાવે. અને ત્યાર પછી તમને બનાવે. (૨૦)

**પિબેકને શ્રીહરિનો પડકાર :-** શ્રીહરિએ આ પ્રમાણે આશ્વાસન આપવા છતાં ભયભીત બનેલા સિદ્ધો શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, આ પિબેક બીજા સિદ્ધ જેવો નથી. ક્ષણવારમાં એ તમને પણ મારી નાખશે. (૨૧) શ્રીહરિને પોતાના કાર્યમાં અંતરાયરૂપ જાણતો પિબેક વક્ર દૃષ્ટિથી તેમની સામે જોવા લાગ્યો અને શ્રીહરિને પોતાની સમીપે બોલાવવા લાગ્યો. (૨૨) ભગવાન શ્રીનીલકંઠ તત્કાળ રસોઈ પકાવવાનું કાર્ય બંધ કરી પિબેકની સમીપે આવ્યા અને વીરાસનથી તેની સન્મુખ બેઠા. (૨૩)

પિબેકના મુખ સામે દૃષ્ટિ રાખતા સિદ્ધોના સમૂહો પણ શ્રીહરિના પાછળના ભાગમાં આવીને બેસી ગયા. ત્યારબાદ પિબેક પોતાનું સામર્થ્ય દેખાડવા લાગ્યો. (૨૪) ઘાટા પત્રોથી ઘેઘૂર વડલા ઉપર મલીન મંત્રોથી મંત્રેલા અડદની મુઠ્ઠી ફેંકી અને તે જ ક્ષણે લીલોછમ ઘેઘૂર વડલો મૂળે સહિત શુષ્ક બની ગયો. તે જોઈ સિદ્ધો અત્યંત ભય પામવા લાગ્યા. (૨૫) આ પ્રકારના પરાક્રમરૂપ આશ્ચર્યને જોવા છતાં શ્રીહરિના મનમાં લેશમાત્ર ક્ષોભ થયો નહિ અને સ્થિર બેસી રહ્યા. આ પ્રકારે નિર્ભયપણે બેઠેલા શ્રીહરિને જોઈ પિબેકે તેમનો વિનાશ કરવા, શ્રીહરિ ઉપર મંત્રેલા અડદ ફેંક્યા. (૨૬)

છતાં પણ પૂર્વની માફક સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં બેઠેલા શ્રીહરિને જોઈ પિબેક કહેવા લાગ્યો કે કાલભૈરવની મુષ્ટિકાનો પ્રયોગ કરી તારો વિનાશ કરું છું. તું તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે. (૨૭) પિબેકે આ પ્રકારે કહ્યું ત્યારે ફાડેલા ભયાનક નેત્રોવાળા અને દુર્બુદ્ધિવાળા પિબેક પ્રત્યે શ્રીહરિ કહેવા લાગ્યા કે 'મને કોઈ પણ પ્રકારની ચિંતા નથી. જેટલું તારામાં સામર્થ્ય હોય તેટલો તું પ્રયાસ કરી લે.' (૨૮) શ્રીહરિનું નિર્ભીક વચન સાંભળી પિબેકે તેમને મારવા ભૈરવના વીરોને પ્રેરણા કરી. ભૈરવવીરો શ્રીહરિની સામે દૃષ્ટિ માંડીને જોવા પણ સમર્થ ન થયા. ઊલટાના પ્રેરણા કરનાર પિબેકને જ વળગ્યા. (૨૯)

તેથી પિબેક મુખમાંથી રુધિરની ઊલટી કરતો કરતો ધરતી ઉપર ઢળી પડયો ને મૂર્છિત થયો. થોડા સમય પછી ફરી સ્વસ્થ થયો અને અતિશય ક્રોધના આવેગથી ઊભો થયો. (૩૦) પાણીથી કોગળા કરી પિબેક શ્રીહરિને ફરીથી કહેવા લાગ્યો કે 'તું ધીરો રહેજે, હમણાં જ બટુકભૈરવના વીરો તારો વિનાશ કરશે.' (૩૧) ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા કે 'મને

तदा स प्राह का चिन्ता प्रेरयत्तांस्ततश्च सः । तेऽपि तं नाशकन् द्रष्टुं पेतुः सद्यः प्रहर्तरि ॥३२॥ पूर्ववत्पतितः सोऽथ पुनरुत्थाय चाब्रवीत् । वीरैरद्य महाकाल्या हन्मि त्वां सुस्थिरो भव ॥३३॥ इत्युक्त्वा प्रैरयत्तांश्च तेऽपि तद्वीक्षणाक्षमाः । प्रहर्तर्येव न्यपतंस्तत आसीत्स पूर्ववत् ॥३४॥ पुनःक्षणान्त उत्थाय क्रुद्धः स प्राह वर्णिनम् । वीरैर्हनूमतोऽद्य त्वां घातयामि स्थिरो भव ॥३५॥ प्रैरयत्तांस्ततो विप्रस्ते तु तं वीक्ष्य मारुतेः । प्रेष्ठं नत्वा परावृत्य विप्रं भूमावपातयन् ॥३६॥ मुखाद्वमन् स रुधिरं मूर्च्छितोऽतीव विह्वलः । नाशकत्पुनरुत्थातुं कण्ठं तदसवो ययुः ॥३७॥ विवृत्तनेत्रं पतितं म्रियमाणं विचेष्टनम् । तं तत्सम्बन्धिनो वीक्ष्य विलेपुर्हा हता इति ॥३८॥ रुदन्तस्ते नीलकण्ठं प्रणमन्तः पुनः पुनः । ऊचुः स्वामिन्दयां कृत्वा जीवयैनं त्वमीश्वरः ॥३९॥ ईदृग्विगर्हितं कर्म पुनर्नायं करिष्यति । इत्युक्त्वा भूरिशो द्रव्यं निदधुस्तत्पदान्तिके ॥४०॥ आमान्नानि च सिद्धेभ्यः सर्वेभ्यः शोभनान्यदुः । ततो दयालुर्भगवान् कृपयैव तमैक्षत ॥४१। तावत्स सद्य उत्थाय प्रणनाम तमादरात् । नैवं पुनः करिष्यामीत्युक्त्वागात्सान्वयो गृहम् ॥४२॥ सिद्धास्ते प्राणदातारं तं ज्ञात्वा जगदीश्वरम् । सविस्मयं प्रणम्यैव प्रापुस्तच्छिष्यतां नृप ! ॥४३॥ कृत्वा पाकं ततः सर्वे भोजनं च विधाय ते । तां रात्रिमूषुस्तत्रैव भजन्तो राधिकापतिम् ॥४४॥ भग्नमानः पिबैकस्तु पादाहत इवोरगः। क्रोधाग्निदह्यमानाङ्गो नैव प्राप स निर्वृतिम् ॥४५॥

---

તારા જેવા પામરથી જરા પણ ચિંતા નથી.' આવું વચન સાંભળી પિબેકે બટુક ભૈરવના વીરોને પ્રેરણા કરી. તે વીરો પણ શ્રીહરિની સામે જોવા સમર્થ ન થયા. તેથી પ્રેરણા કરનાર પિબેકને જ પાછા વળગ્યા અને પૂર્વની માફક જ ધરતી ઉપર ઢળી પડ્યો. થોડી વારે પાછો બેઠો થઈ શ્રીહરિને કહેવા લાગ્યો કે 'મહાકાલિના વીરો દ્વારા હું તારો હમણાંજ વિનાશ કરું છું. તું ધીરો રહેજે.' (૩૨/૩૩)

આ પ્રમાણે કહી પિબેકે મહાકાલીના વીરોને પ્રેરણા કરી. તે વીરો પણ શ્રીહરિની સામે નજર કરવા સમર્થ થયા નહિ અને પાછા પિબેકને જ વળગ્યા. તેથી તે પૂર્વની માફક જ ધરતી પર ઢળી પડ્યો. થોડીવારે પાછો બેઠો થઈ અત્યંત ક્રોધ કરતો કરતો શ્રીહરિને કહેવા લાગ્યો કે 'હનુમાનજીના વીરો પાસે તારો વિનાશ કરાવું છું. તું એમને એમ બેઠો રહેજે.' (૩૪/૩૫) એમ કહી પિબેકે શ્રીહરિને મારવા મારુતિના વીરોને પ્રેરણા કરી. તે વીરો શ્રીહરિને હનુમાનજીના પ્રાણપ્રિય પ્રભુ જાણી તેમને નમસ્કાર કરી ત્યાંથી પાછા વળ્યા અને પિબેકને પૃથ્વી ઉપર પછાડ્યો. (૩૬)

**સંબંધી જનોની પ્રાર્થનાથી પિબેક પર અનુગ્રહ :-** તેના મુખમાંથી રૂધિરની ઊલટી થવા લાગી. અતિશય આકુળવ્યાકુળ થતાં મૂર્છિત થઈ ઢળી પડયો ને ફરી બેઠો થવા સમર્થ થયો નહિ. એના પ્રાણ કંઠમાં આવી ગયા. નેત્રો ફાટી રહ્યાં. આ પ્રકારે જેનું મૃત્યુ નજીકમાં આવી ગયું હોય તેવા ચેષ્ટાહીન પિબેકને જોઈ તેમના સંબંધીજનો 'હાય અમે મરી ગયા' 'અમે મરી ગયા' એ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા. (૩૭/૩૮) પિબેકનાં સર્વે સંબંધીજનો શ્રીહરિને રુદન કરતા કરતા પ્રણામ કરી કહેવા લાગ્યા કે 'હે સ્વામિન્! દયા કરી આ પિબેકને જીવતદાન આપો. તમે સાક્ષાત્ પરમેશ્વર છો. (૩૯)

ફરીને તે આવું નિંદિત કર્મ ક્યારેય નહિ કરે.' એમ કહી તેઓએ શ્રીહરિના ચરણમાં ખૂબ ધનનો ઢગલો કર્યો. સર્વે સિદ્ધોને ઘી, સાકર તેમજ અન્નનાં સુંદર કાચાં સીધાં આપ્યાં. દ્રવ્યને તો શ્રીહરિએ તરતજ બ્રાહ્મણોને આપી દીધું. (૪૦) ત્યાર બાદ દયાસિંધુ ભગવાન શ્રીહરિએ કૃપારસભરી દૃષ્ટિથી પિબેકની સામે જોયું. (૪૧) શ્રીહરિની દૃષ્ટિ થતાં તે જાગ્રત થયો અને પ્રેમથી પ્રભુનાં ચરણમાં વંદન કર્યાં. તેમજ 'હવે હું ફરી આવું કર્મ નહિ કરું.' એમ કહી પોતાના પરિવારની સાથે ઘેર ગયો. (૪૨)

હે રાજન્ ! સર્વે સિદ્ધોએ પિબેકને જીવતદાન આપનારા ભગવાન શ્રીહરિને સમગ્ર જગતના નિયંતા ઈશ્વર જાણ્યા. અને આશ્ચર્યની સાથે પ્રણામ કરી તેઓ શ્રીહરિના શિષ્ય થયા. (૪૩) ત્યાર બાદ તેઓએ રસોઈ બનાવી ભોજન કર્યું અને રાધિકાપતિ શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરતા કરતા તે રાત્રિ ત્યાંજ વિતાવી. (૪૪)

**કાળ ભૈરવને પ્રેરણા :-** માનભંગ થએલા પિબેકને તો પગથી તાડન કરાયેલા સર્પની માફક ક્યાંય ચેન ન પડ્યું અને એના અવયવો ક્રોધાગ્નિથી બળવા લાગ્યા. (૪૫) મધ્યરાત્રિએ કાળભૈરવનું મહામાંસથી પૂજન કર્યું અને તેને મદિરા



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कालभैरवमभ्यर्च्य महामांसैर्महानिशि । सुरां रक्तं पाययित्वा वर्णिनं हन्तुमैरयत् ॥४६॥ करालवदनो नग्नो रक्ताक्षो मुक्तमूर्धजः । सोऽञ्जनाद्रिनिभः शूलं बिभ्रद्धरिमुपाययौ ॥४७॥ तदन्तिके तु संस्थातुमशक्तो दूर एव सः । तस्थौ तं च स दृष्ट्वापि न बिभाय जहास च ॥४८॥ उषःकालावधि क्रूरः स तस्थावथ वर्णिराट् । स्नातुं गच्छन्नालुलोके तमूर्ध्वकरशूलिनम् ॥४९॥ तद्दृष्ट्या वेपमानाङ्गो भैरवोऽपि स तद्भयात् । चक्रे पलायनं तूर्णं हनिष्यन्प्रेरकं द्विजम् ॥५०॥ पलायमानं तं प्राह वर्णिराट् स कृपानिधिः । मावधीर्ब्राह्मणं तं त्वं तदन्नादा यतो वयम् ॥५१॥ इत्युक्तः सोऽपि तद्वाक्यं प्राह विप्रमुपेत्य तम् । तदातिविस्मितः सोऽपि मेने साक्षात्तमीश्वरम् ॥५२॥ अपकारं प्रकुर्वन्तमात्मानमुपकारिणी । धिक्कृत्य तस्य शिष्यत्वं प्राप्तवान्नृपसत्तम ! ॥५३॥ ततोऽभवद्यथापूर्वं धर्मनिष्ठश्च पापभीः । वेदबाह्याञ्जहौ सद्यो ग्रन्थान्कौलागमादिकान् ॥५४॥ श्रीमद्भागवतं गीतां प्रोक्तां भगवता च सः । पठञ्छृण्वन्नाधिकेशं भेजे भक्त्या विदन् हि तम् ॥५५॥ देशान्तरे विचरितुं सिद्धानाज्ञाप्य तानथ । एकाक्येव हरिः प्रायान्नवलक्षाभिधं गिरिम् ॥५६॥ इत्थं मानुषनाटनं स विदधद्भूपातिमर्त्यक्रियः कुर्वन्नुत्खननं महागुरुगताधर्मान्वयस्यौजसा । धर्मज्ञानविरागयोगसहितां श्रीकृष्णभक्तिं परां भूमौ सम्प्रथयंश्चचार स मुदे श्रीनीलकण्ठोऽस्तु नः ॥५७॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शाक्तपिबैकपराजयनामा सप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥

---

તથા રુધિર પાન કરાવી શ્રીહરિને મારવા પ્રેરણા કરી. (૪૬) તે કાળભૈરવ વિકરાળ મુખવાળો હતો. દિગમ્બર હતો. તેનાં નેત્રો લાલઘૂમ હતા. તેના મસ્તકના કેશ વિખરાયેલા હતા. કાજળ જેવો કાળો હતો. હાથમાં ત્રિશૂલ ધારણ કર્યું હતું. અને તે ભૈરવ શ્રીહરિને મારવા તેમની સમીપે આવ્યો. પણ શ્રીહરિની સમીપમાં ઊભો રહેવા સમર્થ ન થયો તેથી દૂર જઈને બેઠો. કાળ ભૈરવને જોવા છતાં પણ શ્રીહરિ લેશમાત્ર ભય પામ્યા નહિ અને (મૃત્યુથી બચાવેલા પિબેકની દુર્જનતા જોઈને) આશ્ચર્યથી મંદ હાસ્ય કરવા લાગ્યા. (૪૭/૪૮) ક્રૂર કાળભૈરવ ઊંચા કરેલા હાથમાં ત્રિશૂલ ધારણ કરી પ્રાતઃકાળ સુધી ત્યાંને ત્યાં જ બેસી રહ્યો. તે સમયે સ્નાન કરવા જતા શ્રીહરિએ કાળભૈરવ પર દૃષ્ટિ કરીને તેને જોયો. (૪૯)

શ્રીહરિની દૃષ્ટિથી તેનું શરીર કંપવા લાગ્યું અને ભય પામતો પામતો પોતાને પ્રેરણા કરનાર પિબેકને મારવાની ઈચ્છાથી તત્કાળ ત્યાંથી ભાગવા લાગ્યો. (૫૦) ભયથી ભાગતા કાળ ભૈરવને કૃપાનિધિ શ્રીહરિ કહેવા લાગ્યા કે 'તું પિબેકને મારીશ નહિ, કારણ કે અમે સર્વે સિદ્ધો તેનું અન્ન જમ્યા છીએ.' (૫૧)

હે રાજન્ ! કાલભૈરવને શ્રીહરિએ જે વચનો કહ્યાં તે વચનો કાલભૈરવે પિબેક પાસે આવી તેને સંભળાવ્યાં. તે સાંભળી પિબેક અતિ વિસ્મય પામ્યો અને શ્રીહરિને સાક્ષાત્ પરમેશ્વર માનવા લાગ્યો. (૫૨)

**પોતાની ભૂલના સ્વીકારરૂપ પ્રાયશ્ચિત :-** હે નૃપ શ્રેષ્ઠ ! પોતાનો ઉપકાર કરનારા શ્રીહરિનો પણ અપકાર કરનાર પિબેકે પોતાની જાતને ધિક્કાર કરી શ્રીહરિનું શિષ્યત્વ સ્વીકાર્યું. (૫૩) ત્યારબાદ તે પિબેક પહેલાની જેમ ધાર્મિકવૃત્તિવાળો બન્યો. પાપનો ભય રાખનારો થયો. અને તેણે વેદબાહ્ય તેમજ કલ્પિત એવા કૌલાર્ણવ વગેરે ગ્રંથોનો ત્યાગ કર્યો. (૫૪) શ્રીમદ્ભાગવતપુરાણ અને ભગવાને સ્વમુખે ઉદ્બોધેલી ગીતાનો પાઠ અને શ્રવણ કરવા લાગ્યો તથા શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણી પ્રેમપૂર્વક તેમની ભક્તિ કરવા લાગ્યો. (૫૫) ત્યારબાદ શ્રીહરિએ સર્વે સિદ્ધોને દેશદેશાન્તરમાં જવા આજ્ઞા આપી અને સ્વયં શ્રીહરિએ એકાકીપણે નવલખા પર્વત તરફ પ્રયાણ કર્યું. (૫૬)

હે રાજન્ ! આ પ્રકારે પૃથ્વી ઉપર ભગવાન શ્રીકૃષ્ણની ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને (અષ્ટાંગ અને સાંખ્ય બંને પ્રકારના) યોગે સહિત પરા ભક્તિનું પ્રવર્તન કરવા વિચરણ કરતા ભગવાન શ્રીહરિએ મનુષ્યનાટક કરતા છતાં મનુષ્યોથી ન બની શકે તેવાં અનેક દિવ્ય ચરિત્રો જેમના છે એવા થકા લોકોમાં પ્રસિદ્ધિ પામેલા, પિબેકાદિ મહાગુરુઓમાં રહેલા અધર્મવંશનો પોતાના પ્રતાપથી ઉચ્છેદ કર્યો. આ પ્રકારે દિવ્યલીલા વિસ્તારતા હે નીલકંઠ! તમો અમારા અંતરમાં સદા આનંદકારી થાઓ. (૫૭)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'મહાશક્તિપંથી પિબૈક પરાજય' નામે સુડતાલીસમો અધ્યાયઃ (૪૭)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच - **प्राप्य तं गिरिमारुह्य स ददर्शाद्भुतं विभुः । सिद्धानां नवलक्षाणां स्थानान्यैक्षत सर्वशः ॥१॥ नवलक्षस्थलीष्वग्निज्वाला अपि निरिन्धनाः । शीताम्बूनि च कुण्डानि तासूष्णाम्बूनि च क्वचित् ॥२॥ आश्चर्यमिति सम्पश्यन्सिद्धांस्तत्र स्थितानपि । ददर्श सकलान्मुक्तान्दुर्दृश्यानपि योगिभिः ॥३॥ नमश्चक्रे स तान्वीक्ष्य ते च तं योगिनां गुरुम् । आनन्दयन्स तान्भक्तांस्तत्रोवास दिनत्रयम् ॥४॥ ध्यायन्तो वासुदेवं ते तमेव स्फुरितं हृदि । अक्षरे धाम्नि ददृशुर्भूरितेजसमद्भुतम् ॥५॥ ततस्तमेव निश्चित्य कृष्णं धृतनराकृतिम् । प्रापुस्तपःफलं सर्वे भेजिरे तं ततो नृप ! ॥६॥ वन्द्यमानोऽथ तैर्भक्त्या गजमार्गेण पर्वतात् । उत्तीर्याधः स वडवाकुण्डं हरिरुपाययौ ॥७॥ तत्र सङ्घं निःसरन्तं भुवो वाय्वग्निपाथसाम् । पश्यन्नुवास साश्चर्यं नीलकण्ठो दिनत्रयम् ॥८॥ ततो ययावग्निदिशं गङ्गासागरसङ्गमम् ॥ प्राप्य स्नात्वा च तत्रापि स उवास दिनत्रयम् ॥९॥ समुद्रखाडीमुत्तीर्य नावागात्कपिलाश्रमम् । वृतं परिधिभूतेन सागरेण सुशोभनम्॥१०॥ यत्रास्ते भगवान्साक्षात्साङ्ख्याचार्यगुरुः स्वयम् । तपस्यन्कपिलो नित्यं त्रिलोक्याः श्रेयसे नृप ! ॥११॥ स्वधर्मज्ञानवैराग्ययोगभक्तिनिरूपकम् ॥ तं तत्रालोक्य परमां प्राप भक्त्यात्मजो मुदम् ॥१२॥ ईशवत्सेवमानं स्वं गूढैश्वर्यमपि प्रभुम् । विवेद कपिलः कृष्णं ध्यानेनासीत्ततोऽतिमुत् ॥१३॥ धर्मस्थापन उद्युक्तं स्वेच्छयैव नराकृतिम् । प्रीत्या सिषेवेऽनुदिनमातिथ्येन यथोचितम् ॥१४॥**

## અધ્યાય : ૪૮

## ઉત્કલદેશ-જગન્નાથપુરીમાં અસુરોનો પરાભવ

**નવ લાખ યોગીઓને નવ લાખરૂપે દર્શન :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સર્વત્ર વ્યાપક ભગવાન શ્રીહરિ નવલખા પર્વતે પધાર્યા અને તે પર્વત પર આરોહણ કરી તેની અદ્ભુત શોભાને નિહાળવા લાગ્યા. તેમજ તેમાં વસતા નવ લાખ યોગીઓનાં નિવાસ સ્થળો નિહાળ્યાં. (૧) નવ લાખ યોગીઓના સ્થાનમાં પ્રત્યેક અગ્નિકુંડમાં કાષ્ઠ વિના પણ અગ્નિઓ પ્રજ્વલિત હતા. કોઈ સ્થળોમાં ઠંડા પાણીના કુંડો હતા. તો કોઈ સ્થળોમાં ગરમ પાણીના કુંડો હતા. (૨)

શ્રીહરિએ આ પ્રકારનું આશ્ચર્ય નિહાળ્યું અને તે પર્વત પર રહેલા તેમજ મુક્ત સ્થિતિને પામેલા સમગ્ર સિદ્ધોને નિહાળ્યા. જેમનું દર્શન યોગી પુરુષોને પણ દુર્લભ છે. (૩) તેમને નિહાળી શ્રીહરિએ નમસ્કાર કર્યા. ભગવાન શ્રીહરિ તે પોતાના ભક્તજન-સિદ્ધોને આનંદ ઉપજાવતા થકા ત્રણ દિવસ સુધી ત્યાં નિવાસ કરીને રહ્યા. (૪)

વાસુદેવ ભગવાનનું ધ્યાન કરતા યોગીઓએ પોતાનાં હૃદય કમળમાં આવિર્ભાવ પામેલા દિવ્ય અક્ષરધામને વિષે બિરાજતા મહા તેજોમયમૂર્તિ પ્રત્યક્ષ શ્રીહરિનાં અલૌકિક દર્શન કર્યા. (૫) હે રાજન્ ! ત્યારથી આરંભી સર્વે સિદ્ધો 'આ મનુષ્યાકૃતિ ધારણ કરનારા શ્રીહરિ જ અક્ષરધામમાં રહેલા શ્રીકૃષ્ણ વાસુદેવ પોતે જ છે.' એવો દૃઢ નિશ્ચય કરી અનંત જન્મના તપનું ફળ પામ્યા. અને તેમનું જ ધ્યાનભજન કરવા લાગ્યા. (૬) ત્યાર બાદ સર્વે સિદ્ધોએ અનુરાગપૂર્વક શ્રીહરિને વંદન કર્યા. શ્રીહરિ પણ તેઓને વંદન કરી હાથીને ચાલવાના માર્ગેથી નવલખા પર્વત પરથી નીચે ઊતરી **'વડવા કુંડ'** પધાર્યા. (૭)

**કપિલાશ્રમમાં :-** ભગવાન શ્રીનીલકંઠ વર્ણી વડવા તીર્થમાં ધરતીમાંથી નીકળતા વાયુ, અગ્નિ અને જળના સમુદાયને આશ્ચર્યપૂર્વક નિહાળતા ત્યાં ત્રણ દિવસ સુધી રોકાયા. (૮) તે તીર્થસ્થળેથી અગ્નિ દિશા તરફ ચાલતા શ્રીહરિ ગંગાસાગરના સંગમે પધાર્યા અને તેમાં સ્નાન કરી ત્યાં ત્રણ દિવસ રોકાયા. (૯) શ્રીહરિ નાવ દ્વારા સમુદ્રની ખાડી ઊતરી કપિલ ભગવાનના આશ્રમે પધાર્યા. આ આશ્રમની ચારે બાજુ ગોળાકારે સમુદ્ર રહેલો છે. આ આશ્રમ અતિ રમણીય છે. આ આશ્રમમાં સાંખ્યજ્ઞાનના આચાર્યોમાં પણ મુખ્ય આચાર્ય સ્વયં ભગવાન શ્રીકપિલનારાયણ બિરાજે છે અને ત્રિલોકના કલ્યાણને અર્થે તપશ્ચર્યા કરે છે. (૧૦/૧૧)

સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેમજ અષ્ટાંગ યોગયુક્ત ભક્તિમાર્ગનું નિરૂપણ કરનારા ભગવાન કપિલનાં દર્શન કરી ભક્તિપુત્ર શ્રીહરિ પરમ આનંદ પામ્યા. (૧૨) ઐશ્વર્યને છુપાવી ઈશ્વરની પેઠે પોતાની સેવા કરતા પ્રભુ શ્રીહરિને કપિલ ભગવાને ધ્યાનયોગના પ્રભાવથી 'આ સ્વયં શ્રીકૃષ્ણ પધાર્યા છે' એમ જાણ્યું, અને તેથી અતિશય આનંદ પામ્યા. (૧૩) સ્વેચ્છાથી મનુષ્યાકૃતિને ધારણ કરી ધર્મ સ્થાપન કરવામાં તત્પર શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરી ભગવાન કપિલ પણ પ્રતિદિન તેમની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. (૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तपस्विनामतिप्रेष्ठे स्थाने तत्र स वर्णिराट् । मासमेकमुषित्वाथ पुरीमेतां समाययौ ॥१५॥ निवसन्नत्र वर्णीन्द्रः पुरुषोत्तमपत्तने । अब्धौ स्नानं जगन्नाथवीक्षां प्रत्यहमाचरत् ॥१६॥ इन्द्रद्युम्नसरोमुख्यतीर्थेषु च स आप्लवम् । अत्रत्येषु करोति स्म विधानं तैर्थिकं विदन् ॥१७॥ ततोऽत्र वसतोऽद्राक्षीच्चरतो यूथशः पुरे । असुरान्बहुशो राजन्दम्भभक्तनराकृतीन् ॥१८॥ परस्परस्पृधो मानक्रोधशूरत्वमत्सरैः । उद्वृत्तान्धर्मविमुखान्कामक्रीडनकान् खलान् ॥१९॥ गुरुत्वसाधुताख्यात्यै भूरिदम्भेन बिभ्रतः । शैववैष्णवशाक्तानां बाह्यलिङ्गानि सर्वशः ॥२०॥ मन्त्रसिद्धचमत्कारदर्शनेन पुरौकसः । वशीकृत्य नरान्स्त्रींश्च धर्मान्हापयतो निजान् ॥२१॥ वर्तमाना गुरुत्वेन निःस्पृहा इव बाह्यतः । पुत्रीतुल्याः शिष्यपत्नीर्मुहुः प्रीत्योपगच्छतः॥२२॥ प्रलोभ्य मायया लोकान् महाफलनिदर्शनैः । गृह्णतो द्रविणं तेभ्यः कांश्चिच्च भयदर्शनैः ॥२३॥ तत्र कांश्चित्तीक्ष्णशस्त्रस्थूलयष्टीस्तथायसान् । दधतश्चिपिटान् स्थूलायतांस्तापससन्निभान् ॥२४॥ अशस्त्रानेव कांश्चिच्च सौम्यवेषान्स ऐक्षत । वीरकृत्यामन्त्रयन्त्रैः प्रच्छन्नं द्रोहिणो नृणाम् ॥२५॥ शैवाञ्छाक्तांस्तत्र वामाध्वगान्कौलागमादिभिः। तन्मूलपद्धतिग्रन्थैः शिवशक्त्यर्चने रतान् ॥२६॥ वैष्णवान्दक्षिणाध्वस्थान्मकारादिमवर्जितान् । एतान् द्वयानपि स्वीयशिष्यस्वाचारवर्तनान् ॥२७॥ सहस्रशो यूथचरान्वीक्ष्यैतान्स्वैकवैरिणः । धरामतिभरां मेने हरिस्तैर्गूढदुष्क्रियैः ॥२८॥

---

**જગન્નાથપુરીમાં આગમન :-** વર્ણિરાજ પણ તપસ્વીઓને અતિપ્રિય તે સ્થાનમાં એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા, અને ત્યાર બાદ ત્યાંથી આ જગન્નાથપુરી પ્રત્યે પધાર્યા. (૧૫) અહીં પુરુષોત્તમપુરીમાં નિવાસ કરતા શ્રીહરિ હંમેશાં સમુદ્રસ્નાન અને શ્રીજગન્નાથ ભગવાનનાં દર્શન કરતા હતા. (૧૬) તેમજ તીર્થવિધિને જાણનારા શ્રીહરિ જગન્નાથપુરીમાં મુખ્ય તીર્થસ્વરૂપ ઈન્દ્રદ્યુમ્ન સરોવર વગેરે તીર્થોમાં યથાવિધિ સ્નાન કરવા જતા હતા. (૧૭) હે રાજન્ ! શ્રીહરિએ જગન્નાથપુરીમાં રહેતા હજારો અસુરોને જોયા. જે અસુરો સમૂહમાં ભેળા મળીને ફરતા, તેમજ મનુષ્યરૂપમાં રહેલા છતાં દંભથી ભકતોનાં ચિહ્નો ધારણ કરતા હતા. (૧૮)

માન, ક્રોધ, શૂરવીરતા અને મત્સરથી પરસ્પર એકબીજાની સ્પર્ધા કરતા હતા. ઉચ્છૃંખલ વર્તન રાખતા હતા. ધર્મથી વિમુખ હતા. કામનાં રમકડાં જેવા (અતિકામી) અને ખળ (= નીચ પુરુષો) હતા. જગતમાં ગુરુ અને સાધુતાની ખ્યાતિ માટે કપટથી શૈવ, વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયનાં સમગ્ર બાહ્ય ચિહ્નોને ધારણ કરતા હતા. મંત્રોની સિદ્ધિના ચમત્કાર દેખાડી નગરના નિવાસી નરનારીઓને વશ કરી પોતપોતાના ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરતા હતા. સર્વેના ગુરુ થઈને બેઠેલા હતા. બહારથી નિઃસ્પૃહ દેખાતા હતા. પોતાની પુત્રી તુલ્ય ગણાય એવી શિષ્યપત્નીઓનો પણ વારંવાર પ્રીતિપૂર્વક સંગ કરતા હતા. આસુરી માયાથી પુત્ર, ધન, સ્ત્રી વગેરે મહાફળની પ્રાપ્તિ બતાવવાથી લોકોને પ્રલોભન પમાડી તેમની પાસેથી ધન ધૂતનારા હતા. કેટલાકને તો ભય દેખાડી (તમે અમારું વચન નહિ માનો તો તમારો છોકરો મરી જાશે, ધન નાશ પામશે વગેરે ભય બતાવી) તેઓની પાસેથી ધન પડાવતા હતા. તેમાં કેટલાક તીક્ષ્ણ તલવારને ધારણ કરતા હતા. કેટલાક લોઢાના જાડા ચીપિયાને ધારણ કરતા હતા. કેટલાક તપસ્વી જેવા જણાતા હતા. (૧૯ થી ૨૪)

**અસુરોના ઝૂંડોનો અત્યાચાર :-** શ્રીહરિએ કેટલાક અસુરોને શસ્ત્ર વગરના જોયા. તથા કેટલાક અસુરોને ઉપરથી સૌમ્ય વેષને ધારણ કરનારા, અને તેમ છતાં ગુપ્તપણે તો વીરો, કૃત્યાઓ, મલિન મંત્રો અને યંત્રોથી મનુષ્યોનો દ્રોહ કરતા જોયા. (૨૫) તે અસુરોના મધ્યે કેટલાક શૈવ હતા. કેટલાક શક્તિના ઉપાસકો હતા. કેટલાક વામમાર્ગનો આશ્રય કરી, તેમના કૌલાર્ણવ આગમ વગેરે મૂળ ગ્રંથમાં બતાવેલ પદ્ધતિથી શિવ અને શક્તિનું પૂજન કરવામાં આસક્ત હતા. કેટલાક વૈષ્ણવી દીક્ષાને ધારણ કરતા હતા, તેઓ દક્ષિણ માર્ગથી વિષ્ણુનું પૂજન કરતા હતા. અને પ્રથમ ચાર મકાર (મદ્ય, માંસ,મત્સ્ય અને મુદ્રા)ને છોડી અંતિમ મૈથુન નામના મકારમાં આસક્ત બન્યા હતા. આ પ્રમાણે વામમાર્ગી અને દક્ષિણમાર્ગી બંને પોતપોતાના શિષ્યોને પોતાના આચરેલા પાપાચારમાં પ્રવર્તાવતા હતા : એવા અસુરોને શ્રીહરિએ જોયા. (૨૬/૨૭)

ભગવાન શ્રીહરિ 'સમૂહમાં ભેળા મળી ફરતા તેમજ છૂપી રીતે પાપલીલા આચરતા પોતાના શત્રુભૂત આ અસંખ્ય અસુરો જ ધરતીના ભારરૂપ છે' એમ માનવા લાગ્યા. (૨૮) ભગવાન શ્રીહરિને આ પુરીમાં પાંચ દિવસ રહીને બીજા

पञ्चरात्रमुषित्वैव ततस्तीर्थान्तरं प्रति । गन्तुकामोऽप्यसावत्र तत्पराभूतयेऽवसत् ॥२९॥ इन्द्रद्युम्नसरस्येव प्रायो वासं स चाकरोत् । सर्वत्र निःस्पृहः शान्तः स्वधर्मं भक्तिमत्यजन् ॥३०॥ यथा न विद्युरसुरा आत्मानं निजवैरिणम् । तथा स ववृते तत्र वर्णिराजो नराधिप! ॥३१॥ पौरास्तं विविदुः कञ्चिन्महान्तं सिद्धयोगिनम् । ततोऽस्य दर्शनं चार्चां चक्रुः प्रतिदिनं जनाः ॥३२॥ तमापृच्छ्य जना ये ये कार्यं यद्यत्समाचरन् । तेषां तेषामसिध्यत्तत्तदुःसाध्यमपि द्रुतम् ॥३३॥ सिद्धस्वार्था नरास्तस्य पुरतो द्रविणं भृशम् । निदधुर्वस्त्रपात्रादि प्रोचुश्चेदं तवेति तम् ॥३४॥ स तु दृष्ट्यापि तत्किञ्चिन्न जग्राहातिनिःस्पृहः । अत्याश्चर्यं तदालोक्य विविदुस्ते तमीश्वरम् ॥३५॥ असुरास्तेऽथ वित्तस्त्रीरसास्वादादिलोलुपाः । दम्भभक्तास्तदुत्कर्षं मात्सर्यान्नैव सेहिरे ॥३६॥ अपमानं तस्य चक्रुस्तेऽपशब्दमुखा मुहुः । तस्मिन्मिथ्यापवादं चारोपयामासुरुद्धताः ॥३७॥ क्वचिद्ध्यानस्थमुत्तोल्य स्वावासं निन्युरुन्मदाः । बहुधा भर्त्सयामासुस्तत्र ते तं महाव्रतम् ॥३८॥ केचित्तं निर्दयाः क्रूरा धृत्वा विष्टिमकारयन् । अभाषयंश्च प्रसभं केचित्तं मौनमास्थितम् ॥३९॥ इत्थं ह्युपद्रुतोऽप्यज्ञैर्देहाहंमतिवर्जितः । आत्मनिष्ठो हरिः किञ्चिन्नाखिद्यत निजान्तरे ॥४०॥ साधुतामत्यजन् स्वस्य क्षमाशीलो हरिस्ततः । प्रहसन्नाह तान् राजंस्तदासुर्यजिहीर्षया ॥४१॥ देहोऽस्ति नश्वरो नूनमात्माऽच्छेद्यादिलक्षणः । अस्तीति वेदशास्त्राणि प्राहुः पूर्वे च साधवः ॥४२॥ अतो मानापमानौ मे दैहिकत्वात्समावुभौ । मतौ भक्तिं त्वात्मनैव कुर्वे कृष्णस्य नित्यदा ॥४३॥ क्रोधस्त्वेष मनुष्याणां शरीरस्थो महान् रिपुः

---

તીર્થમાં જવાની ઈચ્છા હતી પણ તે સર્વે અસુરોનો પરાભવ કરવા વધુ દિવસો સુધી અહીં રહેવાનો સંકલ્પ કર્યો. (૨૯) સર્વત્ર નિઃસ્પૃહ, શાંત તેમજ ધર્મે સહિત ભક્તિનો ક્યારેય ત્યાગ નહિ કરનારા ભગવાન શ્રીહરિએ બહુધા ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કિનારે જ પોતાનો નિવાસ કર્યો. (૩૦)

હે રાજન્ ! વર્ણિરાજ શ્રીહરિ, જે પ્રકારે અસુરો પોતાને ‘આ વર્ણી અમારો શત્રુ છે’ એમ ન જાણી જાય તે પ્રકારે ત્યાં ઈન્દ્રદ્યુમ્ન સરોવરને તીરે પોતે વર્તતા હતાં. (૩૧) નગરવાસી મનુષ્યો શ્રીહરિને ‘આ કોઈ મોટા સિદ્ધ પુરુષ છે’ એમ જાણી, તેમનું પ્રતિદિન દર્શન તથા પૂજન કરતા હતા. (૩૨) જે મનુષ્યો શ્રીહરિને પૂછી પૂછીને જે જે કાર્ય કરતા તે સર્વે મનુષ્યોના કોઈનાથી પણ ન બની શકે તેવાં દુઃસાધ્ય કાર્યો પણ તત્કાળ સિદ્ધ થઈ જતાં હતાં. (૩૩)

જેમનું કાર્ય સિદ્ધ થયું હોય તેવા મનુષ્યો શ્રીહરિની આગળ બહુ ધન, વસ્ત્ર વગેરે પદાર્થોનો ઢગલો કરતા અને એમ પણ કહેતા કે હે વર્ણિન્ ! આ બધું તમારું જ છે. તમે તેનો સ્વીકાર કરો. (૩૪) અતિ નિઃસ્પૃહ શ્રીહરિ તેઓએ અર્પણ કરેલ કંઈ પણ વસ્તુ દૃષ્ટિમાત્રથી પણ સ્વીકાર કરતા નહિ અને તેથી જ આવા પ્રકારનું આશ્ચર્ય જોઈ નગરવાસીઓ શ્રીહરિને સાક્ષાત્ પરમેશ્વર માનવા લાગ્યા. (૩૫)

આ કારણે ધન, સ્ત્રી અને રસાસ્વાદમાં લોલુપ અને ભક્તપણાનો દંભ કરતા સર્વે અસુરો માત્સર્યથી શ્રીહરિના ઉત્કર્ષને સહન ન કરી શક્યા. (૩૬) ઉદ્ધત બનેલા અસુરો અશ્લીલ અપશબ્દોથી વારંવાર શ્રીહરિનું અપમાન કરવા લાગ્યા અને તેમના ઉપર મિથ્યા કલંકનું આરોપણ કરવા લાગ્યા. (૩૭) મદથી ઉદ્ધત બનેલા અસુરો કોઈક વેળાએ ધ્યાનાવસ્થામાં બિરાજતા મહાવ્રતધારી શ્રીહરિને ઉપાડી પોતાના નિવાસસ્થાને લઈ જતા અને બહુપ્રકારે તેમનો તિરસ્કાર કરતા હતા. (૩૮)

નિર્દય અને સ્વભાવથી જ ક્રૂર કેટલાક અસુરો શ્રીહરિને પકડીને બહુ ભાર ઉપડાવવો વગેરે કાર્ય બળાત્કારથી કરાવતા અને કેટલાક અસુરો મૌનવ્રતધારી શ્રીહરિને હઠાગ્રહથી બોલાવતા હતા. (૩૯) આ પ્રકારે અજ્ઞાનીઓએ બહુ કષ્ટ આપ્યું છતાં શરીરમાં અહં બુદ્ધિ રહિત તેમજ આત્મનિષ્ઠ શ્રીહરિ મનમાં લેશમાત્ર ખેદ પામ્યા નહિ. (૪૦)

**સામ ઉપાયથી સમજાવવાનો પ્રયાસ :-** સાધુતાનો ત્યાગ નહિ કરનારા અને ક્ષમાશીલ સ્વભાવવાળા શ્રીહરિ સર્વે અસુરોની આસુરી વૃત્તિનો નાશ કરવાની ઈચ્છાથી હસતા હસતા કહેવા લાગ્યા : (૪૧) હે ભક્તો ! આ શરીર નિશ્ચય નાશવંત છે. આત્મા અછેદ્યાદિ લક્ષણે સંપન્ન છે. એ પ્રમાણે વેદાદિ શાસ્ત્રો અને પૂર્વેના સત્પુરુષો કહે છે. (૪૨) તે હેતુથી માન અને અપમાન શરીરનિષ્ઠ હોવાથી મારે મન તે બંને સમાન છે. તેથી બ્રહ્મરૂપ થઈ નિરંતર શ્રીકૃષ્ણની ભક્તિ કરું છું. (૪૩) આ મનુષ્યોના શરીરમાં રહેલો ક્રોધ તો મોટો શત્રુ છે. શરીરને દાહ ઉપજાવનાર છે અને પૂર્વનાં પુણ્યને ભસ્મીભૂત



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

। वर्तते प्रदहन् देहं सुकृतानि च नाशयन् ॥४४॥ भक्ताः सर्वे यूयमपि भवथातः क्रुधं धिया । भक्तिज्ञानमहाशत्रुं जित्वेष्टं भजतामरम् ॥४५॥ इत्याश्रुत्य हरेर्वाक्यं तत्र ये दैविका नराः । कुसङ्गात्प्रासुरत्वाश्च ते तु तं श्रेयसेऽश्रयन् ॥४६॥ जात्यासुरास्तु ये तेषु केचित्तद्वचनं नृप ! । युक्तं प्राहुस्तदा त्वन्ये मेनिरे तानपि द्विषः ॥४७॥ ततोऽभूत्कलहस्तेषामन्योन्यं धर्मवैरिणाम् । महद्व्यतिक्रमभ्रष्टबुद्धीनां शस्त्रधारिणाम् ॥४८॥ मानेर्ष्यामत्सरक्रोधग्रस्तानां मूढचेतसाम् । वृथा कलिरभूद्भूयांस्तेषामरुणचक्षुषाम् ॥४९॥ तदा स्वस्थानमागत्य तस्थौ वर्णिवरस्ततः । अनादृतस्ववाक्यानामुच्छेदं पाप्मनां विदन् ॥५०॥ परस्परं ते सङ्गत्य यूथशस्तत्र तत्र च । क्रुधोद्भ्रान्ता इवान्योन्यं प्रोचुर्मर्मभिदो गिरः ॥५१॥ कलहोऽभून्महांस्तेषां मूढानां मायया हरेः । अश्रव्यभूरिदुर्वाक्यो घोरदीर्घमहारवः ॥५२॥ परस्परं भर्त्सयन्तः सद्योऽसीञ्जगृहुश्च ते । केचिच्छक्तीर्धनूंष्येके केचिच्च परशूञ्छितान् ॥५३॥ कुन्तान्केचित्कशाः केचित्खट्वाङ्गानि तथाऽपरे । लोहदण्डान्काष्ठ-दण्डांश्चिपिटानेव केचन ॥५४॥ सिन्दूराक्तानि जगृहुस्त्रिशूलानि च केचन । भुशुण्डीश्च क्षुरान्केचिदग्निबाणानुपाददुः ॥५५॥ ततस्ते निर्दयं जघ्नुः परस्परममर्षिणः । शस्त्रैरस्त्रैर्मुष्टिभिश्च यष्टिदण्डद्रुमादिभिः ॥५६॥ प्रहारशब्दश्च महानासीत्तेषां बलीयसाम्। भेरीपटहतूर्याणां शब्दश्चारभटीयुतः ॥५७॥ शूराणामपि दुर्दृश्यं तद्युद्धं तुमुलं तदा । बभूवासुरसङ्घानां मत्तानां पललाशनैः ॥५८॥

---

કરનાર છે. (૪૪) તમે સર્વે ભગવદ્‌ભક્ત છો. તે હેતુથી ભક્તિ અને જ્ઞાનમાં અવરોધ કરનાર મહાશત્રુ ક્રોધને વિવેક બુદ્ધિથી વશ કરી ઈષ્ટદેવનું ભજન સ્મરણ કરો. (૪૫) શ્રીહરિનાં આ પ્રકારનાં વચનો સાંભળી તેઓના મધ્યે કુસંગના યોગથી અસુરભાવને પામેલા જે દૈવી જીવો હતા તેમણે તો પોતાના આત્મકલ્યાણને અર્થે શ્રીહરિનો આશ્રય કર્યો. (૪૬)

**ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કિનારે ઘમસાણ યુદ્ધ :-** હે રાજન્ ! તે અસુરોમાં જન્મથી જ આસુરી સંપત્તિવાળા અસુરોના મધ્યે રહેલા કેટલાક અસુરો શ્રીહરિનું વચન યથાર્થ છે એ પ્રમાણે કહેવા લાગ્યા, તેથી બીજા અસુરો તો તેમને પણ પોતાના દ્વેષી માનવા લાગ્યા. (૪૭) સાધુ સ્વભાવથી વર્તતા મહાન પુરુષ શ્રીહરિનો દ્રોહ કરવાથી તેઓની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. ધર્મનો દ્વેષ કરનારા, શસ્ત્રધારી, માન ઈર્ષા, મત્સર અને ક્રોધગ્રસ્ત થએલા મૂઢ બુદ્ધિવાળા તેમજ રાતાચોળ નેત્રવાળા અસુરોમાં કોઈ પણ જાતના પ્રયોજન વગરનો પરસ્પર કલહ થયો. (૪૮/૪૯)

**પ્રથમ થઈ બોલાચાલી અને પછી લાકડી ઝાલી :-** તે સમયે પોતાનાં વચનોનો અનાદર કરનારા પાપી અસુરોના વિનાશને જાણતા શ્રીહરિ ત્યાંથી પોતાના નિવાસ સ્થાને પધાર્યા. (૫૦) સર્વે અસુરો ટોળે મળી તે તે સ્થળોમાં ભેળા થયા અને ક્રોધથી વ્યાકુળ થઈ પરસ્પર એક બીજાને મર્મભેદક વચનો કહેવા લાગ્યા. (૫૧) શ્રીહરિની માયાથી મોહ પામેલા મૂઢ અસુરોના મધ્યે મહાન કલહ થયો. તેઓ ન સાંભળી શકાય તેવા અપશબ્દો બોલવા લાગ્યા તથા ઉચ્ચ સ્વરે ભયંકર ગર્જના કરવા લાગ્યા. (૫૨)

તે અસુરોએ એકબીજાનો તિરસ્કાર કરી હાથમાં તીક્ષ્ણ તલવારો ધારણ કરી. કોઈ અસુરે શક્તિ નામનું શસ્ત્ર ગ્રહણ કર્યું. કોઈએ ધનુષ ધારણ કર્યું. કોઈએ તીક્ષ્ણ ધારદાર કુહાડા ધારણ કર્યા. કોઈએ ભાલાઓ ધારણ કર્યા. કોઈએ ચાબુકો ધારણ કરી. કોઈએ ખાટલાના પાયાઓ ધારણ કર્યા. કોઈએ લોહદંડો ધારણ કર્યા. કોઈએ કાષ્ઠદંડો ધારણ કર્યા. કોઈએ ચિપિયા ધારણ કર્યા. કોઈએ સિંદૂરની અર્ચા કરેલ ત્રિશૂલ ધારણ કર્યું. કોઈએ છરાઓ ધારણ કર્યા. કોઈએ ભૂશુંડી નામનું (પથ્થર ફેંકવાનું ચર્મમય યંત્ર) શસ્ત્ર ધારણ કર્યું અને કોઈએ અગ્નિબાણ (બંદૂકો) ધારણ કર્યા. (૫૩ થી ૫૫)

ત્યાર બાદ ક્રોધથી ભરેલા અસુરો શસ્ત્રો, અસ્ત્રો, મુષ્ટિકાના પ્રહારો, લાકડીઓ, લોહદંડ અને વૃક્ષોની ડાળીઓથી નિર્દયપણે પરસ્પર એકબીજાને મારવા લાગ્યા. (૫૬) બલવાન અસુરોએ પ્રહાર કરેલા આયુધોના ભયંકર અવાજો થવા લાગ્યા 'મારો' 'મારો' એવા શબ્દોની સાથે મળેલા ભેરી, નગારાં ને તુરી વાજિંત્રોના ભયાનક નાદો થવા લાગ્યા. (૫૭) માંસભક્ષણથી મદમસ્ત બનેલા અસુરોનું તુમુલ યુદ્ધ શૂરવીર પુરુષોએ પણ ન જોઈ શકાય તેવું બિહામણું લાગતું હતું. (૫૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तदा महोत्सवो ह्यासीद्भूतानां पललाशिनाम् । कङ्कानां वायसानां च गृध्राणां च शुनामपि ॥५९॥ पिशाचानां शाकिनीनां योगिनीनां च रक्षसाम् । भैरवाणां च सर्वेषामस्रपां पलभोजिनाम् ॥६०॥ शिरांसि करवालाद्यैस्तेषां कृत्तानि भूतले । नालिकेरफलानीव पतन्ति स्म सहस्रशः ॥६१॥ छिन्नाङ्घ्रिमूलाः प्रधने केचिच्छिन्नभुजद्वयाः । पेतुः पृथिव्यां विच्छिन्नसकलाङ्गाश्च केचन ॥६२॥ दन्तपिष्टाधरोष्ठानि पतितान्यपि भूतले । तेषां शीर्षाणि राजेन्द्र ! दुर्दृश्यान्यभवञ्जनैः ॥६३॥ असुराणां सहस्राणि दश तस्मिन्दिने नृप!। शमनातिथितां प्रापुरन्योन्यं निघ्नतां रुषा ॥६४॥ ततःप्रभृत्यभूद्युद्धं तेषां नित्यं जयाशया । मांसाहारबलिष्ठानां मत्तानां मद्यपानतः ॥६५॥ क्वचिद्दिने सहस्रे द्वे क्वचित्पञ्चशतानि च । क्वचित्पञ्चसहस्राणि सहस्रं क्वापि ते मृताः ॥६६॥ द्वे शते क्वापि च शतं पञ्चाशच्च दिने क्वचित् । मृताः परस्पराघातादेवं मासद्वयं ह्यभूत् ॥६७॥ एवं कृष्णेच्छया राजन्सर्वे धर्मद्रुहोऽसुराः । विनेशुस्तेन सम्प्रापुर्मुदं देवगणा नृप ! ॥६८॥ छिन्ननासाश्छिन्नकर्णाश्छिन्नहस्ताश्च केचन । सङ्ग्रामभीरवश्चैके ततश्चक्रुः पलायनम् ॥६९॥ देशान्तरस्थितेभ्यस्ते वृत्तमेतदशेषतः । असुरेभ्यो बलिष्ठेभ्यः कथयामासुरादितः ॥७०॥ तदा विशेषतः कृष्णे बद्धवैरा जिघांसवः । शस्त्राघातकलाभ्यासे बभूवुस्तत्परा भृशम् ॥७१॥ मृतेष्वसुरसङ्घेषु धर्मध्रुक्षु हरिस्तदा । अधर्ममूलं नष्टं हीत्येवं मेने निजान्तरे ॥७२॥ ततः स बोधयित्वैव दैवाञ्जीवांस्तदाश्रितान्। त्याजयित्वा दुराचारं सन्मार्गेऽस्थापयत्पुनः ॥७३॥

**અત્યાચારનો અંજામ** :- તે અવસરે માંસભક્ષી બગલા, કાગડા, ગીધડાં, કૂતરાં વગેરે પ્રાણીઓને મહાન આનંદ ઉત્સવ થયો. (૫૯) માંસ ભક્ષણ કરનારા પિશાચ, શાકિની, યોગિની, રાક્ષસ, ભૈરવ વગેરે ભૂતગણોને પણ આનંદ ઉત્સવ થયો. (૬૦) તલવાર વગેરે તીક્ષ્ણ આયુધોથી કપાયેલા અસુરોનાં મસ્તકો શ્રીફળની માફક ધરતી ઉપર પડવા લાગ્યા. (૬૧) રણસંગ્રામમાં કેટલાકના પગ કપાયા. કેટલાકનાં હાથ કપાયા. તેમજ કેટલાકના અવયવો છિન્નભિન્ન થઈ ધરતી પર પડવા લાગ્યાં. (૬૨)

હે રાજેન્દ્ર ! તે અસુરોનાં દાંતથી પીસાએલા ઓષ્ઠવાળા અને ધરતી ઉપર પડેલા મસ્તકો મનુષ્યોથી જોઈ પણ ન શકાય તેવા વિરૂપ બની ગયાં હતાં. (૬૩) હે રાજન્ ! ક્રોધથી પરસ્પર એક બીજાનો સંહાર કરતા દશ હજાર જેટલા અસુરો રણસંગ્રામમાં પ્રારંભના દિવસે જ યમરાજાના અતિથિ બન્યા. (૬૪)

તે દિવસથી આરંભીને માંસભક્ષણથી બલિષ્ઠ અને મદિરાપાનથી મદોન્મત્ત બનેલા તેમજ યુદ્ધમાં હણાતા બચેલા એવા અસુરો પરસ્પર વિજયની આશાથી નિત્ય રણસંગ્રામ ખેલવા લાગ્યા. (૬૫) કોઈ દિવસ પાંચ હજાર, કોઈ દિવસ બે હજાર, કોઈ દિવસ એક હજાર, કોઈ દિવસ પાંચસો, કોઈ દિવસ બસો, કોઈ દિવસ સો, કોઈ દિવસ પચાસ અસુરો; આ રીતે પ્રતિદિન પરસ્પર પ્રહાર કરવાથી મરણને શરણ થયા. આમને આમ બે માસ સુધી મહા રણસંગ્રામ ખેલાયો. (૬૬-૬૭))

હે રાજન્ ! ધર્મદ્રોહી સર્વે અસુરોનો શ્રીહરિના સંકલ્પથી જ મહાવિનાશ થયો. તેથી દેવતાઓને અત્યંત આનંદ થયો. (૬૮) નાક, કાન તેમજ હાથ કપાએલા કેટલાક અસુરો, તથા રણસંગ્રામમાં ભય પામેલા કેટલાક અસુરો ત્યાંથી નાસી છૂટ્યા. (૬૯) નાસી છૂટેલા અસુરોએ દેશાન્તરમાં રહેલા પોતાના સાથીદાર અસુરોને આરંભથી અંત સુધીની આ તમામ હકીકત કહી સંભળાવી. (૭૦)

તે સાંભળી શ્રીહરિને વિષે વૈરવૃત્તિ ધરાવતા અસુરો તેમને મારવાની ઈચ્છાથી શસ્ત્ર તેમજ અસ્ત્રના પ્રહારોની યુક્તિ પ્રયુક્તિનો અભ્યાસ કરવામાં તત્પર ચિત્તવાળા થયા. (૭૧) ધર્મદ્રોહી અસુરોના સમૂહો જ્યારે મરણને શરણ થયા ત્યારે શ્રીહરિ 'અધર્મનું મૂળ નિશ્ચે નાશ પામ્યું.' એ પ્રમાણે પોતાના અંતરમાં માનવા લાગ્યા. (૭૨) ત્યાર બાદ શ્રીહરિએ કુસંગથી અસુરોનો આશ્રય કરનારા પરંતુ વાસ્તવિકતાએ દૈવી સંપત્તિએ યુક્ત જનોને બોધ આપ્યો અને તેમને દુરાચારનો ત્યાગ કરાવી ફરી પોતાના સદ્‌ધર્મના આચરણરૂપ સન્માર્ગે પ્રવર્તાવ્યા. (૭૩)

**कृष्णभक्तिमहिंसादीन्धर्मांस्तेभ्यश्च सोऽखिलान् । उपादिदेश तैः प्रीत्या मानितश्च सुपूजितः ॥७४॥ नष्टान्तस्तमसः सर्वे प्रतापेनैव तस्य ते । नारायणं तं निश्चित्य भेजिरे तद्वचःस्थिताः ॥७५॥ एवं स भगवान्राजन्नशस्त्रोऽपि वृषद्रुहः । असुरान्स्वप्रतापेन तमो भास्वानिवाहरत् ॥७६॥ इत्थं धर्मं च भक्तिं च पोषयन् धर्मनन्दनः । तद्द्रुहश्च जयन्नत्र पुरे मासान्दशावसत् ॥७७॥ एतच्चरित्रं शृणुयाद्धरेर्यः सङ्कीर्तयेद्वा प्रयतः पुमान्सः । मुक्तो भवेत्स्वारिविपद्व्रजेभ्यो लभेत चान्ते पदमच्युतस्य ॥७८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे उत्कलदेशीयासुरसङ्घपराभवनिरूपणनामाष्टचत्वारिंशोऽध्यायः ॥४८॥

सुव्रत उवाच – **इतो ययौ वर्णिराजो दक्षिणां दिशमेकलः । अनुसृतो दिव्यदेहैर्धर्माद्यैः सर्वदैव सः ॥१॥ गमिष्यन्सेतुबन्धं स आदिकूर्ममुपाययौ । ततो महावने गच्छन्प्राप मानसपत्तनम् ॥२॥ तत्र राजा सत्रधर्मा दैवीं सम्पदमाश्रितः । तं महापुरुषं ज्ञात्वा वासयामास मानयन् ॥३॥ अनाच्छन्नं रहःस्थाने सोऽध्युवास वितर्दिकाम् । राजकीया अनुसवं सेवन्ते स्म तमादृताः ॥४॥ जगन्नाथपुरभ्रष्टासुरोक्तस्वजनक्षये । हेतुं विदन्तस्तं दैत्यास्तत्रत्या हन्तुमुद्यताः ॥५॥ एकाकिनं तमाज्ञाय निशि वेद्यामवस्थितम् । संहत्य चक्रुस्तस्मिंस्ते शतशोऽश्माभिवर्षणम् ॥६॥ प्रदोषादाप्रभातान्तं चिक्षिपुस्ते महोपलान् ।**

---

ભગવાન શ્રીહરિએ તેઓને ભગવાનની ભક્તિ અને અહિંસા આદિ સમગ્ર ધર્મનો ઉપદેશ કર્યો અને તે સર્વે દૈવી જીવોએ સ્નેહપૂર્વક શ્રીહરિનું સન્માન અને પૂજન કર્યું. (૭૪) શ્રીહરિના પ્રતાપથી તેઓના અંતરનું અજ્ઞાનરૂપ અંધારું નષ્ટ થયું અને તેઓ શ્રીહરિને 'આ સાક્ષાત્ નારાયણ છે' એમ જાણી તેમનાં વચનોનું પાલન કરતા થકા ભજનસ્મરણ કરવા લાગ્યા. (૭૫) હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ શસ્ત્ર વિના પણ પોતાના સ્વાત્મ પ્રભાવથી ધર્મદ્રોહી અસુરોનો વિનાશ કર્યો. (૭૬) આ પ્રમાણે ધર્મનંદન શ્રીહરિએ ધર્મ અને ભક્તિનું પોષણ કર્યું તેમજ તેમનો દ્રોહ કરનારા અસુરોનો પરાભવ કરતા થકા જગન્નાથપુરીમાં દશ માસ સુધી રોકાયા. (૭૭)

હે રાજન્ ! ભગવાન શ્રીહરિના આ પાવનકારી ચરિત્રનું નિયમપૂર્વક જે કોઈ પુરુષ શ્રવણ અથવા કીર્તન કરશે તે પુરુષ પોતાના આંતર શત્રુઓની આપત્તિના સમૂહ થકી મુક્ત થશે અને અંતે ભગવદ્ધામને પામશે. (૭૮) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'ઉત્કલદેશીય અસુરસંઘપરાભવ નિરૂપણ' નામે અડતાલીસમો અધ્યાયઃ (૪૮)*

## અધ્યાય : ૪૯

## અસુરોનાં વિનાશપૂર્વક આશ્ચર્યકારી લીલાકર્તા શ્રીહરિને શિવદર્શન અને વરદાન

**માનસપત્તનમાં પધરામણી :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વર્ણિરાજ શ્રીહરિએ જગન્નાથપુરીથી એકલાજ દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. તે અવસરે દિવ્ય શરીરધારી ધર્મ તેમજ ભક્તિદેવી પણ સર્વકાળે તેમની સાથે અનુસરતા હતા. (૧) સેતુબંધ રામેશ્વર જવાની ઈચ્છાથી શ્રીહરિ આદિકૂર્મ નામના તીર્થમાં પધાર્યા અને ત્યાંથી મહાવનમાં ચાલતા ચાલતા માનસપત્તન નામના પુરમાં પધાર્યા. (૨) તે પુરના દૈવી સંપત્તિને અનુસરેલા **સત્રધર્મા** નામના મહારાજાએ શ્રીહરિને મોટા પુરુષ જાણી તેમનું સન્માન કર્યું અને પોતાના નગરમાં નિવાસ કરાવ્યો. (૩) શ્રીહરિએ ખુલ્લા આકાશવાળા એકાંત સ્થળમાં એક વેદિકા (ઓટલા) ઉપર પોતાનો નિવાસ કર્યો. અને રાજસેવકો આદરપૂર્વક સમયે સમયે શ્રીહરિની સેવા કરતા હતા. (૪)

જગન્નાથપુરીમાંથી નાસી છૂટેલા અસુરોએ માનસપત્તનમાં રહેતા અસુરોને જણાવ્યું હતું કે 'આપણા અસુરોને મરાવનાર એક નાનકડો બ્રહ્મચારી છે અને એ જ બ્રહ્મચારી અહીં આવ્યો છે.' એમ જાણી તે અસુરો તેમને મારવાના ઉપાયો કરવા લાગ્યા. (૫) તે અસુરોએ રાત્રિએ 'વેદિકા ઉપર શ્રીહરિ એકલા જ બેઠેલા છે' એમ જાણી સોએસો અસુરો ભેળા મળ્યા અને શ્રીહરિ ઉપર પથ્થરનો વરસાદ વરસાવવા લાગ્યા. (૬) પાપથી તેઓની બુદ્ધિ વિનાશ પામી હતી. તેથી નિર્દોષ અને સાધુગુણ સંપન્ન



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

निर्दोषे साधुशीलेऽपि पापनष्टधियो हरौ ॥७॥ तद्वेदिमभितस्त्वासञ्छतशो ह्यश्मराशयः । एकोऽप्यश्मा नास्पृशत्तं तदासीदद्भुतं महत् ॥८॥ एवं भगवता तेन स्वैश्वर्ये दर्शितेऽपि ते । तद्द्रोहबुद्धिं न जहुरन्तिकागतमृत्यवः ॥९॥ अथ व्यर्थप्रयत्नास्ते शस्त्रैस्तद्धननेच्छवः । स्वस्वायुधानि संसाध्य तत्रासन् यूथशोऽखिलाः ॥१०॥ तदाश्चर्यं नृपः श्रुत्वा प्रातरायात्तदन्तिकम् । पौरा जनाश्च निखिलास्तद्दृष्ट्वा विस्मयं ययुः ॥११॥ विस्मितो नृपतिः प्राह प्रह्लादस्य यथा पुरा । रक्षा नृसिंहेन कृता तथा भगवतास्य हि ॥१२॥ एष एव भवेत्किं वा ? प्रह्लादो भक्तराट् स्वयम् । इत्युक्त्वा तमुवाचासौ तवास्म्यद्यदिनादिति ॥१३॥ ततो हरिर्मुमुक्षुं तं कृष्णाश्रयमकारयत् । यथाविधि तदीयांश्च मुमुक्षून्भूपते ! नरान् ॥१४॥ ततोऽसुरांस्तांस्तद्द्रोग्धॄन्सर्वाञ्ज्ञात्वाऽतिपापिनः घातयामास भूपालः स्वसैन्यैरतिदारुणैः ॥१५॥ स्वपापकर्मभिर्नाशं जानंस्तं पापिनां हरिः । तेनार्चितस्ततः प्रायाद्वेङ्कटाद्रिं महीभुजा ॥१६॥ तत्रस्थस्येक्षणं कृत्वा श्रीविष्णोरगमत्ततः । शिवकाञ्चीं विष्णुकाञ्चीं ततः श्रीरङ्गमाययौ ॥१७॥ नद्यां स्नात्वा स कावेर्यां तत्प्राक् पुष्पफलानतैः । शोभितायां वाटिकायां समुवास महीरुहैः ॥१८॥ तत्र मासद्वयं स्थित्वा वैष्णवैः सह संवदन् । स्वप्रतापेन तन्निष्ठदुराचारमहापयत् ॥१९॥ पराभूय च तत्रत्यानाभिचारिककर्मणः । विप्रादीञ्छतशः कृष्णः स्वप्रतापमपप्रथत् ॥२०॥ विनष्टमायिकाज्ञानास्तत्प्रतापेन ते ततः । तमेव विष्णुं निश्चित्य भक्तिं तस्यैव चक्रिरे ॥२१॥ सेतुबन्धं ततस्तीर्थं महापातकनाशनम् । प्राप्य स्नात्वाम्बुधौ चक्रे स रामेश्वरदर्शनम् ॥२२॥ तत्राप्युषित्वा द्वौ मासौ क्षेत्रे तापसवल्लभे । ततः सुन्दरराजाख्यविष्णुमागच्छदेकलः ॥२३॥

---

શ્રીહરિ ઉપર સાયંકાળથી આરંભી સવાર સુધી પથ્થરોનો વરસાદ વરસાવ્યો. શ્રીહરિને બેસવાની વેદિકાની ચારે તરફ પથ્થરોના મોટા ઢગલા થયા. તેમ છતાં શ્રીહરિને એક પણ પથ્થરનો સ્પર્શ ન થયો. એવી એક અદ્‌ભુત ઘટના બની. (૭/૮)

શ્રીહરિએ આ પ્રકારે પોતાના યોગ-ઐશ્વર્યનો પ્રભાવ બતાવ્યો, છતાં જેમનું મૃત્યુ નજીક આવેલું છે એવા તેઓએ શ્રીહરિ વિષે દ્રોહબુદ્ધિનો ત્યાગ કર્યો નહિ. (૯) પોતાના પ્રયત્નો નિષ્ફળ જવાથી તે અસુરો શસ્ત્રથી શ્રીહરિને મારવા ઈચ્છતા હોવાથી પોતપોતાનાં હથિયારો સજ્જ કરવા પૂર્વક ટોળેટોળાં મળી ત્યાં રહેવા લાગ્યા. (૧૦) સત્રધર્મા રાજાએ શ્રીહરિનું આ પ્રકારનું આશ્ચર્ય સાંભળ્યું, તેથી તુરંત પ્રાતઃકાળના સમયે શ્રીહરિની સમીપે આવ્યા. તેમજ સમગ્ર નગરવાસી જનો પણ ત્યાં આવ્યા અને શ્રીહરિનું આશ્ચર્યકારી વૃત્તાંત જોઈ પરમ વિસ્મય પામ્યા. (૧૧)

વિસ્મય પામેલા મહારાજા કહેવા લાગ્યા કે પૂર્વે નૃસિંહ ભગવાને જેમ પ્રહ્લાદનું રક્ષણ કર્યું હતું. તેમ આ બાલયોગીની ભગવાને રક્ષા કરી. તેથી શું આ વર્ણી જ સ્વયં ભક્તરાજ પ્રહ્લાદ છે કે શું ? આ પ્રમાણે કહી સત્રધર્મા રાજા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે ‘ હે હરે ! આ જ દિવસથી આરંભીને હું તમારો છું.’ (૧૨/૧૩) હે રાજન્ ! ત્યાર બાદ શ્રીહરિએ મુમુક્ષુ સત્રધર્મા રાજા અને તેમની પ્રજાને શાસ્ત્રવિધિ અનુસાર શ્રીકૃષ્ણ ભગવાનનો આશ્રય કરાવી મંત્રોપદેશ કર્યો. (૧૪)

**વેંકટાદ્રિ થઈને શ્રીરંગ ક્ષેત્રમાં :-** ત્યાર બાદ શ્રીહરિનો દ્રોહ કરનારા અસુરોને અતિ પાપી જાણી રાજાએ પોતાના ક્રૂર સૈનિકો દ્વારા તે સર્વનો વિનાશ કરાવ્યો. (૧૫) ‘પોતાનાં પાપકર્મથી જ પાપીઓનો વિનાશ થયો છે’ એમ શ્રીહરિ જાણતા હતા. સત્રધર્મા રાજાએ તેમનું પૂજન કર્યું અને ત્યાંથી શ્રીહરિ વેંકટાદ્રિ પધાર્યા. (૧૬) વેંકટાદ્રિમાં અર્ચાસ્વરૂપે બિરાજતા ભગવાન વિષ્ણુનાં દર્શન કરી શ્રીહરિ ત્યાંથી શિવકાંચી અને વિષ્ણુકાંચી પધાર્યા અને ત્યાંથી શ્રીરંગક્ષેત્ર પધાર્યા. (૧૭)

ત્યાં કાવેરી નદીમાં સ્નાન કરી શ્રીહરિએ નદીના પૂર્વભાગમાં પુષ્પ અને ફળોથી નમેલાં વૃક્ષોથી સુશોભિત એક ફૂલવાડીમાં ઉતારો કર્યો. (૧૮) તે સ્થાનમાં શ્રીહરિ બે માસ રોકાયા અને ત્યાંના વૈષ્ણવો સાથે સંવાદ કરી પોતાના પ્રભાવથી તેઓમાં રહેલા દુરાચારનો ત્યાગ કરાવ્યો. (૧૯) શ્રીરંગ ક્ષેત્રમાં વસીને મારણ, મોહન, ઉચ્ચાટન આદિક અભિચાર કર્મ કરનારા સેંકડો વિપ્રાદિકોનો પરાભવ કરી શ્રીહરિ પોતાનો અલૌકિક પ્રતાપ વિસ્તારતા હતા. (૨૦) શ્રીહરિના પ્રભાવથી તે વૈષ્ણવાદિકોનું અનાદિ માયાનું અજ્ઞાન નાશ પામ્યું અને તેઓ શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ જાણી તેમની ભક્તિ કરવા લાગ્યા. (૨૧)

**સેતુબંધ રામેશ્વરમાં શ્રીહરિ :-** શ્રીરંગક્ષેત્રથી નીકળી ભગવાન શ્રીહરિ મહાપાપોને પ્રજાળનાર ‘સેતુબંધ’ તીર્થમાં પધાર્યા. ત્યાં સમુદ્રમાં સ્નાન કરી ‘રામેશ્વર’ નાં દર્શન કર્યાં. (૨૨) તપસ્વી જનોને પ્રિય તે ક્ષેત્રમાં બે માસ પર્યંત નિવાસ કરી ત્યાંથી એકલા જ વિચરણ કરતા શ્રીહરિ ‘સુંદરરાજ’ નામના તીર્થમાં વિષ્ણુ ભગવાનની સમીપે પધાર્યા. (૨૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ततो भूतपुरीं गच्छन् प्राप घोरां महाटवीम् । तत्राहानि चलन् पञ्च नान्नं प्रापापि वारि च ॥२४॥ पञ्चमेऽह्नि प्रदोषेऽसौ कञ्चित्प्राप जलाशयम् । तत्र स्नात्वाऽर्चयामास शालग्रामं स भूपते ! ॥२५॥ चतस्रो वनशिम्बीश्च भर्जयित्वाऽग्निना ततः । निवेद्य विष्णवे तत्र जघास तपतां गुरुः ॥२६॥ आद्ययामावधि निशस्तत्र स्थित्वा ततोऽव्रजत् । परेद्यव्याप मध्याह्ने कूपमेकं वनान्तरे ॥२७॥ ततो निष्कास्य पानीयं स कमण्डलुना नृप! । स्नात्वा वटद्रुमाधस्तान्निषद्याऽऽह्निकमाचरत् ॥२८॥ एतस्मिन्नन्तरे तत्र शङ्करौ लोकशङ्करौ । राजंस्तूर्णं समायातौ विचरन्तौ यदृच्छया ॥२९॥ पितरौ जगतः साक्षाद्वरदावाशुतोषणौ । तपःप्रियौ तपःसंस्थौ तपस्विजनवल्लभौ ॥३०॥ सार्वज्ञ्येनैव तं ज्ञात्वा साक्षात्कृष्णं निजेच्छया । नरनाट्यं विदधतमाविर्भूतं भुवि स्वयम् ॥३१॥ तद्दर्शनमहोत्साहौ तन्नृनाट्यानुसारिणौ । नृणां स्वतत्त्वाज्ञानाय धृतकार्पटिकाकृती ॥३२॥ जपन्तौ शिवनामानि दम्पती चारुदर्शनौ । आयातां वृषमारूढौ तौ तत्र कृशविग्रहौ ॥३३॥ काषायवसनौ तौ च तं दृष्ट्वातितपस्विनम् । उत्तीर्य वृषभात्तूर्णं तं नत्वाऽऽरान्निषीदतुः ॥३४॥ तावत्प्रवासविधिना सन्ध्ये द्वे समुपास्य सः । शालग्रामं पूजयितुमारेभे स्नपनादिभिः ॥३५॥ वेदमन्त्रान् पठञ्छालग्रामं चन्दनपात्रके । निधायाभिषिषेचासौ महाकुण्ड्यास्तु धारया ॥३६॥ प्रस्थपञ्चकमानाम्बू रिक्त आसीत्कमण्डलुः । तथाप्याधारपात्रं तद्यथापूर्वमदृश्यत ॥३७॥ एतावत्क्व गतं वारीत्युक्त्वोद्धृत्य तदैक्षत । अच्छिद्रमेव तद्दृष्ट्वा पुनर्भूमौ न्यधारयत् ॥३८॥ शालग्रामेण तत्पीतं तृषितेनाम्बिवति

**ભૂતપુરીના જંગલમાં** :- સુંદરરાજ વિષ્ણુનાં દર્શન કરી ભૂતપુરી પ્રત્યે પ્રયાણ કરતા શ્રીહરિ ઘનઘોર ઘાટા અરણ્યમાં આવ્યા. જંગલમાં ચાલતા શ્રીહરિને પાંચ દિવસ સુધી અન્ન કે જળ કાંઈ મળ્યું નહિ. (૨૪) હે રાજન્ ! પાંચમે દિવસે સાયંકાળના સમયે શ્રીહરિ એક જળાશય સમીપે પધાર્યા. તેમાં સ્નાન કરી શાલિગ્રામ ભગવાનનું ચંદન પુષ્પ વગેરેથી પૂજન કરવા લાગ્યા. (૨૫) તપસ્વીઓના પણ માર્ગદર્શક શ્રીહરિએ દૈવ ઈચ્છાએ પ્રાપ્ત થયેલી ચાર વનશિંબી (આબુવા ફળીઓ) અગ્નિમાં શેકીને શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી અને પોતે પણ પ્રસાદ સ્વીકાર્યો. (૨૬)

**શિવપાર્વતીનું આગમન** :- શ્રીહરિ રાત્રિના પ્રથમ પ્રહર સુધી જળાશયના કાંઠે રહ્યા અને ત્યાંથી આગળ ચાલતા થયા. ચાલતાં ચાલતાં શ્રીહરિ બીજે દિવસે મધ્યાહ્ન સમયે વનમાં રહેલા એક કૂવા સમીપે આવ્યા. (૨૭) હે રાજન્! શ્રીહરિએ કૂવામાંથી કમંડલુ દ્વારા જળ સિંચી સ્નાન કર્યું અને વડની નીચે બેસી આહ્નિક વિધિ કર્યો. (૨૮) એવા સમયમાં જગતને સુખી કરનારાં, જગતના માતાપિતા, ઉપાસકોને વરદાન આપનારાં, તપમાં રુચિ ધરાવનારાં તેમજ તપ કરતા તપસ્વીઓ ઉપર પ્રીતિ રાખનારાં શિવ અને પાર્વતી તીર્થોમાં વિચરણ કરતાં કરતાં દૈવ ઈચ્છાથી ત્યાં આવ્યાં. (૨૯/૩૦)

પોતાની સ્વતંત્ર ઈચ્છાથી પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામી મનુષ્યનાટક કરતા શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણી તેમનાં દર્શન કરવાની અંતરમાં અતિશય ઉત્કંઠા જાગ્રત થઈ, અને તેથી કોઈ પણ વ્યક્તિ પોતાનું મૂળ સ્વરૂપ ન જાણી શકે એ રીતે મનુષ્યનાટકને કરતા તેઓએ કાપડી (જૂના કપડાં પહેરી યાત્રા કરનાર) નો વેષ ધારણ કર્યો. તેમજ કૃશ શરીરધારી છતાં રમણીય જણાતાં દંપતી નંદિકેશ્વર પર અસ્વાર થઈ 'શિવ શિવ' એવા નામનો જપ કરતાં કરતાં શ્રીહરિની સમીપમાં પધાર્યાં. (૩૧/૩૩)

**તૃષાતુર શાલિગ્રામ** :- તપોનિધિ શ્રીહરિનાં દર્શન કરતાંની સાથે જ તત્કાળ નંદીકેશ્વર પરથી નીચે ઉતરી કાષાયવસ્ત્રધારી દંપતીએ દંડવત્ પ્રણામ કર્યા અને તેમની સમીપમાં આવીને બેઠા. (૩૪) તે સમયે તીર્થયાત્રાના વિધિ અનુસાર સમય વ્યતીત થતાં શ્રીહરિએ પ્રાતઃ અને સાયં સંધ્યાનું એક સાથે જ અનુષ્ઠાન કર્યું. ત્યાર બાદ સ્નાનવિધિથી શાલિગ્રામનું પૂજન કરવાનો પ્રારંભ કર્યો. (૩૫) ભગવાન શ્રીહરિ શાલિગ્રામને ચંદનના પાત્રમાં પધરાવી વેદમંત્રોના ઉચ્ચારની સાથે મહાકમંડલુની ધારાથી અભિષેક કરવા લાગ્યા. (૩૬)

પાંચ પ્રસ્થ પરિમિત (પાંચશેર) જળથી ભરેલું કમંડલું અભિષેક કરતાં કરતાં ખાલી થયું છતાં શાલિગ્રામના આધારભૂત ચંદનનું પાત્ર શ્રીહરિએ પૂર્વની માફક જળ વિનાનું જ જોયું. (૩૭) આટલું બધું (પાંચશેર) પાણી ક્યાં જતું રહ્યું હશે ? આ પ્રમાણે વિચારી શ્રીહરિએ તે પાત્રને ઊંચું કરી નિહાળ્યું પણ તેમાં ક્યાંય છિદ્ર જોયું નહિ તેથી ફરી ધરતી ઉપર પધરાવ્યું. (૩૮) 'તૃષાતુર થએલા શાલિગ્રામ જ આ સમગ્ર જળનું પાન કરી ગયા છે' આ પ્રકારે નિર્ણય કરી શ્રીહરિએ

स्वयम् । निश्चित्य तत्तृषाशान्तिमचिकीर्षद्धरिः स्वयम् ॥३९॥ कुण्ड्याम्बु कूपान्निष्कास्य धारयाभिषिषेच तम् । तत्सर्वमपिबत्सोऽपि सोऽपि चक्रे पुनस्तथा ॥४०॥ पपौ तदपि पानीयं शालग्रामस्तदा स तु । हसन्भूयोऽम्बु निष्कास्य धारयैवाभ्यषेचयत् ॥४१॥ तदप्यपाद्यदा तर्हि ज्ञात्वातितृषितं हि तम् । कूपमायात्पुनः कुण्ड्याः स निष्कासयितुं पयः ॥४२॥ श्रमखिन्नाखिलाङ्गस्य बह्वहोपोषितस्य च । भक्तिं तां तस्य दृष्ट्वा तौ दम्पती विस्मयं गतौ ॥४३॥ शालग्रामोऽपि भगवान् श्रान्तमाज्ञाय वर्णिनम् । आसीद्‌गततृषः सद्यो निजशुश्रूषुवत्सलः ॥४४॥ आहृताम्भाः स्नानपात्रं हरिर्दृष्ट्वाऽथ सोदकम् । ज्ञात्वा गतपिपासं तं चन्दनादिभिरार्चयत् ॥४५॥ व्यचिन्तयच्च मनसा शालग्रामस्य भूयसी । निवृत्तैव तृषा त्वद्य क्षुन्निवृत्तिः कथं भवेत् ॥४६॥ इत्थं विष्ण्वर्थमेवासौ चिन्तयाऽखिद्यदन्तरे । स्वस्योपवासाः षड् जातास्तदर्थं तु न विव्यथे ॥४७॥ इति व्यवसितं तस्य ज्ञात्वा जायापती उभौ । प्रीतावभूतां नृपते! पुमान् योषामथाब्रवीत् ॥४८॥ प्रियेऽस्मै बटवे देहि नैवेद्याय रमापतेः । सक्तूंस्त्वं गोणिकाबद्धाँल्लवणं चापि सत्वरम् ॥४९॥ ततः सा ग्रन्थिमुन्मुच्य पेशीस्थं वर्णिने ददौ । सक्तुप्रस्थं स चाऽऽदात्तान् यावदर्थं हरिर्नृप ! ॥५०॥ लवणेनाम्बुना मिश्रीकृत्य सक्तून्स विष्णवे । निवेद्यार्चाविधिं तस्य विधिनैव समापयत् ॥५१॥ दरिद्रभिक्षुकाकारावपि कान्त्याऽतिमानवौ । तावथापृच्छ्दानम्य दैवमानुष्यलक्ष्मवित् ॥५२॥ आकस्मिकागमौ शान्तौ कौ युवां करुणानिधी । योगिरूपप्रतिच्छन्नौ शिवाविव मनोहरौ ॥५३॥ युष्मादृशेक्षणं

---

તેમની તૃષાનિવૃત્તિ કરવાની ઈચ્છા કરી. (૩૯)

શ્રીહરિ કમંડલુ દ્વારા કૂવામાંથી જળ સિંચી સિંચી તેની ધારાએ શાલિગ્રામને અભિષેક કરવા લાગ્યા. શાલિગ્રામ તે બધું જ જળ પી ગયા. (૪૦) શ્રીહરિએ ફરીથી જળ સિંચી અભિષેક કર્યો તો તે બધું જળ પણ શાલિગ્રામ પી ગયા. તે સમયે મંદ મંદ મુસ્કુરાતા શ્રીહરિએ ફરી કૂવામાંથી જળ સિંચ્યું અને કમંડલુની ધારાથી અભિષેક કરવા લાગ્યા. તે જળ પણ જ્યારે શાલિગ્રામ પી ગયા ત્યારે શ્રીહરિ 'શાલિગ્રામ અતિશય તૃષાતુર થયા છે' એ પ્રમાણે જાણી ફરી જળનું કમંડલુ ભરવા કૂવા સમીપે આવ્યા. (૪૧/૪૨)

કૂવામાંથી વારે વારે જળ સિંચવાના પ્રયાસથી શ્રીહરિના શરીરનાં સમગ્ર અવયવો દુઃખતા હતાં. શ્રીહરિને ઘણા દિવસના ઉપવાસ હતા છતાં તેમની આવી ભક્તિ જોઈ શંકર પાર્વતી અતિશય વિસ્મય પામ્યાં. (૪૩) સેવા કરનારા ઉપર વાત્સલ્યભાવ વર્ષાવનારા ભગવાન શાલિગ્રામ પણ 'શ્રીહરિને થાક લાગ્યો છે' એમ જાણી તત્કાળ તેમણે પોતાની તૃષા શાંત કરી. (૪૪) ફરીને શ્રીહરિ જ્યાં જળ લાવ્યા ત્યાં તો જળપાત્રને ભરેલું જોયું તેથી 'હવે શાલિગ્રામ ભગવાનની તૃષા શાંત થઈ છે' એમ જાણી ચંદનાદિ ઉપચારદ્રવ્યથી તેમનું પૂજન કર્યું. (૪૫)

**શિવ પાર્વતીએ વર્ણીને આપેલો સાથવો :-** ત્યારબાદ શ્રીહરિ મનોમન વિચારવા લાગ્યા કે શાલિગ્રામની તૃષા તો શમી પણ તેમની ક્ષુધા કઈ રીતે નિવૃત્તિ પામશે ? (૪૬) ભગવાન શ્રીહરિ આ પ્રકારે શાલિગ્રામની ભૂખની ચિંતા કરવા લાગ્યા, પણ પોતાને છ ઉપવાસ થયા છે તેની લેશમાત્ર મનમાં ચિંતા કરતા નથી. (૪૭) આ પ્રકારે ભગવાન શ્રીહરિનો વિચાર જાણી શિવપાર્વતી અતિશય પ્રસન્ન થયાં. અને ભગવાન મહાદેવ, સતી પાર્વતી પ્રત્યે કહેવા લાગ્યા : (૪૮)

હે પ્રિયે ! ભગવાન શાલિગ્રામને નૈવેદ્ય ધરાવવાને અર્થે કોથળીમાં બાંધેલો સાથવો અને લવણ તત્કાળ આ બ્રહ્મચારીને અર્પણ કરો. (૪૯) હે રાજન્ ! મહાદેવનું વચન સાંભળી પાર્વતીજીએ કોથળીની ગાંઠો છોડી તેમાંથી નાની કોથળીમાં રહેલો એક શેર જેટલો સાથવો બ્રહ્મચારીને અર્પણ કર્યો. શ્રીનીલકંઠ વર્ણીએ પણ તેમાંથી જોઈએ તેટલો જ સાથવો ગ્રહણ કર્યો. (૫૦) ભગવાન શ્રીહરિએ સાથવામાં મીઠું અને જળ મિશ્ર કરી શાલિગ્રામ ભગવાનને નૈવેદ્ય અર્પણ કર્યું. આ રીતે શાસ્ત્રવિધિ અનુસાર ભગવાન વિષ્ણુની પૂજા સમાપ્ત કરી. (૫૧)

આવેલા દંપતીનો આકાર કોઈ દરિદ્ર ભિક્ષુકના જેવો જણાતો હતો. છતાં શરીરની કાંતિથી સમગ્ર મનુષ્યજાતિને પણ ઝાંખી પાડતાં હતાં. દેવ અને મનુષ્યનાં લક્ષણોને યથાર્થ જાણનારા શ્રીહરિ બન્નેને નમસ્કાર કરી પૂછવા લાગ્યા. (૫૨) શાંત અને કરુણાનિધિ તમે કોણ છો ? યોગીઓના વેષથી સ્વરૂપને ઢાંકનારાં શિવપાર્વતી જેવાં મનોહર આપનું ઓચિંતું આગમન ક્યાંથી થયું છે ? (૫૩) આ ઘોર જંગલમાં આપના જેવા યોગીઓનાં દર્શન દુર્લભ છે. તમે કોઈ સામાન્ય મનુષ્યો

त्वत्र कान्तारे दुर्लभं खलु । मर्त्यौ तु सर्वथा न स्थः स्वतत्त्वं ब्रूत मामृतम् ॥५४॥ तमाहतुस्तौ क्षुत्तृड्भ्यां ग्लानोऽसि त्वं कृशो भृशम् । वर्णिंस्ततः पिब जलमद्धि विष्णुनिवेदितम् ॥५५॥ ततो वार्ताः करिष्याम इत्युक्तो मानयन्स तौ । सक्तून्प्राश्योदकं पीत्वा निषसाद तदन्तिके ॥५६॥ योगी तं प्राह विप्र ! त्वं ब्रह्मचर्यव्रतस्थितिः । तपस्व्यपि जितक्रोधः कृष्णभक्तो महानसि ॥५७॥ अभाषितचरं तस्मात्त्वदग्रे नानृतं ब्रुवे । अशेषपुण्यक्षयकृत्तपस्व्यग्रेऽनृतं वचः ॥५८॥ शङ्करं मां विजानीहि पार्वत्या सह वर्णिराट् । यदृच्छयागतं ह्यत्र दुर्दर्शं तपतामपि ॥५९॥ इत्युक्त्वा दर्शयामास स्वरूपं सहसैव सः। साश्चर्यं नीलकण्ठस्तमपश्यद्दिव्यविग्रहम् ॥६०॥ कर्पूरगौरमुरुभास्करभासुराङ्गं भस्माङ्गरागरुचिरावयवेक्षणीयम् । यज्ञोपवीतवलयायितनागराजं केयूरहारकटिसूत्रपदस्थनागम् ॥६१॥ द्वीपिद्विपाजिनसदंशुकयुग्मशोभं प्रोत्फुल्लनीरजनिभाननमन्दहासम् । शीतद्युतिद्युतितरम्यविशालभालं चञ्चद्वहत्पुरटपिङ्गजटाकलापम् ॥६२॥ वीरासनेन पुरतो धरणौ निषण्णं कौशासने स्तिमितदृक्त्रितयं स्थिराङ्गम् । वामे करे निजजनाभयदानमुद्रां दक्षेऽपि दोषणि च बिभ्रतमक्षमालाम् ॥६३॥ पार्श्वे च वाम उमया स्थितया त्रिलोकीसाध्वीगणार्चितपदाम्बुजयाऽतिभक्त्या । सद्वीजनेन परिसेवितमात्मनिष्ठं नन्दीश्वरादिगणमण्डलनूयमानम् ॥६४॥ ब्राह्मीं बुभुत्सुभिरुशन्मतिभिश्च विद्यां क्रौञ्चारिनारदसनन्दनमुख्यविप्रैः । नम्रैः सिताञ्जलिपुटद्वितयैः सहर्षं सम्प्रेक्ष्यमाणकरुणाक्षिकटाक्षपातम् ॥६५॥

---

તો નથી જ ! માટે તમારા નામ અને ગોત્ર કયા છે ? તેનો પરિચય આપો. તેમાં જરા પણ અસત્ય કહેશો નહિ. (૫૪)

શ્રીહરિના કહેવાથી તેઓ કહેવા લાગ્યાં કે, હે બાલયોગી ! તમે ભૂખ અને તરસથી ખેદ પામી રહ્યા છો. તમારું શરીર દુર્બળ થયું છે. તે હેતુથી તમે પ્રથમ જળપાન કરો અને ભગવાન શાલિગ્રામને નિવેદિત કરેલો આ સાથવો આરોગો. ત્યારબાદ આપણે પરસ્પર વાર્તાલાપ કરીશું. આ પ્રમાણે બન્નેએ કહ્યું તેથી શ્રીહરિએ તેમનો આદરસત્કાર કર્યો અને સાથવો જમી જળપાન કર્યું. ત્યાર બાદ તેમની સમીપમાં બિરાજમાન થયા. (૫૫/૫૬)

**ભગવાન આશુતોષે આપેલો પોતાનો પરિચય :-** યોગી સ્વરૂપ ભગવાન વિશ્વનાથ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે હે વિપ્ર ! તમે બ્રહ્મચર્યવ્રતમાં દૃઢ નિષ્ઠાવાન, તપમાં પ્રીતિમાન, ક્રોધ ઉપર વિજય મેળવનાર તેમજ મહાન ભગવદ્‌ભક્ત છો. (૫૭) તપસ્વી પુરુષોની આગળ બોલાયેલું અસત્ય વચન સમગ્ર પુણ્યનો વિનાશ કરે છે. અત્યાર સુધી મેં કોઈનીય આગળ અસત્ય વચન ઉચ્ચાર્યું નથી તેથી હે તપસ્વીવર્ય ! તમારી આગળ પણ હું અસત્ય વચન નહિ જ બોલું. (૫૮)

હે વર્ણિરાજ ! હું સાક્ષાત્ શંકર છું. આ પાર્વતી દેવી છે. તપસ્વીઓને પણ મારું દર્શન દુર્લભ છે છતાં દૈવઈચ્છાથી અહીં તમારી પાસે આવ્યો છું. (૫૯) આ પ્રમાણે કહી, તે જ ક્ષણે ભગવાન શિવે પોતાના મૂળ સ્વરૂપનું શ્રીહરિને દર્શન કરાવ્યું. શ્રીનીલકંઠવર્ણી પણ આશ્ચર્યપૂર્વક દિવ્યમંગલ વિગ્રહધારી શંકરનાં દર્શન કરવા લાગ્યા. (૬૦)

ભગવાન મહાદેવનો વર્ણ કપૂર સમાન ગૌર હતો. અનેક સૂર્ય સમાન ઉજ્જવળ શરીરની કાંતિ હતી. ભભૂતિના લેપનથી અવયવો દર્શનીય અને સુંદર લાગતાં હતાં. જનોઈના પ્રતીક સ્વરૂપે વર્તુલાકારે સર્પરાજને ધારણ કર્યા હતા. તેમજ બાજુબંધ, હાર અને કટિમેખલાના પ્રતીક સ્વરૂપે પણ સર્પો ધારણ કર્યા હતા. વાઘાંબર અને ગજાંબરના વસ્ત્રયુગલથી શોભતા હતા. તેમનું મુખ વિકસેલ કમળની સમાન મંદ મંદ હાસ્યથી શોભતું હતું. ચંદ્રમાની જ્યોત્સ્નાથી ચળકતા વિશાળ ભાલથી રમણીય લાગતા હતા. ચળકતા સુવર્ણ સમાન પીંગલવર્ણી જટા મસ્તક પર ધારણ કરી હતી. શ્રીહરિની આગળના ભાગમાં ધરતી ઉપર પાથરેલા દર્ભાસન ઉપર વીરાસને બિરાજમાન થયા હતા. તેમનાં ત્રણે નેત્રો સ્થિર હતાં. તેમનાં અવયવો પણ સ્થિર હતાં. ડાબા હસ્તથી પોતાના ભક્તજનોને અભયદાન આપતી મુદ્રા ધારણ કરી હતી તથા જમણા હાથમાં રુદ્રાક્ષની માળા ધારણ કરી હતી. ત્રિલોકીમાં રહેલ સમગ્ર પતિવ્રતા નારીઓએ ભક્તિભાવપૂર્વક જેમનાં ચરણકમળની પૂજા કરેલી છે એવા, તેમની ડાબી બાજુએ બિરાજતાં પાર્વતીદેવી સ્નેહપૂર્વક વીંજણો ઢોળીને સેવા કરી રહ્યાં હતાં. નંદીશ્વર આદિ ગણો આત્મનિષ્ઠ શિવજીની સ્તુતિ કરી રહ્યા હતા. બ્રહ્મસંબંધી વિદ્યાને જાણવાની ઈચ્છા ધરાવનારા, મોક્ષસંબંધી બુદ્ધિને વરેલા અને વિનમ્રતાથી બે હાથ જોડી ઊભા રહેલા; કાર્તિક સ્વામી, નારદ અને સનંદન વગેરે સનત્કુમારો હર્ષપૂર્વક તેમના કરુણા ભરેલા કૃપાકટાક્ષને નિહાળી રહ્યા હતા. (૬૧ થી ૬૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तं वीक्ष्य साक्षाच्छिवमेव वर्णी प्रणम्य बद्धाञ्जलिरश्रुनेत्रः । तुष्टाव राजञ्जगतामधीशं रोमाञ्चिताङ्गः प्रणयेन नम्रः ॥६६॥ श्रीनीलकण्ठ उवाच – सदाशिवं शाश्वतमीशितारं प्रशान्तमाशापतिमण्डलेशम् । ब्रह्मादिदेवार्चितपादपद्मं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥६७॥ सर्वेश्वरं सर्वगुणाधिवासं देवं महादेवमुदारकीर्तिम् । विद्यातपोयोगकलानिधानं श्री० ॥६८॥ सकालमायायमभीतिभङ्गं जगज्जनित्राणविनाशहेतुम् । प्रचेतसां देशिकमाप्तकामं श्री० ॥६९॥ महाविषत्रातसमस्तलोकं मृत्युञ्जयं मर्त्यजनाशुतोषम् । भस्मावशेषीकृतकामदेहं श्री० ॥७०॥ अशेषविद्यागममन्त्रमूलं वैराग्यवेगोज्झितसर्वभोगम्। मुमुक्षुभिर्मुक्तजनैश्च सेव्यं श्री० ॥७१॥ गङ्गाधरं चान्धकदैत्यनाशं कैलासनाथं सुखितात्मदासम् । पापोच्चयोन्मूलननाममात्रं श्री० ॥७२॥ श्रीविश्वनाथं कृतकाशिवासं प्रमीतकर्णोदिततारकं च । भवोद्धृतानेकमहाघिजीवं श्री० ॥७३॥ देवादिसङ्कष्टहरं हराख्यं श्री० ॥७४॥ सुव्रत उवाच – इति स्तुत्वा शिवं भक्त्या प्रणम्य च स धर्मभूः । तुष्टाव जगदम्बां च दुर्गां दुर्गतिनाशनीम् ॥७५॥ श्रीनीलकण्ठ उवाच – मातः ! शिवे ! मङ्गलवृन्ददात्रीं सर्वेश्वरीं चाखिललोकधात्रीम् । महासतीं शङ्करशक्तिमाद्यामुमामहं त्वां प्रणमामि देवीम् ॥७६॥ सुरेन्द्रमुख्यामरकष्टदातुर्विनाशयित्रीमसुरव्रजस्य । सदैव सर्वामरसौख्यदात्रीमुमा० ॥७७॥ निशुम्भशुम्भासुरदर्पहन्त्रीं निजाश्रितापन्निचयापहन्त्रीम् । श्रीविष्णु-कार्योद्यतयोगमायामुमा० ॥७८॥

---

હે રાજન્ ! આ પ્રકારે પ્રત્યક્ષ શિવજીનાં દર્શન કરી પ્રણામ કરીને શ્રીહરિ બે હાથ જોડી, રોમાંચિતગાત્ર થઈને પ્રેમપૂર્વક વિનમ્રભાવે જગતના અધીશ્વર ભગવાન સદાશિવની સ્તુતિ કરવા લાગ્યા. (૬૬)

**શ્રીહરિએ કરેલ શિવજીનું સ્તવન :-** શ્રીનીલકંઠ સ્તુતિ કરતાં કહે છે, હે ભગવાન શંકર ! હું તમને પ્રણામ કરું છું. તમે સદૈવ મંગળસ્વરૂપ છો. શાશ્વત છો. સર્વ જગતના નિયંતા છો. ઉપશમ સ્થિતિમાં રહેનારા છો. દિગ્પતિઓના પણ સ્વામી છો. બ્રહ્માદિ દેવો પણ તમારાં ચરણકમળનું પૂજન અર્ચન કરે છે. (૬૭) તમે સર્વેશ્વર છો. સર્વ ગુણોના ભંડાર છો. દેવ છો. મહાદેવ છો. ઉદાર કીર્તિમાન છો. વિદ્યા, તપ અને યોગકળાના નિધિ છો. (૬૮) કાળે સહિત માયા અને યમના ભયને ભાંગનારા છો. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છો. પ્રચેતાઓના ગુરુ છો. પૂર્ણકામ છો. (૬૯) સમુદ્રમંથનમાંથી નીકળેલા હળાહળ કાલકૂટ વિષથી સમસ્ત વિશ્વનું રક્ષણ કરનારા છો. મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરનારા છો. મનુષ્યો ઉપર શીઘ્ર પ્રસન્ન થનાર છો. કામદેવના દેહને ભસ્મીભૂત કરનારા છો. (૭૦)

સમગ્ર વિદ્યા, શાસ્ત્ર અને મંત્રની પ્રવૃત્તિના મૂળકારણરૂપ છો. વૈરાગ્યના વેગથી સમગ્ર વિષયભોગનો ત્યાગ કરનારા છો. મુક્ત અને મુમુક્ષુજનો પણ તમારી સેવા કરે છે. (૭૧) મસ્તકના જટાજૂટમાં ભાગીરથી ગંગાને ધારણ કરનારા છો. અંધક નામના દૈત્યનો વિનાશ કરનારા છો. કૈલાસાધિપતિ છો. સેવકવૃંદને સુખી કરનારા છો. નામોચ્ચાર માત્રથી પાપના સમૂહને નાશ કરનારા છો. (૭૨) કાશીમાં વિરાજતા **'શ્રીવિશ્વનાથ'** નામથી પ્રસિદ્ધ છો. સમીપ મૃત્યુવાળા પ્રાણીઓના કાનમાં શ્રીરામના ષડક્ષરી તારકમંત્રનો ઉપદેશ કરનારા છો. ભવસાગરમાંથી અસંખ્ય મહાપાપી જીવોનો ઉદ્ધાર કરનારા છો. (૭૩) દેવોના દુઃખને હરનારા છો. અને તેથી જ **'હર'** એવા સાર્થક નામને ધારણ કરનારા છો. શ્રી પાર્વતીદેવીના પ્રાણનાથ છો. ત્રિપુર નામના દૈત્યનો અંત લાવનાર છો. નંદિકેશ્વર (વૃષભ) નાં ચિહ્નયુક્ત ધજાને ધરનારા છો. મંગળ મૂર્તિ છો. અને સર્વેના ઈશ છો. (૭૪)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિએ સ્નેહથી સદાશિવનું સ્તવન કરી નમસ્કાર કર્યા. ત્યારબાદ દુર્ગતિનો વિનાશ કરનારી જગત્માતા દુર્ગાનું સ્તવન કરવા લાગ્યા. (૭૫)

**શ્રીહરિએ કરેલ પાર્વતીદેવીની સ્તુતિ :-** શ્રીનીલકંઠ કહે છે, હે માતા! હે મંગળ સ્વરુપા ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું. તમે સર્વનું મંગળ કરનારા છો. સર્વેશ્વરી છો. સમસ્તલોકને ધારણ કરનારા છો. મહાસતી છો. શંકરનાં શક્તિ સ્વરૂપ છો. આદિ છો. (૭૬) ઈન્દ્રાદિ દેવગણોને કષ્ટ આપનારા અસુરોના વૃંદને વિનાશ કરનારા છો. સર્વકાળે સર્વ દેવતાઓને સુખ આપનારા છો. (૭૭) નિશુંભ અને શુંભ નામના અસુરોનો ગર્વ હણનારા છો. પોતાના આશ્રિતોની વિપત્તિઓના સમૂહનો વિનાશ કરનારા છો. ભગવાન વિષ્ણુનું કાર્ય કરવામાં તત્પર છો. યોગમાયા છો. (૭૮) અસુરોના

सुरारिनाशार्थमनेकशक्तीरुत्पादयन्तीममरेन्द्रपक्षाम् । महामृधाविष्कृत-भूरिहस्तामुमा० ॥७९॥ सुरापलस्वार्चकसर्ववर्णशीर्षच्छिदाक्रोधकरालवक्त्राम् । अभीष्टदात्रीं व्रजकन्यकानामुमा० ॥८०॥ दाक्षायणीं रूपधरां युगादौ सतीं ततः श्रीगिरिराजपुत्रीम् । साध्वीव्रतत्राणपरामनादिमुमा० ॥८१॥ नरामरैर्दुष्करमुग्रमादौ तपश्चरन्ती गिरिशप्रसत्त्यै । न पत्रमप्याद इति ह्यपर्णामुमा० ॥८२॥ प्रसूं गणेशस्य सदैव सेवापरायणामम्ब ! महेश्वरस्य । अमङ्गलघ्नीं निजसेवकानामुमा० ॥८३॥ सुव्रत उवाच - इति स्तुत्वैवोपरतं वर्णिनं तावुमाशिवौ । ऊचतुर्नौ वरं वर्णिन् ! वरय त्वं निजेप्सितम् ॥८४॥ श्रीनीलकण्ठ उवाच - यदि प्रसन्नौ भवथो जगतः पितरौ युवाम् । यच्छतं तर्हि वैराग्यं दृढं सांसारिकेषु मे ॥८५॥ उमामहेश्वरावूचतुः- व्रियते यत्त्वया वर्णिंस्तत्तु सिद्धं सदा त्वयि । तथापि तद्विशेषेण भविष्यति महामुने ! ॥८६॥ नारायणऋषिः साक्षादसि त्वं बदरीपतिः । मानुष्यनाट्यं विदधद्वर्तसेऽत्रेति विद्ध वै ॥८७॥ नमोस्तु जगदीशाय नरनारायणाय ते । सहार्जुनाय कृष्णाय धर्मसंस्थापनाय च ॥८८॥ त्वं हि साक्षात्परंब्रह्म क्षराक्षरपरं विभु । अनेककोटिब्रह्माण्डोदयस्थित्यन्तकारणम् ॥८९॥ गोलोकाधिपतिर्दिव्यवृन्दावनविहारकृत् । अखण्डरासलीलस्त्वं राधिकारमणः स्वयम् ॥९०॥ कल्यधर्मासुरगुरुपाषण्डोपद्रुतं प्रभो! । सद्धर्मं पातुमत्र त्वमाविर्भूतो दयानिधिः ॥९१॥ निमित्तीकृत्य दुर्वासःशापं नारायणात्मना । भक्तौ जातोऽसि धर्मात्त्वं हरिर्भक्तविपद्धरः ॥९२॥ भाव्यानामिह लोकानां

---

વિનાશને અર્થે અનેક શક્તિઓને ઉત્પન્ન કરનારા છો. દેવો સહિત દેવેન્દ્રના પક્ષમાં રહી તેમની સહાય કરનારા છો. મહાયુદ્ધમાં હજારો ભુજાઓને પ્રગટ કરનારા છો. (૭૯) સુરા અને માંસથી પોતાનું પૂજન કરનારા સર્વ વર્ણના મનુષ્યોના મસ્તકને કાપવાને અર્થે મહાક્રોધથી વિકરાળ મુખને ધારણ કરનારા છો. વ્રજ સુંદરીઓને ઈચ્છિત વરદાન આપનારા છો. (૮૦) આદિયુગમાં સુંદર રૂપ ધારણ કરનારા દક્ષપુત્રી **'સતી'** એવા નામથી વિખ્યાત થયા છો. ત્યાર બાદ હિમાલય પર્વતની પુત્રી **'પાર્વતી'** એવા નામથી પ્રસિદ્ધ છો. પતિવ્રતાના ધર્મનું રક્ષણ કરનારા છો. અનાદિ સિદ્ધ છો. (૮૧) પૂર્વે શિવજીની પ્રસન્નતાર્થે કોઈ પણ મનુષ્ય કે દેવથી પણ ન બની શકે તેવી તીવ્ર તપશ્ચર્યા કરનારા છો. તેમજ પત્રોનું પણ ભક્ષણ નહિ કરવાથી **'અપર્ણા'** એવા નામથી તમે પ્રસિદ્ધ થયા છો. શ્રીગણેશજીની જનેતા છો.(૮૨) સદાય શિવની સેવા પરાયણ છો. પોતાના સેવકોનું અમંગળ હરનારા છો. (૮૩)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે સ્તુતિ કરી શ્રીહરિ વિરામ પામ્યા. ત્યાર બાદ શિવ અને પાર્વતી, શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યાં કે હે વર્ણી ! આપની ઈચ્છા અનુસાર અમારી પાસેથી વરદાન માગો. (૮૪) ત્યારે નીલકંઠ કહેવા લાગ્યા કે હે જગતનાં માતપિતા ! તમે જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને સાંસારિક વિષયોમાં દૃઢ વૈરાગ્ય થાય એવું વરદાન આપો. (૮૫) શ્રીહરિનાં વચનો સાંભળી શિવ અને પાર્વતી કહેવાં લાગ્યાં કે હે વર્ણી! આપ જે વૈરાગ્યની માગણી કરી રહ્યા છો તે વૈરાગ્ય તો તમારામાં સહજ વર્તે છે. છતાં હે મહામુને ! તે આપનો વૈરાગ્ય વિશેષપણે વૃદ્ધિ પામશે. એવું અમારું વરદાન છે. (૮૬)

તમે બદરીપતિ સાક્ષાત્ શ્રી નારાયણ ઋષિ છો. મનુષ્યનાટકને કરવા તમે આ લોકમાં અમારી નજર સમક્ષ બિરાજો છો. એમ અમે નિશ્ચય જાણીએ છીએ. (૮૭) સમસ્ત જગતના નિયંતા પરમેશ્વર તમને નમસ્કાર. નરનારાયણ સ્વરૂપે રહેલા તમને નમસ્કાર. અર્જુનની સાથે બિરાજતા શ્રીકૃષ્ણ પરમાત્મા તમને નમસ્કાર. તેમજ એકાંતિક ધર્મનું પ્રવર્તન કરનારા તમને અમો નમસ્કાર કરીએ છીએ. (૮૮)

તમે ક્ષર અક્ષરથી પર વિભુ સ્વરૂપે રહેલા પ્રત્યક્ષ પરબ્રહ્મ છો. અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ સ્વરૂપ છો. તમે ગોલોકના અધિપતિ છો. દિવ્ય વૃંદાવનમાં વિહાર કરનારા છો. અખંડ રાસલીલા કરનારા છો તેમજ રાધિકાના પતિ છો. (૮૯/૯૦)

હે પ્રભુ ! કલિયુગ અને અધર્મથી ભરપૂર અસુરગુરુઓના પાખંડથી પીડાતા એકાંતિક ધર્મનું રક્ષણ કરવા દયાસિંધુ તમે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. (૯૧) શ્રી નારાયણ ઋષિ સ્વરૂપે દુર્વાસાના શાપને નિમિત્ત બનાવી ભક્તજનોના દુઃખને હરનારા શ્રીહરિ તમે ધર્મ અને ભક્તિદેવીને ત્યાં **'હરિકૃષ્ણ'** નામથી પ્રગટ થયા છો. (૯૨) કળિયુગમાં ભાવિ

**कलौ संसृतिमुक्तये । कीर्तनश्रवणार्हाणि चरित्राणि करोषि वै ॥९३॥ अद्य त्वद्दर्शनेन स्वः परमानन्दनिर्वृतौ । आवां त्वदीयभक्तिस्थौ सदा त्वद्दर्शनोत्सुकौ ॥९४॥** सुव्रत उवाच - **इति शिवश्च शिवा प्रणिगद्य तं प्रहसिताननपद्ममृषीश्वरम् । तदवलोकनहर्षभृतान्तरौ नृप ! तिरोदधतुः सहसा ततः ॥९५॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे महाटव्यामुमामहेश्वरदर्शननामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥४९॥

सुव्रत उवाच - **अन्तर्हिते शङ्करेऽथ स्वस्यातिप्रियदर्शने । नीलकण्ठस्ततोऽगच्छत्स्मरन् भूतपरीं स्म तम् ॥१॥ तत्र रामानुजाचार्यप्रतिमायाः स दर्शनम् । पूजनं च विधायागाद्दुर्गां कन्याभिधां ततः ॥२॥ ततो ययौ वर्णिराजः पद्मनाभं जनार्दनम् । आदिकेशवनामानं ततो विष्णुमुपाययौ ॥३॥ असुराणां सहस्रे द्वे तत्रास्तां शस्त्रधारिणाम् । ते तत्रत्यनृपेणैव निहते तज्जिघांसुनी ॥४॥ मानसे पत्तने पूर्वं क्ष्माभुजा सत्रधर्मणा । निहता असुरा यद्वत्तथा राज्ञाऽत्र धर्मिणा ॥५॥ मलयाख्यं ततः प्रायान्नानाद्रुमसमाकुलम् । नारायणः कुलगिरिं तीर्थयात्रापरायणः ॥६॥ पञ्चाहानि गिरौ तत्र साक्षिगोपालदर्शनम् । कुर्वंश्चन्दनवृक्षाणां ससर्पाणां वनेऽवसत् ॥७॥ चन्द्रभागानदीतीरे पुण्डलीकपुरं ययौ । तत्र श्रीविठ्ठलस्यासौ चक्रे श्रीभर्तुरीक्षणम् ॥८॥ नद्यां स्नानं विठ्ठलस्य दर्शनं गुणकीर्तनम् । कुर्वन् प्रतिदिनं तत्र द्वौ मासौ**

---

જીવાત્માઓની સંસારના બંધનોમાંથી મુક્તિને અર્થે ગાન કરવા યોગ્ય તેમજ શ્રવણ કરવા યોગ્ય ચરિત્રોનો તમે વિસ્તાર કરો છો. (૯૩) અમને તમારી ભક્તિ કરવામાં નિષ્ઠા છે. આપના દર્શનની નિરંતર ઉત્કંઠા ધરાવતા અમોને અત્યારે આપનાં દર્શનથી પરમાનંદની પ્રાપ્તિ થઈ છે. (૯૪)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે મંદ મંદ હાસ્ય સભર મુખકમળથી શોભતા ઋષીશ્વર શ્રીહરિનું શિવ અને પાર્વતીએ સ્તવન કર્યું અને શ્રીહરિનાં દર્શનથી અંતરમાં હર્ષ પામતાં પામતાં ત્યાંથી અચાનક અદૃશ્ય થયાં. (૯૫)

*ઇતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'મહા અરણ્ય વિષે ઉમા-મહેશ્વરદર્શન' નામે ઓગણપચાસમો અધ્યાયઃ (૪૯)*

## અધ્યાય : ૫૦

## શ્રી નીલકંઠવર્ણીનું લોજપુરમાં આગમન

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિને શંકરનું દર્શન અતિ પ્રિય હોવાથી તેમનાં અંતર્ધાન થયા પછી શ્રીહરિ તેમનું સ્મરણ કરતા કરતા આગળ ભૂતપુરી પધાર્યા. (૧) ભૂતપુરીમાં શ્રી રામાનુજાચાર્યની પ્રતિમાનાં દર્શન તથા પૂજન કરી ત્યાંથી ચાલતા શ્રીહરિ **'કન્યાકુમારી'** નામથી પ્રસિદ્ધ દુર્ગાદેવીના સ્થાનમાં પધાર્યા. ત્યાંથી આગળ ચાલતા વર્ણિરાજ **પદ્મનાભ** નામના વિષ્ણુક્ષેત્રમાં પધાર્યા. ત્યાંથી ચાલતા **જનાર્દન** નામના વિષ્ણુક્ષેત્રમાં પધાર્યા. ત્યાંથી ચાલતા **આદિકેશવ** તીર્થમાં પધાર્યા ને ત્યાં વિષ્ણુ ભગવાનનાં દર્શન કર્યાં. (૨/૩) આ તીર્થમાં શ્રીહરિને મારી નાખવાની ઇચ્છા ધરાવતા શસ્ત્રધારી બે હજાર અસુરો રહેતા હતા, તેમનો પણ શ્રીહરિએ ત્યાંના બુદ્ધિમાન રાજા દ્વારા જ વિનાશ કરાવ્યો. (૪)

પૂર્વે માનસ પત્તન શહેરમાં સત્રધર્મા રાજાએ જે રીતે અસુરોનો સંહાર કર્યો હતો તે જ રીતે આ ક્ષેત્રમાં પણ સુમતિ નામના ધાર્મિક રાજાએ શ્રીહરિને મારવાના ઉદ્યમવાળા શસ્ત્રધારી અસુરોનો સંહાર કર્યો. (૫) તીર્થયાત્રાપરાયણ વર્તતા શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને અનેક પ્રકારનાં વૃક્ષોથી સંકુલ મલયાચલ નામના કુલગિરિ પર્વત પર પધાર્યા. ત્યાં અર્ચાસ્વરૂપે બિરાજતા ભગવાન **સાક્ષી ગોપાલ**નાં દર્શન કરી સર્પથી વીંટળાયેલાં ચંદનવૃક્ષોના વનમાં શ્રીહરિ પાંચ દિવસ સુધી નિવાસ કરીને રહ્યા. (૬/૭)

**પંઢરપુરમાં આગમન** :- ત્યાંથી ચાલતા શ્રીહરિ ચંદ્રભાગા નદીને તીરે આવેલા પંઢરપુરમાં પધાર્યા અને ત્યાં લક્ષ્મીપતિ શ્રી વિઠ્ઠલનાથ ભગવાનનાં દર્શન કર્યાં. (૮) શ્રીહરિ ત્યાં નિરંતર ચંદ્રભાગા નદીમાં ત્રિકાળ સ્નાન કરવા પૂર્વક



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

न्यवसद्धरिः ॥९॥ दैवा जीवाः सहस्रे द्वे तत्र चक्रुस्तदाश्रयम् । हित्वा दुःसङ्गजं दोषं भेजुस्तं तद्वचःस्थिताः ॥१०॥ श्रीविठ्ठलं ततो नत्वा परिष्वज्य च भक्तितः । स्तुवंस्तत्क्षेत्रमाहात्म्यं दण्डकारण्यमाययौ ॥११॥ कुर्वन्प्रदक्षिणां तस्य नासिकाख्यं पुरं ययौ ॥ दर्शनं त्र्यम्बकेशस्य कृत्वाऽगात्तपतीं नदीम् ॥१२॥ ततः स नर्मदायात्रां कृत्वोत्तीर्य महीं नदीम् । तीर्त्वा साभ्रमतीं प्रायाद्भीमनाथाख्यशङ्करम् ॥१३॥ गोपनाथमुपेत्याथ पञ्चतीर्थीं समाचरन् । नीलकण्ठ उपेयाय मकरालयपत्तनम् ॥१४॥ एवं तीर्थानि विचरन्सद्धर्मं परिपालयन् । अधर्मसर्गं तीर्थस्थमुच्चखान निजौजसा ॥१५॥ पाषण्डिनो गुरुञ्जित्वा वादैः सच्छास्त्रसम्मतैः । मुमुक्षून्रक्षितांस्तेभ्यो मोचयामास संसृतेः ॥१६॥ तपश्च ब्रह्मचर्यादीन्नियमानाचरन् स्वयम् । त्यागिनां तैर्थिकानां च स्थितिरीतिमदर्शयत् ॥१७॥ शान्तस्तितिक्षुरेकाकी निःस्पृहो निष्परिग्रहः । कौपीनमात्रवसनो मृगाजिनधरो जटी ॥१८॥ अनावृताङ्गः सर्वेषु ऋतुष्वपि दिवानिशम् । बहिर्ग्रामाद्द्रुमाधस्ताद्वसन् ग्रामे तु न क्वचित् ॥१९॥ नित्यं त्रिषवणस्नायी त्रिकालं कृष्णपूजकः । पञ्चाध्याय्याः पूजनान्ते पाठं कुर्वन्दिनेदिने ॥२०॥ प्राणायामांस्त्रिकालं च कुर्वन्नानासनानि च । स्वेच्छया हिमकालेऽपि सेवमानो न चानलम् ॥२१॥ अखण्डं स्वस्वरूपस्थो निर्निमेषविलोचनः । त्वगस्थिशेषगात्रश्च भूयो धमनिसन्ततः ॥२२॥ देहानुसन्धानहीनः शर्कराकण्टकादिषु । निरुपानच्चलन्मार्गे न पृच्छन्वर्त्म कञ्चन ॥२३॥ घोरेष्वरण्येषु चरन् पर्वतेषु च निर्भयः । सिंहव्याघ्रोरगाद्यैश्च

વિઠ્ઠલનાથના દર્શન કરતા અને તેમના ગુણોનું સંકીર્તન કરતા : આ પ્રમાણે ત્યાં બે માસ પર્યંત રોકાયા. (૯) પંઢરપુરમાં બે હજાર દૈવી જીવોએ આશ્રય કર્યો. દુર્જનોના પ્રસંગથી ઉત્પન્ન થયેલી અધર્મબુદ્ધિનો ત્યાગ કર્યો અને શ્રીહરિના વચનમાં રહી તેમનું ભજનસ્મરણ કરવા લાગ્યા. (૧૦) ત્યાર બાદ વર્ણીન્દ્ર શ્રીહરિ વિઠ્ઠલનાથજીને સ્નેહપૂર્વક પ્રણામ કરીને ભક્તિભાવથી તેમને ભેટ્યા. અને તે તીર્થક્ષેત્રના મહિમાને વિશેષ વખાણતા થકા શ્રીહરિ દંડકારણ્યમાં પધાર્યા. (૧૧)

**માંગરોળપુરમાં આગમન :-** દંડકારણ્યને પ્રદક્ષિણા કરી શ્રીહરિ નાસિક નગર પધાર્યા. ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરી તાપી નદીએ પધાર્યા. (૧૨) તાપીમાં સ્નાન કરી શ્રીહરિ નર્મદા પધાર્યા અને ત્યાંથી આગળ ચાલતા મહી નદી ઊતર્યા. ત્યાંથી આગળ ચાલતા શ્રીહરિ સાબરમતી નદી પાર કરી ભાલપ્રદેશમાં આવેલા ભીમનાથ મહાદેવની જગ્યામાં પધાર્યા. (૧૩) ત્યાંથી શ્રીહરિ ગોપનાથ પધાર્યા. ત્યાંથી પંચતીર્થીમાં વિચરતા શ્રીનીલકંઠ વર્ણીન્દ્ર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ **'માંગરોળ'** નામનાં સમુદ્રતીરસ્થ પુરમાં પધાર્યા. (૧૪)

**વનની વાટે તીર્થયાત્રામાં શ્રીહરિનાં અદ્‌ભુત કાર્યો :-** આ પ્રકારે તીર્થોમાં વિચરતા તેમજ સદ્ધર્મનું પાલન કરતા શ્રીહરિએ પોતાના પ્રતાપથી તીર્થસ્થાનોમાં છૂપી રીતે નિવાસ કરીને રહેલા અધર્મસર્ગનો વિનાશ કર્યો. (૧૫) સત્શાસ્ત્રસંમત વાદવિવાદથી પાખંડી ગુરુઓનો પરાભવ કરી, તેમના થકી રક્ષણ કરાયેલા મુમુક્ષુજનોને જન્મમરણ રૂપ સંસૃતિનાં બંધનથી મુક્ત કર્યા. (૧૬) સ્વયં શ્રીહરિએ પણ તીર્થોમાં વિચરતી વખતે તપ અને બ્રહ્મચર્યાદિ નિયમોનું યથાર્થ પાલન કરી તીર્થવાસી અને ત્યાગી પુરુષોની સ્થિતિ અને રીતિ કેવી હોય તેનું શિક્ષણ આપ્યું. (૧૭)

**વન મધ્યે તીર્થયાત્રા કરતા શ્રીહરિના જીવનની અનોખી રીતભાત :-** સ્વભાવે શાંત શ્રીહરિ ટાઢતડકો વગેરે દ્વન્દ્વોને સહન કરતા. સ્વયં એકાકી પણે તીર્થમાં વિચરતા. નિઃસ્પૃહી રહેતા. કોઈ પણ વસ્તુનો પરિગ્રહ કરતા નહિ. માત્ર કૌપીનભેર રહેતા. મૃગચર્મ ધારણ કરતા. મસ્તક પર જટા ધારણ કરતા. (૧૮) છએ ઋતુમાં રાત્રિદિવસ ઉઘાડે શરીરે ફરતા. ગામની બહાર વૃક્ષ નીચે પોતાનો નિવાસ કરતા. ગામમાં ક્યારેય રહેતા નહિ. (૧૯) હમેશાં ત્રણ વખત સ્નાન કરતા. ત્રણે કાળમાં શ્રીકૃષ્ણનું પૂજન કરતા. પૂજાના અંતમાં પ્રતિદિન રાસ પંચાધ્યાયીનો પાઠ કરતા. (૨૦) ત્રિકાળ પ્રાણાયામ કરતા. અનેક પ્રકારનાં યોગાસન કરતા. શિયાળાના સમયમાં પણ સ્વેચ્છાથી ક્યારેય અગ્નિનું સેવન કરતા નહિ.(૨૧) સ્વ સ્વરૂપમાં અખંડ નિમગ્ન રહેતા. નિર્નિમેષ દૃષ્ટિ રાખતા. ત્વચા અને અસ્થિમાત્ર અવશિષ્ટ તેમજ કૃશતાને લીધે સ્પષ્ટ દેખાતી નાડીઓથી વ્યાપ્ત શરીરને ધારણ કરતા હતા. (૨૨)

શરીરનું અનુસંધાન રાખતા નહિ. કાંટા અને કાંકરામાં પણ ઉઘાડે પગે મોજડી વગર ચાલતા. કોઈને રસ્તો પણ પૂછતા નહિ. ઘનઘોર ઘાટા જંગલમાં નિર્ભયપણે વિચરતા તેમ છતાં સિંહ, વાઘ અને સર્પ વગેરે હિંસક પ્રાણીઓ પણ



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कुत्राप्यक्षतविग्रहः ॥२४॥ सकृदश्नन् क्वचिच्चान्नं फलं मूलं च वा दलम् । तिष्ठन्निरशनः क्वापि नीराहारश्च कुत्रचित् ॥२५॥ दिनानि कतिचित्तिष्ठन्प्राश्यैव पवनं सकृत् । क्वाप्ययाचितवृत्तिश्च कृच्छ्रव्रतपरः क्वचित् ॥२६॥ विरक्तो रमणीयेषु विषयेष्वपि पञ्चसु । स्त्रीणां त्वसहमानश्च गन्धमात्रमपि ध्रुवम् ॥२७॥ एकादशीषु सर्वासु हरेर्जन्मदिनेषु च । नान्नगन्धग्रहः सोऽभूदूर्ध्वरेता जितेन्द्रियः ॥२८॥ तपस्विनस्त्यागिनोऽन्ये तं दृष्ट्वातितपस्विनम् । स्वयं तथा कर्तुकामास्तत्सङ्गं केऽप्यकुर्वत ॥२९॥ देहाभिमानजातेन देहदुःखेन पीडिताः । तत्समीपे न ते स्थातुं शेकिरे मानिनोऽपि च ॥३०॥ त्रिरात्रं पञ्चरात्रं वा कृत्वा तस्य समागमम् । पलायन्ते स्म ते केचिद्दशरात्रं च केचन ॥३१॥ मनुष्यैर्दुष्कराणीत्थं तपांस्याचरतो वने । चरतः सप्त वर्षाणि मासश्चैको ययुर्हरेः ॥३२॥ विक्रमादित्यभूपस्य षट्पञ्चाष्टैकसम्मिते। शकस्य वर्तमानेऽब्दे दक्षिणायनगे रवौ ॥३३॥ संवत्सरे च शुक्लाख्ये नभःकृष्णेऽग्निभूतिथौ । पुरं लोजाभिधं प्राप्त काले सङ्गव एव सः ॥३४॥ पुराद्बहिस्तत्र स वापिकायामुपाविशद्वर्णिवरो मुहूर्तम् । वृन्दावनेन्दुं हृदि चिन्तयानो निजेष्टदेवं नृप! राधिकेशम् ॥३५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे लोजपुरागमननामा पञ्चाशत्तमोऽध्यायः ॥५०॥

જેમના શરીરને ઊંની આંચ પણ પહોંચાડી શક્યાં ન હતા. (૨૩/૨૪) એકવાર ભોજન કરતા. ક્યારેક અન્ન, ક્યારેક ફળ, ક્યારેક મૂળ અને ક્યારેક પત્ર (ડોડીની ભાજી) વગેરે જે કાંઈ પ્રાપ્ત થાય તેનો આહાર કરતા. ક્યારેક નિરાહાર પણે ઉપવાસ કરતા. ક્યારેક માત્ર જળપાન કરતા. (૨૫) ક્યારેક દિવસમાં એક વાર વાયુનું જ પાન કરતા. ક્યારેક માગ્યા વગરનું જે કાંઈ મળે તેનાથી જીવનનિર્વાહ કરતા. ક્યારેક કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રત કરતા. (૨૬) રમણીય પંચવિષયમાં વૈરાગ્ય રાખતા. સ્ત્રીઓને સ્પર્શેલા વાયુની ગંધમાત્રને પણ ક્યારેય સહન કરી શકતા નહિ. (૨૭) સર્વ એકાદશી અને ભગવાનના પ્રાગટ્યના દિવસોમાં અન્નની ગંધ પણ ક્યારેય ગ્રહણ કરતા નહિ. તેમજ ઊર્ધ્વરેતસ્ બ્રહ્મચારી અને જિતેન્દ્રિય હતા. (૨૮)

બીજા કેટલાક ત્યાગી અને તપસ્વીઓ પણ શ્રીહરિને પોતાના કરતાં અધિક તપસ્વી જોઈ તે પ્રમાણે તપ કરવાની ઈચ્છાથી શ્રીહરિનો સત્સંગ કરતા. છતાં શરીરાભિમાનને કારણે ઉત્પન્ન થયેલા દૈહિક દુઃખને સહન નહિ કરી શકવાથી તેમજ માનને લીધે કોઈ પણ તપસ્વી શ્રીહરિ સાથે રહેવા સમર્થ થયા નહિ. (૨૯/૩૦)

કોઈ ત્રણ દિવસ, કોઈ પાંચ દિવસ, તો કોઈ દશ દિવસ સુધી શ્રીહરિનો સમાગમ કરી તેમને પૂછ્યા વિના જ તે તપસ્વીઓ ત્યાંથી વિદાયમાન થતા હતા. (૩૧) આ રીતે મનુષ્યોથી ન બની શકે તેવું દુષ્કર તપ કરતા તેમજ વનમાં વિચરતા શ્રીહરિને સાત વર્ષ અને એક માસ પસાર થયો. (૩૨)

**લોજની વાવે આગમન** :- વિક્રમ સંવત્ ૧૮૫૬ અઢારસો છપ્પનના વર્ષમાં સૂર્ય દક્ષિણાયનમાં પ્રવેશતાં તેમજ શુક્લ નામના સંવત્સરમાં શ્રાવણ વદિ છઠ્ઠના દિવસે સંગવ સમયે અર્થાત્ સૂર્યોદય પછી છ ઘડી પસાર થતાં શ્રીહરિ માંગરોળ પુરથી નીકળી લોજપુરના પાદરમાં પધાર્યા. (૩૩/૩૪)

હે રાજન્ ! વર્ણિરાજ શ્રીહરિ પોતાના ઈષ્ટદેવ વૃંદાવનચંદ્ર રાધિકેશ શ્રીકૃષ્ણનું હૃદયમાં ધ્યાન કરતા થકા પુરની બહારના ભાગમાં આવેલ વાવના કાંઠે એક મુહૂર્ત (બે ઘડી) પર્યંત વિરાજમાન થયા. (૩૫) [પ્રત્યક્ષ સત્સંગીરૂપી કમળોને પ્રફુલ્લિત કરનાર સૂર્યસમાન, એકાન્તિક ધર્મનું પોષણ કરનાર સ્વયં અક્ષરધામનાં અધિપતિ ભગવાન **શ્રીહરિ** જયકારી પ્રવર્તો.] *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'લોજપુરાગમન' નામે પચાસમો અધ્યાયઃ (૫૦)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

सुव्रत उवाच - **तत्रोद्धवावतारस्य रामानन्दमुनेर्नृप! मुक्तानन्दादयः शिष्याः पञ्चाशत्त्यागिनोऽवसन् ॥१॥ तेषां सुखानन्दनामा साधुः स्नानार्थमागतः । तत्राद्राक्षीद्ध्याननिष्ठं वर्णिनं तमलौकिकम् ॥२॥ ततस्तपस्विप्रवरं तं नमस्कृत्य सोऽब्रवीत् । कुत आगम्यते वर्णिन्कुत्र वा गम्यते त्वया ॥३॥** श्रीनीलकण्ठ उवाच - **उत्तरेभ्यः कोसलेभ्यस्तीर्थानि विचरन्नहम् । यदृच्छयात्राऽऽगतोऽस्मि कस्त्वं शिष्योऽसि कस्य च ॥४॥** सुखानन्द उवाच - **श्रीमद्रामानन्दमुनेः ख्यातस्येशतया भुवि । शिष्याः सहस्रशः सन्ति त्यागिनो गृहिणस्तथा ॥५॥ तत्र ये त्यागिनस्तेषु मुक्तानन्दोऽग्रणीरिह । पञ्चाशता मत्प्रमुखैस्त्यागिभिः सह वर्तते ॥६॥ अत्रागतोऽहं स्नानार्थं विलोक्य त्वां तपोनिधिम् । तवान्तिकमुपेतोऽस्मि दर्शनार्हस्य योगिनाम् ॥७॥ अस्मज्ज्येष्ठसतीर्थ्योऽपि योगपारं गतोऽस्ति हि । तपस्व्यपि कृष्णभक्तस्त्वादृशान् द्रष्टुमिच्छति ॥८॥ आज्ञया स्वगुरोरत्र त्वादृशां सेवनाय वै । सोऽस्माभिर्वर्तते साकं दर्शनार्हश्च देहिनाम् ॥९॥ देयं स्वदर्शनं तस्मै भवतापि तपस्विना । नागमिष्यसि चेत्तत्र स एवात्रागमिष्यति ॥१०॥** सुव्रत उवाच - **इत्याश्रुत्य वचस्तस्य वर्णिराट् प्राह तं नृप ! । तीर्थयात्राफलं जानंस्तादृग्योगीन्द्रदर्शनम् ॥११॥ ग्रामं पुरं वापि मुने ! प्रविशामि न कर्हिचित् । वृक्षं नवं नवं नित्यं वनेष्वधिवसन्नहम् ॥१२॥ तथापि तादृग्योगीक्षां सर्वतीर्थतपःफलम् । जानामीति त्वया साकमायाम्यद्य तमीक्षितुम् ॥१३॥ इत्युक्त्वा सद्य उत्थाय साकं तेन तदाश्रमम् । आयात्प्रत्युद्गमं तस्य मुक्तानन्दादयो व्यधुः ॥१४॥**

## અધ્યાય : ૫૧

## મુક્તાનંદ મુનિ વગેરે રામાનંદ સ્વામીનાં સાધુઓનો સમાગમ

**લોજની વાવે સુખાનંદસ્વામીનો મેળાપ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! લોજપુરમાં ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના મુક્તાનંદમુનિ વગેરે પચાસ ત્યાગી શિષ્યો રહેતા હતા. (૧) તેમાં સુખાનંદ નામના સંત ત્યાં સ્નાન કરવા આવ્યા અને તેમણે વાવને કાંઠે ધ્યાનમુદ્રામાં બેઠેલા અલૌકિક બાળબ્રહ્મચારી સ્વરૂપે શ્રીહરિને જોયા. (૨) ત્યાર પછી તપસ્વી શ્રેષ્ઠ બાળયોગીને નમસ્કાર કરી સુખાનંદ સ્વામી કહેવા લાગ્યા કે હે બાળબ્રહ્મચારિ ! આપનું શુભ આગમન કયા દેશમાંથી થયું છે? અને હવે પછી તમે કયા પ્રદેશમાં જવા નિરધાર્યું છે. (૩)

સુખાનંદ સ્વામીનાં વચનો સાંભળી શ્રીનીલકંઠ કહેવા લાગ્યા કે હે મુને ! હું તીર્થોમાં વિચરણ કરતો કરતો દૈવ ઈચ્છાથી ઉત્તર કૌશલ દેશમાંથી અહીં આવ્યો છું. અને તમે કયા સંપ્રદાયના સાધુ છો ? અને કોના શિષ્ય છો.? (અર્થાત્ આપના ગુરૂનું નામ શું છે ?) તે મને કહો. (૪) શ્રીહરિનું વચન સાંભળી સુખાનંદસ્વામી કહેવા લાગ્યા કે આ પૃથ્વી પર ઈશ્વરપણાથી પ્રસિદ્ધ શ્રીરામાનંદસ્વામી છે તેમના સાધુ સંજ્ઞાવાળા વિરક્ત ત્યાગીઓ અને ગૃહસ્થ ભક્તો મળીને હજારો શિષ્યો છે. (૫) તેમાં જે ત્યાગી શિષ્યો છે. તે સર્વેમાં અગ્રેસર મુક્તાનંદ સ્વામી પચાસ સાધુઓના મંડળની સાથે અહીં નિવાસ કરીને રહે છે. (૬) હું અહીં સ્નાન કરવાં માટે આવેલો ને તેવામાં સદ્‌ભાગ્યવશાત્ તપોનિધિ આપનાં દર્શન થયાં તેથી યોગી પુરૂષોને પણ દર્શનીય આપની સમીપે આવ્યો છું. આપનું દર્શન યોગીપુરુષોએ પણ ઈચ્છનીય છે. (૭)

અમારામાં જ્ઞાનાદિ ગુણથી મોટેરા સતીર્થ્ય અર્થાત્ ગુરુબંધુ મુક્તાનંદ સ્વામી પણ યોગના પારને પામેલા છે. શ્રીકૃષ્ણના પરમ ઉપાસક છે. તપસ્વી હોવા છતાં આપના જેવા તપોનિધિનાં દર્શનની ઈચ્છા રાખે છે. સર્વ જીવપ્રાણીમાત્રને દર્શન કરવા જેવા સંત છે. સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીની આજ્ઞાથી તમારા જેવા યોગીઓની સેવાને અર્થે જ અહીં લોજપુરમાં અમારી સાથે રહે છે. તપોનિધિ તમે એમને તમારું દર્શન આપો. તમે જો ત્યાં નહિ પધારો તો તે સ્વામી જ આપનું વૃત્તાંત સાંભળીને જરૂર અહીં આવશે. (૮ થી ૧૦)

**સંત દર્શનાર્થે સાધુ આશ્રમમાં સંતપતિ શ્રીહરિ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સુખાનંદસ્વામીનાં વચનો સાંભળી મુક્તમુનિ જેવા યોગીપુરુષોના દર્શનને જ તીર્થયાત્રાનું સાચું ફળ જાણતા શ્રીહરિ સુખાનંદ મુનિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મુને ! વનને વિષે પણ નિત્ય નવાં નવાં વૃક્ષની છાયામાં નિવાસ કરતો હું પુર કે ગામમાં ક્યારેય પ્રવેશ કરતો નથી. છતાં પણ તેવા યોગીઓનાં દર્શનને જ સમગ્ર તીર્થયાત્રાનું તેમજ તપોનું ફળ જાણું છું. તેથી હું જ તેમનાં દર્શનાર્થે તમારી સાથે અત્યારે જ આવું છું. (૧૧ થી ૧૩) આ પ્રમાણે કહી શ્રીહરિ તે જ ક્ષણે ઊભા થયા અને સુખાનંદ મુનિની સાથે રામાનંદ સ્વામીના આશ્રમમાં પધાર્યા. તેજસ્વી બ્રહ્મચારીને આવતા જોઈ મુક્તાનંદમુનિ વગેરે સંતો પણ શ્રીહરિની સન્મુખ આવ્યા.(૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

स तांस्ते तं नमस्कृत्य यथोचितमुपाविशन् । सर्वेऽपि सन्तस्तं वीक्ष्य प्रापुराश्चर्यमेव ते ॥१५॥ जाज्वल्यमानं तपसा मनोनयननन्दनम् । पश्यन्तः शान्तमूर्तिं बहुधा ते व्यतर्कयन् ॥१६॥ अहो! तपस्विनो दृष्टा बहवो योगिनो भुवि । ईदृशस्तु न कोऽप्यैक्षि न श्रुतोऽप्यत्र साम्प्रतम् ॥१७॥ क्वेदमुग्रं तपः क्वेदं बालखेलोचितं वयः ॥ ततः साधारणो नायं पुमान् काऽप्यस्ति देवता ॥१८॥ सूर्यश्चन्द्रोऽथवा वह्निः कुमारो वा नराकृतिः । श्रुतो निरन्नमुक्तो वा मूर्तिमत्तप एव वा ॥१९॥ अस्तु यः कोऽपि दिष्ट्याऽद्य दृष्टोऽस्माभिस्तपोनिधिः। सेवयाऽस्यास्मदुपरि श्रीस्वामी तोषमेष्यति ॥२०॥ इत्थं वदन्तस्ते तस्य परिचर्यां प्रचक्रिरे । मुक्तानन्दः स्वागतादि पृष्ट्वाऽऽतिथ्यमकारयत् ॥२१॥ वर्णिराजोऽपि तान्साधून्कलावपि जितेन्द्रियान् । धिया सुशीलान्निश्चित्य स्वसङ्गार्हानमन्यत ॥२२॥ ततो मुक्तानन्दसंज्ञं तं महान्तं परीक्षितुम् स बटुर्विनयेनैव पृच्छति स्म बुभुत्सुवत् ॥२३॥ श्रीनीलकण्ठ उवाच - महामुनेऽतिसुज्ञोऽसि सम्मतोऽसि सतामपि । पृच्छामि यदहं तस्य कर्तुमुत्तरमर्हसि ॥२४॥ रूपाणि जीवेश्वरयोर्मायाया ब्रह्मणस्तथा । परस्य ब्रह्मणश्चाहं विवित्सामि पृथक् पृथक् ॥२५॥ सुव्रत उवाच - सूक्ष्मं प्रश्नमिति पृष्टः स मुनिस्तेन वर्णिना । यथाश्रुतं गुरुमुखात्तथोवाच तदुत्तरम् ॥२६॥ मुक्तानन्दमुनिरुवाच - स्थूलादिदेहत्रितयमानखादाशिखं च यः । व्याप्येन्द्रियान्तःकरणैः करोति विविधाः क्रियाः ॥२७॥ अजो नित्यः शाश्वतश्च

**બાળયોગીના દર્શનથી આશ્ચર્ય પામેલા સંતોના અનુમાનો :-** ભગવાન શ્રીહરિએ સંતોને નમસ્કાર કર્યા તેમજ સમગ્ર સંતમંડળે પણ શ્રીહરિને નમસ્કાર કર્યા અને યથાયોગ્ય પોતપોતાના સ્થાને વિરાજમાન થયા. બાળયોગીનાં દર્શન કરી સર્વે સંતો આશ્ચર્ય પામ્યા. (૧૫) મન અને નેત્રને આનંદ ઉપજાવનાર તપના તેજથી દેદીપ્યમાન અને સૌમ્યમૂર્તિ શ્રીહરિનાં દર્શન કરી અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યા. (૧૬) અહો ! આશ્ચર્યની વાત એ છે કે આપણે ધરતી ઉપર અનેક તપસ્વીઓ અને યોગીઓ જોયા છે પણ આ વર્ણીના જેવા કોઈ જોયા કે સાંભળ્યા પણ નથી ! (૧૭)

આ બ્રહ્મચારીનું ઉગ્ર તપ ક્યાં ? અને બાળલીલાને ઉચિત એમની વય ક્યાં ? તેથી આ કોઈ સાધારણ મનુષ્ય તો નથી જ પરંતુ મનુષ્યરૂપમાં કોઈ દેવતા હોય તેમ લાગે છે. (૧૮) મનુષ્યસ્વરૂપ ધારણ કરનારા આ બાલયોગીરૂપે સાક્ષાત્ 'સૂર્યનારાયણ' તો નથી પધાર્યા ને ? અથવા ચંદ્ર, અગ્નિ કે સનત્કુમારો તો નથી પધાર્યા ને ? અથવા તો શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્ત તો નથી પધાર્યા ને ? અથવા તો મૂર્તિમાન 'તપ' જ આ નીલકંઠસ્વરૂપે નથી પધાર્યું ને ? (૧૯) બ્રહ્મચારીના રૂપમાં આ તપોનિધિ ગમે તે હોય પણ આજે આ તપોનિધિનાં આપણને દર્શન થયાં એ આપણા મહદ્ ભાગ્યની વાત છે. એમની સેવા કરવાથી ગુરુવર્ય શ્રી રામાનંદસ્વામી આપણા ઉપર પ્રસન્ન થશે. (૨૦)

હે રાજન્ ! આ પ્રમાણે પરસ્પર ચર્ચા કરતા સંતો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. મુક્તમુનિએ પણ શ્રીહરિનું સ્વાગત કરી આતિથ્ય સત્કાર કર્યો. (૨૧) વર્ણિરાજ શ્રીહરિએ પણ પોતાની અલૌકિક બુદ્ધિથી તે સંતોને 'આ હળાહળ કળિયુગમાં પણ જીતેન્દ્રિય અને સદ્વર્તનશીલ છે' એમ જાણ્યા. અને તેથી તેઓ પોતાને સમાગમ કરવા યોગ્ય છે, એમ માનવા લાગ્યા. (૨૨)

**શ્રીહરિએ પૂછેલા પાંચ પ્રશ્નો :-** ત્યાર બાદ ભગવાન શ્રીહરિ મહાન સંતવર્ય શ્રીમુક્તાનંદ સ્વામીની પરીક્ષા કરવા માટે જિજ્ઞાસુની જેમ અંતરમાં જાણે કંઈક જાણવાની ઈચ્છા ધરાવતા હોય તેમ વિનયપૂર્વક પ્રશ્ન પૂછવા લાગ્યા. (૨૩) શ્રી નીલકંઠ કહે છે, હે મહામુનિ ! તમે અતિ સુજ્ઞ છો. સર્વે સંતપુરૂષો પણ આપના વાક્યને અધિક પ્રમાણ કરે છે. તેથી હું તમને જે પ્રશ્નો પૂછું તેનો આપ યથાર્થ ઉત્તર આપવાને યોગ્ય છો. (૨૪) જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં પૃથક્ પૃથક્ લક્ષણો જાણવાની મારા અંતરમાં ઈચ્છા વર્તે છે તો તેના લક્ષણો મને જણાવો. (૨૫)

**મુક્તાનંદ સ્વામીએ આપેલા પ્રત્યુત્તરો :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! આ પ્રકારે શ્રીહરિએ સૂક્ષ્મ પ્રશ્ન પૂછયો. તે સાંભળી મુક્તાનદસ્વામી ગુરુમુખે જે પ્રકારે પોતે સાંભળ્યું હતું તે પ્રકારે તેનો ઉત્તર આપવા લાગ્યા. (૨૬)

**જીવનું લક્ષણ :-** હે વર્ણીન્દ્ર ! જે જીવાત્મા છે તે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલો છે. ચક્ષુ, મન આદિ બાહ્ય અને આંતર ઈન્દ્રિયો દ્વારા અનેકવિધ ક્રિયાને કરનારો છે. અજન્મા છે. અનાદિ છે. નિત્ય છે. નિરંશ છે. સર્વનો પ્રકાશક છે. તેમજ અછેદ્ય, અભેદ્ય વગેરે લક્ષણોથી સંપન્ન છે. (૨૭/૨૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

निरंशश्च प्रकाशकः । सोऽच्छेद्यादिगुणो ज्ञेयो जीवात्मा वर्णिसत्तम! ॥२८॥ देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् । करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥२९॥ जन्मक्षेत्रं च जीवानामनादिश्चिज्जडात्मिका । तमोमयी हरेः शक्तिः कार्यकारणरूपिणी ॥३०॥ गुणत्रयात्मिका चाजा या चोक्ताऽज्ञानसंज्ञिका । सा मायेति त्वया ज्ञेया यां तरन्त्याश्रिता हरेः ॥३१॥ सत्यं ज्ञानमनन्तं च पूर्णं चाखण्डमक्षरम् । धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥३२॥ शुद्धं नित्यं चाविकारी मायादीनां प्रकाशकम् । तद्ब्रह्मेति विजानीहि सर्वाधारतया मतम् ॥३३॥ नारायणो वासुदेवः स्वतन्त्रः स्वप्रकाशकः । आनन्ददिव्यमूर्तिश्च विष्णुः कृष्णोऽच्युतोऽव्ययः ॥३४॥ सर्वज्ञः सत्यसङ्कल्पः सर्वकर्मफलप्रदः । अन्तर्यामी सर्वशक्तिसेवितः परमेश्वरः ॥३५॥ सर्वत्रैवान्वितः शक्त्या व्यतिरिक्तः स्वतः स्थितः । नियन्ता कालमायादेः सर्वकारणकारणम् ॥३६॥ परमात्मेति यत्प्राहुस्तत्परंब्रह्म कथ्यते । उपासनीयं सर्वेषामेतदेव मुमुक्षताम् ॥३७॥ इत्युत्तरं मया प्रोक्तं यथामति यथाश्रुतम् । व्याख्यानं विस्तरेणास्य जानात्यस्मद्गुरुः प्रभुः ॥३८॥ रूपाण्येतानि च स्वामी स तु प्रत्यक्षमीक्षते । मुमुक्षुभ्यः स्वौजसा च तानि दर्शयतेऽपि सः ॥३९॥

सुव्रत उवाच - **इत्युक्त्वा विरराामासावौद्धवीयाग्रणीर्मुनिः । सोऽपि तद्वचनं श्रुत्वा प्रसन्नो वर्णिराडभूत् ॥४०॥ ॠजुं निष्कपटं साधुं तं निश्चित्याब्रवीच्च सः । त्वयोत्तरं यथार्थं वै मुने ! कृतमसंशयम् ॥४१॥ बहुभ्यः शास्त्रविद्भ्योऽपि**

---

**ઈશ્વરનું લક્ષણ** :- જે ઈશ્વર છે તે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરમાં અન્વયપણે પ્રવેશ કરીને રહ્યા છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છે અને સર્વજ્ઞ છે. (૨૯)

**માયાનું લક્ષણ** :- માયા જીવાત્માની ઉત્પત્તિ (અર્થાત્ જન્મ)ના ક્ષેત્રરૂપ છે. અનાદિ છે. જડચિદાત્મક છે. ગાઢ અંધકારરૂપ છે. ભગવાન શ્રીહરિની શક્તિ સ્વરૂપા છે. કાર્યકારણ સ્વરૂપા છે. ત્રિગુણાત્મિકા છે. અજન્મા છે. અજ્ઞાન સ્વરૂપા છે. આ પ્રકારની જે માયા તેને ભગવાન શ્રીહરિનો આશ્રય કરનારા જ તરી શકે છે. (૩૦/૩૧)

**બ્રહ્મનું લક્ષણ** :- બ્રહ્મ સત્યસ્વરૂપ છે. ચિદ્‌સ્વરૂપ છે. અનંત સ્વરૂપ છે. અખંડ સ્વરૂપ છે. ક્ષરણ સ્વભાવ રહિત હોવાથી જેને અક્ષર કહે છે. તે બ્રહ્મ મૂર્તસ્વરૂપથી ભગવાન શ્રીવાસુદેવની સેવામાં રહે છે અને અમૂર્ત સ્વરૂપથી ધામ રૂપે રહ્યું છે. શુદ્ધ છે. નિત્ય છે. અવિકારી છે. માયા વગેરેને પ્રકાશનાર છે તેમજ સર્વનું આધાર છે. (૩૨/૩૩)

**પરબ્રહ્મનું લક્ષણ** :- વેદો જેને નારાયણ શબ્દથી કહે છે. ( **नराणाम् अक्षरधामस्थमुक्तपुरुषाणां समूहो नारं तदयते क्रीडनार्थं प्राप्नोति इति नारायणः** । અર્થાત્ 'નર' સંજ્ઞાવાળા જે અક્ષરધામનિવાસી મુક્ત પુરુષો તેના સમૂહને 'નાર' કહેવાય છે. તેમના આનંદને અર્થે જે 'અયતે' એટલે કે તેમને પ્રાપ્ત થાય છે. માટે નારાયણ કહેવાય છે.) તે પરબ્રહ્મ સ્વતંત્ર છે. સ્વયં પ્રકાશમાન છે. સમગ્ર જગતમાં વ્યાપકપણે નિવાસ કરે છે. માટે વાસુદેવ કહે છે. તેમજ વિષ્ણુ કહે છે. એજ પરબ્રહ્મ સદા આનંદમય દિવ્યમૂર્તિવાળા હોવાથી કૃષ્ણ કહ્યા છે. સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય વગેરેથી ક્યારેય પણ ચ્યુત નથી થતા માટે અચ્યુત છે. જેમનો વિનાશ નથી માટે અવ્યય છે. સર્વજ્ઞ છે. સત્યસંકલ્પ છે. સર્વને કર્મફળ આપનારા છે. અંતર્યામી છે. સર્વ શક્તિઓથી સેવાએલા છે. પરમેશ્વર છે. જે પોતાની અસાધારણ શક્તિથી સર્વત્ર અન્વયપણે રહ્યા છે તેમ છતાં સ્વયં વ્યતિરિક્ત (ધામમાં મૂર્તિમાન) રહેલા છે. કાળ, માયા વગેરેનાં નિયંતા છે. સર્વકારણના પણ કારણ છે. તેમજ જેને પરમાત્મા કહે છે. એજ પરબ્રહ્મ પરમાત્મા મુમુક્ષુજનોએ ધ્યાન ઉપાસના કરવા યોગ્ય છે. (૩૪ થી ૩૭)

હે વર્ણીન્દ્ર ! આ પ્રકારે મેં મારી બુદ્ધિ પ્રમાણે જે રીતે ગુરુમુખેથી સાંભળ્યું હતું તે રીતે તમારા પ્રશ્નનો ઉત્તર કર્યો છે. વિશેષપણે તો એમનાં લક્ષણો અમારા ગુરુ જાણે છે. એટલું જ નહિ પણ એમના સ્વરૂપને પ્રત્યક્ષપ્રમાણ નિહાળે છે તથા પોતાના પ્રતાપથી મુમુક્ષુજનોને તેનાં રૂપોના દર્શન પણ કરાવે છે. (૩૮/૩૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! આ પ્રમાણે કહી રામાનંદસ્વામીના મુખ્ય શિષ્ય શ્રી મુક્તાનંદસ્વામી વિરામ પામ્યા. વર્ણિરાજ પણ તેમનાં વચનો સાંભળી પ્રસન્ન થયા. (૪૦)

'મુક્તાનંદસ્વામી સ્વભાવથી સરળ અને નિષ્કપટ સંત છે' એમ જાણી શ્રીહરિ કહેવા લાગ્યા કે હે મુનિ ! તમે યથાર્થ ઉત્તર કર્યો. તેમાં મને કોઈ પણ પ્રકારનો સંશય જણાતો નથી. (૪૧) વનવિચરણ કરતી વેળાએ મેં અનેક



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**पृष्टमेतन्मया पुरा । केनापि नेदृशं युक्तं कृतमुत्तरमस्य तु ॥४२॥ यूयं महान्तः सर्वे स्थ यथाशास्त्रोक्तलक्षणाः । सन्तोऽद्य वो दर्शनेन ममानन्दो महानभूत् ॥४३॥ मुक्तानन्दोऽथ तं प्राह मयाप्यत्र सहस्रशः । दृष्टास्तपस्विनः ख्यातास्त्वादृशस्तु न कश्चन ॥४४॥ ईदृक्प्रश्नं विधातुं च बोद्धुं वापि तदुत्तरम् । तवैव बुद्धिर्योगीन्द्र! सर्वोपर्यद्य वर्तते ॥४५॥ नीलकण्ठोऽथ तान्साधून् साधुलक्षणशालिनः । ज्ञात्वा दिनानि कतिचित्सेव्यमान उवास तैः ॥४६॥ तं कोऽपि ब्रह्मविद्यायाः प्रश्ने प्रश्नोत्तरेऽपि वा । नातिचक्राम मतिमान् प्राकृते संस्कृते तथा ॥४७॥ दृष्ट्वातिमानुषीं बुद्धिं तेऽपि सर्वे विचक्षणाः। साधारणां नरधियं तस्मिन्नैव हि चक्रिरे ॥४८॥ अलब्धपारास्ते सर्वे साश्चर्यं तस्य वर्णिनः । नराकृतेर्भगवतः शुश्रूषामेव चक्रिरे ॥४९॥ शृण्वन्कथाः पुण्यतमाः स नित्यं रासेश्वरीप्राणपतेर्मनोज्ञाः । सद्भ्योऽतिभावेन सदा स्थिराक्षस्तत्रापि भूपाल ! तपश्चकार ॥५०॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुक्तानन्दादिसाधुसमागमनामैकपञ्चाशत्तमोऽध्यायः ॥५१॥

सुव्रत उवाच - **साधवस्ते वर्णिनोऽस्य ध्यानदृक्स्थिरतां सदा । पश्यन्तो विस्मयं प्रापुर्मुक्तानन्द उवाच तम् ॥१॥ दृक्स्थैर्यं सर्वकालं ते दृश्यते वर्णिसत्तम ! । कां देवतां ध्यायसि त्वं वक्तुमर्हसि तत्तु नः ॥२॥** श्रीनीलकण्ठ उवाच - **श्रीराधिकेशो भगवान् योऽस्ति सर्वेश्वरोऽनघ ! । इष्टदेवः स एवास्ति मम सच्छास्त्रसम्मतः ॥३॥ ब्रह्मधर्मशिवादीनां**

---

શાસ્ત્રવેત્તાઓને આ પ્રશ્નો પૂછ્યા પરંતુ તેમાંથી કોઈ પણ તમારા જેવો યથાર્થ ઉત્તર આપી શક્યા નહિ. (૪૨) તમે સર્વે સંતો શાસ્ત્રોક્ત લક્ષણથી સંપન્ન મહાન સાધુપુરુષો છો. તમારા જેવા સંતવર્યોનાં દર્શનથી મારા અંતરમાં આજે ખૂબજ આનંદ થયો છે. (૪૩)

શ્રીહરિનાં વચન સાંભળી મુક્તમુનિ પણ કહેવા લાગ્યા કે 'આ લોકમાં મેં હજારો ખ્યાતનામ તપસ્વીઓ જોયા પણ તમારા જેવા કોઈ તપોનિધિનાં ક્યારેય પણ દર્શન કર્યા નથી !' (૪૪) હે યોગીરાજ ! આવા અઘરા પ્રશ્નો પૂછવામાં અને તેનો યથાર્થ ઉત્તર જાણવામાં આજે તમારી બુદ્ધિ જ સર્વ મનુષ્યોમાં સર્વોપરિ વર્તે છે. (૪૫)

ત્યારબાદ ભગવાન શ્રીહરિ તે સંતોને સાધુલક્ષણસંપન્ન જાણી કેટલાક દિવસ સુધી ત્યાં સ્થિર થયા અને મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પણ શ્રદ્ધાપૂર્વક વર્ણિરાજની સેવા કરવા લાગ્યા. (૪૬) પ્રાકૃત કે સંસ્કૃત વિષયમાં બ્રહ્મવિદ્યા સંબંધી પ્રશ્ન પૂછવામાં અને તેનો યથાર્થ ઉત્તર આપવામાં કોઈ પણ બુદ્ધિમાન પુરુષ શ્રીહરિને જીતવા સમર્થ થતા નહિ. (૪૭)

વિચક્ષણ એવા સર્વે સંતોએ શ્રીહરિની મનુષ્યોમાં પણ અસંભવિત અતિમાનુષી બુદ્ધિ નિહાળી તેમને વિષે ક્યારેય મનુષ્યભાવ પરઠતા ન હતા. (૪૮) બાળબ્રહ્મચારીના ગુણોનો પાર નહિ પામતા તેમજ આશ્ચર્યમગ્ન બનેલા સંતો મનુષ્યાકૃતિ ધારણ કરનારા શ્રીહરિની સેવા જ કરવા લાગ્યા. (૪૯)

હે ભૂમિપતે ! સ્થિર દૃષ્ટિવાળા ભગવાન શ્રીહરિ લોજપુરમાં સંતોના મુખેથી રાસેશ્વરી રાધાના પ્રાણપતિ ભગવાન શ્રીકૃષ્ણની પાવનકારી અને મનોહર કથાનું પ્રેમપૂર્વક શ્રવણ કરતા અને સાથોસાથ તપશ્ચર્યા પણ કરતા હતા. (૫૦)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'મુક્તાનંદાદિ સાધુસમાગમ' નામનો એકાવનમો અધ્યાયઃ (૫૧)*

## અધ્યાય : ૫૨

## શ્રીરામાનંદસ્વામીની ગુરૂતા

**મુક્તાનંદમુનિ અને વર્ણીન્દ્ર શ્રીહરિનો દિવ્ય સંવાદ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! મુક્તાનંદસ્વામી વગેરે સંતો શ્રીહરિના બંને નેત્રની વૃત્તિને સર્વ કાળે ઈષ્ટદેવનાં ધ્યાનમાં મગ્ન જોઈ વિસ્મય પામ્યા અને મુક્તાનંદસ્વામી તેમને પૂછવા લાગ્યા. (૧) હે વર્ણિરાજ ! તમારી દૃષ્ટિ સર્વકાળે ધ્યાનમગ્ન સ્થિર જણાય છે. તેથી અમો તમને પૂછીએ છીએ કે તમે કયા દેવતાનું ધ્યાન કરો છો ? તે અમને જણાવો. (૨) મુક્તાનંદ સ્વામીનાં વચન સાંભળી શ્રીનીલકંઠ કહે છે, હે નિષ્પાપ મુને ! જે સર્વેશ્વર શ્રીરાધિકાપતિ ભગવાન શ્રીકૃષ્ણ છે તેજ મારા સત્શાસ્ત્ર સંમત ઈષ્ટદેવ છે. (૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

देवानामपि देवता । वराहाद्यवताराणां धर्ता कृष्णः परं बृहत् ॥४॥ ध्यायामि तमहं नित्यं पूजयामि च तं मुने ! । कीर्तयामि च तन्नाम यदाहुः कलितारकम् ॥५॥ संसारे भ्रमतां पुंसां दुःखितानां स्वकर्मभिः । कृष्णमेकं विना नान्या गतिरस्ति कलाविह ॥६॥ श्रीमतोऽस्य गवेन्द्रस्य चरणाम्बुरुहान्मम । अन्यत्राणुरपि प्रीतिः क्वापि नास्त्येव सर्वथा ॥७॥ सुव्रत उवाच – इत्युक्तवन्तं तं ज्ञात्वा कृष्णभक्तं महामतिम् । प्रीतो मुक्तानन्द ऊचे राजन्भागवतप्रियः ॥८॥ मुक्तानन्दमुनिरुवाच – सर्वे भजामः श्रीकृष्णं वयमप्यधुना भुवि । कृपया सद्गुरोरेव पश्यामो हृदयेऽपि तम् ॥९॥ रामानन्दाख्यया लोके प्रसिद्धो ह्युद्धवः स्वयम् । अस्माकं सद्गुरुः सोऽस्ति श्रयणीयो मुमुक्षताम् ॥१०॥ कृपां स कुरुते यस्मिन्स समाधौ समीक्षते। गोलोकेऽखण्डरासस्थं श्रीकृष्णं मुरलीकरम् ॥११॥ भवादृशस्तु ये ब्रह्मन्भक्तिधर्मतपोन्विताः । प्रत्यक्षदर्शनं दत्ते तेभ्यः कृष्णश्च तद्वशः ॥१२॥ पृथक्तया न पश्यामः श्रीकृष्णात्तं वयं त्विह । यतस्तदात्मना कृष्णः श्रेयसे वर्तते नृणाम् ॥१३॥ मुमुक्षूणां गुरुत्वं च तस्मिन्नेव हि भूतले । स्वयं कृष्णेन निहितमस्ति तं जानतात्मवत् ॥१४॥ अतो गुरुपदं ब्रह्मन्नास्त्यन्यत्र हि साम्प्रतम् । अत्र श्रीमद्भागवतश्लोकौ शृण्वादिमाश्रम ! ॥१५॥ अस्माल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम्। अर्हत्युद्धव एवाद्धा सम्प्रत्यात्मवतां वरः ॥१६॥ नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितः प्रभुः । अतो मद्वयुनं लोकं ग्राहयन्निह तिष्ठतु ॥१७॥ इत्थं प्राह स्वयं कृष्णस्तस्माद्वयमिहानघ! । तमाश्रितास्तदाज्ञायां स्थिताः कृष्णं भजामहे ॥१८॥ सुव्रत उवाच – एवं

તે શ્રીકૃષ્ણ પરમાત્મા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે દેવોના પણ દેવ છે. વરાહ આદિ અવતારોના ધરનારા છે અને પરબ્રહ્મ છે. (૪) હે મુને ! તે ભગવાનનું હું નિરંતર ધ્યાન, પૂજન અને નામસંકીર્તન કરું છું. જે નામસંકીર્તન કળિયુગના દોષોમાંથી તારનારું કહ્યું છે. (૫) પોતાના શુભઅશુભ કર્મથી ભવસાગરમાં ભમતા અને દુઃખી થતા મનુષ્યોને આ ઘોર કળિયુગમાં સંસાર તરવા ભગવાન શ્રીકૃષ્ણ વિના બીજો કોઈ ઉગરવાનો ઉપાય કે આરો જ નથી. (૬) શ્રીમાન લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળ વિના અન્ય વસ્તુમાં મને કોઈ પ્રકારે અણુમાત્ર પણ સ્નેહ નથી. (૭)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી પ્રસન્ન થયેલા ભાગવતભક્તપ્રિય મુક્તાનંદસ્વામી તેમને મહાબુદ્ધિશાળી અને ભગવાન શ્રીકૃષ્ણના ઉપાસક ભક્ત જાણી કહેવા લાગ્યા. (૮) હે વર્ણિરાજ ! અમે સર્વે સંતો પણ આ પૃથ્વી ઉપર અત્યારે તમે કહ્યા તે જ શ્રીકૃષ્ણ પરમાત્માનું ઉપાસના ભજન કરીએ છીએ અને સદ્‌ગુરુની કૃપાથી હૃદયમાં તેમનાં દર્શન પણ કરીએ છીએ. (૯) સાક્ષાત્ ઉદ્ધવજી આ લોકમાં 'રામાનંદસ્વામી' નામે પ્રસિદ્ધ છે. તે અમારા ગુરુ છે અને મુમુક્ષુજનોએ આશ્રય કરવા યોગ્ય છે. (૧૦)

રામાનંદસ્વામી જે મનુષ્ય ઉપર કૃપા કરે છે તે મનુષ્ય સમાધિમાં ગોલોકધામને વિષે અખંડ રાસલીલામાં બિરાજતા મુરલીધર શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે. (૧૧) હે બ્રહ્મન્ ! તમારા જેવા ભક્તિ, ધર્મ અને તપોયુક્ત ઉત્તમ ભક્તોને તો તે રામાનંદ સ્વામીને વશ વર્તતા શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ દર્શન આપે છે. (૧૨) અમે સર્વે સંતો રામાનંદસ્વામીને શ્રીકૃષ્ણ થકી જુદા જોતા નથી. કારણ કે મનુષ્યોના કલ્યાણને અર્થે સ્વયં શ્રીકૃષ્ણ જ શ્રી રામાનંદસ્વામીરૂપે રહેલા છે. (૧૩)

પોતાના આત્મતુલ્ય ઉદ્ધવજીને ભગવાન શ્રીકૃષ્ણે આ ભરતખંડમાં મુમુક્ષુ જીવોના મોક્ષને અર્થે ગુરુપદે સ્થાપિત કર્યા છે. (૧૪) હે બ્રહ્મન્ ! તે હેતુથી હાલના સમયે ઉદ્ધવજી વિના બીજા કોઈ પુરૂષમાં ગુરુપદ રહેલું નથી. આ મેં કહેલા અર્થમાં શ્રીમદ્ ભાગવતના બે શ્લોકો પ્રમાણભૂત રહેલા છે તે તમે સાંભળો. (૧૫) ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે "આ લોકમાંથી હું જ્યારે અંતર્ધાન થઈશ ત્યારે હાલમાં મારા સ્વરૂપને આશરે રહેલા જ્ઞાનના પાત્રરૂપ યોગ્ય અધિકારી માત્ર આત્મવિદ્ ભક્તોમાં શ્રેષ્ઠ આ ઉદ્ધવજી જ છે. ઉદ્ધવજી મારા થકી અણુમાત્ર ન્યૂન નથી કારણ કે શબ્દાદિ વિષયોથી તેઓ ક્યારેય ક્ષોભ પામતા નથી. એવું તેમનામાં સામર્થ્ય છે. માટે આ લોકના મનુષ્યોને મારું જ્ઞાન આપવા ઉદ્ધવજી આ પૃથ્વી ઉપર ભલે નિવાસ કરીને રહો." (૧૬/૧૭)

હે નિર્દોષ વર્ણિન્ ! આ પ્રકારે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે તેથી તેમના આશ્રિત અમે સર્વે તેમની આજ્ઞામાં રહી શ્રીકૃષ્ણનું ભજનસ્મરણ કરીએ છીએ. (૧૮) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે મુક્તાનંદસ્વામીનાં વચન સાંભળી



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

मुक्तानन्दवचः शृण्वतस्तस्य वर्णिनः । पित्रुक्ततद्गुरुत्वादिस्मृतिरासीन्नरेश्वर ! ॥१९॥ ततः प्रत्यक्षकृष्णस्य कर्तुं दर्शनमुत्सुकः । आसीद्रामानन्दमुनेः कृपां सम्पाद्य सेवया ॥२०॥ ततः प्रणम्य तं प्रीत्या प्राहाहमपि सन्मते ! । यौष्माकीणो भवामीति शासनीयस्त्वया हितम् ॥२१॥ यथा च दर्शनं तस्य शीघ्रं मे स्यात्तथा कुरु । इत्युक्त्वा जन्मकर्मादि स्वस्य सङ्क्षेपतोऽवदत् ॥२२॥ ततस्तमग्रजन्मानं मानयन्स सदग्रणीः । उवाच त्वं हि धन्योऽसि कुरुषे सार्थकं जनुः ॥२३॥ साम्प्रतं सद्गुरुः स्वामी त्वास्ते भुजगपत्तने । द्वित्रैर्मासैरिह पुनः समायास्यति निश्चितम् ॥२४॥ भवेत्तद्दर्शनेच्छा चेदस्मद्वचसि सर्वथा । विश्वस्य निवसात्रैव तावदत्रत्यवर्णिवत् ॥२५॥ ततः स न्यवसत्तत्र सद्भिर्मानित आदरात् । तस्यागमं प्रतीक्ष्यैव स्वधर्मं पालयन्नृप ! ॥२६॥ निर्मानः स सिषेवे तांस्तत्रत्यान्साधुवर्णिनः । पत्रकाष्ठकरीषाद्यानयपाकक्रियादिभिः ॥२७॥ आर्तानां सेवनं चासौ सदन्नौषधवारिभिः । पादसंवाहनाद्यैश्च तत्रत्यानां मुदाचरत् ॥२८॥ तस्य साधुगुणान् दृष्ट्वा दुष्प्रापान्प्रयतैरपि । स्वगुराविव तस्मिंस्ते बभूवुः स्निग्धचेतसः ॥२९॥ सोऽपि साधून्सेवमानो धर्मं भक्तिं च न त्यजन् । तप एवाचरन्नित्यमुद्धवेक्षोत्कमानसः ॥३०॥ निवसन्भगवांस्तत्र गूढैश्वर्यो नृनाट्यधृत् । तेषां स्वस्मिन् स्नेहवृद्धिः स्याद्यथा ववृते तथा ॥३१॥ क्वचित् क्वचिन्निजैश्वर्यं किञ्चित्किञ्चिददर्शयत् । नरासाध्यां साधुतां च कला योगस्य दुष्कराः ॥३२॥

શ્રીહરિને પિતા ધર્મદેવે કહેલ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનું સ્મરણ થઈ આવ્યું. (૧૯) ત્યારબાદ ભગવાન શ્રીહરિના અંતરમાં શ્રીરામાનંદસ્વામીની સેવા કરી તેમની કૃપા મેળવી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગ્રત થઈ. (૨૦) મુક્તાનંદસ્વામીને પ્રણામ કરી શ્રીહરિ પ્રીતિપૂર્વક કહેવા લાગ્યા કે હે સદ્‌બુદ્ધિમાન ! આજથી હું પણ તમારો જ છું. તેથી સાધુગુણ સંપન્ન તમો જે રીતે મારૂં હિત થાય તેવી વાત કરજો. (૨૧) અને જે પ્રકારે રામાનંદ સ્વામીનું દર્શન મને જલ્દી થાય તેવી કૃપા કરો. હે રાજન્! આ પ્રમાણે કહી શ્રીહરિએ પોતાના જન્મ અને કર્મ સંબંધી વાત સંક્ષેપમાં કહી સંભળાવી. (૨૨)

ત્યારબાદ રામાનંદસ્વામીના શિષ્યોમાં અગ્રેસર મુક્તાનંદસ્વામી, બ્રાહ્મણશ્રેષ્ઠ શ્રીહરિનો આદરસત્કાર કરી કહેવા લાગ્યા કે હે વર્ણિન્ ! તમને ધન્ય છે. કારણ કે તમે મનુષ્ય જન્મને સફળ કરી રહ્યા છો. (૨૩) અત્યારે સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામી ભૂજનગરમાં બિરાજે છે. બેત્રણ માસ વીત્યા પછી જરૂર ફરી અહીં પધારશે. (૨૪) તમારા અંતરમાં જો રામાનંદસ્વામીનાં દર્શન કરવાની ઈચ્છા હોય તો અમારા વચનમાં સર્વપ્રકારે વિશ્વાસ રાખી સ્વામી ન પધારે ત્યાં સુધી અહીંના બ્રહ્મચારીઓની માફક નિવાસ કરીને રહો. (૨૫) હે રાજન્ ! મુક્તમુનિનું વચન સાંભળી શ્રીહરિ સંતોએ આદરથી સત્કાર કરાયેલા સતા ત્યાં જ નિવાસ કરીને રહ્યા અને સ્વધર્મનું પાલન કરતા થકા શ્રી રામાનંદસ્વામીના આગમનની જ પ્રતીક્ષા કરવા લાગ્યા. (૨૬)

**સંત આશ્રમમાં શ્રીહરિની સેવા પરિચર્યા :-** ભગવાન શ્રીહરિ નિર્માનીપણે ખાખરા આદિકના પાન, કાષ્ઠ, છાણ વગેરે વસ્તુ પદાર્થો લાવી આપવા તેમજ રસોઈ કરવી વગેરેથી આશ્રમમાં રહેતા સાધુ બ્રહ્મચારીઓની સેવા કરતા હતા. (૨૭)

ભગવાન શ્રીહરિ આશ્રમમાં રહેતા હરકોઈ માંદા સાધુસંતની રુચિ અનુસાર ભોજન, ઔષધ, ચરણચંપી વગેરે સેવા હર્ષ પૂર્વક કરતા હતા. (૨૮) પ્રયત્ન કરવા છતાં મનુષ્યો જે સદ્‌ગુણો પ્રાપ્ત ન કરી શકે તેવા સદ્‌ગુણો શ્રીહરિમાં જોઈને મુક્તાનંદસ્વામી વગેરે સંતમંડળને પોતાના અંતરમાં ગુરુ શ્રી રામાનંદસ્વામીને વિષે જેવો સ્નેહ હતો તેવો જ સ્નેહ શ્રીહરિને વિષે થયો. (૨૯)

સાધુસંતોની સેવા કરતા શ્રીહરિ ધર્મ અને ભક્તિનો ક્યારેય ત્યાગ કરતા નહિ. તપોમય જીવન જીવતા અને અંતરમાં શ્રી રામાનંદસ્વામીનાં દર્શન કરવાની ઉત્કંઠા ધરાવતા હતા. (૩૦) ઐશ્વર્યને છુપાવી નરનાટક કરતા ભગવાન શ્રીહરિ લોજપુરમાં નિવાસ કરી રહેતા હતા. અને જે રીતે પોતામાં સંત મંડળને સ્નેહ વૃદ્ધિ પામે તેવા પ્રકારનું વર્તન કરતા હતા. (૩૧) શ્રીહરિ ક્યારેક ક્યારેક થોડું થોડું ઐશ્વર્ય બતાવતા હતા તથા મનુષ્યોથી અસાધ્ય એવી સાધુતા અને દુષ્કર યોગની કળાઓ પણ બતાવતા હતા. (૩૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ध्यायन्तो विजने कृष्णं सन्तः केचिद्धृदम्बुजे । हरिं तमेव ददृशुस्तेजःस्थं दिव्यविग्रहम् ॥३३॥ रामानन्द स्वरूपं च तमेव हृदि केचन । तमेव स्फुरितं सन्तो यथादृष्टं व्यलोकयन् ॥३४॥ क्वचित्तं हृदये दृष्ट्वा वर्णिरूपं क्षणान्तरे । तमेव ददृशुः सन्तो नारायणमृषिं पुनः ॥३५॥ अलौकिकत्वमित्थं ते तस्य दृष्ट्वा तमीश्वरम् । मेनिरेऽथ नृनाट्येन तस्य तद्विस्मृतिं ययुः ॥३६॥ केषाञ्चिद्ध्यानकालेऽथ बलात्कृष्णे स योजितम् । मनोऽन्यत्र व्रजद्दृष्ट्वा दूरस्थस्तानबोधयत् ॥३७॥ तेनातिविस्मितास्ते च तत्स्वरूपस्य निश्चयम्। कर्तुं न शक्ता नृपते ! तमसेवन्त देववत् ॥३८॥ क्वचिन्नेतीं क्वचिद्धौतिं क्वचिद्बस्त्यादिकाः क्रियाः । साश्चर्यं ददृशुस्ते च तस्य स्वेषां सुदुष्कराः ॥३९॥ प्राणायामप्रभेदांश्च शून्यकेन सहैव तान् । क्वचित्स दर्शयामास योगिनामपि चित्रदान् ॥४०॥ एकैकाङ्गे क्वचित्तस्य समाधौ प्राणधारणम् । विलोक्य साधवस्ते तं विविदू राजयोगिनम् ॥४१॥ या या काचित्क्रिया तस्य तपश्चर्यादिका नृप ! । सा सा चित्रावहैवासीद्दुष्करत्वान्नृणां भुवि ॥४२॥ अलौकिकक्रियोऽप्येवं स साधुगुणमाश्रितः। दासवत्साधुसेवायामवर्तत सतां प्रियः ॥४३॥ समागतानन्नसत्रे तत्र सोऽभ्यागतानपि । तत्तदीप्सितदानेन तर्पयामास सर्वशः ॥४४॥ तपान्त आसारसहो हिमर्तौ पाथःस्थितिः पञ्चतपा निदाघे । वसंश्च तत्रोग्रतपाः स इत्थं विस्मापयामास तपस्विनस्तान्॥४५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिगुरुत्वनिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्यायः ॥५२॥

---

એકાંતમાં બેસી શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન કરતા કેટલાંક સંતો પોતાના હૃદયકમળમાં તેજના સમૂહમાં બિરાજતા દિવ્યમંગલ વિગ્રહધારી પ્રત્યક્ષ શ્રીહરિનાં જ દર્શન કરતા હતા. (૩૩) કોઈ સંતો હૃદયકમળમાં શ્રીહરિને જ રામાનંદસ્વામીરૂપે નિહાળતા અને કોઈ સંતો બહાર દર્શન કરેલા શ્રીહરિને જ પોતાના હૃદયકમળમાં સ્ફુરાયમાન થયેલા દર્શન કરતા હતા. (૩૪) ક્યારેક કોઈ સંતો પોતાના હૃદયકમળમાં વર્ણીવેશે બિરાજતા શ્રીહરિને નારાયણ ઋષિ સ્વરૂપે દર્શન કરી ક્ષણવાર પછી ફરી એના એ જ સ્વરૂપે દર્શન કરતા હતા. (૩૫)

આ પ્રકારે શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય નિહાળી તેઓ તેમને જ પરમેશ્વર માનવા લાગતા. અને ત્યારબાદ મનુષ્યનાટક કરતા શ્રીહરિની ઈચ્છાથી દિવ્યભાવનું તેઓને વિસ્મરણ થતું હતું. (૩૬) કોઈ વખત ધ્યાન સમયે શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પ્રયાસથી જોડેલું કોઈ સંતનું મન જો બીજે દોટ મૂકે તો દૂર બેઠા હોવા છતાં શ્રીહરિ તેને જાણી જતા અને તે સંતને બોધ આપતા હતા. (૩૭) હે રાજન્ ! આ પ્રકારે અનેકવિધ ચરિત્રોથી અતિશય વિસ્મય પામેલા સંતો શ્રીહરિના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરવા સમર્થ થયા નહિ અને શ્રીહરિની તેઓ દેવની પેઠે સેવા કરવા લાગ્યા. (૩૮)

તે સંતો ભગવાન શ્રીહરિની ક્યારેક નેતી, ક્યારેક ધોતી, ક્યારેક બસ્તિ વગેરે યોગક્રિયાઓનાં દર્શન આશ્ચર્યપૂર્વક કરતા. જે ક્રિયાઓ ખુદ સંતોને પણ સાધવી અતિ દુષ્કર હતી. (૩૯) ભગવાન શ્રીહરિ યોગીઓને પણ આશ્ચર્ય ઉપજાવે તેવા 'શૂન્યક' નામના પ્રાણાયામે સહિત પૂરક, રેચક, કુંભક વગેરે પ્રાણાયામના પ્રકારો સાધુઓને દેખાડતા હતા. (૪૦) સમાધિવેળાએ શ્રીહરિનું એક એક અંગમાં પણ પ્રાણધારણનું ઐશ્વર્ય જોઈ સર્વે સંતો શ્રીહરિને 'આ કોઈ મહાસિદ્ધ ઊર્ધ્વરેતા યોગીરાજ છે' એ પ્રમાણે નિશ્ચયથી માનવા લાગ્યા. (૪૧)

હે રાજન્ ! ભગવાન શ્રીહરિની તપશ્ચર્યાદિ જે જે ક્રિયાઓ હતી તે સર્વે ક્રિયાઓ પૃથ્વી પરના મનુષ્યોથી ન બની શકે તેવી દુષ્કર હોવાથી સર્વના મનમાં આશ્ચર્ય ઉપજાવતી હતી. (૪૨) આ પ્રકારે ભગવાન શ્રીહરિ અલૌકિક ક્રિયા કરનારા હોવા છતાં સાધુગુણસંપન્ન હોવાથી સંતોના પરમ પ્રેમાસ્પદ બની દાસની માફક સંતોની સેવા કરતા હતા. (૪૩) ભગવાન શ્રીહરિ ત્યાં રામાનંદસ્વામીએ કરાવેલા અન્નસત્રમાં જે કોઈ અભ્યાગતો આવે તે સર્વેને તેમણે પ્રાપ્ત કરવા ઈચ્છેલા અન્નવસ્ત્રાદિકના દાને કરીને સંતોષ પમાડતા હતા. (૪૪)

શ્રીહરિ વર્ષાઋતુમાં મેઘની ધારા સહન કરતા હતા. શીતકાળે જળમાં બેસતા હતા. ગ્રીષ્મકાળે પંચાગ્નિ તાપતા હતા. આ પ્રકારે તીવ્ર તપશ્ચર્યા કરતા શ્રીહરિ સાધુઓના મંડળમાં નિવાસ કરીને મુક્તાનંદમુનિ વગેરે મહાન તપોનિષ્ઠ સંતોને પણ વિસ્મય ઉપજાવતા હતા. (૪૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'રામાનંદસ્વામિગુરૂત્વનિરૂપણ' નામે બાવનમો અધ્યાયઃ (૫૨)*

सुव्रत उवाच - **वसतस्तस्य राजेन्द्र ! तत्र सन्मण्डले हरेः । मासश्चैत्रो व्यतीतोऽपि नागात्स्वामी तु तत्र सः ॥१॥ तदातिचिन्तया खिन्नस्तद्दिदृक्षाहृतान्तरः । गन्तुं भुजङ्गनगरं हरिरैच्छन्निराशवत् ॥२॥ अत्युत्कण्ठस्ततस्तस्य दर्शनार्थं स वर्णिराट् । मुनिं सदग्रगण्यं तं प्रणम्येदं वचोऽब्रवीत् ॥३॥ कथं नायाति नः स्वामी पुरेऽस्मिन्भक्तवत्सलः । त्वत्कृता मासमर्यादा व्यतिक्रान्ता महामुने ! ॥४॥ प्रतिबन्धो भवति किं ममादृष्टं तदागमे । अन्यथा स कथं नेयात्स्वतन्त्रो जगतां गुरुः ॥५॥ अहमेव गमिष्यामि मुने ! तन्निकषाऽधुना । आज्ञा प्रदीयतां मह्यं गन्तुं भुजगपत्तनम् ॥६॥ इति तद्वाक्यमाकर्ण्य तं तु गन्तुं समुद्यतम् । सद्वाक्यैः प्रीणयन्प्राह मुक्तानन्दमुनिः सुधीः ॥७॥ वैशाखस्यासिते पक्षे श्रीस्वामी स तु निश्चितम् । आगमिष्यति तर्ह्येव त्वं कुर्यास्तस्य दर्शनम् ॥८॥ तपःकृशीकृताङ्गेन त्वया गन्तुं न साम्प्रतम् । शक्यं तपस्विप्रवर ! ततोऽत्र स्वस्थमावस ॥९॥ इतो दूरे पुरी सास्ति मध्ये चास्त्यब्धिखाडिका । महती विषमोत्तारा वस सन्मण्डलेऽत्र तत् ॥१०॥ अधुना त्वत्सुवृत्तान्तां लिखित्वा पत्रिकामहम् । स्वामिने प्रेषयिष्यामि खेदं किञ्चन मा कृथाः ॥११॥ तदुत्तरानुरूपा च त्वया गतिविचारणा । कार्या मतिमतां श्रेष्ठ ! त्वरितो मा भवाधुना ॥१२॥ विना तदाज्ञां तत्पार्श्वे गमनं तु तवानघ ! । अभीष्टसुखदं नैव भवितेत्यद्य मा व्रज ॥१३॥** सुव्रत उवाच - **एवमाश्वसितस्तेन सोऽवसत्तत्र वर्णिराट् । मुक्तानन्दोऽलिखत्पत्रीमुपविश्य रहःस्थले ॥१४॥ स्वस्ति श्रीमदनेकसद्गुणगणैर्नित्यं महासिद्धिभिर्नानाशक्तिभिरप्युपाश्रितपदं**

---

## અધ્યાય : ૫૩

## ગુરૂ શ્રીરામાનંદસ્વામી પ્રત્યે મુક્તાનંદમુનિનું પત્રલેખન

**રામાનંદસ્વામીનાં દર્શનની ઉત્કંઠા :-** મુક્ત મુનિ કહે છે, હે રાજન્! રામાનંદસ્વામીનાં દર્શનની પ્રતીક્ષા કરતા ભગવાન શ્રીહરિ લોજપુરમાં નિવાસ કરીને રહેતા હતા. તેવામાં ચૈત્ર માસ પૂર્ણ થયો છતાં પણ શ્રી રામાનંદસ્વામીનું શુભ આગમન થયું નહિ. (૧)

રામાનંદસ્વામીનું આગમન નહિ થવાથી શ્રીહરિ અતિશય ચિંતાતુર થયા. ચિંતામાં ને ચિંતામાં ખેદ કરવા લાગ્યા. સ્વામીનાં દર્શનની તીવ્ર ઈચ્છાથી શ્રીહરિનું અંતર ખેંચાવા લાગ્યું અને નિરાશ બનેલા વર્ણિરાજના અંતરમાં ભૂજનગર જવા ઈચ્છા થઈ. (૨) ત્યારબાદ રામાનંદસ્વામીનાં દર્શનની અતિ ઉત્કંઠા ધરાવતા ભગવાન શ્રીહરિ સર્વ સંતોમાં અગ્રેસર મુક્તાનંદમુનિને પ્રણામ કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩) હે મહામુનિ ! ભક્તવત્સલ રામાનંદસ્વામી અહીં લોજપુરમાં હજુ સુધી કેમ પધાર્યા નહિ ? તમે કહેલી બે ત્રણ માસની મર્યાદા પણ વીતી ગઈ. (૪)

સ્વામીના આગમનમાં મારું પ્રારબ્ધ જ અવરોધરૂપ બનતું હોય તેમ મને લાગે છે. નહિતર જગતના ગુરુ અને સ્વતંત્રપણે બિરાજતા સ્વામીશ્રીનું આગમન કેમ ન થાય ? (૫) હે મુનિ ! અત્યારે હું તેમની સમીપે જઈશ. ભૂજનગર જવાની તમે મને આજ્ઞા આપો. (૬) આ પ્રમાણે શ્રીવર્ણિરાજનું વચન સાંભળી બુદ્ધિમાન શ્રીમુક્તાનંદ સ્વામીએ પ્રસન્નતા દર્શાવી અને શ્રીહરિ પ્રત્યે તેમને સંતોષ પમાડનારા યથાર્થ યુક્તિ સંગત સુંદર વચનો કહેવા લાગ્યા. (૭) હે વર્ણિરાજ ! શ્રીરામાનંદસ્વામી વૈશાખ માસના શુકલ પક્ષમાં જરૂર પધારશે. ત્યારે તમે સ્વામીનું દર્શન કરજો. (૮)

હે તપસ્વીશ્રેષ્ઠ ! તમારું શરીર તપશ્ચર્યાથી કૃશ થયું છે, તેથી હાલ તમો ચાલીને ત્યાં જઈ શકશો નહિ. તે કારણથી તમે અહીં જ સુખેથી રહો. (૯) ભૂજનગર પણ અહીંથી બહુ દૂર છે. વચમાં પાર કરી ન શકાય તેવી સમુદ્રની મોટી ખાડી આવેલી છે. તે હેતુથી તમે અહીં જ સાધુઓના મંડળમાં નિવાસ કરીને રહો. (૧૦) અત્યારે જ હું તમારા કુશળ સમાચાર લખી સ્વામી ઉપર પત્રિકા મોકલું છું. તમે જરા પણ ચિંતા ન કરો. (૧૧) હે બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ ! સ્વામીનો પ્રત્યુત્તર આવે પછી જ તમે ત્યાં જવાની વિચારણા કરજો. પણ અત્યારે ઉતાવળા ન થાઓ. (૧૨)

હે નિષ્પાપ ! સ્વામીની આજ્ઞા વિના જો તમે ત્યાં જશો તો તમને સુખ પ્રાપ્ત નહિ થાય. તેથી તમે ત્યાં ન જાઓ. (૧૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! આ પ્રમાણે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને આશ્વાસન આપ્યું. તેથી વર્ણિરાજ ત્યાં જ રોકાઈ ગયા. ત્યારબાદ મુક્તાનંદસ્વામીએ એકાંત સ્થળમાં બેસી પત્રિકા લખવાની શરૂઆત કરી. (૧૪)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सद्भक्तलक्षैर्नुतम् । स्वेच्छाविष्कृतमानुषाकृतिमहं श्रीस्वामिनं सद्गुरुं मुक्तानन्दमुनिर्भुजङ्गनगरानन्दं नमामीश्वरम् ॥१५॥ अत्र त्वत्कृपयैव लोजनगरे नस्त्वत्पदाब्जात्मनां भक्तानां वरिवर्ति सौख्यमथ तल्लेख्यं च यौष्माककम् । आज्ञायां तव सर्व एव हि वयं वर्तामहेऽत्र प्रभो ! पत्रप्रेषणकारणं भवति यत्तच्छ्रव्यमेवादरात् ॥१६॥ अत्र कश्चन महामुनिवर्यः सङ्गतोऽस्ति खलु कोसलदेशात् । वर्तते धमनिसन्ततदेहो मूर्तिमत्तप इवोत्तमकान्तिः ॥१७॥ नीलकण्ठ इति स प्रथिताख्यो नीलकण्ठसमभूरिविरक्तिः । नीलकण्ठसखवत्सकलार्थ्यो नीलकण्ठरिपुदर्पहरेक्षः ॥१८॥ वर्णिवेषघर एष महात्मा ब्रह्मरूपसततस्थितिमाप्तः । निर्निमेषनयनः स्थिरगात्रो निष्परिग्रह उदारमतिश्च ॥१९॥ प्राप्त एष च किशोरवयोन्तं पुण्यतीर्थपरिशीलनदक्षः । सूक्ष्मवक्रलघुमञ्जुलकेशः स्पष्टकोमलमनोहरवाक्च ॥२०॥ स्त्रैणगन्धमपि सोढुमशक्तो मानमत्सरविवर्जितचित्तः । न स्पृहां हृदि तु कस्यचिदेष कृष्णमेकमपहाय करोति ॥२१॥ जीर्णवल्कलमृगाजिनवासा मालिकाकर ऋजुक्रिय एषः । शिक्षयन्नपि मुनीन्मुनिधर्मान् शिष्यतां भजति नोऽत्र मुनीनाम् ॥२२॥ किञ्चिदन्नमरसं क्व च भुङ्क्ते क्वापि किञ्चन फलं च दलं वा । नीरमात्रमपि च क्वच पीत्वा वर्तते क्वचन वायुमशित्वा ॥२३॥ भैक्षभुक्कतिचिदेष दिनानि क्वापि कर्हिचिदयाचितवृत्तिः । नक्तभुक्क च तृतीयदिनाशी दुश्चरं चरति कर्म मनुष्यैः ॥२४॥ अस्य वास ऋतुषु

**મુક્તાનંદસ્વામીએ રામાનંદસ્વામી પ્રત્યે લખેલો પત્ર :-** સ્વસ્તિ શ્રીમાન શુભસ્થાને વિરાજતા સમર્થ ગુરૂશ્રી રામાનંદ સ્વામી ! આપનાં ચરણોમાં શિષ્ય મુક્તાનંદના સાષ્ટાંગ પ્રણામ. આપ શોભાયુક્ત અનેક સદ્‌ગુણોના સમૂહથી ભરપૂર છો. મહાસિદ્ધિઓ તેમજ અનંત શક્તિથી સંપન્ન છો. તે સિદ્ધિઓ આપનાં ચરણની સેવા કરે છે. અસંખ્ય ભક્તો તમારા મહિમાનું ગાન કરે છે. આપે સ્વેચ્છાથી મનુષ્યાકૃતિ ધારણ કરી છે. આપ અમારા સર્વેના સદ્‌ગુરુ સ્થાનને અલંકૃત કરી રહ્યા છો. તેમજ હાલ ભૂજનગર નિવાસી ભક્તજનોને ત્યાં રહી આનંદ ઉપજાવો છો. (૧૫)

હે પ્રભુ ! લોજનગરમાં રહેલા, ને તમારાં ચરણકમળમાં મન રાખનારા અમને ભક્તોને તમારી કૃપાથી સુખ વર્તે છે. તમારા સુખના સમાચાર જણાવશો. અહીંયા અમો સર્વે આપની આજ્ઞામાં જ વર્તીએ છીએ અને આ પત્ર લખવાનું જે કારણ તેને હું તમારી પાસે નિવેદન કરું છું, જેને આપ આદરપૂર્વક સાંભળશો. (૧૬)

**પત્રમાં નીલકંઠના ગુણોનું વર્ણન :-** ઉત્તર કૌશલ દેશમાંથી કોઈ એક શ્રેષ્ઠ બાલબ્રહ્મચારી પધાર્યા છે. તેમના શરીરમાં નાડીઓનું સ્પષ્ટ દર્શન થાય છે. તેમના શરીરની આહ્લાદકારી ઉત્તમ કાંતિ છે અને જાણે મૂર્તિમાન તપ જ એ વર્ણીનું સ્વરૂપ ધરીને આવ્યું હોય ને શું ? એમ જણાય છે. (૧૭)

નીલકંઠ નામે વિખ્યાત છે. નીલકંઠ અર્થાત્ શિવજી જેવા વૈરાગ્યવાન છે. નીલકંઠ સખા અર્થાત્ મયૂરના સખા મેઘની સમાન સહુના પ્રાર્થનીય સુખધામ છે અને દર્શનમાત્રથી નીલકંઠરિપુના અર્થાત્ શિવના શત્રુ કામદેવના ગર્વને હરે તેવા છે. (૧૮) વર્ણીનો વેષ ધારણ કર્યો છે. કોઈ મહાન પુરુષ હોય તેવા જણાય છે. બ્રહ્મસ્વરૂપમાં સહજ સ્થિતિને પામ્યા છે. નિર્નિમેષ દૃષ્ટિ રાખે છે. એમનાં અંગોમાં ક્યાંય ચપળતા જણાતી નથી. પરિગ્રહ રહિત છે અને ઉદાર બુદ્ધિવાળા છે. (૧૯)

કિશોર અવસ્થાને ઊતરી યૌવન અવસ્થામાં પ્રવેશ્યા છે. પુણ્યકારી પવિત્ર તીર્થોનું સેવન કરવામાં ચતુર છે. તેમના મસ્તક પર સૂક્ષ્મ, વાંકડિયા, ઝીણા અને મંજુલ કેશ છે. સ્પષ્ટ અને મનોહર વાણી બોલે છે. સ્ત્રીની ગંધમાત્રને પણ સહન કરી શકતા નથી. તેમનું મન માન તેમજ મત્સરથી રહિત છે. અને તેઓ પોતાનાં હૃદયમાં એક શ્રીકૃષ્ણ પરમાત્મા સિવાય અન્ય કોઈ ભોગ્ય વસ્તુની સ્પૃહા ક્યારેય કરતા નથી. (૨૦/૨૧)

જીર્ણ વલ્કલ અને મૃગચર્મને ધારણ કરનારા છે. હાથમાં માળા ગ્રહી છે. સ્વભાવથી અત્યંત સરળ છે. મુનિઓને તેમના ધર્મનું શિક્ષણ આપનારા હોવા છતાં લોજપુરમાં રહેતા અમારા સર્વે સંતમંડળના શિષ્ય થઈને રહ્યા છે. (૨૨) ક્યારેક રસે રહિત થોડા અન્નનો આહાર કરે છે. તો ક્યારેક કંદ કે ફળનો આહાર કરે છે. ક્યારેક તો માત્ર જળપાન જ કરે છે અને ક્યારેક માત્ર વાયુભક્ષણ કરીને દિન નિર્ગમે છે. (૨૩) કોઈ સમયે બહુદિવસ પર્યંત ભિક્ષા માગીને તેમાં જે કાંઈ મળે તેનાથી જીવનનિર્વાહ કરે છે. તો ક્યારેક માગ્યા વિના જે કાંઈ મળે તેનાથી નિર્વાહ કરે છે. કયારેક નક્ત સમયે અર્થાત્ દિવસનાં અંતિમ ભાગમાં ભોજન કરે છે. ક્યારેક ત્રીજે દિવસે ભોજન કરી દિવસો નિર્ગમન કરે છે. આ રીતે મનુષ્યોથી પણ ન બની શકે તેવું દુષ્કર તપ કરે છે. (૨૪)

द्रुममूले षट्स्वपि ध्रुवमभीष्टतरोऽस्ति । एष सौधवसतिं तु निजान्तर्वेत्ति बन्दिभवनेन समानाम् ॥२५॥ ग्रीष्म एष उरुधाऽग्निनिषेवी स्थण्डिले स्वपिति चाम्बुदकाले । शैशिरे शिशिरतोयनिवासी शोषयत्यविरतं निजदेहम् ॥२६॥ बालखेल उचितं क्व वयो वा दुर्लभा क्वच सुसिद्धदशा वा । वीक्ष्य तद्द्वयमपि ध्रुवमस्मिन्संशया बहुविधा हि भवन्ति ॥२७॥ अस्य निर्मलतपोमयधाम्नि ह्यस्मदुग्रतपसां रुचयस्तु । व्योममध्यगतभास्करदीप्तौ दीपकान्तिसमतामुपयान्ति ॥२८॥ वेत्ति यः सकलयोगकला वा सोऽपि शिष्यपदवीं भजतेऽस्य । कौशलं किमपि कोऽपि नरोऽस्मै नैव दर्शयितुमात्मन ईष्टे ॥२९॥ शास्त्रजालकमनेन कियद्वा सद्गुरोरधिगतं भवतीति । निश्चयं तु विदधीत पुमान् यः सोऽत्र कश्चन न भाति पुरे वै ॥३०॥ प्रश्नमल्पमपि कुर्वति चास्मिन्कुण्ठिता इव धियो विदुषां वै । क्षीणतर्कततयः प्रतिवादे शून्यभावमुपयान्ति सभायाम् ॥३१॥ संशयं कमपि शास्त्रविदापि पृष्ट एव झटिति त्वमिवैषः । युक्तियुग्बहुविधोत्तरदानैरेव किं प्रभुरिति प्रवितर्क्यः ॥३२॥ ध्यानमास्थितवतां च मुनीनां सुस्थिरासनदृढस्थितिभाजाम् । मानसं बहिरितः क्व च निर्यद्वेत्त्यसाविव निजान्तरसाक्षी ॥३३॥ तीक्ष्णदुर्जनवचःशरवृन्दैर्भिद्यते न हृदयं किल चास्य । संवृतं दृढतरक्षमया तद्वज्रसारसमतामुपयाति ॥३४॥ अन्यदुःखलवदर्शनमात्रात्तत्क्षणे द्रवत एव हृदोऽस्य । मार्दवस्य कणिका किमु लेभे पद्मकोशनवनीतशिरीषैः ॥३५॥ साधुता तु निखिला निजदृष्ट्या वीक्ष्यते मुनिवरेऽत्र यथा वै । न श्रुता खलु तथा क्वचनर्षौ त्वां विहाय

આ નીલકંઠ બ્રહ્મચારીને છએ ઋતુમાં વનના વૃક્ષની નીચે વસવું અતિશય વહાલું લાગે છે તથા રાજમહેલના નિવાસને પોતાના અંતરમાં કારાગૃહના નિવાસ સમાન માને છે. (૨૫) ઉનાળાના સમયમાં પંચાગ્નિનું સેવન કરે છે. વર્ષાઋતુમાં બહાર વેદિકા ઉપર શયન કરે છે. શિયાળામાં શીતળ જળમાં બેસે છે. આ પ્રમાણે નિરંતર પોતાના શરીરનું દમન કરે છે. (૨૬) બાળકોની સાથે ક્રીડાને યોગ્ય આ વર્ણીની ઉંમર ક્યાં ? અને સુસિદ્ધ યોગીન્દ્રના જેવી દુર્લભ એવી આ સિદ્ધદશા ક્યાં ? બાળપણું અને સુસિદ્ધદશા આ બન્ને પ્રકારની સ્થિતિને જોઈ અમારા મનમાં અનેક પ્રકારના સંશય ઉદ્‌ભવે છે. (૨૭)

આ બાલ બ્રહ્મચારીના વિશુદ્ધ તપોમય તેજની કાંતિની આગળ અમારા તીવ્ર તપના તેજની કાંતિ જાણે કે મધ્ય આકાશમાં પ્રકાશ પાથરી રહેલા દેદીપ્યમાન સૂર્યનારાયણદેવની કાંતિ આગળ દીપની કાંતિ હોય તેવી ભાસે છે. (૨૮) સમગ્ર યોગકળાને જાણનારા યોગી પુરુષો પણ આ નીલકંઠના શિષ્ય થવા ઈચ્છે છે. જ્ઞાનાદિ કળાઓમાં નિપુણ કોઈ પણ શાસ્ત્રવેત્તા પુરુષ આ વર્ણીની આગળ પોતાનું કૌશલ્યપણું દેખાડવા સમર્થ થતો નથી. સદ્‌ગુરુ થકી એમણે સત્શાસ્ત્રનું વિજ્ઞાન કેટલું પ્રાપ્ત કર્યુ છે ? તેનો નિર્ણય કરવા આ લોજપુરમાં અમારામાંથી કોઈ પણ પુરુષ સમર્થ જણાતો નથી. (૨૯/૩૦)

આ વર્ણી અલ્પ એવો પ્રશ્ન કરે છે ત્યારે તેમાં વિદ્વાનોની બુદ્ધિઓ પણ કુંઠિત થયેલી હોય તેમ પ્રત્યુત્તર આપવામાં ક્ષીણભાવને પામતી સતી સભામાં શૂન્યભાવને પામે છે. (૩૧)

અને વળી આ વર્ણી શાસ્ત્રવેત્તા પુરુષોએ ઉદ્‌ભાવેલા સંદેહને (સંશયયુકત પ્રશ્નને) આપની જેમ જ તત્કાળ બહુ પ્રકારના યુક્તિયુક્ત ઉત્તરો આપવાથી શમાવે છે ત્યારે જાણે 'આ વર્ણીન્દ્ર તમારી જેમ સદ્‌ગુરુસ્વરૂપ પ્રત્યક્ષ પરમાત્મા છે કે શું ?' એવો અમને ભાસ થાય છે. (૩૨)

સ્થિર આસને એકાગ્ર મનથી ધ્યાનમાં બેઠેલા અમારા સર્વે મુનિઓનું મન જો પૂર્વવાસનાથી ધ્યાનમાંથી નીસરી બહારના પદાર્થોમાં જવા ગતિ કરે તો પણ આ વર્ણી આત્મસાક્ષીની પેઠે જાણી જાય છે. (૩૩) આ વર્ણીનું અંતર દુર્જનનાં તીક્ષ્ણ વચનનાં બાણોથી વિંધાઈને ક્યારેય લેશ માત્ર પણ વ્યથાને પામતું જ નથી. અને (તે સમયે) અતિશય દૃઢ ક્ષમાથી આવૃત્ત તેમનું હૃદય (કવચથી આવૃત્ત શરીરની માફક) વજ્રસાર જેવું બને છે. (૩૪) અન્ય પ્રાણીઓનાં અલ્પ પણ દુઃખ જોવા માત્રથી તે જ ક્ષણે દ્રવીભૂત થઈ જતા તેમના હૃદયની કોમળતાનો માત્ર એક અંશ પણ કમળના તંતુ, માખણ અને શિરીષ પુષ્પની કોમળતાને શરમાવે છે. (૩૫)

અમે જ્યારે બુદ્ધિપૂર્વક વિચાર કરીએ છીએ ત્યારે આ વર્ણીને વિષે જેવી સાધુતા રહેલી છે, તેવી સાધુતા એક માત્ર



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**जनतागुरुमेकम् ॥३६॥ एतदीयचरितं निखिलं वै वीक्ष्य चेतसि ममेत्यपि भाति । अस्मदीयमतिदार्ढ्यपरीक्षां कर्तुमागत इहास्ति भवान्किम् ॥३७॥ दर्शनोत्सुकमनास्तव चासावुद्यतोऽपि स मया निषिषेधे। प्रेषयेय तमहं तव पार्श्वे साम्प्रतं किमु न वेति तु लेख्यम् ॥३८॥ इत्येतत्सूचनाहेतोः पत्रमेतद्यथामति । लिखितं तद्विलोक्यैव प्रेष्यं शीघ्रं तदुत्तरम् ॥३९॥ सुज्ञेषु बहुना किं स्याल्लेखनेन ततः प्रभो ! । एतावदेव लिखितं कृपा कार्या सदा मयि ॥४०॥** सुव्रत उवाच – **पत्रमित्थं लिखित्वाऽथ वर्णिराजं जगाद सः । स्वामिने लिखितं पत्रं मया त्वमपि तल्लिख ॥४१॥**
**पत्रं विलोक्य भवतः शीघ्रमायास्यति प्रभुः । इत्युक्तस्तेन मुनिना सोऽलिखत्पत्रिकां सुधीः ॥४२॥ उपविश्य रहःस्थले निजोरौ फलके काकुदपत्रकं निधाय । स तु दक्षकरात्तलेखनीको लिखति स्मानतकन्धरः सुवर्णम् ॥४३॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुक्तानन्दलिखितपत्रिकानिरूपणनामा त्रिपञ्चाशत्तमोऽध्यायः ॥५३॥

---

જગતના ગુરુ સ્થાનને શોભાવતા આપના સિવાય અન્ય મુનિઓમાં ક્યાંય રહેલી જોઈ નથી કે અમે સાંભળી પણ નથી. (૩૬) નીલકંઠનું સમગ્ર ચરિત્ર જોઈ ‘અમારા એકાંતિક ધર્મની દૃઢતા જોવા તમે જ આ વર્ણીના રૂપમાં પધાર્યા છો કે શું?’ એમ અમને ભાસ થાય છે. (૩૭) આ વર્ણીને તમારાં દર્શનની અંતરમાં ઉત્કંઠા વર્તે છે. તમારી સમીપે આવવા તૈયાર થયેલા વર્ણીને મેં અહીં રોકી રાખ્યા છે. હવે હું તેમને તમારી સમીપે મોકલું કે કેમ ? તેનો ઉત્તર લખજો. (૩૮)

આ પત્ર ‘નીલકંઠ’ના વૃત્તાંતને જણાવવા મેં મારી મતિ અનુસાર લખ્યો છે તે વાંચી વહેલાસર ઉત્તર લખજો. (૩૯) હે પ્રભુ ! આપ જેવા વિચક્ષણ પુરુષોને બીજું શું લખવાનું હોય ? તે કારણથી આટલું જ લખી જણાવ્યું છે. આ દાસ ઉપર સદા અનુગ્રહ કરતા કરજો. (૪૦) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પત્ર લખી મુક્તાનંદસ્વામી વર્ણિરાજ પ્રત્યે કહેવા લાગ્યા કે હે વર્ણિ ! શ્રી સ્વામી પ્રત્યે મેં પત્ર લખ્યો છે અને તમે પણ કંઈક લખો. (૪૧)

તમારો પત્ર વાંચી સમર્થ શ્રી રામાનંદસ્વામી તત્કાળ અહીં પધારશે. હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીએ આ પ્રમાણે કહ્યું તેથી શ્રીનીલકંઠે પણ પત્રિકા લખવાની શુભ શરૂઆત કરી. પત્રિકા લખવા શ્રીહરિ એકાંત સ્થાનમાં બેઠા. સાથળ ઉપર પાટી રાખી. પાટી ઉપર કાગળપત્ર રાખ્યો. જમણા કરમાં કલમ ગ્રહણ કરી અને ડોકને સહેજ નમાવી સુંદર અક્ષર વડે પત્રલેખન કરવા લાગ્યા. (૪૨/૪૩) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં ‘મુક્તાનંદ લિખિત પત્રિકા નિરૂપણ’ નામે ત્રેપનમો અધ્યાયઃ (૫૩)*

## અધ્યાય : ૫૪



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच – **स्वभावगर्भितां पत्रीं वर्णीन्द्रः स यथाऽलिखत् । तथा तां नृपते ! तुभ्यं कथयामि निशामय ॥१॥ स्वस्ति श्रीविलसद्भुजङ्गनगरे राजाधिराजश्रिया जुष्टाङ्घ्रिः प्रथयन्भृशं विजयते श्रीकृष्णभक्तिं भुवि । नानासद्गुणसन्मणीन्द्ररचिताकल्पो गुरूणां गुरुः स्वेक्षाकृष्टनिजाश्रिताखिलभयः श्रीस्वाम्युदारश्रवाः ॥२॥ साक्षादुद्धव एव यस्तनुभृतां निःश्रेयसायावितुं धर्मं चाजयविप्रतश्च सुमतौ जातो ह्ययोध्यापुरे । स्वामिंस्तं तु भवन्तमेव शतशो नत्वा निपत्य क्षितौ विज्ञप्तिं विदधे त्वदेकशरणोऽहं नीलकण्ठद्विजः ॥३॥ विहाय सम्बन्धिजनान्निजानहं निजं च देशं किल कोसलाभिधम् । तीर्थानि कुर्वन्निह लोजपत्तने स्थितोऽस्मि सङ्गत्य विभो ! त्वदाश्रितान् ॥४॥ कृष्णस्य साक्षादहमीक्षणार्थं प्रत्यब्दमेवेह तपान्त आदरात् । व्रतं तु मासांश्चतुरः करोमि यद्धारणापारणमित्युदीरितम् ॥५॥ मासोपवासं विदधे तथोर्जे कृच्छ्राणि वा कर्हिचिदत्र कुर्वे । चान्द्रयणं चानघ ! माघमासे पाराककृच्छ्रं च विभो ! तदर्थम् ॥६॥ एकादशी मुख्यतमाऽस्ति येषां व्रतानि नित्यानि च तानि कुर्वे । कृष्णस्य तोषाय न देहदुःखं किञ्चित्स्वचित्ते गणयामि नूनम् ॥७॥ हित्वैन्द्रियान्पञ्च च शब्दमुख्यान्सुदुस्त्यजानप्यतुलप्रताप ! । त्वगस्थिशेषं स्ववपुर्मया वै चक्रे तपोभर्जितरक्तमांसम् ॥८॥ तद्दर्शनाशामृतवल्लिमेकामालम्ब्य देहे त्वसवश्चलन्ति । नत्वन्यदालम्बनमस्ति तेषां यियासतामन्नविहीनदेहात् ॥९॥**

---

## ગુરૂના દર્શનાર્થી શ્રી નીલકંઠવર્ણીનું પત્રલેખન

**શ્રી રામાનંદસ્વામી પ્રત્યે શ્રીનીલકંઠે લખેલો પત્ર :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વર્ણીન્દ્ર શ્રીહરિએ પોતાના હૃદયના અભિપ્રાયથી ગર્ભિત એવી પત્રિકા શ્રી રામાનંદસ્વામી પ્રત્યે જે પ્રકારે લખી તે પત્રી હું તમને કહી સંભળાવું છું તેનું તમે શ્રવણ કરો. (૧) સ્વસ્તિ શ્રી મહા શુભસ્થાન ભૂજનગરમાં બિરાજમાન શ્રી રામાનંદસ્વામી આપ સર્વોત્કર્ષ પણે વર્તો છો. રાજાધિરાજ મહારાજાની રાજલક્ષ્મી તમારા શ્રીચરણોની સેવા કરે છે. પૃથ્વી પર શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિને પ્રવર્તાવનારા છો. અનેક પ્રકારનાં સદ્‌ગુણોરૂપી ઉત્તમ મણિઓથી રચાયેલા આભૂષણથી અલંકૃત છો. ગુરુઓના ગુરુ છો. કૃપાકટાક્ષથી આશ્રિતોના ભયને દૂર કરનારા છો. ઉદાર કીર્તિવાળા છો. (૨) દેહધારીઓના એકાંતિક ધર્મનું રક્ષણ કરવા અયોધ્યાપુરમાં અજય વિપ્ર અને સુમતિ દેવીને ત્યાં પ્રગટ થયેલા તમે સાક્ષાત્ ઉદ્ધવજીના અવતાર છો. આપને શરણે આવેલો હું નીલકંઠ નામનો સરવરિયા દ્વિજ આપના ચરણોમાં અનેકવાર પૃથ્વી પર પડી દંડવત્ પ્રણામ કરી દાસભાવે એક વિજ્ઞપ્તિ કરૂં છું. (૩)

**શ્રીનીલકંઠવર્ણીએ પત્ર દ્વારા સ્વામીને નિવેદન કરેલું નિજવૃત્તાંત :-** હે વિભો ! (મહાન પુરુષ) હું મારા સંબંધી જનો અને કૌશલ દેશનો ત્યાગ કરી તીર્થયાત્રા કરતો કરતો આ લોજપુરમાં તમારા સંતમંડળની સાથે રહ્યો છું. (૪) ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવા સારુ વર્ષાઋતુના ચાર માસ (અષાઢસુદ-૧૧ થી કાર્તિકસુદ-૧૧) સુધી આદરપૂર્વક શાસ્ત્રોક્ત ધારણાપારણા નામનું વ્રત કરું છું. (૫)

હે અનઘ મુને ! તે જ પ્રમાણે શ્રીકૃષ્ણનાં દર્શનની ઝાંખી કરવા કાર્તિક માસમાં માસોપવાસ કરું છું. ક્યારેક કૃચ્છ્રવ્રત કરું છું. ક્યારેક માઘ માસમાં ચાંદ્રાયણવ્રત કરું છું અને હે વિભો ! ક્યારેક પારાકકૃચ્છ્રવ્રત કરું છું. (૬) તથા નિરંતર અનુષ્ઠાન કરવા યોગ્ય વ્રતોમાં એકાદશી વગેરે મુખ્ય વ્રતોનું પણ અનુષ્ઠાન કરું છું. આ પ્રકારે ભગવત્ પ્રસન્નતાર્થે દેહના દુઃખની ગણના મનમાં લેશમાત્ર કરતો નથી. (૭) હે અતુલપ્રતાપી મુનિવર્ય ! પંચ ઈન્દ્રિયોના દુસ્ત્યજ શબ્દાદિ પંચ વિષયનો ત્યાગ કરી તપરૂપી અગ્નિથી માંસ અને રુધિરને બાળી મેં મારા શરીરને એવું તો બનાવી દીધું છે કે માત્ર ચર્મ અને અસ્થિ જ અવશેષ રહ્યાં છે. (૮) અને કેવળ શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનની આશારૂપી અમૃતવેલને આલંબીને જ આ મારા શરીરમાં પ્રાણો ચાલે છે. અન્ન રહિત શરીરનો ત્યાગ કરવા ઈચ્છતા મારા પ્રાણોને શ્રીકૃષ્ણનાં દર્શન સિવાય બીજુ કોઈ અવલંબન નથી. (૯)

હે શરણાગતના દુઃખને હરનારા ! અન્ન વગરના શરીરમાં રહેલા મારા પ્રાણ કલિયુગમાં અન્નસમા પ્રાણને ધારણ કરતા પુરુષોને નિશ્ચય સત્યયુગની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે. (૧૦) હે વિભો ! અષ્ટાંગ યોગના અભ્યાસથી સંપાદન કરેલા યોગ ઐશ્વર્યના

निरन्नदेहेऽस्थिषु वर्तमानाः प्राणा मदीयाः प्रणतार्तिहन्तः ! । अन्नात्मके ह्यत्र कलौ नराणां कुर्वन्ति वै सत्ययुगभ्रमं तु ॥१०॥ अष्टाङ्गयोगाभ्यसनार्जितेन क्रिया ममैश्वर्यबलेन सर्वाः । दैह्या भवन्तीति विभो ! विदित्वा कृपां कुरु त्वं मयि कृष्णभक्ते ॥११॥ पिता च माता मम कृष्ण एव स्वामी च बन्धुश्च गुरुः सुहृच्च । तस्मिन्मम स्नेहभरोऽस्ति पूर्णो ह्यन्यत्र तु स्याद्यदि तत्परत्वम् ॥१२॥

पञ्चेन्द्रियाणां विषयोपभोगप्रदस्य मेऽपि स्वसुहृज्जनस्य । कृष्णे न चेत्स्यादनुराग ईशे तं तर्हि जह्यां रिपुवद्धि सद्यः ॥१३॥ स्नेहेन मत्पोषणकारिणोऽपि तातं प्रसूं सोदरमप्यहं स्वम् । वीक्षेय चेत्तद्विमुखान्कदाचित्सद्यः प्रजह्यां किमुतान्यबन्धून् ॥१४॥ ब्रूया यदि त्वं निजबन्धुवर्गत्यागे भवेद्दोष इतीह वच्मि । तद्भक्तिहीना निजबन्धवोऽपि प्राचीनभक्तैर्बहुभिः प्रहाताः ॥१५॥ विभीषणो भ्रातरमप्यहासीत्प्रसूं स्वकीयां भरतश्च तद्वत् । कुलं जहौ स्वं विदुरोऽपि भक्तः सर्वान्स्वबन्धूनपि चर्षिपत्न्यः ॥१६॥ श्रीकृष्णसङ्गप्रतिषेधकर्तॄन् गोप्यो जहुः स्वांश्च पतीनपीश! । कृच्छ्रेण लब्धं तनयं च वेनं त्यक्त्वा नृपोऽङ्गोऽपि जगाम दावम् ॥१७॥ इत्यादयः सन्ति विभो ! ह्यनेके तद्भक्तिहीनस्वजनत्यजोऽत्र । नैवापकीर्तिः क्वचनापि तेषां लोके च शास्त्रेऽपि च कीर्तिरस्ति ॥१८॥ ईदृक्सतां वर्त्म भवत्यनादि कृष्णे मयाऽतश्च तदीयभक्ते । विधीयते प्रेम विमुक्तिहेतुर्नान्यत्र तु क्वापि पदार्थ ईश ! ॥१९॥ सन्तोऽत्र ये सन्ति च तावकीना निवृत्तिनिष्ठा मम ते तु पूज्याः । सर्वस्वमेते च भवन्ति मे वै माहात्म्ययुक्तत्परभक्तिबोधाः ॥२०॥ येषां न तस्मिन्निह भक्तिभाजां सङ्गोऽस्ति तान्वेद्मि नरानहं तु । अनश्वकौलेयकषण्डतुल्यान् यद्वीक्षणेनापि भवेद्धि दोषः ॥२१॥ सक्तास्तु ये वैषयिकेऽत्र सौख्ये

બળથી જ મારી સમગ્ર દેહસંબંધી ક્રિયાઓ થાય છે. આ પ્રકારે મારું વૃત્તાંત જાણી કૃષ્ણભક્ત એવા મારા ઉપર આપના દર્શનદાનરૂપ દયા કરો. (૧૧) ભગવાન શ્રીકૃષ્ણ જ મારાં સાચા માતાપિતા છે. બંધુ છે. ગુરુ છે. સુહૃદ છે. તે પરમાત્માને વિષેજ મને અસાધારણ સ્નેહ છે. તે સિવાય બીજે ક્યાંય સ્નેહ થાય છે તો તે તેમના ભક્ત જાણીને થાય છે. (૧૨)

**ભક્તિની મહત્તા** :- તે વિના પંચ ઈન્દ્રિયોના વિષય ભોગને આપનારા મારા સંબંધીજનોને પણ જો શ્રીકૃષ્ણ પરમાત્માના સ્વરૂપમાં અનુરાગ ન હોય તો હું તેનો શત્રુની પેઠે તત્કાળ ત્યાગ કરી દઉં છું. (૧૩) સ્નેહથી મારું ભરણપોષણ કરનારાં મારાં માતા પિતા હોય કે પછી મારો પોતાનો બંધુવર્ગ હોય પણ જો તેને ભગવાન શ્રીકૃષ્ણથી વિમુખ દેખું તો તત્કાળ તેનો ત્યાગ કરી દઉં, ત્યારે બીજા વિમુખ બંધુજનોની તો વાત જ શી કરવી ? (૧૪) અને તમે જો એમ કહો કે 'પોતાના માતાપિતા, ભાઈ વગેરે બન્ધુવર્ગનો ત્યાગ કરવામાં દોષ લાગે' તો ત્યાં હું એમ કહું છું કે, પૂર્વના ઘણા બધા ભગવદ્‌ભક્તોએ ભગવદ્‌ભક્તિ રહિત પોતાના બન્ધુજનોનો પણ ત્યાગ કર્યો છે. (૧૫)

વિભીષણે પોતાના ભાઈનો ત્યાગ કર્યો. ભરતજીએ પોતાની જન્મદાત્રી માતાનો ત્યાગ કર્યો. ભક્ત વિદુરજીએ પોતાના કુળનો ત્યાગ કર્યો. ઋષિપત્નીઓએ પોતાના સર્વ સંબંધીજનોનો ત્યાગ કર્યો. હે ઈશ ! ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણમાં સ્નેહ કરવામાં અવરોધરૂપ પોતાના પતિઓનો ત્યાગ કર્યો. અંગ રાજા પણ બહુ કષ્ટને અંતે પ્રાપ્ત થયેલા પુત્ર વેનનો ત્યાગ કરી જંગલમાં ગયા. (૧૬/૧૭) હે વિભો ! આ પ્રમાણે આ લોકમાં ભગવાનથી વિમુખ એવા સ્વજનોનો ત્યાગ કરનારા અનેક ભક્તો થયા છે. તેમની ક્યાંય અપકીર્તિ કહી નથી, પણ આ લોકમાં અને શાસ્ત્રમાં પણ તેઓની કીર્તિ જ ગવાએલી છે. (૧૮)

હે ઈશ ! સત્પુરુષોની આ પ્રકારની રીત અનાદિકાળથી ચાલી આવે છે. તે હેતુથી ભગવાન અને તેમના ભક્તને વિષે જ મુક્તિમાં કારણભૂત એવો સ્નેહ કરું છું. પણ બીજા કોઈ પદાર્થમાં સ્નેહ રાખતો નથી. (૧૯) આ લોજપુરમાં નિવૃત્તિધર્મપરાયણ અને માહાત્મ્યજ્ઞાને સહિત ભગવદ્‌ભક્તિનો બોધ આપનાર, તમારું સંતવૃંદ રહે છે તે મારે મન સર્વ પ્રકારે પૂજનીય છે. અને આવા પવિત્ર સંતો જ મારું સર્વસ્વ છે. એમ હું નિશ્ચય જાણું છું. (૨૦)

જે મનુષ્યોને ભગવાન અને તેમને વિષે ભક્તિવાળા પુરુષોનો સંગ નથી તેમને તો હું ગર્દભ, કૂતરા અને બળદ(પશુ) સમાન જાણું છું. તેમજ જેમનાં દર્શન કરવાથી પણ મહા પાપ લાગે એમ જાણું છું. (૨૧) હે વિભો ! જે પુરુષો પંચ વિષયના સુખમાં આસક્ત હોય તેમજ નિદ્રા, ભય, ક્રોધ અને છ ઊર્મિઓ યુક્ત છે તેમાં અને પશુમાં હું લેશમાત્ર પણ તફાવત જોતો નથી. (૨૨) હે ઈશ ! જે માટે સ્વર્ગવાસી દેવતાઓ જે મનુષ્યજન્મની પ્રસંશા કરે છે તે



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

निद्राभयक्रोधषडूर्मिजुष्टाः। तेषां नराणां च विभो ! पशूनां वीक्षे विशेषं नहि कञ्चनापि ॥२२॥ नृजन्म देवास्त्रिदशालये यत्स्तुवन्ति तत्तेषु न किञ्चिदस्ति। तद्भक्तियुग्जन्म नृजन्म देवस्तुत्यर्हमस्तीत्यहमीश ! जाने ॥२३॥ तद्भक्तिहीनः कुलरूपकीर्तिनानागुणैश्वर्ययुतोऽपि यस्तम्। अन्तर्विषं वीक्षणमात्ररम्यं फलं गवाक्ष्या इव लक्षयामि ॥२४॥ अल्पोऽपि तद्भक्तिगुणो नराणां ग्राह्यान्करोत्येव गुणानशेषान्। सुसंस्कृतान्वाऽक्षिवमत्र शाकान् हेया भवन्तीतरथा तु ते वै ॥२५॥ तद्दास्यहीनः स्वतपोबलेन ब्रह्मादिलोकानपि चेत्प्रयायात्। तत्रापि कालाद्भयमस्ति तस्य नानन्तसौख्यं त्विति वेदसिद्धम् ॥२६॥ ब्रह्मेशशक्रा अपि सिद्धिभाजो ब्रह्मैक्यनिष्ठाश्च शुकादयोऽस्य । कुर्वन्ति भक्तिं ननु मानहीना यथेतरे संसृतिमुक्तिकामाः॥२७॥ तस्मिन् गुणाः सन्ति हि तादृशा वै भक्तिं यथा मुक्तिजुषोऽपि कुर्युः । राधारमाद्या अपि शक्तयस्तं भजन्ति सम्राजमिव स्वदास्यः ॥२८॥ अल्पाश्च जीवा अपि तस्य भक्त्या भवन्ति नूनं गतकालभीकाः । विना तु तां ब्रह्ममुखेश्वराणामप्यस्ति कालाद्भयमेव भूरि ॥२९॥ माहात्म्यमीदृग्भुवि तस्य सद्भ्यः सच्छास्त्रतश्चाहमवेत्य भक्तिम् । तत्रैव कुर्वे विदधत्तपांसि भक्तप्रियोग्राणि विहाय तन्द्राम् ॥३०॥ प्रत्यक्षवीक्षामनवाप्य तस्य न स्वास्थ्यमाप्नोमि तदुत्कचेताः । अत्रत्यसद्वाक्यगुणावबद्धो वर्ते प्रतीक्ष्यागमनं तवैव ॥३१॥ कीर्तिं विना तस्य मनोज्ञगानं विचित्रपद्यानि च लोकशब्दाः। तदेकचित्तस्य ममेश! कर्णे तिग्माग्रशूलत्वमिहोपयान्ति ॥३२॥ स्त्रियः सुरूपा अपि यातुधानीसमा हि मे

માનવજન્મનું તેને માહાત્મ્ય નથી. ભગવદ્ભક્તિ કરવી એ જ માનવજન્મનું ફળ છે અને એવા માનવજન્મની જ દેવતાઓ સ્તુતિ કરે છે. એમ હું જાણું છું. (૨૩)

કુલ, રૂપ, કીર્તિ અને અનેક પ્રકારના ગુણઐશ્વર્યથી યુક્ત પુરુષ હોય પણ જો ભગવદ્ભક્તિથી વિમુખ હોય, તો તેને હું દર્શનમાત્રથી રમણીય અને અંદરથી વિષ ભરેલા ઈન્દ્રામણાના ફળ જેવો જાણું છું. (૨૪) મનુષ્યને વિષે રહેલ ભગવદ્ ભક્તિરૂપી ગુણ અલ્પ હોય તે પણ બીજા સમગ્ર ગુણો; જેવા કે કુળ, રૂપ, કાંતિ વગેરેને જેમ ઘી વગેરે પદાર્થોથી સંસ્કૃત કરેલા શાકોને લવણ જ ગ્રાહ્ય બનાવે છે. તેમ ભક્તિ જ સમગ્ર ગુણોને આવકાર્ય બનાવે છે. ભક્તિરહિત પુરૂષના તમામ ગુણો લવણ વિનાનાં શાકની પેઠે ત્યાજ્ય બને છે. (૨૫) ભગવાનની દાસત્વભક્તિથી વિમુખ મનુષ્ય પોતાના તપોબળના સામર્થ્યથી બ્રહ્માદિકના લોકને પ્રાપ્ત કરે છે, તો પણ ત્યાં તેને કાળનો ભય તો રહેલો જ છે. અર્થાત્ તે લોકમાં પણ તેને અવિનાશી સુખ પ્રાપ્ત થતું નથી. આ વાતની વેદ પણ સાક્ષી પૂરે છે. (૨૬)

જગત સર્જનાદિ સામર્થ્યની સિદ્ધિને પામેલા બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્રાદિ દેવતાઓ તથા બ્રહ્મસ્થિતિને પામેલા શુક, સનકાદિકો પણ માનને તજી જેમ સંસૃતિના બંધનથી મુક્ત થવા અન્ય મુમુક્ષુઓ ભક્તિ કરે છે તેમ ભગવદ્ભક્તિ કરે છે. (૨૭) બ્રહ્મસ્થિતિને પામેલા સત્પુરુષોને પણ ભક્તિ કરવાનું મન થઈ આવે તેવા ગુણો પરમાત્માના સ્વરૂપમાં રહેલા છે અને તેથી તો રાધારમાદિ શક્તિઓ પણ જેમ ચક્રવર્તી સમ્રાટને અનંત દાસદાસીઓ સેવે તેમ પ્રભુનું સેવન કરે છે. (૨૮)

અલ્પ જીવ પણ જો ભગવાનની ભક્તિ કરે તો તેને માથેથી કાળનો ભય નિશ્ચય દૂર થાય છે. ભક્તિ વિના તો બ્રહ્માદિ દેવતાઓના માથેથી પણ કાળનો ભય દૂર થતો નથી. (૨૯) હે ભક્તવત્સલ ! હું એકાંતિક સત્પુરુષો અને સત્શાસ્ત્ર થકી આ પ્રકારે ભગવદ્ માહાત્મ્ય જાણી આળસપ્રમાદનો ત્યાગ કરી તીવ્ર તપ કરું છું અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરું છું. (૩૦) અંતરમાં શ્રીકૃષ્ણદર્શનની ઉત્કંઠા વર્તે છે. પરંતુ એ દર્શન નહિ થવાથી અંતરમાં ઉદ્વેગ રહ્યા કરે છે. ક્યાંય સ્વાસ્થ્ય (સુખ) પામતો નથી. તેથી અહીં તમારાં (મુક્તાનંદાદિ) સંતોના વચનરૂપી દોરીથી બંધાઈને આપના શુભ આગમનની પ્રતીક્ષા કરી રહ્યો છું. (૩૧)

હે સમર્થ સ્વામી ! ભગવાનના સ્વરૂપમાં મારું મન સ્થિર થયું હોવાથી ભગવાનની કીર્તિના સંકીર્તન વિના મનોહર ગાયન, અનેક પ્રકારનાં પદ્યો અને લૌકિક શબ્દો જાણે કે મારા કાનમાં તીક્ષ્ણ અણીદાર ત્રિશૂલ ભરાવતા હોય તેવા લાગે છે. (૩૨)

રૂપવાન સ્ત્રી સામે કદાચિત્ નજર પડી જાય તો તે મને રાક્ષસી સમાન ભાસે છે. મારા કંઠમાં રહેલી સુગંધી પુષ્પની માળા મને સળગતા અંગારા જેવી લાગે છે. (૩૩) હે મુનીન્દ્ર ! ભગવદ્ સ્વરૂપના ધ્યાન ચિંતનમાં જ પ્રીતિ ધરાવતા મને



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**दृष्टिपथं प्रपन्नाः । अङ्गारवत्तस्य सुपुष्पमाला भवन्ति कण्ठं च ममोपपन्नाः ॥३३॥ श्रीखण्डकाश्मीरजकेसरादिविलेपनं मे शितिपङ्कतुल्यम् । तच्चिन्तनैकात्मरतेर्मुनीन्द्र ! प्रासादवर्योऽपि वनायते मे ॥३४॥**
**घनानि सूक्ष्माणि सदंशुकानि व्यात्तास्यकृष्णाहिसमानि देव ! । विचित्रभोज्यानि विषोपमानि भवन्ति मे तद्विरहातुरस्य ॥३५॥ यत्किञ्च लोके सुखहेतुरुक्तं तद्वस्तु मे दुःखमयं हि भाति । तस्यावलोकं भगवन्नलब्ध्वा प्राप्तोऽस्मि चोन्मत्तदशामहं वै ॥३६॥ मनोरथस्यास्य फलोपलब्धिस्त्वदङ्घ्रिसंसेवनमन्तरेण । कथञ्चनापीह भवेन्न मे वै कलौ त्वमेवासि जगद्गुरुर्यत् ॥३७॥ अतः कृपामाशु विधाय तावत्स्वदर्शनं देयमुदारकीर्ते ! । यावन्न देहो निपतेन्मदीयो दयानिधे ! स्वाश्रितजीवबन्धो ! ॥३८॥** सुव्रत उवाच – **पत्रमित्थं नीलकण्ठो लिखित्वा भक्तिभावतः । मुक्तानन्दाय मुनये ददाति स्म जनाधिप ! ॥३९॥ स्वपत्रं तस्य पत्रं च सोऽप्येकीकृत्य बुद्धिमान् । संवाल्य मुद्रयित्वा च नामोपर्यलिखद्गुरोः ॥४०॥ मयरामाख्यविप्रेण साकं तत्प्रैषयत्ततः । स्वभावाच्छीघ्रगतिना सदर्थं तु विशेषतः ॥४१॥ भुजङ्गनगरं प्राप्य सप्तमेऽहनि स द्विजः । गृहे गाङ्गेयभक्तस्य तं ददर्श जगद्गुरुम् ॥४२॥ भक्तानानन्दयन्तं नवनलिनदलव्यायताक्षिद्वयं तं गौराङ्गं पुष्टगात्रं शशधरवदनं श्रीमदाजानुबाहुम् । वस्त्रे श्वेते वसानं कुटिलितभृकुटिं मन्दहासं प्रसन्नं शोणाम्भोजन्मराजन्मृदुलपदयुगं स प्रणम्यार्पयत्तत् ॥४३॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीनीलकण्ठलिखितपत्रिकानिरूपणनामा चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥५४॥

ચંદન, કુંકુમ, કેસર વગેરે પદાર્થોનો અંગલેપ કાળા કાદવ સમાન લાગે છે તથા વૈભવસંપન્ન રાજમહેલ પણ ઘોર જંગલ જેવો લાગે છે. (૩૪)

હે દેવ ! ભગવદ્દર્શનના વિરહને કારણે ઘાટાં, સૂક્ષ્મ અને કિંમતી વસ્ત્રો જાણે કે મોઢું ફાડીને બેઠેલા કાળ સમા કાળોતરા સર્પ હોય તેવા લાગે છે અને ભાતભાતનાં ભોજનો પણ હળાહળ કાલકૂટ વિષ જેવાં લાગે છે. (૩૫) આ લોકમાં જે કાંઈ સુખાકારી પદાર્થો રહેલાં છે તે સર્વે પદાર્થો મને દુઃખરૂપ જ લાગે છે. પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન વિના મારું મન આકુળવ્યાકુળ થયું છે અને એ પ્રત્યક્ષ દર્શન રૂપી મનોરથના ફળની પ્રાપ્તિ તમારાં ચરણકમળના સેવન વિના બીજા કોઈ પણ ઉપાયે કરીને શક્ય નથી. કારણ કે આ ઘોર કળિયુગમાં પરમાત્માનાં દર્શન કરાવનારા સદ્‌ગુરુવર્ય એક માત્ર તમે જ છો. (૩૬/૩૭)

હે ઉદાર કીર્તિમાન ! હે દયાનિધે ! હે જીવબન્ધો ! તમે આશ્રિતજનોનું બન્ધુની માફક હિત કરનાર છો. તે માટે મારું શરીર પડી જાય તે પહેલાં અનુગ્રહ કરી તુરંત આપનું મંગળકારી દર્શન આપો. (૩૮) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિભાવપૂર્વક શ્રીનીલકંઠે પત્ર લખી મુક્તમુનિના હાથમાં અર્પણ કર્યો. (૩૯) બુદ્ધિમાન મુક્તાનંદસ્વામીએ પોતાનો પત્ર અને નીલકંઠવર્ણીનો પત્ર બંને ભેગા કરી તેને વાળી અને તેમની ઉપરના ભાગમાં ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામીનું નામાભિધાન અંકિત કર્યું. (૪૦)

ત્યારબાદ મુક્તાનંદસ્વામીએ તે પત્ર મયારામ વિપ્ર સાથે ભૂજનગર શ્રીસ્વામી પ્રત્યે મોકલ્યો. કારણ કે મયારામ વિપ્રની ચાલ સ્વાભાવિક ઉતાવળી હતી. તેમાં પણ સંતોના કાર્યને અર્થે વિશેષપણે કરીને ઉતાવળી ચાલે ચાલતા હતા. (૪૧) મયારામ વિપ્રે સાતમે દિવસે ભૂજ નગર પહોંચીને ગંગારામ મલ્લના ભુવનમાં વિરાજમાન થયેલા સમગ્ર જગતના ગુરુ સ્થાનને શોભાવતા સદ્‌ગુરૂ શ્રી રામાનંદસ્વામીનાં દર્શન કર્યાં. (૪૨)

શ્રીરામાનંદસ્વામી ગંગારામ, સુંદરજી વગેરે ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા. તેમનાં નેત્રો નવીન કમળનાં પત્રો સમાન અને કર્ણપર્યંત લાંબાં હતાં. તેમનું શરીર ગૌર હતું. અવયવો સર્વે સુંદર અને પુષ્ટ હતાં. તેમનું મુખકમળ ચંદ્રમા સમાન આહ્લાદ ઉપજાવનાર હતું. તેમનાં હસ્તકમળ જાનુ પર્યંત લાંબા હતા અર્થાત્ તેઓ આજાન બાહુ હતા. તેમણે શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. તેમની ભ્રૂકુટિ ધનુષ જેવી વાંકડી હતી. તેઓ મંદ મંદ હાસ્યથી શોભતા હતા. અતિશય પ્રસન્ન હતા. તેમનાં ચરણારવિંદ લાલ કમળની સમાન શોભતાં હતાં. આ પ્રકારની શોભાસંપત્તિથી વિશિષ્ટ શ્રી ગુરૂવર્યનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરી મયારામ ભટ્ટે મુક્તાનંદ સ્વામીએ આપેલો પત્ર શ્રી રામાનંદસ્વામીના હસ્તકમળમાં સમર્પિત કર્યો. (૪૩) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'શ્રી નીલકંઠલિખિત પત્રિકા નિરૂપણ' નામે ચોપનમો અધ્યાયઃ (૫૪)*

## અધ્યાય : ૫૫

सुव्रत उवाच – **वाचयामास तत्पत्रद्वयं स मुनिराट् ततः । प्रसन्नोऽभूत्समायातं विदित्वा वर्णिसत्तमम् ॥१॥ स्वस्मिन्भावं तदीयं च तपश्चर्यां च वाचयन् । अभूद्गद्गदकण्ठश्च साश्रुनेत्रो जगद्गुरुः ॥२॥ पत्रवृत्तान्तमखिलं भक्तान्सुन्दरजिन्मुखान् । श्रावयन्सदसि स्वामी प्रशशंस च तद्गुणान् ॥३॥ ततस्तमाश्वासयितुं मुक्तानन्दाय धीमते । स्वयं लिलेख पत्रं च तत्पत्रोत्तरगर्भितम् ॥४॥ स्वस्त्यस्तु लोजाख्यपुरे वसद्भ्यः साधुभ्य आनन्दितदुःखितेभ्यः । बृहद्व्रतं चास्तु निरन्तरायं ब्रह्मेति यत्प्राह सनत्सुजातः ॥५॥ भुजङ्गपुर्यां वसताऽत्र रामानन्देन बह्वी प्रहिता शुभाशीः । ग्राह्यास्मदीयं कुशलं च मुक्तानन्देन वेद्यं भगवत्प्रसादात् ॥६॥ पत्रं त्वया यन्मयरामनाम्ना विप्रेण साकं प्रहितं तदाप्तम् । तद्वाचयित्वा निखिलोऽप्युदन्तो मया यथावद्विविदे त्वदीयः ॥७॥ बुद्धश्च वृत्तान्त उदारबुद्धेस्तत्रागतस्यापि च वर्णिराजः । अस्यास्ति वृत्तिः सकलातिमर्त्या ततो न साधारणपूरुषोऽसौ ॥८॥ श्वेतान्तरीपात्तु निरन्नमुक्तः कश्चिन्मुनीन्द्रो बदरीवनाद्वा । यदृच्छया वोऽन्तिकमागतः स्यादिति ध्रुवं मे प्रतिभाति चित्ते ॥९॥ अतः परं तस्य मनोनुकूला सेवा विधेया सततं भवद्भिः । सद्भिः समस्तैः स्वबृहद्व्रतस्य गुप्त्यै ततो योगकलाश्च शिक्ष्याः ॥१०॥ नेती च धौतिर्द्विविधा च बस्तिर्नौली क्रियाः कौञ्जरिकादयश्च । शरीरशुद्ध्यै प्रथमं तु शिक्ष्या अष्टाङ्गयोगश्च ततः क्रमेण ॥११॥ यमाश्च शिक्ष्या नियमासनानि प्राणोपयामो बहुभिः प्रकारैः । प्रत्याहृतिश्चेश्वरधारणा च ध्यानं समाधिश्च तदुक्तरीत्या ॥१२॥**

## ગુરૂશ્રી રામાનંદસ્વામીનો પત્ર

**રામાનંદસ્વામીએ લખેલ પત્ર :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! રામાનંદસ્વામીએ બન્ને પત્રોનું વાંચન કર્યું અને અતિ શ્રેષ્ઠ વર્ણિરાજના આગમનના સમાચાર જાણી પ્રસન્ન થયા. (૧) જગદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી પોતાના વિષે વર્ણીનો પ્રેમ અને તેમની તપશ્ચર્યાના સમાચાર વાંચી ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને આંખમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. (૨) રામાનંદસ્વામીએ પત્રમાં જણાવેલ સમગ્ર વૃતાંત સુંદરજી વગેરે ભક્તજનોની આગળ સંભળાવ્યું અને સભામાં શ્રીનીલકંઠના ગુણોની પ્રશંસા કરી. (૩) ત્યારબાદ શ્રીરામાનંદ સ્વામીએ નીલકંઠને આશ્વાસન આપવા તેમના પત્રના પ્રત્યુત્તરો જેમાં છે એવી એક પત્રિકા બુદ્ધિમાન મુક્તાનંદસ્વામી ઉપર લખી મોકલાવી. (૪)

**સદ્‌ગુરુના અંતરના આશીર્વાદ :-** સંસારના ત્રિવિધ તાપથી પીડાતા પામર જીવોને આનંદ ઉપજાવતા અને લોજ પુરમાં નિવાસ કરતા તમો મુક્તાનંદાદિ સર્વે સંતોનું મંગળ થાઓ. તથા સનત્સુજાત ઋષિએ જેને 'બ્રહ્મ' ની પ્રાપ્તિનું સાધન "विद्या हि सा ब्रह्मचर्येण लभ्या या प्राप्यते ब्रह्मचर्येण सद्भिः" ઈત્યાદિ વચનથી કહ્યું છે. એવું તમારું બ્રહ્મચર્ય વ્રત નિર્વિઘ્ન પરિપૂર્ણ થાઓ. (૫) ભૂજનગરથી રામાનંદના બહુ રૂડા આશીર્વાદ સ્વીકારશો. ભગવાનની કૃપાથી મુક્તાનંદ વગેરે સંતમંડળે અમારા કુશળ સમાચાર જાણવા. (૬) મયારામ વિપ્રની સાથે તમે જે પત્ર મોકલ્યો તે અમને મળી ગયો છે. તે પત્ર વાંચી આપ સર્વેનું વૃત્તાંત અમે યથાર્થ જાણ્યું. તમારી સમીપે આવેલા મહાબુદ્ધિશાળી વર્ણિરાજનું વૃત્તાંત પણ જાણ્યું. એ વર્ણિરાજની સમગ્ર વર્તવાની રીતિ મનુષ્યોથી ન થઈ શકે તેવી અલૌકિક છે. તેથી આ બાલબ્રહ્મચારી કોઈ સાધારણ પુરુષ નથી. (૭/૮)

તે બ્રહ્મચારી કોઈ શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્ત અથવા બદરિકાશ્રમવાસી કોઈ મુનીન્દ્ર સ્વેચ્છાથી તમારી સમીપે આવ્યા હોય તેમ મને જણાય છે. તે કારણથી મારો પત્ર વાંચીને તમે સર્વે સંતો નીલકંઠની રુચિ અનુસાર સેવા કરજો અને તેમની પાસેથી બ્રહ્મચર્યવ્રતના રક્ષણ માટે યોગની કળાઓ શીખજો. (૯/૧૦) નેતિ, ધોતિ, બે પ્રકારની બસ્તિ, નૌલી અને કુંજર આદિ યોગની ક્રિયાઓ શરીરની શુદ્ધિ માટે પ્રથમ શીખવી. અને ત્યાર બાદ ક્રમશઃ અષ્ટાંગયોગની પ્રક્રિયા શીખવી. (૧૧) નીલકંઠના કહેવા અનુસાર અહિંસાદિ યમો, શૌચાદિ નિયમો, સ્વસ્તિકાદિ ઘણા પ્રકારના આસનો, પૂરકાદિ નાના પ્રકારની રીતિઓથી પ્રાણાયામ, ઈન્દ્રિયોની વૃત્તિઓને પોતપોતાના વિષયોથી પાછી વાળવારૂપ પ્રત્યાહાર, શુભાશ્રય-ભગવાનની મૂર્તિમાં મનની સ્થાપનારૂપ ધારણા, તૈલધારાવત્ અવિચ્છિન્નપણે ભગવત્‌મૂર્તિનું ચિંતવનરૂપ ધ્યાન અને નિરંતર મૂર્તિનાં ચિંતનથી તેમાં વૃત્તિઓનાં વિરામરૂપ સમાધિનો અભ્યાસ કરવો. (૧૨)

અષ્ટાંગયોગના અભ્યાસ વિના નૈષ્ઠિક વ્રત યથાર્થ સિદ્ધ થતું નથી. તે કારણથી એ વ્રતના રક્ષણ માટે અષ્ટાંગયોગના



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

अष्टाङ्गयोगाभ्यसनं विना तु बृहद्व्रतं सिद्ध्यति नैव शुद्धम् । अतस्तदभ्यासपरैर्भवद्भिः साध्यं तदात्मव्रतरक्षणाय ॥१३॥ ये ब्रह्मचर्यं तु बृहत्स्वरूपं योगेन संसाध्य जितेन्द्रियाः स्युः । ब्रह्मात्मना कृष्णमथो भजेयुः प्रोक्तास्त एवोत्तमभक्तसंज्ञाः ॥१४॥ सर्वार्थदस्यास्य बृहद्व्रतस्य सम्पादितस्याप्यवनं विधेयम् । कामाख्यशत्रोर्वनिताप्रसङ्गं सर्वात्मना दूरत एव हित्वा ॥१५॥ यो ब्रह्मचर्यं परिपातुमिच्छेत्स बुद्धिपूर्वं वनिता न पश्येत् । स्त्रीणां कथा नो शृणुयाच्च वार्तास्तासां गुणान् नाप्यगुणान्वदेच्च ॥१६॥ गच्छेन्न योषारमणस्थलं च बालामपीक्षेत धिया न नग्नाम् । स्त्रीणां न चित्रं प्रतिमां च पश्येन्न च स्पृशेन्नैव लिखेच्च चित्रम् ॥ १७॥ न नर्मवार्ताः क्वचनापि कुर्यात्स्त्रीभिर्न भाषेत च किञ्चनापि । स्त्रीभिः सहाध्वन्यपि नैव गच्छेन्न बोधयेत्ताः पुरुषान्तरेण ॥१८॥ स्पृशेन्न च स्त्रीपरिधार्यवस्त्रं सङ्कल्पनं तद्विषयं न कुर्यात् । प्राणान्तकालेऽपि न बुद्धिपूर्वं स्पृशेत्तदङ्गं त्विह कृष्णभक्तः ॥१९॥ स्यात्तत्क्रिया यत्र च यत्र या या कुर्यान्न तां तामपि तत्र तत्र । स्त्रीभ्यश्चतुर्हस्तमितान्तरेण गच्छेत्स्वपेन्नैव गृहे सयोषे ॥२०॥ इत्थं सदाचारपरस्तु योगी स्यादूर्ध्वरेता विधिमुख्यवन्द्यः । एतैरुपायैः स्वबृहद्व्रतं तत् कामाख्यशत्रोः परिरक्षणीयम् ॥२१॥ कुर्याद्य इत्थं न स तूर्जितोऽपि योगी स्वसङ्कल्पवशः प्रसङ्गम् । स्त्रीणां करोत्येव ततोऽष्टमात्स्वाद्बृहद्व्रताद्भ्रष्ट उपैति दुःखम् ॥२२॥ क्रोधश्च मानो मदमत्सरौ च लोभस्तथेर्ष्या विविधो रसश्च । एतेऽपि योगस्य भवन्ति विघ्नास्त्याज्यास्ततो योगिजनेन दूरात् ॥२३॥ आहारनिद्रे विदधीत युक्ते कार्ष्णश्च योगी व्यसनं तु किञ्चित् । सेवेत नैवाथ सुरां च मांसं न च स्पृशेद्द्रोहधियं त्यजेच्च ॥२४॥ देहेन वाण्या मनसा च हिंसा कार्या न कस्यापि न चात्मनोऽपि । स्तेयं च साङ्कर्यकरं च कर्म हितार्थिना योगिजनेन वर्ज्यम् ॥२५॥

અભ્યાસ પરાયણ તમે સર્વે સંતો યોગસિદ્ધિ સંપાદન કરો. (૧૩) જે પુરુષો યોગસાધનાના માધ્યમથી બ્રહ્મસ્વરૂપ બ્રહ્મચર્યવ્રતની સિદ્ધિ સંપાદન કરી જિતેન્દ્રિય બને છે અને બ્રહ્મરૂપ થઈ શ્રીકૃષ્ણ પરમાત્માનું ભજન કરે છે તેવા પુરુષોને જ શાસ્ત્રમાં ઉત્તમ પ્રકારના ભક્ત કહ્યા છે. (૧૪) બ્રહ્મચર્યવ્રત સકલ પુરુષાર્થની સિદ્ધિ કરાવનારું છે. તેથી અષ્ટાંગયોગથી સિદ્ધ કરેલા તે વ્રતનું સર્વ પ્રકારે રક્ષણ કરવું. તેમના રક્ષણ માટે કામરૂપી શત્રુ અને સ્ત્રીઓના પ્રસંગનો સર્વપ્રકારે દૂરથી જ ત્યાગ કરવો. (૧૫)

બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવા ઈચ્છતા ભગવદ્ભક્ત યોગી પુરુષે જાણી જોઈને સ્ત્રીઓની સામે દૃષ્ટિ માંડીને ક્યારેય જોવું નહિ. સ્ત્રીઓની કથાવાર્તા સાંભળવી નહિ. તેમના ગુણ કે અવગુણનું વર્ણન કરવું નહિ. (૧૬) તેમના રમણ કરવાના સ્થાનકે જવું નહિ. નિર્વસ્ત્ર બાળકીને પણ જાણી જોઈને જોવી નહિ. સ્ત્રીઓનાં ચિત્ર કે પ્રતિમા સામે જોવું નહિ. તેમજ સ્પર્શ પણ કરવો નહિ. સ્ત્રીઓની ચિત્રપ્રતિમા પણ બનાવવી નહિ. (૧૭) સ્ત્રીઓની સાથે ક્યારેય હાસ્યવિનોદની વાતો કરવી નહિ. સ્ત્રીઓ સાથે ક્યારેય બોલવું નહિ. સ્ત્રીઓની સાથે માર્ગમાં ચાલવું નહિ. અન્ય પુરુષના માધ્યમ વિના તેમને સાક્ષાત્ ઉપદેશ કરવો નહિ. (૧૮) સ્ત્રીઓએ ધારણ કરેલા વસ્ત્રનો સ્પર્શ ન કરવો. સ્ત્રીસંબંધી સંકલ્પ ન કરવો. પ્રાણ છૂટવાના સમયે પણ જાણી જોઈને તેમના અંગનો સ્પર્શ ન કરવો. (૧૯) જે જે સ્થાનકને વિષે તેમની સ્નાનાદિક જે જે ક્રિયાઓ થતી હોય તે તે સ્થાનકોમાં તે સ્નાનાદિ ક્રિયાઓ કરવી નહિ. માર્ગને વિષે સ્ત્રીઓથી ચાર હાથ દૂર ચાલવું.(૨૦)

આ પ્રકારે જે યોગીપુરુષ જીવન જીવે છે તેને બ્રહ્માદિ દેવોપણ વંદન કરે છે. તે કારણથી પૂર્વોક્ત ઉપાયો દ્વારા કામરૂપી શત્રુ થકી બ્રહ્મચર્યનું સર્વ પ્રકારે રક્ષણ કરવું. (૨૧) જે યોગી આ પ્રકારે સદાચારનું પાલન કરતો નથી અને પોતાના મનના સંકલ્પને વશ થઈ સ્ત્રીઓનો પ્રસંગ કરે છે. તે યોગી સિદ્ધ હોવા છતાં પણ સ્ત્રીના પ્રસંગથી અષ્ટપ્રકારના બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટ થાય છે અને વારંવાર મહા કષ્ટને પામે છે. (૨૨)

ક્રોધ, માન, મદ, મત્સર, લોભ, ઈર્ષા તેમજ અનેક પ્રકારના રસ વગેરે દોષો પણ યોગમાર્ગમાં અંતરાયરૂપ છે. તેથી યોગી પુરુષે તેમનો દૂરથી જ ત્યાગ કરવો. (૨૩) શ્રીકૃષ્ણના ઉપાસક ભક્તોએ આહાર અને નિદ્રા યોગ્ય પ્રમાણમાં કરવાં. કોઈ પણ પ્રકારનું વ્યસન ન કરવું. સુરા અને માંસનું સેવન ન કરવું અને તેનો સ્પર્શ પણ ન કરવો તથા જીવપ્રાણીમાત્રને વિષે દ્રોહ બુદ્ધિનો ત્યાગ કરવો. (૨૪) પોતાનું આત્મહિત ઈચ્છતા યોગીપુરુષે શરીર, વાણી અને મનથી કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી. પોતાની હિંસા પણ ન કરવી. ચોરીનું કર્મ ન કરવું. જે થકી વર્ણાશ્રમધર્મનો ભંગ થાય તેવું કર્મ પણ ન કરવું. (૨૫)

एवंविधा ये पुरुषा भवेयुः स्वधर्मनिष्ठा भुवि कृष्णभक्ताः । प्रसन्नता तेषु सदा ममास्ति प्रेष्ठास्त एवानघ ! नन्दसूनोः ॥२६॥ तस्मात्सुबुद्धे ! त्वमपि स्वकीयैः साकं सतीर्थ्यैर्मुनिनीलकण्ठात् । कृताद्गुरुत्वेन गृहाण योगं वर्तस्व धर्मेषु मयोदितेषु ॥२७॥ तपःकृशस्यास्य यथोपयुक्तैः सेवा विधेयान्नजलादिभिश्च । वयोऽवरत्वादिह बालबुद्धिर्न क्वापि कार्या तपसां निधौ च ॥२८॥ द्रागागमिष्यामि निदाघकाले राधे गते पिप्पलनाम्नि खेटे । तावद्भवद्भिः स तु सेवनीयो यथा न गच्छेदतिनिःस्पृहोऽसौ ॥२९॥ सुव्रत उवाच - पत्रोत्तरं लिखित्वेत्थं मुक्तानन्दं प्रति प्रभुः । उत्तरं नीलकण्ठस्य पत्रिकाया लिलेख सः ॥३०॥ स्वस्ति स्ताद्वर्णिराजेऽमृतनिलयमहामुक्तमुख्यातिधाम्ने तीव्रैः स्वीयैस्तपोभिर्जनहृदि दधते धर्मपुत्रत्वशङ्काम् । रामानन्दस्य वाच्या निगमनिगदिता आशिषो धर्मरक्षा बह्वयस्तेन त्वयातिप्रमुदितमुनिना श्रेयसे नीलकण्ठ ! ॥३१॥ पत्रं प्राप्तं त्वदीयं तदुदितमखिलं बुद्धमेवास्ति वृत्तं देहाचारस्तपस्ते त्विह हि कलियुगे दुश्चरो मर्त्यधर्मैः । वैराग्यं ज्ञानभक्ती दृढतरनियमा धर्मनिष्ठा च शान्तिरेतत्प्राग्जन्मसिद्धं ह्यधिगतमिह तद्विस्मयो नात्र कार्यः ॥३२॥ ध्याने यादृशमेव पश्यसि सदा कृष्णोऽस्ति तादृक्ततस्त्वं तद्ध्यानपरश्च सत्सु निवसन्कुर्याः प्रतीक्षां मम ॥ ग्रामे पिप्पलनाम्नि राधविरतौ युष्मत्प्रियाय द्रुतं ह्यायास्याम्यहमेव तत्र भवताऽऽगम्यं च सद्भिः सह ॥३३॥ मद्वीक्षोत्सुकतास्ति तेऽतिशयिता जानामि तत्कारणं मार्गः साम्प्रतमस्ति दुर्गमतरः कङ्कादिघाटीभयात् । नागन्तव्यमिहात एव भवता मय्यस्ति चेदिज्यधीस्तर्ह्येतन्मम मानयंश्च वचनं योगं सतः शिक्षयेः ॥३४॥ औत्सुक्यं भवतो मदीक्षणकृते यादृग्भवत्यन्तरे तादृग्मेऽपि

---

હે નિર્દોષ મુક્તાનંદ મુનિ ! જે પુરુષો પૃથ્વી પર આ પ્રમાણે ધર્મમાં નિષ્ઠાવાળા ભગવદ્ ભક્તો હોય છે તેમના ઉપર હું સદા પ્રસન્ન થાઉં છું. અને નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણને પણ આવા જ ભક્તો અત્યંત વહાલા છે. (૨૬) હે સુબુદ્ધિમાન! તમે પણ પોતાનાં ગુરૂભાઈઓ સહિત ગુરુ ભાવથી સ્વીકારેલા આ નીલકંઠમુનિ પાસેથી અષ્ટાંગ યોગની સમગ્ર રીતિ શીખજો અને મેં બતાવેલા ધર્મમાર્ગમાં વર્તજો. (૨૭) તપથી કૃશ થયેલા નીલકંઠની અન્ન, જળથી સત્કારપૂર્વક સેવા કરજો. તપોનિધિ નીલકંઠ ઉંમરમાં તમારાથી નાના છે છતાં તેમને વિષે ક્યારેય બાળકબુદ્ધિ ન કરવી. (૨૮)

વૈશાખ માસ ઊતરતાં ગ્રીષ્મઋતુમાં હું તુરંત પીપલાણા ગામે આવીશ. જ્યાં સુધી હું ત્યાં ન આવું ત્યાં સુધી તમે સર્વે અતિ નિઃસ્પૃહ એવા નીલકંઠ બીજે ચાલ્યા ન જાય તે પ્રકારે તેમની રુચિ અનુસાર સેવા કરજો. (૨૯) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે મુક્તમુનિ ઉપર પત્ર લખી શ્રી રામાનંદસ્વામી નીલકંઠની પત્રિકાનો ઉત્તર લખવા લાગ્યા. (૩૦) હે નીલકંઠ ! તમારું કલ્યાણ થાઓ. તમે શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્તોમાં મુખ્ય મહામુક્ત જેવા તેજસ્વી જણાઓ છો. તપશ્ચર્યાથી મનુષ્યોના અંતરમાં બદરિકાશ્રમનિવાસી 'નારાયણ' ભગવાન હોય ને શું ? એવી શંકા ઉત્પન્ન કરો છો. મુક્તમુનિ વગેરે સંતમંડળને અત્યંત હર્ષિત કર્યા છે જેમણે એવા તમોએ વેદશાસ્ત્રમાં કહેલા ધર્મની રક્ષા જેમાં છે એવા રામાનંદનામના મારા ઘણા રૂડા આશીર્વાદો પોતાનાં શ્રેયની અભિવૃદ્ધિ માટે અંગીકાર કરવા. (૩૧)

તમારો પત્ર અમોને પ્રાપ્ત થયો. તેમાં જણાવેલ સમગ્ર વૃત્તાંત મેં જાણ્યું. તમારા દેહની સ્થિતિ પણ મેં જાણી. આ કળિકાળમાં કોઈ પણ મનુષ્યથી ન બની શકે તેવું આપનું દુષ્કર તપ છે. આપનું જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, નિયમની દઢતા, ધર્મમાં નિષ્ઠા અને શમાદિ સદ્ગુણો પૂર્વજન્મમાં સિદ્ધ કરેલા હોવાથી આ જન્મમાં સહજ પ્રાપ્ત થયેલા છે. તેથી એમાં બીજું કાંઈ આશ્ચર્ય જેવું નથી. (૩૨) ધ્યાનમાં જેવા શ્રીકૃષ્ણનાં દર્શન કરો છો તે શ્રીકૃષ્ણ તેવા જ છે. તેથી તેમના ધ્યાનપરાયણ થઈ સંત મંડળમાં નિવાસ કરીને રહો અને મારા આગમનની પ્રતીક્ષા કરો. હું વૈશાખ માસ ઊતરતા તમારા સર્વેની પ્રસન્નતાને અર્થે તુરંત પિપલાણા ગામે આવીશ. ત્યાં તમે સંતમંડળની સાથે આવજો. (૩૩)

તમને મારાં દર્શનની અતિશય ઉત્કંઠા વર્તે છે તેનું કારણ હું જાણું છું. પરંતુ અત્યારે માર્ગમાં કાઠી આદિક ધાડપાડુઓનો ભય વર્તે છે તેથી અહીં આવવું અતિ દુષ્કર છે. તે હેતુથી તમારે અહીં આવવું નહિ. તમને મારામાં જો પૂજ્ય બુદ્ધિ વર્તતી હોય તો મારાં વચનને આદરપૂર્વક અંગીકાર કરજો અને સંતોને યોગનો અભ્યાસ કરાવજો. (૩૪) તમારા અંતરમાં મારાં દર્શનની જેવી ઉત્કંઠા વર્તે છે તેવીજ મને પણ તમારાં દર્શનની ઉત્કંઠા વર્તે છે. એમ તમે જાણો અને તેથી



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तवेक्षणाय भवतीत्येवं त्वया बुद्ध्यताम् । आयास्यामि ततो द्रुतं च भवता स्थेयं स्वधर्मे सदा त्वादृग्धार्मिकभक्तसङ्गममहं याचे यशोदासुतात् ॥३५॥ ये स्युर्धर्मपरायणा भुवि जनास्तेऽतिप्रियाः सन्ति मे तेषां दूरगतो न कर्हिचिदहं तल्लग्नचित्तत्वतः । सन्तस्त्वादृश एव मे बहुमता यत्पादवारि ध्रुवं तीर्थेभ्योऽपि नृणां विशुद्धिमधिकां स्पृष्टं विधत्ते द्रुतम् ॥३६॥ भोजयन्ति भुवि पूजयन्ति वा ये तु साधुपुरुषान्भवादृशान् । तैश्चराचरमिदं सदैवतं पूजितं च बहुधा सुभोजितम् ॥३७॥ प्रीतिरस्ति मम सत्सु यादृशी तादृशी तु न निजेऽपि चात्मनि । सन्त एव हृदयं भवन्ति मे कृष्णभक्तिरसिकाश्च धार्मिकाः ॥३८॥ खेदितव्यमत एव न त्वया वीक्षणाय मम यत्समागमः । आवयोर्झटिति सम्भविष्यति ग्राम एव ननु पिप्पलाह्वये ॥३९॥ आगमोऽत्र भवता विनाज्ञया नैव कार्य इति मेऽनुशासनम् । स्वेच्छयैव यदि वागमिष्यसि प्राप्स्यसे न हि सुखं तदेप्सितम् ॥४०॥ दर्शनप्रियतया मम त्वया मन्निदेशमतिलङ्घ्य सर्वथा । नागमोऽत्र तु विधेय आदरः सत्सु कार्य उरुधा मदात्मसु ॥४१॥ क्षीणमेव नितरां वपुर्निजं येन चोग्रतपसा क्षयं व्रजेत् । तादृशं तु न तदाचरेः पुनर्धर्मसाधनमिहास्ति यद्वपुः ॥४२॥ पातितेऽतितपसातिदुर्बले दुर्लभे नरकलेवरे पुनः । ज्ञानभक्तितपसां न जायते साधनं च निजधर्मवर्त्मनः ॥४३॥ तात ! मद्वचनतो निजं वपुः पोषयेर्मम हिताय सर्वथा । भूरि कार्यमपि मामकं त्वया साधनीयमिह वर्तते यतः ॥४४॥ सुव्रत उवाच - लिखित्वा पत्रिकामित्थं रामानन्दमुनिर्नृप ! । मुद्रयित्वा ददौ तस्मै मयरामाग्रजन्मने ॥४५॥ गृहीत्वोत्तरपत्रीं तां स च विप्रवरः पुनः । प्रायाल्लोजपुरं तूर्णं सप्तमेऽह्नि तदाप च ॥४६॥ तत्र पत्रं स तत् प्रादान्मुक्तानन्दाय वाडवः । सोऽपि साकं वर्णिनैव वाचयामास तन्मुनिः ॥४७॥

---

જ હું ત્યાં તત્કાળ આવીશ. તમે નિરંતર સ્વધર્મનું પાલન કરજો. ભગવાન શ્રી કૃષ્ણનાં ચરણોમાં હું હંમેશા એવી જ પ્રાર્થના કરૂં છું કે મને સદાય તમારા જેવા ધાર્મિક ભગવદ્ ભક્તનો સમાગમ પ્રાપ્ત થાય. (૩૫)

પૃથ્વી ઉપર રહેલા જે મનુષ્યો ધર્મપરાયણ જીવન જીવે છે તે મને અતિશય વહાલા છે. તેમનાથી હું અણુમાત્ર દૂર નથી. તમારા જેવા સત્પુરુષો મારે મન પૂજનીય છે. તમારા જેવા સત્પુરુષોનું જે ચરણોદક તેતો ગંગાદિક તીર્થો કરતાં પણ તેનો સ્પર્શ કરનારા મનુષ્યોને તત્કાળ અધિક પાવન કરનારું છે. (૩૬) પૃથ્વી ઉપર જે મનુષ્યો તમારા જેવા સત્પુરુષોને જમાડે છે, તેમજ પૂજન કરે છે તે જનોને દેવતાઓ સહિત ચરાચર વિશ્વને જમાડવાનું અને પૂજન કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. (૩૭) તમારા જેવા સત્પુરુષોમાં મને જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ મારા આત્મસ્વરૂપમાં પણ નથી. કારણ કે શ્રીકૃષ્ણની નવ પ્રકારની ભક્તિમાં પ્રેમવાળા તેમજ ધાર્મિક એવા સાધુપુરુષો જ મારું હૃદય છે. (૩૮)

તેથી મારાં દર્શન માટે તમે જરા પણ ખેદ પામશો નહિ. કારણ કે ટૂંક સમયમાં જ પિપલાણા નામનાં ગામમાં તમારો અને મારો મેળાપ જરૂર થશે. (૩૯) તમારે મારી આજ્ઞા વિના અહીં (ભુજનગરમાં) આવવું નહિ એવી મારી આજ્ઞા છે અને જો સ્વેચ્છાથી આવશો તો ઈચ્છિત સુખ નહિ જ પામો. (૪૦)

મારાં દર્શનના પ્રેમથી પણ તમારે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી અહીં આવવું નહિ અને ત્યાં મારે વિષે પ્રીતિવાળા મુક્તાનંદાદિ સંતોમાં આદરભાવ રાખવો. (૪૧) અતિશય ક્ષીણ બનેલું તમારું શરીર ફરી તીવ્ર તપશ્ચર્યા કરવાથી જે રીતે નાશ પામે તેવું તીવ્ર તપ હવે ન કરવું. કારણ કે શરીર ભગવત્પ્રસન્તાનાં હેતુભૂત ધર્મનું સાધન છે. (૪૨)

માનવ શરીર અતિ દુર્લભ છે અને એ શરીરને તીવ્ર તપશ્ચર્યાથી અતિ દુર્બળ બનાવી ત્યાગ કરે તો ફરી તેને જ્ઞાન, ભક્તિ, તપ અને સ્વધર્મની સિદ્ધિ થતી નથી. (૪૩) હે તાત ! મારાં વચનને માની મારા હિત માટે સર્વ પ્રકારે તમારા શરીરનું પોષણ કરવું. કારણ કે 'આ લોકમાં મારે તમારી પાસે ઘણું ઘણું ધર્મકાર્ય સિદ્ધ કરાવવાનું છે.' (૪૪)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્! રામાનંદ-સ્વામીએ આ પ્રમાણે પત્રિકા લખી કવરમાં બીડી વિપ્રવર્ય મયારામ ભટ્ટના હાથમાં અર્પણ કરી. (૪૫) વિપ્રવર્ય મયારામ ભટ્ટ ઉત્તરપત્રિકા લઈ તત્કાળ સાતમે દિવસે ફરી લોજપુરમાં પાછા પધાર્યા અને તે પત્રિકા મુક્તાનંદસ્વામીના હાથમાં અર્પણ કરી. મુક્તાનંદસ્વામી પણ નીલકંઠ બ્રહ્મચારીને સાથે રાખી તે પત્રિકાનું વાચન કરવા લાગ્યા. (૪૬ થી ૪૭)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**स्वामिनो मानयन्नाज्ञां तत्रोवास ततो हरिः । अशिक्षन्त मुदा सन्तस्तस्माद्योगकलाश्च ते ॥४८॥ स शिक्षयामास यथोपदेशं तान् योगमष्टाङ्गमशेषमेव । तेऽप्यल्पकालेन गुरोः प्रसादात्तस्यैव तत्सिद्धदशामवापुः ॥४९॥** इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दलिखितपत्रिकानिरूपणनामा पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥५५॥

सुव्रत उवाच – **वर्णिनो वसतस्तस्य योगं शिक्षयतः सतः । तपस्यतो व्यतीयाय तत्र मासस्तु माधवः ॥१॥ अद्य श्वो वा परश्वो वा नूनमायास्यति प्रभुः । इति चिन्तयतस्तस्य शुक्रमासार्धमप्यगात् ॥२॥ ततोऽतिव्याकुलो वर्णी तपश्चिन्तातिकर्शितः । तदागमप्रतीक्षार्तिः स्वास्थ्यं न प्राप किञ्चन ॥३॥ अथ सोऽपि सतां स्वामी तद्दिदृक्षाहृतान्तरः । भक्तैः कतिपयैः साकमहिपुर्या विनिर्ययौ ॥४॥ रथं महान्तामारूढो हेमरत्नपरिच्छदम् । पङ्क्तिशः संस्थितान् पौरान्पश्यन्मधुरया दृशा ॥५॥ सोऽनुयातः पूजितश्च पौरैः साश्रुविलोचनैः । भक्तानानन्दयन्मार्गे पिप्पलग्राममाययौ ॥६॥ नरसिंहाख्यविप्रस्य स्वभक्तस्य स मन्दिरे । तत्र व्यराजद्भगवान्पूज्यमानो निजैर्जनैः ॥७॥ ततः कुमारजित्संज्ञं दूतं लोजपुरं प्रति । प्राहिणोत्सोऽखिलान्भक्तांस्तत्राकारयितुं निजान् ॥८॥ तस्मिन्नेव दिने शीघ्रं स लोजपुरमेत्य तान् । प्राह श्रीस्वामिना यूयमाहूताः स्थेति दौत्यकृत् ॥९॥ श्रुत्वामृतायमानं**

---

પત્રિકા વાંચી વર્ણીરાજ શ્રીહરિ રામાનંદસ્વામીની આજ્ઞાનું પાલન કરતા થકા ત્યાં લોજપુરમાં જ નિવાસ કરીને રહ્યા અને સર્વે સંતમંડળ પણ તેમની પાસેથી હર્ષપૂર્વક સમગ્ર યોગકળા શીખવા લાગ્યું (૪૮)

ભગવાન શ્રીહરિ પણ સ્વામીના આદેશ અનુસાર સર્વે સંતોને સમગ્ર અષ્ટાંગ યોગનું શિક્ષણ આપવા લાગ્યા અને તે સંતો પણ યોગના ઉપદેષ્ટા સાક્ષાત્ શ્રીહરિના અનુગ્રહથી અલ્પ સમયમાં જ સિદ્ધ દશા પામ્યા. (૪૯) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'રામાનંદસ્વામિલિખિત પત્રિકાનિરૂપણ' નામે પંચાવનમો અધ્યાયઃ (૫૫)*

## અધ્યાય : ૫૬

## પિપલાણા ગામે શ્રીરામાનંદસ્વામીનો મેળાપ

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ લોજપુરમાં નિવાસ કરી સંતોને યોગની કળા શીખવતા હતા અને તપશ્ચર્યા કરતા હતા. તેવામાં વૈશાખ માસ પૂર્ણ થયો. (૧) "રામાનંદ સ્વામી આજે આવશે ? કાલે આવશે ? કે પરમ દિવસે તો જરૂર આવશે જ." આ પ્રકારે શ્રીહરિ પ્રતીક્ષા કરતા હતા તેવામાં અર્ધો જેઠ માસ પણ વીતી ગયો. (૨) સ્વામીના આગમનની પ્રતીક્ષાથી દુઃખી થતા શ્રીહરિને ક્યાંય ચેન પડતું ન હતું. અને તેથી અતિ વ્યાકુળ થયેલા વર્ણિરાજનું શરીર તપ અને ચિંતાથી અતિશય કૃશ થવા લાગ્યું. (૩)

હે રાજન્ ! આ બાજુ ભૂજમાં બિરાજતા સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનું અંતર નીલકંઠનાં દર્શન કરવાની ઈચ્છાથી ખેંચાવા લાગ્યું અને તેથી કેટલાક ભક્તજનોની સાથે સ્વામીએ ભુજનગરથી પ્રયાણ કર્યું. (૪) સુવર્ણ અને રત્નજડિત ઉપકરણોવાળા મોટા રથ ઉપર બિરાજમાન થએલા શ્રી રામાનંદસ્વામી પોતાનાં દર્શનાર્થે પંકિતબદ્ધ ઊભેલા નગરવાસીઓને પોતાની કરુણામય દૃષ્ટિથી જોતા હતા. (૫)

અશ્રુપૂર્ણ નેત્રવાળા ભક્તજનોએ રામાનંદ સ્વામીનું ભાવથી પૂજન કર્યું. અને સ્વામીને વળાવવા બહુ દૂર સુધી પાછળ પાછળ ચાલ્યા. પોતાને વળાવવા આવેલા ભક્તોને વિદાય આપી રામાનંદસ્વામી ત્યાંથી આગળ ચાલ્યા અને માર્ગને વિષે પોતાના ભક્તજનોને આનંદ પમાડતા થકા પિપલાણા ગામમાં પધાર્યા. (૬) ભગવાન્ શ્રી રામાનંદસ્વામીએ ભક્તરાજ નરસિંહ મહેતાના ભવનમાં ઉતારો કર્યો અને ભક્તજનોએ સ્વામીનું પૂજન કર્યું. (૭)

ત્યારબાદ શ્રી રામાનંદસ્વામીએ પોતાના આશ્રિત મુક્તાનંદાદિ સમગ્ર સાધુજનોને આમંત્રણ આપવા કુમારજીત નામના સંદેશો પહોંચાડનાર સેવકને લોજપુર પ્રત્યે મોકલ્યો. અને તે જ દિવસે તત્કાળ લોજપુરમાં આવેલા કુમારજીત ભક્તે એવા સમાચાર આપ્યા કે 'રામાનંદ સ્વામીએ તમને સર્વેને પિપલાણા ગામે બોલાવ્યા છે.' (૮/૯) કુમારજીત



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

तद्वचस्तेऽतिमुदं ययुः । अद्यैव चलतेत्याह नीलकण्ठस्तदा वचः ॥१०॥ ततो विचार्य ते सन्तः सर्वे निशि विधूदये । प्रययुः पिप्पलग्रामं स्वगुरोर्दर्शनोत्सुकाः ॥११॥ मुक्तानन्दमुखाः सन्तो भक्तवर्यश्च पर्वतः । देवानन्दः परिव्राट् च भक्ता ज्येष्ठादयस्तथा ॥१२॥ स्वप्रेष्ठदर्शनौत्सुक्यसमाकृष्टान्तरास्तु ते । विचेलुः सत्वरं मार्गे तं लक्षीकृत्य खेटकम् ॥१३॥ अतिकार्श्याच्छरीरस्य नीलकण्ठस्तु वर्त्मनि । शीघ्राञ्चनश्वासपूर्णहृदयो न्यपतत्क्षितौ ॥१४॥ किञ्चिद्यात्वाऽग्रतः पश्चात्तं पश्यन्तोऽग्रगामिनः । ते सन्तः पतितं दृष्ट्वा तदन्तिकमुपाययुः ॥१५॥ पादसंवाहनं चक्रुस्तस्य ते च शनैः शनैः । किञ्चिदाश्वस्तमालोक्य प्रोचुस्ते वर्णिनं वचः ॥१६॥ दिनेऽत्रैवास्ति गन्तव्यः पिप्पलग्राम आशु नः । आश्रयातस्त्वममलामात्मनो योगधारणाम् ॥१७॥ तद्बलेनाध्वनः पारं यास्यस्येव न चान्यथा । इत्युक्तः स तथा चक्रे चचाल पथि सत्वरम् ॥१८॥ भगवन्तं हृदि ध्यायन् धनुर्मुक्तः शरो यथा । स विस्मृतवपुस्तूर्णं सर्वेषामग्रतोऽचलत् ॥१९॥ सन्तस्तमनुधावन्तोऽप्यवापुर्नैव शीघ्रगम् । प्रापुरोजस्वतीसंज्ञां नदीं सर्वेऽपि ते द्रुताः ॥२०॥ दक्षिणे पिप्पलग्रामाद्वहन्तीं कलुषोदकाम् । वृष्ट्यम्बुपूरितां भीमकल्लोलामतिदुस्तराम् ॥२१॥ वर्णिराट् तां समुत्तीर्य सहसैव परं तटम् । अनाकृष्टस्तरङ्गौघैः प्राप सन्मुखवर्त्मना ॥२२॥ अर्वाच्येव तटे तस्थुर्भक्ताः सर्वे तरङ्गिणीम् । नाव्यां भीमां च पश्यन्तो विदित्वा दुस्तरां च ताम् ॥२३॥ महताऽथ प्रयासेन कोलमाश्रित्य तेऽखिलाः । तामुत्तीर्य समेत्यामुं पिप्पलग्राममाविशन् ॥२४॥ ज्येष्ठकृष्णद्वादशिकादिने पूर्वाह्ण एव ते । नरसिंहद्विजगृहे ददृशुः स्वामिनं

બ્રાહ્મણનું આવું અમૃત સમાન વાક્ય સાંભળી સર્વે સાધુજનો અત્યંત હર્ષ પામ્યા અને શ્રીનીલકંઠ તો તે જ સમયે મુક્તમુનિ વગેરે સંતોને કહેવા લાગ્યા કે "ચાલો આપણે આજના દિવસે જ ગુરુના દર્શન કરવા જઈએ." (૧૦)

ત્યાર બાદ મુક્તાનંદમુનિ વગેરે સર્વે સંતો પરસ્પર વિચારણાપૂર્વક નિર્ણય કરી ચંદ્રોદય થતાં પિપલાણા ગામ પ્રત્યે ચાલ્યા. સર્વેના અંતરમાં સ્વામીનાં દર્શનની ઉત્કંઠા હતી. (૧૧) પોતાના પ્રાણપ્રિય ગુરુવર્યનાં દર્શનની ઉત્સુકતાથી ખેંચાયેલા અંતરવાળા મુક્તાનંદસ્વામી વગેરે સંતો, ભક્તરાજ પર્વતભાઈ, સંન્યાસી દેવાનંદ દંડી તથા જેઠા મેર વગેરે ભક્તજનો પિપલાણા ગામને લક્ષ્ય કરી માર્ગમાં ઉતાવળી ગતિએ ચાલતા હતા. (૧૨/૧૩) નીલકંઠવર્ણીનું શરીર તપથી અતિકૃશ થયેલું હોવાથી માર્ગમાં ઝડપી ગતિથી ચાલવાના પરિશ્રમથી તેમનું હૃદય શ્વાસથી ભરાઈ ગયું જેથી તેઓ ચાલતા ચાલતા પૃથ્વી ઉપર પડી ગયા. (૧૪)

સર્વે સંતો શ્રીહરિની આગળ ચાલતા હતા. તેવામાં થોડે દૂર સુધી આગળ ચાલી જ્યાં પાછા વળીને નજર કરી તો નીલકંઠને પૃથ્વી ઉપર પડી ગયેલા જોયા તેથી એકદમ દોડી તેમની સમીપમાં આવ્યા. (૧૫) મુક્તમુનિ વગેરે સંતો ધીરે ધીરે નીલકંઠની પગચંપી કરવા લાગ્યા. અને તેથી વર્ણીને થોડા સ્વસ્થ બનેલા જોઈ તેમના પ્રત્યે સંતો કહેવા લાગ્યા : (૧૬) હે નીલકંઠ ! આપણે આજના દિવસે જ પિપલાણા પહોંચવાનું છે. તે માટે તમે તમારી વિશુદ્ધ યોગધારણાનો આશ્રય કરો. યોગધારણાના બળથી જ તમે રસ્તાને પાર કરી શકશો. તે વિના બીજો કોઈ ઉપાય નથી. (૧૭) હે રાજન્ ! આ પ્રકારે જ્યારે સંતોએ કહ્યું ત્યારે શ્રીહરિએ યોગધારણાનો આશ્રય કર્યો અને માર્ગમાં ઉતાવળી ગતિએ ચાલવા લાગ્યા. (૧૮)

ભગવાન શ્રીકૃષ્ણનું હૃદયકમળમાં ચિંતવન કરતા શ્રીહરિ શરીરભાન ભૂલી ધનુષ્યમાંથી છૂટેલા તીરની જેમ ઉતાવળી ગતિએ બધા સંતોની આગળ ચાલવા લાગ્યા. (૧૯) ઉતાવળી ગતિએ ચાલતા વર્ણિરાજની પાછળ પાછળ સર્વે સંતો વેગથી ચાલતા હોવા છતાં તેમને પહોંચી ન શક્યા, આ પ્રમાણે ચાલતા ચાલતા સર્વે સંતો ભક્તો "ઓજત" નદીને કિનારે પહોંચ્યા. (૨૦) ઓજત નદી પિપલાણા ગામથી દક્ષિણ દિશા તરફ વહેતી હતી. તેનું જળ ડહોળું હતું અને વરસાદ હોવાને કારણે તેમાં પૂર આવ્યું હતું. ભયંકર તરંગો ઊછળતાં હતાં. કુશળ તરવૈયાઓથી પણ ન તરી શકાય એવી તે નદી દુસ્તર બની હતી. શ્રીહરિ તરંગોથી તણાયા વગર સામે પૂરે તરતા તરતા સહજતાથી નદીને પાર કરીને સામે કિનારે પહોંચી ગયા. (૨૧/૨૨)

મુક્તાનંદમુનિ આદિ સર્વે સંતો તો 'ઊછળતાં તરંગોવાળી આ નદી નાવથી જ તરી શકાશે તે વિના આ નદી ઉલ્લંઘવી કઠિન છે' એમ જાણી સામેના તટ ઉપર જ બેસી રહ્યા. (૨૩) ત્યારબાદ તેઓએ નાવમાં બેસી મહા પરિશ્રમથી નદી પાર કરી અને શ્રી નીલકંઠની સમીપે આવ્યા. અને પછી બધાએ સાથે મળી પિપલાણા ગામમાં પ્રવેશ કર્યો. (૨૪)



**પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર**

निजम् ॥२५॥ गौराङ्गं पुष्टमूर्तिं सितवसनधरं स्वास्यमाजानुबाहुं पद्माक्षं मन्दहासं निजजननिकरैश्चन्दनैः पुष्पहारैः । भक्त्या सम्पूज्यमानं सदसि च वितते दिव्यसिंहासनस्थं स्वीयानानन्दयन्तं परमसुखनिधिं स्वामिनं ते प्रणेमुः ॥२६॥ वर्णिराजं विलोक्याऽऽशु यावदुत्तिष्ठति प्रभुः । साष्टाङ्गं प्रणनामासौ तावद्भक्तोत्तमः स तु ॥२७॥ तमुत्थाप्य स बाहुभ्यां परिरभ्य निजान्तिके । उपावेशयदन्यांश्च प्रणतान्सममानयत् ॥२८॥ वर्णीन्द्रः स्वामिनं दृष्ट्वा श्रुतं सद्भ्यो यथा तथा । निर्वृतिं परमामाप प्रेमाश्रुः पुलकाञ्चितः ॥२९॥ निमेषहीनया दृष्ट्या पश्यन्तं स्वेक्षणे हरिम् । तादृश्यैव दृशाऽ पश्यन्मुहूर्तद्वितयं स च ॥३०॥ प्राग्देहभानहीनं च ततः स्वस्थं तमादरात् । पश्यन् पप्रच्छ स स्वामी स्वागतादि यथोचितम् ॥३१॥ मुक्तानन्दः कथितवांस्तद्वृत्तान्तमशेषतः । यथा ज्ञातं तदा स्वामी वर्णिनं प्रशशंस तम् ॥३२॥ प्रेम्णा गद्गदकण्ठेन स्तुत्वा तं वर्णिराडपि । प्राहाद्य सफलो जातो मन्मनोरथपादपः ॥३३॥ साक्षाच्छ्रीकृष्णचन्द्रस्य भुवि भक्तिप्रवर्तकम् । त्वां प्राप्याद्य कृतार्थोऽस्मि नृजन्म फलितं मम ॥३४॥ प्रसन्नः कारयामास ततस्तस्य च तत्सताम् । यथोचितं स आतिथ्यं सत्फलैः पयआदिभिः ॥३५॥ प्रेमनिभृतविलोचनाब्जयोः सिद्धयोरमृतसारवाचयोः । वर्णिराजमुनिराजयोस्तदा योग आप जनदर्शनीयताम् ॥३६॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिसमागमनामा षट्पञ्चाशत्तमोऽध्यायः ॥५६॥

---

**ગુરુશિષ્યનું અદ્‌ભુત મિલન** :- સર્વ સંતો ભક્તો અને શ્રીહરિએ સંવત્ ૧૮૫૬ના જેઠ વદી દ્વાદશીના દિવસે મધ્યાહ્ન પહેલા નરસિંહ મહેતાના ભુવનમાં બિરાજતા સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીનાં દર્શન કર્યાં. (૨૫) શ્રીરામાનંદસ્વામી શરીરે ગૌર અને પુષ્ટમૂર્તિ હતા. તેઓએ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. રમણીય મુખકમળ હતું. આજાન ભુજાઓ હતી. કમળ સમાન નેત્રો હતાં. મંદ મંદ હાસ્ય કરી રહ્યા હતા. તેમનાં આશ્રિત ભક્તજનો પુષ્પહાર, ચંદન વગેરે ઉપચાર દ્રવ્યોથી પ્રેમપૂર્વક સ્વામીનું પૂજન કરતા હતા. વિશાળ સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા હતા. અને પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા. એવા પરમસુખના સિંધુ શ્રી રામાનંદસ્વામીનાં ચરણકમળમાં મુક્તાનંદમુનિ વગેરે ભક્તજનો સર્વે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા. (૨૬)

શ્રીરામાનંદમુનિ વર્ણિરાજ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોતાની સાથે જ જ્યાં આસન પરથી ઊભા થવા જાય છે તેટલામાં તો ભક્તોમાં અગ્રેસર (મનુષ્યલીલા કરતા) ભગવાન શ્રીહરિ તે મુનિને દંડવત પ્રણામ કરવા લાગ્યા. (૨૭) શ્રીરામાનંદ સ્વામીએ શ્રીનીલકંઠવર્ણીને બંને બાહુઓથી ઉઠાડીને પ્રેમથી ગાઢ આલિંગન કરી પોતાની સમીપમાં બેસાડ્યા અને પ્રણામ કરતા મુક્તાનંદાદિ સંતોનું પણ યથાયોગ્ય સન્માન કર્યું. (૨૮) સંતોએ જેવા પ્રકારે સ્વામીનું વર્ણન કર્યું હતું તેવા જ સ્વરૂપે સ્વામીનાં દર્શન કરી રોમાંચિતગાત્ર બનેલા શ્રીનીલકંઠનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. અને પરમ શાંતિ પામ્યા. (૨૯)

શ્રીહરિ નિર્નિમેષ દૃષ્ટિથી શ્રી રામાનંદ સ્વામીનાં નેત્રકમળ સામું જોઈ દર્શન કરવા લાગ્યાં અને એજ રીતે શ્રી રામાનંદસ્વામી પણ ચાર ઘડી પર્યંત શ્રી નીલકંઠની સામું જોઈ જ રહ્યા. (૩૦) શ્રીસ્વામીનાં દર્શનથી નીલકંઠ શરીરભાન ભૂલ્યા. ત્યારબાદ થોડી વારે પાછા સ્વસ્થ બન્યા. તે સમયે શ્રીરામાનંદ સ્વામી આદરપૂર્વક તેમની સામે નિહાળવા લાગ્યા અને કુશળ સમાચાર પૂછવા લાગ્યા. (૩૧) મુક્તાનંદસ્વામીએ શ્રી નીલકંઠવર્ણીનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી શ્રી રામાનંદસ્વામી નીલકંઠવર્ણીની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. (૩૨)

શ્રી નીલકંઠ પણ પ્રેમપૂર્વક ગદ્‌ગદ્ કંઠે શ્રી રામાનંદસ્વામીની પ્રશંસા કરવા લાગ્યા ને કહેવા લાગ્યા કે 'આજે મારા ઘણા દિવસથી અંકુરિત થયેલા મનોરથરૂપી વૃક્ષમાં અમૃત જેવાં (આપનાં દર્શનરૂપ) મીઠાં ફળો લાગ્યાં તેથી આ વૃક્ષ સફળ થયું.' (૩૩) પૃથ્વી ઉપર સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિનું પ્રવર્તન કરનારા આપના સુયોગથી હું કૃતાર્થ થયો તેમજ મારો મનુષ્યજન્મ સફળ થયો. (૩૪) હે રાજન્ ! ત્યારબાદ પ્રસન્ન થયેલા શ્રી રામાનંદ સ્વામી, શ્રીનીલકંઠ અને સર્વ સંતવૃંદનો યથાયોગ્ય આતિથ્યસત્કાર; સુંદર ફળો અને દૂધ વગેરેથી કરાવતા હતા. (૩૫)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! મુનીન્દ્ર શ્રીરામાનંદસ્વામી અને શિષ્ય શ્રીનીલકંઠ વર્ણીન્દ્રનું દિવ્ય મિલન સર્વ કોઈ શરીરધારીઓને આનંદ ઉપજાવે તેવું હતું. તે બંનેનાં નેત્ર કમળમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેતાં હતાં. તે બંને જ્ઞાનયોગ અને ભક્તિયોગ વગેરેની પરાકાષ્ઠા પામેલા સિદ્ધદશાવાળા યોગીઓ હતા. અને તેમના મુખમાંથી અમૃતથી પણ શ્રેષ્ઠ વચનો વરસી રહ્યાં હતાં. (૩૬) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામિસમાગમ નામે છપ્પનમો અધ્યાયઃ (૫૬)*



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुव्रत उवाच - स्नात्वा स्वामी प्रदोषेऽथ राधिकाधीशपूजनम् । उपचारैर्महद्भिश्च यथाविधि चकार सः ॥१॥ एकादश्या जागरणं ततः कुर्वन्निजैः सह । स्वामी पुनरपृच्छत्तं तज्जन्मस्थानमादितः ॥२॥ कुलं च पितरौ गोत्रं प्रवरान्देशिकं तथा । वेदं शाखामिष्टदेवं वैराग्यं स्वजनत्यजिम् ॥३॥ वनवासं तपोभेदान्साङ्गयोगस्य साधनम् । तीर्थयात्रां तत्र तत्र तैर्थिकानां समागमम् ॥४॥ एतत्पृष्टः स्वामिनाऽसौ यथावत्सर्वमादितः । क्रमेण कथयामास ह्यनुभूतं यथा यथा ॥५॥ सविस्तरं तद्वृत्तान्तं स श्रुत्वा प्रीतिमान्भृशम् । प्राह त्वमस्मदीयोऽसि वर्णिन् ! धर्मस्य यत्सुतः ॥६॥ स हि प्रयागे सम्प्राप भक्त्या सह पिता तव । दीक्षां भागवतीं धीमान्मत्त एवाखिलार्थवित् ॥७॥ मदाज्ञया कोसलेषु मुमुक्षून्स निजाश्रितान्। उपादिशत्कृष्णभक्तिमहिंसाद्यैर्यमैः सह ॥८॥ त्वं तु तस्मादपि गुणैरधिकोऽसि महातपाः । अमर्त्यशङ्कां हृदये धत्से स्वं पश्यतां नृणाम् ॥९॥ सुव्रत उवाच - अनुग्रहं स्वपितरि श्रुत्वाऽसौ स्वामिनो भृशम् । मुमुदेऽथ गुरुं कर्तुं निश्चिकाय तमेव हि ॥१०॥ गुणैः कृष्णसमे ह्यस्मिन्नेव कृष्णोऽस्ति नित्यदा । वशे चास्येति गीः सत्येत्येवं प्राह सतो हरिः ॥११॥ तत्रोवास सुखेनैव स ततो दृढनिश्चयः । मानितो बहुधा तेन गुरुणेश्वररूपिणा ॥१२॥ आश्चर्यदर्शनं तं च नीलकण्ठतपस्विनम् । पश्यतां स्वामिभक्तानां विस्मयोऽभून्महानथ ॥१३॥ स्वयं स्वाम्यपि तं दृष्ट्वा योगिदुष्प्रापसद्गुणम् । कृष्णस्यैव तनुं काञ्चिन्मेने धर्मावनक्षमाम् ॥१४॥ सर्वज्ञोऽप्युद्धवस्तं तु साक्षान्नारायणो ह्ययम् । इति नावैत्प्रभोस्तस्य नरनाट्यविधित्सया ॥१५॥

## અધ્યાય : ૫૭

## શ્રીનીલકંઠવર્ણીનું આશ્ચર્યકારી દર્શન

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ત્યાર પછી સંધ્યા સમયે રામાનંદ સ્વામીએ સ્નાનવિધિ કરી નૈવેદ્યાદિક અનેકવિધ મહાન ઉપચાર દ્રવ્યોથી યથાવિધિ શ્રી રાધિકાપતિ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. (૧) ત્યારબાદ ભક્તજનોની સાથે શ્રી રામાનંદ સ્વામીએ એકાદશીનું જાગરણ કર્યું અને શ્રીહરિ પ્રત્યે તેમના જન્મસ્થળ સંબંધી પ્રશ્નો પૂછવા લાગ્યા. (૨) કુળ, માતાપિતા, ગોત્ર, પ્રવર, વેદ, શાખા, આચાર્ય, ઉપાસ્ય ઈષ્ટદેવ, વૈરાગ્ય, સ્વજનોનો ત્યાગ, વનવાસ, તપના પ્રકાર, અંગે સહિત યોગનું સાધન, તીર્થયાત્રા, તીર્થવાસી સત્પુરુષોનો સમાગમ વગેરે અનેક પ્રશ્ન પૂછ્યા. સ્વામીના પૂછવાથી શ્રીહરિએ તેમને પ્રથમથી આરંભી પોતે જે જે અનુભવ્યું હતું અને જેમ હતું તેમ સર્વ વૃત્તાંત અનુક્રમથી કહી સંભળાવ્યું. (૩ થી ૫)

વિસ્તારપૂર્વક વર્ણન કરેલું નીલકંઠનું વૃત્તાંત સાંભળી પ્રસન્ન થયેલા શ્રી રામાનંદસ્વામી કહેવા લાગ્યા કે, હે વર્ણિન્ ! તમે ધર્મદેવના પુત્ર હોવાથી અમારા જ થયા. (૬) તમારા પિતા બુદ્ધિશાળી તેમજ સમગ્ર પુરુષાર્થને જાણનારા હતા. ભક્તિદેવી સહિત તેમણે પ્રયાગરાજ તીર્થમાં મારી પાસેથી જ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. (૭) મારી આજ્ઞાથી તમારા પિતા કૌશલદેશનિવાસી શરણાગત મુમુક્ષુ જીવોને શ્રીકૃષ્ણ પરમાત્માની અહિંસા અને યમાદિ અંગોએ સહિત ભક્તિનો બોધ કરતા હતા. (૮) તીવ્ર તપશ્ચર્યા કરનારા તમે તો ગુણે કરીને પિતા થકી પણ અધિક છો. અને તે હેતુથી જ દર્શન કરનારા મનુષ્યોનાં અંતરમાં 'આ સામાન્ય મનુષ્ય નથી, પણ કોઈ અમાનુષ ચરિત્રવાળા અલૌકિક પુરુષ છે' એવી શંકા ઉપજાવો છો. (૯)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! 'પોતાના પિતા ધર્મદેવ ઉપર શ્રીરામાનંદ સ્વામીએ અતિશય અનુગ્રહ કર્યો છે.' એવું સાંભળી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. અને પછી તેમને જ ગુરુ કરવાનો નિર્ધાર કર્યો. (૧૦) 'ગુણે કરીને શ્રીકૃષ્ણ સમાન આ સદ્‌ગુરુમાં ભગવાન શ્રીકૃષ્ણ નિરંતર નિવાસ કરીને રહે છે અને એમને વશ વર્તે છે.' આ પ્રકારની સંતોની વાણી સત્ય છે. એમ શ્રીહરિ કહેવા લાગ્યા. (૧૧) ત્યારબાદ ઈશ્વરમૂર્તિ ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામીએ બહુ પ્રકારે આદરસત્કાર કરાયેલા દૃઢ નિશ્ચયવાળા શ્રીહરિ ત્યાં સ્વામીની સાથે જ નિવાસ કરીને રહેવા લાગ્યા. (૧૨)

શ્રી રામાનંદસ્વામીના ભક્તજનોના અંતરમાં તપોનિધિ શ્રીનીલકંઠનું આશ્ચર્યકારી દર્શન પરમ વિસ્મય ઉપજાવતું હતું. (૧૩) યોગીજનો પણ જે સદ્‌ગુણોની સ્પૃહા રાખે છતાં પ્રાપ્ત ન થઈ શકે એવા સદ્‌ગુણોના ધામસ્વરૂપ શ્રીહરિનાં દર્શન કરી પોતે શ્રી રામાનંદસ્વામી પણ ' એકાંતિક ધર્મનું રક્ષણ કરવામાં સમર્થ આ વર્ણી શ્રીકૃષ્ણનું જ કોઈ, ન જાણી શકાય તેવું અપર સ્વરૂપ છે' એમ માનવા લાગ્યા. (૧૪) ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામી પોતે સર્વજ્ઞ હોવા છતાં મનુષ્યનાટક કરવાની ઈચ્છા ધરાવતા શ્રીહરિના સંકલ્પથી 'આ શ્રી નીલકંઠ સાક્ષાત્ નારાયણ છે' એમ જાણી શક્યા નહિ. (૧૫)

उद्घोषोऽथाभवल्लोके कश्चन स्वामिनोऽन्तिके । बालो वर्णी ह्यागतोऽस्ति तपस्वी योगिराडिति ॥१६॥ तद्दर्शनार्थमाजग्मुर्नानादेशेभ्य आदृताः। सहस्रशो नरा नार्यस्त्यागिनो योगिनोऽपि च ॥१७॥ पप्रच्छुस्ते गुरुंको वा वर्णी योऽद्याऽऽगतोऽत्र सः । तान्स्वामी दर्शयामास तमङ्गुल्याऽन्तिके स्थितम् ॥१८॥ तं वर्णिनं कृशतनुं वीक्ष्य तेऽतितपस्विनम्। विस्मयं परमं प्राप्य पप्रच्छुः स्वामिनं पुनः ॥१९॥ कुतोऽयमागतो वर्णी बालोऽप्यतितपोबलः । आश्चर्यं जनयन्नृणां वेत्ति योगकलाश्च यः ॥२०॥ उपवीती च जटिलः शान्तो धमनिसन्ततः । ऊर्ध्वपुण्ड्रं च तुलसीमाले ऐणाजिनं दधत् ॥२१॥ उदासीन इवासीनो ध्यानस्तिमितलोचनः । देहानुसन्धानहीनो निष्परिग्रह एष कः ॥२२॥ तान्स्वामी प्राह बालोऽयं कोसलेभ्य उपागतः । आस्तां भगवतो भक्तौ पितरावस्य धार्मिकौ ॥२३॥ भक्तिज्ञानविरागाणां माहात्म्यं तन्मुखादयम् । शुश्राव बुद्धिमान् बालस्ततस्तत्प्राप्तुमैहत ॥२४॥ उत्कण्ठितोऽथ तत्सिद्ध्यै ह्यनापृच्छ्य सुहृज्जनान्। हित्वा गत्वा वनं घोरं तपश्चक्रेऽतिदारुणम् ॥२५॥ तेनैव भक्तियुक्तेन षण्मासाभ्यन्तरे हरिम् । प्रसाद्य तीर्थानि चरन्प्राप्तोऽत्रास्ति यदृच्छया ॥२६॥ एतस्य चरितं त्वेतद्ध्रुवस्येवास्ति निश्चितम् । विष्णुं प्रीणयतो बाल्ये दुराराध्यं सुरैरपि ॥२७॥ इति श्रुत्वा भगवतो वाक्यं ते विस्मिता जनाः । ययुर्यथागतं नत्वा तं ध्रुवाभं च तं हरिम् ॥२८॥

---

**શ્રી રામાનંદસ્વામીએ ભક્તજનોને કરાવેલો શ્રી વર્ણિરાજનો પરિચય :-** ત્યારબાદ પૃથ્વી પર ચારે બાજુએ એવો ઉદ્‌ઘોષ વ્યાપ્યો કે 'કોઈક મહાન તપસ્વી યોગિસમ્રાટ બાળ બ્રહ્મચારી શ્રી રામાનંદસ્વામી પાસે આવ્યા છે' તે સાંભળી દેશદેશાંતરથી હજારો નરનારીઓ અને યોગીજનો પણ શ્રી નીલકંઠનાં દર્શન માટે આવવા લાગ્યાં. (૧૬/૧૭) દર્શને આવેલાં મનુષ્યો ગુરુવર્યને પૂછવા લાગ્યાં કે હમણાં જે વર્ણી તમારી સમીપે પધાર્યા છે તે આમાં કોણ છે ? ત્યારે સ્વામી સ્વયં પોતાની સમીપે બિરાજતા શ્રીનીલકંઠ પ્રત્યે અંગુલીનો નિર્દેશ કરી તેમને ઓળખાવતા હતા. (૧૮)

કૃશ કાયાધારી અને અતિ તપસ્વી શ્રી વર્ણિરાજનાં દર્શન કરી પરમ વિસ્મય પામેલા જનો ફરીથી શ્રીસ્વામી પ્રત્યે પૂછવા લાગ્યા : (૧૯) બાલ્ય અવસ્થામાં હોવા છતાં અતિ તપોબળને ધારણ કરનારા આ વર્ણિરાજનું આગમન ક્યાંથી થયું છે ? આ વર્ણિરાજ સમગ્ર યોગકળાના નિધિ છે અને દરેક મનુષ્યના મનમાં આશ્ચર્ય ઉપજાવે છે. (૨૦) આ વર્ણિરાજ કોણ(એટલે કે કયા ગોત્રનાં અને કોના પુત્ર અથવા પૂર્વે મહાન ભક્તોમાંથી કોણ) છે ? કે જેમણે ઉપવીત ધારણ કર્યું છે. મસ્તક પર જટારૂપી મુગટ ધાર્યો છે. સ્વરૂપે શાંત છે. તેમના શરીરમાં નાડીઓનું સ્પષ્ટ દર્શન થઈ રહ્યું છે. લલાટમાં ઊર્ધ્વપુંડ્રતિલક અને કંઠમાં તુલસીની માળા ધારી છે. આસન માટે મૃગચર્મ ધારણ કર્યું છે. ઉદાસીન વૃત્તિને ધારણ કરી બિરાજમાન થયા છે. નેત્રો મીંચી ધ્યાનમુદ્રામાં બેઠા છે. કોઈ જાતની વસ્તુનો સંગ્રહ કરતા નથી અને એમને એમના શરીરનું પણ અનુસંધાન નથી. (૨૧/૨૨)

ભક્તજનોના પ્રશ્નોથી સ્વામી તેમને કહેવા લાગ્યા કે 'આ બાળ બ્રહ્મચારી કૌશલ દેશમાંથી આવ્યા છે. શ્રીકૃષ્ણના પરમ ઉપાસક, ધર્મ અને ભક્તિ એમના માતાપિતા છે. એ માતાપિતા થકી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના માહાત્મ્યનું શ્રવણ કરવાથી આ બુદ્ધિમાન શ્રીહરિના અંતરમાં તે સદ્‌ગુણોને પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ. (૨૩/૨૪) ત્યારબાદ તે સદ્‌ગુણોને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા ધરાવતા આ શ્રીહરિ સંબંધીજનોને પૂછ્યા વિના ઘરનો ત્યાગ કરી અતિશય ભયંકર વનમાં જઈને અતિ કઠોર તપશ્ચર્યા કરતા હતા. (૨૫)

ભક્તિભાવપૂર્ણ તપશ્ચર્યાથી આ વર્ણી શ્રીહરિએ છ માસના સમયમાં જ સૂર્યનારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરી અને તીર્થોમાં વિચરણ કરતા કરતા દૈવ ઈચ્છાએ અહીં આવેલા છે. (૨૬) દેવતાઓએ પણ જેમનું આરાધન કરવું અશક્ય છે એવા ભગવાન શ્રીકૃષ્ણને બાલ્ય અવસ્થામાં જ પ્રસન્ન કરતા આ વર્ણિરાજનું (પૂર્વોક્ત) ચરિત્ર નિશ્ચય ધ્રુવજીની ઝાંખી કરાવે તેવું છે. (૨૭) આ પ્રકારે શ્રી રામાનંદસ્વામીનું વચન સાંભળી સર્વે જનો વિસ્મય પામ્યા થકા સ્વામીને નમસ્કાર કરીને તથા ભક્તરાજ ધ્રુવજી સમાન તેજસ્વી વર્ણી શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાને સ્થાને ગયા. (૨૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सुबुद्धिमथ तं राजन्! क्रियायोगातिनैपुणम् । उपहाराहृतौ स्वामी कृष्णार्चायामयूयुजत् ॥२९॥ सोऽपि स्वधर्मं भक्तिं च पालयन्नेव नित्यदा । कृष्णार्चावसरे तस्य गुरोः सन्निहितोऽभवत् ॥३०॥ स्नात्वा कुर्वति तस्मिंस्तु सन्ध्यादिं नैत्यकं विधिम् । करोति स्मार्चनविधेः पात्राणां परिमञ्जनम् ॥३१॥ पूजायां क्रियमाणायां तुलसीपुष्पचन्दनम् । धूपं दीपं च नैवेद्यं तत्तत्काल उपाहरत् ॥३२॥ यथाकालमनुक्तोऽपि पदार्थं तं तमाहरत् । इङ्गितज्ञो हरिस्तेन गुरोरपि मनोऽहरत् ॥३३॥ वर्णिनः कृष्णसेवायां श्रद्धातिशयमुत्तमम् । समीक्ष्य मुनिराट् तस्य वश आसीन्नरेश्वर ! ॥३४॥ कृष्णस्तु नित्यमर्चायामाविर्भूयोद्धवार्पितान् । साक्षाददत्तोपहारांस्तं तदन्यस्तु नैक्षत ॥३५॥ एकदा नीलकण्ठस्य सर्वथैवाधिकारिणः । तत्प्रत्यक्षेक्षणायासौ प्रत्यक्षं कृष्णमार्थयत् ॥३६॥ भगवन्नीलकण्ठाय मद्वत्प्रत्यक्षदर्शनम् । त्वयि प्रेमवतेऽत्यर्थं देहि सद्गुणशालिने ॥३७॥ सुव्रत उवाच- तथास्त्विति ततः कृष्णः प्रतिजज्ञे महामुनिम् । प्रहस्य दर्शनं प्रादात्प्रत्यक्षं स्वस्य वर्णिने ॥३८॥ परिचर्यां गुरोः कुर्वन् हरिःश्रीकृष्णमैक्षत । उपचारानाददानं प्रत्यक्षं स्वामिनार्पितान् ॥३९॥ नैवेद्यं समदन्तं तं वीक्ष्य प्राप स मुद्वरम् । पूजाकाले गुरोरित्थं सोऽद्राक्षीदनुवासरम् ॥४०॥ एकदा प्राह स गुरुं नीलकण्ठो रहःस्थितम् । मत्पूजावसरेऽपीत्थं कथं स्यात्कृष्णदर्शनम् ॥४१॥ यथोपहारान् गृह्णाति त्वया दत्तान्स नित्यदा । तथा मदर्पितान्प्रीतो ग्रहीष्यति कदाऽच्युतः ॥४२॥

**આદર્શ શિષ્યભાવનું આચરણ** :- હે રાજન્ ! ત્યાર બાદ શ્રી રામાનંદ સ્વામીએ યોગક્રિયામાં કુશળ અને બુદ્ધિમાન શ્રીહરિને ભગવત્ પૂજાની સામગ્રી એકત્રિત કરી પૂજા સમયે આપવાની સેવામાં રાખ્યા. (૨૯) સ્વધર્મ અને ભક્તિનું નિરંતર પાલન કરતા નીલકંઠ પણ ભગવાન શ્રીકૃષ્ણની સેવાના અવસરે સ્વામીના સાંનિધ્યમાં જ રહેતા હતા. (૩૦) શ્રી રામાનંદસ્વામી સ્નાન કરી સંધ્યાવંદનાદિ નિત્યવિધિનું અનુષ્ઠાન કરતા હોય ત્યારે શ્રીનીલકંઠ પૂજાનાં પાત્રોની સફાઈ કરવા લાગતા. (૩૧) અને સ્વામી જ્યારે ભગવત્ પૂજાનો આરંભ કરે ત્યારે શ્રીનીલકંઠ તુલસીપત્ર, પુષ્પહાર, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે સામગ્રી તે તે સમયે લાવી સમીપે રાખતા હતા. (૩૨)

સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી પૂજનની વસ્તુ લાવવાનું કહે તે પહેલા જ, તેમના અંતરના અભિપ્રાયને જાણનારા શ્રીનીલકંઠ સમયે સમયે તે તે પૂજાની સામગ્રી હાજર કરતા હોવાથી સદ્‌ગુરૂ રામાનંદસ્વામીનાં મનને પણ હરી લેતા હતા. (૩૩)

હે રાજન્ ! ભગવાનની સેવાપૂજામાં વર્ણિરાજની અતિશય ઉત્તમ શ્રદ્ધા જોઈને શ્રીરામાનંદસ્વામી તેમને વશ થયા. (૩૪) રામાનંદસ્વામી જ્યારે પૂજા કરતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ, અર્ચાસ્વરૂપમાં નિત્ય પ્રગટ થતા અને સ્વામીએ અર્પણ કરેલા પદાર્થો પ્રત્યક્ષપણે ગ્રહણ કરતા. આ દર્શન કેવળ તેમને જ થતું, પણ તેમનાં વિના બીજા કોઈ જોઈ શકતા ન હતા. (૩૫)

કોઈ સમયે શ્રી રામાનંદસ્વામી 'આ નીલકંઠ પણ ભગવદ્‌દર્શનના સર્વપ્રકારે અધિકારી છે' એમ માની તેમને પણ ભગવદ્‌દર્શન થાય તે હેતુથી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રાર્થના કરવા લાગ્યા કે, (૩૬) હે ભગવન્ ! આ નીલકંઠ તમારે વિષે અતિ સ્નેહ ધરાવે છે. સદ્‌ગુણોના ધામ છે. તેથી તમે જેમ મને પ્રત્યક્ષ દર્શન આપો છો તેમ નીલકંઠને પણ પ્રત્યક્ષ દર્શન આપો. (૩૭)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તે વખતે ભગવાન શ્રીકૃષ્ણે 'તથાસ્તુ' એમ કહી શ્રી રામાનંદ સ્વામીની વાતનો સ્વીકાર કર્યો. મંદ મંદ હાસ્ય કરતા પરમાત્માએ શ્રી નીલકંઠને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું. (૩૮) સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીની સેવા કરતા નીલકંઠવર્ણીને 'રામાનંદસ્વામીએ પૂજામાં અર્પણ કરેલા પદાર્થો ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ ગ્રહણ કરતા હોય' તેવું દર્શન થયું. (૩૯)

રામાનંદ સ્વામીએ નિવેદન કરેલા નૈવેદ્યને ભાવથી આરોગતા શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નીલકંઠ ભાવવિભોર બન્યા. આ પ્રકારે નીલકંઠવર્ણીને પ્રતિદિન ગુરુવર્યની પૂજાના સમયે શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિ થવા લાગી. (૪૦) એક સમયે શ્રી નીલકંઠ વર્ણી એકાંતમાં બિરાજતા સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આ પ્રમાણે મારી પૂજામાં પણ મને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનું દર્શન ક્યારે થશે ? તમે અર્પણ કરેલ પૂજાસામગ્રીને તે ભગવાન ભાવથી નિરંતર સ્વીકારે છે તેમ મેં અર્પણ કરેલ સામગ્રી ક્યારે સ્વીકારશે ? (૪૧/૪૨)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

श्रीरामानन्दमुनिरुवाच – **कृष्णदीक्षामवाप्तस्य महत्सेवारतस्य च । धर्मे भक्तौ चादृतस्य स्याच्छीघ्रं कृष्णवीक्षणम् ॥४३॥** सुव्रत उवाच – **सिषेवे सोऽथ तं नित्यं भक्तिश्रद्धासमन्वितः । चातुर्मास्यं व्यतीयाय तस्येत्थं कुर्वतः सतः ॥४४॥ विक्रमार्कस्य नृपतेरष्टादशशतोत्तरे । सप्तपञ्चाशत्तमेऽब्दे वर्तमाने शकस्य च ॥४५॥ एकादश्यां प्रबोधन्यामुत्तमायाधिकारिणे । तस्मै दातुं महादीक्षामैच्छत्स्वं याचते स ताम् ॥४६॥ दीक्षां गृहीतुं महतीं स वर्णिराट् समुत्सुकस्तस्य गुरोरनुज्ञया । चकार पूर्वेद्युरुपोषणं शुचिर्दिवानिशं त्र्यक्षरमेव सञ्जपन् ॥४७॥ प्रमोदसंवत्सर ऊर्जमासे प्रातः सितैकादशिकादिने तम् । स दीक्षयामास यथाविधानं महोत्सवेनैव मुदा नरेन्द्र ! ॥४८॥** इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिशुश्रूषणनामा सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥५७॥

सुव्रत उवाच – **एकादश्यां मुनिपतिराजुहाव द्विजोत्तमम् । निजाध्ववर्तनं शान्तं दीक्षाविधिविशारदम् ॥१॥ तेनैव कारयामास तत्रत्यं सकलं विधिम् । सोऽपि सर्वं यथाशास्त्रं करोति स्म यथोचितम् ॥२॥ आदौ शरीरशुद्ध्यर्थं प्रायश्चित्तमकारयत् । प्रत्याम्नायेन कृच्छ्राणां त्रयाणां स हरिं नृप ! ॥३॥ मण्डलं सर्वतोभद्रं नानावर्णसुशोभनम् । विधाय स्थापयामास स तत्र कलशान्नव ॥४॥ तत्र ताम्रमयानष्टौ न्यधाद्दिक्ष्वष्टसु क्रमात् । एकं हेममयं मध्ये सोऽस्थापयदुदारधीः ॥५॥**

નીલકંઠનાં વચનો સાંભળી શ્રીરામાનંદસ્વામી કહેવા લાગ્યા કે જેમણે સદ્ગુરૂ થકી યથાવિધિ ભગવાન શ્રીકૃષ્ણની દીક્ષા ગ્રહણ કરી હોય, તથા જેઓ શ્રીકૃષ્ણના એકાંતિક ભક્ત-સત્પુરૂષોની સેવામાં પ્રીતિપૂર્વક તત્પર રહી ધર્મપાલન અને ભગવદ્ભક્તિ કરવામાં આદરભાવ રાખતા હોય; તેમને તત્કાળ ભગવદ્દર્શન થાય છે. (૪૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ગુરુનાં વચનો સાંભળી શ્રીનીલકંઠ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક શ્રી રામાનંદસ્વામીની સેવા કરવા લાગ્યા. આ પ્રમાણે સેવા કરતાં કરતાં તેમને ચાતુર્માસ વ્યતીત થયો. (૪૪)

**મહાદીક્ષા આપવાનો સંકલ્પ :-** ત્યારબાદ વર્ણિરાજ, ગુરુ શ્રી રામાનંદસ્વામી થકી મહાદીક્ષા સ્વીકારવા માટે તેમનાં ચરણોમાં પ્રાર્થના કરતા હતા. તેથી શ્રીરામાનંદસ્વામીએ પણ વિક્રમ સંવત્ ૧૮૫૭ ના વર્ષમાં પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે ઉત્તમાધિકારી શ્રીનીલકંઠને મહાદીક્ષા આપવાનો સંકલ્પ કર્યો. (૪૫/૪૬) મહાદીક્ષા લેવા ઉત્સુક વર્ણિરાજે ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામીની આજ્ઞાથી દીક્ષાના આગલા દિવસે ઉપવાસ કર્યો અને સ્નાનાદિકથી શુધ્ધ થઈને અહોરાત્રિ ત્રણ અક્ષરાત્મક 'શ્રીકૃષ્ણ' મંત્રનો જપ કર્યો. (૪૭)

હે રાજન્ ! શ્રી રામાનંદસ્વામીએ પ્રમોદ નામના સંવત્સરમાં કાર્તિક સુદિ પ્રબોધિની એકાદશીના દિવસે પ્રાતઃકાળે મહાન ઉત્સવ ઉજવ્યો અને તે સાથે વિધિ પ્રમાણે અતિ હર્ષપૂર્વક શ્રીનીલકંઠને મહાદીક્ષા અર્પણ કરી. (૪૮)

*ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'રામાનંદસ્વામિ શુશ્રૂષણ' નામે સત્તાવનમો અધ્યાયઃ (૫૭)*

## અધ્યાય : ૫૮

## ગુરૂ શ્રીરામાનંદ સ્વામી થકી મહાદીક્ષાગ્રહણ

**મહાદીક્ષાનો વિધિ :-** સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદ સ્વામીએ એકાદશીના શુભ દિવસે શ્રેષ્ઠ બ્રાહ્મણને આમંત્રણ આપ્યું. આ નિમંત્રિત વિપ્ર ઉદ્ધવ સંપ્રદાયમાં નિષ્ઠાવાન, શાંત અને દીક્ષાવિધિમાં વિશારદ હતો. (૧) રામાનંદ સ્વામીએ તેના દ્વારા અંગે સહિત દીક્ષાનો સમગ્ર વિધિ અનુષ્ઠાન કરાવ્યો. તે વિપ્રે પણ શાસ્ત્રવિધિ અનુસાર સંપૂર્ણ દીક્ષાનો વિધિ યથાયોગ્ય અનુષ્ઠાન કર્યો. (૨) હે રાજન્ ! તે વિપ્રે વર્ણીન્દ્ર શ્રીહરિ પાસે પ્રથમ શરીરશુદ્ધિને અર્થે ત્રણ કૃચ્છ્રવ્રતોના પ્રતિનિધિરૂપ સુવર્ણદાનાદિકથી પ્રાયશ્ચિત્ત કર્મ કરાવ્યું. (૩)

ત્યારબાદ વિવિધ રંગોથી શોભતું 'સર્વતોભદ્ર' નામનું મંડળ રચી તેને વિષે નવ કળશોની સ્થાપના કરી. (૪) ઉદાર બુદ્ધિમાન વિપ્રે તે કળશોમાં આઠ ત્રાંબાના કળશોનું આઠે દિશામાં ક્રમપૂર્વક સ્થાપન કર્યું અને તેના મધ્યે એક સુવર્ણ કળશનું સ્થાપન કર્યું. (૫) સ્થાપેલા કળશોમાં જળ ભરીને, તેમાં સુવર્ણાદિ રત્નો નાખીને, પૂર્ણપાત્ર સહિત તેમને પીપળો વગેરેનાં



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

सतोयेषु सरत्नेषु सपल्लवफलेषु च । सवासःपूर्णपात्रेषु तेषु देवानतिष्ठिपत् ॥६॥ श्रीराधासहितं कृष्णं तत्र मध्यघटे न्यधात् । प्राच्यां भगवतीं दुर्गां दक्षिणे भास्करं तथा ॥७॥ प्रतीच्यां विघ्नराजं च शिवं सौम्यामतिष्ठिपत् । विष्वक्सेनं वह्निदिशि नैर्ऋत्यां गरुडं च सः ॥८॥ अस्थापयच्च कलशे वायव्यां पवनात्मजम् । श्रीदामानं तथेशान्यां क्रमेणैव यथाविधि ॥९॥ ततो वेदपुराणोक्तैर्मन्त्रैर्मूलेन च द्विजः । प्रधानदेवतां कृष्णं सहाङ्गैरार्चयत्सुरैः ॥१०॥ उपचारैः षोडशभिः सह पञ्चामृतेन च। महानैवेद्येन महादीपेन समपूपुजत् ॥११॥ मृदङ्गकांस्यतालाद्यैर्भक्तानां कीर्तनध्वनिः । तूर्यानकादिशब्देन मिश्र आसीन्महांस्तदा ॥१२॥ संस्कृतायां ततो वेद्यां वह्निं संस्थाप्य चाजुहोत् । मूलेन मनुनाऽऽज्यस्य सोऽष्टोत्तरशताहुतीः ॥१३॥ ततो महामुनिः प्रादात्कौपीनाच्छादनं सितम् । उत्तरीयं च हरये स्थिताय प्राङ्मुखाय सः ॥१४॥ प्रासादिक्यौ भगवतस्तुलसीकाष्ठमालिके । सूक्ष्मे नवीने स ददौ कण्ठधार्ये च वर्णिने ॥१५॥ कृष्णार्चाशिष्टगन्धेन पुण्ड्रमूर्ध्वं तदन्तरे । राधार्चाशिष्टकाश्मीरचन्द्रकं चाप्यकारयत् ॥१६॥ उदङ्मुखस्ततः स्वामी ध्यात्वा श्रीकृष्णमस्य च । अष्टाक्षरं कृष्णमन्त्रं दक्षकर्ण उपादिशत् ॥१७॥ हरये शुद्धमतये मन्त्रस्यार्थं ततो गुरुः । यथावद्बोधयामास सम्प्रदायानुसारतः ॥१८॥ क्षेत्रं पिण्डं च ब्रह्माण्डं द्विविधं योऽभिमन्यते । अल्पज्ञः सर्वविच्चासौ क्षेत्रज्ञोऽत्राहमोच्यते ॥१९॥ अन्वितं द्विविधे चात्र

પાન તેમજ નાળિયેર આદિક ફળ તેમજ વસ્ત્રોથી અલંકૃત કરીને તે કળશોમાં દેવતાઓનું સ્થાપન કર્યું. (૬)

તે વિપ્રે મધ્ય ભાગમાં સ્થાપન કરેલા સુવર્ણના કળશમાં રાધારમાએ સહિત શ્રીકૃષ્ણ પરમાત્માનું સ્થાપન કર્યું. પૂર્વ દિશામાં સ્થાપન કરેલા કળશમાં ભગવતી દુર્ગા દેવીની સ્થાપના કરી તથા દક્ષિણ દિશામાં સ્થાપન કરેલા કળશમાં ભગવાન સૂર્યનારાયણની સ્થાપના કરી. (૭)

પશ્ચિમ દિશામાં સ્થાપન કરેલા કળશમાં વિઘ્નવિનાયક ગણપતિનું સ્થાપન કર્યું. ઉત્તર દિશામાં સ્થાપન કરેલા કળશમાં શિવનું સ્થાપન કર્યું. અગ્નિકોણમાં સ્થાપન કરેલા કળશમાં વિશ્વક્સેનનું સ્થાપન કર્યું અને નૈર્ઋત્યકોણમાં સ્થાપન કરેલા કળશમાં ગરુડજીનું સ્થાપન કર્યું. (૮) વાયવ્યકોણમાં સ્થાપન કરેલા કળશમાં વાયુપુત્ર હનુમાનજીનું સ્થાપન કર્યું. ઈશાનકોણમાં સ્થાપન કરેલા કળશમાં શ્રીદામા નામના પાર્ષદનું સ્થાપન કર્યું. આ પ્રકારે દિશાના ક્રમથી વિધિ પ્રમાણે દેવતાઓનું સ્થાપન કર્યું. (૯)

ત્યારબાદ વિપ્રે વેદપુરાણના મંત્રો અને મૂલમંત્ર (અર્થાત્ તે તે દેવતાઓના નામમંત્ર)થી અંગદેવતાઓએ સહિત પ્રધાન દેવતા શ્રીકૃષ્ણનું નીલકંઠવર્ણી પાસે પૂજન કરાવ્યું. આ પૂજાવિધિમાં વિપ્રવર્યે પંચામૃત સહિત ષોડશોપચાર દ્રવ્ય, મહાનૈવેદ્ય અને મહાનીરાજન દ્વારા અંગદેવતાઓએ સહિત પ્રધાન દેવતા શ્રીકૃષ્ણનું નીલકંઠવર્ણી પાસે પૂજન કરાવ્યું. (૧૦/૧૧) ભગવાન શ્રીકૃષ્ણના પૂજનસમયે મૃદંગ, કાંસીજોડાં, ઝાલર, તૂરઈ, નગારાં વગેરે વાજિંત્રોના ધ્વનિની સાથે મળેલો ભગવદ્ભક્તોના મુખે ગવાતાં સંકીર્તનનો ધ્વનિ આકાશમાં ગૂંજવા લાગ્યો. (૧૨)

ત્યારબાદ વિપ્રવર્યે સંસ્કાર કરેલી વેદિકા ઉપર અગ્નિનું સ્થાપન કર્યું અને 'શ્રીકૃષ્ણાય નમઃ' આ મૂળમંત્રથી એકસોને આઠ વખત ઘીની આહુતિ અર્પણ કરી. (૧૩) ત્યાર બાદ રામાનંદસ્વામીએ પૂર્વમુખે બિરાજમાન થયેલા શ્રીનીલકંઠને શ્વેત કૌપીન, આચ્છાદન વસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્ર અર્પણ કર્યાં. ભગવાનની પ્રસાદીભૂત તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી, સૂક્ષ્મ અને નવીન એવી, કંઠમાં ધારવા યોગ્ય કંઠી અર્પણ કરી. ભગવાનની પૂજા કરતાં શેષ વધેલા ચંદનથી નીલકંઠવર્ણીના લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું. તે તિલકના મધ્યે રાધિકાજીની પૂજા કરતાં બાકી રહેલા (પ્રસાદિ) કુંકુમથી ગોળ ચાંદલો કર્યો. (૧૪/૧૬)

**મહાદીક્ષાના મંત્રનો અર્થ** :- ત્યારબાદ ઉત્તર દિશા તરફ મુખ રાખીને બિરાજમાન થએલા શ્રીરામાનંદસ્વામીએ શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન કરી પૂર્વાભિમુખે બિરાજતા શ્રીનીલકંઠના જમણા કાનમાં શ્રીકૃષ્ણ પરમાત્માના અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. (૧૭) ત્યાર પછી ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામીએ વિશુદ્ધ બુદ્ધિમાન શ્રીહરિને ઉદ્ધવ સંપ્રદાય અનુસારે મંત્રાર્થનો યથાર્થ બોધ આપ્યો : (૧૮) પિંડ અને બ્રહ્માંડ આ બે પ્રકારનું ક્ષેત્ર છે. તેમાં જે પિંડરૂપ સ્થૂળાદિ ત્રણ શરીરમાં અભિમાન ધરાવનાર, તેમજ અલ્પજ્ઞ છે તેને જીવ કહેવાય છે. તેમજ વિરાટાદિ ત્રણ દેહરૂપ બ્રહ્માંડ વિષે અભિમાની એવા જે વૈરાજપુરૂષ છે તે સર્વજ્ઞ છે. આ અલ્પજ્ઞ અને સર્વજ્ઞ બંને પણ (અનુક્રમે પિંડ અને બ્રહ્માંડના) ક્ષેત્રજ્ઞ કહેવાય છે. તે બંને ક્ષેત્રજ્ઞનો અહીં, આ અષ્ટાક્ષર મંત્રમાં **'અહમ્'** શબ્દથી નિર્દેશ કર્યો છે. (૧૯)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

क्षेत्रज्ञे तन्नियन्तृ च । व्यतिरिक्तं ततो यच्च तद्ब्रह्माक्षरमुच्यते ॥२०॥ यमाश्रित्य प्रेरयति क्षेत्रज्ञमिदमक्षरम् । पुरुषोत्तम-संज्ञोऽसावक्षरातीत उच्यते ॥२१॥ स एव श्रेयसे नृणां धृतदिव्यनराकृतिः । स्वाज्ञानं ज्ञानदानेन कर्षन् कृष्ण इतीर्यते ॥२२॥ प्रेम्णा तत्सेवनेनैव यच्छोभावत्त्वमात्मनः । स एव दासशब्दार्थो मन्त्रेऽस्मिन् परिकीर्तितः ॥२३॥ अस्मीति पूर्णकामत्वं ज्ञेये प्राप्येऽपि चात्मनः । शेषाभावश्च विज्ञेयो मुक्तत्वाज्जीवतो यतः ॥२४॥ वैकुण्ठेऽथ च गोलोके श्वेतद्वीपे बृहत्पुरे । यथा प्राप्त्या भगवतः पूर्णकामाश्च सेवया ॥२५॥ भक्ताः सन्ति तथैवात्र हरेः प्रत्यक्षलम्भनात् । सेवया चास्ति पूर्णत्वमिति मन्त्रार्थमाह सः ॥२६॥ अन्तःकरणवृत्तीनां बहिर्गतिनिरोधनम् । हृदि प्रकाशः कृष्णेक्षा स्यादित्याह च तत्फलम् ॥२७॥ मन्त्रार्थं बोधयित्वेत्थं गुरुस्तं पुनरब्रवीत् । यावद्देहस्मृतिस्तावद्धर्मं क्वचन न त्यजेः ॥२८॥ सन्ति श्रुतास्त्वया धर्मा अस्मदध्वानुसारिणः । सर्वेऽपि जनकादेव पाल्यन्ते ते च नित्यदा ॥२९॥ अत्यजन्नेव तान्सर्वान्विशेषनियमांश्चरेः । कृष्णार्चां नियमेनान्तर्बहिः कुर्याश्च नित्यदा ॥३०॥ पञ्चाध्यायीं पठित्वादौ पूजान्ते निजशक्तितः । श्रीवासुदेवमाहात्म्यं पठेरेकाग्रमानसः ॥३१॥ भोज्यं कृष्णप्रसाद्यन्नं पेयं वारि च तादृशम् । अनर्पितं तु कृष्णाय नाद्यं फलदलाद्यपि ॥३२॥ नामसङ्कीर्तनं कुर्याः श्रीकृष्णस्य च सर्वदा । भक्तिं विना भगवतो व्यर्थं कालं तु मा कृथाः ॥३३॥

---

બંને પ્રકારના ક્ષેત્રજ્ઞમાં અન્વયસ્વરૂપથી પ્રકાશક અને નિયંતાપણે રહેલા તેમજ તેમનાથી પૃથક્ વ્યતિરેક સ્વરૂપે પણ જે અક્ષરબ્રહ્મ કહ્યા છે; તેનો આ મંત્રમાં **'બ્રહ્મ'** શબ્દથી નિર્દેશ કર્યો છે. (૨૦) અક્ષરબ્રહ્મ પણ જેમનો આશ્રય કરી, આ બન્ને પ્રકારના ક્ષેત્રજ્ઞને પ્રેરણા કરે છે તેને 'પુરુષોત્તમ' કહ્યા છે. તે પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મથી પણ પર છે. તે પુરુષોત્તમ ભગવાન સ્વયં મનુષ્યોના કલ્યાણ માટે દિવ્ય મનુષ્યાકૃતિ ધારણ કરીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી જીવાત્મામાં રહેલા સ્વ સ્વરૂપના અજ્ઞાનને કર્ષણ કરે છે અર્થાત્ હરે છે. તેથી તેમનો આ મંત્રમાં **'કૃષ્ણ'** શબ્દથી નિર્દેશ કર્યો છે. (૨૧/૨૨)

સ્નેહપૂર્વક પરમાત્માની સેવાથી પોતાનું જે દિવ્ય શોભાયુક્તપણું તેનો આ મંત્રમાં **'દાસ'** એવા પદથી નિર્દેશ કર્યો છે. (૨૩) બદ્ધ ભાવથી મુક્ત થએલા આત્માને જગતમાં જાણવા યોગ્ય અને પામવા યોગ્ય વસ્તુમાં પૂર્ણકામપણું પ્રાપ્ત થવું અર્થાત્ બીજું કંઈ જાણવા જેવું કે પામવા જેવું બાકી ન રહે તેનો આ મંત્રમાં **'અસ્મિ'** એવા પદથી બોધ થાય છે. (૨૪)

જેવી રીતે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ કે બ્રહ્મપુર ધામમાં ભગવત્પ્રાપ્તિથી અને સેવાથી ત્યાંના મુક્તો પૂર્ણકામ છે, તે જ રીતે આ લોકમાં પણ પ્રત્યક્ષ પરમાત્માની પ્રાપ્તિ અને સેવાથી ભક્તો પૂર્ણકામ થાય છે. હે રાજન્ ! આ પ્રમાણે શ્રીરામાનંદસ્વામીએ એ અષ્ટાક્ષર મહામંત્રનો અર્થ સમજાવ્યો. (૨૫/૨૬)

**દીક્ષામંત્રના જપનું ફળ :-** બહારના વિષયોમાં ગતિ કરતી અંતઃકરણની વૃત્તિઓ(ચિંતન, સંકલ્પ, નિશ્ચયાત્મક, અને અહંભાવરૂપ વૃત્તિઓ)નો નિરોધ અર્થાત્ ભગવાન વિના બીજા વિષયમાં પ્રચાર વિના તે વૃત્તિઓને ભગવાનમાંજ રોકવી, તથા હૃદયમાં બ્રહ્મજ્યોતિનું દર્શન અને તેના પ્રકાશમાં શ્રીકૃષ્ણનું સાક્ષાત્કાર દર્શન થાય; તે આ અષ્ટાક્ષર મંત્રના જપનું ફળ છે. એમ શ્રી રામાનંદસ્વામીએ કહ્યું. (૨૭)

**દીક્ષાનાં અંગભૂત વિશેષધર્મનો ઉપદેશ :-** શ્રીરામાનંદસ્વામી આ પ્રકારે મંત્રાર્થનો બોધ આપી ફરી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે વર્ણિરાજ ! જ્યાં સુધી શરીરનું ભાન હોય ત્યાં સુધી સ્વધર્મનો ત્યાગ ન કરવો. (૨૮) ઉદ્ધવ સંપ્રદાય અનુસાર સર્વ પ્રકારના ધર્મો તમોએ પિતા ધર્મદેવ થકી સાંભળેલા છે અને તેનું નિરંતર અનુષ્ઠાન પણ કરો છો. (૨૯)

તે સ્વધર્મનો ક્યારેય ત્યાગ ન કરવો. તથા તે સિવાય વિશેષ ધર્મનું પણ તમારે પાલન કરવું. બાહ્ય અને આભ્યંતર (= માનસી) એમ બે પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવી. (૩૦) યથાવિધિ પૂજનને અંતે પ્રથમ રાસપંચાધ્યાયીનો પાઠ કરીને પછી એકાગ્રમનથી પોતાની શક્તિને અનુસાર શ્રી વાસુદેવમાહાત્મ્યનો પાઠ કરવો. (૩૧) તેમજ ભગવાનની પ્રસાદીભૂત અન્ન તેમજ જળ ખાવુંપીવું, પણ તેમને નિવેદન નહિ કરેલા ફળપત્રાદિ ક્યારેય ખાવાં કે પીવાં પણ નહિ. (૩૨) સર્વદા ભગવાન શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરવું. તેમજ ભગવદ્ ભક્તિ વિના વ્યર્થ સમય ગુમાવવો નહિ. (૩૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી **શ્રી સ્વા. મંદિર - સરધાર**

यत्र कृष्णस्य माहात्म्यं चरितं वा भवेन्मुने ! । तद्ग्रन्थस्य कथा श्रव्या प्रत्यहं नित्यमेव च ॥३४॥ तत्कथाश्रवणादेव तद्भक्तिर्वर्धतेतराम् । साऽतः श्रव्या वक्त्रभावे वाच्या स्वेनैव नित्यदा ॥३५॥ एवं धर्मानुपादिश्य रामानन्दमुनिर्नृप ! । तस्य शिष्यस्याभिधानं चक्रेऽन्वर्थं विचार्य च ॥३६॥ सहजानन्द इत्याह प्रथमं नाम तस्य सः । ततो नारायणमुनिरिति चक्रेऽभिधां स्वयम् ॥३७॥ तपसा च स्वभावेन मूर्त्याकारेण सर्वथा । नारायणमुनेः साम्यात्तामेवाख्यां मुदाकरोत् ॥३८॥ ततो हरिः स्वामिनं तं पूजयामास सादरम् । प्रदक्षिणां विधायैव दण्डवत्प्रणनाम च ॥३९॥ साधून्विप्रान्वैष्णवांश्च विनयेनार्चयत्ततः । विप्रः समापयामास तद्विधिं विधिवत्तु सः ॥४०॥ बद्धाञ्जलिपुटस्तस्थौ वर्णिराट् गुरुसन्निधौ । तस्मै प्रसन्नः स प्राह स्वेप्सितं वृणु मद्वरम् ॥४१॥ श्रीनीलकण्ठ उवाच - आविर्भूय त्वदर्चायां साक्षात्कृष्णो यथाऽन्वहम् । उपहारान्समादत्ते भुङ्क्ते हसति भाषते ॥४२॥ तथान्वहं मदर्चायामाविर्भूय स्वयं स च । कुर्यादित्यस्ति मेऽभीष्टं देहि प्रीतोऽसि चेदिदम् ॥४३॥ सुव्रत उवाच - तथास्त्वित्याह मुनिराट् तस्मै प्रीतोऽथ तन्निशि । सर्वे जागरणं चक्रुः कृष्णसङ्कीर्तनादिभिः ॥४४॥ अभोजयत्प्रगे स्वामी विप्रान्साधूंश्च वर्णिनः । तदभीष्टैर्भक्ष्यभोज्यैस्तेभ्योऽदाद्वस्त्रदक्षिणाः ॥४५॥ हरेश्च पूजावसरे प्रत्यक्षः स्वामिवन्नृप! । उपहारग्रहादीनि कृष्णश्चक्रेऽनुवासरम् ॥४६॥ प्रत्यक्षकृष्णवीक्षाद्यैः स सम्पूर्णमनोरथः । कृतकृत्यं स्वमात्मानं गुरवे संन्यवेदयत् ॥४७॥ राधया सहितं कृष्णं क्वचित्प्रत्यक्षमैक्षत । द्विभुजं वादयन्तं च वेणुं नटवराकृतिम् ॥४८॥

હે વર્ણિરાજ ! જે ગ્રંથમાં ભગવાનનું માહાત્મ્ય અને લીલા ચરિત્રોનું વર્ણન કર્યું હોય તેવા ગ્રંથની કથા નિરંતર નિયમપૂર્વક સાંભળવી. (૩૪) ભગવદ્ કથાનું શ્રવણ કરવાથી જ ભક્તિ અતિશય વૃદ્ધિ પામે છે. તે હેતુથી તેનું શ્રવણ કરવું. વક્તાની અનુપસ્થિતિમાં સ્વયં તેનું વાચન કરવું. (૩૫)

**ગુરૂ રામાનંદસ્વામીએ કરેલું શ્રીનીલકંઠનું નામકરણ :-** હે રાજન્ ! રામાનંદસ્વામીએ આ પ્રકારે ધર્મનો ઉપદેશ આપ્યો અને ત્યારબાદ પોતાનાં મનમાં વિચાર કરી, શિષ્યભાવથી રહેલા શ્રીનીલકંઠ બ્રહ્મચારીનું સાર્થક નામકરણ કર્યું. (૩૬) ગુરૂ રામાનંદસ્વામીએ શ્રીનીલકંઠનું **'સહજાનંદ'** એવું પહેલું નામ રાખ્યું. અને ત્યારબાદ તપ, સ્વભાવ અને શરીરની આકૃતિથી નારાયણ ઋષિને સમાન હોવાથી તેમનું **'નારાયણમુનિ'** એવું બીજું નામ હર્ષપૂર્વક રાખ્યું. (૩૭/૩૮)

ત્યારબાદ વર્ણીરાજ શ્રીહરિએ ચંદનાદિકથી આદરપૂર્વક શ્રીરામાનંદસ્વામીની પૂજા કરી, પ્રદક્ષિણા કરી અને દંડવત્ પ્રણામ કર્યા. (૩૯) ત્યારબાદ શ્રીનારાયણમુનિએ સાધુ, બ્રાહ્મણ અને વૈષ્ણવોની વિનયપૂર્વક પૂજા કરી. તે પછી દીક્ષાવિધિ કરનાર વિપ્રે શાસ્ત્રવિધિ અનુસાર દીક્ષાવિધિ સમાપ્ત કર્યો. (૪૦) ત્યારબાદ દીક્ષા પામેલા વર્ણીરાજ શ્રીહરિ ગુરુની આગળ બે હાથ જોડી ઊભા રહ્યા; અને તે સમયે પ્રસન્ન થયેલા શ્રીરામાનંદ સ્વામી શ્રીનીલકંઠ પ્રત્યે કહેવા લાગ્યા કે, તમે મારી પાસેથી ઈચ્છિત વરદાન માગો. (૪૧)

સ્વામીનું વચન સાંભળી શ્રી નીલકંઠ કહેવા લાગ્યા કે "હે સ્વામિન્ ! તમે જો મારા પર પ્રસન્ન થયા હો તો એ વરદાન આપો કે ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિદિન તમારી અર્ચામૂર્તિમાંથી પ્રગટ થઈ જે પ્રકારે તમે અર્પણ કરેલ ઉપહારોને ગ્રહણ કરે છે, તમે નિવેદન કરેલું ભોજન ગ્રહણ કરે છે, તમારી સાથે હસે છે, તેમજ તમારી સાથે બોલે છે. તેજ પ્રકારે મારી પૂજામૂર્તિમાંથી પ્રગટ થઈ ભગવાન મારી સાથે હસે, બોલે અને મેં અર્પણ કરેલા ઉપહારો ગ્રહણ કરે." (૪૨/૪૩)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રી નીલકંઠ ઉપર પ્રસન્ન થયેલા રામાનંદસ્વામીએ 'તથાસ્તુ' કહી એ પ્રમાણે વર આપ્યો. ત્યારબાદ રાત્રિએ શ્રીકૃષ્ણના નામસંકીર્તન સાથે સંતોભક્તોએ જાગરણ કર્યું. (૪૪) શ્રીસ્વામીએ દ્વાદશીના પ્રાતઃકાળમાં વિપ્ર, સાધુ અને બ્રહ્મચારીઓને મનોવાંછિત ભક્ષ્ય તેમજ ભોજ્યાદિ પદાર્થોથી તૃપ્ત કર્યા અને વિપ્રોને વસ્ત્રોનાં દાન કર્યાં. (૪૫) હે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ જેમ રામાનંદ સ્વામીની પૂજાના પદાર્થો સ્વીકારતા તે જ રીતે શ્રીહરિએ પૂજાના અવસરે અર્પણ કરેલા પદાર્થો પ્રતિદિન સ્વીકારવા લાગ્યા. (૪૬)

પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનાં દર્શનથી શ્રીહરિનો મનોરથ સફળ થયો અને પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા અને ગુરુની પાસે આ બધી જ ઘટતી દિવ્ય ઘટનાઓ કહેવા પૂર્વક કૃતાર્થતા જણાવતા હતા. (૪૭) શ્રીનીલકંઠને ક્યારેક ક્યારેક રાસેશ્વરી રાધા સાથે વેણુ વગાડતા, તેમજ નટની સમાન આકૃતિને ધારણ કરનારા એવા દ્વિભુજ શ્રીકૃષ્ણ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. (૪૮)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

क्वचिद्रामेण सहितं रुक्मिण्या सहितं क्वचित् । क्वाप्यर्जुनेन सहितं तं क्वाप्येककमैक्षत ॥४९॥ द्विबाहुमपि तं क्वापि चतुर्भुजमवैक्षत । ततोऽस्य परमः प्रेमा कृष्णे भूयानवर्धत ॥५०॥ इत्थं नृनाट्यं परिशीलयन् हरिस्तपस्विलीलां विदधद्धरेश!। शुश्रूषणं कृष्णधियाऽनुकालं गुरोः करोति स्म भृशं विनीतः ॥५१॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे महादीक्षाग्रहणनामाऽष्टपञ्चाशत्तमोऽध्यायः ॥५८॥

सुव्रत उवाच - प्राप्तेऽपि शिष्यतां तस्मिन्स्वशुश्रूषारते हरौ । स्वामिनः सखिभावोऽभूत्सर्वसद्गुणमण्डिते ॥१॥ बुद्धिमन्तं तमेवासौ पृष्ट्वैव व्यावहारिकम् । अपि कार्यं करोति स्म प्रोचे च स्वमनोगतम् ॥२॥ साकं तेन स्वभक्तानां ग्रामेषु विचचार सः । रैवतोपत्यकास्वेव कृष्णभक्तिं प्रवर्तयन् ॥३॥ क्वचिन्मासं क्वचित्पक्षं क्वचित्पञ्चदिनानि च । वसन्नुपागमत्स्वामी जयन्ताख्यं पुरं नृप! ॥४॥ उन्नडाख्येन भूपेन धर्मनिष्ठेन तत्र सः । बहुधा प्रार्थितोऽवात्सीज्जनाना-नन्दयन्निजान् ॥५॥ तत्र नारायणमुनिर्गुरुसेवापरायणः । नित्यं तस्थावतिक्रम्य शिष्यान्सर्वान्निजैर्गुणैः ॥६॥ तस्मिंस्त्वेते गुणा नित्या आसन्नृपतिसत्तम ! । सर्वत्र सर्वकालेऽपि स्वस्वरूपेऽचला स्थितिः ॥७॥ सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् । शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥८॥ ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः । स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥९॥ प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः । गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं

ક્યારેક બલભદ્રની સાથે, ક્યારેક રૂકિમણીરૂપ લક્ષ્મીજી સહિત, ક્યારેક અર્જુનની સાથે અને ક્યારેક એકલા જ બિરાજતા શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન થતાં હતાં. (૪૯) ભગવાન શ્રીકૃષ્ણ દ્વિભુજ હોવા છતાં કોઈ સમયે ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપતા અને તે હેતુથી શ્રીનીલકંઠવર્ણીને શ્રીવાસુદેવ ભગવાનમાં અતિ સર્વોત્તમ પ્રેમ વૃદ્ધિ પામતો હતો. (૫૦)

હે ધરેશ ! તપસ્વીઓના જેવી લીલા કરી મનુષ્યનું અનુકરણ કરતા શ્રીહરિ અતિશય વિનયયુક્ત બની શ્રીકૃષ્ણતુલ્ય ભગવદ્‌બુદ્ધિથી ગુરૂશ્રી રામાનંદસ્વામીની સેવા સમયે સમયે યથાયોગ્ય કરવા લાગ્યા. (૫૧) *ઇતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'મહાદીક્ષાગ્રહણ' નામે અઠ્ઠાવનમો અધ્યાયઃ (૫૮)*

## અધ્યાય : ૫૯

## જેતપુરમાં શ્રી રામાનંદસ્વામીએ શ્રીસહજાનંદસ્વામીને બે અદ્‌ભુત વરદાન સહિત અર્પણ કરેલી ધર્મધુરા

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સર્વ સદ્‌ગુણોથી શોભાયમાન ભગવાન શ્રીહરિ શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય બની તેમના પ્રત્યે ગુરૂભાવથી પોતે સેવાપરાયણ જીવન જીવતા હતા; છતાં સ્વામીને તો શ્રીસહજાનંદસ્વામીને વિષે સખાભાવ જ પ્રગટ થતો હતો. (૧) શ્રી રામાનંદસ્વામી સમગ્ર વ્યાવહારિક કાર્ય પણ બુદ્ધિમાન શ્રીહરિને પૂછીને જ કરતા તથા પોતાના મનની રહસ્યભરી વાત પણ તેમને જણાવતા હતા. (૨)

**વર્ણી સાથે જેતપુરમાં આગમન :-** શ્રી રામાનંદસ્વામી શ્રી નારાયણમુનિની સાથે ભગવદ્‌ભક્તિના પ્રવર્તનને અર્થે રૈવતાચળ પર્વતની તળેટીમાં રહેલા પોતાનાં ભક્તજનોના ગામોમાં વિચરણ કરતા હતા. (૩) હે રાજન્ !ક્યાંક એક માસ સુધી, ક્યાંક પંદર દિવસ સુધી, તો ક્યાંક પાંચ દિવસ સુધી નિવાસ કરતા કરતા શ્રી રામાનંદસ્વામી જેતપુર નામનાં પ્રસિદ્ધ નગરમાં પધાર્યા. (૪) અહીં સ્વધર્મનિષ્ઠ ઉન્નડ નામનાં ભૂપતિએ રહેવા માટે બહુ પ્રકારે વિનંતિ કરવાથી શ્રી રામાનંદસ્વામી પોતાનાં આશ્રિત ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા ત્યાં નિવાસ કરીને રહેતા હતા. (૫)

**સદ્‌ગુણોના ધામ શ્રીહરિ :-** જેતપુરમાં બિરાજતા સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામીની સેવા પરાયણ વર્તતા શ્રીનારાયણમુનિ નિરંતર પોતાના સદ્‌ગુણોથી સ્વામીના મુક્તાનંદાદિ સમગ્ર શિષ્યો કરતાં પણ અધિકને અધિક શ્રેષ્ઠ બની રહ્યા. (૬)

**શ્રીહરિના સ્વરૂપમાં કલ્યાણકારી સ્વાભાવિક સદ્‌ગુણો :-** હે નૃપસત્તમ ! ભગવાન શ્રીહરિની સર્વદેશ અને સર્વકાળમાં પોતાના સ્વરૂપને વિષે જ અચળ સ્થિતિ વર્તતી હતી. (૭) અને સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, ત્યાગ, સંતોષ, આર્જવ (સરળપણું), શમ,દમ, તપ, સામ્ય, તિતિક્ષા, (સુખદુઃખને સહન કરવાપણું) ઉપરતિ, શ્રુત, (૮) જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બલ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કૌશલ્ય, કાંતિ, ધૈર્ય, માર્દવ,(૯) પ્રાગલ્ભ્ય, પ્રશ્રય, (મોટાઓ પાસે વિનય)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

कीर्तिर्मौनमगर्वता ॥१०॥ अमानित्वमदम्भित्वं मिताहारश्च दक्षता । मैत्री सर्वोपकारित्वं कामैरक्षुब्धचित्तता ॥११॥ अद्रोहो मानदत्वं च षडूर्मिविजयस्तथा । ब्रह्मण्यत्वं शरण्यत्वमनीहा चापरिग्रहः ॥१२॥ श्रीराधिकापरिवृढे भक्तिश्च परमाऽचला । अतिप्रेम्णा च निर्दम्भं गुरुशुश्रूषणं तथा ॥१३॥ शिष्या मुनिपतेस्त्वेतांस्तस्य सर्वाधिकान् गुणान् । विलोक्य विस्मयं प्रापुः स्वाधिकं मेनिरे च तम् ॥१४॥ गुरोः प्रियं कुर्वतोऽस्य वसतश्च तदन्तिके । वर्षद्वयं व्यतीयाय नारायणमुनेर्नृप ! ॥१५॥ एवंविधं तमालक्ष्य रामानन्दमुनिस्ततः । तस्मिन्न्यस्य धुरं स्वीयामितोऽन्तर्धातुमैहत ॥१६॥ सर्वेषां निजभक्तानामथ तं शृण्वतां सताम् । स ऊचे व्यवहारेषु विरक्तमपि योजयन् ॥१७॥ श्रीरामानन्दस्वाम्युवाच – नारायणमुने ! धीमञ्छृणु मद्वाक्यमादरात् । श्रुत्वा च तत्तथैव त्वं कर्तुमर्हसि सर्वथा ॥१८॥ एते मदाश्रिताः सन्ति कृष्णभक्ता नराः स्त्रियः । स्थापनीयास्त्वया धर्ममर्यादायां तु तेऽखिलाः ॥१९॥ श्रीवासुदेवमाहात्म्यं यत्त्वया पठ्यतेऽन्वहम् । वर्णाश्रमवतां धर्मास्तत्र स्त्रीणां च सन्ति हि ॥२०॥ यथाधिकारं तेष्वेव स्थापनीयास्त्वया जनाः । ग्राह्यं श्रीविठ्ठलेनोक्तं कृष्णसेवनवर्त्म तु ॥२१॥ व्रतानामुत्सवानां च सर्वेषां राधिकापतेः । प्रवर्तनीयस्तत्प्रोक्तो निर्णयो वैष्णवोचितः ॥२२॥ सम्प्रदाये स्थितिः पूर्वमासीद्रामानुजस्य मे । उपद्रवो महांस्तत्र वैष्णवैर्मत्सरात्कृतः ॥२३॥ ततो हित्वा बाह्यमेव तद्वर्त्मेदं मया भुवि । नूत्नं प्रवर्तितं वर्त्म सच्छास्त्राण्यनुसृत्य वै ॥२४॥ अध्यात्मज्ञानसिद्ध्यै तु रामानुजकृता मया । ग्रन्थाः संस्थापिताः सन्ति कृष्णोपासनपोषकाः ॥२५॥ अतो रूपाणि निश्चेतुं जीवमायापरात्मनाम् । रामानुजाचार्यकृतभाष्यादि त्वं प्रवर्तयेः ॥२६॥

શીલ સહ, ઓજ, બલ, ભગ, ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિ, મૌન, અગર્વતા,(૧૦) અમાનિત્વ, અદંભિત્વ, મિતાહાર, દક્ષતા, મૈત્રી, સર્વ ઉપર ઉપકાર કરવાપણું, વિષયોથી ચિત્તની અક્ષોભતા, (૧૧) અદ્રોહ, અન્યને માન આપવું, ષડૂર્મિ ઉપર વિજય, બ્રાહ્મણોનું હિતચિંતન, શરણાગતોનું રક્ષણ, અનીહા, (લૌકિક કર્મફળ અથવા પદાર્થની ઈચ્છા રહિતપણું) અપરિગ્રહ, (૧૨) રાધિકાપતિ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ પરાભક્તિ તેમજ પ્રેમપૂર્વક ગુરુ શ્રીરામાનંદસ્વામીની સેવા વગરે **સદ્ગુણો** તેમના સ્વરૂપમાં નિરંતર નિવાસ કરીને રહેતા હતા. (૧૩) શ્રીહરિમાં સર્વ મનુષ્યો કરતાં અધિક સદ્ગુણો જોઈને શ્રી રામાનંદસ્વામીના શિષ્યો મુક્તાનંદાદિ પરમ વિસ્મય પામ્યા અને શ્રીસહજાનંદસ્વામીને પોતાના કરતાં અધિક માનવા લાગ્યા. (૧૪)

હે રાજન્ ! ગુરુ શ્રીરામાનંદસ્વામીની સાથે રહી તેમની સેવા કરી પ્રસન્ન કરતા શ્રીહરિને બે વર્ષ પુરાં થયાં. (૧૫) ત્યારબાદ રામાનંદસ્વામીએ સદ્ગુણોના સિંધુ શ્રીસહજાનંદસ્વામીને યોગ્ય ઉત્તરાધિકારી જાણી તેમને ધર્મધુરા સોંપી અને આ લોકમાંથી અંતર્ધાન થવા ઈચ્છા કરી. (૧૬) સર્વ વ્યવહાર કાર્યમાં વિરક્ત એવા શ્રીનીલકંઠવર્ણીને ધર્મધુરા સોંપવા ઈચ્છતા શ્રીરામાનંદસ્વામી સ્વાશ્રિત સર્વ ભક્તજનો અને સંતોને સાંભળતા થકા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૭)

**શ્રીરામાનંદમુનિ કહે છે** : હે બુદ્ધિમાન નારાયણમુનિ ! તમે મારું વચન આદરપૂર્વક સાંભળો. અને સાંભળ્યા પછી એજ પ્રમાણે સર્વ પ્રકારે તે વચનનું પાલન કરવાને તમે યોગ્ય છો. (૧૮) આ સર્વે મારા આશ્રિત પુરૂષો અને સ્ત્રીઓ ભક્તજનો, જે શ્રીકૃષ્ણનાં પરમ ઉપાસકો છે; તે સર્વેને તમારે ધર્મમર્યાદામાં વર્તાવવાં. (૧૯) તમે પ્રતિદિન જે શ્રીવાસુદેવ માહાત્મ્યનો પાઠ કરો છો તેમાં વર્ણાશ્રમ અનુસાર સ્ત્રીપુરુષોના ધર્મો વર્ણવ્યા છે. (૨૦) મારાં આશ્રિત જનોને પોતપોતાના અધિકાર અનુસાર તે ધર્મોનું તમારે પાલન કરાવવું. તથા શ્રીકૃષ્ણની સેવારીતિ તો વલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ કહેલી છે તે તમારે ગ્રહણ કરવી. (૨૧)

અને તે રાધિકાપતિ ભગવાનનાં સર્વે વ્રતો અને ઉત્સવોનો વૈષ્ણવોને યોગ્ય નિર્ણય પણ શ્રીવિઠ્ઠલનાથજીએ કહેલા પ્રકારે પ્રવર્તાવવો. (૨૨) પૂર્વે શ્રીરામાનુજાચાર્યના સંપ્રદાયમાં મારી સ્થિતિ હતી પણ મત્સરગ્રસ્ત વૈષ્ણવોએ મહાન ઉપદ્રવ કર્યો તેથી માત્ર બાહ્ય દ્વાદશ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ વગેરે બહાર દેખાતા તેમના માર્ગના ચિહ્નોનો ત્યાગ કરી સત્શાસ્ત્ર અનુસાર મેં આ નૂતન (અન્ય સંપ્રદાયથી ભિન્ન પણ વસ્તુતાએ નવીન નહિ એવા) સંપ્રદાયનું પ્રવર્તન કર્યું છે. (૨૩/૨૪) અધ્યાત્મ જ્ઞાનની સિદ્ધિને અર્થે શ્રીરામાનુજાચાર્યે રચેલા ગ્રંથો ભગવાનની ઉપાસનાનું પોષણ કરનારા હોવાથી મેં તેનો સ્વીકાર કર્યો છે. તેથી જીવ, ઈશ્વર, અને માયાના સ્વરૂપના નિર્ણયને અર્થે શ્રી રામાનુજાચાર્યે રચેલા શ્રીભાષ્ય-વેદાર્થ સંગ્રહ વગેરે સદ્ગ્રંથોનું તમે પ્રવર્તન કરજો. (૨૫/૨૬)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

इत्याज्ञा मम पाल्या ते सर्वशास्त्रार्थवेदिनः । त्वमेक एव मत्स्थाने स्थातुमर्होऽसि साम्प्रतम् ॥२७॥ यस्मिन्दिने भवान् दृष्टस्तत आरभ्य मे त्वयम् । मनोरथो भवति तं त्वं पूरयितुमर्हसि ॥२८॥ वैराग्यतीव्रतां वेद्मि तव नूनमहं मुने ! । तथाप्येतत्त्वयैव स्यात्कार्यं नान्येन केनचित् ॥ २९॥ स्वीकार्या जनपूजा च वस्त्रालङ्कारसंयुता । आरोहणं त्वया कार्यं रथवाजिगजादिषु ॥३०॥ सर्वतः कलिदोषेभ्यो रक्षणीयास्त्विमे त्वया । शक्तोऽसि रक्षणं कर्तुं त्वमेवेह तपोधन ! ॥३१॥ द्रव्यैः स्त्रीभिः क्रुधाद्यैश्च पराभाव्यो न सर्वथा । त्वमसीत्येव जानामि गुणैः कृष्णभ्रमप्रदः ॥३२॥ न धर्मसङ्करं कर्ता धीरो गाङ्गेयवद्भवान् । भवतीति विदित्वैव स्वामित्वे स्थाप्यते मया ॥३३॥ सुव्रत उवाच - श्रुत्वेति सद्गुरोर्वाक्यं नारायणमुनिर्नृप ! । क्षणं विचिन्त्य हृदि तं प्रत्यूचे विमना इव ॥३४॥ श्रीनारायणमुनिरुवाच - शिष्यैराज्ञा गुरोः पाल्या धर्म एष सनातनः । तथाप्येतद्वचः कर्तुं प्रभो ! नाहं समुत्सहे ॥३५॥ वर्णिधर्मान्समाश्रित्य स्थितस्य खलु सत्पते ! । एतत्त्वद्वचनं मन्ये लोकशास्त्रजुगुप्सितम् ॥३६॥ आघ्राय यद्गन्धमात्रमपि कुर्वे पलायनम् । सोऽहं तासां कथं स्त्रीणां करिष्ये निकटे स्थितिम् ॥३७॥ स्त्रीप्रसङ्गो मुमुक्षूणां महान् पाशो हि बन्धकृत्। मुक्ता अप्यभवन्भ्रष्टा बहवो येन तत्क्षणे ॥३८॥ नैष्ठिकव्रतवान् पुंस्त्रीभेददृष्ट्यापि वर्जितः । ऋष्यशृङ्गः स्त्रीप्रसङ्गाद्भ्रष्टोऽभूत्स्वबृहद्व्रतात् ॥३९॥ सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते । क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ॥४०॥ स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति । स्त्रीप्रसङ्गात्ततः स्वामिन्बिभेम्यहमिह ध्रुवम् ॥४१॥

**ધર્મધુરા સ્વીકારવા નીલકંઠવર્ણીને રામાનંદસ્વામીએ કરેલી વિનતી :-** સર્વશાસ્ત્રના અર્થને જાણનારા તમે મારી આ આજ્ઞાનું પાલન કરો. હાલમાં તમે એક જ મારી ધર્મધુરા સંભાળવાને યોગ્ય મને જણાઓ છો. (૨૭) જે દિવસથી મે આપને જોયા છે ત્યારથી આરંભીને મારા અંતરમાં આ મનોરથ રહેલો છે તેને તમે સફળ બનાવો. (૨૮) હે નારાયણ મુનિ ! હું તમારા અંતરના વૈરાગ્યની તીવ્રતાને જાણું છું. છતાં પણ તમારાથી જ આ ધર્મરક્ષાનું કાર્ય શક્ય બનશે પણ બીજા કોઈથી શક્ય નથી. (૨૯) તમે મારી આજ્ઞાથી ભક્તજન સમુદાયે કરેલી સુવર્ણતાર યુક્ત વસ્ત્ર તેમજ અલંકારે સહિત પૂજાનો સ્વીકાર કરજો. તથા રથ, ઘોડા, હાથી, શિબિકા વગેરે વાહનો ઉપર બેસજો. (૩૦) હે તપોધન! મુક્તાનંદાદિક મારા શિષ્ય સર્વ ભક્તજનોનું તમોએ કલિયુગના દોષો થકી રક્ષણ કરવું. કારણ કે તમે જ તેઓનું સર્વ પ્રકારે રક્ષણ કરવા સમર્થ છો. (૩૧)

સ્ત્રી, દ્રવ્ય, તથા ક્રોધાદિ દોષોથી પરાભવ ન પામે તેવા તો તમે એક જ છો; એમ હું મારા અંતરમાં જાણું છું. કારણ કે ગુણે કરીને જાણે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ પધાર્યા હોય ને શું ? એવો મને ભાવ ઉત્પન્ન થાય છે. (૩૨) 'શાંતનુના પુત્ર ભીષ્મ જેવા ધીરજવાન તમે ક્યારેય ધર્મનું સાંકર્યપણું નહિ કરો' એમ જાણીને જ હું તમને મારી ધર્મધુરા અર્પણ કરું છું. (૩૩) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સદ્ગુરુ રામાનંદસ્વામીના વચનો સાંભળી શ્રીનારાયણમુનિ હૃદયમાં થોડીવાર વિચારવા લાગ્યા. પછી મનથી અત્યંત ઉદાસીન બન્યા હોય તેમ શ્રીસ્વામી પ્રત્યે કહેવા લાગ્યા. (૩૪)

**ત્યાગવાનને ધર્મધુરા સ્વીકારવામાં અનર્થોની પરંપરા :-** શ્રીનારાયણમુનિ કહે છે, હે પ્રભુ ! 'શિષ્યોએ ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ' આ પ્રમાણે સનાતન ધર્મની રીતિ છે. છતાં આપનાં આ વચનનો સ્વીકાર કરવામાં મને ઉત્સાહ થતો નથી. (૩૫) હે સંતોના સ્વામી ! " મેં નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મનો આશ્રય કર્યો છે તેથી આપના આ વચનને જો સ્વીકારું તો લોક અને શાસ્ત્રમાં નિંદાને પાત્ર બનીશ." એમ હું માનું છું. (૩૬) જે સ્ત્રીઓની તો ગંધમાત્ર આવવાથી પણ હું દૂર ભાગી જાઉં છું તે સ્ત્રીઓની સમીપમાં નિવાસરૂપ સ્થિતિ હું કેવી રીતે કરી શકું ? (૩૭)

સ્ત્રીઓનો પ્રસંગ મુમુક્ષુ આત્માઓને બંધન કરનાર મહાન પાશ છે. તેમજ અનેક મુક્ત પુરુષો પણ એમના પ્રસંગથી તે જ ક્ષણે ભ્રષ્ટ થયા છે. (૩૮) સ્ત્રીપુરુષોનું જેને લેશ માત્ર ભાન ન હતું એવા નૈષ્ઠિકવ્રતધારી ઋષ્યશૃંગઋષિ પણ સ્ત્રીના પ્રસંગથી પોતાના ધર્મ થકી ભ્રષ્ટ થયા છે. (૩૯) સ્ત્રીના પ્રસંગથી ભોગની અભિલાષા ઉત્પન્ન થાય છે. તે અભિલાષારૂપ કામનો ભંગ થવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મહામોહ ઉત્પન્ન થાય છે. મહામોહથી સ્મૃતિનો નાશ થાય છે. સ્મૃતિના વિનાશથી બુદ્ધિનો વિનાશ થાય છે. બુદ્ધિના વિનાશથી સ્વયં મનુષ્યનો વિનાશ થાય છે અર્થાત્ સંસૃતિમાં વારંવાર ભટક્યા કરે છે. તે કારણથી હે સ્વામિન્! સ્ત્રીઓના પ્રસંગથી હું નિશ્ચય ભય પામું છું. (૪૦/૪૧)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते । यद्विस्त्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् ॥४२॥ नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः । योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥४३॥ कामो मन्युर्मदो लोभः शोकमोहभयादयः । कर्मबन्धश्च यन्मूलः स्वीकुर्यात्को नु तद्बुधः ॥४४॥ कर्तव्यो मनसः सङ्गो यदि भूतानुकम्पया । तत्राप्युपेक्षा युक्तैव यतः कर्मफलं जगत् ॥४५॥ दययापि मनोऽन्यत्र कृष्णाद्ये योजयन्ति ते । मृगसङ्गाद्भरतवद्भ्रश्यन्त्येव निजस्थितेः ॥४६॥ प्रदीप्तेऽग्नौ निपातं वा वरं मन्ये विषाशनम् । नत्वहं स्त्रैणसम्बन्धं कदाचिदपि कस्यचित् ॥४७॥ धनादीनां प्रसङ्गोऽपि न मे रुचिकरस्तथा । सुशीलोऽपि दुराचारे प्रवृत्तो येन जायते ॥४८॥ धनासक्त्या वसिष्ठोऽपि पुरा भ्रष्टमतिर्नृपम् । निमिं शशाप धर्मिष्ठं व्याख्याद्वेश्यासुतः स्वयम् ॥४९॥ देशः कालः क्रिया ध्यानं शास्त्रं दीक्षा तथा मनुः । सङ्गश्च यादृशा ह्येते तादृक् तत्सेविनां फलम् ॥५०॥ शुभैरेतैः सेवितैस्तु शुभा बुद्धिर्भवेन्नृणाम् । अशुभैस्तैर्भवेद्बुद्धिरशुभा नात्र संशयः ॥५१॥ यादृशी यस्य बुद्धिः स्यात्कर्म कुर्यात्स तादृशम् । कर्मानुरूपं च फलं प्राप्नुयात्स ततः पुमान् ॥५२॥ असतो देशकालादीन्न सेवेत ततः सुधीः । विहाय ताञ्छुभानेव हितार्थी शीघ्रमाश्रयेत् ॥५३॥ निपीतं मद्यभङ्गादि शास्त्रज्ञं वा जडं नरम् ! मादयित्वा यथा सद्यो नयत्युन्मत्ततां खलु ॥५४॥ तथैव स्त्री धनं वापि मादयित्वा स्वसेविनम् । उत्पथं प्रापयत्येव विद्वांसमपि सात्त्विकम् ॥५५॥

---

અતિ ચંચળ મનનો ક્યારેય વિશ્વાસ ન કરવો કારણ કે એનો વિશ્વાસ કરવાથી અતિ સમર્થ એવા સૌભરિ આદિ ઋષિઓનું બહુ કાળથી ભેળું કરેલું તપ સ્રવી ગયું છે. (૪૨) યોગી પુરુષો પણ જો મનની મિત્રતા કરે તો જેમ પુંશ્ચલી નારી પોતાનો વિશ્વાસ કરનાર પતિનો જાર પુરુષ પાસે વિનાશ કરાવે છે; તેમ તે યોગીનું મન પણ કામ અને તે કામને અનુસરીને રહેલા ક્રોધાદિ અંતઃશત્રુને અવકાશ આપી, તે યોગીને કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરે છે. (૪૩)

કામ, ક્રોધ, ગર્વ, લોભ, મોહ, શોક, ભય અને કર્મબંધન વગેરે દોષો મનના આધારે રહેલા છે. તેવા મનનો વિશ્વાસ કયો જ્ઞાની પુરુષ કરે? (૪૪) ભૂતપ્રાણીમાત્ર ઉપર અનુકંપાથી પણ જો મનનો વિશ્વાસ કરવાનો પ્રસંગ આવે તો 'જગત કર્માધીન છે' એમ જાણીને તેમાં ઉદાસીન બનવું પણ તેનો વિશ્વાસ કરવો જ નહિ. (૪૫) જે યોગી પુરુષો દયા કરવાના પ્રસંગથી પણ જો ભગવાન વિના બીજે મન જોડે છે તો તે મૃગબાળના સંગથી પતન પામેલા ભરતજીની પેઠે પોતાની સ્થિતિથી ભ્રષ્ટપણાને જ પામે છે. (૪૬)

અગ્નિમાં પડવું તેને હું શ્રેષ્ઠ માનું છું, વિષ ભક્ષણ કરવું તેને પણ હું શ્રેષ્ઠ માનું છું પણ ક્યારેય કોઈપણ પુરુષે સ્ત્રીનો પ્રસંગ કરવો તે શ્રેષ્ઠ માનતો નથી. (૪૭) તે જ રીતે ધનનો પ્રસંગ પણ મને રુચિકર નથી. કારણ કે ધનના પ્રસંગથી તો સદ્‌વૃત્તિ ધરાવનારા પુરુષોની પણ દુરાચારમાં પ્રવૃત્તિ થાય છે. (૪૮) પૂર્વે ધનમાં આસક્તિ કરવાથી ભ્રષ્ટ થયેલી બુદ્ધિવાળા વસિષ્ઠ મહર્ષિએ પણ ધર્મનિષ્ઠ નિમિ રાજાને શાપ આપ્યો હતો. અને તે વસિષ્ઠ પણ નિમિના શાપથી વેશ્યાપુત્ર તરીકે જગતમાં વિખ્યાત થયા છે. (૪૯)

દેશ, કાળ, ધ્યાન, દેવતા, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર, તથા સંગ આ આઠ જેવા શુભ કે અશુભ હોય, તેનું સેવન કરનાર પુરુષને પણ તેવા ફળની પ્રાપ્તિ થાય છે. (૫૦) શુભ દેશકાળાદિકનું સેવન કરનારા મનુષ્યોની બુદ્ધિ શુભ થાય છે અને અશુભ દેશાદિકનું સેવન કરનારા મનુષ્યોની બુદ્ધિ અશુભ થાય છે, તેમાં કોઈ જાતનો સંશય નથી. (૫૧) જેવી જેની બુદ્ધિ તેવું તે કર્મ કરે છે અને પછી તે કર્મને અનુરૂપ શુભ અથવા અશુભ ફળને તે પુરુષ પ્રાપ્ત કરે છે. (૫૨)

માટે પોતાનું હિત ઈચ્છતા બુદ્ધિમાન પુરુષે અસત્ દેશકાળાદિકનું સેવન ન કરવું. અને તેમનો તત્કાળ ત્યાગ કરી, શુભ એવા દેશકાળાદિકનો જ આશરો કરવો. (૫૩) જેમ પીધેલી મદિરા અને ભાંગ તે શાસ્ત્રને જાણનારા વિદ્વાન પુરુષ અથવા જડ મનુષ્યને પણ મદયુક્ત બનાવી તત્કાળ ઉન્મત્ત કરે છે, તેમજ સ્ત્રી અને ધનનો સહવાસ પણ પોતાનું સેવન કરનારા સાત્ત્વિક એવા વિદ્વાન પુરુષને પણ મદે યુક્ત બનાવી કુમાર્ગે દોરી જાય છે. (૫૪/૫૫)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

ईदृक्स्वभावमेवैतद्वर्तते वस्तु सर्वथा । स्वाभाविकं गुणं नैव हातुं शक्नोति कश्चन ॥५६॥ स्त्रीणां वाऽतो धनादीनां प्रसङ्गे मम निश्चितम् । स्वाभाविकी रुचिर्नास्ति सत्यमेतद्वदाम्यहम् ॥५७॥ सद्गुरोस्तव चाज्ञायाः प्रतिवादोऽपि नोचितः । तेन मे खिद्यते चेतस्ततस्त्वं ब्रूहि मे हितम् ॥५८॥ सर्वेषां धर्ममर्यादारक्षणेऽसि त्वमीश्वरः । अतोऽत्र किं नु मे कार्यमेतदन्यत्प्रशाधि माम् ॥५९॥ सुव्रत उवाच – प्रतिवाक्यं गुरुः श्रुत्वा नारायणमुनेरिति । स्वामित्वं स्थापयंस्तस्मिन्स्वहार्दं तमुवाच सः ॥६०॥ श्रीरामानन्दस्वाम्युवाच – सन्मते ! शृणु मद्वाक्यं त्वद्धार्दं वेद्म्यहं ननु । मया यत्क्रियते तत्तु विचार्यैव न चान्यथा ॥६१॥ समर्थो धर्मरक्षायामहं स्वाश्रितदेहिनाम् । वर्ते हि साम्प्रतं भूमौ सत्यमेतत्त्वयोच्यते ॥६२॥ तथापि त्वयि सच्छिष्ये धुरमध्यस्य सुव्रत ! । निश्चिन्तः कृतकार्योऽहं हातुमिच्छाम्यदो वपुः ॥६३॥ न त्वादृशं कञ्चिदन्यं पश्याम्यत्र च धूर्वहम् । अतो मद्वचनं तात ! कर्तुमर्हसि सर्वथा ॥६४॥ वर्णिनां व्रतभङ्गः स्यात्स्त्रीभिः संभाषणादिना । इति त्वयोदितं यत्तत्सत्यमेव न संशयः ॥६५॥ अन्ये ते वर्णिनो येषां स्त्र्यादिभिर्लुप्यते व्रतम् । अमानुषक्रियस्त्वं तु न वर्णी प्राकृतो ह्यसि ॥६६॥ वर्तितुं स्त्रीसहस्त्रेषु निर्विकारतयाऽनघ!। स्वर्णपुञ्जेष्वपि तथा शक्तिरस्ति तवैव हि ॥६७॥ सूर्यनारायणः साक्षाद्वरदाता तव प्रभुः । कामादे रक्षणं कर्ता राजते हृदये तव ॥६८॥ सर्वथैव समर्थस्त्वं विदितोऽसि मयाञ्जसा । अतश्चिरन्तनानेतानपि हित्वा त्वमर्थ्यसे ॥६९॥ त्वदन्ये वर्णिनस्त्वङ्ग ! स्त्रीकथाश्रवणादपि । भ्रष्टा भवेयुः सहसा किं पुनर्दर्शनादिभिः ॥७०॥

સ્ત્રીધનાદિ પદાર્થોનો સ્વભાવ જ એવા પ્રકારનો હોય છે. કારણ કે ‘કોઈ પણ પદાર્થ પોતાનો સ્વાભાવિક ગુણધર્મ છોડી શકતો નથી.’ (૫૬) તે કારણથી સ્ત્રી અને ધનના પ્રસંગમાં મને સ્વાભાવિકપણે રુચિ જ થતી નથી. હું તમારી પાસે આ સત્ય હકીકત નિવેદન કરું છું. (૫૭) એમ છતાં તમે અમારા સદ્‌ગુરુ સ્થાને રહેલા હોવાથી તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ પણ મને યોગ્ય જણાતું નથી. તેથી મારા મનમાં ખેદ વર્તે છે. તે માટે તમે જે પ્રકારે મારૂં હિત થાય તેવું વચન કહો. (૫૮) તમેજ સર્વેની ધર્મરક્ષા કરવામાં સમર્થ છો, તેથી ધર્મધુરા વિષે સર્વના સ્વામિપણામાં (આચાર્યપદમાં) મારું શું પ્રયોજન છે ? આ કાર્ય સિવાયની બીજી કોઈ પણ આજ્ઞા હોય તો નિશ્ચે જણાવો. (૫૯)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીનારાયણમુનિનું આ પ્રકારનું પ્રત્યુત્તર વચન સાંભળી શ્રીરામાનંદસ્વામી તેમને વિષે જ ધર્મધુરાનું ગુરૂપદ સ્થાપન કરવા માટે પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય તે શ્રીહરિને જણાવવા લાગ્યા. (૬૦) શ્રીરામાનંદસ્વામી કહે છે, હે સદ્‌બુદ્ધિમાન! તમે મારું વચન સાંભળો. હું તમારા હૃદ્‌ગત અભિપ્રાયને નિશ્ચય જાણું છું. છતાં હું જે કોઈ કાર્ય કરું છું તે વિચાર પૂર્વક જ કરું છું. પણ વિચાર કર્યા વિના ક્યારેય કોઈ પણ કાર્ય કરતો નથી. (૬૧) હાલમાં હું આશ્રિતવર્ગની ધર્મરક્ષા કરવા સમર્થ છું. તેમજ અત્યારે મારું અસ્તિત્વ આ પૃથ્વી પર મોજુદ છે; તે તમે સત્ય કહો છો. છતાં પણ હે સુશોભિત વ્રતનિષ્ઠ ! તમે મારા શિષ્યોમાં સદ્‌ગુણસંપન્ન શ્રેષ્ઠ શિષ્ય છો. તેથી તમારે વિષે મારી સર્વ સ્વામિપણા રૂપ (આચાર્યપદની) ધર્મધુરા સમર્પિત કરી, ચિંતારહિત તેમજ કૃતકૃત્ય થઈને હવે હું આ શરીરનો ત્યાગ કરવા ઈચ્છું છું. (૬૨/૬૩)

**રામાનંદસ્વામીની દ્રષ્ટિએ ધર્મધુરાના અધિકારી** :- હે તાત ! તમારા સિવાય બીજો કોઈ ધર્મધુરા સંભાળી શકે તેવો સમર્થ શિષ્ય હું જોઈ શકતો નથી. તેથી સર્વપ્રકારે મારું વચન સ્વીકારો. (૬૪) ‘સ્ત્રીઓની સાથે બોલવાથી બ્રહ્મચારીઓના વ્રતનો ભંગ થાય’ એ તમારું વચન સર્વ પ્રકારે સત્ય છે. તેમાં કોઈ જાતનો સંશય નથી. પણ જેમનું સ્ત્રીઓના પ્રસંગ થકી વ્રતભંગ થાય તેવા બ્રહ્મચારીઓ તો તમારાથી જુદા જ છે. અલૌકિક ક્રિયાવાળા તમે તો અઘટિત ઘટના સામર્થ્યને ધરનારા છો પણ કોઈ પ્રાકૃત માણસ જેવા નથી. (૬૫/૬૬) હે નિષ્પાપ ! તે માટે તમે એકજ હજારો સ્ત્રીઓ અને સુવર્ણના ઢગલા વચ્ચે પણ નિર્વિકારપણે રહી શકો તેવું સામર્થ્ય ધરાવો છો. (૬૭)

કારણ કે તમને વરદાન આપનારા અને કામાદિ દોષો થકી રક્ષણ કરવા સમર્થ એવા ભગવાન સૂર્યનારાયણ તમારા અંતરમાં સદૈવ પ્રકાશ કરી રહ્યા છે. (૬૮) ‘તમે સર્વ પ્રકારે સમર્થ છો.’ એમ હું યથાર્થ સમજું છું. તેથી હું આ મુક્તાનંદ વગેરે તમારાથી પ્રાચીન (જૂના) શિષ્યોને પણ છોડી તમને જ ધર્મધુરા સ્વીકારવા પ્રાર્થના કરું છું. (૬૯) હે અંગ ! તમારા સિવાયના અન્ય બ્રહ્મચારીઓ તો સ્ત્રીઓની વાર્તા સાંભળવામાત્રથી તત્કાળ સ્વધર્મથી ભ્રષ્ટ થાય, તો સ્ત્રીઓનાં દર્શન કે સ્પર્શ કરવાથી ભ્રષ્ટ થાય તેમાં તો કહેવું જ શું ? અર્થાત્ જરૂર ભ્રષ્ટ થાય. (૭૦)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

संसर्गः स्त्रीधनादीनां त्याज्योऽतः सर्वथैव तैः । त्वं त्वीश्वरः स्वाश्रितानां कुरु धर्मादिरक्षणम् ॥७१॥ सुव्रत उवाच - इत्याकर्ण्य गुरोर्वाक्यं मानयंस्तं स वर्णिराट् । प्रतिजग्राह तद्वाक्यमनिच्छन्नपि भूपते ! ॥७२॥ स्ववाचीत्थं स्वीकृतायां तेनाथ स मुनीश्वरः । उपवेश्य स्वासने तं चन्दनादिभिरार्चिचत् ॥७३॥ महोत्सवं कारयित्वा गीतवाद्यपुरोगतम् । सुप्रसन्नमनाः स्वामी स्वाश्रितानिदमब्रवीत् ॥७४॥ श्रीरामानन्दस्वाम्युवाच - शृण्वन्तु मामकाः सर्वे गृहिणस्त्यागिनस्तथा । अयं नारायणमुनिर्मम स्थानेऽस्ति निश्चितम् ॥७५॥ मनुष्याणां सुदुष्प्रापैः सम्पन्नः सद्गुणैरयम् । युष्माकं धर्ममर्यादापालनेऽस्त्येव शक्तिमान् ॥७६॥ तदेतद्दिनमारभ्य स्थेयमस्यैव शासने । सर्वैर्भवद्भिरित्याज्ञा मम पाल्यैव सर्वथा ॥७७॥ स्वामिन्नेवं करिष्याम इत्यूचुस्ते ततोऽखिलाः । प्राञ्जलिं वर्णिराजं च तदोवाच पुनर्गुरुः ॥७८॥ महामुने ! प्रसन्नोऽस्मि मदाज्ञापालनात्त्वयि। अतस्त्वं वाञ्छितान्स्वस्य वरान्वरय कांश्चन ॥७९॥ अदेयं नास्ति मे किञ्चित्तुभ्यं ब्रह्माण्डगोलके । महापुरुष ! तद्ब्रूहि निश्चितं निजवाञ्छितम् ॥८०॥ सुव्रत उवाच - इति सञ्चोदितस्तेन वरार्थं स महामुनिः । नीलकण्ठ उवाचेदं सर्वजीवदयानिधिः ॥८१॥ श्रीनीलकण्ठ उवाच - यदि तव वरदानपात्रता मे वितर तदा तु मयेप्सितान्वरांस्त्वम् । मृदुलपदसरोरुहद्वये मे मतिरचलास्तु सदैव नन्दसूनोः ॥८२॥ इह च यदुरुदुःखमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः । यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदुःखाः ॥८३॥

માટે તે બ્રહ્મચારીઓએ સ્ત્રીધનના પ્રસંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો, પણ તમે તો સર્વ પ્રકારે સમર્થ છો તેથી તમે સ્વાશ્રિત નરનારીઓના ધર્મની રક્ષા કરો. (૭૧) સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વર્ણિરાજ શ્રીહરિએ ગુરુનાં વચન સાંભળી અંતરમાં ઈચ્છા નહિ હોવા છતાં તેમનાં વચનને માન આપી સ્વામીની વાતનો સ્વીકાર કર્યો. (૭૨) શ્રી સહજાનંદ સ્વામીએ જ્યારે પોતાનાં વચનનો સ્વીકાર કર્યો ત્યારે શ્રી રામાનંદસ્વામીએ તેમને પોતાની ગાદી ઉપર બેસાડ્યા અને ચંદનપુષ્પાદિક વડે તેમનું પૂજન કર્યું તથા ગીત(શ્રીકૃષ્ણના ચરિત્રના પદ્યોનું ગાન) અને વાજિંત્રોના નાદની સાથે મહાન ઉત્સવ ઉજવ્યો. ત્યારબાદ અતિ પ્રસન્ન મનથી શ્રીરામાનંદસ્વામી પોતાના આશ્રિત જનો પ્રત્યે કહેવા લાગ્યા. (૭૩/૭૪)

**શ્રીરામાનંદ સ્વામી કહે છે** : હે મારા આશ્રિત સર્વે મયારામભટ્ટ પર્વતભાઈ વગેરે ગૃહસ્થ ભક્તો ! અને ત્યાગીજનો મુક્તાનંદાદિક સાધુ-બ્રહ્મચારીઓ ! તમે સર્વે મારું વચન સાંભળો 'આ સહજાનંદ સ્વામી આજથી મારે સ્થાને બિરાજે છે, તેથી (ગુરુસ્થાને હોવાથી) તેઓ તમારે સર્વને મારી માફક જ માનવા અને પૂજવા યોગ્ય છે; એ વાત નિશ્ચિત છે.' (૭૫) આ સહજાનંદ સ્વામી બીજા મનુષ્યોથી પ્રાપ્ત ન થઈ શકે તેવા સદ્‌ગુણોથી સંપન્ન છે. તેથી તમારા ધર્મનું રક્ષણ કરવા સમર્થ છે. માટે આજ દિવસથી આરંભીને સર્વેએ આ નારાયણમુનિની જ આજ્ઞામાં વર્તવું. મારી આ આજ્ઞાનું તમારે સર્વ પ્રકારે પાલન કરવું. (૭૬/૭૭)

સ્વામીનું વચન સાંભળી સર્વે ભક્તજનો બે હાથ જોડી કહેવા લાગ્યા, હે ગુરુવર્ય ! આપના કહેવા પ્રમાણે જ અમો સર્વે વર્તન કરીશું. ત્યારબાદ બંને હાથ જોડીને (આજ્ઞાંકિત સ્થિતિમાં) સામે રહેલા વર્ણિરાજ પ્રત્યે ગુરૂશ્રી રામાનંદસ્વામી ફરીથી કહેવા લાગ્યા કે, હે મહામુનિ ! મારી આજ્ઞાનું પાલન કરવાથી તમારા પર હું પ્રસન્ન થયો છું. તેથી તમો મારી પાસેથી પોતાના ઈચ્છિત કેટલાક વરદાન માગો. (૭૮/૭૯) હે મહાપુરુષ ! આ બ્રહ્માંડમાં મારે તમોને નહિ આપવા યોગ્ય કંઈ પણ નથી. માટે તમોએ નિશ્ચય કરેલું પોતાનું જે અભીષ્ટ ઈચ્છિત હોય તે કહો. (૮૦)

**રામાનંદસ્વામી પાસે માગેલાં બે વરદાન** :- સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે જ્યારે શ્રી રામાનંદસ્વામીએ વરદાન માગવાનું કહ્યું ત્યારે સર્વ જીવપ્રાણીમાત્ર પર દયા કરનારા ભગવાન શ્રીનીલકંઠ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮૧) શ્રીનીલકંઠ કહે છે, હે સ્વામિન્ ! તમારા થકી વરદાન પ્રાપ્ત કરવાની મારામાં જો પાત્રતા હોય તો તમે મને અભીષ્ટ એ વરદાન આપો કે નંદપુત્ર શ્રીકૃષ્ણ પરમાત્માનાં કોમળ બંને ચરણકમલમાં મારી મતિ અચળ રહો. (૮૨)

**પહેલા વરદાનથી ભક્તોની દૈહિક પીડા દૂર કરી** :- આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતાં પણ અધિક દુઃખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુઃખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુઃખી ન થાય. (૮૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

**क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् । इह यदुरु तथाऽन्नवस्त्रदुःखं तदपि ममास्तु न तु प्रजेश! तेषाम् ॥८४॥ व्रजरमणकथा च यत्र यत्र प्रथितगुणाश्च भवेयुरीश ! सन्तः । मम भवतु सदैव तत्र वासो न तु भवसक्तधियां क्वचित्प्रसङ्गे ॥८५॥ वाणी मे गुणकीर्तने भगवतः कर्णौ कथायाः श्रुतौ सेवायां च भुजौ स्मृतौ च हृदयं भूयाद्दृशौ लोचने । कृष्णार्थैव मम क्रियाऽस्तु सकला शारीरिकी मानसी दुःसङ्गः क्वचनापि मास्त्विह विभो! देहि त्वमेतान्वरान् ॥८६॥** सुव्रत उवाच - **एवं स भगवान् कृष्णोपासनारीतिमञ्जसा । सेवारीतिं सद्गुरोश्च शिक्षयन्नात्मसंश्रितान् ॥८७॥ शोभयंश्च स्वानुकृतं नरनाट्यं नराधिप ! । ईश्वरोऽपि गुरुं भक्त्या प्रार्थयामास भक्तवत् ॥८८॥ इति सम्प्रार्थयन्तं तं प्रोवाच वचनं गुरुः । मनोरथास्ते सम्पूर्णा भविष्यन्ति न संशयः ॥८९॥ परोपकारैकपरायणाय नारायणायेति वरान्स दत्त्वा । स्थितस्तदीयाननपद्ममेव विलोकते स्म स्थिरयात्मदृष्ट्या ॥९०॥ तस्मै प्रसन्नोऽथ च सोऽपि कृष्णः स्वातिप्रियायात्मयथार्थबोधम् । ददावचिन्तं विदधत्तमीशो विवेद तं सोऽपि निजेष्टदेवम् ॥९१॥ गोलोकसंस्थाक्षरदिव्यधाम्नि यादृक् स्वदृष्टश्च बृहद्वनादौ । विलोक्य तं तादृशमेव कृष्णमानन्दवार्धौ निममज्ज सद्यः ॥९२॥ चिरं निभाल्याथ तमेव भक्तरक्षाविधानाय च धर्मगुप्त्यै । तत्रागतं ह्यवगत्य सद्यो निश्चिन्त आसीन्नृप ! पूर्णकामः ॥९३॥**

---

**બીજા વરદાનથી ભક્તોને ભૂખનું દુઃખ ભાંગ્યુ :-** હે પ્રજેશ ! તે જ રીતે આ લોકમાં ભગવદ્‌ભક્તિ કરનારા તમારા ભક્તજનોને પોતાના કઠિન કર્મસંજોગોવશાત્ ક્યારેય પણ અન્ન વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લલાટમાં લખી હોય તો તે પીડા મને આવે પણ તેઓ અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય. (૮૪)

હે ઈશ ! જે જે સ્થળમાં વ્રજભૂષણ શ્રીકૃષ્ણપરમાત્માની કથા થતી હોય, તેમજ જે જે સ્થળમાં શાસ્ત્રોક્ત સદ્‌ગુણોથી સંપન્ન તેમના સાધુપુરુષો નિવાસ કરતા હોય તેવા સ્થળમાં રહેવાનું સૌભાગ્ય મને સદાય પ્રાપ્ત થાય. પણ સંસારમાં આસક્ત બુદ્ધિવાળા પુરુષોનો સહવાસ મને ક્યારેય નજ થાય. (૮૫) હે વિભુસ્વરૂપ ! મારી વાણી સદૈવ શ્રીકૃષ્ણનું સંકીર્તન કર્યા કરે. મારા કાન શ્રી કૃષ્ણની કથાનું શ્રવણ કર્યા કરે. મારા હાથ ભગવાનની પરિચર્યા કર્યા કરે. મારું મન ભગવત્ સ્મરણ કર્યા કરે. મારાં લોચન પ્રભુને નિરખ્યાં કરે. મારી શારીરિક અને માનસિક સમગ્ર ક્રિયા ભગવાન શ્રીકૃષ્ણને અર્થે જ થયા કરે. તેમજ આ સંસારમાં નઠારા અભક્તજનો વગેરેનો ખરાબ સંગ મને ક્યારેય પણ ન જ થાઓ. આટલા વરદાનો તમે મને આપો. (૮૬)

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિએ સ્વયં ઈશ્વર હોવા છતાં પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકારેલા નરનાટકને શોભાવવા અને પોતાના આશ્રિતવર્ગને શ્રીકૃષ્ણની ઉપાસનાની રીતિ તથા સદ્‌ગુરૂની પરિચર્યા કરવાની સેવારીતિ શિખવવા જાણે કે ભક્ત હોય તેમ ભક્તિભાવપૂર્ણ હૃદયથી ગુરુના ચરણમાં પ્રાર્થના કરી. (૮૭/૮૮)

આ પ્રકારે પ્રાર્થના કરતા શ્રી નારાયણમુનિ પ્રત્યે સદ્‌ગુરૂ શ્રી રામાનંદસ્વામી કહેવા લાગ્યા કે, 'તમારા સર્વે મનોરથો સફળ થશે તેમાં જરા પણ સંશય નથી.' (૮૯) જીવપ્રાણીમાત્ર ઉપર પરોપકાર કરનારા શ્રીનારાયણ મુનિને આ પ્રકારે વરદાન આપી, આસન પર બિરાજતા શ્રીરામાનંદસ્વામી પોતાની સ્થિર દૃષ્ટિથી શ્રીહરિના મુખકમળ સામું જોઈ જ રહ્યા. (૯૦)

**રામાનંદસ્વામીને થયેલો શ્રીહરિને વિષે પરમેશ્વરપણાનો દ્રઢ નિશ્ચય :-** ત્યાર પછી પોતાને અતિપ્રિય એવા તે શ્રીરામાનંદમુનિ ઉપર પ્રસન્ન થએલા ભગવાન શ્રીહરિ પણ શ્રીરામાનંદસ્વામીને ચિંતાએ રહિત કરવા માટે સ્વસ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપતા હતા. અને તેથી રામાનંદસ્વામી પણ ભગવાન શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ તરીકે જાણવા લાગ્યા. (૯૧) ગોલોકના મધ્યે રહેલા દિવ્ય અક્ષરધામમાં બિરાજતા ભગવાનનાં પૂર્વે દિવ્ય વૃંદાવનની ભૂમિમાં જેવા સ્વરૂપે દર્શન થયાં હતાં તેવા જ સ્વરૂપે સાક્ષાત્ ભગવાન શ્રીહરિકૃષ્ણના દર્શન થતાં શ્રી રામાનંદ સ્વામી તત્કાળ આનંદના મહાસાગરમાં નિમગ્ન થયા. (૯૨) હે રાજન્ ! આમ ને આમ બહુ કાળ પર્યંત શ્રી રામાનંદસ્વામીને દિવ્ય અનુભૂતિ થઈ. તેથી સ્વયં પૂર્ણકામ બન્યા. અને તે શ્રીનીલકંઠને જ ભક્તજનોની રક્ષા કરવા માટે ( દુર્વાસા મુનિના શાપથી ધર્મભક્તિ અને મરીચ્યાદિ મુનિઓને મુકાવવા માટે) અને એકાન્તિક ધર્મનું રક્ષણ કરવા માટે પ્રગટ થઈને અહીં સૌરાષ્ટ્ર દેશમાં સ્વયં પધારેલા પરમેશ્વર શ્રીહરિ છે. એમ પોતાના હૃદયમાં જાણી તત્કાળ ચિંતારહિત બન્યા. (૯૩)



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

नृनाटनं तस्य विभोर्विधित्सोर्हार्दं विदन्नान्यजनाय तत्तु । प्राकाशयद्वेदनमात्मबुद्धमेकान्तिको भक्तवरो यतोऽसौ ॥९४॥ तस्मिंस्ततः शिष्यधियं विहाय निजेशबुद्ध्या हृदि भावयन् सः । वृतस्तदाद्यैर्निजशिष्यमुख्यैस्ततः फणिग्राममियाय भूप ! ॥९५॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नारायणमुनिस्वामित्वस्थापननामैकोनषष्टितमोऽध्यायः ॥५९॥

सुव्रत उवाच – **एकादश्या मोक्षदायास्तत्र चक्रे महोत्सवम् । द्वादश्यां भोजयामास साधून्विप्रान्सहस्त्रशः ॥१॥ दत्त्वा दानानि विप्रेभ्यः प्रातर्भद्राभिधां नदीम् । उपेत्य तस्यां स स्नात्वा रहःस्थान उपावशित् ॥२॥ बद्धपद्मासनस्तस्मिन् समाधिं विदधद्धरौ । तदिच्छया जहौ सद्यो मानुर्षी तनुमुद्धवः ॥३॥ मुक्तो दुर्वाससः शापाद्बदरीमेत्य पूर्ववत् । प्रावर्तयत् कृष्णभक्तिं सिद्धदेहः स भूपते ! ॥४॥ विक्रमार्कशकान्नागशरहस्तीन्दुसम्मिते । वर्षे मार्गे त्रयोदश्यां शुक्ले सोऽन्तर्दधे गुरौ ॥५॥ सङ्कीर्तयन्तो नामानि श्रीकृष्णस्य तदाऽखिलाः । तन्मुखैकदृशः शिष्या विविदुस्तमुपारतम् ॥६॥ तत्पार्श्वमेत्य संवीक्ष्य नाडीप्राणविहीनताम् । साश्रुनेत्रा बभूवुस्ते विभ्रान्ता इव सर्वशः ॥७॥ हरिस्तु धैर्यमासाद्य देशकालोचितक्रियः**

---

મનુષ્યનાટક કરવા ઈચ્છતા પ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજનો હૃદ્‌ગત અભિપ્રાયને જાણતા શ્રી રામાનંદસ્વામીએ પોતાને થએલ દિવ્ય અનુભૂતિ (પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન)ની વાત કોઈની આગળ જાહેર ન કરી. કારણ કે પોતે પરમાત્માના એકાંતિક ભક્ત હતા. (૯૪)

હે રાજન્ ! દિવ્ય અનુભૂતિ થયા પછી શ્રીરામાનંદસ્વામી શ્રીહરિને વિષે શિષ્યપણાની બુદ્ધિનો ત્યાગ કરી, પોતાના અંતરમાં 'આ જ મારા ઈષ્ટદેવ સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીહરિકૃષ્ણ પરમાત્મા છે' એવી ભાવના કરવા લાગ્યા; અને શ્રી નારાયણમુનિ-મુક્તાનંદમુનિ વગેરે પોતાના મુખ્ય શિષ્યમંડળથી વિંટાયેલા થકા જેતપુરથી ફણેણી ગામે પધાર્યા. (૯૫)

[શ્રીકૃષ્ણ પરમાત્મા અને પોતાનાં ગુરૂ શ્રી રામાનંદ મુનિની સેવાવૃત્તિરૂપ પોતાના આચરણથી સ્વાશ્રિતોને શિક્ષા આપતા, શ્રીહરિને હું (શુકાનંદમુનિ) હર્ષપૂર્વક નમસ્કાર કરૂં છું. (૧) જેમને શ્રીરામાનંદસ્વામીએ અતિસુંદર મહોત્સવ કરીને અતિહર્ષથી પોતાને સ્થાને પોતાના ચરણના આશ્રિતોનું હિત કરવા માટે સ્થાપન કર્યા તે શ્રીહરિનું હું મનથી ધ્યાન કરૂં છું. (૨)] *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં 'નારાયણમુનિ સ્વામિત્વ-સ્થાપન' નામે ઓગણસાઠમો અધ્યાયઃ ॥૫૯॥*

## અધ્યાય : ૬૦

## ફણેણીમાં શ્રીરામાનંદસ્વામી અંતર્ધાન થયા પછી શ્રીહરિએ કરેલી ઔર્ધ્વદૈહિક વિધિનું નિરૂપણ

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદ સ્વામીએ ફણેણી ગામમાં માગશર સુદ મોક્ષદા એકાદશીનો મહોત્સવ (શ્રીકૃષ્ણની મહાપૂજા કરવારૂપ) ઉજવ્યો અને દ્વાદશીના દિવસે હજારો સાધુ તથા બ્રાહ્મણોને સુંદર ભોજનથી તૃપ્ત કર્યા. (૧) ત્રયોદશીના સુપ્રભાતે સુપાત્ર ભૂદેવોને અનેક પ્રકારનાં દાન કર્યાં અને ભદ્રાવતી નદીએ જઈને તેમાં સ્નાન કરી પાછાં પોતાનાં સ્થાનમાં આવીને એકાંત સ્થળમાં વિરાજમાન થયા. (૨) પદ્માસન વાળી બેઠેલા શ્રી રામાનંદસ્વામીએ પોતાના ઈષ્ટદેવ પણે જાણેલા પ્રત્યક્ષ શ્રીહરિ કૃષ્ણ ભગવાનને વિષે મનની વૃત્તિની એકાગ્રતા રૂપ સમાધિ કરી અને શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ મનુષ્યશરીરનો ત્યાગ કર્યો. (૩) હે રાજન્ ! શ્રી રામાનંદસ્વામી દુર્વાસાના શાપથી મુક્ત થયા અને બદરિકાશ્રમમાં જઈને પૂર્વની માફક જ સિદ્ધદેહે કરીને સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણ પરમાત્માની ઉપાસના-ભક્તિને પ્રવર્તાવતા હતા. (૪)

વિક્રમ સંવત્ ૧૮૫૮ના માગશર સુદિ ત્રયોદશીના ગુરુવારે શ્રી રામાનંદસ્વામી આ લોકમાંથી અંતર્ધાન થયા. (૫)

તે અવસરે શ્રી રામાનંદસ્વામીના મુખ સામે જ એક દૃષ્ટિ રાખી ભગવાન શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરતા સ્વામીના શિષ્યો નારાયણમુનિ વગેરે સર્વ ભક્તજનોએ 'સ્વામી અંતર્ધાન થયા છે' એમ જાણ્યું. તેથી તે જ ક્ષણે તેમની પાસે આવ્યા અને સ્વામીનાં નાડીપ્રાણ બંધ થયાં છે એમ જાણી શોકથી વ્યાકુળ થયા અને રુદન કરવા લાગ્યા. (૬/૭) દેશકાળને અનુસારે

। धर्मशास्त्रार्थपारीणः स्नात्वा केशानवापयत् ॥८॥ पुनः स्नात्वा चन्दनेन चर्चयामास तद्वपुः । पुष्पाबीरगुलालाद्यैस्तदानर्च ननाम च ॥९॥ पितृमेधविधानेन क्रमात्कुर्वन् स तत्क्रियाः । विमानं कारयित्वाशु तस्मिंस्तत्संन्यधारयत् ॥१०॥ अनर्घ्यसितसूक्ष्मेण वाससाच्छाद्य तत्त्रिभिः । शिष्यैरन्यैः समं निन्ये स्नातैर्भद्रां विमानकम् ॥११॥ विष्णुसूक्तं द्विजाः पेठुस्तदानीं कृष्णकीर्तनम् । मृदङ्गझर्झरोपेतं चक्रुः सन्तोऽश्रुचक्षुषः ॥१२॥ नद्यास्तटे शुचिस्थाने तन्निधाय च ते चिताम् । चक्रुः श्रीखण्डतुलसीपिप्पलानार्द्रदारुभिः ॥१३॥ तत्र तद्देहमाधाय स्नपितं स्रग्विभूषितम् । आज्यलिप्तं ततः कृष्णो ददाहोत्तपनाग्निना ॥१४॥ आज्यं जुहाव मध्ये च ततो दग्धे कलेवरे । शमयित्वाम्भसा वह्निं नद्यां तद्भस्म सोऽक्षिपत् ॥१५॥ सस्नुः सर्वे ततो नद्यां शिष्या हरिपुरःसराः । दत्त्वोदकं च गुरवे पुनः स्नान्ति स्म ते नृप! ॥१६॥ ततो गत्वा फणिग्राममूषुस्ते च शुचान्विताः । उपोषणं दिने तस्मिन्कुर्वन्ति स्म निरोजसः॥१७॥ द्वितीयेऽहनि पत्राणि लिखित्वा कतिचिन्नरान् । नानादेशस्थभक्तेभ्यः प्रैषयत्स सदग्रणीः ॥१८॥ ते वाचयित्वा पत्राणि ज्ञात्वान्तर्धिं गुरोर्भुवः । भृशं शुचाकुला आसन् पुरुषाश्च स्त्रियोऽखिलाः ॥१९॥ हित्वा सर्वाणि कार्याणि सयोषा गृहिणो जनाः । शक्तितो धनमादाय तत्राजग्मुस्त्वरान्विताः ॥२०॥ वर्णिनस्त्यागिनश्चैतं वृत्तान्तमतिदुःसहम् । श्रुत्वा प्रापुः शुचं भूरिं ब्रह्मभूयं गता अपि ॥२१॥ यत्र यत्र स्थिता ये ये ते ते सद्यस्ततस्ततः । फणिग्राममुपाजग्मुः स्नात्वा भक्ताः सहाम्बरम् ॥२२॥ तत्रागतेभ्यस्तेभ्यश्च

ધર્મશાસ્ત્ર સંબંધી ક્રિયા કરવામાં કુશળ શ્રીહરિએ ધીરજ ધારણ કરી સ્નાન કર્યું અને મસ્તકના કેશ ઉતરાવ્યા. તથા ફરીવાર સ્નાન કરી સ્વામીના શરીરને ચંદન ચર્ચ્યું. ત્યાર બાદ પુષ્પ, અબીલ, ગુલાલ વગેરે સૌભાગ્ય દ્રવ્યથી પૂજન કરી નમસ્કાર કર્યા. (૮/૯)

**સ્વામીના શરીરનો અગ્નિસંસ્કાર :-** શ્રીહરિએ 'પિતૃમેધ' વિધાનથી અનુક્રમે શ્રી રામાનંદસ્વામીની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી અને સ્વામીના નિશ્ચેતન શરીરને સુંદર વિમાનાકાર પાલખી બનાવી તેમાં પધરાવ્યું. (૧૦) તે વિમાનને બહુ મૂલ્યવાન શ્વેત સૂક્ષ્મ વસ્ત્રથી શણગારવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીહરિ સ્નાન કરી તૈયાર થયેલા મુકુન્દાનંદાદિક બીજા ત્રણ શિષ્યોની સાથે સ્વામીના તે વિમાનને ભદ્રાવતી નદીએ લઈ ચાલ્યા. (૧૧)

તે સમયે વિદ્વાન વિપ્રો વિષ્ણુસૂક્તનો પાઠ કરવા લાગ્યા અને આંખમાં અશ્રુઓની સાથે સમગ્ર સંતમંડળ ઝાંઝમૃદંગ વગાડી શ્રીકૃષ્ણનું સંકીર્તન કરવા લાગ્યા. (૧૨) ભગવાન શ્રીહરિ વગેરે શિષ્યવર્ગે સ્વામીના વિમાનને ભદ્રા નદીના પવિત્ર તટ પર નીચે ઉતાર્યું અને ચંદન, તુલસી, પીપળો વગેરે સૂકા કાષ્ઠની ચિતા બનાવી. (૧૩) શ્રીહરિએ પુષ્પથી શણગાર કરેલા અને ઘીથી લેપન કરેલા સ્વામીના શરીરને તે ચંદનાદિકની ચિતામાં પધરાવ્યું અને **'ઉત્તપન'** નામના અગ્નિથી દાહ દીધો. (૧૪)

સ્વામીનું અર્ધું શરીર ભસ્મીભૂત થયું ત્યારે શ્રીહરિએ ફરીથી ઘીની આહુતિ અર્પણ કરી. ત્યાર બાદ સમગ્ર શરીર ભસ્મીભૂત થતાં જળથી અગ્નિનું શમન કર્યું અને તેમની ચિતાભસ્મ ભદ્રાવતી નદીમાં પધરાવી. (૧૫) હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ વગેરે સર્વે શિષ્યવૃંદે ભદ્રાવતીમાં સ્નાન કર્યું. ત્યાર પછી શ્રીરામાનંદસ્વામીને જળની અંજલિઓ અર્પણ કરી, ફરી સ્નાન કર્યું. (૧૬) સ્નાન કરી સ્વામીનો શોક કરતા કરતા શ્રીહરિ વગેરે શિષ્યવૃંદ ફણેણી ગામમાં આવ્યા. સ્વામીના સ્વધામ ગમનથી શોકયુક્ત રહેતા તેઓ બળરહિત બન્યા અને તે દિવસે સર્વેએ ઉપવાસ કર્યો. (૧૭)

સંતવૃંદમાં અગ્રેસર શ્રીનારાયણમુનિ બીજે દિવસે પત્રો લખી દેશદેશાન્તરમાં વસતા ભકતજનોને સમાચાર આપવા કેટલાક ભક્તજનોને મોકલતા હતા. (૧૮) દેશદેશાન્તર નિવાસી પુરૂષો અને સ્ત્રીઓ ભક્તોએ પત્રોનું વાચન કર્યું. પૃથ્વી પરથી ગુરૂ શ્રીરામાનંદ સ્વામીના સ્વધામગમનના સમાચાર જાણી (વસ્ત્ર સહિત સ્નાન કર્યું) અને સર્વે શોકમગ્ન થયાં. (૧૯) અને તત્કાળ સર્વ વ્યવહાર કાર્યનો ત્યાગ કરી પોતાની સ્ત્રીઓએ સહિત ગૃહસ્થ ભકતો પોતપોતાની શક્તિ પ્રમાણે ધન લઈને ઉતાવળથી ત્યાં આવવા લાગ્યા. (૨૦) દેશદેશાન્તરમાં રહેલા બ્રહ્મચારી અને સંતવૃંદ, બ્રહ્મસ્થિતિને પામેલા હોવા છતાં તેઓ પણ સહન ન થઈ શકે તેવી ગુરુના સ્વધામગમનની વાત સાંભળતાં જ અતિશય શોક કરવા લાગ્યા. (૨૧) જે જે સંત તેમજ બ્રહ્મચારી જ્યાં જ્યાં જે જે દેશમાં વિચરતા હતા ત્યાંથી તેઓ તત્કાળ વસ્ત્રે સહિત સ્નાન કરી, ફણેણી ગામ પ્રત્યે આવવા લાગ્યા. (૨૨) હે રાજન્ ! ભગવાન શ્રી નારાયણમુનિએ તે તે અનેક દેશોમાંથી આવેલા



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર

साश्रुदृग्भ्यो यथोचितम् । वासस्थानादि स प्रादान्नारायणमुनिर्नृप ! ॥२३॥ द्वितीयदिनतो नित्यं त्रयोदशदिनावधि । सार्थां श्रीभगवद्गीतामपराह्णेऽशृणोच्छुचिः ॥२४॥ अहानि द्वादश तथा क्षारांश्च लवणं नृप ! । आशौचनियमस्थोऽसौ नाभक्षयदुदारधीः ॥२५॥ सन्ध्याग्निकार्यमुख्यानि नित्यकर्माणि तु स्वयम् । आशौचेऽपि स्मृतिबलाच्चकारान्यांस्तु नास्पृशत् ॥२६॥ आशौचान्त्यदिने चक्रे नवश्राद्धं गुरोः स च । एकादशाहिकं कर्म वृषोत्सर्गयुतं ततः ॥२७॥ त्रयोदशपदानीह विप्रेभ्योऽष्टविधानि सः । दश दानानि च प्रादाद्गवादीनि सदक्षिणम् ॥२८॥ यथाविधि चकाराथ कर्म स द्वादशाहिकम् । ब्राह्मणान्भोजयामास तत्र तत्र च कर्मणि ॥२९॥ त्रयोदशाहिकं कर्म चकार च ततो हरिः । तत्र चाभ्यर्चयामास त्रिंशतो ब्रह्मचारिणः ॥३०॥ तेभ्यस्तदुचितान्येव वासांस्येणाजिनानि च । मणिप्रवालमालादि ददौ तांश्चाप्यभोजयत् ॥३१॥ स्वस्तिवाचनकर्मान्ते तस्मै च गृहिणो जनाः । स्वस्वशक्त्यनुसारेण वासांसि च धनं ददु ॥३२॥ तस्मिन्दिने तु तान्सर्वान् गृहस्थांस्त्यागिनो द्विजान् । तद्ग्रामस्थांश्चातिथींश्च भोजयामास वर्णिराट् ॥३३॥ गीतावाचकविप्रं च पूजयामास तद्दिने। वासोभूषाचन्दनाद्यैर्दक्षिणाभिश्च भूपते ! ॥३४॥ यथोचितं भूप! विधाय सोऽखिलं क्रियाकलापं विधिनौर्ध्वदैहिकम् । गुरोः स्वकीयस्य सतीर्थ्यमण्डलं समग्रमेकत्र समाह्वयत्ततः ॥३५॥ इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामितिरोधानतदूर्ध्वदैहिकक्रियाविधिनामा षष्टितमोऽध्यायः ॥६०॥

## ॥ प्रथम प्रकरणं समाप्तम् ॥

તેમજ આંખમાં અશ્રુઓ સારતા તેઓને યથાયોગ્ય નિવાસસ્થાન અપાવ્યાં. (૨૩) ત્યારબાદ બીજા દિવસથી આરંભી તેરમાના દિવસ સુધી અપરાહ્ન અર્થાત્ બપોર પછીના સમયે પવિત્ર થઈને શ્રીનારાયણમુનિ શ્રીમદ્ ભગવદ્ગીતાની અર્થ સહિત કથાનું શ્રવણ કરતા હતા. (૨૪) હે રાજન્ ! 'આશૌચ' વગેરે નિયમોનું પાલન કરતા ઉદાર બુદ્ધિમાન શ્રીહરિએ બાર દિવસ સુધી ક્ષારયુક્ત પદાર્થો અને લવણનું ભક્ષણ કર્યું નહિ. (૨૫) ભગવાન શ્રીહરિએ મનુષ્યોનો સ્પર્શ નહિ કરી, સ્મૃતિ ગ્રંથના પ્રાબલ્યથી (અર્થાત્ બ્રહ્મચારીએ સૂતકમાં પણ પોતાનું કર્મ ન છોડવું એવા વિધાનથી) આશૌચ હોવા છતાં સંધ્યાવંદન તથા અગ્નિમાં સાયં પ્રાતઃ હોમ વગેરે નિત્ય કર્મનું અનુષ્ઠાન કર્યું. (૨૬) શ્રીહરિએ સૂતકના અંતિમ દશમે દિવસે શ્રી રામાનંદસ્વામીનું નવશ્રાદ્ધ કર્મ કર્યું અને ત્યાર બાદ વૃષોત્સર્ગ સહિત એકાદશાહિક શ્રાદ્ધ કર્મ કર્યું. (૨૭) આ એકાદશાહ કર્મમાં વિપ્રોને આઠ પ્રકારનાં તેર પદો અને ગાય આદિક દશ પ્રકારનાં દાનો દક્ષિણા સાથે અર્પણ કર્યાં. (૨૮) ત્યારબાદ શ્રીનીલકંઠે 'દ્વાદશાહિક' (અર્થાત્ બારમા દિવસે કરવા યોગ્ય પિંડ સંયોજનાદિ) કર્મ વિધિ પ્રમાણે કર્યું અને તે તે કર્મમાં બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં. (૨૯) ત્યારબાદ શ્રીહરિએ ત્રયોદશાહિક (તેરમા દિવસે કરવા યોગ્ય વિષ્ણુ શ્રાદ્ધાદિક) કર્મ કર્યું અને તેરમાના દિવસે ત્રીસ બ્રહ્મચારીઓનું કેસરચંદનાદિથી પૂજન કર્યું. અને તેઓને ઉચિત વસ્ત્ર, મૃગચર્મ, મણિપ્રવાલની જપમાળા, ગોપીચંદન વગેરે અર્પણ કરી ભોજન કરાવ્યું. (૩૦/૩૧) સ્વસ્તિવાચન કર્મને અંતે ગૃહસ્થ ભક્તજનોએ પોતપોતાની શક્તિ અનુસાર વસ્ત્ર, ધન વગેરે પદાર્થોની શ્રીહરિનાં ચરણમાં ભેટ ધરી. (૩૨) વર્ણિરાજ શ્રીહરિએ તે દિવસે ત્યાં આવેલા સર્વે ગૃહસ્થ ભક્તો તથા ત્યાગી સંતો, અને ત્યાં આવેલા બ્રાહ્મણો તથા ફણેણી ગામના સર્વ જનો તેમજ અતિથિઓને ભોજન કરાવ્યાં. (૩૩) હે રાજન્ ! શ્રીહરિએ તેરમાને દિવસે ગીતાની કથા વાંચનારા વિપ્રનું વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પ અને સુવર્ણાદિકની દક્ષિણા આપી પૂજન કર્યું. (૩૪)

**ચૌદમાનાં દિવસે સભાનું આયોજન** :- હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ગુરુવર્ય શ્રી રામાનંદસ્વામીની યથા યોગ્ય શાસ્ત્રવિધિ પ્રમાણે ઔર્ધ્વદૈહિક ક્રિયા સમાપ્ત કરી અને ચૌદમાના દિવસે સમગ્ર સતીર્થ્ય મંડળ અર્થાત્ પોતાના ગુરૂએ દીક્ષા આપેલા સમગ્ર શિષ્ય સમુદાયને એક સ્થાનમાં સભા કરવા માટે નિમંત્રણ આપ્યું. (૩૫) *ઈતિ શ્રી નારાયણચરિત્રરૂપ શ્રીસત્સંગિજીવન ધર્મશાસ્ત્રનાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામી તિરોધાન તથા તેમનો ઔર્ધ્વદૈહિક ક્રિયાવિધિ નામે સાઠમો અધ્યાયઃ (૬૦)*

આ રીતે શ્રી શતાનંદમુનિકૃત શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણસ્થ શ્રીશુકાનંદમુનિકૃત 'હેતુ' નામની સંસ્કૃત વ્યાખ્યાઅનુસાર સરધારનિવાસી સાધુ આનન્દસ્વરૂપદાસ (વેદાન્તાચાર્ય) કૃત યથામતિ સરળ-ગુજરાતી ભાષાનુવાદ પૂર્ણ થયો.

## ॥ પ્રથમ પ્રકરણમ્ સમાપ્તમ્ ॥



પ્રસિદ્ધ કર્તા :- શ્રી સ્વા. સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મી. દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વા. મંદિર - સરધાર